THE LIBRARY



S. N. D. T.
WOMEN'S UNIVERSITY
BOMBAY.

S.N.D.T. WOMEN'S UNIVERSITY
LIBRARY

THE HONOURABLE

JAVERILAL UMIASHANKAR YAJNIK

HONOURABLE SIR,

I beg respectfully to dedicate to you this Selection of Gujarati Poems in grateful recognition of the efforts which you, as a veteran leader of the Gujarati community, have been making with all the strength of body, mind and means for the advancement of that community; of the extreme solicitude you have always been manifesting for the progress of Gujarati Literature and for the publication of the poems of old Gurjar poets with a view to bring them into special prominence; and of the kind feelings you have for long been entertaining towards me.

I humbly trust you will be pleased to accept the same.

Bombay
3rd May 1890

I. S. DESAI

ઑનરબલ

રા. રા. ઝવેરીલાલ ઉમિયાશંકર યાજ્ઞિક

સાહેબ—

ગુર્જર પ્રજાના એક અગ્રેસર તરીકે, આપ તન, મન, ધન અને બળથી, તેના અભ્યુદય માટે મથન કરો છો; ગુજરાતી સાહિત્યના ઉત્કર્ષ માટે, અને ગુર્જર પ્રાચીન કવિઓનાં કાવ્યો વિશેષ પ્રસિદ્ધિમાં આવે તે માટે પૂરતી કાળજી ધરાવો છે; અને મારા પ્રત્યે આજ ઘણો લાંબો સમય થયાં પ્રીતિ રાખો છો; એ સર્વના સ્મરણાર્થ ગુર્જર સાહિત્યનો આ ગ્રંથ આપને માનપૂર્વક અર્પણ કરું છું તે સ્વીકારશો.

મુંબઈ,
નૃસિંહજયંતિ,
સંવત ૧૯૪૬

ઇચ્છારામ સૂર્યરામ દેશાઈ

નોંધ

અપ્રસિદ્ધ અને સુપ્રસિદ્ધ કાવ્યોનું સંશોધન કરી ગુજરાતી પ્રજામાં ફેલાવવાનો જે પ્રયત્ન આરંભ્યો છે તેમાં પ્રસિદ્ધકર્તા કેટલે અંશે વિજયી નિવડ્યો છે, તે આ છઠ્ઠી આવૃત્તિ બતાવે છે. ગુજરાતના જૂના કવિઓનાં કાવ્યોપર પ્રજાનો પ્રેમ છે, ને તેનો સત્કાર કરવામાં તે સદા તત્પર છે, અને આ રીતે ગુજરાતના કવિઓની સેવા બજાવવામાં સંશોધનકર્તા પ્રજાની સેવા બજાવવામાં ભાગ્યશાળી થયો છે, તે માટે તે જૂના કવિઓની જ કૃપા માને છે.

ગુરુપૂર્ણિમા
૧૯૫૭.

ઈ. સુ. દેશાઈ

22 SEP 1972

22/9/72
19·5 cms.
Cloth
27,924

ગુજરાતી કવિતા

કોઈ પણ દેશનો ભાષા–વિદ્યા–જ્ઞાન–વ્યવહાર સંબંધી પ્રારંભ પ્રયત્ન તે કવિતામાં હોય છે. યૂરોપ, એશિયા, અમેરિકા અથવા આફ્રિકાના સિધિઓના મુલકની ભાષા જાણવાને જે સૌથી પહેલું સાધન આપણા હાથમાં આવશે, તે કવિતા છે. ભરત-ખંડની પ્રાચીન પ્રસિદ્ધ સર્વમાન્ય સંસ્કૃત ભાષાનું પહેલવહેલું જો સ્વરૂપ આપણને જોવું હોય તો તે કવિતા સિવાય બીજે કોઈ પ્રકારે આપણને મળી શકશે નહિ. ભરતખંડના કવિઓએ પોતાની વાણીનું પહેલવહેલું સ્વરૂપ દર્શાવ્યું, તેમાં માયા ને મહેશ્વર એ બેનાં વર્ણન હતાં, જે સર્વોત્તમ ગ્રંથ મનાય છે. તેમાં દેવતાઓની સ્તુતિ સિવાય બીજા કશાયનું વર્ણન જોવામાં આવતું નથી. એ કવિતાગ્રંથમાં અક્ષરવૃત્તથી શુદ્ધ મનોવૃત્તિના ઉદ્‌ગાર પ્રાર્થનાદ્વારે દર્શાવ્યા છે. પુરાણોમાં ઈશ્વરસ્તુતિ સાથે ઐતિહાસિક કથન કથેલું જોવામાં આવે છે, ને તેમાં વેદના કાળથી જે છંદો ઉપયોગમાં આવતા હતા, તેમાં ઘણો વધારો શ્રીવેદવ્યાસે કીધેલો જણાય છે. પણ કવિતાના વિષયની પસંદગીમાં ઈશ્વર સિવાય બીજો કોઈ પણ વિષય પૂર્વના આર્ય કવિઓએ પસંદ કીધેલો જણાતો નથી. કાળે કાળે સંસ્કૃત ભાષાની પડતી થઈ, ને તેમાંથી ઘણાક પ્રકારની પ્રાકૃત ભાષા થઇ, જેમાંનો એક ફાંટો તે આ ગૂજરાતી ભાષા છે. ગૂજરાતી ભાષાનું પ્રારંભસ્વરૂપ પણ કવિતામાં છે. ગુર્જર પ્રજાની રીતભાત તથા દેશાચાલ ને ધર્મ ભક્તિ સંબંધી જે કંઈ જાણવાની ઈચ્છા થાય તો તે માટે કવિતા સિવાય બીજું કોઈ સાધન નથી. પણ ગૂજરાતી ભાષા જેટલી ખેડાયલી હોવી જોઇયે તેટલી તે નથી. તે પોતાની બહેન બ્રિજ, હિંદુસ્થાની અને મરેઠી કરતાં ભાષા ને વિદ્યાસંગ્રહમાં ઘણી પાછળ પડી છે, તેથી તેનું જે ખરેખરું ભાષાસ્વરૂપ બાંધી શકાય, તે કાળ હજી વેગળો છે.

ગૂજરાતી ભાષાની કવિતાનો સંગ્રહ અને તેના ગદ્યનો સંગ્રહ અત્યાર સૂધીમાં જે પ્રસિદ્ધ થયો છે, તે પરથી મારે કહેવું પડશે કે, સામ્પ્રત કાળના વિદ્વાનો ભાષાને જેવી તુચ્છ ગણે છે, તેવી તે નથી. કવિતાના–રસાલંકાર ને પિંગલના ભેદમાં આ ભાષા મરેઠી ને હિંદુસ્તાનીથી ઘણી ઉતરતી છે, તદપિ મનને આનંદ આપવામાં, પોતાની કુમળી વાણી દર્શાવવામાં તે બીજી ભાષાની કવિતા કરતાં ઉતરતી નથી જ. અલબતાં જે વિષયોની પસંદગી કરવામાં આવી છે, તે ઈશ્વર સંબંધી છે. તેમાં સઘળા જ કવિઓ પોતાનું ઐશ્વર્ય બતાવવામાં વિજયી થયા નથી; પણ જે ત્રણ ચાર કવિઓએ પોતાની છટાદાર બાનીમાં રસજ્ઞાન દર્શાવ્યું છે, તે બીજી ભાષાના ઉત્તમ

V 891·47108 Des
51626

કવિઓની સાથે થોડે કિંવા ઘણે દરજ્જે પણ સ્પર્ધા કરી શકે છે—ને અર્વાચીન પ્રકૃત ભાષાના ફાંટાઓમાં ગૂજરાતી ભાષાની કવિતા કરુણારસ દર્શાવવે પહેલે સ્થાને બિરાજે છે. રસાલંકારમાં ને કાવ્યશાસ્ત્રમાં નિયમોનું દર્શન કરાવવામાં મરેઠી ને હિંદુસ્થાની ભાષાએ પોતાની પ્રતિષ્ઠા ઘણી વધારી છે, પણ કવિતાની કોમળ રસમય લાલિત્યમય વાણીમાં ગૂજરાતી ભાષાની કવિતાએ કશી પણ ઓછપ રાખી નથી, ને જ્ઞાનમાર્ગમાં ગૂજરાતી ભાષાની કવિતા જો કે ઘણી થોડી છે, તોપણ તે થોડી કવિતા જૂના કવિઓની કીર્તિ ઉજ્જ્વલ રખાવે એવી છે.

ગૂજરાતી ભાષાની કવિતાનો આ પહેલો સંગ્રહ અમારી તરફથી બહાર પાડતાં આપણી આ સુંદર કવિતા ને કવિ સંબંધી સહજ સંક્ષિપ્ત વર્ણન આપવાની વિશેષ અગત્ય હોવાથી આ ઘણો દુર્ઘટ વિષય અમે હાથ ધર્યો છે, ને જો તેમાં કદાપિ અમારા વિચાર જૂદા પડે તો તે વાસ્તે વિદ્વજ્જનો પ્રત્યે અમારી ક્ષમા માટે પ્રાર્થના છે. અંગ્રેજી કાવ્યશક્તિની કીર્તિ આજ કાલ આપણા દેશમાં ચોમેર ગાજી રહી છે, ને તેને મૂકાબલે દેશી સાહિત્યની ઘણી અવગણના થાય છે. પણ આટલું તો નિર્વિવાદિત છે કે, જે માર્ગે ગુર્જર ભાષાના કવિઓએ પોતાની કવિત્વશક્તિ દર્શાવી છે તે માર્ગ, ને અંગ્રેજી કવિઓનો માર્ગ તદ્દન નિરાળો છે. જેમાં ગુર્જર કવિઓ કીર્તિ પામ્યા છે, તેમાં અંગ્રેજી કવિઓ કીર્તિ મેળવવાનો દાવો બાંધી શકે તેમ નથી. અલંકાર અને કાવ્યચતુરાઈ એ અંગ્રેજી કવિઓમાં ઘણાં થોડાં જોવામાં આવે છે, ને તેઓએ તે બાબતપર જોઇતું લક્ષ દેવા યત્ન કીધેલો હોય, એવું થોડા જ કવિઓની કવિતામાં જણાય છે; અને જ્ઞાનમાર્ગની કવિતામાં તેઓ પાછળ છે, એમ કહીએ તોપણ ચાલી શકે. અંગ્રેજી કવિઓની કવિતાની શ્રેષ્ઠતા તેમના કાવ્યકૌશલ્યમાં નથી, પરંતુ તેઓ કુદરતનાં ચિત્ર ચિતરવામાં ઘણા આગળ વધી ગયા છે, તથા બહુ પ્રકાશી રહ્યા છે. કવિતા એ મનુષ્ય મનોભાવના સામાન્ય કાળની ઉર્મિઓ દર્શાવવાનું સાધન હોવાથી, તેવી આબેહૂબ તાદૃશ્ય છબીઓ તરફ આપણો પ્રીતિભાવ ઘણો છૂટે છે. એવી કવિતાની આપણી ભાષામાં ઘણી ખોટ છે, એ તો આપણાથી ના પડાશે નહિ. અંગ્રેજીમાં તે જથાબંધ છે. કવિતાની જે બે પાઠશાળા અંગ્રેજી વિદ્વાનોએ સ્થાપી છે, તેમાં "લેક પોયટ" અને "આર્ટસ્-પોયટ" છે. અંગ્રેજોનો મોહ 'લેક પોયટ' પ્રત્યે ઘણો છે, ને તેના પક્કા ઉસ્તાદ વર્ડસ્વર્થની કવિતાપર સૌ વારી જાય છે—પણ આવી કુદરતી કવિતા રચવાપર ગુજરાતી ભાષાના કવિઓમાં એકાદ બે સિવાય બીજા કોઇએ લક્ષ જ દીધું નથી—તેમની એ બાબતમાં શક્તિ નહોતી, એમ કહેવાનો દોષ અમે વહોરી લઇશું નહી—ને તેથી અંગ્રેજી સાથનો મુકાબલો વ્યર્થ છે, મુકાબલો સરખી વસ્તુનો જ થઈ શકે છે.

કવિતાના ત્રણ ભેદ ને ત્રણ ઉપભેદ રાખવામાં આવ્યા છે. ગીત કવિતા, વીર કવિતા ને શ્રવ્ય કે દર્શનાટચકાવ્ય કવિતા; અને ત્રણ ઉપભેદમાં વન–અથવા કુદરત સંબંધી કવિતા (જે વર્ડસ્વર્થ પછીના કવિઓએ ઘણી પસંદ કીધી છે,) બોધકવિતા ને વર્ણન કવિતા છે. અંગ્રેજી કવિઓની કીર્તિનો ઝળહળતો પ્રકાશ વીર, શ્રવ્ય ને દર્શનાટચ કાવ્યમાં ઘણો છે; અને ત્રણ ઉપભેદમાં વનકવિતામાં વિશેષ છે. ગીત કવિતા તે અંગ્રેજોની નહિ જ–તેમાં તેઓ ઘણા મોળા છે. એ બાબતનું સઘળું માન એશિયાના જ કવિઓને માટે રાખવું જોઇયે. પણ ગુજરાતી ભાષામાં વીરકવિતા, નાટ્ય ને વનકવિતા વગર બીજી ભેદ ઉપભેદની બાબતમાં બહુ બહુ કાવ્યચતુરાઈ ઘણાક કવિઓએ બતાવી છે. (જુઓ પ્રેમાનંદનો વિવેક વણજારો, જીવરાજ શેઠની મુસાફરી.) એક જ વિષય પસંદ કરીને તેપર કાવ્યરચના કરવાને કોઈ પણ ગુર્જર કવિએ પૂરેપૂરો પ્રયત્ન કીધો નથી, ને તેથી અમુક પ્રકારનો તે કવિ છે એમ કહી શકાતું નથી અને તે જ કારણે ગુજરાતી કવિઓ પાછળ પડેલા અંગ્રેજી ભણેલાની નજરમાં આવે છે.

અંગ્રેજીમાં આદિ કવિ હોમર કહેવાય છે. સંસ્કૃતમાં વાલ્મિક, તેમ ગુજરાતીમાં નરસિંહ મહેતાને તે પદ પ્રાપ્ત થયું છે. પણ એક શોધક એમ જણાવે છે કે, સ્થંભતીર્થનો વિષ્ણુદાસ એ આદિ કવિ છે. વિષ્ણુદાસનો કાળ સંવત ૧૩૦૦ નો સમય સૈકા ૧૪ નો જણાવવામાં આવે છે, પણ તે કાળની ભાષામાં જ એકે પુસ્તક હાથ લાગે નહિ ત્યાં સૂધી તેને આદિ કવિ ગણવો મુસ્કેલ થઈ પડશે. તેથી તુરતને માટે આદિ કવિનું પદ તો નરસિંહ મહેતાને માટે જ રાખવું પડશે. પણ નરસિંહ મહેતાના કાળની જૂની ભાષા મળવી દુર્લભ છે. મારા મિત્ર રા. હરિલાલ હર્ષદરાય ધ્રુવે જૂની ભાષાનો એક ઘણો જૂનો–લગભગ ૩૦૦ વરસપર લખાયલો એક ગ્રંથ મારા હાથમાં મૂકયો હતો, તેમાં આ ગ્રંથમાં આવેલાં પહેલાં જ ૧૩ પદો હતાં, જે કંઈ પણ ફેરફાર કર્યા વગર જેવી ને તેવી ભાષામાં દાખલ કીધાં છે. એ પરથી નિશ્ચયપૂર્વક એમ કહી નહિ શકાશે કે, નરસિંહ મહેતાના કાળની ખરેખરી ભાષા તે એ જ છે. નરસિંહ મેહેતો જૂનાગઢનો જ્ઞાતે નાગરબ્રાહ્મણ હતો. પરાપૂર્વથી નાગરો મુત્સદ્દી વર્ગના, કેળવાયલા ને નગરના સહવાસી હોવાથી તેમની ભાષા વિશેષ શુદ્ધ હોવાનો સંભવ રહે છે, ને તેથી કદાપિ નરસિંહ મહેતાની ભાષા પહેલાં પદોમાં છે તેવી હોય, પણ બીજી તેની કવિતામાં બહુ વિકૃતિ થઈ ગઈ છે, પરંતુ નરસિંહ મહેતાનો સમકાલીન કવિ ભાલણ છે, ને એ બંનેની ભાષા થોડે દરજ્જે એક બીજાને અનુસરતી હોય તેમ જણાય છે. હાલમાં જે કવિતાનો સંગ્રહ બહાર પડ્યો છે, તેમાં જેટલી કવિતાઓ નરસિંહ મહેતાની છે, તેમાં થોડી સિવાય ઘણીક કવિતા પ્રકૃતિ

વિકૃતિ થયેલી જણાય છે. એટલે નરસિંહ મહેતાની કાવ્યશક્તિ કેવી ને કેટલી હતી, તે બરાબર રીતે કહી શકાશે નહીં. તથાપિ એ કવિની કવિતામાં પ્રેમભક્તિ ને તે સાથે સામાન્ય બીજા કવિ કરતાં વનવર્ણન કવિતાનો વિશેષ ભાગ છે. પ્રભાતના વર્ણનમાં જે કુદરતનું વર્ણન નરસિંહ મહેતાની કવિતામાં જોવામાં આવે છે, તેવું બીજા કોઈ ગુજરાતી કવિની કવિતામાં નથી.

ગુજરાતીમાં આદિ કવિ નરસિંહ મહેતો છતાં, પહેલા વર્ગમાં પહેલે સ્થાનકે શોભતો એવો તો પ્રેમાનંદ છે, અને બીજે સ્થાનકે દયારામ છે. આ બંને કવિઓનું કાવ્ય જેટલું પ્રગટ થયું છે, તે પરથી એટલું તો કહી શકાય કે, તેઓ કુદરતી કવિઓના વર્ગના હતા. જનસ્થિતિ ને વર્ણનશક્તિમાં પ્રેમાનંદે જે શક્તિ પ્રકાશ કીધી છે, તેમાં જ તેની કીર્તિ સમાયલી રહેતી નથી, પણ સંસારચિત્ર દર્શન કરાવે ને વર્ણન શૈલીમાં, રસ અને અલંકારમાં મનોભાવ અને સ્થિતિદર્શનમાં બીજો કોઈ એના જેવો ગુજરાતી કવિ થયો જ નથી. તેનું નળાખ્યાન એ સર્વોપરી ને ઉત્તમ કાવ્ય છે, ને તેમાં રસ, અલંકારચિત્ર, જનસ્થિતિ ને કંઈ કંઈ કુદરતનો, એ સઘળાનો સામટો ચિતાર આપ્યો છે. પ્રેમાનંદનું ઓખાહરણ એ શૃંગાર કાવ્યમાં સર્વોપરી ગણાય છે, ને વીર કવિતામાં તેનો રણયજ્ઞ મનોરંજક છે. ઇલિયડમાં જે જે યુદ્ધના ભેદ હોમરે વર્ણવ્યા છે, તેમાંના કેટલાક એ કાવ્યમાં જોવામાં આવે છે—ને આપણે એટલું તો ખાત્રીથી જાણિયે છિયે કે, હોમરના ઇલિયડનું નામ નિશાન પ્રેમાનંદના જાણવામાં નહોતું. દયારામે મનુષ્યવૃત્તિ અને હૃદયભાવનું ચિત્ર મુખ્યત્વે કરીને આપ્યું છે, ને તેમાં પોતાની શક્તિ એટલી હદબહાર બતાવી છે કે, તેનાં કાવ્યનો ભાવ હૃદયપર પરિપૂર્ણ છાપ મારનાર થઈ પડ્યો છે. એની કવિતા એ ગુજરાતી સ્ત્રીને પ્રજાનું હૃદય છે, ને તેમાં કંઈ કંઈ તાદૃશ ચિત્ર પડેલાં છે, તે છક કરી નાંખનારાં છે. સામળભટ્ટ એ પહેલા વર્ગનો કવિ છે, પણ તેણે કુદરત વર્ણનપર બહુ થોડું લક્ષ આપ્યું છે—ને જે આપ્યું છે તે થોડું ને લુખું છે. પણ એની કવિતામાં તર્કશક્તિ ને બોધ બહાર પડતો છે. સામળે દૃષ્ટાંત આપવામાં કશી કચાસ રાખી નથી. આ દૃષ્ટાંતનો મોટો ભાગ છપ્પામાં છે ને તે છપ્પા એટલા બધા સુરસ છે કે, એક કવિએ કહ્યું છે કે:—

"છંદ ચંદ પદ સૂરકે, દુહો બિહારીદાસ;
ચોપાઈ તુલસીદાસકી, છપ્પય શામળ ખાસ."

તેમ છપ્પા તો સામળના જ કહેવાય. ગુજરાતી કવિઓમાં પ્રભાતિયાં નરસિંહ મહેતાનાં, છપ્પા સામળભટ્ટના, ગરબા વલ્લભના અને ગરબીઓ દયારામભાઇની પોતાની જ ખાસ ગણાય છે. એ વિષયમાં બીજા કવિઓની કવિતા દાવો કરી શકે નહીં.

જોવામાં પહેલા વર્ગમાં શોભતા ચાર કવિઓની કવિતા ગમે તેવી ઉંચા પ્રકારની હોય, ને કુમુદ્વ કવિતાઓ, જે ભાષા ઘડાયલી છે અર્થાત્ પૂર્ણપણાને પામી છે તેની અંગ્રેજી ... કવિતા જોડે મુકાબલામાં લાવવા યોગ્ય નથી, એટલું જ નહિ પણ મરેઠીને હિંદુસ્તાની સાથે પણ થોડો મુકાબલો થઈ શકશે. ભાષા હજી પણ ખીલી નથી તેમ પૂર્ણ ઘડાયલી નથી, એટલે તેમાં બહુ ઉંચી કાવ્યશક્તિ ખીલી નિકળવી મુશ્કેલ છે; તથાપિ પહેલા વર્ગના કવિઓની કવિતાપરથી આટલું તો સિદ્ધ થાય છે કે, ખીલતી ગુજરાતી ભાંષાની એ કવિઓની કવિતા, ભાષા પૂર્ણપણાને પામ્યા પછી કોઈ પણ પ્રકારે પ્રીતિમાં ઉતરતી થશે નહીં. એ કવિતાઓ ભાષામાં મારા રૂપ રહેશે જ.

બીજા વર્ગમાં ઘણા કાવઓ છે. તેમાં વલ્લભભટ, રત્નો, કાળિદાસ, મુક્તાનંદ બ્રહ્માનંદ, પ્રેમાનંદ સ્વામી ને ધીરો ઘણા સારા વખણાયલા છે. સઘળા કવિઓએ ઈશ્વરભાક્ત, કૃષ્ણકથા અને કૃષ્ણનો શૃંગાર ગાયો છે. વલ્લભભટની કવિતામાં શક્તિની ઉપાસના છે, પણ એની કવિતામાં જોવો જુસ્સો છે. તેવો બીજા કોઈ પણ ગુજરાતી કવિએ ગાયો કે વર્ણવ્યો નથી. એ કવિમાં દેશભક્તિનો પૂર્ણ ભાવ હતો, તે પોતાના કાળકાળના ગરબામાં સ્પષ્ટપણે બતાવે છે. વીર કવિતામાં જે જુસ્સો જોઇયે–ને વીરરસને શોભે તેવો–તો તેમાં વલ્લભ આગળ પડતો છે. જો એણે પોતાનું કાવ્યચાતુર્ય કોઈ લંબાણ વીરરસના કાવ્યમાં દાખવ્યું હોત તો એ બહુ દીપી નીકળત, પણ આપણા ગુજરાતી–કહો કે ભરતખંડના સઘળા–કવિઓએ પોતાનું કાવ્યચાતુર્ય ઈશ્વરભક્તિ સિવાય બીજા વિષયમાં બતાવ્યું નથી–ને તે જ ધોરણે વલ્લભની કવિતા છે. રત્નાએ ઋતુનાં વર્ણન સાથે કૃષ્ણનો વિરહ વર્ણવ્યો છે. તે શિવાય એણે બીજી કવિતા કીધી હોય, એવું જણાતું નથી. કાળિદાસનું પ્રહ્લાદાખ્યાન ઘણુંખરું રાદ્ર–વીરરસથી ભરપૂર છે–જો કે તે રસ ઉચ્ચ પંક્તિનો નથી. સ્વામીનારાયણસંપ્રદાયના સઘળા કવિઓનાં કાવ્ય પોતાના ગુરુ સહજાનંદની સ્તુતિપર, કૃષ્ણોપાસનાપર ને વૈરાગ્યપર છે. જે વૈરાગ્ય છે તે ઉંચી પંક્તિનો છે. ધીરાનાં કાશીનાં પદોમાં વીરરસનો જોસ્સો ને બોધ સાથે આત્મજ્ઞાન ઘણું ઉંચું છે. આ વર્ગના સઘળા કવિઓની કવિતાની ભાષા ઘણુંકરીને સરળ ને પ્રેમભરી રસિક છે, એટલું જ નહીં પણ તેઓનું કાવ્ય પહેલા વર્ગના ગુજરાતી કવિઓ ટક્કર ઝીલે તેવું છે.

જ્ઞાનમાર્ગનો બોધ કરવામાં અખો ભક્ત ઘણો બહાર પડતો છે. એ કવિને કવિ કહેવો કે જ્ઞાની કહેવો, તે હજી વિવાદિત વાત છે,–એણે પોતે લખ્યું છે કે, "જ્ઞાનીને કવિમાં ન ગણીશ." તો પણ કાવ તરીકે એનું કાવ્ય જૂદા જ પ્રકારનો ભાસ ઉત્પન્ન કરે તેવું છે. કવિતા તરફ, કે રચના ને કાવ્યચાતુર્યપર એનું લક્ષ જણાતું

નથી. એણે તો માત્ર પોતાના વિચાર જ દર્શાવવાપર લક્ષ દીધું છે. પહેલી હતી, વિચાર બહુ ઉંચા, ઠોક મારતા તથા ચિત્તવેધક છે, તેમ બોધક, શોધક, પૃણ તે ભક્તિ ને કરવા યોગ્ય છે. વિચાર એટલા બધા તો પ્રૌઢ ને ગૂઢ છે કે, સહજમાં સમાતા નહીં, ને તેમાં પંડિતો પણ હાર પામી જાય. જે જે ઉંચા વિચાર ભભકભરી વાણીમાં એણે દર્શાવ્યા છે, તે સાધારણ સમજમાં ઉતરી શકે નહીં તેવા છે. જે '૭૪૬ છપ્પા આ ભાગમાં આપવામાં આવ્યા છે, તેમાં ઘણો મોટો ભાગ એવો છે કે, પૂર્ણ જ્ઞાની પણ વગર સમજે સમજાવી શકે નહીં. તેમ ઘણા ટુંકા, પણ બહુ અમૂલ્ય એવા અનુભવબિંદુ તથા ચિત્તવિચારસંવાદમાં તો મોટા મોટા પંડિતો પણ ગોથાં ખાય છે, ત્યાં બીજાના તો આશરા શા? પ્રીતમદાસે વેદાંત તથા શૃંગાર બંને ગાયા છે, પણ એનો વેદાંતનો વિષય અખા જેવો પ્રૌઢ નથી.

સ્ત્રી કવિઓથી ગુજરાતી ભાષા કમનસીબ નથી. મારવાડની પટ્ટરાણી રજપૂતાણી છતાં ભક્તાણી મીરાંબાઈની કવિતા લોકોમાં એટલી બધી પ્રસિદ્ધ છે કે, ઠામેઠામે ને ગામેગામે તેનું નામ ગવાય છે ને તેને ભક્તમાન્ પ્રજા પ્રેમથી પૂજે છે. મેવાડના કુંભા રાણીની એ પટ્ટરાણી હતી, ને પોતાના પતિ સાથે રીસાઇને દ્વારકાં જતાં તે ગુજરાતમાં રહી હતી–તે વેળાએ ગુજરાતી પદો બનાવેલાં કહેવાય છે; પણ તેમ માનવા કરતાં તેની કેટલીએક હિંદુસ્તાની કવિતા ધસાઈ ધસાઇને ગુજરાતીના રૂપમાં બદલાઈ ગયેલી ધારવામાં આવે તો તે વધારે સંભવિત છે. ગમે તેમ હોય, પણ એની કવિતાં ગુજરાતણો, શુદ્ધ ગુજરાતી સમજીને જ ગાય છે. નવીન જે કવિતા મળે છે, તેમાં મોટો ભાગ ગુજરાતી જ કવિતાનો છે. એની સઘળી કવિતાઓ બહુ રસિક ને પ્રેમભરી વાણીમાં છે, જે વાંચતાં રસની લહરીઓ કહીં કહીં ઉઠે છે. પુરીબાઈ એ ઉમરેઠની રહેનારી હતી; તેણે એક કૃષ્ણલીલા બનાવેલી અમારી જાણમાં છે, ને આશરે ત્રીસેક પદો છે. એ શિવાય તેની બીજી કવિતા ઘણી ધારવામાં આવે છે. ગવરીબાઈ એ નામની એક સ્ત્રી કવિની શોધ હમણાં જ થઈ છે. તેની કવિતામાં જ્ઞાન ને વેદાંતનો જ સઘળો ભાગ છે. કવિ દલપતરામે "કવિનાં નામ વિનાની કવિતા"નાં મથાળાં નીચે સીતાજીની કાંચળી મૂકી છે, પણ વડનગરમાંથી હાથ આવેલી એક પ્રતપરથી કોઈ કૃષ્ણાબાઈ નામની નાગરણની એ કવિતા જણાય છે. કવિ દલપતરામના સંગ્રહમાં કેટલીક ટુંકો ઓછી છે. આ નાગરણનું નામ લગ્ન અવસરનાં ગીતોમાં ઘણું જોવામાં આવે છે. તેની કવિતાના છેલ્લા ભાગપરથી માલમ પડે છે કે, બીજી પણ તેણે કેટલીક કવિતાઓ રચેલી છે.

ગુજરાતી કવિતાના સંબંધમાં એક ત્રીજો વર્ગ પણ છે, જે જૈન કવિનો છે. જૈન ધર્મ સંબંધી ઘણા રાસો જૈન કવિઓએ લખ્યા છે. એ કવિતા રસભરી છે, એમ તો કહેવાય જ નહીં. ભાષામાં ઘણાક માગધી ને જૂની ગુજરાતીના શબ્દો

જોવામાં આવે છે, જેથી તે કર્ણકઠોર થઈ પડી છે. તોપણ વીર વિજય, ઉદયરત્ન ને કુમુદચંદ્ર, એ ત્રણ કવિની કવિતા સારી રીતે સમજાય તેવી અને થોડીક રસિક છે.

આટલું તો ખરેખરું છે કે, ગુજરાતી ભાષાના કવિઓ જેટલા થયા છે, તેમાં કવિ તરીકેની કીર્તિ મેળવનારા ઘણા થોડા છે. ઘણો ભાગ તો ભક્ત કવિનો છે. બીજા ભાગમાં ઘણો ભાગ કવિનાં નામ તળે આપ્યો છે. તેમાં ઘણા ભક્તકવિઓ છે. તેઓનાં સઘળાં કાવ્યોમાં કૃષ્ણ–ગોપીનો શૃંગાર, નીતિ ને ભક્તિ એ જ મુખ્ય વિષય છે. એટલે આ સઘળા કવિઓ કવિના નામ કરતાં ભક્તનાં નામથી વધારે પ્રસિદ્ધ જણાય છે ને પોતાના ભક્તિભાવના આવેશમાં જે જે કવિતાઓ લખી છે, તે તે સઘળીમાં કવિતાની ખૂબીઓ થોડી જોવામાં આવે છે. પણ એ સઘળો સંગ્રહ ગુજરાતી સાહિત્યમાં તો ઉમેરો કરવામાં ઉપયોગી થાય જ. નવીન કલ્પિત વિષય પસંદ કરવામાં સામળભટ સિવાય બીજા કોઇએ પણ પ્રયત્ન કરેલો જણાતો નથી. સઘળા કવિઓએ ભાગવત, ભારત ને રામાયણમાંથી જ પોતાના વિષયો ચુંટી કાઢેલા છે. પુરાણની ઉપકથાઓ અથવા મુખ્ય કથાઓમાં પોતાની તરફના રસ અલંકારથી વિસ્તારીને કવિતાઓ રચવામાં આવેલી છે, એટલે તેમની તર્કશક્તિની બજમાયસ થઈ શકે નહિ. સામળભટે બે કે ત્રણ વાર્તાઓ કલ્પિત બનાવી છે, તોપણ તેમાંએ ફારસી આદિ જૂની કવિતાઓમાંથી કંઈ જ સહાયતા લીધી નથી, એમ કહી શકાય નહીં.

બ્રહ્મભજન, ઈશ્વરભજન ને કૃષ્ણકીર્ત્તન એ ગુજરાતી ભાષાના કવિઓના મુખ્ય વિષય થઈ રહ્યા છે ને તેમાં કેટલીક કવિતાઓ ગીત કવિતામાં ગવાતાં આનંદ ઉત્પન્ન કરે છે ને તલ્લીન થઈ જવાય છે. તેની કોમળ મધુરી વાણીથી આનંદસાગરમાં જાણે તરતાં હોઇએ તેમ ભાસ થાય છે. ગમે તેમ કહેવામાં આવે પણ ગુર્જરી પ્રજાનું આ કવિતાસાહિત્ય ભાષાશાસ્ત્રમાં એક રૂડો ભંડાર છે ને તે કવિતા વાંચતાં યોગાનંદ, બ્રહ્માનંદ ને પ્રેમાનંદનું ભાન જૂદે જૂદે પ્રસંગે જૂદી જૂદી રીતે કરાવે છે. એવી કવિતા વિશેષ કૌવતમંદ થઈ, ગુર્જરી પ્રજાનો રંગ પ્રકાશિત કરે, એ રૂડી ઇચ્છા દર્શાવી, આ કવિતાવિવેચન પૂર્ણ કરીશું.

ગુજરાતી ભાષાના જયશ્રીરંગ વિરાજો

સાંકળિયું

પૃષ્ઠ

નરસિંહ મહેતો

સુદામા ચરિત્ર

જદુપતિ નાથ ૧
સાંભળો ભામિની, ... ૧
સ્વામિ સાચું કહું, ... ૨
વિનતિ વળી કહું, ... ૨
ચાલિયો વાટમાં, ... ૨
ભાગ્ય જો જો બાઈ, ... ૩
છપ્પન ભોગ જ્યાં, ... ૪
વિપ્ર ચાલ્યા વળી, ... ૪
ધન્ય તું ધન્ય તું, ... ૪

શૃંગાર

કોણ પુન્યે કરી, ... ૫
સારમાં સાર અવતાર, ... ૫
સફળ રજની હવી, ... ૬
હજી ન ધરાયો રંગ, ... ૬
નીત નીત લાછવર ૬
વાહાલાજી તમોરે ૬
પાછલી રાતના, ... ૭
પલંગ પૈયા થકે ૭
સાંભળો કામિની, ... ૭
મેહેલ પીતાંબરા, ... ૭
અમશું કપટતણી ૮
સમીરે સાંજના ૮
ટળતો ટળતો હીંડોશ ૮
કેસર ભીના કહાનજી, ... ૯
મોહુંરે લટકે, ... ૯
કામણગારોરે, ...
કુંકુમને પગલે ૯

પૃષ્ઠ

તારા દલડાની વાતો ૧૦
મને રોકે છે કાનવર ૧૦
મારું વૃંદાવન છે ૧૦
તું મારે ચાંદલીએ ૧૦
ખંમખંમરે ચાંદલા ૧૧
પંથડો નિહાળતીરે, ... ૧૧
મીઠડા ભોલા નાથરે, ... ૧૨
જાગોરે જશોદાના ૧૨
જશોદાના જીવન ૧૨
ભોળીરે ભરવાડણ ૧૩
વહાલાને જોતાંયે ૧૩
આજનો માંડવડો ૧૩
મારેરે આંગણિયે, ... ૧૪
હું રંગરાતીને જો ૧૪
હીંડોળે હિંચે મારો ૧૪
ઓ દિસે સખી મેહૂલો ૧૫
મેહૂલો ગાજે જો માધવ ૧૫
ગાળ કોઇને નવ ૧૫
હવે કેમ વસીયે ૧૫
આંખ અણિયાળી ૧૬
મન માન્યું શામળિયા ૧૬
એક ગમે ગોપીનો ૧૬
હળવે હળવે હળવે ૧૬
આ જોને કોઈ ઉભીરે, ... ૧૭
મોહા મોહા મુનિવર ૧૭
હરિ આવ્યા છે ૧૭
આ શો ચતુરાનાં ૧૮

ભક્તિ

જગ્યને જગદવા, ... ૧૮
ઉઠ ઉતાવળો, ચાલ્યને ૧૮

પૃષ્ઠ

સમરને શ્રીહરી, ... ૧૯
ધ્યાન ધર હરિતણું, ... ૧૯
હરિતણું હેત તને, ... ૧૯
કૃષ્ણ કીર્તન વિના ૨૦
હરિ હરિ રટણ કર, ... ૨૦
બાપજી પાપ મેં ૨૦
તારા દાસના દાસની, ... ૨૧
રાત રહે જ્યારે, ... ૨૧
નંદના નંદશું, ... ૨૧
પ્રેમરસ પાને તું, ... ૨૨
બળિતણે દ્વારે હરિ, ... ૨૨
ધ્યાન ધર ધ્યાન ધર, ... ૨૨
શા સુખે સૂતો, સંભાર ૨૩
સાધુ સાચે ભને, ... ૨૩
પારકી હુંશે મહતા કરે ૨૩
ધન્યરે ધન્ય મહા ૨૪
મારા નાથજી મુજને, ... ૨૪
ભૂતળ ભક્તિ પદારથ ૨૪
તારા દાસનાં ચરણની, ... ૨૫
ગિરિ તળાટી ને કુંડ ૨૫
એવારે અમો એવારે ૨૫
દ્વારકાના વાસીરે, ... ૨૬
કોણ એ સમાના, કામની... ... ૨૬

બાળલીલા

હવે કયાં જઈએ ૨૭
જસોદાજી જમવાને તેડે, ... ૨૭
જસોદાજીને ખોળે બેઠા, ... ૨૭
જમો જમોરે નહાના ૨૭
જળકમળ છાંડી જને બાળા, ... ૨૮

જ્ઞાન અને વૈરાગ્ય

જે ગમે જગતગુરુદેવ ૨૯
અખિલ બ્રહ્માંડમાં, ... ૨૯
શરીર શોધ્યા વિના, ... ૨૯
જાગીને જોઉં તો, ... ૩૦

પૃષ્ઠ

જુવાનીને દહાડે રે, ... ૩૦
જ્યાંલગી આતમા ૩૦
સુખ દુઃખ મનમાં ન ૩૧

પ્રેમાનંદ ભટ્ટ

ઓખાહરણ ૩૨
દાણલીલા ૧૦૪
નળાખ્યાન ૧૧૪
મામેરું ૨૧૭
સુદામા ચરિત્ર ૨૩૯

અખો

છપ્પા ૨૫૯
વેષનિંદા અંગ ૨૫૯
આભડછેટ અંગ... ... ... ૨૬૦
ગુરુ અંગ ૨૬૦
સહજ અંગ ૨૬૧
કવિ અંગ ૨૬૧
વૈરાગ્ય અંગ ૨૬૧
વિચાર અંગ ૨૬૩
દોષ અંગ ૨૬૪
માયા અંગ ૨૬૫
ક્ષમા અંગ ૨૬૭
તીર્થ અંગ ૨૬૮
સ્વાતીત અંગ ૨૬૯
ચેતના અંગ ૨૭૦
કૃપા અંગ ૨૭૧
ધીરજ અંગ ૨૭૨
સુજ અંગ ૨૭૨
મહાલક્ષ્ય અંગ... ... ... ૨૭૪
વિશ્વરૂપ અંગ... ... ... ૨૭૫
સ્વભાવ અંગ ૨૭૬
પ્રપંચ અંગ ૨૭૬
જ્ઞાની અંગ ૨૭૭
જીવ ઈશ્વર અંગ ૨૭૮

	પૃષ્ઠ
ચાનક અંગ	૨૮૨
ભક્તિ અંગ	૨૮૨
દોષ અંગ	૨૮૩
ચાણક્ય કુટીલતા અંગ	૨૮૩
પ્રાપ્તિ અંગ	૨૮૪
ભાષા અંગ	૨૮૫
પ્રતીતિ અંગ	૨૮૭
ખળજ્ઞાની અંગ...	૨૮૭
જડભક્તિ અંગ...	૨૮૯
સગુણભક્તિ અંગ	૨૯૧
દંભ ભક્તિ અંગ...	૨૯૨
આત્મલક્ષ અંગ...	૨૯૪
જ્ઞાનદગ્ધ અંગ	૨૯૭
વિભ્રમ અંગ	૨૯૭
આત્મા અંગ	૩૦૨
વેષવિચાર અંગ	૩૦૪
જીવ અંગ	૩૦૭
સંત અંગ	૩૦૮
દશવિધ જ્ઞાની અંગ	૩૧૦
વેદ અંગ	૩૧૨
અજ્ઞાન અંગ	૩૨૧
મુક્તિ અંગ	૩૨૨
કુટકળ અંગ	૩૨૪
સામળભટ	
નંદબત્રીશી	૩૩૭
પંચદંડ	૩૮૪
અંગદવિષ્ટિ	૪૨૬
રાવણ મંદોદરી સંવાદ ...	૪૮૮
કાળીદાસ–વસાવડનો	
પ્રહ્લાદાખ્યાન	૫૨૧
ધ્રુવાખ્યાન	૫૯૮
મુક્તાનંદ	
ઉદ્ધવગીતા	૬૦૭

વિભાગ ૨ જો

	પૃષ્ઠ
ભાલણ	
શિવ ભીલડી સંવાદ ...	૬૭૧
ગોપી ગોવિંદનો સંવાદ ...	૬૭૭
એણી વાટે ન જઈયે	૬૭૭
દુધ પીયો નવા દો	૬૭૭
નઓ નંદના ગોવાળિયા	૬૭૮
ઉભી રહેરે આહીરડી	૬૭૮
ઓરા આવરે આહીરડા	૬૭૮
ભીખુભાંન કેરી બેટી	૬૭૯
છબીલા નંદનારે	૬૭૯
વલ્લભભટ	
શણગારનો ગરબો	૬૮૦
કળિકાળનો ગરબો	૬૮૪
રત્નો	
ઓદ્ધવજીના મહિના	૬૮૯
જીવરામ ભટ	
જીવરાજ શેઠની મુસાફરી ...	૬૯૫
પ્રીતમદાસ	
કક્કો ૧ લો	૭૦૧
કક્કો ૨ જો	૭૦૪
ગુરુ મહિમા	૭૦૭
જ્ઞાન માસ	૭૧૦
શૃંગાર સંગ્રહ	૭૧૫
રસીએ રંગ	૭૧૫

	પૃષ્ઠ
સ્નેહુ વધારી	૭૧૫
પાતળિયો પ્રાણ	૭૧૫
તનની પીડા સહુ ટળી	૭૧૬
શામ સોહાગી	૭૧૬
નવ રસના ભર્યા	૭૧૬
પામી પ્રેમ સ્નેહીને	૭૧૭
સખી શામળીયો વર	૭૧૭
પ્રેમ સુધારસ પીજીએ	૭૧૭
સખી શ્યામ કિશોર	૭૧૭
જુવે જુવંતી જરુખે	૭૧૮
ઓ આવેરે ઓ આવેરે	૭૧૮
ચાલ સખી જોવાને	૭૧૮
સુરલી સંગ શામળિયો	૭૧૯
સુંદર રૂપ રસિકવર	૭૧૯

જ્ઞાન તથા ભક્તિ પ્રકાશ

રામજી સત્ય છે	૭૧૯
સંત વિના સંસારમાં	૭૨૦
સંત તે તીરથરૂપ છે	૭૨૦
પ્રીત વિના પ્રભુ	૭૨૧
ગુરુ ગમે ઘટમાં	૭૨૧
આ તનમાં તીરથરે	૭૨૨
સદ્‌ગુરુને શબ્દેરે	૭૨૨
પુરણાનન્દ પોતેરે	૭૨૨
ભૂલ ઘણી ભાંગીરે	૭૨૨
જગતનું સુખ ઝાકળનું	૭૨૩
મિથ્યા માયામાં	૭૨૩
હું માહરું તે સંસારનું	૭૨૪
રામ રસાયણ	૭૨૪
જાણે નહીં જગજીવન	૭૨૫
પરમારથ પ્રીછે નહી	૭૨૫
સાકુટ નરનો સંગ	૭૨૬
જે મુખમાં નહીં	૭૨૬
સત્ય સુધા શ્રીકૃષ્ણ	૭૨૬
કુરમ કહી પેરે અંગ	૭૨૬
કાયારે તાહરી કામ	૭૨૭
જે જને હરિનું	૭૨૭
આનંદકારી અચલ	૭૨૭
લંપટરે તુંને લાજ	૭૨૮
માયા સહુને મોહ	૭૨૮
કાયા કલ્પદ્રુમ	૭૨૮
નિરમળ નામ નિરંતર	૭૨૮
નામ વિના ગતિ મુક્તિ	૭૨૯
રામ સુધારસ	૭૨૯
તું તારું તન દેખ તપાસી... ...	૭૨૯
તું તો રામ રટણ કર	૭૨૯
સંત પારસ ચંદન	૭૩૦
સંત લક્ષણ ત્રીસ	૭૩૦
સદ્‌ગુરુના તે શબ્દ	૭૩૧
કાયા બનીરે તાહરી	૭૩૧
મનમાં જાણે છે મરવું	૭૩૧
જતન કરે જીવવું	૭૩૨
લંપટ શે નથી લાજતો	૭૩૨
હરિનો મારગ છે શૂરાનો	૭૩૩
સંત સમાગમ જે જન	૭૩૩
હરિ મહિમા મોટા જન	૭૩૩
સંત કૃપાથી છૂટે માયા	૭૩૪
ભજન કરી લે ભાવેરે	૭૩૪
જા સદ્‌ગુરુને શરણેરે	૭૩૫
કર હરિ સમરણ સાચું	૭૩૫
જે પરમારથ પ્રીછેરે	૭૩૫
સખી આજ આનંદ	૭૩૬
શું કર્યું ગીતા ગાઇને	૭૩૬

રેવાશંકર

બાળલીલા	૭૩૭

કૃષ્ણરામ

કળિકાળનું વર્ણન	૭૫૦

પૃષ્ઠ

દેવીદાસ

નાનો ઈશ્વરવિવાહ ૭૬૫

રણછોડ ભક્ત

રાધાવિવાહ ૭૭૧

નરભેરામ

નીતિ પ્રેમ વિષે ૭૭૪

રઘુનાથદાસ

ઓધવજીનો સન્દેશો.

ઓધવજી આવ્યારે ૭૭૮
ઓધવજી અમ સાથે ૭૭૮
ઓધવજી માધવરે ૭૭૯
ઓધવજી સંદેશો ૭૮૦
ઓધવજી અબળા ૭૮૦

નિષ્કુલાનંદ

વૈરાગ્ય વિષે

જનની જીવોરે ગોપીચંદ ૭૮૨
જંગલ વસાવ્યું ૭૮૨
હું બલિહારી એ વૈરાગને ૭૮૩
ત્યાગ ન ટકેરે વૈરાગ વિના ... ૭૮૪
અમેરે જડ ભરતી જોગી ૭૮૪
ઋષભ કુંવરની રીતને ૭૮૪
જડરે ભરતની જાતના ૭૮૫
જોગી જીવોરે એવા ૭૮૫
પ્રથમ વૈરાગ જેને પ્રગટે ૭૮૬
વૈરાગને વિઘન ઘણાં ૭૮૬
વૈરાગ્ય વિણ એ વાણી ૭૮૬
જેનુંરે મન વનશું ૭૮૭
વાય વાય જે કુમતિ ૭૮૭
ધિક ધિક તારો જે ૭૮૮
બળો બળો કુમતિ ૭૮૮
એક અચંબો આવે ૭૮૮
સત વાત એક સાંભળો ૭૮૯

પૃષ્ઠ

એક વાત વળી સાંભળી ૭૮૯
એક મૂરખને હાથ ૭૮૯
જેમ સર્પને પાળીને ૭૮૯
લટકાળો લટકંતોરે ૭૯૦
શામળિયો સ્નેહનો ૭૯૦
છબિલાની છબી જોઇને ૭૯૦
છોગાળા તારા છોગલાં ૭૯૦

બ્રહ્માનંદ

શૃંગારનાં પદો

છેલા ચાલંતા ગજ ચાલ ૭૯૧
ઓરા આવોને પ્રાણ આધાર ... ૭૯૧
વાલી લાગે છે વ્રજચંદ ૭૯૧
રૂડી લાગે છે વ્રજરાજ ૭૯૨
હેલિ જોને આ નંદકુમાર ૭૯૨
શોભે નટવરજીને શિરા ૭૯૨
આંખડલિ શરદ સરોજ ... ૭૯૩
સખિ કેસર ભીનો કાન ૭૯૩
લટકાળા તારે લટકેરે ૭૯૩
રૂડું ભાલ તિલક ૭૯૪
માણીગર મોલિડું ૭૯૪
વ્રજ જીવન શામ ૭૯૪
ચાલો ચાલો સૈયરનો ૭૯૪
જોને જોને સખી એનું ૭૯૫
આવો આવોને નંદજીના ૭૯૫
તારી આંખલડી અલબેલ ૭૯૬
સખી નંદતણે દરબાર ૭૯૬
ઓરા આવોને સુંદર શ્યામ ... ૭૯૭

ઈશ્વરને ભજવા વિષે

પ્રભુ સાથે કરને ૭૯૭
શરણું તું તો લેનેરે ૭૯૭
માનિ લે શિખામણરે ૭૯૮
વિષયમાં વળુંધ્યોરે ૭૯૮
રે સગપણ હરિવરનું ૭૯૮

પૃષ્ઠ

રે લગની તો હરિવરથી ૭૯૯
રે શિર સાટે નટવરને ૭૯૯
રે ધરિયા અંતર ગિરિધારી ... ૮૦૦

દેવાનંદ

પ્રભુ સાથે પ્રીતિ કરવા વિષે

કર પ્રભુ સંગાથે ૮૦૧
મળ્યો મનુષ્યનો ૮૦૧
તારા મનમાં જાણે ૮૦૧
તારે માથે નગારાં વાગે ૮૦૨

માયાની મોહિનીમાં ઈશ્વરને ભૂલી ગયો.

ભજ્યો નહીં ભગવાનનો ૮૦૨
અંતે જવું છે એકલા ૮૦૨
ભૂલિ ગયો ભગવાનને ૮૦૩
પ્રભુ ભજી લેને પ્રાણીઆ ... ૮૦૩
જન્મ સંગાતી વિસાર્યા ૮૦૩
ભવસાગરનો પાર ન ૮૦૪
સગપણ સાચું ૮૦૪
દેખ વિચારી દિલમાં ૮૦૪
હૈયાના ફુટ્યા ૮૦૫
દુનિયામાં ડાહ્યો ૮૦૫
અજ્ઞાની તારા ૮૦૫
પામર તેં પ્રાણી ૮૦૫

ઈશ્વરને ઓળખવા વિષે

આવો રુડો અવસરરે ૮૦૬
કાયા માયા કુડીરે ૮૦૬
કાળ તારી કેડેરે ૮૦૭
પ્રભુ ભજ પ્રાણીરે ૮૦૭

પ્રેમાનંદ

સ્વામીનારાયણનો વિયોગ

સજની શ્રીજી મુજને ૮૦૯
મનડું મૂર્ત્તિમાં ૮૦૯
સજની નિમખ ન વિસરે ... ૮૧૦

પૃષ્ઠ

લટકાં લટકાળા ઘનશ્યામ ૮૧૦

સહજાનંદ અંગવર્ણન

શોભા શી કહુંરે રુડી ૮૧૦
હરિને નિરખ્યારે તેણે ૮૧૧
રંગનો ભીનોરે જોઈ ૮૧૧
ચરણ હરિનારે શોભે ૮૧૧
એ ચરણનારે ભોગી ૮૧૨
સુંદર શોભેરે રસિયો ૮૧૨

શૃંગારનાં પદ

હું તો વારીરે ગિરિધર લાલ ... ૮૧૨
આવો રસિયા રાજીવ નેણ ... ૮૧૩
મારી પ્રીતિ પ્રાણ આધાર ... ૮૧૩
નહીં મેલુંરે સુંદર શ્યામ ૮૧૩

ધીરોભક્ત

આત્મજ્ઞાન વિષે

આત્માતત્વ શોધોરે ૮૧૫
સંત મળે સાચારે ૮૧૫
તરણા ઓથે ડુંગરરે ૮૧૬
મન તુંહી તુંહી બોલેરે ૮૧૬
અંતે સંતને તેડાવેરે ૮૧૭
ખબરદાર મનસુબાજી ૮૧૭
મુનિજન મોહ્યારે ૮૧૮
થાણદાર થયારે ૮૧૮
જગજીવન મને મોહન ૮૧૯
આજ સાહેલી અમર વર ... ૮૧૯

રાસલીલા

મહારાજની વાંસલડી ૮૨૦
હરિ મારે ઘેર આવ્યા ૮૨૦

મંજુકેશાનંદ

અજ્ઞાની નરને શિખામણ

નર અજ્ઞાની સાંભળને ૮૨૧
શું સમજીને મુખથી વેણાં ... ૮૨૧
જોને જાગીને અંતરમાં ૮૨૧

પૃષ્ઠ

નર તન પામી હાર્યો ૮૨૨
સાર ને અસારરે ૮૨૨
નામ તો બતાવેરે ૮૨૩
મુખે બ્રહ્મ ભાખેરે ૮૨૩
કાયાથી જીવ ન્યારોરે ૮૨૪

ભોજો ભક્ત

જ્ઞાનના ચાબકા

દેસિ સંતતણી લાવીરે ૮૨૫
ભેખ તો ભાવરથકી ભુંડારે ... ૮૨૫
જોઈ લો જગતમાં બાવારે ૮૨૫
ભરમાવી દુનિયા ભોળીરે ... ૮૨૬
મૂરખો રળી રળી કમાણોરે ... ૮૨૬
મૂરખો માની રહ્યો મારુંરે ... ૮૨૬
ભક્તિ શિશતણું સાટુંરે ... ૮૨૬
દુનિયાં દીવાની કહેવારોરે ... ૮૨૭

રામકૃષ્ણ ભક્ત

કૃષ્ણલીલાનાં પદ

પહેરોને પીતાંબર ૮૨૮
સુંદર કાંઈ ન દેખુંરે ૮૨૮
નામ તમારું સુણતાંરે ૮૨૮
ટેવ પડી છે તમનેરે ૮૨૮
નિરખતાં નાથને મારી ૮૨૯
સ્નેહે બાંધી સુંદરી ૮૨૯
મહારા કાનજી તમને ૮૨૯
વહાલા વિઠ્ઠલજીરે ૮૨૯
મુજને તુજ વીણ ૮૩૦
નંદના છૈઆ છોજી હો ૮૩૦
પ્રેમ પુષ્ટ કર્યા છો હો ૮૩૦
ગોપી ઘેલી દીસે હો ૮૩૦
આવ હરિ વહાલા આવરે... ... ૮૩૧
નંદજીનો કુંવર કેડામણો ૮૩૧
પહેલે તે મોહન મીઠડો ૮૩૧
ધ્રુતારા ધરણીધર તારી ૮૩૧

પૃષ્ઠ

હસવા સરખી હરિસું ૮૩૨
નહીં જાઉં તે જમના ૮૩૨

રાજે

કૃષ્ણ પ્રત્યે ગોપીના પ્રેમ વિષે

હરિ મેંહાવે કયમ ૮૩૩
તેં તો ઘેલું કીધું ગામ ૮૩૩
વહાલા વાટે તે વાત ૮૩૩
મારા મન ગમતા મહારાજ ... ૮૩૪
કુંણ બોલે તમારી સાથ ૮૩૪
જેનો પીયુડો તે પરઘેર જાય ... ૮૩૪
કાગળ મોકલુંરે ૮૩૫
ઉગો સરદ પુનમનો ચંદ ૮૩૫
આજની ઘડીરે ૮૩૬
આવોની લાલ ૮૩૬
આજને આવ્યા ૮૩૬

રાધિકાજી સ્વપ્નામાં પરણ્યાં તે વિષે

ઉગતે વહાણે રાધાની ૮૩૭
એટલે ત્યાં તો બોલ્યાં ૮૩૭
એટલે વળતી માતા ૮૩૮
માતા મારી કૃષ્ણને ૮૩૮

ભુખણ ભક્ત

ઈશ્વરને ભજવા વિષે

કશી વાતનો ખરખરો ૮૩૯
પિતા માત સંતાન ને ૮૩૯
ઘણા પુન્યના ભાવથી ૮૪૦
તમે અવતર્યા લક્ષ ૮૪૧
રમ્યા રંગ તે ગોપિકા ૮૪૧

શાંતિદાસ

કાનુડાની બાળલીલા વિષે

કોઇએ દીઠડો કાનં ૮૪૩
જુઠડાને કયાં જાલું ૮૪૩

પૃષ્ઠ

કોઈ કન્યા નહિ આપે ૮૪૩
કાનુડો કાળજાની કોર છે ૮૪૩
કાનુડે કામણ કીધલાં ૮૪૩
જને ગોવાલણી જુઠી ૮૪૪
મનડાં વ્યાકુળ હરિ આવતાં ... ૮૪૪
મન માને ત્યાં જઓ છો જી ... ૮૪૪
વારો જશોદા માવડી ૮૪૪
જળ ભરવાને કેમ જઉં ૮૪૪
આવો મારે ઘેર માણવા ૮૪૫
ક્યારે મળશો કહાન ૮૪૫
માછીડારે હોડી હલકાર ૮૪૫

શોભણદાસ

રાધિકાના રોષ વિષે

રંગભેર રમતાં રાસમાંરે ૮૪૬
રુસણું મુકોને રાધિકારે ૮૪૬
મારો નાથ બન્યા નવ ૮૪૬

કૃષ્ણ વિરહના મહિના ... ૮૪૭

દયારામ

ચાતુરીનો ગરબો ૮૫૧
મીરાં ચરિત્ર ૮૫૫
પ્રેમ પરીક્ષા ૮૫૭
હનુમાન ગરુડસંવાદ... ... ૮૫૯

શૃંગાર

પ્રેમની પીડા તે ૮૬૨
પ્રીતડીની રીત અતી ૮૬૨
શ્યામરંગ સમીપે ન જવું... ... ૮૬૨
આવોની મારે ઘેર માણવા ... ૮૬૩
આંખ ભરો મા અલબેલડા ... ૮૬૩
લલીતાજી આવ્યાં પ્રેર્યા ૮૬૩
શીખ સાસુજી દે છે ૮૬૪
એવાં વચન સુણીનેરે ૮૬૫
હું શું જાણું જે વહાલે ૮૬૫
હવાં સખી હું નહીં બોલુંરે ... ૮૬૬

પૃષ્ઠ

કાળ જ કોરચું તે કોને ૮૬૬
માનીતી તું છે મોહનતણી ... ૮૬૬
ચાલ વ્હેલી અલબેલી ૮૬૭
ચતુરા ચેટક એવું જાણીરે... ... ૮૬૮
મુને અંગોઅંગ લાગી ૮૬૯
લોચન મનનોરે ૮૬૯

નીતિ ભક્તિ

હરિનામ માળા

ગુરુગોવિન્દ કૃપા ૮૭૦
શરણ પડ્યો છુંરે શ્રીહરિ ૮૭૧
દરશન દ્યોનીરે દાસને ૮૭૨
જીવ જાણી લે ૮૭૨
મોટાનું વચન સુખધામ ૮૭૩
જે કોઈ જન કલ્યાણે ૮૭૪
રટ શ્રી રાધા રાધાવર ૮૭૫
ચિત્ત તું શિદને ચિંતા ૮૭૫
સાંભળ શિક્ષા તું મન ૮૭૬
જે કોઈ પ્રેમ અંશ ૮૭૭
સાધુ શ્રમ ના કરશોરે ૮૭૭
સાચું તે સગપણરે ૮૭૮
મનજી મુસાફરરે ૮૭૮

મીરાંબાઈ

સતભામાનું રુશણું ૮૮૦

કૃષ્ણ કીર્તનનાં પદ

મુજ અબળાને મોટી ૮૮૨
કયાં ગયોરે પેલો ૮૮૨
બોલ મા બોલમા ૮૮૩
પ્રેમની પ્રેમની પ્રેમનીરે... ... ૮૮૩
લેહુ લાગી મને તારી ૮૮૩
કાલે પરણાવશું ગોપી ૮૮૩
હાંરે કોઈ માધવ લ્યો ૮૮૪
થનક થનક તાથૈરે ૮૮૪
ગોવિંદો પ્રાણ અમારોરે ૮૮૪

પૃષ્ઠ

કૃષ્ણાબાઈ

સીતાજીની કાંચળી ૮૮૫

પુરીબાઈ

સીતા મંગળ ૮૯૨

ગવરીબાઇ

ઉપદેશનાં પદો

સોહં સોહં બ્રહ્મ એ ભજ .. ૮૯૬

પૂર્ણ બ્રહ્મ પુરી રહ્યો ૮૯૬

જયજય દીનદયાળ ૮૯૬

હરિનામ બીનારે ઓર ૮૯૭

આત્મજ્ઞાન પ્રાણીને ૮૯૭

બ્રહ્મનો ભેદ જાણે જન ૮૯૮

પૃષ્ઠ

પ્રથમ પંચમ ભાગથી ૮૯૮

આદ અનાદિનો એક છે ૮૯૯

સુખ સાગર શિવરાજ ૯૦૦

માયા તણી શોભા જોઇને... ... ૯૦૦

માયા મોહકો છાંડી કે ૯૦૦

જૈનકવિ

ઉદયરત્ન

સ્ત્રીઓને શિખામણ... ... ૯૦૧

કુમુદચંદ્ર

પુરુષને શિખામણ ૯૦૪

કોશ ૯૦૭

બૃહત્

કાવ્યદોહન

નરસિંહ મેહેતો*

જુનાગઢનો વડનગરો નાગર-ગુજરાતનો
સૌથી જુનો ભક્ત કવિ

સુદામા ચરિત્ર

પદ ૧ લું

જદુપતિ નાથ તે, મિત્ર છે તમતણા, જાઓ વેગે કરી, કૃષ્ણ પાસે;
પ્રીત પૂરવતણી, હેત ધરશે હરિ, મનના મનોરથ સફળ થાશે. જદુપતિ.
ઘેર બાળક સહુ, દુઃખ પામે બહુ, અન્ન ને વસ્ત્રથી રહે છે ઊણાં;
નિરધન સરજિયાં, પુણ્ય કીધા વિના, કર્મના દોષ તે આવી પૂગ્યા. જદુપતિ.
જદુપતિ જાદવો, ભક્તિવશ માધવો, કરશે કરુણા પ્રભુ દીન જાણી;
ગોમતીસ્નાનથી, કોટી અઘ નાસશે, નિર્ખતાં કૃષ્ણને પ્રેમ આણી. જદુપતિ.
કૃષ્ણને હળિમળી, શિઘ્ર આવો વળી, જાણશે દુઃખ અંતરજામી;
વિનતિ મનમાં ધરો, આળસ પરહરો, સહાય થાશે નરસૈંનો સ્વામી. જદુપતિ.

પદ ૨ જું

સાંભળો ભામિની, કાન ધરિ કામિની, કવણ કહાવું હું કૃપણ પાપી;
ત્રિભુવન નાથ તે, મહિપતિ માધવો, કેમ બોલાય ત્યાં વાત ચાંપી. સાંભળો.
દિવસ ઝાઝા થયા, બાલપણને ગયા, નરપતિ નવ પ્રીછે પ્રીત જુની;
દુરબલ રંક હું, ભિક્ષુક બાપડો, નવ લહું ચોકશી ખોટી ચુની. સાંભળો.

---

* નરસિંહ મેહેતાના ચરિત્ર માટે 'નરસિંહ મેહેતા કૃત કાવ્ય-સંગ્રહ' જૂઓ.

ઉગ્રસેન અક્રુર, ઓદ્ધવ છે ત્યહાં, બળિભદ્ર ને અનિરુદ્ધ પાસે;
કોટી જોદ્ધા જ્યહાં, ઉભો રહીશ કયાં? કોણ આવી મ્હારો હાથ સહાશે! સાંભળો.
જડિત રત્નો મણિ, કાંતિ ભાસે ઘણી, તિમિર નાવે તેની જ્યોત પાસે;
ત્યાં કેમ બોલી શકું, વેણુ વદતો થકું, ધમણ ધમતો રહું શ્વાસોશ્વાસે. સાંભળો.
મૌન બેસી રહો, સુખદુઃખ સઉ સહો, ભોગવો કર્મ જે ભાગ્ય ચોટયું;
દુરિજન લોક તે, છોને લવતાં રહે, નરસૈંના સ્વામીનું બિરદ મોટું. સાંભળો.

પદ ૩ જું

સ્વામિ સાચું કહ્યું, બોલવું નવ રહ્યું, કંથનાં વચન તે વેદવાણી;
ભવતણું નાવ તે, ભક્તિ ભૂધરતણી, તેહ હું પીછવું સ્નેહ આણી. સ્વામિ.
નથિ હરિ વેગળા, ભક્તિ ભાવે મળ્યા, રાય ને રંક જ્યાં એક ઘાટે;
લખપતી કોટિધ્વજ, મંન નાણે રતી, શક્ર સરિખા ત્યાંહાં નહિરે સાહે. સ્વામિ.
બ્રહ્મણ્યદેવ, દયાળ શ્રીકૃષ્ણજી, નિજ જન જાણિને સૂધ લેશે;
પ્રીતની રીત તે, જાય નહિ વીસરી, બાળલીલાતણાં ચરિત્ર કહેશે. સ્વામિ.
"નથિ કાંઈ ઓઢવા, ભેટ લેઈ જવા, કેમ કરી જાણશે કૃષ્ણ કામી;
દત્ત નથિ આપણું, વદન લજ્જામણું, નિરખતાં લાજે નરસૈંના સ્વામી." સ્વામિ.

પદ ૪ થું

વિનતિ વળી કહું, ભેટ લાવી દઉં, પોતિયે તાંદુલ ગાંઠ બાંધો;
જાણશે થોડે ઘણું, ભાવ ભોજનતણું, ધન્ય કૃષ્ણસું સ્નેહ સાંધો. વિનતિ.
ભિલડીનાં બોર તે, ભાવે આરોગિયાં, જૂઠું અન્ન આહિરનું લીધું;
ભક્ત વિદૂરની, ભાજી ભાવે જમ્યા, ભૂપનું નોતરું પાછું કીધું. વિનતિ.
પેરે પેરે પાંડવ, કષ્ટ નિવારિયાં, ભક્ત કારણ કંઈ દુષ્ટ તાર્યા;
ઊંચ ને નીચનું, એને છે પારખું, પતિત અધર્મિ કંઈ કોટી તાર્યા. વિનતિ.
ભક્તિવશ વિઠ્ઠલો, સંત સાથે મળ્યો, સમોવડને નવ ચૂકે ટાણે;
સંત સમરે ત્યહાં, આવી ઉભો રહે, ભક્તના મનતણો ભાવ જાણે. વિનતિ.
જાઓ વેગે કરી, નિરખો મુક્તિપુરી, ધન્ય ધન્ય તારુણી સ્નેહ ન્યાળો;
નરસૈંના નાથને, નિરખો નિશ્ચય કરી, કામનિયે કંથને બાંહે ઝાલ્યો. વિનતિ.

પદ ૫ મું

ચાલિયો વાટમાં, જ્ઞાનના ઘાટમાં, મિત્ર મોહનતણું નામ લેતો;
ધન્ય એ નાર અવતાર સફળ કર્યો, કૃષ્ણ હે કૃષ્ણ મુખ એમ કહેતો. ચાલિયો.
માગવું મૃત્યુ પ્રમાણ છે પ્રાણિને, લોભ ક્ષીણ ત્યાંહાં પ્રીત તૂટે;
કહ્યું મેં અબલા, સૂએ બેસી રહો, માગતાં તો બધો મર્મ છૂટે. ચાલિયો.

માગિયું મેં નથી, શું મુખે કહું કથી, ભોગવું કર્મ જે ભાગ્ય લાગ્યો;
શ્રીપતિનાથે મને રંક સરજાવિયો, એમ કરતો દ્વિજ દ્વાર આવ્યો. ચાલિયો.
આવી ઊભો રહ્યો, કંઠ ગદ્‌ગદ થયો, કોટી સૂરજ શશિ જ્યોત ભાસે;
ઉર દયા આણિને, હરિજન જાણિને, પોળિયે જઈ કહ્યું કૃષ્ણ પાસે. ચાલિયો.
મંદિરે તેડિયા, ચાલીને ભેટિયા, ત્રિવિધિના તાપ તે સર્વ નાઠા;
હેમસિંહાસને, લેઈ બેસારિયા, તાણતાં વિપ્રનાં વસ્ત્ર ફાટાં. ચાલિયો.
તેલ ફૂલેલ મર્દન કરાવિયાં, શુદ્ધ ઉષ્ણોદકે સ્નાન કીધું;
કનકની પાવડી, ચરણ આગળ ધરી, કૃષ્ણે ચરણોદક શીષ લીધું. ચાલિયો.
પુનિત પીતાંબર, પહેરવા આપિયું, કનક થાળે પકવાંન દીધાં;
ભાવતાં ભોજન કૃષ્ણ હાથે કર્યાં, લીધું આચમન ને કાજ સિધ્યાં. ચાલિયો.
કૃષ્ણે પલંગપર, પોતે પધરાવિયા, દધસુતા વીંઝણે વાયુ ભરતાં;
સત્યભામાદિક, નારી નિરખી રહી, નરસૈંનો નાથ પદસેવ કરતાં. ચાલિયો.

પદ ૬ ઠું

ભાગ્ય જો જો બાઈ, કૃપણ ભિક્ષુકતણું, રુક્ષ્મિણી આદિ સૌ નારી બોલે;
હળધર જોગ્ય તે, ભોગ પહોંચાડિયા, અજ અંબરીષથી અધિક તોલે. ભા.
આ કૃપણરૂપ તે, પ્રગટિયું કયાં થકી, વસ્ત્ર મેલાં દિસે કર્મ ફૂટ્યો;
ત્રિગુણને દુર્લભ, સેજ રમાતણી, વશ કરી નાથને પાપ છૂટ્યો. ભા.
અંગ અતિ કમકમે; ધમણ મોઢે ધમે, ઉધરસે ને વળી નાક લૂતો;
જો જો કૌતક હરી, દેહ દશા ફરી, કૃપણ તે કૃષ્ણને સંગ સૂતો. ભા.
પહોડીને ઉઠિયા, સ્નાને બેસારિયા, વદન પખાળવા નીર દીધું;
કનક ઝારી ભરી, શીત જળ આપિયું, કનક કટોરે તે પાણી પીધું. ભા.
શ્રીમુખે બોલિયા, કહોને બાંધવ તમો, બ્રહ્મચારી કે ગૃહધર્મ કીધો ?
કુશળ છે બાલગોપાલ સહુ તમતણાં, ભાગ્ય મોટું મને ચિત્ત લીધો. ભા.
ગૃહસ્થના ધર્મમાં, હુંય વળગી રહ્યો, હુંને મારી બધી ગત્ય ભૂલ્યો;
મિત્ર સુદામાની, શુદ્ધિ લીધી નહીં, કામિની કેરમાં હું જ ડૂલ્યો.. ભા.
સાંદીપનિ ગોરને, ઘેર આપણ ભણ્યા, ધન્ય ધન્ય દિવસ તે સફળ કહાવ્યો;
એક રેણી રહ્યા, વન વિષે આપણે, સર્પણ ભાંગતાં મેઘ આવ્યો. ભા.
અન્ન લીધા વિના, ભૂખ્યા બેશી રહ્યા, ગોરાણીએ આપણી પીડ જાણી;
વિસરી ગયું છે કે, વીર તને સાંભરે, સાંદીપ ગોરની અચળ વાણી. ભા.
ભાભીએ ભેટ જે, મોકલી મુજ ભણી, ભાવશું ભાઈ તે લાગે મીઠી;
સંકોચાતો ગાંઠડી, વિપ્ર આધી ધરે, નરસૈંના સ્વામીએ નજરે દીઠી. ભા.

પદ ૭ મું

છપ્પન ભોગ જ્યાં, કવણ તાંદૂલ ત્યાં, આપતાં ઉર સંકોચ આવે;
જે રે જોઇએ તે, આવી મળે કૃષ્ણને, તાંદૂલ ભેટ તે તુચ્છ કાવે. છ.
(પણ) ધાઈ લીધા હરી, મૂઠી તાંદૂલ ભરી, પ્રેમે આરોગિયા તૃપ્તિ પામી;
ઇંદ્ર કુબેરથી, અધિક વૈભવ કર્યો, રુક્મિણી કર ગ્રહ્યો શીષ નામી. છ.
એક રહ્યાં અમો, એક બીજા તમો, ભક્તને અઢળક દાન કરતાં;
પ્રેમદાએ પ્રેમનાં, વચન એવાં કહ્યાં, હાથ સહાયો ત્રીજી મૂંઠી ભરતાં. છ.
વનિતા વચન તે, વિપ્ર સમજ્યો નહીં, ચાલવા ઘર ભણી શીખ માગી;
નરસૈંને નાથે દુર્બળપણું ટાળિયું, ભૂખનાં દુઃખની ભીડ ભાંગી. છ.

પદ ૮ મું

વિપ્ર ચાલ્યા વળી, કૃષ્ણ સાથે મળી, ચિત્તમાં શોચી વિચાર કરતો;
આપ્યું તો કાંઈ નહીં, ત્રિઠ જાણી નહીં, તે તણો શોચ હૃદયે જ ધરતો. વિપ્ર.
અષ્ટ મહા સિદ્ધિ તણી, રિદ્ધિ નવ નિધિતણી, સંપત્તિમાં રહ્યો ભાગ્યમાણી;
કામિની કંથને હું, દ્વારિકાં આવિયો, અમતણી ત્રીઠ તો નવ જાણી. વિપ્ર.
બાલ ગોપાલ જે, વાટ જોતાં હશે, તેહને જોઈ અમો શુંય કહેશું ?
મિત્ર મોહનતણું, હેત જ્યારે પૂછશે, કામનીને ઉત્તર કેમ દેશું ? વિપ્ર.
એમ ચિંતા કરે, નેત્રથી નિર ઝરે, કર્મની વાત મનમાંહિ ધારી;
નરસૈંનો નાથ તો, અતિ ઘણો ક્ષોભિયો, પીતાંબરી પણ લીધી ઉતારી. વિપ્ર.

પદ ૯ મું

ધન્ય તું ધન્ય તું, રાય રણછોડજી, દીન જાણી મને માન દીધું;
નહિ મુંજ જોગ તે, ભોગ પહોંચાડિયા, અજ અંબરીષથી અધિક કીધું. ધન્ય.
કનકને આસને, સુજને બેસારિયો, રુક્મિણી કૃષ્ણનો હાથ સહાતાં;
હેત કરિ કરિ હરિ ચરણ તળાંસિયાં, ખટ રસ ભોજન ખાંતે ખાતાં. ધન્ય.
બાલપણાતણો, સ્નેહ નવ વિસરિયો, મિત્ર મોહનતણી પ્રીત સાચી;
હેતથી હળી મળી, માન દીધું મને, રંક બેસાડિયો કનક માંચી. ધન્ય.
ધન્ય ધન્ય કૃષ્ણજી, સંત સેવા કરી, ધ્યાન ધરતો હું નિજ દ્વાર આવ્યો;
રત્નજડિત મણિ, ભવન શોભા ઘણી, દેવ શું દ્વારિકા આંહિ લાવ્યો. ધન્ય.
કનકની ભૂમિ ને રત્નના થાંભલા, અર્કની જ્યોત ઉદ્યોત દીસે;
ખાન ને પાન વિહાર સ્થાનક ઘણાં, કામની નિરખતાં કામ હીસે. ધન્ય.
સમ નવ વરસની, દીકરી ત્યાં સુંદરી, નારી નવજોબના બહુ રુપાળી;
સોલ શણગાર તે, અંગ સુંદર ધર્યા, દેવ વિમાનથી રહ્યા નિહાળી. ધન્ય.

સહસ્ત્ર દાસી મળી, દીશે વીંટી વળી, કામિની કંથની પાસ આવી;
સ્વામી રે સ્વામી હું, દાસી છું તમતણી, ચાલો મંદિર વિષે પ્રેમ લાવી. ધન્ય.
ગોમતી સ્નાન કરિ, કૃષ્ણજી નિરખિયા, પુણ્ય પ્રકટ થયું પાપ નાઠું;
તેથકી સમૃદ્ધિ આ, સકલ તે સાંપડી, મટી ગયું આપણું ભાગ્ય માઠું. ધન્ય.
કૃષ્ણ કહેતા તે નિજ ધામ પધારિયા, નવલ જોબન થયાં નર ને નારી;
વિનતિ ઉચારતાં, રજનિ વીતી ગઈ, નરસૈંના સ્વામીની પ્રીતિ ભારી. ધન્ય.

શૃંગાર

પદ ૧ લું–રાગ પ્રભાત

ગોપી—કોણ પુન્યે કરી, નાર હું અવતરી, શ્રીહરિ દીન થઈ માન માગે;
અમર અવિગતિ કહે, અકલ કો નવ લહે, તે કમલાવર કંઠ લાગે. કોણ. ૧
યજ્ઞ યાગે યજી, યોગ ધ્યાને ધરી, બહુ વ્રત આદરી દેહ કષ્ટે;
તોય તે શ્રીહરિ, સ્વપ્ને ન પેખીએ, તે હરિ નિરખીએ પ્રેમદૃષ્ટે. કોણ. ૨
શેષ સુખાસન, શેજ સોહે સદા, ભુવન જસું વૈકુંઠ કાહાવે;
તેપેં અધિક જે, મંદીર માહરું, પ્રેમે પીતાંબરો પલંગ આવે. કોણ. ૩
ભકતવત્સલતણું બિરદ પોતે વહે, વેદ પુરાણ એમ શાસ્ત્ર વાણી;
નરસિંહાચ્યો સ્વામી ભલેરે મળિયો, કીધી કૃપા મુને દીન જાણી. કોણ. ૪

પદ ૨ જું–રાગ પ્રભાત

ગોપી–સારમાં સાર અવતાર અબળાતણો, જે બળે બળિભદ્ર વીર રીઝે;
પુરુષપુરુષાતન, શું કરું હે સખી, જેથી નહિ માહરું કાજ સીજે. સાર.
મુક્તિ પર્યન્ત તો, પ્રાપ્તિ છે પુરુષને, સત્ય જો સેવકભાવ રાખે;
રસભરયું રુસણું, નાથ નોહરા કરે, તે નહીં નારી અવતાર પાખે. સાર.
ઇન્દ્ર આદિક અજ ઈશ ને મહામુનિ, ગોપિકા ચરણરજ તેહ વંદે;
ગોપીથી આપનું, અધમપણું લેખવે, નરપણું નવ રુચે આપ નંદે. સાર.
વેદ વેદાંત ઉપનિષદો ખટ મળી, જે મથીને રસ પ્રગટ કીધો;
તે રસ ભાગ્યનિધિ ભામની ભોગવે, અહોનિશ અનુભવ સંગ લીધો. સાર.
સ્વપ્ન સાચું કરે, ગિરિધર સ્યામળો, પ્રણમું હું પ્રાણપતિ પાણ જોડી;
પંથનું જેમ પશુ, પુંઠળ વળગ્યું ફરે, નરસૈંયા નાથજી નાથ તોડી. સાર.

પદ ૩ જું-રાગ પ્રભાત

ગોપી—સફળ રજની હવી, આજની અભિનવી, પલંગ બેસાડી વાહાલે હાસ્ય કીધું;
કર દર્પણ ધરી વદન અવિલોકવા, પ્રેમનું ચુંબન ગાલે દીધું. સફળ. ૧
કુસુમચા ટોડર, કંઠ ભૂષણ ધરી, ભૂજ ભીડી ભુધરે હૃદયા સાથે;
સુરત સંગ્રામશું હું, એને જઈ ભડી, જીત્યો યદુનાથ દ્વય બાહુ બાથે. સફળ. ૨
મદનના સૈન્યશું માન માગ્યું ઘણું, જુદ્ધ જીત્યું રણ હાથ આવ્યું;
ચૌદ ભુવનતણો નાથ મેં વશ કર્યો, અજિત જીત્યાતણું બિરદ કહાવ્યું. સફળ. ૩
જેમ ગજયુવતિ માતંગ મદગલીતા, સુંદરી સેજ હરિસિંહ આવ્યો;
નરસિંહાચા સ્વામી સુભટ સુરાસુર, કેસરી કાન સાહી નચાવ્યો. સફળ. ૪

પદ ૪ થું-રાગ પ્રભાત

ગોપી—હજી ન ધરાયો રંગ તે રમતાં, ચાર પોહોર નીશા નિકર નિમગતાં—ટેક.
અધર સુધારસ પીજી પીજી પીધિરે, કેસરી કામને મેં પુંઠડી ન દીધીરે. હજી.
પીન પયોધર પાખર કીધીરે, સુરતસંગ્રામે હું વઢતી ન બીધીરે. હજી. ૧
નખ શીખા લગે તાકી તાકી મૂકીરે, કેસરી કામશું વઢતી ન ચૂકીરે. હજી.
ઉદ્યો દિવાકર રજની વીતીરે, નરસિંહાચા સ્વામી સંગમ જીતીરે. હજી. ૨

પદ ૫ મું-રાગ પ્રભાત

ગોપી—
નીત નીત લાછવર લક્ષણ રુડાં, મોટેરાં થઇએ રે ત્યમ બોલીએ કૂડાં.
માત યશોદા જાણેરે માહારો પુત્ર લાડકો, વાહાલાજીએ ઠામ ઠામ માંજ્યાં ઘરસૂત્ર. નીત.
જેહનું બ્રહ્માદિક ધ્યાનધરે સુર મુનિ ગાયે, દૃષ્ટે પડી નારય વિના રમી ન જાયે.
શીખ દેતાં દુભશો મા શામળા કાહાન, નરસિંહાએ એ નારયને દીધું સનમાન. નીત.

પદ ૬ ઠું-રાગ પ્રભાત

ગોપી—વાહાલાજી તમેરે નહાંનડીઆ, અમેરે નહાંનડલાં, સરખે સરખી જોડ મળી;
પેહેલું આલિંગન દો મારા વાહાલા, પછે અમો દેઇશું લળીઅલળી. વા. ૧
સુંદરીયાચો સ્વભાવ છે એવો, પીયુને મળવા હિંડે ઘણું;
આલિંગન એણીપેર દો મહારા વાહાલા, રખે હમ દેખે હક જાણું. વા. ૨
તમે નહાના હું હજી નહાની, નણદી આધાં પાછાં કરે;
સાસુને ઘેર એ લાડકડીરે, તે અમ વારી કેમ વરે. વા. ૩
શું કરે સાસુ શું કરે નણદી, જેહના હૃદેમાં તું રે વસ્યો;
નરસિંહાચા સ્વામી મુજશું રમતાં, સંસારમાં તેને ભય કસ્યો. વા. ૪

પદ ૭ મું–રાગ પ્રભાત

ગોપી—પાછલી રાતના, પધારિયા નાથજી, ઘૂમતે લોચને અંગ ડોલે;
બેહુ પાસા સુંદરી, બાહે કંઠે ધરી, શોભિત ભવન કો નહીરે તોલે. પા. ૧
હું રે સન્મુખ હુઈ, રીસ મનની ગઈ, ઉભી રહી ચકિત ગતિ પ્રેમ નિરખું;
પ્રભુયને રસભરી, સુખદાજ શર્વરી, નાર સૌભાગ્યતા જોઇરે હરખું. પા. ૨
ચોકતણા ચાર, ચરણશું મુક્તિ ધરી, પ્રભુને પધરાવિયા પલંગ પીઠે;
ભોગ સંજોગથી અધિક સુખ ભોગવ્યું, એરે મુરત એણીપેર દીઠે. પા. ૩
ભણે નરસિહયો નિત નેહ તે નવનવા, જાંહારે ગોવિંદ ગુણની સમાધી;
શું જાણે બ્રહ્મા સુર સ્નેહની વારતા, ભર્યા અધિકારની આધિવ્યાધિ. પા. ૪

પદ ૮ મું–રાગ પ્રભાત

ગોપી—પલંગ પૈયા થકે કુસુમમાળાવડે, બેહુ કર બાંધ્યો લાજ લોપી;
માહરે મંદિરથકિ કુણ મૂકાવશે, શું કરશે સહુ શોકય કોપી. ૫. ૧
તું વનમાળી કાહાવે, હું કુસુમ વનવેલડી, નીર નિત સીંચતો કાં અરોપી;
ભમર જાએ પ્રુલ, પ્રુલ મકરંદ વશ, કમળમાં હેત ન રહ્યોરે રોપી. ૫. ૨
પ્રીતનો કરનાર પ્રેમના પાત્રશું, તન મન પ્રાણ ત્યાં મેલે સોંપી;
ભણે નરસઇઓ, જિમ રીસ ઉતરે, ત્યમ તું શિખ શાણી દે રે ગોપી. ૫. ૩

પદ ૯ મું–રાગ પ્રભાત

ગોપી—સાંભળો કામિની, કૃષ્ણ કાયર કહે, તાહરામંદિરથકા નહીરે જાઉં;
અવર કો નાર, નહીં તૂજ સારખી, જેહને ફૂલે કરી હું બંધાઉં. સાં. ૧
તું વનવેલડી, હું વનમાળી, સીંચવે સમર્થ દ્રષ્ટિ કરું;
તુજ પાસ લૈ રાખું શીતળ પાણિ ધરી, પ્રેમની વાડ કરું. સાં. ૨
સાંભળો સુંદરી એમ કહે શ્રીહરિ, જેની ફૂલમાળા કરી હું રે બાંધ્યો;
ચૌદ ભુવનતણાં બંધન છોડવું, મેં જાણ્યું તેં મોહની મંત્ર સાંધ્યો. સાં. ૩
માન તું માનની, માન માગી કહું, નહીં તજું મંદિર કોલ દીધો;
નરસિંહાચો સ્વામી, સર્વે રસ લહ્યો, સુરત સંગ્રામ આધીન કીધો. સાં. ૪

પદ ૧૦ મું–રાગ પ્રભાત

ગોપી—મોહેલ પીતાંબરા, અંબર માહરું, સુરજ ઉગ્યો સુઈ કયમ રહીએ;
અમ ઘર સાસુ નણંદ જૂડી વસે, કંથ પૂછે ત્યારે શુંરે કહીએ. મે. ૧
સાવજ શબ્દ કરે અતિ સુંદર, દીપક તેજ તો ક્ષીણ થાએ;
કંઠથી કુસુમનો હાર કરમાઇયો, બાહેર રાગ પંચમ ગાયે. મે. ૨

તું તારે મંદિરે, પ્રેમશું પોઢીએા, માહરે મંદિર દૂર જાવું;
લોકની લાજ, લોપીરે લક્ષ્મીવર, હું રે વળતી હવે નહીં રે આવું. મે. ૩
ધેન દોહેાવી ધેરરે, વાછરુ વલવલે, મહીરે વલોવવું આજ માહારે;
કંઠથી બાહર કાઢિ કમલાપતિ, કાલ આવે હવે કુણ તારે. મે. ૪
સુરત સંગ્રામની, શાંતિજ હુઈ, રહી રે ઉન્નગરી, શીશ નામી;
નરસિંહાચેા સ્વામી સુખસાગર પોઢિયેા, વિરહની વેદના ત્યારે વામી. મે. ૫

પદ ૧૧ મું

ગોપી—અમશું કપટતણી વાતજ છાંડ, મારે ધેર આવેા તેા;
કાંઈ ઉદ્ધાંડ મ માંડ, મારે ધેર આવેા તેા.
જુઠાં જુઠાં મ બેાલીશ, જાણું તારી વાત;
નીશા વશી રમી નાહાશી, આવ્યેા છે પ્રભાત.
અંગચેહેન તારે દીસે છે ઘણાં, જોઇને વીમાસી બેાલે ચતુરસુજાણ;
ધેર આવ્યેા શેં ન દીજે માન, નરસઇઆચેા સ્વામી સુખનું નિધાન. મારે.

પદ ૧૨ મું

ગોપી—સમીરે સાંજના સેાડમાં સુતાં, નણદલીએ સાદ કીધેારે;
હવું પ્રભાત પીયુ થયેા ઘેલેા, ઉંધરેટેા જઈ સૂતેારે. સ. ૧
હરિનું પીતાંબર સેજે રહ્યુંરે, પાલટીને પટકૂલ ગયેા;
કયમ કરી વન જાઉંરે મહી વેચવા, દુરિજન લેાક બેાલ કહ્યેારે. સ. ૨
દીઠડે ડાઢ ગળે, અસતીઆ બહુ બળે, તેા અભિમાન શું કરીએ;
નરસિંહાચેા સ્વામી ભલે મળિયેા, ભવસાગર ઉતરીએરે. સ. ૩

પદ ૧૩ મું

ગોપી—ટળતેા ટળતેા હીંડીશ મારે, આલિંગન દીધા વિના કયમ સરેરે;
આગે અમ ઘર નણદલ જુઠી, ઉઠીને અદેખી હરેરે. ટ. ૧
સાસુ સસરેા માત પીતારે, જે બેાલે તે સહીએરે;
પૂર્વે એશું અનુભવ છેરે, તેા મૂકી કયમ જઇએરે. ટ. ૨
એ રસ જાણે જવલ્લેારે જોગી, કે વળી મુનિવર જાણેરે;
શુક સનકાદિક નારદ જાણે, જેને વેદ વખાણેરે. ટ. ૩
એ રસ જાણે વ્રજનીરે નારી; કે દેવે પીધેારે;
ઉગરતેા રસ ઢળતેા દૂતેા, નરસિંહીએ ઝીંટીને લીધેારે. ટ. ૪

પદ ૧૪ મું

સખી—કેસર ભીના કહાનજી, કસુંયે ભીની નાર;
લોચન ભીનાં ભાવશું, ઉભા નંદદ્વાર. કે. ૧
બેમાં સુંદર કોને કહીએ, વનિતા ને શ્રીજનાથ;
પરખી પરખી ધરો તમે, માણકડાં બેહુ હાથ. કે. ૨
વેગે કુંજે પધારીયા, તો લચકે થઈ ઝગઝોળ;
નરસિંહાચો સ્વામી ભલે મળિયો, રંગતણા બહુરોળ. કે. ૩

પદ ૧૫ મું–રાગ રામગ્રી

ગોપી—મોહ્યુંરે લટકે, મારું મન મોહ્યુંરે લટકે.
ગાતર ભંગ કીધાં ગિરધારી, જેમરે માર્યાં ઝટકે; મારું મન. ૧
વેણુ વજાડી વહાલે મારે વનમાં, રગતણે કટકે; મારું મન. ૨
મન મારું મોળીડેરે અટક્યું, પેલે પીતાંબર પટકે; મારું મન. ૩
નરસઇચા સ્વામીની સંગે રમતાં, રસ વાધ્યો ચટકે; મારું મન. ૪

પદ ૧૬ મું–રાગ રામગ્રી

ગોપી—કામણગારોરે, કહાના તું તો કામણગારોરે.
મને કાંઈ કામણ કીધાંરે, મારાં ચિત્ત હરીને લીધાં; કહાના. ૧
મારી સાસુડી સંતાપેરે, પેલી નણદી ઓળંભા આપે; કહાના. ૨
મને ભોજનીયાં નવ ભાવેરે, મને નિદ્રા તે કઇપેરે આવે; કહાના. ૩
મને પગની ભરાવી આંટીરે, મને મુખનાં તંબોળે છાંટી; કહાના. ૪
હું તો પૂરણ પદને પામીરે, મને મળ્યો નરસૈયાચો સ્વામી; કહાના. ૫

પદ ૧૭ મું–રાગ રામગ્રી

ગોપી—કુંકુમને પગલે પધારો, રાજ કુમ કુમને પગલે.
મસમસતા મોહનજી પધાર્યા, ડગમગતે ડગલે; પધારો. ૧
મસ્તક પાઘ પિતાંબર સોહિયે, લીલાં અંબર રંગ લે; પધારો. ૨
મુખ ઉપર શ્રમજળનારે મોતી, જોતાં મન હરી લે; પધારો. ૩
સાકર કેરા કરા પડ્યા છે, આંગણિયે સઘળે; પધારો. ૪
દૂધડે મેહ વુઠ્યો નરસૈયાને, રસ વાધ્યો ઢગલે; પધારો. ૫

પદ ૧૮ મું

ગોપી—તારા દલડાની વાતો મેં જાણીરે, ગીરધર દાણીરે;
આણી શેરડીએ લુંબો ને ઝુંબો, પેલી દેખે છે સૈયર સમાણીરે; ગીરધર. ૧
સૌ સખીઓમાં વહાલા સરખુંરે જાણી, ના ગણે દૂધ કે પાણીરે;
છેલપણું મૂકી ઘોને છબીલા, અમે કહીશું નંદાજીની રાણીરે. ગીરધર. ૨
વૃંદાવનને મારગ જાતાં, મારી નવરંગ ચુંદડી તાણીરે;
નરસૈંયાચા સ્વામી સંગે રમતાં, મારી અંતર પ્રીત લપટાણીરે. ગીરધર. ૩

પદ ૧૯ મું

ગોપી—મને રોકે છે કાનવર દાણીરે, નહિ જાઉં જમના પાણીરે;
એકવાર જમના પાણીરે ગયાતાં વહાલા, મારી સાથે સૈયર સમાણીરે. મને. ૧
વૃંદાવનને મારગ જાતાં, મારી નવરંગ ચુંદડી તાણીરે;
જોરે પાણી મોકલવાંરે હોય તો, સાથે મોકલો સૈયર સમાણીરે. મને. ૨
મરકલડે મારાં મન હરી લીધાં, હું તો લાજચમાં લપટાણીરે;
નરસૈંયાચા સ્વામીની સંગે રમતાં, હું તો મોહનસંગમાં માણીરે. મને. ૩

પદ ૨૦ મું

ગોપી—મારું વૃંદાવન છે રુડુંરે, વૈકુંઠ નહિ આવું,
નહીં આવું નંદાજીના લાલ, નહીં આવું.—ટેક.
એશીને રેહેવું ને ટગટગ જોવું, નહીં ખાવું નહીં પીવુંરે. વૈકુંઠ નહિ. ૧
વૈમાન મોકલો તો મોકલો વેહેલું, હું આવીશ સૌના પેહેલુંરે. વૈકુંઠ નહિ. ૨
બ્રહ્મના લોક તો છે અતિ કૂડાં, વાસી વ્રજનાં રુડાંરે. વૈકુંઠ નહિ. ૩
જે વિજે બે પોળીયા હતા, તેને તત્ક્ષણ મેલ્યા કહાડીરે. વૈકુંઠ નહિ. ૪
નરસૈંયાચો સ્વામી અંતરજામી, તમે સાંભળોને સારંગપાણીરે. વૈકુંઠ નહિ. ૫

પદ ૨૧ મું—રાગ કેદારો

ગોપી—તું મારે ચાંદલીએ ચોંટયો, રાજ સારા મુરતમાં શામળિયો;
ક્ષણું એક વહાલા અળગા ન થાએ, પ્રાણજીવન વર પાતળિયો. તું મારે. ૧
ખડકીએ જોઉં ત્યારે અડકીને ઉભો, બારીએ જોઉં ત્યારે બેઠોરે;
શેરીએ જોઉં ત્યારે સન્મુખ આવે, વહાલો અમૃતપેં અતિ મીઠોરે. તું મારે. ૨
જમતાં જોઉં ત્યારે જોડે બેઠો, સૂતા જોઉં ત્યારે સેજડીએરે;
વંદાવનને મારગ જાતાં, આવીને વળગ્યો બેલડીએરે. તું મારે. ૩
પ્રીત કરે તેની કેડ ન મેલે, રસ આપે અતિ રસિયોરે;
નરસૈંયાચો સ્વામી ભલે મળીઓ, મારા હૃદય કમળમાં વસિયોરે. તું મારે. ૪

પદ ૨૨ મું

ગોપી—ખંમખંમરે ચાંદલા મા કરીશ વહાણુલું, મારા પ્રાણજીવન ઘેર આવ્યારે;
પૂરવ જનમની પ્રીત જે હૂતી, પુરુષોત્તમ પધાર્યારે. ખંમખંમરે. ૧
પેલા ભવનો વાલમીઓરે, ચૌદ ભુવનનો સ્વામીરે;
જનમ કોટી કોટી તપ કીધાં, ત્યારે વિકુલ વર પામીરે. ખંમખંમરે. ૨
બપૈયા પિયુ પિયુ કરેરે, કોયલ મધૂરે વાસેરે;
હું તને વારું કુકડલારે, રખે વહાણુલું પ્રકાશેરે. ખંમખંમરે. ૩
ચંદ્ર વિટ્યો જેમ ચાંદરણીએ, તરુવર વિટયો વેલીરે;
ગોવિંદ વિટ્યો ગોવાલણીએ, હસાગવની હેલીરે. ખંમખંમરે. ૪
સાહર સોહીએ લેહેરે લેહેરે, જેસી લેહેર તુરંગરે;
નરસૈંયાચો સ્વામી ભલે મળીયેા, ગોપીવર ગોવિંદરે. ખંમખંમરે. ૫

પંથીડા પદ ૨૩ મું–રાગ રામકળી

પંથડા નિહાળતીરે, જોતી પીતાંબર પગલાં;
મદનરસ ઘેલડીરે, ભરતી લડસડતાં ડગલાં. પંથડા૦ ૧
ચતુરાં ચાલતીરે, જાણે વન ત્રાહી હરણી;
શુદ્ધ બુદ્ધ વીસરીરે, વહાલા તે તારી કરણી. પંથડા૦ ૨
શામા શામનેરે, હીંડે મારગડે જોતી;
નેણે નીર ઝરેરે, ચતુરાં ચીરવડે લહોતી. પંથડા૦ ૩
શામા સઉ મળીરે, કીધો એક વિચાર;
ચાલો સખી ત્યાં જઇએરે, જ્યાં રમતા નંદકુમાર. પંથડા૦ ૪
ચાલ્યાં ચાલ્યાં ત્યાં ગયાંરે, આવ્યાં જમુનાજીને તીર;
આ આંહી હરી બેસતારે, જમતા કરમલડા ખીર. પંથડા૦ ૫
આ આંહી વહાતા વાંસળીરે, ગોપી સહુકા ગાતાં ગીત;
તે કેમ વીસરેરે, વહાલા પૂરવ જનમની પ્રીત. પંથડા૦ ૬
પુછીયું કુંમનેરે, ક્યાંઈ મહારા નાથ તણેા ઉપદેશ;
અમ તજી ગયેારે, ધૂરત ધાબળીઆળેા વેશ. પંથડા૦ ૭
જતને જાળવ્યુંરે, જોબન ભુદર ભેટ કરેશ;
જો હરી નહીં મળેરે, મહારા પાપી પ્રાણ તજેશ. પંથડા૦ ૮
આણે આણે મારગડેરે, આવ્યાં લખચેારાશી વાર;
મનખા દેહ ભલેારે, જેણે પામ્યાં નંદકુમાર. પંથડા૦ ૯

સરોવર પુછ્યુંરે, કયાંઈ નટ નાગર ફેરી ભાળ;
નરસૈંયાચા સ્વામિ મળ્યોરે, દીનોનાથ દયાળ. પંથડો૦ ૧૦

પદ ૨૪ મું-રાગ સોહણી

ગોપી—મીઠડા બોલા નાથરે, આવો મારા મીઠડા બોલા નાથરે;
એક ઘડી એકાંતે આવો તો, કહું મારાં મનડાં કેરી વાતરે. આવો. ૧
આજ આનંદ મારે અતિ ઘણો, વહાલે પ્રેમે સહાયો મારો હાથરે;
તરીયાં તોરણ મારે દ્વારે બંધાવું, મંગળ ગવરાવું સારી રાતરે. આવો. ૨
વૃંદા તે વનની કુંજગલનમાં, સહુ સખીઓની સાથરે;
નરસૈંયાચા સ્વામી સંગે રમતાં, હવે તો હુવો પરભાતરે. આવો. ૩

પદ ૨૫ મું-રાગ પંચમ મ્હલાવ

ગોપી--જાગોરે જશોદાના જીવન, વાહાણેલા વાયાં;
તમારે ઓશીકે મારાં, ચીર ચંપાયા. જાગોરે. ટેક. ૧
પાસુંરે મરડો તો વહાલા, ચીર લેઉંરે તાણી;
સરખી સમાણી સૈયરો સાથે, જાવું છે પાણી. જાગો. ૨
પંખીડાં બોલેરે વહાલા, રજની રહી થોડી;
સેજલડીથી ઉઠો વહાલા, આળસડાં મોડી. જાગો. ૩
સાદડી *પાડું તો વહાલા, લોકડીઆં જાગે;
અંગુઠો મરડું તો પગના, ઘૂઘરા ગાજે. જાગો. ૪
સાસુડી જાગેરે વેરણ, નણદી જાગે;
ઓ પેલી પાડોસણને ઘેર, વલોણું વાગે. જાગો. ૫
જેને જેવો ભાવ હોય તેને, તેવુંરે થાએ;
નરસઈયાચા સ્વામી વિના રખે, વહાણલું વાએ. જાગો. ૬

પદ ૨૬ મું

ગોપી—જશોદાના જીવન ઊભા, જમનાને તીરે;
મોરલી વજાડે મોહન, મધૂરી ધીર. જશોદાના-ટેક. ૧
પીતાંબરની પલવટ વાળી, ઉર લેહેકે માળા;
કાનમીચ કુંડળ લળકે, દીસે રૂપાળા. જશોદાના. ૨
પરભાતે ઉઠીને ગોપી, ગૌને હેરાવે;
ઓ કાનુડા! ઓ કાનુડા! કહીને બોલાવે. જશોદાના. ૩

* ધીમો સાદ.

આજ તો અમારી ઘેને, દૂધ થોડેરાં દીધાં;
રખેરે શામળિયે વહાલે, દોહીને પીધાં. જશોદાના. ૪
કૃષ્ણ--સાંભળરે સલૂણી શ્યામા, વાતલડી મારી;
તુજ સરખી સલક્ષણી છે, ગાવલડી તારી. જશોદાના. ૫
કવિ--એવાં એવાં વચન સુણી, ગોપી આનંદ પામી;
ભક્તવત્સલ ભૂધરજી મળ્યા, મેહેતા નરસૈંના સ્વામી. જશોદાના. ૬

પદ ૨૭ મું

કવિ--ભોળીરે ભરવાડણ હરિને, વેચવા ચાલી;
સોળ સહસ્ર ગોપીનો વહાલો, મટુકીમાં ઘાલી. ભોળીરે-ટેક. ૧
અનાથના નાથને વેંચે, આહીરની નારી;
શેરીએ શેરીએ સાદ પાડે, લ્યો કોઈ મોરારી. ભોળીરે. ૨
મટુકી ઉતારી માંહે મોરલી વાગી;
વ્રજનારીને સેજે જોતાં, મૂરછા લાગી. ભોળીરે. ૩
બ્રહ્માદિક ઇંદ્રાદિક સરખા, કૌતક એ પેખે;
ચૌદ લોકના નાથને કાંઈ, મટુકીમાં દેખે. ભોળીરે. ૪
ગોવાલણીના ભાગ્યે પ્રગટ્યા, અંતરજામી;
દાસલડાંને લાડ લડાવે, નરસૈંયાચો સ્વામી. ભોળીરે. ૫

પદ ૨૮ મું

ગોપી---વહાલાને જોતાંયે મહારી, ભૂખલડી ભાંગી;
ઘરમાં રહીને શું કરું મહારી, આંખડલી લાગી. વહાલાને-ટેક. ૧
શામળી સુરતે મન, મોહીને લીધું;
કાંઇક શામળિયે વહાલે, કામણ કી વહાલાને. ૨
સંસારીનું સુખ હું તો, તજીને બેઠા;
મધુરી મૂરતી મારે, પાંજરીએ પેઠી. વહાલાને.
સોનાની સાંકળીએ મુને, બાંધીરે તાણી;
મનડાની વાતોરે પેલે, મોહનિયે જાણી. વહાલાને. ૪
તુજ મુજ વચ્ચે વહાલા, અંતર નથી;
નરસૈંયાચા સ્વામીની લોકે, કથની કથી. વહાલાને. ૫

પદ ૨૯ મું.

ગોપી--આજનો માંડવડો મારો, મોગરડે છાંયો;
રાધાજીને સંગે વહાલો, રમવાને આયો. આજનો-ટેક. ૧

ગોકુળીઆ ધુધરડી ધમકે, રેશમની દોરી;
શામળીઆ શામળો રંગે, રાધિકા ગોરી. આજનો. ૨
દહી દૂધ ને કરમલડો, માંહી સાકર ઘોળી;
માહારા વહાલાજી આરોગે, પીરસે ભમરભોળી. આજનો. ૩
શોળે ને શણગાર સજ્યા સખી, ઓઢણ સાડી;
શ્રી વૃંદાવનમાં વિઠ્ઠલ સાથે, રમત માંડી. આજનો. ૪
અખંડ હેવાતણ મારે, એ વર રુડો;
નરસૈંયાચા સ્વામીએ, મુજને પેહેરાવ્યો ચૂડો. આજનો. ૫

પદ ૩૦ મું

ગોપી—મારેરે આંગણિયે, કોણે પંચમ ગાયો;
ધસમસ્યા આવીને વહાલે, પાલવડો રહાયો. મારેરે. ૧
પીતાંબર હાર ગળે, મૂગટ શોભંતો;
મદેરે ભર્યોરે પ્રભુ, માનની મોહંતો. મારેરે. ૨
વાંસલડી વાઈને વહાલે, મોહ પમાડી;
પ્રેમશું પાતળિયે વહાલે, હૃદિયાશું ભીડી. મારેરે. ૩
મંદરિયામાં આવી વહાલે, માંડ્યો વિહાર;
ભણે નરસૈંયો પામી, પુરણ આધાર. મારેરે. ૪

પદ ૩૧ મું–રાગ કાલેરો

ગોપી—હું રંગરાતી ને છું મદમાતી, શામળિયા સંગ હીંચુરે;
કોડ ભર્યો અતિ કુંવર નંદનો, આલિંગન દેઈ સીંચુરે. હું રંગરાતી. ૧
હીંડોળે હિંચે મારો વહાલો, હીંચંતાં કેલિ કીજેરે;
ધુમરડી ધુમાવે ગોકુલપતિ, લહાવો લડસડ લીજેરે. હું રંગરાતી. ૨
અલ જપ્યએ અલવેશર સાથે, વિલસત જમના માનુરે;
લેહેરી લેતાં અંગ સમાગમ, અધરપાન કીધું છાનુંરે. હું રંગરાતી. ૩
હીંડોળે હુલરાવું તમને, હેતે કરીને ગાઉંરે;
નરસૈંયાચા સ્વામી સંગે રમતાં, કાનજીને કંઠે વિંટાઉંરે. હું રંગરાતી. ૪

પદ ૩૨ મું

ગોપી—હીંડોળે હિંચે મારો વહાલો, હિંચંતાં રંગ લાગ્યોરે;
શામાને શામળિયા સાથે લાજતણો ભય ભાગ્યોરે. હીંડોળે. ૧
શામાને સોહાવે દંપતી, રસિયાશું રસ વાધ્યોરે;
લેહેરી લેતાં અંગસમાગમ, વીચંતડો વર લાધ્યોરે. હીંડોળે. ૨

દીનાનાથ હીંડોળે હિંચે, ફૂલ્યો મદન મદમાતોરે;
નરસૈયાચો સ્વામી ભલે મળિયો, માનુનીમાં રંગરાતોરે. હીંડોળે ૩

પદ ૩૩ મું.

ગોપી—ઓ દિસે સખી મેહૂલો આવે, નાવ્યા મારા નાથ વિદેશીરે;
અનંગ આહેડીએ ધનુષ્ય ચઢાવ્યું, અમે અબળાની પેર કેશીરે. ઓ દિસે. ૧
ધન અતિ ગાજે ને વીજ ઝબૂકે, મેહૂલીએ ઝડ માંડીરે;
નગણા નાથને શું કહીએ મારી બેની, આણે અવસરે ગયો છાંડીરે. ઓ દિસે. ૨
આગે દિન દોહેલડાની ગમ, દાદૂર મોર બોલાવેરે;
વિરહણિયો વાહે જેમ ચાત્રક, સૂતાં સાલ જગાવેરે. ઓ દિસે. ૩
આણીપેરે જેણે હરિના ભજ્યારે, તે નર પશુડાં કહીએરે;
નરસૈંયાચા સ્વામી વિના દહાડલા, દૈવને લેખે લહીએરે. ઓ દિસે. ૪

પદ ૩૪ મું

ગોપી—હૂમેલો ગાજે ને માધવ નાચે, રુમઝુમ વાગે પાએ ઘુઘરડીરે;
તાલ પખાજ વજાડે રે ગોપી, કૃષ્ણ વજાડે વેણુ વાંસલડીરે. મેહુલો.
પેહેરણ ચરણાં ને ચીર ચુંદડી, ઓઢણ આછી લોમલડીરે;
દાદુર, મોર, બપૈયા બોલે, મધુરીશી બોલે કોયલડીરે. મેહુલો.
ધન વંસીવટ ધન જમનાતટ, ધન વૃન્દાવનમાં અવતારરે;
ધન નરસૈંયાની જીભલડીને, જેણે ગાયો રાગ મહ્લારરે. મેહુલો.

પદ ૩૫ મું–રાગ વસંત

ગોપી—ગાળ કોઇને નવ દીજે મારા વહાલા, ગાળ કોઇને નવ દિજે;—ટેક.
હુંરે ગોરી ને તુંરે શામળિયો, મારું અંગ કાળું થાય. ગાળ.
મારા ઘરમાં પીંડારી માંડે, નારગડે નખ લાગે;
અમ ઘેર નાવલીઓરે ખંતી, સાચો ઉત્તર માગે. ગાળ.
અમ ઘેર નણદી છે અદેખી, હેવા જોતી હીંડે;
નરસૈંયાચા સ્વામી કહું તુજને, સાસરિયે નહિ તેડે. ગાળ.

પદ ૩૬ મું

ગોપી—હવે કેમ વસીયે શ્રી વૃન્દાવનમાં, લૂટાલૂટ મંડાણી;
નંદતણો નાનડીઓ નરહરી, થઈ બેઠો છે દાણી. હવે.
એકનું ઢોળે ને એકનું ફોડે, એકનું મહિ માથેથી પાડે;
એકને તો વહાલો અણઘટ બોલે, એકને તો વઢાડે. હવે.

એકને આપે ચીર પાટી, એકને આપે ચોળી;
એકને વહાલો ધક્કાજ મારે, એકને નાંખે ઢોળી. હવે.
સકળ સૈયરો ટોળે મળિને, રમવા ભમરભોળી;
નરસૈંયાચો સ્વામી નવલ રંગીલો, તે રમે છે હોળી. હવે.

પદ ૩૭ મું

ગોપી—આંખ અણિયાળી સઉકો આંજે, આંજ્યામાં ધણો વેહેરો રે;
જ્યાંલગિ પિયુ પ્રેમે ન બોલાવે, આભરણ સઘળાં ડેહેરો રે. આંખ.
મોહો મચકોડે મોહન ન રીઝે, હૃદયાભ્યંતર જોય રે;
આવળ કેરાં ફૂલ અતિ સુંદર, શીશ ન ધાલે કોય રે. આંખ.
સાચે મને અને સત્ય વાદે, સદા શામળિયો રાચે રે;
નરસૈંયાના સ્વામીનો રસ ઊંડો, ભરિ લેવો ઘટ કાચે રે. આંખ.

પદ ૩૮ મું

ગોપી—મન માન્યું શામળિયા સાથે, વશ કરિ નેણની સાને રે;
બોલ્યું ન ગમે બીજા કોનું, કામણ કીધાં કહાને રે. મન.
મોરલી વજાડે જેમ વેધાયે, મૃગનાદ સાંભળિ કાને રે;
તેમ વેધાઈ રહ્યું મન મારું, ગોવિંદજીને ગાને રે. મન.
જે જે રાગ જેને હોય વલ્લભ, તે રીઝે તેને તાને રે;
નરસૈંયો રીઝે મન ભીને, હરિરસ અમૃત પાને રે. મન.

પદ ૩૯ મું

ગોપી—એક ગમે ગોપીનો વહાલો, અવર બીજાનું મારે કામ કશું;
બાપતણા સમ ખાઇને કહું છું, નંદલાલ વસ્યે ગામ વસ્યું. એક.
શામળિયો સુંદર વર સજ્જની, તેને દેખી મારું મન વિલસ્યું;
એને મૂકી જે બિજાને ભજશે, તેનું કાળે લાળે *કરમ ધસ્યું. એક.
છેલછબીલો ને છોગાળો, ગોઠડિયાળો ગુણ ભંડાર;
નરસૈંયાચો સ્વામી શામાળયો, વૈષ્ણવ જન કેરો દાતાર. એક.

પદ ૪૦ મું

ગોપી—હળવે હળવે હળવે હરજી, મારે મંદિર આવ્યારે;
મોટે મોટે મોટે મેં તો, મોતીડે વધાવ્યારે. હળવે.
કીધું કીધું કીધું મુજને, કાંઇક કામણ કીધુંરે;
લીધું લીધું લીધું મારું, ચિતડું ચોરી લીધુંરે. હળવે.

* લાળ=લીઆળો=કોલસો.

જાગી જાગી જાગી હું તો, હરિ મુખ જોવા જાગીરે;
ભાગી ભાગી ભાગી મારા, ભવની ભાવટ ભાગીરે. હળવે.
ફૂલી ફૂલી ફૂલી હું તો, હરિમુખ જોઇને ફૂલીરે;
ભૂલી ભૂલી ભૂલી મારા, ઘરનો ધંધો ભૂલીરે. હળવે.
પામી પામી પામી હું તો, મહા પદવીને પામીરે;
મળિયો મળિયો મળિયો મોહેતા, નરસૈંયાનો સ્વામીરે. હળવે.

મોહિની સ્વરૂપનાં પદ*

પદ ૧ લું–રાગ સોરઠ

કવિ—આ જોને કોઈ ઉભીરે, આળસ મોડે.
બાંયે બાજુબંધ ખેરખા પુંચી, મનડું મોહ્યું છે એને મોઢે; આ જોને. ૧
ઝાંઝર ઝમકે ને વિછુવા ઠમકેરે, હિંડે છે વાંકે અંબોડે; આ જોને. ૨
સોવરણ ઝારીને અતિરે સમારીરે, માંહી નીર ગંગોદક તોલે; આ જોને. ૩
નરસૈંયાને પાણી પાવાને કારણ, હરિજી પધાર્યા કોડે; આ જોને. ૪

પદ ૨ જું

કવિ—મોહ્યા મોહ્યા મુનવર રાયારે, ગોરી તારે તાજુડે;
રૂપ સ્વરૂપ કળ્યું નવ જાયે, મેં તો જાણી છે ઈશ્વરી માયારે; ગોરી. ૧
રુમઝુમ રુમઝુમ નેપૂર બાજે, પાવલે તે ચીર અતિ ચાંપેરે;
ઘુંઘટમાં મુખ એણીપેર શોભે, મોટા મુનિજનનાં મન કાંપેરે; ગોરી. ૨
ગોરું શું વદન ને ગળસ્થળ ઝળકે, ઉપર દામણી લળકેરે;
સાળુડાની કોર એણીપેર શોભે, જાણે ગગનમાં વીજળી ચળકેરે; ગોરી. ૩
વશીકરણ વેણ તમે કયારે ગુંથાવી, સુંદરી શણગટ વાળીરે;
આ ચોળી તમે કયાં શીવડાવી, જેને મોહી છે વ્રજની નારીરે; ગોરી. ૪
ચંચળ દૃષ્ટે ચોદેશ ન્યાળે, માંહી મદનનો ચાળોરે;
નરસૈંયાનો સ્વામી જોવા સરિખડો, કોઈ સુંદરીનું વદન નિહાળોરે; ગોરી. ૫

પદ ૩ જું

કવિ—હરિ આવ્યા છે નારીના વેશરે, એને કોઈ જુવોરે;
શિવ બ્રહ્મા જેનું ધ્યાન ધરે છે, તેને જોઈ જોઈ દુઃખડાં ખુવોરે. એને. ટેક. ૧

---

* આ પદોની સમજણ માટે બૃ. કા. દો. ભા. ૮ નું પૃ. ૬૧૬ જુવો.

બંધવ એનો તતક્ષણ ઉઠ્યો, આવ્યો મંદિર જાણીરે;
રતનબાઈ ઘણું વ્યાકુળ ફરે છે, તમો લ્યોને મેહેતા જળપાણીરે. એને. ૨
પરમેશ્વરે પુત્રી કરી જાણી, સભામધ્ય આણીરે;
અંતરધ્યાન થયા અલબેલો, વાત સહુકાએ જાણીરે. એને. ૩
જેજેકાર થયો જગમાંહી, હરખ વાધ્યો છે હદએરે;
નરસૈંયાયો સ્વામી ભલે મળીયો, એનાં ચરણ કમળ ચિત્ત લદએરે. એને. ૪

પદ ૪ થું

કવિ—આ શો ચતુરાનાં ચિત્તનો ચાળોરે, એને કોઈ ન્યાળોરે. ટેક.
બ્રહ્માએ તો નથી ઘડી ભામિની, એ તો આપે બનીને આવીરે;
ત્રણ લોકનું તેજ તારુણી, એ તો છબિ છબિલે બનાવીરે. એને. ૧
ધજ્યું ધરેણું એનરે હાથે, હાથે ભરી છે ચોળીરે;
સાળુડે ભાત નવ નારી કુંજરની, કસુંબાના રંગમાં બોળીરે. એને. ૨
વાસ પુરયો એણે વૃંદાવનમાં, ગોવરધન થકી આવેરે;
એ નારીની જાત કોઈ જાણે, તેના ફેરા ફાવેરે. એને. ૩
કહીએ છીએ પણ કહ્યું ન માને, એ તો નારી નહિ ગીરધારીરે;
બ્રહ્મા ઇન્દ્ર શેષ સારદા, એના ચરણતણા અધિકારીરે. એને. ૪
અંતર હેત પોતાનું જાણી, એ તો આવે છે અંતરજામીરે;
વ્યભિચાર મૂકી જુઓ વિચારી, એ તો નરસૈંઆચો સ્વામીરે. એને. ૫

ભક્તિ

પદ ૧ લું—રાગ પ્રભાત

જગ્યને જાદવા, કૃષ્ણ ગોવાળિયા, તુજ વિના ઘેનમાં કુણ જાશે?
ત્રણસે ને સાઠ ગોવાળ ટોળે મળ્યા, વડેરે ગોવાળિયો કુણ થાશે? જા.
દહિતણાં દૈથરાં, ઘીતણાં ઘેવરાં, કઢિયલ દૂધ તે કુણ પીશે?
હરિ તાર્યો હાથિયો, કાળિનાગ નાથિયો, ભૂથિનો ભાર તે કુણ લેશે? જા.
જમુનાને તીરે, ગૌધણ ચરાવતાં, મધુરીસી મોરલી કુણ વાશે?
ભણે નરસૈંયો તારા ગુણ ગાઈ રીઝિયે, પૂડતાં બાંહેડી કુણ સહાશે? જા.

પદ ૨ જું

ઉઠ ઉતાવળો, બાલ્યને વિઠ્ઠલા, ગોવિંદ ગાયને વચ્છ ધાવે;
જગ્યને જાદવા, જનની જશોદા વદે, કહાન કાં ધણી તને નિદ્રા આવે. ઉઠ.

દંતધાવન કરો, આળસ પરહરો, રજની તિમિર ગયું પોહો ફાટ્યું;
કૂરને કરમળો, શે ન શીરાવતો, દહિરે દામોદરા થાય ખાટું. ઉઠ.
બારણા બાહાર બળિભદ્ર ઉભા રહ્યા, જોરે વાહલા તારી વાટ જોયે;
નરસૈંના સ્વામિનું મૂખડું દીઠડે, માતાનું મનડું અતિરે મોહે. ઉઠ.

પદ ૩ જું

સમરને શ્રીહરી, મેલ્ય મમતા પરીં, જોને વિચારિને મૂળ તારું;
તું અલ્યા કોણ ને, કોને વળગી રહ્યો, વગર સમજે કહે મહારું મહારું. સ.
દેહ તારી નથી, જો તું જુગતે કરી, રાખતાં નવ રહે નિશ્ચે જાયે;
દેહ સંબંધ તજે, નવનવાં બહુ થશે, પુત્ર કલત્ર પરિવાર વ્હાએ. સ.
ધનતણું ધ્યાન તું, અહોનિશ આદરે, એ જ તારે અંતરાય મોટી;
પાસે છે પિયુ અલ્યા, તેને નવ પરખિયો, હાથથી બાજી ગઈ થયોરે ખોટી. સ.
ભરનિદ્રા ભર્યા, રોધિ ઘેર્યો ઘણો, સંતના શબ્દ સુણિ કાં ન જાગે;
ન જાગતાં નરસૈંયા લાજ છે અતિ ઘણી, જન્મોજન્મ તારી ખાંત ભાગે. સ.

પદ ૪ થું

ધ્યાન ધર હરિતણું, અલ્પમતિ આળસુ, જેથકી જન્મનાં દુઃખ જાયે;
અવર ધંધો કરે, અરથ કાંઈ નવ સરે, માયા દેખાડિને મૃત્યુ વહાયે. ધ્યા.
સકળ કલ્યાણ શ્રીકૃષ્ણનાં ચરણમાં, શરણ આવે સુખપાર હોયે;
અવર વેપાર તું, મેહેલ્ય મિથ્યા કરી, કૃષ્ણનું નામ તું રાખ મ્હોયે. ધ્યા.
પટક માયા પરી, અટક ચરણે હરી, વટક્ય મા વાત સુણતાં જ સાચી;
આશનું ભવન આકાશ સૂધી રચ્યું, મૂઢ એ મૂળથી ભીંત કાચી. ધ્યા.
અંગ જોબન ગયું, પલિત પિંજર થયું, તોય નથી લ્હેતો શ્રીકૃષ્ણ કહેવું;
ચેતરે ચેત દિન ચાર છે લાભના, લીંબુ લ્હેકાવતાં રાજ લેવું. ધ્યા.
સરસ ગુણ હરિતણા, જે જનો અનુસર્યા, તે તણા સુજશ તો જગત ગાયે;
નરસૈંયા રંકને, પ્રીત પ્રભુ શું ઘણી, અવર વેપાર નહિ ભજન તોલે. ધ્યા.

પદ ૫ મું

હરિતણું હેત તને, કયમ ગયું વીસરી, પશુરે કેડીને નરરૂપ કીધું;
હાડ ને છેડ કરિ, સહુ તને હાંકતું, આજ વધારીને માન દીધું. હ.
વાંચીનું ગાળિયું, કંઠથી ટાળિયું, નેત્રના પાટા શ્રીનાથે છોડ્યા;
તેતણા ચરણને, નવ ભજ્યો કૃતઘ્ની, તેં ન ગુણ પાડના હાથ જોડ્યા. હ.

પગ ઠોકી કરી, માગતો મૂઢ મતી, ધાસ પાણી કરી શબ્દ ઝીણા;
આજ ગોવિંદ ગુણ, ગાઇને નાચતાં, લાજ આવે તને કર્મહીણા. હ.
લાંબીશી ડોક ને કાંકાલ ચાવતો, ઊંટ જાણી ઘણો ભાર લાદે;
આજ અમૃત જમે, હરખે હળવો ભમે, વૈકુંઠનાથને નવ આરાધે. હ.
પીઠ અંબાડી ને, અંકુશ માર સહિ, રેણ ઉડાડતો ધરણી હેઠો;
આજ ચુવા ચંદન, આભ્રણ અંગ ધરી, વેગે જાય છે તું વેહેલો ગેઠો. હ.
અન્ન ને વસ્ત્ર ને ભૂષણ સર્વ જે, તેહનો તૂજને હતો ઉધારો;
નરસૈંના સ્વામિએ સર્વ સારું કરયું, તે પ્રભુને તમે કાં વિસારો. હ.

પદ ૬ ઠું

કૃષ્ણ કીર્તન વિના, નર સદા સૂતકી, વિમળ કીધે વપૂ શુદ્ધ ન થાયે;
સકળ તીરથ શ્રીકૃષ્ણ કીર્તન કથા, હરિતણા દાસ જ્યાં હેતે ગાયે. કૃ.
પૂર્ણ પુરુષોત્તમ, નવલ રંગી તજી, અન્ય દેવે જેનું મંન મોહે;
કોટી ચિંતામણિ, કામધેનુ તજી, મહિષિના પુત્રનું દૂધ દોહે. કૃ.
ગર્ગ જોશી જશ, ગાય જેનો સદા, નારદ નામ મુખથી ન મૂકે;
તે થ્રભ દ્વાર આવીને ઉભા રહ્યા, ગોપિકા મૂખ જોવાને ઢૂંકે. કૃ.
અજ, ભવ, સુરપતિ, સ્વપ્ને પેખે નહીં, નેતિ નેતિ કહી નિગમ વામે;
નરસૈંયો રંક, જશ ગાઇને રીઝવે, સહસ્ર મુખે શેષ પાર ન પામે. કૃ.

પદ ૭ મું

હરિ હરિ રટણ કર, કઠણ કળિ કાળમાં, દામ બેસે નહીં કામ સરશે;
ભક્ત આધીન છે, શ્યામસુંદર સદા, તે તારાં કારજ સિદ્ધ કરશે. હરિ.
અલ્પ સુખ સારુ શું, મૂઢ ફૂલ્યો ફરે, શીશપર કાળ રહ્યો દંત કરડે;
પામર પલકની, ખબર તુજને નહીં, મૂઢ શું જોઇને મૂછ મરડે. હરિ.
પ્રૌઢ પાપે કરી, બુદ્ધિ પાછી ફરી, પરહરી થડ શું ડાળે વળગ્યો;
ઇશને ઇર્ષા, છે નહીં જીવપર, આપણે અવગુણે રહ્યો રે અળગો. હરિ.
પરપંચ પરહરો, સાર હૃદિએ ધરો, ઉચરો હરિ મુખે અચળ વાણી;
નરસૈંયા હરિતણી, ભક્તિ ભૂલીશ મા, ભક્તિ વિના બિજું ધૂળધાણી. હરિ.

પદ ૮ મું

બાપજી પાપ મેં, કવણ કીધાં હશે, નામ લેતાં તારું નિદ્રા આવે;
ઉંઘ આલસ્ય, આહાર મેં આદર્યા, લાભવિના લવ કરવી ભાવે. બાપ
દિન પુંઠે દિન તો વહી જાય છે, દુરમતીનાં મેં ભર્યાં રે ડાલાં;
ભક્તિ ભૂતલ વિષે, નવ કરી તાહરી, ખાંડ્યાં સંસારનાં થોથાં ઠાલાં. બાપ

દેહ છે જૂઠડી, કરમ છે જૂઠડાં, ભીડભંજન તારું નામ સાચું;
ફરિ ફરી વરણવું, શ્રીહરિ તૂજને, પતિતપાવન તારું નામ જાચું. બાપ.
તારી કરુણાવિના, કૃષ્ણ કોડામણા, કળ અને વિકળનું બળ ન ફાવે;
નરસયા રંકને, જંખના તાહરી, હેડ બેડી ભાગે શરણ આવે. બાપ.

પદ ૯ મું

તારા દાસના દાસની, નિત્ય સંગતવિના, ભ્રષ્ટ થાય ભૂધરા મંન મારું;
દુષ્ટની સંગતે, દુષ્ટ મતિ ઉપજે, શ્રવણ કીર્તન નવ થાય તારું. તા.
પૂર્ણ વિષપાનથી, દુરિજન દોહેલા, વિષ પીધે તન તેજ મરશે;
તુજથકી વેગળા, તેહની સંગતે, જન્મ કોટીતણાં સુકૃત હરશે. તા.
અમૃતની ઉપમા, સાધુને નવ ઘટે, રાહુની દુષ્ટતા ન ટાળી તેણે;
પ્રહ્લાદ નારદે ગર્ભસંગત કરી, વશ કર્યા વૈકુંઠનાથ જેણે. તા.
ચતુરધા મુક્તિ છે, જૂજવી જૂક્તિની, તાહરા તેહને નવ રાચે;
બેહુ કરજોડીને, નરસૈંયો વીનવે, જન્મોજનમ તારી ભક્તિ જાચે. તા.

પદ ૧૦ મું

રાત રહે જ્યારે, પાછલી ઘટ ઘડી, સાધુ પુરુષને સૂઈ ન રહેવું;
નિદ્રાને પરહરી, સમરવા શ્રીહરી, એક તું એક તું એમ કહેવું. ટેક.
જોગિયા હોય તેણે જોગ સંભાળવા, ભોગિયા હોય તેણે ભોગ તજવા;
વેદિયા હોય તેણે વેદ વિચારવા, વૈષ્ણવ હોય તેણે કૃષ્ણ ભજવા. ૨.
સુકવિ હોય તેણે સદ્ગ્રંથ બાંધવા, દાતાર હોય તેણે દાન કરવું;
પતિવ્રતા નારિયે કંથને પૂછવું, કંથ કહે તે તો ચિત્ત ધરવું. ૨.
આપણે આપણા, ધર્મ સંભાળવા, કર્મનો મર્મ લેવો વિચારી;
નરસૈંના સ્વામિને, સ્નેહથી સમરતાં, ફરી નવ અવતરે નર નેં નારી. ૨.

પદ ૧૧ મું

નંદના નંદશું, નેહ જેને નહીં, તેરે માનવ ખર શ્વાન તોલે;
ભૂતળ ભાર કરવાને એ અવતર્યા, પ્રેમની પેરે સંસાર ડોલે. નં.
દૃષ્ટિથકી ટળો, ભોગ તેના બળો, શિલા પડો તેના મુખ માથે;
જીવતા જન તે તો જમ જેવા જાણવા, પ્રીત નહિ જેહને કૃષ્ણ સાથે. નં.
કીર્તિ શ્રીકૃષ્ણની, જીભથી નવ ભણે, તેરે મુખે દેવરાય તાળું;
ભણે નરસૈંયો જેણે, હરિને જાણ્યા નહીં, તેહનું કુટુંબ સદાય કાળું. નં.

પદ ૧૨ મું

પ્રેમરસ પાન તું, મોરના પીછધર, તત્ત્વનું હુંપણું તુચ્છ લાગે;
દૂબળા ઢોરનું, કૂશકે મન ચળે, ચતુરધા મુક્તિ તેઓ ન માગે. પ્રેમ.
પ્રેમની વાત પરીક્ષિત પ્રીછ્યો નહીં, શુકજીયે સમજી રસ સંતાડ્યો;
જ્ઞાન વૈરાગ્ય કરિ, ગ્રંથ પૂરો કર્યો, મુક્તિનો માર્ગ સૂધી દેખાડ્યો. પ્રેમ.
મારીને મુક્તિ આપી ઘણા દૈત્યને, જ્ઞાની વિજ્ઞાની બહુ મુનિ રે જોગી;
પ્રેમને જોગ તો વ્રજતણી ગોપિકા, અવર વિરલા કોઈ ભક્ત ભોગી. પ્રેમ.
પ્રેતને મુક્તિ તો, પરમ વલ્લભ સદા, હેતુના જીવ તે હેતુ ચુકે;
જન્મોજનમ લીલારસ ગાવતાં, લહાણાનાં વહાણ જેમ દ્વાર છૂટે. પ્રેમ.
મેં ગ્રહ્યો હાથ ગોપિનાથ ગરવાતણો, અવર બીજું કાંઇયે ન ભાવે;
નરસૈંયો મહામતી, ગાય છે ગુણ કથી, જતિ સતીને તો સ્વપ્ને ન આવે. પ્રેમ.

પદ ૧૩ મું

બળિતણે દ્વારે હરિ, વિપ્ર વામન હુવા, વેદની ધૂન ગઈ ગગન ગાજી;
ઇંદ્રપ્રસ્થથિ બળિ, આવ્યો ઉતાવળો, જે રે જોઇયે તે દ્વિજ લ્યોને માગી. બ.
એક પર્ણકુટિતણો, ઠામ ભણવા કરું, બોલવું તે મારે મૂળ સાચું;
વિપ્ર પૂરે ઘણા, લોભના વાહેલા, દાન માટે ઘણો હું ન રાચું. બ.
લ્યોને દ્વિજજી તમે, નવનવાં મંદિરો, ભૂમિ શું માગીરે ત્રણ કદમા;
લ્યોજી ભંડાર બહુ કુંચિયો સહિત વળિ, માગો હસ્તી મારા રાખો ઘરમાં. બ.
હસ્તી ભંડારને, હું લેઈ શું કરું, લોભિયાની નથી જાત મારી;
આગે વિધાતાયે, વામન નિરમ્યો, વ્રતે રહેવું મારે બ્રહ્મચારી. બ.
ચેતજે તું બળી, શુક્ર કહે છળ પડ્યો, વિષ્ણુએ વામન વેશધારી;
અશ્વજગન સમે, દાન અવનીતણું, પાત્ર એવું ક્યાં મળે મુને મુરારી. બ.
હરિતણા ચરણ ઉપર નિર નામતાં, નાળમાં ભૃગુસુત પેઠો ચાલી;
રીસ હૃદય ધરી, ઘણું ઘણું રાયજી, નેત્રમાં દર્ભની શેર ઘાલી. બ.
બાપડો બળિરાય, પગતળે ચાંપીયો, પ્રભુ પાતાળનો કરીને થાપ્યો;
ભણે નરસૈંયો હરિ, ભક્ત આધીન છે, ઇંદ્ર અવિચળ અધિકાર આપ્યો. બ.

પદ ૧૪ મું

ધ્યાન ધર ધ્યાન ધર, નંદના કુંવરનું, જેથકી અખિલ આનંદ પામે;
અષ્ટમહાસિદ્ધિ તે, દ્વાર ઉભી રહે, દેહનાં દુકૃત તે દૂર વામે. ધ્યાન.

મોરનાં પીછનો મુગટ મસ્તક ધરે, કુંડળ મકરાકૃત શ્રવણ લળકે;
નીલવટ તિલક તે, સુભગ કેસરતણું, કંઠ મુક્તાફળ હાર ઢળકે. ધ્યાન.
પીતાંબર પલવટ, કટિતટ રુચિર છે, લલિત ત્રિભંગી વહાલો વેણુવાયે;
કદમનાં દ્રુમતળે, રાધિકા રસ ભરી, હરજીને સંગ આલાપિ ગાયે. ધ્યાન.
મોરલીની ધુની સુણી, વનિતા થઈ ગોપિકા કેરડાં વૃંદ આવે;
નરસૈંયાને મન, આનંદ અતિ ઘણો, પુષ્પ મુક્તાફળ લેઈ વધાવે. ધ્યાન.

પદ ૧૫ મું

શા સુખે સૂતો, સંભાર શ્રીનાથને, હાથ તે હરિ વિના કોણ સહાયે;
તાત ને માત સુત, ભ્રાત ટોળે મળ્યાં, દોહિલી વેળા સૌ દૂર જાયે. શા.
ઉંધે મસ્તક હતો, ઉગ્રતપ આચરી, ભક્તિ કીધી ભગવાન કેરી;
અવતરી પાશ બંધાયો માયાતણે, લંપટી લાલચે લીધો ઘેરી. શા.
દિવસે ચોદશ ભમ્યો, રાત નિદ્રા વિષે, સ્વપ્નમાં સાંભરે મોટી માયા;
પલક પરવાર નહિ, હરિને ભજવાતણો, જ્યાં લગી જીવ સંજોગ કાયા. શા.
ધન ધામે કરી મોહિ રહ્યાં લોભિયો, વેદના વીસરી ગર્ભ કેરી;
નાથ ત્રિલોકના, હરિ ન સંભારિયા, જ્યારે રાખ્યો તો જઠરામાં ઘેરી. શા.
જાગ્યરે જીવડા, વાજ આવ્યો ઘણું, કેટલોએક પ્રતિબોધ દીજે;
નરસૈના સ્વામીને, નિત્ય સંભારતાં, દેહનાં દુકૃત દૂર કીજે. શા.

પદ ૧૬ મું

સાધુ સાચે ભજે, ચરણ ગોવિંદનાં માનવી દેહ તે તત્ત્વ કહિયે;
કૃષ્ણ કહો કૃષ્ણ કહો, વળિ વળિ કૃષ્ણ કહો, કૃષ્ણ કહેતાં સઉ સૂખ લહિયે. સાધુ.
કૃષ્ણ સેવાતણી, અમર ઇચ્છા કરે, મૂઢમતિ માનવી કાંઇ ન જાણે;
કૃષ્ણનું નામ રખે, હૃદયથી વીસરે, ધન્યમાં ધન્ય કૃષ્ણ જ પ્રમાણે. સાધુ.
જેને જોવા મહા મુનિરાજ વન ભમે, વિઠ્ઠલો વનમાં ગાયો ચારે;
ભણે નરસૈંયો જે ચતુર નર તે ખરો, અહરનિશ કૃષ્ણ શ્રીકૃષ્ણ ધારે. સાધુ.

પદ ૧૭ મું

પારકી હૂંશે મહતા કરે પ્રાણિયા, પુણ્ય પાખી સર્વ વાત ખોટી;
કે તેં તો કર્ષણ કોદરા વાવિયા, ક્યાંથી જમે તું દાળ રોટી ! પારકી.
કે તેં તો દાન કદી આપ્યું અન્ન તણું, ક્યાંથી દૂહે તું તો ઘેર ઓટી !
કે તેં તો કથિર સોનારને આપિયું, ક્યાંથી પેહેરે તું તો કનક ટોટી ! પારકી.
પુણ્યથી રિદ્ધિ છે, પુણ્યથી સિદ્ધિ છે, પુણ્યથી પેહેરશો ડગલો ઉટી;
ભણે નરસૈંયો તું, પુણ્ય કર પ્રાણિયા, પુણ્યથી પામશે પદવી મોટી. પારકી.

પદ ૧૮ મું

ધન્યરે ધન્ય મહા પુણ્ય જશોદાતણું, પુત્રભાવે પરિબ્રહ્મ રાજે;
નંદનો નંદ આનંદ થઈ અવતર્યા, શેષ બળિભદ્ર સંગે બિરાજે. ધન્યરે.
અમર આહીર અરધાંગ ગોપાંગના, વૃક્ષવેલી સર્વ ઋષીરાણી;
ભક્તિ તે રાધિકા, મુક્તિ જશોમતી, વ્રજ વૈકુંઠ તે વેદવાણી. ધન્યરે.
નિગમ વસુદેવજી, ગાય ગોપી ઋચા, દેવકી બ્રહ્મવિવાદ કહાવે;
બ્રહ્મા કરલાકડી, વેણુ મહાદેવજી, પંચવદન કરી ગાન ગાવે. ધન્યરે.
ઇંદ્ર અર્જુન અહંકાર દુર્યોધન, દેવતા સર્વે અવતાર લીધો;
ધર્મ તે રાય યુધિષ્ઠિર જાણજો, દાસનો દાસ નરસૈંને કીધો. ધન્યરે.

પદ ૧૯ મું

મારા નાથજી મુજને, ભક્તિ દેજો સદા, દીન જાણીને સંભાળ લેજો;
ભક્તિ આપી ભલા, ભાવથી ભૂધરા, અંતે આવી અહોનીશ રહેજો. મારા.
ભક્તિ કારણ મારો, દેહ દુર્બલ હજો, દેહ કારણ રખે સ્નેહ જાયે;
આજ મન સાથ જદુનાથ જો વીસરે, વળતી વલે મારી કુણ થાયે. મારા.
કર્મ કૂડાં કરી, ખાણ ચારે ભરી, નાસવા નીસર્યો નામ બારી;
કૃષ્ણ કિર્તન વિના, જમ જાએ વૃથા, જેમ રહે જૂગટે સિદ્ધિ હારી. મારા.
હું ગર્ભ નાના ફર્યો, નિત્ય ઉજાગરો, નવ ઠર્યો નાથજી શરણ પાખે;
ભવવિષે બૂડતાં વા'ર ને બુમ નહિ, બાંહ્યગ્રહી મુજને કોણ રાખે. મારા.
અલ્પ આયુષ્યમાં, કલ્પના મનુષ્યને, આજ કીધું વળી કાલ કરવું;
શ્વાસનો શો વિશ્વાસ નહિ નિમિષનો, આશ અધુરી અને એમ મરવું. મારા.
ઉત્તમ મધ્યમ, વરણ તું વિઠ્ઠલા, પ્રકટ થઇને દરશન પમાડો;
નરસૈંયા રંકને, ટંક કરુણા કરો, દીનબંધુ વળ્યો આંક આડો. મારા.

પદ ૨૦ મું

ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાંહીરે;
પુણ્ય કરી અમરાપુરી પામ્યા, અંતે ચોરાસી માંહીરે. ભૂતળ.
હરિના જન તો મુક્તિ ન માગે, જન્મોજન્મ અવતારરે;
નિત્ય સેવા નિત્ય કિર્તન ઓચ્છવ, નિરખવા નંદકુમારરે. ભૂતળ.
ભરતખંડ ભૂતળમાં જનમી, જેણે ગોવિંદના ગુણ ગાયારે;
ધન ધનરે એનાં માત પિતાને, સફલ કરી એણે કાયારે. ભૂતળ.
ધન વૃંદાવન ધન એ લીલા, ધન એ વ્રજના વાસીરે;
અષ્ટમાહ સિદ્ધિ આંગણિયેરે ઊભી, મુક્તિ છે એમની દાસીરે. ભૂતળ.

એ રસનો સ્વાદ શંકર જાણે, કે જાણે શુક જોગીરે;
કાંઇએક જાણે વ્રજનીરે ગોપી, ભણે નરસૈંયો ભોગીરે. ભૂતળ.

પદ ૨૧ મું

તારા દાસના ચરણની, રેણુ મસ્તક ધરું, જેથકી કોટિ કલ્યાણ પામું;
નિરખતાં નેહશું, નેહ અમૃત ઠરે, ભવતણાં પાપ તે ક્ષણમાં વામું. ટેક.
ભક્તને ભેટતાં, કિલ્બિષ નવ રહે, જ્ઞાનદીપકથકી તિમિર નાસે;
ધન્ય ધન્ય ભાગ્ય જે, સાધુ સંગત કરે, કૃષ્ણ કીર્તનથકી કૃષ્ણ ભાસે. તારા.
એક ક્ષણવાર જે, સતસંગત કરે, ધન્ય ઘડી જંતુની તે જ જાણો;
ભણે નરસયો, ભવસાગર બૂડતાં, હરિજન નાવ નિશ્ચે પ્રમાણો. તારા.

પદ ૨૨ મું

ગિરિ તળાટી ને કુંડ દામોદર, ત્યાં મેહેતાજી નહાવા જાય;
ઢેઢ વરણમાં દૃઢ હરિભક્તિ, તે પ્રેમ ધરિને લાગ્યા પાય. ગિરિ.
કરજોડીને પ્રાર્થના કીધી, વિનતિતણાં બહુ વધારે વચંન;
મહાંત પુરુષ અમારી અરજ એટલી, અમારે આંગણે કરોરે કીરતંન. ગિરિ.
પ્રેમ પદારથ અમો પામિયે, વામિયે જન્મ મરણ જંજાળ;
કરજોડતામાં કરુણા ઉપજી, મેહેતાજી વૈષ્ણવ પરમ દયાળ. ગિરિ.
પક્ષાપક્ષી ત્યાં નહિ પરમેશ્વર, સમ દૃષ્ટિ ને સર્વ સમાન;
ગૌમૂત્ર તુલસી વૃક્ષ લીપજો, એવું વૈષ્ણવે આપ્યું વાક્યદાન. ગિરિ.
મેહેતાજી નિશાએ આવ્યા, લાવ્યા પ્રસાદ ને કર્યો ઓચ્છવ;
ભોર થયા લગિ ભજન કીધું, સંતોષ પામ્યા સઉ વૈષ્ણવ. ગિરિ.
ઘેર પધાર્યા હરિ જશ ગાતા, વાતા તાળ ને શંખ મૃદંગ;
હસિ હસિ નાગર તાળિયો લે છે, આ શારે બ્રાહ્મણના* ઢંગ. ગિરિ.
મૌન ગ્રહીને મેહેતાજી ચાલ્યા, અધવધરાને શો ઉત્તર દેઉં;
જાગ્યા લોક નર નારી પૂછે, મેહેતાજી તમે એવા શું? ગિરિ.
નાત ન જાણો ને જાત ન જાણો, ન જાણો કાંઈ વિવેક વિચાર;
કરજોડીને કહે નરસૈંયો, વૈષ્ણવતણો મને છે આધાર. ગિરિ.

પદ ૨૩ મું

એવારે અમો એવારે એવા, તમે કહો છો વળિ તેવા રે;
ભક્તિ કરતાં જો ભ્રષ્ટ કહેશો તો, કરશું દામોદરની સેવા રે. એવારે.

---

* એક પ્રતમાં "નાગરના" છે.

જેનું મન જે સાથે બંધાણું, પેહેલું હતું ઘર રાતું રે;
હવે થયું છે હરિરસ માતું, ઘેર ઘેર હીંડે છે ગાતું રે. એવારે.
સધળા સાથમાં હું એક ભુંડો, ભુંડાથી વળિ ભુંડો રે;
તમારે મન માને તે કહેજો, સ્નેહ લાગ્યો છે મને ઊંડો રે. એવારે.
કર્મ ધર્મની વાત છે જેટલી, તે મુજને નવ ભાવે રે;
સધળા પદારથ જેથકી પામે, મારા પ્રભુની તોલે નાવે રે. એવારે.
હળવાં કર્મનો હું નરસૈયો, મુજને તો વૈષ્ણવ વાહાલા રે;
હરિજનથી જે અંદર ગણશે, તેના ફેરા ફેરા ઠાલા રે. એવારે.

પદ ૨૪ મું–દ્રૌપદીની પ્રાર્થના

દ્વારકાના વાસીરે, અવસરે આવજો રે, રાણી રુકમિણિકેરા કંથ;
દુષ્ટ દુર્યોધનરે, લાગ્યો મને પીડવારે, પ્રભુ મારા ચૌદશ ન્યાળું તારો પંથ.–ટેક.
સોડ તાણીને રે, શુંરે સુતો શામળારે, આળસ મોડીને ઉઠો આજ;
લક્ષ્મીજી તાળાંસેરે, પાવન તારા પાવલાંરે, અમપર મેહેર કરો માહરાજ. દ્વા.
ગ્રાહ થકારે, ગજ મૂકાવિયો રે, કીધી તમે સુધન્વા સહાય;
નરસિંહરૂપે રે હિરણ્યકશિપુ હણ્યોરે, પ્રહ્લાદ ઉગાર્યો લાગ્યો પાય. દ્વા.
છપ્પનક્રોડ રે જાદવ તાહરા રે, સાથ બળિભદ્ર સરીખા ભ્રાત;
કાળીનાગ નાથ્યો રે, જરાસંધ જીતિયોરે, તે બળ કયાં ગયું મારા નાથ. દ્વા.
વસમી વેળામાંરે, વહારે ચડો વિઠ્ઠલારે, ધાજો તમે છત્રપતી નિરધાર;
અસવારી કરજોરે, ગરુડની ઉપરે રે, નરસૈયો વિનવે વારંવાર. દ્વા.

પદ ૨૫ મું

કોણ એ સમાના, કામની દત્ત ફળિયેલ રામા;
દ્રૌપદીની લજ્જા રાખવા, હરિ ઉભા છે સામા. કોણ.
વહાલોજી ગયાતા વાડિયે, સર્વે સુંદરી સાથે;
શેલડીની છોઈ ઉતારતાં, છરી બેઠી છે હાથે. કોણ.
માનની મંદિર સિધાવિયાં, ચીંથરું રે લેવા;
દ્રૌપદીએ ચીર વધેરિયું, હરિને હાથે બંધેવા. કોણ.
ત્રિકમે તેના તાંતણા, લખી રાખ્યા છે લેખે;
નવસે નવાણું ચીર પૂરિયાં, સધળી સભા રે દેખે. કોણ.
ગરુડે ચઢીને ગોવિંદ આવિયા, આવ્યા અંતરજામી;
ભક્તઉદ્ધારણ ભૂધરો, મેહેતા નરસૈંનો સ્વામી. કોણ.

બાળલીલા

—□□□□—

પદ ૧ લું-રાગ વસંત

હવે કયાં જઈએ શામળીઆ વહાલા, જોર અમારું કીધું;
નાનકડી ગોપીનું ગોરસ, વાટી વાટીને પીધું. હવે કયાં.
નાસંતાં નહિ છૂટે રે, દૃષ્ટિથકી નહિ ચૂકું;
ઘેરીને લેઈ હું ઘરમાં ઘાલું, બાંધીને આજ મૂકું. હવે કયાં.
ઓશીઆળો આંગણિએરે ઉભો, અન્યાય થયો અપાર;
ભલે મળ્યો મેહેતા નરસૈંયાચો સ્વામી, ભક્તતણો દાતાર. હવે કયાં.

પદ ૨ જું

જસોદાજી જમવાને તેડે, નાચંતા હરિ આવે રે;
બોલે મીઠડા, બોલડીઆ ને, અંગો અંગ નચાવે રે. જસોદાજી.
મુખની શોભા શી કહું જાણે, પૂનમચંદ બીરાજે રે;
નેત્ર કમળના ચાળા જોઈ જોઈ, મન્મથ મનમાં લાજે રે. જસોદાજી.
અંજન બેઉએ નયણે સાર્યાં, ઉર લટકે ગજમોતી રે;
તિલકતણી રેખા અતિ સુંદર, માતા હરખે જોતી રે. જસોદાજી.
સ્નેહ જણાવીને પુત્રનો કાંયે, આવીને કોટે વળગ્યો રે;
લાડકડો અતિ લાડ કરે છે, ક્ષણું ના મેહેલું અળગો રે. જસોદાજી.
બોળો બેસાડીને ભોજન કરતાં, માતા આનંદ પામી રે;
ભક્તવચ્છલ ભૂધરજી મળ્યા, મેહેતા નરસૈંયાચો સ્વામી રે. જસોદાજી.

પદ ૩ જું

જસોદાજીને બોળે બેઠા, સુંદર વ્રજનો નાથરે;
ભોજન કરતાં મેહેતે દીઠા, જેના જુઠડા હાથરે. જસોદાજી.
ભોજન કરી રમવા સંચર્યા, જનુનીએ ભીડી બાથરે;
આભ્રણ સઘળાં બેઠાં કીધાં, અંગે વળગ્યો ભાતરે. જસોદાજી.
મુખ ફેરાં મરકલડાં જૂવે, ગોપી જનનો સાથરે;
ભણે નરસૈંયો આનંદ વાધ્યો, ગોવિંદના ગુણ ગાતરે. જસોદાજી.

પદ ૪ થું-રાગ માલવ

જમો જમોરે નહાના લાડકડા, માતા જસોદાના બાલકડા;
રાડ ના કીજે સામળીઆ વહાલા, તારી જનુની કરે કાલાવાલા. ટેક.

મધુરો શો કેાળીએા મેહેલો મુખમાંહી,વાહાલા હળવે હળવે લીજેરે;
કઢ્યાં દૂધ સાકર સંગાથે, એક ધૂંટડે પીજેરે. જમો.
વેણુ વાગે વાગે વાહાલાજી તમારી, બલભદ્રપે મોટી થાયરે;
ભક્તશિરેામણિ જનુની વાહાલાને, એવે એવે વચને વાયરે. જમો.
કૌતક જેતાં વ્રજની ગેાપી, તન મન ધન ત્યાં વારેરે;
નરસૈંયાચા સ્વામીનું મુખડું, ફરી ફરી જસેાદા ન્યાળેરે. જમો.

પદ ૫ મું–પ્રભાતિયું–નાગદમન

જલકમલ છાંડી જનેબાળા, સ્વામી અમારેા જાગશે;
જાગશે તને મારશે, મને બાળહત્યા લાગશે. જલ. ટેક.
કહે રે બાલક તું મારગ ભૂલ્યેા, કે તારા વેરીએ વળાવિયેા;
નિશ્ચય તારેા કાળ જ ખૂટ્યો, અહિંઆં તે શીદ આવિયેા. જલ.
નથી નાગણ હું મારગ ભૂલ્યેા, નથી મારા વેરિએ વળાવિયેા;
મથુરા નગરીમાં જૂગટું રમતાં, નાગનું શીશ હું હારિયેા. જલ.
રંગે રૂડેા રૂપે પૂરેા, દીસંતેા કેાડીલેા કેાડામણેા;
તારી માતાએ કેટલા જન્મ્યા, તેમાં તું બળખામણેા. જલ.
મારી માતાએ બેહુ જન્મ્યા, તેમાં હું નટવર નહાનડેા;
જગાડ તારા નાગને, મારું નામ કૃષ્ણ કહાનડેા. જલ.
લાખ સવાનેા મારેા હાર આપું, આપું રે તુજને દેારિયેા;
એટલું મારા નાગથી છાનું, આપું તુજને ચેારિયેા. જલ.
શું કરું નાગણ હાર તારેા, શું કરું તારેા દેારિયેા;
શાને કાજે નાગણ તારે, કરવી ઘરમાં ચેારિયેા. જલ.
ચરણ ચાંપી મૂંછ મરડી, નાગણે નાગ જગાવિયેા;
ઉઠ્યાને બળવંત કેાઈ, મારણે બાલક આવિયેા. જલ.
બેઉ બળિયા બાથે વળગિયા, કૃષ્ણે કાલિનાગ નાથિયેા;
સહસ્ત્ર ફેણા પુંપ્રવે જેમ, ગગન ગાજે હાથિયેા. જલ.
નાગણ સૌ વિલાપ કરે જે, નાગને બહુ દુઃખ આપશે;
મથુરા નગરીમાં લેઈ જશે, પછી નાગનું શીશ કાપશે. જલ.
બેઉ કર જેડીને વીનવે, સ્વામી, મૂકેા અમારા કંથને;
અમે અપરાધી કાંઈ ન સમજ્યાં, ન ઓળખ્યા ભગવંતને. જલ.
થાળ ભરી શગ મેાતિયે, શ્રીકૃષ્ણને રે વધાવિયેા;
નરસૈંયાના નાથ પાસેથી, નાગણે નાગ છેાડાવિયેા. જલ.

જ્ઞાન અને વૈરાગ્ય

પદ ૧ લું–પ્રભાતિયાં

જે ગમે જગતગુરુદેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો;
આપણો ચિંતવ્યો અર્થ કાંઈ નવસરે, ઉગરે એક ઉદ્વેગ ધરવો. ટેક.
હું કરું હું કરું, એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે;
સૃષ્ટિ મંડાણ છે, સર્વ એણીપેરે, જોગી જોગેશ્વરા કોઇક જાણે. જે.
નીપજે નરથી તો, કોઈ ન રહે દુઃખી, શત્રુ મારીને સૌ મિત્ર રાખે;
રાયને રંક કોઈ, દૃષ્ટે આવે નહીં, ભવનપર ભવનપર છત્ર દાખે. જે.
ઋતુ લતા પત્ર ફળ, ફૂલ આપે યથા, માનવી મૂર્ખ મન વ્યર્થ શોચે;
જેહના ભાગ્યમાં, જેહને જે લખ્યું, તેહને તે સમે તે જ પોહોચે. જે.
ગ્રંથ ગડબડ કરી, વાત ન કરી ખરી, જેહને જે ગમે તેને પૂજે;
મન કર્મ વચનથી, આપ માની લહે, સત્ય છે એ જ મન એમ સૂજે. જે.
સુખ સંસારિ મિથ્યા કરી માનજો, કૃષ્ણ વિના બીજું સર્વ કાચું;
જુગલ કર જોડી કરી,નરસૈંયો એમ કહે,જન્મપ્રતિ જન્મહરિને જ જાચું. જે.

પદ ૨ જું

અખિલ બ્રહ્માંડમાં, એક તું શ્રીહરિ, જૂજવે રૂપે અનંત ભાસે;
દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું, શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે. ટેક.
પવન તું પાણિ તું, ભૂમિ તું ભૂધરા, વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે;
વિવિધ રચના કરી, અનેક રસ લેવાને, શિવથકી જીવ થયો એજ આશે. અ૦
વેદ તો એમ વદે, શ્રુતિ સ્મૃતિ શાખ દે, કનક કુંડલવિષે ભેદ નહોય;
ઘાટ ઘડિયા પછી, નામ રૂપ જુજવાં, અંત્યે તો હેમનું હેમ હોય. અ૦
વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું, જોઉં પટંતરો એ જ પાસે;
ભણે નરસૈંયો એ, મનતણી શોધના, પ્રીત કરું પ્રેમથી પ્રગટ થાશે. અ૦

પદ ૩ જું

શરિર શોધ્યા વિના, સાર નહિ સાંપડે, પંડિતા પાર નહિ પામો પોથે;
તાંદુલ મેલીને, તુષને વળગી રહ્યા, ભૂખ નહિ ભાગે એમ ઠાલે થોથે. શ૦
રસના સ્વાદમાં સર્વ રુંધાઈ રહ્યા, વિગતિ ગુરુ જ્ઞાન વિના રે ગુંથે;
વાણી વિલાસમાં, વિવિધ વાણી વડે, પરહરી વસ્તુને વળગે ચુંથે. શ૦

શબ્દ શીખે ખરો, સકલ વિદ્યા ભણે, અધ્યાત્મ ઊચરે આવી ઓથે;
પ્રપંચ પિંડમાં રહ્યો, અહંકાર નવ ગયો, આથડ્યો એમ અનંત કોઠે. શ૦
શાસ્ત્ર કથા કહે, રજનિમાં આથડે, એમ અજ્ઞાનમાં શીશ ગોઠે;
ભણે નરસૈંયો જે, ભેદ જાણી જુઓ, મેં તો રચી કહ્યું પદ ચોથે. શ૦

પદ ૪ થું

જાગીને જોઉં તો, જગત દીસે નહીં, ઉંઘમાં અટપટા ભોગ ભાસે;
ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે, બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે. જા.
પંચ મહાભૂત પરિબ્રહ્મ વિષે ઊપન્યાં, અણુ અણુમાંહિ રહ્યાં રે વળગી;
ફૂલ ને ફળ તે તો વૃક્ષનાં જાણવાં, થડથકી ડાળ તે નહિ રે અળગી. જા.
વેદ તો એમ વદે, શ્રુતિ સ્મૃતિ શાખ દે, કનક કુંડળ વિષે ભેદ નાયે;
ઘાટ ઘડ્યા પછી, નામ રૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોયે. જા.
જીવ ને શીવ તો, આપ ઇચ્છાએ થયા, રચી પરપંચ ચૌદ લોક કીધા;
ભણે નરસૈયો એ, તે જ તું તે જ તું, એને સમર્યાથી કંઈ સંત સીધ્યા. જા.

પદ ૫ મું

જુવાનીને દહાડે રે, હરિને જાણ્યા નહીં રે, મોહ્યું પર દારા સાથે મંન;
કાંઇકને મોહ્યો રે, કામિનીના કલ્પમાં રે, કાંઇએક જોડવા ધાયો ધંન. જુ.
પચીસ ને પચાસ રે, પરપંચમાં ગયાંરે, દોહિલા આવ્યા સાઠ વર્ષના દંન;
સિત્તેરને સૂધી રે, કાંઇ સમજ્યો નહીંરે, પછે ચાલ્યો સાધન કરવા વંન. જુ.
આંખડીએ ન સૂઝેરે, ગળે બહુ નાસિકારે, બોલે તે તો સંભળાય નહીં કરણ;
માયા તો ન મૂકે રે, તૂટે નહીં તૃષણારે, ઓળખ્યા નહીં અશરણ શરણ. જુ.
હાથમાં લાકડીરે, ચરણ ચાલે નહીંરે, તૂટીને શિથિલ થયું છે તંન;
મુખમાંહીં દંતરે, એકે દીસે નહીંરે, તોય પાપી ઉદર માગે અન્ન. જુ.
ભાગ્ય જેનું ભલુંરે, આ અવસરને ઓળખ્યોરે, તે તો પ્રાણી કહેવાય હરિના જંન;
નરસૈંના સ્વામીનેરે, સુખમાં સંભારનેરે, જે હોય પેલા ભવનું પુન્ય. જુ.

પદ ૬ ઠું

જ્યાંલગી આતમા તત્ત્વ ચિંતયો નહીં, ત્યાંલગી સાધના સર્વ જૂઠી;
માનુષ દેહ તારો, એમ એળે ગયો, માવઠાંની જેમ વૃષ્ટિ વૂઠી. જ્યાં.
શું થયું સ્નાન સેવા ને પૂજાથકી, શું થયું ઘેર હરિ દાન દીધે;
શું થયું ધરિ જટા ભસ્મ લેપન કરે, શું થયું* વાળ લોચન કીધે. જ્યાં.

---

* વાળ લોચન-લુંચન કરાવવા-ચૂંટાવવા તે.

શું થયું તપ ને તિરથ કીધાથકી, શું થયું માલ ગ્રહી નામ લીધે;
શું થયું તિલક ને તુલસી ધાર્યાથકી, શું થયું ગંગજલ પાન કીધે. જ્યાં.
શું થયું વેદ વ્યાકરણ વાણી વદે, શું થયું રાગ ને રંગ જાણે;
શું થયું ખટ્દર્શન સેવાથકી, શું થયું વરણના ભેદ આણે. જ્યાં.
એ છે પરપંચ સહુ, પેટ ભરવાતણા, આત્મારામ પરિબ્રહ્મ ન જોયે;
ભણે નરસૈંયો કે, તત્ત્વદર્શન વિના, રત્નચિંતામણિ જન્મ ખોયે. જ્યાં.

પદ ૭ મું–રાગ વેરાવળ

સુખ દુઃખ મનમાં ન આણિયે, ઘટ સાથે રે ઘડિયાં;
ટાળ્યાં તે કોઇનાં નવ ટળે, રઘુનાથનાં જડિયાં. સુખ દુઃખ–ટેક
નળ રાજા સરખો નર નહીં, જેની દમયંતી રાણી;
અર્ધે વસ્ત્રે વનમાં ભમ્યાં, ન મળ્યાં અન્ન ને પાણી. સુખ દુઃખ.
પાંચ પાંડવ સરખા બંધવા, જેને દ્રૌપદી રાણી;
બાર વરસ વન ભોગવ્યાં, નયણે નિદ્રા ન આણી. સુખ દુઃખ.
સીતા સરખી સતી નહીં, જેના રામજી સ્વામી;
રાવણ તેને હરી ગયો, સતી મહા દુઃખ પામી. સુખ દુઃખ.
રાવણ સરિખો રાજીયો, જેની મંદોદરી રાણી;
દશ મસ્તક છેદાઈ ગયાં, બધી લંકા લુંટાણી. સુખ દુઃખ.
હરિશ્ચંદ્ર રાય સતવાદિયો, તારાલોચનિ રાણી;
તેને વિપત્તિ બહુ પડી, ભર્યાં નિચ ઘેર પાણી. સુખ દુઃખ.
એ વિચારી હરિને ભજે, તે સાહ્ય જ કરશે;
જુઓ આગે સાહ્ય ધણી કરી, તેથી અર્થ જ સરશે. સુખ દુઃખ.
સર્વ દેવને જ્યારે ભિડ પડી, સમર્યા અંતરજામી;
ભાવટ ભાંગી ભૂધરે, મેહેતા નરસૈંને સ્વામી. સુખ દુઃખ.

પ્રેમાનંદ ભટ્ટ

—⊞⊞⊞—

આ કવિ ગુજરાતી ભાષામાં સર્વોપરી છે

—⊞⊞⊞—

ઓખાહરણ

કડવું ૧ લું–રાગ રામગ્રી

શ્રી ગુરુ ગોવિંદને ચર્ણે લાગુંજી, ગણપતિ સારદા વાણી માગુંજી;
અંતર્ગતમાં ઇચ્છા છે ઘણીજી, ભાવે ભાખું કથા હરિતણીજી. ૧
જે સાંભળતાં સુખ થાયેજી, મનની તે ચિંતા જાયેજી;
ચતુર્દશ લોક જેને માનેજી, તેના ગુણ શું લખિયે પાનેજી. ૨

ઢાળ

પાને તે લખ્યા જાએ નહીં, શ્રી ગણેશના ગુણગ્રામ;
સકળ કારજ સિદ્ધિ પામે, મુખેથી લેતાં નામ. ૩
ગજવદન ગજનાસિકા, વાળ દંત ઉજ્જવળ એક;
આયુધ ૪રસી કર ગ્રહી, જેણે હણ્યા અસુર અનેક. ૪
શુદ્ધ બુદ્ધ બે શ્યામા છે, સૂત લાભ ને વળી લક્ષ;
સિંદૂર અંગે શોભિતું, મોદિક અમૃત ભક્ષ. ૫
નીલાંબર પીતાંબર પેહર્યાં, ચઢે સેવંત્રા સેવ;
મારા પ્રભુજીને પ્રથમ પૂજીએ, જય દુંદાળો દેવ: ૬
ગૌરિનંદન વિશ્વવંદન, ભીડભંજન દેવ;
તેત્રીશ ક્રોડમાં દીપતો, સુર નર કરે તારી સેવ. ૭
સેવું બ્રહ્મતનયા સરસ્વતી, રૂપ મનોહર માત;
બ્રહ્મચારિણી ભારતી, તૂં વૈષ્ણવી વિખ્યાત. ૮
શ્વેત વસ્ત્ર ને શ્વેત વપૂ, શ્વેત વાહન હંસ;
વિશ્વંભરી વરદાયિની, કરે કોટી વિઘ્નનો ધ્વંશ. ૯
કરુણાકટાક્ષી કમલનયની, કમળભૂ કન્યાય;
વેદ કર્મ જટા ઉપનિષદ, ધર્મશાસ્ત્ર ને ન્યાય. ૧૦
બ્રહ્મવિદ્યા ને યોગવિદ્યા, પુરાણ અષ્ટાદશ;
ગાન તાન રસાલ તાલ, એ સર્વ તારે વશ. ૧૧

દુહા ગાથા ને કવિત કથા, છંદ ભેદ ને નાદ;
એ તરંગ તારા સરસ્વતી, છે શબ્દના સંવાદ. ૧૨
ચતુર્ભુજ ને ચાતુરી, વર્ણવું તારા ન્યાસ;
વૈશંપાયન વાલ્મિકી, તુંને માને વેદવ્યાસ. ૧૩
જૈમિનિ ને સૂત પુરાણિક, તેને કૃપા તારી હવી;
તેં જ ભટ્ટાચાર્ય કીધો, કાળિદાસ કીધો કવી. ૧૪
કરુણાલ તૂં ને દયાળ તૂં, હૂં કિંકર તારો માય;
રંક જાણી આપ્યે વાણી, ગ્રંથ પૂરણ થાય. ૧૫
સહકાર ફળ વામણો ઇચ્છે, અપંગ તરવા સિંધુ;
તેમ દાસ તારો હૂં ઇચ્છું છું, બાંધવા પદબંધ. ૧૬

વલણ

પદબંધ બાંધુ કથા કેરો, આખ્યાન ઓખાહરણરે;
વદે વિપ્ર પ્રેમાનંદ માગું, મા કરો ગ્રંથ સંપૂર્ણરે. ૧૭

કડવું ૨ જું-રાગ રામગ્રી

એણી પેરે બોલ્યા શ્રીશુકદેવજી, બાણાસુરનો ઉતાર્યો અહમેવજી;
હરે આપ્યા સહસ્ર હાથજી, ચક્રે છેદ્યા તે વૈકુંઠનાથજી. ૧

ઢાળ

વૈકુંઠનાથે હાથ છેદીને, ઉતાર્યું અભિમાન;
પરીક્ષિત પૂછે શુકદેવને, કહો ઓખાનું આખ્યાન. ૨
વ્યાસનંદન વદે વાણી, વર્ણવું પૂર્ણાનંદ;
રસિક કથા ભાગવતતણી, તે મધ્યે દશમસ્કંધ. ૩
શુકદેવ કહે પરીક્ષિતને, સુણ બાસઠમો અધ્યાય;
આખ્યાન ઓખાહરણનું, અનિરુદ્ધહરણ કથાય. ૪
પરબ્રહ્મથી એક પદ્મ પ્રગટ્યું, તેથી પ્રજાકર;
પ્રજાપતિનો મરીચિ, તેના કશ્યપ નામે કુંવર. ૫
તેથી હિરણ્યકશિપુ, પ્રહ્લાદજી, તેથી વિરોચંન;
વિરોચનનો બળી બલિ, તેનો બાણાસુર રાજંન. ૬
તે શોણિતપુરમાં રાજ કરતો, ઉપન્યો મંન વિચાર;
વર પામ્યું ઈશ્વર આરાધું, વશ વરતાવું સંસાર. ૭

તેણે શુક્રાચાર્યને પૂછીયું, લાગી ગુરુને પાય;
કહો ગુરુજી તપ કર્યાનો, શુદ્ધ મને ઉપાય. ૮
શુક્ર બોલ્યા હેત કરીને, સૂણ બાણાસુર રાજન;
સર્વથકી ઉત્તમ ઉપાસન, કહું પરમ નિધાન. ૯
ગંગા તટે જઈ તપ કરો, ઉપાસો મહાદેવ;
ભોળો શંભુ પ્રસન્ન થઈ, વર આપશે તતખેવ. ૧૦
શુક્રનાં વાયક સાંભળી, થયો બાણ મન ઉલ્લાસ;
તપ કરવાને ચાલિયો, મન ધરીને વિશ્વાસ. ૧૧
કૌભાંડ નામે મોટો મંત્રી, તેને સોંપ્યું પૂર;
કૈલાસ નિકટે ગંગાતટે, જઈ તપ કરે અસૂર. ૧૨
આસન વાળીને લાગી તાળી, જપે ભોળો દૃઢ મન;
શત વરસ એમ વહી ગયાં, ઉધઈ વળગી તંન. ૧૩
વૃષા, શીત ને ગ્રીષ્મ વેઠે, ઓઢવા અવનિ ને આભ;
શ્રવણે સુગ્રીવે માળા ઘાલ્યા, મસ્તકે ઉગ્યો ડાભ. ૧૪
ક્ષુધા તૃષા તજીને બેઠો, અઘોર માંડયું તપ;
માળા ફેરવે મનતણી, જપે જોગેશ્વરનો જપ. ૧૫
ઇંદ્રે મોકલી અપ્સરા, તપધ્યાન કરવા ભંગ;
બાણાસુર ચૂકે નહીં, પરભવે નહીં અનંગ. ૧૬
વૃષભે ચઢી શિવ આવિયા, ધરી અતીત કેરું રૂપ;
બાણાસુરને બોલાવિયો, ભાવે કરીને ભૂપ. ૧૭
નેત્ર ઉઘાડીને નિરખીયું, ત્યારે દીઠા શંકર જાણ;
ઘણી હશીને ચરણે લાગ્યો, સ્તુતિ કરી નિરવાણ. ૧૮
ભાગ્ય ભાગ્યરે મહીપતિ, એમ કહે છે ઉમિયાનાથ;
બાણાસુર કહે નાથજી, મને આપો સહસ્ર જ હાથ. ૧૯

વલણ

સહસ્ર હાથ આપો હરજી, ગણો ગણપતિ સમાનરે;
વિપત પડે તો આવજો, એમ કરી શિવ હવા અંતરધ્યાનરે. ૨૦

કડવું ૩ જું-રાગ યમન-કલ્યાણ

આવ્યા આવ્યા ઉમયા સહિત મહાદેવ, દીઠી દીઠી અસુરતણી ઘણી સેવ;
નયણે નીરખ્યો શ્વાસ જ દેહ, દીઠો સુકાં કાષ્ઠવત તેહ. ૧

તેને લાગી શંભુજીસું તાળી, બાણાસુર બેઠો આસન દૃઢ વાળી;
એવાં એવાં તપનો માંડ્યો અભ્યાસ, માથા ઉપર ફુટી નિકળ્યાં ઘાસ. ૨
એના તપનો નહીં આવ્યો પાર, એમ વર્ષ ગયાં છે એક હજાર;
એવું તપ જોઇને બોલ્યા ત્રિપુરારી, તમે સાંભળો પાર્વતી નારી. ૩
એને તપે ત્રૈલોક બાધું ડોલે, બાણાસુર તો બોલાવ્યો નવ બોલે;
તમે કહો તો એને વર આપું, ને હું સત્ય વચન કરી થાપું. ૪
વળતાં બોલ્યાં પાર્વતી રાણી, એવા દુષ્ટને નાપો શૂલપાણી;
દૂધ પાઇને ઉછેરો છો સાપ, તેથી તમે પામશો મહા સંતાપ. ૫
પહેલાં તમે ભસ્માંગદ વરદાન દીધું, વરદાન પામ્યો કારજ એનું સીધ્યું;
વરદાન રાવણાદિકને આપ્યા, તેણે દુષ્ટે જાનકીનાથ સંતાપ્યા. ૬
તે માટે ઝાઝું શું તમને કહિયે, હરિ એવા દુષ્ટથી વેગળા રહિયે;
પછે તમને શી શીખામણ દીજે, ભોળા શંભુ રુડું જાણો તેમ કીજે. ૭
જાઓ નારી પાનીએ બુદ્ધિ તમારી, વરદાન આપતાં ન રાખીએ વારી;
એવું કહીને બોલ્યા તે ભોળોનાથ, દીધો બાણાસુરને શિર હાથ. ૮
ઉઠ ઉઠ પુત્ર તું વર માગ્ય, તું તો સમાધી તજીને જાગ્ય;
વાણી શંભુની સુણીને જાગ્યો, તેણે શિવજી પાસે વર માંગ્યો. ૯
સ્વામી મને સહસ્ર હાથ જ આપો, મુજને પુત્ર કરીને થાપો;
એક એક હસ્ત એવો કીજે, હસ્તી સહસ્રતાણું બળ દીજે. ૧૦
અસ્તુ અસ્તુ કહિને શિવે વર આપ્યો, તેને તો પુત્ર કરીને થાપ્યો;
વરદાન લઇને દાનવ ઘેર આવ્યો, તેને બધા નગ્ર લોકેરે વધાવ્યો. ૧૧

વલણ

વધાવ્યો ત્યાં લોક સર્વે, આનંદ ઘણો મન થાય રે;
આવી રાજ બેઠો બાણાસુર, તેને ઉલટ અંગ ન માય રે. ૧૨

કડવું ૪-થું-રાગ કેદારો

વર આપી વળ્યા વિષધારીરે, સહસ્ર ભુજ પામ્યો અહંકારી રે;
ખોંખારીને કહે પામ્યો હું જયરે, હું તો થયો છું અક્ષય રે. ૧
અભિમાની બોલે એમ ગર્વ વચન રે, પુર વિષે આવ્યો રાજંનરે;
સહુને આનંદ વાધ્યો મન રે,..... ૨

ઢાળ

પાય લાગે પ્રજા પુરની, આવી મળ્યો પરધાન;
સહસ્ર ભુજ અંબુજ ફૂલ્યાં, તરુવરને સમાન. ૩

જાણે જગમાં વડડાળ ખુલી, હસ્ત એમ રાજતણા;
પોહોંચે પોહોંચે ઝગમગે, જેવી શેષનાગની ફણા. ૪
એકએક હસ્તે સહસ્ત્ર હસ્તિબળ, વસુધાતળ વશ કીધું;
નાગવર્ગ ને સ્વર્ગ જીતી, એક ચકવે રાજ કીધું. ૫
ચોસઠ દેશ ને ચારે દિશા, બાણે વરતાવી આણ;
પાયે પૃથ્વીને ધ્રુજાવે, જુદ્ધ જુદ્ધ વદે મુખ વાણ. ૬
મંત્રી સાથે વઢવું માગે, બાથ ભીડીને અંગ;
માતંગ મારે હયને પછાડે, પાડે પર્વત શૃંગ. ૭
ભરાવે બાથ ને હાથ ઝાટકે, મુખે ભાખે મેઘસ્વર;
વઢનાર પાખે બાણ શરીરે, પ્રગટ્યો પ્રાક્રમજ્વર. ૮
ગુણ ગાંધર્વ ને અપ્સરા સાથે, કૈલાસ ગયો રાજન;
બાણાસુરે શંકરદ્વારે, માંડ્યું સંગીત ગાન. ૯
થૈ થૈકાર ધમકાર ઘુઘરના, અબલા પગમાં ઠમઠમતા;
મંદિરમાંથી મહાદેવ નિકળ્યા, રામાની સંગે રમતા. ૧૦
અસુર ઈશ્વર ને અપ્સરા નાચે, તે ઇન્દ્રાદિક જોય;
ચંગ મૃદંગ ને વીણા રસના, શબ્દ એકઠા હોય. ૧૧
મહાદેવજી રસમગ્ન હવા, રાયને થયા તુષ્ટમાન;
બાણાસુરને કહે ઉમયાવર, માગ્ય માગ્ય વરદાન. ૧૨
રાય કહે પ્રભુ પ્રથમ તમે, આપ્યા સહસ્ત્ર હસ્ત;
તે ભુજબળ મારું કોણે ન ભાગ્યું, મેં જીત્યા લોક સમસ્ત. ૧૩
સ્વામી બળ આપ્યું તો જોદ્ધો આપો, એ માંગવું છે મારે;
તમે વઢો કે વઢનાર આપો, જે મારા મદને ઉતારે. ૧૪
તવ રીસ ચઢી અંતર ઈશ્વરને, તું માગતાં ચુકયો મૂર્ખ;
તારા ભુજનો ભાર ઉતારશે, ત્રિલોક પૂજન પુરુષ. ૧૫
પુત્રી તારીનો વડસસરો તે, તારા ભુજને હણશે;
થડથી છેદીને કર તારાના, કટકે કટકા કરશે. ૧૬
તવ બાણાસુરને શુદ્ધ હવી, એ તો મેં માંગ્યો શાપ;
કડાક કડાક કટકા થાશે ત્યારે, કેમ ખમાસે અદાપ. ૧૭
ભૂપ કહે સાંભળિયે સ્વામી, તમ વચન પ્રમાણ;
એટલું માગું આપ કને, આગળથી થાએ જાણ. ૧૮

શિવ કહે તારી ધર્મધજા, આપણિયે ભાંગી પડશે;
ત્યારે તો તું જાણજે, રિપૂ આવી ગડગડશે. ૧૯

વલણ

ગાજશે શત્રુ કહી વળાવ્યો, નગ્રમાં આવ્યો સોય રે;
આસન બેશી દહાડી બાણાસુર, ધજા સામું જોય રે. ૨૦

કડવું ૫ મું-રાગ બિલાવર

વળિ વળિ પૂછ્યું પરીક્ષિત રાયજી, શુકદેવજી કહોને કથાયજી;
દેવ કન્યા પ્રગટી જેહજી, દૈત્ય પુત્રીતણો સંદેહજી. ૧

ઢાળ

દૈત્યપુત્રી કેમ હવી, શુકદેવજી કહોને સત્ય;
વિસ્તારીને વર્ણવો, ઓખાતણી ઉતપત્ય. ૨
શુકદેવ વળતું બોલિયા, તમે ભલી પૂછી વાત;
ઓખાની ઉત્પત કયમ હવી, કહું તમને સાક્ષાત. ૩
એકવાર ગિરિ કૈલાસથી, શિવજી તે મધુવન જાય;
ઉમયાજી ઘેર એકલાં, તેણે વિચાર્યું મનમાંય. ૪
શિવને દિવસ થાશે ઘણા, નંદી ને ભૃંગી સંગ;
સંતાન મ્હારે કાંઈ નહીં, તે માટે લ્યોને સંગ. ૫
શિવજી કહે કરજો પ્રગટ, ઇચ્છાથકી સંતાન;
તપ કરવાને જાઉં છું, ધરવાને હરિનું ધ્યાન. ૬
એમ કહીને શંકર ચાલ્યા, આવ્યા તે ગંગાતીર;
દૃઢ આસન વાળીને બેઠા, મનમાં રાખી ધીર. ૭
દિવસ કેટલા વહી ગયા, ને ચૈત્રમાસ તે આવ્યો;
પરસેવો ઉમયાને અંગે, થયો તે તો નવ ભાવ્યો. ૮
માર્જન કરવા ઇચ્છા કીધી, મલીન દીઠું અંગ;
સુગંધી તેલ કકડાવિયાં, જલ ઉષ્ણ મૂક્યું પ્રસંગ. ૯
પાર્વતીએ મન વિચારિયું, મંદીરમાં નથી કોય;
હું પુત્ર એક પ્રગટ કરું, જે દ્વાર આગળ જોય. ૧૦
પછે દક્ષિણ અંગથી મેલ ઉતારી, ઘડ્યું પુત્રનું રૂપ;
તેના હાથ પગ ને ઘુંટણ, પહાની, ટુંકડું અગસ્વરૂપ. ૧૧
ચતુર્ભુજ ને પ્રાંદ મ્હોટી, મ્હોટું તે મસ્તક સંગ;
કપોલ ગ્રીવા સુંદર શોભે, વિચિત્ર દીસે અંગ. ૧૨

તેના વામ કરમાં કમળ આપ્યું, બીજે બેરખો જાણ;
ત્રીજે હાથે જલકમંડલ, દક્ષિણ ફરશી પાણ. ૧૩
બાજુબંધ ને બેરખા, કુંડળ ધાર્યાં કર્ણ;
કટીએ શોભે મેખલા ને, ઘુઘરા બાંધ્યા ચર્ણ. ૧૪
તેને સર્પનૂં ઉપવીત આપ્યું, મોદિક આપ્યો આહાર;
મુષકનૂં વાહંન આપ્યું, ઉર સેવંત્રાનો હાર. ૧૫
તેનૂં ઘૃત સિંદૂરે અંગ ચરચ્યું, કાચાં કાંચનની પરિધામ;
પ્રતિહાર કરીને થાપીઓ, ગણપતિ ધરિયું નામ. ૧૬
મુખ વચન માતાજી બોલ્યાં, હું માર્જન કરું આ વાર;
કોઈ પુરુષ આવે આંગણે તો, રાખજે ઉભો દ્વાર. ૧૭
એકલો બાળક બારણે બીશે, વિચાર્યું મન માત;
એની પાસે જોડ હોય તો, બેઠાં કરે બેઉ વાત. ૧૮
વામ અંગથી મેલ ઉતારી, ઘડ્યું કન્યાસ્વરૂપ;
તેની શોભા શી વર્ણવું, શુકદેવ કહે શુણ ભૂપ. ૧૯
તેનૂં વદન પુનમચંદ્ર સરખું, નેન નિર્મળ જાણ;
નાસિકા શૂકચાંચ સરખી, દર્શન બીજ પ્રમાણ. ૨૦
તેના અધર અતિ ઓપે રાતા, કપોલ ગ્રીવ જોહ;
ભુજદંડ છે ગજસુંઢ સરખા, કુચ બીજોરાં તોહ. ૨૧
તેની જંઘા જાણે કદલી સરખી, ઉર ઉજ્જ્વળ અંગ;
તેના ચરણ જાણે પદ્મની, કેસરી કટીનો લંક. ૨૨
કર કંકણ ને મુદ્રિકા, કંઠે પુષ્પનો હાર;
કરણે ઝાલ ઝુમકે, પાયે નેપુરનો ઝમકાર. ૨૩
મસ્તકે ગુંથી રાખડી, કંઠે મુક્તાનો હાર;
અણવટ પગે વીછુવા, કટીમેખલા શણગાર. ૨૪
તેને ચણિયો ચોળી પેહેરાવિયાં, શિર ઘાટડી પરિધામ;
શુકદેવ કહે પરીક્ષિતને, તેનૂં ઓખા ધરિયું નામ. ૨૫
તેને ઢીંગલાં ને ટોલડી, કુંડલી કોથળી જોહ;
પાંચ કોડાં દાખડી વેલણ, રમવા આપ્યાં તોહ. ૨૬
કુંમકુમ ચંદન ચાંદલો, કાજળ સિંદુર સંગ;
તેલ તંબોલ ને નાડાછડી, કરી તે પૂજા અંગ. ૨૭

વલણ

કરી પૂજા અંગ સોહિયે, કુંવરી કન્યા જેહરે;
શુકદેવ કહે પરીક્ષિતને, એમ ઓખા પ્રગટી તેહ રે. ૨૮

કડવું ૬ ઠું–રાગ રામગ્રી

વળી વળી પૂછયું પરીક્ષિત રાયજી, શુકદેવજી કહેાને કથાયજી;
ઉમયા અંગથી ઉપની જેહજી, દૈત્ય પુત્રીતણેા સંદેહજી. ૧

ઢાળ

સંદેહ મ્હારા મનતણેા, તે ટાળીએ ઋષિરાય;
એ ભ્રાત ભગિની દ્વારે મૂઠી, રચ્યેા કુણ ઉપાય. ૨
ત્યારપુઠે શું થયું, મુને સંભળાવેાને એહ;
વિસ્તારીને વર્ણવેા, શુકદેવજી સર્વે તેહ. ૩
શુકદેવ વળતું બેાલીયા, તું સાંભળ રાજકુમાર;
ઉમયાએ ઓખાની પ્રત્યે, એમ કહ્યું તેણીવાર. ૪
હું મંદિરમાં માર્જન કરું છું, ત્યાં દીધી શીખામણ;
કેાઈ પુરુષ આવે આંગણે તેા, કરજે મુજને જાણ. ૫
એમ કહીને ગયાં ઘરમાં, ઉતાર્યું ઉષ્ણેાદક સાર;
ખાવનાં ચંદન ઘેાળીયાં તે, કનકપાત્ર મેાજાર. ૬
વસ્ત્ર આભુષણ તજીને, નહાય છે ઉમયા માત;
મેાકળે કેશે નેત્ર મીંચી, બેઠાં છે સાક્ષાત. ૭

રાગ મારુની દેશી

ઋષિ નારદજી તેણીવાર, હૂતા બ્રહ્મસભા મેાજાર;
ઋષિએ મન કર્યો વિચાર, હું તેા જાઉં ત્યાં નિરધાર. ૮
શિવ ઉમિયાને વઢવાડ, માંહેામાંહી કરાવું રાડ;
એવું વિચાર્યું ઋષિરાય, જ્યાં ઉમિયાજી બેઠાં નહાય. ૯
આવ્યા અંતરિક્ષથી ઋષિરાય, ત્યારે દીઠી પાર્વતીએ છાંય;
જાણે પેહેરું તે વસ્ત્ર સૂવેશે, રખે ઉઘાડું અંગરે દેખે. ૧૦
તે માટે શીરના કેશ, તેણે ઢાંકયું તે અંગ સુવેશ;
જોઈ ઋષિ નારદ સિધાવ્યા, શિવ પાસે ગંગાતટે આવ્યા. ૧૧
આવી બેાલ્યા શિવસું વાણી, મારી વાત સુણેા શૂલપાણી;
તમે ધરી બેઠા શું ધ્યાન, ઘેર પ્રગટયાં છે બે સંતાન. ૧૨

એવું સાંભળતાં તત્કાળ, ઉઠી અંગમાં મોટી જ્વાળ;
એવું કહિને ચાલ્યા છે મુન્ય, મહાદેવ હવા અતિ શૂન્ય. ૧૩
શિવ ઘરમાં પેસે જ્યારે, પેલે જોદ્ધે વાર્યા ત્યારે;
અલ્યા ચોરટો છે કે ભિખારી, નહાવા બેઠાં છે માત અમારી. ૧૪
માંહોમાંહી થયો સંગ્રામ, બેમાં કોઈ ન છાંડે ઠામ;
જટા સાહીને નાંખ્યા છે ઈશ, મહાદેવને ચઢી અતિ રીશ. ૧૫
ઢીકા પાટુ ને ગડદા સાથ, અન્યોઅન્ય ભીડી બે બાથ;
ધાયા ભૂત ભૈરવ વૈતાળ, રણે કોપ્યો ઉમિયાનો બાળ. ૧૬
ઘણું કોપ્યા શ્રીત્રિપુરારી, ગાજ્યા ગણપતિ બહૂ રીશ ધારી;
બેહૂ સરખા છે બલવંત, ઘણું કોપ્યા તે ઉમિયાના કંથ. ૧૭
કોપ્યા ગણપતિ તે બહુ અંગ, સર્વ સેનાનો કીધો ભંગ;
નાઠી સેના દેખી બળધીશ, કોપ્યા ગણપતિ કોપ્યા ઈશ. ૧૮
બેનું રૂપ ભયંકર ભાસે, દેખી મુનિવર નાવે પાસે;
જટા સાહીને નાખ્યા ઈશ, ત્યારે શિવને ચઢી અતિ રીશ. ૧૯

ઢાળ

જટીલ જોગી વ ભસ્મભોગી, દીસંતો અવધૂત;
આજ્ઞા વિના અધિકાર ન જાવા, જો હોય પૃથ્વીનો ભૂપ. ૨૦
વચન એવું સાંભળીને, કોપીયા શિવ રાય;
ત્રિશૂલ મારી શિર છેદિયું, જઈ પડયું ચંદ્રરથમાંય. ૨૧
આખા મનમાં ત્રાસ પામી, દેખીને દારુણ કર્મ;
માતાની પાસે કહેવા ન ગઈ, નવ લહ્યો આગળ મર્મ. ૨૨
મહાદેવ મંદિરમાં ગયા, ઝબકયાં તે ઉમિયા મંન;
નેત્ર ઉઘાડીને નિરખિયા, શિર કેશે ઢાંકયું તંન. ૨૩
વસ્ત્ર પેહેરીને થયાં બેઠાં, પૂછીયું શિવરાય;
બે બાલક તો બારણે મૂકયાં, કેમ આવ્યા મંદિરમાંય. ૨૪
શિવ કહે શિર છેદિયું, પેલો પુરુષ હૂતો જેહ;
સ્ત્રીહત્યા મેં નવ કરી, જીવતી તો મૂકી તેહ. ૨૫
એમ કહેતાં ઉમિયા પડ્યાં પૃથ્વી, બે શું કીધું શિવરાય;
અંગથકી ઉત્પન્ન કર્યાં, બે બાલક તમારાં થાય. ૨૬

હમણાં તે મારા પ્રાણ કહાડું, કાં જીવાડો એહ;
શિવ કહે શિર છેદીયું, જઈ પડયું પર્વત તેહ. ૨૭
એક મુરતમાંહી મસ્તક આણી, મેહેલો તે એને અંગ;
નંદી ભૃંગીને મોકલ્યા, જઈ જોયા પર્વતશૃંગ. ૨૮
મસ્તક તો લાધ્યું નહીં, એક હસ્તી દીઠો વંન;
એકદંત ને મહા ઉન્મત્ત, જઈ વિદારયું તંન. ૨૯
મસ્તક લઇને આવિયા, શિવ ઉભિયા કેરી પાસ;
મહાદેવે મસ્તક ચ્હોડીયું, વરદાન દીધું હાથ. ૩૦
મ્હારે હાથે દુઃખ જ પામ્યો, મુજ પેહેલો પૂજાય;
શુભ કામે સ્મરણ કરે, તેનં સિદ્ધ કારજ થાય. ૩૧

વલણ

વરદાન એવું આપીયું, શિવે તેણે ઠામરે;
પેહેલી પૂજા કરી પોતે, ગજવદન ધરિયું નામરે. ૩૨

કડવું ૭ મું-રાગ મારુ

ઉમિયા આવ્યાં તે મંદીર બ્હાર, નવ દીઠી તે ઓખા કુમાર;
મિઠાની કોઠડી હુતી જ્યાંહે, કન્યા નાશીને પેઠી ત્યાંહે. ૧
ઉમિયાને ક્રોધ ચડયો અપાર, ઓખાને શાપ દીધો તેણી વાર;
ત્યાર પૂઠે તે શું થાય, તેની કહું હવે કથાય. ૨

ઢાળ

શાપ પુત્રીને હવો, તે સાંભળો કહું રાય;
વરસ એક લગણ પુત્રી, રહેજે લવણની માંય. ૩
વચન એવું સાંભળીને, દુઃખ પામી મંન;
લવણ મધ્યે કોમળ કાયા, કેમ જાશે વરસ દંન. ૪
ગદગદ કંઠે ઓખા બોલી, દયા કરો મુજ માત;
અપરાધ કિંચિતમાત્ર છે, તેમાં આવડી શી ઘાત. ૫
મેં શાપ તમારો શીશ ચડાવ્યો, અનુગ્રહ કેમ થાય;
માતા કહે મહિમા વાધશે, તારો મૃત્યુલોકની માંય. ૬
પછે પાર્વતીજીએ પ્રેમ આણી, કહ્યો માસ જ એક;
વરસ આંધે ઉત્તમ કહિયે, ચૈત્ર માસ વિશેક. ૭
તે માસે તે લવણ કેરો, કરે સંગ્રહ જેહ;
પાર્વતીજી પુત્રીને કહે, તે દુઃખ પામે દેહ. ૮

ચૈત્ર માસે વ્રત અલૂણું, કરે જે સ્ત્રીજંન;
સંસારનાં સુખ ભોગવે, પામે પુત્ર કલત્ર ને ધંન. ૯
ચૈત્રફેરા દિન ત્રીશે, અંન અલૂણું ખાય;
માતા કહે સત્ય જાણજો, તે સ્વર્ગવાસી થાય. ૧૦
માતા કહે મહિમા કહું, એવો ચૈત્ર નિર્મળ જાણ;
એક માસ અલૂણું ન કરે, તેનું મિથ્યા જીવ્યું જાણ. ૧૧
વ્રત કરીને દાન કરવું, લવણફેરું જેહ;
આખ્યાન સાંભળે પાતક જાયે, નિર્મળ થાયે દેહ. ૧૨
પાંચ દહાડા પાછલા, વ્રત કરે સ્ત્રી જંન;
કરે ભોજન લવણ પાખે, એક ઉજાગળ અન્ન. ૧૩
હું શાપમોચન તુજને કહું છું, આખાને કહે છે માય;
શ્રી ભગવાનકુલમાં વર થશે, તે ગ્રહશે તારી બાંય. ૧૪
સર્વે દોષ ટળશે તેથકી, સાંભળ ઓખાબાઈ;
સંતોષી એમ એ સર્વે કહી, આનંદ પામ્યાં સહી. ૧૫
પછે ઓખા લવણમાં પેઠી, શાપ મટાડવા કાજ;
શુકદેવ કહે પરીક્ષિતને, કહું બાણાસુરનું કાજ. ૧૬

વલણ

કથા કહું તે સાંભળો, ધરીને એક ધ્યાનરે;
તે પછી શું નીપન્યું, વિસ્તારું રાજન રે. ૧૭

કડવું ૮ મું–રાગ વેરાડી

એક સમે ચંડાલણી, ઉભી રાજદ્વાર;
વાસીદ વાળી કરી, કીધું ઝાકઝમાળ. એક સમે–ટેક.
રાજા તે સૂતા ઉઠીયા, અતિ પ્રાતસકાળ;
મુખ આડી સનમાર્જની, રાખીરે ચંડાળ. એક સમે.
તે જોઈ બાણાસુરે પૂછિયો, સાંભળો વિસ્તાર;
મુખ આડી સનમાર્જની, કેમ રાખી તેં નાર. એક સમે
ચંડાલણી કહે રાયજી, સાંભળો મહારાજ;
વહાણામાં મુખ કેમ દાખવું, જાણી કીધી મેં લાજ. એક સમે.
રાજા કહે સત્ય બોલ તું, નહિકર દેશુંરે દંડ;
શા માટે આડી ધરી, સનમાર્જની રંડ. એક સમે.

વળતી ચંડાળણી એમ વદે, સાંભળોરે ભૂપાળ;
સાચું બોલું છું હું હવે, રખે દેતારે ગાળ. એક સમે.
પ્રાતસમે જોવું નહીં, વાંઝીયાનું વદંન;
તમારે કાંઈ છોરું નથી, સાંભળોને રાજંન. એક સમે.
તે માટે સનમાર્જની, આડી કીધી મેં રાય;
સાચું બોલી છું જે ઘટે, તેવો કરજોરે ન્યાય. એક સમે.
રાજાએ સત્ય માન્યું સહી, નવ કીધોરે ક્રોધ;
રાજ મૂકી કૈલાસે ગયો, બાણાસુર જોધ. એક સમે.
તપ કરવા વેગે ગયો, દૃઢ રાખી વિશ્વાસ;
ધ્યાન ધર્યું મહાદેવનું, મુને પુત્રની આશ. એક સમે.

કડવું ૯ મું—રાગ મારુ

તેણે સમે રાણી કહેવારે લાગી, જોઈ રાજાનું રૂપ;
બાણુમતી એમ બોલીયાં, રાય થયો વૃક્ષસ્વરૂપ. ૧
રાય એ વરને શું લાવીયા, તમારી કોણ આવશે સંગ;
અપત્ય સે નવ લાવીયા, હૂં દૂલાવત ઉછરંગ. ૨
બાણુમતી દુઃખ પામી કહે, બહુ બળતણું શું કામ;
સંતાન મ્હારે કાંઈ નથી, શિર વાંઝીયાનું નામ. ૩
રાયે રિધસિધ ત્યાગ કીધી, ચાલીયો વનમાંહે;
કૈલાસ ગિરિએ આવીયો, બેઠા છે શિવજી જ્યાંહે. ૪
તાતને ચરણે લાગીયો, તવ પૂછયું શિવરાય;
સંતાન મ્હારે કાંઈ નથી, કાંઈ પુત્ર પુત્રી થાય. ૫
ત્યારે પાર્વતીજી બોલીયાં, મારે પુત્ર એક ગણેશ;
તે તો આપ્યો જાય નહીં, ત્રિલોકનો દેવેશ. ૬
અપત્ય કો આપે નહીં, જે પોતાનું સંતાન;
તેંત્રીશ કોટીએ પૂજા કરી, મૃત્યુલોકમાં માન. ૭
દેવ દૈત્યમાં પ્રીત ન હોયે, પિતા પુત્ર ન થાય;
વચન એવું સાંભળી, મન ઝાંખો થયો છે રાય. ૮
પછે ઉમાએ શિવને કહ્યું, પુત્રી લવણમાં છે જેહ;
તેને ત્રીશ દહાડા થયા પૂરા, આપોને પુત્રી તેહ. ૯
ત્યારે પુત્રી કહેવા લાગી, સાંભળો મુજ માત;
કૈલાસે હૂં કયારે આવું, સત્ય કહોને વાત. ૧૦

ફાગણ વદ તૃતીયાને દીવસ, તું આવજે મુજ પાસ;
ગોર કરીશ જો પુત્રી મ્હારી, તો પૂરીશ તારી આશ. ૧૧
તે ભરયું ભાજન લઇને ચાલ્યો, વલણ મધ્ય કુમાર;
માથે ચડાવી થયો મારગ, આવ્યો નગર મોજાર. ૧૨
પછે ભાજન ભાંગીને કન્યા કહાડી, દીઠું સુંદર રૂપ;
પંચામૃતે પખાળી કરી, શણગાર સજાવ્યા ભૂપ. ૧૩
ભાટ ચારણ ગણ ગાંધર્વને, ત્યાં આપીયાં બહુ દાનઃ
તરીયાં તોરણ બાંધીયાં, જાણે પુત્રી પુત્ર સમાન; ૧૪
ગજે બેસાડી નગર મધ્યે, ફેરવી લાવ્યો રાય;
વાજીત્ર વાજે અતિ ઘણાં, વળી બંદી જશ બહુ ગાય. ૧૫
શુકદેવ કહે પરીક્ષિત સુણો, પહેલી દેવકન્યા રાય;
સંદેહ મનનો ટાળીએ, પછે દૈત્યપુત્રી થાય. ૧૬
નિત્ય રાજસભામાં બાણ બેસે, ધરે બહુ અભિમાન;
એવું જોઇને બોલિયો, કૌભાંડ જે પરધાન. ૧૭
ગર્વ ન કીજે રાયજી, કાંઈ મન વિચારી જોય;
પાંચ દહાડા પુરુષને, કાંઈ છાયા ફરતી હોય. ૧૮

વલણ

છાયા ફરતી પુરુષને, સરખી સદા ન હોયરે;
ગર્વ કદી નવ કીજીએ, માનો રાજા સોયરે. ૧૯

કડવું ૧૦ મું–રાગ સામેરી

બાણાસુર નૃપ બોલ્યર્યો, દેશું તે કન્યાદાન;
તેને પુણ્યે પામશું, ફળ કોટી યજ્ઞ સમાન. ૧
આકાશ વાણી એમ હવી, સાંભળજે રાય નિરધાર;
પુત્રી ઇચ્છાવરે પરણશે, કારણરૂપ કુમાર. ૨
ત્યારે રાજા વિસ્મય પામ્યો, છે કાંઈ કારણ વાત;
આકાશ વાણી એમ હવી, કાંઈ વરતશે ઉત્પાત. ૩
શુક્રાચાર્યને તેડીયા, પ્રશ્ન પૂછ્યું રાય;
આકાશ વાણી સુણીને, મને ચિંતા મન બહુ થાય. ૪
જન્મપત્રિકા કરો એહની, અશુભ ગ્રહ જે હોય;
તેને હું કરું પાધરા, કર મૂછ વાલ્યો સોય. ૫

શુક્રાચાર્ય જ બોલીયા, એ બળતણું નહિ કામ;
વિચારીને જોને રાજા, મનમાં મોટી હામ. ૬
તેં ભવિષ્ય ટાળ્યું નવ ટળે, સહુ જે આડે આંક;
નિમિત્ત કો છૂટે નહીં, ત્યાં ગ્રહતણો શો વાંક. ૭
જન્મપત્રિકા કરી એહની, સાંભળ રાજકુમાર;
એ કન્યા જ્યારે પરણશે, ત્યારે વરતશે હાહાકાર. ૮
મન વિચારી રાજા બોલ્યો, શુક્ર પ્રત્યે એમ;
એ કન્યા નવ પરણાવું, એ વાતનો મારે નેમ. ૯

વલણ

નિયમ મારે એ વાતનો જે, પરણાવવાનો હું નહીં;
વિપ્ર પ્રેમાનંદ કહે ઓખાને, માળિએ ચઢાવીએ સહી. ૧૦

***સાખી**

એમ કહિને માળીએ, રાખી ઓખાબાઇરે;
રખવાળો બહુ મૂકીયા, સુણો પરીક્ષિત રાયરે. ૧૧

કડવું ૧૧ મું-રાગ લલિત

ઋષિ કહે સુણ રાય અનુભવી, એક કથા મધ્ય બીજી નવી;
બાણાસુર વર પામીને વળ્યો, તે એકલો મૃગીયાએ પળ્યો. ૧
મહા વનમાં ગયો રાય બાણ, સારંગને કર્યો સાવધાન;
મૃગીયાએ ગયોરે વનમાં તાત, ઓખા ચિત્રલેહાયે જાણીરે વાત. ૨
ચિત્રલેહાને કહે ઓખાય, ચાલો સહિયર પૂજીયે ઉમિયાય;
ચંદન પાત્ર કુસુમનારે હાર, શ્રીફળ ફોફળ મૂકયાં સાર. ૩
નૈવેદ્ય બીજોરાં ને શર્કરા સાર, પૂજા થાળ ગ્રહી કર નાર;
ઉપહાર લઈ ચાલ્યાં સતી, મનમાં વિરહની થઈ ચટપટી. ૪
ગંગા નહાવા ગયાં ઉમિયા માત, તે ઓખા ચિત્રલેહાએ જાણી વાત;
સંગાથે લીધી સહસ્ત્ર જ સખી, બાંધી આયુધ અબલા અંગરખી. ૫
મદને ઘેલી બન્યો રે જતી, થઈ છે ઉદય ભાગ્યની રતી;
જઈ પાર્વતીને લાગ્યાં પાય, મસ્તકે કર મૂકયો ઉમિયાય. ૬
લીધું ચરણામૃત અંજલિ ભરી, ષોડશોપચારે માની પૂજા કરી;
કુસુમહાર કંઠે ધરાવતી, અગર ધૂપે કરી આરતી. ૭

---

* બે પ્રતમાં આ સાખી છે, ને બેમાં નથી છતાં આપી છે

પૂજા કરી ફરી લાગ્યાં પાગ, વદે દેવી દીકરી વર માગ;
કન્યા કહે રૂપ કંદર્પ ક્રોડ, એવા વરની માગું જોડ. ૮
ઉમયા કહે માગ્ય બીજી વાર, તોએ તેણે માગ્યો ભરથાર;
ત્રીજી વાર કહ્યું માગ્યે ફરી, આપો સુંદર સ્વામી ઓચરી. ૯
દેવી કહે વરદાન હશે ખરાં, જા કન્યા પરણે ત્રણ વરાં;*
ઓખા કહે કર્મે દઈ હાથ, ત્રણ નાથ તે મહા ઉત્પાત. ૧૦
મેં પૂજ્યાં તમને સ્વારથ, એમ પરણે લોકમાં હસારથ;
દેવી કહે ટાળું સંદેહ, ત્રણવાર પરણીશ તેનો તેહ. ૧૧
શુભ સ્વામી ઇચ્છે જો તરત, તો જઈ કરજે અલૂણું વરત;
કુંવરિ કહે કંથનું શું જાણુ, વ્રત કરવાનું કુણ એંધાણ. ૧૨
દેવી કહે તેની ચિંતા કશી, વૈશાક સુદી દ્વાદશી;
ભોગવશે સ્વામી અંગ તુજતણું, મધ્ય રાત્રે આવશે સ્વપનું. ૧૩
તુજને વ્હેમ ઘણો વ્યાપશે, ચિત્રલેહા આણી આપશે;
ગયાં ઉમિયાજી કરુણા કરી, ઓખા પધાર્યાં મંદિર ભણી. ૧૪
મૃગીયા રમીને આવ્યો તાત, પુત્રી વર પામ્યાની જાણી વાત;
ચિન્તા ચિત્તમાં થઈ છે ઉદે, ભય દાવાનલ પ્રગટ્યો હૃદે. ૧૫
વિચાર ઉપન્યો અંતર ઘણો, વડ સસરો જે પુત્રીતણો;
તે સગાઈ કાંઇએ નહીં ગણે, નિશ્ચે મ્હારા ભુજને હણે. ૧૬
પુત્રી ઘડપણ પાળે શુંય, માટે ઓખાને મારું હુંય;
જ્યારે નાશ પામે ઓખારે બાઈ, નહીં વેવાઈ ને નહીં રે જમાઈ. ૧૭
વેવાઈ હોય તો છેદે પાણુ, માટે ઓખાને મારું નિર્વાણ;
ભૂપતિ ક્રોધાતુર જ થયો, નગ્ન ખડ્ગ ખેંચીને ગયો. ૧૮
જ્યાં પુત્રીને મારવા જાય, ત્યાં આવ્યા ઋષિ નારદ રાય;
નારદ કહે રાય ખડ્ગ જ ધરી, ક્યાં ચાલ્યા તમે ક્રોધ જ કરી. ૧૯
રાજા કહે છે માંડીને વાત, જાઉં છું પુત્રીની કરવા ઘાત;
ઋષિ કહે સાંભળ ભૂપાળ, શું કરે પુત્રી ન્હાનું બાળ. ૨૦
તુજને લાગશે સ્ત્રીહત્યાય, માટે કરોને એક ઉપાય;
આપણુ બાળકને પરણાવીએ કાંય, રાખ્ય કુંવારી પરણાવીશ માંય. ૨૧
નહીં જમાઈ વેહેવાઈ કોય, પછે તારે શી ચિંતા હોય;
ગયા નારદ એવું કહી, બાણે બાળકી મારી નહીં. ૨૨

* વાર

ઢળાવ્યું શીશું દૈત્ય નરેશ, ન હોય ઘરમાં પવન પ્રવેશ;
દશ સહસ્ર ભૂકયા રખવાળ, મેડી ઉપર ચઢાવી બાળ. ૨૩
પાસે મૂકી બાળ સનેહ, વિધાત્રી નામે ચિત્રલેહા તેહ;
જોઇએ અંન વસ્ત્ર ને પાણી, બાંધી દોરીએ લીએ છે તાણી. ૨૪
રહી સખી બે મનમાં મોદ, બાઈ પી કરે હાસ્ય વિનોદ;
ઉપજે કામ દઢ મન રાખતી, ઘણું દોહ્યલા દહાડા નાખતી. ૨૫

વલણ

નાખતી દિવસ દોહ્યલા, સાંભળ પરીક્ષિત ભૂપરે;
એમ કરતાં ઓખાને આવ્યું, વર વરવાનું રૂપરે. ૨૬

કડવું ૧૨ મું—રાગ ગોડી

વર વરવાને જોગ થઈ, પ્રગટયાં તે સ્ત્રીનાં ચેનજી;
ઓખા કહે છે ચિત્રલેહાને, એક વાત સાંભળને બેનરે;
સૈયર શૂરે કીજે, મારી બેનીરે, દહાડલા કેમ લીજે.–ટેક. ૧
જમપેં ભૂંડું મ્હારું જોબનીયું ને, મદ પૂરણ મુજ કાયજી;
પિતા તો પ્રીછે નહીં, મારો કુંવારો ભવ કેમ જાય રે. સૈયર. ૨
સહુકો સાસરે જાય ને આવે, સૈયરો મુજ સમાણીજી;
હું અપરાધ વણ ઘણુંરે પિડાણી, આંખે ભરું નિત્ય પાણી રે. સૈયર. ૩
એરે દુઃખે હું દુબળી, મુને અંન ઉદક નવ ભાવેજી;
આ અવાસરૂપી શૂળીરે સહેવી, નિદ્રા તે કેઈ પેરે આવે રે. સૈયર. ૪
ધન્ય ધન્ય તે કામની, જેણે કંથને કંઠ ગ્રહી રાખ્યોજી;
હું અભાગણીએ પરણ્યા પીયુનો, અધરસુધારસ ન ચાખ્યો રે. સૈયર. ૫
મર્યાદા સહીત માટે માણસ, કરે આંખ્યનો અણસારોજી;
તે સુખ તો મેં સ્વપ્ને ન દીઠું, વ્યર્થ ગયો જન્મારોરે. સૈયર. ૬
સ્વામી કેરો સંગ નહીં નારીને, એથી બીજું શું નરતૂજી;
હવે આશા શી પરણ્યાતણી, મારું જોબન જાયે ઝરતૂંરે. સૈયર. ૭
બીજી વાત રુચે નહિ, ભરથારભોગમાં મગંનજી;
ઇહાં વર આવે તો તરત વરું, નવ પૂછું જોશીને લગંનરે. સૈયર. ૮
વચન રસીક કહેતાં કરુણાભેર, આવે લટકતી ચાલેજી;
પ્રેમ કટાક્ષે પીયુને બોલાવે, તે હૃદિયા ભીતર સાલેરે. સૈયર. ૯
મરકલડે મુખે ને મધુરે વચને, મર્યાદા મન આણીજી;
શાક પાક મેં પીયુને ન પીરસ્યાં, આવો પાલવ તાણીરે. સૈયર. ૧૦

એવાં સુખ મેં નયણે ન દીઠાં, મારું કર્મ અતિ કઠોરજી;
જન્મ મારો એળે ગયો, જેમ વગડાનૂં ઢોરરે. સૈયર. ૧૧
જલ વિના જેવું માનસરોવર, ચંદ્ર વિના નિશા જેવીજી;
એમ કંથ વિનાની કામિની, હું અભાગણી તેવીરે. સૈયર. ૧૨
અરણ્યમાં જેમ વેલી ફૂલી, ત્યાં નહીં ભોગી ભમરજી;
તેમ વપૂવેલી જોબન ફૂલ્યું, ન મળ્યો ભોગી વરરે. સૈયર. ૧૩
જળ વિના જેવી વેલડી, લવણ વિના જેમ અન્નજી;
ભરથાર વિના જેમ ભામિની, તેને દોહ્યલા નાખવા દંનરે. સૈયર. ૧૪
એમ સૂખ હું મિથ્યા ગણું છું, હું તો લેવાઈ મારે પાપેજી;
આ બંધોગીરી કરમે કીધી, શૂળિયે ચઢાવી બાપેરે. સૈયર. ૧૫
અકળ ગતિ છે ગોવિંદજીની, શૂં નિપજશે એનીજી;
ગોવિંદજીનૂં ગમતૂંરે થાશે, મનહું મારું રહે નહીરે. સૈયર. ૧૬

વલણ

મન મારું રહે નહીં, વિરહવહ્નિ થયો ઉદરે;
એમ વલવલતી ઓખાને દેખિ, ચિત્રલેહા વાણી વદેરે. ૧૭

કડવું ૧૩ મું-રાગ મેવાડાની દેશી

શીખામણ દે છે ચિત્રલેહા જોને, તૂં તો સાંભળ બાળ સનેહા જોને;
એમ છોકરવાદી નવ કીજે જોને, બાઈ બળિયા બાપથી બ્હિજે જોને.
એવું નીચ સમજવું તોરું જોને, આપણ મ્હોટાં માબાપનાં છોરું જોને;
એમ લાંછન લાગે કુળમાં જોને, પ્રતિષ્ઠા જાએ એક પળમાં જોને.
કીજે કહ્યું હોય જે તાતે જોને, નવ જઈએ બીજી વાટે જોને;
હૂં તો રહિ છું રક્ષા સારું જોને, એની તૂં માણસ નહીં વારુ જોને.
મેં ન થયું તારું રક્ષણ જોને, બાઈ તુજમાં પ્રગટ્યું અપલક્ષણ જોને;
તૂંમાં કામકટકદલ પ્રગટ્યું જોને, હવે મારે રહેવું નથી ઘટતૂં જોને.
જોને રાય બાણાસુર જાણે જોને, અંત આપણ એનો આણે જોને;
મંત્રી દુઃખદાયક છે વળતી જોને, હું તો ભુંડી કહેવાઉં તુંજ મળતી જોને.
મારા સમ જોને તું કરે મન વ્યગ્ર જોને, એમ સ્વામી ન પામીએ શીઘ્ર જોને;
થાકે ડગલાં ન ભરીએ લાંબાં જોને, ઉતાવળે ન પાકે આંબા જોને.
હૂં પ્રીછી કામનૂં કારણ જોને, એની રાખ્ય હૈયામાં ધારણ જોને;
પિયુને મળવું કોને નથી ગમતૂં જોને, સઉને જોબન હીડે છે દમતૂં જોને.

તૂંમાં જ્ઞાન અકલ નથી અર્થ જો, કારાગૃહમાં તે કયાંથી કંથ જો;
મારી ઓખાબાઈ સબૂણાં જો, તમે વ્રત કરોને અલૂણાં જો.
આવ્યો ચૈત્ર માસ એમ કરતાં જો, પછે ઓખાજી વ્રત આચરતાં જો;
અલવણ અન્ન જમી દિન ખુવે જો, દીપક બળે ને ભૂમિએ સુવે જો.
માત ઉમિયાને આરાધે જો, દેહદમન કરે મન વાધે જો;
થયું પૂરણ વ્રત એક માસે જો, કોણ જાણે એકાંત અવાસે જો.

વલણ

અવાસ એક સ્થંભ વિષે, વ્રત કીધું ઓખાયરે;
થયો સ્વપ્નસંજોગ સ્વામીનો, તે ભટ પ્રેમાનંદ ગાયરે.

કડવું ૧૪ મું–રાગ કેદારો

નાથ વિના હું એકલી, કેમ કરીને રહેવાય;
કામજ્વર પ્રગટ થયો, જ્વાળા કેમરે સહેવાય. નાથ વિના૦ ટેક.
માતપિતા વેરી થયાં, જેણે દુઃખમાં નાખી;
વાંક વિના વિપત ઘણી, આ શૂળીએ રાખી. નાથ વિના૦ ૧
મારો હરખ રહ્યો હૈડા વિષે, રંડાપો વળગ્યો;
કંથ વિજોગ છે દોહ્યલો, પ્રાણજીવન અળગો. નાથ વિના૦ ૨
શણગાર સજીને હું શું કરું, દેખાડું કોને;
સેજ બિછાવી સ્વામી વિના, જોઉં કોનો મોંને. નાથ વિના૦ ૩
ઉજડ વનમાં હું રહું, નહી કોને જોઉં;
તસ્કરની જેમ માતને, કોઠીમાં રોવું. નાથ વિના૦ ૪
મારી દિન દિન કાયા દૂબળી, સૈયર શું કરીએ;
કંથ વિજોગ છે દોહ્યલો, ફાટીને મરીએ. નાથ વિના૦ ૫
હોયે સૂખ ઘણું પીયર વિષે, તોયે આછું આવે;
ભાઈ ભોજાઈ મેણાં દીએ, નઠારી કહાવે. નાથ વિના૦ ૬
કોનો રે પીયુ મેં પરભવ્યો, પેલા ભવનીરે માંહે;
તે દૈવે મુને દંડ દિધો, આવી આ ભવ માંહે. નાથ વિના૦ ૭
રાત વેરણ થઈ માવરી, નહીં વહાણું વાયે;
પ્રેમાનંદ પ્રભૂ જો મળે, તો સુખડું થાયે. નાથ વિના૦ ૮

કડવું ૧૫ મું–રાગ કેદારો

શુકદેવજી વાણી વદે, ઓખા ભરી છે પૂરણ મદે;
વૈશાખ સુદી દ્વાદશી હૂતી, સ્વામી સ્વામી કરતી સૂતી. ૧

સુખે નિદ્રા કરે છે બાળ, તન તમ ઉઠે : વ્રેહજ્વાળ;
વ્રેહની જ્વાળાનો તાપ ન સમે, ઘણા દોહ્યલા દિવસ નિર્ગમે. ૨
સમય સંજોગ સૂર્યને અસ્તે, કુચમર્દન કરે છે સ્વહસ્તે;
અધર કરડે ચુંબન દે ઘેલી, બેઉ ચરણ હૃદેપર મેહેલી. ૩
લડથડતી આવે હીંડી, ચિત્રલેહાને પાડે ભુજ ભીડી;
સૂતાં સજ્જાએ એકઠાં વળગી, સૈયરને ન કરે અળગી. ૪
પર્યંકે પ્રેમદા રમે, એમ આળે નિશા નિરગમે;
કાંઈ લખીત વાત છે ભાવી, જુગ્મ કામિનીને નિદ્રા આવી. ૫
આખા ઊંઘમાં ન જાણતી હૂતી, સખીની સેજે જઇને સૂતી;
તેને થાવા ન દે ઉપરાંટી, અન્યોઅન્ય ભરાવે આંટી. ૬
સુતી સ્વામી સ્વામી કરતાં, થાવા લાગ્યાં સ્વમાંતર ત્યાં;
થઈ સ્વપ્ને એખા આનંદી, વર મળ્યો છે વ્રેહનો કંદી. ૭
મંડપ મનુષ્યે ભરાયો ખચખચી, દીઠી નૌતમ ચોરી રચી;
એક સ્વામી તે રૂપે રસાળો, તેની સાથે મળ્યો હથેવાળો. ૮
ચાર મંગળ ફેરા ફરિયાં, કંસારનાં ભોજન કરિયાં;
દાસી ગીત ગાયે છે વરણી, એખા પીયુજીશું ઉઠી પરણી. ૯
લાયક સ્તંભ પોતાની મેડી, ત્યાં પિયુજીને લાવ્યા તેડી;
પીળી પાઘ ને વાઘો લાલ, શીર તોરો છે ફૂલ ગુલાલ. ૧૦
શોભે ભૂષણ તે નવરંગ, હાથે મીંઢળ શોભે અંગ;
બેઠાં શય્યાએ શ્યામા ને સ્વામી, એવું સ્વપ્ન તે પ્રેમદા પામી. ૧૧
વાધ્યો વામાને વ્રેહનો રોગ, સ્વપ્ને પામી સુખ સંભોગ;
નાથ બોલાવે કરી આદર, પ્હોંતી શામાની સાદર. ૧૨
રતિસંગ્રામ કરે છે નિઃશંક, ગ્રહી અધરે દેતી ડંખ;
ટુટ્યો હાર વછુટી મેખલા, રમે રતિ સુખ આસન કળા. ૧૩
સ્વપ્ને નારીને મળીઓ નૃપ, કન્યા ખલીત થઈ કંદર્પ;
ભાંગી નાખ્યો તે ભોગનો ભેદ, ઉપન્યો અમૃત પરસ્વેદ. ૧૪
મધૂરી બોલે જંતરણી, એમ મ્હોડે વાત અંતરની;
સ્વપનામાં રજની જાગે, તે તો કન્યાને રહું લાગે. ૧૫
મનમાંહી તે મન ગયું પેશી, ભાવું ભાખું તે એકઠાં બેશી;
બિડી અરધી કરડી નાથે, આપી બોખાજીને હાથે. ૧૬

ખાતાં મુખ મરડયું બિડી ખોટી, પિયુને રીસ ચઢી પ્રીત ખોટી;
અનિરુદ્ધ વિમાસે મંન, ચિત્ત ભાગ્યું વિચાર ઉત્પંન. ૧૭
કહે મુજ કુલ ખોઈ લાજ, રખે જાણે શ્રી મહારાજ;
હું તો થઈ ગયેા કામી અંધ, પરનારી સાથે શેા સંબંધ. ૧૮
એમ વિચારે ભરથાર, વિરહાતૂર બાણકુમાર;
પતિને જોઈ મોહજ પામી, પછે વિરહની વેદના વામી. ૧૯
બિડી પાનની અરધી કરડી, બાકી મન વિના મુખ મરડી;
ભરથારને ભ્રાંત જ આવી, સેજેથી નાથ ગયેા રીસાવી. ૨૦

વલણ

રીસાવી ગયેા રમણ કરતાં, સ્વમાંતરની વાતરે;
ઓચિંતી ઉઠી ઓખા જાગી, સાચે માંડ્યો આંસુપાતરે. ૨૧

કડવું ૧૬ મું–રાગ સામેરીની સાખી*

સામેરી સજન વળાવિયેા, તાતી વેલું માંહે;
હું ન સરજી વાદળી, પિયુને પળ પળ કરતી છાંયરે. ૧
સાહેલી સાગર ઉલટ્યો, રતન તણાયાં જાય;
કરમ હીણેા ભરે મૂંઠડી, તેના શંખલે હાથ ભરાયરે. ૨
સેજે સુતાં સ્વપ્નેા ભયેા, પિયા ગૃહી મેારી બાંહે;
ઓચિંતા ઝબકી ગઈ, પીયુ ન દેખું સાંહેરે. ૩
સુઉં ત્યારે પિયુ સાંભરે, જાગું તેા પિયુ નાય;
રેન કે સ્વમાંતરે, કયું જિઉં મેારી માય. ૪
સ્વપ્નામેં પિયુ આવીયા, ઉંઘે લાગેા ધાય;
બલિહારી એ સ્વપ્નકારે, મત સ્વપ્ના હેા જાયરે. ૫
સ્વપ્નાને તેારા કહા કીયા, મત જગાવે મેાય;
જો મેરા પિયા ના મીલે, તેા મેં મરુંગી સેાયરે. ૬

રાગ સામેરી

જાગી જાગીરે રામા રસભરી, તપાસે સેજલડી ફરી ફરીરે.–રામા. ટેક.
ઉઠીને સજ્જાપર બેઠી, વિચાર વિષે પેઠીરે;
ચતુરાં ચક્ષુને ચેાળીને જેતી, પછે નેત્રે નિર ભરી રેતીરે. રામા. ૧

* જૂદી જૂદી ચાર પ્રતેામાં આ સાખીઓ જોવામાં આવી, તેાપણ એ પ્રેમાનંદની રચેલી હશે, એમ ખાતરીથી કહી શકાય નહિ.

51626

ભુજ દઇને લલાટેરે બેઠી, વિરહભરી છે બાળીરે;
થરથર ધ્રુજે ને કાંઈ નવ સૂઝે, રુવે છે આંસુડાં ઢાળીરે. રામા. ૨
મુખે કરડે છે આંગળી, મેં વણસાડયું થોડાને કાજેરે;
મેં મુઈ મોહોડું મચકોડયું, બિડી ન ખાધી તે દાઝેરે. રામા. ૩
લડથડતી ચાલે ન પાલવ ઝાલે, ભમર ભોળી ભાળેરે;
કરે સ્વામીને સાદ સંભારી, નૈણે તે આંસુડાં ઢાળેરે. રામા. ૪
ધમ ધમ ગઈ નારી, તપાસી બારી, દિઠી તે ભોગળ ભીડીરે;
જોઈ ચારે ખુણે, ને મસ્તક ધુણે, વિલપે વિજોગની પીડીરે. રામા. ૫
કરે કાલાવાલા, મનોરથ ઠાલા, ઠણઠણતી દે છે સમરે;
તમારે હસવું, મ્હારે રોઈ મરવું, ધીરજ રાખું કયમરે. રામા. ૬
આપી સંભોગ સુખ, પછી દેવું દુઃખ, મારી નિર્બળ કર્મની રેખારે;
અતીશે માતાણો, દયા મન આણો, તમને બાપના સમ ઘો દેખારે. રામા. ૭
જુઓ પ્રીત તપાસી, હું છું દાસી, દંડ ઘો અપરાધ સારુરે;
કરો સ્નેહ, કે વ્હાલા તજું દેહ, અતિ ઘણું તે નહીં વારુરે. રામા. ૮
મિટે મિટ માંડો, ને ખટપટ છાંડો, ન બોલો તો કંઠ નાખું વહાડીરે;
બીડી મોટે થયાં મન બાટાં, કહો તો મુખના તંબોળ લઉં કહાડીરે. રામા. ૯
અરે નાથજી ન જઇએ હાડે, રાડ તે ફોગટ ફાંસૂરે;
અમોપર ન આવે દયા, દેખી મારી આંખડીએ આંસૂરે. રામા. ૧૦
અનેક ઉપાય કીધા કન્યાએ, ન બોલ્યો નાથ આશા ભાગીરે;
વદે વિપ્ર પ્રેમાનંદ, થઈ ગતિ મંદ, પછે બોખા તે રોવા લાગીરે. રામા. ૧૧

કડવું ૧૭ મું–રાગ રસિક મહ્લાર

મારો પીયુ પરદેશી થઈ રહ્યો, રિસાણ્યો ભરથાર;
રત્ન આણ્યુંતું હાથમાં, રાખી ન શકી આણીવારરે. મારો. ૧
હવે દોષ દેવો શો કર્મને, હાસ્યમાં થયું કલ્પાંત;
મેં તો મરકલડે મુખ ફેરવ્યું, મારા નાથને પડી છે ભ્રાંતરે. મારો. ૨
હવે વહેલા પધારોને નાથજી, મ્હારું હૃદય ફાટીરે જાય;
સુખસાગર વહી ચાલીયો, જોબન તણાયું જાયરે. મારો. ૩
વ્યાકુળ મન કન્યાતણું, કેશ છુટા છે ચારે દીશ;
હાથ ઘસે કલ્પાંત કરે, હવે શું થાશે જગદીશ. મારો. ૪
પેલે ભવે કર્મ શાં કર્યાં, પાપી પતિ વિજોગની જ્વાળ;
હુંશ રહી હઇડા વિષે, રંગમાં ડશીયોરે વ્યાળ. મારો. ૫

ચો દિશા ભાળે ભામિની, ઓચિંતા ઘો દરશંન;
ઉઠે બેસે અવની પડે, જેમ જળ વિના તલપે મીન. મારો. ૬
એમ રુદન કરે સુંદરી, જાગી ચિત્રલેહા તત્કાળ;
તેણે હૃદિયા સાથે ચાંપીને, ચુંબન લીધું ગાલ. મારો. ૭
તાત તારો જે જાણશે, આપણ બેનો આણશે અંત;
સાચું કહેને મારી બેનડી, તેં શું દીઠું સ્વપંન. મારો. ૮

વલણ

ઓખા કહે સુણ બેનડી, મુને ભાવ ન લગારરે;
ભટ પ્રેમાનંદ એમ કહે, પ્રાણ લાવતાં શી વારરે. ૯

કડવું ૧૮ મું–રાગ વેરાડી

આશા ભંગ થઈ ભામિની, રુવે સ્તુતિ કરે સ્વામીની;
ચિત્રલેહા ભણી તે ગઈ, ઉઠ બેનિ તું શું સૂઈ રહી. ૧
છે ચતુર કૌભાંડ કુમારી, પૂછે વાત સકળ વિસ્તારી;
ચિત્રલેહા કહે સુણ બાળી, કેમ રુવે છે આંસુડાં ઢાળી. ૨
જાગિ સૈયર બે બાકૂળી, કેમ રુવે છે કન્યા વ્યાકૂળી;
આવડી ઓખા શાને કાંપી, શકે ઓથારે તુજને ચાંપી. ૩
મારિ મીઠી તું રહે છાની, તને રક્ષા કરે રે ભવાની;
કહે બેનિ તને શું હવું, સ્વપ્નામાં દીઠું કાંઈ નવું. ૪
ઓખા કહે છે કર્મે દેઈ હાથ, થોડા સારુ દુભ્યો મેં નાથ;
હસતાં રમતાં ચઢી ગયો ક્રોધ, ફોકટ ફાંસૂ થયો વિરોધ. ૫
કર દિવો ને ઘર નિહાળિયે, છે તો આટલામાં પિયુ માળિયે;
ચિત્રલેહા કહે ઘેલી થઈ, દેવે અહિયા અવાયે નહીં. ૬
આવિ ન શકે પ્રાણી પંખના, એ તો સ્વપ્નાની ઝંખના;
પિયુ પિયુ કરતાં તું સૂતી, માટે સ્વપ્નામાં દીઠો પતી. ૭
સ્વપ્ને નિર્ધન પામે ધન, સ્વપ્ને વંઝા પ્રસવે તન;
જાગે ને ઠાલો ઉછંગ, સ્વપ્ન મૃગજળનાં તરંગ. ૮
ઇંદ્રજાળની જેવી વસ્ત, અહિયે ને ઠાલો હસ્ત;
લભ્ય ન થાય દીઠું સ્વપ્ને, દર્પણ રૂપ ન આવે કને. ૯
ગાંધર્વ નગર ને ગગન કુસુમ, ભોગ અસ્થિર સ્વપ્નના તેમ;
નિદ્રાવશ મન કયાંહીં ભમે, સ્વપ્ન સુખ નહિ સાચું કયમે. ૧૦

ચિત્રલેહાયે દીધિ હારણુ, સખી ઓખાને આપે ધારણુ;
કુંવરીનું મનાવા મન, કીધો દીપક ફેરવ્યો ભવન. ૧૧
તપાસ્યું માળિયું ચારે પાસ, પડિ ઓખા થઇને નિરાશ;
વાધિ વિરહતણી વેદના, મૂર્છાગત થઈ અચેતના. ૧૨
ચિત્રલેહાએ બેઠી કરી, હૃદયે ચાંપી બે ભુજ ભરી;
કામવશથકી મન લાજતું, વિરહતપ્ત છે તન દાઝતું. ૧૩
છાંટિ સખિયે પાયું નીર, વિરહે વ્યાકુળ સ્વેદ શરીર;
ચિત્રલેહા કહે સૂણ સતી, સાવધાન થા તું લાવું પતી. ૧૪
કેમ વિસરવું ઉમાનું વચન, સ્વપ્ને વરશો સ્વામીન;
ઓખા કહે મને સ્મરણા થઈ, આણી આપ પ્રભૂને અહીં. ૧૫
વિધાત્રી કહે શું તેનું નામ, સ્વપ્ને સ્વામીનું કેાણ ગામ;
કેાણ જાત પિતા ને માત, લઈ આવું કહે માંડી વાત. ૧૬
ઓખા કહે કર્મે દઈ ભૂજ, વારે વારે શું પૂછે મૂઢ;
મન મળવા રહ્યું ટમટમી, તેનું રૂપ અંતર રહ્યું રમી. ૧૭
ઓખા કહે હું તેા ઘેલી થઈ, નામ ઠામ પુછાયું નહીં;
નાત જાત ને માત પિતાય, પ્રીછિ નહિ જે પ્રથમ પૂછાય. ૧૮
રૂપ કળા મને મન ગમી, તે સ્વરૂપ રહ્યું ચિત્ત રમી;
બાઈ તે નાથે મિથ્યા મને દમી, સુખ સુરજ ગયેા આથમી. ૧૯
નિશા નહિ જાયે નિર્ગમી, મળવા મનડું રહ્યું ટમટમી;
વિરહ દુઃખ ન રહેવાય ખમી, લાવ નાથને ચરણે નમી. ૨૦
સખી કહે કર્મે દઈ હાથ, તું માંડી કહે બધી વાત;
મિથ્યા વાત કહે છે મને, નામ ઠામ વિના લાવું કેને. ૨૧
તું કાંઇએક આશરેા વદ્ય, તારા સ્વામીને લાવું સદ્ય;
ઓખા બેાલે છે આલપંપાળ, આવે તેા ઓળખું તત્કાળ. ૨૨
ઘણું રૂપ સબળ છે સારું, તેણે ચિત્તડું ચેાર્યું છે મારું;
સ્વામી વીના તેા જીવવું વૃથા, માટે પિંડ પાડું સર્વથા. ૨૩

વલણ

પિંડ હું પાડું સર્વથા, આજ ન આવે સ્વામીરે;
ચિત્રલેહા રૂપ ચીતરે, કાગળમાં બહુ કામીરે. ૨૪

કડવું ૧૯ મું–રાગ નટની દેશી

કાગળ રંગ લીધોરે વિધાત્રી, ભાત્યભાત્યનાં ચિતરે સ્વરૂપ;
સ્વર્ગના સુર પાતાળના પન્નગ, લખીયા તે ભૂમીના ભૂપ. કાગળ. ૧
વાયુ વરુણ ને પાવક લખીયા, જક્ષરાય ને જંભ;
ઓખા કહે તું લઘુને મૂકીને, વૃદ્ધને દેખાડે છે કયમ. કાગળ. ૨
ગણેશ ઈશ ને અંબુઈશ લખીયા, લખીયા તે સેનાના ધીશ;
જુગ્મ તુરૈયા સહુ જોવડાવ્યા, તોએ ધુણાવે શીશ. કાગળ. ૩
પ્રભાકર સુધાકર લખીયા, ગિરિજાવર ગંભીર;
ઓખા કહે એમાં કોઈ નહીં, મારા સ્વામીજી કેરું શરીર. કાગળ. ૪
અષ્ટ વસુ ગુણ ગાંધર્વ લખીયા, લખીયા તે બારે મેહ;
સપ્ત જળનિધિ અષ્ટ ધાતુકર, લખી તે તેની દેહ. કાગળ. ૫
વેદ મુનિ ને જુગ્મ વિણાધર, લખીયા તે ચિત્રવિચિત્ર;
મારુત્તગણ ને લખીયા વિદ્યાધર, સપ્ત ઋષિજી પવિત્ર. કાગળ. ૬
શત કૌરવ ને પાંચ પાંડવ, દેશ દેશના રાય;
કન્યાના કોઈ મનમાં ન આવે, આકુળ વ્યાકુળ થાય. કાગળ. ૭
ચિત્રલેહા મનમાંહી વિચારે, મેં લખીયા તે ઠામોઠામ;
વિષયી પુરુષ ભામનીના ભોગી, શ્રીકૃષ્ણતણું એ કામ. કાગળ. ૮
ચતુરભુજ પીતાંબરધારી, લખીયા તે શ્રીમહારાજ;
દીઠા શ્રી કૃષ્ણ ને ઓખા ઉડી, કીધી વડસસરાની લાજ. કાગળ. ૯
અરે સહિયર એ બિયાનારે કુળમાં, છે મારો ભરથાર;
તવ પ્રદ્યુમ્નને લખી દેખાડ્યો, લાજ કીધી બીજી વાર. કાગળ. ૧૦
કન્યા કહે અવયવ પ્રભુના, આ પુરુષ કોઈ વૃદ્ધ;
ચિત્રલેખાએ લખી દેખાડ્યો, કાગળમાં અનિરુદ્ધ. કાગળ. ૧૧
મુગટ ભમરપર વદન સુધાકર, નેત્ર બે અંબુજ;
ઘેલી ઓખા ધાઈને ભેટી, કાગળને ભરી ભૂજ. કાગળ. ૧૨
ધન્ય ધન્ય નાથજી, હાથ ગ્રહીને, ન મૂકીએ તે બીડી સારું;
હૃદય અબળાનું હોય કાચું, કુણ ગજું છે મારું.. કાગળ ૧૩
ના ના બોલો મારા સમ છે, લાજો છો શા માટે;
ચિત્રલેહા કહે ન હોય સ્વામી, વળગ્યામાં કાગળ ફાટે. કાગળ. ૧૪

વલણ

કાગળ ફાટે કામની, ચિત્રલેહા બોલી વાણીરે;
ઓખા કહે તૂં દ્વારિકાથી, આપ્ય પ્રભૂને આણીરે. ૧૫

કડવું ૨૦ મું-રાગ મારુ

ઓખા કહે છે સૂણ સાહેલી, લાવ નાથને વ્હેલી વ્હેલી;
બાઈ તું છે સુખની દાતા, લાવ સ્વામીને થાય સુખ શાતા. ૧
ઓખા તને તો પઝ્યા એ હેવા, સખી આણ્યાના ઉપાય કેવા;
તને પરણ્યાતણું મન થાય, નથી લાવ્યાનો એક ઉપાય. ૨
દૂર પંથ છે દ્વારામતી, કેમ જવાય મારી વતી;
ત્યાં તો જઈ ન શકે રાય શક્ર, રક્ષા કારણ ફરે છે ચક્ર. ૩
જીવતાં તો ફરી ન અવાય, નિશ્ચે મસ્તક છેદન થાય;
જાવું જોજન સહસ્ર અગિયાર, તારો કેમ આવે ભરતાર. ૪
નયણે નીરની ધારા વહે છે, કર જોડીને કન્યા કહે છે;
બાઈ તારી ગતિ છે મોટી, તને તો ન કરે કોઈ ઓટી. ૫
સહિયરને સહિયર હોય વાલી, બાઈ તેં મને હાથે ઝાલી;
આપણે બે બાળસંઘાતી, તું તો પ્રાણદાતા છે વિધાત્રી. ૬
માબાપ વેરી થયાં મારાં, મેં તો ચરણ સેવ્યાં છે તારાં;
ચિત્રલેખા તું દીન દયાળ, એમ કહિને પગે લાગી બાળ. ૭
ચિત્રલેહાએ ધારણા દીધી, પછી કાયા પક્ષિણીની કીધી;
બોલિ ચિત્રલેહા સત્ય વાણી, ક્ષણ એકમાં આપું આણી. ૮
તે શું પરણાવું રુડી રીત, તો તું જાણજે મારી પ્રીત;
ઓખા કહે રહેજે રુડે આચરણે, રખે અનિરુદ્ધને તું પરણે. ૯
સખિ સુંદર વરને જાણી, રખે થાતી તું પટરાણી;
એનો અતિશે છે હાથ રૂપાળો, રખે મેળવે તું હાથેવાળો. ૧૦
બાઈ જાદવ વર છે રુડો, રખે પહેરીને બેસતી ચુડો;
બાઈ જઈને આવજે તર્તે, રખે તે સાથે મંગળ વર્તે. ૧૧
સખિ આવજે વહેલી વહેલી, વહાણું વાતાં પહેલી પહેલી;
બાઈ તારો છે વિશ્વાસ, રખે કરતી મને નીરાશ. ૧૨
કોઈ ન જાણે એવું કરજે, વેગે સ્વામીને લઈને ફરજે;
જે જાણશે પિતા બાણ, તો તો આપણા લેશે પ્રાણ. ૧૩

તું તો કરજે સ્વામીનું જતંન, મુજ રાંકને હાથ રતંન;
પછે પંથે વળાવિ વિધાત્રી, પક્ષિણી મન વેગે જાતી. ૧૪
દ્વારિકાં પહોંચી કામિની, છેલ્લી દોઢ પહોર જામિની;
જાવા કીધું નગરમાં મન, એવે આવ્યું સૂદરશન. ૧૫
જેવું મસ્તક છેદે બળમાં, કન્યા પેઠિ ગોમતિના જળમાં;
એવે નારદ ઋષિ ત્યાં આવી, ચક્રભયથકી કન્યા મૂકાવી. ૧૬
કહે નારદ સૂદરશન, એને લઈ જવા દેજે તંન;
એ તો કામ છે કૃષ્ણને ગમતું, માટે રખે તું એને દમતું. ૧૭
પછે ઉદકની અંજલિ લીધી, મંત્રે વિધાત્રી નિર્ભય કીધી;
તામસી વિદ્યા ઋષિએ આપી, પછે પીઠ પ્રેમદાની થાપી. ૧૮
હવે અલ્પ રહી છે રાત્રી, જા લે અનિરુદ્ધને તું વિધાત્રી;
ગયું ચક્ર તે પશ્ચિમ પાસે, ઋષિ, નારદ વળિયા આકાશે. ૧૯
ચાલિ ચિત્રલેખા જેતિ ગામ, સામસામાં શોભિતાં છે ધામ;
સમ ભોમિના ભવન તે ભાસે, જોતાં ભૂખ તરસ તે નાસે. ૨૦
બહુ કળશ ધજા બિરાજે, જોતાં અમરાપુરી તો લાજે;
શોભે છજાં ઝરુખા ને માળ, મણિમય થંભ ઝાકઝમાળ. ૨૧
વાંકી બારી ને ગોખે જાળી, લીલા કાચ મૂક્યા છે ઢાળી;
લીપી ભીતે સોનાની ગાર, ચળકે કામ તે મીનાકાર. ૨૨
ભલાં ચૌટાં શેરી ને પોળ, સામસામી હાટનિ ઓળ;
ઘેર ઘેર તે વાટિકા કુંજ, કરે ભમર તે ગુંજાગુંજ. ૨૩
મોટા માતંગ ધૂમે ને ડોલે, ગુણગાન બંદીજન બોલે;
દીસે દ્વારિકા વૈકુંઠ સરખી, ચિત્રલેહાયે નગરી નરખી. ૨૪
દુર્ગ કોસીસાં રુડાં બિરાજે, ચારે પાસે રત્નાકર ગાજે;
ત્યાં ગોમતિનો સંગમ, ઉદ્ધરે સ્થાવર ને જંગમ. ૨૫
શકે અવાસ પડશે વ્યોમ, જાણે વૈકુંઠ આણ્યું ભોમ;
ઘેર ઘેર હરિગુણ ગાય, ચિત્રલેહા તે જોતી જાય. ૨૬
વસુદેવનાં ઘર નીહાળી, ગઈ જ્યાં વસે શ્રીવનમાળી;
સોળ સહસ્ર નારી વિહારી, દીઠા ઘેર ઘેર દેવ મુરારી. ૨૭
હરિના સાઠ લાખ છે તંન, જોયાં તેહતણાં ભવંન;
જોયું કામધામ ઝાતકાર, દીઠો મેડિયે કામકુમાર. ૨૮

અનિરુદ્ધ સુતો છે હિંડોળે, ત્યાં દાસીઓ વાયૂ ઢોળે;
શોભે દીપક ચારે પાસ, બે ચરણ તળાંસે દાસ. ૨૯
ત્યાં ભાવનાં ચંદન બેહેકે, બહુ હિંડોળે ઝૂમતાં લેહેકે;
કામકુંવર તે કામ જ જેવો, ચિત્રલેહાને ચોરી લેવો. ૩૦
લેવા કુંવરનું કારણ, સમર્યું નિદ્રાનું ધારણ;
રાતે જે કોઈ જાગતું હતું, તે તો જે જેમ તે તેમ સૂતું. ૩૧
ધારણ ભારણ ભારી કાયા, વ્યાપ્તમાન થઈ જોગમાયા;
અનિરુદ્ધતણી કિંકરી, તે તો સૂતી નિદ્રાયે ભરી. ૩૨
ચિત્રલેહા ઘરમાં ગઈ, પણ કુંવર જાગ્યો નહીં;
ત્યાં વિચાર અંતરમાં કીધો, કડાં કાઢી હિંડોળો લીધો. ૩૩
બે બે ડાંડી કરમાં ઝાલી, ખેચર રીતે તે ચતૂરા ચાલી;
કરે યત્ન અંતરમાં વહાલ, એવિ ઉડિ જે આવે ન આલ. ૩૪
ગોવિંદે ગોઠવણી કીધી, જાણિ જોઇને જાવા દીધી;
ઘેર ઓખા જુવે છે વાટ, નાવ્યા નાથ ને થાય ઉચાટ. ૩૫
એવે સાંભળિ પાંખ જ વાગી, ત્યારે ઓખાની આરત ભાગી;
આ નાથ તારો હિંડોળે, નર નારિ મળો તમે ટોળે. ૩૬

સાખી

ટોળે મળો તમે તારુણી, આ તારો ભરથાર;
પછે ઓખાયે ચિત્રલેહાને, દિધા સોળ શણગાર. ૩૭

કડવું ૨૧ મું-રાગ મારુની દેશી

ઓખા કહે છે ચિત્રલેહાને, તેં આપ્યું પ્રાણનું દાન;
સખી કહીને કેમ બોલવું, તું છે દેવી સમાન. ૧
દીપક જગતો કરીને કન્યા, પરણ્યાની પાસે આવી;
શું સુતા નિદ્રાવશ સ્વામી, હિંડોળે સોહાવી. ૨
કામકુંવરને આ શી નિદ્રા, સુવું સારું લાગે;
દૂર પંથથી કંથ પધાર્યા, તોએ સુતા નવ જાગે. ૩
રજની અલ્પ રહી છે રાણા, ઉંઘ તે તમને આ શી;
જેની સખી એ બીયા દિસે છે, કુંભકરણના ઉપાસી. ૪
ઊંચે સ્વરે જઇને બોલાવે, ચરણ નેપૂર વજાડે;
હસ્યા વિષે હિંડોળો હલાવે, તોએ ન આંખ ઉઘાડે. ૫

વાયૂ ઢોળે ને ચરણ તળાંશે, મુખે કરે સ્તવંન;
એવે સમે અનિરુદ્ધને આવ્યું, નિદ્રાવશમાં સ્વપંન. ૬
કોઇક નારી મુજને લાવી છે, હીંડોળો કરીને હરણ;
એકાંત વાસમાં રાજકન્યાનું, કીધું મેં પાણિગ્રહણ. ૭
તેના પિતાએ મુજને બાંધ્યો, હાક તે ચૌદશ વાગી;
લાવ્ય ભોગળ મારું સેનાને, સાચે તે ઉઠ્યો જાગી. ૮
હસી ખસી ઓખા રહી અળગી, હાકી ઉઠ્યો આ શૂંય;
અનિરુદ્ધ ગાભરો થઇને કહે છે, કયાં આવ્યો છું હૂંય. ૯
હિંડોળો એ નિશ્ચે મારો, નાહે એ મેડી મ્હારી;
દાસી ચાર દિસતી નથી, આ બે કોણ રાજકુમારી. ૧૦
ઓખાએ ચિત્રલેહાને પ્રેરી, તે બોલી શીર નામી;
હું તમને હરી લાવી છું, ક્રોધ ન કરશો સ્વામી. ૧૧
આ બાલા છે બાણાસુરની, ઓખા છે એનું નામ;
સ્વમાંતરમાં વરી ગયા છો, તમ આવે થયો વિશ્રામ. ૧૨
આ નારી પ્રભૂજી તમારી, સમાવો તનનો તાપ;
સ્ત્રી ભરથાર બંન્યો રહો છાનાં, ન જાણે એનો બાપ. ૧૩
વચન સાંભળી વિધાત્રીનાં, ચઢી અનિરુદ્ધને રીશ;
શું કરું જે ખડ્ગ નથી, નહિ તો છેદત બન્યોનાં શીશ. ૧૪
ગામ મુકાવ્યું ને ધામ મૂકાવ્યું, મુકાવ્યુંરે કૂટુંબ સ્વજંન;
કેમ વરું અસુરની કન્યા, હું જાદવ કુળનો તંન. ૧૫
પરું જોઇને ઓખા કહે છે, જાદવ કુળ તો પવિત્ર;
વિચારીને બોલો નાથજી, જાણું પિતામહનાં ચરિત્ર. ૧૬
રીંછસુતા ને કુબ્જા દાસી, તેથી હું નથી નરતી;
તાત તમારો પરણીને લાવ્યા, તે તો પ્રગટ નથી કરતી. ૧૭
અનિરુદ્ધને તવ હાસ્ય આવ્યું, રીશ ગઈ ઉતરી;
અવળે મુખે શું રે બોલો છો, જુવોને પાછાં ફરી. ૧૮
એવે સમે ઋષિ નારદ આવ્યા; ઇશ્વરી ઇચ્છાય;
ગાંધર્વવિવાહ તત્ક્ષણ કીધો, પરણાવ્યાં વર કન્યાય. ૧૯

વલણ

વરકન્યા પરણાવિયાં, નારદ હવા અંતરધ્યાનરે;
નર નારી સુખ ભોગવે, ઇંદ્ર ઇંદ્રાણી સમાનરે. ૨૦

નર નારી આનંદ ઘણો, વાધ્યો પ્રેમ અપારરે;
વિધાત્રી તુજને નમું, મુને મેળવ્યો ભરથારરે. ૨૧

કડવું ૨૨ મું-રાગ ચોપાઈ

શુકજી બોલ્યા પરમ વચંન, સાંભળ પરીક્ષિત રાજંન;
મળી બેઠી બેઉ સૈયારી, બોલી વચન કૌભાંડ કુમારી. ૧
સુખ ભોગવે શ્યામા ને સ્વામી, ચિત્રલેહા કહે શિર નામી;
અન્ન બેનું આપે છે રાય, ત્રીજું માણસ કેમ સમાય. ૨
તમે નર નારિ ક્રીડા કીજે, બાઈ મુજને તો જવા દીજે;
રડતિ બોખા તે વળતું ભાખે, બાઈ કેમ જીવું તુજ પાખે. ૩
તમે તાતને ઘેર ન જવાય, જો જાઓ તો વાત ચરચાય;
રહિ બેકઠાં દહાડા નિર્ગમશું, આપણ ત્રણે વહેંચી અન્ન જમશું. ૪
બાઈ રહિશ કદી હું ભૂખી, નહિ તુજને થાવા દેઉં દુઃખી;
તને આપીશ મારો ભાગ, નથી હમણાં જવાનો લાગ.. ૫
દુઃખ થાશે તો દેઇશું થાવા, પણ નહિ દેઉં બેનડી જાવા;
ચિત્રલેહા કહે સુણ શાણી, રખે આંખે તું ભરતી પાણી. ૬
પ્રધાન પુત્રી કહેવાઉં છું માત્ર, હું છું બ્રહ્માણિ માનવ ગાત્ર;
તુજ અર્થે લિધો અવતાર, માટે મેળવ્યાં સ્વીભરતાર. ૭
એમ કહિને થઈ અદર્શન, ચિત્રલેહા ગઈ બ્રહ્મસદંન;
બોખાએ રોઈ આંખો ભરી, કંથે આસના વાસના કરી. ૮
સ્વામીએ સંબોધી નારી, સુએ વિધાત્રી મેલી વિસારી;
બેઉને વિસરિ વિજોગની પીડા, નર નારિ કરે કામક્રીડા. ૯
આસન ભેદે બંનો છે પૂરાં, નર નારી રતિજુદ્ધે શૂરાં;
બેની છે ચઢતી જોબન કાયા, પ્રીતિબંધને બાંધી માયા. ૧૦
સ્નેહઅર્ણવ બોખા નારી, ઝીલે અનિરુદ્ધ નાથ વિહારી;
જે જે જોઇયે તે ઉપર આવે, ભક્ષ ભોજન કરે મન ભાવે. ૧૧
પહોત્યો બોખાનો અભિલાષ, પછે આવ્યો વૈશાખ માસ;
જાળિયે બારિયે વાયુ વાયે, ત્યમ ત્યમ હર્ષ અધિક તે થાયે. ૧૨
આવ્યા વર્ષા કાળના દિન, ગાજે વરસે ને થાય પરજન્ય;
થાય આકાશે વિજળી પૂરી, બોલે કોકિલા વાણી મધૂરી. ૧૩
ત્યાં તો મોર બપૈયા બોલે, મહા તપસીનાં મનડાં ડોલે;
માળિયા તળે સાગર ગાજે, અંગે નવ સપ્ત શણગાર સાજે. ૧૪

તેલમર્દન મંજન અંગે, ચરચે ચંદન કેસર સંગે;
નેત્રે અંજન આભરણ સાર, મુખે તાંબુલ કેરો આહાર. ૧૫
તપે નિલવટ ચાંદલો તેવો, ચન્દ્ર શરદ પુનમના જેવો;
શીર રાખડી શોભા ઘણી, ચોટલો જાણે નાગની ફણી. ૧૬
શીશફૂલ સેંથે સિંદૂર, તેણે મોહ્યો અનિરુદ્ધ શૂર;
કાને ઝાલ અમૂલક જોઈ, કામકુંવર રહ્યો છે મોહી. ૧૭
નાકે સોહે મોતીની વાળી, તેને અનિરુદ્ધ રહ્યો છે ન્યાળી;
નારિ તારિ નાસિકાનો મોર, નો'ય ભૂષણ ચિત્તનો ચોર. ૧૮
રક્ત અધર હસે મંદ મંદ, નહિ હાસ્ય એ મોહનો ફંદ;
પંકજમાં મેઘબિંદુ પડતાં, મોતિ મોરનાં અધરે અડતાં. ૧૯
ચપળ નેત્ર ઝિણું અંજન, જાણે ગાલે પડ્યાં ખંજન;
મોહ્યો મોહ્યો તે મુખને મોડે, મોહ્યો મોહ્યો ભ્રુકુટિને જોડે. ૨૦
મોહ્યો મોહ્યો સ્નેહને સંધે, મોહ્યો મોહ્યો હાર ગળબંધે;
મોહ્યો મોહ્યો તે હસ્તક મળે, મોહ્યો મોહ્યો ઉરગળસ્થળે. ૨૧
મોહ્યો મોહ્યો અલકા લટે, મોહ્યો મોહ્યો કેસરી કટે;
મોહ્યો મોહ્યો તે પેરણ ફાળી, મોહ્યો મોહ્યો તે ક્ષુદ્રઘંટાળી. ૨૨
મોહ્યો મોહ્યો અગરજાને ગેહેકે, મોહ્યો મોહ્યો ચાલને લેહેકે;
મોહ્યો મોહ્યો ઝાંઝરને ઝમકે, મોહ્યો મોહ્યો ઘુઘરીને ધમકે. ૨૩
મોહ્યો મોહ્યો તે પ્રેમને પાશે, મોહ્યો મોહ્યો તે મંદ મંદ હાસે;
દેખિ એક સ્થંભનું ધામ, તેથી વિસર્યું દ્વારિકા ગામ. ૨૪
ઘણું ભક્ષ ભોજન પામ્યો આપ, તેણે વિસરિ ગયાં માબાપ;
પામ્યો અધરામૃતનું પાન, ગયું વિસરી હરિનું ધ્યાન. ૨૫
નિરંકૂશ વિષયનો સ્વાદ, તેણે વિસરી કુળ મરજાદ;
ઓખા સ્નેહતણો સાગર, તેણે વિસર્યો રત્નાગર. ૨૬
અનિરુદ્ધની ચાલ છે ગમતી, હીંડે નારી નેહથી નમતી;
મહિલા મહિલા એમ આચરતો, હીંડે નારિની પુંઠે ફરતો. ૨૭
ઘેલો કીધો છે મૃગયાનેણી, નવ જાણે દિવસ કે રેણી;
અંગોઅંગ કામ રહ્યો રમી, ચારે નેત્રે ઝરી રહ્યો અમી. ૨૮
સ્ત્રીએ મોહની મદિરા પાઈ, આલિંગન દે ધાઈ ધાઈ;
શુદ્ધ બુદ્ધ તો વિસરી ગઈ, એમ ચોમાસું ગયું વહી. ૨૯

વલણ

ગયું ચોમાસું વિષય રમતાં, આવ્યો આશ્વિન માસરે;
કન્યા ટળી નારી હવી, ઓખા પામી વિલાસરે. ૩૦

કડવું ૨૩ મું–રાગ દેશાખ

વર્ષા ઋતુ વહી ગઇરે, રમતાં રમતાં રંગ વિલાસ;
સુખ પામ્યાં ઘણુંરે, તવ આવ્યો આશ્વિન માસ. ૧
એક સમયે સહીરે, શરદ ઋતુ સમે નર ને નાર;
માણકઠારી પૂર્ણિમારે, ઉત્તમ દિવસ આવ્યો સાર. ૨
ચંદ્રકિરણ ચાંદણીરે, બેઠાં હિંડોળે નર ને નાર;
હાસ્યવિનોદશુંરે, કરતાં ક્રીડા વિવિધ પ્રકાર. ૩
રક્ષક રાયનારે, તેણે દીઠી રાજકુમાર;
કન્યા રૂપ કયાં ગયુંરે, ઓખાજી દીસે છે હવે નાર. ૪
ચિત્રલેહા છે નહીંરે, એકલડી દીસે છે એહ;
રાતી રાતી આંખડીરે, પ્રફુલ્લિત દીસે એની દેહ. ૫
હિડે ઊર ઢાંકતીરે, શકે થયા છે નખપાત;
અધરપર શામતારે, છે કોઈ પુરુષ દંતના ઘાત. ૬
સેવક સંચર્યારે, કાંઈ એક દેખી મંન વિચાર;
મંત્રી કૌભાંડનેરે, જઇને કહ્યા સમાચાર. ૭
પ્રધાન પરવર્યોરે, જ્યાં છે અસુર કેરો નાથ;
રાયજી સાંભળોરે, મંત્રી કહે છે જોડી હાથ. ૮
લૌકિક વારતારે, કંઇક આપણને લાંછંન;
રસના છેદીએરે, હું કેમ કહું કઠણ વચંન. ૯
બાળકી તમતણીરે, તે તો થઈ છે નારી રૂપ;
વારતા સાંભળીરે, આસનથી ડગીયો છે ભૂપ. ૧૦
ધન્ન ભાંગી પડીરે, તે તો આફડી અકસ્માત;
બાણ કોપ્યો ઘણુંરે, મંત્રી સાચી કહેાને વાત. ૧૧
શિવે કહ્યું તે થયુંરે, તારી ધન્ન થશે પતંન;
ત્યારે તું જાણજેરે, કોઈ શત્રુ થયો ઉત્પંન. ૧૨
જાઓ મંત્રી તમેરે, જુવો પુત્રીની શી છે પેર;
કોઈ જાણે નહીંરે, તેમ તેડી લાવોને ઘેર. ૧૩

પરધાન પરવર્‍યોરે, સાથે ડાહ્યા ડાહ્યા જંન;
ઓખાજીને માળીએરે, હેઠા રહીને વદેરે વચંન. ૧૪
કૌભાંડ ઊચર્‍યોરે, ઓખાજી ઘોને દર્શંન;
ચિત્રલેહા ક્યાં ગઇરે, ચાલો તેડે છે રાજંન. ૧૫
થરથર ધ્રૂજતીરે, પડી કાંઈ પેટડીયામાં ફાળ;
શું થાશે નાથજીરે, આવી લાગી મહા જંજાળ. ૧૬
તમો રખે બોલતારે, કેથજી દેશો મા દરશંન;
મુખ ઉડી ગયુંરે, થયાં સજળ બન્યો લોચંન. ૧૭
બાળા બેબાકળીરે, કંપે કદલિ સરખા ચર્ણ;
કસણ કરયા વીનારે, કંચુકી અવળાં છે આભ્રણ. ૧૮
બારીએ બાળકીરે, ઉભી રહી છે ત્યાં આવી;
કૌભાંડે કુંવરીનરે, અભય વચને બોલાવી. ૧૯
ચિત્રલેહા ક્યાં ગઇરે, તું એકલી કયમ દેખાય;
કન્યારૂપ ક્યાં ગયુંરે, કેમ તું નારીવેશ જણાય. ૨૦
શરીર સંકોચતીરે, કાં બેબાકળી તૂં બેહેની;
ઘરમાં કુણ છેરે, શીઘ્રે સાચે સાચું કેહેની. ૨૧
ગલસ્થળે કર દીસેરે, કોઈ પુરુષ દંતના ઘાત;
શણગટ તાણતીરે, બોલે આખી ભાગી વાત. ૨૨
દિલ વારુ નથીરે, કીધું ચિત્રલેહાએ શયંન;
તેણે હું વ્યાકુળીરે, દુઃખણી ભરું છઉં લોચંન. ૨૩
મંત્રી આચરેરે, બાઈ કાં બોલો આળપંપાળ;
હેઠાં ઉતરોરે, નહીં તો ચઢીને જોશું માળ. ૨૪

વલણ

માળ જોઇશું તમતણો, ભાંગશે તમારો ભારરે;
એવું જાણી હેઠાં ઉતરો, રાય કોપ્યો છે અપારરે. ૨૫

કડવું ૨૪ મું-રાગ રામકલી

કન્યાએ ક્રોધ જણાવિયો, હાટક્યો પરધાન;
લંપટ બોલતો લાજે નહીં, ઘડપણે ગઈ સાન. કન્યાએ. ૧
પાપી પ્રાણ લેવા ક્યાંથી આવિયો, બોલતો ક્ષુદ્ર વચંન;
એવા સારુ કીધી જોઇશે, જીભલડી છેદંન. કન્યાએ. ૨

હું તો ડાહ્યો દાનવ તુંને જાણતી, ભારેખમ કૌભાંડ;
એવું આળ કોને ન ચઢાવીએ, ભાંગી પડેરે બ્રહ્માંડ. કન્યાએ. ૩
કેહેવા દેની તું મારી માતને, પછે તારીરે વાત;
હત્યા આપું હું તુજને, કરું ઝંપાપાત. કન્યાએ. ૪
કૌભાંડ લાગ્યો કંપવા, પુત્રી પરમ પવિત્ર;
પછે કાલાવાલા માંડીયા, ન જાણ્યું સ્ત્રીનું ચરીત્ર. કન્યાએ. ૫
બાઈ રાજાએ મુજને મોકલ્યો, લોકે પાજ્યો વિરોધ;
પૂજ્યા માટે શું આવડો, રંક ઉપર ક્રોધ. કન્યાએ. ૬
એવું કહેતાં સેવક મોકલ્યો, બાણાસુરનીરે પાસ;
રાજાએ મંત્રીને કહાવિયું, ચઢી જુવોને અવાસ. કન્યાએ. ૭
કૌભાંડ ક્રોધ કરી ગાજ્યો, વજડાવ્યાં નિશાન;
માળિએથી બંન્યો ઉતરો, બાણાસુરની આણ. કન્યાએ. ૮
દાસને આપી આજ્ઞા, સ્થંભ કરોને છેદંન;
ઓખાએ આંસુડાં ઢાળિયાં, ચંપાશે સ્વામીન. કન્યાએ. ૯
હાકારો અસુરનો સાંભળી, ઉભો થયો અનિરુદ્ધ;
મેઘની પેરે ગાજ્યો, કાંપી નગરીરે બદ્ધ. કન્યાએ. ૧૦
મંત્રી કહે સુભટ સાંભળો, કો બોલ્યો જોદ્ધો અહીં;
આપણે નાદે હાંકી ઉડીયો, મેઘ શબ્દથી સહી. કન્યાએ. ૧૧
ઓખાએ નાથ બાથ ઘાલીઓ, શું જાઓ છો વહી;
મરડી મરડી જાઓ જુદ્ધને, દૈવડા જાઉં કહી. કન્યાએ. ૧૨
આશો ઉજમ વઢવાતણો, સામૂ નથી કામધામ;
દાનવને માનવ જિતે નહીં, ન હોય ઋતુસંગ્રામ. કન્યાએ. ૧૩
નાથ કહે સુણો સુંદરી, વાત સઘળેરે થઈ;
હવે ચોરી શાની આપણે, બેશીએ બારીએ જઈ. કન્યાએ. ૧૪

વલણ

જઈ બેઠાં નર નારી બંન્યો, વાત વિપરીત કીધારે;
છજે ભજે કામકુંવર, ઓખા ઊછંગે લીધારે. ૧૫

કડવું ૨૫ મું–રાગ રામગ્રી

જોડી જોવા મળ્યા જોદ્ધ ટોળેજી, ઓખા લીધી અનિરુદ્ધે ખોળેજી;
કંઠે બાંહેડી ગ્રહી છે બાળાજી, દેખી કૌભાંડને પ્રગટી જ્વાળાજી. ૧

ઢાળ

જ્વાળા પ્રગટી ને ભાલ ભ્રુકૂટી, સુભટ તેજા જમલા;
મંત્રી કહે ભાઈ સઘળ શોભે, જેમ હરિ ઓછંગે કમળા. ૨
લઘુરૂપ કોઈ લક્ષણવંતો, સુતાની સંગે બેઠો;
પ્રવેશ નહીં જ્યાં પવનકેરો, તો માળિયામાં કેમ પેઠો. ૩
નિશ્શંક નિર્ભય થઇને બેઠાં, નિર્લજ્જ નર ને નારી;
કુચગ્રહણ ચુંબન કરે, કાંઈ લજ્જા ન આણે હમારી. ૪
ઓખાએ ઉત્પાત માંડિયો, ધાઈ ધાઇને દે સાંઈ;
પ્રધાન કહે કોઈ પુરુષ મ્હોટો, કારણ દીસે છે કાંઈ. ૫
અંબુજવરણી આંખડી, એ ભ્રુકુટી મુગટે ચાંપી;
રોમાવળી વાંકી વળી, વઢવાને રહ્યો છે ટાંપી. ૬
માળ ઘેર્યો સુભટ સર્વે, બોલતા અતાડ;
અહો વ્યભિચારી જન ઉતર હેઠો, એમ કહે કૌભાંડ. ૭
અરે અલ્પ આયુષ્યના ધણી, યમપુરીના માર્ગસ્થ;
અસુરેશ સરખો રીપૂ મસ્તક, કેમ બેઠો થઈ સ્વસ્થ. ૮
બાણરાયની કિંકરી, તેની અમરે ન થાયે આળ;
તે તું રાજકન્યાની સંગે, ચઢી બેઠો કેમ માળ. ૯
સાચું કહે જેમ શીશ રહે, કુણ ન્યાત કુળ ને નામ;
જથારથ હોય તે બોલજે, કેમ સેવ્યું ઓખાનું ધામ. ૧૦
અનિરુદ્ધ વળતું બોલિયો, તમે સાંભળો સુભટ માત્ર;
હું ક્ષત્રીનંદન ઇચ્છાથી આવ્યો, બાણાસુરનો જમાત્ર. ૧૧
મંત્રી કહે અલ્યા બોલ્ય વિચારી, ઉતરશે અભિમાન;
જમાત્ર શાને બાળકા, કોણે આપ્યું કન્યાદાન. ૧૨
અપરાધી પ્રાણી ઉતર હેઠો, છે બાણાસુરની આણ:
પ્રલય તારા પ્રાણ લેશે, મરણ આવ્યું તુજ જાણ. ૧૩
જીવવાનો ઉપાય નહીં, પડી જેવારે ચૂક,
હોય કેસરી તો હાંકી ઉઠે, પણ દીસે છે જંબૂક. ૧૪
બોલ બળના સાંભળી, બળે બોલ્યો કામબાળ;
બારીની ભોગળ કરમાં લીધી, ઇચ્છા કીધી દેવા ફાળ. ૧૫

વલણ

ફાળ દેઉં ને અંત લેઉં, હોકારો જવ કીધારે;
ઓખાએ અનિરુદ્ધને, ઊંચકી ઘરમાં લીધારે. ૧૬

કડવું ૨૬ મું-રાગ સોરઠી

કામનીએ જ્યારે કટક જ દીઠું, અને થઈ નીરાશ;
અરે દૈવ તેં એ શું કીધું, મને હુતી મોટી આશ.
વાલા કેમ વઢશોરે, મારા નાંધડીઆ ભરથાર. વાલા. ૧
બોલાવી બોલે નહીં, પડી થઈ આશા ભંગ;
ઉઠાડી બેઠી કરી, તેનું વદન નિહાળે કંથ. વાલા. ૨
સ્વામી તું કેમ સાંખીએરે, રાંકને ઘેર રતંન;
ઘાડે કષ્ટે હું પામી, મારો મદન મનોહર કંથ. વાલા. ૩
તીવ્ર બાણ જ્યરે છુટશેરે, કેમ સહેશો કોમળ શરીર;
એવું શ્રવણે સાંભળીને, હાંકી ઉઠ્યો વીર. વાલા. ૪
મારા પીતાનેરે જાણ થયું છે, કટક મોકલ્યું પ્રૌઢ;
બાણાસુર નથી જાણતો, એવો કેમ થયો છે તે મૂઢ. વાલા. ૫
અરે સ્વામી તમે ઢાલે હાથે, આયુધ નથીરે એક;
ચાર લાખ વીર પાઠવ્યા, સામા થતાં ધરો વિવેક. વાલા. ૬
અબળા તુંને શું કહું રે, તું તો થઈ રે અજાણ;
બારતણી ભોગળ કહાડીને, લેઉં સર્વના પ્રાણ.--વાલા. ૭
ઓખા તુંને શું કહુંરે, તું તો ઘેલી નાર;
તારા બાપે વીર મોકલ્યા, તે તો મારે લેખે ચાર. વાલા. ૮
અજાતણાં તાંહાં જૂથ મળીઆં, પંચાનન ન મળીઆ એક;
તેનું પ્રાક્રમ કેટલું; તમે કહોની વિનતા વિશેક. વાલા. ૯
એમ કરતાં નહીં છુટીએરે, કાલાવાલા તે ફોક;
જુઓની વહાલી હું જુદ્ધ કરું, જેમ જુએ ગામનાં લોક. વાલા. ૧૦
અનિરુદ્ધ મરડીને નીસર્યોરે, ઓખાએ સહાયો હાથ;
પ્રીતમ વઢવા નહીં દઉં, મારા મદન મનોહર નાથ. વાલા. ૧૧

કડવું ૨૭ મું-રાગ મારુની દેશી

ઓખા કહે કંથ એમ ન કીજે, બળીયાશું વઢતાં બીહીજે;
એ ઘણા તમો એક જાતે, સેના મોકલી મારે તાતે. ૧

દૈત્યને વાહન ને તમે પાળા, નાથજી તમે ઠાલામાલા;
એને ટોપ કવચ ને બખ્તર, તમારે અંગે સોહે પીતાંબર. ૨
દૈત્યને સાંગ બાણ બહુ ભાલા, એ કઠણ તમે સુંવાળા;
એ તો મદોન્મત્ત બહુ બળિયા, તમે સકોમળ પાતળિયા. ૩
સ્વામી પછે અસુરને ભેદો, પહેલાં મસ્તક મારું છેદો;
તમને દેખી દેખીનેરે મોહું, તમે જુદ્ધ કરો તે કેમ જોઉં? ૪
ઇચ્છા અંતરની ગઈ ફીટી, દૈત્યે માળીયું લીધુરે વીંટી;
પ્રભુ પ્રાણ કંપે છે મારા, મુવા દૈત્ય કરે છે હોંકારા. ૫
ઘણું ક્રોધી વીરાધી છે બાણ, હાકે ઇંદ્રનું જાએ ઓસાન;
જક્ત ભય પામે બાણની હાકે, બાણે પૃથ્વી ચઢાવી ચાકે. ૬
જેને નાદે મેરુ હાલે, ચક્રવર્તી સાથે નહીં ચાલે;
ક્ષત્રી સાથ રહે સર્વ બિહીતો, નાથજી તમે કઇપેરે જીતો? ૭
મંત્રી દાંત રહ્યો છે કરડી, શું જાઓ છો મૂંછરે મરડી;
માટે પહેલાં તે મુજને મારો, પછે નાથજી રણમાં પધારો. ૮
શશી સૂર્યવંશી નૃપ જેહ, તેની થરથર ધ્રુજે દેહ;
પ્રધાન ક્રોધી પાવકની જ્વાળ, તેથી વિશેષ બાણ ભૂપાળ. ૯
એમ કહિ ભરતી લોચંન, દેખી વારે છે સ્વામીન;
કંથ કહે ન કરું સંગ્રામ, તો નાસી જવાનો કુણ ઠામ. ૧૦
અંત્યે જીવતાં છૂટશું નહીં, કાં ન મરીએ સામા થઈ;
નથી ઉગરવાનો ઉપાય, માટે ભય પામે શું થાય? ૧૧
નાઠે લાંછન લાગે કુળમાં, પ્રતિષ્ઠા જાએ એક પળમાં;
મોઅર બોલે ને મણિધર ડોલે, ન ડોલે તો સર્પને તોલે. ૧૨
ઘન ગાજે કેસરિ દે ફાળ, ન ઉછળે તો જાણુવો શિયાળ;
ક્ષત્રી નાસે દેખીને દળ, ન હોય પુરુષ જાણુવો ખંડળ. ૧૩
હાંક્યો વાઘ ન માંડે કાન, શાર્દૂલ નહીં જાણુવો શ્વાન;
ઘરમાં ઘોન્જરો રહે પેશી, યુદ્ધો ચરણ વહોણો રહે ઐશી. ૧૪
એમ કહીને ઓખા અળગી કીધી, ભડ ગાજ્યો ને ભોગળ લીધી;
અસુર સેનાપર કોપિયો, છજે થકી ઠેકીને પડિયો. ૧૫
જેમ ગ્રાહ પેસે બહુ જળમાં, તેમ અનિરુદ્ધ પેઠો દળમાં;
જેમ ઇન્દુ પેસે વાદળમાં, તેમ અનિરુદ્ધ ધાયો બળમાં. ૧૬

દૈત્યને આવ્યો મૃત્યુનો દહાડો, ગાજ્યો અનિરુદ્ધ ધન અખાડો;
પડતામાં બહુ પડતાળ્યા, ભોગળ પ્રહારે ધરણીએ ઢાળ્યા. ૧૭
કૌભાંડે સેનાને પ્રેરી, જાદવ જોદ્ધો લીધો ઘેરી;
ગજજુથમાં લઘુ કેસરી, બહુ વીંટી વળ્યા છે વેરી. ૧૮
ચંદનને બાવળિએ ઝીટી, અસુરે અનિરુદ્ધ લીધો વીંટી;
દાનવ કહે માનવ શૂંય, અમે સિંહમાં મૃગબાળ તૂંય. ૧૯
મુગટ મંત્રીને ચરણે ધરો, તો તો મૃત્યુથકી ઊગરો;
મંત્રી વાયક એવાં સાંભળી, ધાયો અનિરુદ્ધ બહૂ ઊકળી. ૨૦
નાંખે દૈત્ય ભારી મુદ્ગલ, તેમ અનિરુદ્ધ ભૂજભોગળ;
વીશ સહસ્ત્ર અસૂર લૂટ્યા, એકીવારે શર બહૂ છુટ્યા. ૨૧
આયુધધારા રહી છે વરસી, પડે પરીધ પટ્ટી ને ફરસી;
દાનવ ધાયા છે ટોળે ટોળાં, વરસે ભિડીપાલ ને ગોળા. ૨૨
થાય દુંદુભીના ગડગડાટ, થાય ખાંડાતણા ખડખડાટ;
હાકયા હસ્તી દે હલકાર, થાય ખડ્ગતણા ચળકાર. ૨૩
મંત્ર અગ્નીના ધુધવાટ, બોલે બાણતણા સુસવાટ;
રથ ચક્ર ગાજે ગડગડાટ, હોય હયતણા હણહણાટ. ૨૪
છૂટે બાણો સણસણાટ, થાય ગગને ધન્ન ફડફડાટ;
દેખિ દોહલો નાથનો ઘાટ, થાય ઓખાને ઉચાટ. ૨૫
દાનવનો વાળ્યો દાટ, અનિરુદ્ધ મુકાવે વાટ;
કોઇને ઝીક્યા ઝાલીને કેશે, કોઇને ઉડાડ્યા પગની ઠેશે. ૨૬
કોઇને હણ્યા ભોગળને ભડાકે, કોનાં મુખ ભાગ્યાં લપડાકે;
કોઈ અધસસ્તા કોઈ પૂરા, એમ સેના કરી ચક્ર ચૂરા. ૨૭
તે રણ ભયાનક ભાસે, બળ દેખીને ઓખા ઉલ્લાસે;
મેં તો આવડું નહોતું જાણ્યું, ચિત્રલેહાએ રત્ન જ આણ્યું. ૨૮
શોણિત સ્પર્શ થયો છે દીસે, નાથજી રણ રુધીર ઝીલે;
ભડ ગાજ્યો ને પડ્યું ભંગાણ, નાઠો કૌભાંડ લઇને પ્રાણ. ૨૯
હવું બાણાસુરને જાણ, એક પુરુષે વાળ્યો ધાણ;
અસુરેશને ચઢિયો કોપ, સજ્યાં કવચ આયુધ ને ટોપ. ૩૦
સર્વે સૈન્ય તે તત્પર કીધું, ચઢ્યો રાય દદામૂ દીધું;
પ્રલય અગ્નિ જેવો જાજ્વલ્ય, બાણરૂપ થયું મદતુલ્ય. ૩૧

ચઢ્યો રાય ક્રોધે ગડગડીયો, જાણ્યું ઓખાએ રણ તાત ચઢિયો;
સૈન્યના લોક આગળ ચાલ્યા, કરમાં બહૂ ભાલા ઝાલ્યા;
વાગી હાક ને ચઢિયો બાણ, તે તો થયું ઓખાને જાણ. ૩૨

વલણ

જાણ થયું જે તાત ચઢિયો, કુણ જીતશે સહસ્ત્ર હાથરે;
આંસૂડાં ભરતી ને શોક ધરતી, ઓખા સાદ કરતી નાથરે. ૩૩

કડવું ૨૮ મું–રાગ મારુ

મારા સ્વામીજી ચતુરસુજાણ, બાણદળ આવ્યુંરે જાદવજી;
દીસે સૈન્ય તે ચારેરે પાસે, હવે શું થાશેરે જાદવજી. ૧
એ બળિયા સાથે બાથ, નાથ કેમ ભીડોરે જાદવજી;
હું કહું છું તમારી દાસી, નાસીને હીંડોરે જાદવજી. ૨
ઓ દળ આવ્યું બળવંત દિસે, રીશે રાતારે જાદવજી;
એકલડા અસૂરને મુખે, રખે તમે જાતારે જાદવજી. ૩
ઓ ગજ આવે બળવંત, દંત કેમ સહેશોરે જાદવજી;
અસૂર અર્ણવ ધાયા, તણાયા જાશોરે જાદવજી. ૪
એવું જાણીને ઓસરિએ, ન કરિયે ક્રોધરે જાદવજી;
એકલડાંને આશરો શાનો, માનો પ્રતિબોધરે જાદવજી. ૫
ધીરા થાઓ ને ધાઓ, વઢો તો ફાંસૂરે જાદવજી;
મારી જમણી ફરકે છે આંખ્યરે, વરસે આંસુરે જાદવજી. ૬
મને દિવસ લાગે છે ઝાંખો, નાખોને ભોગળરે જાદવજી;
તે તો ન સમજે સમજાવ્યું, આવ્યું દળરે જાદવજી. ૭
તમે મુજ દેહડીના હંસ, મૂકોને જુદ્ધરે જાદવજી;
પાછા વળોજી લાગું પાય, માનો મારી બુદ્ધરે જાદવજી. ૮
ઘેલી દીસે છે તણી, તરુણી તારી ટેવરે રાણીજી;
અમો બાણથકી નહિ ઓસરશું, કરશું સેવરે રાણીજી. ૯
અનિરુદ્ધ જો રણથી ભાજે, લાજે શ્રી ગોપાળરે રાણીજી;
નાહે અર્થ ન એકે સીઝે, શી કીજે ચાલરે રાણીજી. ૧૦

વલણ

ચાલ શી કીજે અંત આવ્યો, ઉગારશે મોરારરે;
ધસ્યો નાથ ને હાથ ઘસિયા, રોવા લાગી નારરે. ૧૧

કડવું ૨૯ મું-રાગ મેવાડો

ઓખા કરતી તે કંથને સાદ, હોરે હઠીલા રાણા;
એ શા સારુ ઉન્માદ, હોરે હઠીલા રાણા. ૧
હું તો લાગું તમારે પાય, હોરે હઠીલા રાણા;
આવી બેશો તે માળિયામાંહ્ય, હોરે હઠીલા રાણા. ૨
હું તો બાણને કરું પ્રણામ, હોરે હઠીલા રાણા;
છે કાલાવાલાનું કામ, હોરે હઠીલા રાણા. ૩
એ તો બળિયા સાથે બાથ, હોરે હઠીલા રાણા;
તે તો જોઇને ભરિયે નાથ, હોરે હઠીલા રાણા. ૪
એ તો તરવું છે સાગર નીર, હોરે હઠીલા રાણા:
બળે ન પામીએ પેલું તીર, હોરે હઠીલા રાણા. ૫
અનેકમાં એક કોણ માત્ર, હોરે હઠીલા રાણા;
સામા મળ્યા છે કુપાત્ર, હોરે હઠીલા રાણા. ૬
મને થાય છે માનશુકન, હોરે હઠીલા રાણા;
મારું જમણું ફરકે લોચન, હોરે હઠીલા રાણા. ૭
મારો તૂટ્યો મોતીનો હાર, હોરે હઠીલા રાણા;
ડાબે નેત્રે વહે જળધાર, હોરે હઠીલા રાણા. ૮
દીસે નગરી તે ઉજ્જડ રાન, હોરે હઠીલા રાણા;
દીસે ગગને ઝાંખો ભાણ, હોરે હઠીલા રાણા. ૯
રુવે શ્વાન વાયસ ને ગાય, હોરે હઠીલા રાણા;
એવાં માઠાં શુકન થાય, હોરે હઠીલા રાણા. ૧૦
હું તો ધ્રુજતી દેખું ધરણ, હોરે હઠીલા રાણા;
એ તો સાગર શોણિત વર્ણ, હોરે હઠીલા રાણા. ૧૧
આવ્યા અગણિત અસ્વાર, હોરે હઠીલા રાણા;
અહીં થાય છે હોહોકાર, હોરે હઠીલા રાણા. ૧૨
એ દુંદુભીએ વાળિયો ઘાય, હોરે હઠીલા રાણા;
એ તો સૈન્ય તમપર ધાય, હોરે હઠીલા રાણા. ૧૩
એ આવ્યું દળવાદળ, હોરે હઠીલા રાણા;
એ ઝળકે ભાલાનાં ફળ, હોરે હઠીલા રાણા. ૧૪
પાખર બખ્તર પહેર્યા ટોપ, હોરે હઠીલા રાણા;
દૈત્ય ભરાયા આવે કોપ, હોરે હઠીલા રાણા. ૧૫

ઓ વાજે ધુધરમાળ, હોરે હઠીલા રાણા;
અશ્વ દેતા આવે ફાળ, હોરે હઠીલા રાણા. ૧૬
એ તો શૂરવીર મહા કાળ, હોરે હઠીલા રાણા;
પડે પેટડિયામાં ફાળ, હોરે હઠીલા રાણા. ૧૭
નાથ જુઓ વિચારી મંન, હોરે હઠીલા રાણા;
જુદ્ધ રહેવા ઘો રાજંન, હોરે હઠીલા રાણા. ૧૮
ને લોપો મારી વાણ, હોરે હઠીલા રાણા;
તમને પિતામહની આણ, હોરે હઠીલા રાણા. ૧૯
આવ્યો બાણ તે પ્રલય કાળ, હોરે હઠીલા રાણા;
મેઘાડંબર છત્ર વિશાલ, હોરે હઠીલા રાણા. ૨૦

વલણ

મેઘાડંબર છત્ર બિરાજે, ઉલટી નગરી બદ્ધરે;
અગણિત અસ્વાર આવિયા, તેણે વિટી લીધો અનિરુદ્ધરે. ૨૧

કડવું ૩૦ મું–રાગ સામેરી

આવી સેના અસુરની, અનિરુદ્ધ લીધો ઘેરી;
કામકુંવરને મધ્યે આણી, વીંટી લીધો ચોફેરી. ૧
અમર કહે શું નીપજશે, ઇચ્છા તે પરમેશ્વરી;
રીપૂ ગજના યૂથમાં, અનિરુદ્ધ લધુ કેસરી. ૨
બાણરાયને શું કરે, ભોગળ લીધી ફોકટ;
વેરી વાયસ કોટી મળ્યા, ત્યાં કેમ જીવે પોપટ. ૩
બાણાસુરે સુભટ વાર્યા, કોઈ ન કરશો ઘાત;
છે વીર થોડી વયતણો, હું પૂછું એને વાત. ૪
માળીઓથી ઓખા નિરખે, રુદન મૂકયું છોડી;
એ જીવન પુઠે યોદ્ધા ઊભા, રહ્યા બેહુ કર જોડી. ૫
બળવંત બહેકે અતિ ઘણું, સેના છે બીહામણી;
એ પવનવેગી પાખરા, હય આવ્યા તે હણુહણી. ૬
એ સુભટે ભાથા ભીડીયા, હીંડીયા સ્વામી ભણી;
એ ખડ્ગ ખેડાં ઝળકતાં, ચળકતાં ભાલાનાં અણી. ૭
એ ગજ આવ્યા સામટા, હય હીસંતા હણુહણી;
ટોપટોડર પહેરયાં બખ્તર, છે સેના બીહામણી. ૮

આ દળ બળનું કેમ સહેશો, સ્વામી સકોમળ;
પ્રાણનાથને પીડશે, પ્રગટ્યાં તે કર્મનાં ફળ. ૯
દૈવના દીધા દૈત્યને, દયા નહીં લવલેશ;
લઘુ વયમાં છો કંથજી, નથી આવ્યા મૂછે કેશ. ૧૦
ચાર દિવસનું ચાંદરણું, સુખડું ગયું તે વહી;
પાપી પીડે છે પ્રભૂને, કરમડાં જાઉં કયહીં. ૧૧
કંથજી મ્હારા એકલો, વીંટી વળ્યા અસૂર;
એવું જાણીને સહાય કરજો, શામળિયા સ્વસૂર. ૧૨
કષ્ટ નિવારણ કૃષ્ણજી, હું થઈ તમારી વધૂ;
જો આશા અમારી ભાંગશો, લાજશે જદુકુળ બધૂં. ૧૩
પ્રજા પ્રતિપાવન કરો છો, પનોતા શ્રી મોરારી;
સંભાળ સર્વની કીજીએ, ન મૂકીએ વીસારી. ૧૪
અમને આશા તમતણી છે, અમો તમારાં છોરું;
લાજ લાગે વૃદ્ધને, કોઈ કહેશે કાળું ગોરું. ૧૫
એવું જાણી આવજો, છો દામોદરજી દક્ષ;
પક્ષી પલાણો પ્રભૂજી, પુત્રની કરવા પક્ષ. ૧૬
ભગવંત ભજતી ભામની, ભરતાર રિપુદળ મધ્ય;
કોઈ કહે પિતા બાણને, એ બાળક ને તૂં વૃદ્ધ. ૧૭
ગદગદ કંઠે ગોરડી, ગતિ ભંગ જાણે વેલી;
એવું ઇચ્છું છું જો પ્રાણ જ કાઢું, મરું તે સંગ્રામ પહેલી. ૧૮
મુખ વક્ર બિહામણાં છે, મૂછ મ્હોટી મ્હોટી;
એવા અસુર આવી મળ્યા, સંખ્યા થઈ સપ્ત કોટી. ૧૯
દળ વાદળ સૈન્ય ઉલટ્યું, મધ્ય આણ્યો અનિરુદ્ધ;
વીર વીંટ્યો વેરીએ, જેમ મક્ષિકાએ મધ. ૨૦
ધનુષ ધરિયાં પાંચશે, બાણે ચઢાવ્યાં બાણ;
રાગ મારુ ગાય ગુણીજન, ગડગડિયાં નીશાન. ૨૧
ગગને આભજ ઢાંકીયો, શોભિયો જેમ ઇંદુ;
ઉપમા તે ઉડુગણતણી, લલાટે સ્વેદનાં બિંદુ. ૨૨
લઘુ કુંજરની સૂંઢ સરખા, શોભિતા બે ભૂજ;
શરાસન સરીખી ભ્રુકુટી ને, નેત્ર બે અંબૂજ. ૨૩

તૃણ માત્ર ત્રેવડતો નથી, બાણને તે મહાબાહૂ;
અસુર સાથે શોભિયેા, જેમ ચંદ્રમા ને રાહૂ. ૨૪
જાદવે જોયું વક્ર દૃષ્ટે, રાતાં કીધાં ચક્ષ;
વપુ શોભે ભુજ ફૂલ્યું, જેમ અરણ્યનું વૃક્ષ. ૨૫
આ સમે જો હોત કુહાડો, અથવા ભોગળે ધાર;
અસુરને હળવો કરત, ઉતારત ભૂજનો ભાર. ૨૬
શું વસ્યું બાણનું દિલ છે, તેમાં વસે સર્પનો સાથ:
પંડમાં પૂર્વજ રહ્યા, પિંડ લેવા કાઢે હાથ. ૨૭
કાષ્ઠના કે લાખના, શું મીંણના ચોહોડ્યા કર;
અથવા કોઈ પક્ષી દીસે છે, વિકરાવ્યા છે પર ? ૨૮
તવ હાસ્ય આવ્યું બાણને, બાળક કેવળ બાળ;
કૌભાંડ કહે અજ્ઞાન નથી, રાય તમને દે છે ગાળ. ૨૯
બળીસુત અંતર બળ્યેા, બોલ્યેા બાળક બળવાન;
શું કરું જે લાંછન લાગે, નહિ તો દેત કંન્યાદાન. ૩૦
સુભટ નિકટ રાય સર્વે, બોલિયા બહૂ ગર્વ;
નિપટ લંપટ નથી બ્હીતો, ઘાયા હણવા સર્વ. ૩૧
કુલ લજ્જામણેા કુણ છે, તસ્કર નર નિર્લજ્જ;
અપરાધ કરી કેમ ઉગરશે, સિંહના મુખથી અજ. ૩૨
ગમ નહીં અમરને, તો કેમ આવતાં ફાવ્યું;
અજ્ઞાને આવી ચઢ્યો, કે ભૂતે મનડું ભમાવ્યું ? ૩૩
શકે સ્વર્ગથી નાંખીયેા, કાંઈ કારણ સરખું ભાસે;
સાચું કહીશ તો નહીં હણું, બાળ રહેજે વિશ્વાસે. ૩૪
કેાણ કુળમાં અવતર્યો, કેાણ માત તાત ને ગામ;
અનિરુદ્ધ કહે વિહીવા મળ્યેા,હવે ન્યાત કુળનું શું કામ? ૩૫
પિતુ પિતામહ માહરા, તે પ્રસિદ્ધ છે સંસાર;
ચોરી છત્રપતીની કરી, તું ચતુર હોય તો વિચાર. ૩૬
જાદવ કુળ છે મુજતણું, મુજ નામ છે અનિરુદ્ધ;
જો છેડશો તો સમુદ્રમાંહી, નાખીશ નગરી બદ્ધ. ૩૭
બાણ સામું જોઇને, કૌભાંડ વળતું ભાખે;
ચોરી કરી કન્યા વરે, કુણ વિના જાદવ પાખે. ૩૮

પૌત્ર જાણી કૃષ્ણનો, બાણે તે ધસિયા ઠર;
નીચ વરે કન્યા વરી, કરમડા બેઠું ઘર. ૩૯
રીશે તે અંતર પરજળ્યો, ધનુષ ધરિયાં બાણ;
મંત્રીને મહારાજ કહે છે, જોદ્ધો મોટો જાણ. ૪૦
હાકીને અનિરુદ્ધ વકાર્યો, થયો તે દારુણ શોર;
ઓખા નેત્રે નીર ભરે જે, કંથને પહોંચે જોર. ૪૧
અસુર બળિયા પ્રાક્રમી, ઉછળતા દે ફાળ;
દશો દિશાથી વછુટ્યા, કહે ન જાય જીવતો બાળ. ૪૨
પરીઘ પટ્ટી ગુરજ ગદા, ત્રિશૂલ ને તોમર;
મોઘરી મૂસળ સરસ કાંતી, ઢાંકી લીધો કુંવર. ૪૩
અંધકાર માયા આસુરી, વરસે શલ્યાશિખર;
પડે હય હસ્તી ને ચંમર, વહે માંસ ને રુધીર. ૪૪
હય ગજ રથ લથબથ અટકે, લટકે છે વાહંન;
દુંદુભી ગડગડે, ખેડાં ખડખડે, રણમાં પડ્યા બહુજંન. ૪૫
સાંગ સળકે ખડ્ગ ચળકે, ઝળકે ભાલાની અણી;
રીપૂલાખની લાખમાં, અનિરુદ્ધ જડીયો છે મણી. ૪૬
ફેરવી ભોગળ બળ કરી, રિપૂદલ દળ્યું જદુજોદ્ધ;
તાજ્યા પછાડ્યા આડા પાડ્યા, કરી કામકુંવરે ક્રોધ. ૪૭
અંગ રાતાં શીશ ફાટ્યાં, શૂરા ધરણીએ પાડ્યા;
પલવટ વાળી પ્રાક્રમી, બહૂ જોદ્ધાને નસાડ્યા. ૪૮
ભુજ વિષે ભોગળ ધરી, દે તો અનિરુદ્ધ માર;
હય ગજ રથ પાળા સર્વ નાઠા, હવો તે હાહાકાર. ૪૯
પ્રહાર પૂરણ રથ ચૂરણ, ગજ અશ્વ પાછા વળ્યા;
શોણિતપૂરભણી ચાલિયા, વીર ધરણી ઉપર ઢળ્યા. ૫૦
રણમાં તે રોળી મૂકતો, અનિરુદ્ધ ઇંદ્ર સમાન;
અસુર સુરથી નાસતા, શાર્દૂલથી જેમ શ્વાન. ૫૧
હેઠું તે હરખ્યું નારનું, સુણી નાથનો હોકાર;
અનિરુદ્ધ તારણી દેખતાં, કીધું સૈન્ય તારેતાર. ૫૨
દશ સહસ્ર જોદ્ધા બાણના, મારી કીધા ચકચૂર;
સમુદ્રમાં સંગમ હવો, વહ્યું તે શોણીતપૂર. ૫૩

ખુંખાણ પડીયું રણવિષે, કરે અસુર નાસનાસ;
ભંગાણ દેખી બાણ ધસિયેા, સન્યેા તે નાગપાશ. ૫૪
ભાંગળ છેદી ભુજતણી, મૂક્યા તે સહસ્ત્ર જ સર્પ;
કામકુંવરને બાંધીયેા, પછે ગાજીયેા છે નૃપ. ૫૫

વલણ

નરપત ગાજીયેા મેઘનીપેરે, ઉતરાવી ઓખાયરે;
વરકન્યા બંધન કરી, પછે બાણ મંદિર જાયરે. ૫૬

કડવું ૩૧ મું–રાગ રામગ્રી

બંન્યેાને બાણે બાંધીયાં, નૌતમ નર ને નાર;
અનિરુદ્ધ રાખ્યેા મુખ આગળે, ગુપ્ત રાખી કુમાર. બંન્યેાને. ૧
ચૌટામાં ચેાર જણાવિયેા, ઢાંકયેા વ્યભિચાર;
છાની ઓખા મંદિર મેાકલી, રાખ્યેા કુળનેારે ભાર. બંન્યેાને. ૨
છે શરદ ઋતુ તડકેા ઘણેા, તપે તાવડ શીર;
કેસર રંગની અર્ચના, ભીંન્યું સઘળું શરીર. બંન્યેાને. ૩
લક્ષણવંતેા હીડે લ્હેકતેા, મ્હેકતેા બહૂ વાસ;
દૈત્યનું દળ પુઠે પળે, દેારી હીડે છે દાસ. બંન્યેાને. ૪
પેચ છુટ્યેા પાધડીતણેા, આવ્યેા પાગ પ્રમાણ;
ચેારે મેારજ મારીયેા, કરે લેાક વખાણ. બંન્યેાને. ૫
ઓખા જો પુનરપિ પરણશે, હશે ભવ્ય ભરથાર;
તે સ્વામી શું સુખ પામશે, લીધેા એણે સાર. બંન્યેાને. ૬
કેા કહે દૈવત એહમાં, દીસે રૂપ રસાળ;
કટાક્ષમાં કામની પડે, જોવામાં મેાહજાળ. બંન્યેાને. ૭
ભુલવણી ભ્રકુટી વિષે, ભલી ભૂલેરે નાર;
કુંવારી કન્યાને કામણ કરે, એવેા કામકુમાર. બંન્યેાને. ૮
ચિહ્ન કંઠે કાંકણુતણાં, પડ્યાં ભામનીભૂજદંડ;
ઓખાએ અમૃત ચાખીયું, કીધેા અધરને ખંડ. બંન્યેાને. ૯
સખી પ્રત્યે સખી કહે, દેખી અંગઅવેવ;
બાંધ્યેા એ જુવે આપણ ભણી, એની એવી શી ટેવ. બંન્યેાને. ૧૦
આશા પહેાંતી માસ ચારમાં, લીધેા સ્નેહનેા સ્વાદ;
સુખેથી ભરમ ભાંગ્યેા ઘણેા, લાગ્યેા લેાકાપવાદ. બંન્યેાને. ૧૧

વલણ

લાગ્યો લોક અપવાદરે, પામ્યો દેવકન્યાયરે;
બાણાસુરે અનિરુદ્ધને રાખ્યો, કારાગૃહની માંહ્યરે. ૧૨

કડવું ૩૨ મું–રાગ જોગી આશાવરી

શ્રી શુકજી એમ કહે કથા, સાંભળ પરીક્ષિત રાય;
કામકુંવર ને કન્યા રાખ્યાં, કારાગૃહની માંહ્ય. ૧
નાના વિધનાં બંધન બાંધ્યાં, કહાડી ન શકે શ્વાસ;
એકએકનાં મુખ દેખી દયામણાં, થાય અતિ ઉદાસ. ૨
બીક બાણાસુરતણી, રાણી ભરે છે ચક્ષ;
પુત્રી જમાઇને ભૂખ્યાં જાણી, છાનું મોકલે ભક્ષ. ૩
બંધન દેખી કંથનું, ઓખા ભરે છે નયણે નીર;
અનિરુદ્ધ આપ બળે કરી, અબળાને આપે ધીર. ૪
આદરું તો અસુર કુળને, ત્રેવડું તૃણ માત્ર;
શોભા રાખવા સ્વશુરની, બંધાવ્યું છે મેં ગાત્ર. ૫
મરડીને ઉઠું તો શીઘ્ર છુટું, દળું દાનવ દઈ દુઃખ;
શું કરું જે સ્વશુરપક્ષમાં, રાખવું છે સુખ. ૬
શા માટે ચિન્તા કરો છો, ગોવિંદ છેદશે બંધ;
આકાશ અવની એક થાશે, એવું કરશે જુદ્ધ. ૭
અગ્ન્યાસ્ત્રની ધૂમ ચાલશે, અસુર થાશે અંધ;
સહાય કરશે શામ રામજી, બેઉના છુટશે બંધ. ૮
મહારા સમ જો સુંદરી, ઝાંખો કરો મુખચંદ;
આ બંધનપે દુઃખ અધિક છે, તારાં આંસુડાંનાં બુંદ. ૯
એમ કીધી આસવાસના, હરિ આવ્યાનું હારદ;
કોઇએ ન જાણે તેમ કારાગૃહમાં, આવિયા ઋષિ નારદ. ૧૦
લજ્જા પામ્યો કામ કુંવર ને, નીચી કીધી દૃષ્ટ;
શરીર ધ્રુજે અતિ ઘણું, બોલી ન શકે સ્પષ્ટ. ૧૧
શું લાજ્જ તું પ્રાકમી, હસી બોલ્યા મુજ સંગાથ;
બાણની બાળકી વરી, તારી પૃથ્વીમાં થઈ ખ્યાત. ૧૨
દીપાવ્યો વંશ વાસુદેવનો, બંધાએ લાંછન શૂંય;
કાલ્ય માધવ મોકલું, જઈ દ્વારકાથી હૂંય. ૧૩

ઘોડે ચડે તે પડે પૃથ્વી, ભણે તે નર ભૂલે;
ઉંડલમાં તેં આભ લીધો, અંતર શેં નહીં ફૂલે. ૧૪

વલણ

અંતર શેં ન ફૂલે જુદ્ધા, મૂકાવશે ભગવાનરે;
અનિરુદ્ધની આજ્ઞા લઈ, ઋષિ હવા અંતરધ્યાનરે. ૧૫

કડવું ૩૩ મું–રાગ બેહાગ

દયા ન આવી ઓખા રડેરે, છે દૈત્યપતી દુરમત; મારી સજની.
બાકરી બાંધી શ્રીજવર સાથે, વેર વધારયું સત્ય. મારી સજની. ૧
પાતળિયા પંકજ પિયુજીને, નાગપાશના બંધ; મારી સજની.
બાંધી લીધો બળ કરીને, કોમળરૂપ મદંન. મારી સજની. ૨
ધાન્યેરે ધરણીધર શ્રીવર, આપદા પામે નાથ; મારી સજની.
પુત્ર તમારા ઉપર પ્રહાર જ, કરે છે દૈત્યનો સાથ. મારી સજની. ૩
ભારે દળ કૌભાંડે મહેલિયું, વકાર્યો બળી વીર; મારી સજની.
તોએ રણથી નવ ઓસરિયો, સાગરનું જેમ નીર. મારી સજની. ૪
ભેદ કરીને બાંધી લીધો, શા નાગપાશના બંધ; મારી સજની.
શ્વાસ ન માયે બહુ અકળાયે, અંગ આકર્ષ્યાં સંધ. મારી સજની. ૫
તાપ સમાય નહીં સ્વામીને, હું કરું દેહની પાત; મારી સજની.
વાર લાગે લક્ષ્મીવર તમને, તો થાશે મહા ઉત્પાત. મારી સજની. ૬
કમળમુખ શ્રમથી સુકાયું, કન્યા કરે આક્રંદ; મારી સજની.
અનિરુદ્ધ સમરે શામળિયાને, કમળાવર ગોવિંદ. મારી સજની. ૭
ત્રાહે ત્રાહેરે ત્રિકમજી, સુતની કરજો સહાય; મારી સજની.
વિપત વેળા વહારે ચઢીને, કરો ભગતની રક્ષાય. મારી સજની. ૮
ગજ ગ્રાહથી મુક્ત પમાડ્યો, કીધી હરિશ્ચંદ્ર રક્ષાય; મારી સજની.
દાનવ કુળ નિકંદન કીધાં, કીધી પ્રહ્લાદની સહાય. મારી સજની. ૯
આજ આંખેથી આંસુડાં ચાલે, જાશે મારા પ્રાણ; મારી સજની.
સુખ શરીર શાતા નહીં અંગે, લાગ્યો દવ નિર્માણ. મારી સજની. ૧૦
મનસા વાચા એ વર વરિયો, અવર તે મિથ્યા જાણ; મારી સજની.
રૂપ અને ગુણવંતો સ્વામી, સત્ય કહું છું પ્રાણ. મારી સજની. ૧૧
તાત કઠોર દયા નહી હૃદયે, કોમળ મ્હારો કંથ; મારી સજની.
પ્રહાર કરીને બાંધીરે લીધો, શ્રીહરિ વેગળો પંથ. મારી સજની. ૧૨

કોણ સહોદર આવે અવસર, શોધ કરવાને જાય; મારી સજની.
નાત ભ્રાતને જાણુ નહીં તો, કુણ ઉઠીને ધાય. મારી સજની. ૧૩
પિતા પિયુજીને વેરીરે દેખે, પરભવે બહૂ પેર; મારી સજની.
નાગતણા ફૂત્કાર હળાહળ, ફેરવી નાંખે લ્હેર. મારી સજની. ૧૪
ટળવળે અંગ અગનીરે ઉઠ્યો, કંઠે પડીયો શોષ; મારી સજની.
પૂર્વતણાં કર્મ આવી નડીયાં, કોને દીજે દોષ. મારી સજની. ૧૫
તાત કહે તો કાયારે પાડું, વિષ ખાઉં આ વાર; મારી સજની.
સ્નેહ ન જાણે કોઈ રે મનનો, કાં પીઉ ભરથાર. મારી સજની. ૧૬
તાતતણે મન કાંઈ નહીં, મુને સબળો લાગે સ્નેહ; મારી સજની.
છોરુ પોતાનાં જાણી કીજે, દયાળ ન દીજે છેહ. મારી સજની. ૧૭
બાણાસુર મહા પુરુષ જ્ઞાતા, જેથી ચૂક ન થાય; મારી સજની.
બાળક ઉપર પ્રહાર શો કરવો, જદપિ હોય અન્યાય. મારી સજની. ૧૮
વહાલા થઇને વેર જ વાળો, શું નથી આવતી લાજ; મારી સજની.
નીચ પદારથ નથી કુળ નીચું, કૃષ્ણકુંવર મહારાજ. મારી સજની. ૧૯
નીચું નાક ન હોય એથી, નિરર્થક શો સંગ્રામ; મારી સજની.
મોટા સાથે વિરોધ નકરીએ, નહીં નિર્બળ હળધર શ્યામ. મારી સજની. ૨૦
સકળ પૃથ્વી ચાકે ચઢાવી, અસુરનો ફેર્યો ઠામ; મારી સજની.
વેર વધારી વિકુલ સાથે, ક્યાં કરશે વિશ્રામ. મારી સજની. ૨૧
સ્વામી મારાને શીર સમરથ, તેને ચઢશે કોપ; મારી સજની.
ભદ્ર ઇચ્છે જો તાત પોતાનું વિષનું બીજ મા રોપ. મારી સજની. ૨૨
જુદ્ધ સમે આકાશે રહીને, જુવે છે નારદ દેવ; મારી સજની.
ભય મા આણીશ અમો જાશું દ્વારામતી, જુદ્ધ કરશું તતખેવ. મા. સ. ૨૩
નિર્ભય રાખી વિણાધર ગયા, પરવરિયા આકાશ; મારી સજની.
પહોંતા ઋષિ ઉતરિયા હેઠા, ભેટ્યા શ્રી અવિનાશ. મારી સજની. ૨૪

વલણ

ભેટ્યા શ્રી અવિનાશને, કુશળ વારતા પૂછે વળી;
કહે નારદ અનિરુદ્ધને રાખ્યા, કારાગૃહમાં દૈત્યે મળી. ૨૫

કડવું ૩૪ મું-રાગ વેરાડીની ચાલ

શુકદેવ કહે પરીક્ષિતને, બાંધ્યો તે જાદવ જોધ;
હવે દ્વારીકાની કહું કથા, જાદવ કરે શોધાશોધ. ૧

હિંડોળા સહિત કુંવર હરિયો, રૂવે છે કિંકરી;
હાહાકાર હવો પુર વિષે, અનિરુદ્ધની થઈ ચોરી. ૨
રતિ અતિ આક્રંદ કરે છે, મળ્યાં વિનતાનાં વૃંદ;
રુકિમણી રોહિણી દેવકી, સર્વે કરે આક્રંદ. ૩
જાદવે સર્વે કહ્યું માધવને, શું બેઠા છો સ્વામી;
વાર વિલંબ ન કીજીએ, એમ કુળને લાગે ખામી. ૪
વસુદેવ કહે શામ રામને, શું બેઠા છો ભૂપ;
શોધ કરો અનિરુદ્ધની, ક્યાં ગયો કુંવર અનૂપ. ૫
ઉગ્રસેન કહે આશ્ચર્ય મ્હોટું, કેમ હર્યો હીંડોળો;
દેવ દૈત્ય રાક્ષસનું કારણ, તે ખપ કરીને ખોળો. ૬
સાથને જદૂનાથ કહે છે, શાને કીજે શ્રમ;
ગોત્રદેવીને એમ જ ગમતૂં, કુંવર હર્ય્યાનું કર્મ. ૭
અગીઆર વરસ અમેં ગોકુળ સેવ્યું, મામાજીના ત્રાસે;
પ્રદ્યુમ્નને શંબરે હર્યો તે, આવ્યો સોળમે વરસે. ૮
ફરિ અનિરુદ્ધ તેમ આવશે, સાચવશે કુળ દેવી;
કૃષ્ણે કુટુંબને રોતું રાખ્યું, આશા દીધી એવી. ૯
પાંચ માસ એમ વહી ગયા, જાદવ છે સર્વે દુઃખ;
શોણીતપુરથી કૃષ્ણસભામાં, આવ્યા નારદ ઋખ. ૧૦
હરિ આદે જાદવ થયા ઉભા, માન મુનિને દીધું;
આદરશું આસન આપીને, અર્ઘ્યપૂજન કીધું. ૧૧
સમાચાર સર્વે કૃષ્ણે પૂછયા, નારદ વળતૂં ભાખે;
ઉત્પાત વાત જે તમારા કુંવરને, બાણ બાંધીને રાખે. ૧૨
ઈસ્વરી ઇચ્છાએ ઓખાને પરણ્યો, સંબંધ એવો સાંધ્યો;
આપદા અનિરુદ્ધ વેઠે, બાણાસૂરે બાંધ્યો. ૧૩
વાત સાંભળી વધામણીની, વજડાવ્યાં નિશાન;
શામ રામ કામ થયા તત્પર, જીતવા રાય બાણ. ૧૪
સજ્જન સર્વે અતિ સુખ પામ્યાં, છે કુંવરને કુશળ;
ગરુડ ખેડ્યો ગોવિંદજીએ, લીધી સેના સકળ. ૧૫
સંકર્ષણ ને સાત્યકી, સંગાથે ત્રીજો પ્રદ્યુમન;
ત્રણ જોદ્ધા પાસે બેસાડી, કૃષ્ણે ખેડ્યો ખગજંન. ૧૬

એક પહોરમાં પંખી પહોંતો, અસુરે સાંભળી પંખ;
રીપૂ હૃદય વિદારવા, શામળે તે પુંકયો શંખ. ૧૭

વલણ

શંખ પુંકયો શામળે, ઊછળ્યો સહસ્રપાણુરે;
ત્રાસે નાસે લોક પુરના, પડયું બહુ ખુંબાણુરે. ૧૮

કડવું ૩૫ મું-રાગ સારંગ

શંખ શબ્દ વિષે કારણ, રીપૂ દળનું વિદારણ;
કૃષ્ણનું જાણુ તે બાણને થયું, બાણ પ્રાક્રમ તે કયાં ગયું. ૧
અનિરુદ્ધ કહે સુણુ સુંદરી, શંખ વાગિયો આવ્યા હરી;
છુટયાં બંધન જાદવથકી, ગાજ્યા હળધર ને સાત્યકી. ૨
બોલે પ્રદ્યુમ્ન મ્હોટે સ્વરે, બાણ પાણ છેદાયા ખરે;
ગોવિંદ ગત્ય ન જાએ કળી, જાદવસેના આવીને મળી. ૩
મંત્રી કહે સુણો અસુરેશ, દળ જાદવનું ચાંપે દેશ;
અનુચર આવ્યા ને લાવ્યા વાત, દળ છે અસંખ્યાત. ૪
મંત્રીને કીધી નેત્રસમસ્થાય, સૈન્ય તત્પર આપી અજ્ઞાય;
દુંદુભિ નાનાવિધ ગડગડે, શસ્ત્ર ધરી વીર વાહન ચડે. ૫
પાતાળના ભૂપ કહાડ્યા લખી, સેના ટોપ સજે જીવરખી;
પાખર બખ્તર ધુધરમાળ, ટચકારે ઘોડા દે ફાળ. ૬
મોર દામણી પુંમતડાં ફરકે, છાયા પોતાની દેખીને ભડકે;
ભલા અસ્વાર ઉપર લટકે, હીંસે હયં હિંડે ને અટકે. ૭
વાદળિયા વેગે નાચંત, છુટા પગ જેમ પાણિપંથ;
કાબરા કાળા ને કલંકી, પંખાળા ઊડે છે અબલકી. ૮
કુમેદ લીલાને પંચવરણા, ઉજ્જવળ આરબી ઘોડા હરણા;
પાધરા પવનવેગી ઘોડા, અશ્વાર બહુ જુદ્ધે જોડા. ૯
સજ્જળ વાદળ જેવા હાથી, તે ઉપર મોટા મહારથી;
રથ પાળા અશ્વાર અનંત, ધીર ધસે ને કરડે દંત. ૧૦
પ્રચંડ પીઠ મ્હોટા પહાડ, સળકે જીભ લલકાવે હાડ;
પૂર પોળે સેના નવ માય, હણો જાદવ કહેતા જાય. ૧૧
ટોળાં ઉપર ટોળાં આવે, પગને પ્રહારે ધરણી ધુજાવે;
રીસે અંતરમાં હડહડિયો, જુદ્ધે રાય બાણાસુર ચઢિયો. ૧૨

દશે દીશના માર્ગ બહુ રાયા, કોટી શંખ સાથે પૂરાયા;
ઝટક્યા ભૂજ બાણાસૂર મલ્લ, પૃથ્વી થવા માંડી ઉથલ્લ. ૧૩
ગર્જના કીધી મહીપાળ, ખળભળિયાં સાતે પાતાળ;
બ્રહ્મલોક જઈ પહોંત્યો નાદ, શ્રીકૃષ્ણને બાણે કીધો સાદ. ૧૪
ખગારૂઢ આવ્યા છો ખપ કરી, નહીં જાવા દઉં કુશળે ફરી;
ઉન્મત્ત જાદવ ઉચ્છંકળ, તમો દમો સંસાર સકળ. ૧૫
કુંવારી કન્યાને કપટે વરો, ક્ષત્રી ખળનાં લક્ષણ કરો;
સધળે વાંકા થઇને ફરો, દરમાં સર્પ પેસે પાધરો. ૧૬
કુડું કર્મ કીધું કુંવરે, શું આવ્યા છો તે ઉપરે;
ત્યારે હશી બોલ્યા ભગવાન, અમો લઈ આવ્યા છું જાન. ૧૭
જો વિધાત્રાએ કીધો સંબંધ, વર કન્યાના છોડો બંધ;
બાણને મન ચઢિયો કાળ, સંબંધ શાનો રે ગોવાળ. ૧૮
એવી આપીશ પેરામણી, સઉને મોકલું જમપુરી ભણી;
એમ બાણાસુર બોલ્યો વંક, શ્રીકૃષ્ણે સન્યું સારંગ. ૧૯
કડાઝુડ કટક બે થયાં, ઉઘાડાં આયુદ્ધ કરમાં ગ્રહ્યાં;
નેજાં ફરકે ફરે તરવાર, દ્વંદ્વ જુદ્ધ થયું તેણીવાર. ૨૦
તોમર ત્રિશૂળ ધરયાં મૂશળ, ગાજ્યા હળધર કર ધરી હળ;
છપ્પન કોટી જાદવ ગડગડિયા, દાનવ ઉપર તૂટી પડિયા. ૨૧
માનવથી દાનવ દળ દળાય, દેખી બાણાસુર અકળાય;
બોલ્યો બાણ ધરી અભિમાન, કૃષ્ણતણું ઉતારું માન. ૨૨
વાધ્યા જાદવ અસુર સમાન, બાણે ધરિયું શિવનું ધ્યાન;
અગિયાર કોટી ગણની સેનાય, લઈ પધાર્યા શંકરરાય, ૨૩
ભૂત પ્રેત ભૈરવ વૈતાળ, સન્ન જ્વર વ્યાધિ ને વ્યાળ;
શીકોતરી શાકણી સિંહારી, તે લઇને આવ્યા ત્રિપુરારી. ૨૪
વૃષભે ચડી આવ્યા બાણનાથ, જાદવ સેનાનો કરવા ઘાત;
વાગે શીંગ ડમરુ ને ડાક, ગાજ્યા હરિહર દઇને હાક. ૨૫

વલણ

હાક મારી શંકરે, કયાં ગયા કેશવ રામરે;
ભટ પ્રેમાનંદ કહે કથા, હરિહરનો સંગ્રામરે. ૨૬

કડવું ૩૬ મું-રાગ સામેરી

આવ્યા જુદ્ધે તે શંકર રાયજી, સેવકની કરવા સહાયજી;
ભોળોનાથ ને શ્રી ભગવાનજી, દેખી રીઝ્યો અસુર રાજનજી. ૧

ઢાળ

રાય રીઝ્યો અસૂરનો, તે શરણ શંકરને ગયો;
પાય લાગી પંચવદનને, સમાચાર સઘળો કહ્યો. ૨
પુત્ર પ્રદ્યુમનતણો, તેણે લગાડ્યું લાંછન;
જામાત્ર પદવી ભોગવી, છાનૂસેંવ્યું ઓખાનું ભવંન. ૩
બંધને અનિરુદ્ધ રાખ્યો, મને હણતાં તે દયા આવી;
એવા અપરાધ ઉપર આવ્યા, કૃષ્ણ કટકને ચડાવી. ૪
વાત વિરુધની સાંભળી, શિવને તે ચડિયો ક્રોધ;
જાએ જાદવની સેના સંહારો, શિવે વકાર્યા જોધ. ૫
શાકણી શીકોતરી સંચરી, ભક્ષ ભક્ષ વદતી વાચ;
જુદ્ધે ચાલ્યા ભૂત ભૈરવ, પ્રેત ને પીશાચ. ૬
મહા સુભટ બળિયા પ્રાક્રમી, દ્વંદ્વ જુદ્ધનું કરું શું વખાણ;
ગડગડિયા સાત્યકી અહંકારી, સન્મુખ મૂકે બાણ. ૭
બાણાસુર બળિભદ્ર સામો, શંકર ને શ્રીકૃષ્ણ;
સાત્યકી ને સ્વામી કાર્તિક, નંદી ને ચારુદ્રષ્ટ. ૮
કૃતવર્મા કૌભાંડ સામો, સાંબ ને ધુમ્રલોચંન;
શોણીતાક્ષ ને સોમકેતૂ, ગણપતિ ને પ્રદ્યુમંન. ૯
રથી સામા રથી આવ્યા, હસ્તી સામા હસ્તી;
જાદવને શ્રીહરિ હકારે, હણો શિવના ઉપસ્તી. ૧૦
અસુર જાદવ મળ્યા એકઠા, સામેસામા ધીર;
છપન કોટી ને બોતેર કોટી, વઢતાં પાડે વીર. ૧૧
ભોગળે ભોગળ પડે ફરસી, ગુરજના ઝળકારા;
ગગનમાં જેમ વીજળિ ચમકે, તેમ ખડ્ગતણા ચળકારા. ૧૨
સાંગ લીધી પરીઘ ભાલા, ભોગળ ને ભીંડીમાળ;
શૂર ચક્રથી ચૂર થાતા, વઢે વીર વિકાળ. ૧૩
સરખા ને મહા સુભટ બળિયા, થયો રણસંહાર;
હસ્ત ચરણ ને શ્રવણ નાસિકા, છેદે થાય હાહાકાર. ૧૪

પ્રબળ માયા આસૂરી, થયો ઘોર અંધકાર;
શૂર ચક્રે ચૂર થાતાં, વહી શોણિતની ધાર. ૧૫
અસ્તી ચર્મ ને મેદ કાદવ, જાદવ દૈત્ય દળાય;
ધર્મ ચૂકી મામ મૂકી, કાયર પુરુષ પલાય. ૧૬
શોણિતની સરિતા વહી, ભયાનક ભાસે ભોમ;
પગ પ્રહારે રુધિર ઉડાડે, શું સાયર થાશે વ્યોમ. ૧૭
કુતૂહલ દેખિ દેવ કાંપ્યા, હવો તે હાહાકાર;
બળભંગ ભુજંગ હવો, કેમ સહેશે તે ભૂમી ભાર. ૧૮
નયણે નિરખી નવ શકે, શામ રુધીરપ્રવાહ;
જોગણીનું ભક્ષ ચાલ્યું, સુખી સીચાણા થાય. ૧૯
વ્યાઘ્ર સિહ ને ભૂત પ્રેત, શિવ સેનાની વૃત્ય;
સંતોષ પામી શાકીણી, કલ્લોલ કરતી કૃલ. ૨૦
ઓખા અનિરુદ્ધ કારણે, રોલાણા તે રાણી જાયા;
કુસુમ સજ્જાએ પહોડતા, તે રુધિર નદીએ તણાયા. ૨૧
સાગરશું સંગમ મલ્યો, શોણિતની સરીતા રહી;
અસ્તી ચર્મ ને માંસની, બે પાળ બંધન થઈ રહી. ૨૨
માતંગ અંગ મસ્તક વિના, શું ગ્રાહ છે વિકાળ;
કુંભસ્થળ જાણે કાચબા, નર શીશ કેશ શેવાળ. ૨૩
ભાસે ભુજંગ સમ નરકરો, મુખકમળશું કમળ;
નેત્ર મચ્છ ને મુગટ બગલા, નર નામ શું વમળ. ૨૪
પ્રવાહે તણાયા રથ જાતા, શોભીતાં શુ વહાણ;
દેખીને દારુણ નદી, કોપે ચઢ્યા ત્રીશૂલપાણ. ૨૫

વલણ

ત્રીશૂલપાણી સોંઢીયા, વૃષભ હાંકયો ભુવર ભણી;
ભટ પ્રેમાનંદ કહે કથા, હવે કહું રાડ હરિહરતણી. ૨૬

કડવું ૩૭ મું–રાગ સારંગ

શંકર આવ્યા છે સંગ્રામે, ધર્યું ચાપ તે સુંદર શ્યામે;
ગાજે ગરુડ છેલછબીલો, હાંકે પોડીયો હરજી હઠીલો. ૧
કૃષ્ણે ચક્ર ચડાવ્યું ચાક, મૂકયું શંકરે પીનાક;
આવી મળિયા બે ભગવાન, થયો સંસાર આંદુલમાન. ૨

વાગી હરિહરતણી હાક, પુરમાં રાંધ્યા રહ્યા છે પાક;
ચળ્યા વિધાત્રિના લેખ, ધ્રુજે ધરા ને સળકયો શેષ. ૩
ફાટયું આકાશ તુટ્યાં અભ્ર, પડ્યા ગર્ભવંતીના ગર્ભ;
કરી ચાપ તે મંડલાકાર, શિવે બાણ મૂકયાં છે બાર. ૪
જાદવસેના નાખી ઉરાડી, લઈ સમુદ્રમાંહી પાડી;
આવે બાણ તે મેઘની ધાર, કરે ભૂત પ્રેત પૂકાર. ૫
તે પૂઠે મૂકયાં પંચત્રીશ, છેદ્યાં આવતાં શ્રીજુગદીશ;
શત સહસ્ત્ર અયુત લક્ષ કોટ, વરસે બાણ તે દોટાદોટ. ૬
છૂટે બંધુક નાળ ને ગોળા, ફેરવે ક્રોધે ભિડીમાળા;
સણસણતાં શર બહુ છૂટે, તેણે કપાળ ભડનાં ફૂટે. ૭
વળગે ભૂત પ્રેત આવર્ણ, વઢે ચુડેલ અવળે ચર્ણ;
મસ્તક શગડી ધીકધીકાવે, કિલકિલ કરતી ઉપર આવે. ૮
હરખી શાકીણી ડાકણી સર્વ, આવ્યું જાણે ઉજાણીનું પર્વ;
ચુસે કંઠ ને ધુંટડા ભરે, મુખે રુધિરના રેલા ઉતરે. ૯
કેટલી વારુણીમાં થઈ મગ્ન, વસ્ત્ર વેણી ફરે છે નગ્ન;
ગ્રહી ભમાવે જોદ્ધ ગગ્ન, જાદવ સેના કીધી ભગ્ન. ૧૦
કેટલીની તે આંખ્ય કપોળ, કોનાં મુખ જાણે મ્હોટી પોળ;
લંબસ્તની વિપરીત વાન, કોના ભૂમીએ ભરાએ કાન. ૧૧
જીભ સળકે સર્પાકાર, મુખે કિલકિલ કરે ઉચ્ચાર;
શ્રણા જાદવ ખાધા કરડી, નાડી સેના તે મારગ મરડી. ૧૨
ધાયા રાક્ષસ દેતા માર, જદુ સેનાએ ખાધી હાર;
છૂટે દુર્ગ નાળ ને ગોળા, નાઠા જાદવ ટોળેટોળા. ૧૩
પ્રગટયો મહાદેવને વળી ખાર, વાળ્યો જાદવનો સંહાર;
વઢે ડાકિની શાકિણી સંહારી, એમ કોપ્યા શ્રી ત્રિપુરારી. ૧૪
નાઠું સૈન્ય દીઠું ચોપાસ, ત્યારે કોપ્યા શ્રી અવિનાશ;
હરિએ ચક્ષુ કીધી વક્ર, પછે મૂકયું સુદર્શન ચક્ર. ૧૫
છેદ્યાં ડાકિણીશાકિણીનાં શીશ, રંડા નાસે ને પાડે ચીસ;
કોને ભાલા વાગ્યા ભચોભચ્ચ, કોઇનાં નાક છેદાયાં ટચ્ચ. ૧૬
છેદ્યાં હસ્ત શ્રવણ ને ચરણ, નયણે ઉડે રુધીરનાં ઝરણ;
ફરી જાદવ જુદ્ધે વળિયા, કામહામથી આવીને મળિયા. ૧૭

આવ્યા સામા જાદવ જંન, દેખી ખીજ્યા પંચવદંન;
મૂકે શિવ અપરિમિત બાણ, ભલા સુભટ તજે છે પ્રાણ. ૧૮
કૃષ્ણે મૂકયું મોહાસ્ત્ર બાણ, મોહ પામ્યા પીનાકપાણ;
કીધું પોઢિયા ઉપર શયન, સાંભળ પક્ષિત રાજંન. ૧૯
રણે ક્રોધ્યો બળીનો બંધ, ધાયા ગણપતિ ને વળી સ્કંધ;
મહાક્રોધ અભ્યંતર આણી, ધાયા ધનુષ વિષે શર તાણી. ૨૦
ઘણી જાદવ સેના મારી, ક્રોધ થકી કો ન ઉગારી;
ધસ્યા રાક્ષસ કરતા માર, જાદવમાં થયો હાહાકાર. ૨૧
ત્યારે ધાયો સાત્યકી શૂર, કીધી અસુર સેનાને ચૂર;
પ્રગટયું માયાતણું તિમિર, મંત્રે નીવારે તે જદુવીર. ૨૨
છેદ્યાં કવચ ભાલા તે છેક, નાઠા અસુર મૂકીને ટેક;
ગાજ્યો બાણાસુર ઉન્મત્ત, તાણ્યાં ધનુષ તે પંચ શત. ૨૩
નાખે બાણ તે દાનવ દક્ષ, શત સહસ્ર અયુત ને લક્ષ;
નાઠી સેના તે ભડભડાટ, હસ્તી ચીસ પાડે ચડચડાટ. ૨૪
પડે જાદવમાં બહુ ભંગ, ત્યારે ક્રોધ્યા શ્રી સારંગ;
શામે અકરસ્યું સારંગ, બાણે ભેદ્યું તે બાણનૂં અંગ. ૨૫
કૃષ્ણે છેદ્યો ધ્વજનો દંડ, રથ કીધો તે શતખંડ;
છેદ્યું છત્ર અતિ અનોપ, કાપ્યાં કવચ આયુદ્ધ ને ટોપ. ૨૬
બાણે પાડ્યો મસ્તકનો ટોપ, દેખી કૃષ્ણને ચડિયો કોપ;
કીધા વાહન વીના વીર, ગતિ ભંગ થયાં શરીર. ૨૭
છેદવા માંડ્યા જ્યારે હાથ, આવી બાણાસુરની માત;
કોટરા એવું તેનું નામ, દેખી નગ્ન ને લાજ્યા શામ. ૨૮
નવ મૂકયું સુદરશંન, નાસી છુટ્યો બાણ રાજંન;
પાછો ક્રોધ કરી તે વાર, થયો જુદ્ધ કરવા તૈયાર. ૨૯
રાયે ફરી કટક સજ કીધું, બાણે વઢવા દદામું દીધું;
જ્યાં ઉભા શ્યામ ને રામ, આવી કીધો મહા સંગ્રામ. ૩૦
પછે માંડયું આસુરી કર્મ, વરસે માંસ રુધિર ને ચર્મ;
ધાયો સમુદ્ર વાધે જેમ પર્વ, વરસે અસ્થિ ઉપદ્રવ. ૩૧
નાસે જાદવ બળિયા સર્વ, ભલા સુભટ તજે ગર્વ;
હલધર નાઠા મૂકી મામ, દૈત્યે દારુણ કીધો સંગ્રામ. ૩૨

નાખે કર્દમ કાંટા સર્પ, વરસે શલ્યા દાનવ નર્પ;
પાડયું જાદવમાં ભંગાણ, નાઠા હલધર લઈને પ્રાણ. ૩૩
દાનવ રાય મૂકે દોટ, કોની ગ્રહીને મરડે કોટ;
એનાં ગ્રહી અફાળે શીશ, એદ પામ્યા શ્રી જુગદીશ. ૩૪
ગરુડ થયો છે ગતિ ભંગ, શલ્યા પ્રહારે ભાંગ્યું અંગ;
રથ વેાણા કીધા રામ, મૂકી મામ ને નાઠા કામ. ૩૫
સુંદર શ્યામજી કીજે સહાય, જાદવ કરે છે ત્રાહ્ય ત્રાહ્ય;
દેખીને દેવ પામ્યા બીક, બાણે વાળી રુધિરની નીક. ૩૬
બીજ્યા કૃષ્ણ એજ્યો ખગ્નજંન, અતિ ક્રોધ ચઢયો છે મંન;
ચક્ર લીધું છેદવા હાથ, કીધી ઇચ્છા તે વૈકુંઠ નાથ. ૩૭
એમ કોપ્યા શ્રી જદુનાથ, હવે છેદું બાણના હાથ;
મૂકયું ચક્ર તે બીજીવાર, દૈત્યોમાં થયો તે હાહાકાર. ૩૮
નાઠો બાણ વાળીને મૂંઠ, હરિયે ચક્ર તે મૂકયું પૂંઠ;
અંગો અંગમાં લાગી જ્વાળ, જેમ છેદે કો વડની ડાળ. ૩૯
એમ કપાય બાણના પાણ, ત્રાહ્ય ત્રાહ્ય વદે મુખ વાણ;
અંગે વહે શોણિતની ધાર, કાપ્યા કર બાણના તે વાર. ૪૦
આવી એહું સુદરશંન, અકળાયો બાણ રાજંન;
જેમ છેદે વૃક્ષની ડાળ, તેમ કર કાપ્યા ગોપાળ. ૪૧
જેમ ઝુડે વૃક્ષને વંન, તેમ કર કીધા છેદંન;
પછે રાખ્યા કર ત્યાં ચાર, પડ્યો બાણ તે ભુમી મોજ્ઝર. ૪૨
અંગે રુધિર વહે વિવર્ણ, જેમ પર્વતથી નીસરે ઝરણ;
સૂતો કરે શિવનું ધ્યાન, પ્રભુ રાખો સેવકનું માન. ૪૩

વલણ

બાણાસુર પૃથ્વી પડ્યો, પીડા પામ્યો પંડરે;
વળી સદાશિવ કોપે ચઢયા, કંપ્યા ચૌદ બ્રહ્માંડરે. ૪૪

કડવું ૩૮ મું–રાગ રામગ્રી

જાગ્યોરે જોગી પુરાણ ક્રોધજી, છેક તણાયા વાધ્યો વિરોધજી;
બાણને લાવ્યો ઉચલી કૌભાંડજી, સેવક દીઠો માંસનો પિંડજી. ૧

ચાલ

પિંડ જાણે માંસનો એવી, દીઠી અસુરની કાય;
વિશ્વ પ્રલેની ઇચ્છા કીધી, ધનુષ ધર્યું શિવરાય. ૨

ક્રોધે ભાળી કહે કપાળી, તેં ટાળી મારી મરજાદ;
એ પણ મારું જે સર્વ, સંહારું ઉતારું ઉન્માદ. ૩
વૃષભ હાકયો ને ગરુડ તાકયો, મુખે બોલ્યો મેઘસ્વર;
મંત્ર ફૂંકયો ને કૃષ્ણ ઢૂંકયો, મૂકયો કાળજ્વર. ૪
જાદવ સેના થઈ આકળી, તાવે તે પીઝાં તંન;
કૃષ્ણે મૂકયો એકાંતરો, તેણે ખીજ્યા પંચવદંન. ૫
શિવે હંકાર્યો ટાઢીઓ, વરસે જેમ હુતાશંન;
તરિઓ મૂકયો ત્રીકમે, તેણે દમ્યા દાનવ જંન. ૬
પશુપાળે મૂકયો પિત્તજ્વર, વાતજ્વર મૂકયો લક્ષ્મીવર;
મહાદેવે પછે મૂકયો, સદ્યપ્રાત કાલજ્વર. ૭
લોહદંડ તેના હાથમાં, છે નેત્ર લોહીવરણુ;
ધસ્યો પણ પાછો ખસ્યો, જોઈ અશરણુશરણ. ૮
કૃષ્ણે મૂકયા જેટલા, તેણે રાખી શિવની લાજ;
સન્નિજ્વર સ્તુતિ કરે, તમો બન્યો છો મહારાજ. ૯
જ્વરને વર હરિએ આપ્યો, હરિકથા ભજે જેહ;
નિન્દા કરે શિવજી તણી, પીડજે તેની દેહ. ૧૦
ઓખાહરણ જે સાંભળે, અંતર આણી વહાલ;
કષ્ટ હોએ જો જ્વરતણું, મૂકજો તેનો ખ્યાલ. ૧૧
પછે અગ્નયાસ્ત્ર મૂકયું શંકરે, પ્રગટયો તે હુતાશંન;
સેના દીઠી દાઝતી, હરિએ પ્રેર્યો પરજંન્ય. ૧૨
વરસાદે વહ્નિ સમાવીઓ, થઈ દૈત્ય ઉપર વૃષ્ટ;
પવનાસ્ત્ર મૂકયું શંકરે, ટાળ્યું અસુરનું કષ્ટ. ૧૩
ધૂળ કોટ થયો વાયુથી, રજે ભરાણાં જાદવ ચક્ષ;
સર્પાસ્ત્ર મૂકયું ત્રિકમે, તેણે વાયુ કીધો ભક્ષ. ૧૪
સેના નાસે બાણની, પ્રગટયા તે સર્પ અપાર;
પછે મહાદેવે ગરુડાસ્ત્ર મૂકયું, તેણે કીધો નાગસંહાર. ૧૫
ખગે ચંચના પ્રહાર માંઝ્યા, દમ્યા જાદવ શૂર;
કૃષ્ણે શલ્યા કોટ પ્રગટી, ગરુડ કીધા ચૂર. ૧૬
શંકરે વજ્રાસ્ત્ર મૂકયું, પર્વત કીધા શત ખંડ;
ભૂધરે બ્રહ્માસ્ત્ર મૂકયું, ડોલ્યાં ત્રણ બ્રહ્માંડ. ૧૭

મહાદેવે રુદ્રરૂપ કીધું, બાળું સર્વ સંસાર;
પશુપતાકા કહાડીઉં, ત્યારે હવો હાહાકાર. ૧૮
ધ્રુજે ધ્રુવ ને મેરુ ડગીઓ, ખળભળ્યાં પાતાળ;
સાગરે મરજાદ મૂકી, ડોલ્યા દશ દીગપાળ. ૧૯
શિવને ક્રોધ શેષ સળકયો, ડોલીઆ દીગ્ગજ;
ચંદ્ર સૂરજ ઝાંખા થયા, આપદા પામ્યો અજ. ૨૦
અષ્ટ પર્વત ગળ્યા ભૂમીએ, થઈ સુકી વનસ્પતી સર્વ;
જક્ષ કિન્નર વિદ્યાધર કાંપ્યા, અપ્સરા ને ગંધર્વ. ૨૧
ચૂકયા તાપસ તાપથી, ધ્યાનથી ચૂકયા ભગત;
ક્રોધજ્વાળા જોગેશ્વરની, બળે સંધું જગત. ૨૨
ત્રૈલોક્યમાં ખુંબાણ વરત્યું, થાએ ગર્ભના પાત;
વાયુ રુંધાયો વિશ્વનો, થઈ ક્રોટી જીવની ધાત. ૨૩
કષ્ટ જાણી સૃષ્ટિનું, શ્રી વૈદરભી વલ્લભ;
બાણ મૂકયું સંજીવન, થયું જગત નવ પલ્લવ. ૨૪
પુનરપિ પ્રલ્લે માંડીઓ, વિષ્ણુએ માંડ્યો વાદ;
મુનિવર અમર આવીઆ, તે કરે આરત નાદ. ૨૫
સુરરાય ને સરસ્વતી, કરે છે વેદસ્તવન;
તોએ ક્રોધ મૂકે નહીં, પછે આવ્યા કમલાસન. ૨૬

વલણ

કમળભૂ અંતરિક્ષથી આવ્યા, ક્ષમા ક્ષમા એમ ઓચરે;
શુકદેવ કહે પરીક્ષિતને, પછે બ્રહ્મા સ્તુતિ કેવી કરે. ૨૭

કડવું ૩૯ મું–રાગ કેદારો

સ્તુતિ કરે છે બ્રહ્માયરે, નમો નમો; હું તો બેઉને લાગું પાયરે, નમો નમો.
છો ત્રિભોવનના તાતરે, નમો નમો; કાંઈ આરંભ્યો ઉત્પાતરે, નમો નમો.
બ્રહ્મા જોડી ઉભા હાથરે, નમો નમો; જુદ્ધ મૂકી દો દીનાનાથરે, નમો નમો.
છો ગંગાધર પશુપાલરે, નમો નમો; તમો ગરુડ ચઢ્યા ગોપાળરે, નમો નમો.
જટાધારી ભસ્માધારરે, નમો નમો; મોર પીંછના ધરનારરે, નમો નમો.
ઉમીયાવર જોગેશરે, નમો નમો; મહા સિદ્ધ છો ઋષી કેશરે, નમો નમો.
જય પિનાક ત્રીશૂલપાણીરે, નમો નમો; સારંગધર પુરુષ પુરાણીરે, નમો નમો.
તમે જગતિપતા કહેવાઓરે, નમો નમો; પ્રજાને કાં મૃત્યુ ઉપજાઓરે, નમો નમો.

સુખઆપી દુઃખ કોઇનાપેરે, નમો નમો; ઉછેરી વૃક્ષ કોઈ ન કાપેરે, નમો નમો.
તેડી ઘરમાં ન કીજે ઘાતરે, નમો નમો; સુધા કહિએ વિશ્વની વાતરે, નમો નમો.
છેહ ન દીજે લાડ લડાવીરે, નમો નમો; નવ નાખીએ ઉંચાં ચડાવીરે, નમો નમો.
ન ઘટે સ્નેહ તમ તૂટેરે, નમો નમો; તો પ્રજાનું આયુષ ખૂટેરે, નમો નમો.
બીજે યુદ્ધ કરતા માતંગરે, નમો નમો; થાય દ્રુમવેલીના ભંગરે, નમો નમો.
સામા સાગર જુદ્ધે જાયરે, નમો નમો; તેથી જગત બાંધું તણાયરે, નમો નમો.
કોપ માંજ્યો સદાશીવરે, નમો નમો; તો પ્રજા કઈ પેરે જીવરે, નમો નમો.
આવી સ્તવે છે ઋષિ સમરે, નમો નમો; સ્વામી વિશ્વ થયું છે તમરે, નમો નમો.
સ્તવે ભારતી રહી એકમંનરે, નમો નમો; ગુણ ગાય ચાર નીગમરે, નમો નમો.
સ્તવે નાગ પામ્યા છે કષ્ટરે, નમો નમો; સ્તવે શિવને પર્વત અષ્ટરે, નમો નમો.
નમે તાપસ ને સંન્યાસીરે, નમો નમો; સ્તવે સહસ્ર ઋષિ અઠ્યાશીરે, નમો નમો.
નમે દૈત્ય થયા કાયરરે, નમો નમો; કરે સ્તુતિ સાત સાયરરે, નમો નમો.
એમ સ્તુતિ સર્વે કીધીરે, નમો નમો; ન મૂકે શિવે વાત લીધીરે, નમો નમો.
હાકી ઉઠ્યા કૃષ્ણ ને હરરે, નમો નમો; ક્રોધ પૂરીત કમળાવરરે, નમો નમો.
ક્રોધ દૃષ્ટિ અન્યો અન્યરે, નમો નમો; વ્યાપ્યો કાળ બન્યોને મંનરે, નમો નમો.
શિવે વાદ વિપરીત માંજ્યોરે, નમો નમો; એઉએ ભાર બ્રહ્માજીનો છાંજ્યોરે, નમો નમો.
ચેત વનવાસી ગોવાળરે, નમો નમો; હું પ્રીછૂંછું પશુપાળરે, નમો નમો.
કામ બહુ શામાના સંજોગીરે, નમો નમો; ખરા ભિલડીકરા ભોગીરે, નમો નમો.
સ્ત્રી હત્યાએ દેહ થઈ કાળીરે, નમો નમો; શું કેવડાવો છો કપાળીરે, નમો નમો.
હો નિર્દય મામાના મારણરે, નમો નમો; હો સ્વસુરના સંહારણરે, નમો નમો.
તેં જાચી ઋષિની નારીરે, નમો નમો; ખરા જન્મતણા ભીખારીરે, નમો નમો.
ગયો જન્મ ઓઢતાં કાંબળી, નમો નમો; કંઈ કથા રુડી ન સાંભળી, નમો નમો.
હો બળિના દ્વારપાળરે, નમો નમો; છોજી બાણ નગ્ર રખેવાળરે, નમો નમો.
એવું કહેતાં શિવ દાધ્યારે, નમો નમો; ગયા હાડ બન્યો જુદ્ધે બાધ્યારે, નમો નમો.

વલણ

બાધ્યા બન્યો મરજાદ મૂકી, જગત પ્રલે થાય રે;
વાહન મૂકી ધસ્યા બન્યો, મધ્યે પડ્યા બ્રહ્માયરે.

કડવું ૪૦ મું-રાગ કેદારો

ફરી સ્તુતિ બ્રહ્મા કરે, નમો નમો; વિનય વાયક ઓચરે, નમો નમો.
જય જય ત્રિભૂવનરાયરે, નમો નમો; શિવ તમને નમું છું પાયરે, નમો નમો.

જે જે વૈકુંઠરાયરે, નમો નમો; જે જે પતિ કૈલાસરે, નમો નમો.
જે જે દેવમુરારીરે, નમો નમો; જે જે ત્રીપુરારીરે, નમો નમો.
જે જે ત્રીગુણાતીતરે, નમો નમો; જે જે ઇંદ્રજીતરે, નમો નમો.
જે જે ગરુડારૂઢરે, નમો નમો; જે જે વાહનપશૂ પ્રૌઢરે, નમો નમો.
જે જે કમળાવરરે, નમો નમો; જે જે ઉમિયાધરરે, નમો નમો.
જે જે કોટીમદનરે, નમો નમો; જે જે પંચવદનરે, નમો નમો.
જે જે પીતાંબરરે, નમો નમો; જે જે વાઘાંબરરે, નમો નમો.
જે જે રૂપે ચિત્ત ચોરરે, નમો નમો; જે જે કર્પૂરગૌરરે, નમો નમો.
જે જે પરાત્પરરે, નમો નમો; જે જે દિગાંબરરે, નમો નમો.
પ્રભૂ પરમેશ્વરરે, નમો નમો; જે જે જોગેશ્વરરે, નમો નમો.
જે જે પતિવૈકુંઠરે, નમો નમો; જે જે નીલકંઠરે, નમો નમો.
જે જે ટાળો જગના તાપરે, ન૦ ન૦ જે જે ઉતારો ભેઉ ચાપરે, ન૦ ન૦
જે જે સ્તવે ચતુર્મુખરે, ન૦ ન૦ ત્યારે શિવે નાંખ્યું ધનૂષરે, ન૦ ન૦
જે જે અશરણશર્ણરે, ન૦ ન૦ જે જે ઊતરયા ધર્ણરે, ન૦ ન૦
જે જે આદિ અંતરે, ન૦ ન૦ જે જે ભોળા બળવંતરે, ન૦ ન૦
દીન વચન બ્રહ્માએ ભાંખ્યારે, ન૦ ન૦ ત્યારે ધનુષ બન્નોએ નાંખ્યારે, ન૦ ન૦
વઢતા હરિહર ભેટાબ્યારે, ન૦ ન૦ પડિયા જોદ્ધા ફરીને ઉઠાબ્યારે, ન૦ ન૦
પછી તેબ્યો બાણાસુર રાયરે, ન૦ ન૦ તે તો નમ્યો હરિને પાયરે, ન૦ ન૦.

વલણું

સંસાર આનંદ પામીયો, પ્રસન્ન થયા બ્રહ્માયરે;
વિપ્ર પ્રેમાનંદ કહે કથા, હવે વિવાહ કેઈ પેરે થાયરે.

કડવું ૪૧ મું–રાગ સારંગ

વળી શુકજી વદેરે વચંન, સાંભળ પરીક્ષિત રાજંન;
બ્રહ્માએ હરિહરને ભેટાબ્યા, પબ્યા જોદ્ધા તે ફરીને ઉઠાબ્યા. ૧
તમો બંન્યો કરો એવાં કામ, તો પૃથ્વીનો કુણ ઠામ;
ઇંદ્રે કીધો અમૃત પરજંન, ઉઠ્યા જોદ્ધા તે નવજોબંન. ૨
છુટ્યું બંધન અનિરુદ્ધ મળિયા, ઘણા દિવસના વિજોગ ટળિયા;
બાણાસૂર તે પાએ નમીયો, હાથ કાપ્યા તે દુઃખ સમીયો. ૩
જ્વર પ્રગટયા હુતા જે સાત, બ્રહ્મા પ્રત્યે કહે છે વાત;
જ્વરે બ્રહ્મા પ્રત્યે કહ્યું, સ્વામી આજ્ઞા આપો ત્યાં રહું. ૪

બ્રહ્માજી કહે છે વાણી, તમે રહેજો જગતમાં જાણી;
અર્ધો મનુષ દેહને દ્વાર, અર્ધો વનસ્પતી મોજાર. ૫
ત્યાં રહેજો તમારો વાસ, એમ જ્વરની પૂરી આશ;
ઓખાહરણ સૂણે ધરી ભાવ, તેનો જાય અજીરણ તાવ. ૬
શુકદેવ કહે સુણ રાય, હરિ હરતણો સમુદાય;
કહે હરિને તેડાવો જાન, વિધિએ આપું કન્યાદાન. ૭
આપી આજ્ઞા શ્રીકૃષ્ણે આવી, જાદવને લાવો સમજાવી;
અક્રુર સાત્યકી બંન્યો ગયા, જાદવ કુટુંબ સહૂ લાવીયા. ૮
હીંડે જાદવરાણી મોડામોડ, ટોળે થાતી તે છપ્પન ક્રોડ;
રાય લખી લખી પત્ર તેડાવે, ઠામ ઠામથી સહુકો આવે. ૯
રાયે રચના કીધી સારી, લીધ્યો મંડપ કનકની ગારી;
હેમગિરી વિંધ્યાચળ બોલાવ્યા, ઉદયાચળ અસ્તાચળ આવ્યા. ૧૦
ત્રિકુટાચળ મેરુ મૈનાક, ગંધમાદનગિરિ ચક્રવાક;
અજમેલ ગિરિ સુશીલશૃંગ, બ્રહ્મગિરિ નતાલ અભંગ. ૧૧
માગ્યા તુંગ્યા શહેરમાં ભેર, ધડ માદવગિરિ શાલ્હેર;
દેવગિરિ કનકાચળ પધરાવ્યા, અષ્ટકૂળ પર્વત ત્યાં આવ્યા. ૧૨
આવ્યા દેવ ક્રોટી તેત્રીશ, ઋષિ સર્વે દે આશીશ;
નવ કુળ તેડાવ્યા નાગ, આવ્યા મોટા રાય સુહાગ. ૧૩
તેજ્યાં રાજકુળ છત્રીશ, જાચક જન આવ્યા બહુ દીશ;
અનિરુદ્ધને પીઠી ચોળાય, શુભ નારીયો મંગળ ગાય. ૧૪
પીઠી ચડાવો પટરાણી, જાદવ સ્ત્રીઓ ગાએ સાધુ વાણી;
પંચ શબ્દ દુંદુભીનાદ, વાજે વાજીત્ર શોભા વાદ. ૧૫
જોવા ત્રીભૂવનથી સહુ આવ્યા, રાય બાણને મન ઘણું ભાવ્યા;
બાણ ઉતારે ઉતરાવે, કૃષ્ણજી ગ્રહશાંતિક કરાવે;
વિવાહ મંગળની રચનાય, સજાઇ વરઘોડાની થાય. ૧૬

વલણ

વરઘોડો ચઢે આનરુદ્ધનો, જાદવ તત્પર થાયરે;
બાણાસુરને માંડવે, જાદવ રાણી ગીત ગાયરે. ૧૭

કડવું ૪૨ મું–રાગ દેશ

આદિતની ધરણી, હારે તમે નિદ્રામાં પોઢોડો;
અનિરુદ્ધને તેલ સીંચારો કે, રાંદલ જાગવોરે. ૧

બ્રહ્માની ધરુણી, હાંરે તમે નિદ્રામાં પોઢોડો;
અનિરુદ્ધને તેલ સીંચારો કે, સાવિત્રીને જગવોરે. ૨
ચંદ્રમાની ધરુણી, હાંરે તમે નિદ્રામાં પોઢોડો;
જીયાવરને તેલ સીંચારો કે, રોહીણીને જગવોરે. ૩
શ્રી કૃષ્ણની ધરુણી, હાંરે તમે નિદ્રામાં પોઢોડો;
અનિરુદ્ધને તેલ સીંચારો કે, લક્ષ્મીને જગવોરે. ૪
પદ્યુમ્નની ધરુણી, હાંરે તમે નિદ્રામાં પોઢોડો;
અનિરુદ્ધને તેલ સીંચારો કે, રતિ વહુને જગવોરે. ૫
મહાદેવની ધરુણી, હાંરે તમે નિદ્રામાં પોઢોડો;
ઓખાને તેલ સીંચારો કે, ઉમિયાને જગવોરે. ૬
ગણપતિની ધરુણી, હાંરે તમે નિદ્રામાં પોઢોડો;
ઓખાને તેલ સીંચારો કે, સુધણુધને જગવોરે. ૭
બાણાસુરની ધરુણી, હાંરે તમે નિદ્રામાં પોઢોડો;
ઓખાને તેલ સીંચારો કે, બાણમતી જગવોરે. ૮

વલણ

તેલ ચંપેલ ચડાવો સજ્જની, સર્વે મળીને આવો;
નિદ્રામાંથી જાગૃત થઇને, ગીત મધુરાં ગાવો. ૯

રાગ ધોળ

પીઠી ચોળો પીઠી ચોળો પટરાણીરે, મગ દળો મગ દળો હો રાણીરે.
પગ ધુવો પગ ધુવો વરની ભાભીરે, ઓખાજી તો રહેજો અખંડ સોહાગીરે.
ચંદન ચરચ્યાં છે અપારરે, ભૂષણ પહેરાવ્યાં છે સારરે.
વર તો વરઘોડે ચડિયારે, અશ્વ અનુપમ ને હીરા જડિયારે.
તેના તેજતણો નહીં પારરે, ત્યાં તો નિરખે છે નરનારરે.
નિરખી નિરખી દીએ છે આશિશરે, જીશાવર જીવજો ક્રોડ વરીશરે.

કડવું ૪૩ મું–રાગ ધન્યાશ્રી

વળી તે વિહિવા માંડીયોને, જીત્યા જાદવરાય;
રુકમિણી મન આનંદ ઘણેરે, ત્યાં તો માનુની મંગળ ગાય.

અનિરુદ્ધજીની ઘોડલી.

સજન સહુ ટોળે મળ્યાં ને, સુરિનર મળ્યા છે અપાર;
પાનનાં આપ્યાં બીડલાં, તેપર શ્રીફળ ફોફળ સાર. અનિરુદ્ધજી.

ચુવા ચંદન છાંટણારે, કેસર કુમકુમ સાર;
ભાટ બંદીજન બહુ મળ્યા, તે તો બોલે છે જયજયકાર. અનિરુદ્ધજીની.
વાજીત્ર વાગે અતિ ઘણાં ને, માંહી ભેરીનો નાદ;
ઢોલ દદામાં ગડગડેરે, ત્યાં તો સરણાઇએ લીધો વાદ. અનિરુદ્ધજીની.
અપ્સરા નાચે ઇંદ્રની, માંહી નારદ તુંબરુ ગાય;
મધુરીસી વેણા વાજતી, એનો આનંદ ઓચ્છવ થાય. અનિરુદ્ધજીની.
સાંબેલાં સર્વે શોભતાં ને, અસ્વાર થયા વરરાય;
થનગન તેજી નચાવતારે, એવા સુર નર અતિ હરખાય. અનિરુદ્ધજીની.
શોણીતપૂર પાટણ ભલૂંરે, ફુલડે સોહાવી વાટ;
અનિરુદ્ધ વરઘોડે ચઢ્યારે, ત્યાં શેરીએ સોહાવ્યાં હાટ. અનિરુદ્ધજીની.
ચંચળ ચાલે ચાલતી ને, રંગે રાતે વાન;
મખીઅરડે મોતી જડ્યારે, ઘોડીનું પંચકલ્યાણી નામ. અનિરુદ્ધજીની.
પલાણ પરવાળાતણાં ને, નંગ પીરોજાં સાર;
રતન જડિત્ર બે પિગડારે, તેની ઝગમગ જ્યોત અપાર. અનિરુદ્ધજીની.
ઘાટ તે પહેર્યો શોભતોને, રામણ દીવો હાથ;
મોડ બાંધ્યો રાણી રુક્મિણીરે, જેને શ્રીકૃષ્ણ સરખા નાથ. અનિરુદ્ધજીની.
છત્ર ચામર ને વાવટારે, દીવાનો નહીં પાર;
પુઠે તે આવે જાનરડીરે, તે તો મંગલ ગાતી નાર. અનિરુદ્ધજીની.
વર વહેલા થઈ તોરણ ચઢ્યારે, સાળો છાંટે નીર;
તેને મનવાંચ્છિત આપ્યુંરે, પછે બાજઠે ઉભા વીર. અનિરુદ્ધજીની.
સાસૂ આવી સજ થઇરે, પોહોંતી મનની આશ;
ઓખાને અનિરુદ્ધ પરણશેરે, ગુણ ગાય પ્રેમાનંદદાસ. અનિરુદ્ધજીની.

કડવું ૪૪ મું-રાગ ત્રિતાલી ચોપાઈ

અનિરુદ્ધ ત્યાં મંડપે આવ્યા, બાણાસુરને મન ઘણું ભાવ્યા.
મુખથી બોલ્યા અમૃત વાણી, પૂંખે પારવતી પટરાણી.
ધુંશળ મૂશલ રવાઈ ને ત્રાક, પૂંખી તાણ્યું જીયાવરનું નાક.

બિભાસ

ધુંસળે મા પૂંખીશ ઉમયા, ધુંશળે વૃષભનું જોતરરે;
મંસળે મા પૂંખીશ ઉમયા, મંસળે અમૃત ખાંડણરે. ૧
રવાઇએ મા પૂંખીશ ઉમયા, રવાઇયે મહિનું વલોવણરે;
તરાકે મા પૂંખીશ ઉમયા, તરાક એ વિશ્વનું ઢાંકણરે. ૨

સરૈયે મા પૂંખીશ ઉમયા, સરૈયા વૃષભનૂં ચારણુંરે;
ઇંડી પીંડીએ મા પૂંખીશ ઉમયા, ઇંડી પીંડી એ ઉંદર વોખણુંરે. ૩

રાગ ત્રિતાલી ચોપાઈ

કાતી નાખી છે ઇંડી પિંડી, ઉમયા હરએ હરએ હીંડી;
ગળે ધાટ ધાલીને તાણ્યા, જીયાવરને માયરામાં આણ્યા. ૧
આડા અંતરપટ ધરાય, હસ્તે હસ્તમેલાપક થાય;
જોશી કહે છે સાવધાન, ગર્ગાચાર્યને દે અતિ માન. ૨
સહૂ મળી ત્યાં મંગળ ગાય, એવા આનંદ ઓચ્છવ થાય;
આવી બેઠા મોટા રાજન, બાણાસૂર તે દે ઘણું માન. ૩

વલણ

કોડ પોહોંતાં મનતણાં, પ્રેમે આપ્યાં પાનરે;
વર વહુ આવ્યાં ચોરીયે, દે બાણ કન્યાદાનરે. ૪

કડવું ૪૫ મું–રાગ ધન્યાશ્રી

સુર અસૂર તો આવી મળ્યા, મનમાં તે આનંદ ભર;
બાણરાય ને પ્રદ્યુમન, કરવા બેઠા મધુપર્ક. ૧
હરિ હર સભામાં બેઠા, સુર તે તેત્રીશ કોડ;
અવર રાણા ને રાયજી, સરખા તે સરખી જોડ. ૨
વાજીત્ર વાગે અતિ ઘણાં ને, બંદીજન કહે શુભ કૃત્ય;
રાગ રંગ થઈકાર થાય છે, કરે અપ્સરા નૃત્ય. ૩
શુક્રાચાર્ય કહે બાણરાયને, દ્યોને કન્યાદાન;
આ દિવસ નહીં આવે ફરી, સાંનિધ્ય શ્રી ભગવાન. ૪
બાણરાય કહે શીઘ્ર મંગાવું, જે જોઇએ તે આજ;
કન્યાદાન દઉં કોડથી, અનિરુદ્ધને શ્રી મહારાજ. ૫
જળપાત્ર કુંમકુમ દધી દૂર્વા, શ્રીફળ ફોફળ જોહ;
કનકપાત્ર કર ગ્રહીને, રાણીજી લાવ્યાં તેહ. ૬
વેદમંત્ર ઉચ્ચારથી, કરે પૂજા તતએવ;
પૂજાપો વિધવિધ ચડાવે, ભણીને ઋષિ દેવ. ૭
કર અંજલિ લેઇને, પછે બોલીયો રાય બાણ;
કન્યાદાન લીયો અનિરુદ્ધજી, જોડું છું બે પાણ. ૮
અનિરુદ્ધ કર આગળ કરે, મનમાં અતિ ઉલ્લાસ;
ઓખા અનિરુદ્ધ રાજી થયાં, કીધું નેત્રમાં હાસ્ય. ૯

સુતાનો સંકલ્પ કરીને, હરખ્યો રાય બાણ;
તે દાનની દક્ષિણા પછી, આપિયાં કોટિક દાન. ૧૦
ગજ અશ્વ ને ભૂમી, દાસી, કનકપાત્ર અનેક;
શુકદેવ કહે પરીક્ષિતને, કહેતાં ન આવે છેક. ૧૧

કડવું ૪૬ મું-રાગ ત્રિતાલો ચોપાઈ

મંગળ ફેરા ત્યારે ફરાય, મળી માનુની મંગળ ગાય;
હર્ષ ધરે બાણ મનમાંય, સાંનિધ્ય શ્રી વૈકુંઠરાય. ૧
પહેલે મંગળે ત્યાં સાર, આપ્યા રથ સહિત તોખાર;
બીજે ધેનૂ આપી અપાર, ત્રીજે કુંજરકેરી હાર. ૨
ચોથે કુંચી સહિત ભંડાર, આપી કીધો છે નમસ્કાર;
બાણાસુર બોલ્યો મુખ વાણ, સંપુટ કરી બે પાણ. ૩
હું તો સેવિશ તમારાં ચર્ણ, સૂધ રાખજો અંતરકર્ણ;
એમ રાયે કન્યાદાન દીધું, વિવાહ કર્મ સંપૂર્ણ કીધું,
હરિનો કોઈ ન જાણે પાર, બંન્યો કીધાં સ્ત્રી ભરતાર. ૪

વલણ

કારજ પૂરણ મંગળ વરત્યાં, જોવા મળ્યો સંસારરે;
ચોરીમાં દંપતી બનો, આરોગે કંસારરે. ૫

કડવું ૪૭ મું-રાગ બિભાસ

કંસાર જમો જમોરે જમાઈ, તારી રુડી દીસે છે કમાઈ;
છોરા તૂં તો કાળો ન કળીયો, છોરા તૂં તો સીંગોમાંથી સળીયો. ૧
છોરા તૂં તો નખ જેવડો ન્હાનો, કેમ આવ્યો છૈયા છાનો;
મારી ભોળી ઓખા બેન, તારાં ચોરતણાં છે ચેન. ૨
મારી કન્યા ન જાણે કાંઈ, તેને કપટે કીધું તેં સાંઈ;
છૈયા છત્રપતિએ ઝાલ્યો, કેવો કારાગૃહમાં ઘાલ્યો. ૩
તારા બાપનો બાપ તેડાવ્યો, તેણે પગે લાગીને છોડાવ્યો;
તારી કમળા માતા છે ઘાડી, તૂંને નવ દેખાડે ઘીની વ્હાડી. ૪
તારો પિતા જે છે કામ, તેનૂં ચંચળ ચિત્ત નહીં ઠામ;
શામરામે શૂં લડાવ્યાં લાડ, જેણે ખાધું અંત ભરવાડ. ૫
અમને દાનવ માનવને જોતાં ખામી, નીચ વરે ઉંચ કન્યા પામી;
તારો વંશ તો કીયો કામ, તેણે લજ્જાવ્યૂં બાણાસુરનૂં નામ. ૬

કયાંથી પેઠા તું ખંખાળી, તેં તો છેતરી ઓખા ભોળી;
તારા પુણ્યતણો નહીં પાર, રાજપુત્રી પામ્યો પીંડાર. ૭
રુડી વહુ પામ્યો તું રાચ, એક વાર અમ આગળ નાચ;
એમ રામા કરે બહુ રીત, અન્યોન્ય ગાય છે ગીત. ૮
વળતી દેવ કન્યા ગાય વરણી, તે તો કેશવની જનરણી;
તમે લાંખી શું લૂલી હલાવો, રૂપે ભુંડણ સરખી ભાવો. ૯
અમારો અનિરુદ્ધ તીખો મરી, એ તો સ્વમામાં ગયો વરી;
કન્યાને મન એ વર ભાવ્યો, તેણે આદર દઈને તેડાવ્યો. ૧૦
વર વહુ બન્યો એકઠાં મળીયાં, બાણાસુરનાં તે હઈડાં દળીયાં;
તેણે કીધો એ ઉપર કોપ, ભાંગ્યાં કવચ ને વળી ટોપ. ૧૧
શું થયું સિંહસૂતને સહાયા, હરિ હળધર કેવા ધાયા;
અમારા શ્યામ રામ જ્યારે રૂઠા, ત્યારે વેવાઈ કીધા હૂંઠા. ૧૨
રણમાં રઝળ્યા રાણાના અંગૂઠા, છોડી આપિને જીવતા છૂટ્યા;
મ્હા મારીને કન્યા લીધી, ઘર વસાવવા વહૂઅર કીધી. ૧૩
એમ ગીત ગાય છે વરણી, વર કન્યા તે ઉઠ્યાં પરણી;
ઋષિ સહસ્ર અઠયાશી ધીશ, દે છે વધૂ વરને આશીશ. ૧૪
માગણ ઉચિત પામ્યાં દાન, સહુને સંતોષે ભગવાન;
અતિ આનંદ ઓચ્છવ થાય, નારી ગીત અનૂપમ ગાય. ૧૫

વલણ

ઘર વસાવવા વહૂઅર કીધી, ઘેર જાશું આનંદરે;
પરસ્પર વિનોદની વારતા, કહે ભટ પ્રેમાનંદરે. ૧૬

કડવું ૪૮ મું–રાગ રામગ્રી

સાંભળો પરીક્ષિત રાયજી, કંસાર પૂરો થાળી માંયજી;
ઘૃત ખાંડ નાખી લાવીજી, રાણી માયરા મધ્યે આવીજી, ૧

ઢાળ

કંસાર રીતે ને પરમ પ્રીતે, આરોગે નર નાર;
સ્વજન નરખે ને મન હરખે, ઉલટ અંગ અપાર. ૨
જાદવ સઘળા જનઇયા, માનીયા જેમ દેવ;
તેલ મર્દન અંગ મંજન, કરે છે સેવક સેવ. ૩
ખાન પાન ભક્ષ ભોજન, નાનાવિધ પકવાન;
જનને ઘણું માન દીધું, રીઝ્યા ભગવાન. ૪

ધુધરા ધમકે ઢોલ ઢમકે, થાય છે સંગીત ગાન;
અપ્સરા નાચે ને રાય રાચે, જાચક પામે દાન. ૫
હાથા તોરણ બારણે, કેસર અંગ ઢોળાય;
ભાતભાતના સુગંધાદિક, અંગ લેપન થાય. ૬
મંડપ શોભા મહા મનોહર, વિધવિધ પેરનાં કામ;
કહે કવિ ત્યાં શું વખાણું, દીઠે પહોંચે હામ. ૭
શ્રીકૃષ્ણ શિવ સભા મધ્ય બેઠા, જાદવ છપ્પન ક્રોડ;
અનિરુદ્ધ ઓખા બીરાજતાં, જાણે માલતી ચંપક છોડ. ૮
શ્રીકૃષ્ણ જાદવ વદે વાણી, સાંભળો બાણરાય;
પેરામણી પ્રદ્યુમ્નને કરીને, જાન કરો વિદાય. ૯
વિદાય આપો રાય અમને, થાય છે બહુ દીન;
બાણાસુર કહે વેગે કરીને, આજ્ઞા દેશું સ્વામીન. ૧૦
ચરણરેણુ હું તમારો, મારો શો અધિકાર;
જે જોઇએ તે લખાવો, હું આપી કરું નમસ્કાર. ૧૧

કડવું ૪૯ મું–રાગ ધન્યાશ્રી

સાત્યકી કહે છે લખો કાગળમાં, એક લાખ માતંગ; રાયજી.
સાજસંગાથે પાણીપંથા, પંચ લાખ તુરંગ; રાયજી.
રથ પટકુળ પામરી સુરભી, ઘટે જે રોકારોક; રાયજી.
મન ઇચ્છયું અમે માગીને લીજે, ન રહે મનમાં શોક; રાયજી.
છપ્પન ક્રોડ જાદવને કાજે, આયુધ સહિત શણગાર; રાયજી.
જાદવજુવતી જે કોઈ ઘેર છે, તેને પટકુળ સાર; રાયજી.
દેવકી રુક્મિણી રોહણી રેવતીને, આપો સોળ શણગાર; રાયજી.
સુભદ્રાને ચીર પાંચ વરણું, વળી સોળે શણગાર; રાયજી.
અનેક ગામ ને દેશ જ આપો, તો હાથ ધરે શ્રીરામ; રાયજી.
લક્ષ ગામ ચાર દેશ આપીને, કરો પ્રભૂને પ્રણામ; રાયજી.
રોક જોઇએ તો સોનું રૂપું, બળીભદ્રને પૂછો તેહ; રાયજી.
પ્રદ્યુમ્ન વેહેવાઈ તમારો, મનગમતી વસ્તુ જેહ; રાયજી.
ઘણું અમે શું લખવાવિયે રાણા, સગપણ સાધ્યાં હાડ; રાયજી.
જમાઈ જે માગે તે આપો, તેમાં અમને શો પાડ; રાયજી.
ભુરસી દક્ષિણા બ્રાહ્મણને આપો, તેનો અહીં સો આંક; રાયજી.
જણ જાચકને સહુ કોઈ આપે, જે હોય દરિદ્રી રાંક; રાયજી.

રીતભાત સાત્યકીએ લખાવી, તે સર્વે આપી બાણ રાય; રાયજી.
કર જોડીને ઉભો સન્મુખ, શ્રીકૃષ્ણને નમ્યો પાય; રાયજી.

વલણ

પાય નમ્યો પરિબ્રહ્મને, આનંદ અંગ ન માયરે;
છપ્પન કોડને પૈરામણી કરી, પૂજ્યા ત્રિભુવન રાયરે.
ત્રિભુવનપતિ સંતોષિયા, આપ્યાં વસ્ત્ર વાહંનરે;
પુત્રી આપી પાયે લાગ્યો, કીધી સ્તુતિ સ્તવંનરે.

કડવું ૫૦ મું–રાગ ધન્યાશ્રી

પુત્રી પધારોરે, સૌભાગ્ય સાસરે, ભાગ્ય તમારુંરે, તૂલના કુણ કરે;
અમે અપરાધી બહુ, અવગુણ ભર્યાં, પુત્રી તમનેરે, અતિ દુખિયાં કર્યાં. ૧

રાગ બીભાસની

દુઃખ પામી દીકરી તે, મરણ લગી કેમ વીસરે;
માતા પિતા વેરી થયાં તારાં, મનની ખટપટ કેમ નીસરે. ૨
બાઈ બાપે તુંને બંધનમાં રાખી, દુઃખ વેઠયું બહુ દીકરી;
મોટું ઘર કુળ પામી તે તો, તું તારે ભાગ્યે કરી. ૩
ઉગ્ર પુણ્યે ઓખાબાઈ તમો, પામ્યાં અનિરુદ્ધ નાથને;
તે સુખ આગળ દુઃખ વિસાર્યું, જોખમ બાણના હાથને. ૪
શિક્ષા દઉં તને દીકરી, મારી તારી લાજ વધારજે;
જો પ્રીતે પીયુ આજ્ઞા આપે, તો પિયરભણી પધારજે. ૫
ઉગ્રસેન હળધર પ્રદ્યુમન, વાસુદેવ ત્રિભુવન ધણી;
સ્વસુર પક્ષમાં સર્વ કુટુંબની, સેવા ભક્તિ કરજે ઘણી. ૬
રુક્મિણી જાંબુવતી ને ભદ્રા, સત્યભામા સત્યા સુંદરી;
લક્ષ્મણા કાલિંદી વૃંદા, અષ્ટ પટરાણી ખરી. ૭
રતી રંભાવતી દેવકી, માયાવતી સતી રેવતી;
રખે દીકરી આળસ કરતી, તું ચરણ તેનાં સેવતી. ૮
રુડી ભુંડી વાત સાંભળિ હોય, કોઈ આગળ નવ ચેહેરીએ;
ઉઘાડા કેશ ન મૂકીએ, ઘણું ઝીણું વસ્ત્ર ન પેહેરીએ. ૯
કામ ઘરનાં બતાવ્યાં કરિયે, ન કરિયે કાંઈ અરુપરું;
પૂછ્યા પૂઠે સૂક્ષ્મ સાદે, બોલીએ જઈને ખરું. ૧૦
પાત્ર પગે નવ ઠોલિયે, ક્ષમા રાખીએ બહુ ઉદરે;
આધું ઓઢી ચાલિએ, રાખીએ દૃષ્ટિ ભૂમિપરે. ૧૧

સંતાપ સાસરે ન કીજીએ, પિયરને ન વખાણિયે;
લક્ષ દુઃખ હોય સાસરે, પણ સ્વામીને ન જણાવિયે. ૧૨
દાસી માણસનો સંગ ન કીજે, નીચને મળે માઠું સહી;
સાસુ રીસ કરે ઘણી, પણ સામો બોલ કરિયે નહિ. ૧૩
સાસુ નણંદ ને જેઠાણીની, સેવા ભક્તિ કરજો ઘણી;
પર ઘેર નિત્ય જઇએ નહીં, ગયે હલકાઈ થાયે આપણી. ૧૪
મ્હોટે સ્વરે હસીએ નહીં, કોઈ સાથે તાળી નવ દીજીએ;
ઉભાં રહી ઉઘાડે માંથે, પુત્રી પાણી ન પીજીએ. ૧૫
ભરથાર પહેલું જમીએ નહીં, બાઈ ઉચ્છિષ્ટ જમીએ નાથનું;
તુંકારીએ નહીં સેવક આદે, મન રાખીએ સર્વ સાથનું. ૧૬
માત પિતા ને ભ્રાત ભગિની, પિયર સુખ ન સંભારીએ;
આવો બેસો જીજી કહીને, કુળની લાજ વધારીએ. ૧૭
સહુને ગમતું બોલીએ, બાઈ અહંકાર કરીએ નહીં;
હસતું વદન નિત્ય રાખીએ, સુખ દુઃખ સમાન ગણીએ સહી. ૧૮
દિવસે ન સુઇએ દીકરી, બેહેન વચન પિયુનું પાળીએ;
સાસુજી જ્યારે સાદ કરે, ત્યારે જીજી કરી ઉત્તર આલીએ. ૧૯
સ્વસુર જેઠની લાજ કીજે, ન બોલીએ ઉંચે સ્વરે;
એમ ઘણી શિક્ષા દઈ માતા, પુત્રીને વિદાય કરે. ૨૦

વલણ

વિદાય કરે પુત્રીને, ધન વસ્ત્ર દઈ અપારરે;
માત પિતા વળાવવા આવ્યાં, સાથે કુટુંબ પરિવારરે. ૨૧

કડવું ૫૧ મું–રાગ ધન્યાશ્રી

બાણાસુર મળી ઘેર જાયરે, સહુ સુવાસણ ગીત ગાયરે;
અનિરુદ્ધ પામ્યો શુભ કન્યાયરે, ત્યાં જાદવ હસતા જાયરે. ૧
સાહેલી મળી સહુ ટોળેરે, અન્યોન્ય મળીને બોલેરે;
પછે ગીત ગાય છે વરણીરે, ઓખાને લઈ જાય છે પરણીરે. ૨

રાગ કટાણાની ચાલ

આવ્યો આવ્યો દુવારકાંનો ચોર, એના વડપિતાએ ચારવાં ઢોર,
લાખેણી લાડી લઇ ગયોરે. ટેક.
એનું શું કરીએ વખાણ, એણે જિત્યો તે રાય બાણ, લાખેણી.
આવ્યો આવ્યો કામકુમાર, જદુકુલનો એ શૃંગાર, લાખેણી.

આવ્યો આવ્યો નંદતણો ગોવાળ, એ તો મામા કંસનો કાળ, લાખેણ
આવ્યો આવ્યો હળધરકેરો વીર, ગાયો ચારી તે જમના તીર, લાખેણ
આવ્યો ગોપીઓનો માખણ ચોર, એ તો નાગર નંદકીશોર, લાખેણ
એની મધુરી છે બહુ વાણી, એનો વડપિતા મહીનો દાણી, લાખેણ
એને મન આનંદ બહુ થાય, સખી ઓખાને લઈ જાય, લાખેણ
એમ સૈયરો ગાએ ગીત, મન આણીને બહુ પ્રીત, લાખેણ
તીહાં આનંદ સહુને થાય, ભટ પ્રેમાનંદ જશ ગાય, લાખેણ

રાગ કેદારો

ઓખા બાઈ ચાલ્યાં ચાલણહાર, સાથ મૂકયો સહિયરતણોરે;
મૂકયાં માતપિતા પરિવાર, સાથ લીધો જાદવતણોરે. ૧
ઓખા બાઇએ ભરીયાં નયણે નીર, મનમાં આનંદ અતિ ઘણોરે;
ચિત્રલેહા આવી દેવા ધીર, મિલાપ કરી ઓખાતણોરે. ૨
બન્યો ભેટ્યાં હૈડાં સાથ, મનમાં આનંદ પામ્યાંરે;
ભલે પામી તું અનિરુદ્ધ નાથ, દુઃખ તે સઘળાં વામ્યાંરે. ૩
આપણ રમતાં સહિયર સાથ, સુખમાં તે બહુ મહાલતાંરે;
હવે લીધો બાઈ જાદવ સાથ, અમને મૂકી થયાં ચાલતાંરે. ૪
મોહોટું ઘર પામી સહિયર તું, રાજી હું મનમાં થઈરે;
સુખમાં તારે બાકી શું, પીડા તુજ મનતણી ગઈરે. ૫
એની ડાહ્યાં થાને આપ, માયા મનમાં રાખજોરે;
બોલ્યું ચાલ્યું કરજો માફ, વેહેલાં તે દર્શન દાખજોરે. ૬
ત્યારે કહે છે ઓખાબાઈ, ચિત્રલેહાને પાયે પડીરે;
એની તુજ સાચી સગાઈ, સહુ સહિયરમાં તું વડીરે. ૭
બાઈ તેં ઝાલ્યો મારો હાથ, રક્ષા કીધી મુજતણીરે;
મેળવી આપ્યો તેં અનિરુદ્ધ નાથ, દયા આણી તેં ઘણીરે. ૮
જ્યારે જપતિ પતિ મનની માંહી, વ્યાકુળ એની હું થતીરે;
સુબોધ કરતી મુજને ત્યાંહી, સમજ મુજમાં ન હતીરે. ૯
અનેક ગુણ છે તારા બેન, તે મુજને નહીં વિસરેરે;
તુજ વિના મુજને નહીં ચેન, હતે મુજ હૈડું ઠરેરે. ૧૦
બાઈ તુજને કહું આપોઆપ, સહિઅર કો દિન આવશુંરે;
અપરાધ મારો કરજો માફ, કુશળતા અમો કહાવશુંરે. ૧૧

અમ કહી ભરતી નયણે નીર, ચિત્રલેહા છાની રાખતીરે;
એની ભીંજે તારાં ચીર, હૈડાં સાથે ચાંપતીરે. ૧૨
એટલે આવી ઓખાની માત, નયણે નીરધારા વહેરે;
પુત્રી મારી સાંભળ વાત, મુજ શિખામણ મન લહેરે. ૧૩
તુજને કહેતી ગુંજની વાત, દૂર પધારશો દીકરીરે;
હવે મુજને કોણ કરશે શાંત, કોને જોઇને રહું ઠરીરે. ૧૪
એની મધુરી બોલતી વાણ, તે મુજને બહુ સાંભરેરે;
વહાલી તું તો મારા પ્રાણ, વિસારી નહીં વિસરેરે. ૧૫
એની રુડાં તારાં ભાગ્ય, દીપાવ્યો જાદવ સાથનેરે;
પુત્રી રહેજો અખંડ સૌભાગ્ય, પામ્યાં અનિરુદ્ધ નાથનેરે. ૧૬
એમ દીધો ત્યાં આશીર્વાદ, મહિયર વહેલાં આવજોરે;
સેવો પવિત્ર સાસુના પાદ, દુઃખ હોય દોહ્યલાં કહાવજોરે. ૧૭
ઓખાબાઈ રહેજો દ્વારીકાંમાંહી, ત્યાં અમને સંભારજોરે;
ગોમતી નહાજો જઇને ત્યાંહી, ત્રણે પક્ષને તારજોરે. ૧૮
એમ કહી દૂર રહી ત્યાં માત, નિરખે છે નયણાં ભરીરે;
એટલે આવ્યો સહિયર સાથ, મળવા તૈયારી કરીરે. ૧૯
સાસરે જાઓ છો તમે બેન, ગમશે નહીં અમને કંઇરે;
તુજ વિના નહીં અમને ચેન, સહિ તું સખી કોઇ નહીરે. ૨૦
એની રમતાં આપણ સાથ, સહિયર ટોળે સહુ મળીરે;
હવે પામ્યાં અનિરુદ્ધ નાથ, પાછાં પિયર આવજો વળીરે. ૨૧
એની તું મા આંસુ પાડ, છાની રહેને તું જરીરે;
એટલે ત્યાં આવ્યો કૌભાંડ, એની વાત કહું ખરીરે. ૨૨
અદકી ઓછી કહી હોય વાત, તે મનમાં નવ રાખજોરે;
ક્ષમા કરજો મહારી માત, વહેલાં મુખડું દાખજોરે. ૨૩
એમ સર્વે મળી ભેટ્યાં ત્યાંહે, માતપિતા સહિયર સહુરે;
વાત કરે છે માંહોમાંહે, મનમાં આનંદ છે બહુરે. ૨૪

વલણ

ઓખાને સંતોષિયાં, ન્યૂન ન રાખી કાંયરે;
જનીવાસે ગોત્રજ આગળ, દોરડો કેમ છોડાયરે. ૨૫

51626

કડવું ૫૨ મું–રાગ ધોળ મંગળ

બ્રહ્માએ વાળી ગાંઠ, છબીલી દોરડો નવ છુટે;
તારો મહાદેવ બાપ તેડાવ, હો લાડી દોરડો નવ છુટે. ૧
તારી પાર્વતી માત તેડાવ, હો લાડી દોરડો નવ છુટે;
તારો ગણપતી ભ્રાત તેડાવ, છબીલી દોરડો નવ છુટે. ૨
તારો બાણાસુર બાપ તેડાવ, હો લાડી દોરડો નવ છુટે;
તારી બાણમતી માત તેડાવ, છબીલી દોરડો નવ છુટે. ૩
તારો કૌભાંડ કાકો તેડાવ, હો લાડી દોરડો નવ છુટે;
સગાં સર્વેને વેગે કહાવ, છબીલી દોરડો નવ છુટે. ૪
હવે કન્યાની જાનરડી ગાય, હો લાડા દોરડો નવ છુટે;
ત્યાં તો આનંદ ઓચ્છવ થાય, છબીલા દોરડો નવ છુટે. ૫
બ્રહ્માએ વાળી ગાંઠ, હો લાડા દોરડો નવ છુટે;
તારો શ્રીકૃષ્ણ વડવો તેડાવ, છબીલા દોરડો નવ છુટે. ૬
તારો પ્રદ્યુમ્ન બાપ તેડાવ, હો લાડા દોરડો નવ છુટે;
તારો હળધર કાકો તેડાવ, છબીલા દોરડો નવ છુટે. ૭
તારી રતિ માત તેડાવ, હો લાડા દોરડો નવ છુટે;
તારી ગોવાળ મંડળીને કહાવ, છબીલા દોરડો નવ છુટે. ૮

વલણ

એમ રીતભાત ત્યાં કરી, ગોત્રજને લાગ્યાં પાયરે;
ગોર આશીશ દે ઘણી, બાણાસુરની કીધી રક્ષાયરે. ૯

કડવું ૫૩ મું–રાગ સિંધુડો.

પવિત્ર કીધું અસુર કુલ જે, વેહેવાઈ વિશ્વંભર થયા;
પુણ્ય મારાં પૂર્વ જન્મનાં, પ્રભુજીએ કીધી દયા. ૧
પ્રહ્લાદ અર્થે નૃસિંહ હવા ને, હિરણ્યકશિપુ ઉદ્ધારિયો;
બલિ કારણ વામન હવા, મારા ભુજનો ભાર ઉતારિયો. ૨
હિરણ્યાક્ષ માટે વરાહ હવા, એમ બાણે વાણી ઓચરી;
સર્વપે મુને ઘણી કૃપા જે, અનિરુદ્ધે ઓખા વરી. ૩
અપરાધ મારો ક્ષમા કરિયે, હરિ તમ સાંમો હું વઢ્યો;
એવું કહીને રાય બાણાસુર, કૃષ્ણને પાગે પડ્યો. ૪
બેઠો કીધો કર ગ્રહી, શ્રીકૃષ્ણે વખાણ્યો બહુ;
જદુકુલ દીપાવ્યું અમારું જે, તમ પુત્રી થયાં વહુ. ૫

અન્યોન્યે માન દીધું, જાદવ સહુ તત્પર થાય;
સાસરે વળાવી ઓખાને તે વારે, માતા દે શિક્ષાય. ૬
પુત્રી પિયરને દીપાવજે, જો પામ્યાં મોટું સાસરું;
જશ કમાજે દીકરી, ડહાપણ જશ રાખો ખરું. ૭
એમ કહીને ઓખા વળાવ્યાં, ભેટ્યાં પુત્રી માય;
જાન વળાવી વળ્યો પાછો, આનંદે બાણરાય. ૮
કૈલાસ ગયા ગિરિજાપતિ, કૃષ્ણ પધાર્યા દ્વારામતી;
ઓખા અનિરુદ્ધ ઘેર આવ્યાં, ભેટ્યા રુક્મિણી રેવતી. ૯
ઉત્તમ કથા ભાગવતતણી, સાંભળતાં સુખકારી;
પાપ સઘળાં પ્રલય થાયે, પરમ પદ પામે ભારી. ૧૦
વ્યાધિ ને સન્ન જ્વર સમે, જો સાંભળે સ્નેહે કરી;
સુખ સંપત્તિ પરિવાર વાધે, મનકામના પૂરે હરી. ૧૧
શ્રી રામચંદ્ર પ્રતાપથી, પદબંધ કથા હવી;
કાલાવાલા માની લેજો, જથારથ કહે કવી. ૧૨
વીરક્ષેત્ર વડોદરું, ગુજરાત મધ્યે ગામ;
ચતુર્વંશી જ્ઞાતિ બ્રાહ્મણ, કૃષ્ણસુત પ્રેમાનંદ નામ. ૧૩

વલણ

નામ નારાયણતણું, ભાંગે ભવજંજાળરે;
ભટ પ્રેમાનંદ કહે કથા, ભજો શ્રી ગોપાળરે. ૧૪

દાણુ લીલા

કડવું ૧ લું-રાગ સામેરી

શ્રી ગુરુ ગણપતિને શિર નામી, પ્રથમે પ્રણમું ત્રિભુવનસ્વામી;
દેવી સરસ્વતી વાણી દીજે, દાણલીલા પદબંધ કીજે. ૧

ઢાળ

પદબંધ કરું એક દાણલીલા, માંહી શબ્દના બહુ સ્વાદ;
હરિજનને પ્રિય લાગશે, કૃષ્ણ ગોપીનો સંવાદ. ૨
લોભીને ધન વંઝાને તન, તસ્કરને કાળી જામની;
તમ હરિજનને વલ્લભ લાગે, કથા સુંદર શ્યામની. ૩
માનુષી દેહ દોહેલે પામ્યો, સ્મરણ કીર્તન નવ કર્યું;
નિષ્ફળ જન્મ તેનો ગયો, યૌવન માતાનું હર્યું. ૪
સંવાદ ગોપી કૃષ્ણનો, જે ગાય શીખે સાંભળે;
પ્રેમાનંદ પ્રભુ પરમેશ્વર, તેને સાચી પ્રીતે સદ્ય મળે. ૫

રાગ-કાનડો

મોહનજી મથુરાને મારગ, થઈ બેઠા છે દાણીરે;
મહિયારીનાં મહી લૂંટે, એ વાત રાધાજીએ જાણીરે. મોહન. ૧
ચંદ્રાવળી, રાઈ, ચંદ્રભાગા, લલિતા વિશાખા દાસીરે;
મનોરમા, રત્નાવળી રૂપાં, તેડી સાત *સાહેલી પાસરે. મોહન. ૨
બોલબંધ કીધો સખી સાથે, ચાલો આપણુ જમના જઇયે;
ગોરસની ગોળી લ્યો માથે, સહુકો મહિયારી થઇયેરે. મોહન. ૩
સખી કહે કાં નહિ રાધાજી, સહુ અલબેલી સોડીરે;
દાણ રીત ભાંજે ભૂધરની, નથી આપવી એક કોડીરે. મોહન. ૪
ઘેર ઘેરથી ગોપી થઈ ટોળે, ગોષ્ઠિ ગોવિંદની વહાલીરે;
પ્રેમાનંદ પ્રભુ પરમેશ્વરને, જિતવા સહુકો ચાલીરે. મોહન. ૫

કડવું ૨ જું-રાગ મારુ

બોલબંધ કીધો વ્રજનારીરે, આજ જિતવા કુંજબિહારીરે;
એમ બોલ્યાં રાધિકા રાણીરે, જોઇએ કેમ થયા પ્રભુ દાણીરે. ૧

---

* અત્રે કવિની ભૂલ જણાય છે. શ્રી રાધિકાજીની અષ્ટ સખી છે ને તેનાં નામ આ પ્રમાણે છે:-લલિતા, વિશાખા, ચંદ્રભાગા, સંધ્યાવળી, તુંગભદ્રા, શ્યામા, ભામા ને તુલસી.

રખે કો આપો એકે કોડીરે, સહુ ઝગડો કરવા દોડીરે;
આપ આપણા સાથની ટોળીરે, માથે લીધી ગોરસની ગોળીરે. ૨
તાજી છાસ ને સદ્ય વલોવીરે, કઢ્યાં દૂધમાં સાકર ઘોળીરે;
દધી માખણ ને ઘૃત થીણારે, મેવા મીઠાઈ મગદળ ફીણ્યારે. ૩
ભાત ભાતનાં ભોજન ભરિયાંરે, પ્રેમદાએ મસ્તક ધરિયાંરે;
પંચરંગી ઓઢણી માથેરે, બાજુબંધ ચૂડલા હાથેરે. ૪
વીંટી અંગુઠી કંકણ ચૂડીરે, જોતાં અબલા દીસે ઘણું રૂડીરે;
શીષફૂલ રાખડી ને ત્રોટીરે, જાણે દિનકર પ્રગટ્યા કોટીરે. ૫
નાકે વેસર ભાલે ટીલીરે, શોભે આંખ આંજી છે રસીલીરે;
ગલુબંધ ગોફણો માળારે, શોભે દાંત રંગ્યા છે કાળારે. ૬
ઝમકે ઠમકે કંકણ કેલીરે, જાણે જુગમ થઈ હેમવેલીરે;
કેસર ચંદન ને કસ્તૂરીરે, વપુલેપન વાસ મધૂરીરે. ૭
પેરયાં ચીર ચરણાં ને ચોળીરે, લાંબી લોબરી સાળુ પટોળીરે;
કોઈ પદ્મની ચિત્ત ચકોરીરે, કોઈ શામલડી કોઈ ગોરીરે. ૮
કોઈ મુગ્ધા બાળકિશોરીરે, કોઈ છેલછબીલી છોરીરે;
નાખે પ્રેમપાશની દોરીરે, લે માધવનું ચિત્ત ચોરીરે. ૯
કરે વાત દેઈ દેઈ તાળીરે, આજ જિતવા શ્રી વનમાળીરે;
એમ બોલ્યાં રાધિકા રાણીરે, તમે સાંભળો સહિયર સમાણીરે. ૧૦
તમે બીશો મા મન બાઇરે, કદી આવે ગોવાળા ધાઇરે;
તમો ઉત્તર હાંકીને દેજોરે, સુખે નામ જ અમારું લેજોરે. ૧૧
આજ જિતવા કુંજબિહારીરે, સહુ ટોળે મળી બ્રીજનારીરે;
તમે સૈયર રાખજો ટેકરે, નથી આપવી કોડી એકરે. ૧૨
અમો ઝગડો હરિશું કરશુંરે, આજ જિતીને પાછાં ફરશુંરે;
જો હું કૃષ્ણનો નાદ ઉતારુંરે, તો નામ રાધિકા મારુંરે. ૧૩
દીઠા દૂર થકી શ્રી વનમાળીરે, બીજે માર્ગ ગઈ બ્રજબાળીરે;
ભટ પ્રેમાનંદના સ્વામીરે, સહુ સમજ્યા અંતરજામીરે. ૧૪

કડવું ૩ જું–રાગ સાખી

બ્રીજનારી આણંદ ભરી, તેણે દીઠો દાણનો ઘાટ;
તે મારગને પરહરી ગોપી, લીધી બીજી વાટ. ૧
જાતી દીઠી સુંદરી, ત્યારે બોલ્યા શ્રી અવિનાશ;
ગોપને આપી આજ્ઞા, તેડી લાવો અમારી પાસ. ૨

વલણ

મદોન્મત્ત સહુ જાતિ દીઠી, દૂરથી વ્રજબાળારે;
શ્રી હરિએ તે અવસરે, હંકાર્યા સહુ ગોવાળારે. ૩

છંદની ચાલ (ભુજંગી)

માથે માટ ગોરસનાં જાય ગોપી, ચાલી ચોરટી આપણું દાણ લોપી;
જઈ રીત લ્યો આપણી રાખો ખાળી, નાપે દાણ તો લાવને પાછી વાળી. ૧
ધાયા ગોપ ઉતાવળા ચરણ ખેડી, ગ્રહી લાકડી પાવડી હાથ ગેડી;
આવ્યા વેગે ધાઈ પહોંતા પાઉપ્યાદા, ઉન્મત્ત અદ્‌ભૂત આહીરજાદા. ૨
રહ્યા આણ દઈ આંતરી વાટ રોકી, કયહાં જાઓછો ચોરટી નાર ટોંકી;
નંદલાલ સાથે તમે રાઢ માંડી, કયહાં જાઓ છો પાધરો પંથ છાંડી. ૩
આ દાણ દયાળનું ગોપ માગે, જાવા દીજે તો અમારી રીત ભાંગે;
ઘેરી વાટ ગોવાળીયા ગર્વ ભાખે, બોલી બોલ સખિયો કો નવ સાંખે. ૪
રોકો પ્રેમદાને મહીમાટ માથે, બોલી નાયકા બોલ સખિ સર્વ સાથે;
બોળખ્યા વિના રાઢ મિથ્યા વધારો, ગુણહીણ ગોવાળિયા ગાય ચારો. ૫
કરો વાત મોટાઇની વેર વધારો, બોશો લાજ કે આજે પાછા પધારો;
નહીં દાણ પામો તમો એક કોડી, હુતી તાત મીરાંત કે આવ્યા ઘોડી. ૬
ઘણો લાભ લેશો તમો આજ બેટી, કાને સાંભળી છે બ્રખૂભાન બેટી;
છઉં ધણિયાતાં નહીં જાઉં હાર્યા, આજ રાધિકા આંહિ બેતે પધાર્યાં. ૭
સુણી ગોપનો સાથ બહુ બેદ પામ્યો, આવ્યો કૃષ્ણ પાસે ત્યાં ગોપ સુદામો;
કહે ગોપ ગોવિંદને ગદ્‌ ગદ્‌ વાણી, છે એ ગોપીના જુથ્થમાં રાધા રાણી. ૮
બોલાવી ન બોલે અહીં નવ આવે, ધાયે મારવા સર્વ કોને બિહાવે;
આપો આજ્ઞા તો જઈ જુદ્ધ કીજે, બ્રખૂભાનસુતાથકી નવ બીજે. ૯
કરી આંખ રાતી વદે કૃષ્ણ વાણી, એવી રાધિકા કોણ રાજની રાણી;
મુને ગોપિએ જાણ્યો આહીર ભોળો, ફોડો માટ માથાતણાં મહીરે ઢોળો. ૧૦
આવે ઇંદ્ર રાણી તોય દાણ લેશું, લૂટો ગોરસાં રે અમો જવાબ દઇશું;
સુણી ગોપ કોપ્યા ભડ સબળ ધાયા, તાણી તારુણીના ત્યાં પાલવ સાલ્યા. ૧૧
ગેડી આંકડે મોતીની માળા તૂટે, પડે લાકડી પાવરી માટ ફુટે;
પીયે છાસ ગોવાળિયા મહીરે લૂટે, નાના ગોપના ગોપીઓ ગાલ ચુટે. ૧૨
બોલ્યાં રાધિકા ગોપિકા સર્વ વારી, ચાલો કૃષ્ણ પાસે સહુકો મહિયારી;
પશુપાળ પિંડારિયા દાણ માગે, બોટા વાદ વિવાદમાં બોડ લાગે;
વઢવાડ વણસાડવા વિવેક લાવી, પ્રેમાનંદ પ્રભુતણે પાસ આવી. ૧૩

કડવું ૪ થું-રાગ મારુની દેશી

આવી મદોન્મત્ત સહુ નાર, જ્યાં વનમાળી છે;
છે ઝગડો કીધાનો વિચાર, ગોપે ખાળી છે. ૧
સંભળાય પરસ્પર વાત, એટલે ઉભી છે;
જેનાં ફોજ્યાં મહીનાં માટ, ગોવાળે દૂભી છે. ૨
છે ક્રોધે રાતી આંખ, મનમાં મળવું છે;
મનમાંહે છે અભિલાખ, જિતીને વળવું છે. ૩
જેણે ફોજ્યાં મહીનાં માટ, તેના કર સાલ્યા છે;
તેને છોડાવવાને ગોપ, બીજા સૌ ધાયા છે. ૪
જેહને થયું છે જાન, તે વઢવા ચાલી છે;
ભાંગી ઢોળી નાખી છે છાશ, ગોળી કર ઝાલી છે. ૫
રાધાએ મોકલી નાર, નામ તેનું રાઈ છે;
છે રૂપે સુંદર બાળ, ઘણું એક ડાહી છે. ૬
આવી અલબેલી તત્કાળ, જ્યાં વનમાળી છે;
છે યૌવનનું અભિમાન, શોભા સહુ ન્યાળી છે. ૭
બેઠા જ્યાં ગોકુળનાથ, કદમની છાંયા છે;
કંદર્પ કોટિ લાવણ્ય, પ્રભુની કાયા છે. ૮
આવી રાઈએ કર્યો પ્રણામ, જી વિનતિ મારી છે;
ગોકુળની આ સહુ નાર, દાસી તમારી છે. ૯
માંહોમાંહે લેવું શું દાણ, એ લઘુતાઈ છે;
જાશે નંદરાયની લાજ, જે પ્રભુતાઈ છે. ૧૦
ભોળી ગોકુળની સહુ નાર, જે વાયક સાંભ્યું છે;
જાણશે કંસાસુર કાળ, નંદને વાંકું છે. ૧૧
બીજી નારી કને લો દાણ, તેમાં શી બાધા છે;
આજ નથી લીધાનો લાગ, ટોળામાં રાધા છે. ૧૨
વારો ગોવાળિયાને નાથ, ઘણું સંતાપે છે;
પ્રેમાનંદ પ્રભુ શ્રીકૃષ્ણ, ઉત્તર શો આપે છે. ૧૩

કડવું ૫ મું-રાગ કાલેરો

અરે રાઈ તું ડાહી થઈ આવી, પ્રીતમાં ભય દેખાડેરે;
કહે તારી રાધા રાણીને, જે દાણ અમારું પહોંચાડેરે. અરે રાઈ.

ગોકુળ વૃંદાવન છે મારું, તેમાં કંસતણું શું ચાલેરે;
જો રાધિકાનો પિતા આવે તો, દાણ અમારું આલેરે. અરે રાઈ. ૨
ડહાપણ આણી બોલે છે વાણી, તું રીત અમારી ભાંગેરે;
દાણ દધીનું આપતાં ગોપી, એવડું દુઃખ શું લાગેરે. અરે રાઈ. ૩
વઢો ઝગડો કે સાંજ પડો, પણ દાણ ગોરસનું લેશુંરે;
એ વાતે જે જન દુભાશે, તેહને ઉત્તર દેશું રે. અરે રાઈ. ૪
આજ્ઞા આપી ગોપ સર્વને, જવા નવ કો પામે રે;
પ્રેમાનંદ પ્રભુને ચરણે, રત્નાવળી શીર નામે રે. અરે રાઈ. ૫

કડવું ૬ ઠું–રાગ ખટ

સુંદર શ્યામળારે, ઓ પ્રીતમ પાતળા રે.–ટેક.
પ્રાણજીવન પ્રભુ છો મારા, નાગર નંદકિશોર;
અમે મહિયારી પારકી નારી, ન કીજીએ આવડું જોર. સુંદર. ૧
નંદરાયની આણ માનું છું, શ્યામ સાંભળ કાન;
મહી માટે ઉખળશું બાંધ્યો, તોય ન આવી સાન. સુંદર. ૨
કહેણ રાજ છે કંસનું રે, આવડો ન કરિયે વાદ;
કોઈ મળશે માયાની નારી, ઉતારશે તારો નાદ. સુંદર. ૩
ભલા ગોપની વહુ બેટીનાં, નિત્ય ભંગાવો માટ;
દાણ નોહે પણ ભીખ માગવી, લોકમાં કહેશે લાંઠ. સુંદર. ૪
લાંઠ કહો કે ભીખ કહો કે, કોહો કૃષ્ણ અજાણ;
પ્રેમાનંદ પ્રભુ કહે ગોપીને, આપો અમારું દાણ. સુંદર. ૫

કડવું ૭ મું–રાગ કાફી

દાણ માગે રે, કાનુડો દાણ માગે રે;
આજ લગે નહીં સાંભળ્યું, કોણે લીધું આગેરે. કાનુડો. ટેક.
આગે સવાયાનું ગોરસું, તારે પૈસો જોઇયે રે;
વેપાર દીઠો આ વ્રજનો, શું મૂળમાંથી બોળિયે રે. કાનુડો. ૧
મટુકીમાં મિરાત આ મોટી, છે છાશનું પાણી રે;
તે છત ઉપર નહોતું જાણ્યું, કોઈ બેસશે દાણીરે. કાનુડો. ૨
દાણની દોલત જોડતામાં, મૂળગું બોશો રે;
મહિમા જાશે નંદનો તે, લાલજી જોશો રે. કાનુડો. ૩

ભાંગી કેાડી ભૂધરા, નહીં આપિયે ગ્હેાણી રે;
અમેા ફરી જાશું ગેાકુળ, રાખેા છાશની દેાણી રે. કાનુડેા. ૪
પ્રેમાનંદ પ્રભૂ બેાલિયા, શાને આકળાં થાએા રે;
છાશની દેાણી શું કરું, દાણ આપીને જાએા રે. કાનુડેા. ૫

કડવું ૮ મું–રાગ પરજ

શ્યામ સેાહામણારે, કહાન કેાડામણારે;
સાંભળ અલ્યા શ્યામળિયારે, ગેાકુળના શેાહામણારે.–ટેક.
તું પતિવ્રતાનેા બંધુ કહાવે, તારી કીકીમાંહે કામણરે. શ્યામ. ૧
તું ચેાર ચિત્ત નવનીત તણેા, ખુટયાં ગૌનાં દામણરે;
માત જશેાદાએ ઉખળે બાંધ્યેા, તેાયે ન લાગી શીખામણરે. શ્યામ. ૨
તેં તેા ગેાકુળ રાખ્યું રેલતું, ધરિયેા ગેાવર્ધનરે;
માસી મારી ધાવતાં, તેં, વશ કર્યા વ્રજજનરે. શ્યામ. ૩
બ્રહ્માદિકને ભેાળવ્યા, તેં પીધેા દાવાનળરે;
ચૌદ ભુવન માતાને દેખાડ્યાં, એવું તારું બળરે. શ્યામ. ૪
કંસરાયનું કેાણ ગજું, તેં માર્યો છે દશસ્કંધરે;
મન માને તે કરેા પ્રભુજી, કહે ભટ પ્રેમાનંદરે. શ્યામ. ૫

કડવું ૯ મું–રાગ ખટ

મૂકયા પિંડારિયા પ્રેરી, રાધાને લીધી ઘેરી;
હૃદેમાં રેાશ આણી, બેાલ્યા પછે ચક્રપાણી. ૧
જાએ કયમ દાણ ગેાપી, મળી આવી છે ગેાપી;
દાણની રીત ભાંગે, ગેાપને લાજ લાગે. ૨
ખળકે વેણુ કાળી, ધૂતારી ધાબળા વાળી;
મહીનાં માટ માથે, સેાનેરી ચૂડેા હાથે. ૩
હીડે છે કેડ ધેાળી, કસમસ થાયે ચેાળી;
લટકે નાકે મેાતી, મરકલડે જાય જેતી. ૪
ફેરવે કીકી કાળી, માંહેા માંહે દેતી તાળી;
મનમાં ગાળ દેતી, મુખે કંઈ જાય કહેતી. ૫
પેાતાના ગુણને ગાતી, મહિયારી મદમાતી;
છેડેા ન ઓઢે શીશે, જેબનનું જેર દીશે. ૬

લટકે પાગ માંડે, પોતાની હઠ ન છાંડે;
એની જો હઠ મૂકાવું, તો દાણી નામ કહાવું. ૭
વઢતાં વાય જો વહાણું, સહુને વાજ આણું;
પ્રભુનો રોશ જાણી, રાધાજી બોલ્યાં વાણી. ૮

વલણ

રાધા કહે સહુ નારને, તમે રખે મેલો ટેકરે;
પ્રેમાનંદ પ્રભુ કૃષ્ણને, નથી આપવી કોડી એકરે. ૯

કડવું ૧૦ મું–રાગ સોરઠી

લૂટે લૂટેરે મારગમાં ચોર, વસ્તીની વાટે;
એ તો નાગર નંદકીશોર, જમનાને ઘાટે.–ટેક.
કયમ જઇએ મથુરા નગરી, બેઠો દાણી જમના ઘાટેરે;
ગોપીજનને ખાળી રાખે, દાણની કોડી માટેરે. વસ્તી૦ લૂ૦ લૂ૦ ૧
કંસરાયની આણ ન માને, એને વાધ્યો ઘણો ઉન્માદરે;
વ્રજનારીનાં દૂધ દહીંના, શ્યામળિયો લે સ્વાદ. વસ્તી૦ લૂ૦ લૂ૦ ૨
નંદ સાધુ ને સતી જશોદા, આ કાનુડો કોણ સરખોરે;
સર્વાંગે ચંચળ ખોટારો, નખ શિખ બાઈ તેને નરખોરે. વસ્તી૦ લૂ૦ લૂ૦ ૩
એણે ઘેલાં કીધાં ગોપ ગોપીને, વળી વશ કર્યું વ્રજગામરે;
જમના ઘાટે દાણ દહીંનાં, કાઢયું કુળમાં નામરે. વસ્તી૦ લૂ૦ લૂ૦ ૪
ઘરમાંથી મહી માંખણ ચોરે, વળી માર્ગમાંહી મહી લૂટેરે;
પ્રેમાનંદ પ્રભુએ મુખ માગ્યું, દાણ આપે તે છૂટેરે. વસ્તી૦ લૂ૦ લૂ૦ ૫

કડવું ૧૧ મું–રાગ કાફી

એની મેં જાત જાણી, નંદનો કુંવર દાણી;
ચોરીને છાશ પીતો, હાંકતાં ત્યારે બીતો–ટેક. ૧
મેં જાણ્યું જે કંસરાયે, બેસાડ્યો છે દાણી;
ચાલો ચોરને લઇને આપણ, મથુરામાં તાણી. એની મેં. ૨
મા બાપે બહુ લાડ લડાવ્યાં, તેણે પડી કુટેવ;
તો નામ મારું રાધિકા, એનો ઉતારું અહમેવ. એની મેં. ૩
મોરલીમાંહે મારી નાંખે, બોલે મીઠાં વેણ;
સાધવી નારીનાં સત્ય ચૂકાવે, કામણગારાં નેણ. એની મેં. ૪
કદમ ઉપર ચઢીને બેઠો, ચોરી આપણાં ચીર;
ઘરથકી ધૂતારો લંપટ, જોયાં નમ શરીર. એની મેં. ૫

પાંપણ ઉપર પાધજ લેહેકે, લેાબરી ઓઢી લાલ;
ઓ આવે આપણી ભણી, એની લટકતી છે ચાલ. એની મેં. ૬
મુખે વાણી વઢવાની ને, અંતરમાં આહ્લાદ;
પ્રેમાનંદ કહે કૃષ્ણલીલા, રાધા કૃષ્ણનેા સંવાદ. એની મેં. ૭

કડવું ૧૨ મું-રાગ ખટ

શ્રીકૃષ્ણ-ધૂતારી ધુમટાવાળીરે, આંન્યા વિના આંખડી કાળીરે;
જાએા કાહાં આપ્યા પાખીરે, રાધાને રેાકી રાખીરે.
વઢતાં વાયે વહાણુંરે, સહુએને વાજ આણુંરે-ટેક.
ઉંચી ને અલબેલડી રે, મુખ ઘણું ગુમાન;
જોબનિયાનું જોર જણાવે, હું ઉતારું અભિમાન. ધૂ. આં.
રાધિકા-નાનડી વયમાં નામ જ કાઢયું, લેાક કરે વખાણ;
મેાં ખાયે ને આંખ જ લાજે, માંહેા માંહે શું દાણ.
ચાલેા પાધરી વાટેરે, સાંખું છું નંદને માટે રે.-ટેક.
શ્રીકૃષ્ણ-આ ગેાકુળમાં વસે ઘણી રે, મેાટી જાત આહીર;
વહેવારની વાતે લજ્જા શાની, દીસે વઢકણની પીર. ધૂ. આં.
રાધિકા-પાધરી વાટે તે લડેરે, જોને હેાયે બે બપા;
દાણની શું તેં મહેાર કરાવી, ફંસે કીધી શું છાપ. ચા. સાં.
શ્રીકૃષ્ણ-છાપ તેા તારેા બાપ કરાવે, રાંકડેા વૃષભાન;
અમેા કુંવર નંદજીતણા, કેાની નવ માનું આણ. ધૂ. આં.
રાધિકા-સમજી બેાલેા શ્યામળા વહાલા, લેાક સાથે શાં લાડ;
ભીખ માંગીને પેટ ભરેા તેા, પરમેશ્વરનેા પાડ. ચા. સાં.
શ્રીકૃષ્ણ-ગેાપી ગાળ દીયેા અદકેરી, છે જોરાવરનેા પેારેા;
ભીખ માગ્યાની પેર કહું, તું કાન ધરની ઓરેા. ધૂ. આં.
રાધિકા-કાન ધર્યાનું કામકાજ શું છે, સમજ્યાં મનની વાત;
એવેા કેા દેખતી નથી જે, મુને અડાડે હાથ. ધૂ. આં.
શ્રીકૃષ્ણ-જો આવે રાણી ઇંદ્રાણી, તેા મૂકી જાએ માન;
તારું સર્વસ્વ લેઉં સુંદરી, તેા નામ ધરાવું કાન. ધૂ. આં.
રાધિકા-તું છ વર્ષનેા છેાકરેા ને, ચેારી પીતેા છાશ;
સર્વસ્વ આપું શ્યામળા, તું આવે જો મુજ પાસ. ચા. સાં.

શ્રીકૃષ્ણ–તું મદમાતી આહીરડી, હું નિપટ નાનું બાળ;
બાળપણું દેખાડશું, થવા દેની સંધ્યા કાળ. ધૂ. આં.
રાધિકા–સંવાદ કરતાં દિવસ વીત્યો, અબળા આકળી થાય;
પ્રેમાનંદ પ્રભુ જાવા દીજે, ગોપિકા લાગે પાય. ચા. સાં.

કડવું ૧૩ મું–રાગ કાફી

સુંદર શ્યામળા રે, અમો હાર્યાં ને જિત્યો તુંયરે;
ત્યારે લેતો તે લે હમણાં, તારે જોઇએ સુંય સુંદર શ્યામળારે.–ટેક ૧
દિવાકર અસ્તાચળ પહોંચ્યો, પડી પ્રભુજી સાંજરે;
પરણ્યા પિયુજીને ઉત્તર દેવા, કયમ તજીએ ઘર માઝ. સું. શ્યામ. ૨
સાસુ વાઘણ નણદી નાગણ, જેઠ તે જેવા જમરે;
સુરભિસુત સરખો સ્વામી, તેને ઉત્તર દીજે કયંમ. સું. શ્યામ. ૩
અંત્યે લ્યો તે લ્યો હમણાંથી, અસુર અમને થાય રે;
ગૃહસ્થાશ્રમની ખેડી મોટી, જઈ દોવી છે ગાય. સું. શ્યામ. ૪
તમો પુરુષ ને અમો નારી, દોહલો લોકાચારરે;
ટુંકારા માટે મરવું પડશે, અબળાનો અવતાર. સું. શ્યામ. ૫
તમો અમ સાથે કૌતક કીધું, અમો કીધું છે હાસરે;
આજ થકી તમારી ત્રિકમ, મૂલે લીધી દાસ. સું. શ્યામ. ૬
પ્રથમ આવીને તમ સંઘાતે, કીધો જે સંવાદરે;
અઘટતું બોલાયું હોય તે, ક્ષમા કરો અપરાધ. સું. શ્યામ. ૭
અમો આવશું મહી વેચવા, તમો તે લેજો દાણરે;
ગોરસકેરું શું ગજું છે, અમો તે સોંપ્યા પ્રાણ. સું શ્યામ. ૮
અમને તો નવ ગમે દીહું કો, તમ વિણ ગોકુળનાથરે;
પ્રેમાનંદ પ્રભુ પરમેશ્વર, વેચાયાં તમારે હાથ. સું શ્યામ. ૯

પદ ૧૪ મું–રાગ ખટ

જિત્યા જીવણ ને હારી સુંદરીરે લોલ;
લોકાચાર ને ઘર ગઈ વીસરીરે લોલ. ૧
વિઠ્ઠલજીએ વાહી વાંસળીરે લોલ;
ગોપી વિહ્વળ થઈ સહુ વ્યાકુળીરે લોલ. ૨
અકળ ગતિ તે નવ જાયે કળીરે લોલ;
ગોકુળ ગઈ તે ગોપની મંડળીરે લોલ. ૩

દાણ વિવાદ ત્યાં ભાંગી ગયોરે લોલ;
રસ ઓઘ હૃદયા હર્ષજ થયોરે લોલ. ૪
શ્યામળિયોજી તો ત્યાં સજ થયારે લોલ;
ગોપી સાથે તે કુંજભવન ગયારે લોલ. ૫
ગોરસ ગોળી મેલી તે સહુએ વેગળીરે લોલ;
સહૂ વહાલાલજીને વીંટી વળીરે લોલ. ૬
ત્યારે રાધાજીને કહે શ્રીહરિરે લોલ;
લજ્જા મનથી મૂકો પરહરીરે લોલ. ૭
એવું સુણતામાં રાધા હસીરે લોલ;
ભાગ્યો ઘુંઘટ, ચીર ગયું ખશીરે લોલ. ૮
દીધું આલિંગન હેત વ્યાપિયુંરે લોલ;
કુંજમાંહે રહી રતિ સુખ આપિયુંરે લોલ. ૯
જેટલી હૂતી વ્રજ સુંદરીરે લોલ;
તેટલાં રૂપ ધરિયાં શ્રી હરિરે લોલ. ૧૦
દાણ મિસે તે લીલા બીજી થઇરે લોલ;
રંગવિલાસમાં રજની વહી ગઇરે લોલ. ૧૧
ગયો ચંદ્ર ને ભાનુ ઉગ્યો સહીરે લોલ;
ત્યારે વ્રજ વનિતાને સાન થઇરે લોલ. ૧૨
પ્રેમાનંદ પ્રભુને પાયે પડીરે લોલ;
સહુ ગોપીએ વિદાય માગી લળીરે લોલ. ૧૩

પદ ૧૫ મું–રાગ ધન્યાશ્રી

નમો નારાયણ રાધા રાણી, દુઃખ ભંજન દામોદર દાણી;
ઘેર ગઈ ગોપિકા આનંદ આણી, પ્રભુજીની માયા કોણે ન કળાણી. નમો. ૧
પડોશણ સાસુ નણંદ જેઠાણી, કરે વાત પરસ્પર અંગ ઓધાણી;
સુણે ભણે દાણલીલા ધન્ય તે પ્રાણી, જમકિંકર ન શકે તેનેરે તાણી. નમો. ૨
એ અદ્‌ભુત લીલા બુદ્ધ સારુ વખાણી, જેમ સાગરથી ભર્યું ચંચળ પાણી;
તેમ પ્રેમાનંદે દાણલીલા વખાણી, શરણાગત રાખો સારંગપાણી. નમો. ૩

નળાખ્યાન

કડવું ૧ લું-રાગ કેદારો

શંભુસુતનું ધ્યાન જ ધરું, સરસ્વતીને પ્રણામ જ કરું;
આદરું, રૂડો નૈષધનાથ રે. ૧

ઢાળ

નૈષધનાથની કહું કથા, પુણ્યશ્લોક જે રાય;
વૈશંપાયન વાણી વદે, અર્ણિક પર્વ મહિમાય. ૨
રાજ્ય હારી ગયા પાંડવ, વસ્યા દ્યૂત વનમોજાર;
એકલો અર્જુન ગયો કૈલાસે, આરાધ્યા ત્રિપુરાર. ૩
પશુપતાસ્ત્ર પશુપતિયે આપ્યું, પછે ગયો સ્વર્ગમાંહે;
કાલકેતુ પુલોમા માર્યો, પંચ વર્ષ રહ્યો તાંહે. ૪
યુધિષ્ઠિરરાય અતિ દુઃખ પામ્યા, ઉપન્યો ઉદ્વેગ;
પુનરપિ પારથ નહીં આવ્યો, ભાઇએ કીધો તાંહાં નવો નેગ. ૫
એવે સમે એક તાપસ આવ્યો, બૃહદશ્વ એવું નામ;
પૂજા કીધી પાંડવે, આપ્યો વસવાનો ઠામ. ૬
ચાતુર માસ તાંહાં રહ્યા, કુંતીસુત કરે સેવાય;
રાત રાતના વારા ફરતી, પાંડવ ચાંપે પાય. ૭
એક વાર યુધિષ્ઠિર બેઠા, તળાંસવાને ચર્ણ;
તે સમે અર્જુન સાંભર્યો, ભરાયું અંતસ્કર્ણ. ૮
ધર્મરાયને ઋષિજી પૂછે, જળે ભીના પગ માહારા;
શે દુઃખે સતવાદી રાજા, નેત્રે ભરે જળધારા. ૯
ધર્મ કહે સાંભળીએ સ્વામી, ઉઠી ગયો અર્જુન;
અવળા સવળા સાલે સવ્યસાચી, માટે કરું છું રુદન. ૧૦
ભીમસેનની પાસે જે હું, માગું દાતણ પાણી;
અડબડતો જઈ રીસાવી, લાવે વૃક્ષ મોહોટું તાણી. ૧૧
પ્રાતઃસામગ્રી નકુળ પાસે, કદાપિ જે મેં માંગી;
એક પોહોર તો વાર લગાડે, એટલી કરે વરણાગી. ૧૨

સહદેવને જો કામ દેઉં, સાધુ મન ન આણે શેષ;
પણ મધ્યાહ્ને ઘરમાંથી નીસરે, જોતો જોતો જોષ. ૧૩
દક્ષિણ દિશાએ જોગણી જો, જાઉં તો દુઃખ પામું;
પૂર્વ દિશાએ પરવરું તો, ચંદ્રનું ઘર છે સાહામું. ૧૪
એવી રીત તો ત્રણે ભાઇની, મુજથી નવ સહેવાય;
દ્રૌપદીને મોકલું તો, હરણ કરી કો જાય. ૧૫
વણ માગે વેળાએ આપે, જે જોઇયે તે આણી;
ફળ જળ મુખ આગળ લેઈ મેહેલે, તે તો ગાંજીવપાણી. ૧૬
તેહેના ગુણ હું નથી વિસરતો, રહ્યો છૈં હૃદયા રાખી;
સુખ સંતોષ વિના છૈં સૂનો, મુનિ હું પારથ પાંખી. ૧૭
નિઃશ્વાસ મૂકી ધર્મ એમ પૂછે, કોહોને બૃહદશ્વ ઋખી;
વન વસવું ને વિજોગ પડીઓ, હું સરખો કો દૂખી. ૧૮
રાજ્યાસન ધન ભુવન રિધ, તેહ અમો સર્વે હારી;
એહેવું કોને હવું હશે સ્વામી, પીડા પામે નારી. ૧૯
વળતા વાણી વદે બૃહદશ્વજી, શું આણે વૈરાગ;
નળ દુઃખ પામ્યો અરે પાંડવ, નથી તેહેનો સોમો ભાગ. ૨૦
રૂપ રાજ્ય ને ધન બળ તે, ન મળે નળસમાન;
અનેક કષ્ટ તેહેના જેવું, કો ન ભોગવે રાજન. ૨૧
ભીમકકુમારી નળની નારી, રૂપ શું કહું મુખ માંડી;
તે રાણી જહાં નહીં ફળ પાણી, નળે વનમાં છાંડી. ૨૨
દાસીરૂપ ધર્યું દમયંતી, કુબડું થયું નળગાત્ર;
તેહેનાં દુઃખ આગળ યુધિષ્ઠિર, તાહારું દુઃખ કોણ માત્ર. ૨૩
કર જોડીને ધર્મ એમ પૂછે, કોહો મુજને ઋષિરાય;
ઘણું દુઃખ પામ્યો નળરાજા, શા કારણ કહેવાય. ૨૪
કોણ દેશનો નરેશ કહાવે, કેમ પરણ્યો દમયંતી;
તે રાણી નળે કેમ છાંડી ને, કાંહાં મૂકી ભમયંતી. ૨૫
ઉતપત્ય કોહો નળદમયંતીની, અથ ઇતિ કથાય;
દુખીઆનું દુઃખ સાંભળતાં માહારી,ભાગે મનની વ્યથાય. ૨૬

વલણ

વ્યથા ભાગે માહારા મનની, કહે યુધિષ્ઠિર રાજનરે;
વદે વિપ્ર પ્રેમાનંદ તે, નળતણું આખ્યાનરે. ૨૭

કડવું ૨ જું–રાગ ગોડી

બૃહદશ્વજી મુખ વાણી વદે, રાય યુધિષ્ઠિર ધરતા હૃદે;
નૈષધ નામે દેશ વિશાળ, રાજ્ય કરે વીરસેન ભુપાળ. ૧
તેહને સુરસેન બાંધવ જંન, તે બેહુને એકેકા તંન;
તે રૂપે પ્રુટડા જેવા કામ, નળ પુષ્કર બન્યેાનાં નામ. ૨
પછે નળને આપી રાજ્યાસંન, પિતા કાકા બન્યેા ગયા વંન;
ચલાવે રાજ્ય નળ મહામતિ, પુષ્કરને કીધેા સેનાપતિ. ૩
જિત્યા દેશ વધારી ખ્યાત, શત્રુ માત્ર પમાડ્યા શાંત;
ભૂપતી સર્વ નૈષધને ભજે, નળ પુષ્કરે કીધેા દિગ્વિજે. ૪
પ્રજા સુએ ઉઘાડે બાર, ન કરે ચેારી ચેાર ચખાર;
સત્યે યમપતિ કીધેા સાધ, પુરમાંહે કેાને નહીં વ્યાધ. ૫
કનકે ભરીઆ છે કેાઠાર, જેહેવાં ધન તેવા દાતાર;
જાચકનાં દારિદ્રય કાપીઆં, નળે મુખ માગ્યાં ધન આપીઆં. ૬
ભિક્ષુક કહે ભલું નળનું રાજ, ગયું દુઃખ હેાલાણી દાઝ;
કીર્તિ થઈ નળની વિસ્તીર્ણ, જેમ સૂરજનાં પ્રસરે કીર્ણ. ૭
પુણ્યશ્લેાક ધરાવ્યું નામ, વૈષ્ણવ કીધું આધું ગામ;
ઘેર ઘેર હરિકીર્તન, એકાદશી વ્રત કરે હરિજન. ૮
ચારે વરણ પાળે નિજધર્મ, ધ્યાયે દેવ વ્યાપક પરિબ્રહ્મ;
નળે લીધેા એટલેા નેમ, માગ્યું દાન આપે કરી પ્રેમ. ૯
જે આવે મસ્તક માગનાર, તેા આપતાં ન લગાડે વાર;
ઉત્તર દક્ષિણ પૂરવ દશ, વીરસેન સુતનેા વાધ્યેા યશ. ૧૦
ત્યારે પુષ્કરને થઈ અદેખાઈ, મુજથકી વાધ્યેા પિતરાઈ;
નળને નમે પ્રજા સમસ્ત, એ આગળ હું પામ્યેા અસ્ત. ૧૧
એહેવું જાણી મન આણી વૈરાગ્ય, ગયેા વંન ઘર કીધું ત્યાગ;
નળનેા વાધ્યેા તે નવ વળ્યેા, દારુણ વનમાં પેાતે પળ્યેા. ૧૨
જઈને સેવ્યું પર્વત શૃંગ, તળે વહે છે નિર્મળ ગંગ;
શય્યાનું કીધું આસંન, પાંદડાંનું કીધું છત્ર રાજંન. ૧૩
માનસી રાજ માંડ્યું વનતણું, કેાકિલા ગાન કરે છે ઘણું;
આ મૃગ તે અશ્વ માહારે કારણે, દ્રુમ પ્રતિહાર ઉભા બારણે. ૧૪
ભુંડ હરતી પૃથ્વી પરજંગ, એ રાજ કેમે ન પામે ભંગ;
દેા લુંટી લેવા આવી નવ ચડે, ઉઘાડે બાર બાતર નવ પડે. ૧૫

એણી પેરે માંડ્યું રાજ્યાસંન, અણચાલતે વશ કીધું મંન;
એ કથા એટલેથી રહી, નળ રાજા શું કરતો તહીં. ૧૬
જ્યારે પુષ્કર ઉડી વનમાં ગયેા, ભાઈ વિના ભૂપ એકલેા રહ્યો;
નિષ્કંટક રાજ્ય એકલેા કરે, ધર્મ આણ રાજની ફરે. ૧૭
માગાં મેાકલે દેશ દેશના ભૂપ, નળ જોવડાવે કન્યાનું રૂપ;
શરીર કુળમાંહે કહાડે ખોડ, કહે ન મળે કેા મારી જોડ. ૧૮
બત્રીસ હેાય લક્ષણ સંપૂર્ણ, તેહેનું હું કરું પાણિગ્રહણ;
એમ કરતાં વહી ગયા દિન, એવે આવ્યા નારદ મુંન. ૧૯

વલણ

નારદ મુનિ પધારીઆ, સુણ યુધિષ્ઠિર ભૂપાળરે;
પછે વેણા પાણીએ ક્રમ મેળવ્યું, નળનું વેવીસાળરે. ૨૦

કડવું ૩ જું–રાગ રામગ્રીની દેશી

એણીપેર બેાલ્યા બૃહદશ્વ વાણીજી, નળને ઘેર આવ્યા વેણાપાણીજી;
વીરસેન સુતે દીધું માનજી, અર્ઘપાદ્યે પૂજ્યા ભગવાનજી. ૧

ઢાળ

પૂજ્યા નારદ આદર આણી, હૃદેમાં અતિ પ્રેમ;
અન્યેાન્યે પૂછીએા, સમાચાર કુશળ ક્ષેમ. ૨
રાજ્યાસન સૂનું નળનું દેખી, નારદ ઋષિ એમ પૂછે;
પટરાણી દિસતાં નથી એ, કેાહેાની કારણ શું છે. ૩
આસને બેસવું રાણી વિના, તેહેનેા મેાટેા દેાષ;
પછે પ્રતિઉત્તર વિચારી નળ, બેાલીઆ ધરી શેાષ. ૪
નળ કહે તમેા પ્રજાપતિના, પુત્ર વેણાધારી;
જાણતા હશેા બ્રહ્માજીએ, માહરે નિરમી છે કેા નારી. ૫
સપ્તદ્વીપ નવખંડમાંહે, કાંઈ કન્યા કેાટા કેાટ;
ઋષિ હું વરું એવી નવ મળે, શકે છે કન્યાની ખોટ. ૬
રૂપ તાંહાં કુળ નહીં, કુળ તાંહાં નહીં ચાતુરી ચાલ;
કેા સકળ લક્ષણ હેાય પૂરણ, તેા હું પરણું તત્કાળ. ૭
નારદ ઋષિ તવ બેાલ્યા, એમ ન કીજે ભૂપ;
તારા સરખું નવ મળે, કેા શ્યામાનું સ્વરૂપ. ૮
પણ તે કન્યા અલૌકિક છે, વેદ જેહેને વરણે;
તે ઇંદ્રને ઇચ્છે નહીં તેા, તુંને કાંહાંથી પરણે. ૯

નળ કહે એ મહા મુનિ તે, કન્યાનું કેાણ નામ;
કવણ રાયની દીકરી ને, કવણ તેહનું ગામ. ૧૦
નારદ કહે સકળ દેશ મધ્યે, ઉત્તમ વિદર્ભ દેશ;
તાંહાં રાજ્યાસન કરે છે, ભીમક નામ નરેશ. ૧૧
તેહને ઘેર એક તારણી, વજ્રૂતી નામ નિદાન;
પુણ્યદાન અપાર કીધાં, પણ પેટે નહીં સંતાન. ૧૨
એવે સમે એક દમન નામે, આવીએા તાપસ;
આતિથ્ય કીધું તેહનું ને, જમાડ્યો ખટ રસ. ૧૩
ઘણા દિવસની ગઈ ક્ષુધા, ને પામીએા સંતેાષ;
ત્રિકાળ જ્ઞાને જાણીએા, રાણીના વંઝા દેાષ. ૧૪
પૂછીને ત્યાં ખરું કીધું, નિશ્ચે નહિ સંતાન;
કરુણા આણી આપિયું, રાય રાણીને વરદાન. ૧૫
ત્રણ પુત્ર ને એક પુત્રી, હશે રૂપનાં ધામ;
એંધાણી રાખજે એટલી, જે માહારે નામે નામ. ૧૬
એહેવું કહીને ઋષિજી, પામીઆ અંતરધાન;
કેટલે દિવસે રાણીને પછે, આવીઆં સંતાન. ૧૭
દમન દંતુ દુર્દમન, દમયંતી નામ જ ધર્યાં;
હર્ષ પામ્યેા ભૂપતિ, બાળક ચારે ઉછર્યાં. ૧૮
દમયંતી જે દીકરી તે, મુખે વરણી ન જાય;
અંગ તણી તેા ઉપમા, નળ કશીએ ન અપાય. ૧૯

વલણ

ઉપમા ન અપાય નળ મેં, એમ બેાલ્યા વેણુધારી રે;
નળ કહે નારદ પ્રત્યે, તેહનું રૂપ કહેા વિસ્તારી રે. ૨૦

કડવું ૪ થું-રાગ આશાવરી

નારદનાં વચન સુણી, બેાલ્યા નૈષધધણી;
ભીમક તણી કુંવરી છે, કહેવી કૂટડી રે. ૧

ઢાળ

કૂટડી કહેવી દમયંતી, કહેા તેહેનું વીખાણ;
નારદ કહે રે સાંભળેા, વીરસેન સુત સુજાણ. ૨
ગુણ ચાલ ને ચાતુરી, અદ્‌ભુત સુંદર વેશ;
તેહને હું કેમ વર્ણવું, વર્ણવી ન શકે શેષ. ૩

બુદ્ધિ પ્રમાણે માનનીનું, કરું છું વરણુંન;
જ્યમ સાગરમાંથી ચાંચ જળની, ભરે પક્ષીજંત. ૪
દમયંતીનો ચોટલો, દેખી અતિ સોહાગ;
અભિમાન મૂકી લજ્જા આણી, પાતાળ પેઠો નાગ. ૫
ભીમક સુતાનું વદન સુધાકર, દેખીને શોભાય;
ચંદ્રમા તો ક્ષીણ પામી, આભમાં સંતાય. ૬
સૃષ્ટિ કરતાં બ્રહ્માજીએ, ભર્યું તેજનું પાત્ર;
તે તેજનું પ્રજાપતિયે ઘડ્યું, દમયંતીનું ગાત્ર. ૭
તેમાંથી કાંઈ શેષ વાધ્યું, ઘડતાં ઝેરો પડિયો;
બ્રહ્માએ એકઠું કરીને, તેનો ચંદ્રમા ઘડિયો. ૮
નળ કહે નારદને, એ વખાણ ભાવ ન પહોંતો;
દમયંતી હમણાં અવતરી, ચંદ્ર પહેલો નહોતો? ૯
નારદ કહે બ્રહ્માજીએ, સઉ પહેલી ઘડીને રાખી;
પણ પૃથ્વિમાં અવતારી નહિ, ભરથાર એવા પાખી. ૧૦
વિરંચિએ વૈદર્ભી નાંખી, ઉદય હવડે પામી;
તે જો અહિંયાં અવતરી, તો નિર્ભ્યો હશે કો સ્વામી. ૧૧
નળ કહે આગળ વિસ્તારો, એ ભેદ મેં સાંભળિયો;
ચંદ્ર પહેલી ચતુરાં, સંદેહ મનનો ટળિયો. ૧૨
નારદ કહે સાંભળો રાજા, મીન ને મધુકર;
નેત્ર ભ્રુકુટી દેખિને, જળ કમળ કીધાં ઘર. ૧૩
નાસિકા વેસર દેખીને, કળાધર ને કીર;
તેણે અરણ્ય પર્વત સેવિયાં, ધારી શકયા નહિ ધીર. ૧૪
દમયંતીના અધર દેખી, પેટ વેધ્યું પ્રવાળી;
એ કામિનીનો કંઠ સાંભળી, કોકિલા થઈ કાળી. ૧૫
રસના વાણી સાંભળી, સરસ્વતીને આવ્યો વૈરાગ;
કુંવારી પોતે રહી, સંસાર કીધો ત્યાગ. ૧૬
દંત દેખી દાડમ ફાટ્યું, કપોત સંતાડે મહોને;
તે નાદ કરતો ફરે વનમાં, કહે દુઃખ કહું હું કોને. ૧૭
દમયંતીનાં કુચ દેખી, હાર્યું કુંજર કૂળ;
તે હિંડતાં ચાલતાં હાથી, માથે ઘાલે ધૂળ. ૧૮

હસ્તકમળથી કમળ હાર્યું, જળમાં કીધું ઘર;
ઉદર દેખી દમયંતીનું, સુકાયું સરોવર. ૧૯

વલણ

સરોવર સુકાયું સાંભળી, નળરાય મનમાં રંજ્યા;
દમયંતીની જંઘા દેખી, કેળ રહી કાક વંઝા. ૨૦

કડવું ૫ મું–રાગ સામેરી

દમયંતી છે દોષ રહીતા, તેના ગુણની ગાઉં ગીતા;
નારદજી વાયક એમ બોલે, નહિ ઉપમા તારુણીની તોલે.
દમયંતી દોષ રહીતા, તેના ગુણની ગાઉં ગીતા. ટેક. ૧
જોઈ ભિમક સુતાની કટી, સિંહની જાત વનમાં ઘટી;
હંસને પણ થઈ ચટપટી, ચાલ્ય ગોરીની આગળ મટી. દમયંતી. ૨
રામા અંગની રોમાવળી, વનસ્પતી દવે મરે છે બળી;
તેનાં વસ્ત્ર રહ્યાં જળહળી, દેખી આભમાં પેસે વીજળી. દમયંતી. ૩
પગપાનીથી હાર્યો બળતો, રહે અબળાને પાંગે લળતો;
નેપુરનો નાદ સાંભળતો, રહે ગાંધર્વનો સાથ બળતો. દમયંતી. ૪
ચરણથી ચંપક નવ ભાજિયો, માટે ભમુંકરે તેને તજિયો;
એવું રૂપ બ્રહ્માએ સર્જિયું, બીજું કોઈ નથી નીપજિયું. દમયંતી. ૫
હવે શણગાર વખાણું સોળ, મંજન ચીર હાર તંબોળ;
ઉઠે સુગંધતા કલ્લોલ, અંગે અરગજાના રોળ. દમયંતી. ૬
શીશફૂલ રત્નરાખડી, શોભે ભમરમાં ચુની જડી;
ગોફણો રહ્યો અંગશું અડી, કટિમેખલાશું પડે વઢી. દમયંતી. ૭
ગળુબંધ કંઠે નવરંગ, મુક્તાહાર છે બે સંગ;
શકે ગિરિ કરીને ભંગ, રતન મધ્યે વહે છે ગંગ. દમયંતી. ૮
વાયે ઓઢણી રહિ છે ઉડી, બળકે કંકણ ને કર ચુડી;
રૂપે રતિ તો સંભ્રમે બુડી, એવી કોઈ મળે નહિ રુડી. દમયંતી. ૯
વાજે નેપુર કેરા ઝણુકા, અંગુઠે અણવટના ઠણુકા;
અંગુલિયે વીછવાનો રણુકા, બોલે મધુર ઝાંઝરિના ઝણુકા. દમયંતી. ૧૦
જેણે દમયંતી નવ જોઈ, તેણે ઉભર એળે ખોઈ;
જાણે કાયા કનકની લોઈ, એવી જગમાં બીજી ન કોઈ. દમયંતી. ૧૧
જેમ નદીમાં ભાગીરથી, તેમ સ્ત્રીમાત્રમાં શ્રેષ્ઠ સર્વથી;
ત્રણ લોકમાં જોડી નથી, જાણે સાગરથી કાઢી મથી. દમયંતી. ૧૨

ઇંદ્રાદિક પરણવા ફરે, મહીલા મંનમાં નવ ધરે;
અશ્વિનીકુમાર આગળ પળે, તે ન આવે આંખ્યજ તળે. દમયંતી. ૧૩
જ્યારથી એ પુતળું અવતરિયું, નારી માત્રનું માન ઉતરિયું;
દમ્યું જગત સ્વરૂપ ઉદે કરિયું, માટે દમયંતી નામ ધરિયું. દમયંતી. ૧૪
જોગી થઈ તજ્યું હશે સર્વસ્ત, તીર્થ નાહ્યો હશે સમસ્ત;
ગાળ્યાં હશે હીમાળે અસ્ત, તે ગ્રસશે દમયંતીનો હસ્ત. દમયંતી. ૧૫
વખાણ સાંભળિને સબળ, રાંધર અટવાયું પળ પળ;
નારદ પ્રત્યે બોલ્યો નળ, સ્વામી પરણવાની કહો કળ. દમયંતી. ૧૬
નારદ કહે મારું કહેણ ન લાગે, હું નવ જાઉં તારે માગે;
મને મોહનાં બાણ વાગે, બ્રહ્મચર્યવ્રત મારું ભાંગે. દમયંતી. ૧૭
એવું કહી પામ્યા અંતરધાન, મોહ પામ્યો નળ રાજન;
લાગ્યું દમયંતીનું ધ્યાન, કામજ્વર થયો વહ્નિ સમાન. દમયંતી. ૧૮
વૈદ મોટા મોટા આવે, વગડાની ઔષધિ લાવે;
તાપ કોઇયે ન શમાવે, મંત્રી કહે શું થાશે હાવે. દમયંતી. ૧૯

વલણ

હવે શું થાશે કહે મંત્રી, વિચારે છે મનરે;
નીલાં વસ્ત્ર પહેરી અશ્વે બેશી, નળ રાય ચાલ્યો વનરે. ૨૦

કડવું ૬ ઠું–રાગ વસંત

અનંગ અનળ તે નળને પ્રગટ્યો, વન ગયો વહ્નિ સમાવા;
હયે બેઠો ચિંતામાં પેઠો, લાગ્યો આકુળ વ્યાકુળ થાવા. અનંગ. ટેક. ૧
નીલાં વસ્ત્ર ને નીલો વાઘો, મૃગયાનો શણગાર;
અઘોર વનમાં રાયે દીઠું, માનસરોવર સાર. અનંગ. ૨
સુભટ સાથે કોય મળે નહિ, એકલો ન પડે ગમ્ય;
હયથકો હેઠો ઉતરીને, વન જોવા લાગ્યો રમ્ય. અનંગ. ૩
વૃક્ષ વારુ ચારોળીનાં, ચંદન ચંપા અનંક;
નાનાવિધનાં પુષ્પને ભારે, વળિ રહ્યાં છે વંક. અનંગ. ૪
મોગરો મરડાઈ રહ્યો ને, મગી અરણી ને મરેડી;
આંબલિ આવળ ને અગથિયા, એખરા ને અરેડી. અનંગ. ૫
કદલિ થંભ શોભે અતિ સુંદર, સાકર સરખી શેલડી;
લવિંગલતા ને લિંબુ લલિત વળી, વિરાજે વૃક્ષવેલડી. અનંગ. ૬

નાળીએરી નારંગી નૌતમ, નીચાં નમ્યાં બહુ નેત્ર;
ફોફળિ ફાલસિ સુંદર દીસે, ખજુર ખારેકનાં ક્ષેત્ર. અનંગ. ૭
પીપળા પીપળિ વડ ને ગુલર, દાડમડી ને પલાશ;
અશ્વથિ ઉતરી નળ રાજાયે, વન નિરખ્યું ચોપાસ. અનંગ. ૮
જળ ફળ સબળ દેખી નળ હરખ્યો, ઉત્તમ આંબા સાખ;
બાબચિ બીજોરી ને ચિનિકબાલા, ઝુલે ઝુમખા દ્રાખ. અનંગ. ૯
સુંદર કુમુદનિ સરોવરમાંહે, વાયુ પ્રહારે નમંતી;
દેખી અનળ તે બમણો વ્યાપ્યો, સાંભરી દમયંતી. અનંગ. ૧૦
શીતળ વાયુ વહ્નિ સરખો, લાગે રાયને તંન;
નમ્ર વૃક્ષ છે કદળીનાં, તેને દેતો આલિંગન. અનંગ. ૧૧
રંભન ચુંબન કરે કેળને, થડથી મરડી પાડે;
મુખથી શબ્દ કરે જેમ કોઈ, મોટો મેગળ ત્રાડે. અનંગ. ૧૨
એવે સમે બહુ હંસ ત્યાં દીઠા, સુવર્ણનાં છે અંગ;
તે દેખી દમયંતી વિસરી, ટળી ગયો અનંગ. અનંગ. ૧૩
નહોતું દીઠું તે મેં દીઠું, આવ્યો દીસ અનુક્રમી;
આવી કનકની જાત પંખીની, બ્રહ્માયે કયારે નિરમી. અનંગ. ૧૪
એક હાથ પડે એમાંથી, પાળું પાસે રાખું;
રમાડું જમાડું એને, દુઃખદહાડા જોઈ નાખું. અનંગ. ૧૫
શરપ્રહાર કરું જો એને, તો એ થાય નિધન;
ગ્રહણ કરવું જોઈએ જીવતું, ભૂપ વિમાસે મન. અનંગ. ૧૬
એવે સકળ પંખીનો રાજા, દીઠો પૃથ્વીમાંય;
વૃક્ષતણે થડ નિદ્રા કરીને, ઉભો છે એક પાય. અનંગ. ૧૭
તેને દેખી નળ મનમાં હરખ્યો, ભેદ કરી પરવરિયો;
અંબર ઓઢી અંગ સંકોડી, શ્વાસ રુંધન કરિયો. અનંગ. ૧૮
દુમ થડ પુંઠે નળ ભડ આવ્યો, બેશી આવો ચાલ્યો;
લાંબો કર કરી લઘુલાઘવીમાં, પંખીનો પગ ઝાલ્યો. અનંગ. ૧૯

વલણ

ઝાલ્યો પંખી જાગી ઉઠ્યો, નળને કીધા ચંચના પ્રહારરે;
પછે પોતાની વાણીએ કરી, કરવા લાગ્યો પોકારરે. ૨૦

કડવું ૭ મું-રાગ મારુ

હંસે માંડ્યોરે વિલાપ, પાપી માણસાંરે; શું પ્રગટયું મારું પાપ. પા૦
એ કાળા માથાના ધણી, પા૦ જેને નિર્દયતા હોયે ઘણી. પા૦
એ તો જીવને મારે તતખેવ, પા૦ હવે હું મુઓ અશ્વમેવ. પા૦
ટુંપી નાખશે માહારી પંખાય, પા૦ મુને શેકશે અગ્નિમહાંય. પા૦
કોણ મૂકાવે કરી પક્ષ, પા૦ માહારે મરવું ને એહેને ભક્ષ. પા૦
આ મજ સરખું રતન, પા૦ તે એળે થાશે નીધંન. પા૦
ટળવળી મરશે માહારી નાર, પા૦ તે જીવશે કેહેને આધાર. પા૦
ગ્રહ્યો નારીએ દીઠો નાથ, પા૦ ધાયો સહસ્ત્ર સ્ત્રીનો સાથ. પા૦
નાથ ઉપર ભમે સ્ત્રીવૃંદ, પા૦ ધણું કરવા લાગ્યાં આક્રંદ. પા૦
હંસીએ દીધો શાપ, પા૦ તારી સ્ત્રી એમ કરજો વિલાપ. પા૦
હંસ નારીને કહે વચંન, હંસી સાંભળોરે;
તમે જાઓ સર્વ ભુવંન, આંહાંથી પાછાં વળોરે.
જે કાંઇ લખ્યું હશે લ્લલાય, હંo તે અક્ષર નવ ધોવાય. આંo
કેમ છૂટીએ કર્મના બંધ, હંo આપણે એટલો હશે સંબંધ. આંo
જો અણઘટતું કીધું અમે, હંo મને વારી રાખ્યો નહિ તમે. આંo
આપણે વસવું વૃક્ષ ને વ્યોમ, હંo આજ મેં નિદ્રા કીધી ભોમ. આંo
જે થાએ થાનકભ્રષ્ટ, હંo તે પામે મહારી પેર કષ્ટ. આંo
સર્વને દેઉ છોં શીખામણ, હંo તમો ધરણિ મા મૂકશો ચર્ણ. આંo
એમ કહેતો સ્ત્રીને ભરતાર, હંo દેખી નળે કીધો વિચાર. આંo
પંખી સર્વ પામ્યાં છે રોષ, હંo તે દે છે મુજને દોષ, આંo
તમો હંસ ધરો વિશ્વાસ, હંo હું નવ કરવાનો નાશ. આંo

વલણ

નવ કરવાનો નાશ એહેવી, વાણી નળે કહીરે;
વચન સુણી નળરાયનાં, હંસને વાચા થઇરે.

કડવું ૮ મું-રાગ મારુ

મનુષની પેરે પંખી બોલ્યો, મુને મુકી જુઓ એક વાર;
પ્રાણદાન તું આપીશ તો, કાંઇ કરીશ ઉપકાર. ૧
મૂક મુજને સર્વથા આ, રુવે છે સહસ્ત્ર સુંદરી;
એહેને આસના વાસના કરીને, હું આવીશ તુજ કને ફરી. ૨

વચન સુણી વીર વિસ્મે પામ્યેા, અલ્યા હવે નહિ ચૂકું;
રૂપ ને વાણી બે ગુણ તુજમાં, મરતાં લગે નવ મૂકું. ૩
હંસ કહે વિશ્વાસ આણેા, અમેા બ્રહ્માના વાહંન;
આકાશ અવની એક થાયે તેા, જુઠું ન બેાલું વચંન. ૪
નળ કહે હું વીરસેન સુત છૌં, નૈષધ માહારું ગામ;
દેશપતિ ને ક્ષત્રી કેવળ, નળરાય માહારું નામ. ૫
હુંથી વિઘ્ન થાયે નહીં, પ્રાણની પેરે પાળું;
અમેા રાજવંશીને રુડું લાગે, તારું બેાલવું રઢીઆળું. ૬
ખટપટ ટાળેા મરણની ને, રખે આણેા શેાક;
એમ જાણી રેાહેા મુજ પાસે, જીવાની આશા ફેાક. ૭
પંખી કહેરે પુણ્યશ્લેાક માહારી, માતા રેાઈ રેાઈ મરશે;
એકના એક છૌં તેહને, માતા કેહેને જોઈ ઠરશે. ૮
એક સહસ્ત્ર રુએ છે નારી, ઘેર ત્રણ છે પટરાણી;
માહારું બંધન જાણી સર્વકા, તત્ક્ષણ તજશે પ્રાણી. ૯
વાહાલી સ્ત્રીએ પુત્ર પ્રસવ્યેા, મેં તેહનું મુખ નથી જોયું;
અરે નળરાજા હું રંકનું તેં, સુતનું સુખ કાં બેાયું. ૧૦
આપણ બન્યેા મિત્ર થયા, તેહેનેા સૂરજ દેવતા સાખી;
રૌરવ નરકે હું પડું જો, ન પાળું વાચા ભાખી. ૧૧
ગુરુદ્રોહી સ્વામીદ્રોહી, એ પાતિક લાગે મુજને;
જો નારીને મળી આવી, શીશ ન નમાવું તુજને. ૧૨
ત્રાહે ત્રાહે કરી નળ બેાલ્યેા, મૂકું છું નિરધાર;
તું જાણે પરમેશ્વર જાણે, સમતણેા વિચાર. ૧૩
પ્રતિજ્ઞા માટે મૂકું છું, મળવાને તારી નાર;
નહિ આવે તેા શું કટક ચઢાવું, કે તુંને કહાડું ન્યાત બહાર. ૧૪
એહેવું કહીને પંખી મૂકયેા, હંસ ઉડ્યેા આકાશ;
રુદન મા કરશેા એમ કહેતેા, આવ્યેા પ્રેમદા પાસ. ૧૫
સમાચાર કહ્યો શ્યામાને, સમજાવી સુંદરી;
વળાવી નારીને પેાતે, આવ્યેા નળકને ફરી. ૧૬
જેમ કેા અંધ આનંદ પામે, ફરી આવે લેાચંન;
તેમ રાયનું હંસને દેખી, હરખ્યું અતિસે મંન. ૧૭

ભૂપ કહે આ કાળને વિષે, પંખી બહુ સતવંત;
પ્રતિજ્ઞા પાળી પોતાની તુંને, વાહલા હશે ભગવંત. ૧૮
હંસ કહે હો ભૂપતિ, સાંભળ માહરા મિત્ર;
બોલ્યું વાયક પાળીએ નહિ તો, કાગ ને અમો શો અંત. ૧૯

વલણ

અંતર શો અમો કાગ કરતાં, મિત્ર જો અમારી પેર રે;
હંસ સાથે અશ્વ બેસી, નળરાય ચાલ્યો ઘેર રે. ૨૦

કડવું ૯ મું–રાગ દેશાખ

નળરાજા મંદિર આવીઓ, સુભટ હંસ સાથે લાવીઓ;
સૈન્ય સઘળું સહામું જાય, હંસને દેખી વિસ્મે થાય. ૧
આ વસ્ત કાંહાંથી પામ્યા રાજન, એણી પેરે પૂછે પરધાન;
નળ કહે સરોવર માન, તાંહાંથી મૂને આપ્યો ભગવાન. ૨
એ માહારે થયો છે વીર, એમ કહી આવ્યો મંદીર;
કનકનું કીધું પિંજર, હંસને રહેવાનું ઘર. ૩
એકઠા બેસી બન્યો જમે, દ્યૂત ક્રીડા તે રસિયા રમે;
અન્યોન્ય કાઢી લે તંબોલ, મુખે વાણી કરતા કલ્લોલ. ૪
હંસવિના ન ચાલે ઘડી, પ્રેમ રેહેણે પ્રીત જે જડી;
અશોક વાટિકામાં એક વાર, બન્યો બેઠા ગુણ ભંડાર. ૫
હંસે વાત સ્નેહની કરી, ત્યારે નળને દમયંતી સાંભરી;
દીઠો જાણ્યો અકસ્માત, નેત્રે કીધું આંસુપાત. ૬
હંસ પૂછે મારા વીર, તાહારે નયને કાં વહે છે નીર;
નળ કહે શું પૂછે મૂને, એટલું સૂજ નહીં પડે તુંને. ૭
પરણ્યા કુંવારા ન જુએ અમો, ઘરમાં ભાભી દીઠી હશે તમો;
હંસ બોલે ને કર ઘસે, મેં જાણ્યું ભાભી પીહેર હશે. ૮
તમો કુંવારા ન જાણ્યા માટ, શું પૃથ્વીમાં કન્યાનો દાટ;
પોતાની પાંખે લોહ્યું જળ, બગે રોતો રાખ્યો નળ. ૯
મરકલડું કરી મહીપતિ, મિત્ર સાથે બોલ્યો વીનતિ;
જે દહાડે મેં તમને ગ્રહ્યા, તે બોલ શું વિસરી ગયા. ૧૦
તેં કહ્યું નળ મૂક એક વાર, કાંઈ હું એ કરીશ ઉપગાર;
ભાઇ તે બોલ્યું કહી એ પાળશો, એ મોહોટું દુઃખ ક્યારે ટાળશો. ૧૧

વળતો હંસ કહે મહારાજ, હું સરખું કાંઈ સોંપો કાજ;
મહા કઠણ જે કારજ હશે, તે હું સેવકથી સર્વે થશે. ૧૨
નળ કહે તમો કરો સર્વથી, પણ મહારી જીભ ઉપડતી નથી;
કપરું કામ કેમ દેવાય, કદાપિ થાય કે નવ થાય, ૧૩
ન થાય તો તમો પામો ખેદ, લાજે ઘેર નાવો વાયક વેદ;
હંસ કહે અમથો નવ વળું, હું રીસાવાનું નોહું પૂતળું. ૧૪
ચૌદ લોકમાં ગયાની ગત્ય, તાહારું કારજ થાશે સત્ય;
નળ કહે હો પંખીજંન, શરીર સુનાનું ચંચ રતંન. ૧૫
એહેવી તમારી દીસે દેહ, કાંહાંથી વર પામ્યા ભાઈ એહ;
હંસ ભણે સાંભળ હો નળ, સરોવરમાં છે સોનાનાં કમળ. ૧૬
નિત્ય ભોજન કરવું તેહ, જેવું જમવું તેવી દેહ;
પાળ પગતીએ જડ્યાં રતંન, ચંચ ધસું અમો પંખીજંન. ૧૭
તેહેની વળગે છે રેખાય, માટે રત્નજડિત ચંચાય;
હવે માં પૂછશો આડી વાત, કામ શું છે કોહોની ભ્રાત. ૧૮
નળ કહે એક વિદર્ભ દેશ, કુંદનપુર ભીમક નરેશ;
તેહને દમયંતી દીકરી, કારણરૂપે તે અવતરી. ૧૯

વલણ

કારણરૂપે તે અવતરી, વણ દીઠે મોહ થયો અમને;
તે નારીસું વેહેવા મેળવો, એહવું માગું છા તમકને. ૨૦

કડવું ૧૦ મું–રાગ રામગ્રી

હસીને બોલ્યો વિહંગમ વાણીજી, ભ્રાત શું માગ્યું લજ્જા આણીજી. ૧

ઢાળ

માગી માગીને શુંરે માગ્યું, એક દમયંતી નારી;
દેવકન્યા આણી આપું તો, કવણ ભીમક કુમારી. ૨
વિદ્યાધરી ને કિન્નરી, ગાંધર્વી તે રૂપનિધાન;
તે નારીનાં રૂપ આગળ, દમયંતી મૂકે માન. ૩
કોટી કન્યા પરણાવું, પદ્મની ગૌર ગાત્ર;
તેહેની કાંતિ આગળ દમયંતી, તે દીસે દાસી માત્ર. ૪
અતળ વિતળ સુતળ તળાતળ, રસાતળ પાતાળ;
ત્યાં પેસી નાગકન્યા આણી આપું, કોણ ભીમકની બાળ. ૫

નળ કહે હું સકળ શ્યામા, પામ્યો પંખીરાય;
કોટી કારજ તેં કર્યાં, મેળવ વૈદર્ભીસું વેહેવાય. ૬
એક માસનો વાયદો, હંસે કર્યો સુજ્ઞાણ;
ત્યારે નળ કહે ત્રીસ દહાડા, ત્રીસ જુગ પ્રમાણ. ૭
ત્યારે દિવસ આઠની અવધ કરી, કહેતો ગયો ગુણવાન;
પીડી કરજો રાજીજી, તત્પર કરજો જાન. ૮
ભૂપ કહે પ્રયાણ તે, હંસ મેં ન કહેવાય;
હું તો તું વિના એકલો, પ્રાણ વિના જેમ કાય. ૯
હવે એમ જાણી વિલંબ મા કરશો, રખે કરતા કોસું સ્નેહ;
જો અવધ વટશે આવ્યાની તો, પડશે માહારો દેહ. ૧૦
વિશ્વાસ આપ્યો વીરને, પછે પરવરયો ખગેશ;
થોડે કાળે આવીઓ, જ્યાંહાં વિદર્ભ દેશ. ૧૧
ભીમક રાયના ઘરની વાડી, ત્યાં દમયંતીનું ધામ;
તે વાડી મધ્યે આવી હંસે, લીધું નળનું નામ. ૧૨
ચંદ્રમા મસ્તકે આવ્યો, પૂર્ણિમા મધ્ય જામની;
સખી સાથે ઘૂત રમે છે, દમયંતી જે ભામની. ૧૩
તેણે સમે તાંહાં હંસલે, વખાણ્યો નળ રાજન;
શબ્દ સુંદર સાંભળી, શ્યામાએ ધરિયો કાન. ૧૪
હરિ વદનીએ હંસ દીઠો, બેઠો ચંપક છોડ;
આ શું સુનાનું સાવજું, થયું ઝાલવાનું કોડ. ૧૫
શોભતું ને બોલતું, કરે નળની વિખાણ;
એ પંખી કર ચડે નહીં તો, તજું માહારો પ્રાણ. ૧૬
અબળા હેઠી ઉતરી, ઝાંઝર કાઢ્યાં તતકાળ;
હંસે દીઠી કામની, ત્યારે બેઠો નીચી ડાળ. ૧૭
દોડે આડી અવળી અંગના, કરે ઝાલવાનો ઉપાય;
હાથમાંથી હંસ નહાસે, ચપળ નવ ઝલાય. ૧૮
પંખી કહેરે પ્રેમદા, અમો કમળના રહેનાર;
નળ વિના કો ન ઝાલે, તું કોણ જે ગ્રેહેનાર. ૧૯

વલણ

ગ્રેહેનાર તું કોણ મૂર્ખી, તુંને કાંહાંથી નળની શુદ્ધરે;
વચન સુણીને વામાએ, વિચારી ઝાલવાની બુદ્ધરે. ૨૦

કડવું ૧૧ મું-રાગ મારુ

ચતુર ભીમકની કુમારી, તેણે અકલિત વાત વિચારી;
નથી હંસ દે તો મુને સહાવા, પણ નવ દેઉં એહેને જાવા. ૧
પંખી ધીરે કમળને કાજે, હાથ આપ્યા મને મહારાજે;
જોગવાઈ જગદીશે મેલી, મહારી કમળ જેવી હથેલી. ૨
શરીર સઘળું કહીએ સંતાડું, પાણપંકજ એહેને દેખાડું;
પોતાનાં વસ્ત્ર દાસીને પેહેરાવી, બેઠી ચેહેબચામાં ન્હાવી. ૩
મરતઠ મૂક્યું પલાશનું પાન, વિકાસી હથેલી કમળ સમાન;
મધ્ય મૂક્યું જાંબુનું ફળ, જાણે ભ્રમર લે છે પીમળ. ૪
પોતે નાસિકાએ ગણગણતી, ભામા ભમરાની પેરે ભણતી;
હંસે હરિવદની જાણી, ન હોય પંકજ પ્રેમદાનો પાણી. ૫
એસું જઈ થઈ અજ્ઞાન, પરણાવવો છે નળ રાજન;
આનંદ આણી અંબુજભણી ચાલ્યો, બેસતાં અબળાએ ઝાલ્યો. ૬
દમયંતી કહે શેં ન નાઠો, હલ્યા ગાહુઓ થઇને ગાઠો;
મુને દોડાવી કીધી દુઃખી, મુવા પહેલાં હું ન ઓળખી. ૭
તારા અવગુણ નહીં સંભારું, મુને બાપના સમ જો મારું;
હંસ કહે શું જાઓ છો કૂલી, નથી બેઠો હું ભ્રમે ભૂલી. ૮
હુંમાં પ્રાક્રમ છે અતિ ઘણું, ચંચપ્રહારે તારા હસ્ત હણું;
દમયંતી કહે હંસ ભાઈ, તારે મારે થઈ મિત્રાઈ. ૯
અન્યોન્યે તે બોલ જ દીધો, હાથેથી મૂકીને બોળે લીધો;
તમો વિખાણુ કીધું સબળ, તે બીજા કોણ છે નળ. ૧૦
તેનાં કોણ માત ને તાત, મુને વિખાણી કહો વાત;
હંસ બોલ્યો મુખે તવ હસી, અબળા દીસે ઘેલી કશી. ૧૧
તેના ગુણ બ્રહ્મસભામાં ગવાય, નળ તે વિષ્ણુ આગળ વખણાય;
એ બીજા મોટા ચતુરસુજાણ, જે હું નળની કરું રે વિખાણ. ૧૨
નળ દીઠો નહીં તે નર રાઝ, સાંભળ્યો નહીં તે બ્રહ્મરાજ;
જોયો નહીં તેનાં લોચન કહેવાં, મોરપીછ ચાંદલીઆ જેવાં. ૧૩
એટલામાં મન વિહ્વલ કીધું, ચિત્ત મહિલાનું આકરશી લીધું;
બેહુ કર જોડીને નમયંતી, હંસ પ્રત્યે કહે દમયંતી. ૧૪

હું પૂછું છૌં બીહીતી બીહીતી, નળની કથા કહેા અથ ધતિ;
છે બાળક વૃદ્ધ જોબન ધામ, શે અર્થે નળ ધરાવ્યું નામ. ૧૫
તમે આવડેા જીભે વરણ્યેા, છે કુંવારેા કે પરણ્યેા;
એવાં વચનને સાંભળી, ત્યારે હંસ બેાલ્યેા કળકળી. ૧૬
નળ છે કુંવારેા નથી કન્યા, છે બ્રહ્માનેા મેાટેા અન્યા;
અમેા કેાટાનકેાટ નારી નિરખી, ન મળે નળને પરણવા સરખી. ૧૭
એકવાર બ્રહ્માએ શું કરીઉં, સકળ તેજ એક પાત્રમાં ભરીઉં;
તે તેજનેા ધજ્યેા નળરાય, કાંઇએક રજ વાંધી પાત્રમાંય. ૧૮
તેની એક થપેાલી હવી, આકાશે ઉપન્યેા રવી;
વાહાણે સાંજે નળ બાહેર નીસરે, તેજવત વનમાં ફરે. ૧૯
સૂરજ ઝાંખી કહાડે કેાર, વાહાણું સાંજ તેણે ટાહાડેા પેાહેાર;
અદષ્ટ જ્યારે થાય રાજાન, નિશ્ચંત ભાનુ તપે મધ્યાહ્ન. ૨૦

વલણ

મધ્યાહ્ને નળ જાય મંદિરમાં, માટે સૂરજ તપે ઘણું;
હંસ કહે હેા હરિવદની, શું વિખાણ કરું તે નળતણું. ૨૧

કડવું ૧૨ મું–રાગ જેતશ્રી

હંસ ભણે હેા ભામિની, બ્રહ્માંડ ત્રણ જોયાં સહી;
નળની તુલના મેળવું પણ, મહીતળમાં તૂલના કેા નહી.–તુલના૦ ૧
જુગ્મ રવિસુત રૂપ, આગળ જાય નાખી વાટ;
ગંભીરતાએ વર્ણવું, પજ અર્ણવમાં ખારાટ.–તુલના૦ ૨
શીતળતાએ શશિ હાર્યો, મૂકે કળા પામે કષ્ટ;
તેજથી આદિત ફરે નાઠેા, મેરુ કેરી પૃષ્ઠ.–તુલના૦ ૩
ઐસ્વર્ય યુદ્ધ ઇંદ્ર હાર્યો, ઉપાય કીધા લાખ;
નળ આગળ મહિમા ગયેા માટે, મહાદેવ ચેાળે રાખ.–તુલના૦ ૪
નૈષધ રાયના રૂપ આગળ, દેવને થઈ ચિંતાય;
રખે આપણી સ્ત્રિયેા વરે નળને, સર્વે માંડી રક્ષાય.–તુલના૦ ૫
લક્ષ્મીનું મન ચંચળ જાણી, વિષ્ણુ મન વિમાસે;
પ્રેમદાને લઈ પાણીમાં પેઠા, બેઠા શેષને વાંસે.–તુલના૦ ૬
હીમસુતાને હર લેઈ નાઠા, ગયા ગૂફામાંય;
સહસ્ર આંખેા ઇન્દ્રે કરી, કરવા નારીની રક્ષાય.–તુલના૦ ૭

સિદ્ધ બુદ્ધિને ધીરે નહીં, રાખે ગણપતિ અહોનિશ પાસ;
ઋષિપત્નીને ઋષિ લેઈ નાઠા, જઈ રહ્યા વનવાસ.–તુલના૦ ૮
પાતાળમાં લેઈ પદ્મનીને, વસિયા વરુણ તે ભૂપ;
સ્વાહાને સાચવવા વહ્નિયે, ધર્યાં અડતાળિશ રૂપ.–તુલના૦ ૯
ચંદ્ર ને સૂરજ નાઠા ફરે છે, રખે વરતી નારી;
નારદજી આગળથી ચેત્યા, માટે રહ્યા બ્રહ્મચારી.–તુલના૦ ૧૦
હંસ ભણે હો ભામિની, એમ સઉએ શ્યામા સંતાડી;
નળના વપુના નામથી, સર્વે સૃષ્ટિ કષ્ટ પમાડી.–તુલના૦ ૧૧
પુરુષને અદેખાઇનું બળવું, નારીને દહે કામ;
અનલ પ્રગટ્યો સર્વને, માટે નળ ધરાવ્યું નામ.–તુલના૦ ૧૨
જપ વ્રત જેણીએ કર્યાં હશે, સેવ્યો હિમપર્વત;
તે નારી નળને પરણશે જેણે, કાશી મૂકાવ્યું કરવત.–તુલના૦ ૧૩
બ્રહ્માજીની સૃષ્ટિમાં કો, ન મળે જાચક રૂપ;
નળને દાને દારિદ્ર્ય છેદ્યાં, ભિક્ષુક કીધા ભૂપ.–તુલના૦ ૧૪
ત્યારે નરમ થઈ દમયંતી બોલી, નિર્મળ નળ ભૂપાળ;
જેમ તેમ કરતાં ભાઈ મારો, ત્યાં મેળાવ વેવિસાળ.–તુલના૦ ૧૫
હંસ કહે ફોકટ ફાંફાં જેમ, વામણો ઇચ્છે આંબાફળ;
તેમ તુજને ઇચ્છા થઈ, ભરતાર પામવા નળ.–તુલના૦ ૧૬
હજાર હસ હું સરખા ફરે છે, નૈષધપતિના દૂત;
ખપ કરી પરણાવીએ, તો તું સરખું કંઈ ભૂત.–તુલના૦ ૧૭
વચન સુણી વિહંગમનાં, અબળાએ મૂક્યો અહંકાર;
ભુંડા એમ શું મુને નિર્ભંછા, આપણે મિત્રાચાર.–તુલના૦ ૧૮
સ્નેહ તે સત્કર્મનો એમ, વદે વેદ ને ન્યાય;
એમ જાણી પરણાવ મુજશું, લાગું તારે પાય.–તુલના૦ ૧૯

વલણ

પાયે લાગું ને નળ માગું, હવે આવી તારે શરણેરે;
નહીંતર પ્રાણ જશે માહરા, ને પીડ પડશે ધરણેરે. ૨૦

કડવું ૧૩ મું–રાગ વેરાડી

હંસ ભણે હો ભગિની મારી, ભીમક રાજ કુમારી;
નિશ્ચય નળ તુજને પરણાવું, મુને દયા આવે છે તારી. હંસ ભણે. ૧

અમો મળતાં ને પ્રાણ જ આપું, પૂરું મનની આશ;
તારો મોહ લગાડું નળને, નાખી ઉંચા નીચા પાશ. હંસ ભણે. ૨
એક જડીબુટ્ટી સુંઘાડું નળને, તત્ક્ષણ થાશે ઘેહેલો;
આકૃણીએ આંહાં આવીને રહેશે, વેહેલો સર્વની પેહેલો. હંસ ભણે. ૩
નળને તું નિરધાર પરણશે, એ માહારો સંકેત;
રખે ત્યાર પેહેલી કોને વરે, પછે હું થાઉં ફજેત. હંસ ભણે. ૪
આવશે નળનાં રૂપ લેઈને, દેવતા મોટા ધાતી;
વણ તપાસે વરીશ મા, રખે ડાહી થઈ વહવાતી. હંસ ભણે. ૫
નળ અમરમાં વેહેરો શું છે, ઓળખાવ્યો તે વેશ;
દેવ રહેશે અન્નિક્ષ ઉભા, નવ મળે નીમેષ. હંસ ભણે. ૬
સ્વયંવર તું ઘર રચાવે, વળી કરે એક વાનું;
તારો પિતા નોહોતરું મોકલે, તું પત્ર લખજે છાનું. હંસ ભણે. ૭
હંસ રાયનાં વચન સુણીને, વામા કરે વિદાય;
જાઓ કહું તો મારી જીભ કાપું, ગયા વિના કામ ન થાય. હંસ ભણે. ૮
હોરે વિહંગમ હોરે વિહંગમ, મારો વિરહનો વહ્નિ સમાવો;
વીરસેનસુતને વિવાહ અર્થે, વીરા વેહેલા વેહેલા લાવો. હોરે વિ૦ ૯
તારા વહોણી નળનો વિજોગ છે, હું એ એ દુઃખે દુઃખાળી;
અન્ન ન ભાવે નિદ્રા ન આવે, મેળાપ તમારા ટાળી. હોરે વિ૦ ૧૦
વિશ્વાસ આપીને વાત વેહેવાની, રખે જાતા વીસરી;
સ્વયંવરમાં નળ નહીં આવે તો, પ્રાણ જાશે નીસરી. હોરે વિ૦ ૧૧
જો તમો નાથ આણી નહિ આપો, તો કોણ આપશે વળતું;
મોટું પુન્ય છે મનુષ્ય રાખ્યાનું, અનંગ અગ્નિથી બળતું. હોરે વિ૦ ૧૨
માત તાત ને સગા ભાઈ હું, તેને લાજું કહેતી;
કેમ કહું નળને પરણાવો મુને, સર્વે કહે અલેતી. હોરે વિ૦ ૧૩
ગુહ્ય વાત તે મિત્રને કહીએ, વહાલાની હોય ચોરી;
વણ રોગે આ વપુની વેદના, તું હંસ જાણે મોરી. હોરે વિ૦ ૧૪
તારી આશા સૂત્રનો તંતુ, પ્રાણ રહ્યો છે વળગી;
વેહેવા વાત મિથ્યા સાંભળતાં, દેહ થાશે પ્રાણથી અળગી. હોરે વિ૦ ૧૫
વિશ્વાસઘાતનું પાપ છે મોટું, તમો ડાહ્યાને શું કહીએ;
વૃદ્ધની વાત કરી જાઓ છો, નથી કાંઈ નાહાને છૈએ. હોરે વિ૦ ૧૬

હંસ કહે હો ભામિની, નિશ્ચે રહે તું વિશ્વાસે;
એમ કહીને ખગ તાંહાંથકી, ઉડી ગયો આકાશે. હોરે વિ૦ ૧૭
આવી મળ્યો નળ રાજાને, વાત કહી જે વીતી;
સમાચાર કહ્યો જઈ હંસે, નળને અથ ઇતિ. હોરે વિ૦ ૧૮
પંખી કહે પુણ્યશ્લોકજી, વીતી વાત શું કરું;
દિન દશ પાંચમાં આવ્યું દેખશો, પરણ્યાનું નોહોતરું. હોરે વિ૦ ૧૯

વલણ

નોહોતરું આવશે સ્વયંવરનું, હંસે વાત નળને કહીરે;
વેવિશાળ મળ્યું, દૂતત્વ ફળ્યું, તેમાં કાંઈ સંદેહ નહીરે. ૨૦

કડવું ૧૪ મું–રાગ મહલારની દેશી

અન્યો મિત્ર મળીને બેઠા, પૂછે નળ ભૂપાળજી;
વીર વિહંગમ કોહોને વારતા, કેમ મેળ્યો વેવિસાળજી. ૧
ગામ ઠામ ને રૂપ ભૂપ ગુણ, ગોત્ર ને આચાર્યજી;
સર્વાંગે સંપૂર્ણ શ્યામા, માન્યું તારું અંતસ્કર્ણજી. ૨
કેમ ગયો કેમ દૂત થયો, વાત કહો મુને માંડીજી;
તે કન્યા કેમ બોલી તુજ સાથે, લજ્જા મનની છાંડીજી. ૩
પંખી કહે સાંભળીએ સ્વામી, કન્યા વર્ણન વિવેકજી;
શેષ છેક ન પામે રતવતાં, શું કહું જિહ્વા એકજી. ૪
કુંદનપુર તે કુંદન જેવું, જોતાં મોહ ઉપજાવેજી;
વૈકુંઠ ત્યાં આણ્યું પ્રસ્થાને, અમરાપુરીને લજાવેજી. ૫
ચારે વર્ણ ધર્મને પાળે, જે પોતાનાં કર્મજી;
સુખનિવૃત્ત નિરભે પ્રજા ને, આણું ભીમકની ધર્મજી. ૬
આનંદ ઓચ્છવ ને હરિસેવા, ઘેર ઘેર વાજંત્ર વાજેજી;
વાસવ વિષ્ણુ વિરંચિ ઇચ્છે, વાસ સુખને કાજેજી. ૭
વિદ્યા મૂકાવી નિશાચરની, તે શીખ્યા દિશાચર કામજી;
જુગમ કપાટ વિજોગપુરમાં, જુઆં રહે અષ્ટ જામજી. ૮
કર્મત્યાગ પારાધએ કીધાં, ગુણિકાએ ગ્રહી લજ્જાજી;
ઉચાટ એક અધર્મનિ વર્તે, સકંપ એક ધ્વજાજી. ૯
ભુવન ભવ્ય ભૂપ ભીમકનાં, ભુવન ત્રણ વ્યતિરેકજી;
ધરની વાડી પરમ મનોહર, મધ્યે આવાસ છે એકજી. ૧૦

સપ્ત ભોમ તે વ્યોમ સમાને, ફરતી બારી જાળીજી;
દશ સહસ્ર નારી આયુધધારી, કરે કન્યા રખેવાળીજી. ૧૧
ચંદન ચંપક ચારોળી ને, વટ વાળો વેલડીજી;
ફણસી ફોફળી ને શ્રીફળી, આંબા સાખ સેલડીજી. ૧૨
બીલી કોઠી દ્રાખ દાડમી, નારંગી ને નેત્રજી;
અખોડ ખજુર ને લવંગલતા, બહુ બારેકનાં ખેત્રજી. ૧૩
શીતળ જળાશય કમળ કેતકી, કુસુમપૂરણ કુંજજી;
મલિઆગર મોગરા માલતી, ખટપદ ગુંજાગુંજજી, ૧૪
વેલ વળી એખરો કળી, શીતળ વાય સમીરજી;
વયણ પંખી રયણ બોલે, ડોલે રાજા ગીરજી. ૧૫
સાગ શીશમ ને શરગવા, સાદડીઆ તાલ તમાલજી;
કરેણ કામ બાબચી બદ્રિકા, જાવંત્રી જાયફલજી. ૧૬
વાડ વાટિકા વંક વોલામણી, ફળ વંન બીન્નેરીજી;
બેલડીએ સાહેલડી વળગી, હીંડે ગુણવંત ગોરીજી. ૧૭
તે વનમાંહે હું ગયો ને, હવો તે હર્ષ પૂર્ણજી;
વૃક્ષજુથમાં પેસી બેઠો, ગોપવીને ચર્ણજી. ૧૮
દાસી સર્વ થઈ નિદ્રાવશ, ઈંદુ આવ્યો માથેજી;
દમયંતીએ દ્યુત આરંભ્યું, માધવી સખી સાથેજી. ૧૯
તેણે સમે મેં તમો વર્ણવ્યા, સ્યામાએ ધરીઆ શ્રવણજી;
ઉઠી બાળી ઘટાળીએ આવી, જોતી નેત્રે તીક્ષ્ણજી. ૨૦
પાસે દાસી બંન્યો રાખી, ચતુરા ચોદશ ભાળેજી;
આ વનમાં કોઈ જન આવ્યો છે, બોલી કરે આ કાળેજી. ૨૧

વલણ

આ કાળે બોલી કોણ કરે છે, જુએ વનમાં ફરી ફરીરે;
હંસ કહે હું હવો વિસ્મય, શું વખાણું એ સુંદરીરે. ૨૨

કડવું ૧૫ મું–રાગ ધનાશ્રી

ભૂપ મેં દીઠી ગર્વઘેલડી, સખી બે મધ્ય ઉભી ઝલબેલડી;
કદળીસ્થંભ જુગલ સાહેલડી, વચ્ચે વૈદર્ભી કનકની વેલડી. ૧

ઢાળ

વેલ જાણે હેમની, અવેવ ફૂલ ફૂલી;
ચકિત ચિત થયું મારું, ને ગયો દ્રુતત્વ ભૂલી. ૨

સામસામા રહ્યા શોભે, વ્યોમ ભોમ બે સોમ;
ઇંદુમાં બિંદુ બિરાજે, જાણે ઉડગણ ભોમ. ૩
ઉભે અમિનિધિ કીરણ પ્રગટ્યાં; કળા થઈ પ્રકાશ;
જ્યોતેજ્યોતથી સ્થંભ પ્રગટ્યો, શું એથી થંભ્યો આકાશ. ૪
કામિનીનો પરિમળ બેહેકે, કળા શોભે લક્ષ;
શકે ધરાધર વાસ લેવા, ચઢ્યો ચંદનવૃક્ષ. ૫
કુરંગ મીનની ચપળતા, શું ખંજન જાળે પડિયાં;
નેત્રઅણિઅગ્રે શ્રવણ વિંધ્યા, સોય થઈ નીમડિયાં. ૬
શકે નેત્ર બેત્ર છે મોહનું, ડોડાળાં અંબૂજ;
ભ્રુવ શરાસન દૃષ્ટિ શર, હાવ ભાવ બે ભૂજ. ૭
ગળસ્થળ નારંગ ફળશા, આદિત્ય ઇંદુ અકોટી;
અધર પ્રવાળી દંત કનકરેખા, જિવ્હા જાણે કસોટી. ૮
કીર આનનપર શ્રીખંડ શોભે, કોયલ બોલે અણછતી;
વનલતાપર પંખી બેઠો, નવ રહેવાયું મારી વતી. ૯
અધરરસ પર શ્વેત બિંદુ, મેં જાણ્યું કરું ગ્રાસ;
ઉદર સર આભરણ અંબુજ, જઇને પૂરું વાસ. ૧૦
નાભી નીકટ મેખલા, રહે ગમન સાથ અમારો;
રોમાવળિ દ્રુમ કુચ ટોડા, ઉરમંડળ શું ઉવારો. ૧૧
અંગ રંગ તરંગ યૌવન, જોતાં તૃપ્ત ન થઇયે;
ક્ષુધા તૃષા પીડે નહીં, રૂપસુધામાં રહિયે. ૧૨
કચભૂષણ કદળી પત્ર ઉપર, શબ્દ તેનો ઊઠે;
ત્તાં બોલે પંચાનન પ્રહારથી, શું લાગો મેગલ પૂઠે. ૧૩
કેળશાખાયે જલજ જુગમ ચઢ્યાં, ગજ એથી પામે ખેદ;
યુગ્મ અંબુજ તાંહાં મળીયાં, મળ્યા મધુકર વેદ. ૧૪
સ્કંધ પદના તે કદળી સરખા, ખટ તોયજ તોય પાખે;
સુદ્ધ બુદ્ધ નવ રહી મારી, હું બોલિ ઉઠ્યો અભિલાખે. ૧૫
વદી વાણી વ્યોમચરની, પડ્યો મૂર્ચ્છા ખાઈ;
હાટક રૂપ દેખી સખિ સાથે, મુજને ગ્રહવા ધાઈ. ૧૬
મોહવારુણી પી પડ્યો, કન્યાયે ગ્રહ્યો આવી;
ભુજઅંબુજ મેં પણ મેલ્યાં, તોયે મન નવ લાવી. ૧૭

નાત ગામ ને નામ પૂછ્યું, સ્વામી તારો કૂણ;
રટણ રસનાયે કરે બાધી, એવો વરણ નિપૂણ. ૧૮
સ્વામી નળ ને વર્ણન નળનું, દૂત નળનો છુંય;
ગિરિ તરુવર કે ધાતુ ફળ કે, કુસુમ નળ તે શુંય. ૧૯
પ્રાણ નળ કે ઉદર નળ, કે જળ નળ ગ્રેહનો;
રહે તુજ મળ્યો કાંતિ કમળે, એ વરણ તેની દેહનો. ૨૦
પરગ્રગ્ર વૃશ્ચિક આંકડો, ભેદ્યું નિજ ભુજતળ;
શકે તારા નાથની એવી, કાયા છે કોમળ. ૨૧
શબ્દ સુંણી શ્યામા તણો, હું સહિ રહ્યો તે કાળ;
તમ પ્રતાપે તારુણીને, મેં નાંખી મોહજાળ. ૨૨
અમૃતઘટ થાયે જો ઊંણો, અમર પાન જ્યારે કરે;
વૈદર્ભીની વાણી સુધા જાણી, લેઈ કુંભ પૂરો ભરે. ૨૩
વિનતાવદન વિધિએ કીધું, સાર શશીનું લીધું;
નક્ષત્રનાથને લાંછન ભાસે, કલંક લાગટ કીધું. ૨૪
ગ્રહેશ ને સર્વરીપતિ તે, ગોપ્ય ઉભા ફરે;
વૈદર્ભીના વક્ત્ર આગળ, અમર તે આરતિ કરે. ૨૫
કચસમૂહની રાવ કરવા, વિધિકને કળાધર ગયો;
કર અધર ચંદ્ર કાઢ્યો ઠેશે, તે અદ્યાપિ અંતરિક્ષ રહ્યો. ૨૬
સંસાર સર્વનું સાર લીધું, દિવ્ય દેહડી થવા;
ઘડિ દમયંતી ને ભુજ ખંખેર્યા, તેના તો તારા હવા. ૨૭
જજ્ઞ જાગ ને ધર્મ ધ્યાન તીરથ, કીધાં હશે સમસ્ત;
તેને પુણ્યે પુણ્યશ્લોકજી, ગ્રહશો દમયંતીનો હસ્ત. ૨૮
ભાગ્ય ભૂપ એ તમતણું, જે વશ વૈદરભી વળી;
વિશાળ મળ્યું ને દૂત ફળ્યું, નવ શકે તેનું મન ચળી. ૨૯
કાલ આમંત્રણ આવશે, તમે કરો તત્પર જાન;
એ વાત નિશ્ચે જાણજો, તેના સાક્ષી શ્રીભગવાન. ૩૦
આનંદ નળ પામ્યો ઘણો, પણ સ્વપ્ના સરખું ભાસે;
વિશ્વાસ મન નથી આવતો, જે વિવાહ કેઈ પેરે થાશે. ૩૧

વલણ

થાશે સંબંધ ભિમકસુતાનો, એ આશ્ચર્ય મોટું સર્વથા;
કહે પ્રેમાનંદ કહું હવે, દમયંતીની કથા. ૩૨

કડવું ૧૬ મું-રાગ ગોડી

હંસ વળાવિને વળી વનિતા, જ્યાં પોતાનું ધામ;
દમવા લાગ્યો દમયંતીને, નળના વિરહનો કામ. ૧
વખાણુબાણુ શ્યામાને વાગ્યાં, પંખી ગયો મોહ મેલી;
રોમે રોમે વહ્નિ પ્રગટ્યો, લાગી તાલાવેલી. ૨
ઘડિયે ઘરથી બહાર નિસરે, બેસે જઇને અટાળી;
ચંદ્રકિરણુ અગ્નિથી અદકાં, મારશે મુજને બાળી. ૩
વણ પરણ્યાંને વ્યાકુળ કરવા, વ્યોમ વસ્યો છે પાપી;
શું કહિયે કમળાપતિને રાહુનું, મસ્તક નાખ્યું કાપી. ૪
સિંહિકાસુતને શરીર હોત તો, મુજને ચિંતા થોડી;
સુધાકરને ગળત પેટમાં, બળી થાત રાખોડી. ૫
જળપાત્ર વિષે ઇંદુબિંબ દીઠું, સખીને કીધી શાન;
લાવ્ય ભોગળ રિપુને મારું, પ્રહારે પિષ્ટ સમાન. ૬
એમ કરતાં પ્રાતઃકાળ થયો, તારુણીને આવ્યો તાવ;
અન્ન ન ભાવે નિદ્રા ન આવે, વાતતણો નહિ ભાવ. ૭
અગ્નિના તણખા સરખા લાગે, ટાઢક ચરચે જેહ;
વાયુ વ્યાધના બાણ સરીખા, નિસરે સોસરો દેહ. ૮
દુખતું જાણી આવી રાણી, જોયું વસ્ત્ર ઉઘાડી;
ચુંબન કરીને પૂછે માતા, શું દુઃખ છે તને માડી. ૯
લાડકવાઈ કયાં થકિ જીવે, છે કર્મ અમારાં દોખી;
અક્ષત ઉતારો દૃષ્ટિ બેઠી હોય, કોઇની મેલી ચોખી. ૧૦
પરણ્યાનો ઓરિયો નવ વીત્યો, જાત સાસરે સમોતી;
રત્ન દીકરી કયાંથી જીવે, ત્રણ ભાઇની બેહેન પનોતી. ૧૧
આવડો તાવ તે તારુણિને શો, દૈવને ઘેર વળ્યો ડાટ;
કહે કુંવરી અંતરની આપદા, અમને થાય ઉચાટ. ૧૨
મુખ મરડી દમયંતી બોલી, ઘરડાં માણુસ નઠોર;
પરણ્યાં કુંવારાં કાંઈ ન પ્રીછે, ફોકટ કરવો સોર. ૧૩
હું સમાણી જાય સાસરે, તેના જોને ભોગ;
તેનીપેરે મારે થાશે, આપુરો જાશે રોગ. ૧૪
વચન સુણીને સમજ્યાં રાણી, પુત્રી થઈ પરણનારી;
ભામિનીએ કહ્યું ભીમકને, પુત્રી કાંલગી રાખશો કુંઆરી. ૧૫

વહાણું વાય ને દુઃખવા આવે, જો જીવે આ વારકી;
કોહોને ભાએગે કાળથી ઉગરે, પરણાવી કરો પારકી. ૧૬
દીકરી માણસ મોટી થઈ ત્યારે, પીહેર નવ સોહાયે;
સ્વયંવર કરીને પરણાવો, જાંહાં એની ઇચ્છાયે. ૧૭
રાયે પુત્ર તેડાવ્યા પોતાના, કહ્યું બેહેનને પરણાવો;
દેશ દેશના જે રાજા, દૂત મોકલી તેડાવો. ૧૮
અંન ધંન તૃણ સામગ્રી, મંડપને રચાવો;
ધવળ મંગળ ગીત નફેરી, અપછરા નચાવો. ૧૯
સ્વયંવરની સામગ્રી માંડી, મોટા મળ્યા રાજાન;
નળને તેડવા ભીમકે મોકલ્યો, સુદેવ નામે પ્રધાન. ૨૦

વલણ

પ્રધાન નૈષધ મોકલ્યો નારદે, કીધું હતું વિખાણુરે;
દમયંતીએ પત્ર પાઠવ્યો, વાંચી નળે દીધાં નિશાણુરે. ૨૧

કડવું ૧૭ મું–રાગ સારંગ

આવી સુદેવે આપ્યો કાગળ, હૃદયા ચાંપી વાંચે નળ;
સ્વસ્ત શ્રી નૈષધપુર ગામ, પુણ્યવંત પુણ્યશ્લોક નામ. ૧
છે કાલાવાલાની કંકોતરી, લખીતંગ દમયંતી કિંકરી;
આંહાં આવી ગયા ખગપત, કહે તે વારતા માનજો સત. ૨
મેં તમને સમર્પ્યું ગાત્ર, આ સ્વયંવર તે નિમિત્ત માત્ર;
મીન નીરની કરજો પ્રીત, મારા સરખું કરજો ચિત્ત. ૩
વાંચ્યો કાગળ ને હરખ્યો નળ; તત્પર કીધું જાનનું દળ;
અતિ શીઘ્રે સાંચરે રાય, શુકને મળી સવચ્છી ગાય. ૪
કોરંગ કોરંગનીને સાથ, સાહામાં ઉતર્યાં દક્ષિણ હાથ;
હંસ ભણે ભલાં શૂકન, તું દમયંતી પામે રાજન. ૫
વિદર્ભ જઇને સિધ કીજીએ, મને આજ્ઞા હવે દીજીએ;
વળિ કો સમે આવિશ રાજન, તું છે મારો પ્રાણજીવન. ૬
ભાઈ તુજને કહું વીનતી, દ્યૂત ના રમશો નૈષધપતી;
નવ કરશો સ્ત્રીનો વિશ્વાસ, એ બે થકી થાય વિનાશ. ૭
ચાલ્યો ખગપતિ વીનતી કરી, નળ રાજાએ આંખડી ભરી;
હંસ કહે સાંભળ રાજન, એમ કરિયે ન કાચું મન. ૮

માત પિતા સુત બાંધવ જેહ, સર્વે વેર સંબંધે મળ્યું તેહ;
તારે કાજે મેં રાજા એહ, ખગપતિનો ધાર્યો દેહ. ૯
હું છું બ્રાહ્મણ ને તું છે ભીલરાય, પૂર્વ જન્મની કહું કથાય;
મારા ઘરમાં હું દુઃખિયો થયો, કાશિ કરવત મૂકાવા ગયો. ૧૦
એવો સમો મનમાં ધરી, ચાલ્યો વનમાં સમર્યા હરી;
અઘોર વનમાં ભૂલો પડ્યો, તારે સ્થાનક આવી ચડ્યો. ૧૧
તેવામાંહે રજની થઈ, દ્વાદશ ક્રોશમાં વસ્તી નહીં;
તેવા વનમાંહે રહેતો તુંય, ત્યાં આવીને ચડિયો હુંય. ૧૨
તારે સ્થાનકે આવી રહ્યા, ત્યાં તું પણ ચિંતાતુર થયો;
મારી આગતા સ્વાગતા કરી, પણ સૂવાની ચિંતા ધરી. ૧૩
નહાનિ હતી ગુફા છેક, આવ્યું માણસ માય ન એક;
તારી સાધ્વી નારી સુજાણ, મારું આસન કર્યું નિર્વાણ. ૧૪
તું તો વીરા બાહર રહિયો, રાક્ષસ આવી તને મારિયો;
માંસ ચરણ હસ્ત હેઠે રહ્યું, નવ જાણું તેનું શું થયું. ૧૫
તારી સ્ત્રીએ તજ્યો ત્યાં પ્રાણ, કાષ્ઠ ભક્ષ કરી નિવારણ;
મરતાં એવું બોલી સતી, એ જ વર દેજો કમળાપતિ. ૧૬
એવું જ્યારે સ્ત્રી બોલી વચન, ત્યારે મેં વિચાર્યું મન;
શું જીવું હત્યા લઈ કરી, એને તું મેળવજે હરી. ૧૭
એવું કહીને હું તે વાર, પડ્યો બળતા અગ્નિ મોઝાર;
તે માટે પંખી અવતાર, લીધો નૈષધમાં આ વાર. ૧૮
એવો બોલ ખગપતિયે કહ્યો, શીર નામીને ઉભો રહ્યો;
આજ્ઞા આપો તો તત્પર થાઉં, અમો અમારે સ્થાનક જાઉં. ૧૯
એવી વિનંતી હંસે કરી, નળરાયે આંખડિ ભરી;
એ શું બોલ્યો તું મારા વીર, તારા વિના ધરું કેમ ધીર. ૨૦
આપ્યું તેં મને પ્રાણનું દાન, તું છે મારો બંધુ સમાન;
હંસ કહે તેં ખરું કહ્યું વીર, પણ સાંભળ પરમ સુધીર. ૨૧
તારું ઋણ છુટ્યો હું ભ્રાત, હવે રહેવાની કરિશ ન વાત;
એમ કહીને ઉડ્યો આકાશ, ત્યારે નળે મૂક્યો નિઃશ્વાસ. ૨૨
નળ પોહોંતો વિદ્રભ દેશ, તાંહાં મળ્યા મોટા નરેશ;
ચોહોફેર સભીરનાં ધામ, વસ્યા રાજા તેટલાં ગામ. ૨૩

સાગરમાં નાવ હોયે જેમ, ભીમકનું નગર દીસે તેમ;
ગજદળ હયદળ ને માનવ, તેણે અંત થયું મોધું સરવ. ૨૪
રસકસ સાહામું નવ જોવાય, તૃણ જળ ટાંકે તોળાય;
રંક લોકની ચાલે અરજના, માગ્યાં મૂલ આપે ગરજના. ૨૫
ભીમક લે સર્વનો તપાસ, છે જોઇયે તે ફેરવે દાસ;
નગર ભરાયું ખચખચી, રાયે મંડપ રચના રચી. ૨૬
હીંડોળા બાંધ્યા ધારણે, કદળીસ્તંભ રોપ્યા બારણે;
ચિત્રામણ ચિતરિયાં ભીત, નાના પ્રકારની કરી રીત. ૨૭
મંડપ લીપ્યો કનકની ગાર, સાહામાં સાહામી આસનની હાર;
જેહને જાહાં બેઠાનો ઠામ, તાંહાં રાજાનાં લખિયાં નામ. ૨૮
એ કથા એટલેથી રહી, એક નવીન વારતા થઈ;
નારદને કલહની ટેવ, ગયા સ્વર્ગ જાહાં બેઠા દેવ. ૨૯
પૂજ્યા અર્ચ્યા પ્રીત અપાર, તવ ઇન્દ્ર પૂછે સમાચાર;
કહો ઋષિ પૃથ્વીની પેર, કો પુરુષ ન આવે અમારે ઘેર. ૩૦
પૃથ્વીમાં પડતી સાધુની કાયે, તે આવતા સ્વર્ગ માંહે;
અમરાવતીનો સુનો ઘાટ, જમપુરની વેહે છે વાટ. ૩૧
જમપુર ભરાઈ વસ્યું, આહાં કો નાવે તે કારણ કશું;
કહે નારદ સાંભળીએ સત્ય, હવડાં મનુષ જાયે અવગત્ય. ૩૨
દમયંતી દમયંતી કરતા મરે, તે સર્વ જમપુરી સાંચરે;
ત્યાં સ્વયંવર મંડાયો આજ, મળ્યા છે પૃથ્વીના રાજ. ૩૩
શું અપ્સરાનાં વોહો છો વના, દમયંતીની દાસી દેવાંગના;
વિદર્ભ દેશ ને કુંદનપૂર, જાઓ જોવા શું બેઠા સૂર. ૩૪
કહી નારદ થયા અંતરધાન, છાના દેવ થયા સાવધાન;
સંભારી રૂપ મનમાં ફૂલતા, ચાર દેવને લાગી લૂલતા;
ઇંદ્ર અગ્નિ વરુણ ને જમ, ઉઠી ચાલ્યા જે ન્યમ ત્યમ. ૩૫

વલણ

ન્યમ ત્યમ ચાલ્યા દેવતા, ધરી જુજવાં રૂપરે;
વિદર્ભ ગયા મનભંગ થયા, દેખી નળનું રૂપરે. ૩૬

કડવું ૧૮ મું-રાગ સારંગ

નળને જોવા ઇંદ્ર રહ્યા છે, એટલે આવ્યા જમજી;
અગ્નિ વરુણ પૂઠેથી આવ્યા, પૂછે માંહોમાંહે કયમજી. ૧

અન્યોન્યે ચોરી કરતા, બોલે જુજવાં કામજી;
ચારે દેવ માંહોમાંહે છેતરે, ન લે પરણ્યાનું નામજી. ૨
અગ્નિ કહે શું અધર્મ બોલવું, સર્વ દમયંતીના લોભીજી;
મનના મનોરથ રાખો મનમાં, નળ આગળ કાંતિ ન શોભીજી. ૩
પછે તાળી દેઈ હસ્યા માંહોમાંહે, કપટ કીધું ત્યાગજી;
સ્વયંવરમાં ચારે જઈ જોઇએ, કોહોનું ભળશે ભાગ્યજી. ૪
વરુણ ભણે વૈદર્ભી વર્યાની, મૂકો મનની આશાજી;
પરણશે નળ આપણી ફજેતી, છેદાશે અધરસું નાસાજી. ૫
અગ્નિ કહે હો વાસવ રાજા, મૂકો હૈયાનો હર્ષજી;
દમયંતીને તમો ન પામો, જો તપો શત વર્ષજી. ૬
ભીમક સુતાને આલિંગન નહિ દે, અભાગિયાં આપણાં ગાત્રજી;
વીરસેન સુત આગળ વિષ્ણુ ન પામે, તો આપણ કોણ માત્રજી. ૭
જદપિ મનસા નળની મૂકી, આપણી મમતા કરે જી;
ગુણ વોહોણી જો હોય દમયંતી, બલા આપણી વરેજી. ૮
લક્ષણ વોહોણી દમયંતી છે, રૂપ યૌવન ઉનમત્તજી;
ગોળ મૂકીને ખોળને ખાયે, નોહે ચતુર પશુવતજી. ૯
બેહુ પ્રકારે એહેને ન વરવી, માટે પાછા ફરવુંજી;
માણસ વરે ને દેવ ફરે એથી, આપે ભલું મરવુંજી. ૧૦
શક્ર કહે નળરાજાને, જમરાજ લો જમલોકજી;
આફણીએ આપણને વરશે, થશે હંસનું કીધું ફોકજી. ૧૧
વરુણ ભણે જે એ શી લલુતા, વણ ખુટે મરે કયમજી;
એમ ચાલતું હોય તો લઉં દમયંતીને, એમ કહેવા લાગ્યા જમજી. ૧૨
અગ્નિ કહેરે ભલો શ્રમ કીજે, કદાપિ થાય સાચોજી;
દમયંતી ભણી દૂત થૈ જાય, ચારે નળને જાચોજી. ૧૩
પછે નળ પાસે આવ્યા સ્વર્ગવાસી, વેશ વિપ્રનો ધારીજી;
ત્રિપુંડ તાણ્યાં પુસ્તક કરમાં, ગ્રહી સુંદર ઝારીજી. ૧૪
નળે નિર્મળ બ્રાહ્મણ દીઠા, આપ્યાં આદરમાનજી;
આસન આપી પૂજા કીધી, પછે પૂછે રાજાનજી. ૧૫
કામકાજ અમ સરખું કહીએ, હરિ મોહોટા છે કરનારજી;
વિપ્ર કહે અમો આવ્યા છૈયે, તુને જાણી ગુણભંડારજી. ૧૬

નળ કહે જે માગો તે આપું, માનજો અવશ્યમેવજી;
વચન લેઈ વિપ્ર વેશ મૂકીને, થયા પ્રત્યક્ષ દેવજી. ૧૭
વજ્ર પાશ જ્વાળા ગ્રહી, જમે ગ્રહ્યો જમદંડજી;
જળહળ મંદિર થઈ રહ્યાં, જાણે ઉદયા માર્તંડજી. ૧૮
ચકીત રાજા થઈ રહ્યો, કરતો દંડપ્રણામજી;
નળ વિના કો દેખે નહીંરે, દેવ રૂપનાં ધામજી. ૧૯

વલણ

રૂપધામ તે દેવતા, વિનતિ નળરાયને કરેરે;
તું દૂત થઈ જા કન્યા કને જો, દમયંતી અમને વરેરે. ૨૦

કડવું ૧૯ મું–રાગ એહાગડો.

દેવ કહે હો રાજા મિત્ર, પુણ્યશ્લોક પરમ પવિત્ર;
કૃપા કરી કન્યા કને જાઓ, વેવિશાળિયા અમારા થાઓ. ૧
મહિલાને મારો મોહનાં બાણ, ચારે ચતુરનાં કરજો વખાણ;
ભાગ્ય હોશે તેહને વરશે, જેહેના કર્મનું પાંદડું ફરશે. ૨
નળ કહે રક્ષક બળીયા હોય, મુને પેસવા નવ દે કોય;
દેવ કહે જાઓ જોગીને વેષે, દમયંતી વિના કો નવ દેખે. ૩
ચારે કરે નળને અણુસારા, બે ગુણ અદકા બોલજો મારા;
એવું સાંભળી ચાલ્યો નળરાય, ત્યારે દેવને વિમાસણ થાય. ૪
રૂપવંત નળનેરે જોશે, કન્યાનું સર્વે મન મોહોશે;
વાત કહે નહીં આપણી વરણી, વેવિસાળિયો એસશે પરણી. ૫
દૃષ્ટે દૃષ્ટ જ્યારે મળશે, ગુણ આપણા નવ સાંભળશે;
નળને લેવરાવ્યો જોગીનો વેષ, શીખવ્યું તેમ કરજો વિશેષ. ૬
રૂપ પાલટીને નળ પળીયો, દેવે અનુચર એક મોકલીઓ;
દૂતને દેખે નહીં નળરાય, આગળ પાછળ બંન્યો જાય. ૭
પેઠા ઘરમાં પાધરા દોર, કો નવ દેખે દિવસના ચોર;
જ્યાં દમયંતીનું અંતઃપૂર, ત્યાં આવ્યો નળ રાય શૂર. ૮
દીઠી દેવકન્યા જેવી દાસ, જે રમતી રાણીને પાસ;
કોઈ નાયકા તો ત્યાં નાહાતી, કોઈ કન્યાના ગુણ ગાતી. ૯
કોઈ શ્યામળી ને કોઈ ગોરી, કોઈ મુગ્ધા ને કોઈ છોરી;
કોઈ કામ કરતી હાલે માલે, કોઈ વસ્ત્ર બાંધે ઘડી વાળે. ૧૦

રહે આપઆપણે સાજે, હાર ગુંથતી કન્યા કાજે;
એમ જોયો હેઠલો માળ, પંછે બીજે ચઢ્યો ભૂપાળ. ૧૧
ત્યાં દાસીનું જુથ જોયું, પછે ચઢ્યો જ્યાં ત્રીભોયું;
વસે છે દમયંતી નારી, સહસ્ત્ર દાસી સેવા કરનારી. ૧૨
કેટલી ગાન કરે સ્વર ઝીણા, કો નાચે વજાડે વીણા;
વાતે રીઝવતી ચતુરસુજાણ, કેટલી કરતી કન્યાનું વિખાણ. ૧૩
એકાંત ત્યાં છે ઓરડી, હીડોળે હીર દોરડી;
હરિવદની બેઠી હીંચે, દાસી કેશમાં ધૂપેલ સીંચે. ૧૪
કિંકરી પાસે માથું ગુંથાવે, કહે સેંથો રચે વાંકો આવે;
ભીંત માંહે જડીઆ ખાપ, વણ ધરે દીસે છે આપ. ૧૫
આગળ દમયંતી પાછળ દાસી, સાહામાં પ્રતિબિંબ રહ્યાં પ્રકાશી;
મુખકમળ કન્યાનું ઝળકે, સામો ચંદ્ર બીજો જાણે ચળકે. ૧૬
શોભે નારી જોબનધામ, મુખે નળરાજાનું નામ;
એવું ભૂપતિએ રૂપ જોયું, મોહબાણે મનડું પરોયું. ૧૭
અંગરંગથી આડો આંક, મોહ્યા દેવતણો શો વાંક;
ચારમાં કોનું ભાયગ ભળશે, રત્ન આ કર કોને ચઢશે. ૧૮
મુને પરણત મનની રચે, અંતરાઈ થયા દેવ આવી વચે;
ભલું ભાવી પદાર્થ થયો, નળે વિવેક મનમાં ગ્રહ્યો. ૧૯

વલણ

ગ્રહ્યો વિવેક શોકને તજી, જ્ઞાન તે હૃદયે ધરેરે;
સત્ય પોતાનું પાળવા, દેવનું માગું કરેરે. ૨૦

કડવું ૨૦ મું-રાગ સામેરી

બેઠી દમયંતી શીશ ગુંથાવા, સ્વયંવરને સાંતરી થાવા;
સામી ભીતમાં જડી છે ખાપ, વણ ધરે દીસે છે આપ. ૧

ઢાળ

આપ દીસે વણ ધરે, પ્રતિબિંબ જોતી દૃષ્ટ;
દાસી ને દમયંતી બેહાં, નળ આવી રહ્યો છે પૃષ્ટ. ૨
પ્રતિબિંબ પડ્યું દર્પણમાં, પ્રેમદાએ દીઠો પૂર્ણ;
ગઈ મુણે નાહાસી તેડી દાસી, શું બેસી રહી છે મૂર્ખ. ૩

માધવી વળતું વદે બાઈ, શા માટે નાહાસી ગયાં;
મેં કો ન દીઠું તમે દેખી, આવડું શું વિસ્મય થયાં. ૪
ઘેલી તાહારી મીટ મસ્તકમાં, મેં દર્પણ રાખ્યું દૃષ્ટિમાં;
સ્વરૂપ દીઠું દિવ્ય નળનું, ન મળે બીજે સૃષ્ટિમાં. ૫
વેશ છે વેરાગીના જાણે, નાટક કોએક લાવ્યો;
શકે તો એ પ્રાણજીવન, નળરાય નિશ્ચય આવ્યો. ૬
સાહેલી કહે પ્રીછો તમો, કાં દીઠું છે જે ઝંખના;
નળ આવીને કેમ શકે જ્યાં, ના આવે પ્રાણી પંખના. ૭
કામની કહે તે પ્રીછીયું, તું દાસી માણસનો અવતાર;
ન માને તો આવ કૌતક, દેખાડું બીજીવાર. ૮
પુનરપિ બેઠાં પૂઠે પૂઠે, દર્પણમાં મીટ જોડ;
સ્વરૂપ નળનું દેખાડયું, જેની કાંતિ કંદર્પ ક્રોડ. ૯
દાસી રાણી થયાં બેઠાં, ઝબકારે ઝબકી વિજળી;
દમયંતી કહે દાસીને કાં, માહારી વાત કહેવી મળી. ૧૦
પછે સ્તુતિ માંડી શ્યામાએ, અંતરપટ આડો ધરી;
દેવસ્વરૂપ થાએ દેખતા, ત્યારે નળે દેહ પ્રગટ કરી. ૧૧
આપી આસન કરી પૂજન, પછે પૂછે કિંકરી;
કહો દેવપુરુષ કાંહાંથી આવ્યા, વેશ જોગીના ધરી. ૧૨
નળ કહે તું નીચ માણસ, કેમ વદું હું વૈખરી;
દમયંતી પૂછે તો બોલું, નહીંતર જાઉં પાછો ફરી. ૧૩
દમયંતી કહે દેવજદ્યપી, પણ થઈ આવ્યા સંન્યાસી;
કપટ રૂપને કન્યા કેમ પૂછે, માટે પૂછે દાસી. ૧૪

વલણ

દાસી સંન્યાસી જોગ છે, કેવળ નોહે અતીતરે;
વચન સુણીને નળ મન હરખ્યો, હરી લીધું ચિત્તરે. ૧૫

કડવું ૨૨ મું-રાગ મારુ

મન મોહ પામ્યો મહિપતી, ધન્ય દેવ જે વરશે સતી;
ભોગી ભૂપને ભામિનિ ભોગ્ય, ઘટે દેવને અમો અયોગ્ય. ૧
નારિ પ્રત્યે નળ એમ કહે છે, જે તું જોગીરૂપને લહે છે;
અમો ન જાઉં વિષયાની વાટે, અહિયાં આવ્યો હું સાધવી માટે. ૨

હું તો દૂત છું દેવતા તણો, પાળું છું આચાર આપણો;
તારું પૂર્વ જનમનું પૂન્ય, ભાગ્યમાંહિ કાંઈ નથી ન્યૂન. ૩
જે દેવદૂત ઘેર આવ્યો, મોદવર્ધન વારતા લાવ્યો;
અળગું કરીને અંતરપટ, કરું વાત આણીને ઉલટ. ૪
અમો રૂપ કોટાનકોટ ધરું, તજી સ્વારથ પરમાર્થ કરું;
સાંભળીને બોલ રસાળા, પટ તજીને નીસરી બાળા. ૫
પરિસ્વેદ મુક્તા રહ્યાં ટળકી, બહાર નીસરિ વીજળી ઝબકી;
હિંડતાં હાલે જ્યમ દુમવેલી, નળ નિકટ ગઈ ગર્વઘેલી. ૬
તારુણીનો પ્રતાપ ન માયો, ઝબકારે નળ ઝંખવાયો;
દીઠી મદપૂરણ માતંગી, નળ તકિયે બેઠો ઉઠંગી. ૭
ઘુઘરિ ઝાંઝરની ઝણુઝણુતી, પગને અગુઠે પૃથ્વી ખણુતી;
કર દીધો છે ગળસ્થળે, એવી નારી દીઠી નળે. ૮
પ્રેમે પ્રેમે થયાં બે ભેળાં, મોહ્યો મહીપતિ દેખી મહિલા;
સત્યવાદિએ સત્ય જ રાખ્યું, મનથી પરણવું કાઢી નાખ્યું. ૯
રખે ઇન્દ્ર નારીને નરખે, નળ મન પાછું આકરખે;
બેઠો આસને આસન વાળી, માંડી વાત તે સત્ય સંભાળી. ૧૦
પરમારથે દેવની વતી, ગોષ્ઠિ માંડિ છે નૈષધપતી;
અહો લલિતા અંબુજલોચની, સુખવર્ધનિ દુઃખમોચની. ૧૧
બેસો આસને લજ્જા છાંડી, પૂછું વાત કહો મુખ માંડી;
કન્યા કહે કહો જે કહેવું, મુને ઘટે છે ઉભાં રહેવું. ૧૨
પર પુરુષ બેઠાં કેમ બેસું, જાણે નળ તો કહેશે એ શું;
વારુ થયું જે તમે મળીયા, શું નૈષધનાથે મોકલીયા. ૧૩
વળી કહેને કહાવ્યું જેહ, સાંભળવા ઇચ્છું છું તેહ;
વળતા બોલ્યા વીરસેનસુત, નહિ હું નળનો દેવનો દૂત. ૧૪
નળ નળ મુખ શું ભાખે, તજી સુધા વિષ કાં ચાખે;
તજી સ્વજન શત્રુને કેમ મળીએ, મુકી ચંદન કાં વળગે બાવળીએ. ૧૫
તજી રત્ન કોડી કો આણે, તજી મદગળ મહીષ પલાણે;
તજી ધેનુ અજા કો બાંધે, તજી સાળ કુસકા કોણ રાંધે. ૧૬
માટે હું છું તારો નેગીયો, દેવ તેજપુંજ નળ આગીયો;
ઘેલી નળ માનવ શા લેખે, અમરને તું કાં ભવેખે. ૧૭

વાસવ વહ્નિ ને વરુણ રાય, જમ આદે વર્યાની ઇચ્છાય;
મોકલ્યો છૌં મળીને ચારે, તો હું આવ્યો છૌં માનવી દ્વારે. ૧૮
તું ત્રિભોવનપતિને ભજ, નળ અલ્પ જીવને તજ;
માગ અમરાવતીનો વાસ, અમર ઇક્ષુ ને નળ ઘાસ. ૧૯
સુર પરણે તુંને નહીં મર્ત, નળ વરે દુઃખનું નહીં નિવર્ત્ત;
સુરસંગે ભોગવવા ભોગ, નળ અલ્પ આયુષ ભર્યો રોગ. ૨૦
મનુષ્યને વ્યાધિ શત ને આઠ, મરિ મરિ અવતારનો ઠાઠ;
મનુષ્યને વિજોગ પીડે, આયુષ્ય ઉતાવળું હીંડે. ૨૧
મનુષ્યને ઘડિયે શત ઘાત, પીડે જ્વર શિત સન્નિપાત;
માનવ ભર્યા હોય મળ મૂત્ર, ઘેલી તે સાથે ઘરસૂત્ર. ૨૨
ગંગાજળ તજી કૂપનું અણાવે, તજી ક્ષીર કેા કાગ ભણાવે;
દેવ સુખ સમૂહના દાતા, નવ ઓસરે અમૃત પાતા. ૨૩
ઇંદ્ર મંદિર હીંડોળે હીંચ, તુંથી દેવાંગના વૃંદ નીચ;
પી સુધા ભોગની વારુણી, થા ત્રૈલોકપતિની તારુણી. ૨૪
થઇશ અમર સુધાને પીતી, પરણ ઇંદ્રને જગ જિતી;
છાસઠ સહસ્ત્ર રંભા આદે, થઈ તૃપ્ત વાસવા સંગસ્વાદે. ૨૫
ઇન્દ્રાણીને છે તારી બીક, રખે દમયંતી થાતી અધીક;
પરણી ઇંદ્ર સાચવ આ તક, જોની કલ્પવૃક્ષ પારિજાતક. ૨૬
રથ ઐરાવતનું સુખ લેરે, વરવા વાસવને હા કહેરે;
કરી શણગાર સર્વાંગે, ઘટે રહેવું ઇન્દ્ર અર્ધાંગે. ૨૭
વર વહ્નિને હેા ભાણી, નહીં સમેા આવે વળી વળી;
સર્વ દેવતાનું એ વદંન, અગ્નિરૂપ તે કેાટી મદંન. ૨૮
વળી વરવા ઇચ્છે છે જમ, તેને ના કહેવાશે કયમ;
છે વરુણને ઇચ્છા ઘણી, રઢ લાગી છે તમતણી. ૨૯
મૂકેા બાળ અવસ્થાની ટેવ, ફરી માગું ન મોકલે દેવ;
હંસ મિથ્યા કરી ગયેા લવ, રૂપ હીણ છે નળ માનવ. ૩૦

વરણ

નળ માનવ કદરૂપ કાયા, નળ નિશ્ચંછયેા નળેરે;
પેાતે પેાતાનું આપ નિશ્ચંછયું, તે દેવતાનેા દૂત સાંભળેરે. ૩૧

કડવું ૨૨ મું–રાગ રામગ્રી

નળને નિંદ્યો પ્રેમદા દાધીજી, દૂતત્વ ન સીધ્યું વિષ્ટિ ન વાધીજી;
એ દુઃખ દાધી ગુણવંત ગોરીજી, વહ્નિ વિજોગનો મૂકયો સંકોરીજી. ૧

ઢાળ

નિન્દા કીધી નળતણી છે, વિજોગ વહ્નિ પ્રથમ;
કોમળ કદળી કુંહાડાના, ઘાવ સહે કહો કયમ. ૨
વિરહિણી ઘણી વિકળ થઇને, પડી પૃથ્વી માંહે;
સાહેલી ચાંપે હદે ને, મુખે વદે ત્રાહે ત્રાહે. ૩
આશ્વાસના કરતી કિંકરી, વળી શ્યામાને સાન;
દૂત પ્રત્યે કહે કન્યા, શું કરું સુર રાજન. ૪
અપ્રાપ્તિ અમને અમરની ને, અલ્પ માનવ કાય;
જઈ કહો તમો દેવને જે, એ કારજ નવ થાય. ૫
ઉત્કૃષ્ટ અમર નિકૃષ્ટ નળ મેં, તમથી જાણ્યું આજ
પણ નૈષધપતિને પિંડ સોંપ્યો, અન્યતણું નવ કાજ ૬
અકળ અજ ને અનંગ અરિ જો, વરવા આવે ત્રણ;
તોહે પણ મૂકું નહીં ચિત્ત, ચોહોંટયું નળને ચર્ણ. ૭
વીરસેન સુતનો દૂત હંસ, મેં દીધી તેને આશ;
ના કહું તો લાજે જનુની, જનમાં હોએ હાસ. ૮
તમો પધાર્યા દૂત થઇને, દેવનું કરવા હેત;
શકે તો નળ વિષ્ટિએ આવ્યા, સુરસું કરી સંકેત. ૯
જથારથ બોલોરે જોગી, ભોગી છો ભૂપાળ;
મનમાં છો તેવા દેખું છોં, હંસે નાંખી મોહ જાળ. ૧૦
સંન્યાસી કહે સુંદરી, કોણ માત્ર નૈષધપત્ય;
દેવ વિના નોહે મનુષ્યને, અગોપ આવ્યાની ગત્ય. ૧૧
બુદ્ધિ હીણ બાળા દેખાય છે, માનવ ઉપર મોહ:
સ્વર્ગ સદન મૂકીને કાં, ઇચ્છે નળ ઘર ખોહ. ૧૨
તું નહીં વરે તો દેવ ચારે, કરશે બલાત્કાર;
કલ્પવૃક્ષ તુંને તાણી લેશે, જે જાચશે સુર લગાર. ૧૩
દમયંતી કહે દેહ પાડું, જળમાં કરું જળશાયી;
વરુણ વસે છે નીરમાં તુંને, સદ્ય જાશે સાહી. ૧૪

પાવક પ્રગટી કાષ્ઠ સીંચી, માંહે કરું ઝંપાપાત;
વહ્નિ વરવા રહ્યો બેશી, વારુ વિવાહની વાત. ૧૫
કંઠપાશ કરું કે વિષ પીયું, જેમ તેમ પાડું કાય;
તો અવગતે જમલોક પામે, સદ્ય વરે જમરાય. ૧૬
અનશન વ્રતે તપ કરું, મરું ગુફામાં પેસી;
તે પુન્યે તું સ્વર્ગ પામશે, ઇન્દ્ર રહ્યો છે બેસી. ૧૭

વલણ

બેસી રહ્યો છે સુરપતી, તું મુંએ ન છુટશે ઘેલીરે;
અંતે અમર વરે ખરા માટે, પરણ પ્રેમદા પહેલીરે. ૧૮

કડવું ૨૩ મું–રાગ દેશાખ

દૂત કહે સાંભળ સુંદરી, અમર ન મૂકે પરણે ખરી;
તવ કન્યા કહે જોગી જંત, તમારું નળના જેવુંરે વદંન. ૧
જેવું હંસે રૂપ વર્ણવ્યું, તેવું તમારું દર્શન હવું;
નૈ હું નળ દેવનો દાસ, નારી કહે ન આવે વિશ્વાસ. ૨
બ્રહ્મા કરે કોટી ઉપાય, નળ જેવો અન્ય નહીં નિરમાય;
જો સત્યવાદી હો તો સત્ય વદો, તાતના સમ જો મિથ્યા વદો. ૩
સાંભળી નળને આવ્યું હાસ્ય, દેખી દમયંતી ગઈ પ્રભુ પાસ;
શીદ નહાસો છો અરાપરા, પ્રીછ્યા સ્વામી તમે ખરા. ૪
તોએ નળ સત્યથી નવ ચળે, તે સર્વ દેવનો દૂત સાંભળે;
ધસી દમયંતી ગઈ પ્રભુ પાસ, નળ અંતર્ધ્યાન હવો આકાશ. ૫
જ્યારે મીટામીટ જ ટળી, ત્યારે ભીમક તનયા ધરણી ઢળી;
મૂળ સ્વામીની લે છે, સદા મળી જાતાં વાધી આપદા. ૬
દાસી પ્રતિબોધે છે સબળ, બાઈ તમને વરશે નળ;
વદે બૃહદશ્વ હો ધર્મ રાય, નળ પહેલો દૂત શીઘ્રે જાય. ૭
વદે સેવક ઇંદ્રને નમી શે અર્થે રહ્યા છો ટમટમી;
નળનું કાંઇએ ન લાગ્યું કહેણ, ન છૂટે હંસે ઝારયું પ્રેમ રેણ. ૮
કામિની કુંદન નળ હીરો સાર, જડનારો હંસ સોવણકાર;
નળે દૂતત્વ મન મૂકી કર્યું, પણ કન્યાયે શ્રવણે નવ ધર્યું. ૯
જેમ ગતિ કરે બળીયો મારુત, તેમ વર્ત્યો વીરસેનનો સૂત;
નળને સત્યે મેઘ વૃષ્ટિ કરે, નળને સત્યે ધરા શેષ ધરે. ૧૦

નળ નોહે તો મેરુ નિશ્ચે ડગે, ધર્મ રહ્યા છે નળ રાય લગે;
તમે ન પરણો તો કર્મનો વાંક, બાકી નળે વાળ્યો આડો આંક. ૧૧
એવે સમે રાય આવ્યા તહીં, અથ ઇતિ વાતાં સહુ કહી;
સ્વામી મારું કહ્યું મન ન ધરે, બીજે મોકલો જેનું કહ્યું કરે. ૧૨
મારે વિષે લીનતા તો હવી, બીજી ન ગમે વાર્તા નવી;
ત્યારે દેવતા કરે વિચાર, ફરી જાતાં હશે સંસાર. ૧૩
આપણો શ્રમ કેમ જાએ વૃથા, તે માટે વરવી સર્વથા;
જે કન્યાને ગમ્યો નળ ભૂપ, તો આપણ લીજે નળનાં રૂપ. ૧૪
દેવ કહે સુણો નૈષધરાય, અમો ધરું તમારી કાય;
પંચ નળ રહિયે એક હાર, ભાગ્ય હોય તેને વરશે નાર. ૧૫
નળ કહે રે કાં નહીં સ્વામ, મેં આવવું તમારે કામ;
માનવ ક્યાંથી સુરની સંગત, દેવ ચારની પામું પંગત. ૧૬
બોલ બંધ કીધો નળ દેવ, કાલે એમ કરવું અવશ્યમેવ;
એ કથા કરી ધર્મ એટલે, હવે કન્યાની કોણ થઈ વલે. ૧૭
ગઈ દમયંતી જ્યાં છે માત, તવ સ્વયંવરની કીધી વાત;
લાડ વચન કન્યાનાં ગમે, ઘરમાં ભીમક આવ્યા તે સમે. ૧૮
પુત્રીને શીર મૂક્યો ભુજ, કાલે વરને વરજે તુંજ;
ઝંખના તુંને છે જેતણી, તે આવ્યો છે નૈષધ ધણી. ૧૯
પુત્રી મનમાં પ્રસંન થઈ, પોતાને અંતઃપુર ગઈ;
રાય ભીમક સભામાં આવ્યા, શત પડાદારને તેડાવ્યા. ૨૦
આગના દીધી વૈદર્ભ રાય, જાઓ વજડો પડો સેના માંહે;
આવજો સભામાં રાજકુમાર, કાલ કન્યા આરોપશે હાર. ૨૧
પ્રાણી માત્ર આવજો સજ થઈ, જાઓ પડો વજડો એમ કહી;
જેણે શિબિર ઉતર્યા હોય ઘણા; ત્યાં સેવક ફરે ભીમકતણા. ૨૨
ઠામ ઠામ પડા વાજતા, ક્ષત્રી શણગારે સાજતા;
મલસ્નાન કરે ને અંગ ઉલટ, ફરી ફરી બાંધે મુગટ. ૨૩
રાતમાં શીખે ચાતુરી ચાલ, રખે વીસરી જાતા કાલ;
આખી રાત થયા સાંતરા, ઢળી ઢળી પડે છે ઉજાગરા. ૨૪

વલણ

ઉજાગરા આખી રાતના, શણગાર સજતાં થયું વહાણુંરે;
સ્વયંવરમાં ભૂપતિ મળિયા, કવિ કહે શું વખાણુંરે. ૨૫

કડવું ૨૪ મું–રાગ સોરઠી

વૈશંપાયન કહે રાજન, સાંભળ સ્વયંવરનું વર્ણન;
પડો વાજ્યો સુણ્યો સર્વ રાતે, ઉઠ્યા ઉજમ થાતે પ્રભાતે. ૧
શીઘ્રે જઇએ વર્યાની તક્ક, તેડાં મોકલ્યાં ભાઇયો ભીમક્ક;
નોહે અતિ કાળ કીધાનું કામ, માંડવે નવ મળસે બેસવાના ઠામ. ૨
ભીડ ભરાઈ ગામ ભાગળથી, રંક જાયે રાય આગળથી;
મળે શૂકન સામા તેડે, શૂકન વદે ને રથ બેડે. ૩
કરે તિરસ્કાર સેવકપર રીસ, પડે મુગટ ઉઘાડાં શીશ;
જાયે અસ્વાર બહુ અલબેલા, હય હીડે જાણે જળના રેલા. ૪
ભરાયે રથ માંહોમાંહે અટકે, ત્રાડે હસ્તી ઘોડા ભડકે;
અસ્વાર પડે છે નીસરી, તે મળે કહીંએ નવ ફરી. ૫
વાહન પડધાનો ચાલ્યો છમ, ચરણ રેણુએ છાયો નભ;
થઈ રહ્યું છે અંધારું ઘોર, પડી રહ્યો છે શોહોરાશોહોર. ૬
બોલે દુંદુભીના બહુ ડંક, અંકળામણનો વળ્યો રંમક;
સર્વને દમયંતીનું ધ્યાન, પ્રાણી માત્ર વર નહિ કો જાન. ૭
સ્વયંવર જોવા કારણે, પ્રજા મળી મંડપ બારણે;
દ્વારે ઉભા છે જ્યેષ્ટિકાદાર, તેડે જોને જેવો અધિકાર. ૮
ડાહ્યા થઈ મંડપમાં પેસે, નામ વાંચે ને આસને બેસે;
એક મંત્રી સેવક બ્યવસાં, ત્રણ ત્રણ સેવક રાયને પાસ. ૯
કોણ રૂપ મંડપની રચના, વર્ણવી શકે શું એક રસના;
કદલીસ્તંભ રોપ્યા દ્વારે, માંડ્યાં આસન હારોહારે. ૧૦
યશગીત બંદીજન બોલે, મહા ઉન્મત્ત મેગલ ડોલે;
નાનાવિધ ચિત્ર ચિતરીયાં, જાણે દેવવૃંદ ઉતરીયાં. ૧૧
ઉડે અબીલ ગુલાલના છંટા, વાજે ઢોલ ને ઘુઘરા ઘંટા;
સભામાંહે બેઠા મહા મુનિ, લાગી વેદશાસ્ત્રની ધુની. ૧૨
જતિ જોગી બેઠા પાવંન, રાયનાં ભાટ ભણે ભાવંન;
રાયને છત્ર ચામર ઢળે, મુગટે મણિ જળહળે. ૧૩
અગર ધૂપ ત્યાં ઉવેખે, વાજીત્ર નાદ આવે અલેખે;
નટુઆ કરે છે નર્ત, ફરે કૂદડી કહાડે સર્ત. ૧૪
બોલે ઘુઘરી કેરા રણકા, ગર્વ વેલી નાચે ગુણિકા;
પગ પાનીએ શોભે ઘરા, વાજે કંકણ ને ઘુઘરા. ૧૫

ગીત ગાએ કોકીલસ્વરા, અનંગ વધારે અપ્સરા;
જાણે મંડપ નગરી અમરા, નાચે નારી નરચિત્તહરા. ૧૬
ભીમક ભૂપને દે છે માન, આવી રહ્યા સર્વ રાજન;
ગાનારી ગાએ ગીત ગાયા, બાંધ્યાં તોરણ દેવાય હાથા. ૧૭
વસ્ત્ર કેસરમાંહે ઝકઝોળ, બેસે આસને આરોગે તંબોળ;
વર થઈ બેઠા પ્રાણી માત્ર, સમાં કરયાં છે વરવા ગાત્ર. ૧૮
શરીર ક્ષુદ્ર કાષ્ઠનાં બોડ, તેને દમયંતી પરણ્યાનાં કોડ;
બાળ યૌવન ને વળી વૃદ્ધા, તેને દમયંતી પરણ્યાની શ્રદ્ધા. ૧૯
કો તો મોટા ઘરના કુંઅર, કો કહે આદ્ય અમારું ઘર;
આશા અભિમાને ભર્યા નર, વાંકા મુગટ ધર્યા શિરપર. ૨૦
ઘરડા થયા નાના વર, વત્તાં કરાવતાં વાગ્યા છર;
તન મન કન્યાને અર્પણ, આગળથી નહીં ટાળે દર્પણ. ૨૧
કેટલાક કરે તિલકની રેષ, કેટલાક કરે માંહોમાંહે દ્વેષ;
કેટલાક કરે પૂછાપૂછ, હું કહેવો કહી મરડે મૂછ. ૨૨
જેનાં મુખ માંહે નહીં દંત, તેને પરણવાનું ચંત;
કેવળ વૃદ્ધ ડાચાં ગયાં મળી, તે બેઠા દુંપાવી પાળી. ૨૩
જેશીની પ્રણિપત કરી, દેખાડે હાથ ને જન્મોતરી;
જો દમયંતી મુને પરણે, તો જેશી હું લાગું ચરણે. ૨૪
જેનાં બેસી ગયાં ગળસ્થળ, મુખમાં રાખ્યાં બબ્બે ફોફળ;
એમ ઉંચાં કરી ગલોઠાં, ઘેલા જુએ કાચમાં કોઠાં;
પૂરણ આશાએ સર્વ કોય, પણ કન્યા નળની વાટ જોય. ૨૫

વલણ

વાટ જુએ છે નળતણી, દાસીને કહે છે સતીરે;
હું મંડપમાં પછે આવું, પ્રથમ આવે નૈષધપતીરે. ૨૬

કડવું ૨૫ મું-રાગ રામગ્રી

મંડપમાંહે ભૂપતિ મળીયાજી, અભિમાને ભર્યા રૂપગુદ્ધિ બળીયાજી;
તેડો કન્યાને ભીમક બોચરેજી, વૈદર્ભી શણગાર અંગે ધરેજી. ૧

ઢાળ

શણગાર સજતી સુંદરી તે, શોભતી શ્રીકાર;
નળ નથી આવ્યો મંડપે, માટે લગાડે વાર. ૨

કૃષ્ણાગર મર્દન વાસવર્ધન, મહીલા કરે મંજન;
બહુ નાર આવે વધાવે, વરસે મુક્તા પરજંન. ૩
શુભ વચન બોલે શકુન વંદે, ઉદયો હર્ષ અનંત;
ભેરી નાદ થાયે ને ગીત ગાયે, બહુ કિંકરી નાચંત. ૪
માનપૂરણ માનુની, મહીપત મોહવા કાજ;
સ્વયંવરના સુભટ જિતવા, ધરે શ્યામા સાજ. ૫
પ્રેમપાશ લીધો પ્રેમદા, નાંખવા મંડપ ક્ષેત્ર;
ભ્રુકુટીધનુષ આકર્શિયું ને, બાણ બંન્યો નેત્ર. ૬
તારુણીને તેડાં મોકલે, રાય ભીમક વારોવાર;
કુંવરી બાહેર નીસરો, કરમાં ગ્રહીને હાર. ૭
વાજીત્ર વાજે ઘોષ ગાજે, થાય કુસુમની વૃષ્ટ;
રાજા માત્ર જુએ બારણે, કેમ મળે દૃષ્ટે દૃષ્ટ. ૮
ઓ કન્યા આવી, ઓ કન્યા આવી, ઘોષ એવો થાય;
શર શબ્દ વાજે ગાન થાએ, વાંકા વળી જુએ રાય. ૯

વલણ

જુએ રાજા ફરી ફરી, કેવું હશે કન્યાનું રૂપરે;
એવે સમે દેવ ચાર સાથે, આવિયો નળ ભૂપરે. ૧૦

કડવું ૨૬ મું–રાગ મારુ

વાગી સ્વયંવરમાં હાક, તે નળ આવ્યોરે;
ભાંગાં ભૂપ સર્વનાં નાક, ઓ નળ આવ્યોરે. ૧
જાણે ઉદયો નૈષધભાણ, તે નળ આવ્યોરે;
અસ્ત થયા સહુ તારા સમાન, ઓ નળ આવ્યોરે. ૨
તેજ અનંત અનંગનું અંગ, તે નળ આવ્યોરે;
જાણે કનક કાયાનો રંગ, ઓ નળ આવ્યોરે. ૩
ઝળકે ઝળહળ જ્યોત, તે નળ આવ્યોરે;
મુગટપર ચળકે ઉદ્યોત, ઓ નળ આવ્યોરે. ૪
જ્યોત રવિની પેર કુંડળ લહેકે, તે નળ આવ્યોરે;
અરગજા અંગે બહેકે, ઓ નળ આવ્યોરે. ૫
શોભે વદન પુનેમનો ચંદ, તે નળ આવ્યોરે;
કમળનયન પ્રેમના કંદ, ઓ નળ આવ્યોરે. ૬

જાણે નાસા કીરની ચંચ, તે નળ આવ્યોરે;
કોયે ન દેખે સરખા પંચ, એ નળ આવ્યોરે. ૭
કંઠે ગજમુક્તાનો હાર, તે નળ આવ્યોરે;
કર કુંજર શુંડાકાર, એ નળ આવ્યોરે. ૮
હૃદે નાભિકમળ શોભાળ, તે નળ આવ્યોરે;
કટીએ જિત્યો કુંજરકાળ, એ નળ આવ્યોરે. ૯
ચાલતો શાર્દૂલની ગત્ય, તે નળ આવ્યોરે;
નિરાશ થયા નરપત્ય, એ નળ આવ્યોરે. ૧૦
એ તો દમયંતીનો પ્રાણ, તે નળ આવ્યોરે;
હવે એ પરણે નિર્વાણ, એ નળ આવ્યોરે. ૧૧
કન્યાને થયું તવ જાણ, એ નળ આવ્યોરે;
જેનું હંસે કીધું વિખ્યાણ, તે નળ આવ્યોરે. ૧૨
તેજે તો તપે જાણે ભાણ, એ નળ આવ્યોરે;
શીતળતાએ સોમ સમાન, તે નળ આવ્યોરે. ૧૩
ગતે કરીને જેવો વાય, એ નળ આવ્યોરે;
મહિમાએ શંકર રાય, તે નળ આવ્યોરે. ૧૪
મન સ્થિરતાએ જેમ મેર, એ નળ આવ્યોરે;
જાણે ધને બીજો કુબેર, તે નળ આવ્યોરે. ૧૫
સત્યવાદી શિબિ સમાન, એ નળ આવ્યોરે;
ઐશ્વર્યે નિષોધ રાજન, તે નળ આવ્યોરે. ૧૬
એ તો જુદ્ધે જાણે ઇંદ્ર, તે નળ આવ્યોરે;
ત્યાગી જેવો હરિશ્ચંદ્ર, એ નળ આવ્યોરે. ૧૭
વિદ્યાયે ગુરુ શુક્ર જેમ, એ નળ આવ્યોરે;
દુઃખહર્તા ધન્વંતરિ તેમ, એ નળ આવ્યોરે. ૧૮
દમયંતી ધણું હરખે, એ નળ આવ્યોરે;
રખે વાર લાગે મન ફરકે, એ નળ આવ્યોરે. ૧૯
એક આસને બેઠી નાર, એ નળ આવ્યોરે;
દાસી ઉંચલી ચાલે ચાર, એ નળ આવ્યોરે. ૨૦
શોભે સુંદર અતિ સકુમાર, એ નળ આવ્યોરે;
જઈ પહોંતાં મંડપદ્વાર, એ નળ આવ્યોરે. ૨૧

વલણ

બાહેર પધાર્યાં પ્રેમદા, ચતુરાં ઉંચલે ચારરે;
નળ બેઠો સિંહાસન. ચતુરા ચિંતતી તેણી વારરે. ૨૨

કડવું ૨૭ મું–રાગ સારંગ

મંડપ મધ્યે માનુની, આસન બેઠી જાય;
સ્વયંવર સુભટ ને સુંદરી, વર્ણવું તે શોભાય. ૧

છંદ હરિગીતની ચાલ

નૃપબિમક તનયા, રૂપ બનયા, રસીલી રંગ પૂરણા;
નર અંગના, દેવાંગના, માનિની મનમદ ચૂરણા. ૨
દુઃખમોચની મૃગલોચની, છે લલિત લક્ષણવંતિ એ;
નિજ મન ઉલાસી, વેણા વાસી, અલક લટ વિલસંતિ એ. ૩
રાખડિ અમુલ્યે. શીશ ફુલે, સેંથે સીંદુર શોભિયાં;
શુભ ઝાલ ઝળકિત, રત્ન ચળકિત, ભૂપનાં મન લોભિયાં. ૪
મુખ સુધાસિંધુ, અધર બિંદુ, ભ્રુકુટિ ભમર બે ગુંજ છે;
બે નેત્ર નિર્મળ, દિસે છે કમળ, ફૂલ ફૂલ્યાં કુંજ છે. ૫
આંજેલ અંજન, ચપલ ખંજન, મીન મૃગ બે હારિયાં;
પડ્યા રાય શૂરા, જાય પૂરા, બાણ કટાક્ષે મારિયાં. ૬
જુએ વિવિધ પેરે, નયન ધેરે, તિલક ભાલે કીધલાં;
દીપક પ્રકાશા, એમ નાસા, કીરનાં મન લીધલાં. ૭
શોભીત દાડમ, બીજ રદ જમ, ચિબુક મધુકર બાળરે;
ગળબંધ જુગતા, હાર મુક્તા, માણિકમય શોભાળરે. ૮
અબળાના અંબુજ, જમ જુગ્મ ભુજ, બાજુબંધ ફુમતાં ઝુલે;
થાય નાદ રણઝણું, ચૂડિ કંકણ, મુદ્રિકા કર બહુ મુલે. ૯
દશ આંગળી, મગની ફળી, નખ જોત્ય જમ પુખરાજ છે;
ફૂલના મનોહર, હાર ઉપર, આભૂષણ બહુ સાજરે. ૧૦
પડિ વેણિ કટિપર, જાણે વિષધર, આવી કરે પયપાનરે;
ગુચ્છ કુસુમ ઉદે, કુચ હદે, કુંજર કુંભસ્થળ માનરે. ૧૧
અલકાવલિ લલિતા, વહે સલિતા, ઉદર પેાયણુપાનરે;
છે ચિત્રલંકી, કટી વંકી, મેખલા ઘુઘર ગાનરે. ૧૨
બે જંઘા રંભા, તણા થંભા, હંસગત્ય પગ છાંડતી;
સુખપાળ મૂકી, રાય ઢુંકી, જાય પગલાં માંડતી. ૧૩

નેપૂર ઝમકે, અણવટ ઠમકે, ધુધરિનો ધમકાર છે;
ધાધરે ધુધર, અમુલ્ય અંબર, પ્રુલેલ છાંટ્યાં અપાર છે. ૧૪
ત્યાં અગરબત્તિ બળે, ચમર શિર ઢળે, રસિલિ રામા રાજતી;
ગાય ગીત કલોલક, ચંગ ઢોળક, મૃદંગ વેણા વાજતી. ૧૫
વળિ કીર્તિ અતિ ઘણિ, બોલે બંદણિ, ચાલે જ્યેષ્ઠિકદાર ત્યાં;
પંચ કામબાણે, કરિ સંધાણે, રાજપુત્રને માર ત્યાં. ૧૬
ભરમાઇને ભુપ, પડ્યા મોહકુપ, પ્રેમપાશે બાંધિયા;
ઠામથી ડગિયા, સ્વાર્થ રગિયા, સામી મીટે સાંધિયા. ૧૭
કો આડા ઉતરે, ખુંખારા કરે, ભામિનિ નિચું ભાળેરે;
કો આસને પડ્યા, લડથડ્યા, શકે આવી લીધો કાળેરે. ૧૮
બોલી ન શકિયા, ચિત્ર લખિયા, કો નમે વારે વારેરે;
કો સમિપ ધશિયા, મુગટ ખશિયા, પુંઠેથિ સેવક ધારેરે. ૧૯
કો કનક કાપે, લાંચ આપે, સાહેલીને સાધેરે;
જોઇયે તે લીજે, વખાણ કીજે, વિવાહ મારો વાધેરે. ૨૦
લાંબિ ડોક કરતા, નથી નરતા, કહે હાર આરોપરે;
ફરી મુગટ બાંધે, પ્રેમ સાંધે, પડ્યા નવ ગ્રહ કોપરે. ૨૧
રાય ગોરાં ગાત્રે, તૃણ માત્રે, તારુણી નવ લેખતી;
જોઈ મૂખ મરડે, આંખ થરડે, સર્વને ઉવેખતી. ૨૨

વલણ

અનેકને ઉવેખતી, આવી ચાલી નારરે;
ગઈ એક નળ જાણી કરી, દીઠી પંચ નળની હારરે. ૨૩

કડવું ૨૮ મું–રાગ સારંગ

મન ઇચ્છા નૈષધ રાયતણી, કન્યા ગઈ પંચ નળ ભણી;
જુએ તો ઉભા છે નળ પંચ, કન્યા કહે આ ખોટો સંચ. ૧
હંસનું કર્યું અવરથા ગયું, નળ નાથનું વરવું રહ્યું;
એક નળ સાંભળીએ ધરા, આ કપટી કો આવ્યા ખરા. ૨
પાંચે નળ ચેષ્ટાને કરે, લેવા માળ કંઠ આગળ ધરે;
ત્યારે દમયંતી થઈ ગાભરી, દીઠું વિપરીત ને પાછી ફરી. ૩
આવી જ્યહાં પિતા ભીમક, અરે તાત જુઓ કૌતક;
હું એક નળને આરોપું હાર, દેખી પંચને પડ્યો વિચાર. ૪

ભીમક કહે આશ્ચર્ય જ હોય, તું વિણ પંચ ન દેખે કોય;
શકે દેવતા તાંહાં નિરધાર, થઈ આવ્યા નળને આકાર. ૫
એ પરીક્ષા નિમેષ નહીં ચક્ષ, વીરજ વસ્ત્ર ઉભા અંતરીક્ષ;
વાત સાંભળી ભીમકતણી, કન્યા આવી પંચ નળ ભણી. ૬
પિતાએ મારગ દેખાડ્યો, નારીએ નળ શોધી કહાડ્યો;
દમયંતી જેમ વરવાને જાયે, ધસી ઇંદ્ર નળ આગળ થાયે. ૭
એક એકને અળગા કરે, લેવા હાર કંઠ આગળ ધરે;
નહીં આવે સંચ ફરી, ત્યારે દમયંતી થઈ ગાભરી. ૮
ઇંદ્રે મનમાં શાપ્યો હુતાશન, વાંદરાના જેવું થયું વદન;
અગ્નિએ જાણ્યું એ ઇંદ્રનું કાજ, રીંછમુખ થાજો મહારાજ. ૯
વરુણે શાપ મનમાંહે દીધો, જમને માંજર મુખો કીધો;
ધર્મે અંતર ઇચ્છયું એવું, વરુણનું મુખ થાજો શ્વાનના જેવું. ૧૦
રીંછ, વાનર, શ્વાન, માંજર, કન્યા કહે વરરુડા, ચાર;
ઇંદ્ર રાય વાણી એમ ભણે, ખાધાવેધ માંડ્યો આપણે. ૧૧
જમ કહે કાં હસાવો લોક, શાપ કીધા માંહોમાંહે ફોક;
દમયંતી વિચારે વળી, સમાન શોભે પંચ નળી. ૧૨
કોને વરીએ કોને ઉવેખીએ, વરમાળ કોને આરોપીએ;
જોવાને મળ્યા રાજકુમાર, તે એક નળ દેખે નિરધાર. ૧૩
બુદ્ધિમાન નારી છે ઘણું, માન મૂકાવે દેવતાતણું;
ચારોને પૂછે કરી પ્રણામ, તમારા તાતનાં શાં શાં નામ. ૧૪
લોભવિષે નહીં ગણ્યું પાપ, વીરસેન પાંચેનો બાપ;
કન્યા વળતી કરને ધસે, સખી સામું જોઈ જોઈ હસે. ૧૫
સખી કહે શું ઘેલાં થયાં, શું કપટરૂપને વળગી રહ્યાં;
બીજા પુરુષ છે રૂપનાં ધામ, સાંભળો દેશ દેશનાં નામ. ૧૬
દેશ સકળ નરેશનાં નામ, દાસી કહે વર્ણવી ગુણગ્રામ;
તોયે કન્યાને ન ગમ્યા કોય, ફરી ફરી પાંચે નળને જોય. ૧૭
હું હું નળ પાંચે ઓચરે, પણ કન્યા કોને નજર વચે;
નારદજી અંતરીક્ષ આવીઆ, ઇંદ્રાણી આદે તેડી લાવીઆ. ૧૮
ચારે દેવની ચારે નાર, ગગને દીઠી ભરતાર;
લજ્જા પામ્યા લોભી ઘણું, એ કારજ તે નારદતણું. ૧૯

કન્યાએ દીઠી દેવાંગના, અમર જાણીને માંડી વંદના;
અમો અલ્પ જીવ કરૂપ, તમો ભારેખમ છો ભૂપ. ૨૦
અમો જમ જરાથી ત્રાસીએ, પૂજનીક તમને ઉપાસીએ;
તમો અમને ભીમક રાજન, હું તમને પુત્રી સમાન. ૨૧
એમ કહીને ભરીયાં ચક્ષ, લાજ્યા દેવ થયા પ્રત્યક્ષ;
ઇંદ્ર વરુણ વહ્નિ જળરાય, શોભે મંડપે જય જય થાય. ૨૨
નળને થયા તુષ્ટમાન, દેવ કહે માગો વરદાન;
બળ્યે વર આપે સુરરાજ, નળનું સહજે સરીયું કાજ. ૨૩
કમળમાળ આપી ઇંદ્રરાય, લક્ષ વર્ષે નહીં સુકાય;
અશ્વમંત્ર આપ્યો રાજંન, દિન એકે હીંડે શત જોજંન. ૨૪
કહે અગ્નિ નવ દાઝે તુંય, જ્યાં સમરે ત્યાં પ્રગટું હુંય;
ધર્મ કહે ભોગવે રાજભોગ, ત્યાં લગે પુર મધ્યે નહીં રોગ. ૨૫
જે કરશે તારી કથા વાંછના, તેને નવ હોયે જમજાચના;
વરુણ ભણે સાંભળ નળ રાય, શુકું વૃક્ષ નવપલ્લવ થાય. ૨૬
સમર્યું જળ ઉપજે તત્કાળ, આઠે વર પામ્યો ભૂપાળ;
પછી દમયંતીને આપ્યો વર, અમૃતસ્રાવીયા થજો તુંજ કર. ૨૭
સર્વે સ્તુતિ કીધી દેવતણી, વિમાને બેસી ગયા સ્વર્ગભણી;
દમયંતી હરખી તત્કાળ, નળને કંઠે આરોપી માળ. ૨૮
સાધુ રાજા સર્વે બેસી રહ્યા, અદેખિયા ઉઠીને ગયા;
વરકન્યા પરણ્યાં રીત કરી, ભીમકે પહેરામણી ભલી કરી. ૨૯
લાડ કોડ પહોંતાં કુંવરીતણાં, નળને વાનાં કીધાં ઘણાં;
નળ દમયંતી બન્યો જાય, વેળાવી વળ્યો ભીમક રાય. ૩૦
વાજતે ગાજતે નળ વળ્યો, એવે કલિયુગ સામો મળ્યો;
વરવા વૈદર્ભી નારદે મોકલ્યો, આવે ઉતાવળે શ્વાસે હળફળ્યો. ૩૧
બેઠો મહીપ ઊપર કળીકાળ, કંઠે મનીષનાં શીશની માળ;
કરમાં કાતુ લોહશૃંગાર, શિર સગડી ધીકે અંગાર. ૩૨
જે વરું દમયંતી રૂપનિધાન, જુએ તો મળી સામી જન;
જાણ્યો કન્યાને નળ વર્યો, કળી ક્રોધે પાછો ફર્યો. ૩૩
જે નળે પરણવા દીધો નહીં, આજથી લાગું પૂંઠે થઈ;
નળ રાજા આવ્યા પુરવિષે, કરે રાજ નારીસું સુખે. ૩૪

ભોગવે ભોગ વિવિધ પેર, સ્વર્ગતણું સુખ પામે ઘેર;
પ્રભુ પત્નીને વાધ્યો પ્રેમ, સાચવે બહુ સત્ય ને નેમ. ૩૫
ચોહો વર્ણ પાળે કુળધર્મ, ચાલે યજ્ઞાદિકનાં કર્મ;
તેણે કળીનું ચાલે નહીં, હીંડે છિદ્ર જોતો અહીં તહીં. ૩૬
નગર પૂઠે ફેરા બહુ ખાય, સંત આગળ પ્રવેશ ન થાય;
સહસ્ર વર્ષ વહીને ગયાં, દમયંતીને બે બાળક થયાં. ૩૭
જુગ્મ બાળ સાથે પ્રસવ્યાં, પુત્રપુત્રીરૂપે અભિનવાં;
નળ દમયંતી હરખે ઘણું, બાળકવડે શોભે આંગણું. ૩૮
એક દિવસે નળ ભૂપાળ, મગાવ્યું જળ થયો સંધ્યાકાળ;
રહી પાહાની કોરડી ધોતાં પાગ, કળી પામ્યો પેઠાનો લાગ. ૩૯
સંધ્યાવંદન કીધું રાજન, પ્રવેશ કળીનો થયો તે સ્થાન;
જ્યાં શય્યા સૂતો ભૂપાળ, સર્વાંગે વ્યાપ્યો કળીકાળ. ૪૦

વલણ

કળીકાળ વ્યાપ્યો રાયને, ભ્રષ્ટ થયો નૈષધધણીરે;
હવે વહરાડું પીત્રાઇને, કહી ચાલ્યો પુષ્કર ભણીરે. ૪૧

કડવું ૨૯ મું–રાગ કહ્યાલેરો

કળીજુગ દ્વાપર મળીને આવ્યા, પુષ્કરકેરે પાસરે;
હસ્ત ઘસે ને મસ્તક ધૂણે, મુખે મૂકે નિઃશ્વાસરે. કળીજુગ. ૧
વેશ વિપ્રનો ધર્યો અધર્મી, ને બન્યો મસ્તક ડોલેરે;
નૈષધપતિ બેઠો તપ કરવા, થઈ તરણાંને તોલેરે. કળીજુગ. ૨
એક કુળમાં ઉદય બન્યોના, તું જોગી નળ રાણોરે;
તે ભોગ ભોગવે નાના વિધના, તારે નહીં જળ દાણોરે. કળીજુગ. ૩
કળિ કહે છે જો જો ભાઇયો, કર્મે વાળ્યો આડો આંકોરે;
એક જ બોરડીના બે કાંટા, એક પાધરો એક વાંકોરે. કળીજુગ. ૪
તારા પિતાસું અમારે મૈત્રી, તે માટે હિત કીજેરે;
એમ કહી કર ગ્રહી ઉઠાડ્યો, આવ આલિંગન દીજેરે. કળીજુગ. ૫
ભેટતામાં પિંડ પુષ્કરના મધ્યે, કીધો કળીએ પ્રવેશરે;
તેડી ચાલ્યો નૈષધપુર ભણી, કરવા નળસું કલેશરે. કળીજુગ. ૬
વાટે જાતાં વારતા પરહી, ન મળવું નાંખ્યો જંશારે;
કળી કહે તું દ્યૂત રમજે, હું થાઉં બે પાશારે. કળીજુગ. ૭

પ્રથમ પોણ કરજે વૃષભનું, દ્વાપર થાશે પોઠીરે;
સર્વસ્વ હરાવી લેજે નળનું, એ વાત ગમતી ગોઠીરે. કળીજુગ. ૮
જદ્યપિ પુષ્કળપવિત્ર હુતો, નોહોતી રાજની અભિલાષારે;
ઉપજી અરિસ્યા નળરાય ઉપર, મલ્યા જુગ બે અદેખારે. કળીજુગ. ૯
વૃષભવાહન પાસા કરમાં, આવ્યો રાજસભાયરે;
બાંધવ જાણી દયા મન આણી, નળ ઉઠી બેઠો થાયરે. કળીજુગ. ૧૦
ભલે પધાર્યા પુષ્કર ભાઈ, જોગી વેશને છાંડોરે;
આ ઘર રાજ તમારું વીરા, રાજની રીતિ માંડોરે. કળીજુગ. ૧૧
આસન આપી કરે પૂજન, પૂછે કુશળી ક્ષેમરે;
નળને કહે બીજી વાતે ન રાચું, દ્યૂત રમવાનો પ્રેમરે. કળીજુગ. ૧૨
નળ કહે બાંધવ દ્યૂત ન રમીએ, એ અનર્થનું મૂળરે;
તું જોગેશ્વર કાં ઉપજાવે, ઉદર ચોળીને શૂળરે. કળીજુગ. ૧૩
પુષ્કર કહે મારો પાંચ મુદ્રાનો, પોઠી જિતું કે હારુંરે;
એકી પાસે બળદ મારો, એકી પાસે રાજ તારું રે. કળીજુગ. ૧૪
કળીને સંગે પુણ્યશ્લોકને, પાપતણી મતિ આવીરે;
દ્યૂત રમવું અપ્રમાણ છે પણ, વાત આગળ ભાવીરે. કળીજુગ. ૧૫

વલણ

ભાવી પદારથ ભૂપને, વેઠવું છે બહુ કષ્ટરે;
દ્યૂત રમવા બેઠો રાજા, કીધો કળીએ ભ્રષ્ટરે. ૧૬

કડવું ૩૦ મું—રાગ મેવાડો

નળ રાજાએ દ્યૂત આરંભ્યું, સત્ય થયું સર્વ ફોકજી;
નગ્ન મધ્યે વારતા જાણી, ત્રાહે ત્રાહે કરે લોકજી. ૧
દમયંતીએ નળને કહાવ્યું, બળદ ભણી મા જોશોજી;
એ વૃષભમાં વેરી છે કારમો, રાજ રમતાં ખોશોજી. ૨
ડાહ્યા લોક નગરના વારે, ઘણું વારે પરધાનજી;
કળીજુગે બુદ્ધ ભ્રષ્ટ જ કીધી, કહ્યું કોનું ન ધરે કાનજી. ૩
બેઠા બાંધવ પોણ પરઠીને, ડોલે પુષ્કર રાયજી;
જે હારે તે રાજ મેલી, ત્રણ વરસ વન જાયજી. ૪
ત્રણ વરસ ગુપ્ત જ રહેવું, વેષ અન્ય ધરીજી;
કદાચિત્ પ્રીછ્યું પંડે તો, વંન ભોગવે ફરીજી. ૫

મહિમા મોટો કળીજુગ કેરો, નળને ગમી તે વાતજી;
નળ કહેરે નાખ પાસા, ત્યારે વરસ્યો શોણિત વરસાદજી. ૬
હાહાકાર હવો પુર મધ્યે, વાયુ સામટો વાયજી;
નાખ્યા પાસા પુષ્કર જિત્યો, સર્વસ્વ હાર્યો રાયજી. ૭
હાર્યો નળ ને પુષ્કર જિત્યો, જૈ બેઠો સિંહાસનજી;
આણ પોતાની વર્તાવી પુરમાં, કહે નળને જાઓ વનજી. ૮
વનકુળ પહેરી વંન વસો ને, કરો વનફળ આહારજી;
એક વસ્ત્ર રાખો શરીરે, બાકી ઉતારો શણગારજી. ૯
સર્વ તજી એક વસ્ત્ર રાખી, ઉઠ્યો નળ ભૂપાળજી;
દમયંતીને કહાવિયું તું, પીયેર જાજે આ કાળજી. ૧૦
રુદન કરતી રાણી આવી, બાળક ઝાલ્યાં હાથજી;
શીશ નામીને સ્વામીને કહે, મુને તેડો સાથજી. ૧૧
સુખ દુઃખની કહીએ વારતા, એકલાં નવ સોહાયજી;
હું સેવાને આવું સહીરે, થાકો તો ચાંપું પાયજી. ૧૨
કંથ કહે હો કામિની, તું આવે મુજને જંજાળજી;
એ દુઃખ સઘળાં વેઠીએ પણ, ટળવળી મરે બંને બાળજી. ૧૩
રોતી કહે છે કામિનીરે, જેમ છાયા દેહને વળગીજી;
તેમ હું તમારી તારુણીરે, કેમે ન થાઉં અળગીજી. ૧૪

વલણ

જો અળગી કરશો નાથજી, તો પ્રાણ તજું તત્કાળરે;
નળ કહે આવો વન વિષે તો, પીયેર વળાવો બાળરે. ૧૫

કડવું ૩૧ મું-રાગ મેવાડો

મોસાળ પધારોરે, મોસાળ પધારો-
મોસાળ પધારો બાહુઆંરે, મારાં લાડવાયાં બે બાળ;
નમાયાં થઈ વરતજો, સહુજો મામીની ગાળ.-મોસાળ૦ ૧
હૃદયા ચાંપોરે, રાણી હૃદયા ચાંપો,-
હૃદયા ચાંપો પેટનેરે, એ છેલ્લું વેહેલું લાડ;
હવે મળવાં દોહલાંરે, મળીએ તો પ્રભુનો પાડ.-મોસાળ૦ ૨

થયાં માત વોહેાણાંરે, થયાં માત વોહેાણાં,–
માત વોહેાણાં થયાં દામણાંરે, નહીં કેા રુડેા સાથ;
રુએે રાણી હૃદયા ફાટે રે, કેાણ માથે ફેરવશે હાથ.–મેાસાળ૦ ૩
મંદિરના ગુરુજીરે, મંદિરના ગુરુજી,–
મંદિરના ગુરુજી સુદેવજીરે, તમારે ખેાળે સોંપું બે તંન;
જઈ કહેજો મારી માતનેરે, જીવની પેરે કરજો જતંન.–મેાસાળ૦ ૪
પુત્રી જમાઇરે, તમતણાં પુત્રી જમાઈ,–
પુત્રી જમાઈ તમતણાં, કહેજો વનમાં પૂર્યો વાસ;
જઈ કહેજો મારા તાતનેરે, અમ જોગીના લે તપાસ.–મેાસાળ૦ ૫
ચુંબન કરતીરે, માવડી ચુંબન કરતી,–
ચુંબન કરતી માવડીરે, ફરી ફરી મુખ જોય;
હૈયેથકાં નવ ઉતરેરે, એમ કહી દમયંતી રેાય.–મેાસાળ૦ ૬

વલણ

રેાયે રાણી અતિ ઘણું, વત્સ સોંપ્યાં ગુરુકર માંહેરે;
ઋષિ સાથે બે બાળકાં, વેાળાવ્યાં નળરાયેરે. ૭

કડવું ૩૨ મું–રાગ વેરાડી

બાળકાં વેાળાવ્યાં ઋષિ સંગાતે, દમયંતી કરે આક્રંદ;
હાહાકાર હવેા પુર મધ્યે, મળ્યાં સહિયરનાં વૃંદ. ૧
પડેા વાંગેા પુષ્કર પાપીનેા; નળને કેા નવ રાખે;
એક અંજળી જળ ન પામ્યાં, જે ભમ્યાં પુર આખે. ૨
દ્વાર અડકાવે નળને દેખી, જે પેાતાનાં લેાક;
તરશી દમયંતી પાણી ન પામી, કંઠે પડીએા શેાષ. ૩
એક રાત રહ્યાં નગરમાં, ચાલ્યાં વાહાણું વાતે;
પુરુષશ્લેાકની પૂંઠ જ લીધી, કળી થયેા સંગાતે. ૪
જ્યાં વાવ સરેાવર કુવા આવે, પ્રાકાં ફળની વાડી;
રીપુ કળીજુગ આગળ જઇને, સર્વ મેહેલે ઉડાડી. ૫
ફળ જળ ને પત્ર ન પામ્યાં, રાણી કરે આંસુપાત;
વનમાં ફરતાં રુદન કરતાં, વહી ગયા દીન સાત. ૬
એકેકું પટકૂળ પહેર્યું, પ્રેમદા કેામળ કાયા દાઝે;
પાય પંકજપત્ર જેવા, તીવ્ર કાંટા ભાંજે. ૭

એક માન સરોવર આગળ આવ્યું, તેમાં દીઠું પાણી;
ઘણા દિવસની તૃષા સમાવવા, પીધું રાય ને રાણી. ૮
વારંવાર પાણી પીએ ને, ઊસ વળી હીડે;
નર નારી વારિએ તૃપ્ત થયાં, પણ ક્ષુધા પાપણી પીડે. ૯
સ્વામી કહે સાંસતાં થઇયે, શ્યામા ઊશ થઇને સ્વસ્થ;
જે સરોવરમાં શોધી લાવું, જો જડે એક બે મચ્છ. ૧૦
થોડા જળમાં પેઠા નળ રાજા, ઢીમરનું આચરણ;
સાધુ રાયને શ્રમ કરતાં, મચ્છ જડીઆં ત્રણ. ૧૧
આણીને અબળાને આપ્યાં, વામા કહે થયું વારુ;
નળ કહે આપણ બે પ્રાણીને, શું હોશે એટલા સારુ. ૧૨
ભાર્યાના ભુજ મધ્યે સોંપી, ભૂપ ગયો બીજી વરાં;
કળીજુગ સર્પ થઇને બીહાવે, મચ્છ નાશે અરાંપરાં. ૧૩
નળે શ્રમ કીધો ઘટી બે, મચ્છ ન ચઢીયાં હાથ;
પેલાં ત્રણે મચ્છ વહેંચીને લીજે, વિચારયું મન સાથ. ૧૪
નળ આવ્યો નિરાશ થઇને, ત્રણ મીનમાં ચિત્ત;
એટલામાં દમયંતીજીને, થઈ આવ્યું વિપરીત. ૧૫
અમૃત સ્રવિયા કર અબળાના, સજીવન થયાં મચ્છ પળમાં;
હાલ્યાં મહીલા મૂકી દીધાં, ઉડી પડ્યાં જઈ જળમાં. ૧૬
વેલી સરખી મીનને કાજે, પાણીમાં વેવલાં વીણે;
હવે સ્વામીને શો ઉત્તર આપીશ, રુદન કરે સ્વર ઝીણે. ૧૭
વીહીલે મુખ દીઠી વૈદરભી, નાથ આવતો નીરખે;
ચોહોદશ ભાંળે આંસુ ઢાળે, સ્વાતિબિંદુ શું વરષે. ૧૮
રોતી પત્ની પતિએ દીઠી, ઘોળું મુખ થયું દીન;
કહેરે પાપિણી શક્ર મુજ પાખે, ભક્ષ કર્યાં તેં મીન. ૧૯
હું ક્ષુધાતુર ફરીને આવ્યો, રઝળ્યો પાણી માંહે;
દોઢ દોઢ મચ્છ ભોજન કીજે, લાવ પાપિણી કાંહે. ૨૦
હૃદે ફાટતે બોલી રાણી, આંસુ પડે મોતી દાણા;
ક્ષુધાતુર પાપિણીએ મચ્છ ભક્ષ્યાં, મેં ન રહેવાયું રાણા. ૨૧
નળ કહે હંસે શીખામણ દીધી, વિદાય થયો આકાશ;
એક ઘૂત ન રમીએ બીજું, ન કીજે નારીનો વિશ્વાસ. ૨૨

એ વાનાં વાર્યાં તે કીધાં, હાથે દુઃખ લીધું માગી;
હું ભુખ્યો ને તેં મચ્છ ખાંધાં, શું આગ પેટમાં લાગી. ૨૩
દમયંતી હા હા કરે, જાણે સમ ખાઉં સાને;
સજીવન થયાં ઉડી ગયાં, કહું તો રાય નવ માને. ૨૪

વલણ

ન માને રાજા એ આશ્ચર્ય મોટું, ઉડી ચાલ્યો નળ રાયરે;
અણતેડી રાણી દમયંતી, પતિની પૂઠે ધાયરે. ૨૫

કડવું ૩૩ મું-રાગ વેરાડી

આગળ નળ પૂઠે પ્રેમદા, સતીને અંતર આપદા;
નળ તિરસ્કાર હીંડતા કરે, હૃદે ફાટે અબળા આંખ ભરે. ૧
ખાધાં મચ્છ હશે ગત ઘણી, તો હીડે છેરે પાપિણી;
પીરે પાણી ફરી ફરી, કાં જે મચ્છ ખાધાં પેટ ભરી. ૨
એ મારગ આવ્યા આગળે, વિદાય કીધી નારી નળે;
તું નહીં નારી હું નહીં કંથ, આ તારા પીયરનો પંથ. ૩
મારો સંગ તુજને નહીં ગમે, પીયરમાં પેટ ભરીને જમે;
મુને નાથજી કરજો ક્ષમા, મારે નથી પીયરની તમા; ૪
ફોકટ કરો મુજપર રીસ, અજુગત આળ ચડાવો શીશ;
દેવતાનું મુને વરદાન, તે કાં નવ જાણો રાજન. ૫
હોતી વાત કામિનીએ કહી, કળીને જોગે નળ માને નહીં;
આગળ પાછળ બંને જાય, કળીએ કીધી બગની કાય. ૬
થોડી પાંખ ને માંસ જ ઘણું, લોભાણું મન રાજતણું;
પંખીમાં દિપે ઘણો ભાર, નર નારીનો પૂરણ આહાર. ૭
કોણ પ્રકારે બગને હણું, ઉપર વસ્ત્ર નાખું મુજતણું;
ઉપરાટી કરી સુંદરી, નળ ચાલ્યો દેહ નગ્ન કરી. ૮
લાવ્યાં પંખી ને લાવ્યું વંન, લાવ્યો સૂરજ મીચ્યાં લોચંન;
સ્વાદ ઇંદ્રિયે પીધ્યો મહારાજ, થયો નગ્ન લોપીને લાજ. ૯
પીતાંબર ઝાલી ભૂપાળ, જેમ માછી ગ્રહી નાખે જાળ;
બગ નિકટ ગયો જવ રાય, તેમ તેમ કળી આઘેરો જાય. ૧૦
ધાઈ વસ્ત્રનો નાંખ્યો પાસ, કળીજુગ લૈ ઉડ્યો આકાશ;
એક વસ્ત્ર પંખી ગયો લઈ, નળ બેઠો કપાળે કર દેઈ. ૧૧

અરે દૈવ તેં એ શું કર્યું, વસ્ત્ર જતાં કાંઈ ન ઉગર્યું;
ગયું રાજ છત્ર મહિમા ઘણો, ન રહ્યો અંગે સૂત્ર તાંતણો. ૧૨
વિહંગમ વસ્ત્ર ગયોરે હરી, દમયંતી મા જોશો ફરી;
પાછે પગે ગઈ સ્ત્રીજંન, આપ્યું અર્ધું વસ્ત્ર સ્વામી ઢાંકો તંન. ૧૩
એક્કેકો છેડો પહેર્યો ઉભે, તીરથ નાહે તેવાં શોભે;
અંન વિના અડવડીયાં ખાય, સતને આધારે ચાલ્યાં જાય. ૧૪
મહા વનની આવી જંખજાળ, તે સ્થાનકે થયો સંધ્યાકાળ;
બંને બેઠાં દ્રુમને તળે, ચુંટી પત્ર પાથર્યાં નળે. ૧૫
દુઃખની વાત કરી નવ નવી, દમયંતી નિદ્રાવશ હવી;
ક્ષુધા અંગોઅંગ રહી હસી, મુખ જાણે પૂનેમનો શશી. ૧૬
નળે સુતી દીઠી સુંદરી, નિઃસ્વાસ મૂક્યો બે નયણાં ભરી;
કોણ દિવસ આવ્યો શ્રીહરી, એ દુઃખે પ્રાણ ન જાય નીસરી. ૧૭
વૈદરભી વસુધાવશ પડી, દુઃખ નોતું દીઠું એક ઘડી;
ઘણે દોહેલે વરી મેં એહ, રુએ રાજા જોઇને દેહ. ૧૮
નખથી નિરખતાં જોયું મુખ, ત્યારે મનમાં લાગું દુઃખ;
કળિ વળી તેનું ચિત્ત ફેરવે, રાજા મનમાં દ્વેષ મેળવે. ૧૯
શી સગાઇ પરતનયાતણી, દુષ્ટ દમયંતી એ પાપિણી;
શી પ્રીત છેહ દીધો જેણીએ, હું વિના મચ્છ ખાધાં એણીએ. ૨૦
મલીન મન એનું નિર્ધાર, કો સમે મારો કરે આહાર;
ન ઘટે એસું રહેવું મળી, રાયને ઉપજાવે બુદ્ધિ કળી. ૨૧
તે સમેની હદેની દાઝ, મૂકું વનમાં એકલી આજ;
બુદ્ધિ ભ્રષ્ટ મન રાજાતણું, કળીનો પ્રેર્યો ક્રોધે ઘણું. ૨૨
મનમાંહે આશંકા ગણે, એક વસ્ત્ર પહેર્યું બે જણે;
મધ્યે ચીર ફાડું બળ કરી, થાય શબ્દ જાગે સુંદરી. ૨૩
હોય છુરી તો છેદું પટકૂળ, કળી થયો કાતું અનર્થનું મૂળ;
નળે લીધું છુરીકા શસ્ત્ર, વચ્ચેથી વહેર્યું અડધું વસ્ત્ર. ૨૪
કટકા બે પટકુળના કરી, મૂકી નળ ચાલ્યો સુંદરી;
ગયો ડગલાં સાત જ ભરી, પ્રીત શ્યામાની સાંભરી. ૨૫
નળ વિમાસણ મનમાં કરે, એકલી એ ફાટીને મરે;
વસ્યો હું દેવતા પરહરી, વળી વનમાં સાથે નીસરી. ૨૬

ત્રૈલોક મોહન એ માનિની, કેમ વેદના સહેશે રાનની;
ન ઘટે મૂકી જાવું મને, નળ આવ્યો દમયંતી કને. ૨૭
દીઠું મુખ અંતર પરજળ્યો, સંભારી મચ્છ ને પાછો વળ્યો;
કળી તાણે વાટ મનતણી, પ્રેમ તાણે દમયંતી ભણી. ૨૮
વિચાર વારિનિધિમાં પડ્યો, આવાગમન હીંડોળે ચઢ્યો;
સાત વાર આવ્યો ફરી ફરી, તજી ન જાયે સાધુ સુંદરી. ૨૯
બળ પ્રબળ કળીનું થયું, પ્રેમ બંધન તુટીને ગયું;
સર્પ કંચુકીને તજે જેમ, મેં દમયંતી તજવી તેમ. ૩૦
વૃક્ષ પત્રને જેમ પરહરે, પુનરપિ તે અંગી નવ કરે;
જેવું હોય વમનનું અંન, તેવી મારે એ સ્ત્રી જંન. ૩૧
કો વેળા મુને મારે નેટ, હુંપે વહાવું એને પેટ;
એવું કહીને મૂકી દોટ, ઉંવાટે દોડ્યો સાસોટ;
ત્યાં લગે ધાયો ભૂપાળ, રહ્યો જ્યાં થયો પ્રાતઃકાળ. ૩૨

વલણ

કાળ ઉદે અરણ તણો, ત્યાં લગે ધાયો ધીશરે;
જાગ્યો હૃદે થયું દુઃખ ઉદે, જ્યારે દીઠો દીશરે. ૩૩

કડવું ૩૪ મું–રાગ સામગ્રી

નળ જળ નયણે ભરે ને, કરે વિવિધ વિલાપ;
વ્યાકુળ અંગ પોતાતણું, અવની પછાડે આપ. ૧
વૈદરભી વામા, રંક રામા, એકલડી વન મધ્ય;
ભય ધરશે, ને ફાટી મરશે, જીવ્યાની ટળી અવધ્ય. ૨
નહીં મળે ફરી, કોકીલા સ્વરી, શો ઉપન્યો વિખવાદ;
મનગમયંતી, બોલ દમયંતી, નળે માંડ્યો સાદ. ૩
વિશ્વ મોહિની, સૃષ્ટિ દોહિની, સુંદરી સુજાણ;
વિરહિણી વલ્લભ, દર્શન દુર્લભ, બોલ પિયુના પ્રાણ. ૪
વન ફરતો, રુદન કરતો, જોતો આવ્યાની વાટ;
કળીએ ચરણ ધરણનાં ભુંસ્યાં, વન કીધું નિર્વાટ. ૫
વડાળે ભૂપાળ વળગ્યો, તે રુએ હૃદયા ફાટે;
મોહ ધારણ, કર્મ કારણ, કહે ભૂજ દેઈ લલાટે. ૬

રાય વિલપે, ઘણું કળપે, સંભારે સુખ સ્નેહ;
કમુધ આવી, મંન ભાવી, અન્યાએ દીધો છેહ. ૭
અજગર, વાઘ, વરુ નાગ, છે દારુણ વનની હદ્ય;
કરાડ કેાતર, સિંહના સ્વર, શ્યામા ફાટી મરશે સદ્ય. ૮
દેાહલે પામી, ગજગામી, દેવ ગયા નિર્મુખ;
સ્વયંવર સાથ, સાંભળી વાત, સર્વ પામશે સુખ. ૯
કેાણ નેત્ર લુહે, રાય રુએ, એવે શબ્દ સાંભળ્યેા ગાઢેા;
લેાહ પ્રેમજળ, મૂકાવ રાય નળ, બળતાને બાહેર કાઢેા. ૧૦
સાંભળી વાણી, જાણી રાણી, રેાઈ રેાઈ બેઠેા સ્વર;
હરખે ભરાયેા, સ્વરે ધાયેા, વીરસેન કુંવર. ૧૧
પાડે બરાડા, બળે દવાડા, તરફડે મેાટેા વ્યાળ;
કહે દયાસિંધુ, દીનબંધુ, કાઢ નળ ભૂપાળ. ૧૨
વહ્નિ વરદાન, ગયેા સુજાણ, નાગે કીધેા નમસ્કાર;
આપ પ્રાણદાન, હેા ગુણવાન, કાંઈ હું એ કરીશ ઉપકાર. ૧૩
વિષથી ન બીધેા, નાગ લીધેા, જોજન દેહ પ્રમાણ;
બાંધે ચહડાવી; મૂકયેા બહાર લાવી, શાતા પામ્યેા પ્રાણ. ૧૪
પુણ્યશ્લેાક સાચા, વિપ્ર વાચા, મળ્યેા વૈદર્ભીકાંત;
પૂછે નળ, દાધેા સબળ, મુને કહે માંડી વૃત્તાંત. ૧૫

વલણ

વૃત્તાંત કહે ભાઈ કેાણ છે, પામ્યેા બહુ પરિતાપરે;
સર્પ કહે રાય સાંભળેા, મુને હવેા ઋષિના શાપરે. ૧૬

કડવું ૩૫ મું–રાગ દેશાખ

બેાલ્યેા નાગ કરી પ્રણામ, રાય મારું કરકેાટક નામ;
હું પ્રાચિન કર્મે પામ્યેા સંતાપ, સપ્ત ઋષિએ દીધેા શાપ. ૧
વિમાન જાતું હતું સ્વર્ગ ભણી, અજ્ઞાનતા જાગી મુજ તણી;
પુત્કારી પ્રણા નાખી જ્વાળ, દાધા સપ્ત ઋષિ ચહડ્યેા કાળ. ૨
પતિત તેં નાંખી વિષની લેહેર, બળ દવમાં અવની ઉપેર;
બહુ કાળ લગે વસેા વહ્નિમાંય, ભેાગવ દુઃખ જીવ નહીં જાય. ૩
મેં જાણ્યું શાપ ટળે નહીં ખરેા, મુને શાપનેા અનુગ્રહ કરેા;
વહ્નિ વેદના દેાહેલી ઘણું, કર્યું દર્શન થાશે નળતણું ૪

પુણ્યશ્લોક બાહેર કહાડશે, તે તુંને શાતા પમાડશે;
તે દિવસનો વન દાઝું છૌ અહીં, સાત સહસ્ર વરસ ગયાં વહી. ૫
તે તમો આજ દુઃખ ટાળીયું, પુણ્યશ્લોકપણું પાળીયું;
મારી દેહને અતિ સુખ થયું, ઋષિ વચનનું ફળ લહ્યું. ૬
એવું કહીને સર્પ જ ધસ્યો, કરકોટક નળને કંઠે ડસ્યો;
લાગી વિષજ્વાળ દાધો ભૂપ, કાળી કાયા થયું કુબડું રૂપ. ૭
કાજળપેં શ્યામતા વિશેષ, વાંકું મુખ પંચવર્ણા કેશ;
છતે દાતે ડાચાં ગયાં મળી, નીસરી ખુંધ કટી બેવડ વળી. ૮
નળ કહે ધન્ય કદ્રુકુમાર, ઘણો રુડો કર્યો ઉપકાર;
તુંને મેં આપ્યું પ્રાણદાન, તેં હુંને કીધો સાહી સમાન. ૯
નાગ કહે રે રખે દુઃખ ધરો, જોતાં એ ઉપકાર છે ખરો;
ગુપ્ત રહેવું સંવત્સર ત્રણ, કો નવ ઓળખે એવું વર્ણ. ૧૦
ત્રણ વસ્ત્ર આપું છઉં ભૂપ, પરિધાને થાશે મૂળગું રૂપ;
તે જોયાં પહેરી પરીક્ષા કરી, તત્ક્ષણ કાંતિ ભૂપની ફરી. ૧૧
હરખ્યો નળ થયું દિવ્ય કામ, નાગે બાહુક ધરિયું નામ;
ભૂપાળ વ્યાળ થયા વિદાય, ગયો અયોધ્યા નૈષધરાય. ૧૨
દેખી માણસ નાહાસે અરાંપરાં, ધાયે બાહુક પૂઠે છોકરાં;
જે જે મારગ મહિપતિ પળે, ત્યાં માણસ જોવાને મળે. ૧૩
હસે લોક રૂપે લીહ વાળી, પૂઠે છોકરાં પાડે તાળી;
રાજસભામાં રાજા ગયો, પ્રતિહાર સાથ ખસીને રહ્યો. ૧૪
હસી સભા હસ્યો ઋતુપર્ણ, વિધિએ આ કયાં નિર્મ્યું વર્ણ;
હારે કાજળ ને જાંબુફળ, જાણે રૂપે બીજો નળ. ૧૫
કહો કોણ છો સ્વરૂપના ધામ, કેમ આવવું પડ્યું શું કામ;
નળ કહે મારું બાહુક નામ, આવ્યો ઉદર ભરવા કામ. ૧૬
અશ્વમંત્ર જાણું રાજન, એક દિવસે જેહું શત જોજન;
કહે ઋતુપર્ણ મોટું કારણ, આ રૂપ ને વિદ્યા અસાધારણ. ૧૭
નળ ઇંદ્ર વિના કો જાણે નહીં, મંત્રપ્રાપ્તિ તુંને ક્યાંથી થઈ;
મંત્રપાઠ કરતા નળરાય, હું નળનો સેવક શીખ્યો વિદ્યાય. ૧૮
કો સમે પ્રકાશી ભણતા તેહ, ત્યાંથી વિદ્યા હું પામ્યો એહ;
નૈષધનાથ તે વનમાં ગયો, તે દુઃખે હું આવો થયો. ૧૯

આવ્યો છઉં રહેવા તમકને, અંનવસ્ત્ર આપજો મને;
નહીં કરું હું નીચું કામ, નહીં ધરાવું સેવક નામ. ૨૦
રાયજી તમને નહીં નમું, સ્વયંપાક કરીને જમું;
રાજા કહે રહો જેમ તેમ, વિદ્યાવાન જવા દેઉં કેમ. ૨૧
હયદાસપતિનો અધિકાર, સેવક માત્ર કરે નમસ્કાર;
જદ્યપિ માન પામે ઘણું, પણ કહેવાયે દાસત્વપણું. ૨૨
અશ્વપતિ મહારાજા થયો, હયશાળામાં વાસો રહ્યો;
છે વિજોગની વેદના ઘણી, નિત્યે સુએ શ્લોક એક ભણી. ૨૩

શ્લોકઃ સ્વાગતાવૃત્તં

આપતે ધૃતિમતા સહ વધ્વા યામિનીવિરહિણા વિહગેન ।
સેહિરે ન કિરણા હિમરશ્મેર્દુઃખિતે મનસિ સર્વમસહ્યમ્ ॥

ભાવાર્થ–વસંતતિલકા છંદ *

જે ચક્રવાક દિવસે વહુ સાથ રાખે, તે સંગ રંગ રમતાં રવિતાપ સાંખે;
રાતે વિજોગથકિ ચંદ્રપ્રકાશ ખૂંચે, જો દુઃખ હોય દિલમાં કશુંએ ન રુચે

રાગ ચાલતો

એવું કહિને કરે શયંન, વિસ્મય થાય પાડોશી જંન;
બાળ બીહામણો આવી વસ્યો, કદરજને વિજોગ તે કશો.
તે સ્ત્રીએ સુકૃત શું કર્યું, જેણે આ સ્વરૂપને વર્યું;
વારુ થયું જે વીપત પડી, આ ભૂતથી છૂટી બાપડી.

વલણ

બાપડી છૂટી લોક કહે, રહ્યો રાયને રીઝવીરે;
બૃહદશ્વ કહે યુધિષ્ઠિરને, દમયંતીની શી ગત હવીરે. ૨૪

કડવું ૩૬ મું–રાગ દોહરા

સ્વપ્નું આવ્યું નારને, ભૂકી જાય છે નાથ;
જાગી ઊઠી અચાનકે, ગ્રહેવા પ્રભુનો હાથ. ૧
વૈદર્ભી થઈ ગાભરી, વળી જુએ ચોપાસ;
અમ અબળાના હૃદે કારમાં, બીહું તમારે હાસ. ૨
જોયું વેન ફરી ફરી, સમ દેઈ કીધા સાદ;
પછી રુએ બહુ વિધકરી, પામી અતિ વિષાદ. ૩

* કિરાત. સર્ગ ૯. શ્લો. ૩૧.

રાગ મારુ

અમો અબળા માણસ બીજે નવ કીજે હાસ, હો નળરાય;
કેમ ધીરજ ધરું હું નારી, તમારી દાસ, હો નળ૦
રાત્ર અંધારી તો માહરી, વલે કોણ થાશે, હો નળ૦
તમ ચર્ણકેરી આણ, પ્રાણ મુજ જાશે, હો નળ૦
આંહાં તો બોલે સાવજ, નાગ વાઘ ને વરુ, હો નળ૦
બોલો બોલો વાહો છો કયમ, સમ હું તો મરું, હો નળ૦
હાંહાંજી જાઓ છો હાડ, રાડ થશે ફાંસુ, હો નળ૦
અગોપ રહ્યા ન આવે દયા, દેખી આંખડીએ આંસુ, હો નળ૦
તમારાં પગલાં નવ પેખું કંથ, પંથ કેમ લહુંરે, હો નળ૦
નિશા અંધારી ભયાનક, સ્થાનક કેમ રહુંરે, હો નળ૦
નૈષધ દેશની રાણી, તાણી અનીસેં રોયરે, હો નળ૦
પ્રભુજી અંગ, અવેવ મારા, તારા જોયરે, હો નળ૦
ઘેલી સરખી ચાલે, વહાલે વછોડીરે, હો નળ૦
માંડયું વલવલવું, જોવું રોવું મૂકયું છોડી, હો નળ૦
વલવલતી વૈદરભી વાટે, ઉચાટે ભરી, હો નળ૦
કારણ સ્વામી શુંય, હુંય પરહરી, હો નળ૦
વહાલા નવ દીજે છેય, નેહ વિચારો, હો નળ૦
કર્મે વાળ્યો આડો આંક, શો મારો, હો નળ૦

વલણ

શો અપરાધ મારો સ્વામી, દારુણ વનમાં મૂકી ગયારે;
અલ્પ ભ્રાંતે હું તજી, અંતર ન ઉપજી દયારે.

કડવું ૩૭ મું–રાગ રામગ્રી

વૈદરભી વનમાં વલવલે, અંધારી રાત;
ભામિની ભય પામે ઘણું, એકલડીરે જાત. વૈદરભી. ૧
રસનાયે નામ જ નળતણું, મુખ જપતીરે જાય;
શુદ્ધ નથી શરીરની, ભાંજે કંટક પાય. વૈદરભી. ૨
રોઈ રોઈ રાતી આંખડી, ભરે આંસુ નીર;
નયણે ધારા બબ્બે ઝરે, વહે અંગ રુધીર. વૈદરભી. ૩
હીંડતાં તે આખડે, પગમાં વાગે ડેસ;
ચાલંતી ઉભી રહે, ભરાયે કાંટે કેશ. વૈદરભી. ૪

અંગે ઉઝરડા પડ્યા ઘણા, વહે શોણિતધાર;
હો નળ હો નળ બોલતી, બીજો નહીં વિચાર. વૈદરભી. ૫
ઉંડા કાતર ઉતરે, ચઢે ગિરિ કરાડ;
અશુદ્ધે ઉધડકે નહીં, પાડે વાઘ બરાડ. વૈદરભી. ૬
વાંકી વાટ ટીંબા ટેકરા, ભયાનક બોહ;
રાફ માંહે સાપ ફુંફવે, ઘણું ઘુઘવે ઘોહ. વૈદરભી. ૭
શબ્દ પશુ પંખીતણા, ન પડે કાંઈ બ્રીછ;
વરુવણીઅર બીહાવે અરણ્યમાં, ઘાયે વળગવા રીંછ. વૈદરભી. ૮
શૂકર રોઝ ચિકારડાં, ચીતરા દે ફાળ;
ફાલુ નાદ હોયે ઘણા, બહુ બોલે શીઆળ. વૈદરભી. ૯
આંબા આંબલી લીમડા, અરીઠા અપાર;
શીમળ સમળી સેગઠા, ન સૂઝે પંથ વિચાર. વૈદરભી. ૧૦
બોર બાબર ને કાચકી, કંટાળા થુએર;
બાવળીયા બહુ બોરડી, સરગુવા સમેર. વૈદરભી. ૧૧
આખડી પડતી સુંદરી, ચરણે વેલા ચિંટાય;
છૂટા કેશ દામિનીતણા, ઝાંખરે ઝીંટાય. વૈદરભી. ૧૨
વૃક્ષ અથડાએ અંગસું, મૂકે કાંટામાં પાય;
શુદ્ધ નથી રે શરીરની, ભજતી નળરાય. વૈદરભી. ૧૩
દિવસ નિશા બ્રીછે નહીં, એવું ધાડું અરણ્ય;
દમયંતી ભૂલી ભમી, સાં દિવસ ત્રણ. વૈદરભી. ૧૪
અંત ઉદક પામી નહીં, નહિ બેસવું શયંન;
ત્રણ દિવસ એમ વહી ગયા, ભમયંતાં વંન. વૈદરભી. ૧૫

વલણ

વન ભયાનક ભામિની ભમી, દિવસ ત્રણ ગયા વહીરે;
વાટ ઘાટ ને ગામ ઠામ કાંઈ, પ્રેમદા પામી નહીરે. ૧૬

કડવું ૩૮ મું-રાગ રામગ્રી

ભૂલી ભમે છે ભામિની, નૈષધનાથની નારરે;
હો નળ હો નળ બોલતી, ભીમકરાજ કુમારરે. ભૂલી. ૧
ઘોવાયું કાજળ આંસુએ કરી, વેદનાએ વ્યાકુળરે;
અર્ધ ઉઘાડી દેહડી, નાથે ફાડયું છે પટકૂળરે. ભૂલી. ૨

એવે દીઠો એક ચીતરો, ધાઈ દમયંતી ઉલટરે;
પૂછે ભાળ નળ ભૂપાળની, છે તારા જેવી કટરે. ભૂલી. ૩
શાર્દૂલ દીઠો વાટમાં, વૈદરભી પૂછે ધરી વહાલરે;
નૈષધનરેશ વાટે મળ્યા, છે તારા જેવી ચાલરે. ભૂલી. ૪
સાવજ થાયે ગાભરા, ભય પામી નાશી જાયરે;
રખે વનદેવી અમને ઝાલતી, પશુઅરિ કંપાયરે. ભૂલી. ૫
પૂછે ઉંચા દ્રુમને, તારી ગગને ગઈ ડાળરે;
તરુવર જો મારી વતી, કહીં દીસે ભૂપાળરે. ભૂલી. ૬
પર ઉપકારી સદા તમો, વળી શીતળ તારી છાંયરે;
નૈષધનાથ કયહું દીઠડા, જોઉં છૌં વનમાંયરે. ભૂલી. ૭
તરુ ઉત્તર આપે નહીં, તેમ તેમ રાણી રોયરે;
પુણ્યશ્લોકે જ્યારે પરહર્યાં, શત્રુ થયા સર્વ કોયરે. ભૂલી. ૮
અજગર પડ્યો છે વાટમાં, વીકાશી મુખ ભાગરે;
દમયંતીએ જાણ્યું નહીં, તેના મુખમાં મૂક્યો પાગરે. ભૂલી. ૯
ચરણ ગળ્યો જાનું લગે, વિષ ચઢી ગયું શરીર રે;
પડી ભોમ સાદ નળને કરે, મુખે પાડે રીર રે. ભૂલી. ૧૦
અજગર આનંદ પામીઓ, ભક્ષું જડ્યું ભક્ષ રે;
વૈદર્ભી ઘણું વલવલે, ઉંચાં ચઢી ગયાં ચક્ષ રે. ભૂલી. ૧૧
કંઠે બંધાઈ કાચકી, મુખે પડીઓ શોષ રે;
મરણ સમે મૂકે નહીં, હૃદે રસના પુણ્યશ્લોક રે. ભૂલી. ૧૨
રોતી રાણી સાંભળી, પારધી આવ્યો ધાઈ રે;
પગ દીઠો અજગર મૂખમાં, તેણે શ્યામાને સાહી રે. ભૂલી. ૧૩
પારધીએ અજગર મારીઓ, કોહોવાડાને ઘાય રે;
જતન કરીને મુકાવીઓ, નળપત્નીનો પાય રે. ભૂલી. ૧૪
વૈદર્ભીને વિષ ચઢ્યું નહીં, છે વાસવનું વરદાન રે;
કરતળ વાસ સુધાતણો, દેહી રહી પરમ નિધાન રે. ભૂલી. ૧૫

વલણ

દેહી રહી પરમ નિધાન, હળાહળ ગયું ઉતરી રે;
કહે ભટ પ્રેમાનંદ પછે, શું દુઃખ પામી સુંદરી રે. ૧૬

કડવું ૩૬ મું-રાગ મારુ

વિપધર માર્યો વ્યાધે આવી, મહીલા મૃત્યુથકી મૂકાવી;
વ્યાધે અજગર લીધો હાથે, ચાલ્યો તેડી દમયંતી સાથે. ૧
પારધી હીંડ્યો જગને જીતી, વૈદર્ભી જાય બીહીતી બીહીતી;
ગયો એક તળાવની તીર, પ્રક્ષાલન કીધું સર્પ શરીર. ૨
દેખતાં દમયંતી પ્રત્યક્ષ, તે અજગર કીધો ભક્ષ;
મુખનું પાસું રહેવા દીધું, બાકી શરીરનું ભોજન કીધું. ૩
દમયંતી વિસ્મય હવી, આ તો વાર્તા દીઠી નવી;
જીવાંતક કહે હો નારી, તમો દીઠી વિદ્યા અમારી. ૪
મનની ખટપટ સઘળી છાંડો, પ્રેમ કટાક્ષ મુજપર માંડો;
હું તો પારધીપતિ છૌં વ્યાધિ, પટરાણી કરું ભલે લાધી. ૫
કુણ માત તાત કુણ સ્વામી, વન નીસર્યાં વૈરાગ પામી;
એકલાં આવ્યાં આણી દશે, કોણ નામ બોલો રળી રસે. ૬
કોણે વચન કહ્યું કવરધું, કાં અંબર અંગે અરધું;
શું નળ નળ મુખે જપો, છો ડાહ્યાં ઘેલામાં ખપો. ૭
જદ્યપિ દુઃખ તમને પડિયું, પણ ભાગ્ય મારું ઉઘડિયું;
એમ કહિને ગયો સ્પર્શ કરવા, ત્યારે અબલા લાગી ઓસરવા. ૮
ધસ્યો રાહુ ચંદ્રને ચાંપે, તેમ દમયંતી થરથર કાંપે;
મા ભરિશ એવું ડગ, તુજ પર તૂટી પડશે ખડ્ગ. ૯
હું તો ભીમક રાયતી બાળી, અલ્યા હું નહિ ચૂકવાવાળી;
હું તો દમયંતી નળની નારી, પારધિ કહે ભાગ્યદશા મારી. ૧૦
એવું કેહીને પારધિ ધસિયો, અબળાને ક્રોધ મન વસિયો;
મૂર્ખ કહ્યું માનરે મારું, હો જમપુરના વટે સારુ. ૧૧
ઉપકાર તારો હું જાણું, તે માટે હું દયા કાંઈ આણું;
બળ મા કર તું મુજ સાથે, મૂર્ખ મરણ ચઢ્યું છે માથે. ૧૨
કેમ જાવા દેઉં ભોળી ભામ, મુજ વિરહીતણો વિશ્રામ;
હુંમાં શો અવગુણ જ દેખ્યો, મને શા માટે ઉવેખ્યો. ૧૩
મારે મંદિર સ્ત્રી છે તરણ, તે રહેશે તમારે ચરણ;
આપણ બે જીવ જીવશું જડિયાં, કોણ સુકૃતથી સાંપડિયાં. ૧૪
થનાર હશે તે દેઇશ થાવા, પણ નહિ દેઉં તમને જાવા;
સુખે પારધિ વંશમાં વરતો, હું નળથી નથી કાંઈ નરતો. ૧૫

લક્ષણવંતિ મને લોભાવો, પૂરી વાસ સદન શોભાવો;
અન્ન વસ્ત્ર વિના ન દુભાવો, લ્યો ગૃહસ્થાશ્રમનો લાવો. ૧૬
ભક્ષ દુઃખ ન ધરશો ચિત્ત, શત પશૂ વેધું છું નિત્ય;
ઉંચું જોઈ કહે ધન્ય વિધાતા, મને દમયંતીનો દાતા. ૧૭
મારી કર્મ દશા છે ચઢતી, વૈદર્ભી પામ્યો રડવડતી;
દેવ નહીં પામ્યા ખપ કરતાં, મને વાર ન લાગી વરતાં. ૧૮
તૃણનો મેરુ ને મેરુનું તરણ, તારી લીલા અશરણશરણ;
ભોગવી ન શક્યો નૈષધ સ્વામી, નળે ખોઈ નારી મેં પામી. ૧૯
શું નળ નળ જંખના લાગી, પહોર નિશાયે ગયો ત્યાગી;
શે લોભે લ્યો નળનું નામ, જેણે દુખિયાં કીધાં આમ. ૨૦
બોલો આધાર પ્રાણજીવન, ધાયો દેવાને આલિંગન;
ક્રોધે સતિયે સંભાળ્યું સત્ય, રોઈ સમર્યાં કમળાપત્ય. ૨૧
વિકલજી ચડજો વારે, હું તો રહી છું તમ આધારે;
છો વિપત સમેના શ્યામ, મધુસૂદન રાખો મામ. ૨૨
આપ્યું પદ ધ્રુવને અવિચળ, ગ્રાહથી મૂકાવ્યો મદગળ;
રાખ્યો પ્રહ્લાદ વસિયા થંભ, રક્ષા કરો ધરો ન વિલંબ. ૨૩
સત્ય હોય સદા નિરંતર, અસત્યથી હોઉં સ્વતંતર;
ન મૂક્યા હોય નળ મનથી, કુદૃષ્ટે ન જોયું હોય અન્યથી. ૨૪
આપત્કાળ રહી હોઉં સત્યે, નળ સમરી રહી હોઉં શુભ મતે;
પંચ મહાભૂત સાક્ષી ભાણુ, ન ચૂકી હોઉં નળનું ધ્યાન. ૨૫
સત્ય બળે દેઉં છો શાપ, ભસ્મ થજો વ્યાધિનું આપ;
વચન નીસર્યું મહિલાનાં મુખથી,અગ્નિ લાગ્યો પગના નખથી. ૨૬
સ્તવન કીધું બેહુ કર જોડી, નમતામાં થયો રાખોડી;
પ્રેમદા પામી પરિતાપ, ઉપકારીને દીધો શાપ. ૨૭
જદ્યપિ વ્રત ન ભાંગું, પણ લૌકિક લાંછન લાગું;
લોકને પારધિનો સંદેહ, માટે પાડું હું મારી દેહ. ૨૮
પ્રાણત્યાગે નથી હું ખીતી, શું કરું સ્વામી પાખે જીવી;
કેશનો પાંગરો ગુંથી ગ્રંથે, લેઈ ભરાવ્યો પ્રાંસો કંઠે. ૨૯
હો વિષ્ણુ એટલું માગતી મરું, નળની દાસી થઈ અવતરું;
એવે કળજુગે ધાર્યું મંન, કરું કૌતક હું ઉત્પન્ન. ૩૦

મરણથી ઉગારી લીધી, ત્યાં માયા કળીએ કીધી;
દીઠી તાપસે આમશ્ર વાડી, ગઈ દમયંતી ફાંસો કાહાડી. ૩૧
નગ્ન દિગંબર છે મહંત, થઈ પાસે હરખ્યું ચંત;
બોલે કળીજુગ નાસા ગ્રહી, અપ્રીત મચ્છ માટ થઈ. ૩૨
શકે ભીમકસુતા દમયંતી, તજી નાથે હીંડે ભમયંતી;
અલ્પ અપરાધની ભ્રાંતે, કામિની તજી છે કાંતે. ૩૩
ભીમક સુતા આનંદી અપાર, જોગી જગદીશને અવતાર;
ફરી ફરીને પાગે નમે, નળનું પ્રશ્ન કરોજી તમે. ૩૪
મુનિ કહે નળને છે ક્ષેમ, પણ ઉતર્યો તુજથી પ્રેમ;
નળ નારી શોધે છે અન્ય, તું કરજે જે ઉપજે મન. ૩૫
તવ હરખ્યો પ્રેમદાનો પ્રાણ, મારા પ્રભુને છે કલ્યાણ;
લક્ષ નારી કરો રાજન, પણ મારે નળનું ધ્યાન. ૩૬
ઠરી ઠાર તે જાણી નળ, નારીએ લીધાં જળ ફળ;
પામી વિરામ કીધું શયંન, નિદ્રાવશ થઈ સ્ત્રીજંન;
સ્વપ્નાંતર દીઠા નળ રાય, જાગી તો દુઃખ બમણું થાય. ૩૭

વલણ

નળની સ્ત્રી નિદ્રામાં, સ્વપ્નવિષે પુણ્યશ્લોકરે;
ચાર ઘડીએ જાગી ચતુરા તો, આશ્રમ વાડી ફોકરે. ૩૮

કડવું ૪૦ મું–રાગ મહલ્લાર

ભીમકસુતા જાગી કરીને, ચારે દિશાએ જોયરે;
નહીં તાપસ વન બીહામણું, નળની નારી રોયરે. ૧
હું પાપિણીને પગલે કરીને, મુનિએ મૂક્યો ઠામરે;
મેં કોણ કૃત્ય રે આચર્યાં જે, વિપત પડે છે આમરે. ૨
હીંડે સાદ કરંતી વનમાં, ત્રિભોવન નાયક નરરે;
ગગને રહ્યા હરખે ઘણું, મેં ઉવેખ્યા અમરરે. ૩
લક્ષણવંતે લોક હસાવ્યા, સ્વયંવરના સર્વરે;
અજ રિપુને વહી જાય છે, કૌતક કરું પર્વરે. ૪
એવું જાણી મારા નાથજી, દાસીની લેજો સંભાળરે;
હો વિહંગમ વેવિશાળિયા, મને મૂકી નળ ભૂપાળરે. ૫
હો વજ્રાવતી માવડી મારું, ઢાંક ઉઘાડું ગાત્રરે;
હો ભીમક મારા તાતજી, શોધી મનાવજો જાત્રરે. ૬

હો નૈષધ દેશના રાજીયા, અણચિંત્યું દો દર્શનરે;
ભૂપરૂપને જાઉં ભામણે, હો સલુણા સ્વામીનરે. ૭
વૈદરભી નાથ વિજોગણી, વિરહે વ્યાકુળ શરીરરે;
ચતુરાને વન ચાલતાં, આવ્યું સરિતા તીરરે. ૮
આનંદી અમળા અતિ ઘણું, ઉતરતા દીઠા લોકરે;
ધાઇને પૂછે પ્રેમદા ભાઈ, દીઠા કહીં પુણ્યશ્લોકરે. ૯

વલણ

પુણ્યશ્લોક છે એ સાથમાં, પૂછે નળની નારીરે;
નદી ઉતરતાં આશ્ચર્ય પામ્યા, પરદેશી વેપારીરે. ૧૦

કડવું ૪૧ મું–રાગ મારુ

શ્વાસ ભરી પૂછે સતી, વેપારીરે, કયહું દીઠા છે નૈષધપતિ, વેપારીરે.
પ્રભુ ગયા છે પરહરી, વેપારીરે; છે તમમાં વાત કહો ખરી, વેપારીરે.
કાંઈ દેખાડો નળ નાથને, વેપારીરે; રુડું હજો સઘળા સાથને, વેપારીરે.
સાચું બોલો જળ તીર છો, વેપારીરે; તમે વિપત સમેના વીર છો, વેપારીરે.
રૂપે બ્રહ્માએ વાળી હઘરે, વેપારીરે; મારો સ્વામી ઓળખીએ સઘરે, વેપારીરે.
છે અદ્‌ભુત ગોરું ગાત્રરે, વેપારીરે; દીઠે અડસેઠ વળે જાત્રરે, વેપારીરે.
ગોરું મુખ મુછ વાંકડી, વેપારીરે; મોટી આંખ ચાલ છે ફાંકડી, વેપારીરે.
ચાલ જેની છે લટકતી, વેપારીરે; કાંતિ મણિ જેવી ચળકતી, વેપારીરે.
કંઠે મોતીનું લેહેરીયું, વેપારીરે; અરધું પટકુળ પહેરીયું, વેપારીરે.
મુગટે માણેક ચળકતાં, વેપારીરે; કરણે કુંડળ લળકતાં, વેપારીરે.
અધર આંબાની કાતળી, વેપારીરે; વિશાળ હૃદે કટિ પાતળી, વેપારીરે.
બોલ સાકરપેં મીઠડા, વેપારીરે; એવા નૈષધનાથ દીઠડા, વેપારીરે.
વણજારા એમ બોચરે, સુણ શ્યામારે, નિર્લજ વનમાં શું ફરે, સુણ શ્યામારે.
કો કહે ત્યાં વન વસી, સુણ શ્યામારે; કો કહે દીસે રાક્ષસી, સુણ શ્યામારે.
કો કહે મોટી પાપિણી, સુણ શ્યામારે; કો કહે દીસે શાકિણી, સુણ શ્યામારે.
કો કહે હું નૈષધપતિ, હો ઘેલીરે, આવ આલિંગન દીજે સતી, હો ઘેલીરે.
વાંકી દૃષ્ટે જોયે ઘણા, હો ઘેલીરે; દુઃખ પામ્યામાં નહીં મણા, હો ઘેલીરે.
રોતી નાવ બેઠી સુંદરી, સુણ રાયરે; લોકમાંહે મળી ઉતરી, ધર્મરાયરે.
વેપારી ત્યાં વાસો રહ્યા, સુણ રાયરે; બે પોહોર નિશાના ગયા, ધર્મ૦
નયણે આંસુડાં ગળે, સુણ રાયરે; દમયંતી બેઠી ઝાડ તળે, ધર્મ૦
ગજજૂથ જળ પીવા આવ્યાં, સુણ રાયરે; સિંહ થઈ કળીએ બીહાવીઆં, ધર્મ૦

ભડકા મેગળ મંડળી, સુણ રાયરે; વેપારી માર્યા મગદળી, ધર્મ૦
જે સતીને કુત્સિત વાકય બોલીયા, સુણ રાયરે; તે પાપી ગજે રગદોળીયા, ધર્મ૦
અધિષ્ઠાતા વેપારીતણેા, સુણ રાયરે; તેડયો જીવતો સાથ આપણેા, ધર્મ૦
ભાઇઓ કુતૂહલ મોટું હવું, સુણ રાયરે; મુને ઘટે છે વન બીજે જવું, ધર્મ૦
એવે કળીજુગ પાપી આવીયેા, સુણ રાયરે; વેષ તે જોશીના લાવીયેા, ધર્મ૦
તિથિપત્ર વાંચીને એમ કહે, સુણ રાયરે; ચેતો વેપારી કેા જીવતો ન રહે, ધર્મ૦

વલણ

નહીં રહે કેા જીવતા, ઉત્પાત દારુણ હોયરે;
એ કૃત્યા આવી કાલની, તેણીએ ખાધા સર્વ કેાયરે.

કડવું ૪૨ મું–રાગ મેવાડેા

દેખાડી દીધી હેા, કળિયે સુંદરી; ધાયા વેપારી હેા, લાવ્યા બંધન કરી.
સર્વે કરાવી હેા, અબળા શાકિણી; નળને સભરે હેા, મધુર ભાષિણી.
બોલ્યેા અધિકારી હેા, મારેા સર્વે મળી; પજ્યા ચુટી હેા, અબળાને નાંખી દળી.
ગડદા ને પાટુ હેા, પહાણા ને લાકડી; એણી પેરે મારી હેા, બાળા બે ઘડી.
રહ્યું બોલાતું હેા, કંટે કાંટા પડે, બંધન ચુટયું હેા, નાહાસતી આખડે.
હું વધૂ દેખી હેા, પૂર્વજ લાજીયા; મુનિ રાખેા હેા, નૈષધ રાજીયા.
ત્રાસે નાહાસે હેા, પાછું ફરી જુએ; રાજ માર્ગે હેા, દમયંતી રુએ.
અંગે ઢીમાં હેા, રુધિર ધારા ઝરે; બહુ સળ ઉઠયા હેા, અવિલેાકન કરે.
ઉષ્ણ જ રેણુ હેા, ચરણે દાઝેરે; કળી પુઠે પડીયેા હેા, દેવા દુઃખ કાજેરે.
નગ્ન,એક આવ્યું હેા, અબળા બોહેાલાસીરે; રાજ કરે છે હેા, ભાનુમતી માસીરે.
પુરમાં પેઠી હેા, આપત અવસ્તારે; ઘેલી જાણી હેા, લેાક સહુ હસતારે.
બાળક પૂઠે હેા, તાળી પાડેરે; શે ઢાકે કાયા હેા, રેણુ ઉરાડેરે.
વૈદરભી વીહીલી હેા, શેરી ચહુટે ફરેરે; નાંખે કાંકરા હેા, કર આડેા ધરેરે.
છજે બેઠી હેા, માસી ભાનુમતીરે; મેાકલી દાસી હેા, તેડાવી સતીરે.

વલણ

સતી તેડાવી રાણીએ, જે અબળા ઉભી રહીરે;
ભાણેજે માસી બોળખી પણ, માસીએ ભાણેજ બોળખી નહીરે.

કડવું ૪૩ મું–રાગ ગેાડી

દમયંતી મંદિરમાં પળે, અવાસ ન આવે આંખડી તળે;
ભાનુમતી જોઈ વિસ્મય હવી, કહે પ્રેમદા કેાણે પરભવી. ૧

પ્રભુતા તારા તનમાં રમે, ભાગ્યવાન દીસે કાં વન ભમે;
છો રુદ્રાણી બ્રહ્માણી કે વૈષ્ણવી, કોણ કારણ રૂપ ધર્યું માનવી. ૨
લૌકિક કષ્ટ વેઠો છો માત, કહો મન મૂકી જથારથ વાત;
બાઈ હું માનવી સર્વથા, કર્મ જોગે ભોગવવી વ્યથા. ૩
નર નારીએ તીર્થ જાત્રા માંડી, અંતરિયાળ પ્રભુ ગયા છાંડી;
ન જાણીએ શું દુઃખ મનમાં ધરી, નિશાએ નાથ ગયો પરહરી. ૪
કર્મ કથા એ માતા મારી, માસી કહે સાંભળ નારી;
કહીં એક તું દીઠી છે ખરી, જાણે ભગિનીની દીકરી. ૫
પણ તેને નોહે અવસ્થા એવી, રૂપે છે તું દમયંતી જેવી;
સુખે રહે સદનમાં સતી, તું મારે જેવી ઇંદુમતી. ૬
સુખાહુ મારો સુત જેહ, બેન કહીને રાખશે તેહ;
કહે દમયંતી રાખી મામ, નહીં કરું હું નીચું કામ. ૭
દહાડી એક વિપ્રને આપું અંન, હવિષ્યાન્ન કરું ભોજંન;
એવું સાંભળી હરખ્યાં રાણી, રાખી પ્રેમદા ઉલ્લટ આણી. ૮
સતી નામ ધરાવી રહી, દમયંતી ઓળખાઈ નહીં;
રાત દિન કરે નળનું ધ્યાન, વિદેશી વિપ્રને આપે આમાન. ૯
તેડાવે ટેહેલીઓ વાટે જતો, જાણે નળ સ્વામી થાય છતો;
હવિષ્યાન્ન જમે ને અવની સૂએ, દેહ દમન કરી દિન ખૂએ. ૧૦
સાંભળરે સુખ ત્યારે તન તપે, રાત દિવસ નળને જપે;
એમ ઘણા દિવસ ગયા વહી, કળીને મન ચિન્તા થઈ. ૧૧
નળથી મંન ચળે નહીં સતી, તો કેમ વરાય મારી વતી;
જો દ્વેષ આણે નળ સાથે, તો દમયંતી આવે હાથે. ૧૨
કાંઈ વળી વિપત પાડું, એને માસી સાથે વઢાડું;
માસીની કુંવરી ઇંદુમતી, એક દિવસે નહાતી હતી. ૧૩
દમયંતી પાસે તે સમે, સંગ ઇંદુમતીને ગમે;
મોતીનો હાર કંઠથી કાઢ્યો, ભીંતને ટોડલે વળગાડ્યો. ૧૪
ટોડલામાં પેઠો પાપી કળી, મુક્તાફળની માળા ગળી;
ઇંદુમતીએ માંડ્યો શણગાર, જુએ તો નવ દેખે હાર. ૧૫
અહેરો પહેરો તે ઓળ્યો ઘણું, વિચાર્યું એ કૃત્ય દાસી તણું;
પૂછ્યું તેડીને એકાંત, બાઈ તુજપર આવે છે ભ્રાંત. ૧૬

લાવ વહેલી કયાં મૂકી માળા, દમયંતીને લાગી જ્વાળા;
બાઈ બેન મા ચહડાવો આળ, પૃથ્વી જાશે રસાતાળ;
જોઈ બોલવું વદને વાંક, સ્વામીદ્રોહી પડે કુંભીપાક. ૧૭

વલણ

કુંભીપાક પડે સર્વથા, સાચું ન બોલે જેહરે;
ઘેર રાખી રંક જાણી, હશે કાં આપો છેહરે. ૧૮

કડવું ૪૪ મું–રાગ પરજીયો

ઇંદુમતી કહે બાઈ સાંભળ, લોકને કાં સંભળાવો;
કહે વૈદરભી વણ ચોરીએ, શા માટે અકળાવો. ૧
હાથમાંહેથી હાર લઇને, ના કહે કેમ ચાલે;
તસ્કર કરીને તો બાંધું, જો વસ્તુ હાથે ઝાલે. ૨
મિથ્યા હું કહેતી નથી, કોણ માળા લે તુજ પાખે;
એવી ચોરટી હું હઉં તો, રાજમાતા કેમ રાખે. ૩
માતા મારીએ માન દીધું, સતી સરખી જાણી;
અસાધવી મુને કેમ ઓળખી, શું લેતાં ગ્રહ્યો છે પાણી. ૪
અમે પરીક્ષા તારી કરી, જો ભરતારે પરહરી;
બાઈ હું મેણાં જોગ થઈ, તમારા ઘરની પેટભરી. ૫
ચોરી કરવી આંખ ભરવી, એ તે કયાંનો ન્યાય;
એવે રાજમાતા પધાર્યાં, રોઈ બંને કન્યાય. ૬
આપ આપણું દુઃખ કહે માતાને, નયણે ઢાળી આંસુ;
એક કહે મારો હાર લીધો, એક કહે ચોરી ફાંસુ. ૭
ચતુર શિરોમણિ રાજમાતા, અંતરમાં વિમાસે;
માળા ગઈ તે મોટું અચરજ, સતીને કેમ કહેવાશે. ૮
તું તો દેવી જેવી દીસે છે નારાયણની દાસ;
આપો હાર કલેશ નિવર્તે, જો કીધું હોય હાસ. ૯
સરખે સરખામાં હોય કૌતક, આપો હાર મોતી તણો;
રાજકુંવર રીસાળ ઘણું છે, જાણે થશે કલેશ ઘણો. ૧૦
માળા હોયે આપણા ઘરની, તો ફરી શોધ નવ કીજે;
છે શ્વસુર પક્ષની સર્વે જાણે, તેને શો ઉત્તર દીજે. ૧૧
હૃદે ફાટતે કહે દમયંતી, અપવાદ દીધો એવો;
હાં હાં બાઇજી હાર તમારો, લીધો છે મેં દેવો. ૧૨

: ન ઘટે રાજમાતાજી તમને, દુઃખ દેવું ઘેર રાખી;
: અમો ન હોઉં ચોરી કરનારાં, છૌં જશનાં અભિલાખી. ૧૩
ઇન્દુમતી કહે આપે છૂટશો, શો શોહોર કરવો ટાલો;
માળા મારી કરમાં મૂકો, જો જશ હોયે વહાલો. ૧૪
સેવક સખીઓ એમ કહે છે, એણીએ માળા લીધી;
મારો બાંધો તાણો પછાડો, અબળા આકળી કીધી. ૧૫

વલણ

કીધી એ નિશ્ચે ચોરટી, રાજમાતાએ જણાવી રીસરે;
દમયંતી દુઃખ પામી ઘણું, પછે સમર્યા શ્રી જુગદીશરે. ૧૬

કડવું ૪૫ મું-રાગ મારુ

હો હરિ સત્યતણા સંધાતી, હરિ હું કહીંએ નથી સમાતી;
હરિ મારે કોણ જન્મના કરતું, પ્રભુ ચોરીયકી શું નરતું. ૧
હરિ હું શા માટે દુઃખ પામું, પ્રભુ જુઓ હું રાંકડી સામું;
હરિ તમે ગ્રાહથી ગજ મૂકાવ્યો, તો હું ઉપર શો રોષ આવ્યો. ૨
હરિ હું નથી દુઃખની ધીર, તમો છો વિપત સમેના વીર;
હરિ તમે મન અપરાધ ન લાવો, હરિ તમે અનાથ બંધુ કહાવો. ૩
હરિ હું હરખે હણાઈ, હરિ હું ચોરટીમાં ગણાઈ;
હરિ હું કેની ને કોણતણી, હરિ જુઓ હું રાંકડી ભણી. ૪
હરિ હું તારી સેવા ચૂકી, તો નળે વનમાં મૂકી;
હરિ મેં વિપ્ર ન પૂજ્યા હાથે, તેથી શું તરછોડી નાથે. ૫
હરિ મેં શિવ ન પૂજ્યા જળે, તો શું રોતી મૂકી નળે;
હરિ દોહેલે ઉદર ભરવું, હરિ મુજને ઘટે છે મરવું. ૬
હરિ હું ભરતારે છાંડી, હવે દુઃખ કહું કેને માંડી;
હરિ મેં કોણ પાતક કીધાં, હરિ મેં સાધુને મેણાં દીધાં. ૭
હરિ મેં રાખ્યું હોય સત્ય, જો વહાલા હોય નળપત્ય;
મારા કોટિક છે અવગુણ, પણ તમો તો છો રે નિપુણ. ૮
અપરાધ સર્વ વિસારી, ચઢો વિઠ્ઠલા વહારે મારી;
જો નહિ આવો જગદીશ, તો પ્રાણ મારો હું તજીશ. ૯
એવું કહિને આંખે ભર્યું જળ, અમો અબળાતણું શું બળ;
એવું મનમાં ધરીયું ધ્યાન, સતીની વારે ચઢ્યા ભગવાન. ૧૦

અંતરજામીએ બુધ દીધી, સતીએ આંખ રાતડી કીધી;
કહે માસીને કરી ક્રોધ, ફરી કરો હારની શોધ. ૧૧
સાખી સૂરજ વિષ્ણુ ને વાય, જો મેં કીધો હોય અન્યાય;
બાઈ હાર તમારો જડજો, લેનારો ફાટી પડજો. ૧૨
એવું કહેતામાં કળીજુગ નાઠો, ત્યારે તડાક ટોડલો ફાટ્યો;
માંહે થકો પડ્યો નિસરી હાર, સતીને ચુક્યા વિશ્વાધાર. ૧૩
અંતરિક્ષથી અકસ્માત, વરસ્યો હારતણો વરસાદ;
એક એકપે અદકાં મોતી, રાજમાતા ટગટગ જોતી. ૧૪
પછે દમયંતીને પાગે, રાજમાતા ફરી ફરી લાગે;
બાઈ તું છે મોટી સાધ, મારો ક્ષમા કરો અપરાધ;
ઈંદુમતી થઈ ઓશીયાળી, મુખડું ન દેખાડે વાળી. ૧૫

વલણ

વાળી મુખ દેખાડે નહીં, સત સતીનું રહ્યું રે;
બૃહદશ્વ કહે યુધિષ્ઠિરને, વૈદર્ભ દેશમાં શું થયું રે. ૧૬

કડવું ૪૬ મું–રાગ દેશાખ

બૃહદશ્વજી કહે કથારે, સુણો ધર્મ ભૂપાળ;
સુદેવ સાંચર્યોરે, લેઇને તે બંને બાળ. ૧
માધવી કેશવીરે, સખી દમયંતીની જોહ;
શોભે સાહેલડીરે, જેમ પ્રાણ વહોણી દેહ. ૨
કુંદનપુર આવિયારે, ઋષિ સખી ને સૂત;
દેખીને દોહેલારે, ભીમકે જાણ્યું થયું અકૃત. ૩
છોરુ છેહ પામીયારે, રાયે હૃદયાસું લીધાં;
માબાપે મૂકીયારે, દીસે દામણાં બીધાં. ૪
સુદેવ શોકે ભર્યોરે, દુઃખે દાધી દાસીની જોડી;
મોટે મોટ મળીરે, મોટે સ્વર રુદન મૂક્યાં છોડી. ૫
જાતાં જનમાત્રનેરે, જાણ્યું જોગી થઇને જાવું;
સજ્જન સાંભર્યું રે, માંડ્યું નળના ગુણનું ગાવું. ૬
પૂછે વન્યૂવતીરે, બોલો સુત સાહેલી;
દીકરી ક્યાં ગઇરે, બે બાળકડાંને મેલી. ૭
નાથ નૈષધતણોરે, ગયો માયા ઉતારી;
સુદેવે વાતારે, ભૂપને કરી વિસ્તારી. ૮

વિલપે વિદર્ભપતીરે, નિઃશ્વાસે સાગર સૂકે;
ભીમકની ભામિનીરે, બાળક હૃદેથી નવ મૂકે. ૯
કુટુંબ ટોળે મળીરે, ભૂમિ સ્વયંવરની નીરખે;
દમયંતીએ હ્યાં નળ વાર્યોરે, હીજ્યાંનાં પગલાં પરખે. ૧૦
રાણી કહે રાયજીરે, ફરી શોધ પૂજ્યની કીજે;
જમાઇજી નવ જડેરે, તો આપણુ જોગવટો લીજે. ૧૧
શોધી કહાડો સર્વથારે, જો મારું જીવવું જાણો;
દીકરી મળ્યા વિનારે, મુખે નવ મૂકું જળ દાણો. ૧૨
ભીમકે મોકલ્યારે, સેવક સહસ્ર એક;
ખપ કરી ખોળજોરે, કહાડજો ક્ષિતિ કેરો છેક. ૧૩
ઉડતી વાર્તારે, ભીમકે સાંભળી કાન;
દમયંતી એકલીરે, નળે રોતી મૂકી રાન. ૧૪
વણજારે કહ્યુંરે, અમે દીઠી સરિતાને તીર;
રૂપ ઘણું હતુંરે, જાણ્યું શક્તિનું શરીર. ૧૫
કેશ છૂટા હતારે, વસ્ત્ર તે અડધું અંગ જાણ;
વાત ખરી મળીરે, વદતી હતી નળ નળ વાણ. ૧૬
માતા વિલપે ઘણુંરે, દુઃખે દાધું અંતઃકર્ણ;
મેળાવો ક્યાં હશેરે, દીકરી રવડી પામશે મર્ણ. ૧૭
વળ્યૂવતી માતનેરે, નીર આવે નેણુ અષાડ;
પુત્રીને શોધવારે, સુદેવને ચહડાવ્યો પાડ. ૧૮

વલણ

પાડ ચહડાવ્યો સુદેવને, કહે રાણીને રાયરે;
ગુરુજી તમ વિના અર્થ ન સરે, એમ કહી લાગ્યાં પાયરે. ૧૯

કડવું ૪૭ મું–રાગ રામગ્રી

બ્રાહ્મણ ચાલ્યો અનુચર વેશજી, અટણ કરતો દેશદેશજી;
કળા પાડી વરવું ગાત્રજી, જીર્ણ વસ્ત્ર ગ્રહ્યું તુંબીપાત્રજી. ૧

ઢાળ

પાત્ર કરમાં રહિત જોખમ, જ્યેષ્ટિકા જીર્ણ વસંત;
દુઃખી દરિદ્રી સરખો દેખીએ, જદ્યપિ છે સંપંન. ૨
નિરખે ઓવારા નવાણના, જ્યાં નીર ભરતી નાર;
જોયાં જુથ જુવતીતણા, પણ ન જડી ભીમકકુમાર. ૩

તીર્થ જાત્રા જગન જાણ્યુ, જ્યાં સ્ત્રીઓનો સંવાય;
અજાણ્યો થઈ જુએ બ્રાહ્મણ, શીશ ધુણીને જાય. ૪
પગે અટણ રસનાએ રટણ, મુખે દમયંતીનું નામ;
એમ કરતાં સુદેવ આવ્યો, રાજમાતાને ગામ. ૫
વિપ્ર પુરમાં આવિયો, વધામણી પામ્યો તર્ત;
સાંભળ્યું જે રાજમાતા, ઉજવે છે વર્ત. ૬
પૂર્ણાહુતિ વેળા હુતી, જોવા મળ્યાં બહુ જંન;
દાસી સાથે દમયંતી, કરે પંથીનું દર્શન. ૭
અપૂર્વ મનુષ્યનું કરે દર્શન, નીરખે નરની કાય;
વિચાર એવો વૈદર્ભીને, આવી મળે નળરાય. ૮
વેદ અધ્યયન કરે વાડવ, અભિષેક આશીર્વાદ;
કિંકરી બહુ ગીત ગાયે, હોય ભેરી નાદ. ૯
દીક્ષા લેઈ સુબાહુ, બેઠો તેજસ્વી જંન;
હુતદ્રવ્ય હોમાએ વિવિધ પેરે, ધુમ્ર ગયોરે ગગંન. ૧૦
દાન આપે ગાય સવચ્છી, રાય ભર્યો અહમેવ;
જગન કેરા કુંડની આગળ, આવી રહ્યો સુદેવ. ૧૧
દેહ દુર્બળ રેણુએ ભર્યો, જ્યેષ્ટિકાએ તુંબી ભરાવ્યું;
સભા સર્વ ખડખડ હસી, આ રત્ન કયાંથી આવ્યું. ૧૨
જગ્નમંડપ જોયો નહીં, નહીં જોયો દિક્ષિત નરેશ;
ઘેલો જસો આવ્યો ધસ્યો, સર્વને મારે ઠેસ. ૧૩
લોક કહે હો ઘેલીયા, ટેહુલીયા અંતરના અંધ;
ભિક્ષુક ભ્રષ્ટ વિકળ દૃષ્ટ, શો સ્ત્રી સાથે સંબંધ. ૧૪
કહ્યું કોનું નવ સાંભળે, છે કલેવરમાં કષ્ટ;
એવે સુદેવ ને દમયંતીની, મળી દૃષ્ટે દૃષ્ટ. ૧૫
નિમેષ થાતી રહી નયણે, વિચારમાં પડ્યાં બેહ;
મારે પિયરથી પધારિયો, સુદેવ સાચો એહ. ૧૬
વિપ્ર કો વિદર્ભનો એ, નહાનપણ મધ્ય નેહ;
માંહોમાંહે જોયાં કરે, સર્વને થયો સંદેહ. ૧૭
ગુરુએ ગોરી ઓળખી, જડ્યું અબળાનું એંધાણ;
ભામિનીના ભાલ ઉપર, વિધિએ નિર્મ્યો ભાણ. ૧૮

અગોપ રાખતી માસી મંદિર, કેશકેરી લટ;
ખસી વેણી સૂરજ ઝળકયેા, હૃદે ભરાયું ઉલટ. ૧૯
સમીપ આવ્યાં સામ સામાં, નેત્ર જળ જેમ નેવ;
સાથે બંન્યેા બેાલિયાં, હેા દમયંતી સુદેવ. ૨૦

વલણ

સુદેવ દમયંતી મળ્યાં, ધરણી ઢળ્યાં મૂર્ચ્છા હવીરે;
સભા સર્વ વિસ્મય થઈ, આ તેા વાર્તા દીસે નવીરે. ૨૧

કડવું ૪૮ મું–રાગ વેરાડી

મૂર્ચ્છાથી મહીલા જાગી, પૂછયું ગેારને પાગે લાગી;
શકે છેા ધરના મુની, હા દીકરી કાં તું સુની. ૧
દુર્બળ કેાણ કારણે, દાસી માસીને બારણે;
ઓળખી નહીં તુંને માડી, મેં દેહીની કળા પાડી. ૨
શું માસીએ દુઃખ દીધું, નાજી વાછળ* કીધું;
નાથજીએ તને કાં મૂકી, હું નેટ કાંઈ એક ચૂકી. ૩
નથી બાઈ તું ચુકવાવાળી, નહીં તજે અન્યા ટાળી;
માતા પિતા જે તારાં, રેાતાં હશે તે ચેાધારાં. ૪
પીયરથી આવ્યેા સતી, શું પ્રગટયા નૈષધપતી;
હા નળની થઈ છે શેાધ, મુજને ઘેા છેા પ્રતિબેાધ. ૫
હા નિશ્ચય નળ પ્રગટ, છે વાણીમાંહે કપટ;
છેારુને છેહ કાં આપ્યાં, છતે બાપે થયાં નબાપાં. ૬
રાજમાતાજી એમ પૂછે, ઋષિ તારે ને એને શું છે;
એ કેાણ કેાને જાણેજી, એ તેા તમારી ભાણેજી. ૭
કેઈ ભાણેજી એ મારી, દમયંતી નળની નારી;
એ વાત તે કેમ નીપજી, ભરતારે એને કાં તજી. ૮
દ્યૂત રમીને નૈષધ હાર્યા, તે માટે વન પધાર્યા;
શું જાણીએ શા કાજે, ત્યાજ કરી મહારાજે. ૯
તું દમયંતી દીકરી, હા થઈ રહી કિંકરી;
સુણી માસી ધરણી ઢળી, સભા થઈ વ્યાકુળી. ૧૦
સુદેવ કહે છે નાટ, એમ ભુલ્યાં તે શ્યામાટ;
જે પેાતાનું પેટ, તેને કેમ વિસરીએ નેટ. ૧૧

* વાત્સલ્ય.

હું વરાંસીરે બાપ, એમ માસી કરે વિલાપ;
ત્યાં થઈ રહ્યો હાહાકાર, સુદેવ કહે સૌને ધિક્કાર. ૧૨

વલણ

સુદેવ કહે ધિક્કાર રે, ઓળખી નહીં સુંદરી સતીરે;
રાજકુંવર લાજ્યો ઘણું, રુએ અતિસે ઈંદુમતીરે. ૧૩

કડવું ૪૯ મું-રાગ ગોડી

કાયા કુસુમરૂપે કિંકરીને, દેખી દાધો સુદેવ;
અજાણ્યાં થઇને ઇહાં રહ્યાં, થઈ દાસી કીધી સેવ. ૧
અન્યોન્યે વાત પૂછી ને, હૃદયે પામ્યાં શોક;
રાજમાતા સુબાહુને, સુદેવે દીધો દોષ. ૨
માસી મૂર્છા પામિયાં રે, હવો હાહાકાર;
દમયંતી પરદાસત્વ ભોગવ્યું, પ્રીછ્યો નહિ પરિવાર. ૩
રાજમાતા લજ્જા પામ્યારે, આવ્યાં દમયંતી પાસ;
દીકરી દુઃખે દહાડા નિર્ગમ્યારે, વરત્યાં થઇને દાસ. ૪
અધર્મ આળ ચહડાવિયુંરે, ઓછું આપ્યું અન્ન;
ભોજન પેટ ભરી નવ પામિયાંરે, વસતું લેખ્યું વંન. ૫
છબીલી તું મુજને છાનું કહેત, તો નિશ્ચય ન પ્રગટત નેટ;
પરાધીન પિંડ પોષિયેારે, પરવશ ભરિયું પેટ. ૬
રત્ન મારી દીકરી, મેં ગણી ઠીકરી સમાન;
વૈદરભી વિપત વેડી ઘણીરે, ખોયું વપુનું વાન. ૭
દાસપણે રહી બાપડીરે, તેણે દુઃખે હું બાળી;
દુર્બળ દારિદ્ર્ય જણાવિયુંરે, નહીં વાલની વાળી. ૮
સુવાને કાજે સાથરોરે, વસ્ત્ર પહેરવાને જાડું;
શીતળ નીરે નાહી દીકરી ને, નહીં નહેરી ને નાડું. ૯
દાધું કલેવર મારુંરે, ચીરી કોયલા કહાડું;
પુલપુલી મારી દીકરી રે, અન્ન જમી દીધું ટહાડું. ૧૦
હવે જીવીને શું કરુંરે, વિષ ખાઇને પહોડું;
થઈ ગોઝારી બેન આગળેરે, શું દેખાડીશ મહોડું. ૧૧
ઈંદુમતી મુખ સંતાડતીરે, હું થઈ છેક છછોરી
હું ભુંડી ભવોભવ વાતોંરે, ચહડાવી હારની ચોરી. ૧૨

લજ્જા સાગરમાં બૂડી ગયોરે, મસીઆઈ જો સુબાહુ;
સુત સૂરજને આવી ગ્રસ્યોરે, અપરાધ રૂપી એ રાહુ. ૧૩
એમ ઓશિયાળાં સર્વ થયાંરે, બોલી દમયંતી વાણુ;
માસી તમ ઘેર સુખ પામી ઘણુંરે, સાખી સારંગપાણુ. ૧૪
દોહેલા દહાડા ઉતર્યારે, રહી મારી લાજ;
પુત્રી સરખી હું ગણીરે, ન દીધું નીચું કાજ. ૧૫
માસી ભાણેજ બન્યો મળ્યાંરે, ઓળખ્યાનાં આલિંગન;
શત સહસ્ર સ્વાગત માંડી પછેરે, માન્યો ઘણું મુનિજંન. ૧૬
વસ્ત્ર વાહન આપિયાંરે, વિનવિયો વિપ્રરાય;
ઘણુંએક દમયંતીને આપ્યુંરે, માસી લાગી પાય. ૧૭
સુબાહુ સાથે મોકલ્યોરે, વળાવ્યાં કુન્દનપૂર;
સુખ શોભાએ જાયે સુંદરીરે, પંથ ઘણા છે દૂર. ૧૮
ભાનુમતી ભેટી ઘણુંરે, દીકરી મારી સાધ;
તું છો છત્રપતીની અંગનારે, મારો ક્ષમા કરો અપરાધ. ૧૯
પગે લાગી માગી આજ્ઞારે, બેસી બેડી સુખપાલ;
બેન માસી જાતાં માગીયુંરે, વૈદરભી રાખે વહાલ. ૨૦

વલણ

વહાલ રાખે વૈદરભી, ક્ષેમે મળજો નૈષધધણીરે;
થોડે કાળે પહોંતી પ્રેમદા, પીયર ગઈ વધામણીરે. ૨૧

કડવું ૫૦ મું-રાગ મેવાડો

હરખ ભર્યો સુદેવે વાણી ભણી, હો દમયંતી.
ઓ આવી નગરી ભીમકતણી, હો દમયંતી.
કહો તો લઈ જાઉં વધામણી, હો દમયંતી.
પીયર પુરી જુઓ, નળની વિજોગણી, હો દમયંતી.
ઓ દીસે ગઢકેરા કાંગરા, હો દમયંતી.
ઓ હરતી સાંકળ લાંગર્યાં, હો દમયંતી.
ઓ પેલાં ઘર વાડી ઝાડુઆં, હો મુનિજી.
શું કરતાં હશે મારાં બાહુઆં, હો ગુરુજી.
કેમ જીવી હશે બે સાહેલડી, હો મુનિજી.
મુને દેખીને માતા થાશે ઘેલડી, હો ગુરજી.
ઓ જાય સ્ત્રીનાં જોડલાં, હો મુનિજી.
ઓ હણહણે બાપજી કેરાં ઘોડલાં, હો ગુરજી.

એ દીસે સ્થળ સ્વયંવરતણું, હો મુનિજી.
ત્યાં હાર્યું દેવે દેવતાપણું, હો ગુરુજી.
મુને ન વિસરે અવસ્થા રાનની, હો મુનિજી.
કયારે દેખું જાત જજમાનની, હો ગુરુજી.
પિયુ વિના પિયરિયું ગ્રસે, હો મુનિજી.
નળ વિના ઉજ્જડ કેા નવ વસે, હો ગુરુજી.
સ્વાસ ભર્યો સુદેવ પુરમાં સાંચર્યો, સુણ રાયજી.
વધામણી વધામણી એમ ઓચર્યો, સુણ રાયજી.
સભા સર્વ વિસ્મય હવી, સુણ રાયજી.
જાણે પ્રગટયો નૈષધ રવી, સુણ રાયજી.
હરખે ભીમક પૂછે ફરી ફરી, હો મુનિજી.
એ આવે રાય તમારી દીકરી, કહે મુનિજી.
ચાલ્યેા ભીમક કુંવરી ભણી, કયાં દમયંતી.
વજાવતી જાતી હરખે ઘણી, કયાં દમયંતી.
ધાયાં ભાઈ ને ભોજાઈ લજ્જા વિસરી, કયાં દમયંતી.
હરખે ભર્યાં ઝાંઝર પડે નિસરી, કયાં દમયંતી.
ઘેલી સરખી સાહેલી મળવા ધસી, કયાં દમયંતી.
શીશ ઉઘાડાં પાલવિયા જાય ખસી, કયાં દમયંતી.
વાયુ ભર્યા કેશ શોભે મેાકળા, કયાં દમયંતી.
અંબર છૂટે ત્રૂટે કટિમેખલા, કયાં દમયંતી.
આવીરે પીયર પ્રજા સેાહામણી, હો દમયંતી.
દીડીરે દીકરી દુઃખે દામણી, હો દમયંતી.
ભૂજ ભરી મહિયરીયાંને મળે, હો દમયંતી.
જુએ માવડી ભુજ મૂકી ગળે, હો દમયંતી.
મારી માવડી આવડી શે દુર્બળી, હો દમયંતી.
શું પૂછે માત પ્રીત પીયુની ટળી, કહે દમયંતી.
આંસુ ફેડી તેડી મંદિરમાં ગયાં, સુણ રાયજી.
દાસી વેષનાં વસ્ત્ર મૂકાવિયાં, સુણ રાયજી.

વલણ

મૂકાવ્યેા વેષ માત તાતે, બાળક મૂકયાં ખોળેરે;
એ વરસે બાળકાં તે, માતાને મળીયાં ટોળેરે.

કડવું ૫૧ મું–રાગ આશાવરી

વૈશંપાયન વાણી વદે, સુણ જનમેજય ભૂપાળરે;
બૃહદશ્વ કહે યુધિષ્ઠિરને, મળ્યાં બન્યો બાળરે. ૧
સાથ ભ્રાત ને ભોજાઈ મળ્યાં, માતા ને વળી તાતરે;
દમયંતીને નાથ વિયોગે, અંતર માંહે અશાતરે. ૨
કુટુંબ સર્વે પૂછે પ્રેમે, શી શી વાર્તા વીતિરે;
ઘટે તેવો સમાચાર સતીએ, કહ્યો અથ ઇતિરે. ૩
ફરી શોધ નળની મંડાવી, ભીમકે મોકલ્યા દાસરે;
પ્રભુ પાએ દમયંતી, પાળવા લાગી સંન્યાસરે. ૪
અલવણ અંન અશન કરવું, અવનીપર શયંનરે;
આભૂષણ રહિત અંગ અમળાનું, કાજળ વિના નયંનરે. ૫
નિયમ રાખ્યો નાનાવિધનો, ઉગ્ર આખડી પાળેરે;
પતિવ્રતા તો પિયુને ભજે ને, અન્ય પુરુષ નવ ભાળેરે. ૬
નામ નળનું, ધ્યાન નળનું, સખીસું નળની વાતરે;
દુઃખે જાયે દિવસ ને રયણી, નયણે વરસે વરસાદરે. ૭
પરદેશી પંચ વિપ્રને, નિત્ય આપે આમાનરે;
વૈદરભી જાણે વાડવ વેષે, આવી મળે રાજાનરે. ૮
એવે આવી ઋતુ વર્ષાની, વૈદરભી વિરહ વધારણરે;
ગાજે મેહ ઉધડકે દેહ, સખી આપે હૈયાધારણરે. ૯
વિનતા હીડે વાડી માંહે, દ્રુમ લતાને તળેરે;
સુગંધ સંધાતે બિન્દુ શીતળ, ગોરી ઉપર ગળેરે. ૧૦
કોકિલા બપૈયા બોલે, તે શબ્દ ભેદે અંગરે;
વિરહિણી તે વીજળી જાણે, ભેદે હૃદયા સંગરે. ૧૧
વર્ષાકાળે વિજોગ પીડે, માનિનીને મન ભાલેરે;
વૈદરભીને વર્ષાકાળ વીત્યો, આવ્યો શત્રુ શિયાળોરે. ૧૨
આકાશ અંગિયા અંબુજ ઉઘડ્યાં, નિર્મળ ઇંદુ શરદેરે;
પતિવિજોગ પીડે છે પાપી, સતિ રહે છે સત્ય બરદેરે. ૧૩
દુઃખે દિવસ નાંખે દમયંતી, એક વરસ ગયું વહીરે;
ત્રણ સંવત્સરની અવધ વીતી, નાથ આવ્યો નહીરે. ૧૪
સુદેવની તેડી સ્તુતિ કીધી, આંસુ નયણે ઢાળીરે;
નૈષધનાથને કોણ મેળવે, હો ગુરુજી તમ ટાળીરે. ૧૫

જન્મના તમો છો હેતસ્વી, કારજ મનથી કરવુંરે;
ન ઘટે કહ્યાની વાટ જોવી, શોધવા નિસરવુંરે. ૧૬
ધીરજ આપી નૈષધનારને, વેશ નાનાવિધ ધરતોરે;
દમયંતીએ શીખ્યો હોંડે, ટેહેલ સધળે કરતોરે. ૧૭
રથે બેઠો ફરે મુનિવર, સેવક સેવા કરેરે;
જ્યાં ગામ આવે ત્યાં કળા પાડી, વેશ ટેહેલીઆનો ધરેરે. ૧૮
ડોઢ માસ ગયો અટણ કરતાં, આવ્યો અયોધ્યા માંયરે;
સભા માંહે ટેહેલ નાખી, જ્યાં બેઠો ઋતુપર્ણ રાયરે. ૧૯
અલભ્ય વસ્તુની પ્રાપ્તિ થઈ, પરિત્યાજ તેના કીધારે;
ધર્મધોરિધર ધિક્ક તુજને, ફરી તપાસ ન લીધારે. ૨૦
રંકે રત્નનું જતન ન થાયે, જાત નીવડી નેટરે;
વિલપે છે વસ્તુ વોહોરતીઆ વિના, કાં ભરે પરઘેર પેટરે. ૨૧
કુળ લજ્જાવ્યું કરમી માણસે, કીર્તિ કીધી ઝાંખીરે;
જ્ઞાની પુરુષ વિચારી જો જો, ટેહેલ સુદેવે નાખીરે. ૨૨
સભા સહુ વિસ્મય થઈ કાંઈ, ટેહેલ છે મરમાળીરે;
ગેહેલીયો ટેહેલીયો કરીને કહાજ્યો, કોઈ ઉત્તર નાપે વાળીરે. ૨૩
સુદેવ ગયો હયશાળા મધ્યે, ટેહેલ નાખી તેણે ઠારરે;
મહીલાનાં કહાવ્યાં વચન સુણીને, બાહુક નિસર્યો બહારરે. ૨૪
કદ્રુપ કાયા કામળ ઓઢી, કરમાંહે ખરેરોરે;
પ્રગટ બારે બંબારીને બોલ્યો, તીખા ને તરેરોરે. ૨૫
કારમો સરખો કપોળ ચહડાવે, ટુંકડાં કર નચાવેરે;
નાસિકાએ સડકા તાણે ને, નયણાં મચમચાવેરે. ૨૬
ભારે વચન કહ્યાં તેં બ્રાહ્મણ, નિસર્યો મેહેણાં દેવારે;
વસ્તુને વિપત તો વોહોરતીઓ, કરતો હશે પરઘેર સેવારે. ૨૭
વોહોર્યું તે કાંઈ રત્ન જાણીને, કાચ થઈ નીવડીયુંરે;
તત્ત્વ રહિત માટે તજ્યું છે, નથી છૂટી પડીયુંરે. ૨૮
તેહ મિત્રને તજીએ જેનું, મળવું મન વિના ઠાલુંરે;
તે સ્ત્રીને પરહરિએ જેનું, પિયુ કરતાં પેટ વહાલુંરે. ૨૯
વાંક નહીં હોયે વોહોરતીઆનો, રહ્યો હોશે નિજધર્મેરે;
વસ્તુ વિપત પામતી હશે તે, પોતે પોતાને કર્મેરે. ૩૦

ગૂઢ વચન કહી ઘોડારમાં, બાહુક જઈને બેઠારે;
સુદેવ તો સાંસાંમાં પડ્યો, પ્રાણ વિચારમાં પેઠારે. ૩૧
એ બોલી તો નૈષધનાથની, હારદ અનાહૂતરે;
નળ ભૂપ એને કેમ કરી માનું, રૂપે બીજો ભૂતરે. ૩૨
જઠરભરણ કો રીષનું જાળું, ફરી ન જાય બોલાવ્યોરે;
પડોશીને પૂછી કહાડ્યું, ત્રણ વરસ થયાં આવ્યોરે. ૩૩
રાજાએ પ્રીત કરીને રાખ્યો, અશ્વવિદ્યા કોઈ જાણેરે;
પવિત્ર નૈવેદ્યને પાળે, વિજોગનું દુઃખ આણેરે. ૩૪
એવું સાંભળી સુદેવ ચાલ્યો, આવ્યો વિદર્ભ દેશરે;
વૈદર્ભી તવ આનંદ પામી, વિપ્ર પૂજ્યો વિશેષરે. ૩૫
શ્યામાએ સમાચાર પૂછ્યો, કહીં સ્વામીની ભાળરે;
સુદેવ કહે નિસાસો મૂકી, જડ્યો નહીં ભૂપાળરે ૩૬
દેશ વિદેશ ગામ ઉપગામ, અવની બોળી બાંધીરે;
અટણ કરતાં અયોધ્યામાં, શોધ કાંઈ એક લાધીરે. ૩૭
સભા નવ સમજી ઋતુપર્ણની, રહ્યાં મસ્તક ડોલીરે;
બાળબીહામણો ઘોડાર માંહેથી, બાહુક ઉઠ્યો બોલીરે. ૩૮
સ્વરૂપ જોઈ હું છળ્યો છઉં, સ્વપ્નામાં બીહાવેરે;
નાઠો આવ્યો છઉં ફરી ફરી જોતો, રખે પૂંઠેથી આવેરે. ૩૯
ભૂત પિશાચ કે જમકિંકર, પ્રેત અથવા રાહુરે;
અયોધ્યમાં રોતાં રાખવા, બાળકને તે હાઉરે ૪૦
તેણે ટેહેલનો ઉત્તર આપ્યો, કાંઈ સ્વાદ ઇન્દ્રનો વાંકરે;
કહે વસ્ત બોટી થઈ નીવડી, શું કરે વોહરતીઓ રાંકરે. ૪૧
પિયુજનથી પેટ જ વહાલું, તેનો સંગ તે માઠોરે;
બેહુને દુઃખ સરખાં હોશે, કહી ઘોડારમાં નાઠોરે. ૪૨
એ બોલી તો બાહુકીઆની, જુઓ વિચારી બાઈરે;
મર્મ વચન સુણી મહિલાનું, હૃદે આવ્યું ભરાઈરે. ૪૩

વલણ

ભરાયું હૃદે રાણીતણું, ને આંસુ મૂકયાં રેડીરે;
બાહુક નોહે એ નૈષધપતી, સુદેવ લાવો તેડીરે. ૪૪

કડવું પર મું–રાગ સોરઠી મારુ

આંસુ ભરીને કામિની કરે, વાણીનો વિચાર, ગુરુજી.
એ નોહે બાહુકના બોલડા, હોયે વીરસેન કુમાર, ગુરુજી.
એ જીવન પ્રાણાધાર, ગુરુજી, જાઓ મા લગાડો વાર, ગુરુજી.
ભ્રાંત પડે છે રૂપની, તે પ્રગટ્યાં મારાં પાપ, ગુરુજી.
રૂપ બોયું કહીં રાયજી, એ કોણે દીધો હશે શાપ, ગુરુજી.
મારા જાએ તનના તાપ, ગુરુજી, તમ વડે થાય મેળાપ, ગુરુજી.
અશ્વરક્ષકનો નોહે આશરોરે, જાણે અંતરની વાત, ગુરુજી.
બોલે બોલ જ મારીઓરે, નોહે ઘોડારીઆની ઘાટ, ગુરુજી.
હું જાણું બોલ્યાની જાત, ગુરુજી, હોય પુષ્કરજીનો ભ્રાત, ગુરુજી.
પુનરપિ જાઓ તેડવારે, જીવન વસે છે જાંહે, ગુરુજી.
પરીક્ષા એ પુણ્યશ્લોકની, એક દિવસે આવે આંહે, ગુરુજી.
જાઓ અયોધ્યામાંહે ગુરુજી, હવે બેસી રહ્યા તે કાંહે, ગુરુજી.
જઈ કહો ઋતુપર્ણ રાયને, તજી વૈદર્ભી નળ મહરાજ, ગુરુજી.
સ્વયંવર ફરી માંડિયોરે, છે લગ્નનો દહાડો આજ, ગુરુજી.
એ વાતે નથી લાજ, જેમ તેમ કરવું કાજ, ગુરુજી.
કપટે લખી કંકોતરીરે, ઋતુપર્ણને નિમંત્રણ, ગુરુજી.
સુદેવ તેડી લાવજો, જોઇએ બાહુકીઆનાં આચરણ, ગુરુજી
એનું કેવું છે અંતઃકર્ણ, ગુરુજી, એનાં જોઇએ વપુ ને વર્ણ, ગુરુજી.

વલણ

આચરણ અશ્વપાલકતણાં, ત્યાં આવે ઓળખાયરે;
પત્ર લેઈ પરપંચનો સુદેવ, આવ્યો અયોધ્યા માંયરે.

કડવું પ૩ મું–રાગ સામેરી

સુદેવ સભામાં આવિયો જ્યાં, બેઠો છે ઋતુપર્ણ;
કરમાંહે આપી કંકોતરી, ઉપર લખ્યું નિમંત્રણ. ૧
પ્રીત વિશેષે પત્ર લીધું, કીધું અવિલોકન;
સ્વતિ શ્રી અયોધ્યાપુરી, ઋતુપર્ણ રાય પાવંન. ૨
વિદર્ભ દેશથી લખીતંગ ભીમક, નળે દમયંતી પરહરી;
એને દેવનું વરદાન છે માટે, સ્વયંવર કીજે ફરી. ૩
પૃથ્વીના ભૂપતિ આવશે, તમો આવજો ખપ કરી;
સૂરજ વંશીને વરવો નિશ્ચે, કુંવરીએ ઇચ્છા ધરી. ૪

ભૂપતિ આનંદે ભર્યો, સભામાંહે એમ ભાખે;
ભાઈ વેદવાણી દમયંતી, કોને નહીં વરે મુજ પાખે. ૫
અધર ડસે કર ઘસે, વિપ્ર ઉપર આંખ કહાડે;
નોહોતરીયો નિર્માલ્ય દીસે, આવ્યો લગ્નને દહાડે. ૬
સુદેવ કહે હું કયમ કરું, વેગળું તમારું ગામ;
શત ઠામ થાતાં આવવું, કંકોતરીનું કામ. ૭
ધાઈ ગયા સર્વ ભૂપ જે, પ્રથમ રૂપના પળકા;
ઋતુપર્ણ આસનથી ઉઠે એસે, થાય પરણવાના સળકા. ૮
આહા ગઈ દમયંતી હાથથી, કંકોતરી આવી મોડી;
એક નિશાંનો આંતરો હોત તો, જાત જેમ તેમ દોડી. ૯
ત્રાહે ત્રાહે બોલે મસ્તક ડોલે, નિસાસા મૂકે ઊંડા;
વૈદરભી વરતાં વેર વાળ્યું, અરે બ્રાહ્મણ ભુંડા. ૧૦
સાંઢ તો સાંપડી નહીં, નહીં પવનવેગી ઘોડા;
કંસાર દમયંતીના કરનો, નહીં જમે આ મોહોડાં. ૧૧
સભામાં બેઠો નિરાશ થઈ, પ્રધાન બોલ્યો વચંન;
પેલો બાહુકીઓ શે અર્થ આવશે, બેઠો વણસાડે અંન. ૧૨
ઋતુપર્ણ આનંદ પામ્યો, મોકલ્યો સેવક;
લાવ તેડી બાહુકીઆને, જે જાણે ગયાની તક. ૧૩
શ્વાસ ભરાયો દાસ આવ્યો, અશ્વપાલકની પાસ;
ઉઠો ભાઈ ભૂપ તેડે છે, ગ્રહો પરોણો રાસ. ૧૪
બાહુક ચાલ્યો ચાબક ઝાલ્યો, મુખે તે બડબડતો;
આવ્યો નીચી નાડે નરખતો, નાકે તે સરડકાં ભરતો. ૧૫
સભા મધ્યે સર્વ હસ્યા, આ રત્ન રથખેડણ;
ઋતુપર્ણ બોલ્યો માન દેઈ, આવો દુઃખફેડણ. ૧૬
ઘણે દિવસે કારજ પડયું છે, રાખો અમારી લાજ;
તમો પરણાવો વૈદરભીને, વિદ્રભા જાવું આજ. ૧૭
સમુદ્ર સેવ્યો રત્ન આપે, મેં સેવ્યા એમ જાણી;
આજ વિદર્ભા લેઈ જાઓ, ગ્રહું દમયંતીના પાણી. ૧૮
બાહુક વળતો બોલિયો, ફૂલાવિને નાસા;
આ ભિયા પરણશે દમયંતીને, અરે પાપિણી આશા. ૧૯

હંસ કન્યા કેમ કરે, વાયસસું સંકેત;
નિર્લજ્જની સાથે અમે આવું, તો પછે થાઉં પ્રજેત. ૨૦
છછોરા ન થઇએ રાયજી, પરપત્નીસું તલખાં;
કેમ વરે વર જીવતે તો, મિથ્યા મારવાં વલખાં. ૨૧
પુણ્યશ્લોકની પ્રેમદા ને, ભીમક રાજકુમારી;
તમો વિષયીને લજ્જા શાની, થાય પ્રજેતી મારી. ૨૨
રાય કહે હયપતિ, મારીવતી હયને હાંકો;
મારે તો સર્વસ્વ ગયુંરે, તમો જેવારે ના કોહો. ૨૩
બાહુક વળતો બોલિયો, જ્યાં હોયે સ્વયંવર;
અંતર નહીં સેવક સ્વામીમાં, આપણ બન્યો વર. ૨૪
હારય કરીને કહે રાય, વર તમો પરથમ;
ભાગ્ય ભડશે કન્યા જડશે, ત્યાં જઇએ જ્યમ ત્યમ. ૨૫
દુબળા ઘોડા ચાર જોત્યા, રથ કર્યો સાવધાન;
શીઘ્રે ત્યાં શણગાર સમજવા, સાંચર્યો રાજન. ૨૬
રાણી કહે ઋતુપર્ણને, પરહરી હુંપર પ્રેમ;
ક્ષત્રી થઇને કરો ધધરણું, નવ હોયે અંતે ક્ષેમ. ૨૭
પતિએ તજી તે અણછતી, કાંઈ એક ગોરી ગૂધ;
બાહુક વડે પરણવી રાય, થયું ઉજળું દૂધ. ૨૮
સૂરજ વંશતણી એ શોભા, તમથી ઝાંખી હોય;
રીસ ચડી ઋતુપર્ણને, પછી ધણીઆણીને ધોય. ૨૯
અમો ભ્રમર કોટિ કુસુમ સેવું, તું શું ચલાવીશ ચાલ;
વીજળી સરખી લાવું વૈદરભી, કરું સોકયનું સાલ. ૩૦
એમ કહી સભામાં આવ્યો, દુંદુભિ રહ્યાં છે ગાજી;
રીસ કરી કહ્યું બાહુકને, કાં જોત્યા દુર્બળ વાજી. ૩૧
કરણ લૂલા ને ચરણ રાંટા, બગાઈ બહુ ગણગણે;
અસ્થિ નિસર્યાં ત્વચા ગાઢી, ભયાનક હણહણે. ૩૨
ચારે નોહે ચાલવાના, આગળ નીચાં પાછળ ઊંચા;
ખુંધા ને ખોડે ભર્યા, બે કરડકણા બે બૂચા. ૩૩
ઋતુપર્ણ જોઈ શીશ ધુણાવીને, બોલ્યો વળતી ખીજી;
એ જોડી શું કુરૂપ લાવ્યા, જોડ ધણી છે બીજી. ૩૪

પવન વેગે પાણીપંથા, શત જોજન હીંડે ઠેઠ;
એવા ઘોડા મૂકીને કાં, જોડ્યા દૈવની વેઠ. ૩૫
બાહુક કહે શી ચેષ્ટા માંડી, શું ઓળખો અશ્વની જાત;
જો પુષ્ટ હયને જોડશો તો, હું ન આવું સાથ. ૩૬
એ અશ્વ રાખવો ને રથ હાંકવો, ચડી બેઠો ભૂપાળ;
રાસ પરોણો પછાડીઓ, બાહુકને ચઢ્યો કાળ. ૩૭
આટલીવાર લગે લજ્જા રાખી, બોલ્યો નહીં મા મૂચ;
તું આગળથી રથે કેમ બેઠો, હુંપે તું શું ઉંચ. ૩૮
ઋતુપર્ણ હેઠો ઉતર્યો, વિવિધ વિનય કરતો;
જાય રાય પાસે બાહુક નાસે, તે રથ પૂંઠે ફરતો. ૩૯
પ્રણિપત્ય કીધું ઋતુપર્ણે, હયપતિ હઠ મૂકો;
ઉપકારી જન અપરાધ મારો, બેઠો તે હું ચૂકો. ૪૦
બાહુક કહે યદ્યપિ રાસ ઝાલું, બેસીએ બંન્યો જોડે;
તુને હરખ પરણ્યાં તણો ત્યમ, હુંએ ભરયો છોં કોડે. ૪૧
સામસામા ચક્ર ધરીને, બંને સાથે ચઢ્યા;
ચેડી દીધી બાહુકે ત્યારે, અશ્વ ઢળીને પડ્યા. ૪૨
મુગટ ખસી ગયો રાયજીનો, માન શુકન હુઆ;
બાહુકે અશ્વ ઉઠાડિયા, હાંકે ને કહે ધણી મુઆ. ૪૩
અંન એવા અશ્વ નિર્બળ, ખાંચે ખીજી ખીજી;
રાય કહે લોક સાંભળે, એ વિના ગાળ ઘોં ખીજી. ૪૪
સુદેવ તાણી બેસાડીઓ, રાય કહાડે છે ડોળા;
શેરીએ શેરીએ જાન જોવા, ઉભાં લોકનાં ટોળાં. ૪૫
દુર્બળ ઘોડા દરિદ્ર બ્રાહ્મણ, જોગ સારથિનો જોડો;
વૈદરભીને વરવા ચાલ્યા, ભલો ભજ્યો વરઘોડો. ૪૬
હાંકે ને હીંડે પાછા પાછા, ઝુંસરી કહાડી નાંખે;
તાણી દોડે ધરભણી, ઉભા રહે વણ રાખે. ૪૭
પૃષ્ઠ ઉપર પડે પરોણા, કરડવા પાછા ફરે;
પોહોળે પગે રહે ઉભા, વારે વારે મળ મૂત્ર કરે. ૪૮
રાય કહે હો હયપતિ, નથી વાત એકો સરવી;
બાહુક કહે ચિંતા ઘણી છે, મારે દમયંતી વરવી. ૪૯

ઘણે દોહેલે ગામ મૂકયું, રાયે નિસાસા મૂકયા;
પુણ્યશ્લોકે હેઠા ઊતરી, કાન અશ્વના ફૂંકયા. ૫૦
અશ્વમંત્ર ભણ્યો ભૂપતિએ, ઇંદ્રનું ધર્યું ધ્યાન;
અશ્વ ચારે ઉતપત્યા, ઉચ્ચૈઃશ્રવા સમાન. ૫૧
અવનિએ અડકે નહીં, રથ અંતરિક્ષ જાય;
દોટ મૂકી બેઠો બાહુક, રખે પડતા રાય. ૫૨
માંહોમાંહે વળગીને બેઠા, ભૂપ ને બ્રાહ્મણ;
રાય વિમાસે વરે કન્યા, વરુઆમાં વશીકર્ણ. ૫૩
કામણગારો કાળિયો, એના ગુણ રસાળ;
ત્રણ કોડીનાં ટટુઆં, એણે કર્યાં પંખાળ. ૫૪
હસી રાજા બોલિયા, થાબડી બાહુકની ખંધ;
તારે પુણ્યે મારે થાશે, વૈદર્ભીસું સંબંધ. ૫૫
વાજી વિદ્યા વાસવની, તુજ કને પરિપૂર્ણ;
નાની વાત નોહે ભાઈ, રહે વિદ્યાનું સ્મરણ. ૫૬
ઐરાવત ને ઉચ્ચૈઃશ્રવા, હાર્યો ગરુડનો વેગ;
તારે હાંકવે હમણાં થઇશું, વિદર્ભ ભેગાભેગ. ૫૭
વિખાણે પોતાનાં ભાગ્યને, ભૂપ કહાડે ઘેલાં;
જો દમયંતી મુજને વરે તો, બાહુક પૂજું પહેલાં. ૫૮
ભીમકસુતાસું હસ્તમેળાપક, જો થાશે હયપતિ;
બાહુક કહે વિલંબ શો છે, પ્રબળ તારી રતિ. ૫૯
વાટ ઓસરે વાત કરતાં, ઉડતા ચાલે અશ્વ;
રાય વિદ્યાને વખાણે, ન જાણે મનનું રહસ્ય. ૬૦
તાણ્યા ન રહે ત્રેહેકતા, દે દોટ ઊપર દોટો;
એક ઝાંખરે વળગી રહ્યો, રાયની પામરીનો જોટો. ૬૧
હાં હાં રાખ કહેતાં હય દોડ્યા, રથ ગયો જોજંન;
બાહુકે રથ રાખ્યો, કહે લઈ આવો રાજંન. ૬૨
રાય વળતો બોલિયો, શ્રમ મંન વિચારી;
દમયંતીના નામ ઉપર, નાખી પામરી ઓવારી. ૬૩
જા લાવ બાહુક તુંને આપી, પામરી એહ જોડ;
બાહુક કહે દમયંતી ઉપર, તું સરખા ઓવારું કોડ. ૬૪

રાય મોટા દાનેશ્વરી બોલ્યા, બાહુક જાચક તું થા;
પરણવા જાઉં દમયંતી, લેઉં તારી પામરીના ચુંથા. ૬૫
એવું કહી રથ ખેડીઓ ને, રાય મંન વિમાસે;
રંક હોય તો સદ્ય લાવે, મોટો કેમ વરાંસે. ૬૬
હયપતિ તમમાં વિદ્યા મોટી, ગુણે વળિયો છેક;
તારે પ્રતાપે મુજ કને છે, અક્ષ વિદ્યા એક. ૬૭
ગણિત શાસ્ત્રને હું જાણું છઉં, કહો તો દેખાડું કરી;
એક બેહેડાનું વૃક્ષ આવ્યું, બાહુક પડ્યો ઉતરી. ૬૮
રાય પ્રત્યે કહેરે બાહુક, ગર્વ વચન શાં આવડાં;
બેહેડાંની જમણી ડાળે, કેટલાં છે પાંદડાં. ૬૯
રાયે વિચારીને કહ્યું, સહસ્ર ત્રણ ને શત ત્રણ;
બાહુકે જઈ વૃક્ષ છેદી, ડાળ પાડી ધરણ. ૭૦
ગણી જોયાં બાહુકે, ઉતર્યાં તંતોતંત;
ઉત્કૃષ્ટ વિદ્યા દેખીને, હરખ્યું નળનું ચંત. ૭૧
ફરી આવ્યો રથ પાસે, કહ્યું રાય તમો ધન્ય;
ભૂપ કહે જો મન મળે તો, વિદ્યા લીજે અન્યોન્ય. ૭૨
માંહોમાંહે મંત્ર આપ્યા, મને મન ગયાં મળી;
પરીક્ષા કરવા વિદ્યાની, નળે ડાળ છેદી વળી. ૭૩
કલ્પ્યાં તેટલાં પત્ર ઉતર્યાં, ગણિત સંખ્યા મળી;
બીજી વિદ્યાને પ્રતાપે, દેહમાંથી નિસર્યો કળી. ૭૪
પાડાનું ચર્મ પહેરીયું, ઉંટ ચર્મનાં ઉપરણાં;
ટુંકડા ચરણ ને શ્યામ વરણ, કેશ છે પંચવરણા. ૭૫
કરમાં કાતી આંખ રાતી, મુખે રુધિરના ઓઘરાળા;
ભસ્યો રીસે સગડી શીશે, ઉડે અગ્નિની જ્વાળા. ૭૬
નિસરી નાઠો ભયે ત્રાઠો, ઉઠ્યો નળ નરેશ;
લપડાક મારી સગડી પાડી, ગ્રહ્યા કળીના કેશ. ૭૭
વીજળી સરખું ખડ્ગ કહાડ્યું, ન જાય જીવતો પાપી;
રાજભ્રષ્ટ કીધો દુઃખ દીધું, રહ્યો દેહમાં વ્યાપી. ૭૮
રગદોળ્યો રેણું માંહે રોળ્યો, કેમ પડ્યો હુતો પૂઠે;
આંખ તરડે દાંત કરડે, મારે ખડ્ગની મૂંઠે. ૭૯

ઉઠે અડવડે અવની પડે, અકળાવ્યો અલેખે;
બાહુકના હરત કળીનાં અસ્થ, ઋતુપર્ણ નવ દેખે. ૮૦
રુદન કરતો આંખ ભરતો, કળી પાગે લાગે;
પુણ્યસ્લોકજી ઉગારીએ, નવ મારીએ ઘણું વાગે. ૮૧
અરે અધર્મનાં મૂળિયાં, તુંને જીવતો કેમ મૂકું;
અમો ઘણું તેં રવડાવ્યા, નથી નેત્રનું જળ સૂકયું. ૮૨
અરે પાપી ધર્મછેદન, વિશ્વ વેદનાકારી;
વિજોગદાતા છેદન શાતા, તેં તજાવી નારી. ૮૩
અવગુણ કહેવા કરાવી, સેવા પારકે મંદિર;
વદે દીન વાણી મરણ જાણી, નેત્રે ભરિયાં નીર. ૮૪
મહારાજ વળતી મારજો, ગુણ અવગુણ બે જોઈ;
નળ કહે અવગુણ ભાજન, તેં સૃષ્ટિ સર્વ વગોઈ. ૮૫
સ્વામી બે ગુણ મોટા મુજમાં, અવગુણના છેદન;
નળ કહે ગુણ અવગુણ તું, બેઉનું કર વર્ણન. ૮૬
સ્વામી પ્રથમ અવગુણ વરણવું, મારું જે આચરણ;
જ્યાં હું ગયો ત્યાં ધર્મ નહીં, ને ભ્રષ્ટ ચારે વર્ણ. ૮૭
દંભી લોભી ને લલૂતા, બ્રાહ્મણને કરું ભ્રષ્ટ;
અલ્પ આયુષ ને અલ્પ વિદ્યા, અલ્પ મેધની વૃષ્ટ. ૮૮
અનાચાર ને અપરાધ બહુ, અનંત આભડછેટ;
સિદ્ધ હોય સંન્યાસી શીળિયો, ભ્રષ્ટ કરું હું નેટ. ૮૯
મર્યાદા લાજને રુકાવું, ઉન્માર્ગ મંડાવું;
જપ તપ તીરથ ને જાત્રા, દાન દયા છંડાવું. ૯૦
ધ્વંસ કરું હું ધ્યાનમાં, તાપસને ડોલાવું;
અભક્ષાભક્ષ અસ્પર્શાસ્પર્શ, અસત્ય વાક્ય બોલાવું. ૯૧
સ્વજન વૈર ને પરશુ મૈત્રી, હોય નીચ સંગત્ય;
વૈષ્ણવતા કેડી વિષય સ્થાપું, એવી મારી મત્ય. ૯૨
માત પિતાને પુત્ર ઊવેખે, દેખે સ્યામામાં સાર;
ક્રીડા કામે આઠે જામે, સ્ત્રીમાં તદાકાર. ૯૩
વિખવાદ કરતાં જન્મ જાય, ગાય ગોરીના ગુણગ્રામ;
લંપટ નિર્લજ થઈ અતિ, જપે નારીનું નામ. ૯૪

હેલામાં બ્રહ્મચર્ય મૂકાવું, જતિ પડે મોહમાંજ;
પાખંડી લાંઠ સુખે જીવે, એવું મારું રાજ. ૯૫
હું વ્યાપું ત્યાં હરિહર નહી, નહિ દેવ દેવસ્થળ;
જ્ઞાન ગોષ્ઠિ કથા નહીં, એવું મારું બળ. ૯૬
સ્વામીદ્રોહી ને મિત્રદ્રોહી, ગુરુદ્રોહી નર ઘણા;
વચનદ્રોહી ને બ્રહ્મદ્રોહી, એ સઉ ગુણ આપણા. ૯૭
પ્રજા ખોટી રાજા લોભી, નિરંકુશ લંપટ નાર;
વ્યભિચારિણી દ્રોહકારિણી, ભમતી હીંડે બહાર. ૯૮
ભરથાર પહેલી કરે ભોજન, સૂએ સ્વામી પહેલી;
થાકે નહીં તે વાત કરતાં, વંઢકણી મન મેલી. ૯૯
ક્રોધમુખી ને ચોરટી, લોભણી ને લઢતી;
સાચી વાત મળે નહીં ને, આઠે પહોર બડબડતી. ૧૦૦
થોડા બોલી સાધુમુખી તે, સુતો સ્વામીને વેચે;
પૂછ્યો ઉત્તર આપે નહીં ને, બોલે પેચે પેચે. ૧૦૧
અભડાવે રસોઈ અન્ન ચાખે, જણાય પરમ પવિત્ર;
કળિ કહે છે મારે પ્રતાપે, એવાં સ્ત્રીનાં ચરિત્ર. ૧૦૨
પંડિત દુખિયા ને મૂર્ખ સુખિયા, ભોગી રોગે ભરિયા;
અસાધુ સુખે અન્ન પામે, સાધુ ઘડિયે નહિ ઠરિયા. ૧૦૩
દાતાર જ્યાં ત્યાં ધન નહીં, દાતાર નહીં ત્યાં ધંન;
ખાનાર જ્યાં ત્યાં અન્ન નહીં, ખાનાર નહીં ત્યાં અન્ન. ૧૦૪
રૂપ હોય ત્યાં ગુણ નહીં, ને ગુણ ત્યાં નહીં રૂપ;
શા શા અવગુણ વરણવું, છે પ્રતાપ મારો અનૂપ. ૧૦૫
શિષ્યની સેવા ગુરુ કરે, સાધુ અસાધુનું આચરણું;
સ્ત્રીની સેવા કરે સ્વામી, શૂદ્રને સેવે બ્રાહ્મણ. ૧૦૬
છળ છળભેદ અધિક અધિકારી, અઘટિત કરે અન્યાય;
અન્ન વિક્રય હય વિક્રય, કરે વિક્રય ગાય. ૧૦૭
પરપતિસંગ ને પરનિંદા, ઇર્ષ્યા અપલક્ષણ;
ઉપનીત અન્ન સીમંત અન્ન, ક્રિયા અન્ન ભક્ષણ. ૧૦૮
કન્યા વિક્રય ભૂમિવિક્રય, કરે અકરાનું કામ;
શય્યા લે ને ગોદાન લે, ને બોળે બાપનું નામ. ૧૦૯

વાટ પડાવે વિશ્વાસઘાતી, માંહોમાંહે વૈર સાંધે;
પંચ દેવનું પૂજન તજીને, અસુરને આરાધે. ૧૧૦
વૈરાગી વિષયી ને જોગી તે ભોગી, ખોટા વણજ વેપારી;
વિષય સેવન કરે ને ગર્ભ ધરે, નવ વરસની નારી. ૧૧૧
સુરભિ દૂધ થોડું કરે ને, દુકાળ ને દુર્ભિક્ષ;
શોક રોગ વિજોગ ઘેર ઘેર, સદા ભરે જળ ચક્ષ. ૧૧૨
કોનું રુડું નવ દેખી શકું, મારે કો સાથે નહિ સ્નેહ;
કળિ કહે નળ રાયજી, છે અવગુણ મારા એહ. ૧૧૩
વિશેષ કેશ આમળી ઝાલ્યો, ચડી રાયને રીસ;
હવે ન મૂકું અધર્મી, હું છેદું તારું શીશ. ૧૧૪
અધર્મી અવનિ વિષે, આવડો તારો ઉન્માદ;
તારો વધ જાણી મને, સહુ દેશે આશીર્વાદ. ૧૧૫
ભયને ધરતો રુદન કરતો, રાયને કહે કળિ;
પછે મુજને મારજો, બે ગુણ મારા સાંભળી. ૧૧૬
કૃત ત્રેતા દ્વાપરે, શત વર્ષ તાપસ તાપે;
તોય તેને હરિહર બ્રહ્મા, દર્શન કોય ન આપે. ૧૧૭
કળી કહે મારા રાજ્યમાંહે, ધ્યાન ધરે વિશ્વાસે;
તો તેને ઇષ્ટદેવતા તે, આવી મળે ખટ માસે. ૧૧૮
એ ગુણ છે એક માહરો, હવે બીજો કહું વિસ્તારી;
શત વાર દાન કરે ત્રણ યુગે, એકવાર પામે ફરી. ૧૧૯
ભાવે કભાવે મારા વારામાં, જે હેતે નર નાર;
પુણ્ય કરે જો એક વારે, તો પામે શત વાર. ૧૨૦
નળ કહે જા નહિ હણું, ઉપજી મુજને માયા;
અનંત અવગુણ તાહરા, તે બે ગુણે ઢંકાયા. ૧૨૧
મારા રાજ્યમાં તું નહિ, જો હોય જીવ્યાનું કામ;
કળિ કહે હું ક્યાં વસું, વસવાનો આપો ઠામ. ૧૨૨
જ્યાં જાઉં ત્યાં નામ તમારું, તો ક્યાં રહું હું દાસ;
નળ કહે પેડાના કુમમાંહે, સદા તારો વાસ. ૧૨૩
જ્યાં કથા હોય મહારી, અથવા હરિકીર્તન;
એવે સ્થાનક તું નહીં, તેનું લીધું વચન. ૧૨૪

રાય બેઠો રથ ઉપર, ઋતુપર્ણ સમજ્યો નહીં;
હર્ષ પૂર્ણસું હય હાંક્યા, જાણે પ્રેમસરિતા વહી. ૧૨૫

વલણ

વહી ચાલ્યો પ્રેમરસ, રથ ગાજતો ગડગડાટરે;
કહે ભટ પ્રેમાનંદ નાથની, વૈદરભી જુએ વાટરે. ૧૨૬

કડવું ૫૪ મું-રાગ ગોડી

દમયંતી કહે દાસીને, સુણ સાધવી;
છે વિપ્રનો વાયદો આજ, મહિલા માધવી. ૧
ઠેઠ ઋતુપર્ણ આવશે, સુણ સાધવી;
જો હોશે નળ મહારાજ, મહિલા માધવી. ૨
અવધ પહોંતી છે વનતણી, સુણ સાધવી;
થયા ત્રણ સંવત્સર, મહિલા માધવી. ૩
એવડા અવિનય શા વસ્યા, સુણ સાધવી;
પ્રભુ ફરી ન તપાસ્યું ઘર, મહિલા માધવી. ૪
ન સંભાર્યાં બાળક બાહુઆં, સુણ સાધવી;
કઠણ પુરુષનાં મન, મહિલા માધવી. ૫
હું મોઇ જીવી જોઈ નહીં, સુણ સાધવી;
વેઠ્યું હશે કેમ વંન, મહિલા માધવી. ૬
એ વાયસ બોલે બારણે, સુણ સાધવી;
મન ઉપજે હરખ તરંગ, મહિલા માધવી. ૭
આજ ફરકે ડાબી આંખડી, સુણ સાધવી;
વળી ફરકે ડાબું અંગ, મહિલા માધવી. ૮
શું મનનો માન્યો આવશે, સુણ સાધવી;
થાશે શુકનકેરાં ફળ, મહિલા માધવી. ૯
શ્રવણે વધામણી સાંભળું, સુણ સાધવી;
કો કહે પધાર્યા નળ, મહિલા માધવી. ૧૦
વધ થાશે વેરી વિયોગનો, સુણ સાધવી;
ગયો જડશે સંજોગ, મહિલા માધવી. ૧૧
વીરસેન સુત આવશે, સુણ સાધવી;
ત્યારે ટળશે સઘળો રોગ, મહિલા માધવી. ૧૨

કો કહેશે આવી વધામણી, સુણ સાધવી;
નથી આપવા સરખી વસ્ત, મહિલા માધવી. ૧૩
અર્પીશ હાર હૃદયાતણો, સુણ સાધવી;
પ્રણમીશ જોડીને હસ્ત, મહિલા માધવી. ૧૪
બારીએ બેસી નિહાળીએ, સુણ સાધવી;
એવે ઉડતી દીઠી રજ, મહિલા માધવી. ૧૫
આ રથ આવે છે ગરજતો, સુણ સાધવી;
વળી ફરકે ગગને ધ્વજ, મહિલા માધવી. ૧૬
એ પડઘી પડે અસ્વચરણની, સુણ સાધવી;
એ હાંકણીમાં છે વિચાર, મહિલા માધવી. ૧૭
આ પરોણો ઉંચો ઉછળે, સુણ સાધવી;
હોય નળ મુખનો ટચકાર, મહિલા માધવી. ૧૮
રથ આવ્યો ગામને ગોવાંદરે, સુણ સાધવી;
હા હા હોય અયોધ્યાભૂપ, મહિલા માધવી. ૧૯
દીસે સુદેવ મેલે લુગડે, સુણ સાધવી;
પણ હાંકણહાર કરૂપ, મહિલા માધવી. ૨૦

વલણ

કરૂપ બેડણ રથતણો, કયમ કહીએ એ નળરાયરે;
અવસ્થા જોઈ ગામની, ઋતુપર્ણ દુઃખિયો થાયરે. ૨૧

કડવું ૫૫ મું-રાગ કેદારો

ઋતુપર્ણ કહે છે વિપ્રને એ, શું કારણ સુદેવરે;
ભ્રાંત પડે છે મુજને નથી, સ્વયંવરનો અવેવરે. ૧
મુનિ મુને મિથ્યા લાવિયો, કાંઈ દીસે છે કપટરે;
રિપુલોક હસાવીયા, ફેરો પડ્યો ફોગટરે. ૨
વિવાહકર્મ નથી દીસતું, નથી રચ્યો માંડવરે;
દુંદુભિ શે નથી બોલતાં, નથી થતું તાંડવરે. ૩
સુદેવ વળતો બોલીયો, છે છાનું વિવાહનું કર્મરે;
કંકોતરી કોને લખી નથી, નહીં ભાંજવો ભીમકને ભર્મરે. ૪
ક્ષણેક રહીને આવજો, પુઠેથી મહારાજરે;
આગળથી તે સાંચરયો, વધામણી લેવા કાજરે. ૫

વૈદરભી જુએ વાટડી, વિપ્ર આવ્યો ઘર માંયરે;
હરખે ભરી તવ સુંદરી, મુનિને લાગી પાયરે. ૬
રુડી કહેજ્યો વધામણી, શું પધારે પ્રાણનાથરે;
બાઈ રુડી પેરે નથી ઓળખ્યો, શત જોજન કીધો સાથરે. ૭
છે રૂપ તેહેનું બીહામણું, જાણે બીજો નળરે;
બાહુકને પરીક્ષાને તેડજો, એકાંત વાડી સ્થળરે. ૮
દમયંતી હરખે ઘણું, જો આવ્યા છે ઋતુપર્ણરે;
નગર લોક હશે ઘણું, જોઈ સારથિકેરો વર્ણરે. ૯
ભીમક રાય સામા ગયા, રથથી ઉતર્યા રાયરે;
ત્રણે રાજકુંવર આવી મળ્યા, ઉઠી સર્વ સભાયરે. ૧૦

વલણ

સભા સર્વ ઊઠી થઈ, આસને બેઠા ભૂપ રે;
ભીમક આદે સર્વ કો, જુએ સારથિનું રૂપ રે. ૧૧

કડવું ૫૬ મું–રાગ કેદારો

ભૂપ ભીમક સ્તુતિ કરે ઘણીરે, ભલે પધાર્યા અયોધ્યા ધણીરે;
થાકા અવેત્ર દીસે દેહેનારે, એકલા શેં નથી સેનારે. ૧
હય દુર્બળે વળીયો છેકરે, સારથિ સંસાર વત્રેકરે;
કાંઈ અટપટું સરખું દીસેરે, એહવે બાહુક બોલ્યો રીસેરે. ૨
ઋતુપર્ણ મુકો રથ તાણીરે, ઉઠો ઘોડાને કરો ચારપાણીરે;
નાખ્યો પરોણો ને રાસરે, જઈ બેઠો ઋતુપર્ણ પાસરે. ૩
આવે લાગતો રાય આંધો ખસેરે, સભા મુખે વસ્ત્ર દેઈ હસેરે;
તેમ મચમચાવે આંખડીરે, બોળામાં વસ્ત્રની ગાંઠડીરે. ૪
ઋતુપર્ણને બાહુક પૂછેરે, કાં વહેવાનો વિલંબ શું છેરે;
રાજા રાખે સાને વારીરે, તેમ બાહુક બોલે બંબારીરે. ૫
ઋતુપર્ણને પૂછે ભીમકરે, આ શું સખા કરે છે જકરે;
એ મિત્ર કયાંથી ઉપજ્યોરે, જેથી કામ હીડે છે લાજ્યોરે. ૬
કોહો કાંઠાંથી આવ્યા રાણારે, ઘણું થાકા રેણ ભરાણારે;
ઋતુપર્ણ કહે આ ભીયા ગુણીરે, નથી એકે વિદ્યા ઉણીરે. ૭
કોઈ વિદ્યાએ ન જાય વાધીરે, તે માટે મૈત્રી બાંધીરે;
રથહાંકણી વિદ્યા હાથેરે, મેં મૃગયા તેજા સાથેરે. ૮

વન ભમતાં થયો અતિકાળરે, આંહાં આવી ચહ્યા ભૂપાળરે;
ભીમક કહે કીધી કરુણારે, આજ સહેજે સ્વામી પહરુણારે. ૯
ભૂપ ભીમકે હલફલ કીધીરે, રસોઇની આજ્ઞા લીધીરે;
ભૂપ બાહુક છે તે ભેદીરે, આ ભીયા છે આત્મનિવેદીરે. ૧૦

વલણ

આત્મનિવેદી છે સારથી, હસ્યો ભીમક ભૂપાળરે;
અંન વમન થાય દર્શને તો, આવડો શો સુગાળરે. ૧૧

કડવું ૫૭ મું–રાગ નટની

બાહુક મોકલ્યો વાડીમાંહે, રસોઇસ્થળ એકાંત;
કહે વૈદરભી કીજે પરીક્ષા, પુણ્યશ્લોકની પડે ભ્રાંત. ૧
ભીમક રાયે આજ્ઞા આપી, અશ્વનો લ્યો તપાસ;
ઋતુપર્ણ ઉતર્યા ભવ્ય ભુવને, કરે સેવા દાસ. ૨
દમયંતીયે ભીમકને કહાવ્યું, આજ્ઞા તમારી લીજે;
બાહુકમાં છે ગુણ નળરાયના, અમે પરીક્ષા કીજે. ૩
એકાંત વાડી દમયંતીની, કીધું રસોઇનું સ્થળ;
ઠાલો કુંભ આણીને મુકયો, મુકયાં કાષ્ટ નહીં અનળ. ૪
બીજાં પાત્ર મુકયાં નાનાવિધ, મુકયું નહીં ભેક્ષણ;
માધવી કેશવી મુકી સેવાને, જાણે સર્વ લક્ષણ. ૫
દમયંતી બેઠી ઝરુખે, અંતરપટ આડો બાંધી;
તેડી લાવો રૂપાળાને, જુઓ કેમ જમે છે રાંધી. ૬
દાસી એક તેડવાને આવી, ચાલો કંદર્પ ક્રોડ;
અમારી વાડીને શોભાવો, ચાલો ચંપક છોડ. ૭
ઉઠ્યો નળ ચાલ્યો અંતઃપુરમાં, આનંદ અંતર આણી;
સખી સાહેલી આશ્ચર્ય પામે, હસે તે સણગટ તાણી. ૮
જુએ હેરીને દમયંતી, વિસ્મે થઈ મનમાંહે;
આ સ્વરૂપની ન મળે જોડી, જોતાં ત્રણ ભુવનમાંહે. ૯
શરીર દીસે દવનું દાધું, સ્કંધે જાડો પગે પાતળો;
ટુંકડા કર ને નસ નીસરી, મોટો પેટનો નળો. ૧૦
કાંહાં નળ કાંહાં બાહુક, કાંહાં સુરજ રાહુ મંડળ;
વાંકું મુખ ને મસ્તક મોટું, પાંખડી ઉંડળ ગુંડળ. ૧૧

એ સાથે શી ગોઠડી, ઋતુપર્ણને ભાવેટ લાગી ભવની;
હીંડતાં પગને સ્પર્શે કરીને, કાળો થાય છે અવની.. ૧૨
પણ એહેને વિદ્યા હય હાંકયાની, આશ્ચર્ય સરખું દીસે;
કતરાતો આવે નાક ફુલાવે, ભ્રુકુટી ભરી છે રીસે. ૧૩
દમયંતી પાસે હસતી હસતી, ભાભી આવી ત્રણ;
બાઈ આ પુતળું કયમ પધરાવ્યું, વારુ રૂપ ને વર્ણ. ૧૪
કદાચિત નળજી નીવડશે, ને રહેશે એહેવું અંગ;
કોહો બાઈ તમો એ પુરુષનો, કહી પેરે કરશો સંગ. ૧૫
શાપ હશે કોઈ તાપસનો, ન જાશે કોઈ ઉપાંગે;
આ બીયા આસન બેસશે તમો, કેમ રહેશો વામાંગે. ૧૬
જાંહાં હશે તાંહાંથી કાલ આવશે, બાઈ તમારો સ્વામી;
એમ વલખાં શું મારો છો, કાંઈ ધીરજ ધરો ગજગામી. ૧૭
વૈદરભી કહે કૌતુક મુકો, બેશી કરો પરીક્ષા;
જાઓ સેવા કરો બાહુકની, દાસીને દીધી શિક્ષા. ૧૮
કેશવી માધવી બંને આવી, બાહુકજીની પાસ;
હૃદે ભરાયું નળરાજાનું, ઓળખી બંનો દાસ.. ૧૯
સુકાં વૃક્ષને સ્પર્શ કર્યો તે, તે થયું નવપલ્લવ;
દાસી તવ આનંદ પામી, હોય વૈદરભીનો વલ્લભ. ૨૦
કહે સહીયારી હો આચારી, મન ન આણશો ધોકો;
દ્રુમ તળે સ્થળ પવિત્ર કીધું, અમો દીધો છે ચોકો. ૨૧
નહાવાનું તાંહાં વસ્ત્ર પહેરે, પાગડી પછેડી વરજે;
જંઘાયે ગુંછળાં કેશતણાં ને, શરીર ભર્યું છે ખરજે. ૨૨
નિચું ઉંચું ભાળે શરીર ખંજવાળે, દાસીયે અવિલોકન કીધો;
રાંટે પાયે હીંડે બડબડતો, ઠાલો કુંભ જઈ લીધો. ૨૩
વરુણમંત્ર ભણ્યો નળરાયે, તત્ક્ષણ કુંભ ભરાયો;
વીસ ઘડા રેજ્યા શીર ઉપર, ઉભો રહીને નાહાયો. ૨૪
દાસી અતિ આનંદ પામી, કૌતુક દીઠું વળતું;
ચુલ્હલા મધ્યે કાષ્ઠ મુકયાં, અગ્નિવિણ થયું બળતું. ૨૫
ઉભરાતું અંન કરે હલાવે, કડછીનું નહીં કામ;
દાસી ગઈ દમયંતી પાસે, બોલી કરી પ્રણામ. ૨૬

વાજી વૃક્ષ ને જળ અનળ, એ ચાર પરીક્ષા મળી;
અંન લાવો અભડાવી એહેનું, વૈદરભી કહે જાઓ વળી. ૨૭
રમતી રમતી નેહે નમતી, નિરખતી નિજ ગાત્ર;
એકે બાહુક વાતે વળગાઙ્યો, એક લેઈ નાહી અંનપાત્ર. ૨૮
અરે પાપિણી કહી બાહુક ઉઠ્યો, દાસીયે મૂકી દોટ;
માધવી કહે ફરી કરો રસોઈ, હું દેઈ આપું અખોટ. ૨૯
ફરી પાક નીપાવ્યો નળરાય, બેઠો કરવા ભોજંન;
પછે દમયંતીયે જોયું ચાખી, અણાવ્યું જે અંન. ૩૦
સ્વાદ ઓળખ્યો એ નળ નિશ્ચ, પાક પરમ રસાળ;
કિંકરી ફરીને મોકલી ત્યારે, સાથે બંને બાળ. ૩૧

વલણ

સાથે બંને બાળ ને, નળ કને આવી કિંકરી;
બાહુકે દીઠાં બાહુઆં તાહારે, આંખડી જળે ભરીરે. ૩૨

કડવું ૫૮ મું–રાગ રામગ્રી

બાહુકે દીઠાં બાહુઆં, ઉલટયું અંતઃકર્ણ;
દામણાં માહારાં બાળકાંને, દેખીને આવે મર્ણ. બાહુકે૦ ૧
કળજુગે કલ્પાંત જ કીધું, બાળક વરત્યાં મોસાળ;
કોણ કૃત્ય મેં આચર્યાં, તજી અબળા અંતરિયાળ. બાહુકે૦ ૨
સંજોગ સાગર ઉલટ્યો, નયણાં શ્રવણ સમાન;
આલિંગન દેવા કારણે, સુતને કીધી સાન. બાહુકે૦ ૩
મળવાને તેઆં મીઠડાં, કર લાંબા કીધા બીશ;
છળ્યાં બીનાં બાળકાં તે, પાડે ચીસ ચીસ. બાહુકે૦ ૪
દાસીએ ચાંપ્યાં હૃદે સાથે, કીધો બાહુકનો તિરસ્કાર;
રહેવા દે તારું રમાડવું ભાઈ, રુએ છે રાજકુમાર. બાહુકે૦ ૫
બાહુક કહે બાળકને મુને, સાંઈ દેવાનો સ્નેહ;
નારે ભાઇડા ભેટતાં થાયે, કાળી કુંવરની દેહ. બાહુકે૦ ૬
છે છત્રપતિનાં છોકરાં, તુંને મળવાનું કેમ મન;
શે દુઃખે થાય છે ગળગળો, રોતાં ફૂટશે લોચંન. બાહુકે૦ ૭
બાહુક વળતો બોલિયો મારે, એવાં બાળકની જોડ;
આ દેખીને તે સાંભર્યાં, થયું રમાડવાનું કોડ. બાહુકે૦ ૮

દાસીએ કહ્યું દમયંતીને, બોલ્યો બાહુક જે વાત;
બાઈ આશ્ચર્ય દીઠું અતિઘણું, કાળો કરે આંસુપાત. બાહુકે૦ ૯
દમયંતીએ પૂછ્યું ભીમકને, નળની પડે છે ભ્રાંત;
આજ્ઞા હોય તો બાહુકને, પૂછું તેડી એકાંત. બાહુકે૦ ૧૦
ભીમક કહે સતી સુતા, તુંને શું દેઉં શીક્ષા;
સુખે બોલાવો બાહુકિયાને, કરો નળની પરીક્ષા. બાહુકે૦ ૧૧
વૈદરભી આવ્યાં અંતઃપુરમાં, જ્યાં પોતાની મેડી;
આજ્ઞા આપી દાસીને, લાવો બાહુકને તેડી. બાહુકે૦ ૧૨
શીઘ્ર આવી સાહેલડી, અંતરમાંહિ ઉલ્લાસ;
ઉઠો બાહુકજી ઉતાવળા, દમયંતીની પાસ. બાહુકે૦ ૧૩
રાયજી વળતો બોલ્યો, હું છું દીન કંગાલ;
વરુવા સાથે વૈદર્ભીને, વાત કર્યાનું શું વહાલ. બાહુકે૦ ૧૪
સોમવદની સુંદરી, સારંગનયના સુજાણ;
વાત કરતાં બ્રહ્મચર્ય ભાંગે, વાગે મોહનાં બાણ. બાહુકે૦ ૧૫
પરઘરમાંહે અમો નવ પેસું, સ્ત્રીનાં ચંચળ મન;
સાધુ પુરુષને સદ્ય પાડે, આવીને દે આલિંગન. બાહુકે૦ ૧૬
દાસીને તવ હાસ્ય આવ્યું, દૈવનાં કૌતુક જોય;
વિશ્વ મોહિની દમયંતી તે, આ ભિયાને કયમ નહિ મોહોય. બાહુકે૦ ૧૭
ઓર ન ખાય કો કરતણું, વિપરીત વપુનું વાન;
એવા ઉપર વળી કર્મ લજ્જાં, વળી રૂપનું અભિમાન. બાહુકે૦ ૧૮
બલાત્કારે તેજ્યો બાહુક, દાસી થઈ બાંહેધર;
નીચી નાડે નળ ચાલીયો, જ્યાં ગૃહિણીનું ઘર. બાહુકે૦ ૧૯
જાતાં કહે છે કિંકરીને, બ્રહ્મચર્યને છે ઘાત;
વૈદરભી વિકારે ભરી, મને વશ કરવાની વાત. બાહુકે૦ ૨૦
માધવી કહે બોલ વિચારી, કોણ ભાંગે છે ધર્મ,
વૈદરભી તને કયમ નહિ વરે, કરે અગ્નિ કર્મ. બાહુકે૦ ૨૧
નથી આશરો ગયા તણો, કહિ ભીડાવ્યાં કપાટ;
દાસીએ દેખાડી આંખડી, ત્યારે ચાલ્યો પાધરી વાટ. બાહુકે૦ ૨૨
બાહુકને બારણે બેસાજ્યો, ઢાળિ રૂપાનો બાજઠ;
દમયંતી ઉમરા ઉપર બેઠી, આડું ધરિ અંતરપટ. બાહુકે૦ ૨૩

બાહુક ખુંખારે આળસ મોડે, માંહ્યાં વિષયનાં ચિહ્ન;
ચિત્ત મળ્યું ત્યાં ચક કશોરે, જો નથી ભિન્નાભિન્ન. બાહુકે૦ ૨૪

વલણ

જો નથી ભિન્ના ભિન્ન તો, મધ્યે અંતરપટ કશું;
નહિ બોલો જો મન મૂકી, તો અમો ઉઠીને જશું. ૨૫

કડવું ૫૬ મું–રાગ કાફી

વિનય સંગાથે બોલ્યાં, વૈદરભી સુંદરી;
શા માટે ઉઠી જાઓ છો, તેડાવ્યા ખપ કરી. ૧
અમને રહેવું ઘટે, બાંધી અંતરપટે;
બોલું કેમ પ્રગટે, પરપુરુષ નિકટે. ૨
બેસોજી બાજઠે, બોલોજી ઉલટે;
ન પૂછું કપટે, બોલવું નિર્મળ ઘટે. ૩
પુરુષ છેડાયો હઠે, ચાલે પોતાની ચટે;
હીંડે નારીને નટે, લાજે નહીં રાજવટે. ૪
જે નર જન મને કાળા, મુખે વિષની જ્વાળા;
મૂકે વિજોગનાં ભાલાં, કેમ કહી શકે બાળા. ૫
બાહુકજી છો આચારી, સુણો વિનતિ મારી;
કો એમ મૂકે વિસારી, દોહેલે પામી નારી. ૬
નવનવા નેહ ઉદે, વહાવાનાં વાયક વદે;
ભરી હોય જો ભદે, પુરુષનાં કઠણ હૃદે. ૭
વળગી હીંડે કાંડે, નવનવી પ્રીત માંડે;
જણાય દુઃખને ટાંડે, સ્નેહીને નિશ્ચે છાંડે. ૮
જાણિયે મળિયે વહેલા, દેખાને થઇએ ઘેલાં;
નારી ન પ્રીછે પહેલાં, પુરુષનાં મન મેલાં. ૯
વહાલપણાં કહીંએ ગયાં, મુખે કહેતા આલૈયા;
વજ્રપેં કઠણ હૈયાં, તરછોડ્યાં નાનાં છૈયાં. ૧૦
બ્રહ્માએ પુરુષ ઘડિયા, નારિને જીવે જડિયા;
દુઃખના દહાડા પડિયા, વેરિડા થઈ નિવડિયા. ૧૧
પ્રીતડી જેની વ્યાપિ, તેને મારે અઘાપિ;
ફળ બે રુડાં આપે, વૃક્ષને થડથી કાપે. ૧૨

રખે મારી વેલ શૂકે, પ્રવાસ જળ વહેતુ મૂકે;
તે જાણી ચતુરા શું ચૂકે, ફરી આવી ન ટૂંકે. ૧૩
જે સ્થળનું જળ પીજે, શલ્યા ત્યાં કેમ દીજે;
જેપર દયા ધરીજે, તેના જીવડા નવ લીજે. ૧૪
જેનો હાથ ગ્રહીએ, તેને મૂકી નવ જઇએ;
અમો અબળા છઇએ, વેદના કોને કહીએ. ૧૫
જેને પામી માનવ જને, દેવતા ન આણ્યા મને;
તેને ન મૂકીએ વને, રાખીએ પોતાકને. ૧૬
એસી એક પાટે, કામિની કપટઘાટે;
થોડા અન્યાય માટે, ન મૂકીએ ઉજડ વાટે. ૧૭
અબળાનાં કોણ બળ, કદળીપેં કોમળ;
નયણે ભરે જળ, કડવાં કર્મનાં ફળ. ૧૮
વનમાં વાઘ ગાજે, વાવલીએ કાંટા ભાંજે;
બીજા લોકને દાઝે, શઠ સ્વામી નવ લાજે. ૧૯
વનમાં રામા રુવે, કોણ આંસુડાં લુએ;
ફરી તપાસી ન જુએ, પોતાનું કુળ વગુએ. ૨૦
આવી ઘરે અલેખે, વગડામાં ઉવેખે;
સ્વામી ન આવે તેખે, વેરીડા દેવ દેખે. ૨૧
ન જાણે નાર મોરી, છે છત્રપતિની છોરી;
અજગરે ગળી ગોરી, ચતુરાની શી ચોરી. ૨૨
નયણે આંસુ રેડે, પારધિ લાગો કેડે;
તારુણીને તેડે, છબીલીને છંછેડે. ૨૩
ગળ્યા લંપટ લોકો કામી, કેમ જીવે ગજગામી;
કુળને લાગે ખામી, ન બોલે શઠ સ્વામી. ૨૪
નીચપણું નફેટ, કુળ લજ્જાવ્યું નેટ;
કરી માસીની વેઠ, પ્રેમદાએ ભરયું પેટ. ૨૫
કર્મની લાંબી દોરી, ચઢી શિર હારની ચોરી;
ન જાગે નાથ અઘોરી, ભાંગો શીર ઇંધણઘોરી. ૨૬
ન કરે પ્રેમદાની મીટ, વળી હવે આડી લીટ;
પુરુષ હૈયાના ધીટ, મન જેહવાં વજ્રકીટ. ૨૭

કહેતાં નહીં આવડે, દુઃખે હૈયાં ધડધડે;
ખોટું આળ ચહડે, ગગન ત્રુટી પડે. ૨૮
પૃથ્વી જાય પાતાળે, સતીને જૂઠે આળે;
વિચાર ભણી ન ભાળે, જાણે કૂડી ગાળે. ૨૯
જે કો વિશ્વાસ કરે, પુરુષનો આધાર ધરે;
તે ઘેલી શીદ ઠરે, રોઈરોઈને મરે. ૩૦
ખપ કરીને વરી, દુઃખની અંતે કરી;
બાહુક કહો વાત એ ખરી, તેને કાંઈ પૂછશે હરિ. ૩૧
છે કર્મની વસમી ગતિ, ભૂંશી નવ જાયે રતિ;
શત્રુ થયો પ્રજાપતિ, બ્રહ્માને દયા નથી. ૩૨
ભલાનો વેરી બ્રહ્મા, કઠણ તે કૃતવર્મા;
લખે લેખ કર્માધર્મા, કલેશને ઘાલે ઘરમાં. ૩૩

વલણ

કલેશ ઘાલે ઘરવિષે, પ્રજાપતિ કઠણ ઘણું;
બાહુકજીને પ્રશ્ન પૂછે, જોયું ડહાપણ તમતણું રે. ૩૪

કડવું ૬૦ મું–રાગ છંદ ભુજંગીની ચાલ

દહે દેહ વિજોગની જ્વાળા, મારે મર્મનાં બાણ પૂછે પ્રશ્ન બાળા;
તારી શુદ્ધ બાહુક બળવંત દીસે, કાંઈ જાણવા ભેદ મમ મંન હીસે. ૧
દિસે શારદા વાસ તમ જીભ અગ્રે, ભલું કીધું પધાર્યા ભીમક નગ્રે;
વિનય યુક્ત દિસો સર્વ સિદ્ધિવાન, ભૂત ભવિષ્ય જાણો તમો વર્તમાન. ૨
એક શોભિતા પુરુષ તે મૂર્ખ મોટા, જેવા સીપમાં મોતીના દાણા ખોટા;
એક રૂપહીણ પુરુષ બહુ ગુણ ભરિયા, જેમ સાચા હીરા રજાજુગત કરીયા. ૩
બાહુક બાપના સમ જો વૃથા ભાખું, તમ ઉપર વિસ્વ ઓવારી નાખું;
ઇંદ્રવારુણીનાં ફળ કરમાં સાયે, પણ ભક્ષ કરતાં તેના પ્રાણ જાયે. ૪
એક રૂપવંત નારી કો નર નીરખ્યો, તેજવંત શોભે કોટિ કંદર્પ સરખ્યો;
ધરે છત્ર સર્વત્ર જેની આણ વરતે, કરે નવનવા ભોગ જન નિત્ય પ્રત્યે. ૫
એવા પુરુષને મોહી કોઈ નાર પહેલી, તપ તેજ સરખી જીવે ગર્વ ઘેલી;
વર અમર મુનિવરતણી આશ ત્રોડી, પંખીરાજનાં વચનપર પ્રીત જોડી. ૬
તજ્યાં માત ને તાત પિયર પડોશી, નવ જાણ્યું જે નાથજી છે સદોષી;
સોંપ્યાં તન મન પ્રાણ નિર્દોષ જાણી, સુણો બાહુકજી કહું કર્મ કહાણી. ૭

જેમ પારધિ કપટના કણ ચણાવી, પાડે પંખીને ફંદમાં સ્નેહ જણાવી;
વેધે મૃગને જેમ ઘંટા વજાડી, તેમ પ્રેમદા પ્રેમને પાશ પાડી. ૮
બહુ રંગ વિલાસનાં સુખ દેખાડી, ગયા હાડ અંતે તે વિપત્ત પાડી;
જ્યાં કંદ ને મૂળ નહીં ફળ પાણી, તેવે ઠામ મૂકી કરી અનાથ રાણી. ૯
ન કેાયે કરે એવું કર્મ કીધું, અપરાધ પાખે ઘણું દુઃખ દીધું;
શત ખંડ કીધી તે વિજોગ શસ્ત્રે, ફરી વંનમાં તારુણી અર્ધ વસ્ત્રે. ૧૦
ત્રણ દિવસ ત્રણ રયણી વનમાંહે ભટકી, નિર્દય નાથને વાત શી મંન અટકી;
ગ્રહી અજગરે સુંદરી શિથિલ કીધી, મળ્યેા પારધિ ઈશ્વરે રાખી લીધી. ૧૧
કહી ડાકિણી શાકિણી ને સિહારી, પાશ પહાણ પાટુ બહુ માર મારી;
પરાધીન થઇને નીચું કામ કરિયું, ધરી દાસી નામે દુર્ભર ભરિયું. ૧૨
ચહડી ચેારી માથે મેાતી માળકેરી, કરતાં પ્રીત વહાલાં થયાં સર્વ વેરી;
ત્રણ વર્ષ નાખ્યાં શ્વેત વસ્ત્ર પહેરી, નહીં કુંકુ કાજળ નહીં નાકું નેહેરી. ૧૩
હવિષ્યાન્ન પરાધીન અન્ન પામી, તેાય તેણીએ ન તજ્યેા નિજ સ્વામી;
તપ નિયમ રાખી નિજ દેહ બાળ્યેા, ગૃહસ્થરાજની નારે સંન્યાસ પાળ્યેા. ૧૪
કહેા બાહુક રાય એ ધર્મ કેવેા, ઘટે નાથને એવેા છેહ દેવેા;
સર્વ પાપમાં શ્રેષ્ઠ વિશ્વાસઘાત, તેને પૂછશે કહેા કાંઈ વૈકુંઠનાથ. ૧૫
બાહુક એહ પ્રશ્નનેા ઉત્તર દીજે, એવા કપટી પુરુષને શુંય કીજે;
સુણી નર્મવાણી નળનાથ રીઝ્યેા, જેવા પ્રિત વિશેષ મહારાજ ખીજ્યેા. ૧૬
સુણેા પ્રશ્નના ઉત્તર ભીમક બાળા, તે પુરુષને પ્રભવી પ્રેમજ્વાળા;
પરી સુંદરી પ્રેમદા સાધુ જાણી, મેાહ્યેા નાથ તેને કીધી પટ્ટરાણી. ૧૭
બીજી નારીના સામું સ્વપ્ને ન જેયું, ગુણહીણ સ્ત્રીસાથ આયુષ્ય ખેાયું;
સગાં મિત્રની પ્રીત તે નાથે ફેડી, ગયેા પુરુષ તીર્થે નારી સાથ તેડી. ૧૮
વને સાત અપવાસ ભમતાંરે કીધા, મચ્છ રાખવા નારને ત્રણ દીધા;
કીધેા શ્રમ બીજાં મચ્છ નવ લાધાં, પેલી પાપિણી નારે તે મચ્છ ખાધાં. ૧૯
કહેા ભીમકબાળા થઈ વાત એવી, પૂછે બાહુક પ્રશ્ન તે નાર કેવી;
જેતાં છે અપરાધ એ નાહે નહાનેા, તેને મૂકતાં નાથનેા વાંક શાનેા. ૨૦
ગ્રહી અજગરે સુંદરી આંસુ ઢાળે, તેમ કંથ ડસ્યેા હશે સર્પ કાળે;
થયું શાકિનિ નામ અપવાદ એવેા, કહ્યેા હશે ભરતારને ભૂત જેવેા. ૨૧
જેમ સ્ત્રીએ કીધી પરઘેર વેઠ, તેમ તેણે ભર્યું હશે પરઘેર પેટ;
કેાણ કેાનાં દુઃખને કહીને રેાશે, બુદ્ધિવાન પ્રાણી કર્મ સામું જેશે. ૨૨

ધોળો સાળુ પહેરી સ્ત્રીએ પિંડ પીઓ, કાળું કામળું ઓઢીને કંથ હીંડ્યો;
એ પ્રશ્ન ઉત્તર કહ્યા મેં વિચારી, વળી પૂછવું હોય તો પૂછ નારી. ૨૩
કહી મર્મની વાત નિજ નાથ જાણ્યો, ભાંગ્યો ભેદ મનમાંહે ઉત્સાહ આણ્યો;
એવી ગુહ્ય વાણી બીજો કોણ ભાખે, એવું કોણ બોલે નળ નાથ પાખે. ૨૪
થયું ભેટવા મન મર્યાદ નાડી, અંતરપટનું વસ્ત્ર ગયુંરે ફાટી;
ગજગામિની ભામિની પ્રેમ માતી, આવી નાથ પાસે ગુણગ્રામ ગાતી. ૨૫
કરી પ્રદક્ષિણા પછે પાય લાગી, બોલ્યો નૈષધનાથ કહ્યું માન માગી;
અપરાધ પ્રાણીતણા કોટિ હોયે, પરિહર તો કરુણા મીટ જોયે. ૨૬
વન માંહે મૂકી અપરાધ પાખી, છે મચ્છ આહારના વિષ્ણુ સાખી;
તમ ચરણ વિષે મમ મંન રાખું, તમ પાખે હું પેટમાં ધૂળ નાખું. ૨૭
અમો અબળા નારીમાં બુદ્ધિ થોડી, કરે વિનતિ પ્રેમદા પાણ જોડી;
નથી રૂપનું કામરે ભૂપ મારા, થઈ કિંકરી અનુસરું ચરણ તારાં. ૨૮
સુણી વિનતિ નારની દીન વાણી, ઉઠ્યો બાહુક અંતર પ્રીત આણી;
કરકોટક નાગનો મંત્ર ભાખી, જીર્ણ કામળું દૂર દીધુંરે નાખી. ૨૯
ત્રણ નાગનાં વસ્ત્ર પરિધાન કીધાં, હરખી સુંદરી કારજ સર્વ સિધ્યાં;
જવ મૂળગું રૂપ મહારાજ ધરિયું, શ્વસુર ધામનું તિમિર તે સદ્ય હરિયું.
જેમ તરુવર પુંઠે વિટલાય વેલી, તેમ કંથને વળગી રહી હર્ષઘેલી. ૩૦

વલણ

હર્ષ ઘેલી સુંદરી, ભેટી ભીડી બાથરે;
જયજયકાર ઘરમાં થયો, દેખી નૈષધનાથરે. ૩૧

કડવું ૬૧ મું-રાગ સારંગ

વરત્યો જયજયકાર હો, નૈષધ નાથને નિરખીજી;
ફરી ફરી લાગે પાય હો, સાહેલી હૃદયા હરખીજી. ૧
નળ દમયંતી જોડી હો, જોઈ દોડી દાસજી;
સાસ ભરી સાહેલી હો, આવી ભીમકની પાસજી. ૨
રાયજી વધામણી દીજે હો, અદ્‌ભુત હર્ષની વાતજી;
ઋતુપર્ણનો સેવક હો, નિવડ્યો નળનાથજી. ૩
બાહુક રૂપ પરહર્યું હો, ધર્યું મૂળગું સ્વરૂપજી;
સુણી સૈરંદ્રિની વાણી હો, હરખ્યો ભીમક ભૂપજી. ૪

વાજે પંચશબ્દ નિશાન હો, ગુણીજન ગાયે વધાઇજી;
પુણ્યશ્લોકને મળવા હો, વર્ણ અઢારે ધાઇજી. ૫
નાના ભાતની ભેટ હો, પ્રજા ભૂપને લાવેજી;
કરે પૂજા વિવિધ પ્રકારે હો, મુક્તાફળ કુસુમ વધાવેજી. ૬
તોરણ હાથા દેવાએ હો, માનુની મંગળ ગાએજી;
દે મુનિવર આશિષ હો, અભિષેક બહુ થાએજી. ૭
વાજે ઢોલ નિશાન હો, મૃદંગ ભેર નફેરીજી;
સમગ્ર નગરે આનંદ વરત્યો હો, શણગાર્યાં ચૌટાં શેરીજી. ૮
મન ઉત્સાહ પૂરણ વ્યાપ્યો હો, ભીમક દીયે બહુ દાનજી;
ગયા અંતઃપુરમાં રાય હો, દીઠું રૂપનિધાનજી. ૯
કાંતિ તપે ચંદ્ર ભાનુ હો, વિલસે શક્ર સમાનજી;
કંદર્પ કોટિ લાવણ્ય હો, દીઠો જમાઈ જાજ્વલ્યમાનજી. ૧૦
પડ્યો ભીમક પૂજ્યને પાયે હો, હસી આલિંગન દીધુંજી;
આપ્યું આસન આદરમાન હો, પ્રીતે પૂજન કીધુંજી. ૧૧
અર્ઘ આરતિ ધૂપ હો, ભૂપતિને પૂજે ભૂપજી;
નખ શિખ લગે ફરી નિરખે હો, જોઈ જોઈ રૂપજી. ૧૨
શ્વસુર શ્વસુરપત્ની હો, શાલક શાળાહેલીજી;
દમયંતીને ઘણું પૂજે હો, ગાયે દાસી સાહેલીજી. ૧૩
લક્ષ્મી નારાયણ શિવ ઉમયા હો, તેવું દંપતી દીસેજી;
દીધું માન શ્વસુરવર્ગે હો, પૂછ્યું નૈષધ ઇશેજી. ૧૪

વલણ

નૈષધ ઇશે પૂછિયું, કુશળ ક્ષેમની વાતરે;
સમાચાર પરસ્પર જાણ્યો, હરખ્યો સઘળો સાથરે. ૧૫

કડવું ૬૨ મું–રાગ સામેરી

નળરાયનું રૂપ પ્રગટ સાંભળી, સંસાર સુખિયો થાયરે;
પરમ લજ્જા પામિયો, દુઃખી થયો ઋતુપર્ણ રાય. હાવાં હું શું કરુંરે.
મેં સેવક કરીને બોલાવિયો, નવ જાણ્યો નૈષધરાયરે;
ધિક્ પાપી હું આત્મા, હવે પાડું મારી કાય. હાવાં હું શું કરુંરે.
જ્યાં મન કીધું દેહ મૂકવા, તવ હવો હાહાકારરે;
જાણ્યું થયું અંતઃપુરમાં, નળ ભીમક આવ્યા બહાર. હાવાં હું શું કરુંરે.

હાં હાં કહીને હાથ ઝાલ્યો, મળ્યા નળ ઋતુપર્ણરે;
ઓશિયાળો અયોધ્યાપતિ, જઈ પડ્યો નળને ચરણ. હાવાં હું શું કરુંરે.
પુણ્ય શ્લોક પાવન સત્ય સાધુ, જય પાતિક લેતાં નામરે;
તેવા પુરુષને મેં કરાવ્યું, અશ્વનું નીચું કામ. હાવાં હું શું કરુંરે.
જેનું દર્શન દેવ ઇચ્છે, સેવે સહુ નરનાથરે;
તે થઈ બેઠા મમ સારથિ, ગ્રહી પરાણે હાથ. હાવાં હું શું કરુંરે.
શત સહસ્ર જેણે જગ્ન કીધા, મેરુતુલ્ય ખરચ્યાં ધંનરે;
તે પેટભરી નવ પામિયા, હું પાપીને ઘેર અંન. હાવાં હું શું કરુંરે.
જેનાં વસ્ત્રથી લાજે વિદ્યુલ્લતા, હાટક મૂકે માનરે;
તે મહારાજ મારે ઘેર વસ્યા, કરી કાંબળું પરિધાન. હાવાં હું શું કરુંરે.
મેં ટુંકારે તિરસ્કાર કીધો, હસ્યાં પુરનાં લોકરે;
ત્રણ વરસ દોહેલે ભોગવ્યાં, મેં ન જાણ્યા પુણ્યશ્લોક. હાવાં હું શું કરુંરે
આળસુને ઘેર ગંગા આવ્યાં, ઉઠી નહીં નાયો મૂર્ખરે;
તે ગતિ મારે આજ થઈ, મેં જાણ્યા નહીં મહા પુરુષ. હાવાં હું શું કરુંરે.
શ્રાવણકીટને ઘેર જાયે, જેમ ધરાધર શેષરે;
જેમ નીચ મનુષ્યને ઘેર, જાયે ભિક્ષાને મહેશ. હાવાં હું શું કરુંરે.
જેમ ચકલીને માળે આવે, ગરુડ ગુણભંડારરે;
તેમ મારે ઘેર આવી વસ્યા, વીરસેનકુમાર. હાવાં હું શું કરુંરે.
જેમ કૃપણને ઘેર કમળા વસિયાં, પેર ન પ્રીછે વ્યયતણીરે;
તેમ મારે ઘેર નળ વસ્યા જેમ, ભીલને ઘેર પારસમણી. હાવાં હું શું કરુંરે.
જેમ અંધપત્નીતણાં આભૂષણ તે, વૃથા સહુ શણગારરે;
જેમ તીવ્ર આયુધ કાયરને કર, મર્કટ મુક્તાહાર. હાવાં હું શું કરુંરે.
કળશ અમૃતનો ભર્યો કા, સુરખને પ્રાપ્તિ થઈરે;
છે ભૂર ભોગી વારુણીનો, સુધાપાન પ્રીછે નહીં. હાવાં હું શું કરુંરે.
નિઃશ્વાસ મૂકે ને કંઠ સૂકે, થઈ ભૂપને વેદનાયરે;
અપરાધ વિચારી પોતાનો, ઋતુપર્ણ દુઃખિયો થાય. હાવાં હું શું કરુંરે.
પુણ્યશ્લોકને પાયે લાગે, ફરી ફરી કરે વિનતિરે;
એ કૃતકર્મનાં કોણ પ્રાયશ્ચિત્ત, ભર્યાં લોચન ભૂપતિ. હાવાં હું શું કરુંરે.
પાવક માંહે પરજળું કે, હળાહળ ભક્ષ કરુંરે;
જીવવું મારું ધિક્ક છે, દેહ હું નિશ્ચે પરહરું. હાવાં હું શું કરુંરે.

વલણ

પરહરું દેહ માહરો, ગોબ્બરો જીવીને શું કરુંરે;
ઋતુપર્ણનું પરમ દુઃખ દેખી, સમાધાન નળે કર્યુંરે.

કડવું ૬૩ મું-રાગ મારુ

ઋતુપર્ણની પીડા જાણી, નૈષધનાથ બોલ્યા ત્યાં વાણી;
ન થઈએ કાયર આંસુ આણી, એમ કહી લોહ્યાં લોચન પાણી. ૧
આપત્કાળ કર્મ શું કહીએ, જે જે દુઃખ પડે તે સહીએ;
કોને આસરે નિશ્ચે જઈએ, પંચ રાત્રિ સેવક થઈ રહીએ. ૨
ગુપ્ત રહ્યાનું કારજ સીધ્યું, મારું દુઃખ તમે હરી લીધું;
જે જનુનીનું પય મેં પીધું, તેણે એવડું સુખ નથી લીધું. ૩
દશ માસ તે પેટમાં રાખે, અધિક થાય તો ઓછું ભાખે;
ત્રણ વરસ લગી કોણ રાખે, ભલાઈ તમારી થઈ જુગ આખે. ૪
જ્યાં લગે સંપત્તિ હોય, ત્યાં લગે પ્રીત કરે સર્વ કોય;
ફર્યો સમો ત્યારે સદ્ય વિયોગ, નમતાં તે સાંમું ન જોય. ૫
જે લોભના લીધા માયા માડે, થાય પરીક્ષા દુઃખને દહાડે;
ક્ષત્રી જણાએ ઉઘાડે ખાંડે, ભુડા મિત્ર તે ભીડે છાંડે. ૬
કર્મકથા મેં મારી જાણી, ચોહો વર્ણનાં પોષ્યાં પ્રાણી;
જ્યારે વન નીસર્યાં હું ને રાણી, પ્રજાએ ન પાયું પાણી. ૭
થયો પુષ્કર બાંધવ વેરી, અક્કેકું અંબડ નીકળ્યાં પહેરી;
કીધાં કૌતક લોકે શેરી શેરી, તે દુઃખસાગરની આવે છે લહેરી. ૮
મને ભાઈ પ્રજાએ કહાડી નાખ્યો,સ્વાદ સંસાર સગાઇનો ચાખ્યો;
ઋતુપર્ણ તમો શરણ રાખ્યો, તે ઉપકાર ન જાયે ભાખ્યો. ૯
શત કલ્પ કરે કો ગંગાસ્નાન, કરે કોટી જગન દે દાન;
કુરક્ષેત્ર કરે જપધ્યાન, નહિ ફળ શરણદાન સમાન. ૧૦
દુઃખ દેખી કલ્પે પુરના લોક, શુભ સમે આંસુ ભરેા તે ફોક;
એમ કહી ભેટ્યા પુણ્યશ્લોક, ટાળ્યો ઋતુપર્ણનો શોક. ૧૧
ત્યારે ઋતુપર્ણ કહે છે શીશ નામી, અપકીર્તિ મેં બહુ પામી;
તમો સકળ નરપતિ સ્વામી, સ્વારથ અંધ થયો હું કામી. ૧૨
નીમકતનયા જનેતા જેવી, પતિવ્રતા સાધવી દેવી;
તે ઉપર કુદૃષ્ટિ એવી, એથી અન્યાય વાત બીજી કેવી. ૧૩

વલણ

તેવી વારતા અધર્મ છે, શું કરું હું દેહ ધારીરે;
વૈદરભી મુજમાતા જેવી, વરવાની મેં બુધ કરીરે. ૧૪

કડવું ૬૪ મું–રાગ ધવલ ધન્યાશ્રી

લજ્જાકૂપમાં ભૂપતિ પડિયો, ઉંચું ન શકે ભાળીજી;
ચતુરશિરોમણિ નૈષધનાથે, વેળા વાત સંભાળીજી. ૧
ભીમકરાયના પુત્રની પુત્રી, સુલોચના એવું નામજી;
દમનકુંવરતણી તે કુંવરી, શુભ લક્ષણ ગુણધામજી. ૨
અનંગ અંગના સરખી સુંદર, દમયંતી શું બીજીજી;
ઋતુપર્ણને તે પરણાવી, દમયંતીની ભત્રીજીજી. ૩
પહેરામણી ઘણું પ્રીતે આપી, સંતોષ્યો ઋતુપર્ણજી;
અયોધ્યાપતિ ચાલ્યો અયોધ્યા, નમી નળને ચર્ણજી. ૪
પરસ્પરે આલિંગન દીધાં, નળે આપી અસ્ત્રવિદ્યાયજી;
પંચ રાત્રી રહ્યાં સ્ત્રીપુત્ર સાથે, પછે વિદાય થયા નળરાયજી. ૫
પ્રજા સર્વ સંગાથે લઈને, ભેટી નૈષધ જાયજી;
નાના વિધનાં વાજીત્ર વાજે, શોભા ન વર્ણી શકાયજી. ૬
ચતુરંગ સૈન્ય બહુ ભીમકે આપ્યું, સાથે થયો નરેશજી;
નળ રાજા ઘણા જોદ્ધા સંગાથે, આવ્યા નૈષધ દેશજી. ૭
તે સમાચાર પુષ્કરને પોહોંતો, તેમ જ ઉઠ્યો રાયજી;
બ્રાજસંગાથે સામો મળવા, પ્રીતે પાળો પળાયજી. ૮
હયદળ પાયદળ ગજદળ રથદળ, કળ ન પડે કેકાણજી;
પ્રબળદળ સકળ પુરવાસી, નિરખવા નળ તરસે પ્રાણજી. ૯
વાહન કુંજર ધજા અંબાડી, મેઘાડંબર છત્રજી;
કનક કળશ ઘંટા બહુ ધમકે, શોભે સુરીયાં પત્રજી. ૧૦
ભેરી ભેર મૃદંગ દુંદુભિ, પટહ ઢોલ બહુ ગાજેજી;
વેણા વેણુ શરણાઈ શંખધુની, તાળ ઝાંઝ ઘણું વાજેજી. ૧૧
ઉદધિ પર્વણી જાણે ઉલટ્યો, ચંદ્ર પૂર્ણ નળ માટજી;
શ્રવણ પડ્યું સંભળાય નહીં, થઈ ભારે ભીડ પુરવાટજી. ૧૨
ભીમકનંદન કહે નળ પ્રત્યે, સૈન્યને આજ્ઞા દીજેજી;
પુષ્કર આવ્યો ક્રોધ ધરીને, સજ થાઓ જુદ્ધ કીજેજી. ૧૩

નળ કહે ત્રણે શાલક પ્રત્યે, મિથ્યા વિરોધ વિચારજી;
પુષ્કરનું મન થયું નિર્મળ, નાશ પામ્યો કળી વિકારજી. ૧૪
સાધુ પુરુષને કુબુદ્ધિ આવે, તે તો પૂર્વકર્મનો દોષજી;
પુષ્કરે કીધું કળીનું પ્રેર્યું, કહે વિચારી પુણ્યશ્લોકજી. ૧૫
ધ્રુવ ચળે રવિ પશ્ચિમ પ્રગટે, પાવક શીતળ થાયજી;
વિધિ ભૂલે નિધિ સાતે સૂકે, પુષ્કર ધનુષ ન સાહેજી. ૧૬
એમ ગોષ્ઠિ કરતો પુષ્કર આવ્યો, બંધન કરી નિજ હાથજી;
દંડવત્ કરતો ડગલાં ભરતો, ઘણું લાજતો મન સાથજી. ૧૭
નળ ઉઠ્યો બાંધવને દેખી, ગ્રહી કર બેઠો કીધોજી;
મસ્તક સુંઘી પ્રશંસા કીધી, ભુજ ભરી હૃદયા લીધોજી. ૧૮
એક આસને બેઠા બંને બાંધવ, શોભે કામ વસંતજી;
ત્યારે પ્રજાએ ઘણી પૂજા કીધી, આપી ભેટ અનંતજી. ૧૯
પુષ્કરે ઘણું દીન જ ભાખ્યું, થયાં સજળ લોચનજી;
હું કૃતઘ્ની કઠણ ગોઝારો, મેં દંપતી કહાડ્યાં વનજી. ૨૦
ત્રણ અપરાધે વિપરીત કીધું, દીધું દારુણ દુઃખજી;
સાત સમુદ્ર ન જાય શ્યામતા, ધોતાં મારું મુખજી. ૨૧
પુષ્કર વીરને નળે સમજાવ્યો, કહીને આતમજ્ઞાનજી;
એક ગજે બેઠા બેહુ બાંધવ, આવ્યા પુરનિધાનજી. ૨૨
ધ્વજા પતાકા તોરણ બાંધ્યાં, ચિત્ર સાથિયા શેરીજી;
અગર ધૂપ આરતિ થાયે, વાજે ભેરી નફેરીજી. ૨૩
ધવળ મંગળ કીર્તન ગાથા, હાથા કુંકુમરોળજી;
ચહુટાં ચોક રસ્તાને નાકે, પ્રજા ઉભી ટોળે ટોળજી. ૨૪
કુસુમ મુક્તાફળે વધાવે, ગોખ ચઢી નર નારીજી;
નૈષધ નગરીની શોભા સુંદર, શું અમરાપુરી ઉતારીજી. ૨૫
અભિજિત લગ્ન મુહૂર્ત સાધી, નળ બેઠો સિંહાસનજી;
મળવા સર્વ સગાં આવ્યાં તે, વોળાવ્યાં રાજનજી; ૨૬
જુદ્ધપતિ પુષ્કરને કીધો, નળે કીધા જગ્ન અનંતજી;
ધર્મરાજ કીધું નળરાયે, વરસ સહસ્ત્ર છત્રીશ પર્યંતજી. ૨૭
નળના રાજ્યમાં બંધન નામે, એક પુસ્તકને બંધનજી;
દંડ એક શ્રીપાતને * હાથે, ધન્ય વીરસેનનંદનજી. ૨૮

* સંન્યાસી.

કુંપારવ ધજાને વરતે, પવન રહે આકાશજી;
કુળકર્મ પારધિ મૂકયાં, જીવનો ન કરે નાશજી. ૨૯
ભય એક તસ્કરને વરતે, કમાડને વિજોગજી;
હરખ શોક સમતોલ લેખવે, ત્યાજ વિષયના ભોગજી. ૩૦
ચતુરવર્ણ તો સર્વે શૂરી, જ્ઞાનખડ્ગ તીવ્ર ધારેજી;
દેહ ગેહ મધ્યે ખટ તસ્કર, પીડી ન શકે લગારેજી. ૩૧
શૌચ ધર્મ દયા તત્પરી, આડે તે ગુપ્ત દાનજી;
હરિભક્તિ નથી તેનું નામ દરિદ્રી, જેને ભક્તિ તે રાજાનજી. ૩૨
તેહ મુઓ જેની અપકીર્તિ પુંઠે, અકાળ મૃત્યુ ન થાયજી;
માગ્યા મેહ વરસે વસુધામાં, દૂધ ઘણું કરે ગાયજી. ૩૩
માતપિતા ગુરુ વિપ્ર વિષ્ણુની, સેવા કરે સર્વ કાયજી;
પર નિંદા પરધન પરનારી, કુદૃષ્ટે નવ જોયજી. ૩૪
એવું રાજ નળનાથે કીધું, પુણ્યશ્લોક ધરાવ્યું નામજી;
પછે પુત્રને રાજ આપી ગયા, તપ કરવા ગુણગ્રામજી. ૩૫
અનશન વ્રત લેઈ દેહ મૂકયો, આવ્યું દિવ્ય વિમાનજી;
વૈકુંઠ નળ દમયંતી પહોંતાં, પામ્યાં પદ અવિધાનજી. ૩૬
બૃહદશ્વ કહે હો રાય યુધિષ્ઠિર, એવા હવા ન હોયજી;
એ દુઃખ આગળ તારાં દુઃખને, યુધિષ્ઠિર શું રોયજી. ૩૭
કાલે અર્જુન આવશે રાયજી, કરીને ઉત્તમ કાજજી;
કથા સાંભળી પાયે લાગ્યો, મુનિવરને મહારાજજી. ૩૮
યુધિષ્ઠિર કહે પરિતાપ ગયો મનનો,સાંભળી સાધુ ચરિત્રજી;
અવિચળ વાણી ઋષિ તમારી, સુણી હું થયો પવિત્રજી. ૩૯
થોડે દિવસે અર્જુન આવ્યા, રીઝ્યા ધર્મરાજાનજી;
વૈશંપાયન કહે જનમેજય, પૂર્ણ થયું આખ્યાનજી. ૪૦
કરકોટક ને નળ દમયંતી, સુદેવ ઋતુપર્ણ રાયજી;
એ પાંચેનાં નામ લેતાં, કળજુગ ત્યાંથી જાયજી. ૪૧
પુત્ર પૌત્ર ધન ધાન્ય સમૃદ્ધિ, પામે વળી નર નારજી;
બ્રહ્મહત્યાદિક પાપ ટળે ને, ઉતરે ભવજળ પારજી. ૪૨
વીરક્ષેત્ર વડોદરા કહાવે, ગરવો દેશ ગુજરાતજી;
કૃષ્ણસુત કવિ ભટ્ટ પ્રેમાનંદ, વાડવ ચોવીસા ન્યાતજી. ૪૩

ગુરુપ્રતાપે પદબંધ કીધો, કાલાવાલા ભાખીજી;
આરણ્યક પર્વની મૂળ કથામાં, નૈષધ લીલા દાખીજી. ૪૪
મુહૂર્ત કીધું સુરતમાંહે, થયું પૂર્ણ નંદરબારજી;
કથા એ નળ દમયંતી કેરી, સારમાંહે સારજી. ૪૫
સંવત સત્તર બેતાળો વર્ષે, પોષ સુદિ ગુરુવારજી;
દ્વિતીયા ચંદ્ર દર્શનની વેળા, થઇ કથા પૂર્ણ વિસ્તારજી. ૪૬
તે દિવસે પરિપૂરણ કીધો, ગ્રંથ પુનિત પદબંધજી;
શ્રોતા વક્તા સહુને થાશે, શ્રીહરિકેરો સંબંધજી. ૪૭

નળાખ્યાન સંપૂર્ણ

મામેરું

કડવું ૧ લું-રાગ આશાવરી

શ્રીગુરુ ગણપતિ શારદા, હું સમરું સુખે સર્વદા;
મનમુદા કહું મામેરું, મહેતાતણુંરે. ૧

ઢાળ

મામેરું મહેતાતણું, પદબંધ કરવા આશ;
નરસિંહ મહેતો ભક્ત બ્રાહ્મણ, જુનાગઢમાં વાસ. ૨
ભાભીએ એક વચન કહ્યું, મેહેતાને લાગી દાઝ;
પરિત્યાગ કીધો ઘરતણો, મહેતો વન ગયા તપકાજ. ૩
તે વનવિષે એક દેહેરું દીઠું, અપૂજ્ય શિવનું લિંગ;
નરસયે તેની પૂજા કીધી, અંતરમાંહિ ઉમંગ. ૪
ઉપવાસ સાત મહેતે કર્યા, તવ રીઝ્યા શ્રીમહાદેવ;
કમળની પેરે લિંગ વિકાસ્યું, પ્રભુ પ્રગટ થયા તતખેવ. ૫
કર્પૂર ગૌર સ્વરૂપ શોભા, ધર્યા ઉમયા ડાબે પાસ;
બિરાજે જટામાં જાહ્નવી, નિલવટ ચંદ્ર પ્રકાશ. ૬
છે રુંઢમાળા સર્પભૂષણ, વાઘાંબર ગજચર્મ;
વાજે ડાક ડમરુ શંખ શૃંગી, મહેતે દીઠા પરિયહ્ન. ૭
તવ નરસૈંયો જઈ પાયે લાગ્યો, ત્યારે મસ્તક મૂક્યો હાથ;
માગ્ય માગ્ય હું કૃપાળ છું, એમ બોલ્યા ઉમિયાનાથ. ૮
મહેતો કહે મહાદેવજી, એક માગું છું સ્વામીન:
તમતણું દર્શન પામિયો, હવે વિષ્ણુનું દર્શન. ૯
ધન્ય ધન્ય સાધુ શિવ કહે, તને ભક્તિની છે આશ;
અખંડ વ્રજમાં ગયા તેડી જ્યાં, હરિ રમે છે રાસ. ૧૦

વલણ

રાસમંડળતણી રચના, લીલા શી વખાણે કવી;
નરસૈંયો કૃતારથ થયો, તે કૃપા શ્રીહરની હવી. ૧૧

કડવું ૨ જું-રાગ ધન્યાશ્રી

અદ્‌ભુત લીલા રાસ વિરાજેજી, દર્શન કીધે ભવદુ:ખ ભાજેજી;
ગોપિકા ગાય વાજિત્ર વાજેજી, મહા સુખ દીધું શિવ મહારાજેજી. ૧

ઢાળ

મહારાજ શિવ મહારાજજીએ, ગ્રહ્યો મહેતાનો હાથ;
તે સદાશિવને દેખીને, સામા આવ્યા વૈકુંઠનાથ. ૨
હરિ હર હરખીને મળ્યા, નમી ગોપી શિવને પાય;
નરસૈંયો જઈ નમ્યો નાથને, તવ પૂછે ગોકુળ રાય. ૩
કહો સદાશિવ આ કોણ છે, તમે દેખાડ્યો આ ઠામ;
મહાદેવ કહે એ દાસ તમારો, વિપ્ર નરસિંહ નામ. ૪
ભક્તિ ઇચ્છે તમારી, કીર્તન કરે ગુણ ગાય;
કરુણા કરો શ્રીકૃષ્ણજી, તવ બોલ્યા વૈકુંઠરાય. ૫
હાથ ગ્રહી તમે તેડી લાવ્યા, સદાશિવ ભગવાન;
એ નરસૈંયો મેં ભક્ત કીધો, ઉદ્ધવ વિદુર સમાન. ૬
મસ્તક ઉપર હાથ મૂકી, કહે શ્રીગોપાળરે;
દુઃખ વેળા મને સંભારજે, હું ધાઈ આવીશ તત્કાળ. ૭
કરજે તું કીર્તન ભક્તિ મારી, તરીશ ભવસંસાર;
આ દીડી તેવી લીલા ગાજે, કેવળ રસ શણગાર. ૮
પછી રાસમંડળતણી રચના, દેખાડી તેણીવાર;
નરસિંહ મહેતા પ્રત્યે બોલ્યા, સ્વામી શ્રીત્રિપુરારીરે. ૯
રખે લોકાચાર મનમાંહિ ગણતો, મસ્તક સાટે ભક્તિ;
રાધાકૃષ્ણનો વિહાર ગાજે, જુએ તેવી જુક્તિ. ૧૦
અંતર્ધ્યાન થયા એમ કહિને, ભોળા શંકર દેવ;
પળ માત્રમાં નરસૈંને મૂકયો, જુનેગઢ તતખેવ. ૧૧
થઈ નરસૈંયાની નિર્મળ વાણિ, કવિ શક્તિ ભક્તિ અપાર;
રાધાકૃષ્ણ શું રંગ લાગ્યો, ગણે તૃણવત સંસાર. ૧૨
પછી તાલ વાતા ગીત ગાતા, પધાર્યા પુરમાંય;
નરસિંહ મહેતો જઈને નમિયા, ભાભીકેરે પાય. ૧૩
તમને ગોરાણી મેં પ્રમાણી, હુંને કહ્યું કઠણ વચંન;
હરિ હર બંને મુજને મળ્યા, તે ભાભી તમારું પુણ્ય. ૧૪

વલણ

પુણ્ય તમારું માત મારી, મને મળ્યા શ્રીપરિબ્રહ્મરે:
છે સાધવી સ્ત્રી મહેતાતણી, પછી માંડ્યો ગૃહસ્થાશ્રમરે. ૧૫

કડવું ૩ જું-રાગ વેરાડી

મહેતે માંડ્યો ગૃહસ્થાશ્રમ, પતિવ્રતા ઘેર નારી પર્મ;
દામોદરની સેવા કરે, માળા તિલક ને મુદ્રા ધરે. ૧
સાધુ વેરાગી વૈષ્ણુવ સંગ, શંખ તાળ ને વાજે ચંગ;
ચોક માંહી તુળસીનાં વંન, અહર્નિશ થાયે કિર્તન. ૨
નહિ ખેતી ઉદ્યમ વેપાર, હરિભગત મહેતો તદાકાર;
જે આવે તે વૈષ્ણુવ જમે, ગુણ ગાઇને દહાડા નિર્ગમે. ૩
વિશ્વંભર પૂરું પાડે અન્ન, વિશ્વાસ ધણો મહેતાને મંન;
બે સંતાન આપ્યાં ગોપાળ, એક પુત્રી ને એક જ બાળ. ૪
શામળદાસ કુંવરનું નામ, તે પરણાવ્યો રુડે ઠામ;
કુંવર બાઈ નામે દીકરી, પરણાવ્યાં રુડો વિવાહ કરી. ૫
પામ્યાં મરણ પત્ની ને પુત્ર, મહેતાનું ભાગ્યું ઘરસૂત્ર;
પતિવ્રતા વહુ વિધવા થઈ, કુંવરબાઈ તે કુશળી રહી. ૬
સ્ત્રી પુત્ર મરતે રોયાં લોક, મહેતાને તલ માત્ર ન શોક;
ભલું થયું ભાંગ્યો જંજાળ, સુખે ભજશું શ્રીગોપાળ. ૭
કુંવર બાઈ પછે મોટી થઈ, આણું આવ્યું ને સાસરે ગઈ;
સસરો શ્રીરંગમહેતો નામ, મોટું ઘર કહાવે બહુ દામ. ૮
છે સાસરિયાંને ઘણું અભિમાન, ધનનું તે અતિ કરે ગુમાન;
નણંદ જેઠાણી વાંકું ભણે, કુંવર બાઇને દુબળી ગણે. ૯
આવો વૈષ્ણુવની દીકરી, સાસરવેલ સૌ પાવન કરી;
ચેષ્ટા કરે સાસુ ગર્વેભરી, કુંવર બાઈ નવ બોલે ફરી. ૧૦
છે લઘુવેષ નહાનો ભરથાર, તે નવ પ્રીછે વિવેક વિચાર;
કુંવર બાઇનું આવ્યું સીમંત, સાદર વાત ન પૂછે કંથ. ૧૧
રૂપ દેખી અતિ વહુવરતણું, સાસરિયાં મન હરખે ઘણું;
કહે મહેતો હરિનો છે દાસ, મોસાળાંની શી કરવી આશ. ૧૨
વહુનો ઓરિયો વીતે ખરો, કાંઇક મોસાળું ઘરથી કરો;
દુર્બળની દિકરી રાંકડી, આચાર કરી બાંધો રાખડી. ૧૩
ન કહાવ્યું પિયર ન કોને કહ્યું, પંચમાસી તો એળે ગયું;
સીમંતના રહ્યા થોડા દંન, કુંવર બાઇને થઈ ચિંતા મંન. ૧૪
ઓશિયાળી દીસે દામણી, વહુવર આવી સાસુ ભણી;
બોલી અબળા નામી શીશ, બાઇજી રખે કરતાં રીશ. ૧૫

આપણો ગોર પંજ્યો ખોખલો, જુનાગઢ સૂધી મોકલો;
મોકલો લખાવી કંકાતરી, તવ સાસુ બોલી ગર્વે ભરી. ૧૬
કાં વહુવર તને ઘેલું લાગ્યું, મા મુઈ ત્યારે મહિયર ભાંગ્યું;
તાળ વજાડે કીર્તન કરે, નાચી ખુંદીને ઊદર ભરે. ૧૭
દરિદ્ર ઘરમાં ફેરા ફરે, તે મોસાળું કયાંથી કરે;
જે સગાંથી અર્થ નવ સરે, શું થાયે તેને નોતર્યે. ૧૮
મહેતાને વહાલું હરિનું નામ, જોવા મળશે બાધું ગામ;
તમને ડોસો મળવાનું હેત, અમો નાતમાં થઈએ ફજેત. ૧૯
તમારો સસરો લાજે બાઈ, વણ આવે સરશે વેવાઈ;
કુંવર બાઈ તવ આંસુ ભરી, સાસુ પ્રત્યે બોલી ફરી. ૨૦
બાઇજી એમ બોલતાં શું ફગો, દુર્બળ પણ પોતાનો સગો;
અહિં આવી પાછા જાશે ફરી, એ મિષે મળશું બાપ દિકરી. ૨૧
સાસુને મન કરુણા થઈ, પોતાના સ્વામીને પૂછ્યું જઈ;
રહ્યા શીમંતના થોડા દહાડા, કુંવર વહુ લે છે આડા. ૨૨
લખી મોકલો કંકોતરી, મળવા ઘોને બાપ દીકરી;
વેવાઈને લખીએ એક પત્ર, જેમ તેમ કરતાં આવજો અત્ર. ૨૩
શ્રીરંગ મહેતો પરમ દયાળ, કાગળ, એક લખ્યો તત્કાળ;
સ્વસ્તિશ્રી જુનાગઢ ગામ, જે હરિ વૈષ્ણવનો વિશ્રામ. ૨૪
નાગરી નાતતણા શણગાર, સાધુ શિરોમણિ પરમ ઉદાર;
ભક્ત નાયક વૈષ્ણવના ધણી, સદા કૃપા હોય કેશવતણી. ૨૫
સર્વોપમા જોગ કરુણા ધામ, મહેતા શ્રીપંચ નરસૈં નામ;
અહિં સહુને છે કુશળ ક્ષેમ, લખજો પત્ર તમો આણી પ્રેમ. ૨૬
એક વધામણિ તણો સમાચાર, અમારાં ભાગ્યતણો નહિ પાર;
કુંવર વહુને આવ્યું સીમંત, અમ ઉપર તૂઠા ભગવંત. ૨૭
માઘ શુદિ સપ્તમી રવિવાર, મુહૂર્ત અમે લીધું નિર્ધાર;
તમો તે દિન નિશ્ચય આવજો, સગાં મિત્ર સાથે લાવજો. ૨૮
ન આણશો મનમાં આશંક, તમ આવે પામ્યા લખટંક;
ઉજળો સગો આવ્યો બારણે, સોનાનો મેરુ કીજે વારણે. ૨૯
જો મહેતાજી નહિ આવો તમો, ખરેખરા દૂભાઇશું અમો;
આપ્યું પત્ર ગુરુના કરમાંય, પંજ્યો ખોખલો કર્યો વિદાય. ૩૦

કુંવર બાઇએ તેડ્યા ઋષિરાય, એકાંતે બેસાડી લાગી પાય;
ત્યાં બે દહાડા પરણ્યા રહેજો, મહેતાને સમજાવી કહેજો. ૩૧
કાંઈ મોસાળું સારું લાવજો, સંપત્ત હોય તો ત્યાં આવજો;
કાંઈ નામ થાય જો પૃથ્વી તળે, સામરિયાંનું મેણું ટળે. ૩૨
જો અવસર આ સૂનો જશે, ભવનું મેણું મુજને થશે;
બોલ બાણ નણદી મારશે, શત્રુનું કામ દિયર સારશે. ૩૩
રખે નાગરી નાતે કૌતક થાય, તમારે માથે છે વૈકુંઠ રાય;
પંજ્યો બોખલો કીધો વિદાય, સઘ પહોંતો જુનાગઢ માંય. ૩૪

વલણ

જુનાગઢમાં આવ્યા, મહેતો લાગ્યા પાય રે;
સ્તવનસ્તુતિ પૂજા કરી, પછે માંડી પાટ સુખદાયરે. ૩૫

કડવું ૪ થું–રાગ ધનાશ્રી

બોખલે પંડે પત્ર જ આપ્યું, મહેતાજીને હાથજી;
વધામણી કાગળમાં વાંચી, સમર્યા વૈકુંઠનાથજી. ૧
મામેરું પુત્રીને કરવું, ઘરમાં નથી બોટો દામજી;
ત્રિકમજી ત્રેવડમાં રહેજો, દ્રવ્યતણું છે કામજી. ૨
ભોજન કરાવી દક્ષિણા આપી, મહેતો લાગ્યા પાયજી;
મોસાળું લેઈ અમો આવિશું, પંજ્યો કીધો વિદાયજી. ૩
નરસૈં મહેતે ઘેર તેડાવ્યા, સગા તે વૈષ્ણવ સંતજી;
મોસાળું લઈ આપણે જાવું, છે કુંવર બાઇનું શ્રીમંતજી. ૪
જુની વેલ ને ધૂંસરિ વાંકી, સાંગી સોટા ભાગીજી;
કોના તળાયા ને કોની પિંજણિયો, બળદ આણ્યા બે માગીજી. ૫
મહેતોજી મામેરે ચાલ્યા, સમર્યા શ્રી જગદીશજી;
ત્રણ સખિયો સંઘાતે ચાલી, વેરાગી દશ વીશજી. ૬
સંપુટ ત્રાંબાની ડાબલીનો, તેમાં બાળમુકુંદજી;
કંઠે હાર કરીને રાખ્યા, દામોદર નંદનનંદજી. ૭
બલની પૂંઠે કોથળો બાંધ્યો, માંહી ભર્યાં વાજિત્રજી;
ગાંઠડી એક ગોપીચંદનની, તુળશી કાષ્ઠ પવિત્રજી. ૮
મોસાળાની સામગ્રીમાં, તિલક ને તુળસીમાળજી;
નરસૈંયાને નિર્ભય છે જે, ભોગવશે ગોપાળજી. ૯

બળ હીણુ બળદો શું હીડે, ઠલે વૈષ્ણવ સાથજી;
સોર પાડે ને ઢાળ ચઢાવે, જે જે વૈકુંઠ નાથજી. ૧૦
એક બળદ ગળિયો થઈ બેસે, આખલો તાણી જાયજી;
પડ્યાને પુંછ ગ્રહી ઉઠાડે, કૌતુક કોટી થાયજી. ૧૧
સાલે સાલ જૂજવાં દીસે, રથતણાં બહુ વકજી;
સાંગીનો બહુ શબ્દ જ ઉઠે, ચૂચવે છે બહુ ચકજી. ૧૨
ચડે બેસે ને વળિ ઉતરે, લે રામ કૃષ્ણનું નામજી;
મધ્યાહ્ને મહેતાજી આવ્યા, જોવા મળ્યું ઉના ગામજી. ૧૩
શું જાણે વૈષ્ણવનો મહિમા, વિષયી પુરનાં લોકજી;
કોડ પહોંતા કુંવર વહુના, મામેરું છે રોકજી. ૧૪

વર્ણણ

રોકું મામેરું મહેતો લાવ્યા, જુઓ વૈષ્ણવની વસાતરે;
અકેકી માળાં આપશે તો, પહેરશે નાગરી નાતરે. ૧૫

કડવું ૫ મું–રાગ મારુ

સુણી શ્રીરંગ મહેતો આવ્યા ધાઈ, ભાવે ભેટ્યા બંને વેવાઈ;
મળ્યો જમાઈ જમાઇનો ભ્રાત, મળ્યો સહુ નાગરનો સાથ. ૧
કપટે ભેટી પાછા બેસે, જોઈ જોઈ સામગ્રીને હસે;
ઉતરવા ઘર આપ્યું એક, ઝાઝાં વાંચર મચ્છ વિશેક. ૨
ખાડા ટેકરા વસમો ઠામ, ઉપર નળિયાનું નહિ નામ;
ઢાહ્યું છાજ ને જૂની વળી, ભીંત્યો દોદશ બેવડ વળી. ૩
ઝાઝા માંકણ ઝાઝા જૂઆ, ત્યાં મહેતાના ઉતારા હૂવા;
વેવાઈ ગયા ઊતારો કરી, બોલે હસણી નાત નાગરી. ૪
કુંવર વહુનો વૈષ્ણવ બાપ, દર્શન કરીને બોઇએ પાપ;
મહેતાને જોવા હરખે ભરી, ઘેર ઘેરથી ચાલી સુંદરી. ૫
મન વિના મહેતાને નમે, સારું થયું જે આવ્યા તમે;
માંહો માંહિ કહે સુંદરી, મહેતો દીઠે દીઠા હરિ. ૬
જુઓ સાથ કેવો કૂટડો, એને પરમેશ્વર ત્રૂઠડો;
કુંવર વહુનું ભાગ્યું દુઃખ, એવું કહીને મરડે મુખ. ૭
જુઓ બળદ મહેતાજી તણા, બગાઇઓ શબ્દ કરે છે ઘણા;
વન્નડશે મંડપમાં ચંગ, નાગરી નાતમાં રહેશે રંગ. ૮

આ ગાંઠડી વળગાડી લટકે, તાળના જોડા બાંધ્યા પટકે;
તુલસી કાષ્ઠતણો એ ભારો, હવે મામેરાનો શો ઉધારો. ૯
બળમાં તુળશી દળ મૂકશે, ઉભો રહીને શંખ ફૂંકશે;
વેરાગી હરિના ગુણ ગાશે, એટલે મોસાળું પૂરું થાશે. ૧૦
એમ નાગરી કૌતુક કરે, ટોળ કરીને પાછી ફરે;
કુંવર બાઇએ જાણી વાત, મોસાળું લઈ આવ્યા તાત. ૧૧
ઉતાવળી મળવાને ધશી, બોલી નણદી મર્મે હશી;
આ શું પિતા પુત્રીનું હેત, શાને કરવા આવ્યો પ્રજેત. ૧૨
લજાવ્યું સાત પેઢીનું નામ, સાથે વેરાગીનું શું કામ;
શું મળવા ચાલ્યાં એકલાં, એ બાપથી ન બાપાં ભલાં. ૧૩
કઠણ બોલ એવો સાંભળી, કુંવર બાઈ બોલી પાછી વળી;
નણદી શું મચ્છર આવડો, પુંઠળથી બાઈ શું બડબડો. ૧૪
સુખી પિતા હશે જે તણો, તે પુત્રીને લાભ જ ઘણો;
કોનો પિતા લખેશરિ કહાવે, તે તો મારે શે ખપ આવે. ૧૫
રાંક પિતા આવ્યો મુજ ઘેર, એક કાપડું સોનાનો મેર;
તમે મન માને તે કહો, એ પિતા મારે જીવતો રહો. ૧૬
મર્મ વચન નણદીને કહી, પછે પિતા પાસે પુત્રી ગઈ;
દૂરથકી દીઠી દીકરી, મહેતાએ સમર્યા શ્રીહરિ. ૧૭
અન્યોન્ય નયણાં ભરી, ભેટ્યાં બેઉએ આદર કરી;
મહેતે મસ્તક મૂકી હાથ, પાસે બેસાડી પૂછી વાત. ૧૮
કુંવર બાઈ કહો કુશળ ક્ષેમ, સાસરિયાં કાંઈ આણે છે પ્રેમ;
રુડો દિવસ આવ્યો દીકરી, તો મોસાળુ કરશે શ્રીહરિ. ૧૯
કુંવર બાઈ બોલી વીનતિ, મોસાળું કાંઈ લાવ્યા નથી;
નાગરી નાતે રહેશે કેમ લાજ, વિના દ્રવ્ય આવ્યા શે કાજ. ૨૦
નિર્માલ્ય નિર્ધનનો અવતાર, નિર્ધનનું જીવ્યું ધિક્કાર;
નિર્ધનને કોઈ નવ ગણે, નવ રાખે ઉભો આંગણે. ૨૧
ચતુરપણું નિર્ધનનું જેહ, વેલામાંહી ગણાએ તેહ;
લોક બોલાવે દુર્બળ કહી, એથી માઠું કાંઈ બીજું નહીં. ૨૨
પિતાજી કાંઈ ઉદ્યમ નવ કરો, ધનનો નવ રાખો સંચરો;
આ અવસર સચવાશે કેમ, પિતાજી તમે વિચારો એમ. ૨૩

નથી લાવ્યા કંકુની પડી, નથી લાવ્યા મોડ નાડાછડી;
નથી માટલી ચોળી ને ધાટ, એમ શું આવ્યા બારેવાટ. ૨૪
કેમ કરી લજ્જા રહેશે તાત, હું શે ન મુઈ મરતે માત;
માતા વિના સુનો સંસાર, માતા વિના તે શો અવતાર. ૨૫
જે બાળકની માતા ગઈ મરી, બાપની સગાઈસાથે ઉતરી;
જેવું આથમતા રવિનું તેજ, મા વિના એવું બાપનું હેત. ૨૬
સુરભિ મરતાં જેવું વચ્છ, જળ વિણ જેવું તલફે મચ્છ;
ટોળાં વછોઈ જેવી મૃગલી, મા વિના દીકરી એકલી. ૨૭
લવણ વિના જેવું ફીકું અન્ન, ભાવ વિના જેવું ભોજંન;
ફોફી વિના જેવું લોચંન, મા વિના તેવું બાપનું મંન. ૨૮
ધડો ફૂટે રઝળે ઠીંકરી, મા વિના એવી દીકરી;
ગોળ વિના મોળો કંસાર, માતા વિના સૂનો સંસાર. ૨૯
શીદ કરવા આવ્યા ઉપહાસ, સાથે વેરાગી પાંચ પચાસ;
શંખ તાળ ને માળા ચંગ, એ મોસાળું કરવાના ઢંગ. ૩૦
ન હોય તો પિતા જાઓ પાછા ફરી, એવું કહીને રોઈ દીકરી;
મહેતે મસ્તક મૂકયો હાથ, કરશે મોસાળું વૈકુંઠનાથ. ૩૧
પહેરામણી કરવી હોય જેટલી, આસામી લખી લાવો તેટલી;
લખજો સાસરિયાં સમસ્ત, વિસારશો મા એક વસ્ત. ૩૨
વચન મહેતાજીનાં સુણી, કુંવર બાઈ આવ્યાં સાસુભણી;
મારે પિતાએ મોકલી હૂંય, લખો કાગળમાં જોઇએ શૂંય. ૩૩
મુખ મરડીને બોલી સાસુ, શો કાગળ ચીતરવો ફાંસુ;
છાબમાં તુળસીદળ મૂકશે, ઊભો રહીને શંખ ફૂંકશે. ૩૪

વલણ

ફૂંકશે શંખ ઊભો રહી, નરસૈંયો મોસાળું શું કરે;
સંવાદ વહુઅરનો સાંભળી, પછે વડ સાસુ એમ ઓચરે. ૩૫

કડવું ૬ હું-રાગ સામેરી

વડ સાસુ ઘણું ભારે માણસ, બોલ્યાં પરમ વચંન; વહુજી;
વડી વહુઅર તમે કાંઈ નવ જાણો, છે મહેતો વૈષ્ણવ જંન. વહુજી. ૧
જેને સ્નેહ શ્યામળિયા સાથે, તેને શાની ઓટ; વહુજી;
પહેરામણી મન ગમતી માગો, કરો નાગરી ગોઠ. વહુજી. ૨

કુંવર બાઇને કાગળ આપ્યો, લખો લખાવું જેમ; વહુજી;
રુડો વેવાઈ આંગણે આવે, કોડ ન પહોંચે કેમ. વહુજી. ૩
લખો પાંચ શેર કંકુ જોઇએ, શ્રીફળ લખો સેં સાત; વહુજી;
વીશ મણ વાંકડિયાં ફોફળ, મળશે મોટી નાત. વહુજી. ૪
પાંચ વસ્ત્રના પંચવિશ વાધા, ચાર ચોકડી તાસ; વહુજી;
લખો પછેડી પંદર કોડી, પટોળાં પચાસ. વહુજી. ૫
સાઠિક મુગટા ને સોએક સણિયાં, ચીર લખો ચાલીસ; વહુજી;
ધોતિયાં તો બ્રાહ્મણને જોઇએ, તે લખો કોડી સાર. વહુજી. ૬
બે કોડી જરકશીની સાડી, રેશમી કોડી બાર; વહુજી;
સાદિ સાડિયો લખો ત્રણસેં, છાયલ લખો સેં ચાર. વહુજી. ૭
ઘરસાડી લખો દશ ત્રિશ કોડી, સોળ કોડી લખો ઘાટ; વહુજી;
છીંટ મોરવી ટુંકડી સોએક, નવ કોડી લખો નાટ. વહુજી. ૮
મશરુ ગજિયાણી દરિયાઈ, લખો થાન પંચાસ; વહુજી;
હજાર બારસેં લખો કાપડાં, લોક કરે બહુ આશ. વહુજી. ૯
સોલસેં લખો શેલા સાળુ, તેલ પાનનો શો આંક; વહુજી;
આશરા પડતું મેં લખાવ્યું, બાપ તમારો રાંક. વહુજી; ૧૦
તમને સોળ શણગાર ઘડાવે, બાપ લડાવે લાડ; વહુજી;
ઘટે જમાઇને સોનાનાં સાંકળાં, તેમાં અમને શો પાડ. વહુજી. ૧૧
સહસ્ત્ર મહોર સોનાની રોકડી, કહેતાં પામું ક્ષોભ; વહુજી;
ઘરડાં અમે માટે ધર્મે લખાવ્યું, ન મળે ઝાઝો લોભ. વહુજી. ૧૨
એ લખ્યાથી અદકું કરો તો, તમારા ઘરની લાજ; વહુજી;
તવ મુખ મરડી નણદી બોલી, સિદ્ધ થયાં સર્વ કાજ. વહુજી. ૧૩
ભારે મોટા બે પહાણ લખોની, જે મહેતાથી અપાય; વહુજી;
ડોશી કહે શો શોર કરો છો, લખતાં તારું શું જાય. વહુજી. ૧૪

વલણ

શું જાય લખતાં તાહરું, વડ સાસુ વિકરાળ રે;
કાગળ આપ્યો હાથમાં, પડી પેટડિયામાં પ્રાળ રે. ૧૫

કડવું ૭ મું-રાગ મારુ

ડાટ વાળ્યોરે, ડોસીએ ડાટ વાળ્યો રે;
વડ સાસુ વેરણ થઈ મારી, હરખ હોયાનો ટાળ્યો રે. ડોસીએ. ૧

મીઠાં વચની ને થોડા બોલી, હીડે હરિગુણ ગાતી રે;
પરમારથી થઈ પત્ર લખાવ્યું, મનમાં મોટી કાતી. ડોસીએ. ૨
કાગળ લઇને કુંવર બાઈ આવ્યાં, પિતા કેરે પાસે રે;
વડ સાસુએ વિપરીત લખાવ્યું, કહો હવે શું થાશે. ડોસીએ. ૩
લખેશ્વરીથી ન પડે પૂરું, એવું માંહી લખાવ્યું રે;
સાધુ પિતાને મહા દુઃખ દેવા, મુને સિમંત શાને આવ્યું. ડોસીએ. ૪
સહસ્ર મહોર સોનાની રોકડી, વસ્ત્રતણું નહિ લેખું રે;
તાતજી હું તમારી પાસે, કોડી એક ન દેખું. ડોસીએ. ૫
પિતાજી તમો પાછા પધારો, અહિં રહે ઇજ્જત જાશે રે;
મહેતાજી કહે પુત્રી મારી, રહો તમે વિશ્વાસે;
ડોસીએ રુડું કીધુરે, આપણું કારજ સિધ્યું રે. ડોસીએ. ૬
શ્યામળિયો અવસર નહિ ભૂલે, તું કાં આંસુડાં પાડે રે;
દામોદર કાંઈ નથી દોહલો, નહિ કરજે કાઢે. ડોસીએ. ૭
કુંવર બાઈ તમે ઘેર પધારો, આપણું એમાં શું જાશે રે;
જો મામેરું હરિ નહિ કરે તો, ઉપસાહ એનો થાશે. ડોસીએ. ૮
પંચાળીનાં પટકુળ પૂર્યાં, નવસેં ને નવાણું રે;
તે રીતે મામેરું કરશે, તું થાવા દેને વહાણું. ડોસીએ. ૯
વિશ્વાસ હૃદેમાં રાખો તમો, છો વૈષ્ણવની બાળ રે;
આપણું એ પ્રતિપાલન કરશે, શ્યામળિયો ગોપાળ. ડોસીએ. ૧૦
હૈડે હેત દીકરીને આવ્યું, સુણી તાતની વાણી રે;
કુંવર બાઈ ફરી મંદિર આવ્યાં, વિશ્વાસ ઉરમાં આણી. ડોસીએ. ૧૧

કડવું ૮ મું–રાગ ગોડી

જો જો રે કૌતક કલિજુગનાં, વૈષ્ણવની ચેષ્ટા થાયરે;
વાંકા બોલી નાત નાગરી, સહેજે બોલે અન્યાયરે. કૌતક. ટેક. ૧
ભોજન કરવા મહેતાજી તેડ્યા, સાથે બહુ વેરાગીરે;
ટોળે મળે સહુ નાત નાગરી, જોઈ જોઈ હસવા લાગીરે. કૌતક. ૨
ચીર્યાં તિલક ને તુળસીની માળા, છાપાં અંગ બિરાજેરે;
વેવાઇનાં રૂપ જુઓરે બાઇઓ, કોટિક કંદર્પ લાજેરે. કૌતક. ૩
મલાર ગાશે નહાતી વેળા, વરસશે વરસાદરે;
પ્રસાદ કરતાં થાળ ગાશે, જમશે જાદવનાથરે. કૌતક. ૪

સ્નાન કરી સહુ નાગર બેઠા, જેને જેશું મળતુંરે;
મહેતાજીને નહાવા અર્થે, જળ મેલ્યું કળકળતુંરે. કૌતક. ૫
જેમ તેલ કઢા તાતી ઉકાળી, સુધનવાને તળવારે;
તેમ વેવાણે જળ ઉકાળ્યું, મહેતાજીને છળવારે. કૌતક. ૬
ઉષ્ણોદક ઉનું દેખીને મહેતે, માગ્યું ટાઢું પાણીરે;
મર્મ વચન મુખ મરડીને બોલી, કુંવર બાઇની જેઠાણી. કૌતક. ૭
માગ્યા મેહ વરસે મહેતાજી, તો અમ પાસે શું માગેરે;
બાજઠે બેઠાં તાળ મંગાવી, બોલ હૃદેમાં વાગ્યો. કૌતક. ૮
સ્મરણ કીધું શ્યામળિયાનું, આલાપ્યો રાગ મલારરે;
નાગર લોક જોવાને મળિયા, બોલે વ્યંગ ઉચ્ચાર. કૌતક. ૯

કડવું ૯ મું–રાગ સોરઠ મલાર

મહેતાજી બેઠા બાજઠે, સમર્યાં શ્રીગોપાલ;
મલાર ગાયો પ્રીતમશું, મેઘ ગર્જ્યો વજાડી તાળ. મહેતાજી. ૧
ઉપહાસ થાય તારા દાસનો, શ્યામળા કરો સહાય;
નાંખ્યું ઉષ્ણોદક અતિ ઉકળ્યું, શ્રીફળ ફાટી જાય. મહેતાજી. ૨
જેમ કઢા ઉકાળી તેલની, કોપ્યો હંસધ્વજરાય;
તારી કૃપાએ ટાઢું થયું, ઉગાર્યો સુધન્વાય. મહેતાજી. ૩
હુંડી શીકારી તેં શ્યામળા, આપ્યા રૂપૈયા સેં સાત;
તે વિશ્વાસે વળગી રહ્યો, વિઠ્ઠલ મોકલજો વરસાદ. મહેતાજી. ૪
સમોવણ નહિ આપો શ્યામળા, કરશો મામેરું કયમ;
વિનતિ નરસૈંયાની સાંભળી, પ્રેર્યો ઘન પરિશ્રમ. મહેતાજી. ૫
પળમાંહિ આભે ઘટા થઈ, ચોદશ ચઢ્યો અંધકાર;
ગગન વિષે ઘન ગડગડે, થાય વીજતણા ચમકાર. મહેતાજી. ૬
ઉડે કોરણ બહુ કાંકરા, વરસે મૂશળધાર;
વહેવાઇના ઘરમાં જળ ધસ્યું, કરે લોક પોકાર. મહેતાજી. ૭
સર્વ નાગરીઓ પાયે પડે, ક્ષમા કરો અપરાધ;
અમો અજ્ઞાને ન ઓળખ્યા, તમે શિરોમણી સાધ. મહેતાજી. ૮
શ્રીરંગ મહેતો સ્તુતિ કરે, વહેવાણો માગે માન;
વરસાદ વિસર્જન થયો, કીધું મહેતાજીએ સ્નાન. મહેતાજી. ૯
ઠગ નાગર કહે થયું માવઠું, એમ થાય છે બહુ વાર;
પ્રતીત ન પ્રત્યક્ષ પારખે, કલિજુગનો પ્રકાર. મહેતાજી. ૧૦

વલણ

મહેતોજી ભાંજને બેઠા, કરમાં લીધી તાળરે;
ટોળું વેરાગી તણું, તેણે ગાવા માંડી થાળરે. ૧૧

કડવું ૧૦ મું-રાગ સામેરી

મહેતે ગાઈ પ્રસાદની થાળી, આરોગાવ્યા શ્રીવનમાળી;
લીધો પ્રસાદ પૂરણ પ્રીતે, પછે શું થયું રજની વીતે. ૧

ઢાળ

વીતી રજની કીર્તન કરતાં, થયો પ્રાતઃકાળરે;
કુંવર બાઈ આવ્યાં પિતા પાસે, હવે મોસાળાંની કરો ચાલરે.
મહેતાજી કહે પુત્રી મારી, જઈ ન્યાતને તેડાં કરો;
વિશ્વાસ આણી મંડપમાંહી, એક છાબ ઠાલી જંઈ ધરો. ૩
જ્ઞાતિ સગાં સહિત પધરાવો, સર્વ કુટુંબ પરિવારજી;
છે વાર જ્ઞાતિ મળ્યાતણી, નથી મોસાળાંની વારજી. ૪
કુંવર બાઈ કહે તાતજી મને, કેમ આવે વિશ્વાસરે;
ઠાલી છાબ હું કેમ ધરું, થાય લોકમાં ઉપહાસરે. ૫
મહેતાજી કહે પુત્રી મારી, છો વૈષ્ણવની દીકરી;
તારે મારે ચિંતા શાની, મોસાળું કરશે શ્રીહરી. ૬
મર્મ વચન સુણી તાતનું, સાસુ કને આવી વહુ;
મારો પિતા મોસાળું કરે છે, સગાં મિત્ર તેડો સહુ. ૭
ઓખલે પંજે તેડાં કીધાં, મેળવ્યું બધું ગામ;
વહેવાઈ વરગ એણીપેરે બોલે, મહેતો મૂકીને જાશે મામ. ૮
મંડપમાં મહેતોજી આવ્યા, હાથ ગ્રહી છે તાળરે;
નાગર સહુ ઉભા થઈ, કહે પ્રેમે જેગોપાળરે. ૯
મંગાવી એક છાબ ઠાલી, તે ચોકમાં આણી ધરી;
મહેતાજીએ શંખ પૂર્યો, વિનતિ શ્રીહરની કરી. ૧૦

કડવું ૧૧ મું-રાગ મારુ

મહેતે વગાડ્યો શંખ, સમર્યા વનમાળી;
લાગી હસવા ચારે વર્ણ, માંહોમાંહિ દે તાળી. ૧
જુઓ મોસાળાના ઢંગ, વહેવાઇએ માંડ્યા;
નાગરના વહેવાર, એણે સર્વ છાંડ્યા. ૨

છાપાં તિલક ને તાળ, જુઓ તુળશી માળા;
નરસૈંયો કરશે નૃત્ય, ગાશે ટોપીવાળા. ૩
જોવા મળી નાગરી નાત્ય, બહુ ટોળે ટોળાં;
મુખ મરડી કરે વાત, આપશે ઘરચોળાં. ૪
બહુ નહાની મોટી નાર, મંડપમાં જ મળી;
કરે વાંકી છાની વાત, સાકરપેં જ ગળી. ૫
મહેતાને કરે જેશ્રીકૃષ્ણ, હશી પરું જોતી;
મુખ ઉપર લળકે સાર, વેસરનાં મોતી. ૬
સજ્યા સોલ શણગાર, ચરણા ને ચોળી;
જોબન મદભરી નાર, કરે બહુ ઠંઠોળી. ૭
માળા મોતી હાર, ઊરપર લળકે છે;
જડાવ ચૂડો હાથ, કંકણ ખળકે છે. ૮
સમી રહી ઓઢે ચીર, શણગટ વાળે છે;
અણિયાળાં લોચંન, કટાક્ષે ભાળે છે. ૯
છૂટે અંબોડે નાર, વેણી લાંબી છે;
ઝાંઝર ઝમકે પાય, કડલાં કાંબી છે. ૧૦
કેસર તિલક વિશાળ, ભાલે કીધાં છે;
કોઇએ નહાનાં બાળ, કેડે લીધાં છે. ૧૧
કોઈ જોવા ઠાલી છાબ, અબળા ઉઠે છે;
કોઈ વહુવાર લજ્જાળ, નણદી પુઠે છે. ૧૨
કો શીખવી બોલાવે બાળ, વારી રાખે છે;
કો વાંકા બોલી નાર, વાંકું ભાખે છે. ૧૩
એવાં કૌતક અનેક, સહુકો દેખે છે;
સહેજે બોલે અન્યાય, હરિને લેખે છે. ૧૪
બાઈ કુંવર વહુનો બાપ, કરશે મામેરું;
લઈશ પટોળી સાર, સાડી નહિ પહેરું. ૧૫
વૈષ્ણવને શી ઓટ, કોટે માળા છે;
વહેવારિયા દશ વીશ, ટોપીવાળા છે. ૧૬
કુંવર વહુ ધન્ય ધન્ય, પિયર પનોતી છે;
બાપે વગાડ્યો શંખ, સાદર પોતી છે. ૧૭

વાંકા બોલા વિપ્ર, બોલે ઉપહાસે;
મૂકો છાબમાં પહાણ, વાયે ઉડી જાશે. ૧૮
મૂકયો દીકરીએ નિઃશ્વાસ, આવી પિતા પાસે;
મહેતે કીધી સાન, રહેજે વિશ્વાસે. ૧૯

વલણ

વિશ્વાસ રાખો દીકરી, કરમાં લીધી તાળરે;
કાગળ મૂકયો છાબમાં, મહેતે સમર્યા શ્રીગોપાળરે. ૨૦

કડવું ૧૨ મું–રાગ સારંગ

ઠાલિ છાબમાં કાગળ ધરિ, નરસિંહ મહેતે સમર્યા હરિ;
વેરાગી સર્વ પુંઠે ગાય, નાગરને મન કૌતક થાય. ૧
વાંકાં વચન બોલે વેદિયા, મહેતો માધવમાં ભેદિયા;
જુઓ છાબમાં મૂકયું સાર, એ દિસે કમખાની હાર. ૨
તે બોલ અંતર નવ ધરે, મહેતો સ્તુતિ માધવની કરે;
જય દામોદર બાલમુકુન્દ, નરકનિવારણ નંદાનંદ. ૩
વિશ્વેશ્વર વૃન્દાવનચંદ, દેવકીનંદન આનંદકંદ;
ગોપનાથ ગોવિંદ ગોપાળ, અનાથબંધુ દીન દયાળ. ૪
હું સેવકની લેજો સંભાળ, મોસાળાંની કરજો ચાલ;
મુખે કીર્તન હાથે તાળ, નાત્ય નાગરી બોલે આળ. ૫
છે દોહેલો લોકાચાર, લજ્જા રાખજો આણીવાર;
મારો શેઠ તું નંદકુમાર, શું કરશે પાપી સંસાર. ૬
તમો પ્રતિપાળો પોતાના દાસ, માટે મુજને છે વિશ્વાસ;
અંબરીષનો નિવાર્યો ત્રાસ, તમે ભોગવ્યા છે ગર્ભવાસ. ૭
લીધો મચ્છતણો અવતાર, શંખાસુરનો કીધો સંહાર;
કચ્છપરૂપ ધર્યું મોરાર, ચૌદ રત્ન મથી કાઢ્યાં બહાર. ૮
માર્યો હિરણ્યાક્ષ મહા પાપી, ધરણી સ્થિર કરીને સ્થાપી;
અજામેલ સરખો મહા પાપી, પુત્રને નામે પદવી આપી. ૯
પ્રલ્હાદની દોહલી જાણી વેળા, પરમેશ્વર પ્રગટ થયા વહેલા;
ધ્રુવનો જન્મમરણ ભય હર્યો, અવિચળ પોતા સરખો કર્યો. ૧૦
પોપટ પઢાવતી પુંશ્ચલી, વૈમાને બેશી વૈકુંઠ પળી;
તમો ઉચ્છિષ્ટ આરોગ્યા બદરી, તો પરમ ગતિ પામિ શબરી. ૧૧

લગાર ચરણ નમાવ્યું શીશ, વિભીષણ કીધો લંકાધીશ;
તાર્યો કુટુંબ સહિત તે માછી, નવ પામ્યો જન્મ પીડા પાછી. ૧૨
છો દોહેલી વેળાના સાથી, તમે ગ્રાહથી મૂકાવ્યો હાથી;
બટુક વેષ થયા વામન, જાતું રાખ્યું ઇંદ્રાસન. ૧૩
પ્રભુ પાંચાલિનું દુઃખ જાણ્યું, પૂર્યાં ચીર નવસેં નવાણું;
કૌરવથી જિતાડ્યો પારથ, કુરુક્ષેત્રમાં હાંકયો રથ. ૧૪
રુક્માંગદ તાર્યો સંસાર, હરિશ્ચંદ્રની કીધી વાર;
શંખ પૂજતો રાજકુમાર, ચંદ્રહાસ રાખ્યો ત્રણ વાર. ૧૫
તમે સુધન્વા બળતો રાખ્યો, જો પિતાએ કઢામાં નાંખ્યો;
વહેરાતાં નવ રોયો રજ, મુક્તિ પામ્યો મુરધ્વજ. ૧૬
ખાંડવ વન ખગ લીધાં રાખી, ગજઘંટા તે ઉપર નાંખી;
વિદુરની આરોગ્યા ભાજી, તેની પ્રીતે થયા તમો રાજી. ૧૭
સુદામાના લેઈ તાંદુલ, નવનિધ આપી તે અમૂલ્ય;
મદ મચ્યવાના મનનો હર્યો, લીલાએ ગોવર્ધન ધર્યો. ૧૮
દાવાનળ પીધો જદુરાય, બળતાં રાખ્યાં ગોપી ગાય;
કુબ્જાની તમે લીધી અર્ચા, તમે લોકતણી સહિ ચર્ચા. ૧૯
અનાથબંધુ દીનદયાળ, હું સેવકની લેજો સંભાળ;
તમો છો દામોદર દક્ષ, હું સરખા સેવક છે લક્ષ. ૨૦
મારે એક તમારી પક્ષ, પરમેશ્વર થાજો પ્રત્યક્ષ;
મારે માથે દુઃખનાં વૃક્ષ, તેથી લાજે તમારો પક્ષ. ૨૧
ધનવંત છે નાગરી નાત્ય, તેમાં દુર્બળ મારી જાત્ય;
દુઃખે દુભાયે તેત્રીસ ક્રોડ, કલ્પવૃક્ષને લાગે ખોડ. ૨૨
શોભા વૈષ્ણવની જો ગઈ, કળા તમારી ઝાંખી થઈ;
મુને સગાં થઈ લાગ્યાં જમ, તમને નિદ્રા આવે કયમ. ૨૩
સગાં સૌ બેસાડ્યાં આણી, પુત્રીના કરમાંહિ પિંગાણી;
છે કંકુવેણી કંકાવટી, પુત્રીને થાએ ચટપટી. ૨૪
મધ્યાહ્ન ઉપર થઈ બે ઘટી, વહેલા આવો વેળા વટી;
કુંવર બાઈ તારે આશરે, હું દુર્બળથી અર્થ ન સરે. ૨૫
શું સૂતો વૃંદાવન માંય, ત્યાં શું રાધાજી ચાંપે પાય;
લલિતા વિશાખા ચંદ્રાવળી, તને ઉત્તમ નારી કો મળી. ૨૬
રંગમાં જાએ શર્વરી, તેણે ભક્ત ગયો વીસરી;
જાગી જો રે જાદવપતિ, સાંભળ સેવકની વીનતિ. ૨૭

ક્ષીરને જેમ કરુણા કરી, સમર્યે દર્શન દીધું હરિ;
ભક્ત એક દામોદરજી, તેનું પય પીધું તમે હરજી. ૨૮
ત્રિલોચનનું મહા દુઃખ હર્યું, સેવક થઇને પાણી ભર્યું;
અભયદાન કોળીને દીધું, મીરાંબાઈ તણું વિષ પીધું. ૨૯
શેના માટે નાપિક થયા, વપન કરવાને પ્રભુજી ગયા;
હું તમને કદી નવ સંભારતો, લાવતો ઘાસ મહિષી ચારતો. ૩૦
નવ જાણતો ઘોળાપર કાળો, ભાભીએ મને કીધો ગોવાળો;
સદાશિવે મને કીધો દાસ, દેખાડ્યો મને અખંડ રાસ. ૩૧
મેં જોયો તમારો વિલાસ, તેવો મેં કીધો અભ્યાસ;
લોક બોલે મને ઉપહાસ, મારે મન તારો વિશ્વાસ. ૩૨
બોલાવિએ પોતાનો કહી, તેને ત્રિકમ તજિએ નહીં;
ખીચડો જમાડવા આવ્યા નાથ, હું માટે કીધા પંચ હાથ. ૩૩
હું મધ્ય રાતે તરસ્યો જાણી, ઝારી લઇને પાયું પાણી;
મને સાચો કીધો કોટી વાર, હુંડી શિકારી શ્રીમોરાર. ૩૪
તમો તે રીતે મોસાળું કરો, ઠાલી છાબ સોનૈએ ભરો;
જો નહિ આવો સુંદરશ્યામ, તો નાગર સાથે છે કામ. ૩૫

વલણ

નાગર સાથે કામ છે, સમજી લેજો વાતરે;
સુણી નરસૈંની વિનતિ, ઉઠી ધાયા વૈકુંઠનાથરે. ૩૬

કડવું ૧૩ મું–રાગ પ્રભાતી *

ઉધડ્યા ઊઠિયો, વેગે વૈકુંઠપતિ, ગરુડ ક્યાં ગરુડ ક્યાં વદત વાણી;
ચાલ્ય ચતુરાં ચતુર્ભુજ ભણે ભામિની, નષ્ટ નાગરે મારી ગત્ય જાણી. ઉ. ૧
નરસૈંયો નાગરો, ભક્ત તે માહરો, છાબ ભરો તેહની શીઘ્ર થાએ;
જન ઘણા હઠ કરે, ગયા વિના નવ સરે, રિદ્ધિ સિદ્ધિ લેઈ સખી જાએ. ઉ. ૨
હાથ હેમ સાંકળાં, નંગ બહુ નિર્મળાં, શુભ શણગાર જઈ અંગ સારો;
રીત ને ભાત્ય, રોકડ રખે વિસરી, દીન થઈ કરગરે દાસ મારો. ઉ. ૩
ચીર ચરણાં ઘણાં, હોય ચતુરે વણ્યાં, અધિક એક એકથી અમૂલ્ય જાણો;
સ્વપ્ને કો નવ પડે, નામે કો નવ જડે, અંગ આળસ તજી તેહ આણો. ઉ. ૪

* પ્રભાત રાગના આ પદના ખુલાસામાટે બૃહત્કાવ્યદોહન ભાગ આઠમાની પ્રસ્તાવના તથા એ જ ભાગમાં પ્રકટ થએલું વિશ્વનાથ જાનીકૃત નરસિંહ મહેતાનું ચરિત્ર તેમજ નરસિંહ મેહેતા કૃત કાવ્ય-સંગ્રહ જુઓ.

ઇંદ્ર બ્રહ્મા જેનો, પાર પામે નહીં, માગે મુખખોલતાં વદત વાણી;
નાથ લક્ષ્મીતણો, એણીપેરે આવિયો, અગણિત ગાંઠડી સંગ આણી. ઉ. ૫

રાગ મારુ

ભક્ત નરસૈંયાનું દુઃખ જાણીરે, ઉઠી ધાયા પુરુષપુરાણીરે;
થયા શેઠ તે સારંગપાણીરે, સાથે લક્ષ્મી થયાં શેઠાણીરે. ૧
નંદ સુનંદ ગરુડ સાથેરે, વસ્ત્ર ગાંઠડિયો તેને માથેરે;
રથે બેઠા શ્રીગોપાળરે, ધમકે ઘોરીને ધુધરમાળરે. ૨
લોકે ઓળખ્યા નહિ જગદીશરે, સાથે વાણોતર દશ વીશરે;
સર્વે જોઈ જોઈ વિસ્મય થાયરે, પ્રભુ આવ્યા મંડપમાંયરે. ૩
છડીદારે વાડ મૂકાવીરે, નાગરી નાત જોવાને આવીરે;
આ વહેવારિયો કોઈ આવ્યોરે, સાથે ગાંઠડિયો ઘણી લાવ્યોરે. ૪
કોઈ જાણે ન ત્રિભુવન ભૂપરે, વહાલે લીધું વણિકનું રૂપરે;
રથ ઉપરથી ઉતરિયારે, હરિ સભામાંહી સાંચરિયારે. ૫
ખટ દર્શને ખોળ્યો ન લાધેરે, જોને ઉભિયાવર આરાધેરે;
ન જડે ધ્યાને દાને બહુ જાગેરે, તે હરિ આણવાણે પાગેરે. ૬
જે ચૌદ લોકનો મહારાજરે, મહેતા માટે થયા બન્દાજરે;
વાધો શોભે કેશર છાંટેરે, બાંધી પાઘડી અવળે આંટેરે. ૭
કાને કુંડળ હીરે જડિયારે, નેત્ર પ્રલંબ શ્રવણે અડિયારે;
એક લેખણ કાને ખોશીરે, નામ ધર્યું દામોદર દોશીરે. ૮
ઝીણા જામા ને પટકા ભારેરે, હરિ હળવે હળવે પધારેરે;
બાંધે પછેડી ઓઢી નાથેરે, બેઉ છેડા ગ્રહ્યા છે હાથેરે. ૯
વિંટી વેઢ દશે આંગળીએરે, સાદાં મોજાં પહેર્યાં સામળીએરે;
ઘણા વાણોતર છે સાથેરે, કોણે ઝોળા ગ્રહ્યા છે હાથેરે. ૧૦
ઘણા સેવક સેવામાં સજ્જરે, ઉદ્ધવના હાથમાં ગજ્જરે;
પ્રભુ પુંઠે કમળા રાણીરે, સભા મોહી જોઈ શેઠાણીરે. ૧૧
ઉતર્યા નાગરીઓનાં અભિમાનરે, જાણે ઉગ્યા શશિયર ભાણુરે;
ભલું ભાલ ભમર રુડી રાજેરે, રત્ન જડિત્ર રાખડી છાજેરે. ૧૨
વિશાળ લોચન ચંચળ ચાલેરે, કે શું ખંજન પડિયાં ગાલેરે;
છે અધર બિમ્બ પરવાળીરે, મસ્તક ઉપર વેણુ વિશાળીરે. ૧૩
બાજુબંધ ગલુબંધ માળરે, નાક વેસર ઝાકઝમાળરે;
કટી ધમકે ક્ષુદ્ર ઘટાળીરે, પહેરણ ચંપકવરણી સાડીરે. ૧૪

ઝમકે ઝાંઝર ઉજ્જવલ પાગેરે, વિછુંવા અણવટ બહુ વાગેરે;
જડાવ ચૂડો કંકણ ખળકાવેારે, માયા મહેતી રૂપે આવેરે. ૧૫
મોહી સભા લક્ષ્મીને નિરખીરે, દેવી દીસે વાણિયણ સરખીરે;
લલિતા વિશાખા બે ખવાસીરે, છે ભક્તિ મુક્તિ ચારે દાસીરે. ૧૬
આવ્યા સન્મેડે દેવાધિદેવરે, મહેતે હરિ ઓળખ્યા તતખેવરે;
ભલે આવ્યા શેઠ શ્યામળિયારે, મહેતો માધવજીશું મળિયારે. ૧૭
મળતાં બોલ્યા સુંદરશ્યામરે, મારું પ્રગટ ન લેશો નામરે;
રખે વાત અમારી ચરચોરે, તમારે જે જોઇએ તે ખરચોરે. ૧૮
કુંવર બાઇનાં પૂરો કોડરે, એમ કહી બેઠા રણછોડરે;
પછે સભા સહુ સાંભળતાંરે, હરિ વચન બોલ્યા છે વળતાંરે. ૧૯
જાઓ શેઠાણી દુઃખ કાપેારે, કુંવર બાઇને હૃદિયાશું ચાંપેારે;
એવું કહેતામાં કમળા હીંજ્યારે, કુંવર બાઇને હૃદિયાશું ભીંજ્યારે. ૨૦
મારી મીઠી ન ભરીએ આંસુરે, તેડો કયાં છે તમારી સાસુરે;
મળી નાગરીઓ સેં બેચારરે, જોઈ રૂપ મેલ્યો અહંકારરે. ૨૧
વેવાણ કમળાને એમ પૂછેરે, મહેતા સાથે સગપણ શું છેરે;
કોકિલા સ્વરે અમૃત વાણીરે, ત્યારે હસીને બોલ્યાં શેઠાણીરે. ૨૨
વેવાણ તમોએ શું નવ જાણિયારે, તમો બ્રાહ્મણ ને અમો વાણિયારે;
વેપાર દોશીનો ઘેર કોઠીરે, અમારે ઓથ નરસૈંયાની મોટીરે. ૨૩
અમો ધન મહેતાજીનું લીજેરે, વેપાર કાપડનો કીજેરે;
અમો આવ્યાં મોસાળું કરવારે, ઠાલી છાબ સોનએ ભરવારે. ૨૪
મહેતે જે જે વસ્ત્ર મંગાવ્યારે, અમો લખ્યા પ્રમાણે લાવ્યારે;
એવું કહીને બેઠાં શેઠાણીરે, સહુ નાગરી સાંસે ભરાણીરે. ૨૫
તેજા શ્રીરંગ મહેતો વહેવાઇરે, ભાવે ભેટ્યા શ્રીજદુરાઇરે;
ત્યારે વિસ્મય થયા સહુ નાગરરે, છાબ ભરી તે કરુણા સાગરરે;
મહેતાને કહે વનમાળીરે, કરો પહેરામણી સંભાળીરે. ૨૬

વલણ

સંભાળી કરો પહેરામણી, એવું કહે સુંદરશ્યામરે;
વળી ઘટે તે માગજો, અમો વાણોતર સરખું કામરે. ૨૭

કડવું ૧૪ મું–રાગ મારુ

મહેતે તેડાવી દીકરી, આ છાબ જુઓ સોનૈએ ભરી;
પહેરાવો સહુ નાત નાગરી, આવો અવસર નહિ આવે ફરી. ૧

કંકાવટીને કરમાં ધરી, સાસુ પાસે વહુ સંચરી;
હાંકીને ગર્વે ઓચરી, જુઓ છાબ સોનૈએ ભરી. ૨
વૈષ્ણવ કહીને દેતાં ગાળ, એ શું મોસાળું કરશે કપાળ;
તમો નિંદતાં તુળસી ને તાળ, તેણે વશ કીધા ગોપાળ. ૩
જુઓ કમાઈ દુર્બળતણી, જીવે છે હરિના ગુણ ભણી;
જો લખ્યાથી આશા હોય ઘણી, તો માગી લેજો પહેરામણી. ૪
સાંભળી કુંવર વહુની વાણી, સાસુએ તેજ્યાં ગોર ગોરાણી;
પૂજ્યા પાગ કરમાં પિગાણી, આઠ વસ્ત્ર આપ્યાં તેને આણી. ૫
પછે નાગરની ભીડ ઘણી ભાળી, પછેડીની પલવટ વાળી;
આવ્યા છાબ પાસે વનમાળી, છોડે ગાંઠ આપ વસ્ત્ર ટાળી. ૬
મહેતાજી કહે લ્યો દીકરી, સસરાને આપો પામરી;
ગડી જરકશી વાધાની કરી, હેમ સાંકળી ઉપર ધરી. ૭
એ વરના મુખ આગળ ધરો, નીચું જોઇને પાછાં ફરો;
પહેરામણી મન ગમતી કરો, રખે પગલું પાછું ભરો. ૮
સજોડે તેજ્યાં જેઠ જેઠાણી, આઠે વસ્ત્ર ત્યાં આપ્યાં આણી;
પ્રીતે પૂજ્યાં દીયર દેરાણી, બૂસાટયો તવ બોલ્યાં વાણી. ૯
જ્યાં નરસૈંયો ત્યાં નવ નીધ, દીયરિયો બેઠો હર કીધ;
પંચ મોર સોનાની લીધી, પછી પહેરામણી ચાલતી કીધી. ૧૦
પહેરામણી નણદીએ અટકાવી, કુંવર બાઈ પિતા કને આવી;
બે તોલાની રાખડી લાવી, દશ તોલા આપી સમજાવી. ૧૧
આપ્યા સાસુને સોળ શણગાર, પહેરાવી કીધો નમસ્કાર;
તવ ક્રોધ્યાં વડ સાસુ અપાર, સર્વ કુટુંબનો કીધો તિરસ્કાર. ૧૨

વલણ

તિરસ્કાર કીધો ડોસીએ, હવે પહેરામણી પહેરું નહીરે;
વડી વહુઅર આગળ થઈ, ને હું ઘરડી બેશી રહીરે. ૧૩

કડવું ૧૫ મું-રાગ મેવાડો

વડી વેહેવાણ રીસાયાં જાણી, લક્ષ્મીજી પાસે આવ્યાંજી;
સારું ખીરોદક ખાંધે મૂકી, ડોસીને સમજાવ્યાંજી. ૧
જે જેકાર થયો મંડપમાં, ગીત ગાય છે રામાજી;
મોસાળુ તે મહેતાજીનું, બીજા સર્વે ભામાજી. ૨
પોતે પોતાનાં સગાં તેજ્યાં, જેનો જ્યાં સગવેડજી;
મનવાંછિત પહેરામણી દેખી, માંડી તેડાતેડજી; ૩

ઘેર ઘેર વાત થઈ નાગરમાં, મહેતો કરે મામેરું જી.
વિચાર કરતી અબળા દોડી, મનમાની સાડી પહેરું જી. ૪
ચાર વરણ સઉ ચરણે ચાલી, આવ્યાં મંડપમાંય જી;
પલવટ વાળી શ્રીવનમાળી, તતક્ષણ આવ્યા ત્યાંય જી. ૫
મહેતોજી ઉભા તાળ વજાડે, ગાય વેરાગી ગીત જી;
વડસાસુ કુંવર વહુને કહે, પહેરામણીની રીત જી. ૬
શ્રીરંગજીને શામળ મહેતો, પામ્યાં ધોળાં શેલાં જી;
હેમજી ખેમજી મહેતાને, દશેક ખાંધે મેલ્યાં જી. ૭
કભાય કેાને પામરી પટકા, નામ ન જાયે ગણિયાં જી;
કેાને મુગટા કેાને પિતાંબર, કેાને શેલાં શણિયાં જી. ૮
મગિયાં દોરિયા અસાવળી કેાને, શેલાં પટુ સાલજી;
ગુચ્છ પેચ પાધડીએા તોરા, દીસે ઝાક ઝમાલજી. ૯
પાયજામા નીમા પછેડી, જામા અવળા બંધજી;
વસ્ત્રતણેા તેા વરસાદ વરસ્યેા, જ્યાં દોશી કરુણાસિંધજી. ૧૦
બાજુબંધ બેરખા અતિ સુંદર, વેઢ વીંટીયેા છાપજી;
દુગદુગી માળા ને માદળિયાં, આપ્યાં મેાતી અમાપજી. ૧૧
કેાને કંદોરા ને કંઠી પહાચી, કેાને સાંકળી માળજી;
કનક કડાં ને કાંને કુંડળ, જડાવ ઝાક ઝમાળજી. ૧૨
પહેરામણી પુરુષેાને પહોંતી, તેઓ અબળા સાથજી;
પિયળ કાઢીને ખાંધે મૂક્યાં, પટકુલ નાના ભાત્યજી. ૧૩
ગંગા વહુને ગજીયાણી સાડી, સુંદર વહુને સાળુજી;
ગેારે અંગે સુંદર શેાભે, માંહે કાપડું કાળુંજી. ૧૪
છબીલી વહુને છાયલ ભારે, ભાત્ય તે રાતી ધોળીજી;
કેાડ વહુને કલગેર આપી, પ્રેમ વહુને પટેાળીજી. ૧૫
રામકુંવરને કૃષ્ણકુંવરને, આપ્યા ઉત્તમ ઘાટજી;
છેલ વહુને છીટ જ આપી, નહાની વહુને નાટજી. ૧૬
પાંન વહુ તેા પીતાંબર પહેરે, તાકે બચ્ચીબાઇજી;
રૂપકુંવરને રાતેા સાળુ, દેવકુંવર દરિયાઇજી. ૧૭
સ્યામકુંવરને સેાનેરી સાળુ, ગુણકુંવરને ઘરચેાળુંજી;
લક્ષ્મી વહુને, લાછા વહુને, લાલ વહુને પટેાળુંજી. ૧૮

જશમાંદે જશોદા જીવી, જમુના જાનકી વહુવજી;
ચરણા ચોળી ને ઘરસાડી, પહેરી ઉભાં સહુવજી. ૧૯
માનબાઈ ને વેલ વહુ ને, રંભાવતી ને રૈયાંજી;
જૂનાં કાઢીને નવાં પહેરાવ્યાં, હેઠાં મૂકી છૈયાંજી. ૨૦
છાબની પાસે છબીલો બેઠા, જે જોઇએ તે આપેજી;
મશરુ ગજિયાં ને ગજિયાંણી, ગજ ભરીને કાપેજી. ૨૧
પાટ પીતાંબર અતલસ અંબર, ચોળે રંગે ચીરજી;
શોભે સુંદર ભાત્ય નવરંગી, પુતળીઓ ને કીરજી. ૨૨
સાડી જરકશીની ઓઢણી, ચળકે સુંદર જોરજી;
કેસર છાંટ્યા ઘોળા સાળુ, ફરતી કસબી કોરજી. ૨૩
ચંદ્રકળા ને મોરવી શોભે, દરિયાઇમાં દોરજી;
અતલસ પાંચ પટા આભૂષણ, સોના રૂપાની મહોરજી. ૨૪
કોને અકોટી કોને ટોટી, ગળુબંધ બહુ મૂલજી;
કોને ભમરી કોને સેંથો, ત્રસેંથિયાં શીશફૂલજી. ૨૫
કો મહેતા પાસે માળા માગે, ઉભી રહી કર જોડેજી;
કેટલીએક પોતાનાં બાળક, મહેતા આગળ ઓડેજી. ૨૬

વલણ

ઓડે બાળક જાણે આપે, મનવાંછિત પામ્યાં સહુ;
સાસરિયાંનું મહેણું ટળ્યું, પિયર પનોતી કુંવર વહુ. ૨૭

કડવું ૧૬ મું-રાગ ધનાશ્રી

કોડ પહોંતા કુંવર વહુનાં, ભાગ્યું ભવનું મહેણુંજી;
મનવાંછિત પહેરામણી પામ્યાં, જોને જેવું લેણુંજી. ૧
નાગરી નાત્ય કુટુંબ પાડોશી, ચાકર કોળી માળીજી;
પહેરામણી સહુકોને પહોંતી, વાચા પ્રભુએ પાળીજી. ૨
સોળે શણગાર કુંવર બાઇને, આપી દીધું માનજી;
કનક પલાણ બે છાબમાં મૂકયા, હરિ થયા અંતર્ધાનજી. ૩
સભા સહુકો વિસ્મય પામી, અલૌકિક શેઠ શેઠાણીજી;
મહેતાને સહુ પાયે લાગે, ભક્તિ સાચી જાણીજી. ૪
કુંવર બાઇની નણદી આવી, બડબડતી મુખ મોડેજી;
પહેરામણી કોઇને નવ પહોંતી, વેવાઇને અવખોડેજી. ૫
પહેરામણી પરનાતિ પામ્યાં, ઘરનાં માણસ ગયાં ભૂલીજી;
એક કટકો કાપડું નવ પામી, પુત્રી મારી ફુલફુલીજી. ૬

મને આપ્યું તે લ્યો ભાભી પાછું, રાખડી બંધામણજી;
નામ મહેતો પણ નોહે નાગર, દીસે દુર્બળ બ્રાહ્મણજી. ૭
કુંવરબાઈ પિતા કને આવી, તાત હવે શું થાશેજી;
આટલું ખરચતે મેણું રહ્યું તે, હવે કયમ જીવાશેજી. ૮
વિસરી દિકરી નણદી કેરી, નાનબાઈ તેનું નામજી;
છ મહિનાની છે તે છોકરી, એક કાપડાનું કામજી. ૯
મહેતાજી કહે પુત્રી મારી, સમરો શ્રીગોપાળજી;
એક તાંતણો મુજથી ન પામે, બેઠો વજાડું તાળજી. ૧૦
ફરી ધ્યાન ધર્યું માધવનું, ત્રિકમ રાખને ટેકજી;
પચરંગી ત્યાં કાપડું સુંદર, આકાશથી પડયું એકજી. ૧૧
નણદી સંતે કરી કુંવર બાઇની, મહેતાજી માગે વિદાયજી;
સહસ્ર મહેાર સોનાના પહાણા, મૂક્યા તે છાબમાંયજી. ૧૨
નાગર લોક સહુ પાયે લાગે, પ્રજા કરે વખાણજી;
નાગરી ન્યાતે મોટો નરાસહ, માથે સારંગપાણજી. ૧૩
ધન્ય મહેતાજી તમ સમોવડ, આ કલિયુગમા નોયજી;
નાગરી નાતનો મહિમા રાખ્યો, ઉજળું કિધું સહુ કોયજી. ૧૪
અમને તો વિશ્વાસ નોતો જે, મહેતો કરે મામેરુંજી;
સર્વની લજ્જા પ્રભુએ રાખી, મેણું ટળ્યું ભવ કેરુંજી. ૧૫
પછે મહેતાજી વિદાય માગે, બોલે બેઉ કર જોડીજી;
કુંવરબાઇને વોળાવો, વેલ્ય આણી છે જોડીજી. ૧૬
પછે કુંવરબાઈ વેલે બેસી, જુનેગઢ તે જાયજી;
સહુકો વોળાવી પાછાં વળિયાં, ધન્ય ધન્ય વૈકુંઠરાયજી. ૧૭
વીર ક્ષેત્ર વડોદરું, ગુજરાત મધ્યે ગામજી;
ચાતુર્વંશી જ્ઞાતિ બ્રાહ્મણ, ભટ પ્રેમાનંદજી નામજી. ૧૮
સંવત સત્તર ઓગણચાલો, આસો શુદિ નવમી રવિવારજી;
પૂરણ ગ્રંથ થયો તે દિવસે, યથા બુદ્ધિ વિસ્તારજી. ૧૯
પ્રીતે કરી જે ગાય સાંભળે, દારિદ્ર્ય તેનું જાયજી;
એવું જાણી ભક્તિ કરે તેને, સન્મુખ વૈકુંઠરાયજી. ૨૦

વસંત

વૈકુંઠનાથ સન્મુખ હોય, જે નિર્મળ મને સાંભળે;
ભટ પ્રેમાનંદ કહે કથા, તેને ભાવજી નિશ્ચે મળે. ૨૧

સુદામા ચરિત્ર

કડવું ૧ લું-રાગ આશાવરી

શ્રીગુરુદેવ ને ગણપતિ, સમરું અંબા ને સરસ્વતી;
પ્રબળ ગતિ, વિમળ મતિ, અતિ પામીએરે. ૧

ઢાળ

શુક સ્વામી કહે સાંભળ રાજા, પરિક્ષિત પુણ્ય પવિત્ર;
દશમસ્કંધ અધ્યાય ઑંશીમે, કહું સુદામાચરિત્ર. ૨
સાંદીપનિ ઋષિ સુર ગુરુ સરખા, વિદ્યાવંત અનંત;
તેને મઠ ભણવાને આવ્યા, હળધર ને ભગવંત. ૩
તેની નિશાળે વડો વિદ્યાર્થી, ઋષિ સુદામો કહાવે;
પાટી લખી દેખાડવા રામ કૃષ્ણ, સુદામા પાસે આવે. ૪
સુદામો, શ્યામ, સંકર્ષણ, અન્ન ભિક્ષા માગી લાવે;
એકઠા બેસી અશન કરે તે, ભૂધરને મન ભાવે. ૫
સાથે સ્વર બાંધીને ભણતા, થાય વેદની ધુન્ય;
એક સાથરે શયન કરતા, મોરલિધર, બળ, મુન્ય. ૬
ચોસઠ દહાડે ચૌદ વિદ્યા, શીખ્યા બેઉ ભાઈ;
ગુરુને ગુરુદક્ષિણા આપી, વિદ્વન્ન થયા વિદ્યાઈ. ૭
કૃષ્ણ સુદામો ભેટી રોયા, બોલ્યા વિશ્વાધાર;
માનુભાવ ફરીને મળજો, માગું છું એક વાર. ૮
ગદ્ ગદ્ કંઠે કહે સુદામો, માગું દેવ મોરારી;
સદૈવ તમારાં ચરણ વિષે, મનસા રહેજો મારી. ૯
મથુરામાંથી કૃષ્ણ પધાર્યા, પૂરી દ્વારિકાવાસી;
સુદામે ગૃહસ્થાશ્રમ માંડ્યો, મન જેનું સંન્યાસી. ૧૦
પતિવ્રતા પત્ની છે પાવન, પતિને પ્રભુ કરી પ્રીછે;
સ્વામી સેવાનું સુખ વાંછે, માયા સુખ નવ ઇચ્છે. ૧૧
દશ બાળક થયાં સુદામાને, દુઃખ દરિદ્રે ભરિયાં;
શીતળાએ અમી છાંટો નાંખ્યો, થોડે અન્તે ઉછરિયાં. ૧૨

અન્નયચક વ્રત પાળે સુદામો, હરિ વિના હાથ ન ઓડે;
આવી મળ્યું તો અશન કરે, નહિ તો ભુખ્યાં સાથરે પોઢે. ૧૩

વલણ.

પોઢે ઋષિ સંતોષ આણી, સુખ ન ઇચ્છે ઘરસૂત્રનું;
ઋષિપત્ની ભિક્ષા માગીને લાવે, પૂરું પાડે પતિ પુત્રનું. ૧૪

કડવું ૨ જું–રાગ વેરાડી

શુકજી કહે સાંભળ નરપતિ, છે સુદામાની નિર્મળ મતિ;
માયા સુખ નવ ઇચ્છે રતિ, સદા મન છે જેનું જતિ. ૧
મુનિનો મર્મ કોઈ નવ લહે, સઉ મેલો ઘેલો દરિદ્રી કહે;
માગ્યા વિના કોઈ કેમ આપે, ઘણે દુઃખે કરી દેહ કાપે. ૨
ભિક્ષાનું કામ કામિની કરે, કોનાં વસ્ત્ર ધુએ ને પાણી ભરે;
જેમ તેમ કરીને લાવે અન્ન, નિજ કુટુંબ પોષે સ્ત્રીજંન. ૩
ઘણા દિવસ દુઃખ ઘરનું સહ્યું, પુરમાં પછે અન્ન જડતું રહ્યું;
બાળકને થયા બે ઉપવાસ, ત્યારે સ્ત્રી આવી સુદામા પાસ. ૪
હું વિનવું જોડી બે હાથ, અબળા કહે સાંભળીએ નાથ;
બાળક ભૂખ્યાં કરે રુદંન, નગરમાં નથી મળતું અન્ન. ૫
ન મળે કંદ મૂળ કે ફળ, બે દિવસ થયાં લેઈ રહે જળ;
સુખ શય્યા ભૂષણ પટકૂળ, પ્રભુ કયારે થશે સાનકૂળ. ૬
ભૂખ્યાં બાળક જુએ માનું મુખ, સ્ત્રી કહે સ્વામીને દુઃખ;
હું કહેતાં લાગીશ અળખામણી, સ્વામી જુઓ આપણા ઘર ભણી. ૭
ધાતુપાત્ર નહીં કર સહાવા, સાજું વસ્ત્ર નથી સમ આવા;
જેમ જળવિણ વાડી ઝાડુવાં, તેમ અન્નવિણ બાળક બાઢુવાં. ૮
વાયે ટાઢ બાળકડાં રૂએ, અસ્મમાંહિ પેશીને સૂએ;
હું તે ધીરજ કેમપેરે ધરું, છોકરાંનું દુઃખ દેખીને મરું. ૯
નીચાં ઘર ભીંતડિયો પડી, શ્વાન માંજર આવે છે ચડી;
અતિથિ ફરી નિર્મુખ જાય, ગવાનિક નવ પામે ગાય. ૧૦
કરો છો મંત્ર ભણીને સેવ, નૈવેદ્ય વિના પૂજો છો દેવ;
પૂજ્ય પર્વણી કો નવ જમે, જેવો ઉગે તેવો આથમે. ૧૧
આ બાળક પરણાવવાં પડશે, સત કુળની કન્યા કયાંથી જડશે;
શ્રાદ્ધ સંવત્સરી સહુકો કરે, આપણા પિત્રી નિર્મુખ ફરે. ૧૨

અન્ન વિના પુત્ર મારે વાગલાં, તો કયાંથી ટોપી આંગલાં;
અણોટિયું પોતિયું નવ મળે, સ્નાન કરે છે શીતળ જળે. ૧૩
નખ વાધ્યા ને વાધી જટા, માંહિ ઉડે રક્ષાની ઘટા;
દર્ભનણી તૂટી સાદડી, નાથજી તે પર રહેા છેા પડી. ૧૪
બીજે ત્રીજે પામેા છેા આહાર, તે મુજને દહે છે અંગાર;
હું તેા દરિદ્રસમુદ્રમાં બૂડી, એવાતણમાં એક જ ચૂડી. ૧૫
સૌભાગ્યના નથી શણગાર, નહિ કાજળ નહિ કિડિયાં હાર;
નહિ લલાટે દેવા કંકુ, અન્ન વિના શરીર રહ્યું શૂકું. ૧૬
હું પૂછું છું લાગી પાય, આવું દુઃખ કયાં સુધી સેવાય;
તમેા દહાડી કહેા છેા ભરથાર, માધવ સાથે છે મિત્રાચાર. ૧૭
જે રહે કલ્પ વૃક્ષની તળે, તેને શી વસ્તુ નવ મળે;
જે જીવ જળમાં ક્રીડા કરે, તે પ્રાણી કયમ તરશે મરે. ૧૮
પ્રગટ કરી સેવે હુતાશ, તેને શીત આવે કયમ પાસ;
અમૃત પાન કીધું જે નરે, જમકિંકરનેા ભય કયમ ધરે. ૧૯
જેને સરસ્વતી જીભે વશી, તેને અધ્યાત્મ ચિંતા કશી;
સદ્‌ગુરુનાં જેણે સેવ્યાં ચરણ, તેને શાનું માયાવરણ. ૨૦
જે જન સેવે હરિને સદા, તેને જન્મ મરણ શી આપદા;
જેનું મન હરિચરણે વસ્યું, તે પ્રાણીને પાતક કશું. ૨૧
જેને સ્નેહ શામળિયા સાથ, તેનું ઘર નવ હેાય અનાથ;
છેલ્લી વિનતિ દાસીતણી, પ્રભુ પધારેા ભૂધર ભણી;
તે છે ચૌદ લેાકના મહારાજ, બ્રાહ્મણને ભીખતાં શી લાજ. ૨૨

વલણ

લાજ ન કીજે નાથ મારા, માધવ મનવાંછિત આપશેરે;
દીન જાણીને દયા આણી, દરિદ્રનાં દુમ કાપશેરે. ૨૩

કડવું ૩ જું–રાગ ગેાડી

જાઇને જાચેા જાદવ રાય, ભાવઠ ભાંગશેરે;
હું તેા કહું છું લાગીને પાય, ભાવઠ ભાંગશેરે.
ધન નહિ જડે તેા ગેામતિમાં જઈ, દર્શન ફળ નહિ જાય; ભાવઠ–ટેક.
સુદામેા કહે સ્ત્રીને, નથી માગતાં પ્રતિવાય;
પણ મિત્ર આગળ મમ મૂકી, માગતાં જીવ જાય. માન ન મૂકીએ રે.

ઉદર કારણે નીચ કને જઈ, કીજે વિનય પ્રણામ;
તો આ સ્થાનક છે મળવાતણું, મામે વણશે કામ. ભાવઠ.
જાદવ સઘળા દેખતાં કેમ, ઓઢું જમણો હાથ;
હું દુર્બળનું રૂપ દેખીને, લાજે લક્ષ્મી નાથ. મામ ન.
જે પુરુષ તે ઉદ્યમીરે, જઈ કરે પોતાનું કાજ;
બ્રાહ્મણનો કુળ ધર્મ છે, તેમાં ભીખતાં શી લાજ. ભાવઠ.
અંતર્યામી અજાણ નથીરે, સ્ત્રી તમને કહું વારંવાર;
દશ માસ ગર્ભવાસ પ્રાણીની, રક્ષા કરે મોરાર. મામ ન.
શો ઉદ્યમ કરિયે એવું જાણી, સંતોષ આણિયે મંન;
સુખ લીલામાં હરિ વિસરે, ભાવ થાય આપણો ભિન્ન. મામ ન.
જાચવા ન જઈયે ને પડિ રહિયે તો, કયમ જીવે પરિવાર;
એકવાર જાચો જાદવા, તમને નહિ કહું બીજીવાર. ભાવઠ.
રાજા થઈ વિભીષણ જાચ્યા, મહા વીર ધીર જગદીશ;
પ્રભુ સામાં પગલાં ભરે તો, ટળે દારિદ્ર્ય ને રીસ. ભાવઠ.
જોડવા પાણી દીન બોલવી વાણી, થાય વદન પીળું વરણ;
એ ચિહ્ન છે જાચકતણાં, જાચવાથી રુડું મરણ. મામ ન.
જગતના મનની વાર્તા જાણે, અંતરજામી રામ;
જ્હાં બેઠાં નવનીધ આપશે, ત્યાં ગયાનું શું કામ. મામ ન.
સુદામો કહે નારને, કયમ ચાલે મારા પાય;
મિત્ર આગળ મામ મૂકિયે, ધિક્ક પડો મારી કાય. મામ ન.
કહેવું નહિ પડે કૃષ્ણજીને, નથી અંતરજામી અજાણ;
ઘટ ઘટમાં વ્યાપી રહ્યો છે, પૂરણ પુરુષ પુરાણ. ભાવઠ.
દશ માસ ગર્ભવાસ પ્રાણી, શો કરે ઉદ્યમ;
એવું જાણી સંતોષ આણો, હરિ વિસારશે કયમ. મામ ન.
તમો જ્ઞાનિ વૈરાગી ત્યાગી થઈ બેઠા, પંડિત ગુણભંડાર;
હું જુગતે જાચું કયમ કરી, અબળાનો અવતાર. ભાવઠ ભાંગશે રે.

વરણ

અવતાર સ્ત્રીનો અધમ કહિને, ઋષિપત્ની આંસુ ભરે;
દુઃખ પામતી જાણી પ્રેમદા, પછે સુદામોજી ઉચ્ચરે.

કડવું ૪ થું-રાગ રામગ્રી

પછી સુદામોજી બોલિયા, સુણ સુંદરી રે;
શી કહું હું શિખામણ, ઘેલી કાણે કરી રે. ૧
જે નિર્મ્યું છે તે પામિયે, સુણ સુંદરી રે;
વિધિયે લખ્યા વૃદ્ધિ હાણ, ઘેલી કાણે કરી રે. ૨
દીધા વિના કયાંથી પામિયે, સુણ સુંદરી રે;
નથી આપ્યું જમણે હાથ, ઘેલી કાણે કરી રે. ૩
જો ખડધાન જ વાવિયે, સુણ સુંદરી રે;
તો કયાંથી જમિયે શાળ, ઘેલી કાણે કરી રે. ૪
જળ વહી ગયે શી શોચના, સુણ સુંદરી રે;
જો પ્રથમ ન બાંધી પાળ, ઘેલી કાણે કરી રે. ૫
એકાદશી વ્રત નવ કર્યાં, સુણ સુંદરી રે;
નવ કીધા તીર્થોપવાસ, ઘેલી કાણે કરી રે. ૬
અગ્નિ તૃપ્ત કીધા નહીં, સુણ સુંદરી રે;
નહિ શ્વાન વાયસ ગૌગ્રાસ, ઘેલી કાણે કરી રે. ૭
બ્રહ્મભોજન કીધાં નહીં, સુણ સુંદરી રે;
નથી કીધાં હોમ હવન્ન, ઘેલી કાણે કરી રે. ૮
અતિથિ નિર્મૂળ વાળિયાં, સુણ સુંદરી રે;
તો કયાંથી પામિયે અન્ન, ઘેલી કાણે કરી રે. ૯
હરિપ્રસાદ લીધો નહીં, સુણ સુંદરી રે;
નિત્ય અશુદ્ધ કીધો આહાર, ઘેલી કાણે કરી રે. ૧૦
આપ ઉદર આપે પાપે ભર્યું, સુણ સુંદરી રે.
છૂટ્યાં પશુતણો અવતાર, ઘેલી કાણે કરી રે. ૧૧
સંતોષ અમૃત ચાખિયે, સુણ સુંદરી રે;
હરિચરણે સોંપી મંન, ઘેલી કાણે કરી રે. ૧૨
ભક્તિયે નવનિધ્ય આપશે, સુણ સુંદરી રે;
ધરો ધીર તમે સ્ત્રીજંન, ઘેલી કાણે કરી રે. ૧૩
આંખ્ય ભરી અબળા કહે, ઋષિરાયજી રે;
મારું જડ થયું છે મંન, લાગું પાયજી રે. ૧૪
એ તો જ્ઞાન મને ગમતું નથી, ઋષિરાયજી રે;
રુએ બાળક લાવો અન્ન, લાગું પાયજી રે. ૧૫

અન્ન વિના ચાલે નહીં, ઋષિરાયજી રે;
મોટા જોગેશ્વર હરિભક્ત, લાગું પાયજી રે. ૧૬
અન્નવિણ ભજન સૂઝે નહીં, ઋષિરાયજી રે;
જીવે અન્ને આખું જગત, લાગું પાયજી રે. ૧૭
શિવે અન્નપૂર્ણા ઘેર રાખિયાં, ઋષિરાયજી રે;
સૂર્યે રાખ્યું . અક્ષયપાત્ર, લાગું પાયજી રે. ૧૮
ઇંદ્ર સેવે કામધેનુને, ઋષિરાયજી રે;
તો આપણે તે કોણ માત્ર, લાગું પાયજી રે. ૧૯
સુર સેવે કલ્પ વૃક્ષને, ઋષિરાયજી રે;
મનવાંછિત પામે આહાર, લાગું પાયજી રે. ૨૦
ધર્મ પ્રાણ અન્ન વિના નહીં, ઋષિરાયજી રે;
ઉભો અન્ને સકળ સંસાર, લાગું પાયજી રે. ૨૧
ફેરાનું ફળ જાશે નહીં, ઋષિરાયજી રે;
જઈ જાચો કૃષ્ણ બળદેવ, લાગું પાયજી રે. ૨૨
વિધિયે લખ્યા અક્ષર દરિદ્રના, ઋષિરાયજી રે;
ધોશે ધરણીધર તતખેવ, લાગું પાયજી રે. ૨૩

વલણ

તતક્ષણ ત્રિકમ છેદશે, દરિદ્રકેરાં ઝાડ રે;
નાથ પધારો દ્વારિકા, હું માનું તમારો પાડ રે. ૨૪

કડવું ૫ મું—રાગ સામગ્રી

કહે શુક જોગી સાંભળો રાયજી, ફરી ફરી પ્રેમદા લાગે પાયજી;
વિપ્ર સુદામો આપ વિચારેજી, નિશ્ચે જાચવા જવું પડશે મારેજી. ૧

ઢાળ

જાવું પડશે સર્વથા, ઘણું રુએ અબળા રાંક;
અન્ન વિના બાળક ટળવળે, એમાં માતતણો શો વાંક. ૨
પત્નીપ્રત્યે કહે સુદામો, તું સાંભળ મારી વાત;
કહો ભામિની ભગવંત આગળ, ભેટ શી મૂકું હાથ. ૩
કાકા કહીને કુંવર આવે, કૃષ્ણ સુત સમુદાય;
ખાવા માગે મુજકને, ત્યારે શું મેલું કરમાંય. ૪

સુણી હરખ પામી પ્રેમદા, ગઈ પાડોશણની પાસ;
બાઈ આજ કામકરો મારું, જાણે વણમૂલે લીધી દાસ. ૫
દ્વારામતી મમ પતિ જાય છે, જાચવા જાદવરાય;
અમો બમણું કરીને આપશું, કાંઈ આપો ઉછીતું માય. ૬
પાડોશણને દયા આવી, આ દુર્બળ આવી લેવા;
સુપડું ભરીને કાંગ આપ્યા, આ બાઈ તમારે દેવા. ૭
ઉખળે ધાલી ઓખણ્યા, તેને કીધા શ્વેત;
તગતગતા કરી કરમાં આપ્યા, ઋષિજી પામ્યા હેત. ૮
મારગમાં છોવાય નહીં, છે ત્રિકમના તાંદૂળ;
લેઈ જાવા છે દ્વારામતિ, નથી બાંધવા પંટકૂળ. ૯
ઉપરાઉપરી બંધન બાંધ્યાં, ચીથરાં દશ વીશ;
રત્નની પેરે જતન કીધું, જ્યમ ચડે છોડતાં રીશ. ૧૦
ઋષિ સુદામાને કહે બાળકડાં, કરીને રોતાં મૂખ;
પિતાજી એવું લાવજો, જ્યમ જાય આપણી ભૂખ. ૧૧
દીન વાણી સાંભળીને, મુનિએ મૂક્યો નિઃશ્વાસ;
સુદામો કહે પુત્રને, પરિબ્રહ્મ પૂરશે આસ. ૧૨
ઋષિ સુદામો સંચર્યા, વોળાવી વળ્યો પરિવાર;
ત્યાગી વૈરાગી વિપ્ર છે, ને ભક્તના શણગાર. ૧૩
ભાલ તિલક ને માળા કંઠે, રસનાએ ભણતો જાય;
મુખ કુખનું* જાળું વાધ્યું, કદ્રુપ દીસે કાય. ૧૪
પવન જટામાંથી ભસ્મ ઊડે, ધૂમ્ર ગોટાગોટ;
ઉપાનરેણુંએ અભ્ર છાયે, જોજન ક્રોટાન ક્રોટ. ૧૫
ધસમસે ને ધાય મુનિવર, મુખે શ્વાસ ન માય;
જે મારગમાં સામું મળે તે, દેખી વિસ્મય થાય. ૧૬
તૈલાભ્યંગ સ્વપ્ને ન ઇચ્છે, છે લૂખું ઋષિનું ગાત્ર;
એક હાથમાં જોષ્ટિકા, એક હાથે ગ્રહ્યું તુંબિપાત્ર. ૧૭
કૌપીન જીરણ વસ્ત્રનું, વનકૂળ છે પરિધાન;
પણ ભાગ્ય ભાનુ ઉદે થયો, હરિ કરશે આપ સમાન. ૧૮

* કુખનું-કુશનું; કુશનું જાળું વાધ્યું અર્થાત્ ડાભના ઝોથાની માફક ઉગેલા અને ઓળ્યાગોળ્યા વગર જાળાની માફક લાગતા મોંપરના વાળ વધેલા તે.

વલણ

આપ સમાન કરશે કૃષ્ણજી, શુકજી કહે સુણો નરપતિ;
થોડે શ્રમે ઋષિ સુદામો, પહોંતા પુરી દ્વારામતિ. ૧૯

કડવું ૬ ઠું-રાગ સારંગ

ઋષિ કહે સાંભળ નરપતિ, સુદામે દીઠી દ્વારામતિ;
કનક કોટ ચળકારા કરે, મણિમય રત્ન જડ્યાં કાંગરે. ૧
કોઠા કોશિસાં શોભે પર્મ, જેવું વિશ્વકર્માનું કર્મ;
દુર્ગે ધજા ધણી ફરફરે, દુંદુભિ ઢોલ ત્યાં ગડગડે. ૨
સુદર્શન ફરતું ત્યાં શોહે, ગંભીર નાદ સાગર મન મોહે;
ત્યાં તો ગોમતી સંગમ થાય, ચારે વર્ણ ત્યાં આવી નહાય. ૩
પરમ ગતિ પ્રાણી પામે ઘણા, નથી મુક્તિપુરીમાં મણા;
ઋષિ સુદામે કીધું સ્નાન, પછી પુરમાં પેઠા ભગવાન. ૪
રૂપ જોઈ જોવા સૌ મળે, ખીજવે બાળક પુંઠળ પળે;
જાદવસ્ત્રી તાળી દેઈ હસે, ધન્ય નગર આવો નર વસે. ૫
કીધાં હશે વ્રત તપ અપાર, તે સ્ત્રી પામી હશે આ ભરથાર;
કોઈ કહે ઇંદુ કોઈ કહે કામ, એને રૂપે હારશે કેશવ રામ. ૬
પતિવ્રતાનાં મોહશે મન, મર્મ વચન બોલે સ્ત્રીજન;
કોઈ કહે હાઉ આવ્યો વિકાળ, દેખાડો રોતાં રહેશે બાળ. ૭
ઘણી ચેષ્ટા પુંઠળથી થાય, સુણી સુદામો હસતા જાય;
પુંઠે બાળક કાંકરા નાખે, ઋષિજી રામકૃષ્ણ મુખથી ભાખે. ૮
પાડે તાળી વજાડે ગાલ, પુંઠે ફરિ વળ્યાં નહાનાં બાળ;
કોઈ વૃદ્ધ જાદવે દીઠા ઋખી, સાધુની દૃષ્ટિ તેણે ઓળખી. ૯
તેણે બાળક સહુ કાઢ્યાં હાંકી, પૂછ્યા સમાચાર ઊભા રાખી;
કૃપાનાથ ક્યાંથી આવિયા, આ પુરને ક્યમ કીધી મયા. ૧૦
પ્રત્યુત્તર બોલ્યા ઋષિજન, મને હરિ દર્શનનું મન;
તે જાદવે કીધો ઉપકાર, દેખાડી દીધું રાજદ્વાર. ૧૧
હરિ મંદિર આવ્યા ઋષિ રાય, ઉભા રસ્તે ચાલ્યું નવ જાય;
દ્વારપાળ દિગ્પાળ સમાન, ધામ ઓટલે ઉગ્યા ભાણ. ૧૨
શોભે હાટ ચૌટાં ને ચોક, છન્નં ઝરુખાં બારી ગોખ;
અટારી જાળી મેડી માળ, જડિત્ર કઠોડા ઝાકઝમાળ. ૧૩

ચળકે કામ ત્યાં મીનાકારી, અમરાપુરી નાંખું ઓવારી;
સભામાં સ્ફાટિકમણિના થંભ, થઈ રહ્યો છે નાટારંભ. ૧૪
મૃદંગ ઉપંગ મધુરાં તાળ, ગાયે હરિણનાં ગીત રસાળ;
રમક ઝમક ઘુઘરી થાય, તે સુદામોજી જોતા જાય. ૧૫
ધજા પતાકા કળશ બિરાજે, જાંગડ જાંગડ દુંદુભિ વાજે;
બોલે શરણાઈ નફેરી, ઉત્સવ મંગળ શેરિએ શેરિ. ૧૬
હરતા ફરતા હીંડે ઘોડા, બાંધ્યા હેમતણા અકોડા;
ડોલે મદગળતા માતંગ, ગજશાળાનો નવલો રંગ. ૧૭
હેમકળસ ભરી લાવે પાણી, દાસીઓ જાણીએ ઇંદ્રાણી;
છપ્પન કોટી જાદવની સભા, નવ રાખે દાનવની પ્રભા. ૧૮
અનંત યોદ્ધા ઉભા પ્રતિહાર, સાચવે શામળિયાનું દ્વાર;
ત્યાં સુદામો ફેરા ફરે, સંકલ્પ વિકલ્પ મનમાં કરે. ૧૯
ગહન દીસે છે કર્મની ગતિ, એક ગુરુના વિદ્યારથી;
એ થઈ બેઠો પૃથ્વીપતિ, મારા ઘરમાં ખાવા રજ નથી. ૨૦
રમાડતો ગોકુલ માંકડાં, ગુરુને ઘેર લાવતો લાકડાં;
તે આજ બેઠો સિંહાસન ચડી, મારે તુંબડી ને લાકડી. ૨૧
વળી ઋષિને આવ્યું જ્ઞાન, અલ્પ જીવ હું એ ભગવાન;
એકવાર પામું દર્શન, તો હું જાણે પામ્યો ઇંદ્રાસન. ૨૨
છે વિવેકી હરિના છડિદાર, પૂછ્યા સુદામાને સમાચાર;
માનુભાવ કેમ કરુણા કરી, તવ સુદામે વાણી ઓચરી. ૨૩
હું દુર્બલ બ્રાહ્મણ અવતાર, માધવ સાથે છે મિત્રાચાર;
પ્રભુને જઈ કહો મારો પ્રણામ, આવ્યો છે વિપ્ર સુદામો નામ. ૨૪

વલણ

નામ સુદામો જઈ કહો, ગયો ઘરમાં પ્રતિહાર રે;
એક દાસી સાથે કહાવિયો, શ્રીકૃષ્ણને સમાચાર રે. ૨૫

કડવું ૭ મું–રાગ મારુ

સૂતા શય્યાએ શ્રીઅવિનાશ રે, અષ્ટ પટરાણીઓ છે બે પાસ રે;
રુકમિણી તળાંસે પાય રે, મિત્રવિન્દા ઢોળે છે વાય રે. ૧
ધર્યું દર્પણ ભદ્રા નારી રે, જાંબુવતિયે ગ્રહી જળ ઝારી રે;
યક્ષકર્દમ સત્યા સેવે રે, કાલિંદીજી અગર ઉસેવે રે. ૨

લક્ષ્મણા તાંબુલ લાવે રે, સત્યભામા બીડી ખવરાવે રે;
હરિ પોઢ્યા હિંડોળા ખાટ રે, પાસે પટરાણી છે આઠ રે. ૩
બીજી સોળ સહસ્ર શત સ્યામા રે, કોઈ હંસગતિ ગજગામા રે;
મૃગાનેણી ને ચંદ્ર ચકોરી રે, કોઈ સ્યામલડી કોઈ ગોરી રે. ૪
કોઈ મુગ્ધા બાળ કીશોરી રે, ખળકાવે કંકણ મોરી રે;
ચપળા ચિતડું લે ચોરી રે, ફાટે હાર કંચુકી કોરી રે. ૫
કોઈ ચતુરા સંગિત નાચે રે, કોઈ રીઝવે ને ઘણું રાચે રે;
એક બીજીને વાત વાસે રે, સરખા સરખી ઉભી પાસે રે. ૬
હરિ આગળ હરિગુણ ગાતી રે, વસ્ત્ર વિરાજે નાનાભાતી રે;
ચંગ ઉપંગ મૃદંગ ઘણાં ગાજે રે, શ્રીમંડળ વેણા વાજે રે. ૭
ગાંધર્વીકળા કોઈ કરતી રે, શુભ વાયક મુખ ઉચરતી રે;
ચતુરા નવ ચૂકે તાળીરે, બોલે મર્મવચન મરમાળીરે. ૮
જેવા રીઝે પ્રાણાધાર રે, એમ થઈ રહ્યો થેઇથેઇકાર રે;
એવી દાસી ધાતી આવી રે, જોઈ નાથે પાસે બોલાવી રે. ૯
બોલી સાહેલી શિર નામી રે, દ્વારે દ્વિજ આવ્યો કોઈ સ્વામી રે;
ન હોય નારદ અવશ્યમેવ રે, નહીં વસિષ્ઠ ને વામદેવ રે. ૧૦
ન હોય દુર્વાસા ને અગસ્ત્ય રે, મેં તો ઋષિ જોયા છે સમસ્ત રે;
નહીં વિશ્વામિત્ર કે અત્રી રે, નથી લાવ્યો ચિઠ્ઠિ કે પત્રી રે. ૧૧
દુઃખી દરિદ્ર સરખો ભાસે રે, એક તુંબી પાત્ર છે પાસે રે;
પિંગળ જટા ભસ્મે ભરિયો રે, ક્ષુધારૂપી નારીને વરિયો રે. ૧૨
શેરિયે શેરિયે થોકાથોક રે, તેને જોવા મળ્યાં બહુ લોક રે;
તેણે કહાવ્યું કરી પ્રણામ રે, મારું વિપ્ર સુદામો છે નામ રે. ૧૩
એમ દાસી કહે કર જોડ રે, ખરો ખરો કહે રણછોડ રે;
મારો બાળા સ્નેહી સુદામો રે, હું દુઃખિયાનો વિસામો રે. ૧૪
ઉઠી ધાયા જાદવ રાય રે, નવ પહોંચ્યાં મોજાં પાય રે;
પીતાંબર ભૂમિ ભરાય રે, રાણી રુક્મિણી ઉંચાં સાય રે. ૧૫
અતિ આનંદે ફૂલી કાય રે, હરિ દોડે ને શ્વાસે ભરાય રે;
પડે આખડે બેહા થાય રે, એક પળ તે જુગ જેવી જાય રે. ૧૬
સ્ત્રીઓને કહી ગયા ભગવાન રે, પૂજા થાળ કરો સાવધાન રે;
હું જે ભોગવું રાજ્યાસન રે, તે તો એ બ્રાહ્મણનું પુન્ય રે. ૧૭

જે કોઈ નમશે એનાં ચરણ ઝાલી રે, તે નારી સહુપે મને વહાલી રે;
તવ સ્ત્રી સહુ પાછી ફરતી રે, સામગ્રી પૂજની કરતી રે. ૧૮
સહુ કહે માંહો માંહી બાઈ રે, કેવા હશે શ્રીકૃષ્ણના ભાઇ રે;
જેને શ્યામળિયાશું સ્નેહ રે, હશે કંદર્પ સરખો દેહ રે. ૧૯
લઈ પૂજના ઉપહાર રે, રહી ઉભી સોળ હજાર રે;
બાઈ લોચનનું સુખ લીજે રે, આજ જેઠનું દર્શન કીજે રે. ૨૦
ઋષિ શુકજી કહે સુણ રાય રે, શ્યામળિયોજી મળવા જાય રે;
છબીલેજીએ છૂટી ચાલે રે, દીધી દોટ તે દીનદયાળે રે. ૨૧
સુદામે દીઠા કૃષ્ણ દેવ રે, છૂટયાં આંસુ શ્રાવણ નેવ રે;
જૂએ કૌતક ચારે વર્ણ રે, કયાં આ વિપ્ર કયાં અશરણશર્ણ રે. ૨૨
જૂએ દેવ વિમાને ચડિયા રે, પ્રભુ ઋષિને પાય પડિયા રે;
હરિ ઉઠાડ્યા ગ્રહી હાથ રે, ઋષિજી લીધા હૈડા સાથ રે. ૨૩
મળ્યા જાદવ જોત્રા પૂંઠે રે, પ્રેમના આલિંગન નવ છૂટે રે;
મુખ અન્યોન્યે જોયાં રે, હરિનાં આંસુ સુદામે લોયાં રે. ૨૪
તુંબિપાત્ર ઉલાળિને લીધું રે, દાસત્વ દયાળે કીધું રે;
ઋષિ પાવન કર્યું મુજ ગામ રે, તમે પવિત્ર કર્યો રંક ધામ રે. ૨૫
તેડી આવ્યા વિશ્વાધાર રે, મંદિરમાં હરખથી અપાર રે;
હસ્ત ઝાલી હરખે મુરારી રે, જોઈ હાસ્ય કરે સહુ નારી રે. ૨૬
ઘણું વાંકાં બોલ્યાં સત્યભામા રે, આવા પ્રુટડા મિત્ર સુદામા રે;
હરિ તેને ઉઠીને શું ધાયા રે, ભલી નહાનપણાંની માયા રે. ૨૭
ભલી જોવા સરખી જોડી રે, હરિને સોંઘો એને રાખોડી રે;
જો કોઈ બાળક બાર નિકળશે રે, તે તો કાકાને દેખી છળશે રે;
તવ બોલ્યાં રુક્ષ્મિણી રાણી રે, તમે બોલો છો શું જાણી રે. ૨૮

વલણ

શું બોલો વિસ્મય થઈ, હરિભક્તને ઓળખ્યો નહીં;
બેસાડ્યા મિત્રને શય્યા ઉપર, ઢોળે વાયુ હરિ ઉભા રહી. ૨૯

કડવું ૮ મું-રાગ સોરઠી

ભક્તાધીન દીનને પૂજે, દાસ પોતાનો જાણી;
સુખ શય્યાપર ઋષિને બેસાડી, ચમર કરે ચક્રપાણીરે. ભક્તા. ૧
નેત્રશમરયા નાથે કીધી, આવી અષ્ટ પટરાણી;
મંદ મંદ હસે સત્યભામા, આધો ઘુંઘટ તાણી રે. ભક્તા. ૨

જેની નાભિકમળથી બ્રહ્મા પ્રગટ્યા, આ જગ પળમાં કીધું;
જેણે મુખમાં જગત દેખાડ્યું, માતાનું મન લીધું રે. ભક્તા. ૩
વિશ્વામિત્ર સરખા તાપસને, દોહેલે દર્શન કીધું;
તેણે સુદામાના પગ પખાળી, પ્રીતે પાદોદક પીધું રે. ભક્તા. ૪
પોતાને ઓઢવાની પીત પછેડીએ, લોહ્યા ઋષિના પાય;
ઊભા રહી કર વિંઝણો ગ્રહીને, વિકલ ઢોળે વાય રે. ભક્તા. ૫
થાળ ભરી વૈદર્ભી લાવ્યાં, ઘૃતપક્વ પકવાંન;
શર્કરા સંયુક્ત ઋષિને, કરાવ્યાં પયપાન રે. ભક્તા. ૬
શુદ્ધાચમન તંબોળ ખવરાવ્યાં, ધરી પ્રેમ શામળવાન;
વાધ્યું તે પ્રસાદ પ્રમાણે, આરોગ્યા ભગવાન રે. ભક્તા. ૭
જે સુખ આપ્યું સુદામાને, તે હરિ બ્રહ્માદિકને નાપે;
ફરી ફરી મુખ જૂએ મુનિનું, આનંદ મુકુંદને વ્યાપે રે. ભક્તા. ૮
સુદામાને ચિંતા મોટી, રખે દેખે કાયા કાંપે;
પેલી ગાંઠડી તાંદુલતણી તે, જંઘા નીચે લેઈ ચાંપે રે. ભક્તા. ૯

વલણ

જંઘા નીચે ચાંપે ઋષિ, ગાંઠડી તંદુલતણી;
પ્રેમાનંદ પ્રભુ પરમેશ્વરને, જાણ્યાતણી ગત્ય છે ઘણી. ૧૦

કડવું ૯ મું-રાગ મલાર

ગોવિંદે માંડી ગોઠડી, કહેને મિત્ર અમારા;
સાંભળવા આતુર છું, સમાચાર તમારા. ગોવિંદે. ૧
શે દુઃખે તમો દૂબળા, એવી ચિંતા કેહી;
મન મૂકીને કહો મને, મારા બાળ સનેહી. ગોવિંદે. ૨
કોઈ સદ્‌ગુરુ તમને મળ્યો, તેણે કાન શું ફૂંક્યો;
વેરાગી ત્યાગી થયા, સંસાર શું મૂક્યો. ગોવિંદે. ૩
શરીર પ્રજાળ્યું જોગથી, તપે દુઃખે દેહી;
છો તે કિયે દુઃખે દૂબળા, મારા પૂર્વ સનેહી. ગોવિંદે. ૪
કે શત્રુ કોઈ માથે થયો, ઘણું દુઃખનો દાતા;
કે કાંઈ ચોરીએ ગયું, તેણે નહિ સુખશાતા. ગોવિંદે. ૫
કાંઈ ધાતુપાત્ર કને નહીં, આવ્યા તુંબડું લેઈ;
વસ્ત્ર નથી કાંઈ પહેરવા, મારા બાળસનેહી. ગોવિંદે. ૬

કે સુખ નથી સંસારનું, કાંઈ કર્મને દોષ;
ભાભી અમારાં વઢકણાં, તે શું લોહિડું શોષે. ગોવિંદે. ૭
કે શું ઉદર ભરાતું નથી, તેણે સૂકી દેહી;
એ દુઃખમાં કીયું દુઃખ છે, મારા પૂર્વ સનેહી. ગોવિંદે. ૮
પછી સુદામોજી બોલિયા, પ્રભુને શીશ નામી;
તમારું અજાણ્યું કાંઈ નથી, છો અંતરજામી. ગોવિંદે. ૯
અમને તો દુઃખ વિજોગનું, નહીં પ્રભુજી પાસે;
આજ હરિ હુને જો મળ્યા, પિંડ પુષ્ટ જ થાશે. ગોવિંદે. ૧૦

કડવું ૧૦ મું-રાગ રામગ્રી

પછી શામળિયો બોલિયા, તને સાંભરે રે;
હાજી નહાનપણાંની પેર, મને કેમ વિસરે રે.

આપણ બે મહિના પાસે રહ્યા, તને. હાજી સાંદીપની ઋષિને ઘેર. મને.
અન્નભિક્ષા માગી લાવતા, તને. હાજી જમતા ત્રણે ભ્રાત; મને.
આપણ સૂતા એક સાથરે, તને. સુખ દુઃખની કરતા વાત. મને.
પાછલી રાતના જાગતા, તને. હાજી કરતા વેદની ધુન્ય; મને.
ગુરુ આપણા ગામે ગયા, તને. હાજી જાચવા કાષ્ઠક મુન્ય. મને.
કામ દીધું ગોરાણિયે, તને. કહ્યું લેઈ આવોને કાષ્ઠ; મને.
શરીર આપણાં ઊકળ્યાં, તને. હાજી માથે તપ્યો અરીષ્ટ. મને.
રકંધે કહોવાડા ધર્યા, તને. ઘણું દૂર ગયા રણછોડ. મને.
આપણે વાદ વધ્યા ત્રણે બાંધવા, તને. હાજી ફાડ્યું મોટું ઝોડ. મને.
ત્રણે ભારા બાંધ્યા દોરડે, તને. હાજી આવ્યા બારે મેહ. મને.
શીતળ વાયુ વાયો ઘણો, તને. ટાઢે થરથર ધ્રુજે દેહ. મને.
નદિયે પૂર આવ્યું ઘણું, તને. ઘન વરસ્યો મૂશળધાર. મને.
એકે દિશા સૂઝી નહીં, તને. થયા વીજતણા ચમકાર. મને.
ગુરુજી બોળવા નીસર્યા, તને. કહ્યું સ્ત્રીને કીધો તેં કેર. મને.
આપણને હૃદિયા શું ચાંપિયા, તને. પછે તેડીને લાવ્યા ઘેર. મને.
ગોરાણી ગૌ દોતાં હતાં, તને. હતી દોણી માગ્યાની ટેવ. મને.
મેં નિશાળેથી કર વધારિયો, તને. હાજી દીધી દોણી તતખેવ. મને.
જ્ઞાન થયું ગુરુપત્નીને, તને. તમને જાણ્યા જગદાધાર. મને.
ગુરુદક્ષિણામાં માગિયું, તને. હાજી મૃત્યુ પામ્યો જે કુમાર. મને.

મેં સાગરમાં ઝંપાવિયું, તને. તમેા શેાધ્યાં સપ્ત પાતાળ. મને.
હું પંચાનન શંખ લાવિયેા, તને. હાજી દૈત્યનેા અણ્યેા કાળ. મને.
સંયમની પુરી હું ગયેા, તને. પછે આવી મળ્યેા જમરાય; મને.
પુત્ર ગેારાણીને આપિયેા, તને. હાજી પછે થયા વિદાય. મને.
આપણે તે દિનથી જૂદા પડ્યા, તને. હાજી ફરિને મળિયા આજ; મને.
હું તુજ પાસે વિદ્યા ભણ્યેા, તને. મને મેાટેા કર્યો મહારાજ. મને.

વલણ

મહારાજ લાજ નિજ દાસની, વધારેા છેા શ્રીહરી;
પછિ દરિદ્ર ખેાવા દાસનાં, સૌમ્ય દૃષ્ટિ શ્યામે કરી.

કડવું ૧૧ મું–રાગ વસંત

સકળ સુંદરીઓ દેખતાં ગેાષ્ટિં ગેાવિંદે કાધી;
પછે દરિદ્ર ખેાવા દાસનાં, ગાંઠડી દૃષ્ટિમાં લીધી. સકળ. ટેક. ૧
મનવાંછિત ફળ આજ હું પામ્યેા, મિત્રજી મળવા આવ્યા;
ચતુર ભાભીએ ભેટ મેાકલી, કહેા સખા શું લાવ્યા. સકળ. ૨
અઢળક ઢળિયેારે શ્યામળિયેા, મુષ્ટિ તાંદુલ માટે;
ઇંદ્રનેા વૈભવ સેજમાં આપ્યેા, સ્વલ્પ સુખડી સાટે. સકળ. ૩
ચરણ તળે ચાંપી રહ્યો સુદામેા, કૃષ્ણજી કહે છે કહાડેા;
અમનેાગ જો ભેટ ન હેાય તેા, દૂરથકી દેખાડેા. સકળ. ૪
એ દેવતાને દુર્લભ દીસે, જાચે જાદવ રાય;
જો પવિત્ર સુખડી પ્રેમે આપેા, તેા ભવની ભાવટ જાય. સકળ. ૫
ભગવાનની સ્ત્રીઓ ભર્મમાં ભૂલી, જૂએ મળી સમસ્ત;
અમૃત ફળ કે સંજીવન મણિ, હરિ હેાડે છે હસ્ત. સકળ. ૬
આમ હરિ જ્યારે હાથ લગાડે, ઋષિ ખસેડે આમ;
ભક્તહેત પેાતે દેખાડે, સહુને સુંદરશ્યામ. સકળ. ૭
અવલેાકવા ઊભી સહુ નારી, કર ધરી કનકનાં પાત્ર;
જદુપતિને જાચે સહુ નારી, અમને આપજો તિલ માત્ર. સકળ. ૮
સુદામેા ચિંતામાં પડિયેા, લજ્જા મારી જાશે;
ભર્મ ભાંગશે તાંદુલ દેખી, કૌતક મારું થાશે. સકળ. ૯
સ્ત્રીને કહ્યેથી હું થયેા લેાભી, તુચ્છ ભેટ અહિયાં આણી;
લજ્જા લાખ ટકાની ખેાઈ, ઘર ઘાલ્યું ધણિયાણી. સકળ. ૧૦

સુદામાના મનની શોચના, શ્યામળીએ સહુ જાણી;
હસતાં ખસતાં પાસે આવી, તાંદુલ લીધા તાણી. સકળ. ૧૧
હેઠળ હેમની થાળી મેલી, વસ્તુ લેવા જગદીશ;
છોડે છબીલો પાર ન આવે, ચીથરાં દશ વીશ. સકળ. ૧૨
પટરાણિઓ જોઈ અચરજ પામી, છે પારશ કે રત્ન;
અમર ફળ કે સંજીવન મણિ, આવડું કીધું છે જત્ન. સકળ. ૧૩
કણ વેરાણા ને પાત્ર ભરાણું, જોઈ રહ્યો જુવતીનો સાથ;
તાંદુલના કણ હૃદિયે ચાંપી, બોલ્યા લક્ષ્મીનાથ. સકળ. ૧૪
સુદામા મેં આ અવનીમાં, લીધા બહુ અવતાર;
આ તાંદુલનો સ્વાદ છે એવો, નથી આરોગ્યો એકે વાર. સકળ. ૧૫
મોટા મોટા મિત્ર મેં જોયા, ધ્રુવ અંબરીષ પ્રહ્લાદ;
આ તાંદુલનો એકે મિત્રે, દેખાડ્યો નથી સ્વાદ. સકળ. ૧૬
તુચ્છ ભેટ ભારે કરી માની, વિચાર્યું ભગવાન;
સાત જન્મસૂધી સુદામે, નથી કિધાં પુણ્યદાન. સકળ. ૧૭
જાચક રૂપ થયા જગજીવન, પ્રીત હૃદેમાં વ્યાપી;
મુખમાં મુષ્ટિ તાંદુલ મૂકયા, દારિદ્ર્ય નાંખ્યાં કાપી. સકળ. ૧૮
કર મરડીને ગાંઠડી લીધી, સાથેનાં દુઃખ મોડ્યાં;
જેમ જેમ ચીથરાં છોડ્યાં નાથે, ભવનાં બંધન તોડ્યાં. સકળ. ૧૯
જ્યારે તાંદુલ મુખમાં મૂકયા, ઉડી છાપરી આકાશ;
તેણે સ્થાનક સુદામાને થયા, સપ્ત ભૂમિના અવાસ. સકળ. ૨૦
ઋષિપત્ની થયાં રુકમિણી સરખાં, શ્યામ સરીખા પુત્ર;
એ વૈભવને કવિ શું વખાણે, જેવું કૃષ્ણનું ઘર સૂત્ર. સકળ. ૨૧
બીજી મુઠી જ્યારે મુખમાં મૂકે, ત્યાં ગ્રહ્યો રુકમિણીએ પાણ;
એમાં શું ઓછું છે સ્વામી, અમને આપો ચતુરસુજાણ. સકળ. ૨૨
અષ્ટ મહાસિદ્ધિ ને નવ નિધી, તે મોકલી વણ માગી;
તે સુદામો નથી જાણતા, જે ભવની ભાવઠ ભાંગી. સકળ. ૨૩
હાથી ડોલે ને દુંદુભિ બોલે, ગુણિજન ગાયે સાખી;
જડિત હિંડોળો હેમનો બાંધી, હીચે છે હરિણાક્ષી. સકળ. ૨૪
હીરા રત્ન કનકમય કોટી, હાર્યો દ્રવ્યે કુબેર;
કોટિધ્વજ લાખેણાં વાજે, છપ્પન ઉપર ભેર. સકળ. ૨૫

વલણ

વાજે ભેર અખુટ ભંડારની, તુઠા શ્રીગોપાળ રે;
એમ રાત વાતમાં વહી ગઈ, થયો પ્રાતઃકાળ રે. ૨૬

કડવું ૧૨ મું-રાગ મેવાડો

શુકજી કહે સાંભળ રાજંન, પરમ કથા પ્રૌઢી પાવંન;
વળી વિચારે કમળાપતી, મેં સુદામા સરખું આપ્યું નથી. ૧
અકેકા કણ જે તાંદુલતણો, ઇંદ્રાસનપેં મોંઘો ઘણો;
દુર્બળ દાસના ભાવની ભેટ, પરમ વિધિએ ભરાયું પેટ. ૨
હું એ સરખો થઈ વનમાં તાપું, વૈકુંઠની રિદ્ધિ એને આપું;
સોળ સહસ્ર સાથે રુક્મિણી, સેવા કરે સુદામાતણી. ૩
દ્વારિકા આપવા ઇચ્છા કરી, વળિ મુંડી શ્રીનાથે ભરી;
ત્યારે રુક્મિણીએ સહાયો હાથ, અમે અપરાધ શો કીધો નાથ. ૪
સામું જોઈ રહ્યાં દંપતી, શોળ સહસ્રમાં પ્રીછતી નથી;
સકળ નારીને કરુણા કરી, તાંદુલ વહેંચી આપ્યા કરી. ૫
તેમાં મૂકયો સ્વાદ અપાર,સ્ત્રી આગળ રાખ્યો મિત્રનો ભાર;
હાસ્ય વિનોદ કરતાં વહી શર્વરી, થયો પ્રાત સુદામે જાચ્યા હરિ. ૬
મને વિદાય કરો જગજીવન, હરિ કહે પધારિયે સ્વામીન;
વળી કૃપા કરને કોઈ સમે, ઠાલે હાથે નરહરિ નમે. ૭
પ્રભુ પોળ લગી વોળાવા જાય, કોડી એક નં મૂકી કર માંય;
સત્યભામા કહે સુણો જાંણુવતી, કૃપણ થયા કેમ કમળાપતિ. ૮
બ્રાહ્મણ વળિ મિત્ર પોતાતણો, દરિદ્ર દુઃખે પીડેલો ઘણો;
તેને વાળ્યો નિર્મુખ ફરી, રુક્મિણી કહે શું સમજો સુંદરી. ૯
બલડિયે વળગ્યા વિશ્વાધાર, સુદામે જાતાં કર્યો વિચાર;
એના વૈભવ આગળ વળિયો છેક, પણ મને ન આપી કોડી એક. ૧૦
સ્ત્રીની ચોરી મનમાં ધરી, પણ કાંઇક ગુપ્ત મને આપશે હરી;
માંયવ માર્ગે વોળાવા ગયા, પછી સુદામોજી ઊભા રહ્યા. ૧૧
વિઠ્ઠલજી હવે પાછા વળો, તવ ભેટીને રોયા સ્યામળો;
વળ્યા કૃષ્ણ ફરિ મળજો કહી, પણ કરમાં કાંઈ મૂકયું નહીં. ૧૨
ઋષિ સુદામે મૂકયો નિઃશ્વાસ, ચાલ્યો બ્રાહ્મણ થઇને નિરાશ;
ઋષિ પામ્યો મનમાં સંતાપ, નિંદા કરવા લાગ્યો આપ. ૧૩

હું માગવા આવ્યો મિત્ર કને, તેપેં મૃત્યુ શે નાવ્યું મને;
સ્ત્રીજિત નર તે શબ સમાન, રંડાયે ઉપજ્યું અપમાન. ૧૪
એકાંતરા જો મળે જે અન્ન, કંદમૂળ કીજે પ્રાશંન;
ભૂખે મરે બાળક નહાનડાં, ખવરાવિયે સૂકાં પાંદડાં. ૧૫
પવન પ્રાશીને ભરીએ પેટ, નીચ પુરુષની કરીએ વેઠ;
કાષ્ઠ કે તૃણનો વિક્રય કરી, અથવા પર ઘેર પાણી ભરી. ૧૬
અથવા વિષ પીને મોઢીએ, પણ મિત્ર કને કર નવ ઓડિયે;
અજાચક વ્રત મૂકયું આજ, ખોઈ લાખ ટકાની લાજ. ૧૭
દામોદરે મને કીધી દયા, મૂળગા મારા તાંદુલ ગયા;
કૃપણને ધન હોયે ઘણું, એને નગર છે સોનાતણું. ૧૮
બાંધી મુઠી ને મિત્રાચાર, મોટો નિર્દય નંદકુમાર;
એને આપતાં શું ઓછું થાત, હું દુર્બળની ભાવઠ જાત. ૧૯
સામા મળી મને ભેટયા હરિ, પાગ પખાળીને પૂજા કરી;
આસન વ્યંજન ભોજન ભલું, મુજ રાંકને કોણ કરે એટલું. ૨૦
એ સર્વ ધૂર્ત કપટીની સેવા, લટપટ કરી મારા તાંદુલ લેવા;
જેનું લે તેનો નવ રાખે ભાર, હરિને નિંદુ તો મને ધિક્કાર. ૨૧
જો ગોપીનાં મન લીધાં હરી, તો કમળાનું સુખ પામ્યાં સુંદરી;
ઋષિપત્નીનાં ખાધાં અન્ન, તો સાયુજ્ય મુક્તિ પામ્યાં સ્ત્રીજંત. ૨૨
ચંદન કુબ્જાજીનું લીધ, સ્વરૂપ લક્ષ્મી સમાણું કીધ;
જો ભાજી પત્રનો કીધો આહાર, તો વિદુર તાર્યો સંસાર. ૨૩
કૃપા કરી મને જગદાધાર, પણ મારું કર્મ કઠોર અપાર;
વિવેક જ્ઞાન સુદામે ગ્રહ્યું, ધન નાપ્યું તો સારું થયું. ૨૪
ધને કરી મદ મુજને થાત, ભક્તિ પ્રભુની ભૂલી જાત;
કૃષ્ણે મુજને કરુણા કરી, દારિદ્ર્ય દુઃખ ન લીધું હરી;
સુખમાં વ્યાપે ક્રોધ ને કામ, દુઃખમાં સાંભરે કેશવ રામ. ૨૫

વલણ

રામ સાંભરે વૈરાગ્યથી, ઋષિ જ્ઞાનઘોડે ચઢ્યા;
વિચાર કરતાં ગામ આવ્યું, ધામ દેખી ભૂલા પડ્યા. ૨૬

કડવું ૧૩ મું–રાગ રામગ્રી

શુકજી ભાખે હરિગુણ ગ્રામજી, દીઠું સુંદર કંચન ધામજી;
મેડી અટારી અદ્‌ભુત કામજી, ઋષિ વિચારે ભૂલ્યો ઠામજી. ૧

ઢાળ

ગામ ભૂલ્યો પણ ગ્રામ નિશ્ચે, ધામ કોઈ ધનવંતનાં;
એ ભુવનમાં વસતા હશે, જેણે સેવ્યાં ચરણ ભગવંતનાં. ૨
એવું વિચારી વિપ્ર વળિયો, બધું નગર અવલોકન કરી;
ઋષિ ઇચ્છા આણી સર્વ જોતા, તે ભુવન પાછળ ફેરા ફરી. ૩
પછી સુદામો પડ્યા સાંસામાં, વિચાર કરે વેગળા જઈ;
આ ભુવન કોણે કર્યાં હશે, પર્ણકુટી મારી ક્યાં ગઈ. ૪
એ વિશ્વકર્મા રચી રચના, મનુષ્ય પામર શું કરે;
કુટુંબ મારું કયાં ગયું, ઋષિ વામ દક્ષિણ ફેરા ફરે. ૫
કોઈ કીર્તિ બોલે હસ્તી ડોલે, હયશાળામાં હય હણહણે;
દાસી કનક કલશ ભરી પાણી લાવે, ઉભા અયુત સેવક આંગણે. ૬
દુંદુભિ વાજે ઢોલ ગાજે, મંડપ તાંડવ થાય છે;
મૃદંગ ધમકે ઘુઘરી ધમકે, ગીત ગુણિજન ગાય છે. ૭
જોઈ સુદામે નિઃશ્વાસ મૂક્યો, કોઈ છત્રપતિનાં ઘર થયાં;
આશ્રમ ગયાનું દુઃખ નથી, પણ બાળક મારાં ક્યાં ગયાં. ૮
હોમશાળા રુદ્રાક્ષમાળા, મારી પત્ર કુશની સાદડી;
ગોપીચંદન સન્માર્જની ગઈ, વિપત્ય આવડી કયમ પડી. ૯
દૈવની ગાય ગહન દીસે, પડ્યો પ્રાણ કર્મ આધીન;
કુટુંબ વિટંબની વેદના, હુંને દૈવે દંડ્યો દીન. ૧૦
ટુટી સરખી ઝુંપડી ને, લુંટી સરખી નાર;
સડ્યાં સરખાં છોકરાં, નવ મળ્યાં બીજી વાર. ૧૧
સંકલ્પ વિકલ્પ કોટી કરતાં, ઋષિ આવાગમન હિંડોળે ચઢ્યા;
બારીએ બેશી પંથ જોતાં, નિજ કંથ સ્ત્રીની દૃષ્ટે પડ્યા. ૧૨
સાહેલી એક સહસ્ત્ર લેઇને, સતી ગઈ પતિને તેડવા;
જળ ઝારી ભરીને નારી જાએ,જાણે હસ્તિની કલશ રેડવા ૧૩
હંસગામિની ને હર્ષ પૂરણ, અભિલાષ મનમાં ઇચ્છિયા;
ઝાંઝર ઝમકે ઘુઘરી ધમકે, વાજે અણવટ વીંછિયા. ૧૪
સુદામે જાણી આવી રાણી, ઇંદ્રાણી કે રુક્મિણી;
સાવિત્રી કે સરસ્વતી, કે શક્તિ શિવશંકરતણી. ૧૫
સાહેલી સહુ વીંટી વળી, પદ્મિની લાગી પાય;
પૂજા કરીને પાલવ ગ્રહ્યો, તવ ઋષિજી નાઠા જાય. ૧૬

થર થર ધ્રુજે ને કાંઈ ન સૂજે, છૂટી જટા ઉઘાડે શીશ;
હસ્ત ગ્રહેવા જાય સુંદરી, તવ ઋષિજી પાડે ચીશ. ૧૭
હું તો સેજે જોઉં છું ઘર નવાં, મને નથી કપટ વિચાર;
હું તો વૃદ્ધ ને તમો જોબન નારી, છે કઠણ લોકાચાર. ૧૮
ભોગાસક્ત હું નથી આવ્યો, મને પરમેશ્વરની આણ;
જાવા દ્યો મને કાં દમો છો, તમને હજો કલ્યાણ. ૧૯
આંગણામાં કોઈ નર નથી, આ દીસે સ્ત્રીનું રાજ્ય;
તમને પાપણિયો પરમેશ્વર પૂછશે, હુંને કાં આણો છો વાજ્ય. ૨૦
ઋષિપત્ની કહે સ્વામી મારા, તમે રખે દેતા શાપ;
દારીદ્રય ગયાં નવાં ઘર થયાં, શ્રીકૃષ્ણ ચરણ પ્રતાપ. ૨૧
એવું કહી કર ગ્રહીને ચાલી, તું સાંભળ પરીક્ષિત ભૂપ;
સુદામો પેઠા પોળમાં, થયું કૃષ્ણ સરખું રૂપ. ૨૨

વલણ

રૂપે બીજા કૃષ્ણજી, જરા ગઈ ને જોબન આવિયું:
બેલડિયે વળગ્યાં દંપતી, જાણે કામ જોડું લજ્જાવિયું. ૨૩

કડવું ૧૪ મું--રાગ ધનાશ્રી

નિજ મંદિર સુદામો ગયા, તતક્ષણ કૃષ્ણજી સરખા થયા;
દંપતિ રાજ્ય શોભાએ ભર્યાં, શ્રીકૃષ્ણે દુઃખ દોહિલાં હર્યાં. ૧

ઢાળ

દોહેલાં ગયાં ને શોહેલાં થયાં, ભર્યાં ભવન લક્ષ્મીવડે;
એક મુષ્ટિ તાંદુલ આરોગ્યા, તે લક્ષ જજ્ઞે નવ જડે. ૨
વસન, વાહન, ભોજન, ભૂષણ ભવ્ય ભંડાર;
ચામર, આસન, છત્ર બિરાજે, ઇન્દ્રનો અધિકાર. ૩
મેડી અટારી છજાં જાળી, ઝમકે મીણાકારી કામ;
સ્ફટિક મણિએ સ્થંભ જડ્યા છે, કૈલાસ સરખું ધામ. ૪
વિશ્વકર્મા ભૂલે બ્રહ્મા, જોઈ ભવનનો ભાવ;
માણક મુક્તા રત્ન હીરા, ઝવેર જોત્ય જડાવ. ૫
ગોળી ગોળા ઘડા ગાગર, સર્વ કનકનાં પાત્ર;
સુદામાના વૈભવ આગળ, કુબેર તે કોણ માત્ર. ૬

ત્યાં જાચકનાં બહુ જુથ આવે, નિર્મુખ કોઈ નવ જાય;
જેને સુદામો દાન આપે, લક્ષપતિ તે થાય. ૭
ઋષિ સુદામાના પુર વિષે, ન મળે દરિદ્રી કોય;
કોટિધ્વજ ને લક્ષદીપક, અકાળ મૃત્યુ ન હોય. ૮
યદ્યપિ વૈભવ ઇન્દ્રનો પણ, ઋષિ રહે છે ઉદાસ;
વિજોગ રાખે જોગનો, થઈ ગૃહસ્થ પાળે સંન્યાસ. ૯
વેદાધ્યયન અગ્નિહોત્ર હોમે, રાખે પ્રભુનું ધ્યાન;
માળા ન મૂકે ભક્તિ ન ચૂકે, એવા વૈષ્ણવ ઋષિ ભગવાન. ૧૦
સુદામાનું ચરિત્ર સાંભળે, તેનું દુઃખ દારીદ્રય જાય;
ભવ દુઃખ વામે મુક્તિ પામે, મળે માધવરાય. ૧૧
વીરક્ષેત્ર વડોદરું, ગુજરાત મધ્યે ગામ;
ચતુર્વંશી જ્ઞાતિ બ્રાહ્મણ, ભટ પ્રેમાનંદ નામ. ૧૨
સંવત સત્તર આડત્રીશમાં, શ્રાવણ શુદી નિદાન;
તિથિ તૃતીયા ને ભગુવારે, પદ્યબંધ કીધું આખ્યાન. ૧૩
ઉદર નિમિત્તે સુરત સેવ્યું, ને ગામ નંદરબાર;
નંદી પુરામાં કીધી કથા, જથા બુદ્ધિ અનુસાર. ૧૪

વલણ

બુદ્ધિમાને કથા કીધી, કરનારે લીલા કરી;
ભટ પ્રેમાનંદ નામ મિથ્યા, શ્રોતા બોલો જે હરિ. ૧૫

સુદામા ચરિત્ર સંપૂર્ણ

અખો*

અમદાવાદનો સોની તથા સહુથી શ્રેષ્ઠ વેદાંતી કવિ

છપ્પા

વેષનિંદા અંગ

સુતર આવે તેમ તું રહે, જ્યમ ત્યમ કરિને હરિને લહે;
વેષ ટેક છે આડી ગલી, પેઠો તે ન શકે નિકળી;
અખા કૃત્યનો ચડશે કષાય, રખે તું કાંઈ કરવા જાય. ૧

રંગ ચઢે તે જાણો મેલ, પોત રહે તે સામું સેહેલ;
આપે આતમ સ્વયંપ્રકાશ, કર્મધર્મનો કાઢી પાશ;
અખા એવી સદ્‌ગુરુની કથા, સમજે નહીં તો વાધે બલા. ૨

ખટ્‌દર્શનના જુજવા મતા, માંહોમાંહી બાધા બતા;
એકનું થાપ્યું બીજો હણે, અન્યથી આપને અધિકો ગણે;
અખા એ જ અંધારો કુવો, ઝગડો ભાંગી કોય ન મુવો. ૩

'સમજી રહે' તો સઘળો લાભ, કાયકલેશે વાધે ગાભ;
'હું માને' તો હોય સંતાન, આતમતાનું થાએ જ્ઞાન;
અખા હરિ જાણી હું† ટાળ, જન્મ કોટિની ઉતરે ગાળ. ૪

માની ત્યાં માયાનો ભાગ, માને માયા પામે લાગ;
કેવળમાં જે બીજું ભળે, કલ્પિત ભ્રમ ટાળ્યો નવ ટળે;
અખા નિજ આતમને સાધ્ય, ઔષધ વેણી જોયે વ્યાધ્ય. ૫

હું ટાળી અછતો થઈ રહે, હરિ પ્રભા માંહેથો વહે;
પોતાપણેથી જે નર ટળે, અણુઆયાસે હરિમાં ભળે;
અખા વાત સમજી લે વિધ્યે, જ્યાં છે ત્યાં આકાશ જ મધ્યે. ૬

પડે નહીં જે પૃથ્વી સુવે, કને નહીં તે કહો શું ખુવે;
ટાઢું ઉનું નોહે આકાશ, પાણીમાં નોહે માંખણ છાશ;
બ્રહ્મજ્ઞાન એવું છે અખા, જ્યાં નહિ સ્વામીસેવક સખા. ૭

* અખા કવિના જીવન ચરિત્ર માટે બૃહત્ કાવ્યદોહન ભાગ ૩ જો જુવો. † હું=હુંપણું.

એક નહીં ત્યાં બીજું કશું, જાણું નહીં શું વાસો વસું;
પંચ નહીં ત્યાં કેની શાખ્ય, વણ રસના અચવ્યો રસ ચાખ્ય;
અખા સમજે તો સમજી જુવે, બાપના બાપને ઘેલાં રુવે. ૮

આભડછેટ અંગ

આભડછેટ અંત્યજની જણી, બ્રાહ્મણવૈષ્ણવ કીધા ધણી;
બારે માસ ભોગવે એ બેય, સૌને ઘેર આવી ગઈ રેય;
અખા હરિ જાણે જડ જાય, નહીં તો મનસા વાચા પેશીરે કયાંય. ૯
પોતાનાં પડખાં નવ જુવે, હાડ ચામડાં મૂરખ ધુવે;
શુદ્ધ કેમ થાય જો ચામડું, મોટું માંહે એ વાંકડું;
હરિ જાણ્યા વિના ભૂલ્યા ભમે, અખા પાર ન પામે કયમે. ૧૦
ઈશ્વર જાણે તે આચાર, એ તો છે ઉપલો ઉપચાર;
મીઠાં મહુડાં માન્યાં દ્રાખ, અન્ન નોય અન્નમાંની રાખ;
સોનામુખી સોનું નવ થાય, અખા આંધળીને પાથરતાં વાણું વાય. ૧૧

ગુરુ અંગ

ગુરુ થઈ બેઠા હોંશે કરી, કંઠે પહાણ શકે કયમ તરી;
(જ્યમ) નાર નાનડી હવું પ્રસૂત, વળતી વાવે નહીં અદ્‌ભુત;*
શિષ્યને ભારે ભારે રહ્યો, અખા એમ મૂળગેથો ગયો. ૧૨
પોતે હરિ નહીં જાણે લેશ, કાઢી બેઠો ગુરુનો વેશ;
સાપને ઘેર પરોણો સાપ, મુખ ચાટી ચાલ્યો ઘેર આપ;
એવા ગુરુ ઘણા સંસાર, તે અખા શું મૂકે ભવ પાર. ૧૩
તું તારું સમજીને બેશ, કાં ચોળે દિલે ખારી† મેશ;
તુંબડું જ્યમ માંહેથું મરે, જે લઈ પેશે તે સૌ તરે;
તરુવર ફળ દેવા નવ જાય, અખા આવી જાચે તે ખાય. ૧૪
પહેલો તું પરમારથ પ્રીછ, પછે ગુરુ થાવાને ઈચ્છ;
પારો મુવો તે રોગ નિર્ગમે, પછે ભોજન બોળું તે જમે;
જ્યમ નિરાશે મળે નારાયણ, અખા તું પહેલે એવું જાણ. ૧૫
તું તારા મનમાંહી પ્રીછ, શાને મોટપ લે છે શીશ;
ઝીણું મળતાં મોટું થાય, મોટું કણકા થઈને જાય;
અખા તાત વિચારે વિધ્યે, રિધ્ય ધણી તો રહે સાંનિધ્યે. ૧૬

* શરીરનો બાંધો. † પારકી.

આપે આપ પૂરણ બ્રહ્મ હરિ, પોત પસાર્યું રચના કરી;
ચૈતન્ય બ્રહ્મશલાનું ચિત્ર, ઋષિ જક્ષ માનવ પશુ પિત્ર;
થાય જાય એ માયાભેદ, અખા ચૈતન્ય નોહે ઉચ્છેદ. ૧૭

સહજ અંગ

ધર્મ સતવાદી ભીમ બળવંત, સહદેવ જોશી જાણે તંત;
અર્જુન બાણાવળી નકુળ ચતૂર, સહાય જેને શ્રીકૃષ્ણ હજૂર;
વન ભોગવતા દુઃખિયા થયા, પામી રાજ્ય અધૂરા ગયા;
સહેજે જે થાયે તે થાય, કર્ત્તવ્યનું બળ અખો ન ગાય. ૧૮
સુધું સમજી સુખિયો થા, મૂકી આપ* ઇશ્વરમાં જા;
ધર્મ અર્થ મોક્ષ ને કામ, એ માયા પગ મૂક્યાં ઠામ;
નિઃસ્પૃહી તે નિરાળો રહે, અખા લાલચિયો લીધે વહે. ૧૯
સમજે ત્યાં અવળું છે તાન, બીજું ઇચ્છે એહ જ જાન;†
સોના માંહે બીજું ભળે, મૂળ રૂપ તેનું જ્યમ ટળે;
જ્યમ છે ત્યમ એ છે આતમા, અખા કેની એવી છે ક્ષમા. ૨૦

કવિ અંગ

કવિતા ઘણા કવિ કવી ગયા, અદ્યાપિ કવે પ્રત્યક્ષ રહ્યા;
વળી આગળ કવસે બહુ કવિ, મનની વૃત્ય જે જે અનુભવિ;
અખા મનાતીત ત્યમનું ત્યમ, મનની વૃત્તિમાં મનની ગમ. ૨૧
જ્ઞાનીની કવિતા ન ગણીશ, કિરણ સૂર્યનાં કેમ વરણીશ;
શબ્દ તણો છેડો કેમ થાય, આકાશને કેમ તોળ્યું જાય;
એવું વચન અલિંગીતણું, અખા નહિ કોઈ પર આપણું. ૨૨
સ્થિતિ નહીં આપાપરૂં‡ તણી, પિંડ બ્રહ્માંડનો થાએ ધણી;
અચળ્યું સરખું દીસે આપ, ભૂત ભવિષ્યનો નોહે થાપ;
અખા જોતાં ચિદાકાશ, આવિર્ભાવ વિના થયો નાશ. ૨૩

વૈરાગ્ય અંગ

જે ઉપજે તો ભલો વૈરાગ્ય, બીજાં કૃત્યનો ન છબેઉ§ પાગ;
હેલામાં હરિ પામે વેદ,‖ જે ઉપજે સાચો નિર્વેદ;
જ્યમ ફુલ પાછળથું ફળ નિદાન, અખા વૈરાગ્ય તે પરમ નિધાન. ૨૪

* હુંપણું. † જાન=નુકશાન. ‡ આપાપર=પોતાપણું અને પારકાપણું. § છબે=જમે, લાગે.
‖ વેદ=વેત્તા=જ્ઞાની.

વૈરાગ્ય વિના તે ઉપજે ખેદ, મારું તારું ભેદાભેદ;
એ સત્ય વૈરાગ્ય ગોળીની ચોટ, લાગે તો થાએ લોટપોટ;
જે ભાગે અખા પરકે પાગ, તોય ટળે તે ઉડવા લાગ. ૨૫
સત્ય વૈરાગ્ય શામીનું* હૃદે, મહા પુરુષ સર્વે એમ વદે;
જે વૈરાગ્ય દેખાડે કરી, એ તો મન કેરી મસ્કરી;
પલકે પલકે પલટે ઢંગ, એ તો અખા માયાના રંગ. ૨૬
સૂરજ તેમ સાચો વૈરાગ્ય, પડતાં ન જુએ જાગ્ય કુજાગ્ય;
સહુને તેજ કરે તે સહી, પડછાયો પોતામાં નહીં;
જ્યાં ઉપજે સાચો નિર્વેદ, નોહે અખા ત્યાં ભેદાભેદ. ૨૭
સત્ય વૈરાગ્ય સ્વયં જાણો હરિ, ત્યાં માયાને શું ગ્રહિયે આદરી;
જેમ નવ ગૃહનાં રત્ન મૂલવાય, પણ પારસનું મૂલ કોએ નવ થાય;
અખા તે વૈરાગ્ય વિચાર, વેશ તુંને નહિ મૂકે પાર. ૨૮
પતિ કહાવે તો મનને જિત્ય, બાકી જે કરશે તે રીત્ય;
ચાર વર્ણ ને આશ્રમ ચાર, જ્યાં અવતરે ત્યાં વેષ વહેવાર;
અખા વાત પામ્યો શી નવી, એ લાગું તે છૂટ્યો ભોગવી. ૨૯
એમ સમજે નર પામે પાર, જે તું પ્રથમ હતો કર્તાર;
મુજ જાતે જે રે છે હરિ, વચ્ચે હું રહ્યો માથે કરી;
અખા એમ વિચારી રહે, શીશ પોટલો નાખી વહે. ૩૦
ગોળે મરે કાં શોધે વખ, તપી ભમી કાં પામે દખ;
ફરતા ફરતા દીસે ઘણા, જેમ તાતી વેળુમાંહે ચણા;
અખા ઉડી જે અળગો પડે, વસ્તુ વિચાર સદ્‌ગુરુથી જડે. ૩૧
હેત વિના પ્રવૃત્તિ વધે, હોંસે કુબુદ્ધિ બેસે ગધે;
દેખાદેખી સહુ કોઈ કરે, કોણ જુવે જે શું છે સરે;†
અખા જે વિચારી જુવે, રોતાં દેખી સહુ કોઈ રુવે. ૩૨
ઘરમાં ઘાયલ મન કામના, કરે કર્મ મોલ્યાં દામચામનાં;
કુલે શેકે કેમ નિર્વાણ, જે નહીં ઉપજે આતમ જ્ઞાન;
સૌનામાં સૌ ઉપજે મરે, અખા સમજ તે મોટી શરે. ૩૩
ભૂનાં ભાંડ એક જેતાં શરુ,‡ લાગ્યો અગ્નિ કહાવ્યું ઠીકરું;
તેમ જીવ શિવ વસ્તુગત એક, અહંતા કેરી લાગી ટેક;
અખા જીવ અહંતા ભાગ, ઉજ્જવલમાં જેમ કાળો ડાઘ. ૩૪

* શામી=૪૨ સાધન સંપન્ન. † સરે=અંતે. ‡ શરુ=માટીનું કાચું શાખલું.

અગમ પંથમાં મોટો ભલ્લ,* ચાલી શકે કોય એકલ મલ્લ;
સામો મળે નવ વાંકો જાય, નિજ બળ બળિયો ત્યાં ઠેરાય;
બાકી અખા હોકારા કરે, ભૂમિ વિના પગ કોઇક ધરે. ૩૫
વણ ખાંડે જગતીમાં જિત્ય, જો કોઈ સમજે આતમ રીત્ય;
જાઇશ મા ખોવા પામવા, ઇચ્છિશ મા ટળવા ને થવા;
પ્રવૃત્તિ નિવૃત્તિ દાસી છે બે, જો અખા તો એ ઘેર રહે. ૩૬

વિચાર અંગ

આપ વિચારે મળશે રામ, વણ સમજ્યો લે કોનું નામ;
બોલે ચાલે જેવડે સુણે, તેને જીવ લેખે નવ ગણે;
કેમ અખા હરિ મળશે તને, કંઠે હાર પાછળ પડ્યો કને. ૩૭
પૂરો તે જે પૂરણ લહે, બીજા વેહતાકેડે વહે;
જે નર દેખે સઘળે હરિ, પૂર્ણ ભક્તિ તો તેણે કરી;
જ્યાં જેવો ત્યાં તેવો રામ, અખા સઘળાં એનાં નામ. ૩૮
ધીર ધીર મન ધસતું રાખ્ય, કર્મ શાસ્ત્રની ન પૂછે સાખ્ય;
આગળ મને વિષયે લાલચી, તેને બ્રહ્મ દેખાડે રચી;
અખા મોટું છે એ વાંકડું, જેમ કરડ્યું વિંછીએ માંકડું. ૩૯
સાચું કહેતાં જૂઠું સમે,† પણ સુધી વાત સૌને નવ ગમે;
જેમ દીવે અંધારું ટળે, તેમ બ્રહ્મજ્ઞાને પરપંચ પળે;
જગતતણી જુગતીશું પ્રીત, અખા ન સમજે આતમ રીત. ૪૦
ત્રણ ગુણનો સઘળો સંસાર, ગુણવડે ચાલે દેહવ્યાપાર;
કાલ ભરાય્યે ચાલે ગાંઠ, મન આદિ સઘળો આ ઠાઠ;
અખા વસ્તુની ચૈતન શક્તિ, જે સમજ્યા તે પામ્યા મુક્તિ. ૪૧
હું નહીં ગુણ ઇંદ્રિ દેહવાન, પ્રકૃતિ પુરુષનું નહિ મુજ માન;
મુજમાં સહુ, હું સર્વાતીત, હું છું ત્યાં નહીં દ્વૈતાદ્વૈત;
અખા એમ સમજી રહે જેહ, જિવન્મુક્ત યોગેશ્વર તેહ. ૪૨
પ્રીછે તો ગુણ પારે રહે, ગુણમાં આવે તેને દહે;
જે ઉગ્યો જાયે આકાશ, તે નોહે પૃથ્વીની પાસ;
અખા એમ સમજ્યો તે હરિ, તેને સરખી હરી સુંદરી. ૪૩

---

* ભલ્લ રીંછ. † સમે=લાગે.

અહં બ્રહ્મ જાણીને રહે, શબ્દપ્રવાહમાં શેને વહે;
વસ્તુવિચાર વિના અન્ય અભ્યસે, જેમ કંચન તે કથીરે ઘસે;
અખા સમજીરે તું મનમાંહ્ય, બીજાની નવ ઝાલીશ બાંહ્ય. ૪૪

દોષ અંગ

દોષ ન જોઇશ કેના ભૂર, તો હરિ દેખીશ બહુ ભરપૂર;
મેલી આંખે કયમ દીસે વસ્ત, જેણે જોયાં આમિષ ને અસ્ત;
અખા તો જ દીસે આતમા, જો નાવે રસના તાસમાં. ૪૫
હરિ જન સ્વે હરિ, નહિ માનવી, જેમ સરિતામાં ભલિ જાહ્નવી;
તેની નિંદા કરતાં ક્રૂર, નિજ આતમથી પડશે દૂર;
હરિજન સર્વાંગે હરિવડે, અખા વેલો તાણ્યો આવે થડે. ૪૬
પુરુષાકારે પૂરણ બ્રહ્મ, જેણે સમજ્યો મૂળગો મર્મ;
કર્મવાકય જીવબુદ્ધિ ગાય, સ્વયં વિના સિદ્ધાંત ન થાય;
નિજનું જ્ઞાન નિજ રૂપે હોય, પાળો* અખા જ્યમ થાયે તોય. ૪૭
પૂરણતામાં સર્વ સમાય, નદીવડે સાગર ન ભરાય;
જેમ દાવાનળ બાળે સર્વ, તેમ જ્ઞાનદોષ દહે સર્વ;
દેહવિકાર હરિજનને કશા, અખા જોહની મોટી દશા. ૪૮
અણલિંગી હરિજનની કળા, કર્મ ન બાંધે આઘી બલા;
અહંતા પોત વિના નોહે ભાત્ય, દિવસ વિના તે શેની રાત્ય;
લૌકિક લેખું રહે લોકમાં, અખા જિત નહિ ફોકફોકમાં. ૪૯
રૂડું જાણી નથી રાખવા, કૂડું જાણી નથી ત્યાગવા;
તન તપાશી મુજને સોધ્ય, બાહ્ય ઉપચાર મૂકી બુધ્ય બોધ્ય;
તજ્યા ભજ્યા વણ તે યોગેશ, અખા જે માને ઉપદેશ. ૫૦
તજતાં ભજતાં નહિ પૂરવે, જૂનું તજ્યે મન લાગે નવે;
જ્યાં જેવો જીવ કાઢે વેશ, તે સાથે મન કરે પ્રવેશ;
મનની રીત્ય જે ગુંથે જાળ, કાઢ્ય અખા આતમની ભાળ્ય. ૫૧
હરિ જાણીને સુવે નચંત્ય, સુલ્લભ મારગ સમજ્યા સંત;
સનકાદિકે ન ભજ્યો પ્રપંચ, જનકાદિકે ન તજ્યિો રંચ;
તજવું ભજવું તે સંસાર, અખા સમજતાં આવે પાર. ૫૨

* પાળો=બરફ.

સર્વાતીત શ્રુતિ કહેતા હવા, માયા રંગ બીજા નવનવા;
મનને જોડ માયાશું ઘણેા, કરે ઉપાય તે ભજવાતણેા;
વસ્તુ વિષે છે મનનેા અંત, તેહ અખા લહે વિરલા સંત. ૫૩
હું નહીં, તું નહીં, તે ન કહેવાય, જે જોતાં જોનારેા જાય;
ત્રણ્ય પ્રકાર વિના જેમ તેમ, તેથી હેઠેા મનનેા વેમ;
નહીં પદાર્થ જોવા ઝાલવા, અખા સરખું છે નહિ પ્રીછવા. ૫૪
વસ્તુ અનેાપમ છે તે માંય, તેા તે કહીએ કેમ ઉપાય;
ઉપમા સર્વ છે માયાવડે, તે ત્યાં કૈવલ્યે નહિ અડે;
અખા વસ્તુ ગુંગાનેા ગેાળ, ત્યાં ઉપમા તે માયાની ટેાળ. ૫૫
સગુણને ઉપમા સર્વે ઘટે, જે ઉપમા ને ગુણ બંને વટે;
જ્યાં થાવા ને જાવા નથી, ત્યાં વાણી શું કાઢે કથી;
અખા તેવડે સર્વે જાણ્ય, તેા તેને કથી શકે કયમ વાણ્ય. ૫૬

માયા અંગ

માયાના ગુણ કર્મ રૂપ નામ, માયાના ગુણ શ્વેત ને શ્યામ;
માયાને મારા પારકા, દેવ દાનવ બે માયા થકા;
માયાના ગુણ જ્યાં નવ છબે, તેને અખા તે કેાણ આલંબે. ૫૭
વસ્તુ નથી ઇન્દ્રિયને ગ્રાહ્ય, શાથી જંત ટળે શું બાહ્ય;
બાહ્ય મધ્ય અંતરપટવડે, અંતરપટ માયા રહી ઘડે;
માયાનાં કૃત્ય માયા લગે, અખા વિચારે પડશે વગે. ૫૮
ક્ષર પિંડ ને અક્ષર આતમા, જે સમજ્યેા સરજ્યેા વાતમાં;
તત્ત્વ ચેાવીશતણેા સમુદાય, મુજવડે સહુ આવે જાય;
હું પૂરણ ચૈતનઘન એક, નામ રૂપ ગુણ કર્મ અનેક;
અખા જે સમજ્યેા તે આવ્યેા, જેણે એ માર્ગ અનુભવ્યેા. ૫૯
મનશું વાત વિચારી અબે, જ્ઞાની તે જે માયા ભબે;
નાઠેા છૂટે નહીં એથકી, અળગી નહીં છાયા દેહથકી;
જે આશ્રમ દર્શનને ગ્રહે, રસબસ થઈ માયા ત્યાં રહે. ૬૦
ભેદુ માયા સમૂળી ગળે, સામું ટળે ને આપે ટળે;
આપાપર ટળતે ઉગરે, સેજ લક્ષ તેમાં સ્થિત કરે;
અખા જિત્યાનું ન ધરે માન, જિત્યેા હારે ઝાલે કાન. ૬૧

મહા વળગણી માયા પાપિણી, જેમ સેવતાં ડસે સાપણી;
સિદ્ધિ કાજે યોગી જન, થાવા અજર કરે છે જતંન;
મંત્ર અધોર* ખવાડે નર્ક, અખા ન દેખાડે આતમ અર્ક. ૬૨
દેહ ઇંદ્રિય ગુણનાં સર્વ કૃત્ય, દીસે માયા કરતી તર્ત;
તે ક્યાંથી તાણી લે અખા, માન વિના પણ રહેશે કખા;
સર્વે જાણે ભૂતવિકાર, સમજે સેજે પામે પાર. ૬૩
અખા જીવતણી એ વજ્ર, અજને ઠામે પૂજે અજ્ઞ;
ઇંદ્રિય ગ્રાહ્ય નહીં હરિલિંગ, જીવને જોઇએ નાના રંગ;
રંગ ઢંગ માયામાં ઘણા, સૌકો સેવક માયાતણા. ૬૪
સૌકોની માયા છે માત, મળવા ન દીએ કોને તાત;
પિતાતણું વદન જે જુવે, માતાને ખોળે નવ સુવે;
તાત ભજંતાં આડી થાય, અખા સહુ માયાગુણ ગાય. ૬૫
મુક્તિ વાંચ્છવી એ જ બંધન નામ, (જેમ) ઘડી માપતાં પ્રગટ્યો જ્ઞમ;
વસ્તુ અમોઘ ઇંદ્રિયગુણવર્ત,† માયાની જાણે સંસૃત્ય;‡
અખા વિચારે ત્યમનું ત્યમ, તો સમજે જો હોય ગુરુગમ. ૬૬
જ્યમ સર્પે નર સમણે ડસ્યો, તે દેખે વેખે મરતક જશે;
મણિમંત્ર મેલી ઔષધિ, મૃત્યુ પામ્યો કરતાં વિધિ;
સર્વ મંત્ર ઔષધ ઉપચાર, જાગે અખા ટળ્યો સંસાર. ૬૭
અખા સર્વ માને ત્યાં ભેદ, માને તેને વિધિ નિષેધ;
બંધ મોક્ષ ચૈતનને કશા, જોતાં જડની જડશે દશા;
એ તો વિચાર વિના ઉધરે, દીસે ફરતું ફરતાં ફરે. ૬૮
માનણહાર શોધ્યે નવ જડે, વણશોધ્યે નવ ભમવું પડે;
પડછંદો નર માન્યો નરે, જેમ બોલે તેમ ઉત્તર કરે;
મૂળ તપાસી જોયું અખે, મારો ભ્રમ પૂર્યો મુજ વિખે.§ ૬૯
અણલિંગી કરતાની કથી, માંહી બહાર ચસમાને નથી;
તો તેજ બળ પોખે આંખ્યને, જો જો ભેદ યોગસાંખ્યને;
કહેતામાં તે સમજી જશે, અખા ગુરુનો કર શિર હશે. ૭૦

* અધોર=અઘોરી બાવો. † વર્ત=અતીત. ‡ સંસૃત્ય-સૃતિ=સંસાર. § વિખે=વિષે.

ક્ષમા અંગ

કિલ્બિષ જન્મ કાલનાં જાય, જેનાં નામતણો મહિમાય;
એવાં નામતણો જે ધણી, તેની મોટપ જેતાં ઘણી;
તેની ભક્તિ કરે ઓળખી, એ સમરેથી અખા નર સુખી. ૭૧
જે બોલે ચાલે સાંભળે, કરતાથકા કેમાં નવ ભળે;
નર નારી ને નપુંસકલિંગ, જળચર થળચર ખેચર અંગ;
કર્ત્તાં ભર્ત્તાં હર્ત્તાં જેહ, અખા ભક્ત જે જાણે એહ. ૭૨
પૂજ્ય તેને સમજી ઓળખી, જે વચને વચને ટાળે દુઃખી;
નરવેશે હરિ પૂરણ બ્રહ્મ, સૂક્તે* કરી સમજાવે મર્મ;
ગુણાતીત ગુણ અંગી કરી, આપે આપ સમજાવે હરી. ૭૩
પૂજંતાં પ્રતિમા ગુણ સેજ, પણ બોલતી મૂર્ત્તિમાં હરિ છેજ;
જડ મૂર્ત્તિ મુખ બોલે નહીં, ચેતન કે તુજ સેવા સહી;
પિડ ન જોઇશ જોજે વસ્ત, અખા મળે હરિ હસ્તેહસ્ત. ૭૪
અખિલ જગત્ મૂર્ત્તિ રામની, મહા જ્ઞાનીની મૂરત કામની;
જડથી ચૈતન મૂરત ભલી, જ્ઞાની મૂરત સર્વોપરી;
કારણ તેનું એક વિશેષ, અખા હું ન મળે જ્યાં શેષ. ૭૫
કોટિ વર્ષ પ્રતિમા પૂજિયે, પણ જ્ઞાની મૂરત પામી સેવિયે;
પોતા સરખો હરિજન કરે, મોટું માહતમ જ્ઞાતા ધરે;
જડ ચૈતન્ય ગમે તે પૂજ, અખા સેવન તેની સૂજ. ૭૬
પૂજનો એ ભાળે ભેવ,† જે પૂજી નિપન્યા શુકદેવ;
જનક વિદેહી સેવ્યા દ્વિજે, તે બેહા જ્ઞાનીને ધ્વજે;
અખા જ્ઞાનીનો મહિમા ઘણો, ઇશે ઇશ રખે કોઈ ગણો. ૭૭
દીસે સૌ સરખાં વરતંત, ખાતાં પીતાં મરતાં જંત;
એક અધિકતા જ્ઞાની ધરે, હરિથું વૃત્તિ સ્વતંત્ર જ કરે;
અખા તે વૃત્તિમાં બહુ ભાવ, જળને ભારે તર્યું જાય નાવ. ૭૮
ભક્તિ એકાસી પૂરી થઈ, બ્યાસીમી બુદ્ધિ આવી રહી;
તેવો ભક્ત જ્ઞાનીને ભજે, નવની‡ કાશ§ કોઈ નહીં રહે રજે;
પંચ કરે તે સૌકો કરે, અખા એવું વિરલા મન ધરે. ૭૯

---

* સૂક્ત=વેદમંત્ર. † ભેવ=ભેદ. ‡ નવની=નવધાભક્તિ. § કાશ=પીડા.

સોળે અંશે હરિ જાણી હૃદે, જેની વાણી બીજું નવ વદે;
જેમ અગ્નિથી દિવો થયો, દીવામાં દાવાનલ રહ્યો;
તે માટે હરિજન સ્વે હરી, અખા રખે કો પૂછો ફરી. ૮૦

તીર્થ અંગ

તીર્થ કોટિ હરિજનને ચરણ, કૃપા હશે તે જાશે શરણ;
બારે કાળે હરિજનને હૃદે, હરિ બોલાવે તે જન વદે;
મહા મોટા જનનો પ્રતાપ, અખા થાય હરિ આપેઆપ. ૮૧
જો મુક્તિ વાંછે માનવી, તો એ કાશી એ જાહ્નવી;
પ્રગટ મુક્તિ આપે હરિદાસ, હરિ દેખાડે સર્વાવાસ;
અખા નહીં ઉધારે પડી, હરિજન મુક્તિ આપે રોકડી. ૮૨
રામ રડવડતાં કેહેને મળ્યો, ઘેલો તે ઘર સુખથી ટળ્યો;
હું મારું બોયાશું કામ, મળે અખા ઘર બેઠાં રામ;
હરિવણ જાણે ક્ષેપણ કાળ, ઘોયે હીર ન થાયે વાળ. ૮૩
છળ નિંદા જો નહીં વિસરે, ખડિયો કાંધે શું નિસરે;
મન જાણે હું પાવન થયો, પણ રેખ દોષ પેલો નવ ગયો;
અખા પડી એ સઘળી વેઠ, જો નહીં લાધી હરિની પેઠ. ૮૪
હેતેશું હરિજનને મળો, મૂકી માન માર્ગમાં ભળો;
હરિની તું પ્રીછી લે પેર, પછી ફર કે બેશી રહે ઘેર;
અખા આ તંન જોને હાડ, દહી મથી ઘી અળગું કાઢ. ૮૫
એમ સમજે તે પામે પાર, હરિથી બીજો તે સંસાર;
તપ ત્યાગે કરી તીરથ ફેર, વને તપે બેસી રહેજે ઘેર;
કાળા ધોળા સઘળા કેશ, અખા હરિ જાણીને બેશ. ૮૬
લોભે લોક બડાઈતણો, ઊંદર કાજે ડુંગર ખણો;
આગળ એક રીઝવવું મન, તેને કાજે બહૂ જતન;
અખા શું છે કીધે થવા, વ્યસની ચાલ્યો ખાવા હવા. ૮૭
જે કરતવ મોટા આદરે, કરતાં દેખી સૌ કો કરે;
માયા મન નિરંતર સાવ, સૌ બેઠા પણ એક જ નાવ;
અખો તેહને મોટો વદે, જેને રામ રમે છે હૃદે. ૮૮
ધન્ય તને કોય મોટો કુળે, કોય વિદ્યા કોય ખાંડા બળે;
એ મોટમ સઘળી જાય ટળી, આતસબાજી પલકે બળી;
અખા કારણ વિના વડપણ વડું, જેમ અલ્પ મૂલે તારે તુંબડું. ૮૯

કૃત્યે ન મળે વસ્તુ અમૂલ, મટે જ્યાં તો ભાગે ભૂલ;
કોય શૂર કોય દાતા દયા, કોય તપસી સતવાદી થયા;
સૌને જોડ અધિક થઈ મળે, અખા વસ્તુથી સૌ કો ટળે. ૯૦
સાચી વાત ન માને રગે, સૌ લાગ્યા માયાની ઠગે;
પ્રત્યક્ષ દૈવ પોતામાં વસે, મૂરખ સામો જાણી ધસે;
જેમ છે તેમ ન શકે ઓળખી, અખા શી પેરે થાશે સુખી. ૯૧
ચુસે અસ્થિ શ્વાન મહા દુઃખે, નિસરે રુધિર પોતાને મુખે;
રાતો રંગ દેખી મલકાય, પણ કારણ પડયું પોતામાંય;
સધળે રચાણું તારું મન, અખા ગમે તેમ કરે જતન. ૯૨
શબ્દતણી માંડી છે જાળ, ચાળા કરે છે માયા કાળ;
ચણ મૂકે માંહી ફળકામના, મોહ્યા પશુ પડે દામચામના;
ત્રણ ભુવનમાં એક પારધી, અખા કોક ઊગરે સારધી.* ૯૩
જ્યારે ઊપની મન કામના, ત્યારે ફેર પડ્યા ગામના;
સેજે નર થાયે નિષ્કામ, તો નથી લેવા જાવો રામ;
જેમ સૂર ઉગેથી વાદળ ટળ્યું, અખા ધામ દિસે નિર્મળું. ૯૪
અર્થ સમજે છૂટે અનર્થ, જ્યમ અળગો છોડી નાંખ્યો રથ;
કટકે નામ જુજવાં સહી, પણ વે'લ વચ્ચેથી દિસે નહીં;
અખા દેહ ગુણના વ્યાપાર, વાસ્તે તું રાખે નિર્ધાર. ૯૫
સ્વામીનું પદ સર્વાતીત, જે કોય સમજે આતમ રીત;
ચુંબક દેખી લોહ ચેતન થાય, ચુંબક તેમનો તેમ છે પ્રાય;
ત્રણ ગુણ તેમ છે દેહ વ્યાપાર, અખા આત્મા આપ વિચાર. ૯૬

સ્વાતીત અંગ

દેશ કાલનો મહિમા ક્રમ, ભાવ ભેદ નહીં પદ પરમ;
સત્ય જુગ ત્રેતા દ્વાપર કળી, લઘુ દીર્ઘ હસ્તે આંગળી;
અખા હાથ ચૈતન તેમ એક, એમ સમજવો વસ્તુવિવેક. ૯૭
હીસે મન જુગ મહિમા સુણી, અદકે ઓછે નહીં કોય ઘણી;
જુગ જુગના વર્તમાન, કયાં રે જપ તપ યજ્ઞ ને ધ્યાન;
અખા એ માયા વિસ્તાર, ચારેના ઊદરમાં ચાર. ૯૮

* સારધી=સાર ગ્રહણ કરનાર.

મુક્તિઅંધ નહીં જુગ માટ, અણજાણ્યા જીવ બાંધે ઘાટ;
સાઠ સહસ્ર સાગરના તન, થયા અવગતિયા પામ્યા પતન;
ત્યારે અખા કલિજુગ કયાં હતો, એ બારે કાળ માયાનો મતો. ૯૯
અચાનક જ્ઞાન ઉપજે એમ જાણ,કાંઈ દેશ કાળનું નહીં પ્રમાણ;
જેમ અકસ્માત્ પડે પર્જન્ય, ઋતુ કુઋતુ નહીં મેઘને મન્ય;
વય વર્ણ દેશ કાળ જ કશા, અખા જ્ઞાનની મોટી દશા. ૧૦૦
ધર્યા અવતાર ચોવિશે વિષ્ણુ, તેમાં પૂરણ બ્રહ્મા કહાવ્યા કૃષ્ણ;
તેથી બળિયા બીજા હતા, માનવ દાનવ બહુ દેવતા;
છતે પિંડે કેવળ કૃષ્ણ રહ્યા, અખા અધિક તે તેણે કહ્યા. ૧૦૧
કૈવલ્યને આધારે સહુ, બ્રહ્મા વિષ્ણુ મહેશ જ બહુ;
સહુ તેમાં થઈ રહે જાય, અદકી ઓછી વસ્તુ ન થાય;
તું તદ્રૂપ વિચારે અખા, બાકી શબ્દ સઘળાં મોં ૨ખા. ૧૦૨

ચેતના અંગ

વારંવાર માનવદેહ નથી, પામ્યો તો ચેતે ધરથી;
જ્યારે જર્જર થાશે અંગ, ઇંદ્રિય મૂકી જાશે સંગ;
ત્યારે અખા જપમાલા ગ્રહે, ભાંગ્યે ઘડે પાણી કેમ રહે. ૧૦૩
તાપ મેલે જેમ લોઢાતણો, વાયે અગ્નિ કાંઈ થોડો ઘણો;
તકેતક થઈ આવે કાજ, હાજર રાખે સઘળો સાજ;
એમ અખા પરમેશ્વર ભજે, પડ્યે મને કાંઈ નહીં નીપજે. ૧૦૪
અવસર ચેતે તે નર ભલો, શૂરો જેમ જુઝે એકલો;
મહારથી તેમ સાચા હરિજન, મનમાં નાણે તન કે ધન;
જેમ તેમ કરી સારે નિજ કાજ, અખા જાઓ કે રેજો લાજ. ૧૦૫
વૃદ્ધ થયો વંઠ્યું મન તન, ઉપાય ટળ્યો ને ખુટ્યું ધન;
ત્યારે ધર્મ સાધવા જાય, કોહ્યું કાપડ સોદો થાય;
અખો ભજી નહીં જાણ્યો નાથ, ભોંયે પાડ્યા ચારે હાથ. ૧૦૬
હરિ ભજતાં જોઇએ હેત પ્રીત, માંહે આતુરતા સંતની રીત;
સદ્‌ગુરુનું શરણ ઘટે ઘપે,* હરિને કાજે મન બહુ તપે;
તે નર હરિને પામે નિર્વેદ, અખા એ જ ભજવાનો ભેદ. ૧૦૭

* ઘપે=જરૂરનું છે.

આરત વિના ભજે શું થશે, પીતળ સોનામાં કેમ જશે;
દુઃખિયો દુઃખ નિગમવા કાજ, નવરો રુડી ચલાવા બાજ;
કથા કિર્ત્તન બહુ કરતા ફરે, અખા હરિ પ્રાપ્ત લેખે સરે. ૧૦૮
આતુરતા આણી આરાધ, સન્મુખ થઈ સદ્‌ગુરુને સાધ્ય;
સદ્‌ગુરુ મળે તો સેજે તરે, સમજ વિના સૌ ફેરા ફરે;
હરિ વિના ફોકટ ફાંફાં જાણ, અખા રામ નોહે પાણી પહાણ. ૧૦૯

કૃપા અંગ

પૂરણ બ્રહ્મ પ્રીછવા કાજ, નવધા ભક્તિ વૈષ્ણવ સાજ;
જેમ કશી વસ્ત કનેથી પડી, આદર કરતાં પાછી જડી;
અલ્પ આદરે જો આવે હાથ, તો અખા કાજ શું શોધ્યા સાથ. ૧૧૦
હરિમણિ કંઠે પોતાને અમૂલ્ય, તે પણ્યો જાણી બહાર ખોળે ધૂળ;
ત્યાં કર્મ કાચની કણિકા જડી, તેને વ્યસને લાગ્યો કાઢે હડી;
અલ્પ પ્રાપ્ત ને અતિ આયાસ, અખા ન જાણે આતમ પાસ. ૧૧૧
હરિની ઇચ્છાયે હરિ મળે, તે તો અખા અંતરમાં ગળે;
જનક ખટ્‌વાંગે કયાં નવધા કરી, વિચાર કરતાં પામ્યા હરી;
કૃપા હરિ હસ્તિણીશું કાજ, ઢોળે કળશ તો પામે રાજ. ૧૧૨
સાત દને પરીક્ષિત રાજન, ભ્રમ ગયો ભેટ્યા ભગવાન;
બીજા બહુ ત્યાં બેઠા હતા, શુકના મુખની સુણતા કથા;
તે તેવાના તેવા રહ્યા, અખા હરિની જોઇએ મયા. ૧૧૩
અખા કામ છે સમજ્યા સાથ, પણ કૃપારૂપિણી જોઇએ આથ;*
બીજો સઘળો દેહવ્યાપાર, જન્મ મરણ ન ટળે સંસાર;
કૃપા સમજ અર્થ સર્વે કૃત્ય, જો ઉપજે તો પામે તર્ત. ૧૧૪
વણ સમજે સઘળો સંસાર, સમજે જાયે સઘળો ભાર;
જેમ જેમ સાચું માને જન, તેમ તેમ વાધે દંને દંન;
અખા પ્રેત બીહીનાને ખાય, (પણ) ધીરજવાન તે કુશળો જાય. ૧૧૫
એક અરીણ બીજો સંસારી રસ, અધિક કરે તેમ આપે કસ;
જેમ જેમ અધિકું ખાતો જાય, અંગે અકલે હીણો થાય;
જો ભૂકે તો મુવે સરે, નહીં તો અખા તે ખાતો મરે. ૧૧૬

* આથ-અર્થ=પુંજી.

ત્યમ એ ભોગતણો સંસાર, જીર્ણ થયો તો પડિયો આહાર;
નવો નીપજે તેમ લાગે સ્વાદ, તો કેમ જાયે ભવની વ્યાધ;
અખા ખસ જેમ સંસાળ્યે થાય, (અને) ધસી ફેદી તો સમૂળી જાય. ૧૧૭
જાય સમૂળો તેમ સંસાર, કરતાં આત્માતત્ત્વવિચાર;
અન્ય ઉપાય નથી એ જવા, સામા બંધ બંધાએ નવા;
કર્મ કરતાં નાવે છેક, અખા વિચારે ન મળે શેષ. ૧૧૮

ધીરજ અંગ.

બ્રહ્માદિક નવ પામ્યા પાર, એમ જાણીને ખાશો માર;
અગમ અગોચર સૌને હરિ, બ્રહ્મા કીટ લગી માયા આવરી;
અખા હરિ જો મળનારા થાય, ન ગણે ઊંચનીચ રંકરાય. ૧૧૯
કુળ અધિકાર અધ્યયન ચાતુરી, પાપી મૂર્ખ ત્યાં ન જુવે હરિ;
જેમ વાયની વલણે લાગે લાય, પણ ડાણું જમણું ન ગણે વાય;
ત્યમ ઊંચ નીચ ન ગણે નારાયણ, અખા એમ ખરાખરી જાણ. ૧૨૦

સુજ અંગ

સમી સુજ સુજે તે પામ, સુજવિના સૌ ચાંપ્યા ચામ;
સુજે દુઃખ તે સુખ નીવડે, સુજ્યા વિના જ્યાં ત્યાં આથડે;
અખા સુજ આલે નરહરિ, અણલિંગી સુજ આવી ખરી. ૧૨૧
સુજે ભજવા તજવા નથી, રાજ કરે કે ભીખે ઘેરથી;
દુઃખ સુખ કાળે આવે જાય, પણ સુજાળો તે ધણી ન થાય;
અખા સુજ વોહોણી તે હાણ્ય, રાજે ભીખે ન ટળે તાણ્ય. ૧૨૨
સુજાળાને સરખું સદા, કારણ વિના તે પામ્યો મુદા;
ચારે જુગ સુજ આગળ ફરે, (પણ) જુગ બળ તેને નવ આવરે;
સુજે વસ્તુ નિરંતર ભજે, અખા અચાનક જો ઉપજે. ૧૨૩
જ્યારે હવી અણલિંગી સૂજ, આપપર વિનાની જો બુજ;
એકલમલ અણલિંગી ઓજ, ચિદ અચાનક પામી ચોજ;
તે સ્થળનો સાક્ષી ત્યાં તે જ, ધારવું જેનું ગુણ પારે હેજ.* ૧૨૪
નિર્ગુણમાં ગુણની ઉપાધ્ય, જીવપણાની લાગી વાધ્ય;
ગુણી જીવ નિર્ગુણ સાચા હૃદે, તે ધ્યેય ધ્યાતા સત્ય જાણી વદે;
દ્વૈત રોગ લાગ્યો મન વિખે, અખા અદ્વૈતપણું સમજ્યા પખે. ૧૨૫

* હેજ=સ્નેહ.

સાધન લખિએ વેદ પુરાણ, અદ્વૈતની ઉપજવા જાણ્ય;
ધ્યે ધ્યાતા જાણવાં એક, નવધા ભક્તિનો કીધો વિવેક;
સાણુખારે પટ ઉજ્જવળ થાય, અખા ભક્તિ વૈરાગ્યે દ્વૈત પળાય. ૧૨૬
ચૈતન્ય બ્રહ્મ સદોદિત સદા, સેજ કલ્લોલ કરે છે ચિદા;
નાટક ચાલ્યું જાય સદાય, કો કહે કર્મ કો કહે માય;
પણ એવાનું એવું અખા, વચે અણછતી કરે પખપખા. ૧૨૭
અંત જુઓ જેની નહીં આદ્ય, કોયે કાળ પડે નહીં ખાદ્ય;
નિત નિત થાતું જાય નવું, (પણ) કો ન કહે મુજ આગળ હવું;
અખા વિચારી જો એહને, પણ વળગીશ નહીં તું દેહને. ૧૨૮
જ્યારે જગત વિચાર્યું જને, તે ઉંઠ* હાથને ન રહે તને;
દિસે સ્વતંત્ર ભૂતમાં ભૂત, અદકું ઓછું નહીં અદ્ભૂત;
અખા વિચાર વિના સંસાર, જો સમજે તો ઘરમાં પાર. ૧૨૯
જન કોય ભૂખ્યો ઊંઘી ગયો, કરે આહાર સ્વપ્નવશ થયો;
ભક્ષ કરે પણ માંહે ભૂખ, ઠાલીને ઠાલી રહે કુખ;
તેમ અખા સઘળો સંસાર, ત્રિગુણ ભોગનો કરતો આહાર. ૧૩૦
પ્રત્યક્ષ મૂકી જુવે પરોક્ષ, કર્તવ્યને શિર મૂકે દોષ;
સભર ભરાઈ રહ્યા છે નાથ, હિંડતાં લાગે હરિને હાથ;
અખો કહે ફેરવવું મન, જો જાણો તો જાણો જન. ૧૩૧
એમ જાણે તે હરિનો જન, મારે પોતે કર્યાંથું મન;
દેહ હરિ ઇચ્છાએ થયો, અણછતો હું તે આવી ગયો;
તારું કર્યું ને તું છે નાથ, એમ જાણી અખે ઝાટકયા હાથ. ૧૩૨
અહંકાર વિચારે કર્યો નિરધાર, હરિસાગરનો જોઈયે પાર;
અહંકાર પાર કાઢવા ગયો, વિચાર વિચારી બેશી રહ્યો;
પાર કાઢતાં અહંકાર ટળ્યો, વિચાર અખા વર્ત્યો†હરિ ભલો. ૧૩૩
મળે વિચારે હરિ તે ખરો, બીજાં સરોડાં‡ કાં સાંભરો;
કૃષ્ણ ઉદ્ધવનો એ નિરધાર, સ્વરૂપ મારું લહે સદ્વિચાર;
ગુણ ગુણને કાજે અવતરે, અખા દ્વૈત નોહે માહરે. ૧૩૪
જેને જગત માને હરિ કરી, તે કૃષ્ણે ગીતા ઉચ્ચરી;
અર્જુન મહારે નહીં અવતાર, ગુણ ગુણ શું વરતે નિર્ધાર;
મારું ને હું એ જ્યાં નહીં, તે જ શકે અખા મુજ લહી. ૧૩૫

* ઊંઠ=સાઢાત્રણ. † વર્ત્યો=પાર ઉતર્યો. ‡ સરોડાં=નકામી ડાંખળીઓ.

હરિના હોય તે હરિને લહે, બીજા હરિની મોટપ કહે;
સાગર ઉદર માંહેલો મર્મ, માલમ જાણે જે કુળધર્મ;
બીજા જળવડે કરે વ્યાપાર, અખા જ્ઞાનિજન લે નિર્ધાર. ૧૩૬
હરિ સેવકને કો હરિપુત્ર, કુંવરનું બાંધ્યું ઘરસૂત્ર;
સેવક તે જાણે નિજ દાસ, આપ અન્યને રાખે પાસ;
આત્મ જ છે તો એક આતમા, ત્યાં અખા કેની શી તમા. ૧૩૭
તાત્પર્યમાં તાણાતાણ, સેજમાં* નહિ વૃદ્ધિ ને હાણ;
સેજ તેજ સ્વે હરિનું રૂપ, તાત્પર્ય તેં જીવ સ્વરૂપ;
અખા તે માટે સેજ જ સાર, ચૈતન્ય તે પરમેશ્વર નિર્ધાર. ૧૩૮
માયા મૂકીશ મા તું અખા, નવરો થઇને સુઇને જા;
મરતાં પહેલો જાને મરી, અણહાલ્યું જળ રહે નીતરી;
ત્યાં કર્મરૂપિયાં ધાલ્યાં ઢોર, મેલું મન અંધારું ઘોર. ૧૩૯
અખા જીવનો અવળો ન્યાય, મેલું વેલું ફાટી જાય;
ઉન્મત્ત મનને યોગ સાધવો, જો કર્મ ઓઘ કરે નહીં નવો;
જેમ છુટી ધેનુ મારતી ફરે, અંધારે બાંધે ટેવ વિસરે;
અખા તે જાણી કર્યો ઉપાય, ત્યાં સિદ્ધિરૂપી લાગી બગાય. ૧૪૦
એક જ્ઞાની બીજા સાધનવંત, એનો લક્ષ મળે નહીં તંત;
સ્થિતિ બાંધી સૌ સાધન કરે, અચળ્યું આપ તજ્જ્ઞ† જ ઉચ્ચરે;
જેમ અનલઅવનિપર નાવે કયમે, અખા ભૂચર તે ભૂચર શમે. ૧૪૧

મહાલક્ષ્ય અંગ

તત્ત્વમસિ પદ કહાવે ત્રણ્ય, વેદે જેનું કર્યું વિવર્ણ;
કૈવલ્ય ઈશ્વર ત્રીજો જંત, તેને જાણે પંડિત સંત;
જુક્ત ભલી સમજાવા મન, એ જ અખા અધ્યારોપણ અન્ય. ૧૪૨
જેમ છે તેમ રહી શકતો નથી, જીવને ટેવ પડી ધરથી;
અંતર્ભૂતને પ્રેરે માય, સંકલ્પ વિકલ્પ મન કરતું જાય;
અખા એ બીજો અહંકાર, આપ નહીં તો નહીં સંસાર. ૧૪૩
થયું નોતું હમણાં નથી થવા, રહ્યા સંકલ્પ ઉપજતા નવા;
નિયંતા ઈશ્વર હું નિમિત્ત જીવ, મારે પુરાતન કર્મ સદૈવ;
એક કેવાને કો નવ રહ્યો, જ્યારે અખા ભ્રમ મૂળગો ગયો. ૧૪૪

* સેજ=સહજ સ્વરૂપ આત્મામાં. † તજ્જ્ઞ=તે પદનો જ્ઞાતા.

અંતર ઉપજી મોટી બલા, હું ભુંડો ને હરિ તે ભલા;
એ આરોપણ એને વિષે, એને વેદ માયા કરી લખે;
અખા ઉપજતું રહે જો એહ, પ્રાયે જાણે કૈવલ્ય તેહ. ૧૪૫
અદ્વૈતમાં ઉપજે તે જીવ, જીવના કલ્પ્યા ઈશ્વર શિવ;
જ્યારે જંતે તપાસ્યું આપ, રજ્જુ નહિ તો શેનો શાપ;
અખા તેમનું તેમ સદ્ગાય, બંધ મોક્ષ વણસમજ્યા માંય. ૧૪૬
વાત અલૌકિક અનુભવતણી, પ્રપંચ પારે રહેણ આપણી;
પંખી ઓછાયેાં પડિયેા જાળ, પણ પોતે ઉડે અલગ નિરાળ;
અખા જ્ઞાનીની એવી કળા, વર્ત્યાં જાય તે ઉપરછળા. ૧૪૭
અખા સમજ તે સાધન રાજ, બેઠાં બેસાર્યાં સીઝે કાજ;
નર નૌકામાં આસન કરે, બેઠો બાધી પૃથ્વી ફરે;
કાયકલેશ કરવો નવ પડે, સૂજ સમજમાં સર્વે જડે. ૧૪૮
સૂજ વિના સઘળાં સાધંન, વાધે અદકાં દંનેદંન;
ધાણીનેા બળદ ઘરમાં ફરે, દશ ડગમાંહે થાકી મરે;
એમ અખા સઘળેા સંસાર, સમજવિના નહીં પામે પાર. ૧૪૯

વિશ્વરૂપ અંગ

આળાં ચર્મ કેરાં બહુ રૂપ, નટ દેખાડે ભાત્ય અનૂપ;
ચામ ખેડામાં બેઠો છપી, રમી રૂપ છપાવી લે ખપી;
બેલ ચાલે જે દીપકવડે, તેને અખા કાંયે નવ નડે. ૧૫૦
લક્ષ ચોરાશી ખાણે જંત, પડતાં ન મળે ઈશ્વર અંત;
દીપક તે પર્મ ચૈતન બ્રહ્મ, જેવડે ચાલે ઈશ્વર કર્મ;
અખા એમ સમજી રે જેહ, તેને નથી કોય કાળે દેહ. ૧૫૧
પ્રભુ પામવા મારગ એક, સદ્ગુરુ શરણે જ્ઞાન વિવેક;
બીજા મારગ કોટાનકોટ, રહે આવર્યા ગુણની ઓટ્ય;
અખા નૌકાના મુખ્યક જથા, વાર પાર ન જાણે કથા. ૧૫૨
વસ્તુ જાણવા સાધન કાજ, આરોપી બોલ્યા કવિરાજ;
ફળ તેનું તે જ્ઞાનવિવેક, જેમ તેમ કરિ હરિ જાણે એક;
સમઝી અખા સર્વ ઘોઈ કાઢ્ય, નહીં તો હરિ માર્ગમાં થાશે આજ્ય. ૧૫૩

સ્વભાવ અંગ

સ્વયં ભાવે નભ ઉલ્લસે સદા, જેમ હેમ પર્વત અદબદા;
ઘન ઘટા વિના થાયે વૃષ્ટ, એમ જ્ઞાની તે હોએ પુષ્ટ:
ગળી પાલો ગંગા થઈ વહે, ત્યાં અખો શું સાધન કહે. ૧૫૪
નિરાધાર નાટક અટુપટું, સ્વતઃ સિદ્ધ દીસે સામટું;
ઉત્પત્તિ સ્થિતિ લય સેજે થાય, પ્રવાહતણી પેરે ચાલ્યું જાય;
તેમાં આચાર્યે કીધી જુક્તિ, કલ્પ્યો બંધ ને માની મુક્તિ. ૧૫૫
દર્શન ભેદ દાવા મત ઘણા, ગઢ બાંધી રહ્યા આપ આપણા;
એક એકપે હુંડી રહ્યા, અમે પામ્યા બીજા વહેતા ગયા;
અખા નાટકની એવી રીત, મન લાગે છે દ્વૈતાદ્વૈત. ૧૫૬
જે છે તે ત્યાં આપોઆપ, બીજો તે નારાયણ થાપ;
સમી સમજ સમજ્યાવિના સૌ, આપાપણા મત તાણે બૌ;
અખા ચાલ્યો મત માયાતણો, દ્વૈત અધ્યાસ સૌને છે ઘણો. ૧૫૭
પંડિત ડાહ્યા વિચારો સાત, પણ સાત વાતની એક જ વાત;
જો પ્રગટ હરિ વસનારા થાય, ત્યાં સાધન ધર્મ ન જુવે કાંય;
અખા સાધન બીજાં જે બૌ, કાળ કર્મ કર સોંપ્યાં સૌ. ૧૫૮
ભણે ગણે હરિ નાવે હાથ, દાન તપસ્યા કાળને સાથ;
વ્યાકરણ વેદ સમાધિ અભંગ, જોતાં સર્વ માયાનું અંગ;
અખા અણલિંગી પદ અનૂપ, જ્યાં ધ્યેય ધ્યાતા ન રહે રૂપ. ૧૫૯
પૂર્વજન્મ કર્મ અનુસાર, ઉત્તમ મધ્યમ ભોગ સંસાર;
જેણે હું મમતા સત્ય માન્યો દેહ, ત્રિવિધ કર્મ કલ્પે છે તેહ;
પ્રાય અખા જ્યાં દ્વૈત અભાવ, ત્યાં પૂર્વ જન્મનો શિયો ઠરાવ. ૧૬૦
મહા વિચાર વિચાર્યો અખે, જે ગગનચંદ નાવે જલવિષે;
વચ્ચે લહરી તરંગ બુદબુદા, બિંદુ વિકાર ઈંદુને નહિ કદા;
એમ પરમાત્મા જાણે પિંડ, તે પરમાત્મા જાણે ભૂમંડ.* ૧૬૧

પ્રપંચ અંગ

પ્રાય પ્રપંચ આળ પંપાળ, પંડિતે તનાં ગુંથ્યાં જંળ;
શ્લોક શુભાષિત મીઠી વાણ્ય, તેણે મોહ્યા કવિ અજ્ઞાણ;
કહે અખો મર્મ સમજ્યા પખે, સંસ્કૃતનું પ્રાકૃત કરી લખે. ૧૬૨

* ભૂમંડ=પૃથ્વીનો શણગાર.

કવિએ શકય જણાવા કાજ, ગાજે જેમ રોહેણીના ગાજ;
વૃષ્ટિ થવાને નવ ગડગડે, સામો અવધ્યથો પાછો પડે;
મિથ્યા સંસાર સાચો કવિ કવે, રખે અખા તું એવું લવે. ૧૬૩
પૂજવા મનમાં બહુ કોડ, શબ્દતણા જોડે છે જોડ;
ભૂખ્યો નર બહુ તક જ પિયે, જાણે ઉદર ભરીને પુષ્ટિ પામિયે;
તેણે ધાય નહીં ને વાધે રોગ, એમ અખા નોહે આતમભોગ. ૧૬૪
કવિ થઇને અધિકું શું કવ્યું, જોતાં નહીં બ્રહ્મ અણુચવ્યું;
રાગ દ્વેષની પૂંજી કરી, કવી વ્યાપાર બેઠો આદરી;
તેમાં અખા શું પામે લાભ, વાએ ગયો જેમ બીને ગાભ. ૧૬૫
કહે અખો હું ઘણુંએ રટ્યો, હરિને કાજે મન આવટ્યો;
ઘણાં કૃત્ય કર્યાં મેં બાહ્ય, તોય ન ભાંગી મનની દાઝ;
દર્શન વેષ જોઈ બહુ રહ્યો, પછે ગુરુ કરવાને ગોકુળ ગયો. ૧૬૬
ગુરુ કર્યા મેં ગોકુળનાથ, ગુરુએ મુજને ઘાલી નાથ;
મનન મનાવી સદ્‌ગુરુ થયો, પણ વિચાર નગરાનો રહ્યો;
વિચાર કહે પામ્યો શું અખા, જન્મ જન્મનો ક્યાં છે સખા. ૧૬૭
બહુ કાળ હું રોતો રહ્યો, આવી અચાનક હરિ પ્રગટ થયો;
ત્રણ મહા પુરુષ ને ચોથો આપ, જેનો ન થાયે વેદે ઉથાપ;
અખે ઉર અંતર લીધો જાણ, ત્યાર પછી ઉઘડી મુજ વાણ. ૧૬૮
પરાત્પરબ્રહ્મ પ્રગટ થયા, ગુણ દોષો તે દિનના ગયા;
અચ્યુત આવ્યાનું એ એંધાણ, ચવ્યું નચાવે અખો અજાણ;
જે નરને આત્મા ગુરુ થશે, કહ્યું અખાનું તે પ્રીછશે. ૧૬૯

જ્ઞાની અંગ

સકળ લોક ત્યમ જ્ઞાતા પુરષ, એમ જાણે તે નર છે મૂરખ;
દેહ વિષે સૌ સરખાં ગણે, જેમ કંચન તાર ત્રાપડમાં વણે;
અખા અમૃત તે પાણી નોય, રસ જાણી ગણશો મા તોય. ૧૭૦
જ્ઞાનીનો લક્ષ પરપંચપાર, જેમ નાવ ચાલે ધ્રુવને આધાર;
વણ વાળી જેમ વહે છે નદી, આવી મેલાણ કરે ઉદધી;
જેમ દીપક કેરી ગત્ય ગગન, એમ પરબ્રહ્મમાં અખા તું ગણ. ૧૭૧
સહજ સ્વભાવે સર્વાતીત, દ્વૈત તેજ ભાસ્યું અદ્વૈત;
જેમ દુમાસ વિષે બહુ દીસે ભાત, પણ પોતથકી નહિ અળગી જાત;
અખા જ્ઞાતા દેખે અશું, અદ્‌ભુત કારણ જ્યાં ઉલસ્યું. ૧૭૨

સમજ્યો સમજ્યાની ગત લહે, જેમ સ્વમસાખ્ય બીજો નવ કહે;
નિજ પિંડ આદે ચૌદે લોક, વસતાં રહે તે દેખે ફોક;
સમજણહાર વિના સમજવું, કહે અખો હું એવું કવું. ૧૭૩
ભવન ત્રણ સ્ફુર્ણ મનતણું, જેમ સૂર્ય કારણ રેણી દિનતણું;
સૂરજ વિના નોહે દિન રાત, તેમ તે વિના કોણ દેખે ભાત;
અખા તેમ જે મનને લહે, ત્યારે સેજે પરમ કારણ રહે. ૧૭૪
પરાપાર પરમેશ્વર વસે, સેજે સહજ ત્યાંથી ઉલ્લસે;
આપે આપની પામે ભાળ, ત્યારે જાય જગતજંજાળ;
અખા વાત એ સાચી જાણ, તેહ વિના મનરખતી વાણ. ૧૭૫

જીવ ઈશ્વર અંગ

કામ સકળ હરિથી નીપજે, પણ હરિ શિર પોતે નવ લે રજે;
જીવથકી કાંઈ નવ થાય, હું હું થૈ ફોગટ બંધાય;
શકટ તળે જેમ ચાલે શ્વાન, એમ અખા ધરવું સૌ માન. ૧૭૬
ભલું જાણ તો હરિમાં ભળ, વાંકો જાતો વાટે વળ;
કર્મ કરે ને ફળની આશ, એ તો હરિમાર્ગમાં મેવાસ;
લોભે લાગો ચાલે ગામ, અખા સુવાનું નાવે ઠામ. ૧૭૭
ખરા વગુતા પંડિત જાણ, કર્મતણું બાંધ્યું બંધાણ;
ભણી ગણી થઈ બેઠા પૂજ, પણ અળગું રહ્યું આત્માનું ગુહ્ય;
ભેદ ન લહ્યો વાંચ્યાં ફાંકડાં, કાળે અખા ફેરવ્યાં માંકડાં. ૧૭૮
હરિજન તો હરિલક્ષણે રહે, બાહ્ય ઇંદ્રિય વિષય સર્વ ગ્રહે;
અંતર રહે અકર્તા થઈ, ત્યારે કર્મ કરતાં લાગે નહીં;
તેમ ભાંજે ઘડે સેજે સંસાર, પણ અકર્તા રહે કિરતાર. ૧૭૯
દેહદમન મુંડાનું કર્મ, મૂરખ જાણે માંજ્યો ધર્મ;
પીડે પિંડ તે પેટને કાજ, કાયા કશી જાયે મહારાજ;
વિષે વળૂંધ્યો વ્યસની થયો, અખા આત્મપરિચય ગયો. ૧૮૦
ભક્ત જક્તને વેર સદાય, હરિજન આપ્યું હરિનું ખાય;
દ્રવ્ય હરિ ને હરિ દાતાર, વચ્ચે વેહેતાગરો* જીવ વહે ઉપકાર;
એ તો હરિનો શત્રુકાર, સ્થાવરજંગમ પામે આહાર;
એમ જાણે દીધી હરિ ફળે, અખા અહંકારે આણું વળે. ૧૮૧

* વેહેતાગરો=ભાર ઉપાડનારો.

આપેાપું ગાળે અર્થ સરે, મન મૂકી અણછતું ઉલું કરે;
મિથ્યા હુંપણું માને સાય, કર્મ સંધાથે તેને રાય;
પચ્યા વિના બહુ કાચાં મરે, અખા સદ્‌ગુરુ ન મળ્યેા શું સરે. ૧૮૨
શિર ફેરે શિવ જાણ્યા માટય, જીવતે મૃત તે બેઠું નહીં ઘાટ;
કાળ કર્મ ને પિતૃ ગ્રહ દેવ, ફેડે થઈ વહેતેા અહમેવ;
હરિ અણજાણ્યે સર્વે ખરું, અખા પ્રભુ પ્રીછે પાધરું. ૧૮૩
હરિજન હેાય તેા હીંશી બેાલ, રાજપુત્રને શેની દેાલ્ય;
ચાલ મલપતેા નહિ ચાસંધ,* ભર્મ કર્મના ભાગ્યા બંધ;
અર્કથકેા નાશે અંધકાર, અખા હરિજનને શેા સંસાર. ૧૮૪
હરિજન જકતની અળગી દશા, જળચર સ્થળચર એકઠા વસ્યા;
અવની ઉપર લાગી લાય, જળચર હેાય તે જળમાં જાય;
ભૂચરની કાંઈ બીજી પેર, એમ જાણી અખા આદેર. ૧૮૫
હરિના હેા તેા હરિ એાળખેા, વણચાખ્યું બીકું કાં ભખેા;
સ્વાદ ન આવે રંગ ન થાય, તેમ ભક્ત ભક્ત કહિ લેાકેા ગાય;
જ્યાં હું હુવેા ત્યાં હરિ તેા ખરેા, વંદેા તેની નિંદા કાં કરેા. ૧૮૬
જેમ મચ્છ પ્રત્યે માછી દે દાન, તેમ દમે ભક્ત દુભાય ભગવાન;
લેાક લેાભ ઉપાય બહુ કરે, જેમ જમતાં રમતાં સુખ સરે;
તે દેખી ન શકે સંસાર, કરે નિંદા અખા લે શિર ભાર. ૧૮૭
ભક્ત તેા તે જે પ્રીછી ભજે, ફેાતરાં ભાંગે નહીં તાંદુળ તજે;
સર્વાવાસ લહે હરિ મળે, નહીં તેા બેઠેા કંકેાડી દળે;
એક સ્વામી સધળે વિસ્તરેા, એમ અખા જાણેા તે કરેા. ૧૮૮
ખટપટને ખટપટવા દે, તું અળગેા આવી પ્રીછી લે;
જંગી ઢેાલ ઘણા ગડગડે, ત્યાં ઝીણી વાત કાને નવ પડે;
નિરદાવાના જનને બેાળ, તે અખા બેસાડે બેાલે બેાલ. ૧૮૯
પાને પેાથે લખિયા હરિ, જેમ વેળુમાં ખાંડ વિખરી;
સંતે બાંધી કીડી થઈ, અને વંચકે તેા સબુદ્ધિ વહી;
તે માટે તે તેવા રહ્યા, અખા સંગ પારંગત થયા. ૧૯૦
ભણ્યું ગણ્યું તે એટલું કરે, જેમ બેસે વાયુ †સુકજ્ય વૈતરે;
તેણે ફળે કરી પંડિત પૂજ્ય, સંતને સુકજ્યની પડ સૂજ્ય;
સંત તે જ હરિધનના ધણી, અખા ગત્ય આપે આપણી. ૧૯૧

* ચાસંધ=જાહેર-ચાસન. † સુકજ્ય વૈતરે=વાયુ સુખડની ગંધ લઈ જાય છે.

પંડિત તે વિદ્યા કર્યણી, સંત તો છે તે ફળના ધણી;
બી પાણી હરિનું નિર્ધાર, ઉપાય કરાવી આપે આહાર;
અખા ભોગ ભોગીને કાજ, વઢે સેવક રાજને રાજ. ૧૯૨
પુલિશ મા નામ વૈષ્ણવ ધરે, શું થયું ઘેર ઘેર ખાતો ફરે;
કાંઈ રાજા નામ ધર્યો નોય રાજ, નરપતિ થયે નરપતિનું કાજ;
અખા અર્થ ઇચ્છિશ મા કશા, અખા તે જ મોટાની દશા. ૧૯૩
કોય આળસ કોય ક્રોધે થયો, વાટે વેષ પહેરીને ગયો;
નહિ મહેનત વેઠે નહિ સાય, વંદે વિશ્વ એ ફળ મહિમાય;
હરિને અર્થે અખા એક વિચાર, પછે સમું પડે તેમ રહે સંસાર. ૧૯૪
વિશ્વ વિચારે કાંઈ નવ લહે, વહેતા સાથે સૌ કો વહે;
આડંબર કરે મોહે કરી, જે જ્યાં તે ત્યાં બેઠા ઠરી;
અખા પશુ જેમ યવનને હળે, મહાજન મૂકી તે સંગે પળે. ૧૯૫
અણસમજ્યો જીવ ને બીજું ઝાં ખરું, જ્યાં દેખે ત્યાં વળગે ખરું;
પ્રકૃતિ મળે તો ત્યાં તે અડે, નહીં તો પાછું વાટે પડે;
એમ અખા સઘળો સંસાર, ઝામર ઝોળે* કરે વ્યાપાર. ૧૯૬
ભલું જાણે તો પાછો ભાજ, પય ટળે જેમ પ્રગટે આજ;†
દૂધ રહે તો થાય નહીં નવું, ઘૃત સહિત પડે ડાટવું;
એમ અખા વિશ્વ કાચું શમે, જ્ઞાનણ વિના બહુ ઘૃત નિર્ગમે. ૧૯૭
વિશ્વ વસ્તુમાં શાનો ફેર, જે મણ એકના ચાલીશ શેર;
નાના કાટલે સઘળા પિંડ, મણ કહિયે વૈરાટ બ્રહ્માંડ;
હરિમાં વિશ્વ ને વિશ્વમાં હરિ, એમ અખા સૌ ધરનું ધર કરી. ૧૯૮
વિશ્વ ભજંતાં વસ્તુ ભજાય, નીર નદીને સાગરે જાય;
લોક સકળ હરિ વેદ જ વદે, બ્રાહ્મણ મુખ ને સંતને હૃદે;
મુખે જમે વાણી ઉચ્ચરે, પણ હરી હૈયામાં હોય તે કરે;
તે માટે હરિ ભજવા સંત, અખા ભવનો આણે અંત. ૧૯૯
મોટપ દીધી હરિજન ખમે, હરિશું બોલે હરિશું રમે;
જનને દીઠે હરિ સાંભરે, તે જો હરિજન સાથે ફરે;
જેમ દીવે સમરસ ઉજાસ, એમ અખા હરિ ને હરિદાસ. ૨૦૦

* ઝામરઝોળ=ખોટો ટોળ. † આજ=ઘી.

હરિજનને ગ્રહ કહો શું કરે, જે ગ્રહ બાપડા પરવશ ફરે;
રવિ ભમતો ને શશિનો એ, રાહુ તો ધડવોણો વહે;
કાણો શૂક્ર ને લુલ્લો શનિ, બૃહસ્પતિએ સ્ત્રી બોઈ આપણી;
ગ્રહે નહિ ગ્રહ હરિ મુજ હૃદે, અખા દીન વચન કોણ વદે. ૨૦૧
એક પરમેશ્વર ને સઘળા પંથ, એ તો અળગું ચાલ્યું જુથ;
જેમ અગ્નિ અગ્નિને સ્થાનક રહ્યો, અને ધુંવાડો આકાશે ગયો;
અળગો ચાલ્યો તે કેમ મળે, એમ અખા સૌ અવળા વળે. ૨૦૨
જાજરો જીવ જુગત શું કરે, પ્રકૃતિ પાપિણી પૂંઠે ફરે;
જે જે સાધન સાધે સહાય, તેજ વાતના મળ બંધાય;
અખા અમર થયાનું કામ, રાખવા હીંડે સૌ કો નામ. ૨૦૩
કીધું સર્વ હરિનું થાય, મૂરખ કર્મતણા ગુણ ગાય;
નૃગ રાજા કાકિડો કર્યો, વિભીષણને શિર કર ધર્યો;
સત્ય પાળતો હરિશ્ચંદ્ર દુઃખી થયો, જરાસુત વેરી તે વૈકુંઠ ગયો;
એવો અસંભાવ્ય હરિ મન વસ્યો, એમ જાણી અખો આળસ્યો. ૨૦૪
ક્રય વિક્રય બાબત શોભવા, સ્વામી સેવક રંગ નવનવા;
વચ્ચે લોભની વીટણ કરી, રસથી જીવ કરે આદરી;
આપે લે નિશ્ચે નારાયણ, અખા તું તે એવું જાણ. ૨૦૫
કર્મ નામ તે હરિના વતાં, તુંમાં પ્રથમ સકળ ક્યાં હતાં;
મનુ ઊપજતાં ક્ષત્રી થયા, સનકાદિક તે યોગી રહ્યા;
જગત નોતું ત્યાં ક્યાંથી કર્મ, અખા હરિનો મોટો મર્મ. ૨૦૬
જીવ ભક્તિ કરે શ્યાવડે, સામગ્રી હરિની નીવડે;
તેનું લાવી તેને સજે, પોતાને તો મળે નહીં રજે;
જાણ્યું આપ સમર્પું હસ્ત, તે તો નીવડી તેની વસ્ત;
અખો જે જે કરવા ગયો, ત્યાં એમ અણબોલ્યો રહ્યો. ૨૦૭
સમજી રહિયે તો સમું પડે, નહિ તો કાંઇનું કાંઈ નીવડે;
જે જે કરવું તે અહંકાર, તે ત્યાં હરિને લાગે ભાર;
ભાર ચઢ્યો નિશ્ચે ઉતરે, એમ જાણિ અખો શું કરે. ૨૦૮
ધામધૂમ તે ધનનો ધગા,* મોહ અહંકાર મહેલીને ગા;
માવઠે મેહ વરસે ગડગડે, ફળ ન ઉમટે† ને લાગાં પડે;
રત વિના કર્ષણ ક્યાંથી ફળે, એમ અખા હરિ ક્યાંથી મળે. ૨૦૯

* ધગા=તાપ. † ઉમટે=પેદા થાય.

મર્મ ન સમજે ભર્મે પડ્યા, કરે અહંકાર હીંડે ઉથડ્યા;
ટીલાં ટપકાં કાઢે ખાસ, જાણ્યો મારગ પણ છે મેવાસ;
વંદે ચરણ ને નંદે પિંડ, ભક્તિ નોયે અખા પાખંડ ૨૧૦
પોતે પરતક્ષ દેય ઉપાસ્ય, અન્ય ઉપાસન માયાહાસ;
જેમ જેમ મેલ ચઢે લૂગડે, તેટલું ધોયે પોત ઉઘડે;
આદરવો આતમઅભ્યાસ, અખા સંભાળે આપણ પાસ. ૨૧૧
કુબુદ્ધિ જીવ અને કપાસ, તે પીલ્યાવેાણા નાવે રાશ;
તે માટે કહે છે ભગવાન, જાણે દેહદમને આવે સાન;
ધેન ઉછળતી ને ડેહેરા ગળે, અખા જો હરિ વળણે વળે. ૨૧૨

ચાનક અંગ

હઠ કરિ નહિ ઓળખ્યા હરી, કાચો જીવ જાશે નિસરી;
જેમ નિભાડે ભાજન કાચું રહ્યું, ન સરયું કામ માટીથી ગયું;
છતી બુધ્યે હરિ નહિ અભ્યસ્યો, તો ડાહ્યા થતા ઠેકાણે થશો. ૨૧૩
ભણ્યા ગણ્યા ભલ પાંકે પંચ, ન્યાય ઉકેલે જાણે સંચ;
સભાપતિ થઈ બેસે મધ્ય, આતમની ન જાણે વિધ્ય;
અખા કર્યાંય ન કુંવારિ ગાય, ઠાલા આવ્યા ને ભૂલા જાય. ૨૧૪
મૂકય મચ્છર ને પરહર માન, ચતુરાઈ સામું છે જાંન;
કરકરો* થયે કાળ નવ બિયે, જોરે જમ જિત્યો છે ક્રિયે;
ગલિત થયે ઉતરશે ગાળ, અખા હરિ મળવાનો એ કાળ. ૨૧૫
નિત્ય નિમિત્ત બે માથે પડ્યાં, જેમ બાળક હીંડે કાંધે ચડ્યાં;
પુન્ય ન લાગે પાડ ન થાય, પેટ પડ્યાં કેમ નાખ્યાં જાય;
નિષ્કર્મ થઈ નર હરિને જાણ્ય, તોજ અખા ટળશે તું જ તાણ્ય. ૨૧૬

ભક્તિ અંગ

ભલું ભૂંડું કહે પૂરવતું નથી, પેરે પેરે મેં જોયું મથી;
એક પિંડ અવેરતાં† બહુ, નામ રૂપ ગુણ કર્મ તેમ સહુ;
એક શરીર અવેવ તે ઘણાં, ઉત્તમ મધ્યમ ઈંદ્રિય હરિતણાં. ૨૧૭
જે ઈંદ્રિયે જે કષાય કર્યું, તેથી કામ ત્યાં તેવું સર્યું;
મુખે બોલ બોલે છે બહુ, અને ગુદે બોલે તો નંદે સહુ;
કુબુદ્ધિ એ જીવ છે હરિવડે, અખા એ ઠામે જોડ નવ પડે. ૨૧૮

* કરકરો=જડો. †અવેરવું=એકઠું કરવું.

સત્યવાદી ને સૂર્ય એ બે, બોધ પ્રકાશ સૌ કોને દે;
જેમ અર્કે ઉદેલું કમળ શમે, તેમ કુબુદ્ધિને સાચું નવ ગમે;
અખા અદ્રોહી બુદ્ધે બોલે સમ, રવિની રીત જે ટાળે તમ. ૨૧૯
જ્ઞાની થઈ કંહિ મારે ગાલ, મુક્ત થઈ વઢવાનો ખ્યાલ;
ભક્તિ જ્ઞાન ત્યાં ઠામે હશે, એ તો બેઉ લઢે છે રસે;
અખા એ જ નિઃકારણ વેર, જેમ ચૌટે ભેંશ ને વઢવાડ ઘેર. ૨૨૦
ભક્ત દેખે સઘળે ભગવંત, તેને દુભે તો શાના સંત;
જ્ઞાનીને નિર્દાવો ઘટે, તે નિત્યે બેશીને આથડે;
ભક્તિ જ્ઞાન નોહે એ ભેદ, વંઠા જીવ અખો કહે વેદ. ૨૨૧

દોષ અંગ

નહિ પાપી ને નહીં પુન્યવંત, એકલ મલ તે સાચા સંત;
કાળચક્ર તે સ્વભાવે ફરે, સહજે ઉપજે સહજે મરે;
એમ જાણીને અખા જા ભળી, પુનરપિની કચકચ ગઈ ટળી. ૨૨૨
ગ્રંથમાંહી જેમ હોય તેમ હો, પણ તરી નીસરે તેને શેનો ભો;
તું જાને જીવતો મરી, પછી દેણું લેણું રેશે ઠરી;
તાણ્યો જીવ અખા ગયો ટળી, હવે શાંશો વાણો રેશે મળી. ૨૨૩
સદ્‌ગુરુ મારગ સદા અળગ, જેમ પંખીને ગત્ય સળંગ;
પગ નહિ દીસે પંથ કપાય, તેમ સદ્‌ગુરુ મારગ ઉપર જાય;
ઉપાય અખા નહિ લક્ષ શું કામ, કર્મ ધર્મ તો જ્યાં રૂપ નામ. ૨૨૪

ચાણાક્ય-કુટીલતા અંગ

ડાંડી પાત્રઠાં કર ને ઠામ, જો નહીં જાણો આતમરામ;
મરડી મૂછ મુખ વાંકા બોલ, કાલ વળગશે ઢીલા ઢોલ;
અખા વરણાગી વણશી જશે, ભુંડાં ભગળ ઉઘાડાં થશે. ૨૨૫
ખાટા થઇને નહિ ખટી વળો, કાં ધાટા થઈ ગોવિંદથા ટળો;
એક મેલો મંત્ર ને બીજો કુતર્ક, સાધકને મુખે મૂકે નર્ક;
અખા ઈશ્વરને નહીં છેતરે, લાંબો દાંતો વેલો ખરે. ૨૨૬
કળ વકળ કાળ મન કશી, શું બાળક છે, જે છેતરશો હશી;
હિરણ્યકશ્યપે વર માગ્યો છળે, હરિયે તે ઘાટ ઘાલ્યું કળે;
તો અખા તે હરિશું શી હોડ, હથેલીથી ઉજળો તે કોઢ. ૨૨૭

અણછતો જીવ તું કાં થાય છતો, જોને વિચારિ પહેલો કયાં હતો;
જે કાળથા નિરમ્યા જીવ, સાર પહેલો ત્યાં હતો શિવ;
વચ્ચે બીજું કયાંથી વળી, એમ જાણી અખા જન ટળી. ૨૨૮
વા પાણી સઘળો સંસાર, તેનો શું આણે ઇતબાર;
મારુત માટીને લઈ ચઢે, તેનું નામ તે પિંડ જ પડે;
વંટોળે તે વપુ વાવડે, અખા આતમને કાંઈ નવ અડે. ૨૨૯
વડપણ મેલી વસ્તુવિચાર, તંન તપાસી રહે સંસાર;
કોઈ વર્ણ વેષ અહંકારિ મરે, વહાણ સોનાનું તે નવ તરે;
એક મિશાલે બ્રહ્મા ઝીટ, જોઈ વિચારી અખા ગુરુ મીટ. ૨૩૦
ભૂત પંચનો આ સંસાર, મુરખ વહે તે વરણ અહંકાર;
ભાત ચાલવા વર્ણાવર્ણ, કોહિ મસ્તક હસ્ત કટિ ચર્ણ;
બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય ને શૂદ્ર, હરિનો પિંડ અખા કોણ ક્ષૂદ્ર. ૨૩૧
જાણપણું મેલીને જાણ, આફણિયે રે'શે નિરવાણ;
જાણ થયે જાણ્યું નહિ જાય, જાણણહારો બીજો થાય;
ઓછાયો નરને શું કળે, સ્વયં થાય અખા જો પોતે ટળે. ૨૩૨
પિંડ બ્રહ્માંડે ને બ્રહ્માંડ પિંડે, વસ્તુ વિચારે જોને અખંડ;
શું શાથી કો અળગું પડે, જો સમરસ પિંડ બ્રહ્માંડ જ વડે;
જેમ વૃક્ષને પત્ર આવે ને ખરે, તો સ્વર્ગ નર્ક અખા શું કરે. ૨૩૩
ભ્રમે ભાવના બીજી થઈ, જેમ જાગ્રત અવસ્થા સ્વપ્ને ગઈ;
તેજ મન બુદ્ધિ ચિત્ત અહંકાર, સ્થૂલ થઈ પસર્યો સંસાર;
સ્વપ્ન સંસાર જાગ્રતમાં ટળે, એમ અખા વિશ્વ બ્રહ્મમાં ભળે. ૨૩૪
જારે આશ્રમે મન જેતણું, તેને નિદ્રા ઘેરે ઘણું;
નિજ રૂપે ત્યાં રહી નવ શકે, નાના કર્મ ધર્મ બહુ બકે;
મધ્યે વ્યસન લાગે કરી જીવ, અખા આદિ અંતે તે શિવ. ૨૩૫
કોઈ એક ઉત્તમ વ્યસની થયા, કોઇએક મધ્યમ વ્યસનમાં વહ્યા;
ઉત્તમ મધ્યમ બેએ વ્યસન, જેમ મદ્ય કપુર બે ઘેરે તન;
સત્કર્મ વિકર્મ બેયે વિકાર, અખા નિજરૂપ રહે નિરધાર. ૨૩૬

પ્રાપ્તિ અંગ

બાધું બોલે આવ્યું રાજ, બેઠાં બેસાયાં સીધ્યું કાજ;
વણ કીધે હરિ લેખે લહ્યો, પ્રીતે કરી પારંગત થયો;
હવે મારે સઘળે સુખરાસ, અખા સ્વપ્નંતર દીઠો વાસ. ૨૩૭

કામ સકળ મુજ પૂરણ થયું, બ્રહ્મ સાગરમાંહિ મળી ગયું;
બોલું ચાલું હરિની સાથ, બ્રતિ પોતે જે રૈને આથ;
હું હરિમાં અને મુજમાં હરિ, એમ અખા નખશિખ રહ્યો ભરી. ૨૩૮
આવવું જાવું જે અળગો હોય, જેમ વેંધ્યું માર ન ભૂલે કોય;
વ્યાપકની વ્યક્તિ કેમ થાય, કહો આકારો કેમ વહેર્યું જાય;
સલંગ જાણ્યું ત્યાં તો તું અળગ, પાંખ આવી પડતું રહ્યું ખગ. ૨૩૯
મારે એમ પડ્યું પાધરું, હુંપણું મટ્યું એ જ આદર્યું;
કર્મ અહંકારતણું ગયું મૂળ, જેમ આકડાનાં ઉડે તૂલ;
ન લહ્યા સરખું મેં ત્યાં લહ્યું, એમ અખા જથારથ થયું. ૨૪૦
વાંકું સમું જાણું ત્યાં હરી, હું તો મારે બેઠો ઠરી;
ભલા ગૃહસ્થને વાડે ગાય, એમ આપ સોંપ્યું હરિમાંય;
છીંડું બોળતાં લાધી પોળ, હવે અખા કર ઝાકમઝોળ. ૨૪૧
ભાવનથી બુધ આધી વટી, ભણ્યા ગણ્યાથી રહિ ઉલટી;
ઉઘડ ભાંગ્યું ટાળ્યું આપ, સોજે ટળિયો દ્વૈતનો થાપ;
હવે રહ્યો તે હું કે હરી, વિગત કરે અખો સ્યે કરી. ૨૪૨
મારે મોટો હુન્નર જડ્યો, જે ઈશ્વરરૂપી જહાજે ચડ્યો;
પંચ સહિત ઉતરિયો પાર, પગ નહીં બોળું જળ સંસાર;
હું હસ્તો રમતો હરિમાં ભળ્યો, અખો જાણે તે વળણે વળ્યો. ૨૪૩
એ સુખમારગ મેલીને શઠ, કાયકલેશ કરે કાં હઠ;
ગીતામાં ગોવિંદ મુખ કહે, જે મારું શરણ ગ્રહિને રહે;
મુજ વાયક જે માને અખા, તેને સ્કંધ લહિ ઉતારું સખા. ૨૪૪
પરમ ગુહ્ય હરિનું એ હૃદે, મહા પુરુષ મુનિ એમ વદે;
જે અહંબ્રહ્મ જાણીને રહે, શરણ જાવું શિવ એને કહે;
અળગું નથી અખા શું કળો, આકાશને કેમ લાગે શળો. ૨૪૫

ભાષા અંગ

ભાષાને શું વળગે ભૂર, જે રણમાં જિતે તે શૂર;
સંસ્કૃત બોલે તે શું થયું, કાંઈ પ્રાકૃતમાંથી નાશી ગયું;
ભાવનનો સઘળો વિસ્તાર, અખા ત્રેપનમો જાણે પાર. ૨૪૬
સંસ્કૃત પ્રાકૃત જે વડે ભણે, જેમ કાષ્ટ વિષે રહ્યો ભાથા કણે;
તે છોડ્યાં બાણો નાવે અર્થ, તેમ પ્રાકૃત વિના સંસ્કૃત તે વ્યર્થ;
બધા દામ વેપારી લખે, અખા વ્યાજ નોય છુટા પખે ૨૪૭

હરખે કરખે અનુભવ કશા, આકાશ ઉદરમાં વરતે દશે દિશા;
જ્યારે જેનું રાજ જ જાણુ, ત્યારે માનવી તેની આણુ;
જ્ઞાન ગગનમાં નોહે દેશ કાળ, એ તો અખા અજાણ્યા બોલે આળ. ૨૪૮
જ્ઞાનાધિક નોય સિદ્ધિ વડે, સિદ્ધિ નામ શણગારે પડે;
એક મની કહાવે સાધવી, તેમ સહજ ન ઇચ્છે સિધિ વાધવી;
અખા અણલિંગી નાવે સંસાર, એ તો શેકટ માયા ઉડાંવે વાર. ૨૪૯
અષ્ટ મહાસિદ્ધિ ઈશ્વરને વિખે, તેને વેદ માયા કરિ લખે;
તેની કણીકા તે આ જીવ, તો સિદ્ધિ સહિત કેમ થાએ શિવ;
લોક પતી જે તે સિદ્ધિ વડે, અખા અનુભવને કાંઈ ન અડે. ૨૫૦
મૂળગો અહંરોગ નહીં ટળ્યો, તેમાં સિદ્ધિરૂપી ભરમ જ ભળ્યો;
જેમ પેલોઘેલો હોય બુદ્ધિવિખે, વળી વ્યસને લાગ્યો માદક ભખે;
અખાઅહંકારને ટાળી જોય, તું ન રહેતો સિદ્ધિ સાથે સિદ્ધ મોય. ૨૫૧
પોત ન લહ્યું પછે પોતે થયા, ઉત્તમ મધ્યમ વ્યસને વહ્યા;
માયાકૃતનો નાવે અંત, માને નહીં તો જો વેદાંત;
અખા ઉપનું ન માને આદ્ય, ક્રય વિક્રય વિના શી વ્રાધ્ય*. ૨૫૨
પ્રપંચ પ્રીછી જોયો ખરો, નહીં ઉપજ ને નહીં તો વરો;
જ્યાંથું ઉપનું નવ ઘટે, શઢ ન વળે જ્યાં જઈ આવટે;
જાતું મરતું દીસે ખરું, અંતે અખા ભસ્યાનું ભસ્યું. ૨૫૩
જેમ દુધે ઘીણ ઘીસોટા થાય, તોલ ન વધે આકાશ રુંધાય;
જેમ અગ્નિ જોગે જળ ઉભરે, તેમ તત્ત્વે તત્ત્વ જગત અવતરે;
વકર્યા તત્ત્વ ધરે રૂપ નામ, અખા ઉત્પત્ત લે ઠામનું ઠામ. ૨૫૪
પંચતણા પંચવીશેં તત્વ, વાસનાલિંગ તે તેનું સત્ત્વ;
ભૂત ભૂત પ્રત્યે વિચરે, મૃત્યુ નામ પરપોટો મરે;
ભૂતકલ્લોલ સદા સર્વદા, ચિદ્વિલાસ અખા મન મુદા. ૨૫૫
ચલન વલણ તે ચેતનતણી, પંચરૂપે આપે થયો ધણી;
આપ આપમાંહી વિસ્તર્યું, ન કર્યા સરખું તે ત્યાં કરયું;
જેમ છે તેમનું તેમ છે જાણુ, સમજે સાન અખા નિર્વાણ. ૨૫૬

* વ્રાધ્ય=વૃદ્ધિ.

પ્રતીતિ અંગ

હરિ પામવા સૌ તપ કરે; અખો હરિમાં મેળે ફરે;
મારે સમરસ સેજ સંજોગ, સાવ સ્વતંતર પામ્યો ભોગ;
જેમ ભર સાગરે તીમિંગલ* રમે, હું હરિમાં તો દેહ કોણ દમે. ૨૫૭
પેરે પેરે મેં જોયું મથી, જે હરિવિના પદારથ નથી;
તો આઠ વેંતનો હું જે ધજ્યો, તે તે ક્યાં અળગો જઈ પજ્યો;
એમ જોતાં હરિ લાગ્યો હાથ, ટળ્યો અખે ને એ રહી આથ. ૨૫૮
ઉમેરણ જે ઉસરણ કર્મ, હરિમારગમાં જાણે શ્રમ;
સ્યાથું લઈને સ્યામાં ભરું, અખંડ બ્રહ્મની ખંડણા કરું;
અખા એ ત્યાં છે અદ્યમદ, અહંપણાની ચૂકી હદ. ૨૫૯
અનુભવી જ્ઞાન ત્યાં એવું કથે, કર્મધર્મ ભાજી કરે જથે;
આતમતત્ત્વ માંહેથી ધરે, નામ રૂપ કુચા શું કરે;
એમ અખા ત્યાં કીધી આથ, હવે કામ શું ઝાલે હાથ. ૨૬૦
છાંછળ માંછળની નહીં વાત, એ તો રમવી વાત અઘાત;
ઓવું મન ને લેવી વસ્ત, નાખ્ય નસંક લાધે નહીં અસ્ત;
કે તુટે કે અડે ન આજ, અખા હરી અર્થે હડિયું કાઢ્ય. ૨૬૧
ક્યાંથી અવસર પામ્યો વળી, મોતી વેહે પરોવો વીજળી;
મરે ત્યાં તો સૌ કો મરે, પણ સુરતે જે સ્વામી અર્થ કરે;
અખા પામું હરિ કે ઓઘાં સંસાર, સર્વ નિગમું કે પાડું બાર. ૨૬૨
તપ તીરથ સ્યા વડે હથિયાર, પુરુષ ચીંથરાનો એ સંસાર;
તે ઉપર આયુધ સ્યાં વહે, મારિશ કેને તું તું કહે;
પેસ ખેતરમાં ઘાલી હામ, ભ્રમ કશો ન અખા રૂપ નામ. ૨૬૩

અળજ્ઞાની અંગ

જ્ઞાન કથી શું કીધું ઘાટ, અંતર અવિદ્યાયે વેધ્યાં હાડ;
અનુભવ કરે ત્યારે એક આતમા, મુખ નિંદા દીસે નહીં ક્ષમા;
અખા કથ્યું પણ ન લહ્યું જ્ઞાન, શું ગુરુ આગળ માંજ્યાંતાં કાન. ૨૬૪
ભલો કહાવ્યો પણ ભલપણ કયાં, જેમ ગોખર હિંડે ગોધણમાં;
વેષ પે'રે બીટંબના વધી, વંઠ્યું દૂધ થયું નહિ દધી;
કવિતા થયે ન કાઢ્યું કર્મ, અખા ન સમજે મૂળગો મર્મ. ૨૬૫

---

* તિમિંગલ=મગર

મહા પુરુષ કહાવે માંઇબલી, વેષ પેર્યો પણ ટેવ ન ટળી;
સ્તુતિ નિંદા અદેખાઈ આદ્ય, પે' રે ખાય પણ વાધી વ્રાધ્ય;
અખા કૃપા વિના જીવ કુબુધી, પાકું ઇંદ્રવારણું ને કટુતા વધી. ૨૬૬
કથા સુણી શ્રોતા શું ખટ્યો, ગુણ ગાઇને ગાનારો વટ્યો;
થયા ગયા તે પોથે લખ્યા, પણ વણ થયાની લહેા પારખ્યા;
વણ થયેા વગત સર્વે કરે, તેને લહે અખા અર્થ સરે. ૨૬૭
બાણ બાંધ્યાં સૌને કેા મોહ્ય, પણ બાંણાવળીને કેાઇક જોય;
શ્રોતાવક્તા બિજું બાણ, ટળે બે ને રહે નિરવાણ;
નામ રૂપ વંચકને સભા, અખા સહુ વહે કાળની પ્રભા. ૨૬૮
સાચેા જૂઠાના ગુણ ગાય, જૂઠે સાચેા નવ લેવાય;
દર્પણ તેા મુખ સુખને ગ્રહે, પ્રતિબિંબ કેમ બિંબને લહે;
આદર્શસ્થાની જે નામ રૂપ, અખા શું તે લહે સત્ય હરિભૂપ. ૨૬૯
અખે વિચાર વિચાર્યો ખરેા, જે વાંક સર્વ આપણમાં ભર્યો;
બુદ્ધિ વેણેા જીવ લૈ નવ શકે, પઢે જક્ત દેાષ કાઢી મુખ બકે;
સદ્ગુરુ જો ઉઘાડે બાર, અખા હરિ દીસે સંસાર. ૨૭૦
કામ ક્રેાધ જે જક્ત આચરે, તે દેખી જીવ નિંદા કરે;
એ તેા પાંચે રૂપે માયા રમે, કળ ભરાવિને ભવમાં ભમે;
વિચાર વિચારી હરિને જાણ, નિંદા કરે અખા છે હાણ. ૨૭૧
ઊંચ નીચ દેખે તે ભર્મ, ભર્મે થાપ્યા કર્તાકર્મ;
વળી ડાહ્યો ભ્રમ કહે કર્ત્તા રહી, પણ વસ્તુ વિચાર ગયેા વિસરી;
ધર્મ કર્મ નહીં કર્તા કેાય, અખા પેાત વિચારી જોય. ૨૭૨
શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ, વ્યસને જીવ પમાડ્યો ધંધ;
લેાભ મેાહ પાંચે થયાં છતાં, પ્રાયઃ પ્રકૃતિ ઉદરમાં હતાં;
તેણે મેાહ્યો જીવ રેાગિલેા થયેા, ત્યારે અખા વસ્તુવિચાર ગયેા. ૨૭૩
વર્ણધર્મ તું રહે મૂળગે, જેણે સર્વ પડે ત્યાં વગે;
જાત વિચારે તે આતમા, અને આશ્રમ તેા તારેા તુજમાં;
તેં જાણ્યેા છે તે નોહે ધર્મ, અખા કુસકા કુટ્યે શ્રમ. ૨૭૪
ઘરે પિંડ કાંઈ એકતા કરે, તેમાં જીવ આપેાપું ધરે;
જડ દેહ સંગે જડતા ગ્રહે, ચૈતન પક્ષ મૂકીને દહે;
અખા કુબુદ્ધે પ્રીછે પિંડ, પણ આત્મા પ્રીછે છે અખંડ. ૨૭૫

શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ, પંચ ભૂતનો એ સંબંધ;
પ્રાયઃ પ્રકૃતિ છે સંસાર, વિચરે ભૂત ધરે અવતાર;
અખા તન તપાશી જુવે, કાં જીવપણે જન્મારો ખુવે. ૨૭૬
જ્ઞાની સુર સૌ કેા થઈ ફરે, સુભટ તે જે અવસરે મરે;
સુખે ઘેર બેઠા સૌ જાણુ, પણ વરતે જે થોભે ધમસાણ;
અખા કથણીથી અનુભવ તે અલગ, ઉંચા ચડે આકાશે જ સલંગ. ૨૭૭
પ્રપંચ આધારે પરબ્રહ્મને કથે, મહી વિના પાણી જેમ મથે;
શ્રમ કરે પણ નાવે સાર, જેમ નપુંસક વહે હથિયાર;
એમ અખા નોહે સદ્જ્ઞાન, માદક કેમ કરે જળપાન. ૨૭૮
કર્મ ધર્મ એ ભર્મને ભલાં, અકે ન રહે એક એકલાં;
બુધ વેાણી ધેનુ ચાટે ચર્મ, કર્મ ત્યાં ભર્મ, ભર્મ ત્યાં કર્મ;
વસ્તુવિચાર પશુને કશેા, અખા ભર્મે ભર્મ અભ્યસેા. ૨૭૯
મરતું દીસે તે નોય મર્ત્ય, ચાલે સચરાચર કાળનું કૃત્ય;
વેતું કરવત કાઢે ગાર, તેમ શનૈઃ શનૈઃ મરે સંસાર;
તેા અખા પરને કયાં રુવે, આપ વિચારી શે નવ જુવે. ૨૮૦
નહીં ઉપજ ને નહીં ત્યાં વરેા, કયાં આકાશને ભેળું કરેા;
એ ભર્મે ભ્રમ માન્યેા ઉપન્યેા, પ્રાયઃ સુવર્ણને કયાંથેા બન્યેા;
અખેા નહીં તેા કેને કવે, થાશે માપ માપણહાર મુવે. ૨૮૧

જડભક્તિ અંગ

પંડ પખાળે પૂજે પાણુ, મનમાં જાણે હું તે જાણુ;
આપે આતમ બારે ભમે, મુરખ સામું માંડી નમે;
ડાહ્યો પંડિત થઈ આદરે, તે અખા ધાર્યું કેમ કરે. ૨૮૨
ગુણ જોઇએ તેા ગુરુને શેાધ, જે ગુરુ આપે તત્ત્વનેા બેાધ;
પરને વળગ્યેા હીંડે અંધ, આંખ્યાળેા નવ વળગે બંધ;
સદ્ગુરુ વિના ગળે બાંધી શલા, એમ અખા ભર્મ્યા ભલભલા. ૨૮૩
હરિ કહે છે તે કહે કયાં વસે, તેને જાણુ કાયા કાં કસે;
બ્રહ્મજ્ઞાનમાં સર્વે વળે, જેમ બહુ મહેાર સેાનું એકલે;
તૃણ માર્યે કેમ પાડેા મરે, એમ અખા સૌ સાધન કરે. ૨૮૪
ગુણ ગાવા તે ગુણિનું કર્મ, ધારણા ધ્યાન યેાગીનેા ધર્મ;
ભક્તિ વૈરાગ્ય વૈષ્ણવ કહે કથી, પણ વસ્તુપણામાં કર્ત્તવ્ય નથી;
અખા પ્રપંચ હેાય વિધવિધે, જ્ઞાન પિંડું સાધકે જે દીધું સદે. ૨૮૫

સુખ માંહી સાધન તે કશું, તેજમાં રૂપ કાંઈ વાસો વસ્યું;
જેમ મીનને તરવું ત સહેજ, પંખી જેમ આકાશે રહે જ;
તેમ જ્ઞાતાને સાધન તે સુઝ, એમ અખા સાંને કરી બુઝ. ૨૮૬
બોલે ચાલે તે હરિ વડે, પશુ પથ્થરને લાગી પડે;
કોય પત્ર સેવે કોને વસ્ત્રપૂજ, એમ ગઈ આતમની સૂઝ;
મોહ ભર્યા માને નહીં વાત, અખા અણુજાણે આતમઘાત. ૨૮૭
હરિમાં રહે તે ગુણ શું ગાય, પાપી પાવન થાવા જાય;
કુંવારી લે વરનું નામ, સદા શોહાગણ સંગે સ્વામ;
પોતે પોતાને કરવો સાદ, એ તો અખા ઘેલાંનો વાદ. ૨૮૮
હરિ મળે જન રસબસ થાય, જે અળગો તે લેવા જાય;
કાંઈ તરે શું કહેતું ફરે, કહેને બ્યંડળ કેને વરે;
દ્વૈત નહીં ત્યાં રીત જ કશી, એમ અખા જોજો અભ્યસી. ૨૮૯
કર્તા કોણ ને સાધન કશું, સુણિ માની મન કરવા ધસ્યું;
વાતે વાત વાધ્યો વિસ્તાર, જેમ ધુંવાડો થયો નવસાર;
અખા વિચારી જોતાં ફોક, જેમ ઊંડો કુવો ને ફાટી બોખ. ૨૯૦
ઉંધ્યો કહે ઉંધ્યો સાંભળે, તેણે જડપણું એનું નવ ટળે;
જેમ ચિત્રામણના દીવા વડે, કેમ રાત અંધાની દૃષ્ટે પડે;
શું સાંભળે ને અખો શું કહે, જે માયા લાલચથી બીહે. ૨૯૧
પ્રપંચ પારે રહે છે રામ, સદા સર્વદા ન્યારું ધામ;
તેવડે ચાલે આ સંસાર, આગમાપાઈ તે નીરધાર;
અખે રામ ઓળખિયો તેહ, ઉદર અભ્યંતર નાવે જેહ. ૨૯૨
શબ્દજાળ કર્મના ગ્રંથ, એમાં સાર ન લાધે અંત;
સાચું સાધન જે કો કરો, વાગવિલાસ સકળ પરહરો;
શબ્દાતીતને જાણે જેહ, અખા સાચું સાધન એહ. ૨૯૩
સાચું સાધન શુદ્ધ વિચાર, જે હુંમારાનો કાઢે પાર;
એ મૂકી અન્ય સાધન કરે, જેમ ભ્રમરોગી વિન્યા વાવરે;
નિજ આતમ જાણ્યા વિન ભર્મ, અખા નહિ છૂટે કર્તા કર્મ. ૨૯૪
શબ્દજાળ માયાનું કુંડ, ત્યાં નર પશુ પડે મતિ મૂઢ;
શણગારી વાણી સૌ ગાય, મોહ્યા જીવ સાંભળવા જાય;
અખા શું વાંચ્યું સમજ્યો કશું, આંખનું કાજળ ગાલે ઘસ્યું. ૨૯૫

અજ્ઞાની ને ઉંટ બચકું, ઝાલ્યું મૂકે નહિ મુખ થકું;
અખા અણજાણ્યે પેઠું કાન, ચાલ્યો પંથ દર્શન ને માન;
તેને કર્તા ન જાણ્યો જડે, વઢે ઢીકે ને કટારી કડે. ૨૯૬
ભણે ગણે શી સાધી વાત, અવળાં પડ વળ્યાં વળી સાત;
ઊંચ નીચ હૃદિયામાં હતાં, અખા થાપીને કીધાં છતાં;
પાંડિત્ય કરતાં લાગું પાપ, પાઈ દૂધ ઉછેર્યો સાપ. ૨૯૭
શું સમજ્યો ગુરુ શરણે જઈ, જે ભ્રાંત્ય છોત્ય ઘર વાંસે રહી;
અજ્ઞાન તો રંચે નવ ગયું, વાધ્યો ભર્મ એ અદકું થયું;
અખા હલાવ્યો ઠાલો હળ્યો, એ સગુરાથી નગુરો ભલો. ૨૯૮
પ્રાપત રામ કહે તે ગુરુ, બીજા ગુરુ તે લાગ્યાં વરુ;
ધન હરે ધોળા નહિ હરે, સંબંધ સંસારી સાચો કરે;
અખા શું સમજ્યો ગુરુ કરી, સચરાચર દીઠા નહીં હરી. ૨૯૯
કર્મ કરી શું હરખે હળ્યા, એ તો દામ ઉલેખે પળ્યા;
જેને લેખે જીવ જ ટળે, તે જ સમજતાં નામું વળે;
તત્ત્વજ્ઞાન વિણ બીજું અખા, તે રમવું જેમ કાચ કાંચકા. ૩૦૦
કહે અખો મુજ આવે હસું, એ કયાંથું ટીખળ મનમાં વસ્યું;
હિરણ્યગર્ભ હરિ આપોઆપ, ત્યાં દ્વૈત અચાનક લાગ્યું પાપ;
કોણ સુણે ને અખા કોણ કહે, હરિની વાત તો એહ જ લહે. ૩૦૧
હું તું થૈ બોલ્યા એ ખરું, તે હું જ નહીં તો શું ઉચરું;
જેમ મોઅરમાં વાજે સાદ, એકલો ગારુડી પૂરે નાદ;
એહ અખા એવો શો ભેદ, તો હું માને શો વિધિ નિષેધ. ૩૦૨
આપે આપમાં ઉઠી બલા, એક કહે રામ ને એક કહે અલ્લા;
અલ્લા રામ તે કેનું નામ, કોણ સંભાળે તે નિજ ધામ;
કહે અખો ઉપજ્યો કળો, કળકલે બાળ રમે એકલો. ૩૦૩

સગુણભક્તિ અંગ

સગુણ ભક્તિ મોતી ધુધરી, મનમોહન દીસે તે ખરી;
અંતર તાપ ક્ષુધા નવ સમે, સામા મનોરથ પેરે દમે;
એ અખા સમજ દેહ વેહવાર, જન્મ મરણ નં ટળે સંસાર. ૩૦૪
પડ્યું સુવર્ણ ને બીજું મન, તેનું ધોવું ધોવું નોય જતન;
જે મર્મેખાર અગ્નિને મળે, તો થાય ચોકું મન પાછું વળે;
મનની કીધી સર્વ ઉપાધ્ય, મનાતીત અખા આરાધ્ય. ૩૦૫

અણજાણ્યે જ્યાં ગુરુ કરી પડે, ભાત્ય પટોળેથી કેમ ખડે;
અવળા શબ્દ પેઠા કાનમાં, વાધ્યો રોગ નાવે માનમાં;
અખા આતમ વિન અવળી વજ્ઞ, ફરે કાજી પણ ન ફરે કજ્ઞ. ૩૦૬
બહુ વિધ છે શાસ્ત્રનું જાળ, ઉર્ણનાભિ મૂકે નિજ લાળ;
જીવ બુદ્ધ્યે કરી ગુંથ્યા ગ્રંથ, ભમતે સહુ વધારે પંથ;
પણ જ્ઞાન તો છે આતમસૂઝ, અખા અનુભવ હોય તો બૂઝ. ૩૦૭
મુક્તિ ભક્તિ એ વાંછે ભ્રમ, પણ એહથી અળગો આતમધર્મ;
જીવ થઈ થાપે ભક્તિ ભગવંત, જીવ થઈ મુક્તિ મન માને જંત;
એ તો તેમનું તેમ છે અખા, દ્વૈત વિના નોહે પખપખા. ૩૦૮
આત્મ લક્ષમાં નહિ પર આપ, વણ સંતાને કેનો બાપ;
વણ જોનારે દર્પણ જથા, બિંબ પ્રતિબિંબની કોણ કહે કથા;
અખા દ્વૈત થયે ઉપાધ્ય, તન મન વિના એ સાધન સાધ્ય. ૩૦૯

દંભ ભક્તિ અંગ

જો હરિ માર્ગે ચાલે જંત, વેષ અભિમાન શું કાઢ્યા દંત;
જેમ તેમ પંથ કાપ્યાસું કામ, તો આવે હરિરૂપી ગામ;
અખા મોહ્યો પંથે ભમ્યો, વાદ કરતાં આયુર્ નિર્ગમ્યો. ૩૧૦
વેષતણું રાખે અભિમાન, સામું તેણે થાયે જાન;
સંસારી મળ ધોવા કાજ, સાધુ મેલને દીધે વાજ;
અખા મેલ જો નવ નીકળે, તો મેલું તે કઈ પેરે ટળે. ૩૧૧
નિવૃત્તિ પ્રવૃત્તિ સમાનું ધન, ઉંચ્યો નર તેનું કરે જતન;
જાગ્યે રુડું કુડું ટળે, જ્ઞાની તે જે પાછો વળે;
અખા પ્રપંચ નહીં પરમાણુ, ઠાલો શું થઇ બેસે જાણુ. ૩૧૨
તપ તીરથ દેહ દમવા કાજ, જાણી ઉન્મત્ત આવે વાજ.
કળ સંભળાવી કીધું ખરું, હરિ મળવાનું કારણ પરહર્યું;
અખા એ સર્વ મનનો તોર, કોડી વટાવે નાવે મોહોર. ૩૧૩
હરિ જાણીજે તે હરિવડે, મન જનથી જે અગળે પડે;
બીજું કર્મ મનથી નીપજે, મન સૂધે જે તેને ભજે;
અખા તે માટે ત્યાં રહી ચેત, જ્યાં રહીને નિગમ કહે નેત. ૩૧૪

અખા તે જ નર ચેત્યો ખરો, જે ચાલ્યો માથે ઉફરો;*
ઊંઠ હાથમાં સૌ કો રમે, જાગ જોગ એટલામાં ભમે;
મુક્તિ ચતુર્ધા એટલા લગે, પણ પદ રહી જોતાં પડશે વગે. ૩૧૫
અણલિંગી મોહોટો ઉપદેશ, જે ઇચ્છે અજ વિષ્ણુ મહેશ;
લિંગ ચતુષ્ટયથી પર યથા, જ્યાં ન મળે જક્ત સંબંધી કથા;
અખા એ ત્યાં ચિદ આકાશ, પણ પ્રાયઃ શબ્દ નોહે સમાસ. ૩૧૬
ભક્તિ કરતા ભરમે બહુ, પણ ભજનભેદ ન જાણે સૌ;
જ્યાં શુચિ અગ્ર રહેવા નહીં ઠામ, એમ ભરી પૂરણ રહ્યો રામ;
ત્યાં તો કરતા દીસે ઘાત, તો એમ અખા કેમ ઘાતે વાત. ૩૧૭
પેલે ઓળખ્યા હરિ પછી ભજે, કાં વેરે જોયા વિના વજે.
ચૈતન્ય બ્રહ્મ કહે વેદ વાણ,, તું તો માને પીતળ પાણ;
આતમની અવગણના કરે, અખા ભક્તિ કેમ પડશે વરે. ૩૧૮
જ્ઞાન વિના ભક્તિ તે અશી, ભસતે શ્વાન જેમ ઉઠે નશી;
લારે લાર જેમ ચાલ્યો સોર, ત્યાં કોણે દીઠો તો ચોર;
જે જેણે દીઠું સાંભળ્યું, અખા તે તે વળણે વળ્યું. ૩૧૯
જેવી શાસ્ત્ર સંત વાણી વદે, તેવું નરને આવે હૃદે;
હું મમતા દેહ જો ઓળખાય, સર્વાવાસ હરિ ત્યારે જણાય;
સચરાચર જાણ્યાવિણ હરી, અખા દ્રોહબુદ્ધિ જ્યાં ત્યાં કરી. ૩૨૦
જ્ઞાન વિના ભક્તિ નવ થાય, જેમ ચક્ષુ હીણો જ્યાં ત્યાં અથડાય;
તે માટે જ્ઞાની ગુરુ કરો, હરિ દેખાડે સભરો ભર્યો;
ગુરુ જ અખા નવ જાણે રામ, તે શિષ્યને શું આપે નામ. ૩૨૧
જોતાં વિચારી સ્વે નિજ ધામ, ઉપાધિ આવવા નોતું ઠામ;
આવી અચાનક ઉઠી બલા, સુખી દુઃખી નર ભુંડા ભલા;
પંડિત જાણ થાપે જીવ કર્મ, અખે માયાનો પ્રીછ્યો મર્મ. ૩૨૨
નિજ શક્તિએ કર્યું આકાશ, તત્ત્વે તત્ત્વ હવો પ્રકાશ;
અંશે અંશ ભૌતિક પિંડ થયા, સત્તા બળવડે ચાલી ગયા;
જેમ ખડક્યાં પાત્ર અગ્નિથી ઉષ્ણ, એમ અખા બળ વ્યાપ્યું વિષ્ણુ. ૩૨૩
પાત્ર માત્રમાં હોય વરાળ, પિંડ સાથે હોય મનની જાળ;
મનને જોઇયે સર્વે વિષય, પણ મૂળ અગ્નિને નવ લખેય;
વિષયિને મન તે આ સંસાર, અખે એવી વિધ્યે કાઢ્યો પાર. ૩૨૪

* ઉફરો=નિરાંતવાળું.

મુજ જોતાં એ મન સુધી દુઃખી, પણ મનાતીત ન શકે પારખી;
મનના માર્યા જાએ એહ, એમ સમજણ નહિ સમજે તેહ;
ચૌદ લોક રૂપે મન થયું, અખા મનાતીત જેમનું તેમ રહ્યું. ૩૨૫
પ્રપંચપાર પરમેશ્વર રહે, કાં ગુણનાં કૃત તે સાચાં કહે;
ગુણ તે જાય મરે અવતરે, તેને સત્ય જાણે કે ફેરા ફરે;
ગુણ પારે જેનો અધ્યાસ, અખા તે નોહે સ્વામીદાસ. ૩૨૬
અખે જગતથી અવળું કર્યું, જીવત મૂકી મૃતક આદર્યું;
મૃતક શમું મીઠું કાંઈ નથી, સારમાંથી સાર કાઢયું મથી;
પ્રત્યક્ષ પરોક્ષ જીવતાને ભય, પણ અખા મુવો તે નિર્ભય રહે. ૩૨૭
રામ નામ પ્રીછે ગુણ ઘણો, જેમ અમૃતમાં ગુણ પીધાતણો;
વણ સમજ્યો સુડો નિત્ય કહે, રામ કંઠ પંજરમાં રહે;
કર્યાં પૂજ્યો ગાયો પરીક્ષિતે, અખા મુક્તિ પામ્યો પ્રીછતે. ૩૨૮

આત્મલક્ષ અંગ

આકાશ આઘેરી જાણો વસ્ત, ત્યાં નહિ મળે ઉદય ને અસ્ત;
ઉદય અસ્ત તો જ્યાં આકાર, તે જાણો સઘળો સંસાર;
તે સંસાર સ્થાને છે શૂન્ય, આંહીં અખા રાખે જો મૂન્ય. ૩૨૯
જે આકારને માને સત્ય, તે શૂન્યવાદી તેમાં નહિ વત્ત:
આકાર નિરાકારને જે કે નથી, મિથ્યા વાદ કરતાં મરે બે મથી;
શૂન્યવાદી એ બેનું નામ નામ, અખા બેથી પર હરિનું ધામ. ૩૩૦
ગુણવાદી ગુણને કહે હરિ, તે માયા રચિત જાય ઉસરી;
તે માટે ગુણને સ્થળ શૂન્ય, ખટ દર્શન મત પાપ ને પુન્ય;
કુટજ્ઞાની કહે સત્ય આકાશ, અખા એ મિથ્યા અધ્યાસ. ૩૩૧
વસ્તુને ઉપમા શૂન્યતણી, તે માટે વસ્તુ તે શૂન્ય જ ઘણી;
તે માટે શૂન્યવાદી નામ, શૂન્ય કને લહ્યું મૂળગું ધામ;
તે માટે તે તેવા અખા, પ્રપંચ પાર નવ ગયા લખા. ૩૩૨
અતિ ઘણો આઘો પરમેશ, મન તણો ત્યાં નોહે પ્રવેશ;
અમન તે નર આઘેરો જાય, ત્યાં શબ્દ પહોંચે નહિ કાય;
સહુ ઊપાસે મનની વૃત્ય, અખા ન લાધે હરિની નર્ત્ય. ૩૩૩
શૂન્યવાદિ શૂન્ય કુચા ભખે, પણ શૂન્ય તત્ત્વને નવ ઓળખે;
સાકારી આકારને ગાય, તે ત્યાં કાળે ફીટી જાય;
તે માટે તત્ત્વદર્શી ખરો, અખા જે સર્વે ઉફરો. ૩૩૪

સાચો અંતરજામી ગોર, બીજો ગુરુ બાજીગર મોહોર;
તેનો અર્થ કહેવા શોભવા, સંસારીનું મન લોભવા;
પણ રીધ આવે જેમ રૂપૈયાવડે,તેમ અખા આતમથીઆતમજડે. ૩૩૫
સ્યાપર પરપંચ જેસે ઘાટ, જેનું મૂળ મિથ્યા છે નાટ;
જગત થયું તે ત્રણ ગુણ વડે, ત્રણ ગુણને તે માયા ઘડે;
તે માયા તો નહીં પ્રમાણ, તો અખા શું થાએ જાણ. ૩૩૬
ઉંધ્યા બરલે પંડિત કવી, જે મનની વૃત્તિ રહ્યા અનુભવી;
એક એકનું બોલ્યું નવ મળે, ખટ દર્શન જુજવાં આકળે;
સૌને હુંમારાનો થાપ, અખા ન સમજે આપે આપ. ૩૩૭
દૃષ્ટ પદારથ થાએ ફોક, ચર અચર ને ચૌદે લોક;
ગુંથે ગ્રંથ વાંચે સાંભળે, તે ત્યાં કાળે સઘળા ટળે;
અખો શો રાખે નિરધાર, જે બોલું તે થાય સંસાર. ૩૩૮
મનવા કરતાં મનશું અખે, પ્રપંચ દીઠો ચૈતન વિષે;
નિર્મળ દર્પણ હોય અતિ સાર, તેમાં ભાસે બહુ આકાર;
જેમ તે તેમ જાણે આતમા, તે નર કહિયે સર્વોત્તમા. ૩૩૯
આતમ સમજ્યો તે નર જતી, શું થયું ધોળાં ભગવાંવતી;
બોડે તોડે જોડે વાળ, એ તો સર્વ ઊપલો જંજાળ;
પ્રીછીને સંકોડે વ્યાપ, તો અખા રહે આપે આપ. ૩૪૦
વણ સમજે દાવાગિર ઘણા, વેષ વખાણે આપ આપણા;
ટળવું ઘટે ત્યાં સામો થાય, વણ સમજે એમ વાંકા જાય;
પેર્યો વેષ ને વાધી ઠેક, એમ અખા કેમ થાએ એક. ૩૪૧
અખો શું કવિતાપણું કરે, જો વાત કશી ન પહોંચે શરે;
કે લેવું કે મૂકવું કહે, તે તો ત્યાં આધેરું રહે;
એવું કવતાં આવે લાજ, સમજ્યા સરખો છે મહારાજ. ૩૪૨
ઉકેલ પડે તે જોડયું ખરું, જેણે જીવપણું જાયે પરું;
બાકી સઘળો મોહ જોડાય, મનનું ગમતું સૌ કો ગાય;
અખા અર્થ સહિત કહે જો સાત, નાચે પૂત તવ લાજે માત. ૩૪૩
આપ ઇચ્છાએ સગુણ જ થયો, ત્યાં કોણ શિખામણ દેવા ગયો;
પસર્યું પોત તે અકસ્માત, કાળ કર્મ શિર મૂકે વાત;
અખા તે ઇચ્છા છે સદા, પણ જક્ત સત્ય માની જે જદા. ૩૪૪

જક્તભાવ નહીં જ્યાં લેશ, ત્યાં સત્ય મિથ્યાનો શું ઉપદેશ;
કેનાં જન્મ કર્મ રૂપ નામ, સીમ કશી જ્યાં ન મળે ગામ;
અખા નહીં જ્યાં પ્રાયઃ પિંડ, એ તો જેમનું તેમ અખંડ. ૩૪૫
કૈવલ્યને કો કેમ કરી કવે, પોતે પોતાને શું સૂચવે;
દ્વૈત વિના નહીં બેસે ઘાટ, એકલો ત્યાં નવ બોલે નાટ;
અખા લક્ષ સહિત જે દ્વૈત, તે કહેતે કવતે છે અદ્વૈત. ૩૪૬
કોઇક સત્ય થાપે સંસાર, કોઇક સત્ય કહે નિરાકાર;
બેના થાપણહારા ટળે, જેમ છે તેમ ત્યાં કો નવ કળે;
અખે મૂળ વિચાર્યું આપ, થાપણહારનો રાખ્યો થાપ. ૩૪૭
સગુણ નિર્ગુણ કથવો રહ્યો, બાંધ્યો રુંધ્યો સ્વામી લહ્યો;
સદા હરિ બોલતો ચાલતો, ખાતો પીતો ને માલતો;
અખો કહે વેદાંતનો સાર, કૈવલ્ય બ્રહ્મ પ્રભા આકાર. ૩૪૮
જોગ ધ્યાન તપ તીરથ ત્યાગ, ભક્તિ કર્મ ને વૃક્ષ વૈરાગ;
વિષય વર્ત્ય નાના વિધ ભોગ, ચાલ્યો જાય છે ચેતન જોગ;
અખા સર્વ સ્વામીના રંગ, સદા સર્વદા આપ અભંગ. ૩૪૯
અખા જોતાં ત્યાં વસ્તુ વડે, બીજું આપોપું નવ જડે;
એમ જોતાં કોણ કેને ભજે, પામણહાર ન લાધે રજે;
અદ્વયદ્વસ્વામી અટલ અનાદ્ય, એ સમજ્યા વિના સઘળો વાદ. ૩૫૦
હાથ પગાળો સુંદર શ્યામ, એવો અટકળ્યો લોકે રામ;
એવા પ્રભુતણો અમે દાસ, જેનો હશે વૈકુંઠમાં વાસ;
કયારે કહે તે લે અવતાર, તો એમ અખા કેમ પામે પાર. ૩૫૧
સકળ ચરણ શિર કર અવેવ, સકળ શબ્દ બોલે જે દેવ;
તેમાં ઉગી નીકળ્યું સહુ, નિત્ય ખરે નિત્ય વાધે બહુ;
કેમ કહું કો કાળે અવતાર, જે તે વડે ચાલે સંસાર. ૩૫૨
પૃથવી અપ તેજ વાય આકાશ, એ જાણુને પોતે અવિનાશ;
કદલીસ્થંભ ઘણાં પડ વળે, વચમાંથી લુંબો નીકળે;
જક્ત કાતરો કેલ મહા ભૂત, જેવડે રંભા તે અદ્ભુત;
અખા અરૂપી ઉગ્યો જોઈ, પૂર્વપક્ષ ન કરશો કોઇ. ૩૫૩
એમ અખાને હરિ ત્યાં જડ્યો, કાયકલેશ કરવો નવ પડ્યો;
ત્યાં લગે ધૂપ પૂજાપર વાહાલ, જ્યાં નહિ લાધી હરિની ભાળ;
અજ્ઞાન સહુને મૂસળ માંય, અળગા અળગા સૌ કો ધાય; ૩૫૪

તરણા ઓથે ડુંગર રહે, એવો ઉખાણો સર્વે કહે;
તરણું તે જીવનો અહંકાર, તે પાછળે રહ્યો કર્તાર;
અખા અહંકાર વધાર્યો ગમે, તે માટે જીવ ભવમાં ભમે. ૩૫૫
કર્મ ગ્રહે એવું શું સદા, સુખમાંથી આવે આપદા;
જેમ વગડામાં કીજે તાપણું, તેણે સૂઝે ન સૂઝે થોડું ઘણું;
કર્મતણી એવી ચકચુંધ,* અખા ન ભાગે મનની રુંધ. ૩૫૬

જ્ઞાનદગ્ધ અંગ

જ્ઞાનદગ્ધ તે બળ્યા ઓગણા, કથતાં વધતાં દીસે ઘણા;
વાવ્યાં ન ઉગે અન્ન ન થાય, તેમ બ્રહ્મ કર્મ બેઉથાં જાય;
કહે અખો નર વંઠ્યા શરે, નર નારીની નિંદા કરે. ૩૫૭
બ્રહ્મ કર્મ ઉભેથા ભ્રષ્ટ, જેમ અધછેદ્યાં કુકટને કષ્ટ;
સંપ્રદાય શુદ્ધ નાવ્યું જ્ઞાન, મનમાં તે જ્ઞાનીનું માન;
કહે અખો નર મુક્તા ફરે, નગર ઘૂટી ધેનુ ઓખર કરે. ૩૫૮
દોષદૃષ્ટિ દુર્મતિ નવ ટળી, તો શું સાધ્યું કથા સાંભળી;
ગુરુવચન પાળે તે સંત, ઘાટ ઘણેરા કાઢે દંત;
કહે અખો હરિની નહિ મયા, સાંભળીને સામા શઠ થયા. ૩૫૯
એક શૂકું જ્ઞાન કથે દામણા, તે હરિ ફળ પામે વામણાં;
પાપ પુણ્યના ભેદ અમો લહ્યા, જે હતું તે સમઝી રહ્યા;
કહે આપે મૂકે વાધે માન, અખા એહ તે સુકું જ્ઞાન. ૩૬૦
સુકું જ્ઞાન ને બ્યંડળ મૂછ, કરપી ધન કૂતરાનું પૂછ;
એ ચારેથી અર્થ ન થાય, સામું એમ ઉખાડે કાય;
અખા અમલ વિન હાકમ જશે, કથ્યું જ્ઞાન પણ હરિ નવ વસે. ૩૬૧
જ્ઞાનીનાં નોયે ટોળાં ટોળ, મુક્તા નોયે સર્વ ગજકપોળ;
શબ્દવેધિ જોદ્ધા કોય તંત, શંખ સકળ નોય દક્ષણાવંત;
બેઉમાં નિપજે કો એક જન, બાકી અખા રમાડે મન. ૩૬૨

વિભ્રમ અંગ

કોને કયાં થઈ બેશે જંત, જોતાં સૌનો આવે અંત;
જેનું જેનું વાંછે શરણ, તે ત્યાં સઘળા પામે મરણ;
જેમ નાળગોળે તુંબડીની આજ, એમ ન ભાંગે મનની જાજ. ૩૬૩

* ચકચુંધ=ચોળાચોળી; ખાંચ ખુંચ.

ત્યારે મન પામ્યું નિજ ભાન, જ્યારે થઈ રહ્યું સર્વ સમાન;
સત્ય પુરી મધ્ય મારું આજ્ય, સર્વ સરખું જ્યારે ભાંગી જાજ્ય;
જેમ કરી કવાથ રોગીને વિષે, અખા અરોગી સર્વે ભખે. ૩૬૪
હોંશે જીવ કર્માધીન થાય, વ્યસને વ્યસની માદક ખાય;
પોતે જોતાં પૂરણ બ્રહ્મ, ભ્રાંતે જોતાં સર્વે ચર્મ;
ચૌદે લોક અખા એક ઠાઠ, ત્યાં ઉંચ નીચ તે મનનો ઘાટ. ૩૬૫
અખા શોધીને શળ બેસાર, સદ્‌ગુરુ સંગે જાઇશ પાર;
ઇંદ્રિય ગ્રાહ્ય પરમેશ્વર નથી, ભર્મે કોઈ ન મરશો મથી;
દૃષ્ટ પદારથ માન્યે સિધે, તારો સંકલ્પ જાણ તે વિધે. ૩૬૬
સ્વયં પરમેશ્વર વ્યાપી રહ્યો, અનંત કોટિ રૂપે એક થયો;
જેમ જર છોડ સહિત પાનોદ્ય, તેમ એક બ્રહ્મ સઘળે આઠોઠય;
એમ જોતાં તું બીજો નથી, ફોકટ અખા તું ન મરીશ મથી. ૩૬૭
મૂળ ડાળ પત્ર ફળ ફૂલ, સુવર્ણ ઝાડ જેમ એક જ મૂલ;
રૂપ રંગ શોભા એકાંત, તેમાં બીજું દેખે ભ્રાંત;
અન્ય નથી અખા કો કાળ, આપ આદે દઈ એવું ભાળ. ૩૬૮
શ્વાન સ્વપચ ગૌ બ્રાહ્મણ જોય, રામ થકા અળગો નહીં કોય;
તત્ત્વ એક ને ચૈતન એક, નામ રૂપ ગુણ કર્મ અનેક;
આપે અખા ચલાવે ખેલ, એમ સમજતાં પડે ઉકેલ. ૩૬૯
ઉંચ ખરા તે ઉંચ ન જાણ, નીચ તે નોહે નીચ નિર્વાણ;
ઉંચમાં રામ બમણો નથી ભર્યો, નીચ પિંડ ઠાલો નથી કર્યો;
કહે અખો સ્વમામાં બકયો, જેમ છે તેમ જોઈ નવ શકયો. ૩૭૦
મૂલ સૂજ જેને ઉપજે, તે નર કાંઈ ભજે ન કે તજે;
માલ જોઇને વોરે ઘાટ, અંધિકુ ન ગણે નખશિખ માટ;
અખા સઘળો મોહવ્યાપાર, જોતાં વસ્તુ વિચારે પાર. ૩૭૧
એક જ્ઞાની ને બીજું નાવ, તર્યા તાર્યાનો એને ભાવ;
ભૂપતિ ભીખારી ગર્દભ ગાય, ચૈતન જાણી તાર્યા જાય;
આદ્ય અંત ન ગણે ને વહે, અખા વસ્તુવિચારે રહે. ૩૭૨
સર્વાતીત સર્વ રૂપે સદા, એવું ચૈતન સમજે જદા;
તેમાં આવ્યા ચૌદ લોક, અદકું ઓછું થઈ ગયું ફોક;
અખા મોટા તે અનુભવવડે, હૈયે ઉપાધ્ય કરવી નવ પડે. ૩૭૩

કાં પરોક્ષ જુવે પરમેશ, તે રહેશે આપોપું શેષ;
ભાવાંતરનો પડિયો ફેર, અહંભાવ મોટું અંધેર;
અહં બ્રહ્મ સત્ય માનો ભાવ, ત્યારે અખા સ્વતંત્ર જ સાવ. ૩૭૪
અહં બ્રહ્મ રોપી રહે થંભ, પ્રાયઃ પરમેશ્વર ઉગ્યો શંભ;
સદા સર્વદા ચાલ્યું જાય, તું અણછતો ઉભો શાને થાય;
અખા તપાસી જો તું તુને, તન જડે બાર જે ભૂલ્યો કને. ૩૭૫
વેદ વચન માને સત્ય કરી, આપોપું સંભાળે ફરી;
એ મૂઢીને થઈશ મા ભલો, તો વલોણે પડશે વલો;*
નહીં પામો આતમ નવનીત, અખા આણ્ય તું નિજ પરતીત. ૩૭૬
પુણ્ય રાખ્યે નવ જાએ પાપ, અગ્નિ રાખ્યો તા રાખ્યો તાપ;
જોત્ય કરે પણ લાગે ઝાળ, શોભે તેમ વધે જંજાળ;
અખા તે માટે વસ્તુ વિચાર, જે હસતો રમતો પામે પાર. ૩૭૭
વસ્તુ વિચારે એટલો લાભ, નિર્વિકાર સદા રહે આભ;
કોટિ બ્રહ્માંડ ઉદરમાં રમે, આપ આયાસ નહી કો સમે;
અચળો લક્ષ એવો છે સદા, અખા નોહે દ્વૈત આપદા. ૩૭૮
સર્વે સુખની સીમા જ્ઞાન, જે સકલ તેજનું આપે ભાન;
રવિ રથ બેઠે જે નર ફરે, તેને તિમિર કેમ આવરે;
લક્ષાલક્ષ વિના જે લક્ષ, અખા ન મળે પક્ષાપક્ષ. ૩૭૯
જ્યાં પ્રાણી ત્યાં છે પ્રાણેશ, તું જોતો હીંડે પરદેશ;
પેલું ત્યાં એક વાંકું થયું, અખા આપોપું વિસરી ગયું;
વિસર્યું તો સંતને જઈ પૂછ, તોડ જોડે કાં ડાઢી મૂંછ. ૩૮૦
જીવતણી છે અવળી સૂજ, ધાય ધૂપે કો પાટલ પૂજ;
બાહ્ય કર્મ કરતાં ધુંચાઈ, મતદર્શનના મળ બંધાઈ;
અખા જાએ છે અહંતા કાટ, ત્યાં ભીજ્યાં છે કર્મકપાટ. ૩૮૧
ષટદર્શન કરતા વિખવાદ, મધ્યે માયા પોષે સ્વાદ;
દાન દયા શીળ કહેતાં જાય, મંત્ર જાપ તીરથ મહિમાય;
અખા બાળકની પેરે થયું, બોરાં સાટે ધરેણું ગયું. ૩૮૨
ખરાબ થયો જીવ વ્યસને કરી, કર્મ વોહર્યાં ને ખોયા હરિ;
આગલ્યા ભવને સારુ કરે, ધન તન મન ત્યાં બહુ વાવરે;
મને જાણે એ હરિ ભજન, વાધે વેળ અખા એ અવતરણ. ૩૮૩

* વલા=છાસમાંથી માખણ વિખરાઈ જાય તે.

અતિ જુની મહા મોહની જાળ, કંઠે પડ્યાં થયા બહુ કાળ;
અળગાં ઉપાસન અળગા દેવ, કરી હિમ્મત બાંધે અહમેવ;
અખા એહ મોટો ઉત્પાત, ઘણા પરમેશ્વર કયાંની વાત. ૩૮૪
સાર હતું તે કયાંયે રહ્યું, વ્યસની મન કયાંયે વહી ગયું;
ચોર બોલાવ્યા સાથે ઘણા, તે ઠગતા જાય થઈ આપણા;
પરબ્રહ્મ મૂળગું ઘર અખા, કેમ પામે જેને એવા સખા. ૩૮૫
કોય કહે મોટો શિવદેવ, કોય કહે વિષ્ણુ મોટો અહમેવ;
કોય કહે આદ્ય ભવાની સદા, બુધ કલ્કીના કરે વાયદા;
જૈન કર્મની સદા દે શીખ, યવન માને કલમે શરીફ;
અખા સૌ બાંધે બાકરી, કોયે ન જુવે હરિ પાછો ફરી. ૩૮૬
ઘણા શબ્દ પડ્યા જે કાન, તેને તેનું લાગ્યું ધ્યાન;
કોય મુશળ પરવાહે વહ્યા, કોઈ શબ્દને ગ્રાહે ગ્રહ્યા;
એમ ગોથાં ખાતો સંસાર, અખા વિના વસ્તુ વિચાર. ૩૮૭
લોક ચૌદ ચૈતનનો ઠાઠ, નિપજતાં જાય ઘાટે ઘાટ;
સુર અસુર પશુ નર નાગ, સેજે પડતા જાએ ભાગ;
પિંડ પહેલો ત્યાં નોતો જીવ, અખા પરવા છે એમ જ સદૈવ. ૩૮૮
પ્રવાહ પુરાતન ચાલ્યો જાય, આગળ દીસે ને પાછળ ભુસાય;
મોઢે કૂલ ને પાછળ અદીઠ, ખપે ખરું ને રહે અનીઠ;*
અખા જે એસે એ ઘાટ, એ સમજ્યા વિના સર્વ અટાટ.† ૩૮૯
પોતામાં વીખે વીખણું, નહી સંભાળે ઘર આપણું;
થઈ ગયું ને વળિ આગળ થશે, તેની વાત કરે સૌ રસે;
એમ ચાલ્યો અવળો સંસાર, અખા ઘરમાં ખોયો સાર. ૩૯૦
વેલ ન દીસે દીસે પાન, દીસે કીરણ ન દીસે ભાન;
પ્રવાહ ન દીસે દીસે તરંગ, તેમ ચિદ્ ન દીસે દીસે અંગ;
અખા દેખણહારો દ્વૈત, ટળતે રહે તે સર્વાતીત. ૩૯૧
સર્વાતીતમાં ઉત્પત્તિ અંત, શેષનાગ વૈકુંઠ પરજંત;
ચૈતન કારણ કાર્ય ભૂત, પટ કાર્ય ને કારણ સૂત;
અખા જાણ અરૂપી વડે, તે જોતાં અનુભવ નીવડે. ૩૯૨
એમ જાણ્યા વિણ ઠાલા સહુ, ઘણા આચરણ આચરે બહુ;
સર્વે સ્વમાંતરના ભોગ, જપ તપ સંયમ સાધન જોગ;
કહે અખો જે ખરો જાગશે, તેને એવો અનુભવ હશે. ૩૯૩

* અનીઠ=પરાણે-જોરથી ન બને તે. † અટાટ=સાર વગરનું.

લોહનાં બાર ને રૂપાનાં દેવ, એક દેરાસરમાં થાતી સેવ;
તેમાં આવી પારસ રહ્યો, સર્વ સાજ સોનાનો થયો;
ઉત્તમ મધ્યમ કર્મ જ્ઞાનવડે, અખા સર્વે હરિ નીવડે. ૩૯૪
અખા શમસ્યા સરખી ખરી, જે સમજે તો નીપજે હરી;
ઉંડા જળમાં રત્ન જ પડ્યું, કેમ ડબકી ખાય કને તુંબડું;
છોડ તુંબીફળ જડશે રત્ન, અખા સમજ તો મોટું જત્ન. ૩૯૫
ડહાપણ ભોળપણ છાંડી રહે, આજ્ઞા કરે હરિ મારગ બે;
ભોળાંને અસુજની આજ્ઞ, વિચક્ષણ પજ્યો ચતુરાઇની ખાજ્ય;
અખા તરવું તેને માથે ભાર, હીરા છાર બે નાખે પાર. ૩૯૬
ઘણું પંડિત ડાહ્યા ગુણવાન, ન્યાય પારખું સંગિત ગાન;
અષ્ટાવધાની પિંગળ કવી, મંત્રભેદ ઔષધ અનુભવી;
અખા એટલે જે હરિ નવ ખટ્યો, તો ભોળાપણુથો આઘો વટ્યો? ૩૯૭
જેમ શિલા એક ટાંકી ચીતરી, અણઘડી બીજી મેલે ભરી;
બે નાખી ઉંડા જળ વિષે, પણ સરખી બેઉ તરવા વિષે;
પંડિત મૂરખ સરખા નીવડે, અખા દ્વૈતને રૂપક ચડે. ૩૯૮
ચતુર તે જે ચતુરાઈ વમે, વર્ત્તન માત્ર જગતમાં રમે;
લક્ષ સદા રહે ત્રિગુણાતીત, વહ્નિને લાગે નહીં શીત;
ભવજલથી કોરા નીસરે, અખા એવો ચતુર તે તરે. ૩૯૯
અખા રામ સ્વતંતર ભાળ્ય, જેણે જાય સર્વ જંજાળ;
ઉઠ હાથનું ગણુતાં આપ, તે નર જાણે નહીં અમાપ;
ઉત્પત્તિ લય કેવા માત્ર, રામરસે ભરવાનું પાત્ર. ૪૦૦
તે તારાની વિદ્યા સરે, સામે પ્રવાહે જે કોઈ તરે;
કર્મ ધર્મનો વહે છે પ્રભા, તેમાં તણાતા ઠોકે સહુ ખભા;
અખા જે બ્રહ્મ સામો જાય, તેવા ભક્તને ગીતા ગાય. ૪૦૧
પરબ્રહ્મ પ્રાય પોતામાં વસે, સદ્‌ગુરુગમે તે જો અભ્યસે;
ત્રાંબાં પીતળ નિપજે ધાત, પ્રાયઃ છે સુવર્ણની જાત;
કાષ્ઠ પાષાણ ન થાયે હેમ, અખા જ્ઞાનવણ બીજું તેમ. ૪૦૨
તું તીરથ કાં સામું જુવે, કાં પોતાને પ્રતિબિંબે રુવે;
એવી બુધ જેણે આદરી, તેણે આપથી બીજો કીધો હરિ;
તું કલ્પદ્રુમ કાં કલ્પી રમે, અખા એમ પ્રીછે અર્થ શમે. ૪૦૩

આત્મા અંગ

તન તીરથ તું આતમ દેવ, સદા સનાતન જાણે ભેવ;
અડસઠનું અધિદૈવત સદા, તે જાણે ટળે કોટી આપદા;
તીરથ માર્જન કીધું અખે, જન્મ મરણ નહીં તેને વિષે. ૪૦૪
જમલો છે જેજે જગદીશ, તું પડછંદો ને તે ઈશ;
ઉલટ ભેદ પામે આરામ, જે તારું મૂળગું નિજ ધામ;
અખા અક્ષર તું ક્ષર નોય, પ્રતીત તુંને જો તારી હોય. ૪૦૫
સુધું કહેતાં ન માનો દુઃખ, વેહેતે જળે ન દીસે મુખ;
ઠેરાણે ભાસે જેવું યથા, વણ ઠેરાણે પામ્યો વ્યથા;
જ્ઞાન એક સઘળે પિંડ વસે, અખા કૃત્યની પૂજા હશે. ૪૦૬
અહંમાયા બહુ રૂપે કરી, આપોપે સહુએ આદરી;
કોય કહે દેખું પચરંગ, કોય શેષશાયી દેખે સુચંગ;
કોને મુક્તાફળ દૃષ્ટે પડે, કોય કહે મારે જ્યોતિ જળહળે;
મનના મત સર્વે આદર્યા, અખેપદથી સઘળા ખર્યા. ૪૦૭
દીઠાને કાં વળગે ભૂર, અણદીઠું વેધે તે શૂર;
દૃષ્ટ પદારથ જુઠો થશે, વૈકુંઠાદિ સર્વે જશે;
ધ્યાન ધરે દીસે જંજાળ, અખા નોય એ હરિની ભાળ. ૪૦૮
ધ્યાને દીસે તે જાગ્યે જાય, ખોટાનો શો કરો ઉપાય;
ઇન્દ્રજાળની વિદ્યા કાં મોહોય, એ તો કર્ત્તવ્ય છોકરાં જોય;
ભરમીશ માં એ દેખી ભાત, અખા કૃત્ય રહિત છે વાત. ૪૦૯
કર્ત્તવ્ય સઘળું મનનું જાણ, મન ઉભેથી ટળે નહિ તાણ;
મન ઉભે ઉભો સંસાર, ફોકટ કેમ વહે છે ભાર;
અર્થ અખા તો થાએ ખરો, જો ઉપાય મન અમનનો કરો. ૪૧૦
કલ્પે જલ્પે કથતે જ્ઞાન, વળી નવરો થઇને ધરશે ધ્યાન;
મર્કટ રાજ બેસાડ્યું જેમ, ફળ દીઠે વળિ હું તું તેમ;
અખા એમ નહિ રીઝે રામ, અંતરના સાક્ષીથી કામ. ૪૧૧
નિગમે ગાયો સમ્યક્ નવ લહ્યો, નવ આવ્યો ને નવ તે ગયો;
સદા સનાતન છે અવિકાર, છતે અહંકારે ન લહે પાર;
અખા વસ્તુ સરીખો થાય, તો હીરે હીરો વેંધાય. ૪૧૨

વર્ણાશ્રમ શું વળગે અંધ, જાણે એ માયાનો ફંદ;
લેહેરે વળગ્યો કો નવ તર્યો, નિજ બળ આવ્યું તે ઉગર્યો;
હાડ ચર્મ કાં દેખે ભૂર, અખા બ્રહ્મ રહ્યો ભરપૂર. ૪૧૩
અણછતો બોલ સૌ કોને ચઢ્યો, પણ કોણ કીયાંથી અળગો પડ્યો;
પાંચતણી સઘળી માંડણી, આપે બોલે માંહે ધણી;
આપોપાથી બુધ્ય જ પડી, અખા દ્વૈતની કાળપ પડી. ૪૧૪
પ્રીછીને હરિભક્તિ આદરે, તો અંત્યે પડે સહુ વરે;
હું તે કોણ હરિ શી વસ્ત, જે જાણી ગ્રહું જઈ હસ્ત;
એમ જાણી જપે મળે ભગવાન, નહિ તો અખા વરવોણી જન. ૪૧૫
સદ્વિચાર તે સાચિ ભક્તિ, જેણે જીવ શિવની લહિયે વ્યક્તિ;
જીવશિવતણું લીધું હેત, તે પોંહત્યો જ્યાં વેદ કહે નેત;
એમ ભક્તિ આવે કણસડે, નહિ તો અખા જુગજુગ રડવડે. ૪૧૬
એક મૂળ મંત્ર સાંભળજો સત્ય, જેણે પદાર્થ લહિયે નિત્ય;
જીવતણું જે જીવજપણું, અને ઐશ્વર્ય જે ઈશ્વરતણું;
એ બેના બે વિકાર જો તજે, તો શેષ ભાગ અખા નીપજે. ૪૧૭
જીવપણું વિચારે વળગે, સદ્‌ગુરુવચને પડશે વગે;
રજ્જુ ભુજંગ જેમ દીપવડે ટળે, વણ વિચારે ભર્મ જ ફળે;
ભર્મ કર્મનો વ્યસની થયો, ત્યારે અખા ઈશ્વર સાક્ષી રહ્યો. ૪૧૮
જીવ ટળવા સૌ જતન જ કરે, તેમ તેમ તે બોહોળો વિસ્તરે;
જેમ મૂર્ખ ખસ ખણી નિર્ગમે, તેમ તેમ તે ઘણું ઘણું દમે;
ઔષધ્યે કંઇ થાએ શાંત, તેમ સદ્વિચારે અખા જીવ શાંત. ૪૧૯
ભક્તિ જ્ઞાન કથે વૈરાગ, દેહદર્શન તે ન કરે ત્યાગ;
ત્યાં લગે એકે નવ ફળે, શુદ્ધ સૂરો* ઉપરથો બળે;
અંતર અગ્નિ ન લાગે કયમે, ફોગટ દંન અખા નિર્ગમે. ૪૨૦
વિચારે ભક્તિ થાય વણ કરી, જ્ઞાન કથ્યા વિણ પામે હરિ;
વણ ત્યાગે જ ફળે વૈરાગ્ય, સદ્વિચાર જ્યારે આવ્યો ભાગ્ય;
હરિ જાણ્યા વિણ જે જે કરે, તેને અખા કલેશ ઉગરે. ૪૨૧
તપ તીર્થ દાન વ્રત નેમ, ઘર બેઠા તે પામે એમ;
સદ્વિચાર થડ જેણે ગ્રહ્યું, તેને શાખા પત્ર બારું નવ રહ્યું;
સદ્વિચાર વિણ કરે જે ઘણું, તે ધુળ ઉપર અખા લીપણું. ૪૨૨

* સૂરો=સૂરોખાર.

રહેણી વિના કહેણી જે કથે, મહિ વિના પાણી જે મથે;
જેમ કોયલસુતને પાળે કાગ, વસંત ઋતુએ ઉડિ જાએ જાગ;
લક્ષ વિના કેહેણી જોઈ અખે, ભક્તિ દંભ કુતર્ક જ્ઞાન લખે. ૪૨૩
જ્ઞાની છે હરિનું નિજ રૂપ, ચિહ્ન વિના કેમ કહિયે ભૂપ;
રાજપૂત્ર દળણું નવ દળે, કાળ માયા જેને દ્વારે રળે;
શેષ શંકરનું જીવન જ્ઞાન, એવી નિધિ અખા વિણ સાંન. ૪૨૪
કુબુદ્ધિ કુતર્ક ને જ્ઞાન જ કહે, વિષય દંભ ભક્તિ કરે ગ્રહે;
ક્રોધિ ક્રોધને કહે વૈરાગ, હંસઆસને બેસાડ્યો કાગ;
ત્રણને નાખ્યો અખા હરિ હાથ, જેમ રૂપા ભરોંસે શીપની આથ. ૪૨૫
જ્ઞાનતણો મહિમા અતિ ઘણો, તે જાણે જે વિરલો જણ્યો;
ધ્યે ધ્યાતા તેણે પદ નથી, નિરાલંબ પદ એટલા વતી;
કથ્યા ભણ્યાનું નહીં ત્યાં કામ, જે પ્રીછે અખા નિજ ધામ. ૪૨૬
ઉઠ હાથ તરુ ચંદનતણો, ઉગે વણ વાવ્યો હોય નહીં ઘણો;
બ્રહ્મવેત્તાનું એ દૃષ્ટાંત, કૃત્ય રહિત જે હોય મહાંત;
એકે ચિહ્ન ન હોય તે વિષે, તે સરખો અખા તેને લખે. ૪૨૭
છાયા તરુએ તરુ નવ ફરે, તેમ બ્રહ્મવેત્તા કાંઇએ નવ કરે;
કૃત્ય એક નોહે તે વિષે, અર્ચિત તરુકેરાં ફળ ભખે;
નિજપદ બેઠો રહે તે વીર, નિત્યાનંદ અખા છે ધીર. ૪૨૮
જેમ કલ્પદ્રુમથી રિધ નીપજે, પોતે કાંઈ ભજે નવ તજે;
સામાનો સંકલ્પ જ ફળે, પોતાનો અનુભવ ન ચળે;
વિદેહીતણી હોય એવી રીત, ગ્રહે અખા જે ઇચ્છે જીત. ૪૨૯
બ્રહ્મરસ જેને ઘટ ઠરે, તે ત્રિલોકની સ્થિતિ નવ કરે;
નવ દિસે તેને પદ રહે, દિસે તેને જાણી ખહે;
થાતાં પહેલો જેવો હતો, તે એવો અખા છે છતો. ૪૩૦
ધ્યાતા ને ધ્યેય જે બે રહેય, તો કૃત્ય ન ખુટે ન ટળે ભેય;
ધ્યાતા ધ્યેમય જ્યારે થાય, તો દ્વૈત ઉપાધિ સર્વે રહી જાય;
કથે રહે સ્વસ્વરૂપ જ વિષે, તો જ્ઞાનવંત અખા વેદ લખે. ૪૩૧

વેષવિચાર અંગ

દર્શન વેષતણી કહું વાત, પંથ પુરાતન સઘળી ઘાત;
સ્વેચ્છાએ અવધૂત જ રહ્યા, પછે ચાલ્યા આવ્યા કયાં તેને ગ્રહ્યા;
શિવે વેષ ધર્યો અભિનવો, તે પહેલો અખા કેણે અનુભવ્યો. ૪૩૨

રાજવેષ ધરે નાય રાજ, પંથ રહે કાંઈ ન સરે કાજ;
અંત કારણ એનું કાંઈ નથી, નિર્દાવે વર્તે તે જતી;
સેજમાંહે મહા પુરુષ જ રહે, બાહ્ય દૃષ્ટિ અખા વેશને ગ્રહે. ૪૩૩
શેષ શંકર મુનિ જે પદ રમે, તે પદ પ્રીછ અખા કાં ભ્રમે;
શુક મોટા કહાવ્યા જે વડે, રખે કબુધ તુંને આશા નડે;
જ્ઞાન ભ્રષ્ટ તે આશા કરે, સત્ત્વ છાંડી અખો નહીં ગ્રહે. ૪૩૪
જીવ કલંક અખા ટાળે ટળે, આશાએ જીવ ભ્રમમાં ભળે;
આશાવાનતણું નામ જીવ, પદ નિરાશ બેઠો તે શિવ;
મર્કટ મન તે આશા લગે, જોય વિચારે અખા તું વગે. ૪૩૫
જક્તનામ જગદીશજતણું, જોયામાં કારણ છે ઘણું;
ચિત્ત સહિત જોતાં તો જક્ત, ચિત્ત રહિત હરિ છે અવ્યક્ત;
શાર્દૂલસુત માતાને મળે, અન્ય અખા રિપુ જાણી પળે. ૪૩૬
મોટું વૈગુણ્ય ચિત્તનું પડ્યું, વસ્તુ વિષે દ્વૈત પડ ચડ્યું;
પડે ભાત નાનાવિધતણી, ચિત્ત ઉપાધ્ય વાધી અંત્ય ઘણી;
માદક પુરુષને ઘેલો કરે, સ્વસ્વરૂપ અખા તેને વીસરે. ૪૩૭
ચિત્ત સમતે નિશ્ચળ મન થાય, નિશ્ચળ મન તે શિવ સદાય;
શિવતણે પદ દ્વૈત જ નથી, ચિત્ત ઉપાધિ વાધી અણછતી;
ચિત્ત કલ્પિત અખા અવતાર, એ સત્શાસ્ત્ર જાણો નિર્ધાર. ૪૩૮
વિષય માદક પુરુષે ભક્ષ કર્યો, ત્યારે બુધ નેત્રે ભર્મ જ સ્ફુર્યો;
ભ્રમ પડતે હરિ દૃષ્ટિ ગઈ, નેત્રે માયા આવી રહી;
માયાબળ છે અખા પ્રચંડ, તેનાં દર્શન છતું પાખંડ. ૪૩૯
સર્વ વિકાર એ મનનો જાણ, ચોર્યાંશી લક્ષ ને ચારે ખાણ;
દૃષ્ટ પદારથ ચિત્તનો ઘડ્યો, ચિત્તવત એને ચિત્તસું જડ્યો;
ચિત્તરૂપી રોગ મનને થયો, અખા આપોપું ભૂલી ગયો. ૪૪૦
મેલું મન તે સામું ધસ્યું, જઈ માયા કેરે ચિત્ત વસ્યું;
માયા તણો ત્યાં બહુ વિસ્તાર, હરિને પરહ્યા દશ અવતાર;
ચિત્ત અંગી કરતે ભ્રષ્ટ થયો, અખા દોષ હરિનો ગ્રહ્યો. ૪૪૧
અખિલ બ્રહ્મનો શું અવતાર, ચિત્ત ઉપાધિતણો વિસ્તાર;
કહી જાય તો ફરી અવતરે, વણ સમજે દોષ સ્થાપન કરે;
ચિદ અર્ણવ સદા ભરપૂર, અખા ઉત્પત્ય લય લહેરે પૂર. ૪૪૨

ચિદાનંદ કેરાં સૌ રૂપ, દૃષ્ટ પદારથ આપે ભૂપ;
અખિલ ભુવનમાં રહ્યો પરવરી, નિત્યાનંદ આપે કરે હરી;
સદા સર્વદા છે અવિનાશ, અખા નિરંતર સર્વાવાસ. ૪૪૩
વણ વિચારે વિશ્વનું ભાન, જ્યાં લગે નવ કાઢ્યું માન;
વસ્તુ વિચારે વિશ્વ જ નથી, હરિને કર્તા કહું સ્યાવતી;
હરિ કર્તાને કહેા સ્યાતણેા, જે કલ્પિત ભ્રમ અખા આપણેા. ૪૪૪
ગુરુ મારે એમ જ પ્રોછ્યેા, હરિ દેખાડ્યો તે અણચવ્યેા;
વિશ્વનિયંતા જે કહેવાય, અખંડ બ્રહ્મની ખંડણા થાય;
ગુરુ ગેાવિંદ જેને ત્યાં હશે, અખા અપેાપું દેખાડશે. ૪૪૫
સાચેા ગુરુ કેને નવ ભજે, જુઠાથી કાંઈ નવ નીપજે;
રસાયન કેને નવ મળે, ધૂર્ત વિત્ત લઇને પળે;
એ બે બેની સદાએ ખેાટ, અખા નહીં મળે કેાટાનકેાટ. ૪૪૬
સાચેા ગુરુ જાણી જે જક્ત, કનક કામિની નેાહે આસક્ત;
બીજા સઘળા આળપંપાળ, ધનને અર્થે માંડે જાળ;
તેથી કહેા તે શું નીપજે, અખા અંતર માયાને ભજે. ૪૪૭
ગુરુ શિષ્યની ત્યાં એવી વાત, શુદ્ધ પારસને સઘળી ધાત;
શુદ્ધ પારસને જે જે અડે, તે તે કંચન થઈ નીવડે;
તે આદર કેનેા નવ કરે, સેાજ ઐશ્વર્ય અખા તે ધરે. ૪૪૮
સદ્‌ગુરુ શિષ્યને વચન જ કહે, જિજ્ઞાસુ શિષ્ય તત્ક્ષણ ગ્રહે;
મેારપતિ પડતું બિંદુ ધરે, તેનેા તદ્‌ભવ બરહી* થઈ પરવરે;
પડ્યું ગ્રહે તેની થાય ઢેલ, ગુરુ શિષ્યનેા અખા આ ખેલ. ૪૪૯
ગુરુ શિષ્ય કેરી સાંભળ જુક્ત, સ્વાતિબુંદ્ર જેમ જમે સુક્ત;
જેવે આદરે કરીને ગ્રહે, તેવું મુક્તા જમી રહે;
આદરવંત તે વચન જ ઠરે, જે અખા સદ્‌ગુરુ આદરે. ૪૫૦
ગુરુ શિષ્યની સાંભળ તંત્ર, એક પેાહેરે મુદ્રા જંત્ર;
કર્તા ધર્તા હેાય સાવધાન, ઉઠે મુદ્રા સઘળી સમાન;
ચંત ચળે જે એકતણું, મિથ્યા કાર્ય હેાય અખા ઘણું. ૪૫૧
ભક્તિ જ્ઞાન અને વૈરાગ, પદાર્થ એક ત્રણ નામ વિભાગ;
તેને અજ્ઞાનેા કહે જુજવા, સમઝ્યાને તે એક જ હુવા;
અનુભવતાં જાણીજે ભેદ, ભક્તિ જ્ઞાન અખા નિર્વેદ. ૪૫૨

* બરહી=મેાર.

જક્તભાવ હૃદેથી ગયેા, ત્યારે ત્યાં વૈરાગ જ થયેા;
જ્યાં જુવે હરિ દૃષ્ટે પડે, ત્યારે ભક્તિ સરાણે ચડે;
દ્વૈતભાવ અખા જ્યારે ગયું, ત્રણ પ્રકારે જ્ઞાન જ થયું. ૪૫૩
જો ભક્તિ કરે ને નંદે જ્ઞાન, તેા ભક્તિ નંદી આણે અભિમાન;
વૈરાગી કહે જુઠ્ઠા એય, સાચેા સંસાર મૂકી રેય;
એ દ્વેષે હરિ કહિએ રહિ ગયેા, અખા અહંકાર આગળ થયેા. ૪૫૪
હરિમય સર્વ દેખે તે ભક્ત, જ્ઞાની આપે છે અવ્યક્ત;
અહનિશ મન જો વેધ્યું રહે, તેા કેાણ નંદે ને કેાને કહે;
વણ પામે બકવાદ જ કરે, ગળે ગર્જના અખા ઉગરે. ૪૫૫
કુળવધૂ તે પરને નવ ભજે, તેમ સાધવી તે ત્યાં નીપજે;
આપ છુપાડે પેાતાતણું, કંથમાન હેાયે ત્યાં ઘણું;
તે ભક્તની ત્યાં એવી રીત, નમ્રપણે અખા છે જીત. ૪૫૬
જ્ઞાનીને પર કેાયે નથી, મન અમન થયું તે વતી;
ઉત્તમ મધ્યમ સઘળું ગયું, મન જાતે સર્વે લીન થયું;
ગત દિવસનું સ્વપ્ન જ જેમ, હું તું ભાવ અખા થયેા તેમ. ૪૫૭

જીવ અંગ

સ્થાવર જંગમ કેરી વાત, નિકટ દેખાડયું છે સાક્ષાત;
પંચ મહાભૂત તે સ્થાવર જાણ, જંગમ ચૈતન્ય એ વેદ વાણ;
એક પિંડમાં વરતે બે, ઉગ્ર બુદ્ધે અખા જોઈ લે. ૪૫૮
સ્થાવર જંગમ કેરેા ભેદ, બુદ્ધિમાને કહું માને વેદ;
બહાર જોતાં નાવે પાર, પંચભૂતમાંહિ વિસ્તાર;
જંગમ પવન નીર ને તેજ, સ્થાવર આકાશ મહિં એજ. ૪૫૯
પિંડને લેખે છે બ્રહ્માંડ, બ્રહ્મા આદિ કીટ ને અંડ;
પ્રાક્રમ વિષે અધિકું ન્યૂન હેાય, કારણ પ્રત્યે સમતા સેાય;
અખા એ અનુભવ હૃદે રાખ, જેની ભાગવત ગીતા પૂરે સાખ. ૪૬૦
એમ જોતાં ભાસે નહીં ભિન્ન, માયાચિત્રથી ઉતરે મન;
કારણવેધી બુદ્ધિ જ રહે, કારજકેરું ચિત્ર ન લહે;
ચિત્તવિચિત્ર દૃષ્ટેયું ગયું, ત્યારે અખા ધામ મૂળનું રહ્યું. ૪૬૧
મૂળગે પદ તેા દ્વૈત જ નથી, સ્વપ્ન ઉપાધ્ય જાગ્રત નહીં રતી;
ઉત્તમ મધ્યમ કર્મકાંડ જોગ, નિદ્રાવાનને સઘળેા ભોગ;
જાગતાને સ્વપ્નનાં કૃત્ય, મૂલગી વૃત્યે અખા છે વૃત્ય. ૪૬૨

આપ થાતે વ્યાપે સત્ય થયો, વ્યાપ્યો આપોપું ભૂલી ગયો;
ચતુર પુરુષ જેમ શિથિલ થયો, સ્વસ્વરૂપ તેને વિસરી ગયો;
અખા નિજ બુદ્ધે અંગી કરે, શિથિલપણું સમ્યક વિસ્તરે. ૪૬૩
ચિદ્ અર્ણવકેરા બુદબુદા, ઉપજે ખપે સ્વભાવે સદા;
અસ્તિ નાસ્તિ એની ન કેવાય, નરજાયા જેમ સાથે થાય;
સૂરજધામ કે'વાને બે, એમ જીવ શિવ અખા જોઈ લે. ૪૬૪
નવ દીસે તેને સત્ય જાણ, દીસે તેને નાશ પ્રમાણ;
દૃષ્ટ પદારથ જુઠો થાય, ધાટ દૃષ્ટ હેમે ઠેરાય;
પસર્યું આપ સચરાચર વિષે, એમ જોતાં પદ પામ્યું અબે. ૪૬૫
અણછતે છતાનો ભ્રમ, પણ બ્રહ્મવેત્તા જાણે એ મર્મ;
વાગ્વિલાસ તે સાચો થયો, જૂઠે સાચું ભૂલી ગયો;
માયા ઇચ્છા નારદને થઈ, ત્યારે પૂર્વ બુદ્ધિ અખા ભૂલી ગઈ. ૪૬૬
અરૂપીનો પંચ આવાસ, પંચે પસર્યો સર્વાવાસ;
ઇંદ્રજાળ અવિદ્યાનું જાળ, દીસે સત્ય ને આળ પંપાળ;
અણચવિયું આપાપું લબે, એટલા ઉપર શું કહે અબે. ૪૬૭

સંત અંગ

દશરથ પહેલો હતો જે રામ, નંદ વસુદેવ પહેલું કૃષ્ણ નામ;
ચોવીશે તેમાંથી થાય, પણ તે કાંઈ આવે ન કે જાય;
અવિનાશી લેશે તે સંત, ત્યાં કારણ નહિ દર્શન ને પંથ. ૪૬૮
દ્વૈતભાસી તે નોહે સંત, જેમ બે બાજુના હસ્તીદંત;
મનમાં આશા માયાતણી, કીરત બહાર ચલાવે ઘણી;
બ્રહ્મભરોસે આવ્યો ભ્રમ, અખા સરાડે ઉગર્યો શ્રમ. ૪૬૯
અગમ પંથને જઈ નવ શકે, જૂઠું અન્ન શ્વાન જ ભબે;
પરાધીન રહે દેહવાન, બુદ્ધિવોણાને નહિ ત્યાં સાન;
અખા અણજાણ્યું રહ્યું આપ, જન્મ ધરે સાથે પુણ્ય પાપ. ૪૭૦
જે ભુંડા તું છે ચિદ્ અંશ, જેને વિચારી તારો વંશ;
તું રાજપુત્ર કાં દીનમાં ભળે, કાં વિચાર વોણો ઘરઘર ફરે;
નિજ પદ બેસ દળી જા જંત, એમ અખા પદ પામ્યા સંત. ૪૭૧
હંસ ભબે કમળના તંત, તેમ આપ વિચાર કરે મહંત;
કલણારહિત કોઈ નિર્બંધ, નર આકારે અખા ગોવિંદ. ૪૭૨

નિર્દ્વંદ્વિ અંતર્ગત મુદા, કૃપાવાન ધીરજવંત સદા;
રાગ વિરાગ નહિ તે વિષે, અહંકાર નિરહંકાર કેા નવ લખે;
નિરાધાર અખેા કે વીર, જગત તૃણવત્ સહિત શરીર. ૪૭૩
બ્રહ્મવેત્તા રહે તુર્યાપાર, તેા બાહ્યદૃષ્ટિ શેા કરે નિર્ધાર;
ત્રણ અવસ્થા સૌને વિષે, તુર્યા ઊલ્લંઘીને કેાણ લખે;*
જેહ લખે તેવેા તે થાય, જથારથ અખા રહીને જાય. ૪૭૪
બ્રહ્મવેત્તાને જીવ નવ કળે, રાત દિવસ એકઠાં નવ મળે;
ત્યાં કળણ નહીં ને જીવ અચેત, શિવપદ બેઠાં સર્વ લે હેત;
ઉંચે આસન બેસે કેાય, નીચી ભૂમિકા દેખે સેાય. ૪૭૫
જગત્દૃષ્ટિ તે ચર્મને વિષે, બેાલનારાને કેાય નવ લખે;
પાંચ તત્ત્વની બેાથે રહે; હાથેાહાથ અખા બેાલે લહે;
દર્શ્યો હેાય તેા કહેને હા, વિનદર્શન મન વાયેા વા. ૪૭૬
સુવર્ણગિર સેાનીને ભેાગ, બીજા લેાકને ન મળે જોગ;
તે સસલાં જાણી મૂકી જાય, અનુભવી હેાય તે કરે ઉપાય;
અનાયાસે થાય એક ભવી, રિદ્ધ પામે અખા અભિનવી. ૪૭૭
અણુપામી રિદ્ધિનું ઘર લહ્યું, ચિત્ર વિચિત્ર જેને વિષે રહ્યું;
શુદ્ધ બુદ્ધે વિચાર જ કર્યો, બીજો ઉપાય નથી ઉફરેા;
ઉત્તમ મધ્યમ સ્વપ્નાં કૃત્ય, જાગે અખા થાય સર્વે વ્યર્થ. ૪૭૮
દેહ સૌ એની દૃષ્ટે પડે, દેહી કેાય ન ભીટે ચડે;
ભાત પડે છે પેાત જ વિષે, રચન ઘાટ ઘાલે પારખે;
કે'વામાં બ્રીછે જે સાન, અખા અગમનું આવે માન. ૪૭૯
બીજે ઉપાયે હરિ નવ મળે, કેાટી જન્મ લગે આકળે;
કમળ ઉપર જળ ઝાકળ પડે, તેમ તેમ તે સૂકે કે સડે;
જેથી ઉપન્યેા તેજ હજૂર, બીજો ઉપાય અખા પડે દૂર. ૪૮૦
જેને તું જાણે આકાશ, તે તુંજ વિચારી જોને પાસ;
તે નેાહે ખૂણે બાંચરે, પ્રત્યક્ષ મુખે મુખ વાતેા કરે;
સંકલ્પ ચઢ્યા ન દીસે દેહ, તેમ અખા રહ્યો છે તેહ. ૪૮૧
ભેાગ કાજ ઉદ્યમ કાં કરે, તુજને ભેાગ બેાળતેા ફરે;
વણ વાંછ્યો આવે જેમ રેાગ, એણે લેખે જાણે ભેાગ;
કર્ત્તાએ કીધું તુજ કાજ, નવ મૂકે અખા મહારાજ. ૪૮૨

* લખવું=જાણવું.

કાળે દ્રુમ વિણ વાંછા ફળે, ઋતુવિના ફળ શોધ્યાં નવ મળે;
જેમ મૂર્ખ સૂર્યને લેવા જાય, વાણે ઉદય આફ્રણીએ થાય;
અખા એમ કાં લેવાને ધસે, અવધ વેણે તે કેમ આવશે. ૪૮૩
એમ જાણી ધીરજ મન ધરે, અજગરવ્રત મહાપુરુષ આદરે;
જે જાણે મધ્યે કિર્તાર, ફોકટ હું થઈ કાં વહે ભાર;
ચક્રચૂડામણ તારો તાત, ધીરજ ધરે અખા સાક્ષાત. ૪૮૪
આહાર આશાએ જીવ સૌ થાય, આશાએ દેવ ક્ષીરસાગર જાય;
આશાએ તપિયા દેહને દમે, આશાએ વ્રત તીર્થ સૌ ભમે;
રાય રંક આશાના દાસ, આશા અખા માયાનો પાશ. ૪૮૫
જ્યારે પદ બેઠો નૈરાશ્ય,* ત્યારે સ્વયં જ્યોતિ હોય પ્રકાશ;
કૃતકૃત્ય કહીએ મહાપુરુષ, જેનો આશાપાસ ગયો અમ્રખ;†
જેમ વાદળ ટળે નિરાળો સૂર્ય, અખા પ્રકાશ તો આશા દૂર. ૪૮૬
જીવશિવમાં અંતર કાંઈ નથી, જેમ રૂપું તરુ કહાવે જળવંતી;
જળે નાસે રૂપું સત તેમ, આશા ઘટે શિવ અવ્યક્ત જેમ;
સદ્વિચારે આશા જાય, અનાયાસે અખા વસ્તુ થાય. ૪૮૭
સદ્વિચાર વડે હરિ મળે, બીજે ઉપાયે કલેશ નવ ટળે;
જેમ જેમ તેનો કરે ઉપાય, તેમ જીવપણું જાડું થાય;
જ્યારે પદ બેસે નૈરાસ્ય, ત્યારે સ્વે અખા સચરાચર વાસ. ૪૮૮

દશવિધ જ્ઞાની અંગ

દશવિધ જ્ઞાનિ લક્ષણ લક્ષ, તેનાં કહું આચરણો મુખ્ય;
નામ એક પણ લક્ષણ જુજવા, પૃથ્વી એક ને ભિન્ન ભિન્ન કુવા;
કૂપ કૂપ જુજવા નિઃસ્વાદ, એમ અખા મન વણિયા વાદ. ૪૮૯
શુષ્ક જ્ઞાની કહાવે કેટલા, જ્ઞાનદગ્ધ જોતાં એકલા;
કો વિતંડા કહાવે નરા, જ્ઞાનખળ કેટલાએક ખરા;
નિંદક જ્ઞાની નિપજે ઘણા, કો ભ્રમ જ્ઞાની અખા મનતણા. ૪૯૦
હુંજ્ઞાની ઘણા મન વિષે, શંકજ્ઞાની સૂધું નવ લખે;
શૂન્યવાદી તે નવમો જાણ્ય, શુદ્ધ જ્ઞાની દશમો પરમાણ;
એ દશે જ્ઞાનીનાં નામ કહ્યાં, હવે લક્ષણ કહું અખા જે રહ્યાં. ૪૯૧

* નૈરાસ્ય=કેવળ આશાથી રહિત. † અમ્રખ=અમર્ષ=હર્ષ.

શુષ્ક જ્ઞાની નીરસ હોય હૃદે, વાણી જાણી લુખું વદે;
હિસે નહિ તે સર્વાવાસ, ચૈતન જાણી નોય ઉલ્લાસ;
એ લક્ષણ શુષ્ક જ્ઞાની તણું, જ્ઞાનદગ્ધ અખા હવે ભણું. ૪૯૨
જ્ઞાનદગ્ધ હોયે અધબળ્યો, સંત સમાગમે રહે તે મળ્યો;
બાહ્ય કર્મે ઝલાણી ભક્ત્ય, માંહે આપોપું હંતા સત્ય;
અનુભવ અંકૂર ન ફૂટે ત્યાંહા, જેમાં અખા દગ્ધ છે સ્પૃહા. ૪૯૩
વિતંડ નર હોએ તે અસો, પોતાને નિશ્ચય નહી કશો;
વાદ કર્યા ઉપર બહુ હામ, લક્ષ વિના વિદ્યાની મામ;
કલેશ કરતાં કાપે કાળ, અખે વિતંડની કાઢી ભાળ. ૪૯૪
જ્ઞાનખળને ખળતાનો થાપ, કુટિલ જુક્તિ ઉપજે બહુ આપ;
જ્ઞાનવચનને આગળ કરે, ઓથે રહિ વિક્રમ આચરે;
વંદે ખરો પણ ખળતા કાજ, અખા તે સરખો અંતર્બાહ્ય. ૪૯૫
હવે નિંદક જ્ઞાની કહિયે સોય, પહેલું દોષનું દર્શન હોય;
સંત સમાગમમાં તે ફરે, લાંછન જોઇને હૃદિયે ધરે;
આત્મજ્ઞાનતણી કરે વાત, પણ નિંદકની અખા એવી ધાત. ૪૯૬
બ્રહ્મજ્ઞાનીને અંતર ભર્મ, હૃદે વસ્યું પણ ન સમજે મર્મ;
અંતર અન્ય ઉપાસન કરે, કર્તા હર્તા આપ ઉચ્ચરે;
અખા તે ન સમજે સાંગ ઉપાંગ, ભ્રમે ન ટળે વાસના લિંગ. ૪૯૭
હઠજ્ઞાની સિદ્ધિને વસ્તુ લખે, કહે બ્રહ્મ જ્ઞાન નોહે સિદ્ધિ પખે;
કહે ચૈતન્યે ભર્યું બ્રહ્માંડ, સિદ્ધિ વિના પણ કાચો પિંડ;
અખા લક્ષ હઠ જ્ઞાની તણો, સિદ્ધિ ત્યાં પૂર્ણ બ્રહ્મ ગણ્યો. ૪૯૮
શઠ જ્ઞાની તે ગ્રંથ બહુ સુણે, બહુ વાંચે બહુ પાઠે ભણે;
ગ્રંથ પ્રતીતે માને વાત, સમ્યક ભાસે નહીં શાક્ષાત;
શઠપણે ન ટળે ચકચૂંધ્યં, અખા અંતરથી ન ટળે રુંધ્ય. ૪૯૯
શૂન્યવાદીને શૂન્યે શૂન્ય, વિશ્વ નહીં નહીં પાપ ને પુન્ય;
ઉત્પત્તિ નહીં નહીં સમાસ, સ્વપર નહીં નહીં સ્વામી દાસ;
એમ વર્તે શૂન્યવાદી ખરો, પણ અખા ન ચાલે શૂન્ય ઉફરો. ૫૦૦
શુદ્ધ જ્ઞાની તે રૂપ અરૂપ, માંહિ નિધ આશે છે તદ્રૂપ;
સર્વ સહિત છે સર્વાતીત, જે પોષક આદ્યે ઊદ્ગીત;*
અખા અનિર્વચનીય તે આપ, લક્ષ લાગે તે લહે અમાપ. ૫૦૧

* ઉદ્ગીત=વેદમાં ઉચ્ચે સ્વરે ગવાયલો.

દશ પ્રકારના જ્ઞાની લખ્યા, પણ નવે તે દશમા વિણ મથ્યા;
નવેનો લક્ષ ત્યારે શુદ્ધ થાય, જ્યારે અનુભવ દશમા ઘેર જાય;
અખા જે છે સદા અવાચ્ય, જો સમજે તો સમજી રાખ્ય. ૫૦૨

વેદ અંગ

વેદે વિચારી જોયો બ્રહ્મ, વિશ્વ તે શું ને કેનો કર્યો મર્મ;
વિચાર કરતાં બેહું ધાટ, એમ ચાલ્યો જાય સત મિથ્યા ઠાઠ;
સત ચૈતન્ય ને મિથ્યા માય, અખા એમ દીઠો પરવાહ. ૫૦૩
ઠેરાવીને લખિયો લેખ, પંચભૂતને તેનું શેષ;
તત્ત્વે તત્ત્વની ઉપજ ગણી, માંય ચૈતન્યના ચૈતન ધણી;
લક્ષ ચોરાશી બીજી ભાત, એ અખા વેદના મનની વાત. ૫૦૪
પ્રવાહ ચાલ્યો જાય એણે મર્મ, જીવાપત્તિ આળેખ્યાં કર્મ;
તેર કાંડ ધુમ મારગ લખ્યો, છેલ્લી વારે અર્ચી ઓળખ્યો;
ઉપન્યા કેરો કર્યો નિષેધ, અખા ઉપનિષદ માથું વેદ. ૫૦૫
નેતિ નેતિનો એહ જ અર્થ, ઉપન્યું ગયું તે જાણ્યું વ્યર્થ;
શેષ લહી કહ્યું નેતિ નેત, હાથ ખખેર્યો એણે હેત;
અખા ચૌદમું બ્રિછ્યા પખે, જીવ ગુંથાણો તેરને વિષે. ૫૦૬
તેર કાંડ માયાનું જાળ, કર્મફળ જીવ ઈશ્વર કાળ;
એ સર્વ ધાટ બેસાડ્યું વેદ, ત્રિપદ કલ્પિ કીધો ભેદ;
અખા ખટકે નહિ જે તેર, ચૌદ વાળિ તે ચાલી શેર. ૫૦૭
વેદની જુક્તિ પુરાણે ગ્રહિ, તેણે ઈશ્વરપદ રાખ્યું સહિ;
મોટાં ચરિત્ર ત્યાં ઈશ્વર કહ્યાં, સાધારણ તે જીવમાં ગયાં;
સામર્થ્ય દેખી બાંધ્યું માન, અખા એ પુરાણુતણું નિદાન. ૫૦૮
વેદનો લક્ષ તે કૈવલ્ય રહ્યો, ઈશ્વર લક્ષ તે પુરાણે ગ્રહ્યો;
ઈશ્વરના ચોવીસ અવતાર, તે માંહે વળી સાર ઉદ્ધાર;
તેને સ્થળ વળી પ્રતિમા કરી, એમ અખા માયા વિસ્તરી. ૫૦૯
ચારે જુગનું એ વર્તમાન, પરંપરા જોતાં અનુમાન;
જ્ઞાનતણી નિરંતર સૂન્ય, પ્રવાહ પડે કર્મ પ્રતિમા પૂજ્ય;
અખા ન ટળે દેહ અધ્યાસ, સ્વર્ગ મૃત્યુ પાતાળે વાસ. ૫૧૦
છે પોતે પરમેશ્વર આપ, રાખ્યો ત્યારે દ્વૈતનો થાપ;
એ આશ્ચર્ય તે કોને કહ્યું, જે પોતા સરખું સૌને લહ્યું;
અખા વિચાર્યા સરખી વાત, પૂછ્યું ત્યાં પરતંતર ભાત. ૫૧૧

જ્યાં જેમ થાય તેમ સેજે થાય, કર્તવ્ય ને શિર તે દેવાય:
અટકયું ન રહે કાંઈ કાજ, આગળ આગળથી થાએ સાજ;
કરણહાર ન દીસે કોય, અખા સૌ એ કર્તા હોય. ૫૧૨
અખા પરમેશ્વર જોતાં અશો, કહ્યો ન જાએ કોયે કશો;
કોણ કળે ને કોને કળે, એકવડે સઘળા ચળવળે;
જેમ મેઘ બહુ બુંદે કરી, બિંદુ મેઘને જુવે કેમ ફરી. ૫૧૩
માંહિ બહાર ન જાયે કહ્યો, બાંધ્યો રુંધ્યો પોતે લહ્યો;
સહેજ સહજ પુલ્યું આકાશ, ઉપજ સાથે અખા સમાસ;
આગળ સગુણ નિપજતું જાય, પાછળ નિર્ગુણ થઈ ભૂંસાય. ૫૧૪
પ્રત્યક્ષ પ્રમાણ ચાલ્યું જાય સદા, કોઈ સંભાળી જુવે જદા;
નિર્વેદ વિના સર્વે અવિવેક, મહાનિધમાંથી સર્વે ભેવ;
રમી રમી પાછે રસ થાય, અખો રામ એવાને ગાય. ૫૧૫
જે ઉપજે તે પાછું વળે, ચૌદ લોક લોકપાળે ટળે;
સૂનું ન રહે પીટ્યા ભાટ, તેમનું તે બેઠું રહે ઘાટ;
દૃષ્ટ પદાર્થ તે દૃષ્ટમાન, અખા તેમનું તેમ નિધાન. ૫૧૬
એમ જોતાં અખો તે કશો, બાધા મેઘમાં એક બુંદ જ શો;
ફોરાનું તે શું પ્રમાણ, સાવ નિરંતર પાણી જાણ;
જેમ છે તેમ છે જ નિદાન, અળગું જાણ્યું એહ જ જાન. ૫૧૭
અખે રામ એવો ઓળખ્યો, કાગળ મશે ન જાયે લેખ્યો;
ફરતે બેઠે તે નવ મળે, નખશિખ લગે તે નવ ચળે;
સહેજે સહેજ ઘલાણી હામ, અખા નિરંતર ગાવ્યો રામ. ૫૧૮
વસ્તે અસ્ત પામ્યું મન જદા, દરિદ્ર હો કે હો સંપદા;
દરિદ્ર નવ ઘેન સુખનું માન, જ્યારે પામ્યું મૂળ નિધાન;
આદ્ય કર્મ કીધે જીવ થયા, કારણ આદ્ય થાના પર રહ્યા. ૫૧૯
અખા વિચારે બેઠું ઘાટ, આપેઆપ ચૈતનનો ઠાઠ;
પંડિત જ્ઞાની કહો એ મર્મ, અણજાણે શું સાધન ધર્મ;
વ્યક્ત કરે તે વક્તા ખરો, અખા અણજાણે ભૂલા ફરો. ૫૨૦
કરતો રહે તો ખૂટે કર્મ, એ આશય જાણ્યાનો મર્મ;
જો તું જીવતો કર્તા હરી, જો તું શિવ તો વસ્તુ ખરી;
અખા એમ જાણે તે આપોઆપ, ગીતા વિષે હરિ રાખ્યો થાપ. ૫૨૧

ગીતાને અધ્યાય સાતમે, ભક્ત ચાર કહ્યા તે સમે;
તેમાં ત્રણતણો હરિ કહે હું ભૂપ, પણ જ્ઞાતા તે મારું નિજરૂપ;
કાર્ય પ્રત્યે બહારે રમું, અખા અંતે ત્યાં વિરમું. ૫૨૨
સાને સમજે તે નર ખરો, ભણ્યે ગણ્યે માણે આફરો;
ભણિયા બહુ ભમતા ભવમાંય, ભાત ઉભાત વચ્ચે ન રહેવાય;
રઢ્યથી વાત કરે હરિતણી, અખા અક્ષર મતિ નહિ આપણી. ૫૨૩
જે વિરલા રશિયા હરિતણા, કેસરિસિંહ દીસે નહિ ધણા;
સુભટના સૈન્ય મધ્યે વિચાર, તેમ માળા મુદ્રા સારોદ્ધાર;
અનળ પંખી અતિ ઉંચો ચડે, અખા કોય દર્શન નવ કરે. ૫૨૪
અખા અક્ષરપદ તું ત્યાં રમે, જ્યાં ચવે નહિ ત્યાં વિરમે;
નિત્ય નિવેદન એહ જ જાણ્ય, આત્મતત્ત્વ સધળે પરમાણુ;
ત્યારે સર્વ પડે પાધરું, જ્યારે હુંપણાનું આવે શરું. ૫૨૫
ઓળખ આપ હવડાં હરિ મળે, બાહ્યથકેા અંતર્ગત વળે;
અન્વય વ્યતિરેકે હરિ ભાળ, તુષને ત્યાગે રહે તે સાળ;
અક્ષર આપ અવસ્થા ફરે, અખા તુંજ આદ્યે મધ્યે સરે. ૫૨૬
પહેલી હરિશું લાગી પ્રીત, તેણે ભાંગી લૌકિક રીત;
એમ કરતાં સગપણ નીકળ્યું, તેણે ત્યાં કાંઈ કહેવું ટળ્યું;
સ્વામી સેવક પ્રીતે હતો ભાવ, સગપણ અખા સ્વતંતર સાવ. ૫૨૭
માતા તન સધળો સંસાર, પિતા પુત્રનો એક નિર્ધાર;
પિતા પુત્રને શરીર જ નથી, ભાસે તે ભ્રમની મોરથી;
માતા તન ને ધ્યાતા ધ્યેય, પિતા પુત્ર અખા નિઃશ્રેય. ૫૨૮
કાંઈ ન જાણ્યે જાણ્યો રામ, જાણપણે ભૂલો નિજ ધામ;
જેમ જેમ અદકું જાણતો જાય, તેમ તેમ હૂંના મળ બંધાય;
યદ્યપિ કથે જીવ બ્રહ્મજ્ઞાન, તોય અખા નહીં મૂકે માન. ૫૨૯
જાણ થાય બહુ વિદ્યાવડે, તેમ તેમ આવરણ અદકાં ચડે;
નિત્ય ધોતાં પટ રાતું થાય, પાણીનું પડ ચડતું જાય;
મૂળગું પટ જોતાં તે મેલ, અખા અણલિંગીપણું અલેલ.* ૫૩૦
નિજપણની ભૂલ્યે કરિ જીવ, ભૂલ ટળી તો સદા એ શિવ;
તે શિવ તો પોતે છે સદા, વિદ્યાના મળ નોહે કદા;
અખા વસ્તુ તો સહેજે સહેજ, જીવ રહે તો પ્રાયઃ મળ રહેજ. ૫૩૧

* અલેલ=હીસાબ, નિયમ.

સમજ્યો નર શો બાંધે ઘાટ, આપાપર ટળી ગયો છે નાટ;
અકસ્માત ઉપન્યો વિચાર, અસત્ય નિત્ય બાંધ્યો સંસાર;
અનંત બ્રહ્માંડનો દ્રષ્ટા આપ, અખો કહે શરીર આદે દઈ વ્યાપ. ૫૩૨
અખા વિચાર્યા સરખી વાત, વિચાર્યા વિના થાય ઉત્પાત;
વેદ ચાર બ્રહ્માના કહ્યા, સ્મૃતિ પુરાણ ઋષિ ઉચ્ચર્યા;
ચળ્યો પદારથ સર્વે કહ્યો, અચળ્યો ત્યાં અભોગત રહ્યો. ૫૩૩
જે રહિયો વ્યાપી વિસ્તરી, તેની ત્યાં કથા નવ કરી;
ધર્મે કર્મે લાગ્યા બહુ લોક, સોદો ન થયો રોકારોક;
નગદ માલ ઉધારે પડ્યો, એમ અખા જીવ તો રડવડ્યો. ૫૩૪
ઇયાં અખા કોઈ શું કરે, જો માયા આડિ પરપંચ ધરે;
જેમ અશ્વ અશ્વિનીને ભોગવે, નેત્રે પટ બાંધ્યો જોગવે;
પટ છોડી દેખાડે તુરિ, અખા એવી નિપજે ખરી. ૫૩૫
એણી પેરે એ ત્યાં થાય, જે વડે પરવાહ ચાલ્યો જાય;
તેનો કોય ન જાણે મર્મ, દેખે જીવને જીવનાં કર્મ;
અદ્રષ્ટ પદારથ થાય દ્રષ્ટમાન, અખા સમજ તો સમજે સાન. ૫૩૬
અમૂર્તિની મૂર્તિ આ સહુ, અણનામીનાં નામ જ બહુ;
અકર્તા કર્મ સર્વે કરે, અનિર્વચનીય વચન ઉચ્ચરે;
અખા એમ ખરા તે માન, બીજી વાત ન ઘાલીશ કાન. ૫૩૭
પરબ્રહ્મ જોવાને મંત, બહુ ભાતનાં કરે જતંન;
પૂતળિને કેમ જુવે ચક્ષ, દેખણહાર પૂતળિ છે મુખ્ય;
દર્પણ માંડિ જોવા જાય, તેહ અખા નિજ છાયા પ્રાય. ૫૩૮
રૂપધારિ રામ જોવા કાજ, શરીર કૃત કરતા બહુ બાહ્ય;
ધ્યે ધ્યાતા થઈ આવે સેજ, એ તો ચેતનમાં ગુણ છે જ;
જીવ બ્રહ્મને બાથે સાય, એ અખા હોય જ નહિ પ્રાય. ૫૩૯
વિચાર અણલિંગી કેમ ઉપજે, જેમ કોય નરને ઘેલા ભજે;
શિથિલ થઈ જાય તેની વૃત્ય, તેમ કેવળપણું પામે તર્ત;
ભાવના ફેર પડે છે મંત, અખા નહીં કો સાક્ષી અન્ય. ૫૪૦
પ્રાયે સર્વ ચૈતન્યનો ઠાઠ, સત્ય મિથ્યા રૂપ આઠ કાઠ;
શેષનાગ વૈકુંઠ પર્યંત, મણિગણ બહુ ને એક જ તંત;
દેવ નર નાગરૂપ સિદ્ધમાં ફેર, સમજે અખા ટળે અંધેર. ૫૪૧

સર્વ એકં કારજનાં રૂપ, કારણ સમજવું તે જ અનૂપ;
કારજ કીટ પતંગ બ્રહ્માય, કારણવડે સૌ ચાલ્યું જાય;
જે ઘટ અખા કારણ ઉલ્લસે, તે તો સ્વયં થઈ વિલ્લસે. ૫૪૨
લોક ચૌદ હીરાની ખાંણ, આપાણો તે થયો નિર્વાંણ;
વણ આપાણે સૌ કાંકરા, જાત વિષે સર્વે આકરા;
જે ઘટ હુવો પોત પ્રકાશ, તે અખા નોય સ્વામી દાસ. ૫૪૩
આજ અંવિદ્યા સૌને વિષે, તેણે આપોપું નવ ઓળખે;
ભરમે દેહ અધ્યાસી થયો, કર્મ કરી ચૌદ લોકે વહ્યો;
તેહ ભૂલ ટાળવા માટ, અખા ભક્તિ ધાલી છે ઘાટ. ૫૪૪
જાણ્યું જીવ નવધા આદરે, ભક્તિરસે કર્મરસ વિસરે;
ઈશ્વર સાથે રતિ બંધાય, તો કાંઈ સુરત ચેતનમય થાય;
ત્યાં સગુણભક્તિ ગાયો સાકાર, અખા મંડાણો મોહવ્યાપાર. ૫૪૫
ભક્તિ દેખાડી એટલા માટ, કર્મ ગહનમાં પાડી વાટય;
જાણ્યું સુધે મારગ જશે, સર્વાવાસ હરિને જાણશે;
અખા અવતારી ધ્યેયને બકે, પોતાથી છૂટી કેમ શકે. ૫૪૬
સર્વાવાસ જાણ્યા વિણ રામ, અખા થયું નથી કેનું કામ;
બીજી ભક્તિ તે મોહનો ઘાટ, રાજમાર્ગમાં પડે છે વાટ;
પુષ્પિત વાણી તે મેવાસ, સુખ સરખું પણ મહા આયાસ. ૫૪૭
એક વસ્તુવિચાર વિચાર્યો મને, પરબ્રહ્મ જાણવો જને;
આપ આદ્યે દૈ ચૌદે લોક, પંચભૂત કેરો સૌ થોક;
લોક લોક પ્રત્યે લોકપાળ, એવું ઘર છે અખા વિશાળ. ૫૪૮
વૈકુંઠાદિ ઉંચા માળ, નીચા જોતાં આદિ પાતાળ;
તેમાં બળિયા બળિયા બહુ, એક અધિપતિને પ્રજા સહુ;
અખા જોતાં એક માંડણી, મહા કારણ તે અળગો ધણી. ૫૪૯
તેમાં નિધ સઘળે પોષાય, અવિરલ પ્રવાહ ચાલ્યો જાય;
વિષ્ણુ બ્રહ્મા શિવ ને શેષનાગ, ઐશ્વર્ય ઓછાં અદકાં ભાગ;
ત્રિગુણાતીતવડે એ સહુ, અખા સમજે તો સારું બહુ. ૫૫૦
લોક ચૌદ ત્રણ ગુણના કર્યા, અષ્ટાદશ વર્ણે આવર્યા.
એણે લેખે બહુ બ્રહ્માંડ, બ્રહ્માંડ બ્રહ્માંડે બહુ વિધિ માંડ;
લૌકિક લેખું એ ત્યાં કહ્યું, અખા અલૌકિક અળગું રહ્યું. ૫૫૧

જેમ ચિતારો ચિત્રશાળા કરે, અનંત ભાત્યનાં રૂપ ચિતરે;
અનંત અવયવ ભાવ ભેદ નામ, જોતાં ચિતારાનાં કામ;
દીઠી સુણી વાત બહુ લખે, અખા ન નિપજે જોયા પખે. ૫૫૨
એ ચિતારાની પેરે નથી, જે સર્વ કાઢયું અપામાહીથી;
રૂપે રૂપે સંચાર્યું આપ, તેણે ચૌદે વ્યાપો વ્યાપ;
કળને ભરાવી ચૈતનવિષે, માટે તે નાટક છે અખે. ૫૫૩
અદ્‌ભુત કળા ચિતારાતણી, આપે આપની નીપજ ઘણી;
બીજે બીજું ભરાતું જાય, ચૌદ લોકની નીપજ થાય;
થાય ભાત પણ સામર્થ્ય પોત, એમ અખા જો ઓત પ્રોત. ૫૫૪
અરૂપી તે રૂપે બહુ થયો, સ્વસ્વરૂપે જેમ હતો તેમ રહ્યો;
જેમ અગ્નિથી દીપક થાય, પછે દીવા ચાલ્યા જાય;
હુતાશન તેમનો તેમ અખે, હાણ વૃદ્ધિ નહીં ચૈતન વિષે. ૫૫૫
નાટકનો એમ નિપજે ભેદ, હું નથી કહેતો કહે છે વેદ;
જેને સ્વસ્વરૂપ પામ્યાનો અર્થ, માયા મોહ કરવો હોય વ્યર્થ;
પ્રગટ પ્રમાણ કહે છે અખો, જાણો તે એ પેરે લખો. ૫૫૬
સુખિયા દુઃખિયા દીસે બહુ, પણ માયાના કીધા છે સહુ;
સુખિયા પલમાં દુખિયા થાય, ધન તન લજ્જા ફીટી જાય;
રંક હોય તે થાએ રાય, અખા એહ માયામહિમાય. ૫૫૭
માયાના મર્કટ સહુ લોક, પલકે સુખ ને પલકે શોક;
કપિને જેમ શણગાર્યો નટે, ભીખ મગાવે રહ્યો ચૌવટે;
અખા લે સર્વે ઉઘાલ્યા, કંઠે દોરડી પુઠે કાળ. ૫૫૮
પલકે રિધ સિધ આવે ઘણી, જીવ જાણે હું સૌનો ધણી;
જેમ વરઘોડે મળિ બહુ વના, પલક રહીને થાએ ફના;
અખા માયા કરે ફજેત, ખાતાં ખાંડ ને આવતાં રેત. ૫૫૯
બાળકપેં ઘરડો તે શૂન્ય, સત્ય માન્યું સ્વમાનું ધંત;
બાળક રમતને માને ફોક, ઘરડો સત્ય માને હર્ષ શોક;
પશુ મુવો કે ભૂત ન થાય, માણસ અખા અવગત કહેવાય. ૫૬૦
પંચ ઇંદ્રિયનું અતિશય જ્ઞાન, એ માણસને આપ્યું માન;
સામું તેને ચઢ્યો અહંકાર, કર્યા મૂર્ખાનો રાખે ભાર;
અવળી સુજ્ય અખા જીવની, અંતર માયા અતિ પ્રિય બની. ૫૬૧

કાંઈ ન દીસે જીવને હાથ, થઈ બેસે તે સૌનો નાથ;
ધન તન દોલત ઉડી જાય, રહ્યો રુવે પણ કાંઈ ન થાય;
મરડે મૂછ પણ માંહે કલેજ્ય, અખા એહનું લક્ષણ જીવ. ૫૬૨
નાટક ચાલે માયાતણું, સકળ જીવ શણગારી ઘણું;
કાળ ફેરવે ચૌદ ચોવટે, એકને આપે એકનું ઝૂંટે;
અખા વગોવે માયા કાળ, જાણ પંડિત શ્રીમંત ભૂપાળ. ૫૬૩
બાળક જેમ રમાડે શ્વાન, દૂરથકી દેખાડે ધાન;
પુંછ હલાવે ચાટે લાળ, ઉંચું કરી ભરાવે ફાળ;
લલચાવ્યો દેશાંતર જાય, અખા એમ રમાડે માય. ૫૬૪
આશા જનને બહુ પરભવે, દેવ આગળ જઈ દુઃખ દાખવે;
દશે આંગળાં મુખમાં ધરે, દીન વચન નેત્રે નિર ભરે;
ત્યાંથી ટાંક ન પામે ધૂળ, અખા લાલચે ન મળે મૂળ. ૫૬૫
કહે અમને કોણ શકે છેતરી, એવું બાંધે બરદ આદરી;
ક્ષણે ક્ષણે લુંટાતો જાય, ધન તન સજ્જન સૌને ખાય;
છાનો નહીં પ્રગટે ઠગે કાળ, પંડિત જાણ શ્રીમંત ભૂપાળ. ૫૬૬
ઓંટી લે રાજાનાં રાજ, તપસીનાં તપ કરે અકાજ;
શ્રીમંત કેરાં ધનને હરે, પંડિતની વિદ્યા ભક્ષ કરે;
યુવતીનાં યૌવન હરે કાળ, તોય અખા નવ જાણે બાળ. ૫૬૭
કાગળમાંથી જાય કપૂર, શોકે સૌને એનું નૂર;
ગર્વ ગાંઠથી મોહે અજાણ, સૌને પીલે એક જ ઘાણ;
ઓખાં કરી નાંખે તત્કાળ, અખા એવો કરડો કાળ. ૫૬૮
ઘોડા પૂર આવે જેમ નદી, ક્ષણમાં સંપત દીસે વધી;
પળમાં તેનો થાયે વરો, જેવો છાશતણો આકરો;
એમ સંસાર આવે ને જાય, અખા તેને ક્યાં પ્રતિ વાય? ૫૬૯
સહિત દેશ વૈકુંઠ ગયા રામ, કુળ લઈ કૃષ્ણ પહોંતા નિજ ધામ;
પ્રાકૃત જીવ તણી શી વાત, મોટે ઠામે ઘાલ્યો ઘાટ;
થયો પદારથ ટાળે કાળ, વળગ અખા નિર્ગુણની ચાલ. ૫૭૦
પુન્ય પાપ લખિયા ઋષિ જને, જેણે જેવું માન્યું મને;
બ્રાહ્મણ કહે સત્ય કરવા યજ્ઞ, પશુવધ કીધે હોય પુન્ય;
જૈન કહે એ હિંસા પાપ, અખા ધર્મ પણ જુજવા થાપ. ૫૭૧

લખ્યા પ્રમાણે સહુ કો વદે, ધર્મ રાખવો સૌને હૃદે;
બોલ્યું ન મળે કેનું એક, આપ આપણી રાખે ટેક;
જંગડ રાખી સૌ બોચરે, અખા સહુ કો વદતા મરે. ૫૭૨
માણસપેં દેવ ઉત્તમ લખે, ત્યાં મદ્ય માંસને ભખે;
તેને માથે ન ગણે પાપ, બળી આપીને સૌ કહે બાપ;
અખા ગહન એ ચાલ્યું જાય, રામ જાણે નિસ્તારો થાય. ૫૭૩
બહુ સામર્થ્ય હોય છે જ્યાં, બુધનું બળ નહિ ચાલે ત્યાં;
દેવી દેવ રાક્ષસ સિદ્ધિવંત, તેના ચરિત્ર ન સમજે જંત;
તેને શિર ન ગણાએ પાપ, અખા બુધ્ધ લગણ આલાપ. ૫૭૪
બુદ્ધિ પ્રમાણે લખી લખી ગયા, બુદ્ધિ પ્રમાણે વાંચે રહ્યા;
બુદ્ધિ પ્રમાણે સૌ સાંભળે, બુધ્ધાતીતથી સૌ ચળવળે;
તેને અખા સમજે જે કોય, જે પરાતીતથી પોષણ હોય. ૫૭૫
જેમ અરૂપ અગ્નિ રહે ચકમક વિષે, પ્રગટ થયા પછિ સહુ લખે;
રૂપ ધરી બહુ પરાક્રમ કરે, બુદ્ધિ વિલાસ સહુ કો આદરે;
પણ પ્રગટ્યાને કાળની દધા, અરૂપ અખા સદોદિત સદા. ૫૭૬
અરૂપી અગોચરથી બળ કરે, દ્રુમ વિષે જેમ નિર પરવરે;
થડ મૂળ શાખા પત્ર ને ફૂલ, રગો રગે નીર ચડ્યું અમૂલ;
પાણિ સદા અખા અવિનાશ, પણ થઈ આવ્યું તે થાએ નાશ. ૫૭૭
ફળ જોવા હીંડે નીરને, પણ કેમ દેખે અંતરથી હીરને;
ફળ સ્થાનક દેહાદિક રૂપ, અને જળસ્થાની તે વસ્ત અરૂપ;
અખા જોતાં તો સર્વે રાન, પણ ઉપન્યું તે ટળે રૂપ નામ. ૫૭૮
અખા એમ જ ધરજો ધ્યાન, આફણિયે જડશે સ્વસ્થાન;
બીજું તે મનની શોચના, અંતર જાજ્ય ન ટળે રોચના;
પરાપાર પ્રાણેશ્વર નાથ, નહિ સમજે તે ઘસસે હાથ. ૫૭૯
પિંડ શોધે પ્રાણેશ્વર જડે, બીજું તેને રૂપક ચડે;
પ્રત્યક્ષ સિદ્ધ સેવક બહુ સ્વાદ, પરોક્ષ ઉમેદ કરે બહુ વાદ;
ગળી ચોપડી સઘળી વાત, લુખ્ખો રામ અખા શાક્ષાત. ૫૮૦
રામ નોહે પ્રત્યક્ષ પરોક્ષ, સ્વયં રહેશે આપોપું શોષ;
ત્રિગુણ ધુંવાડે આંખ બહુ ભરી, ચૌદ લોક રહ્યા આવરી;
આતમ અખા સદોદિત સદા, જીવને ત્રિગુણની લાગી દધા. ૫૮૧

સૂઝ પડે તે સમજે સાર, અન્ય કલ્પે ઉપલો વહેવાર;
વાદળ ઓખું શોષે નીર, કાદવમાંથી પીએ હીર;
એમ પ્રપંચ પરમેશ્વર લહે, અખો દેખી ચાખી કહે. ૫૮૨
સ્વામી અખાનો સધળે મળે, લોક ચૌદે તેમાં આફળે;
બ્રહ્મા આયુષ પંથમાં જાય, રામરૂપ પૂરું ન મપાય;
એવું અદબદ એળે જડ્યું, તે માયલું સર્વે ધાટે ઘડ્યું. ૫૮૩
અખા અદ્‌ભુત મોટી વાત, પ્રાકૃત જીવ કહે ઉત્પાત;
ભવ્ય જીવ કહે એ ભલું, સિંહનું બાળ રમે એકલું;
કેશરીકેરી મોટી ફાળ, પ્રાકૃત જીવો બિયે શિયાળ. ૫૮૪
પ્રાયઃ પરમેશ્વર છે મનાતીત, પાણીથી અળગેરું શીત;
શીત યોગે જેમ નીર જમાય, તે ઉપર સૌ હીંડી જાય;
વસ્તુ વડે એમ જાણો મન, એમ અખા સમજે હરિજંન. ૫૮૫
જળ જામે ને જળ વિખરે, તે બાંધી અવની પરવરે;
હીમ ન દીસે તેમાં રંચ, તેમ એ જાણો મનના સંચ;
ત્યાં હીમ તેમ ત્યાં રામ, અખા મન સત્તાનાં કામ. ૫૮૬
અખા લાઘવ સમઝવા માંય, જે અંતર્યામી થાએ સહાય;
સામો હોય તો સાહે હાથ, પોતે પોતામાં લેખો નાથ;
છે હુમાયુ પંખીની પઠે, કોય હેતુ વાદ કરશો મા હઠે. ૫૮૭
અગ્નિ કાષ્ટ મેલીને પંખ, ઉપર ઉડી નાખે નિઃશંક;
નિજ ઇચ્છાયે બાળે કાય, સ્વાંત ભુંદ ફરિ પરગટ થાય;
એમ અખા હોય બ્રહ્મવિચાર, ઉત્પન્ન લય જ્યાં હું તું સાર. ૫૮૮
અખે વિચાર્યું મનની સાથ, જે કાંઈ ન દીસે તારે હાથ;
તો ફાંશી શિદ રાખે ભામ, કશું ન નિપજે તો શું કામ;
શરીર તારું તારે વશ નહિ, તો બહાર બળ દેખાડે કહીં. ૫૮૯
ઇંદ્રિય વણશે વણશે કાય, ગમે નહિ વાળ ધોળા થાય;
સ્વર્ગ સૂધી તે ધાલે હામ, પોતાનું નિર્ખીયે ચામ;
ફોકટ ગાડાં લૂંટી પડે, અખા ન કોયે પારે પડે. ૫૯૦
અખા ઇચ્છે જો આતમભોગ, નિવૃત્તિ વિના તે ન મળે જોગ;
કથે જ્ઞાન પણ બાંધ્યો વાધ, તેને મુક્ત ન પામે જાગ;
મુવે મુક્ત હશે તેમ હશે, જીવતે વાધ જો પાંજર વસે. ૫૯૧

છૂટા છો પણ બાંધ્યાં હેઠ, જેમ શકરાને દોરો પેટ;
ઉડે ખરો પણ નાવે જાય, પેટે બાંધ્યો દોર તણાય;
અખા એમ નિવૃત્તિ વિના, જીવને તે ન ટળે બેમના. ૫૯૨
અજ્ઞાનીથી જ્ઞાની ભલો, જે મન વડે ચુકાવ્યો કળો;
પણ વર્ત્તવા પ્રવૃત્તિમાં ધાંખ, જેમ પોપટની કાઢી પાંખ;
કદાચ અખા તે ઉડી જાય, પાછો તેને પ્રવૃત્તિ સાલ્ય. ૫૯૩

અજ્ઞાન અંગ

અજ્ઞાને જે પહેરે વેષ, બહાર નીકળે દેખાદેખ;
જેમ વાઘ ગૌધણને હળ્યો, વર્તી તે માંહી રે ભળ્યો;
તેને છે આમિષનો આહાર, પ્રસંગ મળે અખા પ્રતિકાર. ૫૯૪
પ્રવૃત્તિ નિવૃત્તિની અળગી વાત, વિચાર વિના નવ આવે ઘાત;
જેમ કો ભાડે રથ બેઠો જાય, બળદ મરે રથ કટકા થાય;
નોહે ચિંતા તેને પ્રતિકાર, અખા જેને સત્ય વિચાર. ૫૯૫
પ્રવૃત્તિ નિવૃત્તિને બેઠો વરી, જેમ વેશ્યા રાખી ગૃહિણી કરી;
પ્રસંગ મળે કરતી તે કરે, વિચાર વિના સૌ એમ આચરે;
મન ઇન્દ્રિય ત્યાં ન કરે કહ્યું, અખા એમ એક વાંકું વહ્યું. ૫૯૬
યથારથ વર્ત્તે તો જ્ઞાન, જેમ કો રંક થયો રાજન;
જેમ કરતો તેમ વળતું કરે, જૂઠું છળ વિક્રમ આચરે;
અખા કરી ન જાણ્યું રાજ, શું થયું જો તે પામ્યો સાજ. ૫૯૭
જો અખા ઓળખે આતમા, તો સર્વ વાતની ભાગે તમા;
લાલચ લોભ જૂઠો પ્રતિકાર, સૂર્ય ધામમાં નોહે અંધકાર;
શીખી સાંભળી વાતો કરે, પોતે અગ્નિ કેમ ટાઢે મરે. ૫૯૮
જ્ઞાનતણો છે સત્ય ઉપદેશ, ત્યાં તો જૂઠું ન રહે લેશ;
સાચી કથણી કથતા જાય, ઉદર અર્થ કરે અન્યાય;
કહે અખો એનું શું ભણ્યું, ગુંજતાપ વાનરતાપણું. ૫૯૯
જ્યારે જ્ઞાનનો ઉગ્યો રવી, રાત ગઈ રત પ્રગટી નવી;
કૃત્ય જાશે અંધારાતણાં, મોહ નિશામાં ફરતા ઘણા;
અખા નોય દરિદ્રની વાત, અમૃત ભોગ કે લાંઘણ સાત. ૬૦૦
આતમાનું તે કરે અકાજ, સંસારની તે રાખે લાજ;
દેહસુખને આતમસુખ કહે, જેમાંનું કાંઇએ નવ રહે;
જીવને મૃત્યુ છે જેવડે, એક સત્ય વાક્યે તે શું તૂટી પડે. ૬૦૧

ધન આયુર વિદ્યા બળ રૂપ, સ્વર ચાતુરી ન્યાય સિદ્ધ ભૂપ;
જ્ઞાન ભક્તિ વિવેક વૈરાગ્ય, ચારે વ્રત તપ તીરથ ત્યાગ;
અખો કહે સર્વે એ ભાલ, જોતાં આપે આપનો માલ. ૬૦૨
જીવ જીવને રે અનુમાન, તાણ્યું ધનુષ આવીરે કાન;
જે જે દ્વારોમાં જીવ ભળે, તેજ રૂપી કલણમાં કળે;
મૂળગું અખા અદ્દભદ્દ છે ઓજ, સમજે તો સમજી લે ચોજ. ૬૦૩
જેને નથી રૂપ ગુણ નામ, જોતાં તેનાં સઘળાં કામ;
પસર્યું આપ વિચિત્રતા ભાત, વેદે કહી એ મુખની વાર્તા;
બહુ મુખનો મોટો મહારાજ, તો અખો શું કહે તેનાં કાજ. ૬૦૪
પ્રણવ પ્રકારે ઘાલ્યો ઘાટ, એક બાહેર દેખાડી વાટ;
જે છે તે ત્યાં અસંખ્યાત, શબ્દે કહિયે શબ્દની વાત;
જે છે તેને અખો કેમ કહે, તેની વાત તો તેજ જ લહે. ૬૦૫
કહે અખો મૂકી નિઃશ્વાસ, હું તો છું તારો આભાસ;
તારી વાત કરે છે તું, ઓછાંયા મધ્યે વર્ત્યો હું;
બહુ તેજ મધ્યે હું રહ્યો, ત્યારે શેષ ઓછાંયો ગયો. ૬૦૬
અખા સઘળો આ વસ્તુવિનોદ, હાંસી કહો કે તત્ત્વનો બોધ;
પોતાની ઠગ પોતા સાથ, ઇચ્છા અમલ ખાધી તે હાથ;
તારું ઘેલપણું તે હું, સાજો તે ત્યાં તુંનો તું. ૬૦૭
એમ અખા સહીયારી વૃત્ત, હાથોહાથ દીસે છે તર્ત;
નટતણી હાલે આંગળી, હું હાલું જાણે પૂતળી;
તેનો બોલ પોતે નટ કહે, ઉંડે વિચારે અમથું રહે. ૬૦૮

મુક્તિ અંગ

મુક્તિ પામવા મુખ્ય વૈરાગ્ય, જો બહુ પાસથો છૂટે રાગ;
ધ્યેય ધ્યાતાથી આઘો વટે, તે અનુભવતાં ચોક ચોવટે;
બીજી અખા રસાળી વાત, સર્વાતીત નોહે સાક્ષાત. ૬૦૯
જે કીજે તે સર્વે રાગ, રાગ વિના નવ ઉપડે પાગ;
રાગ જેવારે પાછો વળે, ત્યારે નિજ આતમને મળે;
દૃષ્ટ પદારથસું વૈરાગ્ય, ત્યાં અખા જડે તુજ ત્યાગ. ૬૧૦
જન જાણે છે જે વૈરાગ, તે ત્યાં સામો ઉપજે રાગ;
વૈરાગ હોય ત્યાં નોહે દ્વેષ, તે ત્યાં સામો બાંધે કલેશ;
આપોપાનો થાયે ત્યાગ, ત્યારે અખા સાચો વૈરાગ. ૬૧૧

જેહ વડે તપ તીરથ કરે, વિષય ભોગ કે સુખ આદરે;
જેણે કરી નિપજે બહુ કામ, તે શોધી કાઢવો આ ઠામ;
તે વિણ જાણે રાગ વિરાગ, અખા ઉછળી ભાંગવો પાગ. ૬૧૨
જેમ તેમ કરી સમજવો મર્મ, હું તે શું ચૈતન કે ચર્મ;
એ જ સમજવું પરથમ જને, પછે ઘેર રહેજે કે જાજે વને;
એ સમજ્યા વિણ ગૃહસ્થ અતીત, વર વિવાહ વિણ ગાવાં ગીત. ૬૧૩
સમજણમાં નથી રાગ વિરાગ, જેમ વાયુ હીંડે વિના પરાગ;
લોક ચૌદ લગી પરવરે, સમજણથી અર્થ સઘળો સરે;
અખા રામ નથી ઘેર કે વને, જ્યાં જાશે ત્યાં પોતા કને. ૬૧૪
પાદ પાણી નેત્ર મુખ નાક, સકળ અંગનો સમજે તાક;
એમાંનું એકે જો જાય, ધણી માટે જીવે ન રખાય;
અખા ન દીસે તારો લાગ, પર સાથે શો રાગવિરાગ. ૬૧૫
વેલ પરાઈ બેઠો જંત, હું જ ધણી એમ માને મંત;
કાળ સદા બેઉ સારથિ, બેઠો ફરે અવિનાશી રથી;
અખા એમ જાણે સઘળો પંથ, લેવું મૂકવું ટળે પાખંડ. ૬૧૬
ગેબી નીપજ થઈ પિંડતણી, ત્યારે તું ત્યાં નહોતો ધણી;
સહેજે ઉપન્યું વંઠયું તન, ત્યારે કાંઈ ન ચાલ્યું મન;
વચ્ચે શિદ પાડે છે ડાધ, અખા કશો તુજ રાગ વિરાગ. ૬૧૭
ઉપર છળ્યો માર્ગ લે અખા, નહીં કો સાથી નહીં કો સખા;
ધણી થયામાં સઘળો ધંધ, જેમ રૂપ નહીં દેખે અંધ;
ગગનગામિને નહીં અટકાવ, ભૂવર્તિને બહુ ભેદ ભાવ. ૬૧૮
ઉંધાને સ્વમાંતર ઘણાં, ઉત્તમ મધ્યમ વેદે ભણ્યાં;
જાગ્યા ઉંઘ્યાથી અળગું હૃદેય, ત્યાં અખો આરોપી વદેય;
સમજ્યાને છે સરખું સદા, અણસમજ્યો ભોગવે આપદા. ૬૧૯
અખો જેહ નર રહે અમન, તેવું કરવું સર્વ જતંન;
જેમ જિહ્વા પંચામૃત ખાય, ખાતી કરતી નહીં લેપાય;
વણ ખાધે કર થાય ચીકણો, એવો ભેદ અણલિંગીતણો. ૬૨૦
અખા અલિંગી વાત અગાધ, લિંગી નરને નહીં તે સાધ્ય;
સકળ લોક તે વૃક્ષ જ કહે, પણ તે ન કહે જે બીજે રહે;
જોતાં સઘળો લક્ષમાં ફેર, લક્ષ ઉઘોત ને લક્ષ અંધેર. ૬૨૧

સામો કો દુઃખ દાતા નથી, જેમ તાળી ન પડે એક હથી;
સ્વપ્ને દીસે નરો અનંત, તેમ જ અછતાં પ્રગટે જંત;
અખા વસ્તુપણે જાગશે, તેને એનો અનુભવ હશે. ૬૨૨
અછતો દ્વેષ ને અછતો રાગ, રાગ દ્વેષ માયાનો ભાગ;
જે તજશે તે દ્વેષે કરી, જે ભજશે તે રાગ આદરી;
સ્વસ્વરૂપ ત્યાં ભેઉએ નથી, ગુરુલક્ષે અખા જો ઘેરથી. ૬૨૩
પ્રવૃત્તિ નિવૃત્તિના સઘળા વેશ, ભિક્ષુક થા કે થા જ નરેશ;
રમત રમે છે માયા કાળ, મધ્ય અહંકાર વહે છે ગાળ;
મહાનિધમાં રાજની દૃષ્ટ, અખા રમત પાસે નહીં સ્પષ્ટ. ૬૨૪
કારણ દૃષ્ટિ હોયે જંત, તેનો અનુભવ નોય અસંત;
દેખે કારણ સરિખાં સૂર, જેનું વસ્તુ વિષે છે ઉર;
અખા ચક્ષુ આંજે ગુરુદેવ, તે કોઈ સમજે એનો ભેવ. ૬૨૫
સમજુ તે અણસમજુ થાય, અણસમજુ સરખું સમજાય;
એની કોયે દીયે નહિ સાખ્ય, અનુભવ જે ઉપન્યો તે દાખ્ય;
નિજે ઘર વરતી જે કો હશે, અખા તે એહમાં પહોંચશે. ૬૨૬

ફુટકળ અંગ

તિલક કરતાં ત્રેપન વહ્યાં, જપમાળાનાં નાકાં ગયાં;
તીર્થ ફરી ફરી થાકયા ચર્ણ, તોય ન પહોંતા હરિને શર્ણ;
કથા સુણી સુણી ફૂટ્યા કાન, અખા તોય નાવ્યું બ્રહ્મજ્ઞાન. ૬૨૭
એક મૂર્ખને એવી ટેવ, પત્થર એટલા પૂજે દેવ;
પાણીને દેખી કરે સ્નાન, તુળશી દેખી તોડે પાન;
એ તો અખા બહુ ઉત્પાત, ઘણા પરમેશ્વર એ કયાંની વાત. ૬૨૮
મુક્તિ બંધ પૂછે મતિમંદ, શોધી જોતાં સ્વે ગોવિંદ;
પ્રાણ પિંડમાં હું કે હરિ, જો જુવે અખા વૃત્તિ કરી;
બંધ મોક્ષ ન કરે ઉચ્ચાર, આકાશ કુસુમનો નોહે હાર. ૬૨૯
પિંડ જોતાં કો મુકતો નથી, ત્રિવિધ તાપ ભોગવે ધરથી;
સકળ ઈંદ્રિયપેં છૂટો રમે, રાગ દ્વેશ કોએ નવ દમે;
સત્ય સંકલ્પ ને અમર કાય, સર્વ રૂપ જાણે મહિમાય;
ત્યારે અખા મુમુક્ષુ મંન, જાણે તે જાણી લે જંન. ૬૩૦

જે ધરિ આવ્યો ભૌતિક કાય, દેવ નર નાગ કહ્યો નવ જાય;
કાળ સત્તામાં તે ત્યાં ખરો, એ તો મન કાઢો કાંકરો;
મન વચન કર્મ હરિમાં ઢોળ, અખો સમજીયો અંશે સોળ. ૬૩૧
ગહન ગતિ છે કાળજતણી, તેણે જે જે વાતો ભણી;
તે તેનાં પામ્યા પરમાણુ, પડછંદાની પેરે જાણ;
માંહોમાંહે દુર્ધર્ષ અગાધ્ય, અખા જીવને નાવે સાધ્ય. ૬૩૨
અનુભવી આગળ વાદ જ વદે, ઉંટ આગળ જેમ પાળો ખદે;
ઉંટતણાં આધાં મેલાંણ, પાળાના તો છંડે પ્રાણ;
અખા અનુભવી ઈશ્વર રૂપ, સાગર આગળ શું કુદે કૂપ. ૬૩૩
આવી નગરીમાં લાગી લાય, પંખીને થયો ધોખો થાય;
ઉંદર બિચારા કરતા સોર, જેને નહીં ઉડ્યાનું જોર;
અખા જ્ઞાની ભવથી કયમ ડરે, જેની અનુભવ પાંખ આકાશે ફરે. ૬૩૪
જો જો રે મહોટાના બોલ, ઉજ્જડ ખેડે વાગ્યો ઢોલ;
અંધે અંધ અંધારે મળ્યા, જેમ તુલમાંહિ કોદરા ભળ્યા;
ધૅસ ન થાય ન થાયે ધાણી, કહે અખો એ વાતો જાણી. ૬૩૫
આંધળો સસરો ને શણગટ વહુ, કથા સુણવા ચાલ્યું સહુ;
કહ્યું કાંઈ ને સમજ્યા કશું, આંખ્યનું કાજળ ગાલે ઘસ્યું;
ઉંડો કુવો ને ફાટી બોખ, શિખ્યું સાંભળ્યું સર્વે ફોક. ૬૩૬
વ્યાસ વેશ્યાની એક જ પેર, વિદ્યા બેટી ઉછેરી ઘેર;
વ્યાસ કથા કરે ને રડે, જાણે દ્રવ્ય અદકેરું જડે;
જો જાણે વાંચ્યાની પેર, અખા કાં ન વાંચે પોતાને ઘેર. ૬૩૭
ગજા પ્રમાણે પ્રબોધે જીવ, બંધનમાંહી રાખે સદૈવ;
સાચી વાતને સંત જ વદે, તેને મૂર્ખ ઉલટો નિન્દે;
અખા આંધળે લુંટ્યો બજાર, સંત ગુરુનો એવો વિચાર. ૬૩૮
જગત્પ્રમોદી દાઝ ન ટલે, કુવાડામાંથી કાઢે જલે;
સમજુને છે સરખો લાવ, તે ગુરુના મનમાંય અભાવ;
એમ જાણીને રીશે બળે, અખા જ્ઞાનીની નિંદા કરે. ૬૩૯
વિષયી જીવથી પ્રીત જ કરે, તત્ત્વદર્શી ઉપર અભાવ જ ધરે;
માન પાન વિષયાદિક ભોગ, તત્ત્વદર્શીને સર્વે રોગ;
અખા તે ગુરુના મનમાં ખરા, જીવ આવકાર દઈ બેસાડે પરા. ૬૪૦

ગુરુ થઈ બેઠો સેનો સાધ, સ્વામીપણાની વળગી વ્યાધ;
તે પિડાથી દુઃખિયો થયો, રોગ કરાર અનુભવથી ગયો;
વાયક જાળમાં ધુંચવી મરે, અખા જ્ઞાનીનું કહ્યું કેમ કરે. ૬૪૧
જ્ઞાનીને તો સર્વે ફોક, બ્રહ્માદિ લગી કલ્પ્યા લોક;
ત્રણ કાંડ કાળની માંડણી, તત્ત્વવેત્તાએ એવી ગણી;
તેની વાત ન જાણે ગૂઢ, અખા ગુરુ થઈ બેઠો મૂઢ. ૬૪૨
સ્વામી થઇને બેઠો આપ, એ તો મનને વળગ્યું પાપ;
શિષ્ય રાખ્યાનો શિરપર ભાર, ઉપર ત્યાગ ને અંતર પ્યાર;
આશા રજ્જુને બાંધ્યો પાશ, અખા શું જાણે જ્ઞાનીની આશ. ૬૪૩
જ્ઞાની ગુરુ ન થાયે કેનો, બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર તેનો;
અન્ય જીવની તેને શી પડી, જે તેને ઘેર નિત્ય કાઢે હડી;
સેજ સુભાવે વાત જ કરે, અખા ગુરુપણું મનમાં નવ ધરે. ૬૪૪
ગુરુ થઈ મૂરખ જગમાં ફરે, બ્રહ્મવેત્તાની નિંદા કરે;
ભૂત કાળમાં જે થઈ ગયા, તેની મનમાં ઇચ્છે મયા;
અખા વેલી કેમ ટાળે વ્યથા, જે નિત્ય વાંચે મડદાંની કથા. ૬૪૫
જે પગલાં અગ્નિમાં જળે, તેને શરણે કાળ કેમ ટળે;
પડતું પક્ષી રાખે આકાશ, એમ પગલાં તે આપે વાસ;
નહીં પગલાંને શરણે જા, ત્યારે અખા ભવની મટે અજા. ૬૪૬
ચરણ શરણ તો ખોટી કરી, વણ ચરણોનો દીઠો હરી;
ચરણ જળે કે ભૂમાં દાટ, કે શ્વાન શિયાળિયાં કરડે કાટ;
તેની શરણ અખો શું ગ્રહે, જે સમજે તે એવું લહે. ૬૪૭
જો જો રે ભાઈ વાતનું મૂળ, પેટ ચોળી ઉપાડ્યું શૂળ;
એક સમે ખર ભાડે ગયો, કાંદા દેખી ગળિયો થયો;
ખરે આપી તેજીને પેર, એવું જાણી અખા જુતો ઘેર. ૬૪૮
કથા કરી તે શુકજી ખરી, પરીક્ષિતને મેળાવ્યા હરી;
શીખ થઈ ત્યારે આપ્યું શું, નગ્ન થઈ ગયા વનમાં પશુ;
નિઃસ્પૃહિની એવી છે કથા, અખા બીજી પેટ ભર્યાની વ્યથા. ૬૪૯
રઘુ જદુરાજની વાત જ કહે, હત્ત ભરથનું ઓઠું લહે;
અજગર વરતી વનમાં પડ્યા, તે કયાંથી આવી ચડ્યા;
તેને પોતા સરખા કર્યા, અખા ઘેર ઘેર ઉપદેશ ન કહ્યા. ૬૫૦

દેહાભિમાન હતું પાશેર, વિદ્યા ભણતાં વાધ્યું શેર;
ચરચા વદતાં તોલું થયો, ગુરુ થયો ત્યાં મણમાં ગયો;
અખા એમ હલકાથી ભારે હોય, આત્મજ્ઞાન તે મૂળગું ખોય. ૬૫૧
શશશૃંગનું વહાણ જ કર્યું, મૃગતૃષ્ણામાં જઈને તર્યું;
વંઝ્યાસુત બે વહાણે ચડ્યા, ખપુષ્પનાં વશાણાં ભર્યાં;
જેવી શેખશલીની કથા, અખા હમણાં આગળ એવા હતા. ૬૫૨
જ્યાં જોઈએ ત્યાં ફૂડે ફૂડ, સામે સામા બેઠાં ધૂડ;
કોય આવી વાત સૂરજની કરે, તે આગળ જઈ ચાંચ જ ધરે;
અમારે હજાર વર્ષ અંધારે ગયાં, તમે આવા ડાહ્યા કયાંથી થયા;
અખા મોટાની તો એવી જાણ્ય, મૂકી હીરો ઉપાડ્યો પાણ. ૬૫૩
લીલાં વૃક્ષને ઓથે રહે, જેમ પારધી પશુને ગ્રહે;
એમ હરિને ઓથે ધૂતારા ઘણા, ઉપાય કરે કનક કામની તણા;
અખા ગુરુ શું મૂકે પાર, જેના શિષ્ય ગર્દભ ને ગુરુ કુંભાર. ૬૫૪
અંગ આળસ ને તપશી થયો, ઘર મેલીને વનમાં ગયો;
કામ બાણ ન શકયો જાળવી, રડવડતી એક આણી નવી;
શ્વાન ભસાવે હીડે છકયો, અખા હગ્યો નહીં ને ઘર નવ રખ્યો. ૬૫૫
ગોરીના થાવા વડ ભાગ, માતા પાસે આજ્ઞા માગ;
બળદની તે કેમ થાય ગાય, મૂરખ મિથ્યા કરે ઉપાય;
જ્ઞાન વિના તે સાધન એવાં, અખા તેમાં ન લેવા દેવા. ૬૫૬
સૌ અંધામાં કાણો રાવ, આંધળાને કાણાપર ભાવ;
સૌનાં નેત્રો ફૂટી ગયાં, ગુરુ આચાર્ય જ કાણા થયા;
શાસ્ત્રતણી છે એક જ આંખ,અખાં અનુભવની ઉઘડી નહિ ઝાંખ. ૬૫૭
મુંડ મુંડાવી હરિને કાજ, લોક પૂજે ને કહે મહારાજ;
મન જાણે હરિએ કૃપા કરી, માયામાં લપટાણો ફરી;
સૌને મન તે કરે કલ્યાણ, અખા એને હરિ મળ્યાની હાણ. ૬૫૮
જ્ઞાતાનો એવો ઉપદેશ, પંચના ગુરુ તે સધળો વેશ;
ઘર ઘર માહાત્મ્ય વધારતા ફરે, દામ ચામનાં જતન જ કરે;
અખા જ્ઞાતાની ન માને વાત, સાચું કહેતાં ખીજે સાત. ૬૫૯
હરિને કાજે ઘાટ જ ઘડે, નિજ સ્વરૂપથી પાછો પડે;
પાણો કહે હું પર્વત લહું, એ આશ્ચર્ય તે કેને કહું;
અખાથકી તે બીજે હરી, જેમ પર્વતમાંથી પાણો જ ખરી. ૬૬૦

જાણપણામાં જાડા થયા, ડહાપણ ડોળી રોબડ રહ્યા;
નીર હતું તે કીચમાં ગયું, આતમ થકી તે અળગું રહ્યું;
છે તો ઘણો નવ દીસે ચંદ, કહે અખો માયાનો ફંદ. ૬૬૧
અનંત કળામાં અદકા ખરા, બ્રહ્મવેત્તા એ સૌથી પરા;
વેદ બ્રહ્માએ પૂજ્યા હરિ, તેથી લક્ષ જાજનો દૂરી;
ભૂત ભવિષ્ય ને અજપા જાપ, અખો નહીં તો શેનો થાપ. ૬૬૨
વૈષ્ણવ ભેખ ધારીને ફરે, પ્રસાદ ટાંણે પત્રાવળાં ભરે;
રાંધ્યાં ધાન વખાણતા જાય, જેમ પીરશે તેમ ઝાઝાં ખાય;
કીર્તન ગાઇને તોડે તોડ, અખો કહે જુવાનીનું જોર. ૬૬૩
જ્યારે મન પામ્યું નિજ ભાન, ત્યારે સર્વે થયું સમાન;
સપ્ત પુરી મધ્યમ મારું આજ, સર્વસ્વ હાર્યે ભાંગે જાજ;
જેમ કરી કવાથ રોગીને વિષે, પણ અખા અરોગી સર્વે ભખે. ૬૬૪
કે આળસ કે ક્રોધે થયો, વાટે વેષ પહેરીને ગયો;
નહિ મહેનત વેઠે નહિ શાય, વંદે વિશ્વ એ ફળ મહિમાય;
હરિને અર્થે એક વિચાર, અખા સમું પડે તેમ રહે સંસાર. ૬૬૫
જાય સમૂળો સદ્ય સંસાર, કરતાં આત્મતત્ત્વ વિચાર;
અન્ય ઉપાયે નથી એ જવા, સામા બંધ બંધાએ નવા;
કર્મ કરતાં નાવે છેક, અખા વિચારે ન મળે શેષ. ૬૬૬
અખા વસ્તુ વિચારે બ્રહ્મ, અંતરભૂત જાણવાં કર્મ;
જેમ પ્રત્યક્ષ પોગર દિશે લોહ માંય, ગાળે ત્યારે ફીટી જાય;
પાછો વળી ઘડાએ ઘાટ, ત્યમનો તેમ પોગરનો ઠાઠ. ૬૬૭
તેજ લોહનું જ્યારે દર્પણ કરે, શિકલ કરીને મશકલો ફરે;
તેજ નીકળે પોગર ઢંકાય, આપોપું દીસે તે માંહે;
અખા જ્ઞાનની એવી પેર, કોટી જુગે કાં આજ આદેર્ય. ૬૬૮
લોહ ગળતે દીસે પોગર ગળ્યા, ઘાટ થાતાં તે પાછા વળ્યા;
અહંતારૂપી લોહ છે સદા, ઘાટ થયા વિના રહે કદા;
અખા અહંતા લોઢું માર, મર્યાં પછી તે તરશે વાર. ૬૬૯
જે જળમાં લોહ બૂડી જતું, તે ઉપર દીસે રમતું;
તેમ ભવસાગર હરિસાગર થયો, જ્યારે આપોપાનો ભાર જ ગયો;
અખા મધ્યથો જા તું ટળી, બંધ ને મોક્ષ થકી ક્ષમા મળી. ૬૭૦

અખા બ્રહ્મ છે બાધું નામ, તે મધ્યે અળગાં અળગાં ગામ;
જેમ બાધું જોતાં એક જ ઝાડ, વિગતે જોતાં ભાંગે જાડ;
રંગ સ્વાદ પત્ર ફળ ફૂલ, સદ્‌ગુરુ મળે તો ભાંગે ભૂલ. ૬૭૧
જાગ જોગ મંત્ર ફળ ને સિદ્ધિ, એ બ્રહ્મ ઉદરમાંહેલી રિદ્ધિ;
અંશી નર ઉદ્યો આપમાંહી, સ્વપ્ને ભોગવે ત્રણ તાપ ત્યાંહી;
વિધિ સહિત પરબ્રહ્મને જાણ, ત્યારે અખા ટળે ભવતાણ. ૬૭૨
આત્મલક્ષમાં નહિ પર આપ, વણ સંતાને કેનો બાપ;
વણ જોનારે દર્પણ જથા, બિંબ પ્રતિબિંબની કોણ કહે કથા;
અખા દ્વૈત થયે ઉપાધ્ય, તન મન વિના એ સાધન સાધ્ય. ૬૭૩
બ્રહ્મજ્ઞાની બહુ ભેળા થઈ, બ્રહ્મના દેશની વાત જ કહી;
બ્રહ્મવિદ્યા રહી બ્રહ્મને દેશ, પોતામાં નવ આવ્યો લેશ;
થઈ થઈ વાતો સહુ કોઈ કહે, અખા અણુચવ્યો કોક જ રહે. ૬૭૪
અણુચવિયાનાં એ એંધાણ, જે સારાં માઠાં ઝીલે બાણ;
અધ્યાત્મ ન જાણે આત્મ થકી, નોખો નોખો કહે છે બકી;
પ્રોતે જાણે હું આત્મવેત્તા થયો, તે થાવામાં દેહભાગ જ રહ્યો. ૬૭૫
પોતે ટળીને સગળું પ્રીછ, વાટે ચાલતાં આંખ મ વીચ;
અદ્વૈત દ્વૈતનાં કરે છે કામ, સગુણ નિર્ગુણ ધાર્યાં નામ;
સગુણ નિર્ગુણ એ બે છે જોગ, પોતે ટળશે તેને પડશે ભોગ. ૬૭૬
પોતે ટળ્યા તે પિછ્યા જાણ, તેને શોભે સઘળી વાણ;
પોતે ટળ્યા વિન્યા શા કામના, એ તો અકૃતે વધારી કામના;
કહે અખો કાં ફોકટ પુલ, ભણ્યાગણ્યા પણ ન ટળી ભૂલ. ૬૭૭
ભણ્યાગણ્યા તો તે પરમાણ, જે જાણપણું ટાળીને જાણ;
મૂળ સ્વરૂપે જે કોઈ થયો, તેને ભણ્યાનો સ્વભાવ ગયો;
અખા એમ સમજ્યા તે મહંત, તેને સત્‌ચિત્ આનંદ વદે વેદાંત. ૬૭૮
વેદાંતે વાત વિચારી અશી, ને શ્રોતા વક્તા સમજ્યા જશી;
વેદાંત વાયક મોટો ભેદ, આસુરીનો કર્યો ઉચ્છેદ;
દૈવી તો છે ધણીનું રૂપ; અખા અસુરી ઉંડો કૂપ. ૬૭૯
આસુરી દૈવીને ગડબડ થઈ, દીસે દૈવી તેમાં આસુરી રહી;
માટે જ્ઞાની ટળતા ફરે, જેમ રુડે ઘેર જાતાં શ્વાનથી ડરે;
અખા શ્વાન જો પ્રબ્રહ્મે થાય, તો રુડાને ઘેર રુડો જાય. ૬૮૦

ઘર તો સઘળાં રુડાં કર્યાં, ત્યાં અસુરી રૂપે ભસે કૂતરાં;
સમજુ ઘણા પણ શ્વાનનો સંગ, વણ ટેવે જેમ વણશે રંગ;
અખા આસુરી કુતરાં જાણ, આશાની ભક્તિ મોટી હાણ. ૬૮૧
નિરાશી ભક્તિ જે કોઈ કરે, તેનું સહેજે કારજ સરે;
સ્વરૂપ તે અરૂપે અદ્વૈત થાય, દ્વૈતાદ્વૈતનો લેશ જ જાય;
આત્મ અનુભવે હોય પ્રકાશ, અખા અહંકાર તે પામે નાશ. ૬૮૨
અહંકૃતિ તજી સ્મરણ કરો, મન ક્રમ વચન હરિવડે આદરો;
ગવરાવ્યા જશ હરિના ગાઓ, હરિના છો ને હરિના થાઓ;
અહંતે અણછતા ન થયા, છતા ધણીથી છેટા રહ્યા. ૬૮૩
છતો ધણી તું છબીલો જાણ, જેની શોભે સઘળે વાણ;
છતો ધણી છે વાણી રહિત, છતો ધણી છે શબ્દાતીત;
એમ વાચ્યઅવાચ્ય જેને સબળું ઠર્યું, અખા તેહનું કારજ સર્યું. ૬૮૪
સાચો મારગ જે કોઈ લિયે, મિથ્યા મારગ મૂકી દિયે;
અટળ વસ્તુને અહોનિશ ધાય, ટળણે બાંધણે બાંધ્યો ન જાય;
ટળમાં રહે અટળશું પ્રીત, અખા એવા પુરુષની થાશે જીત. ૬૮૫
જાણી વસ્તુને ઉપનો વૈરાગ, અણછતું આવરણ ન પામે લાગ;
ઓળખ્યા ચોર ને સાવચેત થયા, વળતા તે તો કુશળ રહ્યા;
અચેતને ચોર લુંટી ગયા ભાઈ, સાવચેતને ઘેર આનંદ વધાઈ. ૬૮૬
આનંદ વધાઈ અનુભવથી થાય, અજ્ઞાન ગાંઠો છૂટી જાય;
અનેક જુગનું આવરણ જેહ, જ્ઞાનવજ્રથી ભાંગે તેહ;
ધન ધન જ્ઞાની જનનું ગાત્ર, જગત જાણ્યું જેણે તૃણમાત્ર. ૬૮૭
જ્ઞાની તે જે કરે વિચાર, પરપંચ તજે ને સંધરે સાર;
સકળ કામના સવળી કરે, વાસના વપુ ઠેકાણે ઠરે;
ટાળે આપ ને ભાળે ઈશ, અખા એવા પુરુષને મળે જગદીશ. ૬૮૮
મોટી તાણ છે પંથજતણી, નહી જુજવા એક છે ધણી;
પોતાના ઇષ્ટની પાળવી ટેક, સકળ ઇષ્ટનો અધિપતિ એક;
જેમ રાજા એકને પ્રજા જુજવી, અખો એ રીતે જુવે અનુભવી. ૬૮૯
રાજાનું જેમ શેહેર જ એક, પ્રજા જુજવી વર્ણ વિવેક;
દંભી હોય તે રહ્યા ચડભડે, તેનું નામ તે ખરડે પડે;
સર્વેને મળતો થઈ જાય, અખા આખું શહેર તેના ગુણ ગાય. ૬૯૦

એ દૃષ્ટાંત ન સમઝે કોય, સહુનું બળ સહુમાંહે હોય;
જ્ઞાની જ્ઞાને કરીને કહે, મતિયો મતના મતમાં રહે;
જાવા દો જાણે તેમ થાએો, આપણ આપણા અવગુણ ગાએો. ૬૯૧
અવગુણ મ જોશો પ્રભુ મહારાજ, તમારા બાનાની તમને લાજ;
જેમ કોઈ કોના થઇને ફરે, તે તો તેની પક્ષ જ કરે;
તમે તમારાની પ્રભુ કરો સાર, અખા કરું વિનતિ તજી અહંકાર. ૬૯૨
અહંકાર તજીને આશે રહ્યો, મન કર્મ વચને તમારે થયો;
જેમ કાષ્ઠની પુતળી નાચે નરી, તે કળ સુતારે તમારે કરી;
વાજું વજાડો તો વાજે તદા, વણ વજાડયું ન વાજે કદા. ૬૯૩
વાજું હું તમો વજાવણહાર, તે વાજું શ્યાને ધરે અહંકાર;
તે જોતાં સર્વ તમારાં કામ, આ અછતાનું અછતું નામ;
ઘણુંઘણુ વાજું ધ્વનિકર થવે, અખા આસુરી કર્તવ્ય અવળું લવે. ૬૯૪
આસુરીના ફેરા ફરે છે જંન, તે નવ જાણે વસ્તુ તંન;
મૂળ આસુરી નવ ઓળખે અંધ, તો દૈવીનો કયાં મળે સંબંધ;
ચોર શાહની ચિંતા કરે, અખા વળતો શાહ ચોરથી ડરે. ૬૯૫
ડર્યા શાહ તે પારે થયા, જખ મારીને ચોર જ રહ્યા;
કાઢી મૂકયા ક્રોધ ને લોભ, સાથી કીધા શીળ સંતોષ;
જ્ઞાનેન્દ્રિય કર્મેન્દ્રિય જેહ, સર્વે સવળી થઈ છે તેહ;
અંતઃકરણ કહિયે જે ચાર, થાય અહર્નિશ જ્ઞાનવિહાર. ૬૯૬
જ્ઞાની વિહારી ગોપી જશા, તેમ જ્ઞાની જોને ગોપીની દશા;
ગોપી ભૂલી ઘર ને બાર, ગોપી ભૂલી કુટુમ્બ પરીવાર;
પોતાની દેહ પણ ભૂલી ગઈ, અખા કામની કુળવંત થઈ. ૬૯૭
પ્રસન્ન થઈ પ્રભુ પ્રેમે મળ્યો, જોગ જોગારથ કરવો ટળ્યો;
વિધિ નિષેધ ને થાપ ઉથાપ, સંકલ્પ વિકલ્પ ટળ્યો સંતાપ;
પ્રગટ્યો ઉરમાં પ્રેમાનંદ, પિયે સુધારસ પ્રેમદા વૃંદ;
સખી સમાગમ સદા નિજધામ, અખા અખેરસ તેનું નામ. ૬૯૮
અખેરસની ચાલે છે નદી, તે બ્રહ્મવેત્તા પીએ ભગવદી;
આળપંપાળ જોને આળસ્યું, સમ દૃષ્ટિ સમજ્યા તે સમું;
કંઈ કંઈ કહેણી કથતા ફરે, અખા બ્રહ્મવેત્તા ભાગ્યે બીસરે. ૬૯૯

બ્રહ્મવેત્તા કેમ દર્શે ભાઈ, જે બ્રહ્મ કળામાં રહ્યા સમાઈ;
મેલી આંખે જે કોઈ ધાય, બ્રહ્મવેત્તા કેમ દર્શ્યા જાય;
અખા આંખ જો ઉપજે નવી, તો બ્રહ્મવેત્તા દર્શે અનુભવી. ૭૦૦
મેલી આંખને બેસે મળો, કથા કીર્તન કરે થઈ ભલો;
પછી સામસામા થઈ કરે જબાપ, અહંકૃતિ જ્ઞાને વાધે આપ;
કેટલાકને બુદ્ધ કથ્યાનું જોર, અખા સિદ્ધાંત ન સમઝે કરે બકોર. ૭૦૧
સમજુને સમજુનો સંગ, અણસમજુને આપે અંગ;
સમજુ અણસમજુ મર ભેળા ભમે, ભેળા બેસે ને ભેળા જમે;
અણસમજુ તે આંધળા કુત્રા, સમજુ સજ્જનં સરસો ગાઉ જુત્રા. ૭૦૨
વસે વેગળા મર સમજુ સજ્જન, તોયે ત્યાંથી અર્પે મંન;
પ્રપંચ રીતે ન રાચો ભાઈ, એવી પરાપરની છે સગાઈ;
એમ અનુભવી અનુભવીને લખે, અળગો રહે વિંધાણા પખે. ૭૦૩
નેહે વેંધ્યો તે જાણે આપ, સાજાને થ્યો નેહુનો સંતાપ;
સાજો તે સાજાને ગાય, નેહની વેદના વેંધ્યાને થાય;
સાજા તો શાકટને જાણ, નેહનો વેંધ્યો તે જ્ઞાની વખાણ. ૭૦૪
શાકટને તો અનીતિ સાર, જેમ કાગને અશુભનો આહાર;
તે તો તેનું માને સુખ, કાળો કાળનાં ભોગવે દુઃખ;
શાકટને લાગે સુધારસ બાણ, પણ જ્ઞાનીના તો વેંધે પ્રાણ. ૭૦૫
જ્ઞાની વજ્રને સુધા કરિ ગણે, શાકટ તો સુધાને વિષ ભણે;
શાકટ જ્ઞાની બેઉ જાણવા માંય, અળગ કોઈ મ કહેશો કયાંય;
શાકટનો પ્રવૃત્તિ પરિવાર, જ્ઞાનીનો તો નિવૃત્તિ કુમાર. ૭૦૬
એ બેઉને કરિયે એક, તો ગાદિયે બેસે જ્ઞાન વિવેક;
જ્ઞાની વિવેકી ઠેરાવ્યા રાય, આસુરીનાં થાણાં ઉઠી જાય;
અદ્રશ્ય થયું ત્યારે સવાશેર, વિષ્ટિ કરતાં ચૂકયું વેર. ૭૦૭
આનંદ મંગળ ઓચ્છવ થાય, હરિનાં જન તે હરિજશ ગાય;
હરિજશ ગાય તે શું કહે, આપ ટાળી ભજનમાં રહે;
પછી અખા શહેરની શોભા નવી, જેમ વીતી રજની પ્રગટ્યો રવી. ૭૦૮
હું હું રૂપી વીતે રાત, તેને ટળતાં થાય પ્રભાત;
જેને પુરુષોત્તમ થાય પસાય, તેને સર્વે સવળું થાય;
અખા વસ્તુ આફરડી નવ મળે, આરત રાખી ધણીને બળે. ૭૦૯

આરત વિના ન ઉપજે હેત, આરત વિના પૂજારો પ્રેત;
પુંસ્ચલી ભેંશ ન માંડે પગ, જોર કરીને થાક્યા ઠગ;
ઉપાડે ઘણા પણ ઉભી ન થાય, અખા જોર કરનારા પાછા જાય. ૭૧૦
નથી વાંક વિસ્ચંભર તણો, જે કહિયે તે વાંક આપણો;
જેમ કોઈ ભોજન જમાડવા કરે, ત્યાં રિશાણો તે રિશે ફરે;
પૂર્ણાનંદ પીરસનારો રહે, અખા અભાગિયાને કોણ કહે. ૭૧૧
પૂર્ણાનંદ તો પૂર્ણ દયાળ, સર્વ જીવની કરે સંભાળ;
દયા સારુ લે દશ અવતાર, અસુર નિકન્દન ભક્ત ઉદ્ધાર;
દયાએ કીધું ગીતા ભાગવત, દયા કરી સરજ્યા સંત;
દયા સારુ દાખવ્યા ધર્મ, અખા હરિનો મોટો મર્મ. ૭૧૨
આત્મ ઉપકાર કઈ પેરે કરે, કોણ ઉપકારે આત્મા ઠરે;
ભક્ત યથારથ જે કોઈ હોય, આત્મા સહિત સમર્પે સોય;
કરી સમરણ નિર્મળો થાય, અખા ધણીના થકા ઠેરાય. ૭૧૩
દેહ કાળ દ્વૈત પદને નડે, જેમ સજીવન સાથે સજીવન લડે;
પણ જીવન્મૃતક જે વિરલા ભમે, તેને તે સજીવન શું દમે;
જડ ચૈતન્ય તે શબની સમાન,અખા તે જ સજીવન જેને વસ્તુજ્ઞાન. ૭૧૪
જગત પ્રપંચ એમ ચાલ્યો જાય,જીવપણે જીવે તે સજીવ કહેવાય;
જડવત્ જીવનો એવો મતો, જીવન્મૃત જ્ઞાની ગણવો અણછતો.
મૃતકજ્ઞાની તે સજીવન સહી, અખા જીવપણે જીવે તે જીવતો નહી. ૭૧૫
મૂળ સ્વરૂપ કહ્યું નવ જાય, એક સ્વરૂપ તે કેમ કહેવાય;
પ્રભુ આકાશથી ઉંચા ઘણા, ઉંડાપણની નહિ કંઈ મણા;
દશે દિશામાં વ્યાપક અનૂપ, એ હૃદયે થાય કેમ અકળ સ્વરૂપ;
પૂર્ણાનંદે કરી વિચાર, સ્વરૂપ ધારણ કર્યો ઉપકાર. ૭૧૬
જેને જડ્યું તેને સમું ફળ્યું, જેમ બીજે રૂપ ઢળેવણ ઘડ્યું;
વણ ઘડ્યો જેમ ઉપજે ઘાટ, અહંકૃત જ્ઞાન એ મોટો ઉચ્ચાટ;
નિત્ય અનિત્ય સમજ્યું ખરું, અખા પ્રપંચને મેલે પરું. ૭૧૭
સમજુ શાખી અર્ધી આચરે, તેની તરોવડ શું પંડિત કરે;
પંડિતને પંડિતાઇનું જોર, પણ અંતઃકરણમાં અંધારું ઘોર;
અખા તેથકી પ્રાકૃત ભલા, જે આવે સમજ્યાની કળા. ૭૧૮

શબરી સંસ્કૃત શું ભણી હતી ભાઈ, કયા વેદ વાંચ્યા કરમાબાઈ;
વ્યાધ તે શું ભણ્યો તો વેદ, ગણુકા શું સમઝતી ભેદ;
વળી સ્વપચની સમઝ્યો રીત, અખા હરિ તેના જેવી સાચી પ્રીત. ૭૧૯
ઝીણી માયા તે છાની છરી, મોડી થઇને મારે ખરી;
વળગી પછી અળગી નવ થાય, જ્ઞાની પંડિતને માંહિથી ખાય;
પણ ઝીણો થઇને ઝીણી હણે, અખો સાચી પ્રીત તેની ગણે. ૭૨૦
નહાયા ધોયા ફરે પુટડા, ખાઈ પીને થયા ખુંટડા;
જગત પ્રમોદે જાડા થઈ, પણ ઝીણી માયા તે માંહી રઈ;
કાય કરે તે ઝીણીની પક્ષ, તે ઝીણી જાડાને કરશે ભક્ષ. ૭૨૧
છતી આંખને જઈ આથડે, જેમ પતંગિયો દીવામાં પડે;
જો કદાપિ ઉપજે વૈરાગ, તો મોડી માંહિથી ન દીએ માગ;
કોઈ કમાય ને કોઈ ખાય, કહે અખો મુડી કયાંથી થાય. ૭૨૨
મુડી વણ કંઈ મહીપતિ વહ્યા, મુડી વણ કંઈ લોક જ રહ્યા;
મુડી વણ કંઈ કહાવે મહંત, મૂડી વણ કંઈ ભેખ અનંત;
મુડી વણ કંઈ ધનવંત ઘણા, હીરા માણેકની નહીં કંઈ મણા;
અખા રહેણી આંક લખ્યો નહિ એક, એમ એકડા વેાણાં મોંડાં અનેક. ૭૨૩
અનેક રૂપે માયા રમે, ત્યાં તેની જ્યાં જેવું ગમે;
વળી જો કોઇને જ્ઞાન ઉપજે, તો જ્ઞાની થઇને ભેળી ભજે;
જે કર્મ હોય મૂકવા જોગ, અખા તેનો જ પડાવે ભોગ. ૭૨૪
એવા માયાના ઘણા છે ઘાટ, જ્યાં જોઇયે ત્યાં માયાનાં હાટ;
હાટે હાટે વહોરતા હોય, કોય ખાટે કોય મૂળગું ખોય;
ધન વોહોરતિયા જેણે વસ્તુ જોઈ, અખા પ્રેમનાં પાત્ર વડા નર સોઈ. ૭૨૫
મોહ માયા નરમાઇને શું કરે, બળતી અગ્નિ પણ જળમાં ઠરે;
તૃણ તરુવરને અગ્નિનો ભેય, આકાશ દાઝ્યું તે કોય ન કહેય;
એમ અલ્પ આનંદિ સદા અલ્પાય, અખા પ્રેમાનંદનો પ્રલય ન થાય. ૭૨૬
પ્રેમાનંદની ભક્તિ આકરી, વસમી વાટ મહા ખરે ખરી;
કામ રહિત તે કામનો વેશ, તેનો જ્ઞાની પંડિતને ન લાધે દેશ;
પ્રેમાનંદી જ્યાં ગાય ને વાય, અલ્પાનંદીને અટપટું જણાય. ૭૨૭
અલ્પાનંદી પોતાને પ્રેમાનંદી ભણે, જેમ વાંઝણી પુત્ર ખોળામાં ગણે;
વાંઝણી પુત્ર તે શોભા અભિમાન, પણ ઉદરમાં નથી ઉપન્યું ગણે સંતાન;
એમ અલ્પાનંદી પોતાને ગણે ભલ, અખા પ્રેમાનંદથી ઉપન્યો પલ. ૭૨૮

એમ ગાય વજાડે ગુણિજન ઘણા, રંગે રૂપાળા નહિ કાંઈ મણા;
કંઠે સુર તાળી ને તાન, ગમે ગંધર્વને પાતરનું ગાન;
પણ અખા એ તો કસબણ કહેવાયે, પ્રતિવ્રતા પૂર્વે તેમ ગાય. ૭૨૯
પતિવ્રતા જે પિયુને ભજે, અનાયાસે અવરને તજે;
તેનાં વસ્ત્ર સાંધ્યાં જેમ તેમ, તેની બરાબરી વેશ્યા કરશે કેમ;
અખા પતિવ્રતા કરૂપણી હોય, પણ મોટો ગુણમાંહે પતિવ્રત જોય. ૭૩૦
પતિવ્રતા તે જે સાચું વદે, સાચું બોલ્યું કેને ન સદે;
સાચું જેમ લીંબડાંનું પાન, તેમ કડવું લાગે સર્વે જ્ઞાન;
કડવે રોગ કાયાનો જાય, અખા મીઠાણે રોગ બમણો થાય. ૭૩૧
રોગીને તો કડવું ઘટે, લીંબડો પીધે લોક માંહિથી મટે;
નિર્ગુણ લીંબડો જો રોગ નિર્ગમે, તો સગુણ ભોજન સુખે જમે;
નિર્ગુણ થઈ સગુણમાં મળે, તો અખા દૂધમાં સાકર ભળે. ૭૩૨
વિષય સગુણ તે વિષનું રૂપ, હરિ લીલા સગુણ તે અમૃત રૂપ;
વિષય અમૃત જો ભેળાં થાય, તો બળતું સર્વે વિષ થઈ જાય;
નિર્વિષપણે કરે પ્રેમકલ્લોલ, અખા સર્વે મીઠું જેમ ઘી ને ગોળ. ૭૩૩
નિર્વિષપણું તે સજીવન દશા, વિકાર સહિત તે મુડદાં જશા;
મુડદાંની આભડશેઠ ઘણી, તે આભડશેઠ કોઇએ નવ ગણી;
અળગી આભડશેઠ જોવા જાય, પોતાની આભડશેઠ પલ્લે ન થાય. ૭૩૪
પોતાનું કોઈ ન જુવે મૂળ, કોણ છે જીવ ને કોણ છે સ્થૂળ;
કયો જીવ ને કયો એ દેશ, કયાંથી આવી કર્યો પ્રવેશ;
જાતો ક્યાં તે સમાસે જઈ, અખા એ અજ્ઞાનપણ સર્વ માંહી. ૭૩૫
અજાણી વસ્તુ મહા અનૂપ, ધણીના અંશ ને ધણીનું રૂપ,
જેમ અર્ણવ જળ રણમાં પરવરે, જમે ત્યારે નામ તેનું નોખું ઠરે;
તેમ ધણીના અંશમાં પરવર્યા ભાઈ, અસુરી રણમાં રહી સમાઈ. ૭૩૬
અજ્ઞાની કહે હરિ એમ કેમ હોય, નોખો નોખો ઘણું વગોય;
સુખિયો દુઃખિયો થઇને દળાય, એવી ગડબડ કહો કેમ કળાય;
અખા તેનો આણ જવાબ, જે સુખ દુઃખથી હરિ અળગા આપ. ૭૩૭
જેમ લુણ આવી આંધ્રણમાં ઉકળે, તો અર્ણવ તેથી શે ન બળે;
તેમ સુખ દુઃખ સઘળાં જીવને, તેમાંથી કાંઈ નથી શિવને;
લુણજળ થઈ જળમાં ભળે, એમ સુખદુઃખ અખા દાસ થયે ટળે. ૭૩૮

લુણ તો જળમાં થઈ જળ થયું, ત્યારે લુણપણાનું નખોદ ગયું;
ઘણા કહે જ્યોતમાં જ્યોતસમાઈ,એમ દાસનું નખોદ ન હોય ભાઇ;
જળનું લુણ તે જળમાં ખપે,અખા હરિના દાસ તે હજુરમાં જપે. ૭૩૯
નકલ એમ ઉરમાં નહિ આણ, હરિજન રૂપ અસલ કરી જાણ;
એ દિઠે આપણો સરશે અર્થ, જોયા કરે મર જુજવા ગ્રંથ;
થડથકી તો ડાળે ચહડાય, અખા ડાળેથી થડે ઉતરાય. ૭૪૦
થડને ગ્રહો એમ સઘળા કહે, પણ ડાળ વિના ફળ કયાંથી લહે;
એકલું થડનું થડ જો હોત,તો કોણ કહેનાર ને કોણ આ જોત;
અખા ડાળ પત્રપુષ્પફળ થડમાં,તેમ લીલા અવતાર નામ સર્વેઅટલમાં૭૪૧
ઉપમા સહિત જે આતમા કથે, તે મહી વિના જેમ પાણી મથે;
પાણી વિના જે મહી ડોળવું, તે ભાંગે ઘણું પણ થાય ઘોળવું;
જુગતી જાણ્યાવિના જો એકલું ધ્યાય, તો અખાએકલે નવનીત થાય. ૭૪૨
તેમ આપ ટાળી જો જુગ ઓચરે, તો ગુણવડે ગુણાતીતને વરે;
ગોરસને જળ ભેગાં મળે, મથે તો રૂપ મહી જળનું ટળે;
મથતાં માખણ થાય પ્રકાશ, અખા પછી રહી તે પરથી છાશ. ૭૪૩
નવનીત કમાયો જુગતેકરી,જેમ દેહઆતમાવડિયેઓળખ્યા હરી;
તે વિવેકી સદ્‌ગુરુએ વલોવ્યું જદા, નવનીત નિરાળું પામ્યો તદા;
અનુભવ અગ્નિએ કિધું તૂપ, અખા ભાળ એ બ્રહ્મસ્વરૂપ. ૭૪૪
મન મૂકી જેણે ભક્તિ કરી, તેણે દીઠા નિરંતર હરી;
પૈની પેરે ઘરમાં વસ્યો, તે શોકે ન રોયો ન હર્ષે હસ્યો;
અખા તે જ નર સુખિયો થયો, દ્વંદ્વાતીત નર સુખમાં રહ્યો. ૭૪૫
આદિ કર્મ કીધે જીવ થાય, જેને કારણ અહંતા પરઠાય;
પંડિત જાણે કવિનો મર્મ, અખો જાણે જીવ સાધે ધર્મ;
એ વિગત કરે તે વક્તા ખરો, અણજાણ્યે ભૂલાં કાં ફરો. ૭૪૬

છપ્પા સંપૂર્ણ

સામળભટ

સંસારી વાર્તાઓ રચનાર એક મહા કવિ

નંદબત્રીશી

ચોપાઈ

શ્રી શારદાને નમાવું શિષ, આરાધું ઉમયાપતિ ઈશ;
શ્રી ગણપતિના પૂજું પાય, જેથી કામ સકલ સિદ્ધ થાય. ૧
શ્રી ગણપતિ ને શ્રી રણછોડ, આરાધું બેહૂ કરજોડ;
બટુકનાથ મોટો મહારાજ, લક્ષવસા એ રાખે લાજ. ૨
નોધારાની વાહારે ચઢે, સંકટ સમયે આવી અડે;
બહુચર માતની કરુણા ઘણી, કહું કથા નંદબતરીશીતણી. ૩
કવિતા સહૂતણો પરતાપ, ભૂલચૂક સહુ કરજો માફ;
બ્રાહ્મણ ભાટ ચારણ સહુ વરણ, વંદુ શ્રી હરિકેરાં ચરણ;
પદબંધ ચાતુરી લિલાવિલાસ, કહે કરજોડી સામળદાસ. ૪

દોહરા

પશ્ચિમ દિશાએ નન્દનગર, નન્દસેન રાજન;
રાજ્યકાજ અધિકાર છે, વૈલોચન પરધાન. ૫
તે રાજા ઘણો શિળગુણી, ભોજસમો દાતાર;
કોકસમાને રૂપ છે, કામતણો અવતાર. ૬
સકલશાસ્ત્ર જાણે જુક્તિસું, ચતુર શિરોમણિ સોય;
હંસાનગર નાટક વિષે, નહિ સમોવડ કોય. ૭
મહાભક્ત ભગવાનનો, કામ સમાને રૂપ;
અવિદ્યા એક નહીં, શિલવંત ભડ ભૂપ. ૮
મદ પ્રમાણે મલપતો, છે ઈશ્વર સમ તેજ;
પરજા પાળે પ્રીતશું, સહુથી રાખે હેજ. ૯
દાન દયા કરે ઘણું, લાયક સકલ શુભ ધામ;
ધીર વીર કવિ ચાતુરી, કરે પરમારથ કામ. ૧૦

સ્ત્રી સેવે ભલી ભાતશું, ચતુર શિરોમણિ હોય;
સહુ નાયક નાટક વિષે, નહીં સમોવડ કોય. ૧૧
પ્રતાપવંત પ્રધાન છે, રાજ્યતણો સૌભાર;
અષ્ટાદશ સહુ વર્ણ જે, દક્ષ અને દાતાર. ૧૨
નગર અતિ રળિયામણું, ઇંદ્ર પુરી નિર્વાણ;
રાજ પંડિત પ્રધાન સૌ, નીતિ સકલના જાણ. ૧૩
ઘેર ઘેર મંડપ દ્રાક્ષના, વારું એલચી વન;
પાન ફોફળ લીલા ઘણી, કદલી આમ્રનાં વન. ૧૪
કમળ ખીલ્યાં સરોવર વિષે, બોલે ચાતક મોર;
વેલ ફૂલી વાડિયો ભલી, શુક મેના ચકોર. ૧૫
ઘેર ઘેર દદામાં ગડગડે, ઓચ્છવ અધિકો હોય;
વર્ણવ કરીએ કેટલાં, સાચું કહ્યું સોય. ૧૬
રામરાજ સરીખડું, કોઇને ન ગાજે કોય;
રાજા અને રંકજન, ધર્મ રાજે સૌ રહોય. ૧૭
ભાર અઢાર ફળે સદા, સુખ પામે સહુ લોક;
વ્યાધિ રોગ વ્યાપે નહિ, નહિ સંકટ નહિ શોક. ૧૮

ચોપાઈ

એક સમે પોતે રાજંન, મહિપતિયે વિચાર્યું મન;
તેહ સમે ગઈ છે મધરાત, રાય વિચારે હૃદિયા સાથ. ૧૯
બધા નગરની ચર્યા જોઉં, મારા મનનો સંદેહ ખોઉં;
અનેક વાત તે કેમ બોલાય, ન્યાય અન્યાય કેવો તોળાય. ૨૦
સુણી વાત બધી બહુમુખી, જોઉં પ્રજા સુખી કે દુઃખી;
ચર્યા જોવા થયો અસવાર, અંગે ધર્યાં સોળ હથીયાર. ૨૧
વારુ ઘર મંડપ જોઈ વળ્યો, આપ એકલો પંથે પળ્યો;
જોયું ચૌટું ચાવડિ ને ચોક, જોયાં મ્હોલ મેડિ ને ગોખ. ૨૨
ગલી કુંચી શેરી ને પોળ, જોઈ દુકાન દોશીની ઓળ;
જોયાં વેપારી કેરાં હાટ, જોઈ દશ દિશાની વાટ. ૨૩
જોયું નગર પછિ આવ્યો બહાર, દીઠું સરોવર ભરીયું વાર;
તે વેળા એક ધોબી ધૂવે, તે તો રાજા અચરજ જૂવે. ૨૪
કરે વિચાર નગરનો ધણી, આ વેળા કોણ ધોવાવણી;
ભૂત પ્રેત કે વ્યંતર હશે, બોલાવતામાં નાશી જશે. ૨૫

છાનોમાનો પાસે ગયો, એટલે ઘોળી ઘોતો રહ્યો;
સંગાથે બોલ્યા બેહુ જણા, ભય પામ્યા તે મનમાં ઘણા. ૨૬
કોણ કોણ કોણ કરી દીધો સાદ, માંહોમાંહે લાગ્યો વાદ;
રાજા જાણે કોઈ ઘોળી મુવો, ભડભડતો કે ભૂત જ થયો. ૨૭
પરિયટ જાણે કોઈ આવ્યો પ્રેત, કપટે કરવા મુજશું હેત;
એવો મનમાં સંદેહ પડ્યો, રાજાને મન ક્રોધ જ ચડ્યો. ૨૮

દોહરા

રાજા કહે તું કુણ છે, આ વેળા આ દિશ;
બોલ સાચું ઉતાવળો, નહિ તો છેદું શીશ. ૨૯
ભૂત ભેગો બિતો નથી, ડાકણ કહાડું દૂર;
રાક્ષસને રોળું અમો, તુજને કરું ચકચૂર. ૩૦
ત્યારે પરિયટ બોલિયો, આણી મનમાં તાપ;
તુજથકી બિહિતો નથી, શું છે ભૂતના બાપ? ૩૧
રાજા કહે પ્રથમ કહું, હું તો મારું નામ;
ત્યાર પછી કહે તાહરું, થાય આપણું કામ. ૩૨

છપ્પો–સમસ્યા

કરું રંકને રાય, રાયને રંક કરીજે,
મારે વશ સહુ કોય, કોઈ વશ અમો ન રહીજે;
અનમી ને હંકારિ, વાત સહુ દિલમાં દાખું,
પુત્ર મિત્ર સહુ જન, તેમને લેખે રાખું;
મારણ પાલણ માનવ અમો, પરદેહી જીવ ઘાલું નહીં,
લક્ષ જીવ સાથે નિત નીસરું, તે એકલો આવ્યો અહીં. ૩૩

ચોપાઈ

તે પરિયટે વિચાર્યું મંન, એ તો મારો નંદરાજંન;
ચતુરશિરોમણિ એ છે રાય, હું છું પણ એની પ્રજાય. ૩૪
એણે નામ સમસ્યામાં કહ્યું, લક્ષણ જોતામાં મેં લહ્યું;
હું પણ રાખું મારી મામ, કહું પટંતરે મારું નામ. ૩૫

છપ્પો–સમસ્યા

ધરે અંગ રાય ને રંક, રંક રાજશો દીસે,
શોભે શાહ સુલતાન, માન પામે મન હીસે;

એક વસાનો જંત, કરું હું લક્ષ વસાનો,
મૂજ રીસથી બને, માનવી અર્ધ ટકાનો;
જે ઢાંકણ સહુ જગ વિષે, રૂપ સમારે તાહરું;
અમો સમારું તેહને, નામ સમજી લ્યો માહરું. ૩૬

ચોપાઈ

અરસ પરસ ઓળખિયા બેય, ભાગ્યો મંનતણો સંદેહ;
હરખ બેઉના મનમાં થયો, રાજા પરિયટ પાસે ગયો. ૩૭
આ વેળા તે શું છે કાજ, એકલા કેમ આવ્યા મહારાજ;
નહિ સાથે હસ્તી ઘોડલા, નહિ સાથે પાવક જોડલા. ૩૮
રૂપ અનૂપમ કોમળ જાત, કાળી અંધારી માજમરાત;
સુણ રે પરિયટ રાજા કહે, કહું સંદેહ તે મનમાં લહે. ૩૯
નગરચર્યા જોવા આવિયો, માટે સાથે નથિ કો લાવિયો;
સંદેહ એક ઉપન્યો છે મુને, તે માટે પૂછું છું તુંને. ૪૦
મધ્ય નિશાએ કેમ આવિયો, શા કાજે કોનાં લાવિયો;
મધરાતે તું બેઠો ધૂવે, બીક કોની મનમાં નવ જૂવે. ૪૧
સાચી વાત કહેને આજ, લેશ માત્ર નવ રાખિશ લાજ;
પરિયટ કહે સાંભળીએ રાય, એ સમજી લેજો સમસ્યાય;
કહું સમસ્યા તે મનમાં ધરો, સુણી વાત ને પાછા ફરો. ૪૨

છપ્પો–સમસ્યા

લિયે લંક લપટેણ, ઠેઠ નહિ રામ જ રાવણ,
હરણ સીતને નામ, કામ નહિ પ્રતિત રાવણ;
હણ્યા કૌરવ જે વીર, વીર મન જો તું વિચારી,
કામિનીને મન નેહ, ન શોભે તેવણ નારી;
એક દંતધાવનની બે કરો, તેના નામે નામ છે,
નવસેં નવાણું પૂર્યાં હરી, તેહ સમારણ કામ છે. ૪૩

ચોપાઈ

નવસેં નવાણું પૂરી સુધ લીધી, તેવું કહી સમસ્યા પૂરી કીધી;

નંદરાય–

દિવસે સમારે નહિ શામાટ, અરધી રાતે કેમ આવ્યો ઘાટ. ૪૪
એ અચરત તો મુજને ઘણું, સાચું વચન સુણવા તુજતણું;
એણી પેરે બોલ્યો રાજંન, ત્યારે પરિયટે કહ્યું વચન. ૪૫

છપ્પો—સમસ્યા

દો લોચન ખટ ચરણ, વરણ તો શ્યામ સરીખો,
ઘોર નાદ મુખ પીત, સ્વાદિયો તે પુરરસિઓ;
પીએ પ્રેમ નિશદિન્ન, શીશ મોટો સહુ અંગે,
રસિક મધુર કરિ ગાન, રહે સુગંધી સંગે;
સુઘડ છેલ નર સ્વાદિયો, મદ પ્રેમલ છે અતિ ઘણું,
તેથી આવ્યો છું આ સમે, મુજને ભય છે તે તણું. ૪૬

ચોપાઈ

રાજા મનમાં રીઝયો ઘણું, વચન સુણીને પરિયટતણું;
અરે ભાઈ એવી કુણ નાર, મુજને દેખાડો આ વાર. ૪૭
જેના પ્રેમલ પટકૂલ પાસ, દેખી ભમર ઉતરે આકાશ;
એવી રામા રાણી કો તણી, પૂછે એમ નગરનો ધણી. ૪૮
દેવાંગના એવી કોણ હોય, શીઘ્ર મહીપતિ બોલ્યો સોય;
તે સંભળાવો મારા વીર, મારે હૈડે નવ રહે ધીર. ૪૯
કહે પરિયટ સાંભળો હો રાય, મારા મુખથી કેમ બોલાય;
સતિ નિંદા કેમ કરીએ આપ, થાએ સ્ત્રીહત્યાનું પાપ. ૫૦
સ્ત્રીહત્યાથી બોધ્યા પ્રાણ, સમજો કાંઈ ચતુરસુજાણ;
નારીનો નેહ થોડો કરે, તો ભવસાગર સહેજે તરે. ૫૧

શ્લોક

આહિક્રીડા વણિઙ્મિત્રં લીલયા વિષભોજનમ્।
ત્યજેચ્ચ યોષિતાં સંગં યદિ કલ્યાણમિચ્છતિ ॥ ૬૨ ॥

ચોપાઈ

નંદ રાજા એમ પૂછે ફરી, પ્રબોધ શિક્ષા પરિયટે કરી;
રાજા કહે શું દેછે શાખ, એવી હું જાણું છું લાખ. ૫૩
સાંભળજો નરપતિ શ્રી નાથ, આખર તારો ઉપર હાથ;
જે સમસ્યા અમો કીજીએ, તે બુધાણે બોળખી લીજીએ. ૫૪

છપ્પો—સમસ્યા

વર્ણ સહુથી રંક, અંક રાજાથી ઝાઝો,
વરતે અધિકી આણ, લોક માને જશ આઝો;

તમને જીતે તેહ, તે તમથી ન જિતાયે,
તેહ વચન તમને કહું, એ નર જિતો હો રાય;
ભોગી તમ સરખો ઘણો, આદ્ય અધિકાર અતિ ઘણે,
પરખો જાત પ્રમદાતણી, પ્રમિની નાર ધર તે તણે. ૫૫

ચોપાઈ

રાજસભામાં આવે કામ, તેનું જે કહેવાએ નામ;
રાંધ્યુ અંન જેને કહેવાય, તેનું નામ વિચારો રાય. ૫૬
એ બેનો કરો એક વિચાર, મેં કહ્યું તે નરધેર નાર;
પંખી ઉડે જેને જોર, એ વાતનો એટલો અંકોર. ૫૭
જેને આધારે રહે છે પ્રાણ, ચેતો નામરે ચતુરસુજાણ;
એ બે પ્રીછી કરીએ પેર, મેં કહી સ્ત્રી છે તેને ધેર. ૫૮
ચેત્યો રાજા સર્વે લહ્યું, પરિયટે જે વચન જ કહ્યું;
પ્રીત કરીને લીધો પાર, જુગતે તેને કરિયો જુહાર. ૫૯
સ્ત્રીનું નામ સમજ્યો સાનમાં, ગુણવંત રાય ગયો ગામમાં;
થયાં અંગ ને ચિત્ત પરવશ, જીવ થયો તે સ્ત્રીને હસ્ત. ૬૦
થયું મન ચિંતાતુર અંગ, લાગ્યો તે રામાસું રંગ;
મોહ પામ્યો મન વ્યાકુળ થયો, રંગ મહોલમાં રાજા ગયો;
ન આવે નિદ્રા ન ભાવે અંન, જોહે વ્યાકુળ રાજાનું મંન. ૬૧

શ્લોક

दर्शनाद्धरते चित्तं स्पर्शनाद्धरते बलम्।
संभोगाद्धरते वीर्यं नारी प्रत्यक्षराक्षसी ॥ ૬૨ ॥

છપ્પો

કાને સુણી તખ કોડ, લાખ જખ નયણે નરખી,
બોલી તખ હજાર, સર્વ વાતે પૂર પરખી;
નજર ભઇ રસબસ, દશ મૂલ પાલવગ્રહી.
આલિંગન તખ એક, છુટો મોહ નગન જખ જોઈ;
સ્ત્રી ભાર પટંતરે, અમૂલખ કોડી દ્રામકી,
ચાખી તખ ચિત્તથી ગઈ, નહિ કોડી કામકી. ૬૩

ચોપાઈ

કાને સુણી તવ લાખ કરોડ, માટે મહિપતિને લાગી હોડ;
દુઃખે પાપે વીતી જામિની, વિચાર કરે જોઇશું કામિની. ૬૪

જો જાણે મારો પરધાન, એ વાતે ઘટે મુજ માન;
આદ્ય હૈયે રચ્યો પરપંચ, સ્ત્રીને મળવા કીધો સંચ. ૬૫
પ્રાતસ્કાલે ઉઠ્યો રાય, સંપૂરણ કીધી સભાય;
તે વેળા આવ્યો પરધાન, મંન થકી કીધાં બહુ માન. ૬૬
કહે રાજા હું કહું તે કરો, કચ્છ દેશમાં જઈ પરવરો;
લ્યો ટકા દશ વીસ કરોડ, લાવો ઘોડા મનગમતી જોડ. ૬૭
સર્વ સૈન્ય સુંઢાડો સાથ, દ્રવ્ય અનંત રાખોની હાથ;
જે જોઇએ તે લેજો સહી, કશી વાતની ન્યૂનતા, નહીં. ૬૮
બીજી વાત મા કહેશો વળી, ઉઠો શીઘ્ર કરો આ ઘડી;
જો મુજને ઉપજાવો સુખ, એ વાતનું ન ધરશો દુઃખ. ૬૯
કહે પ્રધાન સાંભળો મહારાજ, શું ઘોડાનું હમણાં કાજ;
રિક્તા તિથિ વૈધૃત્ત વ્યતિપાત, આજ જાતાં થાએ ઉત્પાત. ૭૦
કાલ પરમ માંહે ચાલશું, અશ્વ તમને આણી આલશું;
કહે રાજા સાંભળરે ખ્યાત, મારા મનની ન લહે વાત. ૭૧
જે વાતનો કેડો લીજીએ, સિદ્ધ પાર તેનો કીજીએ;
સભા મધ્ય જો જાય વચન, ત્યારે હું શાનો રાજન? ૭૨
અવળોગ તે તો પહેલો મુને, ત્યાર પછી તો નડશે તુને;
હમણાં જાવાનું ન કરો સહી, આજથકી પરધાન જ નહીં. ૭૩
ચાકર તે જે પાળે બોલ, માણસ તે જે પાળે કોલ;
સ્ત્રી જે પાળે પતિવ્રત ધર્મ, બ્રાહ્મણ જે પાળે ખટકર્મ. ૭૪
પવિત્ર તે પાળે આચાર, હરિજન જે મૂકે સંસાર;
રાજા જેહ પ્રજાપ્રતિપાળ, સત્યવાદી નવ બોલે આળ. ૭૫
પંડિત જે પરખે પુરાણ, સાત્વિક જે હોએ સુજાણ;
જોગી તે જે પાળે જોગ, સંસારી જે સમજે ભોગ. ૭૬
વાર્તિક તે જે વ્રત આચરે, દુઃખભંજન તે સૌ દુઃખ હરે;
પુત્ર તે જે ગયાએ જાય, જિત્યો તે જે ગંગા નહાય. ૭૭
વનપતિ તે જે ધારે ધરમ, સંન્યાસી જે જાણે બ્રહ્મ;
રળ્યો તે જે ખરચે હાથ, સારી સ્ત્રી જે સ્વર્ગે સાથ. ૭૮
જ્ઞાની તે જે જ્ઞાને સજે, ભક્ત હોય તે ભગવાનને ભજે;
વૈભવ તે જે વિભૂતિ ધરે, આશા ત્યાગી તે આશ ન કરે. ૭૯

મહિપતિનું જે રાખે માન, તેનું નામ પૂરો પરધાન;
મારો વજીર ખાસો છે તું, જા આ વેળા કહું છું હું. ૮૦
કહે પ્રધાન સુણો પુરપતિ, રોષ મા ધરશો રાજા રતિ;
જે પાસો પડે તે દાય, જે રાજા બોલે તે ન્યાય. ૮૧
જે નિર્ધન બોલે તે નોય, બોલ પાળે તે શાહ જ હોય;
પંચ પ્રમાણ કરે તે ન્યાય, જે મારે મરે તે ધાય. ૮૨
નાઠો રાહ જડે ત્યાં જાય, આચાર ભ્રષ્ટ તે તો અન્યાય;
ભૂખ્યો તે જે ગમે તે ખાય, વંઠ્યો તે જે ગમે તે ગાય. ૮૩
અણચાલે થયું તે થાય, બહેકયો મન ગમે ત્યાં જાય;
ધનવતી ચિતવે તે થાય, અતિ બળિયો જે વજ્જરકાય. ૮૪
આંધળો જાર જે ઘરમાં રમે, બોલ્યા નાર ગમે તે કરે;
આંચળ મુખ આપે તે ગાય, ઓસડ તે જે રોગ મૂકાય. ૮૫
જે પૃથ્વી પાળે તે રાય, પયઃપાન કરાવે તે સત માય;
કાયા ચિત્ત વશ કરે તે મુન્ય, અતિ બળિયો જેનું બહુ પુન્ય. ૮૬
દુખિઓ જેહ વિદેશે જાય, ગૃહસ્થ તે જે લ્હાણું લાય;
પૂજ્ય તે જે પરમારથિ થાય, સુખિયો જે નીરોગી કાય. ૮૭
ભલું કરે તે ભૂપત રાય, વાંક વિના કોપે અન્યાય;
ચાતુર તે જે કીર્તિ ચાહે, વિવેકી જે વિચારે મનમાંહે. ૮૮
રાજા કહે તે સારો દીસ, ચાકર બોલ ચડાવે શીશ;
એમ કહી ઉઠ્યો તે ઘડી, સેના સુંઢાડી પોતા તણી. ૮૯
લક્ષ્મી અનર્ગળ લીધી ઘણી, આજ્ઞા માગી મહિપતતણી;
પ્રધાન ચાલી કચ્છમાં ગયો, રાજાને મન ઓચ્છવ થયો. ૯૦
અરુણા અસ્ત પડી છે રાત, રાયે વિચાર્યું હૃદિયા સાથ;
બીજા કોઇને નવ કહિ વાત, આપે એકલો ચાલ્યો જાતો જાત. ૯૧
ક્યાંહાં નર ને વળિ કહિયે નાર, જારને મન શાનો વિચાર;
પહોંચે કે નવ પહોંચે હામ, કરે મનનું ગમતું કામ. ૯૨

શ્લોક

कामातुराणां न भयं न लज्जा ह्यर्थातुराणां न च बंधुमित्रम् ।
चिंतातुराणां न सुखं न निद्रा क्षुधातुराणां न बलं न तेजः ॥૯૩॥

ચોપાઈ

જર બુદ્ધિ જેને મન વસી, લાજ મર્યાદા તેને કશી;
ગુણિકાને મન શેની લાજ, આળસુને મન શેનું કાજ. ૯૪
ભિક્ષા તેને શાનો ભોગ, જોરાવરી તે શાનો જોગ;
ભંગીને મન શાની નાત, વ્યસનીને મન શાની જાત. ૯૫
મદ્યપાન પીએ તે શાનો પવિત્ર, ભુંડું ત્યાગે તે શાનો મિત્ર;
અકરમીને મન ઉદ્યમ કશો, સૂમ હોય તો શાનો હશો. ૯૬
શેઠાઇમાં તે શાનું સત્ય, પટેલાઇમાં શાંની પત્ય;
પરમારથમાં શાંનું પાપ, સિદ્ધાઈ ત્યારે શાનો શાપ. ૯૭
સત્ય વિના તે શાની સતી, પીડા દે તે શાનો પતિ;
સંતોષીને શાનું દુઃખ, ધન વિના તે શાનું સુખ. ૯૮
દાતાને મન શાનું ધન, શૂરાને મન શાનું તન;
ભામિની ભલી વિના શો ભોગ, શુદ્ધ ચિત્ત વણ શાનો જોગ. ૯૯
દરિદ્રી હોય ત્યાં ડહાપણ કશું, પુત્ર વિના ઘર સૂત્ર જ કશું;
નાત નહિ ત્યાં શાની રીત, હેત વિના તે શાની પ્રીત. ૧૦૦
ગુણ વિના તે શાનું રૂપ, પ્રજા પીડે તે શાનો ભૂપ;
વિવેક વિના તે શી વિદ્યાય, નિર્લજને મન શી નિંદાય. ૧૦૧
કંઠ વિના તે શાનું ગાન, જર વિના તે શાનું જાન;
દયા વિના તે શાનું દાન, મોટમ પાખે શાનું માન. ૧૦૨
હરિજનને શાનો સંસાર, ખરી વાતમાં શાનો ખાર;
કહ્યું કથે તે શાનો કવિ, શીખી વાત તે શાની નવી. ૧૦૩
ચોર્યું કહે તે શાનો ચાડ, પરહ્યું લે તે શાનો પાડ;
વેહેવાર નહિ તો શો વેપાર, કમાઈ નહિ તો શાનો કાર. ૧૦૪
જર જનને ભય નહિ મન, નિર્ભય થઈ ચાલ્યો રાજન;
દરબાર દિવાનનો દીઠો દૂર, આવ્યો રાત ગઈ એક પૂર. ૧૦૫
વજ્જર મહેલે છે લોહનાં બાર, કીધો રાયે કરનો પ્રહાર;
ધીર પ્રતિહાર ત્યાં જાગિયો, મનમાંહી બિહિવા લાગિયો. ૧૦૬
જાગે જે કોઈ ધનનો ધણી, જાગે જેને ચિન્તા ઘણી;
જાગે રાત અંધારી ચોર, જાગે ધન વરસતે મોર. ૧૦૭
જાગે જેના ઘરમાં સાપ, જાગે દીકરીઓનો બાપ;
જાગે જેને માથે વેર, જાગે જેહ કરે બહુ ફેર. ૧૦૮

જાગે જે જપતો જુગદીશ, જાગે જેને દેવું શીશ;
જાગે જે કોઈ હોયે જાર, જાગે કુલ સકુલની નાર. ૧૦૯
જાગે જેના દેહમાં રોગ, જાગે જે કોઈ સાધે જોગ;
જાગે જે કોઈ ચોકી કરે, જાગે જે પ્રતિહારું કરે. ૧૧૦
કોણ છે રે ભાઈ માઝમરાત, જે હોય તે આવજ્યે પ્રભાત;
નહિ ઉઘાડું મારું બાર, ખોટી થશો ને લાગશે વાર. ૧૧૧
તેવારે બોલ્યો નંદરાય, મનમાં ધરતો બહુ લજ્જાય;
લાજે જે કોઈ હોયે જાર, લાજે જેહ સુકુલની નાર. ૧૧૨
લાજે મૂરખ બ્રાહ્મણ ભાટ, લાજે મોટા માનભંગ માટ;
વચનભંગથી લાજે રાય, તપભંગથી યોગી લજ્જાય. ૧૧૩
લાજે લંપટ મૂકે બોલ, લાજે ત્રિયા ઉતરે જ્યાં તોલ;
નીચ કામે નરપતિ ગયો, લજ્જા પામીને બોલ જ કહ્યો. ૧૧૪
ઉઘાડ ભાઈ હું નંદ નરેશ, પ્રધાન ઘેર કરવો છે પ્રવેશ;
ઘણું જરૂરનું મારે કામ, તે માટે આવ્યો આ ઠામ;
શીઘ્ર ઉઘાડી ચરણે લાગ, જે જોયે તે મૂજપાસે માગ. ૧૧૫

દોહરા

રાય પ્રત્યે કહે પોળીઓ, સાંભળિયે રાજંન;
બાર તો નહિ ઉઘાડીએ, વરતયું ત્હાં મંન. ૧૧૬
આ વેળા તસ્કર નીસરે, (કે) રમવા નિસરે જાર;
માટે જાઓ પાછા ફરી, રાખી આપનો ભાર. ૧૧૭
પ્રધાન ઘેર નહિ માહરો, સ્ત્રી સોથે શું કામ;
અરધી રાતે એકલા, કયમ આવ્યા આ ઠામ. ૧૧૮

ચોપાઇ

ઉંદર બિલાડીને શાનો મેળ, અજા વાઘતણો શો ખેલ;
સિંહ ગજ એકઠાં કેમ રમે, ગરુડ સર્પ એકઠાં કેમ ગમે. ૧૧૯
અગ્નિ ઘૃત કેમ થાએ એક, વિપરીત એ દિસે છે વિવેક;
તમો રાય પુરુષની જાત, વિનતાશું શી કરવી વાત. ૧૨૦
રાજા કહે ધડે શા ઘાટ, ઉઘાડ બાર જાવા દે વાટ;
હું જેમ જેમ રાખું છું ભાર, તેમ તેમ તું લગાડે વાર. ૧૨૧
હમણાં વાત કરું છું સહેલ, નહિ તો ચીરાવું છું મહેલ;
પ્રધાનના તો પ્રાણ જ લેઉં, ભારે દંડ તો તુજને દેઉં. ૧૨૨

ત્યારે તારું શું છે જોર, નગર વિષે તું મારો ચોર;
રુડું ચિતવ જો સ્વામિતણું, આપ માન મુજને તો ઘણું. ૧૨૩
જો રાખે દોહેણી ને દૂધ, તો તું કાંઈ વિચારની મુદ્ધ;
મારે મન તો નથી કાંઈ ખેદ, તું મનમાં આણે કાં ભેદ. ૧૨૪
મૂરખ મિત્ર વેરીને ઠામ, વણસાડે સ્વામીનું કામ;
મનમાં ડહાપણ હોયે આજ, ઉધાડ તુજનાં સરસે કાજ;
આવડો શો રાખે છે અંક, આખર હું રાજા તું રંક. ૧૨૫

દોહરા

કહે પ્રતિહાર રાજા સુણો, હું બિવરાવ્યો નહિ જાઉં;
મન સમજી લાલચ દિયો, કાંઇક પ્રસન્ન થાઉં. ૧૨૬
રાય એક જોને કબજ, બીજો તક જે રાય;
ત્રીજો રાજા ગરજીઓ, ચોથો ઓશિયાળો થાય. ૧૨૭
કુંડળ કાઢ્યાં કાનથી, મૂલ જેનું નવ ક્રોડ;
આપ્યાં રાયે પ્રતિહારને, જેહ અમૂલખ જોડ. ૧૨૮

ચોપાઈ

દ્રવ્ય દેખી સહુ કરે પ્રીત, દ્રવ્ય દેખીને કરે વિપરીત;
દ્રવ્ય દેખીને નારી ચળે, દ્રવ્ય દેખીને લોભી ભૂલે. ૧૨૯
દ્રવ્યે લાભ ને દ્રવ્યે હાણ, દ્રવ્યે આસવાસના જાણ;
દ્રવ્યે જીવ જાએ ને રહે, દ્રવ્યે ઘેલાને ડાહ્યા કહે. ૧૩૦
દ્રવ્યે કાયર ને દ્રવ્યે શૂર, દ્રવ્યે મેલો ને દ્રવ્યે નૂર;
દ્રવ્યે ચોર ને દ્રવ્યે શાહ, દ્રવ્યે રંક ને દ્રવ્યે રાહ. ૧૩૧
દ્રવ્યે કરપી (ને) દ્રવ્યે દાતાર, દ્રવ્યે ઉગારે ને દ્રવ્યે માર;
દ્રવ્યે શત્રુ ને દ્રવ્યે મિત્ર, દ્રવ્યે નીચ ને દ્રવ્યે પવિત્ર. ૧૩૨
પૃથ્વીનું કારણ તે દ્રવ્ય, દ્રવ્ય થકી તે શોભે સર્વ;
કુંડળ જવ દીઠાં પ્રતિહાર, તવ તેણે ઉઘાડ્યાં બાર. ૧૩૩
ગયો મહેલ મધ્યે રાજંન, દીઠું જેવું ઇંદ્રાસંન;
દીઠો પ્રધાનકેરો મહેલ, તે આગળ શોભા સહુ સહેલ. ૧૩૪
દીઠું પાંજરું પોપટતણું, પંચરંગે રંગેલું ઘણું;
તે હેઠળ માંડ્યો છે પાટ, રાજા ચાલી આવ્યો વાટ. ૧૩૫
બેઠી દીઠી ત્યાં કામિની, એવી નહિ ભૂતળ ભામિની;
ચંદ્રવદની ભ્રકુટી શુભ વાંક, સિંહાકારે કટિનો લાંક. ૧૩૬

હંસાગામની ગજગામિની, શરદચંદ્ર શોભે જામિની;
જેવી પુષ્પ લતાની વેલ, જેવી વાડીમાંની કેળ. ૧૩૭
જેવી ચંપાકેરી કળી, જેવી વીજળી ઝબકે ભલી;
જેવી રત્નાકરકુંવરી, જેવી શોભે સુરસુંદરી. ૧૩૮
જેવી કોઈ દીપે નાગણી, નહિ શામા એની સામણી;
જેવી રત્ન કમળ દીવડી, જેવી કાશ્મીરી પુતળી. ૧૩૯
જેવી ઇંદ્રતણી અપ્સરા, એવી એ ભાનુની મનહરા;
કામિની તેહ કમળનો વૃંદ, મુખ જાણે પૂનમનો ચંદ્ર. ૧૪૦
અંબુજદલ આકારે નેણ, અમૃત જેવાં બોલે વેણ;
પોયણુપાન સરીખા પાય, કરેણુકાંબ સરખી શ્રીકાય. ૧૪૧
લાયક તેમાં લક્ષણ ઘણાં, જે કહીએ તે સોહામણાં;
રામા રૂપતણો ભંડાર, નવ દીઠી એવી કોઈ નાર. ૧૪૨

દોહરા

ચપળ નેન ખંજન સમાં, ચક્રવાક જુગ જોડ;
કનકકળશ ઉર ઓપતાં, ક્ષણુમાત્ર નહિ ખોડ. ૧૪૩
ઉદર ઉપર ત્રિવલી પડી, પેટ તે પોયણુ પાન;
ગ્રીવા કપોત સરીખડી, ઉજ્વળ ઓપિત વાન. ૧૪૪
નખશિખ શોભા નિરખતાં, ચતુરા ચતુરસુજાણ;
નેહે વ્યાપિક રાજા થયો, વાગ્યાં મોહનાં બાણ. ૧૪૫
પાષાણ ઘર્ષથી અગ્નિ ઝરે, અગ્નિથી જેમ ઘૃત;
અંગ અનંગ અગ્નિ વધ્યો, આકળો થયો તર્ત. ૧૪૬
ધર્મ કર્મ સહુ વિસર્યો, થયું કામવશ અંગ;
બીજું કાંઈ સૂઝે નહિ, રામાશું લાગ્યો રંગ. ૧૪૭
વિસર્યો ઇષ્ટ ગુરુ દેવતા, વિસર્યો કુળ મરજાદ;
વિસર્યો મહેલ ને મેડિઓ, પ્રેમદાશું લાગ્યો વાદ. ૧૪૮
આવ્યો નિકટ તે નિરખતાં, ભયભિત તે ઘનઘોર;
દૃષ્ટિ ન ચૂકે તે થકી, જ્યમ ચન્દ્રથી ચકોર. ૧૪૯

ચોપાઈ

પોપટ પદ્મિની બેઠાં જ્યાંય, મહેલે મહિપતિ આવ્યો ત્યાંય;
સમજ્યો પોપટ સમજી નાર, ચતુર મળી બે કરે વિચાર. ૧૫૦

આવતામાં વરત્યું છે મંન, કામ આકળો છે રાજંન;
ઈશ્વર આપણી રાખશે લાજ, કામિની, કહે શું કરવું કાજ. ૧૫૧
કહે પોપટ નવ ધરશો બીક, દેઉં છું નંદ રાજાને શીખ;
એમ કરતાં તે બોલ્યો વાણિ, અધિક ચાતુરી મનમાં આણિ;
તું મુજને જાણે છે અજાણ, આજ થઉં હું ચતુરસુજાણ. ૧૫૨

દોહરા

કહે પોપટ ભલે આવિયા, પૃથ્વીપતિ ભૂપાળ;
આનંદકંદ નંદરાયજી, પ્રજાતણા પ્રતિપાળ. ૧૫૩
તાત તમો છો જગતના, પ્રધાન તમારો પુત્ર;
હું જાણું છું નિહાળવા, આવ્યા છો ઘરસુત્ર. ૧૫૪
તંન નથી ઘેર તાહરો, હાજર છે સુતનાર;
પણ તે તારે આસરે, તમ પુત્રીને ઠાર. ૧૫૫
ખબર લેવી તમને ઘટે, ઘેર નથી જવ તંન;
પુત્ર પ્રજા સૌ તાહેરી, પિતા નંદ રાજંન. ૧૫૬
રાજા તે તો તાત છે, પ્રજા તે તો પુત્ર;
શાસ્ત્ર સાખ પૂરે સદા, સાચો અક્ષર સૂત્ર. ૧૫૭
બાઈ આવો બેસો બારણે, આવ્યા છે તમ તાત;
પિતા પાસે બેસે જઈ, કરો સુખદુઃખની વાત. ૧૫૮
બાઈ આવોની બારણે, એહ તાત નન્દરાય;
સાસરવાસો લેઈ આવિયા, તેની શી લજ્જાય. ૧૫૯
આપણ એનાં છોકરાં, એહ આપણો તાત;
પિતા પાસ બેસો સુખે, કહો મનની સૌ વાત. ૧૬૦

ચોપાઈ

નારી બોલી આણી ધીર, સાંભળ પોપટ મારા વીર;
અધિક બોલ તું ના બોલીશ, ચઢશે નંદ રાજાને રીશ. ૧૬૧
હુકમ રાજાજીનો લીજીએ, પછી ઉત્તર તેનો દીજીએ;
એ છે ધર્મતણો અવતાર, જાણે સકળ વિવેક વિચાર. ૧૬૨
એ છે ચૌદ વિદ્યાગુણ જાણ, માટે ઘણું શું કરું વખાણ;
ચતુર પુરુષ માટે સાંખશે, મૂરખ કોઈ મારી નાંખશે. ૧૬૩
તે માટે છાનો રહે ભ્રાત, અધિક શાને કરે છે વાત;
વિવેક વાત માહારે દિલ વસી, નંદરાયની બીક જ કશી. ૧૬૪

કુંચત આગળ કથિર તે કશી, ચતુર આગળ કેવી પારશી;
હનુમાન આગળ શા ઠેકડા, કરોડ આગળ શા એકડા. ૧૬૫
ચૌદ જાણે તેને શા ચાર, સત્યવાદીને શાનો ભાર;
પુત્ર આગળ બીજી શી પ્રીત, વેદ આગળ બીજાં શાં ગીત. ૧૬૬
પરબ્રહ્મ આગળ સા પાખંડ, દૈવગત આગળ તે શો દંડ;
દારિદ્ર આગળ બીજું શું દુઃખ, સ્ત્રી સતીથી બીજું શું સુખ. ૧૬૭
વિપ્ર આગળ બીજી શી નાત, ખરો કહેવાય તેની શી ખ્યાત;
જર આગળ સ્ત્રીનું નવ જોર, હેમગિરિ આગળ નવ હોય ચોર. ૧૬૮
ગંગા આગળ બીજી શી નદી, ચકોર આગળ બીજી શી બુદ્ધિ;
શિવપૂજન આગળ શી સિદ્ધ, રાજરસોઈ આગળ શી રિદ્ધ. ૧૬૯
ભીખથકી તે ભુંડું કિયું, દેહ ભુંડી જેહનું રોગીયું;
ચન્દ્ર આગળ તે તારા કશો, રવિ આગળ આગીઓ જશો. ૧૭૦
મૂરખ આગળ શી દુઃખની વાત, મર્ણથકી બીજી શી ઘાત;
પુણ્ય આગળ બીજું શું કામ, રામ આગળ બીજું શું નામ. ૧૭૧
કાશી આગળ બીજે શો વાસ, સુગંધમાં જેવો બરાસ;
નંદરાયને શિખ દે જેહ, બ્રહ્માએ સર્જ્યો નથી તેહ. ૧૭૨
સ્વર્ગતણું તે સુખ જ ઘણું, વખાણ કરી શકે કેમ તેતણું;
તેને વશ વરતે સહુ લોક, તે આગળ ડહાપણ સહુ ફોક;
નારી કહે સુણ પોપટ સહી, એ સરખો કો ભૂતળમાં નહિ. ૧૭૩

દોહરા

ત્યારે પોપટ બોલીઓ, સાંભળ મારી બેન;
માબાપ આગળ ચાલે સહી, જે કરીએ તે ચેન. ૧૭૪
બાળક અતિ અન્યા કરે, મન ન ધારે માબાપ;
એવું જાણીને હું કહું, વેદ પૂરાણે છાપ. ૧૭૫
ગાંડું ઘેલું બોલવું, મનમાં ન આણે સોય;
તેમ હું રાજાને કહું, ખેદ મ ધરશો કોય. ૧૭૬

ચોપાઈ

વાડ થઇને ચિભડાં ગળે, સોંઘી વસ્તુ ક્યાંથી મળે?
બળું બાતું હોય જો અન્ન, તો જીવે નહિ એકે જંત. ૧૭૭
કલ્પવૃક્ષ જો કેરી બાય, તેનો ચોર ન પેદા થાય;
નવાણ પીતું હોયે નીર, જીવજંતુ કયમ ધરે શરીર. ૧૭૮

મા મારે પય પીતાં બાળ, સત્યવાદી જો બોલે આળ;
રાજા થઇને લૂટી લેય, પ્રજા કોણ આગળ જઈ કહેય. ૧૭૯
રામ જપંતા નર્કે જશે, કહો કલ્યાણ જ કોનું થશે;
પિતા પુત્રીશું રમશે જર, તે વાતનો કો પ્રીછે પાર. ૧૮૦
ગંગા નહાતાં પાપી થશે, વેદવચન કેમ સાચાં હશે;
વાહાર ત્યાંથી આવે ધાડ, તો પછી કયાંની કરશું આડ. ૧૮૧
મેઘ વરસંતા પથ્થર પડે, તેનો વાંક કોને શિર ચડે;
ધણીને વિખ દે ઘરની નાર, કોણ સાચવે તેણે ઠાર. ૧૮૨
પુષ્પહાર થઈ વળગે સાપ, ત્યાં તે કોણ જાળવશે આપ;
અમૃત જાણી આપે પીજીએ, વિખ થાય દોષ કોને દીજીએ. ૧૮૩
કુંડળ કરડી ખાએ કાન, કોણ આગળ જઈ કરિયે જાણ;
ચંદન જાણી ધરીએ આપ, થાય અગ્નિ તો પૂરણ પાપ. ૧૮૪
મોટા જાણી જઇએ શરણ, દે ઘાત તો પામિયે મરણ;
ઘરનો દિવાન ચાડી ખાય, તો તે દુઃખ કોને કહેવાય. ૧૮૫
જો રળનારો ચોરી કરે, તો ભંડાર શી પેરે ભરે;
છાની થાપણ લોભે લે, તો શાખ આવી કુણ દે. ૧૮૬
કોઈ જાણી દુઃખ દિયે પ્રચંડ, તેને તો રાજા દે દંડ;
(પણ) રાજા થઈ લૂટી લે આપ, તો પરજાનું પૂરણ પાપ. ૧૮૭
રઇયત ઉપર કોપે રાય, રાંક માણસ શું કરે ઉપાય;
તેને પુછનારો ઈશ્વર એક, વેદવચન કરિ જુવો વિવેક. ૧૮૮
રાજા પ્રજાને દુઃખ જ દે, તો તે આગળ નહિ સુખ લે;
મોટા જો કરે કૂડાં કાજ, તો નહિ પામે રુડાં રાજ. ૧૮૯
શામા શુક બે વાતો કરે, રાજા નંદ રુદેમાં ધરે;
ભયભીત થઇને જ આવિઓ, કાંઇક જ્ઞાન રુદે લાવિઓ. ૧૯૦
એ કહે છે પુત્રી ને બ્હેન, તે આગળ કયમ થાએ ચ્હેન;
એક વાતનો ન સૂઝે ઘાટ, રાજા જઇને બેઠો પાટ. ૧૯૧
આગતાસ્વાગતા દીધાં માન, આગળ મહેલ્યાં ફોફળપાન;
બોલ્યો શુક સૂણ તું સુંદરી, બોલો તાતસું હેત જ કરી. ૧૯૨
પુત્રી ધર્મ કરી થાપશે, મનવાંછિત માગ્યું આપશે;
લાવ્યા પસલી આપણે ઘેર, રાજા આવ્યા રુડી પેર. ૧૯૩

ભ્રાત તાત ને એ મોશાળ, આપણ ઉપર અદકું વ્હાલ;
એ છે નોધારા આધાર, એને શિર પૃથ્વીનો ભાર. ૧૯૪
બટી બ્હેન ને તું ભાણેજ, આપણ ઉપર અદકું હેજ;
હેત કરીને દગો જો દેય, નરકતણાં ફળ તે તો લેય;
નાનાં મોટાં વ્યાપક જન, શરણાગતનું એ છે ધન. ૧૯૫

દોહરા

માનિની મુખ સનમુખ કરી, શુકસું કીધી વાત;
કામભર્યો જો કોપશે, તો કરશે તુજ ઘાત. ૧૯૬
કામી કામે આંધળો, ન ગણે બ્હેન ને બાઈ;
માટે તુજને મારશે, છાનો રહેને ભાઈ. ૧૯૭

ચોપાઈ

જોબનમદ પ્હેલો આંધળો, બીજો અંધ કામે આકળો;
ત્રીજો અંધ ધનમદ જેહને, ચોથો મદ જોની દેહને. ૧૯૮
પંચમ અંધ જે જીવ આદરે, છઠ્ઠો અંધ જે કોપે ભરે;
સાતમો અંધ દબાણો જેહ, આઠમો અંધ વ્યસનીની દેહ;
એટલા અંધ વિચાર ન કરે, ના કહિયે તો નિશ્ચે મરે. ૧૯૯

દોહરા

વચન સુણી વનિતાતણું, શુક કહે સાંભળ વાત;
કામમદ જોબન શું કરે, જગતપિતા સાક્ષાત. ૨૦૦
અજ્ઞાન અબળા તું સમી, મેં નવ દીઠી કોય;
કહું વાત પટંતરે, મનમાં સમજી જોય. ૨૦૧

ચોપાઈ

રાજા આવે કપટે કરી, તો કોણ પૂછે એને ફરી;
ગામ પ્રધાનને શિદ મોકલ્યો, આપ કેમ આવે એકલો. ૨૦૨
એને કરવું સઘળું સહેલ, ઘરે બપોરે ચિરાવે મહેલ;
પ્રધાનને રાખે કાળાગૃહ વિષે, કોણ જોરાવર છે એ પક્ષે. ૨૦૩
એને માથે બળિયો ધર્મ, તો કૂડાં કયમ કરશે કર્મ;
નંદરાયનું જાશે સત્ય, શી થાશે પરજાની ગત્ય. ૨૦૪
જો ચૂકે રાજાની દેહ, તો વૃષ્ટિ કેમ કરશે મેહ;
વણ વાંક રાજા દે દંડ, નિશ્ચે તુટી પડે બ્રહ્માંડ. ૨૦૫

જો નંદરાય ચડાવે આળ, નિશ્ચે પૃથ્વી જાય પાતાળ;
વાત કહું એક તુજને હું, કાને સાંભળ કામિની તું. ૨૦૬
જોવા કારણ આવ્યો તેહ, આપણે દૂધે વૂહ્યા મેહ;
આળસુ ઘેર પધાર્યાં ગંગ, ઉચ્છવ આજ થયો નવરંગ. ૨૦૭
આપણે ઘેર એ બ્રહ્મા ઈશ, અન્નદાતા જાણ જગદીશ;
જાણો એમને રુડા તાત, જાણો માડી જાયા ભ્રાત. ૨૦૮
દિયો માન સમજી બહુ પેર, ભલે પધાર્યા આપણે ઘેર;
પોપટે જેહ વચન જ કહ્યું, સુણતાં જ્ઞાન રાજાને થયું. ૨૦૯
બેઠો આસન હેત જ કરી, પાસે ઉભી છે સુંદરી;
માનિની કહે સુણિયે મહારાજ, કાંઇક કહો અમ સરખું કાજ. ૨૧૦
દર્શન થયું પિતા તાહરું, પવિત્ર મંદિર થયું માહરું;
અમો આશરે છું તમતણે, અમપર હેત રાખો છો ઘણે. ૨૧૧
(પછે) પ્રમદા મંદિરમાં પરવરી, શાક પાક સામગ્રી કરી;
કરવા માંડ્યા ઉત્તમ પાક, રસોઈ બત્રિશી સુંદર શાક. ૨૧૨
મીઠાં મધુરાં. શુભ સેલરાં, ખાટાં તીખાં અથાણાં ખરાં;
વાર ન લાગી એક ઘડી, જુગતે કરી રસોઈ ત્રેવડી. ૨૧૩
કસ્તૂરી લેપન કર્યું શરીર, નહાવા કારણ મૂકયું નીર;
મર્દન કીધું રાયે શરીર, લુછી પીતાંબર પહેર્યું ધીર. ૨૧૪
જ્ઞાન ધારી થયો નરેશ, પછે રસોડે કર્યો પ્રવેશ;
માંડી થાળ જે કંચનતણી, પીરશી માંહે સામગ્રી ઘણી. ૨૧૫
ભાવથકી કીધું ભોજંન, રિઝયો ઘણો મનમાં રાજંન;
ભાત વેળા થઈ જાહરે, સ્ત્રી સામું જોયું તાહરે. ૨૧૬
માનિનીએ વરત્યું છે મંન, (હજી) કામ આકળો છે રાજંન;
વનિતાએ ત્યાં કર્યો વિવેક, દેખાડયું દૃષ્ટાંત જ એક. ૨૧૭
ત્રાંબા પાત્રથી કાઢ્યો ભાત, તેનો રંગ ઉજ્જવળ સાક્ષાત;
બીજે પીરસ્યો રૂપાથકી, દીધો રંગ પીળો નવલખી. ૨૧૮
ત્રીજે પીરસ્યો સોનાને પાત્ર, લીલો રંગ દીધો તે ભાત;
ચોથો પીત્તળ ને પાત્ર સુચંગ, દીધો કસુંબીતણો રંગ. ૨૧૯
પાંચમો પીરસ્યો માટીને ઠામ, ત્યાં પણ રંગ જ દીધો શ્યામ;
જુવે ભાત પચરંગીતણો, રાજા અચરત પામ્યો ઘણો. ૨૨૦

રંગ જુવે અતિશે અનૂપ, હૃદિયે વિસ્મય પામ્યો ભૂપ;
ભરે કાળિયો આણી વહાલ, મુખમાં જાતાં એક જ સ્વાદ. ૨૨૧
જમે કાળિયો રંગ વિશેક, મુખમાં સ્વાદ આવે છે એક;
શ્યામ શ્વેત કસુંબી ખાય, મુખમાં એક અમીએ જાય. ૨૨૨
માત્ર દિઠાનું છે તે સૂખ, ગળે ગયું તવ મોળું મૂખ;
દેખતામાં શોભા છે ઘણી, મુખમાં એક મજા તે તણી. ૨૨૩
રાજમાં લક્ષણ બત્રીશ, હૈડામાં નવ આણી રીશ;
સમજ્યો શીખામણ છે એહ, ભાંગ્યો મનતણો સંદેહ. ૨૨૪
અજ્ઞાન હતું તે સર્વે ખોયું, યુવતીનાં મુખ સામું નવ જોયું;
કામિની કહે કરવો અન્ય ઉપાય, રખે મંન કાચો રહે રાય. ૨૨૫
મનમાંહે વિચારી બુદ્ધ, ઘોળી ઘેનનું દોહ્યું દૂધ;
કાળી રાતી ધેનુ કાબરી, મૂક્યા દૂધના ખ્યાલા ભરી. ૨૨૬
વિવિધ પ્રકારે કર્યો વિવેક, સ્વાદ દૂધનો સર્વે એક;
પામ્યો શીખામણ સઘળી તેહ, ભાંગ્યો મંનતણો સંદેહ. ૨૨૭
અર્ધું મન પોપટથી પળ્યું, અર્ધું નારી ગુણથી ગળ્યું;
ઉઠ્યો ભોજન સંપૂરણ કરી, આપ્યું બીડું શુભ સુંદરી. ૨૨૮
અમૂલખ અંગુઠી જેહ, પદ્મિની કરમાં સોંપી તેહ;
મનમાં ન આણ્યો બીજો મર્મ, ઈશ્વરે રાખ્યો બેઉનો ધર્મ. ૨૨૯
કરી પ્રણામ તે પાછો વળ્યો, પ્રતિહારને જઈને મળ્યો;
ઉઘાડ રે મંદિર તાહરું, કુંડળ આપ પાછું માહરું. ૨૩૦
તે પ્રતિહારે કહ્યું વચંન, સાંભળ હો રુડા રાજંન;
સત્યવાદી મોટો છે રાય, તારી શોભા કહી નવ જાય. ૨૩૧

દોહરા

કહે પ્રતિહાર સુણ નરપતિ, કહાવો ચતુરસુજાણ;
સઘળાં ડહાપણ તુજમાં, કાં બોલો થઈ અજાણ. ૨૩૨
આપી કુંડળ ને ગયા, રાય મંદિર મોજાર;
પાછું માગો છો વળી, તે કયાંનો વહેવાર. ૨૩૩
રાયવચન-જે કામે કુંડળ આપિયાં, કર્યો ઘરમાં પ્રવેશ;
તે કામ કર્યા વિણ આવિયો, માટે કુંડળ લેશ. ૨૩૪

ચોપાઈ

કહે પ્રતિહાર સાંભળો રાય, મુજ આગળ અન્યા નહિ થાય;
બોલ્યું અબોલ્યું કરશો તમો, કુંડળ પાછું આપશું અમો. ૨૩૫
વળી કહું બીજું દૃષ્ટાંત, જો રાજાજી છો એકાંત;
જ્યારે પશુને તરશા થઈ, સઘળાં ઢોર હવાડે જઈ. ૨૩૬
કોઈ પીએ ને કોઈ નહિ પીએ, કોશિયો પીયાવો ભરિ લીએ;
ધેનુ હાંકી ગોવાળો જાય, કોઈ બેશે કોઈ તરણું ખાય. ૨૩૭
ગોવાળાનો શાનો વાંક, લે ચરાઈ તે આડે આંક;
ગામ જમાડે રુડી પેર, દિયે નોતરું ઘેરે ઘેર. ૨૩૮
કોઇના અંગમાં હોયે દુઃખ, કોઇકને નવ લાગે ભૂખ;
જમાડનારો તે શું કરે, ચતુર હોય તે મનમાં ધરે. ૨૩૯
ખેતર વાવવાને આપિયું, તે ગણવત કરીને થાપિયું;
પડતર રાખ કે બમણું વાવ, પરઠ્યા પ્રમાણે મારું લાવ. ૨૪૦
લીધા હાથી ઘોડા ઠામ, પતીજ જોઇને આપ્યા દામ;
ગળિયો થાય કે મોતે મરે, વેચનાર તેમાં શું કરે. ૨૪૧
રાખે ચાકર ઇચ્છા ધરી, રહ્યો કબૂલ કરી નોકરી;
બેસાડી મેલે કે દે કામ, માસ થયો કે લે તે દામ. ૨૪૨
ગૃહસ્થતણે ઘેર આવ્યો પુત્ર, શોભાવ્યું બધું ઘર સુત્ર;
વધામણીએ બોલ જ કહ્યો, પામ્યો દામ ને ન્યાલ જ થયો. ૨૪૩
રાજક દૈવક તેને થાય છે, પાછું લેવા કોણ જાય છે;
વેવિશાળીઓ વિવાહ કરે, વર રુડો કન્યાને વરે. ૨૪૪
મોજ કરે કે ભૂખે મરે, વેવિશાળીઓ તે શું કરે;
બાપે સમૃદ્ધિ મૂકી ઘણી, થયો પુત્ર સર્વેનો ધણી. ૨૪૫
રમ્યો જૂગટું હાર્યો સર્વ, ઘરબાર સહિત ખોયું દ્રવ્ય;
તેમાં શું કરે મા ને બાપ, ઊંધું કર્મ કુંવરનું આપ. ૨૪૬
નહાનો પુત્ર મૂકે નિશાળ, ગુરુએ ભણાવ્યો આણી વહાલ;
બત્રીશ લક્ષણો કીધો ઘણો, સંગ થયો પછી ગુણિકાતણો. ૨૪૭
વિસરી વિદ્યા આડે આંક, તેમાં ભણાવનારનો શો વાંક;
એવાં કૌતિક લાખ કરોડ, કહું તમ આગળ બેહું કર જોડ. ૨૪૮
શું જાણું શા કામે ગયા, સર્યો અર્થ કે અમથા રહ્યા;
તે વાતનો હું નહીં જમાન, હું બેઠો રહું મારે સ્થાન. ૨૪૯

ઊઘાડીને જાવા દેઉં, તેટલા માટે કુંડળ લેઉં;
રાખું બહાર તો પાછા ફરો, બીજે દહાડે જાણો તે કરો. ૨૫૦
મેં તો મારો ધર્મ મૂકીઓ, કુંડળને લોભે ચૂકીઓ;
તે કુંડળ કેમ આપ્યું જાય, ઘેર જાઓ સમજીને રાય. ૨૫૧
તમે નહિ કર્યું હોય કૂડું કર્મ, આગળ જાતાં રહેશે ધર્મ;
તરે સત્ય ને બૂડે પાપ, તેની વેદ પુરાણે છાપ. ૨૫૨
ઉપન્યું રાજાને મન વહાલ, કુંડળ ઉપર આપી શાલ;
સાબાશ કહ્યું તે રુડી પેર, મહીપતિ આવ્યો પોતાને ઘેર. ૨૫૩
સમજ્યો પોતે પુરુષપુરાણ, બીજા કોને ન કર્યું જાણ;
રાજા પોપટ ત્રીજી નાર, ચોથો એક જાણે પ્રતિહાર. ૨૫૪
એ વાત એટલેથી રહી, પ્રધાનની ત્યાં શી ગત થઈ;
કવિ કહે હું કાંઈ નવ લહું, પ્રભુ પ્રતાપે આગળ કહું. ૨૫૫

દોહરા

પક્ષ પંચ પૂરણ થયા, વૈલોચન પરધાન;
રાજસભામાં આવિયો, મહીપતિ દીધાં માન. ૨૫૬
લાવ્યો ઘોડા અતિ ભલા, હરખ્યું સહુનું મંન;
વજ્ર વાસ પધારિયો, હુકમ કર્યો રાજંન. ૨૫૭
મલપતો મોહોલે આવિયો, પ્રતિહારે દીધાં માન;
કુંડળ જે નવ કોટીનાં, દીઠાં તેને કાન. ૨૫૮
શાલ દીઠી સવા લાખની, જે ઓઢી પ્રતિહાર;
બળીને પ્રલે થઈ ગયો, ક્રોધ વ્યાપ્યો અપાર. ૨૫૯

ચોપાઈ

પ્રતિહાર ઉપર કીધી રીશ, ભમર આપ ચઢાવી શીશ;
મેં સોંપ્યું હતું તુજને કામ, કેમ સુનો મૂકયો તેં ઠામ. ૨૬૦
કોણ આવ્યું ને કોણ જ ગયું, લોભે મન તારું વશ થયું;
રેઢો મૂકે નહિ જે ઠામ, પ્રતિહારનું તે પૂરણ કામ. ૨૬૧
પાપિ દ્રવ્યથકી ચિત્ત ચળ્યું, ફટ ફટ તારું જીવ્યું બળ્યું;
અરે પાપી તું ફરતો ફરે, એમ કહીને ક્રોધ જ કરે. ૨૬૨
સાચું બોલ રે કહેને વાત, નહિ તો તારી કરીશ ઘાત;
પ્રતિહાર કહે સુણો વજ્ર, આપ હૃદેમાં રાખો ધીર. ૨૬૩

જુઠા સાથ દાવો તાહરો, તલ માત્ર વાંક નથી માહરો;
જે દિવસના ગયા છો ગામ, સૂનો નથી મૂક્યો મેં ઠામ. ૨૬૪
રાંક માણસ નહિ જાએ કોય, આપ મંન વિચારી જોય;
જે પ્રત્યે નવ ચાલે તમો, વારી કેમ શકિએજી અમો. ૨૬૫
અમો તેહ રોક્યો નવ જાય, મૂકું દામ તો માર્યો જાય;
તરકર હોય પ્રગટ કયમ કરે, ઘરમાં જઇને ખૂણે ધરે. ૨૬૬
હૈડામાં અન્યા ન સમાઉં, તમ આગળ ચુગલી કયમ ખાઉં;
ચુગલરૂપી કુંડળ ને શાલ, સમજો મનમાં જોઈ માલ. ૨૬૭
મેં જાણ્યું હું પામીશ વહાલ, વધામણીમાં પામ્યો ગાળ;
પ્રતિહારનાં વચન સાંભળી, પ્રધાન રહ્યો મનમાંહે બળી;
બની વાત તે પ્રતિહારે કરી, મેહેલે ગયો તે તેની ઘડી. ૨૬૮

દોહરા

રાખી રીસ હૃદિયા વિષે, આવ્યો મંદિર માંય;
પોપટ પદ્મિની બે જણાં, વાટ જુવે છે ત્યાંય. ૨૬૯
વૈલોચન ત્યાં નિરખિયો, કૃતાંત સરીખો કાળ;
રીશે ભમર ચઢાવિયું, અતિ રાતો વિકરાળ. ૨૭૦
પોપટ પદ્મિની સમજીયાં, પગે નમાવ્યું શીશ;
ક્ષેમ કુશળ છે આપણે, છાંડો હૃદેથી રીશ. ૨૭૧
કહે પોપટ આ અવસરે, રખે કરો મન ભર્મ;
તારા પુણ્ય પ્રતાપથી, પ્રભુએ રાખ્યો ધર્મ. ૨૭૨
પ્રણામ કરીને પદ્મિની, બોલી પતિની સાથ;
વિંટી ત્યાં નંદરાયની, દીઠી જમણે હાથ. ૨૭૩
અગ્નિ ઝાળ અદકી હતી, તેમાં રેડ્યું ઘૃત;
અગ્નિ રાળ ભેગાં મળ્યાં, ભડકો ઉઠ્યો તર્ત. ૨૭૪
નવ ખાએ નવ જળ પીએ, સુખે નિદ્રા નવ થાય;
એકે વાત ઉકલે નહીં, ચિત્ત લાગી ચિંતાય. ૨૭૫
તે તો ટાળી નહિ ટળે, લાગી હૃદયા સાથ;
જ્યમ અક્ષર છઠ્ઠીતણા, (ને) પડી પટોળે ભાત. ૨૭૬

ચોપાઈ

કહે છે શુક નામીને શીશ, તજો રાજ હૃદેથી રીશ;
સમજો મનમાં આણી પેર, નથી આપણ આવી તમ ઘેર. ૨૭૭

તે વાતે પ્રતિજ્ઞા કરું, દેઉં વાચા સત્ય ધીરજ હું કરું;
વાત વીતી તે માંડી કહી, વિસ્તારીને સઘળી સહી. ૨૭૮
હરિએ તો રાખ્યું છે આપ, જૂઠું બોલતાં બેશે પાપ;
સમજાવ્યો વજીર બહુ રીત, કહે પાણ જોડી બહુ પ્રીત. ૨૭૯
જાર આવ્યો તે જનક જ થયો, પસલી આપી મંદિર ગયો;
કહી બહેન મુખ આણી વહાલ, આપી વિંટી આપી શાલ. ૨૮૦
તે વાતે સૂરજ સાખિયો, સતિનો ધર્મ રામે રાખિયો:
સાચી વાત કહું તમ સાથ, કહો તો અગ્નિમાં ઘાલું હાથ. ૨૮૧
પદ્મિની પોપટે કહ્યા બહુ ભેદ, તેણે તો નવ મૂક્યો ખેદ;
જેમ જેમ બેજણ વાતો કરે, તેમ તેમ રોશ અદકેરો ધરે. ૨૮૨
એને મારું કે હું મરું, ભારે દુઃખ હૃદયમાં કેમ ધરું;
એને મારું તો કોપે રાય, પ્રધાનપણું તો મારું જાય. ૨૮૩
હળવે હળવે વેર લઇશું, રાજાને ઘણું દુઃખ દેઇશું;
એવો મનમાં રાખ્યો ક્રોધ, માને નહિ કોઇનો પ્રતિબોધ. ૨૮૪

વૈલોચનવચન–મૂરખ પોપટ ગુણહિણ ગૂઢ, શું મુખથી બોલે છે મૂઢ;
મુજને કાઢી મૂક્યો જે દંન, તે દહાડે મેં વરત્યું મંન. ૨૮૫
કાને સાંભળી તારી ખ્યાત, આપી કુંડળ રહી ગયો રાત;
કામમદ ભરી જેની દેહ, દૃષ્ટિ પડી કેમ મૂકે તેહ. ૨૮૬
ભાઈ બાપની વાતો ઘણી, તે તો મુજને કહેવાતણી;
મૂરખ નારે એ જિત્યો રાય, તેના ગુણ મુજ આગળ ગાય. ૨૮૭
સ્ત્રી ચરિત્ર વખાણો તમો, તે ડહાપણ કેમ માનું અમો;
હું સ્ત્રી ચરિત્ર ભણ્યો છું ઘણું, જાણું ચેન ચતુરાતણું. ૨૮૮
કોઈ ડાહી થઈ કૂડી નવ થાય, શૂરી થઇને બાળે કાય;
સમ પ્રતિજ્ઞા ઝાઝી કરે, દે બાધો અગ્નિમાં ધરે. ૨૮૯
વળી દુઃખિણી થઇને રોય, એળે જીવ પોતાનો જાય;
કોટી લાખ કરે ઉપાય, તેહ આપે જૂઠી નવ થાય;
ભામિની સ્નેહ માને ભરથાર, ગુણ વાજત ને હોય ગુમાર. ૨૯૦

દોહરા

પ્રતિજ્ઞા હું માનું નહીં, જે જે બોલો બોલ;
કામાતુરની વારતા, ગણવી મૂરખ તોલ. ૨૯૧

જેમ લી લોઢા ઉપરે, પડી પંટોળે ભાત;
જેમ અક્ષર છઠ્ઠીતણા, જેમ બીબું જેમ જાત. ૨૯૨
અનેક ઉપાય તમો કરો, પથ્થર ઉપર નીર;
સંદેહ ટળે નહિ માહરો, કયમ કરી રાખું ધીર. ૨૯૩
એ પાણીએ મગ નવ ચડે, સો મણ બાળો કાષ્ઠ;
ઈશ્વર આણ માનું નહીં, પડી હૈડે જે ગાંઠ. ૨૯૪
પડી ભાત પીટે નહીં, સ્ત્રી ચરિત્રના ઠાઠ;
છોડી પણ છૂટે નહીં, પડી હૃદેમાં આંટ. ૨૯૫

ચોપાઈ

સ્ત્રીના સમ વ્યસનીની પ્રીત, દ્યૂત સાચું ભંગીની રીત;
ઓરમાઇનું હેત, ગુણીકાની પ્રીત, દુઃખમાં દુઃખ વધે તે નીત. ૨૯૬
મદ્યપાની ડાહ્યો, કાગ પવિત્ર, વિષધર અમૃત રાજા મિત્ર;
સ્વદેહે એલગ, પાન્નક પુત્ર, ઇચ્છે સ્વર્ગ ઉપાસે ભૂત. ૨૯૭
સોની સાહ, ભિક્ષુક શો ભોગ, નાગર સ્નેહ જતિનો જોગ;
જરિણ જાત, લંપટનો કોલ, સ્ત્રીના સમ ફોગટના બોલ. ૨૯૮
મોંઢે મુછ, નપુંસકનું નૂર, વેરી વિશ્વાસ કુશકાનો કૂર;
વિપ્ર હિમત, કણબી કુલ રૂપ, ઘર ગોઝારો ભિક્ષુક ભૂપ. ૨૯૯
નિર્લોભી, નાતરાનું પુન્ય, જોગીનું ગાણું નાપિકનું મુન્ય;
કવિ સાચો, ભોળો જન ભાટ, વાળદ વેશ્યા તે કૃત્રિમ ઠાઠ. ૩૦૦
ચૂગલ સાચો તે ચોરનું ચિત્ત,અસુર આચાર, રજપૂતની પ્રીત;
આચારે અન્યા, ગુણીકા સતી, ભીખ માગતો દીઠો નરપતી. ૩૦૧
એટલાં વાનાં માને જેહ, મૂરખનો મહિપતિ કહીએ તેહ;
શુક કહે એ સાચું કહ્યું, લક્ષણ જોતામાં મેં લહ્યું. ૩૦૨
હું નહીં પક્ષીની જાત, મારી સાચી માનો વાત;
અધિક રાજાનો શો વિશ્વાસ, કૂડ રાખે હૈડાની સાથ. ૩૦૩
સર્વ સરખું નથી ત્યાં કોય, કહું પટંતર તે તું જોય;
એક શંખ નદિમાં પડ્યો, બીજો વિષ્ણુને કર ચડ્યો. ૩૦૪
એક શીપ શંખલા સમતુલ્ય, બીજીમાં મોટી અણમૂલ્ય;
એક પથ્થર દેવળ પૂજાય, બીજો પરિયટ શલ્યા થાય. ૩૦૫
એક કવિ પાખંડ જ ભણે, બીજો ગુણ શ્રીહરિના ગણે;
એક મણિનું કોડે કામ, બીજા મણિનું દોકડે દામ. ૩૦૬

એક નારિ હોયે શંખિણી, બીજી પદ્મિણી કે ચિત્રિણી;
એક પુત્રથી પરિયા તરે, બીજો કુળ સંહારણ કરે. ૩૦૭
એક પુત્ર ગયા શ્રાદ્ધે જાય, બીજો કુળ ડૂબાડવા જાય;
એક કણજી પસાયતું કરે, બીજા ચોરી ચાડીએ ધન હરે. ૩૦૮
એક વિપ્ર તે ખેતી કરે, બીજો ચાર વેદ ઉચ્ચરે;
એક નીર સરોવર તીર, બીજું ગંગા કેરું નીર. ૩૦૯
એક બંધુ દુર્બલ હવાલ, બીજો તે બેશે સુખપાલ;
એક કાષ્ઠતણાં ઈંધણાં, બીજાં ભાવનાં ચંદનતણાં. ૩૧૦
એક સૂત્ર સવાયે શેર, બીજું બેશે મોંઘું મેર;
એક તિલ ઘાણી પિલાય, બીજે શિવશંકર પૂજાય. ૩૧૧
એક ડાબો કર અશુદ્ધ ગણાય, બીજે જમણે ભોજન થાય;
એક અગ્નિ હુતદ્રવ્ય હોમાય, બીજો ઠામ કુઠામે જાય. ૩૧૨
એક ઘોરી તે હળને વહે, બીજો રાજ દરબારે રહે;
એક જળ તે ખાળનું નીર, બીજું ગંગોદક સુચીર. ૩૧૩
એકને પાંચ પુત્ર જ હોય, બીજો વાંઝીયો સુતવિન રોય;
એકને વહાણ તણો વેપાર, બીજો શીર ઉપાડે ભાર. ૩૧૪
એક તો નાગર વેલનું પાન, બીજાં રખડે આડે રાન;
એક અમરે પુલ શ્રીકાર, બીજું પુલ આવળનો હાર. ૩૧૫
એક નારી સ્વામીસું ખળી, બીજી જાર પુરુષસું હળી;
એક ઘર ઘર ભીખે જોડલાં, બીજો લે ઘણાં ઘોડલાં. ૩૧૬
એકને ગામ પોતાનું જાય, બીજો રાય પૃથ્વીપતિ થાય;
એક તુંબીએ જોગી ભિક્ષા ભરે, બીજી જંત્રદરબારે ઉચ્ચરે. ૩૧૭
એક લોઢું શેર પૈસે ઘણું, બીજું અમૂલખ સમશેરતણું;
એક વસ્તુ તે દોકડે ગજ, બીજી વસ્તુ અમૂલખ ધજ. ૩૧૮
એક નર શૂરાતણ ભણે, બીજો કાયર પોબારાં ગણે;
એક શાળ અમૂલખ પ્રમાણ, બીજો સામો કણકી જાણ. ૩૧૯
એક ઓદન ભલું ભોજંન, બીજું કુશકાકેરું અન્ન;
એક જંન પરમારથ કરે, બીજો પ્રાણ લોકોના હરે. ૩૨૦
એક સદાવ્રત આપે શીખ, બીજો ઘર ઘર માગે ભીખ;
એક ભાઈ હસ્તીપર ચઢે, બીજો અણવાણો રડવડે. ૩૨૧

એક શાસ્ત્ર નવ નિત્યે ભણે, બીજો ભૂલી ફરી સ્વર ભણે;
એક અનેરાં વાસે ગામ, બીજો ઉદવસ્ત ટાળે ઠામ. ૩૨૨
એક રોપાવે વૃક્ષો આજ, બીજો કાપે સર્પણ કાજ;
એક કુંજમાં મહાલે રોજ, બીજો રણમાં ઉપાડે બોજ. ૩૨૩
એવાં કહું દૃષ્ટાંત અનેક, જો જો મનમાં કરી વિવેક;
નામ એક પણ ગુણ છે ઘણા, એક રાય બી રજપુતતણા;
સૌને સરખાં ગણો ન આપ, તે વાતે લાગે મહા પાપ. ૩૨૪

દોહરા

કહે પ્રધાન તું શું કહે, એ તલમાં નહીં તેલ;
મારું મન માને નહીં, મિથ્યા લવરી મેલ. ૩૨૫
પ્રધાને પરહરી પદ્મિણી, તે જઈ રહી પિયેર;
અનેક દિવસ એમ વહી ગયા, કોઈ ન જાણે પેર. ૩૨૬
રાજા તો ભોળવાઈ ગયો, વજીરતણે મન વેર;
હૃદયે વેર જવ વ્યાપિયું, રાખ્યું હૃદેનાં ઝેર. ૩૨૭
એક વરસ એમ વહી ગયું, થયું રાયને જાણ;
મુજ માટે તો પરહરી, ચતુરા ચતુરસુજાણ. ૩૨૮
પરસ્પરે બહુ પ્રીછ્યો, વૈલોચન પરધાન;
હેત દેખાડે અતિ ઘણું, દે ભરી સભામાં માન. ૩૨૯
તેણે તો માન્યું નહીં, તેડી નહીં ઘેર નાર;
એક દિવસ નંદ રાયજી, કીધો મંત વિચાર. ૩૩૦
રાય પ્રધાન બે નીસર્યા, રમવા શુભ શિકાર;
સૈન્ય સાથે બીજું નહીં, પ્રધાન રાજકુમાર. ૩૩૧
રમી શિકાર પાછા ફર્યા, નયનાવતી શુભ ગામ;
નેનકમલશા વહેવારીયો, આવ્યો તેણે ઠામ. ૩૩૨
તે સસરો પ્રધાનનો, આવી લાગ્યો પાય;
આદરભાવ અદકો કર્યો, બહુ વિધિ કરી પસાય. ૩૩૩
ધન્ય ગામ ધન્ય ગોદરું, ધન્ય આજનો દીસ;
રાય પ્રધાન પધારિયા, પ્રસન્ન થયો મુજ ઈશ. ૩૩૪
ઢાળ્યો પાટ કનકતણો, વેર્યાં પુષ્પ ચોપાસ;
કુંમકુંમ છાંટા દેવડાવિયા, રંગમહોલ અવાસ. ૩૩૫

તરિયાં તોરણ બાંધિયાં, મોતિયે પુરાવ્યા ચોક;
દૂધે ઉમર ધોવડાવિયા, અજુવાળ્યા બહુ ગોખ. ૩૩૬
ચંદન ને વળિ અરગજા, મર્દન કરયું શરીર;
પુલેલ અંગે સારિયાં, ઉત્તમ ગંગોદક નીર. ૩૩૭
ભાવતાં ભોજન કરાવિયાં, વિવિધ મેવા પકવાન;
મુખવાસ લવિંગ એલચી, બીડલે બાસઠ પાન. ૩૩૮
ભોજન કરિને ઉઠિયા, ઢાળ્યો ઢોલિયો એકાંત;
આણ્યા પાસા સોગઠાં, ભાંગવા મનની ભ્રાંત. ૩૩૯
વહેવારીયો કરે ચાકરી, દીપક સ્ત્રીને હાથ;
રાય પ્રધાન ત્યાં બેઉ છે, અન્ય નહીં કો સાથ. ૩૪૦
રાય વનિતાની વાત જે, જાણે છે સાહ આપ;
સતી કન્યા સલક્ષણી, એ વેદપુરાણે છાપ. ૩૪૧
વાત કહાડી રમવાતણી, પવિત્ર વાત વિચાર;
ચાર વિના રમવું કશું, એનો શો વહેવાર. ૩૪૨
રાય પ્રધાન ભિલ્લુ થયા, જોવા સરખી વાત;
એક મેર તો પદ્મિની, સામો તેનો તાત. ૩૪૩
ચારે જણ બહુ ચતુર છે, જોવા સરખી વાત;
લાગી ઝડ પાસાતણી, સહુ હરખે મન સાથ. ૩૪૪
પહેલી વાત સસરો કહે, ભાંગવા મનનો ભેદ;
હવે પોબાર પડે જેહના, તે સત્ય સાચો વેદ. ૩૪૫
ન પડે (તો) જૂઠો જાણવો, ખેદ ન કરશો કાંય;
એમ કહીને ઢાળિયા, ચોપટ પાસા ત્યાંય. ૩૪૬
પ્રધાન કહે અરજ કરી, નાંખો પાસા સત્ય;
પડશે તેને પાધરું, નહિતર જાશે પત્ય. ૩૪૭
સાહ કહે સાખી સત્યનો, ઈશ્વર આપોઆપ;
સાચું જૂઠું સહેજમાં, પરઠે પૂણ્ય ને પાપ. ૩૪૮
વચમાં ઈશ્વર આણિયા, સત્ય સાક્ષી કહેવાય;
રમત ત્યાં હાજર કરી, ન્યાય અન્યાય તોળાય. ૩૪૯
(શેઠ)–ગંગોદક નિર્મળ જમું, સદા પવિત્ર જ સાર;
તેવું કુળ હોય માહરું, પડ પાસા પોબાર. ૩૫૦

(રાજા)–હંસ ગયો સરોવર વિષે, દીઠું અમૃત વાર;
પિધા વિના પાછો વળ્યો, પડ પાસા પોબાર. ૩૫૧
(પદ્મિની)–સિંહ મૂછ ભોરિંગમણી, કરતી ધન સતિ નાર;
જીવતાં પર કર જાય નહિ, પડ પાસા પોબાર. ૩૫૨
(વૈલોચન)–જે માર્ગે સિંહ સાંચર્યો, ઊભાં તરણ અપાર;
તે તૃણ ઊભાં સૂકશે, પડ પાસા પોબાર. ૩૫૩

ચોપાઈ

પ્રથમ નાંખ્યા સસરે તે ઠાર, ખરા પડ્યા તેના પોબાર;
વહેવારીયાને હાથે ચડ્યા, તેના તરત પોબાર જ પડ્યા. ૩૫૪
ઢાળ્યા રાય ને ત્રીજી નાર, બહુ વિધથી પડિયા પોબાર;
ચોથી વાર નાંખ્યા પરધાન, ન પડ્યા પોબાર ઉતર્યું માન. ૩૫૫
હસી પડ્યા માંહોમાંહિ સાથ, પરસ્પરે તાળી દઇ હાથ;
ત્યારે વજીર વાણિ બોલિયો, મંનતણો પડદો ખોલિયો. ૩૫૬
બીજી વારના બોટા પડે, મારે મન અચરત તો અડે;
એક વાર પાધરું આવે સોય, તે સાચું નવ માને કોય. ૩૫૭
ત્યારે સસરો બોલ્યો વાણ, સાંભળો સર્વે ચતુરસુજાણ;
સાચો ઈશ્વર પૂરો સાખ, નાંખો વાર હજારો લાખ. ૩૫૮
ઉલ્લાં તેલ તે ટાઢાં કરે, દુઃખ પડે માણસનાં હરે;
એમ કહી હસિયા સાથમાં, લીધા પાસા સસરે હાથમાં. ૩૫૯

દોહરા

(શેઠ)–આંબે અંબફળ ઊતરે, કેળાં કદળી સાર;
બરાસ વાસ તજે નહીં, પડ પાસા પોબાર. ૩૬૦
(રાજા)–દેવળ દેખીને ગયો, દર્શન કરવા દ્વાર;
દર્શન પણ સ્પર્શન નહીં, પડ પાસા પોબાર. ૩૬૧
(પદ્મિની)–તેજી ન સહે તાજણો, શૂરો ન સહે માર;
કુવચન સતી સહે નહીં, પડ પાસા પોબાર. ૩૬૨
(પ્રધાન)–શ્યામા સેજે સંચર્યો, સદ્ય દેખિ વળી નાર;
રમવાને મન ગમ્યું નહીં, તો પડ પાસા પોબાર. ૩૬૩

ચોપાઈ

સસરો રાજા ત્રીજી નાર, ત્રણ જણના પડિયા પોબાર;
ન પડ્યા પ્રધાનના ઝાંખો થયો, ક્ષણું એક રહી બોલ જ કહ્યો. ૩૬૪

ત્રીજી વાર પડે પોબાર, તો હું વાત માનું નિરધાર;
કહેતામાં ગ્રહ્યા તે વાર, નાંખે છે લેઈ તેણી વાર. ૩૬૫

દોહરા

(શેઠ)–સીતા સરિખી સુંદરી, કીધા ધર્મવિચાર;
સોને શ્યામ અડે નહીં, પડ પાસા પોબાર. ૩૬૬
(રાજા)–અમૃત પિરસ્યું થાળમાં, આપે કરવા આહાર;
દીઠું પણ ચાખ્યું નહીં, પડ પાસા પોબાર. ૩૬૭
(પદ્મિની)–ઈશ્વર બેલી સર્વના, નોધારાં આધાર;
સત્ય રાખે સતીતણું, પડ પાસા પોબાર. ૩૬૮
(પ્રધાન)–મીની આગળ પય રહે, અગ્નિ આગળ ઘૃત સાર;
ભૂખ્યા આગળ ભોજન રહે, પડ પાસા પોબાર. ૩૬૯

ચોપાઈ

પડ્યા પોબાર હરખ્યા જણ ત્રણ, વજીર વાત સંભળાવે કરણ;
વેદ વચન કહેવાયે ચાર, તો તે વાત માનું નિરધાર. ૩૭૦
સસરો હરખ્યો તત્ક્ષણ લીધ, નાખ્યા દાવ કરીને સિદ્ધ;
રાખ્યું સત્ય જે દેવજતણું, તે ત્રણ મનમાં હરખ્યાં ઘણું. ૩૭૧

દોહરા

(શેઠ)–સત્યે બાંધી મેદિની, સત્યે બાંધ્યો સંસાર;
હોય સત્ય જો આ સમે, પડ પાસા પોબાર. ૩૭૨
(રાજા)–રત્ન અમૂલ્ય સુહામણું, લોભે ગયો તે ઠાર;
દીઠું પણ લીધું નહીં, પડ પાસા પોબાર. ૩૭૩
(પદ્મિની)–સત્ય ચુકે જો સાધવી, ધરા ન ઝીલે ભાર;
તે ગુણ હોયે ભૂજમાં, પડ પાસા પોબાર. ૩૭૪
(પ્રધાન)–અરુણ આગળ આગિયો, ઈંદુ આગળ અંધકાર;
નર આગળ જુવતી રહે, પડ પાસા પોબાર. ૩૭૫

ચોપાઈ

પડ્યા પોબાર ત્રણે જણ તણા, ન પડ્યા પ્રધાન નાંખ્યા ઘણા;
વજીર અપમાન થયો બહુ પેર, તેણે રાખ્યું હૃદિયામાં ઝેર. ૩૭૬
પંચમાં ભૂંડો કહે છે સહુ, મનમાં ખેદ પામે છે બહુ;
પંચ પ્રમાણ કરે છે અરું, બાકી સર્વ જૂઠું તાહરું. ૩૭૭

પંચ કહે તે જે નવ કરે, તે સુકૃત પોતાનું હરે;
એકવાર સહુ નાખો આપ, ફરિ બોલે તેને શિર પાપ. ૩૭૮
પંચવારથી પાછો જાય, તે હીણો કૂડો કહેવાય;
એવાં વાયક સુણીને કરણ, હરખ્યાં પેલાં જે જણ તરણ;
લીધા પાસા ત્રણે હાથમાં, નાંખ્યા સત્યવાદી સાથમાં. ૩૭૯

દોહરા

(શેઠ)–અહલ્યા તારા દ્રૌપદી, સીતા મંદોદરિ નાર;
તેવું કુળ હોય માહરું, પડ પાસા પોબાર. ૩૮૦
(રાજા)–અમૃત પી અમર થયો, રત્ન ધર્યું મન સાર;
અડવા લાલચ નવ કરી, પડ પાસા પોબાર. ૩૮૧
(પદ્મિની)–પાપ રહે કાશી ગયે, બ્રહ્મ નિંદે બ્રાહ્મણ સાર;
સ્વામી વિયોગે સતી રહે, તો પડ પાસા પોબાર. ૩૮૨
(પ્રધાન)–અહીમુખે અમૃત ઝરે, ચોર આગળ ભંડાર;
કામી આગળ રહે કામિની, તો પડ પાસા પોબાર. ૩૮૩

ચોપાઈ

ન પડ્યા બાર ને ઝાંખો થયો, બોલ્યાનો મારગ નવ રહ્યો;
પ્રધાન કષ્ટ પામ્યો બહુ પેર, હૃદિયામાંહે રાખ્યું ઝેર. ૩૮૪
હસી વાત હૃદયામાં સહી, નારી વેર સહેવાએ નહીં;
શસ્ત્રતણો ઘા રુઝે સહી, કુપત્ની વેર વીસરે નહીં. ૩૮૫
કોઇને મુખે નવ કહેવાય, પટાંતરે તે પારખી જાય;
હસતે રમતે વીતી રાત, પોહો ફાટ્યો ને થયું પ્રભાત. ૩૮૬
પ્રધાનનું નવ માન્યું ચિત્ત, અશ્વ ચડીને ચાલ્યો ધીટ;
વનિતાને કરિયો વાયદો, કાયામાં રાખ્યો કાયદો. ૩૮૭
ઝેર રાખી ચાલ્યો પરધાન, સતીવચન નવ સુણિયું કાન;
મહા ભયાનક વનમાં જાય, નથી બીજો કોઈ સાથ સહાય. ૩૮૮
સુંદર વાવ્ય ને શીતળ નીર, ઝાડ ચંપાનું તેને તીર;
જઈ ઉતરિયા તેની છાંય, જળ પીવા નૃપ પેઠો માંય;
પીધું નીર ને શાતા થઈ, લખ્યો દોહરો ભીંતે જઈ. ૩૮૯

દોહરા

રાય–હણે વાઘ સહુ જીનને, માંસાહારિ ગણાય;
દૃઢ વિશ્વાસ કરે સહુ, આપ બચ્ચાં નવ ખાય. ૩૯૦

એમ લખી પાછો વળ્યો, આવ્યો જળથી બહાર;
પછી પ્રધાન પીવા ગયો, લખ્યા આંક જે ઠાર. ૩૯૧
વાંચી અક્ષર ખીજ્યો ઘણું, પોતે લખ્યો અંક;
આપે ડહાપણ શું કરે, પરનો કહાડે વંક. ૩૯૨
પ્રતિઉત્તર પોતે લખ્યો, સૂઝે જેવી પેર;
પ્રધાન–સાચો હોય શિદ પરવરે, કપટ કરી મુજ ઘેર. ૩૯૩
ભૂખ્યાને અણભોજ્ય શું, અનાથની શી આશ;
જારને મન શી દીકરી, ઉન્મત્તને શો સાથ. ૩૯૪
બીજી વાર જળમાં ગયો, રાયે વાંચ્યો લેખ;
ખોટો આણે ખરખરો, દુઃખ ન ધરતો રેખ. ૩૯૫
રાય–ગજેંદ્ર વશ અંકુશને, નારી તે વશ શર્મ;
અર્ણવ વશ મરજાદને, રાજા તે વશ ધર્મ. ૩૯૬

ચોપાઈ

એહ લખી આવ્યો રાજન, જળ પીવા પેઠો પરધાન;
તે વાંચી ઉત્તર આપે લખ્યો, ક્રોધ અતિશે મનમાં રખ્યો. ૩૯૭

દોહરો

પ્રધાન–તરસ્યો જાય તળાવમાં, દેખી અમૃત તોય;
જોયે તરસ છિપે નહીં, પાછો ન વળે કોય. ૩૯૮

ચોપાઈ

એમ લખીને આવ્યો બહાર, પછી રાજા ગયો તે ઠાર;
વાંચ્યા અક્ષર ચેત્યો ચિત્ત, ક્રોપ તજીને લખ્યું કવિત. ૩૯૯

દોહરો

રાય–ઘેર બેઠાં મોતી નવ હોરીએ, પ્રમાણ કરીએ બહુ પેર;
કમુલ સૌ (તે) બોટું કરે, (જો) ગરજે જઈએ ઘેર. ૪૦૦

ચોપાઈ

વળ્યે આપે વિચાર્યું ચિત્ત, જોવા ચાલ્યો વાવડી ભીત;
વાંચી વિચાર્યું મનડા સાથ, લીધો રાયને આડે હાથ. ૪૦૧

દોહરો

પ્રધાન–મન વશ હોયે જેહનું, સત્ય તજે ન નિર્વાણ;
કપટ કરી નવ મોકલે, લેવાને કોકાણ. ૪૦૨

ચોપાઈ

એમ લખી બાહેર આવીયેા, બાર હદેમાં અધિક લાવીયેા;
વળી રાયે લખ્યેા એક મર્મ, રાખવા શ્યામા કેરી શર્મ. ૪૦૩

દોહરા

રાય–નીચ દૃષ્ટિ તે નવ કરે, જે મોટા કહેવાય;
શત લાંઘણુ જો સિંહ કરે, તોએ તૃણ નવ ખાય. ૪૦૪
રત્ન જડિત હોય મોજડી, શીશ ન બાંધે નેટ;
કનક છરી હાથે ધરી, કોય ન મારે પેટ. ૪૦૫

ચોપાઈ

વળી પ્રધાને તેા વાંચિયું, અદકું વેર દિલમાં સાંચિયું;
ફરી લખ્યું દિલ આણી દુઃખ, જો મુજને ઉપજાવે સુખ. ૪૦૬

દોહરા

પ્રધાન–હેતે શું વિખ પિજીએ, સૌ અમૃતને ખાય;
પેટે પાળી ન મારીએ, વેળા તેવી રક્ષાય. ૪૦૭
તે વાંચી રાજા લખે, છેલ્લેા અક્ષર આંક;
રાય–ચતુર ચિત્ત ક્ષમા કરે, પરનેા હોય જો વાંક. ૪૦૮
મૂરખ તેા માને નહીં, માને ચતુરસુજાણ;
સત્ય ગયું સર્વે ગયું, બોલે વેદ પુરાણ. ૪૦૯
સત્ય આધારે મેદની, સત્ય દિવાકર સૂર;
તે સત્ય જેણે મૂકિયું, તેને હત્યા પૂર. ૪૧૦
રાખી પ્રીત પટાંતરે, તે વારું વહેવાર;
તે પડદેા જો ભાગિયેા, તેા રહે કેમ જ કાર. ૪૧૧
તેહ વજીરે વાંચિયું, લખિયેા છેલ્લેા ભેદ;
પ્રધાન–અજા બાપડી શું કરે, સિંહસું રાખી ખેદ. ૪૧૨
પુત્ર મિત્ર વહાલા નહીં, નહીં સ્વારથ કે દામ;
પંડિત પ્રિય વહાલા નહીં, જ્યારે પ્રગટ્યો કામ. ૪૧૩
સત્ય શીલ ડહાપણ ગયું, જાયે નિર્મળ નામ;
સત્ય પાણી વહેતું રહ્યું, જ્યારે પ્રગટ્યો કામ. ૪૧૪
નાત જાતનેા ભય નહીં, ગોત્ર નહીં ગુણગ્રામ;
રાજા પ્રજાનેા ભય નહીં, જ્યારે પ્રજાનેા કામ. ૪૧૫

જુએ ન મરદ ન મેરી એ, જુએ ન શિવ કે શ્યામ;
આત્માનાત્મા નવ જુએ, જ્યારે પ્રગટ્યો કામ. ૪૧૬
સુખ નહિ સૂતાંસેજડી, સુખ નહિ આઠે જામ;
જળ ભોજન નિદ્રા નહીં, જ્યારે પ્રગટ્યો કામ. ૪૧૭
ગમે ન ઘર પુર મેડિઓ, ગમે ન ઉદ્યમ ઠામ;
ગમે ન વાત વિદ્યાતણી, જ્યારે પ્રગટ્યો કામ. ૪૧૮

ચોપાઈ

એવાં લખ્યાં પ્રધાન વચન, તે રાજાને લાગ્યાં મંન;
કોઈ કોઇને મુખે નવ કહે, લખી પટાંતરે છાના રહે;
રાજા કહે લખું એક વાર, જો મૂરખ મૂકે અહંકાર. ૪૧૯

દોહરા

રાય-કમળ જળમાં નિત્ય રહે, નિમેષ ન ભેદે નીર;
કામ ન ભેદે તેહને, જેનું શુદ્ધ શરીર. ૪૨૦
જીભને ચિકટ અડે નહીં, સોને અડે ન શ્યામ;
ગુણને અવગુણ નવ અડે, જ્ઞાનીને ન અડે કામ. ૪૨૧
નીરને અગ્નિ નવ અડે, દુષ્ટ હૃદે નહિ રામ;
લોભને લાજ અડે નહીં, જ્ઞાનીને ન અડે કામ; ૪૨૨
બ્રહ્મને કર્મ અડે નહીં, સંતોષીને ન અડે દુઃખ.
જોગીને ભોગ અડે નહીં, રોગીને ન અડે સુખ. ૪૨૩
અરુણને તિમિર નવ અડે, સિદ્ધને નવ અડે શાપ;
સિંહને શિયાળ અડે નહીં, પરિબ્રહ્મને ન અડે પાપ. ૪૨૪
વેદને ભેદ અડે નહીં, ખળને ન અડે સત્ય;
સાચાને જૂઠ અડે નહીં, જો પ્રભુ રાખે પત્ય. ૪૨૫
અગ્નિ બાળે સર્વેને, જીવ બાળ્યો નવ જાય;
મન્મથ જિતે સર્વને, જ્ઞાની નવ જિતાય. ૪૨૬
વહાલાં પાખંડ અજ્ઞાનને, હરિ જનને વહાલા રામ;
સત્યને વહાલો ધર્મ છે, પાપીને વહાલો કામ. ૪૨૭

ચોપાઈ

રાય લખી આવ્યો બારણે, પ્રતિત પ્રધાનતણે કારણે;
પ્રધાને લખ્યો એક જ બોલ, ઉતારવા રાજાનો તોલ. ૪૨૮

દોહરા

પ્રધાન–ઉમયા ઈશે નવ જિત્યો, જિત્યો નહિ શ્રીરામ;
બ્રહ્માદિકે જિત્યો નહિ, એવો અજિત છે કામ. ૪૨૯
જિત્યો નહિ મહા મુનિવરે, નવ જિત્યો રવિ ચંદ્ર;
જિત્યો નહિ વ્યાસ વિચક્ષણે, જિત્યો નહિ સુર ઈંદ્ર. ૪૩૦
જિત્યો નહિ પાંચ પાંડવે, જિત્યો ન રાવણ રાય;
જિત્યો નહિ જોરાવરે, કામ અજિત કહેવાય. ૪૩૧
જિત્યો નહિ કો દેવતા, જિત્યો નહિ કો લોક;
જિત્યો કોઈ કહે કામને, તે તો જાણવો ફોક. ૪૩૨
વેદ પઠન કવિ ચાતુરી, સઘળી વાત છે સહેલ;
કામદહન મન વશકરણ, ગગનચઢણ મુસ્કેલ. ૪૩૩
મૂર્ખ જિત્યો કહે કામને, માનો તેનાં પાપ;
સહુને હૃદે વ્યાપી રહ્યો, કામ અજિત છે આપ. ૪૩૪
કોઈ ડાહ્યો થઈ બોલશે, રાખી પોતાનો ભાર;
તેને લેજો ઓળખી, મૂરખનો સરદાર. ૪૩૫
પંચ કણ પ્રાશે અંનના, ચિત્ત ભંગ થાયે નેણ;
ઉઠી બેઠું થવાય નહિ, (પણ) કામ ન મેલે ચેન. ૪૩૬
કાં નારી કાં નર પશુ, વૃદ્ધ જોબન ને બાળ;
કાં મૂરખ પંડિત વડા, કામતણે વશ કાળ. ૪૩૭
મર્યાદાથી માન રહે, અણુસમર્થ રહે આપ;
એકાંતે આરાધન રહે, વેદ પુરાણે છાપ. ૪૩૮
કાં મન્દોદરિ દ્રૌપદી, અહલ્યા સીતા શરીર;
રાખ્યું આપ જ ઈશ્વરે, કામને વશ છે હીર. ૪૩૯
નહૂષ સરખો સાધવી, શત યજ્ઞનો કરનાર;
કામ અર્થે કર જોડિયા, પૂછી લેજો પાર. ૪૪૦
પારાશર પંડિત ઘણો, નવ ખંડ જેનું નામ;
મચ્છગન્ધા મનમાં વસી, કર્તવ્ય કહિયે કામ. ૪૪૧
ઈંદ્ર સરીખો અધિપતિ, ઈંદ્રાસન સુખ ધામ;
ગૌતમ નારી સંગે રમ્યો, કર્તવ્ય કહિયે કામ. ૪૪૨

ચતુર ચંદ્ર સરીખડો, રોહિણી સરખી રાણ;
ગુરુની નારી ભોળવી, કર્તવ્ય કહિયે કામ. ૪૪૩
કહેતાં પાર ન પામિયે, પ્રકાશિયે શિદ પાપ;
સહુકોને મન સિદ્ધ છે, જાણો આપોઆપ. ૪૪૪
હવે અક્ષર રખે લખો, ડાહ્યા થઈને આપ;
મને સિદ્ધ માન્યું અમો, (લખે) બ્રહ્મહત્યાદિક પાપ. ૪૪૫

ચોપાઈ

બેઠા બેઉ જણ સ્થાનક ઠરી, હેત પ્રીતશું વાતો કરી;
વીસારી મૂકી તે વાત, સ્નેહ વધાર્યો મનડાં સાથ. ૪૪૬
ઉષ્ણ કાળ અગ્નિની જ્વાળ, ખરા થયા મધ્યાહ્ન જ કાળ;
પ્રધાન ખોળે મૂકયું શીશ, સૂતો રાજા તેણે દીશ. ૪૪૭
ભર નિદ્રા થઈ જ્યાહરે, વજીર વિચાર કરે ત્યાહરે;
જેના હૈડામાંહે ડાધ, આવો કયાંથી પામીશ લાગ. ૪૪૮
અર્થી દોષ મનમાં કેમ ગણે, જોગી ભોગીને કેમ બને;
શૂરા કાયરનો ન મળે મેળ, પાપી ધર્મીને ન હોય બેલ. ૪૪૯
સતી ગુણિકાને ન હોય પ્રીત, રાય રંકની ન હોય એક રીત;
મૂર્ખ પંડિતને ન દે માન, સાચ જૂઠનું ન એક તાન. ૪૫૦
રાજા સાચો વહેમી પ્રધાન, ત્રીજું નહિ તેમાં અનુમાન;
અરુપરું ચોપાસે જોય, માનવી માત્ર મળે નહિ કોય. ૪૫૧
કહાડી પાળી રાખી તળે, મારી તે રાજાને ગળે;
થયો અધર્મી તેહ અજાણ, માર્યો રાજા ચતુરસુજાણ. ૪૫૨
ન ગણી હત્યા પોતે મંત, મૂકયો અશ્વ છોડીને વંત;
ધાવ્યો રાયને ભોમી ખણી, પાપ શંકા મનમાં નવ ગણી. ૪૫૩
ચંપે બેઠોતો માળી ચડી, દીઠું અચરત નજરે અડી;
મનમાંહે થરથર ધ્રુજિયો, સઘળી વાતે ત્યાં બૂઝિયો. ૪૫૪
નિશા સમે તજિયો તે ઠામ, આવ્યો વજીર પોતાને ગામ;
પ્રથમ ઘેર રાજાને ગયો, પૂછી વાત ને સાચો થયો. ૪૫૫
સૂતા કે બેઠા છે રાય, ગયા વાડી કે છે ઘરમાંય;
ગયા એકઠા જુજવા વળ્યા, પાંચ દિવસ થયા નથી મળ્યા. ૪૫૬
મળ્યા વર્ણ અઢારે લોક, સહુકોને મન પ્રગટયો શોક;
આવ્યો અશ્વ વનથી રહવજ્યો, ધાસ્કો પ્રજા સહુકોને પજ્યો. ૪૫૭

રાણી પુત્રે દુઃખ બહુ ધર્યું, જે કરવું ઘટતું તે કર્યું;
ચિત્તમાં ચિંતા વાધી ઘણી, આશા મૂકી રાજ્યતણી. ૪૫૮
વાટ જોતાં થયો એક માસ, મનસા સિદ્ધથી મૂકી આશ;
કાંઇક શોક કર્યો મન ત્યાજ, પછી પુત્ર બેસાજ્યો રાજ. ૪૫૯
મોટો વજીર ને નહાનો રાય, કારભાર એમ ચાલ્યો જાય;
માળી આવ્યો પોતાને ઘેર, નિરખી પાપી પ્રધાનની પેર. ૪૬૦
સમજીને રહ્યા હૃદિયા સાથ, વાત ન સોંપી પરને હાથ;
મોટા જનની વાતો ક્યમ કરું, શાને વણ ખૂટે હું મરું. ૪૬૧
ચેત્યો પોપટ પોતે મંન, પાપીએ માર્યો રાજંન;
શું કરું જે લૂણ જ ખાઉં, નહિ તો હમણાં કહેવા જાઉં. ૪૬૨
અનેક પાપ બિજાં છે ઘણાં, નથી કો લૂણ હરામી સમાં;
એનું કર્યું ભોગવશે એહ, એહ વાતનો નહિ સંદેહ. ૪૬૩
એમ કરતાં સંવત્સર થયું, ત્યાર સૂધી સૌ છાનું રહ્યું;
કો કોને મોઢે નવ કહે, પાપ કર્યું કેમ છાનું રહે. ૪૬૪
છાનો ન રહે થયો પ્રભાત, છાની ન રહે પડી જે રાત;
છાનો ન રહે ખોદ્યો કૂપ, છાનો ન રહે પાપી ભૂપ. ૪૬૫
છાનું ન રહે દેહમાં દુઃખ, છાની ન રહે લાગી ભૂખ;
છાની ન રહે સ્ત્રીની પ્રીત, ઉત્તમ મધ્યમની એ રીત. ૪૬૬
છાનું ન રહે જે અમલ પીએ, છાનું ન રહે જે દાન જ દીએ;
છાની ન રહે વ્યસનીની જાત, છાની ન રહે ભીંતરની દાઝ. ૪૬૭
છની ન રહે કીર્તિ કોઇતણી, છાની ન રહે વિદ્યા ભણી;
છાનો ન રહે દાતાર ને જાર, છાનો ન રહે રાગ ગાનાર. ૪૬૮
છાની ન રહે વાતો જે નવી, છાનો ન રહે કહેવાયેા કવિ;
છાનો ન રહે કસખી જેહ, રુડો કે પછી ભુંડો તેહ. ૪૬૯
છાનો ન રહે વૂઠ્યો મેહ, છાનો ન રહે દુઃખિયેા દેહ;
મની ઉન્દરમાં ન રહે ખીર, છાનું ન રહે નપુંસકનું નીર. ૪૭૦
પારો પડે તેમાં ન રહે ટુકડો, છાનો ન રહે બહુચરનો કુકડો;
છાનું ન રહે કોઇનું આપ, છાનું ન રહે હડકાયું પાપ;
ઈશ્વરને ધર્મ વહાલેા સહી, માટે માળીએ દીઠું તહીં. ૪૭૧

દોહરા

ચંપો લેઇને ચાલિયો, વજ્ર તણે તે ઘેર;
કાં તું અસુરો આવીયો, વજ્રે કહી બહુ પેર. ૪૭૨
કર્યો પ્રહાર ત્યાં દંડનો, હૃદે ધરીને રીશ;
આજથકી તું ચૂકશે, છેદીશ તારું શીશ. ૪૭૩

ચોપાઈ

ઘેર આવ્યો પતિ માલણતણો, વ્યાપ્યો ક્રોધ હૃદેમાં ઘણો;
પેલી વાત થઈ જેટલી, તારુણી આગળ કહી તેટલી. ૪૭૪
એ વજ્ર પાપી કહેવાય, માર્યો આપણો એણે રાય;
ચંપા ઉપરથી મેં લહ્યું, આજ મેં તુજ આગળ તો કહ્યું. ૪૭૫
માલણ કહે રાણી પાસે જાઉં, તે વાતની વધામણી ખાઉં;
રાજાનું લેવડાવું વેર, કેમ સાખું હું એવડું ઝેર. ૪૭૬
ત્યારે માળીએ ઘસીયા હાથ, મેં સીદ કરી સ્ત્રીથી વાત;
ત્યારે માળી બોલ્યો અંક, એ મોટા ને આપણ રંક. ૪૭૭
રંક વર્ણ ના જીરવે ધંન, જીરવે લાંધણ કરીને અંન;
કાયરને મન ના રહે ધીર, બિલ્લી પેટમાં ન રહે ખીર. ૪૭૮
વનિતા પેટમાં ન રહે વાત, રુડી કે ભુંડી સાક્ષાત;
માલણ માળીની વારી ન રહી, ચેતાવા રાણી પાસે ગઈ. ૪૭૯
કહ્યું સર્વ પેલું વૃત્તાંત, ભાંગી મનડાંકેરી ભ્રાંત;
ચંપા હેઠળ માર્યો રાય, હજી અસ્થિ પડ્યાં છે ત્યાંય. ૪૮૦
માન્યું રાણીએ સાચું સૂત્ર, પાસે તેડાવ્યો પોતાનો પૂત્ર;
સર્વ વાત સમજાવી કહી, નિશા કુંવરને પૂરી થઈ. ૪૮૧
અંતઃકરણમાં વ્યાપી રીશ, પગની જ્વાળે ભેદ્યું શીશ;
તેજ્યો વજ્ર પાસે ત્યાંહાં, કહે તાત માર્યો છે ક્યાંહાં ? ૪૮૨
રખે વજ્ર જૂઠું ઓચરે, આવ્યો કાળ વણ ખૂટે મરે;
નહિ મૂકું તુજને આ દીશ, નીચ પાસે છેદાવું શીશ. ૪૮૩
પ્રધાન ત્યાંહાં નામુક્કર ગયો, કોટી ઉપાયે નવ જૂઠો થયો;
તેને સાથે તેડી પૂર પળે, ગયો વૃક્ષ ચંપાને તળે. ૪૮૪
દાટ્યાં હતાં તે કહાડ્યાં અસ્થ, નિકળી સાચે સાચી વસ્ત;
નગર લોકે તે દીઠું દૃષ્ટ, કોટિ પ્રકારે પામ્યાં કષ્ટ. ૪૮૫

નાખ્યાં અસ્થ ગંગાને તીર, ઘેર આવ્યાં મન રાખી ધીર;
પ્રધાનને બાંધી આણિયેા, પિતા તણેા ખૂની જાણિયેા. ૪૮૬
બેાલ સાચું ઉભેા રહી ઘાટ, મહીપતિને માર્યો શા માટ;
જૂઠી વાત રખે તું કરે, આવ્યે કાળ ખૂટે તું મરે. ૪૮૭
કહે વજીર સુણ નૃપના પુત્ર, સાચું કહું તમ આગળ સૂત્ર;
મુજને હય લેવા મેાકલ્યેા, રાતે મહેાલે આવ્યેા એકલેા. ૪૮૮
પ્રતિહાર કર કુંડળ દીધ, પ્રવેશ ઘર મારામાં કીધ;
યુવતી સાથે ભેાજન જમ્યેા, વીંટી આપી રંગે રમ્યેા. ૪૮૯
કામ આંધળેા થયેા તે જાર, તે માટે મુજને લાગ્યેા ખાર;
નારી પેાપટ ત્રીજે રાય, મારે મુંખે નામુક્કર જાય. ૪૯૦
તે તેા ખાર હઇડે ધારિયેા, તારેા તાત તેથી મારિયેા;
કામ વાસના એણે કરી, પાપ બુદ્ધિ મેં હૈડે ધરી. ૪૯૧
માર્યો મહીપતિ મેં નિશ્શંક, સાચેા અક્ષર એ છે અંક;
માર્યો રાજા કીધેા સ્ત્રીસંગ, એ વાતનેા એટલેા છે અંક. ૪૯૨

દેાહરા

કહે કુંવર વજીરને, એવેા નહિ મુજ બાપ;
પતીજ પાડેા મૂજને, તેા ખૂન કરું હું માફ. ૪૯૩
જારબુદ્ધિ થઈ જનકને, તે જો સાચું હેાય;
સુખે મંદિર પરવરેા, પૂછી ન શકે કેાય. ૪૯૪
પેાપટ આણ્યેા પાંજરે થકી, હત્યા દીધી ચાર;
કેાઇની પક્ષ રાખીશ મા, કહેજે સત્ય વહેવાર. ૪૯૫
શુક કહે મેં પહેલું કહ્યું, માન્યું નહિ પરધાન;
શું કહિયે એ મૂઢને, હૃદયે રહી નહિ સાન. ૪૯૬

ચેાપાઈ

કહું સંક્ષેપે શુક કહે વાણુ, જૂઠું બેાલું તેા ઈશ્વર આણુ;
સ્ત્રી ઉપર રાયે મન ધરયું, કહ્યાજો પ્રધાનને તે પણ ખરું. ૪૯૭
જારબુદ્ધિ કે જોવા કાજ, તે તેા જાણે શ્રીમહારાજ;
કુંડળ બે આપ્યાં પ્રતિહાર, મધરાતે આવ્યેા તે ઠાર. ૪૯૮
કહ્યેા મેં અતિશય પ્રતિબેાધ, નવ આણ્યેા નંદરાયે ક્રેાધ;
પદ્મિનીએ કીધી બહુ પેર, ભલે પધારવા મારે ઘેર. ૪૯૯

દેખાડયું પટાંતરે ઘણું, ગળ્યું મન નંદ રાજાતણું;
રાજા સત્યવાદી તે ગળ્યો, પસલી આપી પાછો વળ્યો. ૫૦૦
જારબુદ્ધિ તે જનક જ હોય, તેમાં ભેદ ન કરશો કોય;
ઘેર વજીર આવ્યો જ્યાહરે, સાચાં દૃષ્ટાંત દીધાં ત્યાહરે. ૫૦૧
મેં ત્યારે સમજાવ્યો મર્મ, રાખ્યો ઈશ્વરે તારો ધર્મ;
એ મૂર્ખતણો શો વાંક, દીઠા સાચા અક્ષર આંક. ૫૦૨
મારું કહ્યું તે એ કયમ કરે, સહુકોનું તેજ જ જ્યાં હરે;
એને તો મન માન્યું ખરું, જેનું હૈડું કપટે ભર્યું. ૫૦૩
દુર્બળ પરોણો કોણ રાંધે ખીર, કાંબળીએ કો ન ધીરે ચીર;
એ તો સાચું બોલ્યા અમો, મન જાણો તે કરજો તમો. ૫૦૪
એવી વાત પોપટ કહી રહ્યો, ફટ પ્રધાનને સહુએ કહ્યો;
બહુ અન્યા તેં કીધો ખરો, માટે સહુ કહે તે ચિત્ત ધરો. ૫૦૫

દોહરા

કહે વજીર મેં મારીયો, પોપટને બહુ માર;
માટે મુજને મરાવવા, રાખે છે બહુ ખાર. ૫૦૬
આજ હું સંકટમાં પડ્યો, જે કરશો તે સ્હેશ;
વણ વાંકે જે મારશો, પેલે ભવ વેર લેશ. ૫૦૭
ઈશ્વર આગળ અરજ કરું, પ્રણામ કરું બહુ પેર;
પેલે ભવ તારી કને, લેઇશ મારું વેર. ૫૦૮

ચોપાઈ

કહે કુંવર સાંભળ રે તું, ખરા વિના નહિ મારું હું;
તેડી આણી વજીરની નાર, તેને હત્યા દીધી ચાર. ૫૦૯
સાચું બોલ જે હોય વહેવાર, ઉગરશે તારો ભરથાર;
નહિ તો એને મારું આ દીશ, તે હત્યા બેસે તુંજ શીશ. ૫૧૦
ત્યારે તે બોલી છે નાર, સહુકોને કરીને નમસ્કાર;
સતી જૂઠું બોલે જ્યાહરે, બ્રહ્માંડ તૂટી પડે ત્યાહરે. ૫૧૧
સતી નાર જે બોલે આળ, તો પૃથ્વી જાએ પાતાળ;
સતી સત્ય જે મૂકે આજ, તો વિશ્વાસનું કોણ રહે કાજ;
અસત્ય નવ બોલું નિર્ધાર, સત્યનો ધરણીને આધાર. ૫૧૨

દોહરા

સતી સત્ય જો ચૂકશે, શેષ ન ઝીલે ભાર;
બ્રહ્માંડ બધું ભાંગી પડે, રહે તે સત્ય આધાર. ૫૧૩
સત્યનો સૂરજ સાખીઓ, સત્યનો બેલી સહુકોય;
સતી સત્ય ચૂકે નહીં, જો કુળ ઉજ્જવલ હોય. ૫૧૪
કહો તો અગ્નિ ઉપાસિયે, કહો તો રાંધું ખીર;
હસ્તી બાંધું (કાચે) તાંતણે, એટલી રાખું ધીર. ૫૧૫
કહો તો જળ બાંધું ગાંઠડે, કહો તે કરું ઉપાય;
કરી દેખાડું પારખું, જેમ પતિજ તમારી થાય. ૫૧૬

ચોપાઈ

કહે પ્રધાન જેને માથે પડે, તે વણ પાગે મેરુ ચડે;
રાંધે ખીર અગ્નિમાં જાય, સતી નહીં શૂરી કહેવાય. ૫૧૭
કાચે તાંતણે બાંધે ગજ, તે સ્ત્રીચરિત્ર ઉપાસે ધજ;
તે માટે જૂઠી છે નાર, જો ગમે તો વણ વાંકે માર. ૫૧૮
એકે વાત ન પહોંચે સાખ, જોઈ સતી કરોડાં લાખ;
અન્યોન્ય ત્યાં વાતો કરે, દ્વિધા ચિત્ત કોનું નવ ઠરે. ૫૧૯
કો જૂઠું કો સાચું કહે, જેવું જેના મનમાં લહે;
કોઈ કહે નારી જૂઠી એહ, કોઈ કહે સાચી સતીની દેહ. ૫૨૦
કોઈ કહે સાચો પરધાન, કોઈ કહે જૂઠો છે રાજાન;
સાચા જૂઠાની પરીક્ષા થાય, ન્યાય અન્યાય ત્યાં તોળાય. ૫૨૧
કોઈ કહે સતવાદી એ ભૂપ, એવી વાતો થાય અનૂપ;
હાલે જીભ જેમ પીપળ પાન, કામિનીએ સાંભળિયું કાન. ૫૨૨
વિપરીત વાત લોકોની સુણી, સ્ત્રી ચાલી તે સરિતાભણી;
કૌતુક જોવા મળિયાં લોક, સાથે ધાઈ ચાલ્યા સહુ થોક. ૫૨૩
નદીમાંહી જઈ નહાવણ કર્યું, ઈશ્વરનું તે ધ્યાન જ ધર્યું;
રેતતણો કીધો અંબાર, તે ઉપર જઈ બેઠી નાર. ૫૨૪
અગ્નિ ઇંધણ નહીં કંઈ પાસ, સકળ લોક કરે ઉપહાસ;
સ્તુતિ કરે છે સૂરજતણી, તું છે જોધારાનો ધણી. ૫૨૫
જૂઠી લોક કરે છે આળ, ઉતાર મુજ માથેથી ગાળ;
જૂઠી હોઉં તો નિર્મુખ મેલ, નહિ તો સહુ સતીમાં ભેળ. ૫૨૬
વિના અગ્નિ બાળે મૂજને, પ્રત્યક્ષ દેવ જાણું તૂજને;
સ્તુતિ કીધી ઘટિકા જ્યાહરે, આપ આદિત્ય આવ્યા ત્યાહરે. ૫૨૭

પ્રત્યક્ષ દેવનું પ્રગટયું રૂપ, ભામિનીએ દીઠો તે ભૂપ;
સાક્ષાત્કાર જગતનો નાથ, આવી આડા દીધા હાથ. ૫૨૮
તે તો અન્ય ન જાણે કોય, નારી એકલી દૃષ્ટે જોય;
કહે પદ્મિણી સુણ હે સ્વામ, મહેલ તું મનથી અભિમાન. ૫૨૯
અગ્નિ વિના બાળું હું દેહ, તારા મનનો ભાંગે સંદેહ;
એમ કહીને નારી નમી, તેહ વાત સહુકોને ગમી. ૫૩૦
જો સત્યવાદી હશે પુરપતિ, વિના અગ્નિ બળશે એ સતી;
સાચું સાચું કહે સહુ કોય, વજીર તે તો દૃષ્ટે જોય. ૫૩૧
એહ વાત માની સહુ મંન, ત્યારે બોલ્યો રાયનો તંન;
પ્રધાન પાપી સાંભળ વાત, તારે મુખે કહે સાક્ષાત. ૫૩૨
વિના અગ્નિ સતી બાળે દેહ, તું જૂઠો ને સાચી એહ;
રખે હવે કોઈ સાથે વઢો, લોક દેખતાં શૂળી ચઢો. ૫૩૩
તારે મોઢે નક્કી વાંક, ચઢાવીશ શૂળી આડે આંક;
કુંવર કહે સાંભળરે તું, ઘણું વિચારી મારીશ હું. ૫૩૪

દોહરા

કહે વજીર સુણ રાયજી, સાચો માનો મર્મ;
મુખે મને તું મારજે, નવ ચૂકિશ તુંજ ધર્મ. ૫૩૫
માનિની માથા ઉપરે, વરસે અગ્નિમેહ;
બાધી એહ બળી રહી, શું બળશે હવે દેહ. ૫૩૬
ઉદરમાં અગ્નિ ભર્યો, તે બાળે જળ અન્ન;
તેને એહ પ્રગટ કરે, તેથી બાળે તંન. ૫૩૭
નિશા જાળ નારી લહે, જાણે નોળી કર્મ;
તેથી દેહ બાળી શકે, તેમાં શાનો ધર્મ. ૫૩૮
એક શૂરાપણું એહમાં, બીજો દેહમાં ક્રોધ;
ત્રીજું કલંક ઉતારવા, દે છે બહુ પ્રતિબોધ. ૫૩૯
જૂઠો રાજા મેં હણ્યો, જૂઠી બળશે નાર;
જૂઠો તું મારિશ મુને, એમાં શો વહેવાર. ૫૪૦

ચોપાઈ

અબળા બળતી હતી જેટલે, કાને વચન સુણ્યું તેટલે;
કલંક મારે માથે કહ્યું, અરે દૈવ આ તે શું થયું. ૫૪૧

અગ્નિમાંથી ઊભી થઈ, કર જોડીને વાણી કહી;
સાંભળો સહુ નગરનાં લોક, વજીરનો સમે કેમ શોક. ૫૪૨
શી વાતે એ માને મૂઢ, પૂછો એ પાપીને પ્રૌઢ;
મહેલી માન કેમ શૂળી ચઢે, એને મન કેમ અચરજ અડે. ૫૪૩
એની કેમ હોલાએ દાઝ, તે પ્રતીત દેખાડું આજ;
સાચું તેમાં સઘળું જોર, જૂઠું તે તો ચિત્તમાં ચોર. ૫૪૪
સહુકોએ પૂછ્યું પરધાન, ઉતારીએ માનિનીનું માન;
તું કહે તે સર્વે કરે એહ, તો સાચી નારીની દેહ. ૫૪૫
પછે વાત માનો નહિ તમો, પંચ ધટાળી કરશું અમો;
સાચાનો પરમેશ્વર બેલ, જૂઠાતણો વળી શો મેળ. ૫૪૬
એહ વાતનો પાર જ લઉં, પછે શૂળીએ તમને દઉં.

દોહરા

વૈલોચન કહે સહુ સુણો, સાચી હોય જો આપ;
સતી જાણું હું એહને, જીવે રાયનો બાપ. ૫૪૭
સાચું હશે તો ઉઠશે, સજીવન રાયજી થાય;
તો મન માને માહરું, એ સતવાદી કહેવાય. ૫૪૮
ટાઢાં તેલ ઉનાં કરે, ઊનાં શીતળ હોય;
જળને સ્થાનક સ્થળ કરે, પાર ન પામે કોય. ૫૪૯
બ્રહ્માંડ બાંધે ભાંગે ઘડે, આપ છે અકળ સ્વરૂપ;
પ્રતિત મુજને સાચી પડે, જો એ જીવે ભૂપ. ૫૫૦
ત્યાર વિના માનું નહી, સાચો અક્ષર અંક;
જો રાજા થાય જીવતો, તો માનું મુજ વંક. ૫૫૧
(પછે) પંચ ધટાળી સહુ કરો, મારો મુજને ઠાર;
એને વધાવજો મોતીએ, છે સાચો વહેવાર. ૫૫૨
આકી પતિત દેખાડવી, એ તો આળપંપાળ;
કરે મુવાને જીવતો, એવો દીનદયાળ. ૫૫૩

ચોપાઈ

સહુ સાંભળીને છાના રહ્યા, પ્રતિઉત્તર તેના નવ થયા;
અચરજ વાત અનેરી હોય, સ્ત્રી સામું ત્યાં સહુકો જોય. ૫૫૪
તાળી પાડી લોક જ હસ્યા, મર્મ બોલ વનિતાને વસ્યા;
કામિનીને મન ભેદું કષ્ટ, પ્રત્યક્ષ દેવ દેખાડે દૃષ્ટ. ૫૫૫

મહારાજ મોટો મહીમતિ, સ્તુતિ કરવા તવ મંડી સતી;
સુધન્વા તેલ તળ્યો જ્યારે, શીતળ તેલ કર્યું ત્યારે. ૫૫૬
પંચાળીનાં પૂર્યાં ચીર, અનેક ભક્તની રાખી ધીર;
કાષ્ટ ભક્ષ સીતાએ કર્યું, શાખ દશરથ રાજાએ પુર્યું. ૫૫૭
મહારાજ સંકટ અતિશે પડ્યું, કલંક વણ વાંકે શિર ચડ્યું;
એમ કહીને જોડ્યા હાથ, ધરતી વેહેર દેજો મુજ માત. ૫૫૮
દીધો વેહેર માતાએ માગ, સ્ત્રીએ જાવાનો જોયો લાગ;
સ્ત્રી ધરતીમાં જાય જેટલે, કૌતુક એક થયું તેટલે. ૫૫૯
થયો કડાકો મહા ઘનઘોર, અંધકાર અધિક જુગજોર;
પ્રલય કાળમાં થાય છે જેમ, આ વેળામાં થયું છે તેમ. ૫૬૦
ધરતીએ જ્યાં દીધો માગ, સાક્ષાત ત્યાં આવ્યો શેષનાગ;
મહા જોગેશ્વરકેરું રૂપ, અમૃતકુંપ હાથે અકળ સ્વરૂપ. ૫૬૧
નારી ઉપર આણે સ્નેહ. મનુષાકાર દેવાંશી દેહ;
પ્રમદાએ જોડ્યા બેઉ પાણ, બોલ્યા જોગેશ્વર સત્ય વાણ. ૫૬૨
કહે જોગી સાંભળ રે સતી, જીવતો થશે નગરનો પતિ;
ચંપા તળે દાટ્યો રાય જ્યાં, પડ્યો છે અસ્થિનો કકડો ત્યાં. ૫૬૩
ચંપા ઝાડ તળે તું જા, આશા તૃપ્ત કરવાને ધા;
અમરત છાંટને જીવશે રાય, શા માટે પાતાળે જાય. ૫૬૪
નંદ નરેશ ત્યાં જીવતો થશે, સહુના મનના સંદેહ જશે;
હું શેષનાગ આવ્યો તુજ સહાય, તારો વધારવા મહિમાય. ૫૬૫
હૃદિયા માંહે રાખી ધીર, અસ્થ ઉપરે સીંચજે નીર;
તારાં દુઃખનો લહ્યો મેં ભર્મ, ઈશ્વર રાખશે સૌનો ધર્મ. ૫૬૬
આજ્ઞા દીધી શ્રીશેષનાગ, નારી પામી નવલો લાગ;
પછી નાગ અલોપ જ હોય, તે તો અન્ય ન દેખે કોય. ૫૬૭
પ્રકાશ રવિતણો ત્યાં થયો, રાયના પુત્રે બોલ જ કહ્યો;
કાંરે બાઈ સતી છે તું, તે તો એકલો જાણું હું. ૫૬૮
કેડાં આળ બોલે સહુ લોક, આળપંપાળ બોલે છે ફોક;
આ જન માને તેવું કરો, નહિ તો મંદિર પાછાં પરવરો. ૫૬૯
મુવે કલંક તારું નવ જાય, મેણું તારા શિરપર થાય;
સતી નારી પાછી કયમ વળે, ગઈ ઝાડ ચંપાના તળે. ૫૭૦

નિકળ્યો અસ્થિનો કકડો એક, જુવે લોક ત્યાં કરી વિવેક;
વિશ્વનાથનું દેહેરું જ્યાંય, નાખ્યું અસ્થ જઇને ત્યાંય. ૫૭૧
તે ઉપર તવ ઢાંકયું ચીર, સિચ્યું અમૃતકેરું નીર;
ઘટિકા ત્રણ થઈ જ્યારે, સજીવન પુરુષ થયો ત્યારે. ૫૭૨
સાચાનો બેલી ઈશ્વર એહ, એ વાત તો નહીં સંદેહ;
સાચી વાતે દેવ પ્રગટ હોય, પ્રત્યક્ષ જાણો સહૂ કોય. ૫૭૩
અંતરિક્ષથી ઉતર્યો ધર્મ, જે હોય સાચો મહિમા મર્મ;
સાચી સતી કહે સહુ કોય, સાચી સતીને સૌ જન જોય. ૫૭૪
અધવસો સત્યનો છે સાર, તેણે બધો ચાલે સંસાર;
પાપે બૂડે પાપે તરે, સત્ય થકી સૌ સંકટ હરે. ૫૭૫
સત્ય સ્વર્ગ ને સત્યે મોક્ષ, સત્ય થકી જાયે સૌ દોષ;
સત્ય આધારે રહે છે આકાશ, સત્ય તેજ પૂરણ પ્રકાશ. ૫૭૬
સત્ય જળમાં પૃથ્વી રહે, સત્ય તરે તે સહુકો કહે;
સત્યે સાક્ષી બોલે સહુ વેદ, સાચું સત્ય તેમાં નહિ ભેદ. ૫૭૭
સત્ય ત્યાં ઈશ્વરકેરો વાસ, સત્યે સૂરજ રહે આકાશ;
સત્યે કોટી બ્રહ્માંડ જ જોહ, સત્ય આધારે વરસે મેહ. ૫૭૮
સત્યનું બાંધ્યું પાકે અંન, સત્ય વસે જ્યાં નહિ અભિમાન;
ક્ષણ માત્ર સૂધી સુણે સૌ ધર્મ, એ વાતનો જાણ્યો સહુએ મર્મ. ૫૭૯
સત્યનું મૂળ ગયું જ્યારે, પ્રલય કાળ થયો ત્યારે;
સૃષ્ટિ પહેલું સરજ્યું સત્ય, મોટા પુરુષ વિચારો મત્ય. ૫૮૦
સત્ય હોનાર હોય તે હોય, સત્ય વિના બીજું નહિ કોય;
આદ્ય પુરુષ જેનું છે કૂળ, સતી સત્ય કેરું છે મૂળ. ૫૮૧
અસત્યથકી ઈશ્વર છે દૂર, સત્ય તે નારાયણનું નૂર;
સર્જનાર તે સત્ય જ હોય, સત્ય વિના બીજું નવ કોય. ૫૮૨
સત્ય તે ઈશ્વર કેરો અંશ, સત્યે સત્ય પૂરણ પ્રશંસ;
આદિ નિરંજન કરતા કામ, સત્ય સ્વરૂપ તે તેનું નામ. ૫૮૩
સત્ય ધરા ધરે નાગેન્દ્ર, સત્યે તપે દિવાકર ચંદ્ર;
અસત્ય ત્યાં અદકેરું દુઃખ, સત્ય વાતમાં સઘળું સુખ. ૫૮૪
જિત્યો જગ જેનું સત્ય રહ્યું, સત્ય મૂક્યું તેનું સર્વસ્વ ગયું;
સ્વર્ગે જવાની વાટ જ જોહ, સત્ય નામે ઓળખાએ તેહ. ૫૮૫

બ્રહ્મ પદમાં મોટેરી મત્ય, તેનું તત્ત્વ સાચું તે સત્ય;
સત્ય ઉપર જેની હોડ, તે આગળ ઈશ્વર રહે કરજોડ. ૫૮૬
સત્ય સાથે જેનો વહેવાર, તે જાણવો ઈશ્વર અવતાર;
સત્ય ઉપરે નિર્મળ સ્નેહ, તે જાણવો ઈશ્વરની દેહ. ૫૮૭
આળસ મરડી ઉઠ્યો રાય, પુષ્પવૃષ્ટિ તે સ્થાનકે થાય;
શાબાસ સતી સહુકોએ કહી, જેજેકાર જગતમાં થઈ. ૫૮૮
પાપી પ્રધાનને સૌ કેહ, નથી રાયને કંઈ સંદેહ;
નથી નંદ રાજાને જ્ઞાન, કે શા કારણે બાંધ્યો પ્રધાન. ૫૮૯
શા માટે બાંધ્યો પ્રધાનને, શા માટે મારો એ રાંકને;
કહો મુજને એના વાંકને, ત્યારે ખબર થાએ મને. ૫૯૦
પૂર્વ વૃત્તાંત રાજાને કહ્યું, ત્યારે જ્ઞાન પોતાને થયું;
જોતામાં છે મારો વાંક, શું કરે એ બાપડો રાંક. ૫૯૧
અતિ અઘટિત મેં આચરણ કર્યું, એને તેથી દુઃખસાગર ભર્યું;
સ્ત્રી વેર દવ નવ થાય, કામ અજિત તે નવ જિતાય. ૫૯૨
એ શું જાણે સતિ ને રાય, નિસ્સંશય મન કેમ એનું થાય;
ભલે એણે માર્યો છે મને, ભલો ન્યાય તો સૂઝ્યો તને. ૫૯૩
એમ કરતાં સતિપણું સિદ્ધ થયું, કલંક એ નારીનું ગયું;
હવે એને મારશો મા કોય, હોનાર વસ્તુ તે મિથ્યા નવ હોય. ૫૯૪
છોડ્યો વજીર સરપાવ જ દીધો, જીવાયકી તે વહાલો કીધો;
તે ઉપર નવ રાખી દાઝ, નંદપુત્ર બેસાડ્યો રાજ. ૫૯૫
ભલી ભાત રાખી માનિની, કંથને સોંપી કામિની;
જોડ્યા તેહ વજીરે હાથ, સ્તુતિ કરી રાજની સાથ. ૫૯૬
હું છઉં અપરાધી તાહરો, હવે સંદેહ ભાંગ્યો માહરો;
મોતીપુષ્પે વધાવી નાર, ગયા સહુ પોતાને ઠાર. ૫૯૭
નિશ્ચે નિષ્કલંક નારી દેહ, સત્યવાદી નંદરાયનો સ્નેહ;
માનતા નારીની ચાલી ઘણી, સાચી શક્તિ તે દેવી તણી. ૫૯૮

દોહરા

પ્રીત કરે પરનારની, કેવલ જાએ પ્રાણ;
લેશે અંત પરનારનો, તેનું નામ અજાણ. ૫૯૯

નારી કહેશે કૂટડી, તેને રૂઠ્યો દૈવ;
પરનારીની પ્રીતથી, જાશે સુખ સદૈવ. ૯૯૯
ચતુર હોય તે ચેતજો, એક ઘડીનું સુખ;
પરનારીના ભોગથી, લક્ષ કોટિધા દુઃખ. ૧૦૧
પરનારી પાળીથકી, ભુંડી જાણો એહ;
ક્ષણું ક્ષણું કાયા કાંપશે, સદૈવ દમશે દેહ. ૧૦૨
પરસ્ત્રી દીઠે દુઃખ છે, ખોય છે ખેદે જીવ;
પરસ્ત્રી કેરી પ્રીત કરે, જાણે રૂઠ્યો શિવ. ૧૦૩
આ લોકે અતિ દુઃખ છે, પરલોકે બહુ પીડ;
નારી નરકની ખાણ છે, કોટિ લક્ષધા કીડ. ૧૦૪
પરનારી નિરખી નહીં, તે જિત્યો સંસાર;
જોગી જન તે તો ખરો, ઉતર્યો તે ભવપાર. ૧૦૫

ચોપાઈ

રાવણે દશમુખ કીધાં ત્યાજ, ખોયું લંકાગઢનું રાજ;
સ્ત્રીથી ખાંપણ લાગી ચંદ્ર, સહસ્ર ભગ પામ્યો આપે ઈંદ્ર. ૧૦૬
સ્ત્રીથી કૌરવો શોયે શમ્યા, સ્ત્રીથી પાંડવ વનમાં ભમ્યા;
સ્ત્રીથી કીચક હોડે હણ્યા, સ્ત્રીથી દુઃખ પામ્યા નર ઘણા. ૧૦૭
સ્ત્રીસંગથી થયા એ હાલ, સ્ત્રીસંગથી આવેરે કાળ;
પરનારી તે જીવનો કાળ, માથે મૂકે જૂદું આળ. ૧૦૮
સ્ત્રીને તો પગે લાગીએ, મૂકી માન દૂરથી ભાગિયે;
સ્ત્રી તે આદ્યશક્તિ કહેવાય, અજિત એ જિતી નવ જાય. ૧૦૯
સ્ત્રી ખાણ રત્નાકરતણી, સ્ત્રી બળવંત અતીશે ઘણી;
સૃષ્ટિનું મંડાણ સ્ત્રીથી હોય, તેમાં સંદેહ ન રાખો કોય. ૧૧૦
ઘણાક ગુણ સ્ત્રીમાંહે હોય, નારી જિતી શકે ન કોય;
નિર્દોખ ને વિક્રમ રાય, તે પરદુઃખભંજન કહેવાય. ૧૧૧
ભોજરાજ જેવો ભડ ભૂપ, સકળ સૃષ્ટિ રામાથી રૂપ;
કર્ણ વિકર્ણ યુધિષ્ઠિર જોય, જનક સરખા જુવતિથી હોય. ૧૧૨
વ્યાસ વસિષ્ટ માર્કંડેય મુની, લાગી વેદતણી ત્યાં ધુની;
અનમી અહંકારી જે શૂર, નારીથી પ્રગટ્યાં એ નૂર. ૧૧૩

જોગી ભોગી સિદ્ધ સુજાણ, સૌનાં વનિતા થકી વખાણ;
પંડિત ન્યાયી ડાહ્યા ઘણા, તે સૌ તન છે તરુણીતણાં. ૬૧૪
નારી મોટી નરથી ઘણું, સર્વે તેજ તે નારી તણું;
સ્ત્રી અંબે આરાસુરતણી, તેશું પ્રીત કીજે અતિ ઘણી. ૬૧૫
તે આગળ રહીએ કર જોડ, જુગમાં સ્ત્રીકેરી નહિ જોડ;
તેથી જશ જગમાં પામિયે, વેદના દુઃખ સર્વે વામિયે. ૬૧૬
પરનારીપર ન ધરો કામ, રાખે પ્રીત તો રુઠ્યો રામ;
પરનારી તે વિષની શૂળ, ડાહ્યા નર તે રહેજો દૂર. ૬૧૭
પરનારીપર ધરે જે સ્નેહ, તેના તો વાંકા નવ ગ્રેહ;
કામિનીને જિતી જેહણે, જુગ બાધો જિત્યો તેહણે;
છેલ્લો અક્ષર કહું છું સહી, પરનારી સંગ કરવો નહીં. ૬૧૮

દોહરા

નંદરાયતણી કથા, કવિત ચાતુરી ભેદ;
શ્રોતા વક્તા સાંભળો, કોય ન ધરશો ખેદ. ૬૧૯
કથા પુનિત નંદરાયની, સુણે શીખે કે ગાય;
વિજોગ ભાંગે તેહનો, આશા પૂરણ થાય. ૬૨૦
જ્ઞાન હૃદેમાં ઉપજે, કુબુદ્ધિ ન વ્યાપે દેહ;
સત્ય ઉપર મનસા રહે, નારાયણુસું સ્નેહ. ૬૨૧
સત્ય રાખ્યું સતીતણું, રાખ્યું જગમાં નામ;
લાજ રાખો સહુ લોકની, કરજો રુડું કામ. ૬૨૨
શ્રીગોડ માળવી વિપ્ર શુભ, અમદાવાદમાં વાસ;
સુત શ્રી વીરેશ્વરતણો, વારુ બુદ્ધિવિલાસ. ૬૨૩
સેવક સહુ કવિતાતણો, શિવપૂજન પરતાપ;
સામળભટ કવિતા કહે, ઈષ્ટકૃપાથી આપ. ૬૨૪
માતર પ્રગણામાં રવિ, સિંહુજ સકળ શુભ ગામ;
કણબી કરણ સભો વસે, રખીયલ રુડું નામ. ૬૨૫
તેણે કથા એ સાંભળી, સામળ ભટની પાસ;
ગ્રંથ પૂરણ કર્યો સહી, નૌતમ રસિક વિલાસ. ૬૨૬
કવિ રાખ્યો કોડે કરી, સંતોખ્યો દઈ માન;
વસ્ત્રાભૂષણ આપ્યાં ભલાં, ભાવે ભૂમિ દાન. ૬૨૭

ધંન કણબી કુળ કાઉજી, માવજી સુત મેરાણ;
રખીદાસ છે ભોજ સમો, સકળ શાસ્ત્રનો જાણ. ૬૨૮
નંદરાયતણી કથા, સુણી ઘણું દઈ માન;
સંસ્કૃતમાંથી પ્રાકૃત કહ્યું, નંદતણું આખ્યાન. ૬૨૯
ભક્તિ કરો મનભાવશું, ઇષ્ટ ઉપાસી એહ;
સામળભટે શુભ કહ્યું, સહુનો બેલી તેહ. ૬૩૦
ગાય શીખે ને સાંભળે, તેને ગંગાસ્નાન;
આ લોકે જશ પામશે, પરલોકે બહુ માન. ૬૩૧
શ્રીગોડ માળવી વિપ્ર શુભ, વેગણપુરમાં વાસ;
નંદરાય તણી કથા, કહી કવિ સામળદાસ. ૬૩૨

નંદબત્રીશી સમાપ્ત

પંચદંડ

દોહરા

શ્રી સરસ્વતિને હું નમું, પ્રીતે પૂજું પાય;
કરુણા દૃષ્ટે જુઓ તમો, સફળ મનોરથ થાય. ૧
આદ્યશક્તિ તું ઈશ્વરી, આરાસુરપતિ જેહ;
નવે ખંડ વ્યાપી રહી, સ્થાવર જંગમ તેહ. ૨
જેને તુજ કિરપા હવી, હવું તેને કલ્યાણ;
ન્યૂનતા એકે નવ રહી, જોતાં એહ પ્રમાણ. ૩
દશરથનંદન હું સ્તવું, નરકનિવારણ નામ;
મહારાજ રાજ રાજેશ્વર, રાજીવલોચન રામ. ૪
ભોજરાજ મન હરખિયો, લાયક મુહૂરત લીધ;
સિંહાસન શુદ્ધ કરાવ્યું, શોભા વિધવિધ કીધ. ૫
પંડિત પુરાણિક વેદિયા, મળિયા વિપ્ર સુજાણ;
કીધી શોભા અવનવી, ઝળહળ ઝળકયો ભાણ. ૬
સિંહાસનપર પગ ધરે, ભૂપતિ ભોજ રાજાય;
બોલી હંસા પૂતળી, હાં હાં ન ધરશો પાય. ૭
એ સિંહાસન ઇંદ્રનું, અતુલ તેજ મહામુલ્ય;
એ ઉપર બેશો તમો, થાઓ વિક્રમ તુલ્ય. ૮
એ આસન છે દેવનું, ઇંદ્રાસનનું સાર;
આભૂષણ એ સ્વર્ગનું, તેજતણો અંબાર. ૯
પાળક ગૌબ્રાહ્મણતણો, પરનાર સહોદર જેહ;
એવો જે ઉત્પન્ન થશે, આસન બેશે તેહ. ૧૦
કહે ભોજ સુણ પૂતળી, આસન એ અણમુલ્ય;
વિક્રમ હાથ કેમ આવિયું, સ્વર્ગસૂખ સમતુલ્ય. ૧૧
પંચદંડ એને જડ્યા, તેણે તે શું થાય;
તે કયમ જિતી લાવિયો, પોતે વિક્રમરાય. ૧૨
શું દંડે પરાક્રમ કર્યું, પ્રતાપ કર્યો શી પેર;
જિત્યા દંડ શા પરાક્રમે, હતા કોણને ઘેર. ૧૩

તે શુણવા ઇચ્છું અમો, શું કરિયું પર કામ;
તેવાં પરાક્રમ હું કરું, તો એશું એ ઠામ. ૧૪

ચોપાઈ

હંસા પુતળી બોલી વાણ, સાંભળ રાજા ચતુરસુજાણ
ઉજ્જેણીનું કરતો રાજ, અસત્ય અન્યા તેને ત્યાજ. ૧૫
તેણે પરાક્રમ કીધું ઘણું, ચકવે રાજ તે વિક્રમતણું;
ધર્મવંત સહુ પુરના લોક, નહીં કોને વ્યાધિ કે શોક. ૧૬
સિંહાસન સોનાનું પત્ર, મસ્તક ધરે પંચદંડનું છત્ર;
ઉતપત તે સિંહાસનતણી, વિસ્તારી કહી શોભા ઘણી. ૧૭
કહી વાત તેની વિસ્તરી, શુણ મહારાજા હેતે કરી;
નગર ઉજ્જેણી અતિ અનૂપ, રાજ કરે વિક્રમ નર ભૂપ. ૧૮
અતિ પવિત્ર અષ્ટાદશ વર્ણ, કૃષ્ણકથા શુણે નિત્ય કર્ણ;
વિપ્ર સહૂકા પ્રશ્નોતરી, વેદપાઠી ને અગનોતરી. ૧૯
ક્ષત્રી રણવટ કૂદી પડે, ગૌ બ્રાહ્મણની વહારે ચડે;
વૈશ્ય કરે વેપારી હાટ, ધર્મતણી ચલાવે વાટ. ૨૦
શીલવ્રત સહુ લોક જ અતિ, પતિવ્રતા ધર્મ પાળે સતી;
એવો રાજા ચતુરસુજાણ, કોઈ કોઈની નવ લોપે આણ. ૨૧

દોહરા

એક સમે રાજા ચઢ્યો, દેઈ દદામે ઠોર;
ધમકારે પૃથ્વી ગડગડે, વાજે વાજાં ઘોર. ૨૨
આગળ હાર હસ્તીતણી, મદ ઝરતા માતંગ;
ધજા નેજા અતિ ફરકતાં, સિંદૂર ઓપિત અંગ. ૨૩
અંબાડી અંકુશ ભલાં, ઐરાવત આકાર;
બીજા ગજ તો અતિ ઘણા, એવા સહસ્ર જ બાર. ૨૪
હય અરબી કચ્છી ભલા, ખુરાસાની કાશ્મીર;
કુંતલ કાળા કાબરા, શૂર પૂર રણધીર. ૨૫
ઉજ્જવલ અબલખ ભૂખરા, નીલા પીળા રંગ;
જડિત પલાણ હીરે જડ્યાં, અતિ અતળી બળ અંગ. ૨૬
અનેક રથ ને પાલખી, અનમી અતિ અસવાર;
ચઢ્યા વેડાંગ બહુ વાંકડા, જૂઝે મહા જુઝાર. ૨૭

કંઇ પાળા કંઈ પાખરી, કંઈ વાજાં ચેહેચાટ;
કંઇ નાટક ચેટક ભલાં, ભણતા ભૂપતભાટ. ૨૮
જશવંતોના જશ ભણે, પિંગળ પાઠ પુરાણ;
ગુણ ભેદ ગણ બહુ ગણે, દે મનગમતાં દાન. ૨૯
વિક્રમ વાડી સંચર્યો, રમવા કારણ આપ;
શેષનાગ લાગ્યો સળકવા, દુશ્મન લાગ્યો તાપ. ૩૦
સામદ સાથે સંચર્યા, તેથી શોભે દેહ;
ચઢ્યા રાય દેઈ દુંદુભિ, જેમ અષાડો મેહ. ૩૧
જેમ ગાજે સિંહ વન વિષે, જેમ પરાંઠી પૂર;
વિક્રમ સંગ સેના ચઢી, સામદ સઘળા શૂર. ૩૨
જેમ ચઢે લંકાપતિ, જેમ અવનવો ઇંદ્ર;
જેવો ગાંડીવધર ચઢે, તારામાં જેમ ચંદ્ર. ૩૩
પુણ્ય તણો પરતાપ છે, ભલપણ કેરો ભાણ;
એહ પ્રકારે નિસર્યો, વિક્રમ વીર સુજાણ. ૩૪
આવ્યો વાડિએ અતિ સુખે, દિવસ ચઢ્યો ઘડી ચાર;
નૃત્ય કરે છે નાયિકા, શોભા અપરમ પાર. ૩૫
રંગ ઓછવ અદકો કર્યો, સજ્જનને સન્માન;
પુણ્ય કર્યાં બહુ પ્રીતશું, દાનપાત્રને દાન. ૩૬
તે શોભા સુખ નિર્ખતાં, દાતા હરખે મંન;
કરપી કળાઈ ખાઈ મરે, ને સૂમ છંડે તંન. ૩૭
દિવસ પોહોર રહ્યો પાછલો, ફરી અસવારી પેર;
કંચન મેહ વરસાવતે, જાવા માંડ્યું ઘેર. ૩૮
જાણ ઉજેણ મધ્યે થયું, આવે રૂડો રાય;
શોભા જોવા કારણે, નર નારી સૌ ધાય. ૩૯
કામ અધવચ કોના કર્યાં, અધવચ મહેલ્યાં અંન;
વેપાર મૂકયો વેપારીએ, તરુણી મહેલ્યાં તંન. ૪૦
વણિક તોળતા ત્યાં રહ્યા, કર્યો લાભ તે ત્યાંજ;
બ્રાહ્મણ ભણતા ઉઠિયા, નરપત જોવા કાજ. ૪૧
કોઈ મહેલે કોઈ માળિએ, કોઈ ઘરમાં કોઈ બહાર;
અટારિયે નારી ચઢે, નાનાં મોટાં નરનાર. ૪૨

રાજાનું મુખ નિરખવા, ઉલટ અંગ અપાર;
ઈશ્વરને વહાલેા ઘણેા, દાતાને ઝૂઝાર. ૪૩
એમ વિચારી સંચરે, નહાના મેાહેાટા લાગ;
મળી અસંખ્ય મેદનિ તહીં, નહિ પગમેલણ માગ. ૪૪
કાન પડયું સંભળાય નહિ, વાજે ઘેાર નિશાન;
એ રીતે આવ્યેા નગરમાં, વિક્રમ વીર સુજાણ. ૪૫
ગજ ઉપર વાહન કરયું, છત્ર ફરે છે શીશ;
સ્નેહ સાથ બહુ સંચર્યા, પેાહેાર પાછલે દીશ. ૪૬
પુર અધવચમાં આવિયું, જ્યાં ધાંચણનું બાર;
ત્યાં એક કૌતુક નિપજ્યું, કહું સંક્ષેપે સાર. ૪૭

ચેાપાઈ

દેવદમની ધાંચણનું નામ, એ સ્ત્રી રહે તેણે ઠામ;
મહિપત આવ્યેા મેાહેાલ્લા પાસ, તેણે ઘેર બેાલાવી દાસ. ૪૮
જાએા માળિએ વાળેા છાર, કરેા અજવાળું ઘર ઘર બાર;
કહે દાસી કાંઈ આણેા લાજ, આવે છે મહીપત મહારાજ. ૪૯
હવડાં છાર તે કયમ વાળિયે, ઊડે રજ મેાહેાલે માળિયે;
તેા આપણે સિર દંડ જ થાય, ઘરબાર ખુંચી લે રાય. ૫૦
વચન સાંભળ્યું દાસીતણું, દમની મનમાં કેાપી ઘણું;
છાર વાળ રે ભુંડી રંડ, મેાટેા રાય શું દેશે દંડ. ૫૧
તને મારે તેા દંડ જ દઉં, કહે તેા સર્વસ્વ ખૂંચી લઉં;
કહે તેા ઉડાડું આકાશ, એટલું જોર રાખું હું પાસ. ૫૨
તારેા રાજા કયમ કહું હું, મારું વચન કયમ લેાપે તું;
જા ઉતાવળી વાળજ છાર, રાજા જાય ને લાગે વાર. ૫૩
સુણી વાત વિમાસણ પડી, તત્ક્ષણ દાસી મેડે ચડી;
ઉડાડી રજ દશેાદશ ઘણી, આવી અસ્વારી રાયજીતણી. ૫૪
ઉડતી દીઠી અદકી છેહ, રજે ભરાણી નૃપની દેહ;
ઉડાડે રીસે બહુ છાર, છારે છવાઈ થયેા અંધકાર. ૫૫
ફટ ફટરે ચેા રંડ ગુમાર, શું ઉડાડે છે હમણાં સાર;
અધિપતિ આવે ઊગ્યેા ભાણ, કયમ રંડા છટિ અણજાણ. ૫૬
તે વારી કેાની નવ રહી, જ્યમ વારે ત્યમ બમણી વહી;
ત્યાં છૂટયા દશ વીશક જોધ, અંતઃકરણમાં આણી ક્રોધ. ૫૭

કોણે મુઠ્ઠી કોણે લાત, કોણે કુદ્દાકેરી ઘાત;
છૂટી હાથથી નાઠી ત્યાંહ, આવી બેઠી દમની જ્યાંહ. ૫૮
તમારે કહ્યે હું તો ગઈ, અર્ધમુઈ મારથકી હું થઈ;
મારી લઠ્ઠ ને ભાંગ્યાં હાડ, તુજમાં બળ હોય તે દેખાડ. ૫૯
મુજને મારી મહોકમપણું, તેથી પાણી ગયું તમતણું;
કોપી દમની શુણતાં વાત, લીધો દંડ ધરમાંથી હાથ. ૬૦
આગળ જ્યાં હાથીની હાર, સ્યાસા આવી તેણે ઠાર;
કોપી વાત શુણીને કરણ, મારગ રેખા કીધી તરણ. ૬૧
રસ્તા વચ રેખા ત્રણ કરી, ઘેર પોતાને પાછી ફરી;
અકસ્માત ભીતો ત્રણ થઈ, અસ્વારી થંભી ત્યાં રહી. ૬૨
રોકયા મારગ રુંધી વાટ, જઈ ન શકે કો આગળ ઘાટ;
સૈન્ય સહુકો થંભી રહ્યું, જાણ રાય વિક્રમને થયું. ૬૩
કોક કામિનિયે કીધો કોપ, મારગ વાટ થઈ છે લોપ;
રુંધી વાટ જવાની માપ, રાજા આવ્યો આપોઆપ. ૬૪
ન ઓદી ઓદાય ન પાડી પડે, અધિપતને મન અચરજ અડે;
અનેક પેરે કીધા બહુ ભેદ, તોયે પાર ન પામ્યા ખેદ. ૬૫
અડાજ્યા હાથી તે સાથ, બેલદાર વળગાજ્યા હાથ;
ટાંકે ટાંકી નવ ટંકાય, ખુણો એક ઓછો નવ થાય. ૬૬
આવી દમની દંડ લઈ હાથ, બોલી રાય વિક્રમની સાથ;
બળતણું નહીં રાજા કામ, અભેદ ભીત છે એનું નામ;
પંચ દંડ ધરાવે જેહ, પાછી ભીત કરે જન તેહ. ૬૭

દોહરા

સુંઠ તણો એક ગાંઠિયો, નથી ખાધો કો માય;
નથી મૂંછ મુખ કો તણે, જે ભીત પાછી હઠાય. ૬૮
વચન સાંભળ્યું તે તણું, મનમાં થયો ઉચાટ;
પાછો ફરિયો રાયજી, બીજી લીધી વાટ. ૬૯
ઘેર આવ્યો મહા દુઃખમાં, નવ કીધું ભોજંન;
પ્રાતઃકાળ સભા કરી, બેઠો ત્યાં રાજંન. ૭૦
ઠામ ઠામ વાતો કરે, ટોળે ટોળાં લોક;
શત્રુને સુખ ઊપલ્યું, રાયજીને મન શોક. ૭૧

રાયે તેડું મોકલ્યું, માનથી દમની ઘેર;
મહેણું દીધું પંચ દંડનું, પ્રીતે કહો તે પેર. ૭૨
પંચ દંડ એ નામ શું, તે છે કોને દ્વાર;
કેવું છે કારજ વડું, હું જાઉં તેણે ઠાર. ૭૩
તે મુજ શું બોલો તમો, સાચી જે શુભ વાણ;
તેમાં ભેદ ધરું અમો, તો ઈશ્વરની આણ. ૭૪

ચોપાઈ

દમની કહે સભ ન વદો તમો, હવડાં નવ કહિયે તે અમો;
વગર સમજે કહું જો વાણ, પૃથ્વીપત બોલો કંઈ પ્રાણ. ૭૫
કન્યા અમારે ઘેર અનૂપ, પ્રથમ તેહને જિતો ભૂપ;
રમત સહુ કરો એકઠી, સોત્રંજ ગંજીફો સોરઠી. ૭૬
રમો તમો જે ઉપર હોડ, મારી પુત્રી કેરી જોડ;
એ જિત્યાનો જશ કહાવશો, પંચ દંડ જિતી લાવશો;
નહિ જિતો પુત્રીની પાસ, દંડ જિત્યાની મૂકો આશ. ૭૭

દોહરા

તેને જો તમો જિતશો, તો મુજને વિશ્વાસ;
નહિ તો કામ સરે નહીં, મૂકો દંડની આશ. ૭૮
એવું કહી પાછી વળી, મંદિર તે તત્કાળ;
કુંવરી તેડું મોકલ્યું, મોકલિ છે સુખપાલ. ૭૯
શણગાર અંગ સોળે સજ્યા, મોતી પહોવ્યાં વાળ;
પીતાંબર પટ પહેરિયાં, ભલું તિલક છે ભાલ. ૮૦
હામ કામ મૃગલોચની, સિંહલંકી સુજાણ;
વનિતા સોલ જ વરસની, ભ્રુગુટી કામનું બાણ. ૮૧
દેવદમનીની દીકરી, નિર્મળ દમની નામ;
શશિવદની મૃગલોચની, રૂપતણું કંઈ ધામ. ૮૨
શીખ લેઈ માતાતણી, ચાલી ચતુરસુજાણ;
અહંકાર અતિ મન ધર્યો, રાજા તરણા સમાન. ૮૩
સુખપાલેથી ઊતરી, રાયે દીધાં માન;
આદરભાવ જ કરી ઘણો, મહેલ્યાં ફોફળપાન. ૮૪

શી શી રમત જાણો તમો, તે ઓચરીએ આજ;
તમો કહો તે સાંભળું, કરિયે રુડાં કાજ. ૮૫
દમની કહે તમને ગમે, રમત માંડો જે જોડ;
હું કહું તે પછે પરઠિયે, હાર જિતની હોડ. ૮૬

ચોપાઈ

હરખ્યો રાજા મનમાં ઘાટ, માંડ્યો ત્રણ પાસાનો પાટ;
રાજા કહે જે તારે કોડ, તેની મુખથી બોલો હોડ;
તું કહે તે મારે મન ખરું, કોટિ ઉપાય કર્યે નવ ફરું. ૮૭

દોહરા

દમની કહે હારું અમો, મૂલ ખરીદી દાસ;
પરણું તમને પ્રીતથી, રહું તમારી પાસ. ૮૮
જો તમો હારો રાયજી, દેશ કરવું ત્યાજ;
સેવક કરિ રાખું અમો, ભોગવું ઉજેણી રાજ. ૮૯
ચાર દિવસનો વાયદો, થોડે અદકી ઘાટ;
તેનો સૂરજ સાખિયો, ફરિ બોલે જે વાત. ૯૦

ચોપાઈ

રાજા બાંધ્યો કોલે કરી, રમત રાજસભામાં ધરી;
વાયુવેગે વાત જ થઈ, બધા નગરમાં ચર્ચા થઈ. ૯૧
પ્રધાન પંડિત જોઈને રહ્યા, સુણી વાત સહુ અચરજ થયા;
રમત રમે બે પોહોર જ હોય, નવ હારે નવ જિતે કોય. ૯૨
રાજાને નવ સૂઝે ઘાટ, અંતરમાં ઉપજ્યો ઉચ્ચાટ;
તે દિવસ રમત એમ રહી, દમની ઘેર પોતાને ગઈ. ૯૩
દિવાસતે કીધું રાજંન, ભાવંતાં કીધાં ભોજંન;
બીજે દિવસ થયો જેટલે, રમત કરી જારી તેટલે. ૯૪
કોઈ કોઇથી નવ પામે હાર, ઢાળે પાસા વારંવાર;
બે પહોર મધ્યાહ્ન જ થયા, રાજમહોલમાં રાજા ગયા. ૯૫
ગઈ જુવતી પોતાને ઘેર, કરે કામ મન વાંછિત પેર;
દુરાચાર બોલે સહુ લોક, રાજાને મન પ્રગટ્યો શોક. ૯૬
ત્રીજે દિવસ થયું પ્રભાત, નગર વિષે ચાલી વિખ્યાત;
રાજસભામાં નારી ગઈ, રમત હતી તે જારી થઈ. ૯૭

અનેક ઉપાય રાજજી કરે, તેણે અર્થ એકે નવ સરે;
ખરા મધ્યાહ્ન થયા જ્યાહરે, રમત ઢાંકિ મૂકી ત્યાહરે. ૯૮

દોહરા

નિર્મળ દમની તવ કહે, રહ્યો કાલનો દીસ;
કાલે પહેલાં જિતશો, પાગ નમાવું શીશ. ૯૯
ચેતાવું હું ચતુર નર, સભા શુણતાં પરમાણ;
વળતી કહેશો કહ્યું નહિ, પાળું પરઠણ વાણ. ૧૦૦
કાલ પહેલાં જિતો નહીં, તો પાળું મારું વ્રત;
સેવક સહુ દેખતાં કરું, રાજ તજવું તરત. ૧૦૧
વિક્રમ કહે વનિતા સુણો, રહેશે હુંશ તમ પાસ;
તુજ સરખા લાખો કરી, મૂલ વિનાની દાસ. ૧૦૨

ચોપાઈ

એવું કહી સ્વસ્થાનક ગઈ, રાજાને મન ચિંતા થઈ;
રખે રાંડ જિતીને જાય, તેનો કાંઇક કરું ઉપાય. ૧૦૩
નિશા ચર્યા જોઉં બાધે ગામ, લોક વેહવાર બોલે તે ઠામ;
ગલી કુંચીને હાટેહાટ, ચોરે ચકને વાટેવાટ. ૧૦૪
માનવી ટોળે મળિયાં બહુ, કરે વાત મુખેથી સહુ;
જિતે કાલ ધાંચણની બાળ, લેશે રાજાજીનો માલ. ૧૦૫
કોઈ કહે એ માઠું થયું, રામરાજ વિક્રમનું ગયું;
કોઈ કહે એ તો વિપરીત, નીચ સંગાથે શાની પ્રીત. ૧૦૬
કોઈ કહે રાજા ઘેલો થયો, મમતે બોલ કામિનીને કહ્યો;
કો કહે થાશે બીજી વાત, એને માથે હરસત માત. ૧૦૭
કો કહે એ વાચા ચૂકશે, કામિનીને કહાડી મૂકશે;
કોઈ કહે માઠો કરશે મરમ, કેમ મૂકશે રાજા મરમ. ૧૦૮
કો કહે હાથદર્પણ શું કરે, જે તે કાલ રહાણામાં ઠરે;
એવું સાંભળે વિક્રમ વીર, સ્ત્રીઓ ભરે જ્યાં નિર્મળ નીર. ૧૦૯
જુથ્થ મળ્યાંતાં જુવતીતણાં, વર્ણન થાય રાજાનાં ઘણાં;
એમ કહે એ રુડું થયું, માન મોટમ રાજાનું ગયું. ૧૧૦
દહાડી ઊઠી ચરચા જુવે, નરનારીના પ્રાણ જ ખુવે;
કોઇએ છાની વાત ન થાય, ઘેર જઇને રુઠે રાય. ૧૧૧

કોઇએ હશી ન ગવાએ ગીત, કોઇએ કોઇશું ન થાયે પ્રીત;
સખી સખીમાં સુખ કે દુઃખ, બોલી ન શકે કોઇએ મુખ. ૧૧૨
જાણે રાજા સુણશે કાન, એમ સ્ત્રીનાં ઉતર્યાં માન;
ધાંચણ નીચશું કીધો વાદ, ઊતરશે નરપતનો નાદ. ૧૧૩
બહુ મુખે બહુ વાતો કરે, હસે તાળી દઈ પાણી ભરે;
કોઈ માઠું કોઈ રુડું કહે, લક્ષણવંતો મનમાં લહે. ૧૧૪
જ્યાં જ્યાં રાજા દૃષ્ટે જોય, બીજી વાત કરે નહિ કોય;
લીધો ગામ બધાનો પાર, નવ સૂઝે એકે વિચાર. ૧૧૫
પડી પૂર નિશા જ્યાહરે, મન વિચાર કરે ત્યાહરે;
મોટા જન માન ભંગ જ થાય, પ્રાણ તજે કે વિદેશ જાય. ૧૧૬
માટે પ્રાણ તજું સર્વથી, ઉપાય બીજો એકે નથી;
કોઇને વાત જણાવી નહીં, વાત આપ હૃદેમાં લહી. ૧૧૭
ભરી પૂજન સામગ્રી સાથ, વૈતાળ વીર લીધો છે હાથ;
જ્યાં છે હરસત મોટી માય, પાળો પંથ ગયો છે રાય. ૧૧૮
ચાચર દેવી નગરજતણી, ચાલ્યો મહિપતિ માતા ભણી;
ત્યાં ધરણી પત ધરિયું ધ્યાન, ધૂપ દીપ ને ફોફળપાન. ૧૧૯
કુમકુમ ચંદન અક્ષત ઘણા, પૂજા બહુ વિધ કરિ નહિ મણા;
પ્રથમ પહોર એક નિશા ગઈ, પૂજા પૂરણ ત્યારે થઈ. ૧૨૦
ખડગ પોતાની કોટે ધર્યું, આવાહન ચંડીનું કર્યું;
પ્રસન્ન થઈ છે મોટી માત, મા મા કહિને ઝાલ્યો હાથ. ૧૨૧
શા માટે તજે છે પ્રાણ, માગ માગ રે વીર સુજાણ;
માતા સર્વે જાણો તમો, મુખથી શું કહું આજે અમો. ૧૨૨
અંતરમાં પેઠી છે લાજ, પાળો લાજ ને સારો કાજ;
નીચ જાત ધાંચણ છોકરી, મહેણું દીધું તે ડોકરી. ૧૨૩
પંચ દંડ ધરાવે જેહ, રમેધૂત દમનીશું તેહ;
તે સંગાથે પાડી હોડ, જિતાડો તો પહોંચે કોડ;
દિગ્વિજય તે સાથે કરું, પંચ દંડ શિર છત્ર જ ધરું. ૧૨૪

દોહરા

ત્યારે હરસત બોલિયાં, એની ઉત્તમ જાત;
એમાં પ્રાક્રમ છે ઘણું. આગળ જોશો જ્યાત. ૧૨૫

પ્રપંચ એ જિત્યાતણો, તે તમને કહું આજ;
તમે જાઓ ઇંદ્રાસને, ત્યાં રહેશે તમ લાજ. ૧૨૬
વૈતાળ સંગાથે પરવરો, મારો તુંજ શિર હાથ;
ઇંદ્રાસન શોભા ઘણી, ત્યાં મળશે સઉ વાત. ૧૨૭
કામ કરી ઘેર આવશો, પહોંચશે મનનાં કોડ;
એ જુવતીને જિતશો, હુંશ કરીને હોડ. ૧૨૮
છત્ર મળે પંચ દંડનું, થાશે જુગજુગ નામ;
તુજને જિતી નવ શકે, એ નહિ સહેલું કામ. ૧૨૯
પુણ્યે ગ્રહ પીડે નહીં, પુણ્યે નાસે પાપ;
ત્રિદશ વશ એક પુણ્યને, તૂઠે ઈશ્વર આપ. ૧૩૦
વચન શીશ ચડાવિયું, તેજ્યો વીર અનૂપ;
પવન પહેલો પરવર્યો, વીર તે વિક્રમ ભૂપ. ૧૩૧
ત્યાં આચ્છવ છે અતિ ઘણો, શોભા નૌતમ હોય;
નાચ કરે દમની તિહાં, રાજા દૃષ્ટે જોય. ૧૩૨
અચરજ પામ્યો અતિ ઘણું, જોશું પાડી હોડ;
નૃત્ય કરે તે તો અહીં, ઊર્વશીની જોડ. ૧૩૩
દમની નહિ કોઈ દેવતા, નહિ માનવીનું રૂપ;
એ જિતે અચરજ કશું, ભાગ્યો સંદેહ ભૂપ. ૧૩૪
સભા સહૂ ભરપૂર છે, પછવાડે છે વીર;
આ દૃશ્ય રાજા ત્યાં રહ્યો, મનમાં આણી ધીર. ૧૩૫
રાય ઇંદ્ર રીઝયો ઘણું, દીઠી રમત અપાર;
દમનીને ત્યાં આપિયો, અમૂલ્ય એકાવલ હાર. ૧૩૬

ચોપાઈ

પાછળ હાથ દમનીએ કર્યો, હાર વીર વૈતાળે હર્યો:
તે દમની નવ જાણે કોય, રહ્યા દેવ સહુ દૃષ્ટે જોય. ૧૩૭
બીજી રમતે આપ્યાં પાન, પામી દમની મોટપ માન;
પાછળ આપ્યાં પાન તે ફરી, વૈતાળે લીધાં તે વળી. ૧૩૮
પછે કાનની લીધી ઝાલ, એવો વીર મોટો વૈતાળ;
પછે પગનું લીધું ઝેર, દમનીને નિદ્રાની ઘેર. ૧૩૯
ઉગ્યો સૂર ઊઠી સભાય, આપ આપને સ્થાનક જાય;
પ્રણમ્યો સુરનાયક બહુ પેર, વહાણે રાજા આવ્યો ઘેર. ૧૪૦

પુર મધ્યે પ્રયાણ જ કર્યું, સ્નાન દાન વ્રત પુણ્ય આચર્યું;
આવી બેઠા રાજ સભાય, દમનીને ઘેર તેડું જાય. ૧૪૧

દોહરા

કયમ ઘર સુએ સુઈ રહી, પ્રીતે માની પાસ;
રાજા તુજને જિતશે, મૂલ ખરીદી દાસ. ૧૪૨
નોહે કામ નાઠાતણું, મોટાશું પાડી હોડ:
બોલ્યાં બોલ અહંકારનો, પહોંચાડો તે ક્રોડ. ૧૪૩

ચોપાઈ

બેઠી સુખપાલે તે નાર, આવી રાજાને દરબાર;
મહિપતિએ મુંછ નાંખ્યો હાથ, વધ્યો વચન દમનીની સાથ. ૧૪૪
ત્રણ દિવસ રમાડ્યા તમો, તેમાં પરાક્રમ જોઈએ અમો;
છેલ્લે દહાડે જિતે હોડ, પહોંચે તેના મનના ક્રોડ. ૧૪૫
ત્યારે દમની બોલી વાણ, સાંભળ રાજા ચતુર સુજાણ;
મારાથી કંઈ હારી ગયા, તે તો મારા સેવક થયા. ૧૪૬
મૂક્યો વાદ બેઠા તે ઠરી, રમત હતી તે જારી કરી;
જોવા મળ્યું છે બાધું ગામ, અચરજ બોલે ઠામોઠામ. ૧૪૭
બેમાં કોનું પાણી જાય, જોરાવરિની જિત જ થાય;
ઘડી એક બે રમત જ થઈ, દમની પ્રત્યે વાણી કહી. ૧૪૮
સ્વમાકેરી કહું એક વાત, દીઠું ગઈ રાતે સાક્ષાત;
જોયો ઇંદ્રાસનનો નાચ, નારી તું કરતીતી નાચ. ૧૪૯
રીઝ્યો નરપત તુજશું સાર, હેતે આપ્યો એકાવલ હાર;
તે સાચી કે જૂઠી વાણ, સાચું કહે જે હોય પ્રમાણ. ૧૫૦
ત્યારે જુવતી ઝાંખી થઈ, જૂઠી વાત રાજાને કહી;
આળપંપાળ જૂઠું એ હોય, સ્વપ્નું સાચું કદી ન હોય. ૧૫૧
પ્રત્યક્ષ ત્યાં દેખાડ્યો હાર, ઝાંખી દમની નવ લાગી વાર;
માનભંગ થઈ જેટલે, ચુકી દાવ દેતા તેટલે. ૧૫૨
ચટકી અદકી પેઠી ચિત્ત, એક ભાગ રાજની જિત;
બીજી વાર બોલ્યા છે ભૂપ, સાંભળ નારી વાત અનૂપ. ૧૫૩
પાસે બેઠો તો ઇંદ્રતણે, નૃત્ય કરતીતી હેતે ઘણે;
માનિની તુજને દીધાં માન, તુજને ઇંદ્રે આપ્યાં પાન. ૧૫૪

દીઠાં પાન ઝાંખી થઈ ગઈ, બેહબાકળી જોતામાં થઈ;
બે ભાગે જિત્યો તે રાય, વિમાસણ વનિતાને થાય. ૧૫૫
ત્રીજી ઘડિયે વાણી ભણી, હું જોતો તો તેણી ઘડી;
ઝાલ કાનની તારી પડી, તે મારે હાથે તો ચડી. ૧૫૬
દમની કહે એ જૂઠી પેર, ઝાલ ઉતારી મૂકી ઘેર;
રાજા કહે તું સાચી હોય, આપી ઝાલ પ્રગટ તું જોય;
રે ઝાંખી થઈ તે નાર, ત્રીજી હાર થઈ તે ઠાર. ૧૫૭

દોહરા

એ ક્યાંથી ઇંદ્રાસને, લાવ્યો ખરાં એંધાણ;
પડી વિમાસણ માનિની, પરવશ પડિયો પ્રાણ. ૧૫૮
કહે રાજા સુણ કામિની, જૂઠી જાતે ફેર;
કહો નારી તે ક્યાં ગયું, પગ તારાનું ઝેર. ૧૫૯
સ્ત્રી કહે મૂકયું ઘર વિષે, પડી પેટમાં ફાળ;
મનથકી મહિપત વદે, તરુણીશું તત્કાળ. ૧૬૦
મૂકયું ઝેર તે આગળે, નિર્મળ થઈ તે નાર;
પાણીથી થઈ પાતળી, ચૂકી ગઈ તે ઠાર. ૧૬૧
પછે તે પાસા ઢાળતાં, થર થર ધ્રૂજે હાથ;
હારી હારી સહુ કહે, હસી પડ્યો સહુ સાથ. ૧૬૨
વાગી હાક હાસ્યાતણી, જિત્યો વડહથ વીર;
પ્રતાપ પુન્ય પોતાતણો, રાખ્યું પ્રભુએ નીર. ૧૬૩
વાગ્યાં વાજાં જિતનાં, ગડગડિયાં નીશાન;
હારી દમની હોડશું, જિત્યો વીર સુજાણ. ૧૬૪
ગાંધર્વ વિવાહ સહિ કર્યો, ક્ષણું ન લાગી વાર;
તે વનિતા વિક્રમ વર્ત્યો, પ્રાક્રમ અપરંપાર. ૧૬૫
સાસુને વિક્રમ કહે, જોડીને બે હાથ;
વાત કહો પંચ દંડની, જે બોલ્યાં મુજ સાથ. ૧૬૬
સુણો આપે સજ થઈ, ધીર વીર સજ થાવ;
પ્રથમ કહું છું એટલું, કુંકણ દેશે જાવ. ૧૬૭
ધ્યાન ધરો પરશુરામનું, સોપારાઘડ ગામ;
તેમાં વિપ્ર એક વેદિઓ, શિવશર્મા છે નામ. ૧૬૮

રહેજો વાસો ઘેર તે, જો જો એ એંધાણ;
સ્ત્રી ઉમાદે તેહની, ચતુરા ચતુર સુજાણ. ૧૬૯
ચર્ચા જોઈને આવજો, ગામ ઠામ ઘર એહ;
જાગશો તો તો જીવશો, ઊંઘે ખોશો દેહ. ૧૭૦

ચોપાઈ

રાયે મન માન્યું તે સાચ, માની દમની સાસૂ વાત:
વડા વજીરને સોંપ્યું રાજ, ચાલ્યો કુંકણ જોવા કાજ. ૧૭૧
વૈતાળ સાથે તેજો વીર, ચાલ્યો મન ધરીને ધીર;
અનેક દિવસ હિંડતાં થયા, કોડ ધરી કુંકણમાં ગયા. ૧૭૨
દીઠું નગર થયો આહ્લાદ, દીઠો શિવ સુંદર પ્રાસાદ;
હરખ્યો મહીપતિ પોતે મંન, પ્રીતે કીધું છે પૂજંન. ૧૭૩
પામ્યો મોહોર પુજારો સાત, કર જોડીને પૂછી વાત;
શિવશર્મા છે વિપ્ર જ નામ, કોને ભાઈ વસે કુણ ઠામ. ૧૭૪
કહે પુજારો બ્રાહ્મણ ઘણા, શિવશર્માની શી છે મણા;
ઊંચા નીચા ને વામણા, કો ગોરા દેહે દામણા. ૧૭૫
કાંઈ તેનું એંધાણ જ હોય, તેહ વિના પ્રીછે નહિ કોય;
શુભ એંધાણ રાખ્યું છે સાર, ઉમાદે જોને ઘેર નાર. ૧૭૬
જાઓ ડાબી પોળ નિશાળ, બેઠો વિપ્ર ભણાવે બાળ;
શીતળ છાંયાને કારણે, વૃક્ષ આંબલીનું બારણે. ૧૭૭
તેનું વચન હૈડામાં ધરી, લઘુલાઘવી વિદ્યા કરી;
રાજવંશી રઢિયાળું રૂપ, શિવશર્મા ઘેર આવ્યો ભૂપ. ૧૭૮
દંડવત કરુણાએ કર્યો, ચરણામૃત લઈ મુખમાં ધર્યો;
વિદ્યા ભણવા આવ્યા અમો, કૃપા કરી રાખોજી તમો. ૧૭૯
ગોરાણી બાહેર નીસરી, જોઈ વિક્રમને દૃષ્ટે ભરી;
આનંદ અદકો મનમાં થયો, રીઝીને રાજા ત્યાં રહ્યો. ૧૮૦
ઘેર વિદ્યાર્થી મારે ઘણા, સુખે રહો અહિયાં શી મણા;
માનુભાવ મોટો જે મુખી, વિદ્યાર્થી થયો ત્યાં સુખી. ૧૮૧
કરે ગોરાણી હેત જ ઘણાં, આપે સાકરિયાં શેકયા ચણાં;
ઉદરતણો જેવો હોય તંન, એથી અદકું રાખે મન. ૧૮૨
બાસઠ પહેલા નાના તંન, ત્રેસઠમો વિક્રમ રાજંન;
રમે જમે ભણે મન મોહ્ય, રાત દિવસ તે ચર્ચા જોય. ૧૮૩

એક દિવસ ગઈ છે મધ રાત, સુતા માનવી જનોજનત;
સહુ કોને છે ધારણ ધણું, જાગે રાજા વિક્રમ ભણું. ૧૮૪
ઊઠી ઊભાદે પ્રચંડ, લીધો હાથમાં ઊડણ દંડ;
નિકળી બહાર રાખી મન ધીર, તે તો દીઠું વિક્રમ વીર. ૧૮૫
માઝમ રાત ને જાતે નાર, કેમ નીકળી એકલી બહાર;
અરુંપરું જોયું અર્ધઘડી, વૃક્ષ આંબલી ટોચે ચઢી. ૧૮૬
આંબલિ થડ પોલી ગુફાય, અદૃષ્ટ થઈ ત્યાં બેઠો રાય;
ચઢી ઝાડ ઉભાદે નાર, કીધા દંડના ત્રણ પ્રહાર. ૧૮૭
ઊડ ઊડ કહ્યું મુખથી વળી, ગયું વૃક્ષ બાંધું ઉચળી;
ઉપર ઉભાદે હેઠો રાય, સો જોજન સૂધી તે જાય. ૧૮૮
ત્યાં એક પ્રૌઢું છે મશાણ, સઘળું ભૂતળનું રાણ;
ભૂત પ્રેત અગ્નિ દવ બળે, સિદ્ધ લક્ષ ચોરાશી મળે. ૧૮૯
બાવન વીર ચોસઠ જોગણી, ભારે ભોગતણી ભોગણી;
ચોસઠ બેઠી ચામુંડા જ્યાં, દેવ દુંદુભિ વાજે ત્યાં. ૧૯૦
તે ઠેકાણે શોભા હોય, વર્ણન કરી શકે નહિ કોય;
જુહાર જુહાર ઉભાદે કહે, જોગણી સહુ સાંભળવા રહે. ૧૯૧
જૂઠી જૂઠી સહુકો કરે, ઉભાદે હેઠી ઊતરે;
તું સાચી ન પડી એક દીસ, આવે દુઃખવા દહાડી શીશ. ૧૯૨

દોહરા

ઉભાદે કહે જોગણી, સાચી છું હું આજ;
ચોસઠમો આવી ભળે, થાય આપણું કાજ. ૧૯૩
બાસઠ ઘેર પહેલા હતા, ત્રેસઠમો મુજ કંથ;
ચોસઠમો આવી મળ્યો, આનંદ ઉપન્યો મંન. ૧૯૪
બત્રીસ લક્ષણા મળ્યા નહી, તો શી કરિયે પેર;
ભોગ આપવા ભવાનીને, થયા ચોસઠ મુજ ઘેર. ૧૯૫
તમો કહો તેમ હું કરું, ટાળે આપણો રોગ;
મને કરો તમો જોગણી, ભરું ભરપૂરણ ભોગ. ૧૯૬

ચોપાઈ

હરખ્યાં જોગણી પ્રીતે પાસ, ઉભાદે તુજને શાબાશ;
અમો કહ્યું તે મનમાં ધરો, ચૌદશ દિન નૈવેદ જ કરો. ૧૯૭

વડાં બાકળા લાડુ ખીર, કરો પાક મને આણી ધીર;
ચોસઠને સ્નાન કરાવજે, હાર કરેણુના ધરાવજે. ૧૯૮
સિંદુર તીલક કરજો ભાલ, પાસપાસે બેસાડી બાળ;
ભાણા માંહે ભરજો ખંડ, હાથથી હેઠો મૂકજો દંડ. ૧૯૯
તે પાછળ પ્રદક્ષણા કરો, ઉડો ઉડો મુખથી ઓચરો;
ઉદક અંજલી ભરવી હાથ, લેજો ભોગ ભવાની માત. ૨૦૦
અમો હુંકારો ત્યારે દેઇશું, અકેકો વેહેંચી લેઇશું;
આવ્યાં અમો પાછાં નહિ ફરું, નહિ તો તુંજને ભક્ષ જ કરું. ૨૦૧
એવી તેણે દીધી શીખ, વિદાય થઈ મન આણી બીક;
માર્યા દંડ તેણે પ્રત્યક્ષ, ચઢી આંબલીકેરે વૃક્ષ. ૨૦૨
એક ઘડીમાં આવી ઘેર, નરપત નિરખે સઘળી પેર;
ઉતરી હેઠી ઘરમાં ગઈ, રાજાને મન ચિંતા થઈ. ૨૦૩
દેખાડી સાસુએ વાટ, મોકલ્યો ઘડવા મારો ઘાટ;
વેહું દુઃખ મારી દેહને, ઉગારું ત્રેસઠ એહને. ૨૦૪
પરાક્રમ એમાં છે પ્રચંડ, કરામત સઘળી તે દંડ;
આવે હાથ તો જિતી લઉં, નહિં તો પ્રાણ આ સ્થાનક દઉં. ૨૦૫
કર્યો વિચાર પોતાને મંન, પ્રાતઃકાળે ઉગ્યો દંન;
શિષ્ય સર્વ સૂતા જાગિયા, ગુરુજીને પાયે લાગિયા. ૨૦૬
સર્વે નહાવણ કરવા ગયા, વિપ્ર કર્મ કરી સુખિયા થયા;
નરપત કહે જોડીને હાથ, ગુરુસંગે બેઠા સહુ સાથ. ૨૦૭
એક પ્રશ્ન જુઓ ઋષિ જંન, આપણે માથે કાંઈ વિઘ્ંન;
જુઓ જ્ઞાન વિચાર જ કરી, સ્વપ્નામાં ભેટ્યા મન ધરી. ૨૦૮
ત્યારે સહુકો બોલ્યા બાળ, સ્વપ્નુ એ તો આળ પંપાળ;
આજ કાલનો તું આવિયો, ડાહ્યો થઈ ડિંગ જ લાવિયો. ૨૦૯

દોહરા

ત્યારે ગુરુજી બોલિયા, તમો ન સમજો કોય;
હા ભાઈ કહે તું મુજને, સ્વપ્નું શું તુજને હોય. ૨૧૦
આજથકી ચોથે દિવસ, છે ચૌદશનો દંન;
ઉમાદે નૈવેદ વહેંચશે, કરશે ચંડીપૂજંન. ૨૧૧

બેસાડી ખંડ પૂરશે, કંઠ આરોપશે માળ;
ભોગ આપશે ભવાનીને, ચોસઠ ખૂટ્યો કાળ. ૨૧૨
બત્રિશ લક્ષણા સર્વ છે, તેણે માન્યું સત્ય;
ગુરુ સમેત કળે સહુ, કહે તે કરિયે ગત્ય. ૨૧૩
બિહિને નાશી નવ જશો, નહિ દેવા દેઉં નામ;
કહું તે મારગ ચાલજો, થશે તમારું કામ. ૨૧૪
દંડ લેઈ નાશું અમો, કેડે આવજો તરત;
પાછું જોવા જે રહે, તે તો પામે મરત. ૨૧૫
ધિરજ રાખી સહુકો રહ્યા, થાશે શુભ કલ્યાણ;
જો એ સાચું માનજો, નહિ તો કહેજો અજાણ. ૨૧૬
કો કહે જૂઠું બોલિયો, કો કહે સાચું ખાસ;
સાચું માન્યું ગુરુજીએ, કીધો દૃઢ વિશ્વાસ. ૨૧૭
પ્રતિજ્ઞા કરી આવીઆ, કોઇનું ન બોઠું મંન;
ત્રણ દિવસ એમ વહિ ગયા, આવ્યો તેરશ દંન. ૨૧૮
ત્યારે ઉમાદે ઊચરી, સાંભળો મારા સ્વામ;
મારે બાધા નૈવેદની, કહો તો કરું શિરનામ. ૨૧૯

ચોપાઈ

વારુ કહીને દીધી આશ, સૌને આવ્યો દૃઢ વિશ્વાસ;
દાળ પલાળી અડદજતણી, સામગ્રી તે કીધી ઘણી. ૨૨૦
નોતર્યા સર્વ વિપ્રના તંન, વહાણામાં ચૌદશને દંન;
રસોઈ સર્વે કીધી સાર, તેડી વિપ્ર તણા કુમાર. ૨૨૧
તમો બેસજો સર્વે સાર, સંકલ્પ કરવો મારે હાથ;
ચોસઠ જોગણી સંતોખવી, પૂરણ પ્રીતે તે પોંખવી. ૨૨૨
સમજાવ્યા પોતે રાજંન, કોઈ બીક ધરશો મા મંન;
નાહ્યા સર્વ તે ક્ષુધારથી, છે પરવશ સૌ વિદ્યારથી. ૨૨૩
ગુરુપત્નીનું વચન જ જાય, વિદ્યા ભણી તે મિથ્યા થાય;
કુમકુમ ચંદન સિંદુર સાર, ઘાલ્યા કંઠે કુસુમના હાર. ૨૨૪
ભાણામાં પીરસ્યાં ભોજંન, સ્વામી સહિત બેઠા સૌ જંન;
પંચામૃત લાડૂ ને ઘૃત, પીરસી પાક સામગ્રી તરત. ૨૨૫
કહાડી કુંડ વચ્ચે આણિયા, બત્રીશ લક્ષણ જુગતે જાણિયા;
ઉમાદે વચમાં આવિયાં, ઉડણ દંડ કરમાં લાવિયાં. ૨૨૬

મંત્ર હતો તે સુણમાં લીધ, જોગણીનું આવાહન કીધ;
મહેલ્યો દંડ ને નીચી વળી, પ્રદક્ષિણા કરવાને ફરી;
ઉઠો ભવાની લેજો ભોગ, મનવાંછિત ટાળો મુજ રોગ. ૨૨૭

દોહરા

એટલે વિક્રમ ઊઠીઓ, મારી હાક પરચંડ;
નાઠો ચેતાવી સર્વને, લીધો ઊડણ દંડ. ૨૨૮
ગુરુ સહિત તે દોડિયા, પાછું ન જુવે કોય;
એટલે આવી જોગણી, કારમું કૌતુક હોય. ૨૨૯
ખાઉં ખાઉં કરતી ઉતરી, નર ન દીઠા તે ઠાર;
વેહેંચી ભાગ ચોસઠ કર્યા, ભક્ષ કરી તે નાર. ૨૩૦
હાહાકાર સઘળે થયો, કોપ્યા ત્યાંના લોક;
ચોસઠ ખાધા ભવાનિએ, સજ્જન પામ્યા શોક. ૨૩૧
નાઠા ચોસઠ એકલા, કર્યો મંત્ર વિચાર;
વહાણું વાતે નીસર્યા, ત્યાંથી જોજન બાર. ૨૩૨

ચોપાઈ

થાકયા ઘણી લાગી છે ભૂખ, સહુ કહી વેઠે મહા દુઃખ;
નગર સીમાડે આંબો એક, રાજા બોલ્યો કરી વિવેક. ૨૩૩
સહુ બેસો ઠરીને આ ઠામ, હું જઈને જોઈ આવું ગામ;
રહ્યા ત્રેસઠ ઠરી તે ઠામ, રાજા ચાલ્યો જોવા ગામ. ૨૩૪
વળ્યો નગર ભણી તે વાટ, નહિ માનવી ઉઘાડાં હાટ;
ભર્યા માલ ખજાના દ્રવ્ય, મનુષ્ય વિનાં સૂતાં છે સર્વ. ૨૩૫
હાટ ઉઘાડાં દોસીતણાં, ભર્યાં વસ્ત્ર અમૂલક ઘણાં;
પારખ સુખડીઆ સોનાર, દુકાન હાટ છે અપરમપાર. ૨૩૬
બોળ કરી પરાં ને કોટ, નહિ પશુ પંખી માનવી ઓટ;
અચરત પામ્યો અદકું રાય, જોતો જોતો આઘો જાય. ૨૩૭
રાય ધીર મનથી નવ ડરે, કાયર નિશ્ચે બિહિને મરે;
જોયું નગર ને લીધો પાર, એટલે આવ્યો રાજદરબાર. ૨૩૮
પેઠો મોહોલા ઉપર અશ્વો, ઊંચી અટારી ઉપર ચઢ્યો;
પાથરી છે શય્યા એક ત્યાંહે, જોઈ બિલાડી એક માંહે. ૨૩૯
જોઈ રહ્યો છે તેને ભૂપ, નહીં બિલાડી કારણરૂપ;
સુના મંદિરમાં બેશી રહ્યાં, નગરતણાં માણસ કયાં ગયાં. ૨૪૦

હું ઉજ્જણપતિ વિક્રમ રાય, આવ્યો તારા મોલ જ માંય;
બિલ બોલ શું છે રે દુઃખ, ઈશ્વર તારી ભાંગે ભૂખ. ૨૪૧
બીલાડીએ સાન જ કરી, કાજળ ડાબલી આગળ ધરી;
અંજન કીધું છે જેટલે, નવનેબના થઈ તેટલે. ૨૪૨
રાજા કહે તારું શું નામ, ઉજ્જડ થયું ક્યમ તારું ગામ;
ત્યારે સ્ત્રી ત્યાં બોલી વાત, ચંદ્ર શેખર તે મારો તાત. ૨૪૩
દૈત્યે માર્યાં માણસ ઘણાં, નગર ઉજ્જડ કીધાં અમતણાં;
લોક સહુ તો દુઃખિયા થયા, કોઈ બાધા કોઈ નાશી ગયા. ૨૪૪
મને એકલી ઝાલી બાંહ, રાખી છે કારાગૃહમાંહ;
અંજન કરી બિલાડી કરે, ચારા અર્થે વનમાં ફરે. ૨૪૫
આવે છે રાતે આ ઠાર, બીજે અંજનથી કરે છે નાર;
ભુજ પર રાખે છે બહુ મંન, જેવી પેટની હોયે તંન. ૨૪૬
હવડાં આવશે કરતાં વાત, જોતાં કરશે તુજની ઘાત;
તારો ડરાવ્યો તે નહિ ડરે, કોઇનો માર્યો તે નહિ મરે. ૨૪૭
એવું બળ છે મહા પ્રચંડ, અજિત એની પાસે દંડ;
તે દંડ જ્યારે વાગે શીશ, એ પાપી મરશે તે દીશ. ૨૪૮
તે દંડની નિત્ય પૂજા કરે, તે પાછળ પ્રદક્ષિણા ફરે;
હેઠો મૂકે એટલી વાર, તેનો છે એને આધાર. ૨૪૯
લીધી વાત એનાં મનતણી, વળતી બોલ્યો ઉજેણી ધણી;
હાનો રાખ મને તું ઘેર, હું જ કરું પાપીની પેર;
સ્ત્રીએ જોઈ તેની સૂજ, ઠામ એક દેખાડી ગૂંજ. ૨૫૦

દોહરા

અંજન આંજ્યું એહને, કરી બિલાડી ત્યાંહ;
રાજા જઈ છાંનો રહ્યો, તેનાં મન્દિર માંહ. ૨૫૧
એટલે પાપી આવિયો, સેજ હતી જ્યાં ઠાર;
અંજન આંજ્યું તેહને, તત્ક્ષણ થઈ તે નાર. ૨૫૨
સ્નાનકર્મ તેણે કર્યું, પછે કર્યું સ્મરણ;
દંડ હતો જે હાથમાં, તેને મેલ્યો ધરણ. ૨૫૩
પ્રદક્ષિણા પોતે કરી, નમીને લાગ્યો પાય;
નિરખીને પછે નિસર્યો, મહા બળિયો તે રાય. ૨૫૪

ચેત ચેત રાજા કહે, ચઢાવીને બહુ રીશ;
દંડ હતો તે ઝાપટ્યો, તે પાપીને શીશ. ૨૫૫

ચોપાઈ

તરફડી પડ્યો દૈત્ય ત્યાં તરત, પામ્યો એક પલકમાં મરત;
વાયુ વેગે વાત જ થઈ, ખબર દશ દિશા ફરી ગઈ. ૨૫૬
તરત લોક આવી ત્યાં વસ્યાં, સુખ પામ્યાં સહુ હેતે હસ્યાં;
સ્ત્રીને ઘેર આવ્યા માબાપ, ટાળ્યા સહુ લોકોના તાપ. ૨૫૭
ન રહ્યું દુઃખ કોને મન કશું, તરત આવીને ગામ જ વસ્યું;
ત્રેસઠ જે પોતાના જંન, મનવાંછિત પામ્યા ભોજંન. ૨૫૮
રાયે જાણ્યાં વિક્રમ રાય, તત્ક્ષણ જઈને પડિયા પાય;
મુજને ઓશીંગણ કીજીએ, એ કન્યા રાયજી લીજીએ. ૨૫૯
તે કન્યાને પ્રીતે વરી, કુંકણમાં તે આવ્યા ફરી;
પ્રકાશ થયું પોતાનું નામ, મળવા આવ્યું બાધું ગામ. ૨૬૦
કુંકણ રાયે વિનતિ કરી, પરણાવી પોતે દીકરી;
પુરોહિતને ઘેર કન્યા એક, ગુરુને પરણાવી વિવેક. ૨૬૧
વિદ્યાર્થીને ઘેર મોકલ્યા, રાય ઉજ્જેણ આવ્યા એકલા;
ત્રેસઠનાં ત્યાં ટાળ્યાં દુઃખ, ભાંગી જન્મ જન્મની ભૂખ. ૨૬૨
એય દંડ એ કન્યા રૂપ, લઈ આવ્યો ઉજ્જેણીભૂપ;
ચતુરાં લાવ્યા ચતુરસુજાણ, હરખે ગડગડિયાં નિશાન;
મહેલે ઉતર્યાં તે નર નાર, સુંદર શોભા તેણે ઠાર. ૨૬૩

દોહરા

જઈ દમની ચરણે નમ્યો, પોતે વિક્રમ રાય;
દંડ જિત્યા દેખાડિયા, મહેલ્યા જઈને પાય. ૨૬૪
ધન્ય અજિત ધરણીપતી, ત્રંબાવટીએ જાએ;
જે જે ચર્ચા મહેાલની, મહિસાગરમાં નહાએ. ૨૬૫
કરે રાજ ત્રંબાવટી, ત્રંબક તેનું નામ;
ત્રંબકસેન તો બહુ થયા, પણ એ સાચું નામ. ૨૬૬
વચન લઈ તે સંચર્યો, સાસુએ દીધી શીખ;
સાથે વીર વઈતાળ છે, મન નવ આણી બીક. ૨૬૭

પહોંત્યો ગઢ ત્રંબાવટી, નિશા સમે તે ભૂપ;
અદૃષ્ટ વિદ્યાએ કરી, દીઠું નગર અનૂપ. ૨૬૮
મહિસાગર નાહ્યા જઈ, જોયા ઘાટે ઘાટ;
નગર જ નિરખ્યું સ્નેહશું, ગયા રાજની વાટ. ૨૬૯
જોયાં ઘર પુર મેડીઓ, જોયા મહેલ અવાસ;
ચઢ્યો ઊંચો અટારીએ, સ્ત્રી દીઠી તે પાસ. ૨૭૦
ત્રિયા તેર વરસતણી, લક્ષણ ગુણ શુભ રૂપ;
તે ઠામે ઠરિને રહ્યો, પોતે વિક્રમ ભૂપ. ૨૭૧
ચર્યા જુએ તેહની, નિશા ગઈ છે પહોર;
સાંઢ ઉપર વાહન કરી, આવ્યો દૂત તે ઠોર. ૨૭૨
મેલી ઉંટને બારણે, આવ્યો ઘરમાં તેહ;
વાટ જોતીતી માનિની. જેમ બપૈયો મેહ. ૨૭૩
તારી સાથે આવું છું, બેસો બહાર જ ઠામ;
એટલે પોપટ આવિયો, દામોદર શુભ નામ. ૨૭૪
કાગળ કોટે બાંધિયો, આવ્યો સ્ત્રીની પાસ;
પ્રણામ કીધો પોપટે, સ્ત્રીએ દીધી આશ. ૨૭૫
રાજા વિક્રમ તે જુવે, પરાક્રમ તેનાં પ્રૌઢ;
પોપટ દીઠો પોતાતણો, થઈ રહ્યો દિગ્મૂઢ. ૨૭૬
કાગળ ઉકેલ્યો કામિની, તે વાંચીને જોય;
પાછળ રાજા ઉભો રહ્યો, તે નવ જાણે કોય. ૨૭૭
સ્વસ્તિશ્રી ત્રંબાવટી, રતનમંજરી નામ;
લખિતંગ ધાંચણ દમની, વાસ ઉજેણી ગામ. ૨૭૮
સમાચાર એક પ્રીછજો, પાડી વિક્રમશું હોડ;
મુજને જિતી તે વર્ત્યો, લાગી મુજને ખોડ. ૨૭૯
હુંશ ન પોહોંતી આપણી, જે ધારીતી પેર;
કાળાગૃહે પડી કામિની, વિક્રમસેનને ઘેર. ૨૮૦
ભલું દુઃખ દારિદ્ર્યનું, ભલી વેઠવી ભૂખ;
તેથી ભૂંડું ભૂપ ઘર, સ્ત્રી માણસને દુઃખ. ૨૮૧
વાત કોયશું થાય નહિ, બહાર નવ જણાય;
રુડું ભૂંડું જણાય નહિ, રહિ કાળાગૃહમાંય. ૨૮૨

વચને બાંધી હું રહી, જોડીને બે હાથ;
આપણ રહિયે એકઠાં, વાત કરું તમ સાથ. ૨૮૩
તમ ભણી રાજા મોકલ્યા, આવ્યા છે તુજ પાસ;
તેને તો વરજો તમો, પહોંચે મનની આસ. ૨૮૪
લખનાર નાર પોતાતણી, અચરત મોટું એહ;
પોપટ ધર પોતાતણો, મહિપત મન સંદેહ. ૨૮૫

ચોપાઈ

રતનમંજરિયે વાંચ્યો પત્ર, રાય વિક્રમે વાંચ્યો તત્ર;
તેના ઉત્તર લખિયો ઓટ, બાંધ્યો તે પોપટની કોટ. ૨૮૬
ત્યાં જઇને તો કહ્યો નાથ, રતનમંજરી વરે કોઈ રાય;
સુણી શુક ચાલ્યો જેટલે, કાગળ ફાડી નાંખ્યો તેટલે. ૨૮૭
ઘેલી રાંડ ધાંચણ દીકરી, તારું પાપ જે એને વરી;
મારું રતનમંજરી નામ, નવ રહું વિક્રમ ગુલ્લામ. ૨૮૮
એવા કંઈ આવે કંઈ જાય, વિક્રમ તો તુજને ગંધાય;
હશી પડી તે સૈયર સાથ, જો આવે વિક્રમ મુજ હાથ. ૨૮૯
મહિપત બાંધું મારે ઘેર, કોઈ ન જાણે તેવી પેર;
દાસીને હેઠી મોકલી, ઉપર રહી રાણી એકલી. ૨૯૦
આવ્યો તો જે પેલો દૂત, તેજો ધરમાં ભંગડભૂત;
કહો તમે ક્યાંથી આવિયા, સમાચાર શા શા લાવિયા. ૨૯૧
તમને નરપત તેડે આજ, સર્યાં સર્વ આપણનાં કાજ;
લીધા ઘરમાંથી શણગાર, બીજો માલ તો અપરમપાર. ૨૯૨
રત્ન પેટી લીધો અભેદંડ, આપ્યાં દૂતને તે પરચંડ;
જાઓ મૂકો ઊંટ ઉપર જઈ, પછી આપણ બે જઇએ વહી. ૨૯૩
સાંઢણી ઉપર તે તો ધર્યું, પછે વિક્રમે મન આચર્યું;
દંડ પ્રતાપે નાશી જશે, હાથ ન રહી તો શી ગત થશે. ૨૯૪
દંડ પેટી ઉંટપર મૂકિયો, મૂરખ મન તે તો ચૂકિયો:
વેતાળ ગયો તે વસ્તુ જ હરી, બેઠો રાય ધીરજ મન ધરી. ૨૯૫
ચેતવ્યા વણ તો નવ મારિયે, ક્ષત્રી ધર્મ તે કયમ હારિયે;
પૂછે રાય કોણ કરે જોર, દૂત જાર કે સ્ત્રીનો ચોર. ૨૯૬

ત્યારે દૂતને ચઢી છે રીશ, ગાળો દીધી ત્યાં દશ વીશ;
માર્યું ખડગ લીધા છે પ્રાણ, પડ્યો વાટમાં તેહ અજાણ. ૨૯૭
પછે દૂતનું લીધું રૂપ, સ્ત્રી પાસે આવ્યો છે ભૂપ;
જો ગમે તો આવો તમો, ચાલો ખોટી થાઉં હું અમો. ૨૯૮
ઉઠી નાર તે આગળ થઈ, ઊંટ ઉપર બેઠી તે જઈ;
બીક ન આણી કોની ચંત, બેડી સાંઢણી લીધો પંથ. ૨૯૯
પૂર્વ દિશા હાંક્યો જેટલે, નારી તે બોલી તેટલે;
આપણે જવું પશ્ચિમ દેશ, કેમ કરો પૂર્વમાં પ્રવેશ. ૩૦૦
મારે શું પશ્ચિમનું કામ, તેડી જાઉં છું મારે ગામ;
વાંકું વચન તે સાથે કહ્યું, રૂપ પોતાનું પ્રગટ જ કહ્યું. ૩૦૧
દંડ અને પેટી તો ગઈ, તે નારી તો નરવશ થઈ;
પેટી દંડનું ભાંગ્યું જોર, થઈ ગઈ નારી ત્યાં તો ચોર. ૩૦૨
શું નામ તહારું કયાં રહે, કયાં લઈ જાઓ મુજને કહે;
મારું તો જૂગારી નામ, વસવું મારે માળવ ગામ;
કરું કામ અણચિંતવ્યાં ઘોર, સ્ત્રીમાણસનો હું છું ચોર. ૩૦૩

દોહરા

નિઃશ્વાસ મૂક્યો નારીએ, દૈવ ન પહોંતી આશ;
મનનો માન્યો મૂકીઓ, પડ્યાં જુગારી પાસ. ૩૦૪
જુગારી હાથે સાંકળ, મર્કટ કંઠે હાર;
ઘેલી સ્ત્રી શિર બોડલું, રહે કેટલી વાર. ૩૦૫
ભંગી વ્યસની આળસુ, લંપટ જુગારી આપ;
એવો કંથ જે કામિની, તેનાં પૂરણ પાપ. ૩૦૬
નમેરો નિદ્રાળુઓ, દીન દયાહિન રોગ;
એવો કંથ જે કામિની, તે કામિનીના ભોગ. ૩૦૭
કાગળ પોપટ લાવિયો, મુજ સહિયરનો મર્મ;
તે વિક્રમને નવ વરી, ત્યાં ફૂટ્યું મુજ કર્મ. ૩૦૮
પરદુઃખભંજન સુખકરણ, અજિત અભેદી આપ;
એવો પુરુષ મેં પરભવ્યો, ભોગવું તેનાં પાપ. ૩૦૯
નવ ખંડ જેની નામના, પવિત્ર જેનો દેહ;
તેવો પુરુષ મેં પરભવ્યો, તેનું ફળ આ તેહ. ૩૧૦

સુરજ દેવ સાક્ષી તમો, નિર્મળ તારું નામ;
મેળો કરજો મહીપતિ, કરો કામિનીનું કામ. ૩૧૧
અલ્યા શાપ દેઉં છું તને, હું અબળા સ્ત્રી જાત;
કયમ લાવ્યો મને છેતરી, કીધી મોટી ઘાત. ૩૧૨

ચોપાઈ

ત્યારે તે બોલ્યો રાજંન, તારું કોના ઉપર મંન;
ત્યાં પહોંચાડી મૂકું તને, શાને રીશ કરે છે મને;
તારા મનમાં જે હોય આપ, સત્ય ન કહે તો તુજને પાપ. ૩૧૩

દોહરા

ત્યારે નારી બોલિ સહિ, વિક્રમ ઉજેણ ભૂપ;
સકળ કળા ગુણ જાણ છે, શીળવંત સ્વરૂપ. ૩૧૪
રાજ રાજેશ્વર છે ગુણી, હરસત માત હજૂર;
તેને મળવા મન ઘણું, જે નારાયણ નૂર. ૩૧૫
વચન પાળ તું તાહરું, મેળવ વિક્રમ રાય;
સરે અર્થ તવ માહરો, હૈડું શીતળ થાય. ૩૧૬
ત્યારે જુગારી બોલિયો, કંઈ વિક્રમ એંધાણ;
તેને તું કયમ ઓળખે, બોલ ચતુરસુજાણ. ૩૧૭
પગે પદ્મ છે તેહને, ઢીંચણ સૂધી હાથ;
જમણે હાથે ચક્ર છે, તે પૃથ્વીના નાથ. ૩૧૮
કમળપત્રશાં નેત્ર છે, અરુણવત્ છે તેજ;
ચંદ્રવદન ચંચળ મતિ, નારાયણશું હેજ. ૩૧૯
છોડ્યો મણિ ગાંઠિ થકી, આપ્યો સ્ત્રીને હાથ;
જાણે દિનકર ઉગીઓ, દીઠો તે નરનાથ. ૩૨૦
પાગે લાગી પદ્મિની, શું છે તમારું નામ;
વીશ વસા વિક્રમ તમો, તેજપુંજ મહા કામ. ૩૨૧

ચોપાઈ

સાબાશ શ્યામા ડાહ્યાં તમો, જોયા વિક્રમ તે તો અમો;
નગર ચર્યા જોવા આવિયો, પોપટ કાગળ ત્યાં લાવિયો. ૩૨૨
તે પૂંઠથી મેં વાંચિયો, પેટી દંડ મેં તો સાંચિયો;
દૂત હતો તે મેં મારિયો, ચેતાવ્યો જુદ્ધે હારિયો. ૩૨૩

તમને ખેસાડી સાંઢે કરી, લાવ્યો પંથે જાઉં નહિ હરી;
મારા સમ તમને હોય મંન, ત્યાં પહોંચાડું આણે દંન. ૩૨૪
વચન સાંભળ્યું વિક્રમતણું, હરખી નાર તે મનમાં ઘણું;
ગાંધર્વવિવાહ હેતે કરી, રતનમંજરી વિક્રમશું વરી. ૩૨૫
ચાલ્યાં આવે છે તે વાટ, મટ્યા મંનતણા ઉચ્ચાટ;
એહ વાત અહિંયાંથી રહી, પેલા પોપટની શી ગત થઈ. ૩૨૬

દોહરા

કાગળ રતનમંજરીતણો, લેઇને ચાલ્યો પંથ;
તેણે વિચાર્યું આવતાં, થઈ વિમાસણ ચંત. ૩૨૭
દીઠું દમલપુર વાટમાં, જુગતે જોતો જાઉં;
મળે જો મારો બંધવો, સહેજે સુખિયો થાઉં. ૩૨૮
મળવાને પરદેશડે, બાંધવકેરે કાજ;
તે રહે છે આ ગામમાં, ભાંગું મારી દાઝ. ૩૨૯
એમ કહિ વળિયો ગામમાં, મળવા મિત્ર જ પેર;
બાંધ્યો રહે તે પાંજરે, નીલી ગુણીકા ઘેર. ૩૩૦
બાંધ્યું પાંજરું બારણે, ગંગારામ છે નામ;
ત્યાં દામોદર આવિયો, બંધવકેરે ઠામ. ૩૩૧
દૃષ્ટે દૃષ્ટ મળ્યા બેહુ, પહોંત્યાં મનનાં કોડ;
ગુંજ કરવા માંડી ત્યહાં, બાંધવ જુગતે જોડ. ૩૩૨
કહો બાંધવ કયમ આવિયો, ગયા હતા કુણ દેશ;
સુખ દુઃખ કહો તમતણું, કાં વેઠો પરદેશ. ૩૩૩
ઉજેણીપત રાજીઓ, પવિત્ર મનશું પેર;
પરણ્યો ધાંચણ દીકરી, હું છું તેને ઘેર. ૩૩૪
કાગળ લઇને નીસર્યો, ગયો ત્રંબાવટી ગામ;
તે રાજની બેટડી, રતનમંજરી નામ. ૩૩૫
મહારાજ વિક્રમ આવિયા, ચર્યાં જોવા કાજ;
કરે રાજ શ્રી રામનું, મોટા જે મહારાજ. ૩૩૬
રતનમંજરી પરણશે, મારા કાગળ માટ;
વહાણું વાતે આવશે, આજ ગામની વાટ. ૩૩૭

શુભ અસ્વારી સાંઢ તે, રતન પેટી પરચંડ;
કન્યા છે તે પદ્મિની, પાસે અભેજિત દંડ. ૩૩૮
તે પહેલાં હું નિસર્યો, આઉં વધાઈ વરત;
તે દમની મને આપશે, હાર અમૂલક તરત. ૩૩૯
સુખશાતા છે અતિ ઘણી, આનંદ અદકો ચંત;
મળ્યા ભેટ્યા શીખ ઘો, જાઉં મારે પંથ. ૩૪૦

ચોપાઈ

વારુ કહી તે થયો વિદાય, એક એકની કહી કથાય;
પેલે પોપટે વચન જ કહ્યું, તે ગુણિકાએ સર્વે લહ્યું. ૩૪૧
સુણ્યું વચન એ મારું ભાગ્ય, એવો હું પામું કયાં લાગ;
પ્રપંચ કરું હવે રુડી પેર, પેટી પદ્મિની આણું ઘેર. ૩૪૨
એવો મનમાં ઘડિયો ઘાટ, જઈ બેઠી રોકીને વાટ;
પ્રાતઃકાળ થયો જેટલે, આવી સાંઢ નિકટ તેટલે. ૩૪૩
હેઠાં ઉતર્યાં નર ને નાર, તેણે મનમાં કર્યો વિચાર;
ભક્ષ ભોજન અહિંથી લીજીએ, પછે પથ આપણ કીજીએ. ૩૪૪
ગયા રાય તો ગામ જ માંહ, નાર સાંઢ રહી રણમાંય;
એટલે આવી ગુણિકા પાસ, મળી ભેટીને દીધી આશ. ૩૪૫
મુજને તુજશું અદકું હેત, તું તો મારી સગી ભાણેજ;
તું સગી ભગિનીની દીકરી, વારુ થઈ વિક્રમશું વરી. ૩૪૬
વિક્રમ ઉતર્યો મારે ઘેર, તેડવા મોકલી તમને ઘેર;
તેનું કપટ તો નવ જાણિયું, જ્ઞાન હૃદેમાં નવ આણિયું. ૩૪૭
મળ્યાં વળગ્યાં બાંહે હાથ, ગઈ નારી તે ગુણિકા સાથ;
રતન પેટી ને સાંઢ જ લીધ, કારજ ગુણિકાનું તો સીધ. ૩૪૮
રતનમંજરી ગઈ ઘરમાંહ, ચર્ચાં ભુંડી દીઠી ત્યાંહ;
ક્યાં ગયો મારો ભરથાર, જે મારો હઈડાનો હાર. ૩૪૯
તે નર પાખે દેહ ન ધરું, કરડી જીભને હવડાં મરું;
તારા કુળમાં શો વહેવાર, મુજને કયમ લાવી આ ઠાર. ૩૫૦

દોહરા

ત્યારે ગુણિકા ઉચરી, સજો રુડા શણગાર;
જેવા મન તારે ગમે, ભોગવી લે ભરથાર. ૩૫૧

ગુણિકા જાત છે આપણી, મોટા જનશું પ્રીત;
નિત્ય દિવાળી આપણે, નવલા રંગ નિતનિત. ૩૫૨
પલંગ પાન ને હારડા, શુભ સકોમળ સેજ;
નર રુડા નિત્યે નવા, ભોગવ આણી હેજ. ૩૫૩
રાજાને તો સ્ત્રી ઘણી, સંભવે નહિ સંભોગ;
વારો ન આવે વરસમાં, ત્યાં તો પૂરા ભોગ. ૩૫૪
નીચ વાત નારે સુણી, અંગે ઊઠી ઝાળ;
કે મારું કે હું મરું, આણું મારો કાળ. ૩૫૫
પરવશ પડી તે શું કરે, ધારણ રાખી મંન;
મોટાં મંદિર માળિયાં, ભામિની રહિ ભૂવંન. ૩૫૬
સોદો લીધો વિક્રમે, આવ્યો તેવો આપ;
વનિતા ન દીઠી વાટમાં, તનમાં પ્રગટ્યો તાપ. ૩૫૭
વળ્યો ગામમાં વીર તે, દંડ પોતાને હાથ;
ગલી કુંચીએ ભોળતો, વિચાર કરે મન સાથ. ૩૫૮
એમ કરતાં નિશા થઈ, દુઃખ પામી તે નાર;
તે નાઠી ઘરમાં થકી, ભૂમ મારતી બહાર. ૩૫૯
મળી બહાર બહુ મેદની, માનવ જોતાં વાટ;
તે નગરના નરપતિયે, જાણી સઘળી વાત. ૩૬૦
કહે બાઈ તું કયાં રહે, શું દુઃખ નિસ્ચે દેહ;
વિજોગ પડ્યો પરણ્યાતણો, સાચું માનો એહ. ૩૬૧
કાષ્ઠ ભક્ષિને હું મરું, એટલું મારે કામ;
બીજા શું બોલું નહીં, કોય ન લેશો નામ. ૩૬૨
કાષ્ઠ ભરાવ્યાં શકટ ભરી, ચાલી સરિતા તીર;
એટલે જોવા ત્યાં ગયો, પોતે વિક્રમ વીર. ૩૬૩

ચોપાઈ :

પોતાનો પતિ દીઠો દૃષ્ટ, ગયું મન થકી સઘળું કષ્ટ;
દીઠી પ્રીત બે જણની ઘણી, પૂછ્યું ગામકેરે તે ધણી. ૩૬૪
કયાંથી આવ્યા કુણ જ ગામ, પ્રકાશ કરયું પોતાનું નામ;
દેવરૂપ દેવાંશી દેહ, અધિક પૃથ્વીપતિ પોતે તેહ. ૩૬૫

કહી પ્રતિજ્ઞા સાચી વાત, ઓળખિયેા અવનીપતિ તરત;
તેડ્યો ઘેર દેઈ બહુ માન, મૂકયાં પાન મેવા પકવાન. ૩૬૬
કંગાલને કરુણા કીજિએ, કાંઈ હુકુમ મુજને દીજિએ;
તારા નગરમાં નીલી નાર, તેને તેડાવેા આ ઠાર. ૩૬૭
અણાવી સાંઢ પેટી ને ગર્થ, ઘેર બેાલાવી સાર્યો અર્થ;
શીશ મુંડી ખર વાહન કરી, બધા નગરમાંહે ફેરવી. ૩૬૮
ઠરી રહ્યો ત્યાં વીર સુજાણ, ત્રંબાવટીએ થયું છે જાણ;
પગલે પગલે કટ જ ચઢ્યું, પગલું દમલપુર માંહે પડ્યું. ૩૬૯
લાગી રાઢ આણીને ક્રોધ, માંહેામાંહે વળગ્યા જોધ;
વઢતાં દિન વીત્યા છે ચાર, માંડણરાયે કર્યો વિચાર. ૩૭૦
આપણા ઉપર ત્રંબક વડે, શે વાંકે સેના એ ચઢે;
ગયા ભાટ નિવારણ કાજ, વઢેા કુણ દિવસની દાઝ. ૩૭૧
તારા નગરમાં મારા ચેાર, તેણે કામ કર્યું છે ઘેાર;
રતન પેટી ને રતનમંજરી, તે તેા ચેાર લાવ્યેા છેતરી. ૩૭૨
તેને કહાડી આપેા મને, તેા તેા જીવતેા મૂકું તને.

દેાહરા

રાજા શું જાણેા નહીં, મંન વિચારેા જાણ;
રતનમંજરી લાવિયેા, વિક્રમ વીર સુજાણ. ૩૭૩
સુણતે આનંદ ઉપન્યેા, શીતળ થઈ સૌ કાય;
પ્રદક્ષિણા દેઇને નમ્યેા, વિક્રમ કેરે પાય. ૩૭૪
ધન હું ધન એ દીકરી, ધન મારેા અવતાર;
હેતે આવેા નગરમાં, શેાભે સહુ સંસાર. ૩૭૫
દમલપુરનેા રાજિયેા, બેાલ્યેા માંડણ રાય;
વરેા બેટિ એક માહરી, સકળ મનેારથ થાય. ૩૭૬

ચેાપાઈ

એક પરણી તેની કન્યાય, પાછા ત્રંબાવટીએ જાય;
રીત ભાત તે પૂરણ કરી, બીજી વાર તે કન્યા વરી. ૩૭૭
હરએ વાગ્યાં ઢેાલ નિશાન, આવ્યેા વિક્રમ વીર સુજાણ;
કન્યા પેટી દંડ રતન, લાવ્યેા ઘેરે કરી જતંન. ૩૭૮

ઓઓ ઉતારી મહેાલા પાશ, દેવદમનીને દીધી આશ;
વચન તમારું મસ્તક ધરું, હવે હુકમ દેા તેવું કરું;
આણ્યા તરણુ દંડ તે દીશ, કહેા તે વાત ચહડાવું શીશ. ૩૭૯

દેાહરા

કહે દમની કહું તે કરેા, આપ નગર ભૂપાળ;
વીર ભટ નામે વિપ્ર છે, તેડીને ધન આલ. ૩૮૦
બાળક પુત્રી તેહની, તેનું સરસ સ્વરૂપ;
ચર્ચાં જે જે તેહની, ભેાળા ન થશેા ભૂપ. ૩૮૧

ચેાપાઈ

પ્રાતઃકાળ થયેા જેટલે, વીર ભટ તેડ્યેા તેટલે;
માન દીધું રીઝીને રાય, કુમકુમ ચંદન પૂજી પાય. ૩૮૨
રત્નથાળ તે આગળ કરી, હેતે હેમની મેારેા ધરી;
મહારાજ હેતે લીજિએ, પતિતને પાવન કીજિએ. ૩૮૩
લાગ્યું બ્રાહ્મણુને અદકું દુઃખ, રાજા ઉપર મરડયું મૂખ;
ભાઈ મારે શેા એનેા અર્થ, રાજદ્વારમાં જોઇએ ગર્થ. ૩૮૪
માંસ રુધિરનેા ભુંડેા આહાર, રાજપ્રતિગ્રહ ભારે ભાર;
દશ ખાટકી કરે જેટલું, એક ચક્રીને ઘેર તેટલું. ૩૮૫
દશ ચક્રી કરે જે આપ, તેટલું એક ગુણિકાનું પાપ;
દશ ગુણિકાતણું અધ જેહ, એક નરપતિને ઘેર તેહ. ૩૮૬
નિંદા કરીને નાશી ગયેા, કેાડી એક લેવા નવ રહ્યેા;
એમ કરતાં પડી જવ રાત, રાયે વિચાર્યું હૃદિયા સાથ. ૩૮૭
જોઉં ચર્ચાં એના ઘરતણી, સમૃદ્ધિ છે એને ઘેર ઘણી;
વાળ્યેા કાછડેા ફેંટેા કશી, ચાલ્યેા તે બ્રાહ્મણ ઘર ઘશી. ૩૮૮
કેાઇને વાત ન કહી તે રાય, છાના વીર ધીર બે જાય;
અદૃષ્ટવિદ્યા મનમાં ધરી, ઘર ચર્ચાં જૂએ તે ફરી. ૩૮૯
ઘટિકા બેય નિશા વિસ્તરી, બ્રાહ્મણની પુત્રી નીસરી;
સકલ કળા ગુણ જોબન સાર, લક્ષણ બુદ્ધિવંત છે બાળ. ૩૯૦
તેની પાસે દંડ જ એક, તેની શેાભા વિવિધ વિશેક;
નિકળી ઘર મેલી બારણે, રાય નિકળ્યેા જોવા કારણે. ૩૯૧
ચૌટે જઇને ઊભી રહી, પ્રધાનપુત્રી તે સ્થાનક ગઈ;
ત્રીજી તનયા વણિકજવણી, તે સહુની શેાભા છે ઘણી. ૩૯૨

ચોથી છે ક્ષત્રીની નાર, મળ્યાં એકઠાં ટોળે ચાર;
મળી સહૂ વિચાર જ કરે, અરાંપરાં ચૌટામાં ફરે. ૩૯૩
લીધાં પાન ફોફળ ને હાર, લીધા મેવા અપરમપાર;
લીધી સામગ્રી પરણ્યાતણી, લીધાં ચૂડો ચુંદડી ધણી. ૩૯૪
વસ્ત્રતણો લીધો અંબાર, થયો મણ ઝાઝેરો ભાર;
આપ માથે કોઈ નવ ધરે, તું લે તું લે એમ સૌ કરે. ૩૯૫
લાવો મજુરને આણે દીશ, આપે લઈ ઉપાડે શીશ;
એક આધી તેડવાને ગઈ, ઊભો રાય મજૂર જ થઈ. ૩૯૬
ભાર ઉપાડવાનું છે મન, પેટ ભરી જમાડો અંન;
ઉપાડ ગાંસડી તું અમતણી, આપશું અંન સામગ્રી ઘણી. ૩૯૭
કંગાળ સરખું દીઠું રૂપ, નવ ઓળખાણો ભારે ભૂપ;
પોતાના મદમાં ચાલી જાય, ન ગણે કોને લેખામાંય. ૩૯૮
અલ્યા તું રહે છે કુણ ગામ, તારું શું કહે છે સહુ નામ;
માટકો મજુરજ નામ માહરું, કામ કરું નિત્યે તાહરું. ૩૯૯
બોલ્યો બોલ ગરીબ કંગાળ, હસે સહુ લાગે છે વહાલ;
રાજાને શિર મેલ્યો ભાર, નિકળ્યાં નગરથકી તે બહાર. ૪૦૦
વહેળા પર્વત નદી ને પહાડ, જે દેખીને ધ્રૂજે હાડ;
ચાલે ચારે ચતુરસુજાણ, જ્યાં હતું ગાંધ્રવું મસાણ. ૪૦૧
તેમાં ગયાં આણી આહ્લાદ, જ્યાં હરસત તણો પરસાદ;
ભૂત પ્રેત ને વ્યંતર ઘણાં, ટોળાં જક્ષ કિન્નર તે તણાં. ૪૦૨
અનેક જોગણી આકાશે ભમે, તે આવીને ચરણે નમે;
જઈ હરસતની પૂજા કરી, નૈવેદ્યતણી તે થાળી ભરી. ૪૦૩
સંતુષ્ટ કરીને અંબે માત, પછે તેહને પૂછી વાત;
મળ્યાં એકઠાં આપે ચાર, કયમ આવ્યાં છો આણે ઠાર. ૪૦૪
ત્યારે બોલી ચારે જણી, પરણે છે સઇયર અમતણી;
પાતાળે વસે છે તેહ, કુંમકુમ વરણી તેની દેહ. ૪૦૫
પરણવા આવી હશે ત્યાં જાન, અમને દેશે ઝાઝાં માન;
કુંમકુમવતી પરણે જેહને, અમ ચારે પરણું તેહને. ૪૦૬
અમને જવા આપો માગ, આજે વર વરવાનો લાગ;
દંડતણી ત્રણ રેખા કરો, સુખે તે સ્થાનક પરવરો. ૪૦૭

માટકા તું બેસી રહે આંહ, અમો આવશું વહાણાંમાંહ;
ત્યારે માટકો અદકું રોય, મુજને મારી નાંખે કોય. ૪૦૮
હું તો નહિ જવા દેઉં તને, હતો ત્યાં મૂકી આવો મને;
અનેક ચરિત્ર એવાં બહુ કહ્યાં, સજની ચારે મનમાં લહ્યાં. ૪૦૯
એક કહે એને મા છેડ, સુખે આપણી સાથે તેડ;
આશે પેટ ભરીને ધાન, કહીશું તે કરશે નિદાન. ૪૧૦
તે સ્થાનક માત્યો એક દંડ, પડી ગુહા એક મહા પ્રચંડ;
પેઠાં સહુકો વળગી હાથ, તેજો માટકો પોતા સાથ. ૪૧૧

દોહરા

નગર સમીપે જઈ રહ્યાં, દીઠું સરોવર નીર;
નહાવા કેરે કારણે, જઈ ઊભી તે તીર. ૪૧૨
દંડ વસ્ત્ર ને ગાંઠડી, બીજા શુભ શણગાર;
તે સોંપ્યું મજુરને, ક્ષણું ન લાગી વાર. ૪૧૩
થઈ નગ્ન નહાવા ગઈ, જળમાં ઝાકમઝોળ;
છાંટે નીર એક એકને, કરે આપ કલ્લોલ. ૪૧૪
સમર્યો વીર વૈતાળને, પ્રત્યક્ષ પ્રગટ હોય;
વસ્ત્ર દંડ હરી ગયો, પાર ન પ્રીછે કોય. ૪૧૫
વર આવ્યો ત્યાં પરણવા, તિલક કર્યું તું ભાલ;
તેને વીર હરી ગયો, જાનમાંથી તત્કાળ. ૪૧૬
જળમાં રહીને માગિયાં, માટકા લાવ શણગાર;
હાથ ખંખેરી ઊઠીઓ, બોલ્યો મુખ ઉચ્ચાર. ૪૧૭
એ તો કોઇક લેઈ ગયું, ન રહ્યું મારી પાસ;
માતા હવે હું શું કરું, બોલ્યો મૂકી આશ. ૪૧૮
ફટ ભુંડા જા ગામમાં, કુમકુમવતીની પાસ;
જળમાં સૌ ઉભાં રહ્યાં, થઈ મોટી ઉપહાસ. ૪૧૯
કર્યું જાણ જઇ માટકે, મોકલાવ્યા શણગાર;
થઈ પાંચે ઘેર એકઠી, ક્ષણું ન લાગી વાર. ૪૨૦
લગ્ન વેળા તતપર થઈ, હું જોતીતી વાટ;
ભલે આવ્યાં તમે આ તકે, મનનો ટળ્યો ઉચ્ચાટ. ૪૨૧

લાવો વર ઉતાવળો, લગન જ વેળા જાય;
વર તો ક્યાંય જડે નહીં, આકુળવ્યાકુળ થાય. ૪૨૨
વિક્રમ રૂપ પોતે ધર્યું, ગયો આવી જ્યાં જાન;
દીઠો સુંદર મહિપતિ, દીધાં ઝાઝાં માન. ૪૨૩
હવડાં એ પરણાવિયે, રીતભાત કરી પેર;
પછે હાંકી કહાડ્શું, કન્યા લઇશું ઘેર. ૪૨૪

ચોપાઈ

પીઠી ચોળી રાય શરીર, પચરંગી પહેરાવ્યાં ચીર;
લગ્નતણી તો વેળા થઈ, બેસાડ્યો ચોરીમાં જઈ. ૪૨૫
દીઠો વર શરદનો ચન્દ્ર, દિઠો અવનવો જેવો ઇન્દ્ર;
દીઠો જેમ ઉગમતો ભાણ, તેવો વિક્રમ વીર સુજાણ. ૪૨૬
હેત પ્રીત નારીને કરી, પાંચે કન્યા તે વર વરી;
મંગળ વર્ત્યાં બાંધ્યો કંસાર, સજ્જન કહે જિત્યો સંસાર;
ગોત્રજતણી જઈ પૂજા કરી, વર જોઈ સહુની આંખડી ઠરી. ૪૨૭

દોહરા

રાજા કહે તમે બોલિયાં, પાળો તેહ વચંન;
હું તે પેલો માટકો, આપોને ભોજંન. ૪૨૮
મુજને ભાડે મોકલ્યો, જે આવી છે જાન;
તેને ઘેર જશો તમો, શું દો છો મુજ માન. ૪૨૯
હું તો સમજી આવિયો, પેટ ભરવાને કાજ;
શિખ દો તો અમો સંચરું, તમો કરોજી રાજ. ૪૩૦
સુણીને સહુ વિસ્મે થયું, ન હોય માટકાનું કામ;
એ તો ઉજેણપત ખરો, વિક્રમસેન મુજ નામ. ૪૩૧
પ્રદક્ષિણા કરી પાંચે નમ્યાં, કીધાં શિવપૂજંન;
અન્નણે અધિપત વર્યો, સફળ થયો એ દંન. ૪૩૨

ચોપાઈ

વીર હરી ગયો જેટલું, તરત જ આપ્યું છે તેટલું;
વિક્રમે ત્યાં સાધી ગતી, નાની બ્હેન એક તેની હતી. ૪૩૩
જાનવાળો વર ત્યાં આણિયો, રાંક આપ હુદે જાણિયો;
બીજી કન્યા પરાણ્યો અનૂપ, માન દેઈ બોલાવ્યો ભૂપ;
ઓળખ્યો રુડો તે રાજંન, નગર હરખ પામ્યું સહુ મંન. ૪૩૪

ધન્ય ભાગ્ય આ ધરતીતણું, આવાગમન થયું તમતણું;
કન્યા પાંચ ને લાવ્યો દંડ, કર્યું કામ ભારે પરચંડ. ૪૩૫
ઘેર આવ્યો ઉજ્જેણીરાય, જઈ દમનીને લાગ્યો પાય;
વળી કહો તે હું આચરું, વચન તમારું મસ્તક ધરું. ૪૩૬

દોહરા

કહે દમની સુણ રાયજી, જુઓ ઉજેણી ગામ;
એક વૃદ્ધ વહેવારીઓ, ધનવંત શેઠ છે નામ. ૪૩૭
ચર્યાં જુઓ ઘેર તેહને, જાળવજો શુભ પેર;
ત્યાંથી કામ સધળું થશે, બેશી રહો પછે ઘેર. ૪૩૮

ચોપાઇ

સભા ભરીને બેઠો રાય, સૌ કોને પૂછે છે ત્યાંય;
ધનવંત શેઠ તે કોનું નામ, વસે આપ ઉજ્જેણી ગામ. ૪૩૯
એક વજીર કહે છે વાત, એ નામે વસે છે સાત;
એક કહે નવ કરશો રીશ, ધનવંત શેઠ તો છે દશ વીશ. ૪૪૦
બીજે એક કહ્યો વિચાર, મારી પાસે છે દશબાર;
નવ તેરી ઉજ્જેણી ગામ, ધનવંત શેઠ હજારો નામ. ૪૪૧
નાંત અડક કાંઈ છે એંધાણ, શી છે પેર તેની પરમાણ;
સર્વતણી વાતો સાંભળી, નાવ્યો મનમાં એકે વળી. ૪૪૨
આવ્યો એક જન પ્રીતે પાસ, કર જોડીને કીધું હાસ;
મારી પાસે ધનવંતો સાર, થયાં વરસ એકસો ને બાર;
વૃદ્ધ જરા જૂરણ આંધળો, ગાત્ર શિથિલ ને છે પાંગળો. ૪૪૩

દોહરા

ધન અલેખે તેહને, પેટ નથી કાંઈ તન;
સેવા કારણે ઇચ્છતો, પરણ્યા ઉપર મન. ૪૪૪
તેને કુણ દે દીકરી, કાણો વૃદ્ધ કરૂપ;
દીપક હાથે લેઇને, કોણ પડે જઈ કૂપ. ૪૪૫
સોળ વરસની બેટડી, શ્યામકુંવર છે નામ;
ભરજોબનમાં ભામિની, રહે ઉજ્જેણી ગામ. ૪૪૬
મહાસત્યવંતી સાધવી, સતીતણો અવતાર;
વ્રત કુંવારું આચરે, રૂપતણો ભંડાર. ૪૪૭

મા બાપ પરણવા કહે, એહ ધરે નહિ મંન;
ઘરસૂત્ર માંડું નહીં, જુવે નહીં નર જંન. ૪૪૮
વિશ્વ આવીને વિનવે, તોય ધરે નહિ કાન;
શું કરું હું છું ભોળના, નહિ કર જાણું રાન. ૪૪૯
નરનું મુખ જોવું નહીં, નરશું ન કરું પ્રીત;
કુંવારી થઇને રહું, રાચ્યું એણી રીત. ૪૫૦
પંડિતે બહુ પ્રીછવી, વિખાણ કરિને વેદ;
શાસ્ત્રવચન તમને કહું, ખરી વાતે શો ખેદ. ૪૫૧
ન્યાયશાસ્ત્ર એવું કહે, કુંવારી શિર પાપ;
ખાપણ માથે તેહને, સતીતણો છે શાપ. ૪૫૨
કુંવારી અબળા રહી, ભૂકે પૃથ્વી પાય;
બ્રહ્મહત્યા એક ડગ ભરે, નિત્ય પોકારે નાય. ૪૫૩
ભક્તિ કરે ભરથારની, નિત નિત ગંગારનાન;
પ્રદક્ષિણા પૃથ્વીતણી, ડગે ડગે ગૌદાન. ૪૫૪
શાસ્ત્ર નારીએ સાંભળ્યું, સુખ કરવું સૌ તાજ;
તેહ વરી ધનવંતને, સેવા કરવા કાજ. ૪૫૫
ચરણ તળાંસે તેહના, પીરસે તે ભોજન;
ભક્તિ કરે ભલી ભાતશું, માનિની નિર્મળ મંન. ૪૫૬
અવિદ્યા એકે નહીં, સતી શિરોમણ સાર;
દર્શન કરવા કારણે, આવે લોક અપાર. ૪૫૭
આભૂષણ આ દેશમાં, દર્શન દિવ્ય સ્વરૂપ;
એક ધનવંત તો એહ છે, માન્યો ભારે ભૂપ. ૪૫૮
પોળને મોઢે પીંપળો, તેની રુડી છાંય;
ત્રીજું ઘર તો તે થકી, ધનવંત રહે છે ત્યાંય. ૪૫૯

ચોપાઈ

વારુ કહી તે રાજા હસ્યો, તેનો બોલ હૃદેમાં વસ્યો;
શાને જોઉં હું આવું ગામ, થાશે મારું એથી કામ. ૪૬૦
રાજા ઉઠી બેઠા થયા, સહુ સહુને ઠેકાણે ગયા;
પડી ઘોર નિશા જ્યાહરે, જોવા સજ્જ થયો ત્યાહરે. ૪૬૧
વાળ્યો કાછડો ઘાટડી ઘણી, ચાલ્યો વીર ધુરંધર ધણી;
સાંભળ્યુંતું ઘરનું એંધાણ, ત્યાં જઈ બેઠા ચતુરસુજાણ. ૪૬૨

બેઠો બારણે સ્થાનક ઠરી, વિપરીત વેશ પોતાનો ધરી;
અદૃષ્ટ વિદ્યા આપ હોય, નવ દેખે તે માનવી કોય. ૪૬૩
જેવી કહીતી તેવી સતી, ચર્ચાં જૂએ પૃથ્વીપતી;
કરે ભરથારની આપે સેવ, જેવી દયાળુ દેવી દેવ. ૪૬૪
કંથ કેરાં ચાંપે છે ચરણ, પછે આપ પોઢે છે ધરણ;
દીન બે ચારેક જોયું રાય, ચિત્તમાં લાવે છે ચર્ચાય. ૪૬૫
એક દિવસ જૂએ જેટલે, કૌતક એક થયું તેટલે;
મધ્યરાત ગઈ છે ઘનઘોર, એટલે એક ત્યાં આવ્યો ચોર. ૪૬૬
પાડી ખાતર પેઠો ઘરમાંહ, બળે દીપક જોત જ ત્યાંહ;
દીસે જાડો ને કૂટડો, તેવો સ્ત્રીની દૃષ્ટે પડ્યો. ૪૬૭
રક્ત ફેંટો બાંધ્યો છે શીશ, સુંદર ધાટડી ભીડી દીશ;
રુડો કાછ પહેર્યો છે પાય, બળવંત છે વળી તેની કાય. ૪૬૮
જ્યાં પોઢીતી ઘરણે નાર, આવ્યો તસ્કર તેણે ઠાર;
તસ્કર તે નારીએ દીઠ, અમૃતથી લાગ્યો તે મીઠ. ૪૬૯
રામા રુદેમાં તે ઠામ, તતક્ષણ પ્રગટ્યો તેને કામ;
અગ્નિથકી ગળે જેમ ધૃત, ગળી નાર તસ્કરથી તૃત. ૪૭૦
વિચાર તેના મનમાં થયો, જન્મારો એળે મૂજ ગયો;
ભોગવ્યો નહીં સંપૂરણ ભોગ, વાત કરી નવ સાધ્યો જોગ. ૪૭૧
કંથસ્વાદ કાયા નવ અજ્યો, એ જન્મારો ધૂટી પડ્યો;
એવો ધડીઓ મનમાં ધાટ, દીઠો તસ્કરનો બહુ ઠાઠ. ૪૭૨
નિરખ્યું રૂપ તે તસ્કરતણું, હરખી નારિ હૈડામાં ઘણું;
કયમ આવ્યો છે અડધી રાત, સાચી કહે તું મૂજને વાત. ૪૭૩
ત્યારે તસ્કર બોલ્યો વળી, દીઠી નારી ચિત્તે ચળી;
મારે મન છે એટલો અરથ, આવ્યો ચોરવા ઘરથી ગરથ. ૪૭૪
શિર માટે આવ્યો અહીં હું, પુછે છે તો સાંભળ તું;
પાડે બૂમ કે બોલે વાણ, મારી ખડ્ગ કાઢું તુંજ પ્રાણ. ૪૭૫

દોહરા

તરુણી તસ્કરને કહે, પ્રીતિ અમશું જોડ;
હેતે ઘર આપું તને, પહોંચાડું મનકોડ. ૪૭૬
મુજશું મન કરી રમો, ટાલ્ય બ્રેહની આગ;
નિત્યે દહાડી આવજે, જેહ ગમે તે માગ. ૪૭૭

ત્યારે તસ્કર બોલિયેા, માનિની સાંભળ મર્મ;
દેખે કંથ આ તાહરેા, તે નહીં મારેા ધર્મ. ૪૭૮
લેાપું લાજ નહિ એહની, જે નવ દેખે દૃષ્ટ;
એ સન્નિધ તુજશું રમું, તેા થાઉં હું ભ્રષ્ટ. ૪૭૯

ચેાપાઈ

કામિની કહે કંથ મારું હું, ફરીફરી શું કહે છે તું;
તસ્કર કહે મારેા એહને, સંગ કરું તાહારી દેહને. ૪૮૦
ઢીંચણ મુકી પાસા તળે, અંગુઠેા દીધેા જઈ ગળે;
પલક એકમાં નીકળ્યેા પ્રાણ, જુવે વિક્રમ વીર સુજાણ, ૪૮૧
હરખ ઉપન્યેા બેહુને ઘણેા, સંગ કર્યો પછે તસ્કર તણેા;
તેને આપ્યું અદકું ધન, અમ્રત જેવાં કહ્યાં વચંન. ૪૮૨
નીત નીત રમવા આવને, સામગ્રી સાથે લાવને;
ચેાર કાઢી મૂકયેા બારણે, રહ્યેા રાય જોવા કારણે. ૪૮૩
દીઠેા તે તસ્કરને દૃષ્ટ, મહિપતિ મનમાં પામ્યેા કષ્ટ;
ખુની તસ્કર ને ત્રિજો જાર, એને માર્યાનેા વહેવાર. ૪૮૪
મહેલ્યું ખડ્ગ કરીને રીસ, છેદ્યું તે તસ્કરનું શીશ;
પડતાં ચીસ નાંખી તે ઠાર, ત્યાં સ્ત્રીએ ઉઘાડ્યાં બાર. ૪૮૫
દીઠેા બારણે તસ્કર પડ્યો, સ્ત્રીને મન અચરત અડ્યો;
દીઠી રાત અંધારી ઘેાર, માર્યો ચેાકીવાળે ચેાર. ૪૮૬
નારી મનથી મુકી મામ, મેં તેા કુડું કીધું કામ;
કંથની હત્યા માથે લીધ, પાડી ભૂમ પછે તેા સીધ. ૪૮૭
અરે રાયના લેાક જ ધાઓ, મારી જનારાને તેા સાઓ;
મળ્યા એકઠા લાખેક લેાક, શેઠ માર્યો તે પામ્યા શેાક;
પૃથ્વીપતે જોઈ છે પેર, આવ્યેા રાય પેાતાને ઘેર. ૪૮૮

દેાહરા

પ્રાતઃકાલ જ્યારે થયેા, સ્ત્રીએ વિચાર્યું મંન;
દાનપાત્ર મળ્યા ઘણા, લુટાવી દીધું ધંન. ૪૮૯
મ્હેલ મેડિ ને માળિયાં, વળી જે કણ કોઠાર;
કૃષ્ણાર્પણ સર્વે કર્યું, અન્ન વસ્ત્ર રાણુગાર. ૪૯૦

ચાલ્યો ફેલ એ નગરમાં, ફેાગટ બાધે દેશ;
સતી થાય છે સાધ્વી, જોબન બાળાવેશ. ૪૧૯
સતી સુંદરી નીસરી, સજ્યા સોળ શણગાર;
ચોખા વેરે ચોદશા, આશ્વનીએ અશ્વાર. ૪૯૨
વાજાં વાજે અતિ ઘણાં, શરણાઇઓ ચેહુચાટ;
જોવા નગર બાધું મળ્યું, જશ કહે ભારે ભાટ. ૪૯૩
માગણ જાએ માગવા, દક્ષણા લેવા દેવ;
નમે લોક સહુ નગરનાં, બહૂ કરે છે સેવ. ૪૯૪
મળ્યા દુઃખિયા રોગિયા, ભુવન ભુવનથી ધાય;
નાનાં મોટાં નગરનાં, જુવતી જોવા જાય. ૪૯૫
થાપા દે કુમકુમતણા, ઉડે અબિલ ગુલાલ;
જે જે બોલે મુખ ઘણા, ભરી ફૂલની થાળ. ૪૯૬
કોને કહે સુત આવશે, કોને આપે ધંન;
કોને કહે જશ પામશે, એમ મનાવે મંન. ૪૯૭
લોક મળિને આવિયાં, જ્યાં બેઠા છે રાજ;
સતી થાય છે સાધવી, હુકમ કરો મહારાજ. ૪૯૮
રાજા કહે કયાં છે સતી, મારું મન પરસંન;
છડી અસ્વારી આવશું, કરવા સતી દરશંન. ૪૯૯
શુભ કામી સતી સંચરે, દેહે વેઠે દુઃખ;
ક્ષિપ્રા તીરે આવશું, જોવા તેનું મૂખ. ૫૦૦
પ્રધાન રાયે સાંભળી, કામ કર્યાં છે તાજ;
ગયા મશાણે મહિપતિ, સતિ સત જોવા કાજ. ૫૦૧
મળિ છે ત્યાં બહુ મેદની, થાય ઘણા કલ્લોલ;
થાપા દે છે હોંશથી, કરે છે કુમકુમ રોળ. ૫૦૨
રાખ્યા સહુને વેગળા, રાય ઉભો સતિ પાસ;
પ્રણામ કરીને પ્રેમશું, દીધી તેણે આશ. ૫૦૩
રાજા કહે પાછાં વળો, જાઓ તમારે ઘેર;
ખાઓ પીઓ ખેલો જઈ, રમો જમો શુભ પેર. ૫૦૪

ચોપાઈ

બળ કરીને તે બોલી નાર, હુકમ આપ લાગે છે વાર;
મારે કંથને છેડું પડે, દેવ સતીને તે તો નડે. ૫૦૫

રીઝું તો પ્રસંન થઇશ આપ, જો કોપું તો દેઇશ શ્રાપ;
રીઝું તો ચાલે તૂજ રાજ, કોપું તો જગ હોયે તાજ. ૫૦૬
ડાહ્યાને શું કહિએ કથી, તું સતિને ઓળખતો નથી;
માટે લાગ્ય તું મારે પાગ, વરદાન જેહ ગમે તે માગ. ૫૦૭
દે હુકમ ઓટી થાઉં છું, સ્વર્ગભુવન પ્રત્યક્ષ જાઉં છું;
પુષ્પ વૈમાન ઓટી થાય છે, દેવ દરશન મારું ચ્હાય છે. ૫૦૮
સત વાદી માટે સાંખિયે, નિકર હવડાં ઉંધો નાંખિયે;
કદાચ કોપ હૈડામાં ધરું, તો તુજને હું પ્રાજે કરું;
સાંભળ્યો તેહ સતીનો બોલ, દીઠાં પુલ રાયે અતોલ. ૫૦૯

દોહરા

કહે વિક્રમ સાંભળ સતિ, જાણું સઘળો મર્મ;
કાલતણી સભા સાંજનો, જોઉં છું તારું કર્મ. ૫૧૦
ફોગટ પુલ કરે ધણી, દેખે બાધું ગામ;
જા તું મંદિર તાહરે, રાખી મનની મામ. ૫૧૧
અંગુઠો દીધો ગળે, પ્રથમ જ માર્યો કંથ;
પછે જારવિદ્યા રમી, તે જ વિચારો મંન. ૫૧૨
પછી તેને ધન આપિયું, કાડી મૂકયો ખ્હાર;
મેં ત્યાં મારી નાંખિયો, જાણ્યો તસ્કર જાર. ૫૧૩
તેં દીઠો તસ્કર પડ્યો, સાંભળી જ્યારે ચીસ;
ઘરમાં જઇને છેદ્યિું, ધનવંત કેરું શીશ. ૫૧૪
પછે માલ લુંટાવિયો, સતી ધરાવ્યું નામ;
ફેલ કરે છે તું ઘણું, દેખે બાધું ગામ. ૫૧૫
શિશ મુંડણ તહારું કરું, ચુનો ચોપડું તાંહ;
ખરવાહન કરી ફેરવું, બધા નગરની માંહ. ૫૧૬
કાન નાક છેદાવશું, છેદું પગ ને હાથ;
મારું માથે મોજડાં, જો બોલે મુજ સાથ. ૫૧૭
અડધી ડટાવું બેટમાં, પંચઇટાળી માર;
જીભ કઢાવું તાળવે, દેખે સહુ સંસાર. ૫૧૮
માનિની સમજી મન વિષે, સાચાં સરવ એંધાણ;
બાધું એશું બાકરી, થાય હસારથ હાણ. ૫૧૯

ચોપાઈ

ત્યારે વળતી બોલી સતી, મહારાજ સૂણો મહિપતિ;
ફેલ કર્યાંતાં તે જાણિયાં, મારા મનમાં પરમાણિયાં. ૫૨૦
જાણો સારીપેરે મને, રાયજી ફરી શું કહિયે તને;
કરવા દો મુજને મુજ કાજ, લોક દેખતાં રાખો લાજ. ૫૨૧
ઝાઝું ડહાપણ નવ કીજીએ, કેડો નારીનો નવ લિજીએ;
ઘેર ઘેર નારી છે એહ, તેમાં રાખશો માં સંદેહ. ૫૨૨
સર્વ સૃષ્ટમાં સઘળી નાર, અંતર આણો ના જ લગાર;
લાખે એક કોઇ નારી નરી, કોટીવાર શું કહિયે ફરી. ૫૨૩
મસ્તક મારે ચરણે ધરો, જગત દેખતાં મોટી કરો;
સહુ સરખી તે કયમ કહેવાય, રાજા કહે કયમ સંદેહ જાય. ૫૨૪
નારી કહે પ્રીછો તે પેર, જાઓ કુંચી કંદોયણ ઘેર;
ત્યાં જતાં સંદેહ ભાંગશો, કામ કરી પાગે લાગશો. ૫૨૫
રાએ તેનું માન્યું વરત, સ્ત્રીને બળવા દીધી તરત;
રાખ્યો તે નારીનો ભાર, વળ્યો રાય આપે દરબાર. ૫૨૬
રાખ્યો જશ સતી તે થઈ, મળી મેદની તે ઘેર ગઈ;
એમ કરતાં વિતી ગઈ રાત, રાયે વિચાર્યું હૃદયા સાથ. ૫૨૭
કુંચી કંદોયણ રહે જ્યાં, ગયો એકલો રાજા ત્યાં;
અદસ્યવિદ્યા આપે કરી, રહ્યો કુંચીના ઘરમાં ઠરી. ૫૨૮
કુંચીને મન અદકું જ્ઞાન, મહિપતને દીધાં બહૂ માન;
ધન્ય ભાગ્ય અમારું આજ, આવ્યા છો નરપત શા કાજ. ૫૨૯
અદષ્ટવિદ્યા મનમાં ધરે, તેથી અરથ એકે નવ સરે;
કપટકાજ આવ્યા છો તમો, તે સરવે જાણું છું અમો. ૫૩૦
રાજાએ બે જોડ્યા હાથ, બોલ્યો તે શ્યામાની સાથ;
મોટી વિદ્યા જે માહરી, તે કયમ દષ્ટ પડી તાહરી. ૫૩૧
પૃથ્વીમાં નવ પ્રીછે કોય, તે કારણ તુજમાં કયમ હોય;
કુંચી કહે જાણું હું પેર, જ્ઞાનદંડ છે મારે ઘેર. ૫૩૨
મજ આગળ ચાલે નહીં ચોર, ભૂત પ્રેત કરે નહીં જોર;
ઘડી એકમાં બાધે ફરું, કામ ચિંતવ્યાં કોડે કરું. ૫૩૩
આવ્યા છો મારે દરબાર, મોકલ્યા ધનવંતની નાર;
પ્રથમ નારી નરને નમી, તસ્કર સાથે રંગે રમી. ૫૩૪

પછે તેણિએ માર્યો પતિ, સવારે થવા ગઈ સતી;
કૌતક તે સધળાં તેં લહ્યાં, કામિની આગળ માંડી કહ્યાં. ૫૩૫
સરખી નારી સરવે કહી, ત્યાંથી ચાનક તમને થઈ;
તેણે પારખુ જોવા કાજ, મોકલ્યા છે મહિપત મહારાજ. ૫૩૬

દોહરા

ત્યારે વિક્રમ બોલિયેા, ખરી તમારી ખ્યાત;
આગળથી તમે ઓળખી, વીગતકેરી વાત. ૫૩૭
અદૃશ્ય વિદ્યા કેમ પારખી, કયમ દીઠેા મૂજ દેહ;
ગૌહત્યા તુજ શીર છે, ભાંગ મૂજ સંદેહ. ૫૩૮
કંદોયણુ તવ ઉચરી, કહું એક તુજને ગૂંજ;
તપાસું ત્રણુ લેાકને, એવી મારા સૂજ. ૫૩૯
પ્રતાપદંડ મુજ પાસ છે, જે દુર્લભ છે દેવ;
તેથી જાણુ જશ છે મને, સદા કરું છું સેવ. ૫૪૦
રાજા કહે તું છે ભલી, પ્રથમ સંદેહ ભાંજ;
સ્ત્રીઓ સરવે એક છે, તેની મોટી દાજ. ૫૪૧
દેખાડેા તે પારખું, માને મહારું મન;
સંદેહ ભાંગ્યેા મનતણેા, આવ્યેા આણે દંન. ૫૪૨
વચન સાત પરિયાતણું, આપેા મુજને હાથ;
દેખીને દાઝેા નહીં, તેા ઉચરું તમ સાથ. ૫૪૩
વચન દીધું ત્યાં વિક્રમે, કુંચી કરમાં આપ;
જો કોપે કેા ઉપરે, સ્ત્રીહત્યાદિક પાપ. ૫૪૪

ચોપાઈ

કુંચી કહે સાંભળરે રાય, કૌતક જો મમ મંદિર માંય;
ઘરમાં બેઠા ખાએ પાન, એટલે ત્યાં આવ્યેા પ્રધાન. ૫૪૫
ગુપ્ત મજુસમાં ઘાલ્યેા રાય, પ્રધાનને દીધેા પસાય;
આવેા બેસેા સુખે રહેા, કામ હેાય તેા મુજને કહેા. ૫૪૬
સાંભળ કુંચી મહારી વાત, આજ રાણિએ કરાવી વાત;
સ્ત્રીહત્યાદિક પાપા સમ, માટે મહેાલ જાઉં નહિ કયમ. ૫૪૭
મહિપતકેરા મહેાલજ જ્યાંહ, હવડાં મુજને મેાકલ ત્યાંહ;
વડી રાણી જે વિક્રમતણી, તે શું પ્રીત મારે છે ઘણી. ૫૪૮

જાવાનો નવ પામું લાગ, મનુષ્ય આગળ કેા નથી માગ;
મેાકલ્યાં તેડાં રાત જ સાત, મેળવવાની કરને વાત. ૫૪૯

દેાહરા

કહે કુંચી મજુસપર, આપ અસ્વારી થાએા;
કરેા પ્રહાર ત્રણ દંડના, સુખે મ્હેાલમાં જાએા. ૫૫૦
તાળું દીધું પેટિએ, પેાતે રાજા પાસ;
પ્રધાન બેઠેા ઉપરે, રાણી મળવા આશ. ૫૫૧

ચેાપાઈ

ઉડી મજુસ તે પ્રીતે કરી, જઈ રાણીને મહેાલે ચઢી;
મનસા સિધ દીધાં બહુ માન, આપ્યું બેસણું પૂરણ પાન. ૫૫૨
આજ તાપ હૈડાનેા ગયેા, સફલ જન્મ અમારેા થયેા;
દહાડી ઉડી જેતી વાટ, આજથકી ભાગ્યેા ઉચાટ. ૫૫૩
પ્રધાન રાણી પાસે રહ્યો, પ્રીતેથી પ્રભાત જ થયેા;
વનિતા કહે વહેલા આવજો, વધાઈ આગળથી કહાવજો. ૫૫૪
વજ્જર જઈ મજુસે ઠસ્યો, પ્રહાર દંડનેા ઉપર કસ્યો;
આવ્યેા પ્રધાન કુંચીને ઘેર, નિરખી રાજાએ સઉ પેર. ૫૫૫
વાટ જેશેા શ્રી વિક્રમ રાય, એવું કહીને થયેા વિદાય;
નિકળ્યેા નરપત ત્યાંથી તેહ, મંન તણેા ભાગ્યેા સંદેહ. ૫૫૬
સતવાદી તે સાંખી રહ્યો, પ્રતિઉત્તર કેાને નવ કહ્યો;
કુંચી કહે સાંભળરે રાજ, સફળ થયાં તારાં મનકાજ. ૫૫૭
પ્રતાપદંડ છે મારે ઘેર, તુજને આપું પ્રીતે પેર;
બીજા દંડ જિતે જેહને, પ્રતાપદંડ આપું તેહને. ૫૫૮
મૃત્યુ લેાકમાં શેાભા જેહ, પંચદંડમાં વશી છે તેહ;
મારે મન હતું એક વરત, તે મેં તમને આપ્યું તરત;
રાય દુઃખ દેહનાં વામિયેા, પંચદંડ પુણ્યે પામિયેા. ૫૫૯

દેાહરા

માન જ દીધાં મહિપતે, કહિ દમનીને વાત;
જિત્યેા જશ પૃથ્વીતણેા, વાધી છે જુગ ખ્યાત. ૫૬૦
વાગ્યાં નંજર જીતનાં, ભારે હુતી ભીંત;
કરી નાંખી તે કરકડા, આપે થયેા નચિંત. ૫૬૧

અખિલ રાજ તેણે કર્યું, અજિત રહ્યો નહિ કોય;
શક ચાલ્યો છે શાસ્ત્રમાં, જેતીક લખિયો જોય. ૫૬૨
પંચદંડ પરતાપથી, થયું ઇંદ્રને જાણ;
કરામત બાધા કલ્પની, પામ્યો એ પરમાણ. ૫૬૩
ઉણી એક નવ રહી, થયો ઇંદ્રવત તેહ;
માનવરૂપે મહિપતિ, થયો દેવરૂપ દેહ. ૫૬૪
દૈવત ઇંદ્રાસનતણું, ઇંદ્રતણું આસંન;
મન રીઝીને મોકલ્યું, ભૂપતને ભોવંન. ૫૬૫
અંતરિક્ષ વિમાન ઉતર્યું, શુભ સભા મધ્ય સાર;
પાછળ જડિત્ર પૂતળી, પૂરણ વિશ ને બાર. ૫૬૬
સાક્ષાત્કાર કંચનતણું, જડિત રત્ન અમૂલ;
વરતુલ આકાર તેહનો, જેવું કમળનું ફૂલ. ૫૬૭
ફરતું ગજ બતરીસનું, અતુલ્ય તેજ અપાર;
હાથ હાથ છેટે પુતળિ, શણગાર સહિત તે સાર. ૫૬૮
વાજાં તેના હાથમાં, વસ્ત્ર વિવેકે અંગ;
શોભા કોણ કહી શકે, રાજસ રુડો રંગ. ૫૬૯
પંચદંડ તેણે જડ્યા, પુંઠળ શોભા પત્ર;
સ્ફાટિક મણિ હીરે જડ્યું, શિર સોહાવ્યું છત્ર. ૫૭૦
મહા પુણ્યથી પામિયો, દેવને દુર્લભ જેહ;
સ્વર્ગપુરીથી ઉતર્યું, શુભ આસન તો તેહ. ૫૭૧
અધિપતિ આસન ભોગવ્યું, બેઠો એ આસંન;
પછે સ્વર્ગ રાજા ગયો, મહિપતિ મોટે મંન. ૫૭૨
શાલિવાહન શક કર્યો, સ્વર્ગ ગયો ભડ ભૂપ;
પૃથ્વીમાં આસન ઉતર્યું, જેનું રુડું રૂપ. ૫૭૩
કહે પૂતળી ભોજ સુણ, એવો થયો તે રાય;
તેવાં જે પરાક્રમ કરો, ધરો સિંહાસન પાય. ૫૭૪
વિક્રમ મહિમા સાંભળે, આણીને મન ભાવ;
વ્યાધિ શોક પીડે નહીં, સ્વપ્ને નાવે તાવ. ૫૭૫
હરસત કિરપા કરે, મહાકાળેશ્વર નાથ;
ગાય શિખે ને સાંભળે, નવનિધ ઉપર હાથ. ૫૭૬

પરમારથપર પ્રીતડી, સાહસીક ને શૂર;
દાતા જનને દિલ વસે, નિરગુણ જનને નૂર. ૫૭૭
ચરિત્ર એ ચિત્તમાં ધરે, કરે પુણ્ય મહા દાન;
આ લોકે સુખ ભોગવે, પરલોકે જશ માન. ૫૭૮
એવું કહીને પૂતળી, આપે ગઈ આકાશ;
એહ કથા પૂરણ થઈ, કહે કવિ સામળદાસ. ૫૭૯
શ્રોતા વક્તા સાંભળો, કહે કવિતા કરજોડ;
સામળભટ કહે બોલજો, જે જે શ્રી રણછોડ. ૫૮૦

પંચદંડની વાર્તા સંપૂર્ણ

અંગદવિષ્ટિ



ઝુલણા છંદ

આરાધું અન્નપૂરણા ચિંતા કર ચૂરણા, કરુણા કર તું ધણું કામ થાશે,
પૂજ્ય પરબ્રહ્મને ધારી એ ધરમને, કરમ ને શરમથી ઘર ધાસે;
ભંડાર અભરે ભરે સુખસાગર તરે, સકળ સંકટ હરે ગંગ ન્હાશે,
કહે કવિરાજ રાખે લખ લાજ, જે કોઈ બહુચરી ચરણ સ્હાશે. ૧
ધરમ ને અરથ ને કામ સફળ ફળે, મોક્ષ મહિમા મળે ધરમ ધામે,
સૂત્ર ને પુત્ર સપુત સુખસાગરે, દિવ્ય દાતાર ઠાર ઠામ ઠામે;
સત્ય ને શીળ સંતોષ શ્રીવંતસુખ, કોટિક જનમથી કીધ કામે,
કહત સામળ સન્મે તાપ વિવિધ તન્મે, રિદ્ધિ ને સિદ્ધિ શ્રી રામનામે. ૨

દુહા

શ્રીપતિ ગણપતિ સરસ્વતિ, કરણ કોટિધા કામ;
કહે કવિ સામળ કરજોડી, ચરિત્ર હૃદે ધરું રામ. ૩
રાજરાજેશ્વર રામજી, જગતપાવન જશરૂપ;
લંકાગઢ કોશીસ વડે, પોત્યા ભારે ભૂપ. ૪
સેતુપાજ બાંધી સબલ, ઉતરીયા ત્રઠ તીર;
દયાવંત દાતા નિધિ, શ્રી રાજસ રઘુવીર. ૫
રામ હૃદે વિચારિયું, પૂરણ આણી પ્રીત;
જુદ્ધ જોર થાએ નહીં, તો તો રુડી રીત. ૬
વિચાર્યું વિષ્ટિકારણે, નર કુણ નિર્ભે હોય;
એમ વિચારી આપથી, સેના સામું જોય. ૭

છપય

હનુમાન હઠીલો હોય, જોતાં રાડ જ માંડે,
હુંકારો નવ સહે તંન, મનથી રોષ ન છાંડે;
સુગ્રીવ સિંહાસન ઠામ, કામ કયમ એવું કહિયે,
નલ લીલ જાંબુવાન, ચિત્ત વિશ્વાસ ન લહિયે;
શૂરપૂર દૃઢ ધીર મહા, સાહસીક લાયક લહું;
માન સન્માન સુભટ સહિત, કયમ અંગદ પ્રત્યે કહું. ૮

દુહા

નિર્મળ નજર નિશ્ચળ કરી, ચાતુર નર ચિત ચહાય,
પ્રીછ્યો અંગદ પેર પ્રિય, પ્રીતે પ્રણમ્યો પાય. ૯
રાજ મુને શી આગન્યા, હુકમ ચડાવું શીશ;
વાત તમારા મનતણી, ધારી મેં જગદીશ. ૧૦

કાવ્ય છંદ

અંગદકું કહે રામ, કામ કરનેકું જાઓ;
રાવનસેં કર બાત, વિષ્ટિ કર ઐગે આઓ. ૧૧
જ્યૌં બાઢે નહિ ઐર, પેર ઐસી તુમ કીજે;
રાજ કરો ગઢલંક, સીત લછમનકું દીજે. ૧૨
તકસિર બકસિર તોય, કોય નહિ ઐર હમારે;
ઐસી કરલે આજ, ચિત્ત જ્યોં ચાહ તુમારે. ૧૩

છપ્પય

નતરુ ચઢે કપિરાજ, લાજ લોપે ગઢ ભેલે,
જહં સુખ સેજા ઠામ, ગામમેં બંદર ખેલે;
બંશ વિપ્રકા તંન, મનસુ રાઢ ન સાંધે,
નતરુ હર સબ જોર, ચોર કર પલમેં બાંધે;
પુનિ રાવનકું રીઝાવ લ્યેા, કહેા સીત દેવે સહી,
સામળ કહે ઐસી બાતમે, રોષ દોષ દેવે નહીં. ૧૪

દુહા

અં–કહે અંગદ કર જોરકે, નિર્ગુનસેા કહા નેહ;
કહા અગર ખર કાકકું, જૈસા ઉખર મેહ. ૧૫
રામ–સ્વભાવ યહ સત બાતકેા, અકલ બડીકેા અંક;
રામ કહે અપનેા પ્રીછે, બડા ન કાઢે બંક. ૧૬

છપ્પય

કહા કપૂતકું ધંન, મન કહા મૂરખ સંગા,
કહા કાકકું કનક, કહા ગર્દભકું ગંગા;
કહા ખરકું અગર, કહા નિર્ગુનસોં નેહા,
કહા સુત્તકી સેવ, કહા ગરુની બિન ગેહા;
પુનિ કહા બહેરેશું ગાન, કહા ચોરસોં ચાતરી;
કહા રાવનસું રીઝબન, જૈસા દેવ ઐસી પાતરી. ૧૭

દુહો

રામ–ઋક્ષરાક્ષસ એ ભૂપતિ, ખરી રત્નાકર ખાણ;
દશે શીશ રણ રોળતાં, હણતાં મોટી હાણ. ૧૮

છપય

અં–કહા મૂરખસેં મેલ, કહા કાયાબિન માયા,
કહા રંકસેં રુઠ, કહા સેના બિન રાયા;
કહા નપુંસકસેં નાર, અપંગસે કહા અટારી,
કહા દરિદ્રકું દામ, કહા પરસ્ત્રીસેં યારી;
પુનિ કહા કુદસકા કૂટનો, કહા ધડિતસોં પારસી,
કહા રાવનકા રીઝબન, જ્યોં અંધે આગે આરસી. ૧૯

દુહો

રામ–ઈશ શિષ્ય દશકંધ એ, રિધ સિધ રુડે રાજ;
સીતા દે તો સોંતિએ, ક્રોધ કરું કુણ કાજ. ૨૦

છપય

અં–કહા લંડકું લાજ, કહા ચાડીમેં ચાતર,
કહા ભીખમે ભોગ, કહા જલબિન જ્યે જાતર;
કહા જૂઠેકી જીત, કહા ગોવિંદબિન ગાનો,
કહા ડાપણ દારિદ્ર, કહા સતબિને જ્યુ શાનો;
પુનિ કહા મરકટ કંઠે મનિ, જુહારી ઘર ઘોડલા,
કહા રાવનકું રીઝબન, જ્યોં બાવરીકે શિર ઓડલા. ૨૧

દુહો

રામ–ગુન કેડે અવગુણ કરે, એ પાપીકી પ્રીત;
અવગુણ કેડે ગુણ કરે, તે જ રુડાની રીત. ૨૨

છપય

અં–કહા ખલકે સંગ ખ્યાલ, કહા કુશિષ્યકું બિદ્યા;
કહા બિપ્રસો ભેદ, કહા નિર્મલકી નિંદા;
કહા ભેદસો ભેદ, કહા નિર્ગુનસો નેહા,
કહા ભેરી બિસવાસ, કહા બિન રતકા મેહા;
પુનિ કહા કીરત કહો સુમકી, રામનામ બિન બોલવો,
રાવનકું કહા રીઝબન, જ્યોં કૌવચકા ફોલવો. ૨૩

દુહા

રામ–સો બાતનકી બાત યે, મોકું સુખ મીલાએો;
તો અંગદ તુમ લંકમેં, બિષ્ટિ કરને જાએો. ૨૪
રામ કહે અંગદ સુનો, વિષ્ટિ કરને જાએો;
રાવનસોં બાતાં કરો, મિલ સીતા ફિર આએો. ૨૫
રાવનસેં ઇતનો કહો, સીતા દે ગૂમાર;
નતરુ હમસેં જુધ કરો, ઘડી મેં લ્યાએો બાર. ૨૬

ઝુલણા છંદ

અં–આજ મહારાજ કરુણા કરો તો કહું, પ્રીતશું દીજીએ પાણ જોડું,
ગડગડે નાદ નિશાણ નિર્ઘોષના, તે તણા ટેક જઈ તર્ત તોડું;
કોડશું જોડ બેરા દશાનનતણા, કોટિ બાણતણાં માન મોડું,
દુષ્ટની સેવથી દેવ મૂકાવીને, ગ્રહ છય ત્રણુતણા બંધ છોડું. ૨૭

સોરઠા

રામ–રામ કહે સુન ખીર, ધીર બડે જ્યોં હારીએ;
જોલોં મરે ગુડ ખીર, તોલોં વિષ ન મારીએ. ૨૮
અં–કહો લ્યાઉં દશ શીશ, બાંધી લ્યાઉં સબ ધીરસું;
કહો તોડું ,ગઢ બંક, નાખું લંક સબ નીરસું. ૨૯
રામ–સુન અંગ કહે રામ, કહો વચન જો તુમ ઘટે;
અબ તો એહીં કામ, બિષ્ટિ કરવે બાતસું. ૩૦

ઝુલણા છંદ

અં–કથન અંગદ કહે શીશ નામી પ્રભુ, કોડ મુજને અતિ હોડ હાસું,
આગન્યા હોય તો જાઉં ઓ ગામમાં, નામ પ્રતાપથી નહિજ નાસું;
શીશ દશ છેદીને વીશ ભુજ ભેદિને, દુર્ગ પાડી કરું ક્ષેત્ર ખાસું,
રાવણો રંક રજ ચરણ પ્રતાપથી, લંક ઉદવસ્ત કરી હરણ વાસું ! ૩૧

દુહો

રામ–કરુનાનિધ કહે કા કહું, અંગદ જો સુન આજ;
વચન ન માને બાવરો, કરવો ઈસ બિધ કાજ. ૩૨

કવિત

અં–કહો તો બલવંત બાનું, કોડકું મેં બાંધ લ્યાઉં,
કહો તો આકાશમેં, ઉડાઉં છેક છેકમેં;

કહેા તેા સાઠ લાખ, કામનિકે કેશ ગ્રહું,
કહેા તેા નગર ઝબર, નિર્બંશ કરું નેકમેં;
કહેા તેા દશકંધકે, દશકંધકું નકંદ કરું,
કહેા તેા કર બીસકે, ચાળીસ કરું ટેકમેં;
કહેા તેા લંક અંક ભરી, નાખું હેા નિસંક નીર;
પાઉં હુકમ લાઉં સીત, આઉં ઘડી એકમેં. ૩૩

દુહેા

રામ–ડાપણુ છે દશ કેાટિધા, અંગદ તુજમાં એન;
એ વિદ્યાએ વિષ્ટિ કરેા, ચિત્ત ચતુરાઇ ચ્હેન. ૩૪

સેારઠેા

અં–અંગદ કહે મહારાજ, ક્ષમા કરેા મેાયે બંકકું;
બિશ્વપતિકેા બચન, કા કહું રાવન રંકકું. ૩૫

દુહેા

રામ–બેર બેર મેં કા કહું, અંગદ તુજસેં આપ;
ગુન્હેા તકસિર દશકંધકેા, મેલ કરેા તુમ માફ. ૩૬

ઝુલણા છંદ

અં–ઘેાડલા જેડલા ટેાડલા એહના, પેાળિયા પેાળ પરચંડ પાળ,
મેડિયાં ડેરિયાં માળિયાં જાળિયાં, રાવણા કેરલા રખવાળ;
રેાળિયે ઢેાળિયે નીરમાં બેાળિયે, ચેાળિયે એહના ચિત્ત ચાળા,
પ્રતાપ એ નામનેા હુકમ હેાય રામનેા, લંકબાળી કરું સ્તંભકાળા. ૩૭

દુહેા

રામ–લંક બાળવી નવ પડે, રૈયત નવ લૂંટાય;
શત ગાયેાનાં શિંગડાં, તેથી ટાઢાં થાય. ૩૮

છપય

અં–કહેા તેા ઉદયાચળ ઇંદ્ર, સહિત અસ્તાચળ એાપું,
કહેા તેા મેરું મંડાણુ, રીત પ્રાચીદિશ રેાપું;
કહેા તેા ભૂ બ્રહ્માંડ, તેાલ તરતીએ તેાળું,
કહેા તેા લંક પરલંક, બહુ જલનિધમાં બેાળું;
રજ માત્ર સેવક હું રામનેા, કયમ જાઉં કાસદ કારણે;
સિંહની વાત શિયાળવાં ધરે, અને ન બહુ સ્તુત બારણે. ૩૯

રામ–સાબાશ કહે શ્રી રામ, અંગદ પંચાયન પૂરો,
વીરાધિવીર દૃઢ ધીર, પૂર સામદ શુભ શૂરો;
બુદ્ધિનિધાન બત્રીશ, બાબત બેાતેરી બૂઝે,
સેાળકળા સંપૂર્ણ, શાસ્ત્રગત સઘળી સૂઝે;
ડહાપણ તત્ત્વ ત્રિલેાકનું, કેાડવાર શું કહું કથી,
સકળ સૈન્ય મેં નિરખ્યું, નર બીજો નિર્ભય નથી. ૪૦

અં–મહારાજ રાજઅધિરાજ, તનુ તનુ સેવક તારેા,
વાંક ગુન્હેા તકસીર, ક્ષમા કરેાજી મારેા;
એક કરું છું અર્જ, રીસ ન કરેા તેા બેાલું,
કિંકરનેા કિંકર કહેણ, પ્રીત પટંતર બેાલું;
કેાને સેાંપેા છેા મેારચા, શૂર સામદ ગુણ સૃષ્ટિએ,
કયમ મુજને સેાંપ્યું કાસદું, જે વાત વિખણેા વિષ્ટિએ. ૪૧

દુહેા

રામ–પદ્મ અઢાર પ્લવંગમાં, બહુ રીછ બેાતેર કેાડ;
વિષ્ટિ કામ સુત વાલિ વિણ, જડે ન બીજી જેાડ. ૪૨

સવૈયેા

અંગદ–હુકમ હેાય હજુરી કેરેા, સેાપી નાંખુ બાધેા સાયર,
હુકમ હેાય હજુરી કેરેા, મહા કામ કરવા છું માયર;
હુકમ હેાય હજુરી કેરેા, જુદ્ધે જોર કરું ત્યાં જાહર,
કાસદ કામ સેાંપ્યું કયમ મુજને, છેક મુને કેમ કીધેા કાયર. ૪૩

દુહેા

રામ–કાયર તુજને કયમ કહું, સાયર શુર સરદાર;
જાહર છેા મહા જોદ્ધમાં અપરંપાર અપાર. ૪૪

સવૈયેા

અં–અંગદ કહે આજ્ઞા દેા મુજને, જોરે જુદ્ધ કરું ત્યાં ઝાઝું,
હાથી ભાથી સાથી એના, દેખી દિલ મારામાં દાઝું;
મંત્ર રામનેા મુખ છે મારે, ભડતાં ભૂપતથી નહિ ભાજું,
નીચ કામ કાસદનું કરવા, લંકામાં જાતાં હું લાજું. ૪૫

દુહેા

રામ–કાસદ કામ એ તેા નહિ, એ મેાટમ પદ મેર;
લંકપત શું છત દાખવે, તે સવાયેા શેર. ૪૬

ઝુલણા છંદ

અં–કેાતેા ગઢ લંકના સહસ્ત્ર કટકા કરું, ઢંઢેાળિને કરું ધૂળધાણી,
કેાતેા હું સાત સાગરજળ સેાષિને, આળપંપાળ કરું પૂરપાણી;
કેાતેા રાક્ષસ બધા રેાળી નાખું વળી, જો વદેા વદન મહારાજ વાણી,
કેાતેા દશકંધનું દેહવટ વાળિને. રેાવરાવું બધી રાવરાણી. ૪૭

સવૈયા

રામ–રામ કહે સાંભળરે અંગદ, પર્મબુદ્ધિ હમણાં તેા ધારેા,
કહ્યું કરશે નહીં એ હંકારી, ભારે સર્પતણેા છે ભારેા;
સાગટિ નામે માર કહું નહિ, મેાટા વાંક ન કાઢે મારેા,
પાપી પ્હેલ કાઢે આગળથી, પૂઠે રાજ તમારેા વારેા. ૪૮
અં–કેાતેા બાંધી સાહું બળવંતેા, લંકાપતિ લંકાથી લાવું,
કેાતેા અશેાક વાડીને સેાપું, કાયર નામ કયમે નહિ કહાવું;
કેાતેા પુત્ર એના પરજાળું, જરુરપણે નવ પામે જાવું,
હુકમ દિયેા સામળના સ્વામી, એક ઘડીમાં શરણે આવું. ૪૯
રામ–બ્રહ્મરાક્ષસ એ ભૂપત ભુંડેા, સંધારવા ન પડે તેા સારું,
લૂંટાય નહિ લંકાની લક્ષ્મી, ધર્મબુદ્ધિ તે માટે ધારું;
ઇંદ્રજીત સરખું રત્ન રેાળાશે, માટે મન માને નહિ મારું,
વિષ્ટિ કરે માને નહિ મૂરખ, કામ પડશેજી તારું. ૫૦
અં–વિષ્ટિ કામ કરવું તે શાને, કરગરિ બેાલ શા માટે કહિયે,
નગર બ્રહ્મર કરવું નિરવંશી, શત્રુવચન શા માટે સહિયે;
સુત પરિવાર સંધારુ એના, હવે રાજ બેશી કયમ રહિયે,
લક્ષવસા સીતા અહીં લાવું, જરુરપણે અયેાધ્યા જઇયે. ૫૧
રામ–અદિકા બેાલ કહેા છેા અંગદ, શૂરપણું જાણે છે સૃષ્ટિ,
મારું મન તેથી નવ માને, રાડથકી નવ થઇએ રષ્ટિ;
શિવસેવકને માર્યા ઉપર, નથી ચાલતી મારી દૃષ્ટિ,
મુજને સુખ ઉપજાવેા અંગદ, વિવેકવાત કરેા ત્યાં વિષ્ટિ. ૫૨
અં–રાજ તમારે મુખ કયમ બેાલું, જાણે હુકમ થયેા તે જવાયું,
ગુણહીણેા દેશે મુખ ગાળેા, ભાંડ બેાલશે એહ ભવાયું;
શત્રુવચન કયમ સાંખી રહિશું, તેહ દુઃખે મુજ તંન સવાયું,
સામળ સ્વામી કહેા તે કહિયે, લક્ષવસા એ વચન સવાયું. ૫૩

છપ્પા

રામ–સામદ શૂર સાબાશ, વખાણુ કરું શાં વાતે,
હેતે મૂક્યો શિર હાથ, રીઝયકી રઘુનાથે;
મમત ન મૂકશો માન, નૃપતિને ન કરો નમણાં,
ગુણહીણો દે ગાળ, બોલ કહેજો ત્યાં બમણા;
વળિ સામ દામ ભેદે કરી, વિષ્ટિ વધારી વાધજો,
મૂરખનું મન માને નહીં, શૂરપણું ત્યાં સાધજો. ૫૪
અંગદ હરખ્યો મન, હવે મન માન્યું મારું,
ગમતી કરશું ગોઠ, ધીયમાં જેતી ધારું;
સવાયે દોઢ શત સહસ્ત્ર, વાદ કરંતાં વાધે,
રઢિયાળો રાવણ રાય, શત્રુવટ શોભિત સાધે;
પછે પરાક્રમથી પ્રાજે કરું, અંગદે વિચાર્યું અંકમાં,
સામળ કહે સેવક રામનો, જઈ લૂટ પડાવું લંકમાં. ૫૫

કવિત

બચન ચઢાયો શીશ, ધાયો મહા ધીરધીશ,
દીસ ઘડી ચાર ચઢે, ગયો ગુન ગાય કે;
લંક સો અતિ અનૂપ, દેખતહી રીઝયો ભૂપ,
કૂપ બાગ ફુલ ફલ, ચેત્યો ચિત્ત ચહાયકે;
મહીપત મહેલ આગે, જોર ચેલ બેલ દેખ,
પહેલ પ્રતિહાર કાઢે, વજ્ર કર સહાયકે;
બિકટ બાટ ટેઢી ડેઢી, પર સાત માલ મેડી,
ગેડી લીયે રહ્યો ઉભો, અંગદ જ્યોં આયકે. ૫૬

છપ્પા

સરોવર સમુદ્રાકાર, પંકજ સહસ્ત્ર ખીલે,
સ્ફાટિક મણિની પાળ, ગોપ ગુણવંતા ઝીલે;
કસ્તુરી બહેક બરાસ, વેર્યાં કેસર બહુ વાટે,
હીરા જડિત ઘણી ઘેડ, ઘુમર ઘણી ઘાટે ઘાટે;
ઇંદ્રપૂરીની ઉપમા, કહેતાં વિમાસણ કરે કવિ,
લંકલીલા લખ કોટિધા, નિરખે અંગદ નવનવી. ૫૭
નક્ષત્ર સરખી નાર, ઝવેરની જ્યોતો સરખી,
ચંપકવરણાં ચીર, પદ્મિની પૂરણ પરખી;

કનક મણિમય કુંભ, પ્રેમદા પરવરી પાણી,
આભૂષણ ઉપમાય, ઇંદ્રકેરી ઇંદ્રાણી;
એ લખ જિહ્વાએ કવિ કહે, ભાટ ભાત ન શકે ભણી,
સામળ કહે હું કેમ કહિ શકું, લીલા લહર લંકાતણી. ૫૮

દુહા

ચાલ્યો અંગદ ચોંપથી, મુખ જપતો શ્રી રામ;
પોતે આવ્યો પાંસરો, જ્યાં રાવણનું ધામ. ૫૯
રિદ્ધ ઉપમા રાવણતણી, કેમ કહે કવિરાજ;
મહિપત મહેલ મઘવા સમાં, લંક દેશકે લાજ. ૬૦
અતિહાર બેઠો પોળપર, બોલ્યો મુખથી વાણ;
કહાં જાયરે વાંદરા, મૂરખ મહા અજાણ. ૬૧

છપ્પા

જળહળ જ્યોત ઉદ્યોત, મણિ જળહળતા જડિયા,
ચિંતામણિ ભરભીત, નવે ગ્રહ આવી અડિયા;
ચરવાળા પર પોળ, સ્ફાટિક સ્તંભ ઠર્યા છે,
ચુડામણિ ચોપાસ, કનક કોઠાર કર્યા છે;
અષ્ટમાસિદ્ધિ નવનિધિ રિધિ, મહાલક્ષિમ વાસે વસી,
શિવની આપી સમૃદ્ધિ જ્યાં, ત્યાં ઉપમા કરવી કશી. ૬૨
ઓળગ કરે જ્યાં ઇંદ્ર, ચંદ્ર જ્યાં છત્ર ધરે છે,
દિવાકર કર દીપ, વરુણ જ્યાં નીર ભરે છે;
ચાર વદનથી વેદ, બ્રહ્માજી પાઠ ભણે છે,
ઘલહલ તજી ધર્મરાય, ગાનગુણ એહ ગણે છે;
રત્ન આણ રતનાવળી, કલ્પદ્રુમ મોટાં મણી,
રિદ્ધિ ઘણી રાવણ ઘરે, અલખત ઇંદ્રાસનતણી. ૬૩
સાત સોનેરી કોટ, અધિક એક જોજન ઉંચા,
પાંચસે પાંસઠ પોળ, ઓળ ખરા જ્યાં ખુંચા;
દરવાજા દશ વીશ, બસેં બાસઠ છે બારી,
ત્યાં બેઠા બળવંત, ધીર નર ધનુષો ધારી;
વણ આજ્ઞાએ વિચરે નહીં, વાયુ સરખો પણ જિહાં,
એ અતિબળ અંગદ અધિક, પલક એક પહોંચ્યો તિહાં. ૬૪

સત્તર સહસ્ત્ર સંગીત, વિવિધ પેર વાજાં વાજે,
ધંટ ધડિયાળાં ઘોર, ઘણાં નિશાન જ ગાજે;
નવ લખ નવે હજાર, નવિન નૃત્ય કિન્નર નાચે,
નાટક ચેટક નવરંગ, રાય દેખી મન રાચે;
વળી દેવદુંદુભિ ગડગડે, શોભા સુરનાયકતણી,
બાણું ક્રોડ સામદ સહિત, લાયક બેઠો લંકાધણી. ૬૫

પુખરાજ પ્રવાળાં પાટ, ઝવેરની જ્યોતે જડિયાં,
ચોરાશી જોજન ચોક, મહેલ મણિમાણુક મઢિયાં;
જોજન સોલ સભાય, સિંહાસન શોભા સોહિયે,
મઘવાથી બહુ માન, મહેલ દેખી મન મોહિયે;
વૈમાન દેવ વૈકુંઠનાં, શિવ આપી સમૃદ્ધિ ઘણી,
બહો સમૃદ્ધ વિધ બારણે, લાયક બેઠો લંકાધણી. ૬૬

સહસ્ત્ર ક્ષોણી સૈન્ય, શોભે રાવણની સાથે,
મંદરાચળ મંડાણ, હેતે ધરે એક હાથે;
સાઠ લાખ સરદાર, પ્રેમદા પ્રીતે પરણી,
અણવરી અંશી લાખ, વિવિધ રૂપાળી વરણી;
છે સાત લાખ સીત્તેર સૂત, ઇંદ્રજિત આદે અતિ,
અનમી અહંકારી અંશપ્રત, રાવણ મોટો મહિપતિ. ૬૭

એક છત્ર ધર રાજ, પ્રતાપ પામ્યો તે પ્રોઢે,
દેવ દાનવ નર નાગ, કિંકરો સહુ કર જોડે;
દશ મસ્તક ભુજ વીશ, ઈશ વરદાન જ દીધું,
ચૌદ ચોકડી રાજ, કબુલ એ કર્મે કીધું;
કોઈ થયો નથી થાશે નહીં, બળવંત રાવણ સારખો,
રામ વણ કોઈ જિતે નહીં, પંડિતં રુડે પારખ્યો. ૬૮

પાંચ લાખ પરધાન, પાંચ અયુતો પાગેરી,
છે દશ લાખ દિવાન, વીશ હજાર વજીરી;
સામદ સોલ હજાર, લાખ બહોતેરે રાજા,
મંડળિક છન્નું લાખ, મુગટધર જોદ્ધા ઝાઝા;
બાણું કરોડ બેઠા રહે, આઠ જામ હરનિશ જિહાં,
સામળ કહે અંગદમળ અધિક, પલક એકે પહોંત્યો તિહાં. ૬૯

દુહો.

પ્રતિહાર અચરજ પામિયો, લેખી લહર લંગૂર;
રહે રહે ઉભો વનચરા, સામદ બોલ્યો શૂર. ૭૦

છપ્પો.

પ્રતિ–પેશી ન શકે પવન, ભવન ઉભો રહે ઇંદર,
સુર સહુ સેવા કાજ, ચાકરીમાં રહે ચંદર;
સ્વર્ગ મૃત્યુ પાતાળ, આણ અવનીમાં જેની,
ઇશ સરીખા ધીશ, રહે આજ્ઞામાં એની;
તું પશુ પોળે કયમ પરવરે, હજુ લગણ ધીરજ ધરું,
જારે જ્યાંથી આવ્યો તિહાં, નહિતર કોટી કટકા કરું. ૭૧

દુહો.

અણસમજ્યો આગું ચલે, દેખત ઘોળે દીશ;
મારું મુદ્ગર જોરથી, તોડિશ, તારું શીશ. ૭૨

ઝુલણા છંદ

અં–કહે અંગદ પ્રતિહાર સુણ પુરતણા, રાત દહાડો બેઠો દેહ દાખે,
બોળખે નહિ અલ્યા મૂઢ મૂરખ મને, ભાર બોવા ભલો ભૂર ભાખે;
હાથ દીઠા નથી હોંસશું માહરા, ચોરટા દેહનો સ્વાદ ચાખે,
સત્ય કહેરે અલ્યા કેમ બેઠો અહીં, કોતણાં ઝુંપડાં રીઝી રાખે. ૭૩

દુહો.

પ્ર–એ મંદિર રાવણતણાં, હીરા કનક જડાવ;
તું જાવા સમરથ નહીં, બહાર રહી તું કહાવ. ૭૪
અં–પ્રતિહાર કહે પોકારીને, કેવી તારી લંક;
રાવણની સમૃદ્ધિ કહે, રાવણ રાય કે રંક. ૭૫

ઝુલણા છંદ

પ્ર–લંક શોભા તે લંગૂર તું શું લહે, ચિંતામણિ ચંદ્ર ચોપાસ ચળકે,
ઇંદ્રજિત ઉપમા પૂછ તું ઇંદ્રને, શૂરપણું સાંભળી શેષ સળકે;
દશકંધ ડરથી દિગ્પાળ ડોલે દશે, ક્રોડ પચાસ પ્રતિ પ્રાણ પલકે,
પોળિયો કહે પશુ પેર પ્રીછે નહીં, કુંભકર્ણ દેખી તુજ કુંભ ઢળકે. ૭૬
અં–લંકલીલા લંગૂર લખ લૂટશે, મેલ મૂરખ મન માન મટકાં,
ઇંદ્રજિત ઉપમા પુણ્ય પરવારિયું, ચાર દિવસતણાં ચોળ ચટકાં;

દશકંધશીશ દશરથસુત છેદશે, લૂંટિ લેશે તાહારાં લાખ લટકાં,
રામ પરતાપથી કામ એ તો કરું, કુંભકરણતણા કોડ કટકાં. ૭૭
પ્ર–લાજ ને કાજ લોપે કયમ માહરી, જાહરી જોખમાં કેમ જાઉં,
કેમ જાય દોઢિયે માનશું મેડિયે, મારશું ગેંડિયે પૂછ સાહું;
પ્રાજે કરું પિંડ આકાશ ઉડાડિશ હું, ચંચળપણું તારું ચિત્ત ચહાઉં,
પ્રતિહાર કે પશુતણી ગાળ કયમ સાંખું હું, લંકપતિનું અમો લૂણ ખાઉં. ૭૮
અં–કપિવર કોપિયો લાજ લખ લોપિયો, ઓપિયો આપથી ક્રોધ કૂડી,
રણજંગ રોપિયો ચોદિશ ચોંપિયો, ભમર ચઢાવિયાં દૃષ્ટિ ભુંડી;
શેલશું ખેલશું રેલસું નગરમાં, કેમ બાધામાં તે દાખું દુંડી,
તારે મન અલ્યા લંકપતિ છત્રપતિ, મારે મન લંકપતિ એક લુંડી. ૭૯

દુહા

છત્રપતિ તો એક છે, રિદ્ધિપતિ રઘુનાથ;
એમ કહી પ્રતિહારનો, હોડે સહાયો હાથ. ૮૦
પ્ર–વણ આજ્ઞાએ વાંદરા, પાગ ધરે પુરમાંય;
કાયા કોડ કટકા કરું, રહે રહે ઉભો ત્યાંય. ૮૧
અં–અંગદ હસીને બોલિયો, રાવણ છે બહુ દૂર;
જાવાને અટકાવ કયમ, દશકંધની હજૂર. ૮૨
પ્ર–વડો મૂરખ તું વાંદરા, વડિ વડિ કરે શું વાત;
પોળ બીજીએ પાઠવું, દિન ઉભો રહે સાત. ૮૩
એવી પોળો સાત છે, દિન ઉભોરે પચાશ;
અરજ સુણે જો રાયજી, મનની પહોંચે આશ. ૮૪
કહાં મળવા તું આવિયો, શું લાવ્યો છે ભેટ;
શું આપે છે મૂજને, વાત પહોંચાડું ઠેઠ. ૮૫
અંગદે મન વિચારિયું, મળવા ન દે આ દિશ;
કોપ કરીને કર ગ્રહ્યો, પ્રતિહાર ચઢી રીશ. ૮૬

છપ્પો

પોકારી પ્રતિહાર, ધીર ઉપર તે ધાયો,
દીધી ગાળ દશ વીશ, પૂછ શત્રુનો સહાયો;
અંગદપર એક પ્રહાર, કોપ કરીને કીધો,
કયમ લોપે મુજ લાજ, દાવ દોષીએ દીધો;

પછિ અંગદ બીજ્યો અંગમાં, ઘાટ પ્રથમ એના ઘડું,
સામળ કહે સેવક રામનો, નરપતિને વળતે નડું. ૮૭

કાવત

પ્રતિહારે દીધી ગાળ, અંગદને ઉઠી ઝાળ,
ઉઠ્યો ત્યાંથી તતકાળ, દાવે દાંત કરડીને;
બે ચારેક ભરી ફાળ, કૃતાંત સરીખો કાળ,
અધિક કરંતો આળ, ધણી રીસ ધરડીને;
સવાયો ધવાયો વાળ, ભલેરું તિલક ભાળ,
બુદ્ધિનિધિતણો બાળ, બાઝ્યો વપુ વરડીને;
પકડ્યો ત્યાં પ્રતિહાર, મહોકમ દીધો માર,
કહ્યું કે શી વાર? લીધાં પાંચે શીર મરડીને. ૮૮

દુહો

દુસરી ખિડકી સંચર્યો, બીહીક નહીં કછુ મંન;
વે પાંચુકી તુલ હને, યે બાનરકા તંન. ૮૯

કવિત

અડાવીને દીધી દોટ, ચાતુરીથી કીધી ચોટ,
કર્યો લોટપોટ સહુ, ધીરપણે ધાઇને;
મસ્તકની માણી મોટ, કુદ્યિો કનક કોટ,
અધિક જોરની ઓટ, ચઢ્યો ચિત્ત ચાહીને;
હલાવતો હાથ હોઠ, પૂછતો પ્રહાર પોટ,
ઘણા ગુણતણો ગોટ, ગયો ગુણ ગાઇને:
બેઠો જિહાં લંકાધીશ, હૃદેમાંહે રાખી રીશ,
પાંતરીશ શીશ ઉભો, સભામાંહે સાહીને. ૯૦

ઝુલણા છંદ

ચતુર નર ચાલિયો, મન સમો માલિયો, પાળિયો બોલ અધિક અશું,
નગર શુભ નરખતો, હૃદયમાં હરખતો, વરખતો જેહરનો વરખવેશું;
દશકંધશું ડોલશું, બહુ વિધ બોલશું, બોલશે લંડ તો દંડ દેશું,
શૂરવીરપણું સાધશું, વિષ્ટિયે વાધશું, રામની પાસથી લાણ લેશું. ૯૧

છપ્પા

હાલક હુલક ત્રાસ, પડ્યો ડોઢી ને ડેઢી,
બૂંબારવ ચોપાસ, વિકટ વાટે જ્યાં ઢેડી:

પ્રાજે કીધા પ્રતિહાર, દ્વાર ઉઘાડી ધાયેા,
પાંત્રીશ શીશ કરમાંય, અતિ અહંકારી આયેા;
તે જોદ્ધા સહુ જોઈ રહ્યા, કર ઊંચેા કેા નવ થયેા,
સામળ કહે સેવક રામનેા, તે ધાહડ મલ ઘરમાં ગયેા. ૯૨
ધાયેા અંગદ ધીર, નીર ઉતાર્યાં નરનાં,
દેવટ કીધેા દરબાર, વખાણુ શાં કહું વાનરનાં;
પુરમાં પડ્યેા પુકાર, છે કે હિમ્મત છુટાણી,
વાયે ચાલી વાત, લંક બાધી લુંટાણી;
ત્યાં ખલક બાધિ ખળભળી, નાસવા લાગી નારિયેા,
કેાઈ ઉંચી ચઢે અટારિયે, બંધ કરે કેાઈ બારિયેા. ૯૩
લપેટી વાટે લાખ, ઝપેટી કીધેા જોયેા,
અટપટી કરતેા આળ, ટેક દેખાડ્યેા તોરેા;
કરતેા હૂકાહૂક, ઊડતેા એ આકાશે,
કુદતેા કરતેા પ્રહાર, વખાણુ ધણેરાં વાસે;
પ્રતિહારને મારી પરવર્યો, ધાટ ધણા જણનેા ધડ્યેા,
પછી રાવ થઈ ત્યાં રાવલે, રાવણ પણ રેાષે ચઢ્યેા. ૯૪
ગઢલંકા ઘેર ઘેર, વાત વાયુવત વાધી,
ચઢ્યું રામનું સૈન, લંક લૂંટાણી બાધી;
કહે માયા કુભકર્ણ, કહે રાવણ રણ રેાળ્યેા,
કહે ઈંદ્રજિત અજિત, તે ચાંચડવત ચેાળ્યેા;
ગુલબાન ઘણું ગલિ કુંચિએ, લાખ કરેાડ લેાકે લહ્યેા,
કહે રુઠ્યેા રામ રાવણપરે, ઉલ્કાપાત એવેા થયેા. ૯૫
દેશ બધે ડમડેાલ, થયેા લંકા ગુણ ગામે,
લૂટ્યા મહીપના મહેલ, કીધી અસ્વારી રામે;
માથે લીધી મેાટ, રૈયત નાઠી દશ દેશે,
બહાંયે લીધાં બાળ, કામિની છૂટે કેશે;
કહે ફટ ફટરે તું રાવણા, સતિ સીતા શાને હરી,
સામળનેા સ્વામી કેાપિયેા, કનકલંક લેાહની કરી. ૯૬
થયું રાવણને જાણ, દેશમાં દુંડી વાહી,
પ્રતાપવંત પ્રધાન, ચઢ્યેા ચેાખુંટે ચાહી;

દીધિ રૈયતને ધીર, વીર હંકાર્યા વાટે,
જોરાળા મહા જોદ્ધ, મૂકયા બહુ ઘાટે ઘાટે;
તાપ લાગ્યો સહુ તરફડ્યા, ધૈર્ય ક્રોધનું નવ રહ્યું,
સામળ કહે સેવક રામનો, અંગદ જાતાં એટલું થયું. ૯૭

પ્રતિહાર પરાક્રમી પાંચ, પ્રાજે ક્રીધા પળ પાંચે,
બીજા તેથી બળવંત, અંગદે લીધા આંચે;
સાત પાંચ પાંત્રીશ, શીશ કરમાં શોભંતો,
રામ રામ કરતો માગ, લાજ સહુની લોપંતો;
હલકા હોલ હલહલ થયો, ડર નવ આણ્યો દશકંધનો,
વાળ વાંકો નવ થયો વાલિસૂત, બંધન છોડાવ્યો બંધનો. ૯૮

પાંત્રીશ હણી પ્રતિહાર, શીશ ગ્રહ્યાં છે હાથે,
જોરાળા વડ જોદ્ધ, બહુ વળગ્યા છે બાથે;
હનુમંત થકી હજાર, ઘણો જોરાવર જાતે,
આવ્યો સભામાં શૂર, પ્રાજે કરતો પ્રભાતે;
કલ્પાંત ક્રોલાહલ કૂદતો, ક્રોદ્ધ એનો શું કહું કથી,
ક્રોધને ગણતીમાં નવ ગણે, નિમિષ માત્ર નમતો નથી. ૯૯

પુરમાં પડ્યો પુકાર, ઢોલ ઢમકાવ્યા ધીરે,
બહુ બણગાં રણતૂર, વિપરીત વજડાવ્યાં વીરે;
ભારે ફૂંકી ભેર, ભુંભારવ ભૂમ પડાવી,
દરવાજે દીવાન, ચોપગે નાળ ચઢાવી;
વળી હલહલ કરી હજુરિયે, હલકારો હિત હામનો,
મહારાજ રાજ સુણ મહિપતિ, ક્રોઈ સેવક આવ્યો રામનો. ૧૦૦

દુહા

વાત ગઈ બહુ વેગથી, રાવણ રાય હજુર;
પ્રતિહાર પાંત્રીશ મારિને, આવ્યો વાંદર શૂર. ૧૦૧
અધિપતે મન વિચારિયું, આવ્યો એ હનુમાન;
કનકપુરી ઘડી એકમાં, બાળી ક્રીધું નામ. ૧૦૨
મનમાંહે વિચારીને, ક્રીધી વિપરિત વાત;
ઉછળ્યો સિંહાસનથકી, ઘડવા તેનો ઘાટ. ૧૦૩

સભા મધ્ય બંધન કરી, કોટ રચ્યો તે દીશ;
નીચો થઇને આવશે, નમાવશે પછી શીશ. ૧૦૪
અંગદ જ્યાં આગળ ગયો, ખિંડકી જોઈ દૃષ્ટ;
રામ અરિને શું નમું ? મનમાં પામ્યો કષ્ટ. ૧૦૫
ક્રોધ કરીને કુદિયો, કરી જોર અપાર;
કોટ ઓળંગી હુલકિયો, ગયો સભાને ઠાર. ૧૦૬
આભ અવનિ એકત્ર કરી, કીધો હુલકાપાત;
અંગદ ઉતર્યો આકાશથી, ગર્જ્યો કડકડાટ. ૧૦૭
દીગ્મૂઢ થયા સહુ દેખતાં, દીઠો કૃતાંત કાલ;
પર્વત સરખો પ્રચંડ નર, ફરિને દીધી ફાલ. ૧૦૮

છપ્પો

અંગદ કૂદ્યો આકાશ, કોટ કૂદી માંહે પડિયો,
બાણું કોડ બળવંત, આપ તે મધ્યે અડિયો;
પ્રલય કાળની આંચ, ક્રોધિલો જમદૂત સરખો,
પડ્યો ત્રાસ ચોપાસ, નરેંદ્રાદે સહુ નરખ્યો;
સંભાળી શસ્ત્ર કો નવ શક્યા, શુધ બુધ સર્વ ભૂલી ગયા,
સામળ કહે સેવક રામનો, દીઠે જોધ ઝાંખા થયા. ૧૦૯

ઝુલણા છંદ

ક્રોધે દંત કરડિયો, મુખ મૂછ મરડિયો, આપ અધિકાર અધિપત એઠો,
હાસે બહો હાથિયા, શોભિતા સાથિયા, ભાથિયા ભીડ રીસાળ રેઠો;
શૂર મહા પૂર એ ક્રૂર ક્રોપે ભર્યો, નૂર નરપતિ બળવંત એઠો,
શુભ સભા સાથમાં પાંત્રીશ હાથમાં, પોકાર બહુ કરતો બહુ પ્લવંગ પેઠો. ૧૧૦

છપ્પા

લંકપતિ એક લક્ષ, બેઠા બળવંતા એ બહુને,
સિંહાસન છત્ર ને ચમર, શોભે સુખ સાગર સહુને;
એક કોડે બાણું કરોડ, ધીર રણ ધનુષો ધારી,
કૃતાંત સરીખા કાળ, અતલિબળ અપરંપારી;
જઈ અંગદ તે મધ્યે અડ્યો, સભા દેખી દિલમાં હસ્યો,
મહિમા દેખાડું માહરો, વિચાર એવો મનમાં વસ્યો. ૧૧૧
મરડતો મૂછ ને પૂંછ, ઢીંગ જઈ પોત્યો ઠેઠ,
પાંત્રીશ શીશ જે પ્રાણુ, ભૂપતને કરશું ભેટ;

કો સાથ કરશું વાત, કો સાથ બોલજ બોલું,
મુજ પરાક્રમ બળબુદ્ધ, તે કો આગળ જઈ બોલું;
વાંકાં વેણ વદ્યા વિના, એ જૂઠો જાહર નહીં જડે,
અંગદ એમ વિચાર કરી, નરપતને વચને નડે. ૧૧૨

દુહો

દશકંધને દુઃખ મનાવવા, અધિપત બોળખવા એન;
ઇષ્ટ ભારી અંગદો તિહાં, વિદ્યો વિપરીત વેણ. ૧૧૩

કવિત

અં–બહોતસેં બેઠ તૈસે, દેખે જવ અંગદને,
ભૂપકો હૈં રૂપ કોન, બોલ્યો ક્રોધ કરકે;
લંકાપત એક સુન્યો, બાલીકી કક્ષમાંકો,
માસ ખટ પાસ રહ્યો, ભાગ્યો પાઉં પરકે;
દુજો કાર્તવીર્ય ધર, બાંધ લિયો પારણેમેં,
બાલકકી પીછાડીસેં, પડી ટાલ સરકેં;
નંગાશીર કરે જો તો, એધાનીસેં બોલખુંરે,
લંપટ લરાક ચોર, લાયો રત્ન હરકે. ૧૧૪

સા–સામદ એક સભાકો, બોલ્યો બલ જોર આપ,
ત્રિલોક સકલ માને, લંકાપત સાજકો;
બોલી તું જાને નહીં, મહીપકે મુખ આગેં,
જંગલી જટીલ જેસો, કાસદ કે કાજકો;
તનુ ટુક ટુક કરેં, તારો અબ શાયત મેં,
ગુદતાંહોં ગુન્હો તેરો, ઇષ્ટ બલી આજકો;
અકલસેં બોળખ લે, ભૂપ રૂપ રાવનકો,
નતરુ અવસાન આયો, તેરી દેહ તાજકો. ૧૧૫

ઝુલણા છંદ

અં–બોલિયો બાળ રિતે બુદ્ધિ નિધાન ત્યાં, અંગદ કહે સાંભળો ધર્મધૂતી,
કોણ રંડાએ રાવણો જનમિયો, વૃશ્ચિકી સર્પણી હરણિ પૂતી;
કરકટી મર્કટી કે અજા અર્લકી, જૂઠ જપે તે તો ખાય જૂતી,
સંદેહ ભાંગો અલ્યા સેવકા માહરો, રાવણની માત તે કવણ હૂતી? ૧૧૬

સા–લંબ પૂછ અલ્યા લંડ લવરી કરે, મૂરખા મન ગમી મોજ માણે,
કાસદા દાસડા લેખ લખી લાવિયો, નીચ નિર્માલ્ય ગુણ ગાન નાણે;

કોડ તેત્રીશ કર જોડી ઉભા રહે, હોડ હારે જેકા તેડ તાણે,
જશતણો રૂપ એ ભૂપ ભૂમંડળે, લંકપતને ત્રણ લોક જાણે. ૧૧૭
અં–ઓળખાવ અજાણ અલ્પબુદ્ધ અધિપતિને, તોલકે પાડ માનીશ તારો,
ગાળ ટુંકાર તારો નહી સાંખીએ, પાંત્રીશ ત્યમ તારો જાણ વારો;
રિદ્ધિ રાવણ તણી પુણ્ય પરવારિયું, આવી રહ્યો એહનો આયુઆરો,
દશ કંધ એ અધ એ ધંધ ધાયે ધણો, ચિત્તમાં ચેત એ ચોર મારો. ૧૧૮
સા–ઉંધકર્મા અલ્યા અભાગિયા વાનરા, ચેતરે ચેત ચોપક્ષ ચિત્તે,
કોણ ગજું તાહરું કિંકરા કાસદા, બોલી ન જાણે નરપતિ નીતે;
પાગ લાગ પરણામ કર જોડીને, પામીશ લહાણ પુરપત પ્રતે,
રાજ મહારાજ રાજેંદ્રનો રાજીઓ, રાજ સભાતણી બોલ રીતે. ૧૧૯

છપ્પા

અં–રામચંદ્રની નાર, સિતા સતિ માતા મોરી,
દૈત્ય દાનવ કો દુષ્ટ, ચંડાળ કરી લાવ્યો ચોરી;
દયાનિધિ દાતાર, ધર્મ હજુ મનમાં ધારે,
પાછી આપે જો સીત, તો એને નવ મારે;
નહિતર દેશ દેહવટ કરે, એવી આજ્ઞા આપી મુને,
ચતુર હોય તો ચેતજે, ચેતાવા આવ્યો તુંને. ૧૨૦
સા–મરદ મુંછાળો વીર, રામની રામા લાવ્યો,
શૂર પૂર દઢ ધીર, કોડ કંદર્પવત કહાવ્યો;
દશકંધ નામ દરિયાવ, તરવાર તાતી ત્રિલોકે,
જોર હોય તો જુએ, સિતા મૂકી અશોકે;
પાછી લેતામાં પ્રીછશો, અદકું બોલે અનર્થ થશે,
લાડ કરંતા આવો છો લંકમાં, જરૂર જીવ સહુના જશે. ૧૨૧

દુહા

અં–જનની કુણ રાવણ તણી, બહુ ઉપન્યાં બાળ;
જાત શ્વાન કે શૂકરી, ભુંડણ કે શિયાળ. ૧૨૨
કે વીંછણ કે નાગણી, કે કરકટની નાર;
કે અજા એ કોણ છે, બોલો નહીં ગમાર. ૧૨૩
બોલત નહિ કહુ નીચ હો, કે મુંગા કે ઢોર;
કે અમારો દીન હો, કે જાતિકે ચોર. ૧૨૪

પૂછત હું બડિ બેરકો, ફેર ન પાઉં બ્યાન;
કે ફૂટીહેં આંખડી, કે સુનતે નહિ કાન? ૧૨૫

ઝુલણાં છંદ

પોકાર કરતાં ઘડી પાંચ પૂરણ થઈ, બોલતાં શે નથી કર્મ ફૂટ્યા,
રીસ ચઢશે મુને શીશ તમ તોડશું, કૃતાંત કોપતાં કાળ ખૂટ્યા;
ચોર માટે બીહો છો સહુ ચિત્તમાં, તોલ અહંકારના ટેક તૂટ્યા,
અંગદ કહે ઉત્તર શે નથી આપતા, સર્વની આંખ કે કાન ફૂટ્યા? ૧૨૬

દુહા

વાંકાં વચન શ્રવણે સુણી, ચડિ રાવણને રીશ;
પગની જ્વાળા પ્રગટિ તે, જઈને ભેદી શીશ. ૧૨૭
વાધને વળી વકારિયો, શુભ છંછેડ્યો સાપ;
સિંહ પંખાળો પાખરો, અતલીબળ એ આપ. ૧૨૮

ઝુલણા છંદ

દેહ દાઝ્યો દશાનન ઘણું દિલ વિષે, એક આપે થયો તેહ તાથે,
ઉછળ્યો એક કર આપ આસન થકી, મુખ મૂછ મરડિ હીત હોડ હાથે;
રા–કોણ તુજ નામ ને ગામ ને ઠામ કહે, કામ કશું છે પશુ ભૂપ સાથે,
કો તણો મોકલ્યો હ્યાં લગી આવિયો, આભ બાંધો ભરે બાંય બાથે? ૧૨૯
અં–વાળીનો પુત્ર ધરસૂત્ર શુભ પર્વતે, નામ અંગદ મારુ હરખ એવા,
શરણ રહું છું રઘુનાથનાં ચરણની, દેવનો દેવ અધિદેવ દેવા;
ધુમ્રપાને કરી ધ્યાન જોગી ધરે, ઈંદ્ર બ્રહ્મા કરે ઈશ સેવા,
તે તણી નારને તસ્કરી લાવિયો, લંક લગિ આવિયો સૂધ લેવા. ૧૩૦

દુહો

રાવણ–કહેરે અંગદ કોન હૈ, બોલ બડેરો ઝટ;
મુખસેં બોલ સમાલકેં, જાનુ ભરિયો ઘટ. ૧૩૧

કવિત

અં–તાતકી નિશાની એહ, દેહ પરચંડ જાકો,
મેઘ ઘન ગાજે એસો, તોર રહે તનમેં;
શૂર મહા સુભટ હૈ, પૂરહેં પ્રતાપનકો,
નારાનકો નૂર આપ, પશુ જાત જનમેં;
સુગ્રીવકો સહોદર, મિત્ર હનુમાન જુકો,
નામ નવ ખંડ જાને, બાલી બિકટ બનમેં;

કક્ષિપટ રાખ્યો પાસ, પૂર ખટમાસ તાકું,
રાનપને શાન આન, સમઝ મૂઢ મનમેં. ૧૩૨

દુહો.

રાવણ–અબ તેરા આદર ભયો, અંગદ આયો અંત,
સાચો બોલ બતાય તું, કોનહિં હૈં હનુમંત. ૧૩૩

કવિત

અં–બુજ્યો હનુમાનજી જો, સેવક શ્રી રામજીકો,
અંજની કુમાર હૈ, આધાર યહ રંકકો;
પવનકો પુત્ર, અવતાર મહારુદ્રજીકો,
મહેરનકો તારન, મારન દુષ્ટ બંકાકો;
જનમકો જતિ આપ, સતીકો શોક હરન,
ફરન બંડ ખંડનમેં, કરન નાદ હંકાકો;
અક્ષયકું માર ડાર્યો, સંધાર્યો પ્રધાન તેરા,
અંગદ કહે રાવનસું, લૂટનહાર લંકાકો. ૧૩૪

દુહા.

શત યોજન સાયર તર્યો, શિરકર લછમન હોય;
અગન ઉડાઈ લંકમેં, વે હનુમંતો જોય. ૧૩૫
રાવણ–સુગ્રીવમેં કયા સાનપન, કહા સુગ્રીવમેં શૂર;
બાનર બાનરકી ઉપમા, નીચ ગમાવે નૂર. ૧૩૬

છપ્પો

અં–શું સુગ્રીવનું શૂર, ચતુરપણે લે ચાહી,
વાળી સરખા વડહથ, ભુપ ભારે ગુણ ભાઈ;
હનુમંત સરખો બળવંત, હરોલ હઠીલો હાથી,
લૂટી લીધી લંક, તેહ સુગ્રીવના સાથી;
અનમી નરો નમાવિયા, બળિયાશું બાંધે બાકરી,
અઢાર પદ્મ જોતેર ક્રોડ નર, તે કરે સુગ્રીવની ચાકરી. ૧૩૭

દુહા.

પ્રાજે કરે પલ એકમાં, કરે જે ઉપર ક્રોધ;
શૂર સામદ્ર સુગ્રીવનો, જાંબુવાન છે જોધ. ૧૩૮
રાવણ–અધિક બોલે કયમ અંગદા, જાંબુવાન તે કોણ;
નથી દીઠો નથી સાંભળ્યો, કયમ પેદા થયો એણ. ૧૩૯

છપ્પો.

અં–જોબનવંત જશવંત, અધિક પરાક્રમ આપો,
કરે સુગ્રીવ જે રાજ, તેહ એને પરતાપે;
નલ નીલ જેનાં નામ, તેહ કિંકર છે જેના,
અઢાર પદ્મનો પ્રધાન, તોલ ત્રહો પક્ષે તેના;
જિતે જાંબુવાનને, સરજ્યો નથી કોઈ સૃષ્ટમાં,
સામળ કહે અધિક પરાક્રમી, નથી વર્ષ્યા કોઈ વૃષ્ટમાં. ૧૪૦

દુહો.

રાવણ–નલ વાનર તે કોણ નર, વાનર કરે વખાણ;
નીચ ઉપમા કરે ઊંચ તું, અંગદ નામ અજાણ. ૧૪૧

છપ્પો.

અં–નલ વાનર નર તેહ, હોડ કરી તે હાર્યા,
નલ વાનર નર તેહ, પાણ પાણી પર તાર્યા;
નલ વાનર નર તેહ, સાગર ખાબડ કીધો,
નલ વાનર નર તેહ, પયોધિ પયવત પીધો;
જળ ઉપર જેણે સ્થળ કર્યો, ત્રિકટ વાટ જળવંકમાં,
સામળ કહે નર તે નીલ નલ, લસ્કર લાવ્યો લંકમાં. ૧૪૨

દુહો.

રાવણ–કિંકર ઉપમા સિદ્ધ કરે, નીચ જાત કોણ નીલ;
મારે મન તો પિપીલિકા, તારે મન તો ફીલ. ૧૪૩

કવિત

અં–સહસ્રાર્જુન સુર બડો, નવ ખંડકો નરેંદ્ર,
જાકે દરબાર ઠાઢો, રાવણ તું રહ્યોહે;
રમાજ્યા જમાજ્યો રીત, પશુ જાન પ્રીત કીની,
દીની શીખ દોડ આયો, લછત સબ લહ્યો હે;
એક દીસ નીલ ગયો, નરેન્દ્રકે નગરમેં,
પકરી પૂરપતિકું, આકાશ બીર બહ્યો હે;
જોરકે પ્રનામ કિયો, નીલમનિ ભેટ દિયો,
લિયો જશ ઘેર આયો, નીલ નામ કહ્યા હે. ૧૪૪

દુહા

નીલ નરકું નહિ જાનિયે, તાકા નામ અજાન;
દશકંધ જાન તું દિલ બિખે, બાનરકા બિખાન. ૧૪૫
સહસ્રાર્જુનકી પેશકશ, લ્યાયે નીલ ગુનગ્રામ;
નિરખ્યો નિલમનિ નમ્રમે, નીલ ધરાયે નામ. ૧૪૬
લાયક લછમન સારખે, પ્રીતે રખે જે પાસ;
ઓલખ લે તુમ આપસેં, બસસેં તોરે બાસ. ૧૪૭
રાવણ–કહેરે લછમન કેાન હે, જાકેા કરે બિખાન;
જૂઠી બાત જલ્પે યહાં, તેા પરઠે તુજ પ્રાન. ૧૪૮

કવિત

અં–સુમિત્રાજીકેા નંદન, જગતકેા હે બંદન,
દુષ્ટકેા નિકંદન ચંદનતરુ, સિદ્ધ સછકેા;
રઘુબહરકેા બીર, ધર્મકેા ધુરંધર ધીર,
શુદ્ધ હેં શરીર સત્ય, જતિ જેગ દછકેા;
નરપતકેા નાયક, સબ ગુનમેં લાયક,
સાયક કવિ સામલકેા, પૂર્ન પ્રીત પછકેા;
આપ ઘેર જાય પૂછ, બૂઝ લછમનજીકેા,
કાન નાક છેદે તેરી, બૈન સૂર્પનછકેા. ૧૪૯

દુહા

ભગિનીકું જ્યોં ભેટિયે, હેાડસું બાંધી હાથ;
કાન નાક દેા છેદિયે, સેાઈ રામકેા બ્રાત; ૧૫૦
રાવણ–કે સેા તેરેા રામ હૈ, કિસ બિધ કીનેા કામ;
ફેર ફેર બષે બહેા, રસનામેં શ્રી રામ. ૧૫૧

કવિત

અં–પુછે કહ રામનકું, જગતકેા સર્જનાર,
ઇસ જૈસે ધ્યાન ધરે, જ્યાકેા તું ચેારહે;
ગરીબનકેા નિવાજ, નાથ હેં અનાથકેા,
પતિતકેા પાવન પ્રતિપાલ, જગત કેરેાહેં;
તાટકાકેા પ્રાન લિયેા, ખર દૂષર દૂર કિયેા,
ત્રિશિરાકું તેાર્યો અબ, આદર તેા તેરેા હે;

સામળ કહે સધારે, પાનીપર પહાન તારે,
અલખત અલ ખસેતી, આલાસેા રામ મેરાહે. ૧૫૨

દુહેા

ત્રંબક ત્રેાડ સીતા વર્યો, નીચે આણે પાન;
તેાકું છેાડાયેા તિહાં, સેાહી રઘુવર જાન. ૧૫૩

ઝુલણા છંદ

રાવણ-વખાણું કરે અલ્યા વાનરા રામનું, કેટલું સાંભળ્યું જૂઠ જેવું,
શીશ સાટે કરી લંક લગિ આવિયેા, લેાળિયું લાભનું શુંજ લેવું;
દેહ માનવતણી એહમાં બળ કશું, સિદ્ધ શ્રી જાણીને શીદ સેવું,
જાણતેા હેાય તેા કહે અલ્યા વાનરા, જોર કરતૂત પ્રાક્રમ કહેવું. ૧૫૪

છપ્પા

અં-હણ્યેા જેણે હિરણ્યાક્ષ, સાક્ષ પહ્લાદનાં દીધી,
ફરશીધર ફરશુરામ, નેક નક્ષત્રી કીધી;
બલિ ચાંપ્યેા પાતાળ, સહજમાં અહલ્યા તારી,
દુષ્ટનેા ફેડ્યો ઠામ, વાળિને નાંખ્યેા મારી;
પાષાણ તાર્યા પયેાનિધિ, સેતુપાજ બાંધ્યેા હવે,
મમત મૂઢ મૂરખ કરે, એ નર એાળખશેા અબે. ૧૫૫

રાવણ-મૂરખ મૂઢ અજાણ, પહાણથી દીસે પેાઢેા,
શઠ કેરેા સરદાર, જગતમાં નહિ કેા જોડેા;
બાપડિયાં કાપડિયાં, જટાળાં જોદ્ધાં જોગી,
ભુખ દુઃખ ભિખારી ભૂર, કહે તેને એ ભેાગી;
એવા અસંખ્ય અલેખધા, ચરણ ચાંપે નિત્ય માહરા,
મુજ સાથે જુદ્ધ એ શું કરે, રામ લક્ષ્મણ બે તાહરા. ૧૫૬

અં-રિદ્ધિ હીરેા રઘુનાથ, પથ્થર રાવણ પરિયટનેા,
તે શું જાણે તેાલ, રાજસ બેાલી વટનેા;
રિદ્ધિ અમૃત રઘુનાથ, ઝેરથી રાવણ કહુએા,
દાતાને દુઃખ દેનાર, બુદ્ધિહીણ બુદ્ધિ બુડીએા;
વળિ ઉપાસક તું ઈશનેા, જેવડે તું જોરેા કરે,
અંગદ કહે ઇષ્ટ મારાતણું, અહર્નિશ ધ્યાન ધર્મે ધરે. ૧૫૭

ઝુલણા છંદ

રાવણ–જા અલ્યા જીવતો કહે તારા રામને, ગામ કેમ આવિયો ધામ ધાતો,
દેહ દીડી નથી તેં દશાનન તણી, કાન સુણી નથી વેણ વાતો;
કુંભકર્ણ આળસ તજી ઉઠશે, લાખ સવા મણ ચીચ ખાતો;
ક્રોડ બોતેર ને પદ્મ અઢારમાં, ઝાંખશો નહિ કોણ એક જાતો. ૧૫૮

અં–અલ્યા રામ આગળ કશી વાત તે તાહરી, શ્વાનની વાત શી સિંહ સાથે,
રક કીરત કહે રાજ રાજેંદ્રને, લાભ શો લીજીએ તેહ ત્યાંથે;
દેખાડ તાહરો ડાહ્યરો દળપતિ, માહરો બળ સહે બાંય બાથે,
ક્રોડ કુંભાતણા માન મોડું અતિ, એવી હું હોંસ રાખું છું હાથે. ૧૫૯

દુહા

રાવણ–વઢવા આવ્યો વાંદરા, તો તે કરીએ પેર;
જા મૂકું છું જીવતો, ઘણા હેતથી ઘેર. ૧૬૦

અં–નહી લઢને મેં આયો હું, કહેને આયો બાત;
જો સૂનો તો મેં કહું, જો કહાવી રઘુનાથ. ૧૬૧

રાવણ–દેઉં દુહાઈ રામકી, જો મુખ બોલે જૂઠ;
એક બાત ઐસી કહે, પ્રતિ ઉત્તર લે ઊઠ. ૧૬૨

કવિત

અંગદ–સુનો યું લંકાધીશ, દસહી ધરાયો શીશ,
ઈસકે પ્રતાપ આપ, બેઠે હો જુ પાંચમે;
રામજીકું સીત દીજે, રાજ બેઠે લંક કીજે,
બીજે નહીં કોઈ સિદ્ધ, પામોગે સાંચમે;
ન તો ગઢ લંક લૂટ્યો, જાનો આપ કાલ ખુટ્યો,
રુઠ્યો જબ રામ નામ, કાલ લિયો ચાંચમે;
સાલમકી યેહિ બાત, અંગદ જ્યુ કહે સાચ,
મન રાચ નાચ કરે, થયે આધએ આંચમે. ૧૬૩

રાવણ–બાનરા બિપ્રીત બાત, કહા કહે રામજીકું,
તેરે કછુ ચાહીએ, મનમેં કા મોર હૈ;
જા તું તેરે રામ આગું, શીશહિ પછાર કેબે,
લે આએ લંકમેં જ્યોં, લરનેકો કોર હૈ;
જંગલી પ્રધાન જાકો, તાથે મેં માલ દેખો,
લેખો હે તું દૂત જેસો, એસો તેરો જોર હૈ;

એકહી ગુલામ મેરા, મારી ચકચૂર કરે,
રામ જેસે સેવકાહ, લાખહિ કરોર હૈ. ૧૬૪
અં–સુન યે દશકંધ અંધ, ઓરતકા તું હૈ ચોર,
જગતમાતા જાનકી, કિંકર હર લાયો હૈ;
અબ તેરી સમૃદ્ધ ગઈ, ગઈ લંકા ઓર જાન,
નવ ગ્રહ છોર ડારે, દેવ સૂખ પાયો હૈ;
વાકું તું નવ બુઝે, સુઝે નહીં તોય જાયે,
તું પ્રતીત જાકે ગુન, બેદ જેસે ગાયો હૈ;
પ્રચંડ દંડ તોકું દેગો, અબે કહ્યો મેરો માન,
તેરો ઘાટ ઘડનેકું, આપ રામ આયો હૈ. ૧૬૫
રાવણ–મસ્તકમેં જટાધારી, કહાવતે બ્રહ્મચારી,
બનફલ અહારી સારી, આયુધ ધરી ફરતા હૈ;
કહા જાને કોન કાજ, ગામ લોક કિયે તાજ,
સંગ નહીં કોઉ સાજ, રાજ કાંકે કરતા હૈ;
દેખનમે ધીર દોઈ, ઐસે નહિ ધીર કોઈ,
અપની ઓરત ખોઈ, બાનર મેં ડરતા હૈ;
સામલ કહે સુવેખી, સેના મેં બહોત પેખી,
માંકડે અલેખે દેખી, રાવણ કા ડરતા હૈ! ૧૬૬

દુહો

લખ મણિયા ઘોષા ગડગડે, પોઢા જોની દીઠ;
મરોડે મણિધરતણી, કયાં ડરે દેડક દીઠ? ૧૬૭

કવિત

અંગદ–ધકેટેમેં ધર ધ્રુજે, જેહમેં ન દિન સુઝે,
બુઝે નહિ તોય માન, મરદુંકે મારેગો;
નાલ ગોલ બાન છુટે, ગામ કોટ લંક લૂટે,
રહેગો રણાયો દાઓ, દેકે ગ્રહ છોરેગો;
હનુમાનકું હકારે, ડરેગો તું તો ડકારે,
નગારે સબ ફૂટ ફૂટ, ફીટફાટ ફેરેગો;
સામલ કહે બેર બેર, આયો હું અજીત શેર,
ઘેર લેગો કરી રીશ, અબ રામ તોરેગો. ૧૬૮

ઝુલણા છંદ

રા–અંગદા અંગમાં શે તું સમઝે નહીં, કૂખ કાયરતણી તું જ આવ્યો !
કપુત વાળીતણા કુળ વિષે અવતર્યો, કે શકે નીચનું થાન ધાવ્યો !
શતક કટકા કર્યો તાત તારાતણા, તેતણી ભક્તિમાં ભૂર ભાવ્યો !
વાનરા સર્વનો ઘાટ ઘડાવવા, લખવસા લક્ષ્મણો આંહીં લાવ્યો ! ૧૬૯
અં–પાષાણ અજ્ઞને પ્રીછવું કેટલું, જેહમાં ગુણ નહિ જ્ઞાન જ્ઞાતા,
વીશ છે નેત્ર પણ અંધ વપુએ થયો, શોધતો શે નથી ચિત્ત ચહાતા;
જે કરે જેટલું ભોગ તે ભોગવે, તે તમો દેખશો ધંધ ધાતા,
વાળિ વૈકુંઠ પદ પામિયો પ્રીતથી, રામજી મુક્તિપદ દિવ્ય દાતા. ૧૭૦
રા–કાપડી વેષ લઈ વન વિષે જે ફરે, શીશ જટા ધરે સંગ સારો,
સીતની શુદ્ધ નવ માસ નિરખી નહીં, આજ સાગરતણો દીઠ આરો;
લાવિઓ રીંછ લંગૂર લખ કોટિધા, માનવી મૂળ મુખવાસ મારો,
લંકપતિ છત્રપતિ રાય રાવણ સાથે, રાઢમાં જીતશે રામ નારો ! ૧૭૧
અં–એક કિંકર અહીં આવશે રામનો, તે નહીં તાહરો બોલ સાંખે,
તાત મારાતણી કીર્તિના કવિ તમો, હું ખમું બોલ જે ભુંડ ભાખે;
અન્ય જણને ઓશિઆળ શી તાહરી, જો ઘડી એકમાં જોર ઝાંખે,
લંક પરલંક એ અંક એકે ભરી, નિમિષમાં નિધિતણે નીર નાંખે ! ૧૭૨
રા–કહે દશાનન સુણો વાળિકા દીકરા, પ્રીત સંભાર તું પેર પૂઠી;
રામ ઉપર તને હેત કયમ ઉપજે, તાતને મારિયો કાળ કૂટી,
પિંડ પાળે તારું વેર વાળે નહીં, પેટની વેઠમાં વાટ ઉઠી;
કર અહિં ચાકરી બાંધ્ય ત્યાં બાકરી, રામશું રાઢ કર આવ્ય ઉઠી. ૧૭૩
અં–બુદ્ધિબળહીણ તું ક્ષીણ આયુષ થયો, રાવણ મૂઢ મુખ શું જ ભાખું,
રાજમહારાજ અધિરાજજી કેરડાં, દર્શનો નિત્ય હું દિવ્ય દાખું;
સહ અમૃત રત્નખાણ પૂર પ્રેમની, તે તજી ઝેર નીરવત ચાખું,
સ્વામી સામળતણા ચરણ પ્રતાપથી, તુજ સમા કિંકરા કોડ રાખું ! ૧૭૪
રા–વેહ અવસાન આવ્યો હવે વાનરા, પશુય જાણી નોતા દંડ લેતા,
પંડ તારો શત ખંડ કટકા કરે, ક્રોધથી ઉઠશે જોધ જેતા;
બાલ નખ નખ લઈ દુઃખ દઈને દમે, લંકથી છુટશો લાભ લેતા !
રામની આણ જો સત્ય તું કહે નહીં, જે તું સમા સૈનમાં સુભટ કેતા ? ૧૭૫
અં–શુભ સુભટ ઘણા જુગ જોડે જમા, તે થકી લક્ષધા હરખ હેમે;
રૂપાતણા રાચમાં ભોજ્ય ભાવે કરે, કાંસની થાળ કંઈ પત્ર પ્રેમે;

મૃત્તિકામાંહી અશન કંઈ કોટિધા, એમ મરજાદ સહુ નરત નેમે,
તેતણી જુઠ વીણી અમો જીવીએ, હું હનુમંત એ ખંત એમે. ૧૭૬

છપ્પો

રા–મૂરખ મૂઢ અજાણ, જૂઠું બોલે કયમ ઝાઝું,
કોણ ગણતીમાં રામ, લવરી સુણતાં હું લાજું;
કોઠ બીલાં ખાનાર, લંગૂરાં કોટિક લાવ્યો,
વાઘણકેરાં દૂધ, મણિધર મણિ લેવા આવ્યો;
વળી તારુણી મારી તટિકા, તે પરાક્રમ દીઠું તમો,
વળી હોય પરાક્રમ રામનું, કહે કિંકર સુણિયે અમો. ૧૭૭

ઝુલણા છંદ

અં–કરતૂક પૂછે કહ્યાં એહ કરતારનાં, જેહમાં જોરના જુગત ઝાઝા,
કોટિ બ્રહ્માંડ મંડાણ સૃષ્ટિતણો, મોક્ષ મહિમાતણો મૂળ માઝા;
અવતાર અંશે કરી વંશ દિલીપ કુળ, કીધ પરમારથ કોટિ કાજા,
ગરવરાગુણનિધિ તારીયાં તુંબ જ્યમ, શીશ રણ રોળશે રામ રાજા. ૧૭૮

રા–વધતું વેણ વદે અલ્યા વનચરા, કેટલી બુદ્ધિ તરતીબ તારી,
પ્રાશન કરે પિલવાં વાલિઓ વાનરો, મોટાઈ જુઓ એણે નાંખ્યો મારી?
તાટકા તારુણી રાંકડી રંડ એ, જીતિયો નીચ નિર્માલ્ય નારી,
રામનાં કામ જાણે બધા જગતમાં, ધીર એ વીર એ ધર્મધારી. ૧૭૯

અં–ત્રંબક જ્યાં મોડિયું માન તુજ માંડિયું, છોડિયો ત્યાં તુંને ધર્મ હાર્યો,
દશ મસ્તક દક્ષમાં રાખિયો કક્ષમાં, પન્નક એક પક્ષમાં હોઠ હાર્યો;
કોટિ રાક્ષસ હણ્યા, ભય તેના નવ ગણ્યા, વેદ ભણિયા હવે તુજ વારો,
મારવો રંકને, લૂટવી લંકને, પાપથી ઓસરે રામ મારો! ૧૮૦

રાવણ–માનવી માનવી સંગ રહે છે સહુ, માકડા સાથ મન એનું મોહ્યું,
નાનપણામાંહિથી નામ કાઢ્યું જુઓ, પરવર્યો પુરથકી રાજ ખોયું;
ક્ષત્રીવટ ખોઇને જોગ જટા ધરી, શરમ ને કરમ ને ધરમ ધોયું,
મંત્રી તુજ સારખા પ્રાકમી પારખ્યા, દશકંધ રામનું જોર જોયું. ૧૮૧

ચોબોલો

અંગદ–મંત્રી તે પુણ્યવંતા પૂરણ, ઘર બેઠા લખ લૂટે છે,
શ્રી દશરથના નંદન સાથે, ધારા વેદની છૂટે છે;

લાયક લીલા લક્ષ્મણ સાથે, અમૃતના ધન ઉઠે છે,
અભાગિયો અક્ષરમી અંગદ, રત્ન પથ્થરશું કૂટે છે? ૧૮૨

છપ્પો.

રાવણ–બોલે વધતા બોલ, તોલ ખુવે છે તારું,
રવિ સામા નાંખે રેણું, માન ઘટે નહિ મારું;
આયુષ તારું અલ્પ, એક ઘડીમાં આવ્યું,
તાતનું લેતાં વેર, ભાગ્ય ભુંડું ભાવ્યું;
અવતાર અફળ તારો ગયો, વેર ન વાળ્યું વેઠમાં,
શત્રુને જઈ શરણે રહ્યો, પાવક ઉઠો તુજ પેટમાં! ૧૮૩
અંગદ–અન્યાઈ બોલે આળ, ગાળ ગુણ હીણા દે છે,
અધર્મી અવતાર, ભાર શું માથે લે છે;
મુજને તુજપર હેત, ભેદ રાખી નહી બીજું,
આપણ બન્ને ભ્રાત, બતાવું કારણ બીજું;
જો વાળિ તાત છે આપણો, છૈયે સહોદર સુખમાં,
તુજને રાખ્યો તો કાખમાં, મુજને રાખ્યો તો કૂખમાં! ૧૮૪
રાવણ–વાળી સરખા ક્રોડ, ચરણ મારાં ચાંપે છે,
સુગ્રીવ સરખા લાખ, કૃત્ય દેખી કાંપે છે;
ઇંદ્ર આદિ સુર સાથ, હાથ જોડે જન આજ્ઞા,
નથી સાંભળ્યો કાન, રિદ્ધિપતિ રાવણ રાજા;
ડોલાવું દશ દિક્પાળને, સળકાવું શેષ ધામને,
તું અલ્પ બુદ્ધિ સમજે નહીં, રહ્યો વખાણે રામને. ૧૮૫
અંગદ–શેષતણો અવતાર, તેહ લક્ષ્મણજી લાયક,
ફરશીધર ફરશુરામ, રામ નરપતનો નાયક;
મહાલક્ષ્મી અવતાર, માત એ સીત સતી છે,
એકાદશમો રુદ્ર, જોગ હનુમાન જતી છે;
બસબોઈ કેસરતણી, બહો ગુણ બોહેક બરાસનો,
તરણ તારણ ત્રૈલોકનું, તે સ્વામી સામળદાસનો. ૧૮૬

સવૈયો.

રાવણ–કોડીથી કુંજર કયમ બીહીશે, ડકર કરી દેખાડે ડકરી,
સ્વમામાં સીતા નહીં આપું, પકર અમે પકરી તે પકરી;

જીવનાન તુજ જોખમ થાશે, મેલ જનાવર ઝાઝી જકરી,
શાર્દૂલ શેર સિંહસો રાવણ, બીજા બળવંતા તે બકરી! ૧૮૭

ઝુલણા છંદ

અં–જોડિને કર કહું વાત તુજ કામની, નરપતિ ગર્વ તુજ એ બે જોશે,
સીત શું પ્રીત તે મોતની રીત છે, ચાંચડવત ચોળશે ચિત્ત ચહારે;
ઈશ હતા તૂજ શીશ પર ગાજતા, તે સાથે શત્રુતા બહુ જ થાશે,
સામળતણા સ્વામીની નીચ નિંદા કરે, ચોકડી ચૌદનું રાજ જાશે. ૧૮૮

સવૈયા

રા–રાંકની જાત તે રત્ન શું ઓળખે, આખર ચૈતન ચાકરનો,
ગરીબતણે ઘેર પેટ ભરે તે, ઠાઠ શું જાણે ઠાકારનો;
મેરુતણો મહિમા નવ પ્રીછે, કરે વખાણ તે કાંકરનો,
"ખાખરની ખીલોડી" અગદ, સ્વાદ શું જાણે સાકરનો? ૧૮૯

ઝુલણા છંદ

અં–આરોગિયાં અમૃત ફળ જેણે અતિ ઘણાં, તેહને ઝેર તે કુણ લેખે,
હાર પહેર્યા જેણે હેમ મોતીતણા, કાચ કથીર કુણ પૂઠ પેખે;
પદ્મિની પારખી જેમણે પ્રેમદા, શંખણી દાખુ તે લાભ લેખે,
રામ હૃદે વસ્યો ત્યાંય રાવણ કસ્યો, માન સાચું નહીં મીનપેખે. ૧૯૦

રા–કપુત ઉઠ્યો અલ્યા પેટ વાળીતણે, તાતની દાઝ તો તેં ન જાણી,
તાત જેણે હણ્યો, ભય તેનો નવ ગણી, પેટ ભરે તેના ગુણ વખાણી;
મુખ શું લેઈ મુજ સાથ બોલે બકે, એહ પ્રતીતથી જોર જાણી,
એ જીવ્યાપેં મળ્યું મોત માથે ભલું, બુડ ભરિ ઢાંકણી પૂર પાણી? ૧૯૧

અં–મંદોદરી શુભ સતી તેહનો તું પતિ, તેટલા માટે હું બોલ્યું સાખું,
દિવસ દશ બારમાં મોત હવે આવિયું, સંભાર કોઈ ઇષ્ટને સત્ય ભાખું;
કુંજરતણે આગળે કીટ શું કોપશે, એ વિધે તાહરું જોર ઝાંખું,
રામ દે આજ્ઞા હવડાં હું કરું, લંક બાંધી તુંને નીરે નાખું. ૧૯૨

રા–કરગરે કોડ દહાડા થઈ કિંકરો, કામિની કાજથી દીન દાસ,
લેતો નથી પ્રાક્રમ લંકપતિ કેરલાં, દેવ દાવન રહે ઘેર વાસ;
આપ અસ્વાર આસન થકી ઉઠશું, બાંધશું નરપતિ નાગ પાસ,
કારાગૃહ નાંખીને કોડ પહોંચાડશું, આજ અયોધ્યાતણી મેલ આશ. ૧૯૩

કવિત

અંગદ–કહા જાને મૂરખ, તું દશરથકે નંદનકું,
સનકાદિ જોગી જેસેં, પીર ધ્યાન ધરત હે;
પતિતકેા પાવન એ, ખાવન હે ખલકકેા,
ભક્તનકેા બચ્છલ, કામ કરુના કરત હે;
શશિ શેષ શારદ જુ, નારદ બસિષ્ઠ બર,
ભૂપર જીવા જો ન વાકું, ભરતપુર ભરત હેં;
સામળ જ્યુકે સ્વામીકી, પ્રતિત તું પર્ખ દેખ,
ગિરિવર ગંભીર ધીર, નીર પર તરત હેં. ૧૯૪

ઝુલણા છંદ

રા–સીત લેતાં ઘણું સમજશેા સેા વસા, વાટ વાંકી ઘણી વિકટ વાંટા,
બિણુલ સૂકાં બળે લક્ષ લાગે નહીં, ચેાહ પથ્થર પડે છે છેક છાંટા;
રેત પીલ્યા થકી તેલ તે કયાં થકી, અધિક અંતર વિષે આડ આંટા,
રામને કામ છે સાથ રાવણુતણે, ખાવેા છે ગુદ મહિં ક્રોડ કાંટા! ૧૯૫

છપ્પેા

અંગદ–અંધ થયેા દશકંધ, ધન્ધ ધારી શું બેઠેા,
કુળ અંગારેા આપ, પાપરૂપી થઈ પેઠેા;
દશ છેદાશે શીશ, દીસ થયા તુજ વંકા,
ઈશ થવા ઉફરાંટ, લક્ષ લૂંટાશે લંકા;
પુત્ર તારા પ્રાજે થશે, વિધવા નાર તારી થશે,
સમઝ મૂઢ મન મૂરખ મને, ચૌદ ચૌકડી ચેાવટ જશે. ૧૯૬

ઝુલણા છંદ

રા–શૂર સામદ છે સુભટ કેા હાજરે, વાનરેા મૂરખેા મેાજ માલે,
પૂછે ગ્રહી ફેરવેા શીશ પાછળથકે, વખાણુનાં નામની લાણુ આ લે;
કેાડ પહોંચાડેા કરતૂક એના તણાં, જીભ ઝાલી કરી ચિત ચાલે,
સેન એનું જુવે તેમ કટકા કરેા, પેસવા લંકમાં ન કેા હામ ધાલે. ૧૯૭
અં–સૃષ્ટિ બ્રહ્માતણી સરજિયેા કેા નથી, રામ સેવક તણે મુખ બેાલે,
ત્રિલેાકના નાયનાં ચરણ સેવું અમેા, તેહ પ્રતાપ તું કેાણુ તેાલે;
રાવણ રંક જાણી તને ગુજરું, લંક ઉદવસ્ત કરું ખાંત બેાલે,
સામળતણા સ્વામીની રેણુ વંદનથકી, લેઉં વેંચાથી હું માન મેાલે. ૧૯૮

કવિત

રાવણ–અર્ણવકેા નીર આટે, કનકકેા દુર્ગ કેાટ,
ઓટ એકે નહીં લંક, દેખનેકી જાત્રહૈં;
ઓલગ કરત ઇંદ્ર, અહર્નિશ દશ દીશ,
ભુજ બીશ ઈશ ધીશ, પૂજવેકેા પાત્રહૈં;
સામલકે સદા જોર, સાત લાખ પુત્ર કેાર,
તેાર ટેક દેખ મેરેા, પ્રૌઢ ગુન ગાત્ર હૈં;
બાલ સૂત બાલકેરે, ઉતારું અંકાર તેરે,
મેરે આગુ રામ લક્ષ્મન, માનવી કુન માત્ર હૈં. ૧૯૯

અંગદ–રઘુવંશી રઘુપત, નિર્મળહૈં જાકી મત,
સેનાપત સુગ્રીવ જેસેં, જુક્ત જોડ જોડ હૈં;
શુભકે સુભટ સિંધુ, લક્ષ્મનકે બાંય બંધુ,
ઇંદ્રુપત અજોધાકે, બંદી છેાડ છેાડ હૈં;
સેવકકું સાધારન, દુષ્ટનકું નિવારન,
તારક કવિ સામલકેા, હિત હેાડ હેાડ હૈં;
પતિતકેા પાવન ગુની, જન જશ ગાવત,
રાવન જેસેં રામ અંગે, રામ કેાડ કેાડહૈં. ૨૦૦

છપ્પેા.

રાવણ–દશે શીશ ભુજ વીશ, ઈશનેા આદ્ય ઉપાસી,
ધરે છત્ર શિર ચંદ્ર, ઇંદ્ર ઘેર ખાસ ખવાસી;
વરુણ ભરે નિત નીર, વીર કુંભકર્ણ અભીતેા,
અગ્નિ નિપાવે અન્ન, તન જેણે શકકું જિત્યેા;
બ્રહ્મા ભણે ઘેર વેદ, ઓદ કરે નહીં કેાઈ,
વિષ્ણુ માને શરમ, કરમ જોરાવર હેાઈ;
રછપતિ જમરાય, વાયુ ભુજ મહેલ સમારે,
નવ ગ્રહ કરે સબ સેવ, દેવ જુદ્ધસેં હારે;
કહે સામળ સમૃદ્ધ ધણી, શશિલંક ઘેર ગામડાં,
રાવન કહે અંગદ સુનેા, કેાન માત્ર હૈં રામડા. ૨૦૧

અંગદ–મનિકે આગે મેાહેાર, મેર આગું જ્યેાં કંકર,
રાયકે આગું રંક, લંક આગું જ્યેં છપર;

પંડિત આગું ભેદ, ખેદ આગું જ્યૌં જેનો,
કુંજર આગું કીટ, ગીત આગું જ્યૌં રોનો;
લછ્મન આગે કુંભ, કેાયલ આગે જ્યૌં કગ્ગા,
સિંહકે આગું શ્વાન, હંસ આગું જ્યૌં બગ્ગા;
અમૃત આગું બિખ જ્યૌં, ઈશ આગું જ્યૌં ખાવના,
અંગદ કહે એહી પટંતરે, રામકે આગું રાવના. ૨૦૨

ઝુલણા છંદ

રા–કોડ તેત્રીસ તો દેવ સેવે સદા, સાત સાગરતણી ખાડ ખાઈ,
ધરસૂત્ર કંચનતણા પુત્ર શત લખસવા, કુંભકેા પ્રાકમી ભરત ભાઈ;
દશ શીશ વીસ ભુજ બાહુબળ બળ ઘણું, જગત જીવે મારા ગુણ ગાઈ,
અંગદ અંગ શતખંડ તારાં કરું, રામની વાનરા શી બડાઈ. ૨૦૩
અં–શેષની આગળે અળશિયાં જ્યમ ફરે, સિંહને આગળે શ્વાન સોનું,
કંચન કથીર જ્યમ કેળ ને કાચકીને, અમૃતરસ આગળે વિખ્યેાણું;
વેદ જોડે જ્યમ ભેદ પાખંડના, દર્શન આગળ જોષ જાણું,
રામજી આગળે રાવણ ત્યમ તમેા, ગાનગુણ આગળે રાંડરેાણું. ૨૦૪

કવિત

રા–ચલતી હેં આગું, આગું બનચર જીભ તેરી,
ગુદર્તા હું ગુહ્ના તેરા, પશુ જાત જાની મેં;
બહાવરે આગું કહેં, બાત તેા બનાય બડી,
મેરે આગું સ્વલ્પ સબે, પથર જ્યું પાનીમેં;
અનમિ અહંકારી નૃપ, નવખંડ ભૂમિમેંકે,
બલમેં બતા કેા દેઉં, ભુજ સમેા માની હેં?
તેરી તે રસનાહિ મેં, તાલુસેં નીકાલ ડાલું,
બાંદરેલ તેલ કાઢું, પીલું ધાલ ઘાનીમેં? ૨૦૫
અં–મેરી તેા બલાય બેાલે, મૂરખકે ભૂપ આગું,
ચલતા ચેતાય તોકું, જો તું ચિત્ત ચહાયગેા;
ખાવન હુકમ નહિ, તેરે સાથ લઢનેકેા,
નાતરુ સમઝાવું તોયે, આપ દુઃખ પાયગેા;
બતાઉં ઉપાય એક, રાવન તું ઉગરે તેા,
સીત દેકે શીશ નામ, શેષ ગુન ગાયગેા;

સામલકે સ્વામી સાથ, રાવન તું રહ્યા રહે,
અંગદ કહે અંધ તુહી, બોત માર ખાયગો. ૨૦૬

ઝુલણા છંદ

રા–દેવ દાનવ સહુ જિતિયા જગતપત, આણ ત્રણ લોક અહંકાર મારો,
સૂર્ય ને ચંદ્રમા ઇંદ્ર તે જિતિયા, શેષથી આદ્ય સંસાર સારો;
પશુ પંખી માનવી દેવ ને દાનવી, ચેતરે ચિત્ત ચિંતવ્યો ચારો,
રાવણ કહે અંગદા એક છે જિતવો, ભૂપતિ નરપતિ રામ તારો. ૨૦૭

અં–રામ અજિત એ કોણે નથી જિતિયો, વેદ વચનથકી થીર થાપી,
તમે કહ્યા જેટલા તેટલા કિંકરા, અલખત ભોગવે એની આપી;
ભક્તવત્સલ એહ નાથ અનાથનો, નાંખે કોટિક કલિ કષ્ટ કાપી,
સામળતણાં સ્વામીને સાધુજન ઓળખે, પ્રીછે નહીં રાવણો દુષ્ટ પાપી. ૨૦૮

રા–હડહડ્યો દશાનન દશ વદનથકી, તારા તનનું તોલ તોલ્યું,
તાતના વેરથી તન વધાર્યું તુંએ, ગુણપણું તારું ઘેર ઘોલ્યું;
માંકડતણો મહિપતિ કહે તું તે નરપતિ, જોગ લીધો જેણે રાજ રોળ્યું,
બાળબુદ્ધિ ડહાપણ અલ્યા તાહરું, તાત વાળીતણું નામ બોળ્યું. ૨૦૯

અં–લંક બાંધી બળી તોય સમજ્યો નહિ, અશોક વાડીતણો શોક કીધો,
આળપંપાળ કર્યાં નીર અર્ણવતણાં, પ્રૌઢ પયોનિધિ પાજ પીધો;
કુંવર તુજ રત્નસ્થો રણમાં રોળિયો, સીત આણ્યાથી શો લોભ લીધો,
જો વિભીષણ મળ્યો ભ્રાત રઘુનાથને, દેશ લંકાતણો નાથ કીધો. ૨૧૦

રા–કહે એક પુત્રથી આંહિ ઓછું કશું, જેમ પટ આગળે એક ધાગો,
સમૃદ્ધ ધણી ભાઈની ભોમ લીધી અમો, એક એકાકીએ ભૂર ભાગ્યો;
રત્નચિંતામણી ખાણ કંઈ કોટિધા, નાગા નર જોવાને એક વાગો,
સિંધુમાં બિંદુ મુંડામાંય મુઠડી, "એક ખજુરાતણો ચરણ ભાંગ્યો!" ૨૧૧

અં–દુષ્ટ દુર્જનને સજ્જન તે કહ્યો, ભ્રષ્ટ પાપિષ્ટ આચાર કહાવ્યો,
જાર જન જુવતીને જનેતા કહે જ્યાં, જાર તે શું કરે ચિત્ત ચહાયે;
અધર્મી અકર્મી ધર્મ ધારે નહિ, પાપની બુદ્ધિનો પાય પાયો,
નકટ પૂઠે વક્ષ બાવળ ઉગીઓ, "તો કહે મારે ઠીક છાયો!" ૨૧૨

રા–આપનું નામ બોલ્યું બુદ્ધિહીણ તેં, સેવક થઈ શત્રૂને રહે છે શરણે,
પેટને કાજ પ્રપંચ એ સ્યો કરે, વખાણ કરે વેરીનાં વિવિધ વરણે;
લાજરે લાજ કંઈ માલ હોય મૂળમાં, તાત હણનારનાં ચાંપે ચરણ,
અંગદ તુજ સમો અખિલ અવનિ વિષે, કપૂત નથિ સાંભળ્યો કોઈ કરણ! ૨૧૩

છપ્પય

અંગદ–કપૂત નામ તો તેહ, સંતાડે સીત સતીને,
કપૂત નામ તો તેહ, જપે નહીં જોગ જતીને;
કપૂત નામ તો તેહ, રામ શું રાઢે રીઝે,
કપૂત નામ તો તેહ, ખરું કહેતામાં ખીજે;
અહંકારી વિચારો એ આપમાં, મોતં ભાગ મનમાં બિયો,
સામળ કહે સેવક રામનો, કપૂત રાવણથી બીજો કિયો. ૨૧૪

રાવણ–બોલે બીજો બળવંત, મુછાળો હોયે મારું,
પૂછાળો મારે પાપ, હોડ તે માટે હારું;
વાનર વનચર જાત, જનાવરપર શો જોરો,
શત્રુને રહે શરણ, તેહ ઉપર શો તોરો;
કાન કાસદીઆ તણા, છેદેથી મોટમ નહિ મૂને,
લંકપતિ કહે રે લંગુરિયા, તેથી જીવતો મુકું તૂને. ૨૧૫

અંગદ–જોનાર મુજ સામું કોય, નથી જન્મ્યો કો જાતે,
જોનાર મુજ સામું કોય, સુંડ નથી બાંધી માતે;
જોનાર મુજ સામું કોય, નથી સરજ્યો બ્રહ્મસૃષ્ટે,
જોનાર મુજ સામું કોય, નથી વર્ષ્યાં કો વૃષ્ટે;
મુજ સામું નથી બોલતો, જીવ રહ્યો ત્યાં જડી,
બોલે આયુશ આવિ રહ્યું, જમલોક પહોંચાડું તે ઘડી. ૨૧૬

રાવણ–જમ ચોકી કરનાર, લંક ફેડે હરનીશે,
ગ્રહે ન દે કોઈ નામ, વરદાન એ આપ્યું ઈશે;
ચાંપે પનોતી ચરણ, કરમ કર જોડી રહે છે,
અષ્ટોત્તર શત વ્યાધ, ખમા ખમા નિત્ય કહે છે;
નિકટ મોત નહીં નગરમાં, માઝા. કુણ લોપે મારી,
જશવંતા રાવણ જીતે જશ, જુગ બાધામાં જરી. ૨૧૭

અંગદ–ઈશ હતા તુજ શીશ, તે ગુણ ઘાટ ઘોળાણું,
ચૌદ ચોકડી રાજ, રિદ્ધ સિધ સર્વ રોળાણું;
આયુશ થઈ ગયું અલ્પ, સતી સીતાને શાપે,
પરવાર્યું જપ પુણ્ય, પ્રેમદા હરિ તે પાપે;
દિવસ બે ચાર દશ બારમાં, લંકાગઢ તારું ગયું,
હજુર મોત આવ્યું હવે, રાજ વિભીષણનું થયું. ૨૧૮

રાવણ–વિભીષણ ફેરી ભોમ, લક્ષ્મી મેં લીધી લૂટી,
પ્રેમદા સહિત પરિવાર, કહાઢયાં લંકાથી કૂટી;
પોઢી પંચાણું ફોટ, ઝવેરખાનું જે જાણ્યું,
એ ફુડે અશ્વ ને રિદ્ધ, અલખત સર્વે ઘેર આણ્યું;
સજ્જન દીધા એના શૂળીએ, જમલોકને તે જઈ મળ્યા,
મૂરખ મન વિચારં કર, પ્રથમ રામ તેને ફળ્યા. ૨૧૯

અંગદ–લોભીને શી લાજ, નિર્લજ્જને શી નરનારી,
પાપીને શું પુણ્ય, અધર્મિને શો ધર્મધારી;
વ્યભિચારી શો વિવેક, શી ભગિની શી માતા,
ચંડાળતણું શું ચિત્ત, કાં પિતા કાં ભ્રાતા;
લોભી લંપટ નીચ નર, કુળમાં અંગારા અતિ,
સકળ સજ્જન સંહારવા, મોટા અવતર્યા મહીપતિ. ૨૨૦

રાવણ–લંકાની લીલા લહર, મૂર્ખ ત્યાં તું નહિ માયર,
કનકકીરમય ફોટ, શોભિત તે પેઠે સાયર;
વરુણ વાયુ કુબેર, અધિક ભેટો તે આપે,
દિવાકર દશ દિક્પાળ, વચન મારું થીર થાપે;
છન્નુ ફોટિના છત્રપતિ, કિંકર કર જોડી રહે,
રિદ્ધિ સમૃદ્ધિ રાવણતણી, લંગુર જાતે તે શું લહે. ૨૨૧

અંગદ–સાત લાખ સીન્તેર, પુત્ર તારા છે પ્રૌઢા,
ઇંદ્રજિત કુંભકરણ, જુગ જાણીતા જોડા;
બાહુ ફોડ બળવંત, શોભિતા સામદ સાથી,
છંનુ ફોટિ છત્રપતિ, ભારે ભૂમિપતિ ભાથી;
એ સર્વેને સંધારવા, પાપે કુંભ ભારે ભર્યો;
હૃદે વિચાર રે રાવણા, કાળ રૂપે તું અવતર્યો. ૨૨૨

ઝુલણા છંદ

રા–આખલાં ઓઢવા ઉખરાં વીણતાં, લાવિયો વાનરાં વેર લેવા!
માંકડાં રાંકડાં રીંછડાં પીંછડાં, સિદ્ધ જાણી કરે અહ સેવા!
હુકતાં કુદતાં દુકતાં પ્રુદતાં, જિતવા આવિયા જોધ જેવા!
નરપતિ છત્રપતિ ઇંદ્રપતિ પાસથી, સીતને પામશો તર્ત તેવા! ૨૨૩

અં–લોક કહે લંકપતિ ફોક મારે મને, અશોક શોકવત નગર નરખું!
લંકનો વંક તે અક રજ રંકવત, નિશ્શંકપે પૂરો પંખ પરખું!

ઇંદ્રજીત કુંભકાં તુંબકાં તોલવત, હુંબકાં દેખીને હિત હરખું!
ચરવણું ચાવણું ભૂખનું ભાવણું, રાવણ ધાવણું બાળ સરખું! ૨૨૪

છપ્પા

રાવણ–જુઠું બોલ્યાનું જોર, તોર દીસે છે તારો,
રખે વખાણો રામ, મેળ નહિ આવે મારો;
એવા લક્ષ કરોડ, હોડ કરંતાં હાર્યા,
નમ્યા તે જીવ્યા જંન, માન કર્યું તે માર્યા;
ડહાપણ ડીંગ માર્યાતણું, ગાહડ ગુણ તુજમાં ઘણું,
શું વિખાણ કરે વાનરા, રામતણું મોટમપણું. ૨૨૫

અંગદ–કુબેર તણાં વિમાન, સુખસાગર સુખ સેજે,
ઝવેર જડિત્ર મહેલ, તપે તરણીવત તેજે;
સાઠ લાખ શ્યામા સહિત, હીંચે હીંચોળા ખાટે,
અલખત અપરંપાર, પુખરાજ પરવાળાં પાટે;
દશાનન તુજપર દયા, અંગદ કહે આવે મૂને,
લગુર લંકા લખ લૂટશે, તે માટે કહું છું તૂને. ૨૨૬

કવિત

રાવણ–આવ્યા છો અનેક જન, વાનર વિવેક વિના,
ખાસો મોકમ માર સૌ, જાસો જીવ ખોઇને;
સેવો છો શું જાણી એને, રાજ ભ્રષ્ટ થયો રામ,
ગામ ધામ કામ કુળ, રહ્યો ધર્મ ધોઇને;
સિદ્ધિપણું રિદ્ધિપણું, નિધિપણું નેક નહીં,
સેવક કે શહાનેકી, કર નહિ કોઇને;
સતી સીત હરી જ્યારે, તોલ અમો કર્યું ત્યારે,
જીવતા મેલ્યા તે દીસ, શીશ જટા જોઇને. ૨૨૭

અંગદ–રક્ષપતિ તારા તે, મારા લેખામાં કુણ,
મરોડીને લેઉં મામ, દેઉં માર માર માર;
કનકના કોટ ઓટ, દપેટી દેવટ કરું,
ફરું હરું ફોજ માંય, ભાંજુ ભાર ભાર ભાર;
ચેતાવું અચેત તુંને, ચેત ચેત ચેત ચિત્ત,
આયુશનો આરો તારો, પામ્યો પાર પાર પાર;
રામચંદ્ર રાજ રૂઠ્યો, કામી તારો કાળ ખુટ્યો,
લંકાસરખી લાખ તારી, લૂંડું લાખ લાખ વાર. ૨૨૮

છપ્પા

રાવણ–રામના દંતમાં દેઈ, સિતાજી હું હરી લાવ્યો,
રોતો ફરતો રાન, દશ માસે અહિ આવ્યો;
પામરફેરી પેર, ભીખારી ભાવે ભમતો,
માંકડ કુકડમાંય, રહ્યો રાજી થઈ રમતો;
મરદ મૂછાળા પાસથી, કઠણ લેવી છે કામિની,
જાઓ જાઓ મુકું જીવતા, જરૂર આજની જામિની. ૨૨૯

અંગદ–મરદ મૂછાળો હોય, તેહ શિદ થાય ભિખારી,
નરપતિ હોય નરેંદ્ર, ચોરે તે કાં પરનારી;
સામદ હોયે શૂર, રિદ્ધિપતિ રાવ કે રાણા,
તે શિદ પાડે ક્ષુભ, કાર્મુક કર ચંપાણા;
ઉંચા અધર્મ નવ આચરે, ભુંડા બોલે ભાંડમાં,
તોલ ધટે તુંને મારતાં, રામને મન તું રાંડમાં. ૨૩૦

રાવણ–સાત લાખ છે પુત્ર, એક મારે શું થાશે,
લાખ અંશી હજાર, જામાત્ર પ્રૌઢ છે પાસે;
એક વિભીષણ ભ્રાત, ભૂર ભૂંડો થઈ ભાગ્યો,
જ્યમ ચુડેલનો પાગ, પટ આખે એક ધાગો;
લંગુર મૂઢ લવરી કરે, મમત ન મૂકે મનમાં;
કાસદ કિંકર ક્યમ મારિયે, તોલ વિચારું તનમાં. ૨૩૧

ઝુલણા છંદ

અંગદ–કુંવર લાખ તારાફેરી કામિનિ કરું, વાંઝણી એટલી ધીર ધારું,
શ્યામા સાઠ લક્ષ તરુણ ઘર તાહરે, ગર્ભ ગાળું રડે તુજ સારું;
ક્રોડ બળવંતનો અંત આણું અલ્યા, હોડ હઠ ક્રોડથી નવ્ય હારું,
રામ રજઅંશ એ પુણ્ય પ્રશંસ, કરું હુંય નિર્વંશ એ નગ્ર તારું. ૨૩૨

રાવણ–માંકડાં રાંકડાં જા ઘેર જીવતો, વાંકડા ફાંકડા બોલ કેવા?
કાયાતણા કટકડા ક્રોડ કરાવશે, વનચરા પાસથી લાણ લેવા;
મૂખતણા મટકડા ભાવ ભૂલી જશો, ચટકડા સેવશો સિદ્ધ સેવા,
લટકતાં શીશ રેશે ધડ જુજવાં, રામ નહીં આવશે હાથ દેવા. ૨૩૩

અંગદ–રાંકડો જાણિ કહે તું મને માંકડો, આંકડો મેલશો તોજ જીવો,
સંકટ ઘણું સાંકડો પાપ પૂરણ ઘડો, ચોર ચિત્તે ચઢ્યો કાજ કીવો;

પાપ પાસે પડ્યો ઘાટ તારો ઘડ્યો, સીત હરવા અડ્યો ઝેર પીવા,
માન મોટમ મોટ્યો આયુષ્ય અવશ્ય ઘટ્યો, વંશ વર્ત્યો નહિ સાખ દીવા. ૨૩૪

રાવણ–ક્રોધ પૂરણ કરી રાય બોલ્યો ફરી, હઠ કરી તું હરિ ધીર ધારી,
દૃષ્ટિ જો મેં કરી, જાશે તું સહજ મરી, શું જાવું નથિ ફરી પુઠ પારી;
ખાંત રાખે ખરી તો રહે નહિ ઠરી, રીસ ભુંડી ભરી માન મારું,
વાત તારી સૂણી ભ્રાંત નહોતી કરી, જાન જોખમ કરું તર્ત તારું. ૨૩૫

છપ્પય

અંગદ–રામચંદ્ર પરતાપ, કોણ મુજ સામું જોશે,
રામચંદ્ર પરતાપ, જીવ નિજ દુશ્મન ખોશે;
રામચંદ્ર પરતાપ, કોણ મને શસ્ત્રજ મારે,
રામચંદ્ર પરતાપ, કોડ તુજ સરખા હારે;
શ્રી રામચંદ્ર પરતાપથી, જળને સ્થાનક સ્થલ કરું,
કવિ સામળ અંગદ કહે, કહે તો આભ ઉંડળ ભરું. ૨૩૬

ઝુલણા છંદ

રાવણ–હવણાં તો વંશ ગયું અલ્યા વાલીનું, મરત છે ઢુંકડું તરત તારું,
તાળવે જીભ કાઢું તજી તાહરી, હજુ લગી દીલમાં ધર્મ ધારું;
ચરણ ગ્રહી ફેરવું તરણવત તુજને, રામ ગુણ ગાય તો નિશ્ચે મારું,
આકાશ ઉડાડશું પવનવત પલકમાં, દેખશે દળ કપિસેન સારું. ૨૩૭

કવિત

અંગદ–ગયો તેરો તેજ સબે, હેજ હેતકારી કોય,
ગયો દમ નામ ઠામ, ગયી કીર્ત કેહનેકી;
ગયો ઘરસૂત પૂત, અરથ ગરથ ગયો,
તખત અલખ ગઈ, તર્તીબ જ્યોં તાનકી;
ઘોડે જોડે ગયે પોઢે, ગયે પરતાપ તેરે,
હાથી સાથી ભાથી ભૂપ, મમત ગઈ માનકી;
જાન ગઈ જોખમ ગઈ, રાજરિદ્ધિ રોખ ગઈ,
જ્યા દિનતે લ્યાયો મૂઢ, જગતમાત જાનકી. ૨૩૮

છપ્પો

રાવણ–રામતણા ગુણ ગાય, છેક તેરે કયમ છાનું,
રામતણા ગુણ ગાય, મૂઢ તે કયમ હું માનું;

રામતણા ગુણ ગાય, વચન માનું કિમ તારું,
રામતણા ગુણ ગાય, ડગે કિમ મનડું મારું;
અલ્યા રામતણા ગુણ ગાયા થકી, જોખમ તારે જાને થશે,
ઉડાડી દેઉં આકાશમાં, એટલે રામચરણે જશે. ૨૩૯

અંગદ–ગયું રાજ ઘરસૂત્ર, પુત્ર સહોદર સાથી,
ઘોડા જોટા જોખ, રોખરિદ્ધ વિધ હિત હાથી;
ગયું તેજ હિત હેજ, સિંહાસન વિમાનવાસી,
દેવ કરતાતા સેવ, ગયા દિવાન ને દાસી;
પુણ્ય સર્વે પરવારિયું, મમત ગયું મૂઢ માનની,
વળી ઇશ ગયા તૂજ શીશથી, જે દિન લાવ્યો જાનકી. ૨૪૦

ઝુલણા છંદ

રાવણ–પૂત કપૂત તું કૂળ લજ્જામણો, ભૂપ સાથે ભિડે બળ ભારી,
નરપતિ દીકરો દૂત થઈ આવિયો, ટેક તરખીબ એ જોઈ તારી;
ક્રોડ બોતેર ને પદ્મ અઢારમાં, રામ ને લક્ષ્મણ કારભારી,
એ સર્વ ગર્વ તે સેલ મારે મને, ચિંતવું તે દિન ચાર મારી. ૨૪૧

અંગદ–ઇશના ઇશને શીશ નામ્યું હશે, રીસ ખમું તારી તેહ માટે,
જંગદીશ એ શીશ છેદશે તાહરાં, વેદ વહ્યા જશે સ્વર્ગ વાટે;
હરનિશ દિનેશ જે દીપ દેખાડતો, તે તળ્યું આજથી જ્ઞાન ઘાટે,
વીશ વસાએ લક્ષ્મી જાતી થઇ, સીત હરી તેહ પાપ માટે. ૨૪૨

છપ્પો

રાવણ–રાંક ઉપર શી રીશ, કરવી તે ન ઘટે મુજને,
દેઉં છું જીવતદાન, જીવતો મૂકું તુજને;
કાસદકેરા કાન, વાઢતામાં હું લાજું,
તરણાપર શો ટેક, દીલ મારામાં દાઝું;
તું બુદ્ધિહીણ બકતો રહે, કૂથલી શી ઝાઝી કરે,
ગમાર જાણી નહિં ગુંદરું, ફરી બોલે નિશ્ચે મરે. ૨૪૩

ઝુલણા છંદ

અં–વૈષ્ણવ વિપ્રના વંશમાંહે તમો, જન્મ ધારી ઘણું ચિત્ત ચહાવું,
કરતાં ઉપદેશ કદાચ તું ઉગરે, સહજના સંગમાં ગંગ નહાવું;
મૂરખને મન તે શીખ શોભે નહીં, બેહેરા આગળે કોણ ગાવું,
શીખની રીત શી રાવણ આંગણે, "ગાંઠનું ખાઈ ઘેલા સાથ જાવું." ૨૪૪

છપ્પો

રાવણ–પેલી મહેલી સીત, અશોક વન વારુ વાડી,
ત્યાં છે અટપટી જાગ, ખેલ રત્નાકર ખાડી;
લક્ષ્મણ સરખા કોટ, રામ સરખા બહુ રાજા,
જાવું ન પામે કોય, જંત જોરાવર ઝાઝા;
તું કિંકર થઇને કરગરે, કર ઓઢે ભીખારી થઈ,
જો બળ હોય બુદ્ધિ હીણમાં, તો તું તેડી જા તહી. ૨૪૫

કવિત

અંગદ–પૂર્વ જન્મ પાપ થકી, સીતાના શાપ થકી,
અકલ ઓછી આપથકી, સેજ પડ્યો શૂળમાં;
અક્ષરના અંકથકી, વિધાતાના વંકથકી,
રંજાડ્યા કો રંકથકી, ધન મેળ્યું ધૂળમાં;
અહંકાર અતિ આણ્યાથકી, મમત મૂઢ માણ્યા થકી,
નિરગુણ નાણ્યાથકી, તણાયો તું પૂરમાં;
છેક બુદ્ધિ છોછી થકી, અકલ આપ ઓછી થકી,
રાવણ તેં હાથ ઘાલ્યો, ગોખરુનાં મૂળમાં. ૨૪૬

ઝુલણા છંદ

કવિ–દૃષ્ટિ ભુંડી કરી રીસથી રાવણે, રાજમદ જોરથી રાજ રૂઠ્યો,
જવું ન પામે હવે જીવતો વાનરો, એમ કહી આપ અધિપત્ત ઉઠ્યો;
ગુરજ ગુપ્તિ ગ્રહી સામટો સંચર્યા, કોટ કોટવાન જમ રાફ છુટ્યો,
પુત્ર વાળીતણો વીંટીઓ વિધવિધે, બાણનો શીર વરસાદ વુઠ્યો. ૨૪૭
હાલક હુલક હલકાર, હળ હળ થયો, માર મારો કરી ભુંડ ભક્ષા,
અધિપતિ આજ્ઞા કોણ લોપી શકે, શૂર સામદતણી દીધ શિક્ષા;
વીંટીઓ વાળીસૂત ઘેર ઘુમ્મર ઘણે, રીસ તે દનતણી ક્રોધકક્ષા,
લખવસા લાજ કોણ લઈ શકે એહની, જેહને શીર શ્રીરામરક્ષા. ૨૪૮
એક શ્રીરામનું નામ રસના જપે, જન્મ કોટિતણા તાપ ત્રાસે,
એક શ્રીરામનું નામ રસના જપે, અષ્ટ મહાસિદ્ધ નવનિધ વાસે;
એક શ્રીરામનું નામ રસના જપે, નિમિષમાં પાપના ઓધ નાસે,
એક શ્રીરામનું નામ રસના જપે, ઐસી વૈમાન વૈકુંઠ જાસે. ૨૪૯
શ્રવણે સુણે રામનું નામ જે સ્વપ્નમાં, તેહને ભવતણી ભીડ ભાજે,
ઇંદ્ર કંઈ કોટિધા તેહ નરને નમે, છત્ર ચિંતામણિ છાંય છાજે;

અચળ ને અમર વૈભવ વૈકુંઠના, અનહદ નાદનિ વેણુ વાજે,
ઉણમ કશી તેહને દેહમાં દુઃખ કશું, સામળતણો સ્વામી જે શીશ ગાજે. ૨૫૦

અં–રીજ કે ખીજથી રામહૃદે રહે, જપ જાપ કે તપને મૂળ માને,
દેહ દાતાર નવ રામ કોડે કહે, સમજ્યો તે ઘણું શાસ્ત્ર શાને;
ઓધારિયા આપ ઇકોતરાં તે નરે, પોખિયો દેહ અમૃત પાને,
મરણ સમયાંતરે કરણ કિંચિત સુણે, યમદૂત નાસે જ્યમ હરણ રાને. ૨૫૧

રા–શી ઝીત કિડિ પરે, કટક તે શું ચઢે, તૃણના ઉપર તે શા કૂવાડા,
રંકપર રુઠવું રાજની રીત એ, તુચ્છ પટે કશી તાન તાડા;
ગુદરું છું ગુહ્યનો વાર ધણી થઈ, બુદ્ધિહીણા બકે બોલ આડા,
લાજ ને કાજથી મૂકું છું જીવતો, કહેશે કાસદતણા કાન વાઢ્યા. ૨૫૨

છપ્પો

અંગદ–જપે રામનું નામ, દૂત લખ જોજન નાસે,
જપે રામનું નામ, વાસ વૈકુંઠે વાસે;
જપે રામનું નામ, દોહલાં દેહવટ જાયે,
જપે રામનું નામ, અગર જળ શીતળ થાયે;
નામ જપતા જેહ જન, લજ્જા કોણ લોપી શકે,
શસ્ત્ર ઘાવ વાગે નહીં, રામ નામ જો હૃદે રખે. ૨૫૩

કવિત

રાવણ–દાવે બોલ્યો દશકંધ, ધાકડો કરે છે ધંધ,
બાંધી લ્યોને એને બંધ, મારી નાંખો મૂઢને;
ફેડી નાંખો એનો ફંદ, છંછેડીને કરો છંદ,
મોટમ એની કરો મંદ, કહાડી નાંખો કૂડને;
મૂછ પૂછ કૂછ કાપો, તન એનું તાપે તાપો,
અધિક એ લાણ આપો, પ્રાણે કરો પ્રૌઢને;
વાનરો આવ્યો છે વાસે, પોકાર કરે છે પાસે,
ઉડાવી નાંખો આકાશે, આકડાના તૂરને. ૨૫૪

ઝુલણા છંદ

અં–નામ નર કોઈનું રામ હોય રીતમાં, બોલાવતે કોટિ કલ્યાણ કાયે,
રામ કહી નહાય કો છેક જઈ છિદ્રમાં, સહેજ ફળ ગંગ તરંગ થાયે;
અજાણ કે મૂર્ખ રસનાથ કિ રામ કહે, પંચ પદારથ પ્રીતે પાયે,
સામળ કહે રામ અક્ષર એક બોલતે, દુઃખ દરિદ્ર દેહવટ જાયે. ૨૫૫

રા–આપ અજાણુ અજાણુના કિંકરા, પુત્ર અજાણુના કૂડકારી,
બાંધિયા નવ ગ્રહ જે અલ્યા બારણે, વેદ ભણે ઘેર બ્રહ્મ ભારી;
અહર્નિશા ઓળગે ઇંદ્ર ઉભો રહે, ધર્મ ધજાહલ રહ્યો ધર્મધારી,
દિલીપકુલ દશરથ દેહનો દીકરો, ભૂપ સાથે ભિડે બ્રહ્મચારી. ૨૫૬
અં–દેખ અલ્યા દાનવી, એ નહીં માનવી, એણે સૃષ્ટિ આ સ્થિર સ્થાપી,
એકવીશવાર નક્ષત્રી અવની કરી, કોટિધા ભક્તનાં કષ્ટ કાપી;
બળીને પૂછ બળ પ્રાક્રમ એહનું, ત્રણ ડગે લીધી ત્રિભોમ માપી,
અંગદ કહે કહું અજાણને કેટલું, પ્રીછે નહિ રાવણો મૂઢ પાપી. ૨૫૭

છપ્પો

કવિ–ઝળકંતી તલવાર, બાણ વરસાદ જ વરસે,
કરડંતા કરે કોપ, ધીર ધશમસતા ધરસે;
નામ ગોળા રણતૂર, માર બહુ દૈત્યે દીધા,
વીંટ્યો વાળીના પુત્ર, ધુમ્મરમાં ઘેરી લીધા;
ત્યાં માર માર સહુકો કરે, પ્રહાર પગે પાટુતણા,
બહુ અંગધ કીધા આકળો, જોદ્ધા આવ્યા અતિ ઘણા. ૨૫૮

કવિત

અં–અંગદ કહે એહિ સભામે, હું કોઉ બુદ્ધનિધ,
લૂન લખ લાજ રખે, સામદ સિફારસી;
બુઝવે વેં બાવરેકું, જીવ જાન રખો ચહે,
ભોગવેં ધરસૂત પૂત, કર કોઉં કારસી;
રાનીકો જાઓ ભહિ, કોઉં રાજખીજ નહિ,
સખીહિ સરિખ ખર, ખરી નીતિ ખારસી;
જ્યાન કહા ગુમારનકું, કાકકું કપૂર કહો,
મર્કટકું માનક કહા, કા અંધેકું આરસી. ૨૫૯

ઝુલણા છંદ

રા–એકવાર સીતા હરી, જે તું હવે ફરી, જાઉં અયોધ્યા ભણી ધીર ધાયો,
ઉદવસ્ત કરું એહની આણ જ્યાં લખી ફરે, જાણજે ભ્રાતને બાંય સહાયો;
નરનાર લખકોટિધા લંક લગી લાવશું, ચિંતવું તે ઘડી ચિત્ત ચહાયો,
અંગદા સહિત બોળું સહુ અરણવે, જાણજે કૈકસી કૂખ જાયો! ૨૬૦
અં–એ વિધે વાક્ય સુણ્યાં જવ અંગદે, ચિત્તથી કોપ ચોપાસ ચંઢિયો,
નિકટ નરપતિતણે વિકટ બહુ બોલિયો, અટપટી અંકથી આપ અડિયો;

ઝટપટી ઝાલિયો કર દશાનનતણો, ચટપટી જીભની જલ્પ જડિયો!
અં–ખોળિયું કુળ અલ્યા બાપના બાપનું, કૈકસીપેટ તું પહાણ પડિયો ૨૬૧
ક–તુચ્છકારો કરી ત્યાંથકી ઉઠીઓ, રીસ ઝાઝી કરી રિદ્ધ રાજા,
ગુદરો કયમ ગુહ્યનો એહ ગુણહિણનો, મટે મહિપતતણી એહ માઝા;
ફેરવી નઝર ચોપાસ એ નરપતે, ધસમસ્યા ધીર તરતીબ તાજા,
પ્રૌઢ આયુધ પડે અંગદા ઉપરે, માર જોરાવરી જોધ ઝાઝા. ૨૬૨
બાંધવા માંડિયો બળ કરી બહુ જણે, ચોગમાં બાણની ચોટ નાંખી,
વકારે વિમાનેથકો રાય રાવણ ધણું, શૂર સામદ કેમ રહે સાંખી;
હડબડાવ્યો ઘણું કહી હો હો કરી, તરવર્યાં જોધ જ્યમ મધમાખી,
રામનું નામ અંગદતણે અંતરે, પડે જ્યમ શસ્ત્ર અંગફૂલ પાખી. ૨૬૩
આપ જોરે કરી ઉછળ્યો અંગદો, કારમો કોપ આકાશે કીધો,
વળી ગયા હાથ તે તો રહ્યા હીંચતા, દોષી દેહવટ કરી દાવ દીધો;
બ્રહ્માંડ ભાંગી પડે એમ ભૂપર થયું, મધ્ય પડ્યાં જ્યાં શૂર સીધા,
નાઠા નૃપતિ સહિત દાનવો દશદિશા, પાંચ કોટિતણા પ્રાણ પીધા. ૨૬૪
ભુમ પડી બધા દેશમાં બહો વિધે, રૈયત ઘણું નાસવા છેક છૂટી,
પ્રાજે કરી પૂછવડે કંઇક પરાક્રમી, હિમ્મત હઠીલાતણી ટેક તૂટી;
વિદાર્યા ઘણું વાનરે નખવડે નર ઘણા, આયુષ અયુતાંતણી ખાંત ખૂટી,
વ્યાપી વાત વીપરીત સૌ વિશ્વમાં, વાનરે એકલે લંક લૂટી. ૨૬૫
નાસતા નર દીઠા ઘણા નરપતે, વાસ બાધા માંહે ત્રાસ પેઠા,
લંગૂરનું જોર લેખે લખધા લહ્યું, અહંકાર તજે કયમ એહ ઓઠા;
હુંકાર ને હોડ એ મોડ કોડે કરી, ફરી ભૂપ સભા ભરી ઘાટ પેઠા,
દંત કરડી મહા મૂછ મરડી પછી, આસને રાય બળવંત બેઠા. ૨૬૬
નાગપાશ આણિયું જોર જણાવિયું, તાણિયું બાણ ટંકાર કીધો,
ગાળ દશ વીશ ત્યાં દીધી રીસે કરી, વાળીસૂત ધુમ્મરે ઘેરી લીધો;
રા–સંભાર કોઈ ઇષ્ટને આ સમે અંગદા, પલક એકમાં તુજ પ્રાણ પીધો,
નામ ટાળ્યું તારું રામ તુજ શત્રુએ, દાદો ત્યમ દીકરો દાવ દીધો. ૨૬૭
અં–કુડ બોલે અલ્યા કુંવર કૈકસીતણા, નાક છેદન કરું નિમિષ નાથે,
જીવતાં જોર દેખાડવા માંડિયું, જોર હોતે તો વળગ્ય બાંય બાથે;
પ્રીતથી પ્રત્યુત્તર કરે તો હું પરવરું, હુકમ નથી રાઘનો તુજ સાથે,
લેખ લખ્યા બ્રહ્મતણા લક્ષવસા, રાવણતણું મોત શ્રીરામ હાથે. ૨૬૮

કવિત

રાવણ–રાવ કહેા રાવણની, રામ આગે રીસ કરી,
પરવરે પુરમાંથી, પેર કહું પ્રીતની;
જોર હોય જુદ્ધ કરેા, રાઢ રણજંગમાંય,
લક્ષ્મી સહિત લંક લીજે, જાંગીર વાહેા જીતની;
કાયર હેા સાયરથી, નાસેા નિરમાલ્ય થઈ,
નાસતાને મારું નહીં, રંક જેવી રીતની;
લખ કેાટિ વીસ વસા, ઉત્તર કહે અંગદ તું,
દેહ જીભે આપું નહીં, આશ મૂક સીતની. ૨૬૯

અંગદ–જાઉં છું જરૂર હવે, પ્રીછ્યો પૂરેા પાર તારેા,
આવી રહી રેખા તારા, આયુષના અંકની;
બારમેા છે રાહ તુંને, પનેાતી હજુર હૈયે,
વાંકા એક આઠ ઈશ, વિધાતાના વંકની;
એ તેા વાત રહી અહીં, કહેવી નથી કેાયે તહીં,
રાવ કશી રામ આગે, રાવણ તું રંકની;
વરદાન ઈશે દીધું, તુજ પાસે લાંચ લીધું,
સામળ કહે કાર્ય સિધ્યું, લાલચ મેલ લંકની. ૨૭૦

રાવણ–તરણી હણી તાટકા, રેાળ્યેા રાક્ષસ રંક જેવેા,
જે જે કીધું કામ રામે, હર્ખ હેત હાથનેા;
બાપડેા બચારેા પેલેા, ત્રિશિરાને તર્ત હણ્યેા,
દાખ્યું અને દૈવત મેં, શેાભા સમરથનેા;
જાંણુ જમનારેા પેલેા, વાંદરીના વાળિ બેટેા,
જોર તેા જણાયું એનું, દિકરેા દશરથનેા;
દેખાડરે દેહ દુજા, દશ શીશ વીશ ભુજા,
જિતવેા અજિત રાય, રાવણ દશ માથનેા. ૨૭૧

અંગદ–ત્રેાડવું તરણ તુચ્છ, જમવું ઘી ખીચડીનું,
કીડી સાથે કુંજરનું, હેાડે જેવું હારવું;
ઉષ્ણ કાળે નીર પીવું, પાપધન લેતા બીહીવું,
સહેજ દિને શ્રાદ્ધ જેવું, સેાદરનું સારવું;
સૂમને નકારેા કે'વું, દાતા પાસે ધન રેવુ,
કહેવું કથન કંથ આગે, નીર તુંબ તારવું;

સામળ કહે સત્ય માન, અંગદ કહે જ્ઞાન આણ,
રામ હૃદે ધરે એમ, રાવણને મારવું. ૨૭૨

છપ્પો

રાવણ–નથી મારતાં વાર, રંજકમાં રણ રોળું,
અગદ તારું અંગ, ચિત્ત ચાંચડવત ચોળું;
કાઢું તાળવે જીભ, વદે જો વેર વાણીમાં,
વાંદરેલ કઢાવું તેલ, પીલાવું છું ઘાણીમાં;
જોર હોય તો જુદ્ધ કરે, મુજ કિંકરના સાથમાં,
એમ કહી અંગદને તિહાં, લીધો બળવંતે બાથમાં. ૨૭૩

ઝુલણા છંદ

દશકંધ કેમે માર્યો મરશે, ચંદ્રશેખર ચરચ્યા છે ચંદન,
દશકંધ કેમે માર્યો મરશે, વૈદનાથનાં કીધાં છેદન;
દશકંધ કેમે માર્યો મરશે, નવ નાડનું કર્યું નિકંદન,
અંગદ–ઈશ્વર ગત ઈશ્વર સૌ જાણે, દશકંધ હણશે દશરથ નંદન. ૨૭૪

કવિત

રાવણ–બાંધે છે સમશેર સહુ, જુઝવાને જાય રણ,
શોભા તેમાં શૂર કેરી, ધાએ મુખ ખાય છે;
શ્યામ કહે સઉ સતી, પતિ માને આપ પતિ,
રતિવંત રામ જેવો, પાવકે પળાય છે;
દાતા દાતા કહે સહુ, બોલે ન અદાતા બહુ,
બૌ લખણ લાખ જર, દેતામાં જણાય છે;
કોટિ કોટિ કરે કામ, દુઃખથી જોડાવે દામ,
ચાડિયાની જીભ માંહે, જર તો ગણાય છે. ૨૭૫
અંગદ–ચાડિ ચતુરાઈ કહે, ચિત્ત તારા માંહે ચહે,
લે તો કહું વાત અર્થ, પરમાર્થ કામનું;
કેવું પડશે ત્યાં સાચું, કામ થાશે તારું કાચું,
રાચે રાય રાવણ તું, દેખી જોર દામનું;
ગંગા કદિ ઉલટી વહે, નવે નીર મોભે ચઢે,
પડે ધ્રુવ પલકમાં, મેરુ ડગે મામનું;
પૂર્વ રવિ પ્રાચી જાય, એટલું કદાપિ થાય,
અફળ ન જાય એક, બોલ બાણ રામનું. ૨૭૬

રાવણ–ઉગ્યો તે આથમ્યો દીસ, દુઃખવાને આવ્યું રીશ,
રીશ કરું કેત્તી તુંને, ઠગવાનો ઠાઠ છે;
આવરદા દીસે તારું, મન કામળ થયું મારું,
હારું એક વચન મૂઢ, કાસદા તું માટ છે;
જા લઇને કહે તહીં, શું બકે છે ઉભો અહીં,
જાંહે જશે જીવ તારો, લખ્યું એ લલાટ છે;
મોકલ્યો છે શીખ દેઈ, લોભે લાભ લાંચ લઈ,
એ ભલાઈ બોલે શકે, ભૂપતનો ભાટ છે. ૨૭૭

અંગદ–કીરત કરે રામની, શેષ રવી શારદા જુ,
મહા રુદ્ર ઇંદ્ર ચંદ્ર, જપ્યા જોગ જાપ છે;
વરુણ વાયુ વિશ્વેદેવ, નગ નાગ નદી નદ,
નક્ષત્ર જોતા ગ્રહ તારા, છયે ઋતુ છાપ છે;
ત્રણ દેવ ત્રણ ભોમ, ત્રણ નાદ ત્રણ વેદ,
ત્રણ કાળ ત્રણ રૂપ, અલખ એ આપ છે;
સામળ કહે અહર્નિશ, પુણ્યવંત રામ જપે,
રામ જેને નહિ હૃદે, તેનાં પૂર્ણ પાપ છે. ૨૭૮

રાવણ–રામ જપ રામ ભજ, રામ સાથે સ્નેહ કર,
રામજીને રીઝવીને, રામ રાખ્ય મનમાં;
રામ કેરુ કર કામ, રામ કેરે વશ ધામ,
રામ રામ રાતે કહે, રામ કહે દનમાં;
રામ પેં મરાવ્યો તાત, રામ સાથે કરી વાત,
જાત જશે રામ કેતાં, તેહ લાભ તનમાં;
બધો ભાવ રામ કહ્યો, અંગદ શું ન્યાલ થયો,
બીલાં કોઠાં વીણી ખાઈ, વશે જઈ વનમાં. ૨૭૯

અંગદ–કોટિ કોટિ ઇંદ્રપદ, કોટિક કૈલાસ સૂખ,
કોટિ રવિ તેજ જોહ, શુદ્ધ લોહેર ધામમાં;
કોટિ કોટિ વેદવાણ, કોટિ ચિંતામણી ખાણ,
કોટિક કલ્યાણ વિધ, વૈકુંઠના વામમાં;
કોટિ કોટિ કામધેન, કોટિ કલ્પવૃક્ષ ફળ,
કોટિક અમૃત અંત, કરુણા એ કામમાં;

કોટિ જપ કોટિ તપ, કોટિ તિર્થ કોટિ દાન,
સામળ કહે સર્વ સુખ, વસે રામ નામમાં. ૨૮૦

રાવણ–જેને મન જેશું નેહ, તેને મન મોટો તેહ,
એહ તારે દિલ વસ્યું, ચિત્ત ચોટ ચાખ્યું છે;
પૂજ્ય પદ પાગે લાગ્ય, તેહ પાસે વર માગ્ય,
જાએ માગી આપ્યો સર્વ, લાગ્ય એહ ભાગ્યું છે;
કહે લાખ લાખ વાર, મારું હૃદે રહે ઠાર,
ભાગ્યું મન ભાર કહેતે, હૃદે માંહે રાખ્યું છે;
પ્રીછે મન માંહે પેર, ગુણ જાણે ઘેર ઘેર,
જન્મ જન્મ વેર રામ, રાવણને લખ્યું છે. ૨૮૧

છપ્પા

રાવણે પૂજ્યા ઈશ, ત્યારે એ અજિત કહાવ્યો,
રાવણે પૂજ્યા ઈશ, ત્યારે સીતા એ લાવ્યો;
રાવણે પૂજ્યા ઈશ, દશ મસ્તક એ પામ્યો,
રાવણે પૂજ્યા ઈશ, દુઃખ સઘળું તે વામ્યો;
ઈશ પૂજ્યા તે પરતાપથી, રામચંદ્રને જિતશું,
દીઠા મૂક્યા છે જીવતા, એહ ધર્મની રીતશું. ૨૮૨

અંગદ–કનકેશ્વર મહાદેવ, કનકપૂરીપર કોપ્યો,
સીતા રૂપિયું વૃક્ષ, ઝેર તેં રાવણ રોપ્યો;
ખાંતે ફળ તે ખાએ, ઝેર પીધે કેમ જીવો,
રૂઠ્યો રઘુપતિ રામ, દેશમાં નહિ રહે દીવો;
નિશકુંભલા નારાયણી, જનક જનેતા જાણજે,
માતા હરવા તેં મન કર્યું, મોત અખુટે આણજે. ૨૮૩

ઝુલણા છંદ

રા–વાત વિવેકની તે તું શઠ શું લહે, જંગલી જટ કુડાં કર્મ કૂટે,
આકના તૂરની પેર ઉડી જશો, જે દિવસ માહરાં બાણ છૂટે;
જનવર જાણીને મૂકીએ જીવતો, લાજ લંગૂરની કોણ લૂટે,
પ્રાજે ઠરી નાંખશે પલકની પલકમાં, એકલો ઇંદ્રજિત આપ ઊઠે. ૨૮૪

કવિત

અંગદ–માન કર્યું મૂઢ મતિ, જ્ઞાનહીણ ગૂઢ ગતિ,
શ્રાપ દીધો સીતા સતી, પડ્યો પાપ પાશમાં;

મોકલ્યો કાસદ કામે, હુકમ ન દીધો રામે,
નહિ તો વાસું ઠામ ઠામે, વાનરાં અવાસમાં;
હૃદે નથી રહેતી રીશ, ત્રોડી નાખું તારું શીશ,
ભાગું ભુજ વીશ હજુ, હેત રાખુ હાસમાં;
ભલપણ ભાખું ભાખ, શસ્ત્રતણી દેઉં સાખ,
ઇંદ્રજિત જેવા લાખ, ઊડાડું આકાશમાં. ૨૮૫

ઝુલણા છંદ

રા–ડેંડરાં દાદુરાં ખેલતાં ખાબડે, તેહને હોંસ થઈ સિંધુ તરવા,
કાગલાં બગલાં મેડકાં માણતાં, ચાહ્ય તે ચિત્ત મોતી જ ચરવા;
કાપડ્યાં બાપડિયાં ડાભડાં પહેરતાં, આવિયાં ઊંડળે આભ ભરવા,
કીડને પાંખ આવી તે તો તરફડે, મરણ આવ્યું માથે મેલ મરવા. ૨૮૬

કવિત

અંગદ–લાખવરાં દૂધવડે, કાલવીએ કાજળને,
બામતા ન શમે તેની, કાલવતાં કાયરી;
બ્હેકની બરાસ માંય, લસણ લોટાઓ લાખ,
ગંધ ગુણ ઘણી ઘણી, શોભે નહીં સાયરી;
કોટિ કલ્પ કાગ વસે, માનહિ સરોવરમાં,
થાય નહિ હંસ હેત, જુગમાંહે જાહરી;
દશકંધ ધંધ ધાયે, ચતુર ન ચિત્ત અયે,
અંગદ કહે ટેવ તેવી, કર્મ ફૂટ્યા તાહરી. ૨૮૭
ક–રીશ ચઢી રાવણને, કોપિયો કૃતાંત કાળ,
હુકમ કર્યો હાથ વડે, હઠીલે હજૂરમાં;
રાવણ–મારી નાંખો મૂરખને, મત્ત કરે માન માટ,
શું જુઓ છો સભા સહુ, શોક ભાર શૂરમાં;
શીદ એનું બોલ્યું સાંખો, ઊડાડી આકાશે નાંખો,
કાપો પૂછ કિંકરનું, નાક છેદો નૂરમાં;
વડા શું વિવાદવડે, ફરી ન કો આવી ચઢે,
પ્રાજે કરો ત્યાંય પડે, લાખીણા લંગૂરમાં! ૨૮૮
ક–શિંગાળા ધીંગાળા ધાયા, અંગદના પાણ સહાયા,
દેખે રાય રાણા શૂર, શોભા પામે સાથમાં;

ઝબકે તલવાર તીર, વીંટીઓ વાનર વીર,
અંગ શતખંડ કરે, વકારે બૌ વાતમાં;
મારો મારો કહે મૂઢ, પ્રાક્રમ દેખાડે પ્રૌઢ,
ગૂઢ ઘણા ઘાવ કરે, હથિયારાં હાથમાં;
જીવતો ન પામે જાવું, ખરે દિલે આપો ખાવું,
કીધો ક્રોડ જોધ, બળવંત લીધો બાથમાં. ૨૮૯

છપ્પા

રૂઠ્યો રાવણરાય, ધીર ધસમસતો ધાયો,
મારી મુઠ મરોડ, શૂર પૂછેથી સહાયો;
પાગરણ પરિયટ પેર, ઝાપટી ઝીક જ્યારે,
અંગદે સમર્યાં રામ, તનથી ફૂલ્યો ત્યારે;
મસ્તક પછવાડે ફેરવ્યો, સંધારવા માંડ્યો સાથથી,
સામળ કહે સેવક રામનો હઠ કરી છુટ્યો હાથથી. ૨૯૦

અંગદે સમર્યાં ઇષ્ટ, દાવ દોષીને દીધા,
પાંચ સહસ્ત્ર પ્રચંડ, કિકરો કૂટો કીધા;
પટક્યા પાપી પ્રાણ, ચંચળ કંઈ ચાંપ્યા ચરણે,
પ્રાજે કીધા કંઈ પૂછ, ધીર ઢોળ્યા બહુ ધરણે;
કરડ્યા વતરડ્યા કંઇ દંતથી, અધિક જન લીધા અંકમાં,
મડોલ થયો બહુ દેશમાં, લૂટ પડી ગઈ લંકમાં. ૨૯૧

નાસે નરપતિ નાર, રાય રાવણની રાણી,
માર માર સંભળાય, વિપરીત બોલાએ વાણી;
શેરીમાં રોયાં શ્વાન, કાગણ કળકળવા લાગી,
જાગ્યો ધુવડ ગંભીર, ભયભિત થઈ રૈયત ભાગી;
મંદોદરિએ માણસ મોકલ્યાં જરૂરપણે જઇને જુઓ,
ધૂમ પડી શી નગરમાં, ઉલ્કાપાત એ શો હુઓ. ૨૯૨

ઇંદ્રજિત થઈ જાણ, અધિક ક્રોપેથી ચડિયો,
સજ્યાં અંગ હથિયાર, આપ પોતે જઇ અડિયો;
ભમર ચઢાવ્યાં શીશ, શૂર સામદ શુભ સાધ્યો,
પૂછ ચરણ પ્લવંગ, બહો જોરથી બાંધ્યો;
જ્યમ મેરુ શૃંગ પર મેહ પડે, ત્યમ મારે અંગદ ઉપર પડ્યો,
તવ કાયા લાગ કંપવા, ચતુર નર ક્રોપે ચઢ્યો. ૨૯૩

હદે સમર્યાં શ્રીરામ, કામ કીધું તે વેળા,
ઉઘ્યો ત્યાંથી આકાશ, ભૂપત સહુ કીધા ભેળા;
તૂટ્યા બંધ તરતીબ, કાયર કોટિ કંપાણા,
પૂજ્યો સભામાં શૂર, ચંડાળ ચરણે ચંપાણા;
અં–જો જોર હોય તો જુદ્ધ કરો, નહિતર આજ્ઞા દો મુને,
તું ચેત ચેતરે ચતુર નર, તરતિબવત જાણ્યો તુંને. ૨૯૪
રાવણ–નવ ગજ જેને નાક, દંત ગજ દશ દીસંતા,
ચાર હજાર ગજ ચર્ણ, હજાર હાથ હિસંતા;
પંચાણુ ગજની પુઠ, પ્રતાપ પંચાયણ પ્રૌઢો,
ત્રણ હજાર તન ટેક, જગતમાં નહિ કો જોટો;
છે કાય કારમી કુંભકર્ણની, કારણ કોયે નવ કળે,
જાઓ જંગલિયો જીવતા, ઘડી એકમાં સૌને ગળે. ૨૯૫
અંગદ–વાનર ઝેરી વછનાગ, ખાનારો ક્ષણમાં ખૂટે,
રીંછ સાપનો રાફ, તેને અડતાં તન તૂટે;
રામ કાળનો કાળ, શત્રુવટ શોભા સાટે,
તન અતલિબળ આપ, અવતાર લીધો તમ માટે;
છે જોગણીરૂપ એ જાનકી, ખાંત થકી ખપ્પર ભરે,
રણજગ રાવણ જ્યારે રોપશે, ભૂપ માંસ ભક્ષણ કરે. ૨૯૬
રાવણ–બધિ બહુ શમશેર, ઝુઝવા કારણ જાયે,
શૂરાતણાં વિખાણ, ધાઓ જે શિરપર ખાયે;
સ્ત્રીઓ સહુ કહેવાય, કોઈ એક સતી નિકળશે,
પોતાના સ્વામી સાથ, બહુ અગ્નિમાં બળશે;
વિખાણ કરે તું વાનરા, તેણે મન મારું કઢે,
મરદ મૂછાળા જાણશું, જો ઇંદ્રજિત સામો વઢે. ૨૯૭
અંગદ–અંગદ કહે સાબાશ મૂળ મન માન્યું મારું,
રણસંગ્રામે શૂર, દઢ મન રાખે તારું;
હિરણ્યકશિપુ હિરણ્યાક્ષ, વેર ઝાઝેથી વઢિયા,
સાક્ષાત્કાર વૈકુંઠ, સ્વર્ગ સમીપે ચાઢિયા;
આદ્ય અંત ને મધ્ય લગણ, સ્થિરતા મન એવું હશે,
અંગદ કહેરે સુણ રાવણા, કોટિ કલ્યાણ તારું થશે. ૨૯૮

રાવણ–રામ સરખા રણમાંય, રાખું છું હું હજારા,
અટવાશે જીવ અનેક, વાનર તે રીંછ બચારા;
ઇંદ્રજિતની આણ, હાક ફરશે રણ માંહે,
દૃઢતા થઇને પાગ, કોણ ટકાવે ત્યાંહે;
કુંભકર્ણ ભૂપ ભૂખાળુવો, દેખે તે પ્રાશન કરે,
મૂરખ મન વિચાર કર, વાનર દેખી તે કયમ ડરે? ૨૯૯
અંગદ–વાનર તે તો વાળિ, કક્ષામાં રાખ્યો તુજને,
એકસો સિત્તેર દિન્ન, મૂર્ખ કહેવડાવે મુજને;
વાનર તે હનુમાન, અશોક વન બાળ્યું જેણે,
વાનર તે નળ નામ, પહાણ તાર્યા જળ તેણે;
એ વાનર અંગદ સારખા, રંક કિંકર શું કહું કથી,
સુગ્રીવ સુભટ નર સારખા, નરપત તેં દીઠા નથી. ૩૦૦
રાવણ–રાજા કહેવાય રણમાંય, રાતે જે ધુત્રડ બોલે,
રાણા ગોલા કહેવાય, કરે વાહન જે ઝોલે;
રાજા કહેવાયે ભાટ, હીડે કવિ કીરત-કરતા,
રાજા સર્વ કોકિલ, વસ્ત્ર લોકોનાં હરતા;
અકેક ગામના અધિપતિ, એમ રાજાઓ અનેક છે,
પણ આણ સ્વર્ગ પાતાળમાં, રાજા રાવણ એક છે. ૩૦૧
અંગદ–સકળ જનાવર માંય, પ્રૌઢ ગુણ સિંહ પરવરિયો,
નવ કુળમાંય નરેંદ્ર, શેષ અવનિ શીર ધરિયો;
આઠ અધિપત માંય, મેરુ ગઢ મોટો કહે છે,
પંખી માંહે પ્રૌઢ, ગરુડ હરિ ચરણે રહે છે;
રાક્ષસમાં મોટો રાવણો, દેશમાં લંકા ગુણગ્રામ છે,
અંગદ કહે ઉતપત કારણ, સામળનો સ્વામી રામ છે. ૩૦૨
રાવણ–રામ અયોધ્યામાંય, કાલ અવતરિયો આપે,
શ્રવણ હરણ્યો તો વિપ્ર, બાણથી એને બાપે;
ખાવા પીવા જોગ, થયા જોરાવર જોટા,
કાઢી મૂક્યા વનવાસ, પ્રતાપ એ જો જો પ્રૌઢા;
કનક કુરંગ નવ ઓળખ્યો, ધાયો કરમાં ધનુષાં લિયે,
અંગદ અક્કલ ગઈ તાહરી, એ બળથી રાવણ કયમ જિહિયે. ૩૦૩

અંગદ–દશ અવતારીક રામ, નામ તે સર્વે એનાં,
પાણી પવન આકાશ, પંચમાભૂત જન જેનાં;
રસ ગંધ સ્વર સ્વાદ, જાગ્રત સ્વપ્ન મન માને,
મનસા વાચા કર્મ, વાત જન્મની જાણે;
સરજિત પાલક સંહારમાં, ભારે કરમી ભૂપ છે,
સમજ રાય રાવણ હૃદે, સ્વામી સામળનાં રૂપ છે. ૩૯૪

રાવણ–મન માનીતો તુંય, હુંય કયમ માનું સાચું,
તું કરે તરણનો મેર, મારે મન સર્વે કાચું;
સ્તુતિ કર જઈ તું ત્યાંય, તેગ શો ઝાઝો તાડો,
બાહુ બાંયે બળ હોય, તો ઈહાં આવી દેખાડો;
નાચે પૂત પોતા તણો, માતપિતા લે ભામણાં,
બારવાટ વાળાં દલે, તુચ્છ વચન ત્યમ તુજ તણાં. ૩૯૫

અંગદ–માનીતો સુગ્રીવ, સન્મુખ ઉભો કર જોડી,
માનીતો પ્રહ્લાદ, પદ્વી પામ્યો જે પ્રૌઢી;
માનીતો બળિરાય, ચતુર્ભુજ ચાંપ્યો ચરણે,
માનીતો ધ્રુવ ધીર, અચળ કરી રાખ્યો શરણે;
માનીતા મહારાજના, દર્શનથી તો દિલ ઠરે,
અણમાનીતો અંગદો, માથાકૂટ તુજશું કરે. ૩૯૬

રાવણ–રાવણ કહે રે મૂઢ, પહાણથી દીસે પ્રૌઢો,
મૂરખનો મહિપતિ, જગમાં નહીં તુજ જોડો;
નકટતણો નરેંદ્ર, અધિક દીસે છે અનાડી,
વખાણીને વાત, કરે કરવી હોય ચાડી;
જે ડાહ્યો હોય તે દલ ધરે, સંક્ષેપે શિક્ષા લહે,
અંગદ શાં વગદાં કરે, કહે કેમ ઉભો રહે. ૩૯૭

અંગદ–ઉગરે કોએક જીવ, ત્યાંય બોલીએ જૂઠું,
ઉગરે કોએક જીવ, કરિએ દીઠું અદીઠું;
ઉગરે કોએક જીવ, અકલ ફેલાવું આડી,
ઉગરે કોએક જીવ, કરિયે ચોરી કે ચાડી;
હાંકી કાઢે છે હઠ કરી, તોય ઉભો છું બારણે,
અંગદ કહે રાવણ કરં સુણ, જીવ જીવાવણ કારણે. ૩૯૮

રાવણ–ઉગારવા આવ્યો દેહે, ઉગારવાં વાનર રીંછાં,
તે ઉડશે આકાશ, કાગ તણાં જ્યમ પીંછાં;
કોય સતી નવ થાય, પતિ કો અવર મરંતે,
આપ ન ભાળે ભૂખ, પારકું ભેટ ભરંતે;
પ્રાક્રમ પરમારથ તાહરું, કુડ કપટ કરવા કામનું,
પિતા માર્યો તે પ્રીતથી, રુડું ચિંતશે રામનું. ૩૦૯

અંગદ–ઇંદ્રજિત સરખો તંન, તેહ, તુજ રણ રોળાશે,
કુંભકર્ણ સરખો જોધ, ચાંચડવત તે ચોળાશે;
સાત લાખ પ્રૌઢા પુત્ર, કાયર થઈ કૂટાશે,
રત્ન ખાણની રિદ્ધ, લંક લક્ષ્મી લૂંટાશે;
તું શિવ વરદાનથી શૂર છે, માન મગ્ન છે મનથકી,
તુજ શીશથી ઈશ અળગા થયા, સીતા હરી તે દિન થકી. ૩૧૦

રાવણ–પૂછ ઇંદ્રને વાત, હાથ દીઠા મુજ તનના,
રેશે ઠામના ઠામ, મનોરથ તારા મનના;
બાર વર્ષ જળ અંન, તજે નિંદ્રા ને નારી,
કુંભકર્ણ* સાથે તેહ, ભડે જે ભૂપત ભારી;
એકાએક કાળહોયે નહી, ભાવ અક્ષર તું શું ભણ્યો,
મુજ સાથે સંગ્રામે મળે, નથી જગમાં જનુની જણ્યો. ૩૧૧

અંગદ–ઈશતણો એ ઈશ, એ જ બ્રહ્માનો બ્રહ્મા,
અવતારિક એ અશ્વ, કંઈ મનમાં તું શરમા;
લોઢેલકડ દિનરાત, હિરણ્યકશિપુ નવ મરતો,
વરદાન હતાં વિપ્રીત, અકાર તુજ પેરે ધરતો;
તે નૃસિંહ થઈ નખે હણ્યો, તે પેરે તુજને થશે,
સામળ કહે તારા મોતની, પ્રભુએ જાગ રાખી હશે. ૩૧૨

રાવણ–રાવણ કહે રામદુવાઈ, દેઉ છું અંગદ તુજને,
પલક ટકાવે પાગ, ફરી ઉત્તર દે મુજને;
શરમ નવ રાખીશ, જરૂર કહેણ ત્યાં જઈને,
વધારજે મુજ વેર, પ્રીતથી તેનો થઈને;
જો મૂછ ધરાવે મુખ પર, નીર વધારો નામનું,
રાવણ કહે આવો અહીં, મારે કામ છે રામનું. ૩૧૩

* અત્રે ઇંદ્રજિત્ એવું નામ જોઇએ.

અંગદ–અંગદ કહે સાબાશ, હોડ હઠ હિંમત તારી,
તુજમાં પ્રાક્રમ પ્રૌઢ, ખરી નીશા થઈ મારી;
ભલું રામશું વેર, ભલું ગંગામાં મરવું,
ભલું ગયાવ્રત માંય, દંડ જે ભારે ભરવું;
ભલું પત્ર શિષ્ય ને વિપ્રથી, હોડે કોડે હારવું,
ભલું મોત રાવણતણું, જો રામને હાથે મરવું. ૩૧૪

રાવણ–મૂરખનો સરદાર, વિના બોલાવ્યો બોલે,
મૂરખનો સરદાર, આપથી અધિક અમોલે;
મૂરખનો સરદાર, કહે લવરી જે ઝાઝી,
મૂરખનો સરદાર. પ્રૌઢ સાથે હઠ પાજી;
આણ્ય ન માને રામની, જાવા મન નહિ જાણિયો,
કહે રાવણ તું મૂર્ખપતિ, પૂરણ મેં પરમાણિયો. ૩૧૫

અંગદ–રામદુવાઈ ખાઉ, જો મુખ બોલું જૂઠું,
રામદુવાઈ ખાઉં, રીશે જો તુજપર રૂઠું;
રામદુવાઈ ખાઉં, વાત કહું પૂરણ પ્રીતે,
રામદુવાઈ ખાઉં, રાવણપર રીઝું રીતે;
છે રામદુવાઈ શ્રીરામની, ચિંતવી જે દિન રણ ચઢે,
મુજને નિશ્ચ છે એટલું, દશ મસ્તક પૃથ્વી પડે. ૩૧૬

કવિત

રાવણ–નવ મળે ઓટો દામ, કામ વિવાહનું માંડે.
ઉછીનું ઉધાર કરી, ધંધે ધણું ધાય છે;
ચોર કો ચોકીમાં પડ્યો, અડ્યો સંકટમાં આવી,
છળ કરે છૂટવાનો, ચિત્ત ઘણું ચહાય છે;
કુંવારો કુંવર ઘેર, પેર-નહીં પલ્લા તણી,
કન્યાતણે કાજ, વેવિશાળિયો વહાય છે;
અકરમી નર નેટ, પૂરું ન ભરાય પેટ,
અંગદની પેરે પાપી, ઓટા સમ ખાય છે. ૩૧૭

સવૈયો

અં–ચક્રવર્તી રામ ચૌદ લોકનમેં, ચિંતવું દશકંધકું ચાકરિયા,
સિંહકો સિંહ સુરપતકો સુર, દશકંધ બાંધો તુમ બાકરિયા;

મહારાજ ધિરાજ શ્રીરામ મેરુપત, કિંકર રાવન કાકરિયાં,
કલ્પવૃક્ષ કોટિ રામ, કરુણાનિધિ, લંકપતિ લખ લાકરિયાં. ૩૧૮

છપ્પા.

રાવણ–અભાગી અંગદ અજાણ, રામની આણજ લોપે,
વિદાય થતો કરે વાત, કિંકર થઈ તુ કયમ કોપે;
મારી કાઢતાં મૂઢ, વણ તેજ્યો કયમ આવે,
શીદ ખુવે છે જીવ, કિંકરનો કિંકર કહાવે;
લવરી કરે છે લક્ષ્મણી, બહુ સ્તુતિ કરે છે બારણે,
બાળ્યા અવતાર બુદ્ધિહીણ તુજ, કૂડા પેટને કારણે. ૩૧૯

અંગદ–જઉં છું હવે જરૂર, વચન કહું છું એક છેલ્લું,
ખમું છું તારી ગાળ, મમત તુજ સાથે મેલું;
પૂછ ઘેર તારી નાર, મંદોદરી શુભ સતીશું,
કહેા તેા માંડની રાઢ, લક્ષ્મણ જોગ જતીશું;
પૂછી આવેા તમેા પુરપતિ, ત્યારસૂધી ઉભેા રહું,
એમ કરતાં તમેા ઉગરેા, ઉપદેશ સત્ય સાચેા કહું. ૩૨૦

રાવણ–અંગદ અકલના હીણ, વચન તું જો વિચારી,
નવ ખંડતણેા નરેંદ્ર, શીખ શી દેશે નારી;
રામા વશ તે રામ, કોડ વસાએ કહાવે,
પરવશ પડી તે પાશ, ઇહાં અથડાતેા આવે;
નારના કહ્યાં તે નર કરે, નપુંસક નારે જીતિયાં,
રામાને રાવણ પૂછે નહીં, એ રામતણે ઘેર રીતિયાં. ૩૨૧

અંગદ–રામતણી એ રીત, અધમતણેા ઉદ્ધારણ,
રામતણી એ રીત, દુષ્ટ દાનવ સંધારણ;
રામતણી એ રીત, સોગટી નામે ન મારે,
રામતણી એ રીત; હેતુ જનથી એ હારે;
રામતણી એ રીત છે, ભોગવે જે જેવું કરે,
એટલું કેતાં નવ ઓળખે, પાપે રાવણ તું મરે. ૩૨૨

રાવણ–રામતણી તુંને આણ, વદે અંગદ તું વાણી,
રામતણી તુંને આણ, પલક પીવા રહે પાણી;
રામતણી તુંને આણ, હવે જો જીભ હલાવે,
રામતણી તુંને આણ, જો તું ચરણ ન ચલાવે;

રામ આણથી કહે જઈ તહિં, જહિં સેન સકળ છે તમતણું,
રાવણે કહાવ્યું રામથી, મહિમા દેખાડ મોટમપણું. ૩૨૩
કવિ-ઉઠ્યો સુણી આકાશ, અંગદ અતલીબળ આપે,
મહિમા વધારી માન, રામ રજચરણ પ્રતાપે;
આવ્યો જિહાં અશોક, અલૌકિક જ્યાં છે વાડી,
દુઃખ નવ વ્યાપે દેહ, ખરી રત્નાકર ખાડી;
બેઠી સીત સ્વરૂપ તિહાં, રૂપ રઢિયાળી શુભ સતી,
પ્રદક્ષિણા દેઈ પાગે નમ્યો, મોકલ્યો છે લક્ષ્મણ જતિ. ૩૨૪
અંગદ-સાંભળજો મુજ માત, વાતમાં એહ વધાઈ,
લક્ષ્મણ સહિત શ્રીરામ, પધાર્યા ભૂપત ભાઈ;
વાનર પદ્મ અઢાર, બોતેર કોટીક સાંધી,
મળ્યો વિભીષણ ભ્રાત, પાજ સમુદ્રે બાંધી;
મેં વિવિધ પ્રકાર વિષ્ટિ કરી, ટેવ એહની ટોડિયો,
સીતા પ્રત્યે અંગદ કહે, ગઢ લંક વાનરે વીંટિયો. ૩૨૫
સીતા-સીતા કહે સુણ વીર, ધીર થઈ ધીરજ ધરજો,
જોરાવર જન એહ, કામ ઘણું પાકું કરજો;
લલોપતો નહીં લાગ, શોભે નહીં શૂરા સાથે,
મંદરચળ શો મેર, ઉપાડે છે એક હાથે;
કુંભકર્ણ કહેવાય છે કારમો, દેખે તેટલું ખાય છે,
એવું જાણી ઈહાં આવજો, રામ તો મોટા રાય છે. ૩૨૬
અંગદ-કહો તો મેરુ સહિત, ઉદયાચળ હું ઉપાડું,
કહો તો લંકપર લંક, અધિક અવનિમાં ગાડું;
કહો તો બાણું ક્રોડ, જોધને બાંધી જાઉં,
કહો તો ઇંદ્રજિત કુંભકર્ણ, દૈત્ય સર્વેને સાઉં;
મા કહો તો લંકને લૂટિયે, વસુધા વિપરીત નાંખિયે,
પણ હુકમ નથી હજુરનો, માટે સર્વે સાંખિયે. ૩૨૭
સીતા-છાંનો રે ભડ ભ્રાત, વાત શી કરવી ઝાઝી,
કરો કહ્યું તે કામ, રામ જે વાતે રાજી;
કરતા હો જે કાલ, આજ સવેળા સાધો,
દેખશે કો એક દુષ્ટ, વાયુવત્ વેગે વાધો;

ન્યાં આગન્યા માગી અંગદે, જોધ જાવા લાગ્યો જવે,
રાક્ષસીએ શુભ પાડી ધણી, જોધ તરવરી રહ્યા તવે. ૩૨૮
કવિ–માર માર કરતા મૂઢ, ધીર ધસમસતા ધાયા,
અંગદકેરાં ચરણ, પૂછ શત્રુએ સહાયા;
સહસ્ર લાખ કરોડ, હઠીલે હોડે હકાર્યા,
તીડાન તીડનો રાફ, વાનરપર વેદ વકાર્યા;
ત્રાસ પડ્યો ત્રહોં વિધતણો, દાવાદળ બહૂ દેશમાં,
દાખું લોકો દશકંધને, લંગુર આવ્યો એક દેશમાં. ૩૨૯
મોકલ્યો એક મહીપત, અેંસી લખ જોધા આદે,
બહુ વિધ મેલતો બાણ, વખાણ કરું શાં વાદે;
પ્રાકમ કીધું પ્રૌઢ, અંગદને મારવા મંડ્યો,
રૂઠ્યો તેને રામ, દુષ્ટને દૈવે દંડ્યો;
જીવતો મૂકયો એક જન, કથન રાવણને કહ્યો,
લંકા લૂંટી તારી લંગુરે, બળવંત શું બેશી રહ્યો. ૩૩૦
કરડતો દંત દશકંધ, અસ્વારી આપે કીધી,
એક પલકે અશોક, વાડી તો વીંટી લીધી;
પકડ્યો પૂછ પ્લવંગ, ઝાપટી ઝાંકયો જ્યારે,
સમર્યાં મન શ્રીરામ, તરત છુટ્યો કર ત્યારે;
ત્યાં જુદ્ધ જોર ઝાઝું થયું, હીઠીલો હોડે હારિયો,
એ વાત લંકામાં વિસ્તરી, મહીપત મોટો એ મારિયો. ૩૩૧
ધરતી ડોલ્યાં ખાય, કોય વદે નહીં વાણી,
ખબર પોતી જઈ ત્યાંય, રાય રાવણની રાણી;
ઉઠી કૂટતી શીશ, પૂતને તેડ્યો પાસે,
મંદોદરી–કયમ બેઠો બળવંત, વિપરીત થયું છે વાંસે;
લસ્કર પેહું સર્વ લંકમાં, ભય તારો તેનવ ગણ્યો,
ઉદય ઉદય આળસ તજી, કહે છે તાત તારો હણ્યો. ૩૩૨
કવિ–મેઘરાવણ મહારાજ, ધજ ફરકાવી તેણે,
ઈંદ્રજિત જશ રૂપ, ઈંદ્ર જિત્યો તો જેણે;
ઢમકાવતો ઢોલ નિશાન, કૃતાંત સરીખો કહાવ્યો,
પિતા પાસ તે પુત્ર, એક પલકમાં આવ્યો;

એક પહોર રણજંગ મચ્યો, કહી ન શકે કોયે કવી,
સંહાર થાય સૃષ્ટિ તણો, શોભા લંક એવી હવી. ૩૩૩
પડી લંકમાં ધૂમ, ભમત મૂકયો સૌ માને,
રામચંદ્રે તે તણો, કોલાહલ સુણિયો કાને;
રામે તેડ્યો હનુમંત, અંગદ લંકામાં અડિયો,
રામ–કોપ્યો દીશે દશકંધ, પ્રૌઢ સંકટમાં હશે પડિયો;
બાળક જાણી બીવરાવશે, હાલક હુલક હલહલ હુવો,
કલેવર કળ પડતી નથી, જરૂર ખબર તેની જુવો. ૩૩૪
બહુ વિધ પડે છે ધુમ, બહુ વિધ બણગાંવાજે,
બહુ છૂટે છે બાણ, ઘણાં નિશાન જ ગાજે;
ચોવિધ પડે છે ચીસ, રીશથી રણવટ ખોલે,
ધ્રુજે સર્વ ધરણ, દિક્પાળ દિશા દશ ડોલે;
રખે અંગદ માર્યો જતો, રામજી રોશ ધરી રટે,
હનુમંત તમો બેસી રહ્યા, એ તો ગુણગણ નવ ઘટે. ૩૩૫
હનુમંત–રઘુનાથ પ્રત્યે હાથ જોડી, બલવંતો બોલ્યો,
અંગદ પ્રાક્રમી અનંત, ખરો પટંતર ખોલ્યો;
અંગદ સામું જે જુએ, અધિક દૃષ્ટિએ આડી,
શેર નથી ખાધી સુંઠ, નથી જન્મ્યો કોઇ માડી;
શ્રીરામચંદ્ર પ્રતાપથી, એ શૂર પડાવે સાખને,
દાનવ સઘળા દેહવટ કરે, દશકંધ સરખા દશ લાખને; ૩૩૬
દશરથ તણા કુળ દીપ, સુણો તો કહું એક સાચું,
સુઝે મુજને સત્ય, કિંચિત્ માત્ર નહિ કાચું;
અંગદ ને દશકંધ, વિવાદ કરંતે વઢિયા,
જોરાળા મહા જોદ્ધ, પરાક્રમી પરાજે પડિયા;
હશે ધૂમ પ્રડાવી બહાદૂરે, બાતર નીશે તેની ખરી,
જિત નગારાં દેઇને, અંગદ આવે ફોજે ફરી. ૩૩૭
કવિ–મહોકમ દીધો માર, અંગદને રાયે આપે,
ન ગુણે લેખા માંય, હાથ શ્રીરામ પ્રતાપે;
લખ બોતેર હજાર, તણા તો હંસ જ હરિયા,
વાડીમાં કૂપ વિશાળ, ભૂપ સહ તેમાં ભરિયા;

બાકી ખૂમ પાડી ગયા, ગઢ લંકા ગુણ ગામને,
ઉત્પાત કરીને આવિયેા, શરણાંગત શ્રીરામને. ૩૩૮
દંડવત કીધા દશ વીશ, શીશ નમાવ્યું નેહે,
સુખનું સાગર સર્વ, દૈવત પામ્યા સહુ દેહે;
શીશપર મૂક્યો હાથ, વાતેા પૂછી રઘુનાથે,
રામ-વિષ્ટિની કહેા વાત, રીઝ થઈ રાવણ સાથે;
સીતાને સહજે આપશે, કે કરવી રાઢ પડશે ઘણી,
અંગદને એમ પૂછિયું, કેાટિ બ્રહ્માંડ કેરા ધણી. ૩૩૯
અંગદ-વાલીસૂત કહે વાત, એની મેં કેમ કહેવાયે,
નથી સમજ્યેા નરેન્દ્ર, અહંકારી એવેા રાયે;
સામ દામ ને ભેદ, કર્યા તે જુગતે ઝાઝા,
જેમ પથ્થરપર નીર, માને નહિ રાવણ રાજા;
કરગરી કહ્યું મેં કેાટિધા, આંચ દેખાડી અતિ ઘણી,
પેર પેર મેં પ્રીછ્યેા, ડગ્યેા નહીં એ લંકા ધણી. ૩૪૦
એક કહિએ તેા આઠ, ઠાઠમાં બેાલ જ બેાલે,
કહે વાનરને વનચર, આપ બળ કરે અતેાલે;
ભસ્યા ભેાજન માંય, ચાર કણ જેવા ચાંપી,
અનેક કહ્યા ઉપદેશ, મન મેં જોયું માપી;
લેાઢા ઉપર લીહ જ્યમ, પટકૂળ ગાંઠ જેવી પડે,
રાઢ વિના રાવણ રીઝે નહિ, માંગી સીતા તેા નહિ જડે. ૩૪૧

કવિત

છત્રપતિ છત્રપતિ, નરેન્દ્રકેા નરપતિ,
રૂડી કર્મરેખા રતિ, ભુપતિ મન ભાવનહેં;
નમે નિત્ય નાગપતિ, સેવે સિન્ધુ સાધુ સતી,
બગપતિ સર્વે, ગુનીજન જશ ગાવનહેં;
જમજાગ કરે અતિ, આશિશ નિત્યદે અતિ,
રતિપતિ જેસેા રંગ, લંકપતિ (કી) લાવનહેં;
જિતે નહિ કેાય વાકુ, દશરથ કે નંદન પાખી,
પંચાશ કેાટકેરેા પતિ, રાજેંદ્ર એ રાવન હે. ૩૪૨

છપ્પા

મુખે ન બોલ્યા રામ, નિશ્વાસ મૂકયો મન સાથે,
રાવણ સરખું રત્ન, હણવું પડશે મુજ હાથે;
આવ્યો વિભીષણ ભૂપ, આવ્યો જશ જાંબુવંતો,
આવ્યા નલ નીલ સુગ્રીવ, આવ્યો હઠકર હનુમંતો;
મહારાજ વિચાર મનમાં કરયો, જે ચિત્ત લહે નહીં ચાતુરી,
સૌ સેવક કહે સ્વામી સુણો, "દેવ તેવી કરો પાતરી." ૩૪૩

દીધા દદામેં ધાવ, દેવ દાનવપર ક્રોધ્યો,
લંકા ગઢ દરબાર, રામે રણસ્તંભજ રોપ્યો;
થઈ પુષ્પની વૃષ્ટ, દેવ અમૃત ઘન વૂઠ્યા,
રાવણ રોળાશે રણ, નવ ગ્રહ બંધથી છૂટ્યા;
લંકા ગઢ વાનરે વીંટિઓ, પોકાર પુર બાંધે પડ્યો,
રાવણ તે હૈડે હરખિયો, રણજંગ રચી જુદ્ધે ચઢ્યો. ૩૪૪

હાલક હુલક હલકાર, લંકાગઢ જોરે ઝાઝા,
અનમી અહંકારીઅજિત, ચઢયા મહીપતની માઝા;
સુભગ સુધર્મ સુબુદ્ધ, વીર બે જુગતે જોડા,
રામ લક્ષ્મણ લઘુવેશ, પૂર્ણ પ્રતાપિક પ્રૌઢા;
શેષ નાગ લાગ્યો સળકવા, દિક્પાળ દશ ડોલી પડ્યા,
બ્રહ્માંડ ગડગડ્યું ભુજી ધરા, રામ રાવણ જુદ્ધે ચઢ્યાં. ૩૪૫

થયો જવ ઉલ્કાપાત, વાત મંદોદરીએ જાણી,
સતી શિરોમણિ નાર, રાય રાવણની રાણી;
આવી ત્યાં કર જોડ, કથન કંથ આગળ કહેવા,
મંદોદરી–રૂઠયો જ્યારે રઘુનાથ, ઠામ કીયો પછી રહેવા;
ભૂલો છો કેમ ભૂપત થઈ, રાય વિચારો રીતને,
રાણી કહે રીઝવો રામને, સોંપો માત સતી સીતને. ૩૪૬

રાવણ–રાણીને કહે રાય, દીસે ગતિ તારી ઘેલી,
અંગદ વિષ્ટ કાજ, પ્રીત કરવાને પેલી;
શીશ માટે એ સીત, લાવ્યો છું લક્ષવસા એ,
વગર રાઢ વઢવાડ, આપું કયમ એહ દશાએ;
બોલ બોલ્યા જે છે રાવણે, અફળ જતે અનરથ થશે,
નિશ્ચે નાર નમવું નથી, હોનાર હશે તેવું થશે. ૩૪૭

મંદોદરી–ઘેલા કંથ કુબુદ્ધ, થકી તે એ શું કીધું,
સૂતો જગાડ્યો સિંહ, મોત વણ માગ્યું લીધું;
અજિત રામ ન જિતાય, અજિત લક્ષ્મણ કહેવાયે,
દશ શીશ ભૂજ વીશ, રોળાશો રાવણ રાયે;
લંકે વિભીષણ સ્થાપશે, એટલું એને કામ છે,
રાજ રાવણ તારું ગયું, સ્વામી સામળ રામ છે. ૩૪૮

રાવણ–પટ પટ રાવણનાર, વાત કહું છેલ્લી છાની,
આપણે બે એકાંત, મારે મન મનની માની;
પૂર્વ જન્મની વાત, સારી પેરે મુજ સૂઝે,
કોય ન જાણે અન્ય, બુદ્ધિવંતા નર બૂઝે;
દાનવ કીટી દેવતા થશું, ધાવ દદામે દેઇશું,
જિતશું તો જશ થશે, નહિતર વૈકુંઠ લેઇશું. ૩૪૯

મંદો–સાબાશ રાવણરાય, સાબાશ એ બુદ્ધિ તારી,
સાબાશ હઠ હિમ્મત હોડ, હવે નિશા થઈ મારી;
આદ્ય અંત એવું મન, રામ હૃદેમાં રહેજો,
અહંકાર એથી લક્ષ ક્રોડ, નરેંદ્ર નકારા કહેજો;
માનુની કહે એસું માળિયે, જુદ્ધ જોઉં છું તાહરું,
કાયર થશો મા કંથડા, વચન માનો એ માહરું. ૩૫૦

કવિ–વચન ચઢાવ્યું શીશ, ઈશ સમર્યા એક ચિત્તે,
રાવણે પેરિ માળ, રાજ રાજેશ્વર રીતે;
દાવે મોકલ્યો દૂત, પૂત દશરથના સાથે,
કાયર બેઠાછ કયમ, લડો હેતે મુજ હાથે;
લાવ્યા લંગૂર રીંછ વાનરાં, ક્રોડવાર શું કહું કથી,
જિત્યાં છે આપે અળશિયાં, શેષનાગ દીઠા નથી. ૩૫૧

સામસામાં રણતૂર, શૂર સંગ્રામે ચઢિયા,
નેવું દિવસ નિઃશંક, વીર વિવાદે વઢિયા;
વરણવે શત યુગ શેષ, તોય પૂરું નવ થાયે,
એક પાસે શ્રીરામ, બીજે શ્રીરાવણ રાયે;
રામે જાણ્યો રણજિત એ, જનુની એક રાવણ જણ્યો,
એકાણું દિવસે એક બાણથી, રામ હાથે રાવણ હણ્યો. ૩૫૨

અનમિયે મૂકયો અહંકાર, રામ રાવણને જોઈ,
નથી જન્મ્યો કો સૃષ્ટ, નિશા સર્વની હોઈ;
રાવણનો રણજંગ, દીઠો તે અચરત અડિયો,
એ માટે અવતાર, પ્રભુને લેવો પડિયો;
ભગત શૂર ભૂમિ પતિ, બળિયો બહાદુર ઘણો,
સામળ કહે શ્રીરામજી, હડીલો હિમ્મતે હણ્યો. ૩૫૩

રાવણ પામ્યા રાજ, અવિચળ પદવી આપે,
વિભીષણ પામ્યો લંક, પૂર્ણ તે પુણ્ય પ્રતાપે;
મળ્યાં રામને સીત, વિજોગ ભાગ્યા તે તનના,
દુંદુભિ વાગ્યાં દેવ, મનોરથ પહોંચ્યા મનના;
સીતા લેઈ સિધારિઆ, દર્શન અયોધ્યા ગામનું,
જય જયકાર જગમાં થયો, રાજ થયું શ્રીરામનું. ૩૫૪

મળ્યાં માત ને ભ્રાત, મળ્યા ભરત ભાવિક ભાઈ,
વિતક વર્ષો બે બાર, તણાં તે કહ્યાં માઈ;
હનુમાન તણી હિમ્મત, સુણીને મોટમ મેલી,
વૂઠ્યા અમૃત મેહ, રંગ રુડાની રેલી;
છત્ર ધરાવ્યું રામજી, લક્ષ્મણ ચમર કરે જિહાં,
સામળ કહે શોભા ઘણી, મેહ માગ્યા વરસે તિહાં. ૩૫૫

રામચરિત્ર પવિત્ર ગાય, જે નર ને નારી,
ઇકોતેર પચ્યા સહિત, અધિક પામે ઉદ્ધારી;
દૂધ પુત્ર ધરસૂત્ર, પુરંદર પદવી પામે,
જન્મ મરણ જંજાળ, વેદના સઘળી વામે;
શ્રીરામચંદ્ર કૃપા કરે, ઈશ્વર પદવી આપે અતી,
સામળ કહે સેવો સહુ, રામ લક્ષ્મણ સીતા સતી. ૩૫૬

દોહરા

શ્રોતા વક્તા સાંભળો, કહે કવિ કર જોડ;
સામળ કહે બોલો સજ્જન, જે જે શ્રીરણછોડ. ૩૫૭

રાવણ મંદોદરી સંવાદ

દોહરો

શ્રીસરસ્વતિ મતિ દેયણી, ઉત્પત ગત રતિ પત્ય;
શ્રુતિ સ્મૃતિ અદ્‌ભુત ધૃતી, દે મા રુડી મત્ય. ૧

ચોખરો

માત મયા કરો બરદ બાંહે ધરો, સર્વ સંકટ હરો ઈશ આતા,
ભોન્યભાવે ભરો ઝેલ રાખે ખરો, ઠેઠ ઠામે ઠરો સુખસાતા;
નેહ આણો નરો પલક નહિ તે પરો, એહ છે આશરો માન માતા,
સાચ સામળ ભણે વેદ વાયક તણે, આપણે એક એ દેવી દાતા. ૨
પ્રેમથી પૂજીયે સ્નેહથી સૂઝિયે, જોરથી ઝુજીયે દેત દોટી,
મેરથી માણિયે અંતરે આણિયે, જુગતથી જાણિયે ચિત્ત ચોટી;
પ્રીત પરમાણિયે વિશ્વ વખાણિયે, આણિયે નહિ દલે ખાંત ઓટી,
સામળ કહે સેવિયે દેવની દેવી એ, મેા શીર ગાજતી માત મોટી. ૩
ધર્મ દૃઢ ધીર તું નિર્મળો નીર તું, વીરનો વીર તું ભોગ્ય ભારી,
શાસ્ત્રનો સાર તું તેજ અંબાર તું, જગતનું જોર તું સિદ્ધ સારી;
વાણીમાં વેદ તું ભ્રાંતમાં ભેદ તું, મૂળમાં મેદ તું વૃષ્ટિ વારી,
કુટવાળ કાશી તણો ભાવે સામળ ભણ્યો, જે ભૈરવાનંદ આનંદકારી. ૪

છપ્પા

શિવ સરીખા તાત, માત ઉમિયા છે જેની,
લક્ષ લાભ શુભ સુત, રિદ્ધ સિદ્ધ તનયા તેની;
ક્ષેમ કલ્યાણ જ્ઞમાત્ર, પાત્ર અષ્ટ સિદ્ધિ દલ દાસી,
ત્રિદશ આદે દેવ, શેવ નંવ નિધ ઘરવાસી;
પિતા પંચાનન પ્રભુ, ષડાનન વળી બંધવ ભણું, ૫
ગજ્ઞનન ગુણ આગળો, પ્રથમ ધ્યાન ધરું તે તણું.
શ્રીગુરુ વંદુ ચરણ, શરણ રહું શુભ રીતે,
બ્રહ્મા વિષ્ણુ ઈશ, દિગ પત્ય પૂજું પ્રીતે;
શ્રીપત્ય ગુરુપત્ય સત્ય, મત્યથી માન જ માગું,
આદ્યશક્તિ ઉમયાય, પાય લક્ષ્મિવર લાગું;

કવિ કીધા લક્ષ કોટીધા, મયા કરો માગું મતી,
સામળ કહે સિદ્ધ પામીએ, જો કરે કરુણા સરસ્વતી. ૬

ચોખરો

તીર સરયૂ તણાં નિર શોભે નિર્મળાં, દિવ્ય દીલિપ ગુણ ગાન ગાયો,
રઘુરાજ મહારાજ અજરાજ અજિત એ, પ્રાક્રમી પુણ્ય પ્રતાપ પાયો;
અજોધ્યાપતિ ભૂપતિ દેવ એ દશરથી, કોટિધા કોટિ કલ્યાણ કહાયો,
ત્રીલોક જન તારવા અધમ ઉદ્ધારવા, જનેતા ધન્ય જુગનાથ જાયો. ૭
ઈશનો ઈશ જગદીશ એ જગતનો, ભક્ત બ્રહ્મા સમા રંગ રાતા,
કોટિ બ્રહ્માંડ મંડાણ સૃષ્ટિ તણો, વેદ વરણવિ ગુણ ગાન ગાતા;
લાયક લઘુ લક્ષ્મણો સત્ય સુલક્ષણો, માન મહા મૂલ્ય કૌશલ્ય માતા,
સ્વામિ સામળ તણો નામ મહિમા ઘણો, રામજી મુક્તિ પદ દિવ્ય દાતા. ૮
કોટિ કંદર્પ તો માન મૂકી રહ્યા, ઈશ ઉપર જાય વિશ્વ વારી,
શેષ મહેશ કો લેશ લહે નહીં, વેદ ભેદે નહીં ભરમ ભારી;
જનક ઘેર જાગમાં માગ મૂકાવિયો, પરણિયા નિર્મળાં સીત નારી,
નવ ખંડના નરપતિ છેક જે છત્રપતિ, પત્ય મૂકી ગયા હોડ હારી. ૯

દોહરો

આગના અપર માતકી, ગુણનિધ છોડ્યો ગામ;
સંગ સીત લક્ષ્મણ લિયે, રણમાં નિકસો રામ. ૧૦

કવિત

શ્રી સાહેબ બડે સિંધુ, ઓહો ગુણશે બંધુ,
અવની પત્ય ઈંદુ આપ, સતી સીત સંગકું;
ધનુષબાણ પાણુ લીયે, જટાજુટ મુગટ કિયે,
દિવ્ય ભક્ત દાન દિયે, આભૂષણ અંગકું;
જગતમેં લાયક જોટે, વજ્ર લંગોટ કછોટે,
મોટે છોટે વીર દો, રાજસ-ગુણ રંગકું;
સામળ કહે સાહક, લક્ષ્મણસેં લાયક,
નરપત્યસેં નાયક, આયે ગૌતમજી ગંગકું. ૧૧

છપ્પો

કબહુક તીરથ નાથ, કબહુક જાતર જોણે,
કબહુક તપસુ રીઝ, બીજ બૃક્ષ પુન્ય કે બોણે;

કબહુક મૃગ્યા દોરે, ઘેર આનંદે આવે,
કબહુક વાદે વરત, અમૃતફળ બનમેં પાવે;
અતિ અતિ આનંદ અહર્નિશા, સુખ સાગર શોભિત સહૂ,
મહારાજ મૂળ એ મોક્ષકા, ઈસબિધ દિન બીતે બહૂ. ૧૨

દોહરા

બાંત બડીસેં બેચરી, સુર્પનખા શુભ રૂપ;
દેખી દિવ્ય દાતા બડે, ભાગ્ય નિધિસેં ભૂપ. ૧૩
આઈ રૂપ સબ ફેરકા, છલનકું રઘુરાજ;
નાક કટાયેા પ્રેમસુ, લછમન બીરકે હાથ. ૧૪

ચોખરો

રૂપ અનુપ સોહામણું નીરખીને, ભામણાં લેતી એ ભામિની ભેદી,
સૂર્પ–વેદ મુજને વરો નાર નિશ્ચે કરો, તો ઠરો ઠામ આ સુખ દહાડી;
રામ–રામ કહે રાંડ એ કામ મારું નહીં, લક્ષ્મણા સાથ વર વાદ વેદી,
કવિ–કહે સ્ત્રી દેખતાં પ્રીછ્યો પેખતાં, નાંખ્યાં નાક ને કાન બે છેદી. ૧૫
ચિત્તમાં ચળચળી કાપતાં કળકળી, ગળગળી ગાત્રમાં ત્રાસ પેઠો,
રીત્યની રંકમાં નાર નિઃશંકમાં, લાજતી લંકમાં દેતી દોટો;
સૂર્પ–કામનિ તુજ કારણે બળ કરી બારણે, લાવતાં એહ અધિપત્ય એઠો,
તોલ તુજ શું રહ્યું નાક નિશ્ચે ગયું, રાવણેા રાંડવેા થઇને બેઠો. ૧૬

દોહરેા

કવિ–દેખી દશાનન દુઃખે હુવેા, કિયેા આપસેં કોપ;
રાવણ–કોણે કામ એસેા કિયેા, લાજ શરમકું લોપ. ૧૭

ચોખરેા

સૂર્પ–કંદર્પ કોઠામણા નંદ બે નાનડા, દેવ દશરથ તણા પુત્ર પ્રૌઢા,
ધનુર્ધર ધીરમાં વીર અધિ વીરમાં, રામ શ્રી લક્ષ્મણેા જુગલ જોટા;
સુંદરી સંગમાં રીઝતા રંગમાં, અંગે અતિ ઉજળા ઠાઠે થેાથા,
નાર એ લિજિયે ભ્રાતને દિજીયે, તે થકી તેમણે ટેક તોડા. ૧૮

દોહરેા

મરદ મુછ હોય મુખ પરે, તેા મરદાની માંણ;
સીત સ્વરૂપ સોહામણી, માનિની મંદિર આણ. ૧૯

નારી જાણે નેહથી, આપઘાત કરું એન;
જાણું મુજ જનુની જણ્યેા, તું બંધવ હું એન. ૨૦

ચેાખરેા

કવિ–છેકથી નાગ જેમ હેાય છંછેડિયેા, વાઘ વકારિયેા ચિત્ત ચહાવું,
હઠે જેમ હાથિયેા સાંઢિયેા સાથિયેા, ભાથિયેા ભાડિયેા ધીર ધાવું;
રીસ ચેાહેા રાખતેા ભૂંડું મુખ ભાખતેા, તેહને તાકતેા જોરે જાવું,
પ્રતિજ્ઞા પાંકતેા બળ ઘણું બાંકતેા, નાર તે લંકમાં કાલ લાવું. ૨૧

છપ્પા

માવલેા એક મરિચ, લક્ષથી સાથે લીધેા,
કૂડ કપટ ને કર્મ, કુરંગ કનકનેા કીધેા;
મહિમા જો એ મૂખ, સુખ અતિ રૂપ અનેરે,
ત્રણ ચરણ એક વદન, સદન એક સન્મુખ સારે;
જ્યાં સીતા સારે પાસે રમે, સારંગ સમીપ આવી અડ્યો,
મેાહન રૂપ મકરંદ મૃગ, પ્રેમદાની દૃષ્ટે પડ્યો. ૨૨

સીતા–રહેા રઢિયાળા રામ, કામ કહું તે કીજે,
ધનુષ બાણ ગ્રહેા પાણ, પ્રાણ કુરંગના લીજે;
ત્વચા તણી તરખીબ, પાંગરણ પેરું પ્રીત્યે,
કવિ–હઠ લઈ બેઠાં હેાડ, કેાડ રામાની રીત્યે;
તવ રાજીવલેાચન રામજી, કેાડ વાર કહે કથી,
રામ–કુરંગ કનકનેા કામિની, બ્રહ્માએ સરજ્યેા નથી. ૨૩

દેાહરેા

કવિ–રામા રેાયણ રીશથી, નયણે ભરિયાં નીર,
રામ હૃદે રીઝ્યા ઘણું, ધનુષ ચઢાવ્યું ધીર. ૨૪

છપ્પેા

મારી આણું એ મૃગ, કામિનિ પર કરુણા કીધી,
સોંપ્યાં લક્ષ્મણને સીત, આણ અવની પર દીધી;
ચાલ્યા ચતુરસુજાણ, બાણ સાંધી અતિ રીશે,
મૃગે કર્યો પેાકાર, ચિત્ત અતિ નાંખી ચીસે;
મૃગ–ધાએા ધાએારે લક્ષ્મણા, નિકટ મેાત આવી મળ્યું,
કવિ–શૂળી સમું સંકટ થયું, જવ સ્વર સીતાએ સાંભળ્યું. ૨૫

દોહરા

સીતા–દેવર! દીનપણું કર્યું ક, સત્ત્વર શૂરા થાએા;
હદે નામ લઈ રામનું, વીરા વારે ધાએા. ૨૬
લક્ષ્મણ–સીતા શે સમજે નહિ, એહ વાત નવ હેાય;
રંજાડે જે રામને, જુગમાં જન્મ્યેા ન કેાય. ૨૭
કવિ–સ્ત્રી બુદ્ધે સીતા થયાં, પરઠી પાપે પેર;
સીતા–રામ રહે જો રણ વિષે, તેા ધરુણી રાખું ઘેર. ૨૮

ચેાખરેા

બેાલ વાગ્યા બહુ બાણ બિહામણા, દિન થકી દુઃખ અતિ આણિ દાવેા,
ધનુષ ગ્રહી ધીર ધાયેા ઘણું ધસમસ્યેા, કામિની વાત થકી ક્રેાધ કહાવ્યેા;
દુષ્ટ રાવણ નવ દિલ થકી રીજિયેા, લાગ પામ્યેા પેાતે ફેર ફાવ્યેા,
કુડથી કાપડી વેષ વપુએ ધર્યો, માંગવા મધુગરી તરત આવ્યેા. ૨૯

દોહરા

રાવણ–આપ હે ઈશ્વરી આ સમે, મધુગરી ભર ધર પ્રેમ;
ભુખ્યેા તરસ્યેા વન ભમું, ઈશ્વરનેા ધરું નેમ. ૩૦
સીતા–સતી કહે જતી સુણેા, પતિએ પરઠી આણ;
રતિ રતિ ચરણ ચલે નહિ, જોગી મનમાં જાણ. ૩૧

ચેાખરેા

કહે પછી કાપડી બુદ્ધ કરી બાપડી, પાવડી ઉપર પાગ મેલેા,
રા–ભુખ લાગી ઘણી આવિયેા તમ ભણી, સીત સતિ શાણી તુજ વાસ વેલેા;
કવિ–આઈએ તેારણે આવવા કારણે, પારણે પેાષવા પાગ મેલ્યેા,
જોરથી ઝાલિયાં ખંધપર ઘાલિયાં, રાળિયાં રેાષે ને રણે રેલ્યેા. ૩૨

છપ્પેા

સીતા–હાહાકર કરી પડી, રે પાપી રે દુષ્ટ,
સતીપર કુદષ્ટિ કરી, ધિક્ ધિક્ તારી બુદ્ધ;
વંશ વિદારણ તું સમેા, નથી જન્મ્યેા અબુધ,
જશે નિકંદન તાહરું, વાણી બેાલ્યાં ગૂઢ;
વલવલે વિનતા વંન, મનમાં દુઃખ ધરે છે,
ચાલ્યેા લેઈ પાપિષ્ઠ ત્યાં, કામ કુડું જ કરે છે. ૩૩

કવિ–પિશાચ સંચ પરપંચ, કરી પર નાર હરે છે,
ખાંધે બેઠી બાળ, અતિ આક્રંદ કરે છે;
* * * * *,
* * * * *;
રોતી સતી રહે નહીં, મંદ મતિએ હેત હર્યાં,
વંક વાટ અંકે કરી, જઈ લંકમાંહે લાયક ધર્યાં. ૩૪

કવિત-દોઢ

રાવણ–સીતાજી મયાણી, રામજીકી રાણી, અધિક જોર આણી,
માનિની મંદોદરી માન, કામ જોર કીનો હે;
જોરાવર જાણી, મહિપત્ય મેં માની, ઐસી દલ આની,
પાની ગમાયો વાકે, સુખ સબે લીનો હે;
ઠાઠ એ ઠરાની, બાટ મેં બિરાની, ભાગ્યસેં ભરાની,
સરાની સાતા સબ, ચિત્ત એહ ચિન્યો હે;
ભગિનીકું ભયાની, પેર મેં પહેંચાની, અંતરમેં આની,
તાનહી મલાયો તહાં, ધાયો ધાયો દીનો હે. ૩૫

ચોખરો

મંદોદરી–પ્રેમદા પેખતા પરખ પામે ઘણો, ચેતના આણુરે ચિત્ત ચાડે,
સીતા સાટે ઘણું સાલ તું લાવિયો, પરઠિયું પાપ તે જોર જાડે;
ત્રિલોકપતિ નાથની સાથ શત્રુ થયો, કનકનો કોટ એ સત્ય પાડે,
કહે છે મંદોદરી કંથ કૂડું કયુ, માનિની મૂળ સમૂળ કાડે. ૩૬

દોહરા

રાવણ–પ્રેમદા તુજ બુધ પાનિયે, કર કર કામિની કામ;
સત જોજન સાયર તરી, રેષ ન આવે રામ.
કવિ–શોક તજવા સીતનો, હરખ થવા મન હામ;
મૂકયાં આપ અશોકમાં, નિર્મળ જેનું નામ. ૩૭
કરૂપ ઘણું કલક્ષણી, બોહો બિહામણી બેલિ;
રાક્ષસિયો રંજાડવા, માનિની ચોકી મેલી. ૩૮

છપ્પો

કારમો જે કુરંગ, અલોપ થયો તે અંગે,
શ્રીલક્ષ્મણ શ્રીરામ, સ્થાનક આવ્યા બે સંગે;

કળકળતા દીઠા કાગ, બગ શોભ્યા શ્યામ સાને,
દુઃખ દાવાદલ દેહ, રમા નવ દીઠી રાને;
આકુળ વ્યાકુળ અતિ ઘણું, પગલાં જોતા પંથે પળ્યા,
ચિત ચેતન ચંચળ થયું, ધરણીપત્ય ધરણી ઢળ્યા. ૩૯

દોહરો

ડગમગ કરતા ડગ ભરે, રામ લક્ષ્મણ ભડ વીર;
વિલાપ કરંતા વલવલે, ધારણ ન રહે ધીર. ૪૦

ચોખરો

લ–જોગથી કહે જતી માનિયે મહિપતિ, માન મેલ્યે કયમ કામ થાશે,
પાતાળમાં પરવરું સ્વર્ગમાં સાંચરું, શોધશું સર્વ વિશ્વ વાસે;
મુરજાદમાં માનવી દેવ ને દાનવી, ત્રિલોકમાં તરકરો સર્વ ત્રાસે,
દુષ્ટ પાપિષ્ટને દંડ બોહોા દેઇશું, નાર હરી કુણ નર સૂખિ થાશે. ૪૧

છપ્પો

કવિ–ધારી દૃઢ મન ધીર, થીર બેઅ પથ લીધો,
ઋષિમુખ પર્વત તરત સુગ્રીવ સહોદર કીધો;
વાળિ હણ્યો તત્કાળ, નાર સોંપી નર નેટે,
ચતુર નર ચાતુર માસ, ઠરી રહ્યા ત્યાં ઠેઠે;
શોધ કરવા સીતાતણી, સુગ્રીવ સુભટ તે સજ થયો,
હનુમંત આદિ નળ નીલને, કથન ક્રિયાએ કરિ રહ્યો. ૪૨

દોહરો

સુગ્રીવ–પંચાસ ક્રોડ પૃથ્વીતણી, બોળો પૃથ્વી પીઠ;
રવિ ઉગ્યો ઢાંકયો ન રહે, દેવ આપણી બે દીઠ. ૪૩

ચોખરો

કવિ–ઉત્તર દશા શત એક પ્રાક્રમી પરઠિયા, પશ્ચિમે પાંચ શત ભ્રાત ભાવા,
દશ દશા દેશ વિદેશ બહુ વ્યાપરી, દક્ષણ દશાએ ઘણા દીધ દાવા;
સૂઝતા બૂઝતા પૂછતા પરવરે, મંત્ર મુખ રામના ક્રોડ કહાવ્યા,
કામ કરું હોડશું કરીણ બહુ ક્રોડશું, લંક બળવંત હનુમંત આવ્યા. ૪૪

દોહરા

દેખ્યો ગઢ લંકાતણો, મેહુજુત ભયે બોહો મંન;
કીસ બિધ દેખે દેશકું, આય શકે નહીં અન્ય. ૪૫

ઓર અરુણ જ્યું ઉગિયેા, પુંજ તેજ પ્રકાશ;
કનક કોટ કેા કારમેા, ઊંચેા અતિ આકાશ. ૪૬

કવિત

સૂક્ષ્મ શરીર કિયેા, રામ નામ હૃદે લિયેા,
બાંકેા બલવંત બડેા, ઝુકાય દિયેા ઝોકમેં;
(દર)બાર દરીખાન ઘેરે, અદકી અટારી હેરે,
ગેાખ જોખ ફેર ફેરે, લહ્યો સબ લોકમેં;
પેર પેર પ્રિય પેખે, દિવ્ય રૂપ નવ્ય દેખે,
લહ્યો લંક વંક અંક, ઠીક ઠેહુ થેાકમેં;
નીસ(બાસ)આસ છાંડ રહ્યો,કાયા માંહિ ક્રેાધ ભર્યો,
ચેાહેા પાસે દેખી અંતે, આયેા હે અશેાકમેં. ૪૭

છપ્પા

બેઠાં ત્યાં સીતા માત, કષ્ટ ઘણેથી કરણી,
ટેાળા વિછેાહિ રણ માંહિ,દીસે જેમ એકિલી હરણી;
વણ ઓપ્યું જેમ રત્ન, જત્ન ઝાઝામાં દીઠી,
અતિ દુઃખઅર્ણવ માંહિ,અગન હેાય જેમ અંગીઠી;
વપૂ જોઈ તે વિસ્મે થયેા, શકે હેાય સીતા સતી,
આલેાચ કરતેા તે સમે, પરઠ્યેા હ્યાં લંકાપતી. ૪૮

સાઠ સહસ્ર સંગીત, કરંતી શ્યામા સગે,
ઉડે અબીલ ગુલાલ, રાચતેા હૃદયા રંગે;
તાતા થેઈ થેઈ તાન, ગાન ગુણ ભૂપત ભીના,
પડ્યો ત્રાસકેા સીત, ભીત ચિત્ત લાગ્યેા ચીના;
પંચ ધનુષ પરેા રહ્યો, કથન કૂડ કામિની કહ્યો,
સિતા નામ શ્રવણે સુણી, લક્ષણ બજરંગે લહ્યો. ૪૯

કવિત-દેાઢિયું

રાવણ–રાબન કહે સુનેા સીત, મેાયસેા મેલાવેા ચિત્ત; છાંડ દૂર સબે ભીત,
પ્રીત નીત કહા તેરે, રામ જેસે રંકકેા;
તિન લેાક કરે આણ, ચિંતામણિ રત્નખાણ, ચેાહેા લેાક માન બાણ,
જને સુખ બેાત મેરે, વૈભવ નિઃશંકકેા;
વાકી તું છાંડ આશ, ભેાગવેા બિલાસ બાસ, સમૃદ્ધિ સબ તેરે પાસ,
દાસી સબ દાસ તેરે, પ્રર્યો કર્મ અકકેા;

તજે મન આપ લાજ, સુખકે સબ કરો કાજ, સંતાપ શોક સબે ભાજ,
તાજ કરું મંદોદરી, રાજ્ય સોંપું લંકકો. ૫૦

સીતા–ચુપ રહે મૂઢ અંધ, મેં જાણું તું પરોબંધ, લંકમેં તો હુવે ધંધ,
કંધ દશ છેદવા હું, એસી મન હોડ હૈ;
લુંટી તેરી રમણ સેજ, પરવાર્યો તેરો તપ તેજ, સબ ઉપરસેં છાંડ હેજ,
રેજ કરો રાક્ષસકું, મહેલાં એ મન મોડ હૈ;
શ્રીરામ જુ આધાર મેરો, ઉતારે અહંકાર તેરો, કરે રંક એ અનેરો,
હેરો કરહી કે હદ, એસો બંદી છોડ હૈ;
સામળ કે માન મૂઢ, પ્રભુકો પ્રતાપ પ્રૌઢ, ગુણ જાણે નહિ ગૂઢ,
રાબન જેસે રંક, રામ સંગ કોડ કોડ હૈ. ૫૧

દોહરો

રાવણ–અમીષ તેરો આવરુ. પ્રીછે નહિં જો પેર;
કવિ–ઐસો કહે કર અધિપતિ, ગયો આપકે ઘેર. ૫૨

કવિત

સીતા–સીત મન ભીત લગે, ચિંતા કર ચિત્ત માંહે,
આંહે અબ ના'યે રામ, કહો કહા કીજીયે;
એસી કહે આપ માંહે, કેસી બીધ જીવ જાયે,
પાયે કહાં પ્રીતશું તો, બીખ બાટ પિજીયે;
પાપી કેરે પાસ પડી, દુર દેશ આય અડી,
ઘડી ઘડી દુઃખ બોહો, લાભ કાહા લીજિયે;
કેશ પાશ માત ગ્રહે, કેતે બોલ બાણ સહે,
ગલે ફાંસિ ઘાલ અબે, પ્રાન દાન દિજિયે. ૫૩

દોહરો

કવિ–નિદ્રા બસ નારી સબે, સીત કરે દેહ અંત;
એસો અચરત દેખ કે, કહે બાત હનુમંત. ૫૪

કવિત–દોઢિયું

હનુમંત કહે માત, મત કરો આંતમઘાત, આયે અબ રઘુનાથ,
હાથ દોઉ જોર કહું, દુહાઈ રામ આણકી;
મેં હું અંજનિકો તંન, જુગત પતિકો જન, વાંકે ચરણે સદા મંન,
અરણુવ કે નીર તિરે, સુરત ધરો કાનકી;

રાક્ષસિ સબ ઔર નર, નહિ મોયે ફેકા ડર, દેખી લંક ઘર ઘર,
ગામ ઠામ દેખ આયેા, બાડી બંન પાનકી;
સામળ કહે સુયેખી, રાક્ષસીમેં સીત પેખી, લાજ મેં અદેખી દેખી,
મેરી તુમ માત તાત, જનક જાયા જાનકી. ૫૬

કવિ-રામ નામ સુની સિત, ચિંતા તાજ ધરી ચિત્ત, ભામિની હુઈ ભયભીત,
સીતા-રીત એ કાહાંકી, માનવ બનચારી હૈ;
હનુ-બાત મન આપ ચીની, મુદ્રિકા લે હાથ દિનિ, પ્રણામ કર શીશ લિનિ,
બીતી હે માત એ, બાત તેા ભારી હૈ;
સી-તબ બચન બેાલે બાઈ, તમ સુનેા જુ મેરે ભાઈ, ઉત્તમ બસ્ત કહાંસે પાઈ,
આઈ જો હાથ તેરે મેરે આગુ ડારી હૈ;
હનુ-રાવણ હરણ કરી લાયે, બેાલતે દેાઅીર આયે, બેઠતે હમ પાંચ ભાયે,
દીની નીસાની જાણી, આતિ શુભ સારી હૈ. ૫૭

કવિ-બાનરકેા બચન સુનેા, સત બેાલ આપ ગીનેા, તાથે પ્રતિ ઉત્તર ભનેા,
સીતા-બન્યેા સબે કામ, રામ આયે છેાટે શીરસું.
કપી જુ સુનેા બાત, કઠીન ભયે દેાનું ભ્રાત, નાયેા કેાય તેરે સાથ,
તાથે મેં કહું માન, આણુ જાણુ વીરસું;
હનુ-હનુમંત કહે સુનેા, બાની મનમેં ગીનાન આની, સતિ સુદ્ધ નાહિ જની,
પાનીવલ પલકમેં, આવે સબ ધીરસું;
કેા તેા સબ લંક જારું, રાબનકું ચીર ડારું, શૂરબીર ધીર મારું,
સારું કહે સામળજુ, નાંખું લક નીરસું. ૫૮
કહેા તેા રાક્ષસીકું રેાળું, વાંકે ચાકર સબ ચેાળું, ધડ દુર્ગકું ઢંઢેાળું,
બેાલું મેં માત બાત વચન માંનેા કામકેા;
કહેા તેા દશ શીશ તેાડું, સૂરકે સબ બંધ છેાડું, વાંકે નિશાન ફેડું,
મેાડું મહા માન ઠામ, ટાળું લંક ગામકેા;
કહેા તેા મેં રાડ સાંધું, જીવતે સબ લેાક બાંધું, રાવણ જાર ખીચરાંધું,
બાંધ્યેા ન જાઉં ગાંજ્યેા, પ્રતાપ એક નામકેા;
સામળ કહે કામ સારું, બન બાડીબાગ ચારું, નીરકે નવાણુ પૂરું,
તેરેા બચન પાળું, તેા સેવક શ્રી રામકેા. ૫૯

કવિત

કવિ-જનક જાયા બાત કહે, ધાત આપ મન લહે,
સીતા-સહે પરચંડ ફંડ, એકુને ન દીજીયે;

રામકેા અચન નાહિ, દુઃખ સહુ દેહ માંહિ,
આંહી જળ આવે તાંહિ, રેખકું ન દીજીયે;
મણિકી નિશાની લીની, જાએ બેગા શિખ દીની,
બિની પ્રળ બાગમેંસે, ખરે પરે લીજીયે;
સામળ કહે ખબર એસી, હનુમાન દષ્ટ પડી તેસી,
ધસી જાએા રામ આગુ, બાત સબે કીજીયે. ૬૦

છપ્પા

કવિ–ગર્ધવિયેાનાં સેન, મહિ એક ગાય ગઈ છે,
કાગડી કંઈ કેાટીક, હંસી એક હાર રહી છે;
કૌવચ કેરાં વંન, તુળશીદળ તહાં પડી છે,
છીપેા સંખ્ય અસંખ્ય, ઝવેર મણિ જુગત જડી છે;
તેમ રાક્ષસીએા મહિ ઋષિ જણી, કથિર મધ્યે કાંચન કથી,
સામળ કહે શ્રીરઘુનાથ વિણ, ન્યારું કરવા કેા નર નથી. ૬૧

ઝાઝા લસણુની ખાંણુ, બુંદ બરાસ તણી છે,
મૂરખ કેરી મેાટ, ભલે એક ભાવ ભણી છે;
રેણું તણેા છે રાફ, કિંતુ કસ્તુરી ભેળી,
ઝેર તણી છે ઝાળ, સીથેક માંહિ સાકર ભેળી;
વાડ શૂળ કાંટા તણી, ઉગી કેળ કષ્ટે થકી,
સામળ કહે શ્રી રઘુનાથ વિણ, ન્યારું કરવા કેા નર નથી. ૬૨

કવિત

ખીર છલ્યેા પાઉં પરેા, ધીર મનમાંહિ ધરેા,
પર્યેા સબ બાગ માંહે, એસેા ધાટ મનકેા;
દુર્ગ પાડી કૂપ પૂરે, બેલ પ્રુલ ઝાડ ચૂરે,
સુરે કીએ કામ પ્રાન, હરેા ચેાકી જંનકેા;
ચંપાકેરે ઝાડ ચઢ્યેા, સબકું ત્રાસ પડ્યેા,
એસેા કિયેા નાદ જેસેા, કાટકેા જુ ધંનકેા;
સામળ કહે બડાઈ, રાબનકું રાવ થાઈ,
ભયેા એસેા કામ નામ, ટાર્યેા અશેાક વંનકેા. ૬૩
દશકંધ રીશે ભર્યેા, ક્રેાધ બેાત મંન ધર્યેા,
કર્યેા મહા કેાપ, બાસી નીસીવે જાયગેા;

ધાયે સૂર સીખ દિયેા, કપિવર ઘેર લિયેા,
કિયેા ધન ઘેાર સેાર, બેાત માર ખાયગેા;
અક્ષયકુમાર રાય તંન, ઓરહી પ્રધાન જંન,
તન ટુક ટુક કરે, કેાન સહાય થાયગેા;
સામળ કહે શીખ થેાડી, બાળીએ જુ બાગ તેાડી,
કેાડ પહેાંચાય તેરેા, કીયેા એસેા પાયગેા. ૬૪
હસી હનુમંત ઉઠ્યા, ગાજતેા ગયંદ છૂટ્યેા,
ઉઠેા બત્રાડી સૂરપુર, લીયેા સબ અંકકું:
કેાટિકું વલુર મારે, કેતે એક ચીર ડારે,
ડારે સબ ધરનકું, કિના છેક રંકકું;
સબકેા સિરદાર જાનિ, ધસી ગ્રહે ચર્ણ પાની,
પહાણુપેં પિછાર છાર, ઝીક નિ:શંકકું;
સામળ કહે એક ગયેા, નાસીને જે જિતેા રહ્યેા,
ધાઈ મળ્યેા રાબનસેં, બેઠેા ધડ લંકકું. ૬૫
પ્રધાન પુત્ર પ્રજાળ્યેા, આપ ક્રેાધ ચિત્ત આણ્યે,
માનેા મહા તાપ આપ, હાથ મૂછ ધાલિયે;
કહેતે ધાયે કેાટી જોધ, અંતરમે આનિ ક્રેાધ,
શેાધ લેકે ધાયે જાએા, જીવતેકું ઝાલિયે;
નાલ ગેાલા બાન છુટે, રીશ કરી સુર રુઠે,
ઉઠે હે હનુમાન જાન, સીખ સબ આલિયે;
કહેતેમેં પકડ લીયેા, રાબન હાથ જાય દિયેા,
કીયેા એણે કેર વેર, આપનકેા વાળિયેા. ૬૬
દેખકે મહેજુત હુવેા, કપિવરકેા રૂપ દેખેા,
રાવણ–સત બેાલ બાત કપિ, કીનકેા પઠાયેા હૈ;
ગામ નામ ઠામ કહેા, જાત ભાત બાત લહેા,
લાભ કહા લેનેકું તું, લંક લગી આયેા હૈ;
હનુ–હું રામકેા ગુલામ ખાસેા, આયેા દેખને તમાસેા,
નાઠેા કેા પતિત પાપી, સીત લેકે ધાયેા હૈ;
સામળ કહે ઘાટ ઘડું, અન્યકી મેં ઓટ અડું,
પાડું દેાઈ શીંગ વાકે, આજ ચેાર પાયેા હૈ. ૬૭

દોહરા

કવિ–જુલમ કિયો હનુમાનકું, ધાયો શીંગ બોહો તીર;
ન અડે ચીમટ આપકું, જાકે શીર રઘુવીર. ૬૮
રાવણ–લંકાપતિ બાણી કહત, કિસબિધ મરણો તોય;
જો ચાહે સુખ આપનો, તો બાત બતાવો મોય. ૬૯
હનુ–બુદ્ધ હિતે બિચાર મન, બાંદર કહે મોય બાનિ;
પાવક જરે સબનકું, ચિત ચતુરાઈ આનિ. ૭૦
કવિ–કપિકી બાત મનમેં બસી, અબહી મીલ્યો મેલ;
આણી વસ્ત્ર બોહો ઢગકિયો, ઉપર છટકયો તેલ. ૭૧
લિયો પૂછ લપેટકે, બાંધ્યો બંધ અપાર;
પાવકસેં પરજાલિયો, ઉપર દીનો માર. ૭૨
જ્યું છૂટે દારુ દરખસેં, ગગન ગઈ ઉસ ઝાલ;
ચઢ્યો અટારી હુંકકે, ૫ક કરંતો કાલ. ૭૩
ઘેર ઘેર લોકો કરત, દોર દોર ફર ફેર;
ભડક ભડક ભૂવન જલે; જલી જાય ઘેર ઘેર. ૭૪

કવિત

ખરાખ કરી લંક સબે, વાળ્યો આડો અંક અબે,
તબે ધાયો આયો પાયો, મન બહોત સુખકું;
રબે માત સીત જરે, એસો શોચ આપ કરે,
દેખ દૃષ્ટ પુંઠ ફરે, ઝાળ લાગી મૂખકું;
સીતાકું કીયો જુહાર, કુદ ગયો ઓર પાર,
આયો રામ કે દરબાર, મેટ ગયો દુઃખકું;
રામજી બધાઈ સુની, તબહી આશિષ દીની,
રામ–નિશાનીકું સત ગની, ધન માત (તેરી) કુખકું. ૭૫

છપ્પો

હનુ–શ્રી લંકાગઢ માંય, તહાં બેઠાં સિત માતા,
દિવ્ય દીઠું દર્શન, પ્રસંન મુખ પામ્યો સાતા;
દુઃખ દાવાનલ દેહ, તેહનું મન તુમ ચરણે,
નારાયણશું નેહ, તેહ જે અશરણ શરણે;
મણિ મૂકયો મુખ આગળે, કારણ કથી માંડી કહ્યું,
કવિ–સુણિ ચિત્ત રામ લક્ષ્મણતણું, સીત થકી શીતળ થયું. ૭૬

કવિત

હનુ–ઉઠીએ મહારાજ, કપિનાથ સબે સાથ,
કહું વાત જોડી હાથ, કામ શિઘ્ર સિદ્ધ કીજિયે;
રામકો પ્રતાપ પ્રૌઢો, ચડો શૂર સબ આપ,
કીજે લંકકું ખરાબ, છાપ દેકે મન રીજિયે;
ઉઠીએ અબ આજ, બાંધો અર્ણવકું પાજ,
રોળો પાપી કેરો રાજ, કાજ કરી સીત લીજિયે;
કહે સામળ જું જોર, દુષ્ટ સિતાજીકો ચોર,
હનુમાન કહે મોર, (તોર) શિશ દંડ દીજિયે. ૭૭

દોહરો

કવિ–બચન સુન્યો હનુમાનકો, પ્રસંન ભયે શ્રીરામ;
સુગ્રીવ સહિત ઉઠે સબે, કરબો ઈસબિધ કામ. ૭૮

છપ્પા દુપટ

દિયો દદામે પોર, ઠોરદે ચડે રઘુ નંદન,
જે જે કરે સબ દેવ, બરખે કુસુમ ઓર ચંદન;
કપિવર પદ્મ અઢાર, રીંછ બોહોતેર કોડ જાની,
સુગ્રીવ આદિ સબ સૂર, સેના બડી બહોત બીખાની;
અંબર છાયો જોહ, ગગનમેં ઘન જ્યું દીસે,
ધસે બરાડી પૂર, સુર સામદ સહુ ટીસે;
ગાજે અર્ણવ ગંભીર, ધીર શબ તીરે આયે,
પડાવ કિયો હનુમાન, તહાં પરમ સુખ પાયે;
હુકમ કિયો કપિરાય, થયો સજ દોદશ જાયો,
ગિરિવર અષ્ટ સુજાન, પહાંન ઉઠાકર લાયો;
આયો જોગા પલકમેં, સેતુ પાજ્ય બાંધ્યો સહી,
સામળ જુંક શિર રામ જોર, ચોર રાવણ જાયે કહીં. ૭૯

કો ઉદયાચલ જાય, કો અસ્તાચલ ધાયો,
કો બંધાચલ બીર, તીર હિમાચલ પાયો;
કોઉ ગોમે ગિરિ ઘેર, કો કંભાગિરિ પહુંચો,
કો સુવેલુ શીંગ, કો મીનકાચલ જોહુંચો;
દુર્ગ અનેક ગિરિ જોહ, તોહકું શિરપર લાયે,
રમત જુએ શ્રીરામ, કામ કર છીનમેં આયે;

આદ્ય ઋષિયનકેા શાપ, શીખ કવિયનકું દીનેા,
તાથે તારે પાહણ, કામ કાયર યહ કીનેા;
રામ નામ પરતાપ, ગિરિ સમ નાંખે પળમાં,
તુંબર તરે જ્યું નીર, પાણ તરે ત્યું જલમાં;
બાંધી પાજ વિલાસ સબ, વિકટ અર્ણવ કે નીરકું,
કહે સામલ કવિ સીખ દું, બિભિષણ બડે બીરકું; ૮૦

કવિત

વિભીષણ-બિભિષણ કહે સુણેા ભ્રાત, આયે હે શ્રીરઘુનાથ,
લક્ષ્મણ અનુજ ભ્રાત, જનમકેા જતી હૈં;
આપ મનજ્ઞાન આનેા, વાંકેા તેા ગુણ બિખાનેા,
દેવનકેા દેવ જાણેા, ત્રિલેાકકેા પતિ હૈ;
જાકે નામ મૂક્તિ પાવે, જઠર ફરી ન આવે,
દર્શને અઘ કેાટિ જાવે, અતલિબલ અતિ હૈ;
સામળ કહે કામ કીજે, રંક કેરેા કહ્યો કીજે,
કર જોર સીત દીજે, શુભ શિરેામણ સતી હૈ. ૮૧

કવિ-દઢતા કર બેાલ્યેા ધીર મનમાં બેાહેા આને પીર,
રાવણ-મેરેા તુમ નાહીં બીર, (પર) કીરત બિખાની હૈ;
મેાયકું કહા ડરાવે, દેાનું શીશ વે ધરાવે,
જાવેગે કહાં વહાં આયે, બનચર પિછાની હૈં;
સબકું સત ખંડ કરું, લંગુરાંસે નાંહિ ડરું,
હરું વાકેા જોર વાકી, ચેાહની નિશાની હૈ;
સામળ કહે માન મેલ, આ તલમેં નાંહિ તેલ,
બેલ નાંહિ શિખ મેરે, પત્થરપેં પાની હૈ. ૮૨

દેાહરા

કવિ-બચન સુણ્યેા લઘુવિરકેા, રાવનકું બેાહેા રીશ;
બેાઠ બચન એસેા કિયેા, છિનમેં છેદે શીશ. ૮૩
વિભી-મેં કહું રાવન રંક હુએા, મત કાઢેા મમ બંક;
અબ તેરી સમૃદ્ધિ ગઈ, છિનમેં લુંટી લંક. ૮૪

કવિત

કવિ-બિભિષન આય મલ્યેા, દુઃખ શેાક સબ ટલ્યેા,
પાય પરેા સમજ્યુ કે, ચરણ શીશ નાંમિયેા;

લંકની ખબર કહી, આદ્ય અંત જોહી ભઈ,
વિભી–ગઈ વાકી સાન મૂઢ, રાવન હે કામિયેા;
મહારાજ મોયે શીખ દીજે, લંકકુ લપેટ લીજે,
કીજે એહ કામ રામ, દેખ દુઃખ વામિયેા. ૮૫
કવિ–સામળ કહે ભક્ત લહ્યો, આપ લંકધીશ કહ્યો,
હુઓ હે ખુસાલ નાલ, બેાત સુખ પામિયેા;
પલકમેં પાજ બાંધી, રાવનસેં રાડ સાંધી,
વહાંસેં નીર પાર સબ, ઉતરે હે બેટકું;
બંદર વૃંદ કુદે કૂકે, દોડાદોડ કરી હુકે,
ચુકે નાંહિ ફાલ આલ, કરે નર નેટકું;
રાવનકુ ભયે જાણુ, પાણી માંહિ તારે પાણુ,
રામજી સુજાણુ જાણુ, આયે લંક ઠેકકું;
બિભિષન મળ્યેા જાણ્યેા, સામળ કહે સાન આણ્યેા,
માનેા તબ તાપ આપ, (હેાર) પડ્યો પૂર પેટકું. ૮૬

દોહરો

નિકટ આયે શ્રીરામજી, ભયેા મંદોદરી જાન;
જાકે રહી દશકંધપેં, બેાલી મુખસેં બાન. ૮૭

કવિત

મંદોદરી–મંદોદરી કહે કર, જોરકે સુનેા હેા પિયા,
જિયા જો ચાહેા તેા આપ, મલેા જાકે રામકું;
આપકેા અવગુણ જાતે, માનેા તુમ કહ્યો મેરેા,
તેરેા તન હે આકુલ, મેં જાણ્યું મહા કામકું;
દેખ એક આયેા દૂત, પ્રૌઢ હે અયુત જુત,
અસહ્ય અપાર માર, ગયેા લંક ગામકું;
સામળ કહે એહિ કરેા, રામજુકે પાય પરેા,
ડરેા આપ મોતસેં, જો રખા ચહેા નામકું. ૮૮

કવિત–દોઢિયું ફેર

ચડેગેા શ્રી રામ, લુંટેગેા ગામ, ફેરે સબે ઠામ,
કરે બહુ કામ, ફેરેગેા નામ, મટે દામ સબ હરેગેા;

આયગેા નિઃશંક; જની તુજવંક, રાખેગેા છંક,
વાલ્યેા હે અંક, લૂટેગેા લંક, રંક તેાકું કરેગેા;
દુંદુભિ બજાડે, ધડ દુર્ગ તેાડ પાડે, એડેગેા અખાડે,
સબકું રમાડે, મન કેાડકું પહેાંચાડે, આડે હાથે ફરેગેા;
કહત કવિ સામળ બાની, મનમેં તેા દયા આની, તેા કુતેા રંક જની,
હેાયેગી તેાયે હાની, રાની સીત કયું ન દિનિ, રાવણ તું મરેંગેા. ૮૯

કવિત

આયે હે દેાનુ વીર, લછમનજી બડે ધીર,
સાયરકે નીર તીર, નિરંતર ચડેગેા;
બેાત હે એહિ સુજન, તેજકે કેાટિક ભાન,
બેાલ સુન દેાનું કાન, નિશાન વાકે ઠગેગેા;
સેનકે ભયે સપેટે, લંક ગામકું લપેટે,
તેારે ચાકરકું ચપેટે, ઝપટ દેય ભઠેગેા;
સામળ કવિ કહે એાટ, બાંદરકી લગી ચેાટ,
બેાલંગે લંકાંકા કેાટ, તેરેા ધાટ ધડેગેા. ૯૦

રાવણ–સુન મંદેાદરી બેાલ, નાંહિ કેાય મેરે તેાલ,
વાકું તેા મેં લેઉ મેાલ, તુજે ભૂલ પરી હૈ;
દેખ જ્ને સજ્જઈ, તેાકું તેા કીને વાઈ,
કુંભકર્ણ જેસે ભાઈ, બાઈ સાગરસી ભરી હૈ;
અગન્ય નિપાયે અંન, ઇંદ્રજિત અનેાપમ તંન,
સદા વૃષ્ટિ કરે ધન, જન સેવ કામ કરી હૈ;
આપકી તેા એહિ રીત, હેાવેગી અમારી જિત,
ભીતિ મન નાહિ ચિત્ત, જની સીત હરી હૈ. ૯૧
દશ તેા હે મેરે શીશ, ભુજ તેા હે બીસ,
સહાય કરનેકુ ઈશ, રીશ ક્રેાધ અતિ ભરહૈ;
બિરંચી તેા ગુન ગાય, નવ ગ્રહ બાંધે પાય,
વજ્રકી તેા મેરી કાય, સૂર મન ડર હૈ;
કેાહુ ન જાને મરમ, ચેાકી કરતે ધરમ,
બિષ્ણુ તેા માને શરમ, કરમ પાયે પરે હૈ;
કનક કે ધર સુત, સવા લક્ષ મેરે પૂત,
દુત જેસે રામ જુથ, મેાકુ કાહા કરે હૈ. ૯૨

મંદોદરી–કહે કંથ એ સુજ્ઞાન, ભયો કીયું તું અજ્ઞાણ,
પૂછ દેખ આપ પ્રાન, પાણ પાણિ તર્યો હૈ;
દેવનકો ઠારન એ, દૈત્યનકો મારન એ,
કારણ પ્રહ્લાદ કેરે, હિરણ્યકું માર્યો હૈ;
વાકી કોન બુઝે બાત, તીચે આયે દોઉ હાથ,
બાત કે ફરુકેમેં, ત્રંબક તોર ડાર્યો હૈ;
આયો તો એક લંગૂર, રામજીકો દેખો નૂર,
સામળ કહે સદા શૂર, લંક જીને જાર્યો હૈ. ૯૩

ચોખરો

મં–ધીર મહા વીર બે, નીર અરણવ તણાં, તીર દળ ઉતર્યાં દેઈ ડંકા,
કહે સતી સુણ પતિ, દુર્મતિ માહેરા, ભોમ્ય ભારે ધણી ભયે ભંકા;
સીત સંતાપ મહા, પાપની છાપ છે, ત્રણ તારે શિરે વેદ વંકા,
ઈસ અવળા હવે, શિશ તારે થકી, લક્ષ્મણે લુંટી લક્ષ જાણે લંકા. ૯૪
રા–વેઠ ઉઠી વનિતા તણી વાતમાં, પાનિએ બુદ્ધ એ જોર તારું,
શું કરું પ્રિય છે, તું ધણી પ્રેમદા, અન્ય કો હોય તો ઠાર મારું;
રીછડાં વાંદડાં માંકડાં મેલિયાં, જુદ્ધ જિત્યાતણું સૈન્ય સારું,
સુરજ ને ચંદ્રમા, દેવ સેવે સદા, છેક છોકર થકિ હું ન હારું. ૯૫
મં–બીજ કેરીજ પણ, કહું તુંને કંથડા, આપ એ વાત મન માન માટે,
વૈમાનની સેજમાં, તેજ ત્રિલોકનું, હુંશશું હીંચિએ ખાંત ખાટે;
માળિયાં જાળિયાં, ગોખ અટારિયાં, દ્રવ્ય જાશે સર્વ બાર વાટે,
સાઠ સહસ્ત્ર, શૃંગાર શ્યામાતણા, ઉતરે એક હરિ સીત સાટે. ૯૬
રા–અજોધ્યા લગે, ભુમિ ઉદવસ્ત કરું, આય રાખું ઘણું જોર ઝાઝું,
દુઃખ કાયર તણી, નારી તું અવતરી, મોત્ય લવરી પરી હુંજ લાજું;
પાતાળ ઉપર કરું, સ્વર્ગ આણું તળે, ખંડ નવ ભોમ્યનો ભાર ભાજું,
રામ લક્ષ્મણ લધુ, બાળ બે બળ કશું, દરપણસું દેખતાં દેહ દાઝું. ૯૭
મં–વિનાશ કાળે તુંને, બુધ્ય વિપરીત થઈ, સીત સામી કુદૃષ્ટે જોયું,
હુંશ થઈ વાયનાં, દૂધને દેહની, મોતની ધૂધરી ધ્યાન ધોયું;
રસ અમૃત તણી ખાંણ જાણી હરી, વિખ હલાહલ બીજ બોયું,
કહેત મંદોદરી લાભ શો કહાડિયો, ચોકડી ચૌદનું રાજ ખોયું. ૯૮
રા–કોડ તેત્રિશને હોડ હાકું અમો, કહે તો ત્રિલોક આ એક કીજે,
દિગ્પાળ દશે દિશા વશ કરું વાતમાં, નાગ નદ તે તણિ લક્ષ્મી લીજે;

સાત અરણવ તણાં નીર શોષું કહેા, ભામ્યની ભાર બ્રહ્માંડ ભીજે;
નવખંડ નરપત્ય તણાં માન મોડું કયમ, રામની ભીત્યથી સીત દીજે. ૯૯
મં–સીત હરી આવિયેા ખઇરેાગ લાવિયેા, નહીં ભલેા ચિત્ત ચાળેા,
કામી અતિ અંધ દશકંધ આપે થયેા, ધંધામાં ધ્યાન એ બુદ્ધ બાળેા;
સીત ઘો તેા પછે ભીત કશિ રીતની, પ્રીતશું પરવરેા પંથ પાળેા,
કંથ તુજ કારણે જાઉં વિધ વારણે, બારણે કળકળે કાગ કાળેા. ૧૦૦
રા–સુણ હરામ કર તું કયમ માહરું, રામ લક્ષ્મણ તણાં શું જોર જાણેા,
માંકડાં રાંકડાં વાંદરાં વન તણાં, તે તણાં સૈન્યને શું વિખાણેા;
દશાનન તણા હાથ દીઠા નથી,ત્યાં લગી રામ સાથે મન મેાજ માણેા,
ફુંક મારી થકી પાણ ફાટે ઘણા, એહ અહંકાર અતિ શુંજ આણેા. ૧૦૧
મં–લંકપુર પરવરી સીત એ સુંદરી, ત્યારથી પાપ વરસાદ ઉઠ્યો,
તે તણાં કરસણાં ઉગશે તે જુએા, નાઠા થકી નરપતિ નહીં છૂટેા;
વાત વિપરીત થઈ સર્વ સમૃદ્ધિ ગઈ, રાજ મહારાજ રઘુનાથ રૂઠ્યો,
કહેત મંદેાદરી સાંભ્ય એ સુંદરી, ન તેા જાણુરે કંથડા કાળ ખૂટ્યો. ૧૦૨
રા–કામિની કહું કરગરી સાન આણે નહિ, કુણ વનિતા તુંને વેદ વારે,
સાત સાગર તણી ખાઈ શેાભે સદા, હેાડ હરામ થકી કામ હારે;
વિભિષણ જઈ રહ્યો તેહ દુશ્મન થયેા, તેવું કરજો ગમે મન તારે,
નેહ કરી દેહ આ શિશ નામું નહિ, એહ પ્રતિજ્ઞા છે મન મારે. ૧૦૩
ભાઈ ભુંડેા થયેા તેમ તું ભામિની, કથન સંભળાવિયાં કુડ કર્યું,
માર ખાઈ મારા હાથનેા તે ગયેા, લાગિયેા શત્રુને ચિત્ત ચર્યું;
લડવું લંકમાં તે ઘણું દેાહલું, આપ ઉબ્યેા જશે તુચ્છ તરણે,
મહિપતિ કહેજો મંદેાદરી તું બિહે, સામળ તણા સ્વામીને જાને શરણે. ૧૦૪
મં–સ્વામિ તમ આગળે સત્ય બેાલું અમેા, ગાળ દેશેા ધણી વીધ વાંશે,
વિભિષણ ભ્રાત મળ્યેા રઘુનાથને, નાથ અનાથનેા ચિત્ત ચહાશે;
લંક લુંટાવશે એહ આગળ રહી, ખાંત અમૃત તણી એહ ખાશે,
ગૃહ સમ તેહના વાંકા તમ દેહના, લંકનેા અધિપતિ એહ થાશે. ૧૦૫

છપ્પા

રાવણ–શી મુરખને શીખ, શી ઘેલાશું ગેાષ્ટિ,
શી અદાતની કિરત, શી વેરીશું વિષ્ટિ;
શી સજ્જનશું રાડ, શી રાંકશું રૂડી,
શું નગરાને દાન, પ્રીત ત્યાં શાની પુંડી;

શી વાત વનિતા તણી, મોટા જન કેમ માનિયે,
સામળ કહે શાણી ધણું, પણ પ્રમદા બુદ્ધિ પાનિયે. ૧૦૬
મંદોદરી–ગોખરુ મૂળે હાથ, હેત ધણેથી ધાલ્યો,
મણિધર કેરી મણિ, લેવા મહિપત તું માલ્યો;
દાવાનલ ધરી દેહ, તાડથી પડિને જીવવું,
શીંગીયો સોમલ વચ્છનાગ, ઝેર હળાહળ પીવું;
રાણા રાવણ ત્યમ રામશું, અકલ કેલાવે આડિયો,
માગ્યું મોત સામળ કહે, સૂતો સિંહ જગાડિયો. ૧૦૭
રાવણ–જાય કો પર્વત મેર, કે પાતાળે પેસે,
રહે સમુદ્રને શરણ, સુરજ મંડળ જઈ બેશે;
છેક જ થાયે રંક, કે લક્ષ લોકોને લૂંટે,
આયુર્દા ઘડી એક, નવ્ય વધે નવ્ય ખૂટે;
લલાટે લખ્યું મટે નહિ, તો નીચ થઈ નમવું કશું,
ગુણવંતને ગમે નહીં, એક હાણ બીજું હસું. ૧૦૮
મંદોદરી–જોબન મદ જર મદ, અહંકાર રાખે અલેખે,
કામાતુર નર અંધ, તેહ આંખે નવ્ય દેખે;
સજ્જન મદ ને શૂર, મૂરખ જન ભમતી મોટા,
સાચા જે પ્રતિબોધ, તેહને મન સહુ ખોટા;
જે આખર આવ્યો આંકનો, તે કહો ટાળ્યો કયમ ટળે,
અંધો ભીતિ અથડાય છે, ત્યારપછી પાછો વળે. ૧૦૯
રાવણ–કહે તું વાર કરોડ, શીખ માનું નહિ માઠી,
કાંગહું કણ ન રંધાય, સો મણ બાળો જો કાઠી;
માંખણ ન આવે મેલ, વરસ સો વલોવે પાણી,
પત્થર ઊપર જેમ નીર, અધિક શી કહું એંધાણી;
તને કામની ક્રોડ વસા કહું, મૂક તુ વનિતા વારવું,
રાવણને રાડ રણજંગમાં, રામ થકી નથી હારવું. ૧૧૦
મંદોદરી–સુમન તણી સુખ સેજ, હેમ હિંચોળા ખાટે,
ચિંતામણીની ખાણ, રત્ન પરવાળી પાટે;
માગ્યા વરસે મેહ, છયે ઋતુની છાપે,
અશોક સરિખાં વંન, અલખત ભોગવિયે આપે;

નવ નિદ્ધ ને રિદ્ધ સિદ્ધ, સમૃદ્ધિ સહુ જોતાં જશે,
મંદોદરી કહે માને નહિ, ધન તારું ધૂળધાણી થશે. ૧૧૧
રાવણ–નિત્યે નિંદે જે વિપ્ર, વંશ જરૂરી જાયે,
દ્રવ્ય વિના વ્યાપાર, ત્યાં દેવાળું થાયે;
કાયરમાં રહે શૂર, તેહ કેા વેળા નાશે,
રુડી ભુંડી ખસબોઈ, પટ બેશી રહે પાસે;
જે ઘેર ચાલ ગૃહિણી તણેા, કંથ કામિનીનું કહ્યું કરે,
ગર્ધવ જાણવેા તે ગૃહસ્થને, આખર અર્થ તેા નવ સરે. ૧૧૨
મંદોદરી–પ્રમદા તે જ પ્રધાન, પ્રીત પ્રમદાની પ્રૌઢી,
પ્રમદાથી શેાભે પુરુષ, કહેવાય નરનારી જોડી;
પ્રમદા વડે ઘર સૂત્ર, પુત્ર પ્રમદાથી પામે,
અર્ધાંગ પુન્ય વિભાગ, દુઃખ વનિતાથી વામે;
ઘર છિદ્ર ઢંકાય ગૃહિણી થકી, માન સન્માન મહિમા મળે,
શુભ ઇચ્છે તે સ્વામિતણું, અંત કાળે અગ્નિમાં બળે. ૧૧૩
રાવણ–કૂળ રુડે કન્યાય, બીજો ધણી નહીં ધારે,
સિંહ તણિ સેાબત, ન હેાયે વારે વારે;
શાહા પુરુષેાના બેાલ, એક બેાલ્યા તે બેાલ્યા,
દંતુસર ગજરાજ, તણા બેાલ્યા તે બેાલ્યા;
મહિપત કહે સુણ મંદોદરી, રાવણે રાડ લીધી સહી,
ન આપું કહી નારી હરી, હઠીલેા હઠ મૂકે નહીં. ૧૧૪
મંદોદરી–નમે સકુળની નાર, નમે ફળ ફુલે વેલી,
નમે સત્પુરુષકેા સાધ, નમે સલિ(રિ)તા રસ રેલી;
કદી નમે નહિ કાઠ, નમે નહિ કુલટા કામી,
નમે નહિ કેા નીચ, હઠીલેા જેહ હરામી;
નમે શ્રીરામ સરીખડા, જેણે ધર્મ મન ધારિયું,
ન નમે રાવણ નરપતિ, જેનું સુખ પરવારિયું. ૧૧૫
રાવણ–બેશી રહે બુદ્ધ હીણ, લુણ મારું તું લજ્જવે,
પ્રગટી કાયરની કૂખ, તેાલ મારું તું તજ્જવે;
વેરીનાં કરે વખાણ, વપુ કરે છે વાલેા,
લવરી કરે લખ વાર, કુંવર કંથ જાણી કાલેા;

તુજને પૂછી લાવ્યો નથી, જુવતી તુજ કહે તો નહીં જડે,
બેસ માનિનીને જઈ માળિયે, જો કંથ તારો કેવો વઢે. ૧૧૬

મંદોદરી–રામ સંગાથે રાડ, કરવા નહીં સમરથ કોઈ,
નરવર તે શ્રીરામ, જોરાવરમાં શું જોઈ;
ધનુષ જે દૃઢ ધીર, વળગ્યા બોહો બળિયા બાથે,
ટચલી આંગળિયે તરત, ભાંગ્યું હરિ એકે હાથે;
એવાં પ્રાક્રમ અનેકધા, રાય જોશો ઘણાં રામનાં,
કંથ કેટલું કહું કરગરી, કથન કામિનીનાં કામનાં. ૧૧૭

રાવણ–અણ બોલી રહે અજાણ, જક મૂક તારી ઝાઝી,
નરમપણું કાં કહે નાર, રાવણ તેથી નહીં રાજી;
ભલું ચિંતવો ભાગ્ય, બોલ ભલાઈ ભાતે,
લક્ષ્મણ સરિખા લાખ, જિતવા જોર છે જાતે;
બાજી દેવા બળવંતશું, બાજીગર થઈ આવિયો,
રાવણ બીશે કેમ રામથી, લંગુર ઘણેરાં લાવિયો. ૧૧૮

ચોખરો

મં–લંકાના પૂરપતિ સાંભળો કહે સતિ, મહિપતિ છો ઘણું મેટ માઝા,
લોક કહેશે કોઈ પાસે હતું નહીં, કરગરીને કહું કંથ કાજા;
સુજનને દુઃખ પમાડશો સહેજમાં, શત્રુ થાશે તારા તરત તાજા,
શ્વાન રુએ ઘણાં શેરિયે સામટાં, મેડિયે બોલિયો રાત રાજા. ૧૧૯

રા–શુકન અપશુકન એ સરવ છે રંકને, જેહ બિએ તેને એહ સરવે,
જગતમાં જિતનું જોર બહુ ગડગડે, હોડ હડે કરી કુણ હરવે;
અપશકુન ઘણાં છે તું જો એ રામને, નાર બોઈ રાન વન વન ફરવે,
રાય રાવણ રામાશું કહે રીશથી, શુકન મેં બાંધિયાં પાયે સરવે. ૧૨૦

મં–શીખ લાગે નહીં તેહને કો તણી, જેહને રાજ મહારાજ રુઠ્યો,
પુણ્ય કે પ્રીતની પેર પ્રીછે નહીં, જે શીરે પાપ વરસાદ વુઠ્યો;
હું હું કરી ગર્વ અહંકાર અદકો કરે, તેહ છતવંતથી છેક છૂટ્યો,
નિમેષ માને નહીં કથન કહે કામિની, લખવસા કંથ તુજ કાળ ખૂટ્યો. ૧૨૧

રા–મોઢે ચઢાવી ત્યમ માન માને ચડી, બોલવા માંડિયા ભાવ ભારી,
હેત દેખાડિયે છે હશી વાળિયે, જાણિયે છે ઘણું એહ નારી;
વાયના બોલ બોલે મુજ વેરીના, ટેવ જાણે નહિ મૂળ મારી,
આગન્યા ઇષ્ટની કોડ વરાં કહું, લખવશાં લોપશું લાજ તારી. ૧૨૨

મં–એમ અહંકાર કરતો હિરણ્ય હઇડે, તાહરી પેરથી તે ઘટાડો,
અળરાય બળ રાખતો વારાહ પણ વાધતો, મોજ્યો તેનો પૂર પાડો;
સહસ્રાર્જુન સારખો પ્રૌઢ જન પારખો, ઘાટ ઘજ્યો તેના જોર ઝાડો,
એ રામ રણ રોળશે ચંચુવત ચોળશે, કંથજી દેખશો તેહ દાડો. ૧૨૩

રા–ફટરે પાપિણી અકલ જે આપણી, શત્રુ શોભાવતે હરખ હીસે,
અળશિયાં સાપથી અહિ કયમ ઓસરે, આગિયા તેજ આદિત બીસે?
અરણવ તણાં નીર ત્યાં બીદર કુણ બાપડું, રાય ઉમરાવશું રંક રીશે,
વિચાર કરજે તું વનિતા વપુ વિષે, શું લંગુરા દેખી લંકપત્ય બીશે. ૧૨૪

મં–શ્રી રામ રાજા મહારાજ ધરણીપતિ, લક્ષધા કોટિધા લક્ષ લહેરે,
સમુદ્ર સુધા તણો નામ મહિમા ઘણો, મુક્તિ દાતા મહાપુણ્ય પેરે;
તેહશું રાડ રણજંગ કેમ જિતીયે, જોર ચાલે કેમ જિત ઝેરે,
વિશ્વપતિ સાથ જો વેર વધારશો, ઉજ્યા જશો આકના તુર પેરે. ૧૨૫

મં–આપ મત પાપથી શાપ માથે થયો, છાપ પડી તારું છેક જાવા,
કામની માટે તુંને કહું છું કરગરી, દેવના દેવશું મેલ દાવા;
બુદ્ધ એ બાળ છે, કાળના કાળ છે, સીત સોંપિયે એના ગુણ ગાવા,
રામ ઋષિ રૂડશે લંક ગઢ લુંટશે, નહીં રહે પંડકા પાણિ પાવા. ૧૨૬

રા–કામિની એક તું કહે તેણે શું થશે, પાનિયે બુદ્ધ ને રાત જાયે,
પૂછ તું તાહરા તંનને તરતીએ, પૂછ તું કુંભને ચિત્ત ચાહે;
પૂછ તું વરણ અઢારના લોકને, રામના ગુણ તે કુણ ગાયે,
લાવિયો સીત નચિંત નર ભીતરથી, જોર હશે આંગમાં આપ માંહે. ૧૨૭

ઇં–ઇંદ્રજિત કહે કોટિ ઇંદ્રને જિતીયે, આકાશ ઉડાડિયે ભોમ્ય ભારી,
પીતાતણું પાણી જાવા નહીં દીજિયે, આપિયે નહીં ફરી એહ નારી;
આપડાં વાંદરાંથી કેમ દીજિયે, આંબળાં ઊંબરા એ જ અહારી,
ચોખુંટમાં વાત ચાલે એહ આપણી, કે રીંછથી રાયજીયે હોડ હારી. ૧૨૮

મં–પૂત સપૂત હુંતો તુંને જાણતી, પાપ બુદ્ધિ તુંને આજ પરખ્યો,
ઓળખ્યો નહિ હુંદે રામ રઘુનાથને, નીચ દૃષ્ટિથી નરનેહ નરખ્યો;
ભારે અલખત જોઈ ભૂર ભૂલો ભલા, હાંણ હાંસું થશે હેત હરખ્યો,
કૂખ કપૂત લજ્જાવણો મેં લહ્યો, બીજ જેવું તેવો બાપ સરખ્યો. ૧૨૯

કુંભ–કહે પછી કુંભકો કોપ અદકો કરી, ડાહ્યાં ઘણું દલ વિષે શું જ થાવું,
ભક્ષ કરું સર્વની દેહ ઘડી એકમાં, ઘાલી લઉં ગુંજલે આંતે આઉં;

આજની રાતમાં ભેા પમાડું ઘણું, મૂળ માંકડ તણાં કેાડ કાઢું,
જીવતા ઝાલીને વીંધશું બહુ જણા, ભેટ ભાભી તણી કાલ લાવું. ૧૩૦
મં-કંથેરના ઝાડે કેળાં નવ ઉતરે, એહ શિરકટે નહિ ઇક્ષુ સાંઠો,
બરાસ બહેકે કરી લસણ બેાઇયે, બેાહેા, ગંધ તજે નહિ એજ ગંઠો;
અન્યશ્વને બાંધિયે અશ્વમાંહે જઇ, ભૂંકતાં કાઢશે કેાપ કંઠો,
કહેત મંદેાદરી સરવ સરીખડા, કડવી તુંબડીના વેલેા વંઠ્યેા. ૧૩૧
રા-સ્યામા તમેા શું બિહેા કેાપ કારણ કિયેા,બીકનેા બેાલ એ તેાલ તે શું,
નામનેા નાશ એ નિત્ય સર્વે કહે, જગત બાધેા જીવા જ્યેાત જેશું;
આવવા દે ઇહાં તું અનેહ્વાપતિ, જોગ જગદીશને જબાપ દેશું,
રામની આણ જો રામથિ રીજિયે, લંક સાટે ઘણેા લાભ લેશું. ૧૩૨
મં-નાર કહે નરપતિ છળ કરે છત્રપતિ, કથન કહું કેાડથી કંથ કાજા,
ભય ઘણેા ભીતમાં ચેત તું ચિત્તમાં મેટશે માન મરજાદ માઝા;
અપશુકન થાયં અતિ ગ્રહની અવળિ ગતિ,જુલમ તું શા કરે જુગત ઝાઝા,
સ્વાન રુવે ઘણાં સામટાં શેરિયે, મેડિયે બેાલિયેા રાતરાજા. ૧૩૩
રા-આજ એકાંત છે ભ્રાંત ભાગું ભલી, વાત વનિતા પ્રત્યે વેણ વામું,
દશરથ તણા નંદને આદ્ય એાળખું અમેા, નેહશું દેહ નહિ શીશ નામું;
નેટ નિઃશંકશું લંક લગિ આવશે, સૂર સઙ્ સહુ સૈન્ય સામું,
આજ ઇચ્છું ઘણું કામ હું એટલું, વેરભાવેથી વૈકુંઠ પામું. ૧૩૪
મં-સાબાશ રે સ્વામિજી સત્ય સ્યામા કહે, રખે હવે દીલ થકી દીન થાતેા,
શૂર મહા પૂરથી સુભટ સંગ્રામમાં, મમત કરી માંડ રણજંગ માતેા;
અંતર બુધ એ હશે કામ નિરભે થશે, તેા ટળે લેાહનેા પાશ તાતેા,
અધિક કહું અંકમાં વાળિના વંકમાં, ચિત્ત માંહે રખે લંક ચહાતેા. ૧૩૫

દેાહરા

રાવણ-પૂછે અઢારે વરણને, કહેાને સાચી વાત;
સીતા આપવી કે નહીં, ખરી બતાવેા ખાત. ૧૩૬
કેાની ન રગતી રાખશેા, બેાલી રુડી વાણ;
સત પ્રકારે સાચું કહેા, ન થાયે હાંસુ કે હાણ. ૧૩૭
વેવાર વાત સહુને ગમે, એહ અક્ષર એહ આંક;
રુડી કહેા એ વારતા, કેાય ન કાઢે વાંક. ૧૩૮
મન ગમતું કરજો તમે, એ વાતે નહિ રીશ;
ખરી વાતે નહિ ખરખરેા, તે જાણે જગદીશ. ૧૩૯

કવિ–અઢારે વરણુ હવે બોલશે, પોતાને સુઝતી પેર;
પોતે બેઠો સાંભળે, તેહ ઠામ તે ઠેર. ૧૪૦
સંવાદ આ જે સાંભળે, તેને પરમેશ્વર પ્રસંન;
ગાય શીખે હેતે કરી, છે રેવાનાં દર્શન. ૧૪૧
મન માન્યાં માગ્યાં મળે, વિધવિધ પેર વિલાસ;
પિતા પુરુષોત્તમ તણો, કહે કવિ સામળદાસ. ૧૪૨
શ્રોતા વક્તા સમજતા, કહે કવિતા કર જોડ;
સામળ કહે સહુ બોલજો, જયજય શ્રીરણુછોડ. ૧૪૩

ચોખરો

૨૧–વિચાર પૂછ્યો એક વિપ્રને વિધવિધે, મહારાજ મહિમા કહો મંન માની,
આપવી એ ઘટે કે નહિ આપિયે, દલ તમારે કશી બુધ્ય દાની;
વિપ્ર–મહિપતિ માન મટાવિયે કેમ કરી, લાજ ધાટાવિયે હોડ હાની,
પાછી આપતામાં પરાક્રમ તે કશું, ભીખ તેને પછે ભૂખ શાંની. ૧૪૪

સવૈયો

વૈષ્ય–વૈષ્ય કહે વેવાર એ પાખી છે, આપતે લાજ છે પરિયામાં,
અથડાવો દહાડા દશ વિશેક, હાલક બુકાલેક કરિયામાં;
રાડ જુઓ એ રીંછડાં કેરી, કણ એક ભાજન ભરિયામાં,
કાયર કયમ થઇએ આગળથી, શું વહાણ મૂકયું છે દરિયામાં. ૧૪૫
કણબી–કહે કણબી કેમ કામિની દીજીએ, જાત જોરાવર શું એની જાણી,
પાછા જશે અથડાઇને પોતે, કે લહેર સમુદ્રની લેશે તાણી;
લંકા સરિખડો કોટ લેશે કયમ, રાવણ રાય દેખિતો જે દાણી,
પૃથિવીપતિ એ પત મૂકે કેમ, છેલ્લે કયારે શું ગયું છેજી પાણી. ૧૪૬

ચોખરો

સઇ–ગજધર કહે દાહડા પાધરા દૈત્યના, શિવ વરદાનની છાપ છેરે,
સાત સમુદ્રની આડ છે ઓટે, અધીપત રાણોજી આપ છેરે;
દેવ હીડે છે દશો દશ નાસતા, ત્રણ લોકમાં જેનો તાપ છેરે,
ભલું લાવ્યા છો તો ભૂપતિ ભામિની ગજે તસુ તો માફ છેરે. ૧૪૭

સવૈયો

કુંભાર–કહે કુંભાર કરો શી વાતો, એહ તો મારગ એડો છે,
વઢતાં કુણ જિતે કુણ હારે, મહીપતિ માની મેડો છે;

લેવા ગઢ લંકાનો દુર્લભ, વંક વોળામણ વેડા છે,
શું ધડો કે ઘેડ ઉતરશે, ચાક ઉપર હજુ પેંડા છે. ૧૪૮
લવાર–કહે લવાર મોકલો એ કુંભક, ભક્ષ કરે તોએ વાંદર ખૂટે,
નહિતર જોર કરો જંજાળનું, આપ અરાળા અનેકધા છૂટે;
રાક્ષસ મોકલો રીંછડાં સામા, રણ વિષે વરખા જેમ પૂઠે,
બળવંત રાણા બેઠા જુઓ બારણે, લુહાર ને લોઢું આફણિયે ફૂટે. ૧૪૯
સોની–કહે લાવ્યા છો સીતાને, પ્રાતે વચન એ પળવું છે,
ચોટ નાંખી છે તો ચંતા શી, રાજ્ય પદવીમાં રળવું છે;
આમે કરમ લેલાટ લખાણું, તે શું ટાળ્યું ટળવું છે,
સોનું પહેરે જો કાન જ તુટે, જતરડા વચ્ચે નીકળવું છે. ૧૫૦
ધાંચી–ધાંચી કહે ધણું શું જોર એમાં, માંકડાં કેરા એ માર જોરે,
બાળક બેહુમાં બુધ છે કેટલી, ભૂપ ભારેનો એ જોર જોરે;
નહિ ઘોડલા જોડલા હાથિયા સાથિયા, કટક કેરા પોકાર જોરે,
હડબડવું નહીં હિમ્મત રાખવી, તેલ જો તેલની ધાર જોરે. ૧૫૧
મોચી–મોચી કહે મેં તો માંકડાં દીઠડાં, નાશે જેમ રણમાં રોઝડાંરે,
કોઠાં બિલાંને કાજે વઢે ઘણું, તુચ્છ તરણાવત તોછડાં રે;
ફૂકતાં કુદતાં ઢુકતાં ઝુકતાં, ફોજ નહિ એ તો ફોજડાં રે,
હીંમત રાખીએ દલ એ દાખિયે, પાણી પહેલાં શાં મોજડાંરે. ૧૫૨
હજામ–નાઈ કહે છે નાત સઘળી અમને, રૈયતમાં સહુ કહેછેજી રંકા,
ગત જાણે કુણ ગોવિંદ કેરી, અકલિત અક્ષર એહના અંકા;
સુઝ વિચારતાં તો નથી સુઝતું, લંગુર કેમ લેઈ શકશેજી લંકા,
કોથળીમાંથી સાપ જ નીસરે, વાળંદના દંન હોય જો વંકા. ૧૫૩
રબારી–રબારી કહે શ્રીરામ આવ્યા છે, કેટલા દહાડા ઇહાં બેસી રહેશે,
ખાવા પીવા શું પામશે પૂરણ, સુખ દુઃખ કેરા આગળ એ કહેશે;
દશાનન સરખો દુશ્મન છે શીર, લંકામાં આવતાં લેખાં બોહો લેશે,
ઢોર ને ચોર થશે એકઠાં જુઓ, ઊંટડો કુણ કિનારે બેશે. ૧૫૪
દરજી–કહે દરજી દલ જાણું છું હુંય, ભૂપ આપણો ભોળો છે,
પહાણ તારી આવ્યો પરપંચે, જનાવર સંધાતે જોરો છે;
બાળી ગયો બળવંતો કોયક, ટેક ધણેરો તોરો છે,
આરા કેરે વારો આવે, જમ સોયની કેરે દોરો છે. ૧૫૫

ઘોખો–પરિયટ કહે હું પ્રીજ્યો પારખું, હાથ તારે શિર હરનો છે,
નવ ગ્રહે બાંધ્યા છે નરપત, તો ભાર શો એના ડરનો છે;
હારીને જો હીંમત મૂકો, તો નામોશીનું નરનો છે,
ઘોખી કેરો કુતરો નહિ, ધાટ તણો નહિ ઘરનો છે. ૧૫૬

ભોઈ–ભોઈ કહે ભૂપત કહું તુજને, સીત હરી તે સાંખી છે,
જોગવર જન દીસે ઝાઝા, ભાગ્ય નિધિ શી ભાંખી છે;
પચવાની નથી એહની પ્રમદા, જેવી જીવતી માંખી છે,
અંગદ વિષ્ટિયે આવ્યો તો તે, કણુક મચ્છને નાંખી છે. ૧૫૭

સલાટ–સલાટ કહે શાણા છો સઉકો, વેદ વચનની વાણી છે,
સીતાજીને સ્ત્રી જાણો પણ, રામ તણી તો રાણી છે;
એહના શાપથી ઉદવરત થાશે, હુંશ થકી બહુ હાણી છે,
રકનું કહ્યું રાવણ કયમ માને, પત્થર ઉપર પાણી છે. ૧૫૮

સાબળિયો–સાબળિયો કહે સઉ જાણો છો, જુવતી એહ લાવ્યો છે જાણી,
એહને ગમતું આપણ બોલો, વિખાણ કરો વિધવિધની વાણી;
શીખામણ દેઇને થાકી છે, રાવણની મંદોદરી રાણી,
ધરમ વાતે ધર્મ જ થાશે, દૂધનું દૂધ ને પાણીનું પાણી. ૧૫૯

ભરવાડ–ભરવાડ કહે ભૂપત પૂછે છે, સાચી વાત કહો મન માની,
દેશ ભંગ થાએ દેખંતાં, પરથમ તો પરજાને પાણી;
લંગુરાએ લંકા બાળી, જાન સહુને પહેલી બાંણી,
વઢવાડ ન થાય તો સહુને રુડું, તો રહે દૂધ દહી ને દાંણી. ૧૬૦

જતી–જતી કહે સહુકો સાંભળજો, ભુંડા લોક તો ભૂર ભમાડે,
રામચંદ્ર મોટો રિદ્ધપત રાજા, પ્રૌઢો કોટ પણ વાંદર પાડે;
આપણો રાજા અતિ બળિયો, જિત્યા છે મલ્લ અધિક અખાડે,
એહ સાથે વઢતાં નહિ વાધે, વેચવો કાંશકો વરતિયા વાડે. ૧૬૧

ગોલો–ગોલો કહે ગુણવંતા આગળ, માહરી તો મોટમ મતી,
નવ ગ્રહે જિતી બાંધ્યા નરપત, રાવણ રાયની મોટી રતી;
જો જિતે તો કામ જ થાશે, નહિતર પાછી આપશે સતી,
હાર જિત છે હોડે રમવું, કયાં ગોલાને ઘેર ગાયો હતી. ૧૬૨

કોળી–કોળી કહે કહું કર જોડી, દેશપતિ આવ્યો છે દાવે,
શૂરો થઈ સીતાને લાવ્યો, તે કયમ કુડો કાયર કાવે;

જિતવું ને વળી જશ લેવો, નીચ નિર્માલ્ય થયે તે નાવે,
કુણ જાણે કિરતાર શું કરશે, ભીલનું ભાલોડ જો પાધરું આવે. ૧૬૩

ખતરી–ખતરી કહે હું ખડતલ કહું છું, હલહલ કરવા દોને હેલાં,
મોટા સાથે વઢશે તે મરશે, શું ખાવાં છે સાકર કેળાં;
જોર હીંમત જણાશે ઓનાં, ભૂપતને કહો કરને ભેળાં,
એક ઘડીમાં રંગ જ હોય, તાંણો વાણો મળશે તે વેળા. ૧૬૪

ચિતારો–ચિતારો કહે ચંતા મુજને, અધિક વાંદરાં આવી અડશે,
ઘણાક જોજન છે ધડ ઊંચો, પણ ચહાય તે વેળા ઉપર ચડશે;
દેહવટ કરશે દેશ લંકનો, નિશ્ચે એ નરપલ્લને નડશે,
શ્રીરામચંદ્ર સમજે છે સર્વે, શું મોરનાં ઈંડાં ચિતરવાં પડશે. ૧૬૫

બારોટ–બારોટ કહે બળવંતો રાવણ, ગુણ હીણે કીધી ગાંડાઈ,
રામ સંધાતે રાડ સાંધવી, ખોટી જાણો એ ખાટાઈ;
એક ઘડીમાં ઉદવસ્ત થાશે, પ્રૌઢું રાજ્ય ને પૂર પાટાઈ,
વિખાણ કરિયે તે વાટ જ ઉઠે, ભલી કેવી શી ભાટભટાઈ. ૧૬૬

ભાર–કહે પરજાપત સુણ રે ભૂપત, અતિશે વાંક તમારો છે આડો,
ચંતની કેરા ચોર કહેવાણા, તેની સાથે કરો છોજી તાડો;
હઠાવે હનમંતને જોહ હંડોલ્યે, એવો કો તમ દાસ દેખાડો,
જગજીવન સાથે જિત કશી તમો, કોઠી ધોઇને શું કાદવ કાઢો. ૧૬૭

તંબોલી–તંબોલી કહે તમો વિચારો, ખરું લખાણું અક્ષર ખાતું,
ચૌદ ચોકડીનું રાજ પામ્યાતા, શિવ પરતાપ હતું સુખ શાતું;
અયુત ઇંદ્ર તણિ અલખત તે, જુલમ કરેથી દેખશો જાતું,
સહુકો જાણે છે સુખ ભોગવિયું, પાન ખાઈ મુખ કરિયે રાતું. ૧૬૮

સોની વાણિયો—

સોની વાણિયો કહે છે સાચું, અધિપત છે તારા મનમાં આંટો,
જોરાવરસું જુદ્ધ કરવાં છે, તલપદ નહીં એ વિપરીત વાંટો;
કાળના કાળ પરબ્રહ્મ પોતે, એની સાથે વઢી શું ખાટો,
કર્યાં કરમ ભોગવશો કુડાં, રામ હાથે રધા સોનીનો કાંટો. ૧૬૯

વૈદ–વૈદ કહે વેરી શું વઢીએ, તો તો એક કહું તે કીજે,
સામ દામ ને ભેદ કરો બહુ, ખરી વાતમાં કાંય ન ખીજે;
આમે જે લખ્યું તે થાશે, ઘડિયે લાવો લાખેણો લીજે,
બળ દેખાડી જુઓ એ બીહે છે, પ્રથમ રેચ નેપાળાનો દીજે. ૧૭૦

વેદિયો–વેદિયો કહે એ વેદ લખાણું, મહા શાપ સતીના સુણવા છે,
લંગુરને જે લંકા લેવી, તે ડુંગરા શું ખણવા છે;
જેવું વાવિએ તેવું ઉગે, તેવા કણ પછે લણવા છે,
રામ રાળી નાંખે રાવણને, એમાં વેદ શું ભણવા છે. ૧૭૧

ભાડભુંજો–ભાડભુંજો કહે ભલું મનાવો, વિખાણ કરીને બોલો વાણી,
બાકી તો બળ એનું શું ચાલે, જિહાં કાપી છે સીતા રાણી;
પ્રજાળી પ્લવંગે લંકા, જુગ બાધામાં વાત તે જાણી,
બંડાશે પુવાની પેરે, રાજરિદ્ધ થશે ધુળધાણી. ૧૭૨

જોશી–જોશી કહે જોશો સહુ લોકો, કરુણાનિધિ કરુણા કીધી,
રાળાશે રાવણ રણ માંહી, જો નવ્ય પાછી સીતા દીધી;
ભાઈ વિભીષણ ભૂપત થાશે, ઘડી એકમાં લંકા લીધી,
રામ રાજ કરશે અતિ રુડાં, આગળથી જનમોતરી કીધી. ૧૭૩

પંડિત–પંડિત કહે પ્રીછ્યા આગળથી, ગુણ હીણ મારે છે ગોથાં,
જે વેળા લક્ષ્મણજી ચડશે, લંકાનો ગઢ લેશે જોતાં;
રાઢ વઢવાડ માંડે છે રાવણ, એ તો સર્વે જાણો થોથાં,
શ્રીરામને હાથે મોત રાવણનું, એ તો પુરાણ લખાણાં પોથાં. ૧૭૪

કવિ–કવિ કહે કર્મ લખ્યું તે થાશે, નિશ્ચે વાત ન થાયે નવી,
વૈરભાવે અધિપત અવતરિયો, તો સીતા હરવા બુધ હવી;
જદુપતિ સાથ જિતે નહિ કોઈ, જો પશ્ચિમમાં ઉગે રવી,
જ્યાં ગત નહિ સુરજ ચંદ્રની, ત્યાંસુધી ગત કરતા કવી. ૧૭૫

મહેતો–મહેતો કહે મુરખ એ રાવણ, જક્ષણી કેરો એહ જણ્યો છે,
હજી હાથ દીઠા નથી હરિના, કરુણાનિધિને કાન સુણ્યો છે;
જ્યમ અર દૂષણ ત્રિશિરા તાડ્યાં, તેય લેખામાં એહ ગણ્યો છે,
નાઠે નહિ મૂકે નરપતને, એ કોની નિશાળે ભણ્યો છે. ૧૭૬

રઇયો–રઇયો કહે હવે રહું જાણો, જબડો કરતાં જશ જોડાશે,
અહંકારી અહંકાર ન છોડે, અભિમાન કેરાં માન મોડાશે;
દેવ સહુની દાઝ હોલાશે, ને તે નવગ્રહ બંધનથી છોડાશે,
રૈયતને તો કોય ન મારે, જ્યાં ત્યાંથી કપાસ લોઢાશે. ૧૭૭

ભવાયો–ભવાઇઓ કહે ભુંડું માનશો પણ, તોલ વાત કહીશું તાંનો,
સીતા આપીને પાગે લાગે, જો દશાનન હોયે દાનો;

લુંટાશે સમરધ ને રિદ્ધિ બાધી, શું પાવૈને ચડશે પાનો,
સાચું કહેતાં રીજો કે ખીજો, નાચવા બેઠા ત્યાં ધુંધટો શાનો. ૧૭૮

આંધળો–અંધો કહે આગળથી સૂઝે, કુડાં કેરી શી કારસી,
રૂઠ્યો રામ રઘુનંદન જેને, તેને વળતો કોણ વારસી;
દેવ આગળ ડહાપણ તે કોનું, પંડિત આગળ શી પારસી,
રુડી રીત રાવણને કહેવી, તે આંધળા આગળ છે આરસી. ૧૭૯

બહેરો–બધીર કહે મારી બુદ્ધ થોડી, તોય કહું એક રુડા કાજે,
રંકનું કહ્યું રાજા નવ માંને, જેને છત્ર કનકનાં છાજે;
અહંકાર મહા લાવ્યો અતિ બળ, લક્ષવસા તે આપતાં લાજે,
એહ આગળ કહેશો તે મિથ્યા, જ્યમ બેરા આગળ શંખ જ વાજે. ૧૮૦

બોડો–બોડો કહે ખડતલ છે વાતો, એને આંગણે બોલ્યા કાગા,
સ્વાન રોયાં શેરીમાં શતધા, હૃદે ધાયો તે વેળા વાગા;
હીમત બોઈ જોઈ હનુમંતને, લંકા સહિત મહેલ જવ લાગા,
દૈવત એહમાં શું દેખો છો, ભૂપત કેરા છે પગ ભાંગા. ૧૮૧

કાણો–એક ચક્ષ તણો નર કહે છે, અધિપત છે હજુ આડામાં,
ઐરાવત એણે નથી દીઠા, આક્રમ કીધું છે પાડામાં;
એ હઠીલો હિમ્મત નહિ મૂકે, ટેક રાખે છે તાડામાં,
કપટ કોટિધા એના મનમાં, જ્યમ બોતેર વિદ્યા બાડામાં. ૧૮૨

પાવૈ–પાવૈયો કહે પેર હું પ્રીછું, એ રીંછ વાંદરા કયમ વઢશે,
ઉઠ જોજન છે કોટ કનકનો, તેહનો પાજ્યો કેમ પડશે;
રામ રાજા ને રાવણ રાક્ષસ, નિર્બળ કયમ નરપતને નડશે,
રીસાવી રહેશે રાવણથી તો, શું પાવધને પાનો ચડશે? ૧૮૩

જુગારી–જુગટિયો કહે જાણું છું હું, સહુકો વાત માનો એ સાચી,
ભુંડું કામ કર્યું છે ભૂપત, લાવ્યો રામની રામા રાચી;
મહારાજ રાજ રાજેશ્વર રુડા, હજુ જુએ પગ સામું નાચી,
આખર તો જીવતો નહિ મૂકે, બાર સોગઠી એહની કાચી. ૧૮૪

કાછીઓ–કાછીઓ કહે કલ્પ્યું મેં કોડે, દળ અતિશે હું એનું દેખું,
વાંદર રીંછ બળવંતાં છે બહુ, પેર ધણીથી હું મન પેખું;
રુડો વખાણો છો રાવણને, એકલો તે હું કયમ ઉવેખું,
શ્રીરામજીની આગળ રાવણ, તે તો મૂળાપણી શું ઝાડમાં લેખું. ૧૮૫

વણઝારો–વણઝારો કહે વારો છો એને, ગુણ વાત કહો છો તે ઘેલી,
અગનીની આંચમાં આવ્યો અધિપતિ, પ્રિછ્યો પ્રીત નહીં એ પહેલી;
વઢતાં વાત થશે એ વિપરીત, સીતા આપવી તે છે સહેલી,
આપણ શિદ આગળથી કહિયે, શું ગુણ્ય ફૂદશે બળદ પહેલી. ૧૮૬

રોગી–રોગી એક બચારો બોલ્યો, વિખાણ કરીને કોશું વઢો,
સૈન્ય સજ કરાવે રાવણ, પૂર બાધે વજડાવ્યો પડો;
કુણ જાણે કુણ હારે જિતે, દેશ બધા વળશે દડો,
હિમ્મત કાં મૂકાવો એની, કુણ તાવને કહેશે ચડો. ૧૮૭

દંતારો–દંતારો કહે દેશપતિને, દુનિયાં બાધી તો હસશે,
રંજાડ ઘણો રૈયતને થાશે, પૂર બાધું તે પીડાશે;
દેહ પડશે દશાનન કેરો, નિર્માલ્ય થઈ આપે નાસશે,
ધરડાંની કહેવત તે સાચી, જે વધતો દાંતો તે ઘાસશે. ૧૮૮

નસ્તી–નસ્તી એક બોલ્યો નરપતનો, સુરતા મને તો એક થઈ છે,
સીતાને લાવ્યો છે રાવણ, રૌરવ રોગ ખરો એ બઈ છે;
ઈશ શિશથી કલ્યા વેગળા, લંકા કર્મ એનથી ગઈ છે,
વિચાર કરતાં વાણું વાશે, નસ્તીની મા બાટલે મુઈ છે. ૧૮૯

પસાયતો–પટેલ એક કહે પાપી એ રાવણ, એનું મોત થોડે દિન મળશે,
સુખ સાગરમાં જુગતે ઝીલતો, વૈભવ તે વેળા તો ટળશે;
સીતા સતિનો શાપ થયો છે, તેહનું વૃક્ષ હવે તો ફળશે,
સાચું નવ્ય કહિયે શા માટે, શું પસાયતાં ચાંપી કળશે. ૧૯૦

માળી–માળી કહે છે મુને ગમે નહિ, વાત કરો છો જે જે મોટી,
રાવણ રાજા છે એ ડાહ્યો, લક્ષ વસા પડશે એ લોટી;
જે કહું છું તે સાચું માનો, તમો સહુ કહો છો તે ખોટી,
ઝાઝું કરશે તો સીતા લેશે, માળી રૂઠ્યો પ્રુલ લેશે શું લેશે ચોટી? ૧૯૧

બ્રાહ્મણ–બ્રાહ્મણ કહે ભાવિક સરજ્યું છે, રામ રાવણ વેરથી વઢશે,
હાથ દેખાડ્યા વિના હઠશે નહિ, જ્યમ ત્યમ જાનકીજી ન જડશે;
જે વેળા લક્ષ્મણજી કોપે, ઘડી એકમાં ઘાટ જ ઘડશે.
મેળી ધાડ બેઠો છે મહીપતિ, ભિખનાં ભાંડાં કયમ સીંકે ચડશે. ૧૯૨

કણબી–કણબી એક બેઠો તો માળે, તે કહે છે મુજને એ ભાસે,
રાવણ રાઢ કરી શકશે નહિ, નીચ નિર્માલ્ય થઇને નાશે;

એક વાત ઉકલતી છે નહીં, પઝ્યો પાપ તણે એ પાસે;
સીતા માટે સર્વે સમરધ, ગોળો ગોફણ જોતામાં જાશે. ૧૯૩

ચોવટિયો–પટેલ એક પાદરડે બોલ્યો, રાવણની નવ પોતી રળી,
સીતા વેલ એ ઝેર તણિ છે, તે એહને લાગે છે ગળી;
ઇંદ્ર તણી અલખત ભોગવતો, તેહ ટેક એહની તો ટળી,
જનકી જોખ એની લેઈ જાશે, જ્યમ પુંખ ન ખાધો ને હાથેલી બળી. ૧૯૪

જોગી–જોગી કહે જરૂરી જાણો, દશાનન આવ્યો છે દાવે,
કુંભકરણ કુમતિ દેનારો, કૂડ કપટ જેને મન ભાવે;
ઇંદ્રજિત પણ અન્યા બોલે, ભૂપતના મનમાં તે ભાવે,
સૂર્પનખા શિખની દેનારી, જોગી પ્રધાન તે તુંબડાં વાવે. ૧૯૫

પટેલ–પટેલ એક ચોરેથી ચેત્યો, બાળ પરી રાવણની બુદ્ધિ,
બહેને કહ્યું ત્યાંથી છે બહેકયો, તે છે ગુણહિણી ને ગદ્ધી;
સુખ શય્યા વૈમાન તજ્યાં છે, રાજ પદવીની રીત્યો રુંધી,
લંકામાં એ લાડકવાયો, પટેલની ઘોડી પાદર સૂધી. ૧૯૬

છીપો–છીપો કહે છાજ્યું નહિ એને, છતનો એને છાક ચઢે છે,
જગત જનેતાને એ લાવ્યો, સામો વેરી થઇને વઢે છે;
જોરાવર ઝાડ વાવ્યાં છે ઝેરનાં, તેનાં એને ફળ જડે છે,
રાવણ આખર રાક્ષસીનો તંન, જાત વના શું ભાત પડે છે. ૧૯૭

કંસારો–કંસારો કહે કહું કેટલું, રાવણથી શું રામ ડરે છે,
ફુલ્યો ફરે છે તે સર્વે ફોકટ, પોતાને હાથે હીંમત હરે છે;
ચૌદ ચોકડીનું રાજ્ય તજીને, વણ મોતેથી એ તો મરે છે,
ત્રાંબા ડોળ કરે નહિ ખૂટે, ફોકટ કાંસાકૂટ કરે છે. ૧૯૮

કંદોઇ–કંદોઈ કહે કુડો એહ કપટી, બુદ્ધિહીન થયો બાહુઓ,
એહ જાણે છે ખાઈ સાગરની, રામને મન તો છે બાહુઓ;
રાવણ જાણે લંકા કયમ લેશે, વાંદરને મન ઘીનો ધાહુઓ,
લંપટ લોભી સીતાને લાવ્યો, જાણે બાપનો છે લાહુઓ. ૧૯૯

સ્ત્રીઓ–વાતો કરે વનિતા લંકામાં સખિયો સખિયોમાં સાંચલી,
કહો બાઈ કુણ હારે જિતે, ઘણીક આવી છે ઘાંચલી;
એક કહે એમાં શું કહેવું, અદકી બોલી છું આંચલી,
એકાએક હઠે કેમ અધિપતિ, શું પેરી બેઠા છે કાંચલી. ૨૦૦

વિધવા–એક વિધવા કહે વિખાણે છે શું, તારો બોલ ગમે નહીં ગાંડો,
વાર્યું નહીં કરે તે હાર્યું કરશે, કહિયે સુખે રાડજ માંડો;
ઘડી બેચારેક લંક લૂંટાશે, જેને ગમે તે ગામ જ છાંડો,
સુખે રાજ કયમ રાવણ કરશે, શું જિતવી છે રાંડીરાંડો. ૨૦૧

પંચ–પંચ મળી પરમાણ કર્યું છે, રાવણ કાજળ શ્રીરામજી કેશર,
રાવણ બાબડો રામ ગંગોદક, રામ ઐરાવત રાવણ ભેંસર;
શ્રીરામ ધર્મી રાવણ અધર્મી, કહે કવિ સામળભટ કવેશ્વર,
જિતે રામ ને રાવણ હારે, પંચ તિહાં પોતે પરમેશ્વર. ૨૦૨

કવિ–બ્રાહ્મણ ભાટ ચારણ કેા કવિતા, બોડ ન દેશેા રંક કે રાણેા,
એક તેા નામ શ્રીરામજી કેરું, બીજો અકલ થકી ઉખાણેા;
જેને જેહ વણજ તે સૂજે, પ્રીત થકી સહુ પંચ પરમાણેા,
નિશા ચર્યા જોઈ નરપતિએ, સામળભટ કહે સમજે શાણેા. ૨૦૩

શ્રીગુર્જર દેશ ગરુવેા ગુણનિધિ, વિપ્ર શ્રીગેાડ વેંગણપુર વાસી,
પિતા તે પુરષેાતમ કેરેા, વીરેશ્વરનેા પુત્ર તે વિલાસી;
સામળભટ શિવજીનેા સેવક, આદ્ય શક્તિ કેરેા ઉપાસી,
રામ ચરિત્ર આ ગાતે સુણતે, નિતપત કેાડ વશાએ કાશી. ૨૦૪

કાળિદાસ—વસાવડનો

એ કવિનાં આખ્યાન સ્ત્રીઓમાં ઘણું પ્રિય છે

પ્રહ્લાદાખ્યાન

કડવું ૧ લું—ચાલ ચોપાયા છંદની

સમરું શ્રીગણપતિને, ચરણે તે નામી શીશ;
સુધણુધદાયક સુધણુધનાયક, નંદન ઉમિયા ઈશ. ૧
કુંજરમુખ પ્રભુ કૃપાસાગર, સમસ્ત સુર કરે સેવ;
લમ્બોદર અતિ રૂપ સુંદર, નામ દુંદાળો દેવ. ૨
અરુણ અંબર અરુણ ભક્ષણ, અરુણ કુસુમની માલ;
અરુણ તન સિંદુર લેપન, અરુણ ચંદન ભાલ. ૩
કર કમંડલ ચક્ર ફરશી, અખેપાત્ર અનૂપ;
ચરણે નેપૂર કનક ધૂધર, મહા મનોહર રૂપ. ૪
મૂષકવાહન ગહન ગુણ, ગંભીર કાર્તિકસ્વામી વીર;
મોદકભક્ષણ જગતરક્ષણ, વિચક્ષણ રણધીર. ૫
વિઘ્નહર્તા સિદ્ધકર્તા, વક્ર તુંડ વિઘ્નેશ;
વિશ્વવલ્લભ દેવ દુર્લભ, અકૂલ અદ્‌ભુત વેશ. ૬
સર્વ પહેલો સર્વ પૂજે, ગુણ વખાણો આપ;
મુનિ માનવ ને દેવ દાનવ, જપે નિશદિન જાપ. ૭
પ્રણમું હું તે માટ પહેલો, ગણપતિ ગુણવંત;
પ્રહ્લાદનું આખ્યાન કહેવા, ઉપની મનમાં ખંત. ૮
શ્રી શારદાકેરે પ્રતાપે, પ્રહ્લાદનું આખ્યાન;
સંક્ષેપ માત્રે કરું વર્ણન, ભક્તિ શ્રીભગવાન. ૯
કરી નવવિધ ભક્તિ જેણે, ધરી મનમાં ધીર;
દુષ્ટ દૈતનો દ્વેષ દેખી, સહ્યું દુઃખ શરીર. ૧૦
અર્પિયું ચિત્ત પ્રભુચરણે, કર્યું સ્મરણ આપ;
મુખથકી હરિ નામકેરો, જપે નિશદિન જાપ. ૧૧

તે સુણીને તાત કોપિયો, જેને વિષ્ણુ સાથે વેર;
મહેલ મારા વેરીનુ સ્મરણ, શીખવે ભલી પેર. ૧૨
ઘણી ભાતે ભોળવીને, ભણાવે ભાવે કરી;
પણ ન મૂકે મનથકી, નિત્ય સમરે શ્રીહરી. ૧૩
તાતને તવ ક્રોધ વ્યાપ્યો, દુષ્ટે કીધો દંડ;
તેતણા બહુ માર દેખી, ભેદે રે બ્રહ્માંડ. ૧૪
તે જ વેળા કષ્ટભંજન, દુષ્ટ કરવા ભંગ;
સ્થંભ ફોડી નાથ પ્રગટયા, સ્વામી શ્રીનૃસિંહ. ૧૫
તે કથાનો અતિ મહિમા, સર્વથા બોલે સ્તુતિ;
સાંભળ્યા વણ વૃથા કાયા, તે જથારથ વિનતિ. ૧૬
તે જ જ્ઞાન શ્રીવેદવ્યાસે, કહ્યું શ્રીશુકદેવને;
પરીક્ષિતને કહે શુકજી, જે ધરે કરુણા ટેવને. ૧૭
પુરાણી સુતે સૂણ્યું તે, કહ્યું નૈમિષારણ્યને વિષે;
ઋષિ સઘળા સુણી હરખ્યા, થયું તન પાતકપક્ષે. ૧૮
સ્કંધ દ્વાદશ ભાગવતે, ગ્રન્થ કેવળ જ્ઞાન;
માંહી નિર્ગુણ ગુણ ભાવે, ભક્તિ શ્રીભગવાન. ૧૯
તે માંહી વળી તત્ત્વ ભક્તિ, પ્રહ્લાદનું આખ્યાન;
સાંભળે દઢ ભક્તિ પામે, મળે મોક્ષ નિદાન. ૨૦
તે જ માટે સરસ્વતીની, સ્તુતિ કરું કર જોડ;
સંસ્કૃતે પ્રાકૃતે કહેવા, ઉપન્યો મનમાં કોડ. ૨૧
સહાય થાવો સરસ્વતી મુને, માત મોટી આશ;
ચરણપંકજ શિશ નામી, કહે કવિ કાળિદાસ. ૨૨

પૂર્વછાંયો

કહે કાળિદાસરે, શ્રીસરસ્વતીની સ્તુતિ કરી;
કરો કરુણા માતા મુજને, નમો નમો ત્રિપુરેશ્વરી. ૨૩

કડવું ૨ જું-રાગ દેવ ગંધાર

હવે કરો કૃપા ત્રિપુરેશ્વરી, મુને માત પોતાનો કરી;
નિત્ય આપ વાણી વૈખરી, ત્રૈલોકતારણ સુંદરી. ૧
માતા મૂળપ્રણવનો મંત્ર તું, બાધા તે જગની જંત્ર તું;
નવ કોટી ચોસઠ તંત્ર તું, ત્રૈલોકતારણ સુંદરી. ૨

ઘટમાં કમલ ખટ ધરણ તું, પંચાસ ચાતુર વરણ તું;
અજ્ઞાન તામસ હરણ તું, ત્રૈલોકતારણ સુંદરી. ૩
ગુણ સત્વ રાજસ તામસી, ગુણરહિત પાવન પદઅશી;
સંપૂર્ણ સહુમાં તું વસી, ત્રૈલોકતારણ સુંદરી. ૪
તું સત્વ સોહંભ હંસમાં, વ્યાપી સુરાસુર વંશમાં;
અવ્યક્ત પદના અંશમાં, ત્રૈલોકતારણ સુંદરી. ૫
આ વિશ્વમાં અવિનાશ તું, પૃથ્વી પવન આકાશ તું;
જળ જ્યોતિ પીઠ પ્રકાશ તું, ત્રૈલોકતારણ સુંદરી. ૬
નિર્ગુણ સગુણમાં સત્ય તું, આદ અંત્યની ઉતપત્ય તું;
મોહોટા મુનિની મત્ય તું, ત્રૈલોકતારણ સુંદરી. ૭
તનરૂપ તારું રસભર્યું, અદ્‌ભુત હંસ આસન કર્યું;
જપમાળ કર પુસ્તક ધર્યું, ત્રૈલોકતારણ સુંદરી. ૮
મસ્તક મુગટ મંડિત તણી, ઝળકે કલા કુંડળતણી;
રવી કોટિથી શોભા ઘણી, ત્રૈલોકતારણ સુંદરી. ૯
મુખ ચંદ્રની કલાં જેવું, સ્વરૂપ સુંદર વર્ણવું;
ન આવે કલ્પામાં એવું, ત્રૈલોકતારણ સુંદરી. ૧૦
દલકમળલોચન કામિની, છો ભક્તવત્સલ ભામિની;
તન ઝળહળે જ્યમ દામિની, ત્રૈલોકતારણ સુંદરી. ૧૧
નવનવાં ભૂષણ ધારણી, નખશીખ શોભા તુજતણી;
નવ જાએ વાણીએ ગણી, ત્રૈલોકતારણ સુંદરી. ૧૨
તું કમળનંદનનંદની, વિદ્યા સકળ સુરવંદની;
મહા દુષ્ટ દૈત્યનિકંદની, ત્રૈલોકતારણ સુંદરી. ૧૩
જેને કૃપા તારી હશે, તે પરમ પદને પામશે;
તુજથી સકળ દુઃખ વામશે, ત્રૈલોકતારણ સુંદરી. ૧૪
તુજ દયાએ દુરિત બળે, સઘળા પદારથ તે મળે;
સંસાર દુઃખ તુજથી ટળે, ત્રૈલોકતારણ સુંદરી. ૧૫
ત્રણ કાંડ વિદ્યા વેદની, ઉતપત્ય ભેદાભેદની;
તુજથી પ્રગટ થઈ મેદિની, ત્રૈલોકતારણ સુંદરી. ૧૬
તું સર્વવ્યાપક સરસ્વતી, વાણી વિશ્વરૂપે થઈ છતી;
સુણ માત મોરી વિનતિ, ત્રૈલોકતારણ સુંદરી. ૧૭

છઉં ચરણ તારે શ્યામની, તું પુરતલ મનની હામની;
મને આશા તારા નામની, ત્રૈલોકતારણ સુંદરી. ૧૮
તે માટે સુંદરી શારદા, કહું વિષ્ણુ લીલા સર્વદા;
કષ્ટ કાપી કર તું મન મુદા, ત્રૈલોકતારણ સુંદરી. ૧૯
પ્રહ્લાદની કહેવા કથા, અભિલાશ મુજ મનપર થયો યથા;
હવે સરસ્વતી તું સહાય થા, ત્રૈલોકતારણ સુંદરી. ૨૦
તારે પ્રતાપે પ્રેમદા, બોલું પ્રભુ ગુણ સર્વદા;
અવગુણ ન ધરશો મન કદા, ત્રૈલોકતારણ સુંદરી. ૨૧
મુજ નામ કાળિદાસ છે, તન માંહે તારો વાસ છે;
તેને એવો અભ્યાસ છે, ત્રૈલોકતારણ સુંદરી. ૨૨
તારી કૃપા એથી હવે, કહું કથા પદ નવેનવે;
બહુ રાગ કડવે જુજવે, ત્રૈલોકતારણ સુંદરી. ૨૩
જગદંબ એણી પેરે વિનવી, કર જોડીને બોલે કવી;
ત્યાંથી કથા ચાલી નવી, ત્રૈલોકતારણ સુંદરી. ૨૪

પૂર્વછાંયો

હવે કથા કહું અતિ ઉત્તમ, નવનવી માંહે વાણ;
સંવાદ નારદ ધર્મનો, તે વદે વેદ પુરાણ. ૨૫

કડવું ૩ જું-વલણ

વેદ પુરાણે જે જે આખ્યાનજી, હરિજન સુણજો તે સહુ કાનજી;
નૌતમ જેમાં તે પ્રભુજીનું ધ્યાનજી.

રાગ કાફી

હવે કથા કહું ઉત્તમ નવી, જેને સુણે તે મોટા માનવી;
સહુને શિર નામું કર જોડ, કવિજન કોય મા દેશો ખોડ. ૧
સદ્‌ગુરુનું મનમાં ધરી ધ્યાન, આચરું પ્રહ્લાદનું આખ્યાન;
જેને સુણે સંચિત દુઃખ ટળે, પૂર્વ જન્મનાં પાતિક બળે. ૨
ગંગાદિક તીર્થનું સ્નાન, તે પુણ્ય હરિગુણ સુણતાં કાન;
પાપી જન તન પાવન થાય, સત એવો ન અન્ય ઉપાય. ૩
જેમ જાતાં પાવકની પાસ, સદ્ય શીતનો થાએ નાશ;
જેમ રજની દિનકરથી દૂર, તેમ પાતિક હરિ ધરતાં ઊર.

હરિગુણનો મોટો મહિમાય, ભાગ્ય વિના પ્રાપ્ત નવ થાય;
તે માટે નિશ્ચે મન કરી, સાંભળજ્યો ગુણ શ્રીનરહરી. ૫
એક સમે પાંડુસુત ધર્મ, માંડ્યું રાજસૂય યજ્ઞનું કર્મ;
જેને શ્રીકૃષ્ણની કૃપાય, મારી જરાસંધ મેલાવ્યા રાય. ૬
તેડી લાવ્યા પોતાને ઘેર, આદરભાવ દીધો ભલી પેર;
વળતું વચન બોલ્યા શ્રીકૃષ્ણ, પાંડવ તમને કહું છું પ્રશ્ન. ૭
વેગે કરો રાજસૂયનું કાજ, સર્વ ભૂપતિ તમે જિત્યા આજ;
તેડી પંડિત નૃપ મંડપ કરો, ઘણો હુતદ્રવ્ય વાવરો. ૮
ધર્મ કહે પ્રભુ તમને નમું, થાય કારજ જે તમને ગમ્યું;
શ્રીકૃષ્ણનું જાણ્યું હેત, માંડ્યો યજ્ઞ રાયે કહેતાં વેંત. ૯
તેડાવ્યા દેશોદેશના ધીશ, જેને મુગટ મંડિત મણિ શીશ;
રાજસભા મળી સઘળી સર્વ, કોઈ અભિમાની કોઇને નહીં ગર્વ. ૧૦
રાજા યુધિષ્ઠિર જોડી હાથ, પ્રાર્થના કીધી સર્વ સાથ;
વેદવ્યાસ ઋષિ હતા પાસ, પૂછી વાત ધરી વિશ્વાસ. ૧૧
કહો તેને પ્રથમ કરું અર્ઘપાદ, ભૂપતિ કોએ ન કરે વિવાદ;
વ્યાસ મુનિ મુખ બોલ્યા વાણ, પહેલા પૂજો સારંગપાણ. ૧૨
ધર્મે વચન તો શિરપર ગ્રહ્યું, વહાલું ને વળી વેદે કહ્યું;
વાધ્યો હરખ મન ફુલ્યા રાય, પ્રભુ પૂજની સામગ્રી થાય. ૧૩
કનકપાટ ઢાળ્યા તત્કાલ, પ્રેમે પધરાવ્યા શ્રીગોપાલ;
કેસર ચંદન પુષ્પ અનૂપ, અગરતણા ઉવેખ્યા ધૂપ. ૧૪
કીધી આરતી અગર કપૂર, વાજે વાજિત્ર દુંદુભિ તૂર;
બ્રાહ્મણ સર્વે ભણે સ્તુતિ સાર, જે જે શબ્દ વાંછે સંસાર. ૧૫
એવું દેખી ડોલ્યો દેશપતિ, થયો મન ક્રોધાતુર અતિ;
બોલ્યો મંદ મતિ ધન્ય ધન્ય ધર્મ, શી બુદ્ધિએ માંડ્યું યજ્ઞનું કર્મ. ૧૬
ધન્ય ધન્ય રાજા આંહી એકઠા મળ્યા, કૃષ્ણ આગળ સહુના ગર્વ ગળ્યા;
ધિક્ ધિક્ જીવ્યું જાણો સંસાર, જેણે પ્રથમ પૂજ્યો પિંડાર. ૧૭
યુધિષ્ઠિરની જો જો ગઈ મત, રાજા પહેલો પૂજ્યો પશુપત;
એવું કહી વળિઓ પ્રભૂભણી, કૃષ્ણ વડાઈ નવ કીજે ધણી;
જાણું છઉં તારાં સઘળાં કર્મ, સંભળાવું તેનો સહુને મર્મ. ૧૮

પૂર્વછાંયો

મર્મ સુણાવું સર્વને, તું ગર્વ મેલ ગોવાળ;
અમ સમોવડ થાય કયમ, વન આહિર પશુપાળ. ૧૯
એ સર્વને ઓશીઆળ તારી, સહૂ રાખે મંન;
હું કહું કર્તવ્ય તુજતણાં, તે સુણે સહુ રાજંન. ૨૦

ઉથલો

રાજા સહુ શ્રવણે સુણે, હું કહું તારી ખ્યાત;
ભેગા મંડપમાં થયા, બેઠાં હારશું હાર. ૨૧
અધિકાર જેને જેવો, તેને તે કરવું કાજ;
તું ગોવાળિઓ નહિ ચક્રવર્ત્તિ, થયો મોટો આજ. ૨૨
પાંડુસુતની પક્ષ રાખી, છલવછલની ગત ઘણી;
મંત્ર કે મોહજાળ નાંખી, હરી લીધી તેં રૂક્ષ્મિણી. ૨૩
તેણે તુજને સહુ નમે, પણ હું નમું નહીં નરપતી;
આ ભૂપ સઘળા છે સભામાં, તે બીહે છે તુજથી અતી. ૨૪
હું બીહું નહીં તુજથકી, તેં ભલા ભડભાળ્યા નથી;
જુદ્ધ જોઈ હિંડે છે નાસતો, કહું તે તણી કરણી કથી. ૨૫

કડવું ૪ થું–વલણ

એણી પેરે કાપ્યો તે મન શિશુપાલજી, દેવા માંડી તે પ્રભુજીને ગાળજી;
કપટી કહીને બોલ્યો આળજી, લાગી રાય સૌને ઝાળજી.

રાગ મારુ

અલ્યા કૃષ્ણ તું જન્મનો કપટી, તુને ચતુરાં વનડે ચપટી;
તારું બળીઆપણું મેં તો જાણ્યું, જેને સાધુએ સબળ વખાણ્યું. ૧
આવ્યો માત પિતાથી તું નાસી, પય પિતાં મારી તેં માસી;
વને નંદની ધેનુ ચરાવી, ગાય દોહીને ચોરે બોલાવી. ૨
કાંધે દુધની કાવડ લીધી, ચોરી છાશ ગોવાળાંની પીધી;
માથે મુકટ ધર્યો મોર પીંછ, રાખી તનયા તે ઘરમાં રીંછ. ૩
ગળે માળ ગુંજની ધાલી, વનમાળા ઘણી તુંને વહાલી;
તારે અબળાનો રે આસંગ, નાચે પુરુષ સમાગમરંગ. ૪
રચી રાસ નારીમાં નાચ્યો, વળી જુવતીને જઈ જાચ્યો;
કાંઇ કામણ મોહન જાણે, તેણે વિશ્વમાં તુજને વખાણે. ૫

નાઠો કાલયવનને ત્રાશે, ઉગર્યો ગયો મુચકંદ પાસે;
તું નિત નિત ફરતો વનમાં, હવે મોટમ આણેછ મનમાં. ૬
રાખ છાશ આહિરમાં જમતો, કાંધે લાકડી વનમાં ભમતો;
તુંને તે વાત વિસરી ભાઈ, હવે મળવા લાગીરે મીઠાઈ. ૭
પહેલાં રાખતો ધાબળી કાંધે, થયો બળીઓ પીતાંબર બાંધે;
માર્યા અઘ બક વનની વાટે, રોકી જુવતી જમના ઘાટે. ૮
ગિરિવર ગોપ મળીને ઉપાડ્યો, જળમાંથી કાળીને કાઢ્યો;
એવા ગારુડી કૈક નિહાળ્યા, ઝાલી સર્પને પેખવાવાળા. ૯
વળી માર્યો મછાસૂર મલ, કાઢ્યા હસ્તીના દંતોશલ;
ખાઈ માખણને થયો માતો, તેણે હિંડે છે સબળ ડુલાતો. ૧૦
મારી કંસને સબળ કમાણો, મામો મારી થયો તું રાણો;
એવો ગર્વ ધરે શાને માટે, તુંને કોણે બેસાડ્યોરે પાટે. ૧૧
મોટા રાજા જે કેશવ જિત્યા, કયા ચક્રવર્તી તેં જિત્યા;
રાય ન થવાએ લક્ષ્મી લાધે, બળ પામે વડાઈ ન વાધે. ૧૨
એવી સૌ ગાળો સંભળાવી, પછે પ્રભુજીએ ભ્રુકુટી ચડાવી;
રીસે રાતાં થયાં છે નેણ, કૃષ્ણે સાંભળ્યાં વસમાં વેણ. ૧૩
નાંખ્યું ચક્ર કોપ્યા અવિનાશી, છેદ્યું મસ્તક થઈ નિરાશી;
આવ્યું ચૈતન તનથી જે બહાર, જાણે દિનકરનો ઝળકાર. ૧૪
આવ્યું પાછું વૈકુંઠ જોઈ, તે તો દીઠું સભા સહુ કોઈ;
વળી નિર્ખતા સર્વ નરેશ, કીધો પ્રભુજીના મનમાં પ્રવેશ. ૧૫
ત્યારે વિસ્મે થયા રાજા ધર્મ, તેનો કોઈ ન જાણે મર્મ;
થયા આશ્ચર્ય મંન અપાર, દેખી અકલ લીલા કિરતાર. ૧૬
ત્યાં નારદ મુનિ હતા પાસે, રાજા યુધિષ્ઠિર વચન પ્રકાશે:
શિશ નામી તે ઋષિને પાએ, એમ બોલ્યા યુધિષ્ઠિર રાએ. ૧૭
સ્વામી કારણ કહો મહારાજ, અમો વિસ્મય પામિયા આજ;
મહાપાપી હતો ભૂપાલ, કેમ મોક્ષ પામ્યો શિશુપાલ. ૧૮
તમે સકળ વિદ્યાના વેદુ, સર્વ અગમ નિગમના ભેદુ;
તેનું કારણ કહો દ્વિજ દેવ, દુષ્ટ બોધાર્યાનો અશ્વમેવ. ૧૯
એવું સાંભળી બોલ્યા મુન્ય, રાજા પુરણ તારું પુન્ય;
પૂછી પવિત્ર કથાની વાત, મારું મનડું થયું ગળીઆત. ૨૦

સંભળાવું તે સાંભળ રાય, જન્મો જન્મનાં પાતક જાય;
થાય પાવન સર્વ શરીર, જીવ ભક્તિ પામે જદુવીર. ૨૧
જેમાં પ્રગટ્યા પ્રભુ સાક્ષાત, જ્યારે પુત્રને પ્રભવ્યો તાત;
લીધું નૃસિંહ રૂપ વિશાલ, કીધો હિરણ્યકષિપુનો કાલ. ૨૨
હિરણ્યકશિપુ ને હિરણ્યાક્ષ પાપી, બે ભાઇએ પૃથ્વી સંતાપી;
શિશુપાલ તેનો અવતાર, હવે સંભળાવું કરી વિસ્તાર. ૨૩

પૂર્વછાંયો

સંભળાવું વિસ્તાર તેનો, સાંભળ રાય સુજાણ;
મૂળ કથા માંડી કહું, જેનાં વેદ કરે વખાણ. ૨૪

કડવું ૫ મું–વલણ

વેદ પુરાણે તે હરિગુણ ઝાઝાજી, જેને સુણતાં તે થાએ પ્રાજ્ઞજી;
નારદ બોલ્યા તે ધન ધન રાજાજી, સુણ હરિજશ ગુણનાં વાજાંજી.

રાગ માલવ

રાજા ધંન તારો અવતાર રે, તુંને વહાલા છે વિશ્વાધાર રે;
પૂછી પવિત્ર કથાની વાત રે, મારું મનડું થયું રળીઆત રે. ૧
શિશુપાલ પરમ ગતિ પામ્યોરે, જરા મરણતણો ભે વામ્યોરે;
આગે રાજા તે કૃષ્ણનો દ્વેખીરે, કેમ સાયુજ્ય પદવી પેખીરે. ૨
તેનો માંડીને કહું મરંમરે, તમે સાંભળો રાય ધરંમરે;
એને આદિ અનાદિહું જાણુંરે, તેનો માંડીને મહિમા વખાણુંરે. ૩
એક સમે શ્રી કમળાકંથરે, સુખશય્યાએ પોઢ્યા ભગવંતરે;
બળ બાહુતણું થયું ભારીરે, જુદ્ધ કરવાની ઇચ્છા ધારીરે. ૪
એવે સમે શ્રીકમળા રાણીરે, આવ્યાં જુગદીશ પોઢ્યા જાણીરે;
દ્વારે જય વિજય હતા બંનેરે, તેણે વાત વિચારી મંનેરે. ૫
જાણ્યું માતાને રાખીએ વારીરે, અમે ઇચ્છા માગું મોરારીરે;
જોઇ માતાનું તેજ અપારરે, બોલી નવ શકયા મૂખ છડીદારરે. ૬
વિષ્ણુ પત્નિએ પ્રીછી વાતરે, આડી નજરે જોતાં ગયાં માતરે;
એ દુર્મતિ ન ઘટે આંહીરે, જેને ભિન્નતા છે મનમાંહીરે. ૭
મુજ વિષ્ણુ વચ્ચે જાણે ભેદરે, એ તો પૃથ્વીમાં પડશે વેદરે;
એને હરિ સાથે થાશે વેરરે, અવતરશે અસૂરને ઘેરરે. ૮

એમ માતાજી મનમાં વિમાસેરે, પછી આવ્યાં પ્રભુજીની પાસેરે;
જાતાં વેંત બોલ્યા વનમાળીરે, મુખથી પીતાંબર પરું ટાળીરે. ૯
હરશી પૂછે છે દેવ મોરારીરે, આજ વર્તી મેં વાત તમારીરે;
આવ્યાં દ્વારપાળકને પાડીરે, અણસમજુને શિક્ષા પમાડીરે. ૧૦
એ તો ઇચ્છા તમારી થાશેરે, બંને પારસ્વદ પૃથ્વિમાં જાશેરે;
એવું સાંભળી કમળાજી ભાખેરે, સ્વામી કોણ જાણે તમ પાખેરે. ૧૧
જેવું સરજ્યું હશે તેવું થાશેરે, બંને પારસ્વદ પૃથ્વિમાં જાશેરે;
તેમાં ન મળે કાંઈ ઉપાયરે, વિધિ અંક મિથ્યા નવ થાયરે. ૧૨
એવી રીતે પરસ્પર જાણીરે, આદિ વિષ્ણુ ને કમળા રાણીરે;
ઇચ્છા ઉપની તે હરિની માયારે, તે તો કળી ન શકે રુષિ મુનિ ડાહ્યારે. ૧૩

પૂર્વછાંયો

એમ ઇચ્છા ઉપની, ઊપેંદ્રની એકવાર;
આગતાની અણખતી, પૃથ્વી પડ્યા પ્રતિહાર.

કડવું ૬ ઠું–વલણ

એણીપેરે બોલ્યા તે નારદ સારજી, સનક સનાતન બાંધવ ચારજી;
દર્શને આવ્યા તે પ્રભુજીને દ્વારજી, ત્યારે હવો તો હાહાકારજી. ૧

ઉથલો

પ્રભુજીને દ્વાર આવ્યા, એક સમે મુનિ ચાર;
સકોમલ વપુ કમલલોચન, કમલપુત્ર કુમાર. ૨

રાગ ધોળ

એક સમે શ્રી સનતકુમારરે, જ્યાં વિષ્ણુ વસે છે;
આવ્યા બ્રહ્માના સુત ચારરે, જ્યાં વિષ્ણુ વસે છે;
જેનો પંચ વરસનો વેષરે, જ્યાં; જેનો ચૌદ ભુવનમાં પ્રવેશરે, જ્યાં. ૩
તે તો ક્રીડા કરે દિન રાતરે, જ્યાં; નિત ગાયે ગોવિંદની ખ્યાતરે, જ્યાં;
એના મનમાં ઘણો છે મોદરે, જ્યાં; માંહોમાંહે કરે છે વિનોદરે, જ્યાં. ૪
મૂખે બોચરે ચારે વેદરે, જ્યાં; મનમાં નહીં ભેદાભેદરે, જ્યાં;
થયા કલ્પ કહેતાં કઈ કાળરે, જ્યાં; દીસે પંચ વરસના બાળરે, જ્યાં. ૫
આવે વેગ ધરી વૈકુંઠરે, જ્યાં; હરિ મુખ જોવા ઉત્કંઠરે, જ્યાં;
હુતા જય વિજય છડીદારરે, જ્યાં; દ્વિજ દેાડીને આવ્યા દ્વારરે, જ્યાં. ૬

તેણે રોકયા છે ઋષિજનરે, જ્યાં; ત્યારે ક્ષોભ પામ્યા મુનિ મંનરે, જ્યાં;
તેણે દીઠી નહીં દુરમીટરે, જ્યાં; કોણે નવ દુભ્યા પ્રુલની દીંટરે, જ્યાં. ૭
મન ઉપન્યું દુઃખ અપારરે, જ્યાં; જેને અતિ ઘણો અધિકારરે, જ્યાં;
જેને શંકર નમાવે શીશરે, જ્યાં; જેને આદર દીએ છે ઈશરે, જ્યાં. ૮
જેને બેસાડે અજ ઉછંગરે, જ્યાં; જેનું કદી નહી મન ભંગરે, જ્યાં;
જેનું સદા હરિસું ચિત્તરે, જ્યાં; જપે કમળાકાંતને નિત્યરે, જ્યાં. ૯
જેનું મંન રહે દીન રાતરે, જ્યાં; નિત્ય બોલે પ્રભુજીની ખ્યાતરે, જ્યાં;
તેણે પોળીઆનાં સુંણી વેણરે, જ્યાં; રીસે રાતાં થયાં છે નેણરે, જ્યાં. ૧૦
લાગ્યું મુનિ તણે મન દુઃખરે, જ્યાં; ઋષિ ક્રોધેથી બોલીઆ મુખરે, જ્યાં;
તેને શાપ દીધો મુનિયે ત્યાહરે, જ્યાં; તમે દુષ્ટમા રહેશો આંહેરે, જ્યાં;
એમ બોચર્યા બ્રહ્મકુમારરે, જ્યાં; કીધો પોળીઆને તિરસ્કારરે, જ્યાં. ૧૧

પૂર્વછાંયો

પોળિયાનો તિરસ્કાર કીધો, ઋષિએ તતખેવ;
પણ પુત્ર બ્રહ્માતણા, તેને રજોગુણની ટેવ. ૧૨

ઉથલો

રજોગુણની ટેવ તેને, રાય સાંભળ સર્વથા;
જયવિજયને શાપ હવો, તેહની કહું હવે કથા. ૧૩

કડવું ૯–મું વલણ

વળતા બોલ્યા તે નારદ મુન્યજી, સાંભળ પાવન કથા રાજંનજી; ૧
ત્રણ ભુવન જેથી થાય પાવંનજી.

રાગ રામગ્રી

ત્રણે ભુવન જેથી થાય પાવન, ટળે ત્રિવિધના તાપ; ૨
જયવિજયનો કર્યો અનુગ્રહ, જે સનકકેરે શાપ.
સનકે શિર શાપ દીધો, દ્વારકેરા દાસ; ૩
નેત્ર ભરતા દુઃખ ધરતા, આવ્યા પ્રભુજીની પાસ.
નિમિત્ત લેખે નિપન્યું, તે જાણિયું જગદીશ; ૪
ધાઇ પ્રભુજી દ્વાર આવ્યા, સર્વ નામે શીશ.
પારસ્વદ વળતું બોલિયો, તમે સાંભળો મહારાજ; ૫
સનક સનકાદિક ચાર મુન્યે, શાપ દીધો આજ.

વિપ્રને અમે વારિયા, તમ આજ્ઞાને અર્થ;
વારુ કહેતાં થયું વસમું, ઉપન્યો અનર્થ. ૬
બ્રહ્મશાપે પરજળું ને, દુઃખ પામે દેહ;
સ્વામી તમે કરુણા કરો, તાપ નિવારો તેહ. ૭
સ્તુતિ કરીને શિર નમાવે, આંગળીઓ લીધી દંત;
શાપકેરે તાપથી, ઉગારીએ ભગવંત. ૮
પૂર્વે તપ જપ ધ્યાન માંહે, નાથ રાખી ન્યૂન;
તે પુણ્યે પૃથ્વી પડું, અવતર્યા ઓછે પૂન્ય. ૯
વૈકુંઠમાં જે આવિયા, તે જીવ બીજે ધામ;
જાએ નહીં પાછો કદા, કઈએ ન લોપે કામ. ૧૦
શરણ આવ્યા તણો મહિમા, થાઓ અશરણશરણ;
જન્મનું જોખમ ટળે, માંથે મળે નહીં મરણ. ૧૧
પરમ પદ છે પ્રાણીને, વૈકુંઠકેરો વાસ;
જિહાં અજરામરપણું, યમદૂતનો નહિ ત્રાસ. ૧૨
તો અમે કેમ પડું પૃથ્વી, કહો કમલાનાથ;
વૈકુંઠવાસી શરણ સેવક, શિર તમારો હાથ. ૧૩
અવિનાશી કરો દુઃખથી, દૂર જાતાં દેવ;
નેત્રમાંથી જળ ઝરે, જેમ મેઘ મસ્તક નેવ. ૧૪
મહારાજની ઇચ્છા વિના, એ નિપજે કેમ કામ;
અનુગ્રહ એવો કરો, જે શીઘ્ર આવીએ ઠામ. ૧૫
અર્ધક્ષણ અળગા મા રહેજો, હૃદેથી શ્રીરણછોડ;
એ જ માગું તમ કને, સ્વામીને બેહુ કરજોડ. ૧૬
જિહાં વસુ તિહાં રાત દિવસ, ચિત્તમાં રહે ચંત;
બીજું અવર માગું નહીં, બ્રહ્માંડમાં ભગવંત. ૧૭
વળતા તે વિષ્ણુ બોલિયા, તમે મા ધરો ચિંતાય;
કરશે અનુગ્રહ તમતણો, જ્યારે સનક જ થાશે સહાય. ૧૮

પૂર્વછાયો

સનક થાશે સહાયરે, શ્રીવિષ્ણુ વાણી વદે;
નિમિત્ત લેખ્યે નીપન્યું, ઉચાટ મા ધરશો હૃદે. ૧૯
પારસ્વદશું બોલિયા, પરિબ્રહ્મ એણિપેરે વાણ;
પછે આદર કીધો ઋષિનો, સ્વયં સારંગપાણ. ૨૦

ઉથલો

સ્વયં સારંગપાણુરે, આદર દીધો અતિ ઘણો;
નારદ મુનિ કહે સુણો રાજા, કહું મહિમા તેહ તણો. ૨૧

કડવું ૮ મું-રાગ તોટકની દેશી

મહિમા સાંભળ રાજા શ્રવણે ધરી, સંભળાવું બોલ્યા જે દેવ હરી. ૧
આવ્યા સનક કુમારસું આદિઋષિ, જેના વદનમાં શારદા સહસ્ર મુખી. ૨
દીઠા કમળાવરે ઋષિ ક્રોધ ધર્યો, સ્તુતિ કરી શ્રીવરે હાથ ધર્યો. ૩
ઋષિ આવો પધારો બિરાજો સુખે, મારું મન દુઃખ પામે તમારે દુઃખે. ૪
એવું કોણ જે દુભી શકે તમને, જેણે તમને દુભાવ્યા તેણે દુભાવ્યા અમને. ૫
મુને વિપ્ર વહાલા ઘણું પ્રાણથકી, તે તો પ્રીછજો વિષ્ણુ પુરાણથકી. ૬
હું તો વિપ્રને વૈકુંઠમાંથી ભજું, હુમે વિપ્રને તો કમળાને તજું. ૭
મારું સર્વસ્વ વિપ્ર છે મુજ હૃદે, જેની સાક્ષ બ્રહ્માંડમાં વેદ વદે. ૮
મેં તો વિપ્ર પ્રસાદે ધરણી ધરી, મારી વિપ્ર પ્રસાદે માયા પસરી. ૯
મેં તો લક્ષ્મી વિપ્ર પ્રસાદે વરી, મેં તો વિપ્ર પ્રસાદે સૃષ્ટિ કરી. ૧૦
જય વિપ્ર પ્રસાદથી મારે સદા, ભય પ્રસાદે વિપ્ર ન લાગે કદા. ૧૧
અદ્‌ભુત લીલા મારે આદિ થકી, તે તો વિપ્રના આશિર્વાદ થકી. ૧૨
દ્વિજ નિયમ ધરી જપતપ સાધે, મુજ મંત્રને દૈવતે મુને બાંધે. ૧૩
નિત્ય કામદૂધા વિષે ઇંદ્ર ધરે, ઋષિએ મુને રાખીઓ એણીપરે. ૧૪
જેમ શીતલ જલે કરી સ્નાન કરે, શુચિભૂત થઈ મારું ધ્યાન ધરે. ૧૫
જપ તપ ક્રિયા કરી દેહ દમે, પંચ અક્ષ હોમી હવિષ્યાન્ન જમે. ૧૬
દેવ પિત્રિ ત્રિલોક તે તૃપ્ત કરે, શાલિગ્રામ શિલાશિર તુલસી ધરે. ૧૭
ત્યારે ઇંદ્ર પ્રસન્નતા મંન પામે, પૃથ્વીપર મેઘનું નીર નામે. ૧૮
થાએ ઔષધિ અન્ન અપાર તેથી, પામે તૃપ્ત ઘણું સંસાર એથી. ૧૯
એમ સૃષ્ટિ સદા ઉત્પન્ન થાએ, કરે વિપ્ર દુઃખ ક્રિયા વિશ્વ જાએ. ૨૦
તેણે વિપ્ર વહાલા મુજ પ્રાણ થકી, તે તો પ્રીછજો વિષ્ણુ પુરાણ થકી. ૨૧
ઘણું વિપ્ર વહાલા મુને મંનમાંહે, જેને યજ્ઞે જગત તૃપ્ત થાએ. ૨૨
ત્રિલોકના સ્થંભ તે વિપ્ર જાણું, કેટલોક મહિમા હું મન આણું. ૨૩
નહીં ભિન્નતા વિપ્ર ને વિષ્ણુ વિષે, કોઈ જાણતો જૂદે રૂપે રહે. ૨૪
જુગમાંહે જે દ્વેષ કરે દ્વિજનો, તે તો વેરી થાએ બાલા મૂજનો. ૨૫
એમ વિષ્ણુ બોલે વિપ્ર ભણી, ત્યારે સ્તુતિ કરે છે કુમાર ઘણી. ૨૬

કર જોડીને શિશ નમાવી રહ્યા, ગુણ સ્વામી તમારા નવ જાએ કહ્યા. ૨૭
મુખ વાણી બોલે ગદ્‌ગદ્ ગીરા, મુનિ ક્ષોભ પામ્યા મનમાંહે ખરા. ૨૮
અમે પશ્ચિમ બુદ્ધિયા વિપ્ર કહાવું, ક્ષણમાં ગુણ રાજસી મન લાવું. ૨૯
તમ સેવકને અમે શાપ દીધો, રમાનાથ ક્ષમા કરી તેજ લીધાં. ૩૦
તે માટે મહારાજ અમે આજ માગું, કર જોડી કૃપાનાથ પાએ લાગું. ૩૧
અભિલાષ થયો ગુણ કીર્તિ ગાવા, ગુણ આપજો છંદ પ્રબંધ થાવા. ૩૨

પૂર્વછાંયો

ધરી બ્રહ્મ કૃપાએ કરી, નિશ્ચે વર્ણવું જુગદીશ;
અકળ લીલા ઓચરું, ચરણે નમાવું શીશ. ૩૩
એમ સૂત બ્રહ્માતણા, વરસ પંચને અનુમાન;
ભક્તિ માગું ભક્તવચ્છલ, ભૂવનપતિ ભગવાન. ૩૪

કડવું ૯ મું–વલણ

વળતા બોલ્યા તે નારદ વાણુજી, સાંભળ રાજા ચતુરસુજાણુજી;
સ્તુતિ કરે છે ગત્ય ગીરવાણુજી. ૧

રાગ સામેરી

સ્તુતિ કરે મુનિ સનક મનોહર, સાર સુંદર વાણુ;
વેદોક્ત સ્વર્ગ પદ અગોચર, ગીત ગલ્ય ગીરવાણુ. ૨
સનક સનકાદિક સ્તવે, જયકૃત તમો અવિનાશરે;
બ્રહ્મ પુરણ નંદ માધવ, નિવારણ ભવ ત્રાશરે. ૩
જગત મંગલ કરણ કેશવ, પ્રણુત જનપ્રતિપાલરે;
પરમ કરુણાસિંધુ સાગર, શ્રીવર દીનદયાળરે. ૪
સર્વવ્યાપક સર્વથાપક, સુરાસુર સંસારરે;
રૂપ નિર્ગુણ ત્રિગુણાતીત; ત્રિગુણાકારરે. ૫
નિરંજન ભવસાત્રભંજન, દુષ્ટગંજન દેવરે;
ભક્તવત્સલ પદ અવિચલ, કુશલ કરુણા ટેવ રે. ૬
સનકસહાયક વિશ્વનાયક, અકલ વાયક વેદરે;
ગુણ સ્તવે મુખ ચારથી, બ્રહ્મા ન જાણે ભેદરે. ૭
ગરુડ ગામી જગતસ્વામી, અલખ નામી આદરે;
ત્રિલોકવાસી રૂપરાશી, પ્રકાશી સ્વયંવર નાદરે. ૮

વરણ મેઘશ્યામ સુંદર, પીત પટ પરિધાનરે;
કંઠે કૌસ્તુભ ઝળહળે, તેજ કોટિ સુરજ સમાનરે. ૯
રત્ન સ્ફાટિક જડિત મસ્તક, મુગટ કુંડલ કાનરે;
વદન કોટી મદન શોભા, ધરણ શ્રી ભગવાનરે. ૧૦
ચતુરભુજ ગજ સુંઢ સરિખા, દીસે શોભિત શ્રીકારરે;
બેરખા મણિ કનક વેલિયાં, ચુનીના ઝલકારરે. ૧૧
ઉર વિષે શ્રીવત્સલાંછન, કમળનાભ મોરારરે;
મધ્ય ધમકે ગોફણી, નેપૂર ચરણ ઝમકારરે. ૧૨
કરણ કમળાસંગ કેશવ, લલિત લીલા વિલાસરે;
નિગમ અગોચર ગુણ ગોવિંદ, જગતના તમે ઈશરે. ૧૩
તમે માતા તમે પિતા, મહાવર ભગિની ભ્રાતરે;
તમે સ્વામી તમે નાયક, વિશ્વપતિ વિખ્યાતરે. ૧૪
તમથકી બ્રહ્મા, એકાદશ–રુદ્ર ને ઋષિ જંનરે;
સ્વર્ગ મૃત્યુ પાતાળ પણ, તમ થકી થયા ઉત્પન્નરે. ૧૫
તમ થકી આ વિશ્વ બાધું, ભુવન ચૌદ પરીઅંકરે;
વર્ણ બાવન વિસ્તર્યા, અધિકા નથી કોઈ અંકરે. ૧૬
વર્ણ ત્રેપનમો તમે, બાવનથી જે બહારરે;
પચાસ ને બે પરવર્યા, તેના તમો આધારરે. ૧૭
પામશે જે પ્રભુ તમને, વામશે દુઃખ દેહરે;
આપથી અભિમાન જાશે, મૂલ મારગ એહરે. ૧૮
તેજ માટે નાથજી, અમે માગું નિરધારરે;
ચરણ શરણે રહું સદા, આપો એવો અધિકારરે. ૧૯
અમે તંમથી ઉપન્યા, આ જગત ભેલાં જંતરે;
અજાણે અપરાધ કીધો, ભૂલ પડી ભગવંતરે. ૨૦
પારસ્વદને અમે પાડીઆ, શાપ દીધો શીશરે;
હવે તેનું જે કહો તે, કીજીએ જગદીશરે. ૨૧
ઇચ્છાએ સૃષ્ટિ રચો, બેહા ફેરો કોઈ ભ્રાતરે;
શ્રુતિને સૂઝે નહીં, વિષ્ણુ તમારી વાતરે. ૨૨
સુરાસુર સરન્યા તમો, જુગતે તે કહાવો જુધરે;
જગદીશ કીધી જુજવી, જોતાં તે બેહુની જુધરે. ૨૩

અમને ઋષિ કીધા તમે, જપ તપ કરવા કાજરે;
અધિકાર આપ્યો અતિ ઘણો, મૂલથકી મહારાજરે. ૨૪
વાયકસિદ્ધિ અચલ આપી, તે તમે નર્વાણુરે;
વિપ્ર વાયક નવ ફરે, તમ પ્રતાપે પ્રમાણુરે. ૨૫
શાપ આશીર્વાદકેરાં, વિપ્ર બોલે વેણુરે;
જે ઉપર ઇચ્છા તમારી, જેવી પંકજનેણુરે. ૨૬
એવાં વાયક વિપ્રનાં, તે સાંભળ્યાં શ્રીનાથરે;
ઋષિ પ્રત્યે બોલિયા, મનમાં થયા રળિઆતરે. ૨૭
મહારાજ માગું તમ કને, કરુણા કરો મનમાંહ્યરે;
જયવિજયનો કરો અનુગ્રહ, જે શીઘ્ર આવે ઇંહાયરે. ૨૮
વળતા તે વાડવ બોલિયા, તમે સાંભળો શ્રીપત્યરે;
ભક્તિભાવે અહીં આવે, સાત જન્મે સત્યરે. ૨૯
વેરભાવે આવે અહીં, ત્રણ જન્મે બેહુ જનરે;
બે વચનમાંથી જે ગમે તે, વાત ધરવી મનરે. ૩૦
વળતા તે પારસ્વદ બોલિયા, મસ્તક નામી ચરણુરે;
વેરભાવે અમે ભજીશું, શિઘ્ર આવિશું મરણુરે. ૩૧

પૂર્વછાંયો

શિઘ્ર જઈ આવિએ શરણુ, અમે વસાવશું જઈ વેરરે;
એમ કહી અવતાર લીધો, કશ્યપ ઋષિને ઘેરરે. ૩૨
હવે તેની કહું કથા, તે સાંભળ ભુપત્યરે;
જયવિજયનો જન્મ થયો, સુણ તે તણી ઉતપત્યરે. ૩૩

કડવું ૧૦ મું-વલણ

પછે વળી બોલ્યા તે મુનિવર સત્યજી, સાંભળ રાજા પ્રભુજીની ગત્યજી;
દૈવે કીધા તે દૈત્ય ઉત્પત્યજી, શાપ પામી પડ્યા પૃથ્વીપત્યજી. ૧

ઉથલો

દૈવે કીધા દૈત ઉત્પન્ન, જુદ્ધ કરવાને કાજ;
અવનિમાંહે અવતાર લેવા, મંન ધર્યું મહારાજ. ૨
કશ્યપ ઘેર કુંવર પ્રગટિયા, દિતિસુત દુરબુદ્ધ;
સમે વનાની સતતિએ, સુર સાથ કીધું જુદ્ધ. ૩

રાગ સામેરી

એક સમે કશ્યપ ઋષિ પોતે, તે તો બ્રહ્માના પૂત્રરે;
જને ઈંદ્ર, રવિ. મારુત સુત, મોટું ધણું ધરસૂત્રરે. ૪
ધર્મ કર્મ પાળે પરિપૂરણ, ચૂકે નહીં કોઈ કાળરે;
શિશ જટા પંચકેશ વધારી, પ્રજાતણા પ્રતિપાળરે. ૫
ધર્મધુરંધર દેવ દયાનિધિ, જ્ઞાનપણે ગંભીરરે;
સ્નાન સંધ્યા ખટકર્મ ઉપાસી, ધ્યાન ધરે મન ધીરરે. ૬
અંગ સદા શુચિભૂત રહે, સત્ય વાયક પરમ પવિત્રરે;
પ્રેમેશું પૂરણ બ્રહ્મને પ્રણવે, વર્ણવે વેદચરિત્રરે. ૭
વેદ પુરાણ ને યક્ષ જે જે તપ, મંત્ર ભણે સ્તુતિ સ્તોત્રરે;
પાવકકુંડ પ્રદીપ્ત કરીને, હોમે અગ્નિહોત્રરે. ૮
દ્વાદશ નાર તેના ઘરમાંહે, કામિનિ મહા કુલવંતરે;
તે થકી સૃષ્ટિ સુરાસુર ઉપની, નિપન્યા રૂપ અનંતરે. ૯
રાક્ષસ જક્ષ પિશાચ ને પન્નગ, વાઘ વરાહ ને વૈતાળરે;
મેઘ મારુત ને ભયંકર દુષ્ટો, ચેટક ને ચાંડાલરે. ૧૦
દ્વાદશ કામિની કશ્યપકેરી, જોગમાયાનું જુથરે;
એકથી ઉપજે દુષ્ટ ને દુસ્તર, એકથી ઉપજે શુદ્ધરે. ૧૧
તે માટે કહું સાંભળ રાજા, વિસ્તારીને વાતરે;
એક સમે ઋષિ કશ્યપ પોતે, સંધ્યા સમે વિખ્યાતરે. ૧૨
પાવડીએ ચઢી દ્વાર પધાર્યા, માર્જન કરવા કાજરે;
દિતિએ ત્યાં સ્વામી નિહાળ્યા, આવી માગ્યું મહારાજરે. ૧૩
પુત્રનું દાન આપો હુંને સ્વામી, ઇચ્છા ઊપની આજરે;
તે માટે તમને આ વેળા, કહું છોં લોપી લાજરે. ૧૪
એવું સુણી કશ્યપ બોલ્યા, સાંભળ નિર્લજ નારરે;
સમે વના નવ માગીએ મુખે, મનમાં વાત વિચારરે. ૧૫
સમે સંધ્યા પણ થવા આવી, અગ્નિહોત્રમાં દેવો હોમરે;
થાય અસુર જો આથમે સૂરજ, આવજે ઉગમતે સોમરે. ૧૬
એવું સુણીને સુંદરી બોલી, સાંભળો સ્વામી વાતરે;
પ્રાણ પાડું અંગીકૃત કીધા વણ, નાથ ન પડે રાતરે. ૧૭
તે સાંભળી મુનિ કશ્યપ બોલ્યા, તું કામિનિ કલેશ મૂળરે;
શા માટે ઉપજાવેછ સુંદરી, પેટ વલોરીને શૂળરે. ૧૮

ઉપજશે અતિ બલવંત તારા, પુત્ર વડા દુર્બુદ્ધરે;
મહોટો કુટુંબકલેશ લગાડશે, જોરે જગાડશે જુદ્ધરે. ૧૯
રુદ્રતણી છે પ્રદોષ વેળા, મને રોષ ધરે જટાધારીરે;
તેમાંથી ઉત્પાત જ થાશે, નિશ્ચે તે નિરધારીરે. ૨૦
સમજાવી સમજે નહીં સુંદરી, ચડ્યું અંગ અભિમાનરે;
પછે ઋષિજીએ પરવશ થઇને, આપ્યું પુત્રત્ન દાનરે. ૨૧

પૂર્વછાંયો.

આપ્યું પુત્રનું દાનરે, અબલા મન હરખી ઘણું;
થયા પુત્ર બે તેહને, કહું સાંભળ પ્રાક્રમ તેતણું. ૨૨
જે દહાડાના ઓદર અવતર્યાં, જય વિજય બે વીર;
તે દહાડાનું મેઘ મહીપર, પૂરું ન મૂકે નીર. ૨૩
મંદિરમાંથી ભાંભરે, અર્ધ નિશાએ ધેન;
સ્વાન મુખ ઉંચે રુવે, એમ થાય છે અપચેન. ૨૪
ધણુધણે ધરણી એક વાયક, પડે ભાંગી ભાંડ;
શૈલ વાયુ ભોમ ગાજે, ખળખળે બ્રહ્માંડ. ૨૫
વૃક્ષ સૂકે કાને કૂકે, ધરણ ધણુધણે શુન;
રુધિર વરસે સર્પ સરખું, રહ્યા મહાજન મુન્ય. ૨૬
મધ્ય રાતે વાયસ બોલે, કરે કાગારોળ;
પ્રાતસ્કાલે સ્વાન બોલે, હોય હાલકલોલ. ૨૭
અકાલે વરસાદ વરસે, ચડી અકસ્માત;
પડે પહાણા વ્યોમથી, એમ થાએ ઉલ્કાપાત. ૨૮
ઓદરમાંહે આવિઆ, લઈ વિષ્ણુ સાથે વેર;
એની પેરે અવનિ વિષે, થાય આગમજથી એ પેર. ૨૯
દિતિ મનમાં મોદ વાધ્યો, પતિએ પૂરી આશ;
સદાશિવને લોપિયા તે, કોપિયા અવિનાશ. ૩૦

કડવું ૧૧ મું-રાગ વેરાડી

દિતિ જિતી ફળ પુત્રનું સ્વામી, પામી પરમાનંદ નારી;
દહાડે દહાડે ચડતી કળા કામિની, મુખ પુનમનો ચંદ નારી. ૧
નેત્ર વિશાળ બે વાંકી ભમરો, પ્રાણી ન આવે પાસ નારી;
મુખ જુએ તે બીહે મનમાં, એમ પમાડે ત્રાસ નારી. ૨

જોરે ઝબુકે લલાટની લાવણ, દામિની કોટ કપોલ નારી;
અંગ વાધ્યો ઊછરંગ ઘણેરો, તન દિસતી ઝાકમઝોલ નારી. ૩
મચ્છર મનમાં ઘણો ધરે માનિની, બોલે બલભર્યા બોલ નારી;
ત્રણ ભુવનમાં કોઈ નવ દેખે, પોતાને સમતોલ નારી. ૪
ધર્મની વાતમાં દ્વેષ કરે, નહીં ભૂદરજીપર ભાવ નારી;
જુની પ્રકૃતિ ટળી ગઈ કામિની, નવો બન્યો દેખાવ નારી. ૫
સાસરિયામાં સહુને વઢે, રઢ લીએ તે ન મેલે વાત નારી;
જોમ ઘણો ઘરમાંહે જગાડે, રીશ કરે દિન રાત નારી. ૬
અદિતિની અણખત કરે, તે ઉપર આણે રોષ નારી;
ભૂષણ વસ્ત્ર નવાં નવાં જોઇએ, રાખે નહીં સંતોષ નારી. ૭
સન્મુખ કોઈ નિહાળી શકે નહીં, તેવું થયું છે સ્વરૂપ નારી;
બોલાવે તે બીહે મનમાં, જાણે હમણાં કરશે કોપ નારી. ૮
ગત્ય ધરે ગજગામિની ગર્વે, આવે આંગણાં બહાર નારી;
ચરણે ચાલે ને ધરણી હાલે, શિર શેષ ન ઝીલે ભાર નારી. ૯
એમ કરતાં ખટ માસ જ થયા, સાતમે સંકટ થાય નારી;
ઓદરમાં ઉત્પાત જ માંડે, અતિ ઘણું અકળાય નારી. ૧૦
દોહલા દિન પૂરા કરે કામિની, રહ્યું ક્ષણું નવ જાય નારી;
માંડ કરી દિન રાત જ કાઢે, પણ પૂરું અન્ન ન ખાય નારી. ૧૧
ત્યાં ઘણા જોશી ડાઇ ડોસી, મળી મંત્રનાં પાણી પાય નારી;
ચક્રાવાની વિધિ સંભળાવે, ગર્ભપીડા જેથી જાય નારી. ૧૨
ગીત કથા ને કૌતક વાર્તા, સંભળાવે ઋષિ જંન નારી;
પંડિત પુરોહિત રક્ષા બાંધે, ઋષિ કરે હવંન નારી. ૧૩
એમ કંઈ દુઃખમાં દિન નિર્ગમ્યા, પૂરા થયા દશ માસ નારી;
તેવે સમે ચતુરાનન આવ્યા, કીધી વાત પ્રકાશ નારી. ૧૪
કુખ વધૂને બહુ દુઃખદાયક, ઉપન્યા ઉગ્ર અસૂર નારી;
ચૌદ ભોવનને ચાક ચડાવશે, કહાવશે કેવલ ક્રૂર નારી. ૧૫
પીડશે પુત્ર પ્રજા સઘળીને, આદરશે બહુ પાપ નારી;
જય વિજયનો અવતાર થયો છે, સનક ઋષિને શાપ નારી. ૧૬
એવું સુણી અબલા ભય લાગો, ભાંગો તે મનનો હરખ નારી;
ગર્ભ વિષે સુત રાખી રહી છે, સંકટથી સત વર્ષ નારી. ૧૭

જાણે રખે સુત જન્મ ધરે તો, પૃથ્વી પીડા થાય નારી;
મેદિનાનું દુઃખ મનમાં જાણી, પ્રસવે નહીં જુગમાંહ નારી. ૧૮
સુંદરી સકષ્ટ ભોગવે ભારી, તે વાત જાણી ત્રિપુરાર નારી;
વેશ ધરી અખધુતજ કેરો, શંકર આવ્યા દ્વાર નારી. ૧૯
ચરણે લાગી ચતુરા પરિબ્રહ્મને, મહાદેવ બોલ્યા વાણ નારી;
ગર્ભ હવે પ્રસવ સતી શિઘ્રથી, વર આપું તે જાણ નારી. ૨૦
વિષ્ણુતણા એ વેરી થાશે, જિતશે બાધું જગત નારી;
પણ એને ઘેર પુત્રરૂપે, અવતરશે એક ભક્ત નારી. ૨૧
એમ કહી તત્કાલ થયા, ઉમયાવર અદૃષ્ટ નારી;
માનુનીએ મન માંહે વિચારિયું, સરજ્યું ત્યારે સૃષ્ટ નારી. ૨૨
દિતિએ પછી પુત્ર પ્રસવ્યા, બેલડીએ બેહુ બાલ નારી;
રૂપ ભયંકર ઉગ્ર મહા બલ, ભ્રૂ અન મુખ કરાલ નારી. ૨૩
વાજે ઢોલ નિશાન ને દુંદુભિ, નાદતણા નિર્ઘોષ નારી;
ગંધર્વ ચારણ જુથ બંધીજન, મોતીએ પૂર્યા ચોક નારી. ૨૪
દીસતી કંચન જેવી કાયા, પુત્ર નિહાળે માત નારી;
વહાલ કરી બોલાવે બેને, મહા બળિયા વિખ્યાત નારી. ૨૫
હરખ ધરી ધરી લાડ લડાવે, જાળવે જીવની પેર નારી;
આળવીતા ઉછાંછળા કુંવર, મોકલે નહીં પરઘેર નારી. ૨૬
એમ કરતાં એક સંવત્સર, પુત્ર રહ્યા વશ માત નારી;
પછે આંગણાં બહાર ફરે, તે મહા બળિયા વિખ્યાત નારી. ૨૭

પૂર્વછાયો

મહા બળિયા વિખ્યાતરે, બાળક બે ઉત્પન્ન થયા;
મુનિવરને માને નહીં, તેણે અધર્મી અસુર કહ્યા. ૨૮
દિતિ ઓદર અવતર્યા, તેણે કહેવાણા દૈત;
અચ્યુતશું અણચિંતપણું, નહીં પ્રભુજીપર પ્રીત. ૨૯

ઉથલો

નહીં પ્રભુપર પ્રીતરે, નારદ મુનિ વાણી વદે;
બળિઆ બાંધવ ઉત્પન્ન, (થયા) તે વાત ધરજે હૃદે. ૩૦

કડવું ૧૨ મું-વલણ

વળી વળી બોલ્યા તે નારદ વાણજી, સાંભળ રાજા તે ચતુરસુજાણજી;
દાનવ પ્રગટ્યા તે મહા જોરાણજી. ૧

ઉથલો

જોરાવર જુગમાંહે પ્રગટ્યા, કરે અસુર ઉન્માદ;
બળિયા બંધવ બે થયા, સુર સાથે કીધો વાદ. ૨

રાગ સારંગ

કશ્યપને ઘેર અવતર્યા, તે ક્રૂર રૂપે કુમારરે; બલવંત બહુ
હિરણ્યાક્ષ હરિણ્યકશિપુ, નામ પાડ્યાં નિર્ધારરે. બલવંત બહુ ૩
આવી પીડે આંગણે, વર્ષ એકને અનુમાનરે; બલવંત બહુ
સાહી લાવે ગગનમાંથી, સૂરજ સહિત વિમાનરે. બલવંત બહુ ૪
ઉડી વળગે આભને, તારાને પમાડે ત્રાસરે; બલવંત બહુ
ચંદ્રમાને કર ધરે, ને ફરે ઉંચે આકાશરે. બલવંત બહુ ૫
નિર્ખતાં દિગ્પાલ ડોલે, પાડે પર્વતશૃંગરે; બલવંત બહુ
ભોમ ઉપર ભાર લાગે, ખળભળે નવ ખંડરે. બલવંત બહુ ૬
બાલપણામાં બળ એવું જે, મહી મેલે માનરે; બલવંત બહુ
તેવા દાનવ થયા પ્રૌઢા, થરથરે બ્રહ્માંડરે. બલવંત બહુ ૭
પાતળમાંહે પરવરે, દાનવ વધારે દ્વેષરે; બલવંત બહુ
પુછ તાણે પન્નગનું, સૂતો જગાડે શેષરે. બલવંત બહુ ૮
વરુણ સાથે વઢવા માંગે, ઉડાડે જલ અઘોરરે; બલવંત બહુ
નીરકેરા નાથ પાસે, અસુર માગે ભોગરે. બલવંત બહુ ૯
અમર સાથે આથડે ને, કરે સબળો ક્રોધરે; બલવંત બહુ
જગનમાંહે ભાગ માંગે, શીખવે પ્રબોધરે. બલવંત બહુ ૧૦
કરે અદાવત ઇંદ્રની સાથે, સુરશું રાખે વેરરે; બલવંત બહુ
ચૌદ ભુવનમાં ગદા ગ્રહીને, ફેરવે ચારે મેરરે. બલવંત બહુ ૧૧
કોપવાન કુબેરશું થઇને, રત્ન માંગે રોકરે; બલવંત બહુ
વાજ આણ્યું વિશ્વ બાધું, ત્રાહે ત્રાહે ત્રિલોકરે. બલવંત બહુ ૧૨
દિગ્પાલકેરા ગજકેરા જઈ, દંત તાણી સહાયરે; બલવંત બહુ
શુંઢ સાહીને ફેરવે, વારી ન શકે કોઇરે. બલવંત બહુ ૧૩
કરે ક્રીડા સિંધુમાંહે, રમે લાતોલાતરે; બલવંત બહુ
સાત સાગર ભેળાવે ભેળા, ઉલટે ઉત્પાતરે. બલવંત બહુ ૧૪
ઋષિ સાથે વેર રાખે, દુર્મતિ મહાદુષ્ટરે; બલવંત બહુ
વાધીઆ બ્રહ્માંડ સૂંધી, થયા પ્રૌઢા પુષ્ટરે. બલવંત બહુ ૧૫

અચલ મોટા કરે ઉંચા, ચાલવે ચોખુંટરે; બલવંત બહુ
આકાશ ચાટે જીભશું, જેમ વૃક્ષને વળગે ઉંટરે. બલવંત બહુ ૧૬
ભય ધરે નહિ મન વિખે, અલવે વખાણે આપરે; બલવંત બહુ
પુણ્યનો મારગ પરહરીને, પંડે આચરે પાપરે. બલવંત બહુ ૧૭
નારદ મુનિ સંધ્યા કરે, એક સમે ગંગાતીરરે; બલવંત બહુ
દૈત્ય હિરણ્યકશિપુ બંધુ, ઉભો રહ્યો છે વીરરે. બલવંત બહુ ૧૮
નીર નાંખે છે ઋષિ સામું, હસે મુખથી મંદરે; બલવંત બહુ
ત્યારે નારદ બોલિયા, તુંને મારશે ગોવિંદરે. બલવંત બહુ ૧૯
પછે દાનવ કહે ઋષિજી, કોણ છે એ ભૂપરે; બલવંત બહુ
એને મારું કાં મરું, તે દાખવોની ભૂંપરે. બલવંત બહુ ૨૦
ત્યારે નારદ બોલિયા, એ છે દેવનો દેવરે; બલવંત બહુ
પીડા કરીશ જો અમરને, તો આવી મળે તતખેવરે. બલવંત બહુ ૨૧
ત્રણ ભુવનનો ભૂપ કહાવે, સર્વનો સ્વામીનરે; બલવંત બહુ
સુરાસુર બ્રહ્માંડમાંહે, એ જેવો નહીં અન્યરે. બલવંત બહુ ૨૨
એવું સુણીને કોપિયા, દૈત થયા ક્રોધાંતરે; બલવંત બહુ
ગોવિંદજી વેર માંડિયું, આણવા તેનો અંતરે. બલવંત બહુ ૨૩

પૂર્વછાંયો

હું કરું કલ્પાંતરે, દૈત મન ક્રોધ ભર્યો;
તે તણો વિસ્તારરે, શ્રીવારાહ પુરાણે વિસ્તર્યો. ૨૪
વળી તેની છે કથા, શ્રી ભાગવત મોજાર;
સંક્ષેપ માત્રે કહી વ્યાસે, પરીક્ષિતને સાર. ૨૫
રાય સાંભળ સત્યવાદી, તે તણું આખ્યાન;
હિરણ્યાક્ષ મલ મારવા, વરાહ થયા ભગવાન. ૨૬

કડવું ૧૩ મું–વલણ

વળી વળી બોલ્યા તે મુનિવર શુદ્ધજી, મનમાં કોપ્યો તે મહા દુર્બુદ્ધજી;
દાનવ ચાલ્યો તે જેવા જોદ્ધજી. ૧

ઉથલો

જોદ્ધ જેવા ચાલ્યો દાનવ, દેવને દેવા દંડ;
ક્યાંહાં મુજને મળે માધવ, બોળું તે ખંડોખંડ. ૨

રાગ વેરાડી

હિરણ્યાક્ષ હઠે ભરાણોરે, બીજો કોણ છે મુજ સમાણોરે;
કોણ દેવનો દેવ કહાવેરે, દૈત મારવા હામ ધરાવેરે. ૩
એને બોળી કહાડું ક્ષણ માંહેરે, જઈ જિવું રહેતો જ્યાંહેરે;
જાએ નાશી તો જિવતો ઝાલુંરે, લાવી કારાગૃહમાં ઘાલુંરે. ૪
એમ કહી મૂછે કર ઘાલ્યોરે; ચૌદ લોકમાં બોળતો ચાલ્યોરે;
જઈ ઇંદ્રપુરીમાં પોતોરે, દૈત હીંડે ઘરઘર જોતોરે. ૫
કોઈ માધવ મુજને દેખાડોરે, પુરષોત્તમ દૃષ્ટે પાડોરે;
એશું ખડ્ગ વિદ્યાએ ઝેલુંરે, દૃષ્ટે દેખું તો જાતો ન મેલુંરે. ૬
તમે સાંભળો અમર મેરરે, રાખે દાનવ સાથે વેરરે;
કરે દેવ તમારી સારરે, તેને બોળી કાઢું નિર્ધારરે. ૭
એ તો મૃત્યુ અસુરનું આણોરે, તેની ત્રેવડ કરવી આ ટાણોરે;
જોને મુનિજન સર્વ સંભારેરે, તેનું મુખ જોવું છે મહારેરે. ૮
કહાવે અમરતણો એ સ્વામીરે, બહુ વેશ ધરે બહુ નામીરે;
તમે દેખાડો એનું ઠેકાણુંરે, નહિતર અંત તમારો આણુંરે. ૯
વળતા બોલ્યા તે સર્વે સુરરે, તું તો કાંઈ નવ જાણે અસુરરે;
એ તો અખિલ જગતના વાસીરે, તું તો જોની સબળે તપાસીરે. ૧૦
એ તો કાયથકી નવ છેટેરે, પણ બોલ્યા વિના નવ ભેટેરે;
ઘર મૂકી વનમાં જાયરે, તેને સન્મુખ દર્શન થાયરે. ૧૧
મોટા સદ્‌ગુરુ શિર થાપેરે, તે પણ એનું ઉપાસન આપેરે;
જે કોઈ નિશદિન સ્મરણ રાખેરે, તેને રૂપ રમાવર દાખેરે. ૧૨
તુંને વેરભાવે લાગ્યો લક્ષરે, તોએ પ્રભુ થાશે પ્રત્યક્ષરે;
એની વાત બ્રહ્મા જાણેરે, મુખથી ચારે વેદ વખાણેરે. ૧૩
તું તો બ્રહ્માને પૂછની જ્યાતરે, જે જાણે છે એની વાતરે;
એવું સાંભળી બ્રહ્મા પાસેરે, દૈત આવ્યો છે એક શ્વાસેરે. ૧૪
આવી ઉભો તે શિશ નમાવીરે, બ્રહ્મા પૂછે છે પ્રેમ જણાવીરે;
કહે પુત્ર આવ્યો છે કેમરે, કાંઈ માંગ્યો છે ઉન્માદ એમરે. ૧૫
બોલ્યો દૈત તે જોડી હાથરે, મારી વિનતિ સાંભળો નાથરે;
મુને નારદે જે કંઈ કહ્યુંરે, તે તો વચન હૃદે મેં ગ્રહ્યુંરે. ૧૬
તુંને મારશે માધવ રાયરે, જેનો મોટો ઘણો મહિમાયરે;
જેણે મધુકૈટભને માર્યારે, મોટા બળવંત એથી હાર્યારે. ૧૭

તેને જાણો તમો મહારાજરે, તેને દેખાડી દોની આજરે;
કરી જુદ્ધ ને એને ગાળુંરે, દૈત સધળાનું દુઃખડું ટાળુંરે. ૧૮
એવું સાંભળી બ્રહ્મા બોલેરે, કોઈ પુરુષ નહીં એને તોલેરે;
એ તો આદ્યપુરુષ અવિનાશીરે, એની જોત જગતમાં પ્રકાશીરે. ૧૯
એ તો કોઇનો માર્યો નવ મરેરે, એ તો તૃણનો મેરુ કરેરે;
એને ખોળીએ જો જુગ બાંધેરે, તો અદ્વૈત ભાવે નવ લાધેરે. ૨૦
ઘણા દિવસ લગે તપ સાધેરે, એક ચિત્ત કરીને આરાધેરે;
એને ચરણે જે તન મન અર્પેરે, રહી ચરણને સર્વે સમર્પેરે. ૨૧
તેને મળે મધુસુદન પોતેરે, મન હંકાર સર્વે ખોતેરે;
તમો દાનવ કાંઈ નવ જાણોરે, બોલો હંકારે આપ વખાણોરે. ૨૨
ગુપ્ત વેપાર કરો અણલેખેરે, તે પણ દેવ અંત્રીક્ષથી દેખેરે;
તેણે તમ ઉપર નિર્ધારરે, મન કોપ કરે કીર્તારરે. ૨૩
સુર સધળા મેલી અભિમાનરે, ભાવે ભક્તિ કરે ભગવાનરે;
ગુણ ગોવિંદના નિત્ય ગાયેરે, તેને શ્રીહરિ થાશે સહાયેરે. ૨૪
તમે ગુણ જો ગોવિંદના ગાઓરે, ક્ષણમાં સુર સરીખા થાઓરે;
એને સુર અસુર બે સરખારે, જેમ સધળે વરસે વરખારે. ૨૫
તમો દુઃખ ઘો છો સુરની દેહરે, કરે સ્તુતિ પ્રભુજીની તેહરે;
સ્તુતિ સાંભળી શ્રીવર રીઝેરે, સુણી ગોવિંદ તમપર ખીજેરે. ૨૬
તેણે શ્રીહરિ તમને સંધારેરે, દેવ પોતાના કરિને ઉગારેરે;
તમે દૈત પોતાને પાપેરે, વળી વેર કરો છો આપેરે. ૨૭
તમે સહજે કરો છો ક્રીડારે, તેમાં પૃથ્વી પામે પીડારે;
તેણે તમને વિષ્ણુ વિદારેરે, તેમાં કોણ પ્રભુને વારેરે. ૨૮
તમને સરજ્યા શ્રીનાથેરે, વળી વેર કરો છો તમે હાથેરે;
વેર વિષ્ણુ સાથે જો કરશોરે, એના માર્યા તે નિશ્ચે મરશોરે. ૨૯
એવું સાંભળી દાનવ હુંકેરે, એના સમજો માર્યા વણ મૂકેરે;
એણે પક્ષ જો દેવની રાખીરે, અમે જુદ્ધ કરવા અભિલાખીરે. ૩૦
અથા બીહીજીએ નવ નિર્વાણરે, પાડું પૃથ્વીમાં ભંગાણરે;
એ તો કહાવે વિપ્રનો પતિરે, વઢે અમ સાથે અમરની વતીરે. ૩૧
બધી પૃથ્વી જળમાં ઝબોળુંરે, વિષ્ણુ સંઘાતે નિશ્ચે બોળુંરે;
એમ કહીને અસુર પાછો વળિયોરે, આવ્યો અવનિ ઉપર અતિ બળિયોરે. ૩૨

અવનિ બળે કરીને ચાંપીરે, બાધી પૃથ્વી તે થરથર કાંપીરે;
નવ ખંડ ધરા તત્કાળરે, શેષ સહિત ચાલી રસાતાળરે;
ત્યારે સુરપતિ જોડી હાથરે, સહુ સંભારે વૈકુંઠનાથરે. ૩૩

પૂર્વછાંયો

પૃથ્વી ચાંપી ચરણશું, ડોલ્યા દશ દિગ્પાળ;
સુર બ્રહ્માદિક સ્તુતિ કરે, સર્વે દેવ દયાળ. ૩૪
વહાર કરો વૈકુંઠપતિ, કમળાનાથ કૃપાળ;
સુરસહાયક જગતનાયક, ત્રણ ભુવન પ્રતિપાળ. ૩૫

કડવું ૧૪ મું–વલણ

વળતા બોલ્યા તે નારદ સારજી, સાંભળ રાજા તે ધર્મ કુમારજી;
સ્તુતિ કરે છે ઇંદ્ર અપારજી, નેતિ નેતિ તે વદે વારંવારજી. ૧

ઉથલો

સાંભળ રાજા વચન પાવન, સ્તુતિ કરે છે ઇંદ્ર;
તે સુણીને શિઘ્રે પ્રગટ્યા, વારાહ રૂપે ઉપેંદ્ર. ૨

રાગ રામગ્રી અથવા છંદ તોટકની દેશી

ભણે ઇંદ્ર મુનીંદ્ર ઉપેંદ્ર નમો, કરુણાવર શ્રીહરિચંદ નમો; ૩
સચ્ચિદાનંદ શ્રીઅવિનાશી નમો, કમળાવર વૈકુંઠવાસી નમો.
પુરષોત્તમ પંકજનેત્ર નમો, પરિપૂરણ બ્રહ્મ પવિત્ર નમો; ૪
રવિ કોટિકલાવર રૂપ નમો, ભગવાન સુરાસુર ભૂપ નમો.
પરમેશ્વર પન્નગશાયી નમો, સચરાચર સંપદદાયી નમો; ૫
શિર ચરણ કરાંબુજ સહસ્ત્ર નમો, પરિધાન પીતાંબર વસ્ત્ર નમો.
કીરિટાદિક લંકૃત ધારી નમો, મધુસૂદન દેવ મોરારી નમો; ૬
શંખ ચક્ર ગદાંબુજ પાણી નમો, ખગવાહનપુરુષ પુરાણી નમો.
ત્રટ નિર્ધનપાવન ચરણ નમો, જય માધવ મંગલકરણ નમો; ૭
સુરવલ્લભ સુંદરસ્યામ નમો, જનદાયક દુર્લભ ધામ નમો.
નભ વાયુ હુતાશ પ્રકાશ નમો, પૃથ્વી જલજંતુ નિવાસ નમો; ૮
ગુણવંત અચિંત્ય અનંત નમો, ભયભંજન શ્રીભગવંત નમો.
નિરાકાર નિરંજન દેવ નમો, શિવશંકર શાર્યક શૈવ નમો; ૯
શરણાંગત વત્સલ નાથ નમો, નિજ ભક્ત તણા સદા તાત નમો.

ભૂવનેશ્વર ભૂધર વીર નમો, શુભ ધર્મધુરંધર ધીર નમો;
દ્વીજપાલક દીનદયાળ નમો, જગદીશ જગતકૃપાળ નમો. ૧૦
બહુ વેશ મહા બળવંત નમો, ઋષિકેશ મહેશ મુકુંદ નમો;
કરો વારાહ દયાનિધિ વેગે કરી, સુણતાં પ્રગટ્યા તતખેવ હરી. ૧૧

પૂર્વછાંયો

સુણતાં પ્રગટ થયા હરિ, સુરકારણ તત્કાળ;
વરાહ રૂપ ધર્યું પ્રભુજી, જે ત્રણ ભુવનપ્રતિપાળ. ૧૨
રસાતાલ જાતી ધરા, દાઢાગ્રહપર ધરણ;
વિશ્વતણી વહારે ચઢ્યા, સ્વામી અશરણશરણ. ૧૩
દાનવ સાથે જુદ્ધ રચ્યું, લીધો વરાહવેશ;
પ્રભુજીએ પૃથ્વી ધરી, જલમાં કર્યો પ્રવેશ. ૧૪
હવે તેતણી કહું કથા, તે સાંભળો રાજંન;
વ્યાસસુત શુકદેવકેરાં, સુણે સત્ય વચંન. ૧૫
હરિ હિરણ્યાક્ષ વઢે, ત્યાં થયું દારુણ યુદ્ધ;
દિગ્પાળ દશે ખળભળ્યા, ને શેષ ભૂલ્યો શુદ્ધ. ૧૬
સાત સાગર ભેળા ભળ્યા, પડ્યા પર્વત શૃંગ;
ખળભળે બ્રહ્માંડ બાધું, અસુર કેરે અંગ. ૧૭

ઉથલો

અસુરકેરે અંગરે, બ્રહ્માંડ બાધું થરથરે;
ક્રોધ રૂપ થયા હરિ, તે સાથ સબળું જુદ્ધ કરે. ૧૮

કડવું ૧૫ મું-રાગ સિંધુડો

માંડ્યું જુદ્ધ તે દુસ્તર દારુણ હો, જેમ વડવાનલ કંપ વારુણ હો;
વિશ્વ ઠેલે વારાહ બલ સાયર હો, નિરખી નર થયા બહુ કાયર હો. ૧
કર ગદા પરસ્પર ધારી હો, તન પ્રહાર પડાડે ભારી હો;
આયુધશું આયુધ ઉછાળે હો, ધુરમ દઈને ઘા સંભાળે હો. ૨
આયુધશું આયુધ છેદે હો, નાખતાં અંગ નવ ભેદે હો;
વળગીને વીર વધૂટે હો, ઝેલતાં તે કોઈ નવ ખૂટે હો. ૩
નાંખી બાથને જુગતે ઝાલે હો, કોપીને કંઠે કર ઘાલે હો;
રણમાંહે પરસ્પર રોળે હો, જલમાંહે પડ્યા જલ ડોલે હો. ૪

શત પંચ સંવત્સર પૂરા હો, જલમાંહે વઢે બહુ શૂરા હો;
ટીંચણુ ઢાલ બરછી કાણી હો, નર દીએ છે અન્યોન્ય બાણી હો. ૫
વળતા પૃથ્વિપર આવ્યા હો, ઇંદ્રાદિકને ઘણું અકળાવ્યા હો;
પડધા પ્રચંડ વાજે હો, નવ ખંડ ગગનમાં ગાજે હો. ૬
ધમકારે ધરણી ધ્રુજે હો, મહા દૈત્ય દેવશું ઝુઝે હો;
જગદીશ કરે જલક્રીડા હો, પૃથિવીમાં પ્રગટી પીડા હો. ૭
દશ સહસ્ર વર્ષ વરાહ લડ્યા હો, પણ કોઈ જુદ્ધે નહિ પડ્યા હો;
મનમાંહે મહારાજ વિચારે હો, જુદ્ધ કરતાં દાનવ હારે હો. ૮
વળતું હરિ વદન વિકાસ્યું હો, તન તીક્ષ્ણ તેજ પ્રકાસ્યું હો;
મુખ દાઢ કરાળ વધારી હો, રૂઠ્યા મનમાંહે મોરારી હો. ૯
દઈ દોટ પ્રબળને પાડ્યો હો, જઈ દાનવ પ્રૌઢ પછાડ્યો હો;
હિરણ્યાક્ષનું શિશ તો હાથે હો, ગ્રહી છેદ્યું તે કમળાનાથે હો. ૧૦
અંતરિક્ષથી સુર નર નિરખી હો, મનમાંહે રહ્યા છે હરખી હો;
મુખ જય જય શબ્દ સુણાવે હો, બહુ પુષ્પની વૃષ્ટિ કરાવે હો. ૧૧

પૂર્વછાંયો

પુષ્પવૃષ્ટિ સુર નર કરે, દેખી દાનવ નાશ;
ઇંદ્રાદિક મુખ ઓચરે, જય જય જગન્નિવાસ. ૧૨

ઉથલો

જયજય જગન્નિવાસરે, ઇન્દ્રાદિક એણીપેર સ્તવે;
રાજા સાંભળ વાતરે, શુક પરીક્ષિત પ્રીછવે.
સુત સુણાવે વિપ્રને, નૈમિષારણ્યમાં તેહ;
હિરણ્યાક્ષ માર્યા પછે, નિમિત્ત નિપન્યું જેહ. ૧૪

કડવું ૧૬ મું-વલણ

વળતા બોલ્યા તે ઋષિરાયજી, સાંભળ રાજા તે કહું મહિમાયજી;
જેના જુગમાં તે સહુ જશ ગાયજી, સાંભળે અઘ દૂર પલાયજી. ૧

ઉથલો

સાંભળ રાજા કહું મહિમા, હિરણ્યાક્ષને માર્યિો; ૨
તે સુણીને હિરણ્યકશિપુ, ભ્રાત ક્રોધાતુર થયો.
તેણે તપ અતિ ઉગ્ર કીધું, દુઃખ દીધું દેવને; ૩
તે કારણ નૃસિંહ પ્રગટ્યા, સુણાવું તે અવેવરે.

રાગ ટોડી

હિરણ્યાક્ષ માર્યો મહારાજે, મલ્લ મહા બળવીર, દાનવ;
હિરણ્યકશિપુ નાનેરો બાંધવ, કશ્યપનો કુમાર, દાનવ. ૪
તેતણાં પુત્ર કલત્ર સહોદર, સર્વ કરે કલ્પાંત, દાનવ;
જ્ઞાન પ્રબોધ કરી સમજાવે, કઇક દીધાં દૃષ્ટાંત, દાનવ. ૫
પછે હિરણ્યકશિપુ હોકાર્યો, કીધો મનમાં ક્રોધ, દાનવ;
દેશે દેશથી દૈત્ય તેડાવ્યા, જૂથ મળ્યા બહુ સમસ્ત, દાનવ. ૬
પૂરી સભામાં પરિયાણ કર્યું, થયા એકઠા ભૂપ સમસ્ત, દાનવ;
દંત પીશે કરપૃષ્ટ ધશે, વળી હેઠા પછાડે હસ્ત, દાનવ. ૭
કોણ એવો મદવંતમાં આવી, જે વરાહ વેશ વિશાલ, દાનવ;
જેણે હણ્યો મુજ ભ્રાત લઘુને, હું નિશ્ચે આણું તેનો કાલ, દાનવ. ૮
વળતો વિચાર કર્યો મનમાંહે, ઇંદ્ર તણો ઉપકાર, દાનવ;
વૈકુંઠનાથે હણ્યો મુજ બાંધવ, નિશ્ચે ને નિર્ધાર, દાનવ. ૯
તે માટે હંવે નિશ્ચે મારે, દેવને દેવો દંડ, દાનવ;
જોર કરે તો જીવથી મારું, ખોળું ખંડો ખંડ, દાનવ; ૧૦
શત્રુ મારાને શોધી કહાડું, જેણે વિડાર્યો વીર, દાનવ;
ભ્રાતનું વેર વાળું જુગ માંહે, ત્યારપછે પીયું નીર, દાનવ. ૧૧
એમ વિચાર કીધો મનમાંહે, ધર્મનો કીજે ધ્વંશ, દાનવ;
તો સહેજે શત્રુ ક્ષય પામશે, પુણ્ય પ્રભુનો અંશ, દાનવ. ૧૨
ધર્મ ધરાપર જાણીએ જુગમાં, એ વિષ્ણુનું મૂળ, દાનવ;
ધર્મ લોપે ધરણી પર નાશે, દૈત્યનું જાશે શૂળ, દાનવ. ૧૩
એમ કરીને આજ્ઞા આપી, દોડ્યા દૈત્ય અપાર, દાનવ;
પુણ્યનો મારગ પાલટી નાંખી, દેવનો કીધો સંહાર, દાનવ. ૧૪
ભૂપની ઇચ્છા ઉપની જાણી, ચાલીઆ ચારે મેર, દાનવ;
મેદિની માંહે કોલાહલ માંડ્યું, કીધું હલાહલ વેર, દાનવ. ૧૫
વેદની ધૂન સૂણે ત્યાં સામટા, ધૂમ કરીને ધાય, દાનવ;
વાડવને શિર વેદના પાડે, ખડ્ગ ઊઘાડે જાય, દાનવ. ૧૬
યજ્ઞશાળા મઠશાળા સઘળી, પાડી કીધા પડથાર, દાનવ;
કુંડ સરોવર દેવનાં દેવળ, ટાળી નાંખ્યાં તેણી વાર, દાનવ. ૧૭
શ્રાદ્ધ સમાગમ સોર પડાવે, ગાંધર્વને દીએ ગાળ, દાનવ;
ગીત કથા હરિવાર્તા હોએ, ત્યાં આવી કરે આળ, દાનવ. ૧૮

લેવા ન દે મુખે મેદિનીમાંહે, નારાયણનું નામ, દાનવ;
વૈષ્ણવવેષ ધરી ન શકે કોય, ગોતે ગામોગામ, દાનવ. ૧૯
સંધ્યા સ્નાન કરી ન શકે દ્વિજ, કરવા ન દીએ કર્મ, દાનવ;
બ્રાહ્મણને શિર ભય ઉપજાવે, ધશી નાંખે ધર્મ, દાનવ. ૨૦
ભક્તિ મારગ ભૂતળમાંથી, ટાળી નાંખ્યો તતખેવ, દાનવ;
હિરણ્યકશિપુએ સ્વર્ગે જઇને, જિત્યા સર્વે દેવ, દાનવ. ૨૧
ઇંદ્ર પોતાનું આસન છાંડી, નાઠા દેખી દુર્બુદ્ધ, દાનવ;
પર્વતમાં જઈ દેવતા પેઠા, આવતો જોઈ અશુદ્ધ, દાનવ. ૨૨
પછે તિહાંથી દૈત ઉતાવળો, જઈ પોતો વૈકુંઠ, દાનવ;
શ્રીહરિ સાથે જોમ ધરીને, જુદ્ધ કરવા ઉત્કંઠ, દાનવ. ૨૩
વળતા વિષ્ણુએ વાત વિચારી, દૈત આવ્યો છે આ કાળ, દાનવ;
જુદ્ધ નથી કરવું એ સાથે, મારવો જઈ જવાળ, દાનવ. ૨૪
એમ વિમાસી શ્રીઅવિનાશી, દેખે જોમ નહીં રૂપ; દાનવ;
વાયુવેષ ધર્યો મહારાજે, ભેદમાં ભુલાવ્યો ભૂપ; દાનવ. ૨૫
શ્રીવરે સૂક્ષ્મ રૂપ ધરીને, પ્રવેશ કર્યો જઈ પેટ, દાનવ;
ઓળી વળ્યો પછે ભૂપતિ બાધું, ક્ષીર સમુદ્રનું ક્ષેત્ર, દાનવ. ૨૬

પૂર્વછાંયો

ઓળી વળ્યો વૈકુંઠ બાધું, જડ્યા નહીં જગદીશ;
ફરી પાછો ઘેર આવ્યો, રહી મનમાં રીશ. ૨૭

ઉથલો

રહી મનમાં રીશરે, મતિમંદ એમ ત્રેવડે;
વેરી મુજને નવ મળે, તે કો દિવસ આવી નડે. ૨૮
તે માટે જઈ તપ કરું, જે બ્રહ્મા ભય પામે ઘણું;
ઇંદ્ર ઉપર અચલ થાપે, આપે અજરામરપણું. ૨૯

કડવું ૧૭ મું–વલણ

ઋષિજી બોલ્યા તે વચન પ્રમાણજી, મહાત પમાડું તે દાનવ રાણજી;
સાંભળો રાયે ચતુરસુજ્ઞાનજી, અસુરે તપ આરંભ્યું નિર્વાણજી. ૧

ઉથલો

સાંભળ રાજા તે ચતુર ચંત, અસુરનું તપ તેજ; ૨
વાધિયું બ્રહ્માંડ સૂધી, મુખ વખાણું એજ.

મંદરાચળમાં માંડિયું, તપ અસુર આસન એક;
બ્રહ્માને મનમાં ભજે, તજે નહીં તે ટેક. ૩

રાગ પૂર્વી

તન ટેક ન મૂકે રાજરે, મનમાંથી ન ચૂકે માજરે;
એક અંગુષ્ટને આધારરે, ઉભો રહ્યો છે વન મોજરરે. ૪
રહ્યો તરુવરની પેર સ્થંભીરે, એમ ઘણા દિવસ દેહ દંભીરે;
મુખ મુન્ય ગ્રહી મદવંતરે, જાણે સુતો તે સર્પ એકાંતરે. ૫
અંન ઉદક દીધાં છે મેલીરે, જોઇએ જીવને વસ્તુ જે પહેલીરે;
નેત્ર ઢાળીને ધર્યું ધ્યાનરે, કીધું સિદ્ધ પુરુષને સમાનરે. ૬
પંચ કેશ જટા શિર વાધીરે, ઘણું શોભે તે જોગ સમાધીરે;
રુંધી શ્વાસ ચડાવી છે તાળીરે, લીધી દક્ષિણકર જપમાળીરે. ૭
એક શત સંવત્સર માંડીરે, અસુરે પ્રચંડ કાયા રુંધીરે;
થયો રાફ ફરી વળી માટીરે, નવ દીસે ત્વચા ને નાડીરે. ૮
ઉગ્યા દર્ભ તે કર્ણને દ્વારેરે, કીધાં સુગરીએ ઘર હારોહારેરે;
જ્યારે થઈ છે અવસ્થા એમરે, ઇંદ્રે જાણ્યું રીપુ થશે ક્ષમરે. ૯
મનમાંહે વિચારે વાતરે, દૈવ ડાહ્યો ઘણું વિખ્યાતરે;
એવા દુષ્ટને વર કેમ આપેરે, જે કોઈ સુર નરને સંતાપેરે. ૧૦
પછે ઇંદ્રે સબળ બળ કીધુંરે, જઈ દાનવનું પૂર લીધુંરે;
તિહાં અસુર તે કેક વિડાર્યારે, હિરણ્યકશિપુ તેણે ઠારરે. ૧૧
પછે હિરણ્યકશિપુની નારીરે, માતા પ્રહ્લાદની સુખકારીરે;
તેને મેધ મરુતને નાથેરે, વળી શાહી લીધી છે સાથેરે. ૧૨
કીધી ઐરાવતની આગેરે, ચાલે જુવંતી સકોમલ પાગેરે;
જાણી ભક્ત જનેતા માટેરે, આવ્યા નારદ અંત્રિક્ષવાટેરે. ૧૩
જ્યારે સુરપતિએ મુનિજન દીઠારે, ત્યારે આવ્યા વાહન થકી હેઠારે;
કર જોડી દંડવત્ કીધોરે, ઋષિએ આશિર્વાદ દીધોરે. ૧૪
મુનિ બોલ્યા તે મુખથકી વાણીરે, એક આ સુંદરી કયાંથી આણીરે;
કોઈ ભૂપતિ મનમાં કોપેરે, પણ અબળાની લાજ ન લોપેરે. ૧૫
તું તો સ્વર્ગ અમરનો ઇશરે, તને આવડી નવ ઘટે રીષરે;
પછે ઇંદ્ર બોલ્યા શિર નામીરે, તમે વાત વિચારો સ્વામીરે. ૧૬
એને ગર્ભ બોદરમાં ભાસેરે, કોઈ દાનવ પ્રૌઢ પ્રકાશેરે;
ટાણે ગર્ભ છેદન કરું એનોરે, પછે નહીં પરાભવ કોનોરે. ૧૭

એવી સાંભળી વાત જે વારેરે, હસી બોલ્યા તે મુનિ તે વારેરે;
એના ઓદરમાં પ્રગટે બાળરે, તે તો પૂર્ણ ભગવંત ગોપાળરે. ૧૮
ભય હિરણ્યકશિપુનો મ ધરશોરે, એની ભક્તિએ તમે,ઉગરશોરે;
પછે ઇંદ્ર તે આશ્ચર્ય પામેરે, ઋષિજીને ચરણ શિર નામેરે. ૧૯
સુંદરીને નમાવ્યું શિશરે, તમે મનમાં ન ધરશો રીશરે;
અજાણે થયો અપરાધરે, ક્ષમા કરજો જનેતા સાધરે. ૨૦
કર જોડીને સુરપતિ માંગેરે, ઉભા સ્તુતિ કરે ઋષિ આગેરે;
એ સુંદરી સ્વામીને ધામેરે, રાખો શરણ રખે દુઃખ પામેરે. ૨૧
પછે માનુનિ મુનિવરે વાળીરે, તેને પુત્રી કરીને પાળીરે;
આપ્યો મુનિવરે વર અતિભાવેરે, તું તો ગર્ભ પ્રસવ પતિ આવેરે. ૨૨
ઘણી જ્ઞાનની વાત સુણાવીરે, તેણે દુઃખની દાઝ સમાવીરે;
તે ગર્ભવાસમાં પ્રહ્લાદરે, રસ પીધો સ્તુતિ કરી સ્વાદરે;
તેનો મર્મ મુનિજન જાણેરે, રસપાન કરે તે વખાણેરે. ૨૩

પૂર્વછાંયો

તે વખાણે જશ પ્રભુનો, જે કરે રસપાન;
પણ દુષ્ટ દાનવ નવ લહે, જેને અટલ છે અજ્ઞાન. ૨૪

ઉથલો

અટલ છે અજ્ઞાનરે, તે નવ લહે રસ હરિતણો;
હિરણ્યકશિપુ તેમ કરે, જેમ વિષે સર્પ વાધે ઘણો. ૨૫

કડવું ૧૮ મું–રાગ ધોળ

પછે વાધ્યો અસુર તપ તાપરે, બાધા વિશ્વ વિષે; ૧
થયો મુનિવરને સંતાપરે, બાધા વિશ્વ વિષે.
કંપે સ્વર્ગ મૃત્યુ ને પાતાળરે, બાધા; વળી ડોલ્યા દશે દિગ્પાળરે, બાધા. ૨
દેવ મેલી પોતાનું ધામરે, બાધા; રહેવા ખોળતા હિંડે ઠામરે, બાધા. ૩
ચૌદ લોક ચર્ચા ચકડોળરે, બાધા; બ્રહ્મલોકમાં હાલકલોલરે, બાધા. ૪
વાધ્યું તપતણું બહુ તેજરે, બાધા; મન ભમાવી ચારે એજરે, બાધા. ૫
થયો દાનવ મહા બળવાનરે, બાધા; વર આપવો જોઇએ નિદાનરે, બાધા. ૬
કહિએ ચુકયો નહીં તપતાલરે, બાધા; વર આપવામાં જંજાલરે, બાધા. ૭
એ તો તામસી છે દુર્બુદ્ધરે, બાધા; જુગ માંહે જગાડશે જુદ્ધરે, બાધા. ૮
એ તો દેવને દેશે દંડરે, બાધા; એ તો આચરે પાપ પ્રચંડરે, બાધા. ૯

એમ બ્રહ્મા વિચારે વાતરે, બાધા; વર આપવા આવ્યા ખ્યાતરે, બાધા. ૧૦
આવી ઉતર્યા પર્વત માંહેરે, બાધા; તપ દાનવ સાધે છે જ્યાંહેરે, બાધા. ૧૧
કર મૂકી કર્યો સાવધાનરે, બાધા; મુખ બોલ્યા બ્રહ્મા ભગવાનરે, બાધા. ૧૨
ઊઠ પુત્ર તપસ્યાથી જાગરે, બાધા; મન ગમતો ઊઠી વર માગરે, બાધા. ૧૩
એવું સાંભળી જાગ્યો ભૂપરે, બાધા; દીધું દેવ વિધાતાનું રૂપરે, બાધા. ૧૪
કર જોડીને લાગ્યો પાયરે, બાધા; સ્વામી થાજો હું તને સહાયરે, બાધા. ૧૫
જેટલા વર માગું આજરે, બાધા; તેટલા જ આપો મહારાજરે, બાધા. ૧૬
જેટલા સૃષ્ટિ તમારીના જંતરે, બાધા; મારો આણી ન શકે અંતરે, બાધા. ૧૭
જળ ભૂતળ વાયુ પ્રકાશરે, બાધા; મારો તે ન કરી શકે નાશરે, બાધા. ૧૮
શસ્ત્રા શુષ્ક કાષ્ઠ કે દંડરે, બાધા; તેણે પડે નહીં મુજ પંડરે, બાધા. ૧૯
મંત્ર જંત્રને આયુધ અસ્ત્રરે, બાધા; મુને છેદે નહીં કો શસ્ત્રરે, બાધા. ૨૦
સાત ધાતુના ઘાટ અનેકરે, બાધા; મારું અંગ ન ભેદે એકરે, બાધા. ૨૧
વનૌષધિ ભાર અઢારરે, બાધા; મારો તેથી ન થાયે સંહારરે, બાધા. ૨૨
ગિરિશિખર પહાણ કોડાણુરે, બાધા; મારો પડે ન નિશ્ચે પ્રાણુરે, બાધા. ૨૩
ધર ગોખલો ને ધરબારરે, બાધા; મારો પંડ પડે ન કો ઠારરે, બાધા. ૨૪
અવનિપર અંબર હેઠ્યરે, બાધા; મુજ મૃત્યુ તે નાવે નેટરે, બાધા. ૨૫
દિન રેણ સમસ્ત મોઝારરે, બાધા; મુને મારે ન મારણહારરે, બાધા. ૨૬
જીવ યોની જે ચારે ખાણુરે, બાધા; તેથી નવ મરું નિર્વાણુરે, બાધા. ૨૭
એટલું માગું કર જોડરે, બાધા; પહોંચે મારા મનનો કોડરે, બાધા. ૨૮
પછે બોલ્યા બ્રહ્મા બોલરે, બાધા; તે તો વર માંગ્યા અણતોલરે, બાધા. ૨૯
નથી આપવા જેવા નિર્ધારરે, બાધા; વર દુર્લભ એજ અપારરે, બાધા. ૩૦
આજલગે એવા નથી કોયરે, બાધા; જેને તારા જેવો વર હોયરે, બાધા. ૩૧
પણ જા તારા તપને ત્રાશરે, બાધા; વર આપીને પૂરું આશરે, બાધા. ૩૨
મુખે માગ્યું તે થાશે સત્યરે, બાધા; પણ દૈત્ય તારી છે દુર્મત્યરે, બાધા. ૩૩

પૂર્વછાંયો

દૈત્યતણી દુર્મત્યરે, વિશ્વ વિષે નિર્ધાર;
અહંકારી ઉન્મત્ત ઘણું, કરે ભોમને ભાર. ૩૪

ઉથલો

કરે ભોમને ભારરે, દાનવ દળ મેલી ઘણું;
અચ્યુત લે અવતારરે, તો દુઃખ ભાંગે સુરતણું. ૩૫

કડવું ૧૯ મું–વલણ

વળી વળી બોલ્યા તે બ્રહ્મકુમારજી, લઈ વર વાધ્યો તે અસુર અહંકારજી;
સાંભળ રાજા તે કહું વિસ્તારજી. ૧

ઉથલો

સાંભળ કહું વિસ્તારજી તેનો, પાંડુસુત પુણ્યવંત;
પામી વર દાનવ વળ્યો, તે ખ્યાત સુણ મન ખંત. ૨

રાગ ગોડી ગુજરી

વર આપી વળ્યા ચતુરાનન જો, પછે ભૂપનું ફૂલ્યું તન મન જો;
પામ્યો વાંચ્છિત વસ્તુ પદારથ જો, જાણે મન થયો કૃતારથ જો. ૩
આગે દૈત્ય ને વરદાન લીધું જો, જેમ મેગળ ને મદ પીધું જો;
પહેલો બળિયો ને વળિ વર લીધો જો, જેમ પન્નગ પાંખાળો કીધો જો. ૪
હતો અસુર અતુલ બળ બાળિયો જો, વર વાંચ્છિત પામીને વળિયો જો;
આવ્યો અસુર પોતાને મંદિર જો, તિહાં પ્રાકમ દીઠું પુરી ઇંદ્ર જો. ૫
બાધું નગર કર્યું છે સૂનું જો, કોઈ ધામ જડે નહીં જૂનું જો;
દેખી ક્રોધ ચઢ્યો મનમાંહે જો, પછે તેડાવ્યા દાનવ ડાહ્યા જો. ૬
દેશદેશના દાનવ બળિયા આવી જો, બેઠા ક્રોધમાં ભ્રુકુટી ચઢાવી જો;
પ્રજ્ઞ સઘળીને શિઘ્ર તેડાવી જો, આપ આપને સ્થાનક આવી જો. ૭
બહુ ક્રોડ અસુર થયા ભેળા જો, દૈત્ય જાણે હવે વળી વેળા જો;
દળવાદળ સેના દીસે જો, જુદ્ધ કરવાને મન નહીં હીસે જો. ૮
વાજે દશ વીશ ક્રોડ દદામાં જો, તે સુરપતિનાં પૂર સામાં જો;
વાજે વાજિંત્રના નિર્ઘોષ જો, કાને પડ્યું સુણે ન ત્રૈલોક જો. ૯
ઉછાંછળા દૈત્ય અલેખે જો, મદમાતા થઈ મન મહાલે જો;
અળવિતરા અવળા ચાલે જો, જાણી જોઇને ઝઘડો ઘાલે જો. ૧૦
અવળી આળ કરે માંહોમાંહે જો, બેલે ખડ્ગવિદ્યાને ધાએ જો;
અસ્ત્રશસ્ત્રની વિદ્યા સાંધે જો, એક બીજાને બંધન બાંધે જો. ૧૧
એવું સૈન્ય મળ્યું સર્વ રાણ જો, બોલે હિરણ્યકશિપુ બહુ માન જો;
મુજ આગળ અમર કોણ માત્ર જો, ગજા વના કીધું છે ગાત્ર જો. ૧૨
એમ કહીને મુછે કર ઘાલ્યો જો, દળ સજ્જ કરી દાનવ ચાલ્યો જો;
આજ સ્વર્ગે જઈ વેર વાળું જો, મારા હૃદિયાતણું દુઃખ ટાળું જો. ૧૩

મળે ઇંદ્ર તો માન ઉતારું જો, ત્યારે હિરણ્યકશિપુ નામ મારું જો;
પછે દળ લઈ દાનવ ધાયો જો, ધરા ક્ષુબ્ધ ને અંબર સહાયો જો. ૧૪
દીધો સ્વર્ગ નિકટ જઈ ડેરા જો, મણિ સ્ફાટિકનો ગઢ ઘેર્યો જો;
ઇંદ્રે જાણ્યું જે દૈત્ય અભંગી જો, ઘર પામી આવ્યો છે ઉમંગી જો. ૧૫
એથું જુદ્ધ કીધું નવ જાય જો, વૃથા કરવો તે શાને ઉપાય જો;
શલ્યા લોહ ઉપર કર હણીએ જો, દુઃખ પોતે પોતાનું ગણીએ જો. ૧૬
ક્રોધે કાળી પાણને ડશીએ જો, દંત ભાગે પછે કર ઘશીએ જો;
એમ અમરપતિ મન ધારી જો, નાઠા લઇને પોતાની નારી જો. ૧૭
બીજા દેવતાઓ દોદશ પળિયા જો, તજી ભુવન ને શિઘ્ર ઉચલિયા જો;
ગયા અમર સ્વર્ગથી નાશી જો, જોયું દૈત્યે સ્થળ તે તપાસી જો. ૧૮
પછે અસુર પુરીમાં પેઠા જો, સુરસ્વામીને સ્થાનકે બેઠા જો;
આવ્યો હિરણ્યકશિપુ નર ત્યાંહે જો, ચડી બેઠો ઇંદ્રાસનમાંહે જો. ૧૯
રાજ રંગ ઘણો મન જામ્યો જો, સુર ઇંદ્રતણું સુખ પામ્યો જો;
કર જોડીને શિશ નમાવી જો, ઘણા દૈત્ય ઉભા નિજ આવી જો. ૨૦
શોભા દાનવ તેજ અપાર જો, જાણે દિનકરનો ઝળકાર જો;
માથે મુગટ કનક મણિ ઓપે જો, તે તો ઇંદ્રગુણ છબી લોપે જો. ૨૧
કાને કુંડળ ઉર મણિ માળા જો, નેત્ર જાણે અગ્નિની જ્વાળા જો;
ધરે નવનવાં વસ્ત્ર વિભાગી જો, કરે ખડ્ગ ચંમર શોહાગી જો. ૨૨
ક્રોધ દૃષ્ટે જે સામું નિહાળે જો, તેનાં શરીરની શુદ્ધબુદ્ધ ટાળે જો;
શોહે સ્વર્ગ ભુવનની ધરણી જો, હેમ રત્ન વિદ્રુમની વરણી જો. ૨૩
પેઠો મણિમય મંડપ મધ્ય જો, જોરે હંકારી લિધ રિદ્ધસિદ્ધ જો;
જોતાં પૃથ્વીમાં પ્રતિબિંબ દીસે જો, જેમ ભાસે તે વદન અરીસે જો. ૨૪
દ્વારે મોતીનાં તોરણ લહેકે જો, ચરચ્યાં કુંકુમ કસ્તૂરી બહેકે જો;
ફરતી કલ્પ વૃક્ષની વાડી જો, વચ્ચે અગરચંદનની ઝાડી જો. ૨૫
વીંટિ વેલ તિહાં બહુ ફૂલી જો, રહ્યાં કુસમ કુસુમમધુ ઝૂલી જો;
તિહાં ગાન્ધર્વ અપ્સરા નાચે જો, ઉભા અનેક બંદીજન જાચે જો. ૨૬
દોડે જૂથ દાનવનાં જોમી જો, ભોગવે મોટા ભૂપતની ભોમી જો;
દૈત્ય હિરણ્યકશિપુની હાકે જો, ચૌદ લોક ચક્યા છે ચાકે જો. ૨૭
બીજા નવ દિગ્પાળ ત્યાં આવ્યા જો, તે તો ભેટ ભલી ભલી લાવ્યા જો;
હય હસ્તી શિબીકા સારી જો, સિદ્ધિ લાવ્યો કુબેર ભંડારી જો. ૨૮

વળી રથ રેવંત ગજ ઝાઝા જો, લાવે લાખો લેખે સર્વે રાજા જો;
પોત પોતાની ભોમીની ભેટ જો, ભૂપ આવી પહોંચાડે ઠેઠ જો. ૨૯
એને સેનાતણી નહીં સંખ્યા જો, એથી અવનિ ને આભ તે ચમકયાં જો;
એના તનમાં ત્રિગુણ નીરોગી જો, બ્રહ્મા ગુરુ હરિ શિવ જોગી જો. ૩૦
એવી સંપત્તિ પામ્યો અસુર જો, તેણે શશિ રવિ જિત્યા સુર જો;
પછે નારદ ઋષ તેડી રાણી જો, આવ્યા તત્પર તુંબરુ પાણી જો. ૩૧
કરી પુત્રીને સાસરવાસો જો, સોંપી ભૂપને ટાળ્યો વરાંસો જો;
પેર પ્રીછવી શ્રી ઋષિરાય જો, રાજા મનમાં તે હરખ ન માય જો. ૩૨

પૂર્વછાંયો

રાજા મનમાં હરખિયો, પામે પરમ ઉલાસ;
અમરાપુરી પોતે રહ્યો, દેવ રહ્યા વનવાસ. ૩૩

ઉથલો

દેવ રહ્યા વનવાસરે, શ્રીપતિનું સ્મરણ કરે;
ગગનથકી વાયક થયું, તે સુરનર શ્રવણે સુણે. ૩૪
અવતરે છે ઘેર અસુરને, કુંવર ભગત ભગવાન;
તે દુઃખ ટાળે તમતણાં, લેતાં નામ નિદાન. ૩૫

કડવું ૨૦ મું–વલણ

વળતા બોલ્યા તે મુનિવર વાતજી, સાંભળ રાજા તે ભક્તની ખ્યાતજી;
બાળક પ્રગટયો તે ગુણ વિખ્યાતજી. ૧

ઉથલો

સાંભળ રાજા શ્રવણ સર્વે, ભક્તગુણ વિખ્યાત;
અસુરને કુળ અવતર્યો, પણ ભજે વૈકુંઠનાથ. ૨

રાગ માલવ ગુજરી

થયો અસુર તણે ઘેર બાળ, રૂપ મનોહર છે;
એને વહાલા ઘણું ગોપાળ, રૂપ મનોહર છે. ૩
વાજે ઢોલ નિશાન ને નાદ, રૂપ; એનું નામ ધરાવ્યું પ્રહ્લાદ, રૂપ. ૪
વહેંચે છે શ્રીફલ ફોફળ પાન, રૂપ; ગાએ માનુની મધુરાં ગાન, રૂપ. ૫
મન હરખ ઘણો ઘેર ભૂપ, રૂપ; એ શોભે તે સબળ સ્વરૂપ, રૂપ. ૬
એમ મંન વિચારે માત, રૂપ; એક પુત્રથી વાધશે ખ્યાત, રૂપ. ૭

જોતાં જન્માક્ષરની વાત, રૂપ; એને પ્રભુ મળે સાક્ષાત, રૂપ. ૮
માતા લાડ લડાવે દિનરેણુ, રૂપ; જેમ પાંપણુ પાળે નેણુ, રૂપ. ૯
માથે ટોપીમાં મોતીનો હાર, રૂપ; માંહે ઘુઘરનો ઘમકાર, રૂપ. ૧૦
પહેરી ઝુલડી ઝળકતી જોત, રૂપ; જાણે અર્કતણો ઉદ્યોત, રૂપ. ૧૧
કટિ મેખલા ઘુઘરમાળ, રૂપ; થયો પાંચ વરસનો બાળ, રૂપ. ૧૨
પછે પિતાએ આણી પ્રીત, રૂપ; મેલ્યો શીખવા રાજની રીત, રૂપ. ૧૩
જોઈ ઉત્તમ દિવસ નિર્ધાર, રૂપ; જાવા નિશાળે સજ્યો કુમાર, રૂપ. ૧૪
શોહે જરકસી પાઘડી શિશ, રૂપ; જોઈ મોહી રહે અજ ઈશ, રૂપ. ૧૫
કંઠે ઝળકે મોતીના હાર, રૂપ; ધર્યાં વસ્ત્ર તે ઝાકઝમાળ, રૂપ. ૧૬
કીધો મેગલપર અસ્વાર, રૂપ; સાથે વાજંત્રનો નહીં પાર, રૂપ. ૧૭
સુત એણીપેર મેલ્યો નિશાળ, રૂપ; સાથે સહસ્ત્ર પાળા અસ્વાર, રૂપ. ૧૮
સોંપ્યો ભૃગુ ગુરુને હાથ, રૂપ; ત્યાં બોલ્યો અસુરનો નાથ, રૂપ. ૧૯
એને જાળવજો ભલી ભાત, રૂપ; રુડી વિદ્યા ભણાવો દિનરાત, રૂપ. ૨૦
પછે નિશાળિયામાં નરેશ, રૂપ; વહેંચ્યાં સાકર દ્રાક્ષ વિશેષ, રૂપ. ૨૧
આપ્યા ખડિયા કનકના અપાર, રૂપ; સહુને દીધી ભલામણ સાર, રૂપ. ૨૨
પછે ગુરુજીએ જાણ્યું મંન, રૂપ; પાસે બેસાડ્યો દાનવતંન, રૂપ. ૨૩
રૂપ મનોહર ને રઢીયાળું, રૂપ; લાગે સર્વને શોભતું સારું, રૂપ. ૨૪

પૂર્વછાંયો

રૂપ મનોહર અતિ ઘણું, નખ શિખ નિર્મળ તંન;
કોમળ વદન વાયક મધુર, આઠે પોહોર પ્રસંન. ૨૫

ઉથલો

આઠે પોહોર પ્રસંનરે, શ્રીગુરુજી વાણી વદે;
કહું કથા હરિભક્તની તે, રાજા તું સાંભળ હૃદે. ૨૬

કડવું ૨૧ મું-વલણ

વળતા બોલ્યા તે મુનિ નારદજી, સાંભળ રાજા તે કહું હારદજી;
જેનો પાર ન પામે શારદજી. ૧

ઉથલો

પાર જેનો ન લહે શારદા, કહું તેનો મર્મ;
પ્રહ્લાદની દૃઢ ભક્તિ પૂરણ, સુણો રાજા ધર્મ. ૨

રાગ મંગલાચરણ

પછે ગુરુજીએ તેડ્યો, રંગીલા કુંવર રે;
લઈ મસ્તક મૂકયેા હાથ, રંગીલા કુંવર રે;

એવી વિદ્યા તુંને શીખવું, રંગી; જેમ જિતે સભાનેા સાથ, રંગી. ૩
હાથ પાટી લ્યેા હેમની, રંગી; માંહે લખ્યા મેાટા મંત્ર, રંગી.
ગુરુતણું મન તું રાખજે, રંગી; તુંને શીખવું ઝાઝા જંત્ર, રંગી. ૪
પહેલી વેળા શિખેા શિખવું, રંગી; પછે ભણ્યાનેા જે ભેદ, રંગી.
બાવન અક્ષર એ વિષે, રંગી; ચૌદ વિદ્યા ને ચારે વેદ. રંગી. ૫
દીપતાં આંક દશે લખેા, રંગી; લેખું કરવાને કાજ, રંગી.
સર્વ વિદ્યા તુંને શિખવું, રંગી: જેમ રુડું ચલાવે રાજ, રંગી. ૬
તાતતણું માન રાખજે, રંગી; માતાને લાગજે પાય, રંગી.
દુર્બળ દુઃખ દેઇશ મા, રંગી; રખે રાખે વેરીની સહાય, રંગી, ૭
શત્રુનેા સંગ ન કીજીએ, રંગી; મિત્રને ન દેશેા છેહ, રંગી.
ચેારે ચૌટે જઇશ મા, રંગી; શઠ સાથે ન કરીએ સ્નેહ, રંગી. ૮
રાજદ્વારે કેા દહાડલે, રંગી; કાંએ કરીશ મા હાંસ, રંગી.
પંથતણાં પરીઆણુમાં, રંગી; વણુતેડ્યે મા જાજે પાસ, રંગી. ૯
દ્યૂતવિદ્યા નવ ખેલીએ, રંગી; હુંકી ન કીજીએ હેાડ, રંગી.
અણુજાણે નીર ન પેસીએ, રંગી; નવ બેશીએ નીચની જોડ, રંગી. ૧૦
ગીત કથા સંવાદમાં, રંગી; વચ્ચે ન કરીએ વાત, રંગી.
અહર્નિશ ઉદ્યમ કીજીએ, રંગી; કાંઇક દાન દીજે વિખ્યાત, રંગી. ૧૧
રમતાં રીસ નવ કીજીએ, રંગી; દીન રેણુ રહિયે રળિયાત, રંગી.
જમતાં જોર નવ કીજીએ, રંગી; ભાવતું લીજીએ ભાત, રંગી. ૧૨
સુતા તે સર્પ ન છેડીએ, રંગી; વિષ સાથે ન કીજિયે વાદ, રંગી.
વાપી કૂપ ન ટુકીએ, રંગી; ઉત્પાત ન કરેા ઉન્માદ, રંગી. ૧૩
પાવક હાથ ન ઘાલીએ, રંગી; નવ ચાલીએ સાંકડી વાટ, રંગી.
અજાણ વસ્તુ ન પ્રાશીએ, રંગી; નવ કુદીએ અવઘડ ઘાટ, રંગી. ૧૪
એકલા ગામ નવ ચાલીએ, રંગી; કામ પડે જો કેાટ, રંગી.
લીધું દીધું લખાવીએ, રંગી; ખાંતે ન પડે ખેાટ, રંગી. ૧૫
મેાટ વડાઈ નવ લેાપીએ, રંગી; પાળિએ ઘરમાં ધર્મ, રંગી.
દેાષ કેને નવ દીજીએ, રંગી; કીજીએ આપણું કર્મ, રંગી. ૧૬

પંડને પાવન રાખીએ, રંગી; નાહીએ નિર્મળ નીર, રંગી.
મેલાં વસ્ત્ર નવ પહેરીએ, રંગી; રાખીએ શુદ્ધ શરીર, રંગી. ૧૭
ચાંપીને પાધ નવ બાંધીએ, રંગી; નખે ન ખણિએ ધરણ, રંગી.
પ્રભાતે નવ પોઢીએ, રંગી; હસ્તે ન ત્રોડીએ તરણ, રંગી. ૧૮
છોર વિના નવ છોરીએ, રંગી; કુડી ન પૂરીએ સાખ, રંગી.
એવી વિદ્યા મેં શીખવી, રંગી; તે વાત હૃદેમાં રાખ, રંગી. ૧૯

પૂર્વછાંયો.

વાત હૃદેમાં રાખજે, રુડા રાજકુમાર;
જગતમાં જસ પેરવે, કૃપા કરે કિરતાર. ૨૦

ઉથલો.

કૃપા કરે કિરતારરે, એવું મન નિશ્ચે ગણે;
જે વિદ્યા સંકટ હરે, તે વિદ્યા ભાવે ભણે. ૨૧

કડવું ૨૨ મું–વલણ

વળતા બોલ્યા તે મુનિવર વાણજી, સાંભળ રાજા તે ચતુર સુજાણજી;
કહું હરિજનની વાત વખાણજી. ૧

ઉથલો.

વાત વખાણું ભક્તની, તે સાંભળ ધર્મ નરેંદ્ર;
ગુરુવચન મસ્તક ધર્યું, પણ અનુભવ બોપેંદ્ર. ૨

રાગ ધનાશ્રી

ગુરુજીને શિશ નમાવી કરી, કર જોડીને બોલિયો બાળ; કૃતાર્થ મને કર્યો;
સ્વામી સકળ વિદ્યા મને શીખવી, મને કરુણા કરી તત્કાળ; કૃતાર્થ. ૩
હું તો સિદ્ધો વરણ સિદ્ધ શીખિયો, તેમાં ક્ષણ નવ લાગી વાર; કૃતાર્થ;
જેનો અર્થ વિચારતાં એ થયો, માંહિ ક્રીડા કરે કિરતાર; કૃતાર્થ. ૪
મેં તો અક્ષર સઘળા ઓળખ્યા, મને લાધ્યો ભણ્યાનો ભેદ; કૃતાર્થ;
એથી શાસ્ત્ર સકળ મંત્ર જંત્ર કળા, ચૌદ વિદ્યા ને ચારે વેદ; કૃતાર્થ. ૫
એના બાવન અક્ષર બીજ સદા, માંહિ પૂરી રહ્યો પરિબ્રહ્મ; કૃતાર્થ;
તેને સમજે તે સુખ પામે ઘણું, અણસમજુને પહોંચે શ્રમ; કૃતાર્થ. ૬
મેં તો કક્કો તે કેશવ જાણિયો, ખખ્ખો ખગવાહન નિરધાર; કૃતાર્થ;
મેં તો ગગ્ગો તે ગોવિંદ જાણિયો, ઘઘ્ઘો ઘનશ્યામ મોરાર; કૃતાર્થ. ૭

મેં તો નન્નો નારાયણ લેખિયો, વળી ચચ્ચો લખિયો ચક્રપાણ; કૃતાર્થ;
મેં તો છછ્છો છબિલો જ લેખિયો, લખ્યો જજ્જો તે જીવનપ્રાણ; કૃતાર્થ. ૮
મેં તો ઝઝ્ઝો ઝબકારી લખ્યો, નન્નો નિર્ગુણ નિરાકાર; કૃતાર્થ;
મેં તો ટટ્ટો તે ટેકધારી લખ્યો, લખ્યો ઠઠ્ઠો તે ઠારણહાર; કૃતાર્થ. ૯
મેં તો ડડ્ડો તે ડંબરધારી લખ્યો, મેં તો ઢઢ્ઢો લખ્યો જગઢાલ; કૃતાર્થ;
મેં તો ણણો નિરંજન જાણિયો, તત્તો ત્રિભુવનનો પ્રતિપાળ; કૃતાર્થ. ૧૦
મેં તો થથ્થો તે સ્થિરસ્થાવર લખ્યો, મેં તો દદ્દો લખ્યો છે દેવેશ; કૃતાર્થ;
મેં તો ધધ્ધો તે ધરણીધર લખ્યો, મેં તો નન્નો લખ્યો છે નરેશ; કૃતાર્થ. ૧૧
મેં તો પપ્પો તે પુરુષોત્તમ લખ્યો, લખ્યો ફફ્ફો તે ફળદાતાર; કૃતાર્થ;
મેં તો બબ્બો તો બહુ નામી લખ્યો, મેં તો ભભ્ભો લખ્યો ભવતાર; કૃતાર્થ. ૧૨
મેં તો મમ્મો તે મધુસૂદન લખ્યો, મેં તો યય્યો લખ્યો યમૂનેશ; કૃતાર્થ;
મેં તો રર્રો તે રામ કરી લખ્યો, લખ્યો લલ્લો લીલાધર વેશ; કૃતાર્થ. ૧૩
મેં તો વવ્વો તે વિષ્ણુ કરી જાણિયો, લખ્યો શશ્શો શંકર્ષણ ભૂપ; કૃતાર્થ;
મેં તો ષષ્ષો તે ષટ્દર્શન લખ્યો, સસ્સો તે સત્ય સ્વરૂપ; કૃતાર્થ. ૧૪
મેં તો હહ્હો હરિ કરી જાણિયો, મેં તો શ્રી લખ્યો શ્રીપતિ નામ; કૃતાર્થ;
મેં તો ક્ષ લખ્યો રૂપ ક્ષમાકારી, ળ લખ્યો લક્ષ્મીપતિ ધામ; કૃતાર્થ. ૧૫
મેં તો અક્ષરે અક્ષર ઓળખ્યો, એવો આદ્ય પુરુષ અવિનાશ; કૃતાર્થ;
મને કાંઈ બીજું કહ્યું નવ ગમે, ગુરુ સાચું કહું તમ પાસ; કૃતાર્થ. ૧૬
હું તો હરિ હરિ મુખમાંથી જપું, દિન રેણ રહું રળિયાત; કૃતાર્થ;
મારા મનમાં ગોવિંદ મુકુંદ વસે, નહિ ઉચરું અવર કાંઈ વાત; કૃતાર્થ. ૧૭
મારે નામ નારાયણ રામ હૃદે, કમળાવર વૈકુંઠરાય; કૃતાર્થ;
સચ્ચિદાનંદ માધવ પ્રાણ પ્રભુ, તેનો ગાઉં મુખે મહિમાય; કૃતાર્થ. ૧૮
હું તો વંદુ સુંદર નારાયણને, દામોદર દીન દયાળ; કૃતાર્થ;
અવિનાશિ અનંત અમોઘ અતિ, વળી પૂરણ બ્રહ્મ ગોપાળ; કૃતાર્થ. ૧૯
એનું નામ ન મેલું એક ઘડી, પિંડ માંહે છે જ્યાં લગે પ્રાણ; કૃતાર્થ;
મારે તન મન ધન છે તેહ સદા, જગજીવન શ્યામ સુજાણ; કૃતાર્થ. ૨૦
એનાં ભજનનો રસ જેણે અનુભવ્યો, તેને બીજી રુચે નહીં વાત; કૃતાર્થ;
તે તો ગીત કથા ગદ્ય પદ્ય કથે, દિન રેણ રહે રળિયાત; કૃતાર્થ. ૨૧
જગદીશ પરમેશ્વર જગતપતિ, વળિ ઈશ્વર સત્ય સ્વરૂપ; કૃતાર્થ;
કહાવે ભક્તવત્સલ ભવસિંધુ વિષે, ભગવાન સુરાસુર ભૂપ; કૃતાર્થ. ૨૨

હવે એક અધક્ષણ નહીંરે તજું, ભજું ભાવ ધરી મન માંય; કૃતાર્થ;
મારે પ્રીતડી જે પેલા ભવ તણી, તેણે શ્રીવર થાશે સહાય; કૃતાર્થ. ૨૩

પૂર્વછાંયો.

શ્રીવર થાશે સહાયરે, મને મોટો વિશ્વાસ;
કરુણાસાગર શ્રીહરિ, તે પૂરે મનની આશ. ૨૪
જેણે ભજ્યા નહિ શ્રીહરિ, ભક્તવત્સલ ભગવાન;
અમૃતને અળગું કરી, વિષમ કર્યું વિષપાન. ૨૫

કડવું ૨૩ મું-વલણ

વળતા બોલ્યા તે મુનિવર સારજી, સાંભળે રાજા તે ધર્મકુમારજી:
ગુરુએ વાર્યો તે રાજકુમારજી, ફરિ ન કરીશ એવો ઉચ્ચારજી. ૧

ઉથલો.

ગુરુએ વાર્યો અસુરસુતને, સુણી વિષ્ણુનાં વખાણ;
તુજ તાત વેરીને શું ભજે, સુણ કુંવર ચતુરસુજાણ. ૨

રાગ-વણજારાનો.

અધ્યારુ વળતું બોલિયો, તને વારુંરે,
એવું વળી મ બોલીશ વેણ, કુંવર નહિ સારુંરે;
એશું તાત તારાને વેર છે, તને; સુણી રીસે રાતાં થાય નેણ; કુંવર. ૩
એ તને કોણે શીખવ્યું, તને; રાય સુણતાં થાશે વિનાશ; કુંવર;
દૈત્યને દેવશું વેર છે, તને; નામ લેતામાં લાગે હુતાસ; કુંવર. ૪
જાણ્યું અજાણ્યું બકીશ મા, તને; ક્રોધ કરશે તારો તાત; કુંવર;
આગળથી એટલું કહી, તને; ફરી મુખથી મ કાઢીશ વાત; કુંવર. ૫
અસુરતણે કુળ ઉપન્યો, તને; કહેને કયાંથી શિખ્યો પર પક્ષ; કુંવર;
તાતનો શત્રુ શ્રીરામ છે, તને; તેનાં નામનો લીધો લક્ષ; કુંવર. ૬
વેરીનું નામ ન લીજિયે, તને; શત્રુને ન નમાવવું શિશ; કુંવર;
તારો પિતા જો જાણશે, તને; તો તે રૌરવ કરશે રીશ; કુંવર. ૭
અજાણ્યું કામ ન કીજિયે, તને; એથી કારમો થાશે કલેશ; કુંવર;
બાપથી મનમાં બીજિયે, તને; જેથી સાંભળશે સર્વ દેશ; કુંવર. ૮
આગળથી આદર કરી, તને; હવે એનું ન લેશો નામ; કુંવર;
તાતને કોણે કહેવાય નહીં, તને; જો સાંભળે તો મારે ઠામ; કુંવર. ૯

તું તો બાળક જાણે નહીં, તને; શા છે દૈત્યતણા કુળધર્મ; કુંવર;
બુદ્ધિ વિના શુદ્ધિ શી પડે, તને; વણ જાણે ન કીજિયે કર્મ; કુંવર. ૧૦
બેઠો તે શત્રુને શું ભજે, તને; તું તો ઉપન્યો કુળ અંગાર; કુંવર;
કોઇ કપટિયે તને શિખવ્યું, તને; રહ્યો એ જ કરેછ ઉચ્ચાર; કુંવર. ૧૧
કોઇક પાખંડિયે પ્રીછવ્યો, તને; કોણ મળિયો તે લોભી લાંઠ; કુંવર;
દૂરથી ડુંગર દાખવ્યા, તને; તેની ઝરડીને બાંધી ગાંઠ; કુંવર. ૧૨
તાતથી કો અદકું નથી, તને; બીજું ભજન કરે સ્યાને માટ; કુંવર;
એની ઋદ્ધિ સિદ્ધિ ત્રૈલોકની, તને; એથી અદકેરી બાળછ ખાટ; કુંવર. ૧૩
એ મૂકી વિષ્ણુને વળગ મા, તને; જેણે માર્યો બાંધવ તુજ તાત; કુંવર;
તે સાથે સ્નેહ તારે કયમ ઘટે, તને; તને હસશે દાનવ નાત; કુંવર. ૧૪
એવું જાણી એને ઓળગે, તને; બધો વંશ લજ્જવણુ વીર; કુંવર;
તુજ તાત તુજપર કોપશે, તને: તારી માતા નયણે ભરે નીર; કુંવર. ૧૫
વેરીશું વહાલ ન કીજિયે, તને; તેથી ગુરુજીને શિર પડે દોષ; કુંવર;
બાળક જાણી વહાલ કરું, તને; ફરી રામ કહે તો કરું રોષ; કુંવર. ૧૬
પેરે પેરે કરી પ્રીછવું, તને; એના ફરી કરીશ મા કોડ; કુંવર;
અમે કુળગુરુ તારા તાતના, તને; હવે ફરી વદીશ મા હોડ; કુંવર. ૧૭

પૂર્વછાંયો

વિપ્રે વાર્યો કુંવરને, ભજેતાં શ્રીભગવાન;
વળતાં વચન બાળક કહે, સુધા સુધારસપાન.

કડવું ૨૪ મું–વલણ

પછે બોલ્યા તે મુનિવર વાતજી, સાંભળ રાજા તે પ્રભુજીની ખ્યાતજી;
બાળક બોલ્યો તે ગુરુજી સંઘાતજી, હરિ ભજતાં ન વારો મહારાજજી. ૧

ઉથલો

ગુરુ સાથે બાળક બોલ્યો, વચન વાર્યું નવ કરે;
અસુરને કુળ ઉપન્યો, પણ પ્રીત પ્રભુજી સાથે ધરે. ૨

રાગ સારંગ

એણીપેરે ગુરુજી વિધવિધ ભાતે, વચન કહીને વારે રે;
તો પણ શિષ્યના મનમાં ન આવે, ક્ષણ ક્ષણ હરિ સભારે;
પ્રભુપર પ્રેમ ધરે છે રે, અસુર કુળ ભક્ત ભણે છે રે–ટેક. ૩

ભણે ભણાવે કક્કા કિકી, બારાખડી બોલાવે રે;
જેટલા અક્ષર રામ વિના તે, દેખી શિશ ડોલાવે.–પ્રભુ. ૪
રામ નામ વણ અવર સુણાવે, તે ઉપર રહે રૂઠી રે;
નારાયણ વિના શબ્દ શ્રવણ પડે, કુંવર જાય છે ઉઠી.–પ્રભુ. ૫
એક ઘડી મેલે નહીં મુખથી, રંગરંગ રામસું લાગે રે;
અસુર રાયની બીક ન આણે, મરણતણો ભય ભાંગે.–પ્રભુ. ૬
રાત દિવસ શ્રીવરને સમરે, રામ નામ એક જાણે રે;
અધ્યારુની અવળી વિદ્યા, ટળતી મેલી ટાંણે.–પ્રભુ. ૭
વળતો ગુરુજી મનમાં કોપ્યો, આ બાળક મત થોડી રે;
લંપટ લીધી વાત ન મૂકે, શું કરીએ શિર ફોડી.–પ્રભુ. ૮
છડી ચીમટીથી નવ છળીઓ, રામતણો રંગ ભીનો રે;
ભમર ચઢાવી ભય દેખાડ્યો, તોય બાળક નવ બીનો.–પ્રભુ. ૯
ક્ષણ બીહીજે રીઝે નહીં જઇને, સો વાતે સમજાવે રે;
અસુરતણા ગુરુની અર્ભકને, મનમાં વાત ન ભાવે.–પ્રભુ. ૧૦
કઈ કઈ વાતે ભય ઉપજાવે, બાળક બિરદ ન ચૂકે રે;
દેહ ઉપર સુખ દુઃખ દેખે પણ, મુખથી રામ ન મૂકે.–પ્રભુ. ૧૧
એમ કરતાં કેટલા દિન વિત્યા, દૈત્યપતિએ તવ જાણ્યું રે;
કુંવર નિશાળે વિદ્યા શિખ્યો, સાંભળવા ચિત્ત આણ્યું.–પ્રભુ. ૧૨
વળતો અનુચર એક અચાનક, આવ્યો ગુરુને દ્વારે રે;
ભરી સભામાં ભૂપતિ બેઠો, તેડી પુત્ર પધારે.–પ્રભુ. ૧૩
તવ પ્રહ્લાદ પ્રત્યે ગુરુજી બોલ્યા, સુણ શિખામણ મારી રે;
ચાલ પિતા તેડે છે તુજને, બોલજે વાત વિચારી.–પ્રભુ. ૧૪
ટાંણે કહું છું તિહાં છે બાળક, સ્થાનક ચતુર થયાનું રે;
જે વિદ્યા મુજને સંભળાવી, તે નહીં કામ કહ્યાનું.–પ્રભુ. ૧૫
પછે બાળક ગુરુ સાથે બોલ્યો, સ્વામી કહું છું સાચું રે;
મારે પ્રીત પ્રભુસું બાંધી, જણ જણને નહીં જાચું.–પ્રભુ. ૧૬
ત્યારપછી મારગ પરવરીઆ, ગુરુજી શિષ્ય બે સાથે રે;
રાજકુંવર વિચારી મનમાં, હરિજન ધરીઓ હાથે.–પ્રભુ. ૧૭
પંથ વિષે પ્રહ્લાદે પળતાં, કીર્તન કંઠ પ્રકાશે રે;
કેવળ નામ જપે કેશવનું, જે સુણી અંધક નાશે.–પ્રભુ. ૧૮

ગરુડારૂઢ ગદાધર શ્રીવર, શંખ ચક્ર ગદાધારી રે;
દામોદર સુંદર ગુણ મંદિર, સ્વજન સંકટહારી.–પ્રભુ. ૧૯
માધવ મધુસૂદન મનમોહન, નારાયણ અવિનાશી રે;
જય જગદીશ જનાર્દન અચ્યુત, વિકુલવૈકુંઠવાસી.–પ્રભુ. ૨૦
વાસુદેવ વિશ્વંભર વિષ્ણુ, શંકર્ષણ શુભકારી રે;
કમલાનાથ કમલદલલોચન, પૂર્ણાનંદ મોરારી.–પ્રભુ. ૨૧
એમ સ્તવન તુલસીવરકેરું, પંથ વિષે પ્રકાશે રે;
ત્યારે પ્રથમ ગુરુ તેડી ગયા, બાળક માતા પાસે.–પ્રભુ. ૨૨
જઈ ગુરુજી બોલ્યા મુખ વાણી, રાણી પુત્ર તમારો રે;
જાણ્યું અજાણ્યું મુખથી બોલે, કાંઈક વાતે વારો.–પ્રભુ. ૨૩
જો રાજા એ વેણ સુણે તો, હણે અચાનક એને રે;
અમને અલવે અપજશ બોશે, કહ્યું દુઃખ કહીએ કેને.–પ્રભુ. ૨૪
વિધવિધ વાતે વારી રહિયે, કુંવર કહ્યું નવ માને રે;
સુતને કાંઈક દીએ શિખામણ, માતા મારગ છાંડે.–પ્રભુ. ૨૫
બીજું કામ કરે નહિ કાંઈ, રામતણી રઢ લાગી રે;
પરમારથને પંથે ચાલ્યો, ત્રણે પદાર્થો ત્યાગી રે.–પ્રભુ. ૨૬

પૂર્વછાંયો

પરમારથના પંથમાં, પરવર્યો પ્રહ્લાદ; ૨૭
રઢ લાગી શ્રીરામશું, તે કરે સાર સંવાદ.

ઉથલો

કરે સાર સંવાદરે, શ્રીશુકજી વાણી વદે; ૨૮
તે તુજને માંડી કહું, રાજા તે ધરજે હૃદે.

કડવું ૨૫ મું–વલણ

પછે બોલ્યા તે ઋષિરાયજી, સાંભળ રાજા તે કહું મહિમાયજી; ૧
જેને સુણતાં તે સંકટ જાયજી.

ઉથલો

જેને સુણતાં જાય સંકટ, થાય દુઃખનો નાશ; ૨
માતા વારે કુંવરને, તે કહું વચન પ્રકાશ.
કુંવર રૂપે કોડામણા, લાડકડા લઘુ વેશ; ૩
તેને માતા પ્રીછવે, રઢ મેલવા ઉપદેશ.

રાગ પૂર્વી

પછે પુત્રને માતા પ્રીછવે, તું તો શત્રુ સમરણ શું લવે;
એવું વળીને બોલીશ મા હવે, રઢ મેલોની કુંવર કોડામણા. ૪
તુંને કોણે એવું તે શિખવ્યું, નામ વેરીનું તુજને વહાલું હવું;
નથી અસુરના કુળમાં કચ્ચા જેવું, રઢ મેલોની કુંવર કોડામણા. ૫
તારે હાથે ધાલું હેમસાંકળાં, તુંને જામા પહેરાવું જળહળા;
તારાં વિદ્ય રહેજો વીરા વેગળાં, રઢ મેલોની કુંવર કોડામણા. ૬
તારે ભૂષણ નિત્ય નવી ભાતનાં, જાણે રત્ન ઝબુકે રાતનાં;
તારે અંબર જુજવી જાતનાં, રઢ મેલોની કુંવર કોડામણા. ૭
તુંને જમાડું ખાજાં જલેબી, આપું ખાવા તે શાકર શેલડી;
તારે તંબોલ નાગરવેલડી, રઢ મેલોની કુંવર કોડામણા. ૮
તારે ઘુંજે તે ધાલું લાડવા, લીલો પોંખ મગાવું બાહુવા;
તુંને પાલખી મેલું પહોંચાડવા, રઢ મેલોની કુંવર કોડામણા. ૯
તારે ચઢવાને તેજી તરવરા, રાતા ધોળા ને કાળા કાબરા;
મેઘવર્ણાં પવનવેગી પાખરા, રઢ મેલોની કુંવર કોડામણા. ૧૦
તારે બેસવા મેગલ મલપતા, મેઘાઢંબર શિરપર ઢળકતા;
તારે તોરણ રત્ન મોતિલતા, રઢ મેલોની કુંવર કોડામણા. ૧૧
તારે સેના તણી સંખ્યા નથી, હું તો અબળા શું જાણું કથી;
શત કોટિક રથના સારથિ, રઢ મેલોની કુંવર કોડામણા. ૧૨
તારે શક્ર થકી ઋદ્ધિ સિદ્ધિ ઘણી, તારે ન્યૂન નથી નવનિધિતણી;
તાત તારો છે સહુમાં શિરોમણી, રઢ મેલોની કુંવર કોડામણા. ૧૩
તારે રહેવાને મંદિર માળિયાં, રુડાં રત્ન કરે અજવાળિયાં;
ચોક બારી છજાં ગોખ જાળિયાં, રઢ મેલોની કુંવર કોડામણા. ૧૪
તારે બારણે પરજન્ય પાણી ભરે, વાયુ વાય ને વાસીદાં કરે;
અંન શીજવી અગ્નિ આગળ ધરે, રઢ મેલોની કુંવર કોડામણા. ૧૫
તારે વાદ્ય અનોપમ આંગણે, જેને કલ્પ તરુવર શોભણે;
એવી સુખસંપત ઘેર આપણે, રઢ મેલોની કુંવર કોડામણા. ૧૬
તારે ત્રણ ભુવનનું રાજ છે, તારે ઘેર ઘણેરાં કાજ છે;
ચૌદ લોકમાં તારી લાજ છે, રઢ મેલોની કુંવર કોડામણા. ૧૭
તારા તાતનો સબળો ત્રાસ છે, દિગ્પાલ તો જાણીએ દાસ છે;
તારે ત્રિભુવન ગામ ને ગ્રાસ છે, રઢ મેલોની કુંવર કોડામણા. ૧૮

તારા તાતથી દેવ નાશી છુપ્યા, ગિરિ ગહ્વર પર્વતમાં લપ્યા;
કૈક ભૂપતિ ખડ્ગતળે ખપ્યા, ૨૮ મેલોની કુંવર કોડામણા. ૧૯
રહે વૈકુંઠપતિ પણ વેગળો, ગયો ખોળવા ત્યારે નવ મળ્યો;
ક્ષીરસાગરમાં નાશી પળ્યો, ૨૮ મેલોની કુંવર કોડામણા. ૨૦
એને બ્રહ્મા ન વારી શકે મુખે, તપ કરવા ગયા તેને દુઃખે;
શંભુ કૈલાસે સુઈ રહ્યા સુખે, ૨૮ મેલોની કુંવર કોડામણા. ૨૧
આજસૂધી તું પોઢતો પારણે, હમણા જાવા માંડયું છે બારણે;
૨૮ મેલોની રાજા ઉવારણે, ૨૮ મેલોની કુંવર કોડામણા. ૨૨
માતા મુખ ઉપર કર ફેરવે, અજ રક્ષા કરે તારી ટેરવે;
માથે મુઠી મોતિડાંની વેરવે, ૨૮ મેલોની કુંવર કોડામણા. ૨૩
તારા તાતની હજી લગે હાક છે, શેષ ધરણ ગગન લગે ધાક છે;
તારે અદકેરો શું અભિલાષ છે, ૨૮ મેલોની કુંવર કોડામણા. ૨૪
તારે જેરે જોઇએ તે માગની, પણ નામ નારાયણ ત્યાગની;
તું તો ગુરુજીને ચરણે લાગની, ૨૮ મેલોની કુંવર કોડામણા. ૨૫
તારો તાત જો વાયક સાંભળે, તો પાવકની પેરે પરજળે;
ત્યારે કુંવર તમારું કારણ ટળે, ૨૮ મેલોની કુંવર કોડામણા. ૨૬
જેને વૈકુંઠનાથસું વેર છે, તેની આંખે હળાહળ ઝેર છે;
તારે ઋદ્ધિ સિદ્ધિ સઘળી ઘેર છે, ૨૮ મેલોની કુંવર કોડામણા. ૨૭
તુંને વારે વારે સુત વિનવું, ફરી મુખથકી બોલીશ મા એવું;
રામ કહેતામાં નીપજશે નવું, ૨૮ મેલોની કુંવર કોડામણા. ૨૮

પૂવછાંયો

૨૮ મેલો કાલા કુંવર, માતા કહે તું માન;
દૈત્યરાય શ્રવણે સુણે તો, કોપે શત્રુ સમાન. ૨૯

કડવું ૨૬ મું-વલણ

વળી વળી બોલ્યા તે મુનિવર દેવજી, સાંભળ રાજા તે પરમ અવેવજી;
માત વિનવે નારાયણ ન સેવજી, ભક્ત ન મૂકે ભજનની ટેવજી. ૧

ઉથલો

ભક્ત ન મૂકે ટેવ ભજનની, એટલો લાગ્યો લક્ષ; ૨
માતા સાથે પુત્ર બોલ્યો, વર્ણવે પ્રભુજીની પક્ષ.

રાગ સામગ્રી

પછે પુત્ર કહે કર જોડીરે મા, આગે માનુનીને મત થેાડીરે મા;
એવાં કડવાં વચન કેમ બેાલેારે મા, બીજું કેાણ શ્રીરામની તેાલેરે મા. ૩
હુંને વિષ્ણુ જેવું કેાઈ નથી વહાલુંરે મા, બીજું બેાલવું ગમે નહીં ઠાલુંરે મા;
હુંને તાતનેા ત્રાસ દેખાડેારે મા, તેનું સરજ્યું તે થાશે શરાડેરે મા. ૪
હું તેા જુગમાં જિહાં લગે જીવુંરે મા, મારે મરણથકી નથી બીહીવુંરે મા;
હુંને રામતણેા રંગ લાગ્યેારે મા, મારે મરણતણેા ભે ભાંગ્યેારે મા. ૫
હું તેા લીધા કરું રામનામ નિર્મળારે મા, મારે એજ હીરા ને હેમ સાંકળારે મા;
મારે શ્રીહરી હૃદિયામાંરે મા, મારે એજ જળહળતા જામારે મા. ૬
હું રામ રામ સમરું ઘડીરે મા, મારે એ જ પછેડી ને પામરીરે મા;
હું તેા લક્ષ્મી પતિસું હીંડું લેાભતેારે મા, મારે એજ મુગટ શિર શેાભતેારે મા. ૭
હું તેા ગુણગાઊં ગેાવિંદ ગેાપાલનારે મા, મારે એ જ મેાતીડાંની માળારે મા;
મારે દીનબંધુ બાંધી બેલડીરે મા, મારે એજ શાકર ને શેલડીરે મા. ૮
મારે નામ નારાયણ ગાવુંરે મા, મારે એજ અનેાપમ ખાવુંરે મા;
હું તેા રામ નામ જપું ઝાંઝરિ મા, મારે એજ ઘેવર ને ખાજરે મા. ૯
હું તેા ભજનમાં ભૂલ ન પાડુંરે મા, મારે એજ જલેબી ને લાડુરે મા;
મેં તેા પ્રભુજીનાં નામ લીધાં લખીરે મા, મારે એજ કનક રથ પાલખીરે મા. ૧૦
મારે જ્યાં લગે શ્રેાવર સાથીરે મા, મારે એજ હેમર ને હાથીરે મા;
હું તેા રામ નામ હૃદેથી નવ ટાળુંરે મા, મારે એજ મેડી ગેાખ જાળિયુંરે મા. ૧૧
હું તેા રામજીનું નામ જપું દહાડીરે મા, મારે એજ અનેાપમ વાડીરે મા;
વાટે જાતાં વેહેવાર્યાને હાટેરે મા, વજ્ર માણક કેાણ ખુવે કાચ સાટેરે મા. ૧૨
રસ અમૃતને હાથમાં ઢેાળીરે મા, કેાણ પીએ હળાહળ ઘેાળીરે મા;
રુડા રામજીનું નામ વિસારીરે મા, બીજી વાત ગમે નહીં સારીરે મા. ૧૩
હુંને રામ સંધાતે રઢ લાગીરે મા, મારેા ત્રાસ ગયેા છે સર્વ ભાંગીરે મા;
હુંને રામ સ્વરૂપી રત્ન લાધુંરે મા, તેમાં નિશ્ચળ થઈ મન બાંધુંરે મા. ૧૪
હુંને નારાયણ મન લાગે પ્યારેારે મા, જેથી ભવજળનેા આવે ઝટ આરેારે મા;
હું તેા રામજીનું નામ ન મેલુંરે મા, મારું એ જ વચન છે છેલ્લુંરે મા. ૧૫

પૂર્વછાંયેા

એજ વચન છે છેલ્લુંરે, માતા કહું સાચી વાણ;
મેલું નહીં ભગવતભજન, અવર સુણું નહીં કાન. ૧૬

તે રસના વિષ વેલડી, જેણે ન ભજિયા રામ;
કરણ ધરણ પરસપર ધરી, વિના શ્રવણ હરિ નામ. ૧૭

કડવું ૨૭ મું-વલણ

વળતા બોલ્યા તે તુંબરુ પાણજી, સાંભળ રાજા તે ચતુરસુજાણજી;
પ્રહ્લાદ રટે શ્રીભગવાનજી, કહું હરિ ભજનનાં વચન વખાણજી. ૧

ઉથલો

સાંભળ રાજા વચન સુંદર, જે ચવે હરિ જંન;
તે જ માંડી કહું તુજને, થાય પ્રપુલ્લિત મંન. ૨
એવું કહેતાં ભૂપત આવ્યો, મંદિરમાં તત્કાલ;
દ્વાર સન્મુખ નિકટ બેઠો, દૃષ્ટે દીઠો બાળ. ૩
પાસે તેડીને હૃદે ભિજ્યો, શિશ મેલ્યો હાથ;
વહાલી વિદ્યા શી ભણ્યો, કહે પુત્ર પૂછે તાત. ૪

રાગ ચોપાઈ

પછી બોલ્યો બાળ ભુપાળ ભણી, કહું વાત તે વાલેરી વિદ્યા તણી;
મેં તો થાપિયો શિશ શ્રિરામ ધણી, બીજો નહિ ભજું વૈકુંઠનાથ વિના. ૫
મને અધ્યારુ વિદ્યા અનેક કહે, મારું તે ભણવામાં ન ચિત્ત રહે;
મારું ચિત્ત ગોવિંદનાં ઝરણ ચહે, બીજો નહીં ભજું વૈકુંઠનાથ વિના. ૬
મારે શરણે રહેવું ઋષિ કેશવતણે, તરવો ભવસાગર ભક્તિપણે;
પ્રપંચ વિદ્યા મારે કોણ ભણે, બીજો નહિ ભજું વૈકુંઠનાથ વિના. ૭
ભણ્યામાંહિ હું તો પંચભૂત ગણું, વાળું મિડું તે આગળ માયાતણું;
અવર ભણતાં ભય લાગે ઘણું, બીજો નહિ ભજું વૈકુંઠનાથ વિના. ૮
કહું ઓગણ પડાયાનું કર્મ કથી, જેને થાકયા મુનિવર મોટા મથી:
એનો અસુરને કુળ અધિકાર નથી, બીજો નહિ ભજું વૈકુંઠનાથ વિના. ૯
જે કોઈ નન્ને વિટાળે વિંટાઈ રહ્યા, મમ્મા મોળના મોદિક તેણે સહ્યા;
તેના વેદ પુરાણમાં અર્થ કહ્યા, બીજો નહિ ભજું વૈકુંઠનાથ વિના. ૧૦
હું તો સૈરાણિ સ્નેહ ન રાખું કદા, પાછી વાળી કુંડાળિ ન લોપું તદા;
ઢાણે ઢોકળે બોલી રહ્યો છું સદા, બીજો નહિ ભજું વૈકુંઠનાથ વિના. ૧૧
મેં તો બેન ભેન ભાયા અનેક ભણ્યા, બિજા ભયના ગુણ ન જાય કહ્યા;
થાય શત્રુ ને મિત્ર બે માય જણ્યા, બીજો નહિ ભજું વૈકુંઠનાથ વિના. ૧૨

મેં તો ઐ મૈ કૈ કૈ વાર લખ્યા, મેં તો આણું વગડને હવે ઓળખ્યા;
એમ હરિ રહ્યા મારી કરશે રક્ષા, બીજો નહિ ભજું વૈકુંઠનાથ વિના. ૧૩
લલિતર વિષ કાટેલું જેહેર લહું, લલિ સૂતાં સાપલાંથી દૂર રહું;
શાને અંગ સદાશિર ભાર વહું, બીજો નહિ ભજું વૈકુંઠનાથ વિના. ૧૪
આદિ ક્ષાંત વરણુમાંહિ એ જ વસે, વળગ્યો નથી ને અળગો ન ખસે;
એની વાત ન જાણે તે હાથ ઘસે, બીજો નહિ ભજું વૈકુંઠનાથ વિના: ૧૫
સસારમાં સાર છે નામ હરિ, નરદેહ વિના ન જપાય ફરી;
તેણે વાત હૃદેમાંહિ નિશ્ચે કરી, બીજો નહિ ભજું વૈકુંઠનાથ વિના. ૧૬
મારે જીવનપ્રાણ ગોપાળ સહી, જગમાંહિ જીવું જગદીશ કહી;
નિશ્ચે તે વિણ અન્ય ગમે જ નહીં, બીજો નહિ ભજું વૈકુંઠનાથ વિના. ૧૭
હરિનામ જપું દિન રાત મુખે, અહિં લોક કૃતારથ થાઉં સુખે;
અવતાર ટળે નહિ તેને દુઃખે, બીજો નહિ ભજું વૈકુંઠનાથ વિના. ૧૮
પ્રભુનામતણો રસપાન કરે, અન્ય વાતમાં જીવ તેનો ન ઠરે;
તેણે ચિત્ત મારું હરિચરણે ફરે, બીજો નહિ ભજું વૈકુંઠનાથ વિના. ૧૯
મને બોલ્યું ગોવિંદ વિના ન ગમે, મારું ચિત્ત મુકુંદને ચરણે નમે;
મન સુંદરશ્યામને શરણે ભમે, બીજો નહિ ભજું વૈકુંઠનાથ વિના. ૨૦
પરિબ્રહ્મશું પૂરણ પ્રીત કરી, સમરું પુરુષોત્તમ પ્રેમ ધરી;
પડવું ન પડે ભવમાંહિ ફરી, બીજો નહિ ભજું વૈકુંઠનાથ વિના. ૨૧
સચ્ચિદાનંદ દેવ સમસ્ત પતિ, જેને શક્ર વિરંચિ ન જાણે રતિ;
તેનાં ચરણને શરણ છે મારી મતિ, બીજો નહિ ભજું વૈકુંઠનાથ વિના. ૨૨
ગુરુ તાત તમારે હું લાગું પાગે, ન તજું પ્રભુને અવસાન લગે;
મારે વાર્તા એ જ પડી છે વગે, બીજો નહિ ભજું વૈકુંઠનાથ વિના. ૨૩

પૂર્વછાંયો

ન ભજું વૈકુંઠનાથ વિણ, અવર પુરુષનું નામ;
એ વિણ વિદ્યા સકળ તે, કાંઈ ન આવે કામ. ૨૪

કડવું ૨૮ મું–વલણ

વળી બોલ્યા તે મુનિવર વાતજી, સાંભળ ધર્મકુંવર વિખ્યાતજી;
કોપ્યો સુતપર અસુર અઘાતજી, મારવા મમતે ધરી વાતજી. ૧

ઢાળ

કોપ્યો સુતપર અસુર અદ્‌ભુત, સુણી વિષ્ણુનાં વખાણ;
રક્ત લોચન થયો ભૂપતિ, વચન લાગ્યાં બાણ. ૨

અધ્યારુપર કોપ કીધો, હેઠે પછાડ્યા હસ્ત;
કોણે મારા કુંવરને, આ કહાવી વસ્ત સમસ્ત. ૩
મળ્યો કોઇએક દુષ્ટ દુરિજન, જેને મુજપર દ્વેશ;
શિખવી આ પ્રપંચ વિદ્યા, ધરી બ્રાહ્મ વેશ. ૪
મૂળ એજ સ્વભાવ બાળક, જે સુણે તે નિત્ય ગાય;
પેર કશી પ્રીછે નહીં, શો તેતણો અન્યાય. ૫
વાંક વાડવ તમતણો, જરૂર નહીં જુગતે જતંન;
જુઓ વિમાશી મન વિષે, રહું તે કેમ રહે રતંન. ૬
હવે નિશાળે જાઓ તેડી, ભણાવો બહુ ભાત;
પુત્ર સોંપું હાથ રાખો, રખોપું દીન રાત. ૭
શીખવો વિદ્યા એહવી, જે પ્રાણ થાય પ્રસન્ન;
વિસારે હમણાં કહ્યું, જે વજ્રવેણ વચંન. ૮

ઉથલો

વજ્ર સરખાં વેણરે, આ બાળક બોલ્યો મુખથકી;
વળતું વૈકુંઠનાથનું, નામ ન જપે શિખવો નકી. ૯
વળતા ગુરુજી હાથ ઝાલી, સાથ રાખ્યો બાળ;
આવિયા તેડી તરત, નિજ ભુવન મધ્ય નિશાળ. ૧૦
ક્રોધ આણી વદે વાણી, બેશ મારી પાસ;
ભજીશ મા ભૂલ્યો થકો, હવે આજથી અવિનાશ. ૧૧

ઉથલો

આજથી અવિનાશરે, ભજીશ મા ભૂલ્યો ફરી;
પછે ગુરુજીસું બાળ બોલ્યો, આગળ કર જોડી કરી. ૧૨

રાગ ચોપાઇ

પેરે પેરે વિપ્રે વાર્યો, પ્રીછવીઓ પ્રહ્લાદ;
બેહુ કર જોડી બાળક બોલ્યો, ગુરુજી સંધાથે વાદ;
રુડા રામજીને મૂકીરે, બીજાને કેમ ભજીએરે.—ટેક. ૧૩
આ જગમાં અવતરવું મરવું, કરવું પુણ્ય ને પાપ;
નવા નવા દેહ નિશ્ચે ધરવા, કિયાં મૂળ માબાપ. રુડા. ૧૪
ગુરુજી વચન કરો વેગળું, હું પરજળું તે દુઃખથકી;
રામ નામની રઢ મને, લાગી મનમાં દઢ નકી. રુડા. ૧૫

જોતાં જીવતણી નવ લાધે, આદિ અંત્ય ને મધ્ય;
લક્ષ ચોરાશી ફેરા ફરતા, જુગમાં જુના જંત. રુડા. ૧૬
નાહનાં મોટાં રૂપ રંગનાં, પશુ પક્ષી નર નાર;
જરા મરણને કોઈ નવ જિતે, દૈવતણે દરબાર. રુડા. ૧૭
બ્રહ્માદિકને ભુવને પહોંચે, પુણ્ય કરી નર જેહ;
પુણ્ય ઘટે પૃથિવીપર આવે, જન્મ ન છૂટે તેહ. રુડા. ૧૮
દેવ લોકની લક્ષ્મી લાવે, ધરણે થાએ ધનાઢ્ય;
કર્મ કરે અનેક નર તે, પડે ચઢીને પાટ. રુડા. ૧૯
ત્યાંથી સકળ લોકમાં ભટકે, સરજે કીટ પતંગ;
દૈવતણું દર્શન પણ દુર્લભ, ભેટે નવ ભગવંત. રુડા. ૨૦
ઉંચાં કર્મ કરે જે પ્રાણી, પામે બ્રહ્મભુવન;
મોક્ષ પદાર્થ તેને દુર્લભ, વિના ભક્તિ ભગવંત. રુડા. ૨૧
કાલ પડે શિર ન પડે કલક્ષણ, લક્ષણ ખુટે છે તોણ;
અંત કાળ અવસાન સમેમાં, સહાય કરે તે કોણ. રુડા. ૨૨
ત્રિવિધ તાપો સ્વર્ગ ભોગવે, આપ આપના ભોગ;
કોઈ કોઇનો લઈ શકે નહીં, તરી માત્ર પણ રોગ. રુડા. ૨૩
માતા પિતા બંધવ ને બેહેની, પત્ની ને પરિવાર;
ઓષડવેષડ કરોડ કરે પણ, કર્યું થાય કિરતાર. રુડા. ૨૪
અનેક પડે ને પ્રગટે, સંસારીએ કંઈ નવ છોડ્યું;
માટીમાંથી મણિ દેખાડે, બાજીગરનું બોકું. રુડા. ૨૫
પવન ગગન પાવક ને પાણી, પૃથ્વી પીઠ પ્રચંડ;
અચ્યુતની ઇચ્છાએ ઉભાં, ચૌદ ભુવન બ્રહ્માંડ. રુડા. ૨૬
પુરુષોત્તમની પસરી માયા, સીધ્યા રૂપ અનંત;
જોતાં પ્રથમ પ્રકૃતિ સર્વની, એ લીલા ભગવંત. રુડા. ૨૭
એક પરજન્યથી સધળી માયા, અઢાર ભાર વનરાય;
તેમાં સ્વાદ સર્વના ન્યારા, રામતણો મહિમાય. રુડા. ૨૮
શુક્રતણી જે બુંદથી પ્રગટ્યાં, પશુ પક્ષી નરનાર;
અંગ અંગના રંગ જુજવા, શ્રીવર સરજનહાર. રુડા. ૨૯
જઠરાગ્નિની જ્વાલામાંહે, દેહ રહે દશ માસ;
ગર્ભ વાંઝણી ગર્ભ ધરે, પણ ચૈતન હરિને હાથ. રુડા. ૩૦

જેની નાભિકમળથી પ્રગટ્યા, પ્રજાનાથ નિર્ધાર;
જેણે ઈશ્વરની ઇચ્છાથી, સર્વ રચ્યો સંસાર. રુડા. ૩૧
બ્રહ્મા એની જ શક્તિ પ્રમાણે, સર્વ રચે બ્રહ્માંડ;
રૈ રૈ ચેતન તેમાં જ પ્રગટ્યું, પૂર્ણાનંદ પ્રણામ. રુડા. ૩૨
ચતુરાનન આ સૃષ્ટ રચે છે, પંચભૂતને સાસ;
નખ શિખ સૂધી રૂપ રચીને, કોણ સમર્પે શ્વાસ. રુડા. ૩૩
સંસાર સરૂપે સર્પે ખાધો, જગત ઝેરને જોરે;
તેમાંથી નર કોઇક ઉગર્યા, રામ નામને મોરે. રુડા. ૩૪
જળ સ્થળ સ્થાવર ને જંગમ, જિહાં જોઇયે ત્યાં રામ;
ચૌદ ભુવનમાં સઘળે ભાસે, જોતાં ધામોધામ. રુડા. ૩૫
જન્મ જન્મનાં સ્થળ જુજવાં, માતપિતા પરિવાર;
સઘળે નારાયણ તેના તે છે, અવતારો અવતાર. રુડા. ૩૬

પૂર્વછાંયો

અવતારો અવતારરે, માતપિતા પરિવાર;
નવો ન થાએ નાથરે, જો તે જોબન જુજવાં. ૩૭

કડવું ૨૯ મું–વલણ

વળતી બોલ્યા તે મુનિ તત્કાળજી, સાંભળ રાજા તે વચન રસાળજી;
ગુરુજી બોલ્યા તે જાણી બાળજી, પ્રહ્લાદની લેવા સંભાળજી. ૧

ઉથલો

ગુરુજી બોલ્યા બાળક જાણી, શિખામણ મુખસું વદે;
વારે વારે વારું તુજને, કુંવર કાં ન ધરે હૃદે. ૨

રાગ મારુ

હઠીલા કુંવર કહ્યું મારું માનોની, વેરી શત્રુને સમરેછ શાને;
તાત તહારો રળિયાત રહે, વિદ્યા ભણાવું તે જ ભણોને. હઠીલા. ૩
હું તો તારો કુળ ગુરુ જન્મથી, કંઇએ ન વાંછું નરતું;
જનક તારાને જે ગમે તે ભણની, કરની બીજું વિસરતું રે. હઠીલા. ૪
જેમ રાજા રીઝે તેમ કીજે, માન શિખામણ મારી;
ભૂપતિ દિવસની રાત કહે તો, કોણ શકે એને વારીરે. હઠીલા. ૫
દેશે દેશ તાત તારાની, આણ અખંડિત વર્તે;
વિષ્ણુ ભજન કોઇ કરી નથી શકતાં, દવાઈ દાનવની ફરતેરે. હઠીલા. ૬

વાત કહું તે સાંભળજે, તારા તાતનો વિષ્ણુ છે વેરી;
તું તેનું સમરણ બેઠો કરે છે, કેમ ખમે એ મન મેરીરે. હઠીલા. ૭
તે માટે જપ રામ જવા દે, દુભ્યો છે દાનવ ઝેરીરે;
તુજને મારતાં મેહેર કરે નહિ, શું કરે સર્પ એ ઝેરીરે. હઠીલા. ૮
વારું કહેતાં તો વસમું લાગે, રાખીશ મા મન રોષ;
આજ પછી જો ભૂપતિ ખીજે, તો મુને મ દેશો દોષ. હઠીલા. ૯
સારી સારી તને વિદ્યા શીખવું, જેણેથી રીઝે રાય;
તુજને રાય સિંહાસન આપે, મુજને કોટી પસાય. હઠીલા. ૧૦
અસ્ત્ર ને શસ્ત્ર એવાં શીખવું, જેને બળે તત્કાલ;
ત્રણ ભુવનમાં ત્રાસ પમાડીશ, દીન થાશે દિગ્પાલ. હઠીલા. ૧૧
રામનું નામ રહેવા દે તું પડતું, જપની દાનવનો જાપ;
રુડું જાણે તેમ કરની બાળક, જેમ રીઝે માબાપ. હઠીલા. ૧૨
સો વાતે તુંને સમજાવું, કાંઇક હૃદેમાં રાખ;
નહિતર ભૂપતિ ખીજશે ભાઈ, સર્વ સખાની સાથ. હઠીલા. ૧૩
કહી કહીને તુંને જીભડી થાકી, વારી વારી આવ્યો વાજ;
માત પિતા ગુરુનાં વાયક, લોપતાં લંપટ લાજ. હઠીલા. ૧૪
શિખામણ તુંને કાંઈ નવ લાગી, સંગે ન આવી સાન;
જેહ વચન ગ્રહ્યું તે ગ્રહ્યું, બીજું કહ્યું ન ધરે કાન. હઠીલા. ૧૫
સર્વ સખામાં તું શિરોમણી, ચંચળ ચતુરસુજાણ;
શામાટે બીજા જોધને બોલે, તાત વેરીનાં વખાણ. હઠીલા. ૧૬
અસુર તણે કુળ ઉપન્યો બાળક, જેની વિચારી ચંત;
પોતાનું કુળ દૈવત મેલી, શાને ભજે ભગવંત. હઠીલા. ૧૭
એમ પ્રહ્લાદને પ્રીછ્યો, તિહાં આવિયો અનુચર એક;
ચાલો ગુરુ સુત તેડી સભામાં, સંભારે ભૂપ વિવેક. હઠીલા. ૧૮
ત્યારે ગુરુ શિષ્યને કહે સાંભળ, ચાલ પિતાની પાસ;
રાજનીતિ સંભળાવી કહેજે, રામ નામ ન પ્રકાશ. હઠીલા. ૧૯
પછે ગુરુજી હાથ ઝાલી કરી, સાથે તેડી ગયા બાળ;
રાજસભામાં ભૂપતિ પાસે, આવ્યા ગુરુ તત્કાળ. હઠીલા. ૨૦
ગુરુ પ્રહ્લાદને આવતા દેખી, ઉભો થયો સર્વે સાથ;
અધ્યારુએ આશિશ દીધી, પ્રહ્લાદ શિર ધરી હાથ. હઠીલા. ૨૧

તાતે તેડ્યો ત્યાં પુત્રને પ્રેમશું, ખોળે બેસાડ્યો બાળ;
વહાલી વિદ્યાની વાત પૂછી, સંભળાવની શ્રવણ રસાળ. હડીલા. ૨૨

પૂર્વછાંયો.

ભૂપતિ પૂછે પ્રેમશું, કહે કાંઈક મુજ પુત્ર;
વહાલી વિદ્યા જે ભણ્યો, તે સંભળાવો સૂત્ર. ૨૩

કડવું ૩૦ મું–વલણ

વળી બોલ્યા તે મુનિવર એમજી, સાંભળ રાજા તે ભક્તનો પ્રેમજી;
જેને સદા કુશળ ને ક્ષેમજી, રામભજન વણ બીજો ન નેમજી. ૧

ઉથલો.

રામભજન વણ ન નેમ બીજો, અવર ચરચા નવ કરે;
જગદીશ નારાયણ હરિ, ગોવિંદ માધવ ઉચરે. ૨
તાત સન્મુખ વાત કરતાં, રામ રસનાએ રટે;
હવે તેનો કહું મહિમા, સાંભળે સંકટ ઘટે. ૩
પ્રહ્લાદ બોલ્યો પિતા સાથે, સત્ય છે શ્રીરામ;
પ્રથમ વહાલી એ જ વિદ્યા, તે ન મેલું મુખ નામ. ૪

રાગ કલ્યાણ

મુને વહાલું વહાલું વહાલું દાદા, રામજીનું નામ;
મારે અવર વિદ્યાતણું, નથી કાંઈ કામ;
મુને વહાલું વહાલું વહાલું દાદા, રામજીનું નામ.—ટેક. ૫
જુવોરે પિતાજી, આણી મુજપર પ્રીત;
મારી પાટીમાં લખાવો, રુડાં ગોવિંદજીનાં ગીત. મુને૦ ૬
મારે મન માધવ, કૃષ્ણ મુકુંદ મોરાર;
ભજું મધુસૂદન, કેશવ આપે કીરતાર. મુને૦ ૭
મારે દામોદર, અવિનાશીરે અનંત;
મારે ભજવો છે, ભક્તવત્સલ ભગવંત. મુને૦ ૮
મારે શ્રીવર, સુંદર વરને સુદાત;
મારે નારાયણ, પ્રભુ નિર્ગુણનાથ. મુને૦ ૯
મારે પુરષોત્તમ, પરિબ્રહ્મ વસુદેવ;
મુખ ભૂધર ભજવાની, પડી બહુ ટેવ. મુને૦ ૧૦

હું તો હૃદે માંહે લખી રાખું, રામ ગોવિંદ;
વળી તન મન ધન, મારે સચ્ચિદાનંદ. મુને૦ ૧૧
મારા વદનમાં, વસ્યો વિઠ્ઠલ વિશાળ;
તેણે વિસરતો નથી, હુંને મદનગોપાળ. મુને૦ ૧૨
મારે શ્રવણે, શ્રીરામનું ગાન;
મારે રામજીનું સ્મરણ, રામજીનું ધ્યાન. મુને૦ ૧૩
મારે વિષ્ણુનું વદન, સેવન શ્રીરામ;
મારે ધર્મ ને કર્મ, તે સાચો સુંદરશ્યામ. મુને૦ ૧૪
હું તો સદા ને સર્વદા, શ્રીહરિકેરે શરણ;
કીધું આપસમર્પણ, પ્રભુજીને ચરણ. મુને૦ ૧૫
મારે ધરણીધરપર, દૃઢ થયો વિશ્વાસ;
હું તો જન્મજન્મથકી, દેવ કેરો દાસ. મુને૦ ૧૬
મારું જગતમાં જિહાં, લગી કલેવર ક્ષેમ;
મારે તપ તીરથપર, લાગ્યો પૂરણ પ્રેમ. મુને૦ ૧૭
મારે નિર્ધનનું ધન, છે સારંગપાણ;
મારા મંદિરમાં જોતે જડી, મોતીડાંની ખાણ. મુને૦ ૧૮
હું તો મૂકું નહીં મુખથી, વિષ્ણુનાં વખાણ;
હું તો પૂરે પ્રેમે ભજન, કરું પુરુષપુરાણ. મુને૦ ૧૯
હું તો વિદ્યાતણું તત્ત્વ, તાપસું રુડી રીત;
ચારે વેદ વલોણામાં, વિષ્ણુ નવનીત. મુને૦ ૨૦
એ ઉંડા ભવસાગરમાં, પ્રભુ નામ છે નાવ;
નાવે માનવી દેહ વિના, બેઠા કેરો દાવ. મુને૦ ૨૧
એવા જગજીવન, ત્રિભુવન પ્રાણ;
કોણ સિંધુ માંહે કુદિ પડે, મેલી મોટાં વહાણ. મુને૦ ૨૨

પૂર્વછાંયો

મેલી મોટાં વહાણરે, સાગરમાં શાને પડો;
ભવ જળ તરવા પારરે, રામ નામ નાવે ચડો. ૨૩

કડવું ૩૧ મું-વલણ

વળતા બોલ્યા મુનિ પુણ્યવંતજી, સાંભળ રાજા તે એકે ચંતજી;
ભક્ત ન મૂકે ભજન ભગવંતજી. ૧

ઉથલો

ભક્ત ન મૂકે ભજન પ્રભુનું, અસુરે કીધો ક્રોધ;
શ્યામ સુંદર નામ લેતાં, વધાર્યો છે વિરોધ. ૨
બેઠો વખાણે વિષ્ણુ કીર્તન, બીજી ન બોલે વાત;
શ્યામ સુંદર નામ લેતાં, કોપ્યો અસુર ઉત્પાત. ૩

રાગ ધનાશ્રી–કંઈક ફેર

કોપ્યો અસુર જે વારો એને કોઈ રે, સંભારે બેઠો શ્યામને રે;
એવો મારે કુળ બાળક ન હોય રે, રટે છે બેઠો રામને રે. ૪
એ કુંવરે લોપી છે મારી લાજ રે, સંભારે બેઠો શ્યામને રે;
એના મનમાં ન આવ્યું મારું રાજ રે, રટે છે બેઠો રામને રે. ૫
જ્યારે પૂછું ત્યારે મુખથકી બાળ રે, સંભારે બેઠો શ્યામને રે;
તેની હૂંને લાગે હૃદયમાં ઝાળ રે, રટે છે બેઠો રામને રે. ૬
એને સુત જાણી ચડાવ્યો મેં શિશ રે, સંભારે બેઠો શ્યામને રે;
નાખીઓ બોળેથી બેસવી કરી શીશ રે, રટે છે બેઠો રામને રે. ૭
બોલ્યો દૈત્ય રાજા દાનવની સાથ રે, સંભારે બેઠો શ્યામને રે;
એણે મૃત્યું માગ્યું આપણને હાથ રે, રટે છે બેઠો રામને રે, ૮
એ તો ઉપન્યો છે કુલ અંગાર રે, સંભારે બેઠો શ્યામને રે;
એણે મુખે કરી માંગી લીધો માર રે, રટે છે બેઠો રામને રે. ૯
એ તો વખાણે છે મારે જેથું વેર રે, સંભારે બેઠો શ્યામને રે;
એને મારતાં હવે ન ધરવી મેર રે, રટે છે બેઠો રામને રે. ૧૦
ઉભા અસુર જુવો છો શ્યાને કાજ રે, સંભારે બેઠો શ્યામને રે;
એને મારીને નિવારો દાઝ રે, રટે છે બેઠો રામને રે. ૧૧
એવું સાંભળીને ઉઠ્યા દૈત્ય ક્રોડ રે, પ્રહ્લાદ સંભારે શ્યામને રે;
ધસ્યા ટુકડા તે કરતા કડાકોડ રે, ભક્ત રટે બેઠો રામને રે. ૧૨
લીધો કુંડાળે ઉડાડે રહ્યા બારણે રે, પ્રહ્લાદ સંભારે શ્યામને રે;
જેમ વાદળાંએ વીંટી લીધો ભાણ રે, ભક્ત રટે બેઠો રામને રે. ૧૩
બીક દેખાડે પછાડે હેઠા પ્રહાર રે, પ્રહ્લાદ સંભારે શ્યામને રે;
ખાંડાં ઉઘાડાં ઉગામે હથિયાર રે, ભક્ત રટે બેઠો રામને રે. ૧૪
દૈત્ય બોલ્યા અલ્યા સ્યાને માટ રે, સંભારે બેઠો રામને રે;
તેં તો મૃત્યુ માગી લીધું શત્રુ સાટ રે, રટે છે બેઠો રામને રે. ૧૫

મૂકી દે જે મુખ લીધી તેં વાત રે, સંભારે બેઠો શ્યામને રે;
નહીં તો હમણાં કરશું તારી ઘાત રે, રટે છે બેઠો રામને રે. ૧૬
તવ બાળક બોલીઓ સુણો દૂત રે, સંભારું બેઠો શ્યામને રે;
તમે કરોની તમારું કરતૂક રે, રહું છું બેઠો રામને રે. ૧૭
જેણે બાંધ્યો છે પ્રભુ સાથે પ્રેમ રે, સંભારું બેઠો શ્યામને રે;
તે તો મૂકું નહી જ્યાંસૂધી તન ક્ષેમ રે, રહું છું બેઠો રામને રે. ૧૮
એવું સાંભળીને કોપિયા અસુર રે, પ્રહ્લાદ સંભારે શ્યામને રે;
જાણે કીજીએ બાળકને ચૂર રે, ભક્ત રટે બેઠો રામને રે. ૧૯
મારે વજ્ર ગદા તોમર ત્રિશૂલ રે, પ્રહ્લાદ સંભારે શ્યામને રે;
પડે ભક્તને શરીરે જેમ ફૂલ રે, ભક્ત રટે બેઠો રામને રે. ૨૦
નાંખે ખડ્ગ બેડાના ઘણા ઘાય રે, પ્રહ્લાદ સંભારે શ્યામને રે;
અંગે ભક્તને તરણાંવત થાય રે, ભક્ત રટે બેઠો રામને રે. ૨૧
સાંગ ખંજર કટારી નાંખે ક્રોડ રે, પ્રહ્લાદ સંભારે શ્યામને રે;
હરિભક્તને ન લાગે તેની ચોટ રે, ભક્ત રટે બેઠો રામને રે. ૨૨
દૈત્ય મારી મારી હાર્યા નિર્ધાર રે, પ્રહ્લાદ સંભારે શ્યામને રે;
અંગે ભક્તને જણાણું ન લગાર રે, ભક્ત રટે બેઠો રામને રે. ૨૩
પછી કિંકર રાજાને લાગ્યો પાય રે, મરે નહિ એ મહારાજ રે;
અનેક ઘા કીધા માર્યો નવ જાય રે, એના શિરપર બિજાનું છે રાજ રે. ૨૪
એને હણી હણી થાક્યા છે હાથ રે, મરે નહિ એ મહારાજ રે;
હવે જાણો તે કરોને દૈત્ય નાથ રે, એના શિરપર બીજાનું છે રાજ રે. ૨૫

પૂર્વછાંયો

એને જાણો તે કરો, અવર કોઇક ઉપાય;
અર્ભક માર્યો નવ ગયો, આયુધ કેરે ઘાય. ૨૬

કડવું ૩૨ મું–વલણ

વળી વળી બોલ્યા તે મુનિવર રાયજી, સાંભળ રાજા તે કહું મહિમાયજી;
હિરણ્યકશિપુ બહુ બળી ગયો મનમાંયજી, મારે અસુર તે અન્ય ઉપાયજી. ૧

ઉથલો

મારે અસુર અન્ય રીત, ભક્ત રાજ ન હણાય;
બાળક ઉપર બળ કરે, જેમ રત્નપર ધણ વાય. ૨

તેડાવ્યા બળવંત બળિયા, પ્રલયતણા પ્રધાન;
તેને સુત સોંપી કહ્યું, હણો તો થાઉં તુષ્ટમાન. ૩
મારા તે વેરીને ભજે, દીન રેણુ સમરે રામ;
રંગીલો રઢ મૂકે નહીં, ન મૂકે મુખથી નામ. ૪

રાગ મેવાડો.

રંગીલો કુંવર મુખથી, રામ નામ ન મૂકે-ટેક.
લાગી લગની મગ્ન થયો મનમાં, હરિ ચંત નવ ચૂકે;
બહુ વિધ વારી મારી જુઓ, કહી કહીને સ્વર સૂકેરે. રંગી૦ ૫
દૈત્યપતિએ જમકિંકર તેડી, સાધુ સુતને સોંપ્યો;
આ બાળકનો કાળ કરોની, લંપટે મુજને લોપ્યોરે. રંગી૦ ૬
વળતા જમકિંકર ઉદ્યમ માંડી, વિધ વિધ વાત ઉપજાવી;
ઉંડા જળમાં અગ્નિ પડે તેમ, દૈત્યે દાઝ સમાવીરે. રંગી૦ ૭
સપ્ત જ્વર ચોરાશી વાયુ, અગન અઢાર ઉવેખી;
ભક્તતણે મન તેમ થઈ લાગ્યો, જેમ જળ મસ્તક મૈક્ષીરે. રંગી૦ ૮
કાલદંડ જમદંડ અખંડિત, હરિજન અંગ હકાર્યા;
જેથી સકળ જગત લય પામે, તે પણ હઠે હાર્યારે. રંગી૦ ૯
દિનકરસુત દાનવને ત્રાશે, ક્રોડ પ્રકારે કામ્યા;
જમ કિંકરનું જોર ન ચાલ્યું, હોડ કરી દુઃખ પામ્યારે. રંગી૦ ૧૦
વળતો ધર્મ કહે સુણ રાજા, એ સુત કોણ કહાવે;
ધર્મ કરી અધર્મશું હણિએ, તો પણ અંત ન આવેરે. રંગી૦ ૧૧
અમે અમારી શક્તિ પ્રમાણે, મણા ન મૂકી થોડી;
અંતે પંથી વાજ આવીને, આયુધ નાખ્યાં ફોડીરે. રંગી૦ ૧૨
એવું સુણીને રાજા રુઠ્યો, રહ્યો હૃદેમાં ખીજી;
બાળ ઉપર બળ કરવાને, વાત વિચારી બીજીરે. રંગી૦ ૧૩
પુરોહિત રૂપ વિકાળ કરીને, મનમાં વાત વિચારી;
તેડાવ્યા દિગ્પતિના મેગલ, મહા બળિયા વિષ ધારીરે. રંગી૦ ૧૪
આવ્યા મલ માતંગ મલપતા, અયુત જોજન ઉંચા;
ડોલે ધરણ ચરણ પ્રહારથી, પર્વત તેમના કુચારે. રંગી૦ ૧૫
બોલ્યો ભૂપતિ કહે કુંજરને, કામ કરો એક મારું;
આ અર્ભકના પ્રાણ હરો તો, સાચું જોર તમારું. રંગી૦ ૧૬

મેલ્યો બાળ વિશાળ વગડામાં, મોટે ઘેમર ઘેર્યો;
મન રૂઢ્યો મમત્ત વછૂટ્યો, જઈ જનને ઝંઝેડ્યોરે. રંગી૦ ૧૭
ત્યારે કુંજરપર હરિ કોપ્યા, દીઠા મદમત્ત મંતી;
નાહા ગજ દંતોશલ કાડી, મહા દુઃખ પામ્યા દંતીરે. રંગી૦ ૧૮
પછે કરીંદ્ર કહે ભૂપતને, સાંભળ રાજા સાચું;
આ બાળકનો કાળ ન આવે, ક્રોધ કરો તે કાચુંરે. રંગી૦ ૧૯
એવું સુણીને અસુરો તેડ્યા, પવન પ્રબળ બળવંત;
આ અર્ભકનો નાશ કરીને, ટાળો ચિત્તની ચંતરે. રંગી૦ ૨૦
દૈત્ય રાજાનું કાજ વિચારી, વકર્‌યા મનમાં વાયુ;
પંજરમાંહે પ્રવેશ કર્યો, તે હરિજન હણવા આયુરે. રંગી૦ ૨૧
સોશે શ્વાસ સમાસને આણી, જાણે પાડું પીડા;
પણ હરિજનને લેશ ન લાગે, જિહાં કેશવની કીડારે. રંગી૦ ૨૨
પવન પેટમાં પળવા લાગ્યો, ઉદરમાં અગ્નિ જ્વાળે;
ભાગ્યો ભય લાગ્યો મનમાંહે, બાળી માર્યો બાળોરે. રંગી૦ ૨૩
મારુત જઈ ભૂપને મળિયો, એ બાળક બળ ભારી;
જોર કર્યું પણ જરા ન ચાલ્યું, હું આવ્યો છઉં હારીરે. રંગી૦ ૨૪
એમ સુણીને અસુરે તેડ્યા, વાસુકી નાગ નમેરી;
ફેણ ફુંકારે પર્વત ફાટે, ઝેર હલાહલ ઝેરીરે. રંગી૦ ૨૫
સર્પ સાથે દાનવપતિ બોલ્યો, આ અર્ભકને બાળો;
કુંવર સ્વરૂપે શત્રુ પ્રગટ્યો, ડશણ કરે દુઃખ ટાળોરે. રંગી૦ ૨૬
આસો બાળને વ્યાલ વેગથી, એ જ આજ્ઞા મારી;
પ્રાણ ગયા વણ શાંતિ ન થાશે, વારુ છઉં વિષધારીરે. રંગી૦ ૨૭
એવું સુણિને પન્નગ ઉઠ્યા, રુઠિયા વદન વિકાશી;
ક્રોડ અરુડ નિહાળી સામા, મંડ જ છૂટ્યા નાશીરે. રંગી૦ ૨૮
મણિધર જઈ ભૂપતિની પાસે, બેઉ કર જોડી ઉભો;
આ બાળકનો કાળ ન આવે, દાનવ શાને દુભોરે. રંગી૦ ૨૯
વળી વેણ વિષધરનાં સુણી, અસુર સબળ અકળાંણો;
જે આવડો બાળક કોમળ કાયા, કોઇથકી ન મરાણોરે. રંગી૦ ૩૦
જળમાં ઝેર હલાહલ નાંખી, પૂરણ પાન કરાવ્યું;
અમૃતપેં અદકો ગુણ કીધો, કર્તવ્ય કામ ન આવ્યુંરે. રંગી૦ ૩૧

પ્રૌઢ પર્વત શૃંગ ચડાવી, ઉંચલી ફેંકી દીધો;
જન જાણી જગદીશે તેને, જાતે ઝીલી લીધોરે. રંગી૦ ૩૨
સાથે દાનવના કિંકર હતા, તે પણ પંડે પડિયા;
ભાગ્યાં અંગ વિકટ પાણ વાગા, રાન વગડે રડવડિયારે. રંગી૦ ૩૩
પર્વત જેવડો કુંજર કરીને, સાગરમાં સંતાડ્યો;
કુસુમશય્યા જેવું સુખ પામ્યો, જનને માંડ જગાડ્યોરે. રંગી૦ ૩૪
નાગપાશ બંધનમાં બાંધી, સાગરમાં સંતાડ્યો;
તિહાં પણ જનને કૃપા કરીને, કમલાનાથે કહાડ્યો રે. રંગી૦ ૩૫
વળી દૂત બાળકને લઈ ગયા, ભયથી ભૂપાળ પાસે;
આ બાળકનો અંત ન આવે, એણીપેર વચન પ્રકાશેરે. રંગી૦ ૩૬
જળમાં બોલ્યો। પાવકમાં રોળ્યો, ઢોળ્યો પર્વત ઝંપે;
એવાં સંકટ બહુ દીધાં પણ, આળ ન આવ્યું અંગેરે. રંગી૦ ૩૭
એવું સુણી દાનવ ભય પામ્યો, ચિત્તમાં વ્યાપી ચિંતા;
આ બાળકનો નાશ કરતાં, હાર્યા નર બળવંતારે. રંગી૦ ૩૮
આ બાળકથી કોક દિવસ પણ, મસ્તક અમો વિવરજ્યું;
મનમાં મુને આટલું સુજે, સરજનહારે સરજ્યુંરે. રંગી૦ ૩૯
દાનવ હોડ કરીને થાકયો, જોર જરા પણ નવ ચાલે;
મહી ખોતરવા મહીપતિ બેઠો, નીચું મસ્તક ઘાલેરે. રંગી૦ ૪૦
રાત દિવસ ચિંતામાં પડિયો, જાણે જનને ચૂરું;
દહાડે દહાડે દુર્બળ થાયે, અન્ન ન ખાયે પૂરુંરે. રંગી૦ ૪૧
તેવે સમે તિહાં ભૃગુજી આવ્યા, દૈત્યે આદર દીધો;
સેવકની પેરે શિશ નમાવી, કહે કૃતારથ કીધોરે. રંગી૦ ૪૨
વળતા ગુરુ પૂછે કાં ભૂપતિ, દુર્બળ સરખો દેખું;
તુજને ભય ઉપજ્યો જુગમાં, એવો પુરુષ નવ પેખુંરે. રંગી૦ ૪૩
વળતો ભૂપતિ કહે ગુરુજી સુણિયે, પુત્ર પ્રબળ થયો મારો;
શત્રુનું સ્મરણ નિત્ય રાખે, હરતલ એથી હાર્યોરે. રંગી૦ ૪૪
કોઈ દિવસ એથી ભય મુજને, મોત અચાનક આંણે;
તાપ લાગ્યો તેનો તનમાંહે, ત્રેવડ કરવી ટાણેરે. રંગી૦ ૪૫
ત્યારે ગુરુ કહે સુણ રાજા, એ શી વાત વિચારે;
કાને કંઇએ સુણ્યું નહીં જગમાં, જે અન્ન સિંહને મારેરે. રંગી૦ ૪૬

મેલ પુત્રને મારે મંદિર, રાખું નિત્ય નિશાળે;
ફરી ભણાવું એવી વિદ્યા, જે કૃષ્ણ કહે નહીં કાળેરે. રંગી૦ ૪૭
વરુણપાશ બંધનમાં બાંધી, બાળકને બેસાડું;
રામ નામની રઢ મેલાવું, વિધવિધ ભાતે વારુંરે. રંગી૦ ૪૮
એવું કહીને શુક્ર ઘેર પધાર્યા, શિષ્યને સાથે તેડી;
વરુણપાશ બંધને બાંધ્યો, થઈ બ્રહ્મની બેડીરે. રંગી૦ ૪૯
સખા ભણો ભણાવો એને, સર્વને રાખ્યા સંગે;
જેમ પ્રહ્લાદ વચન વિસારે, તેમ લગાડો રંગેરે. રંગી૦ ૫૦

પૂર્વછાંયો

વચન પૂર્વનું વીસરે, તેમ સમજાવો સંત;
જેમ રાજા કહે તેમ ભણો, તજ ભજન ભગવંત. ૫૧

કડવું ૩૩ મું–વલણ

વળી વળી બોલ્યા તે મુખ ઋષિ જંનજી, સાંભળ રાજા તે પાડું તંનજી;
હરિ ભક્તને હરિ તન મંનજી, બોલે બાળક તે પ્રેમ વચંનજી. ૧

ઉથલો

પછે શિષ્યને એમ પ્રીછવે, પ્રેમે કરી પ્રહ્લાદ;
હું ભણાવું તે ભણો, જે માંહે સાર સંવાદ. ૨
સહુ કોઈ ભૂધરને ભજો, ભાવે કરીને ભ્રાત;
સાર નહીં સંસારમાં, એ વિના બીજી ન વાત. ૩

રાગ સોરઠી

સહુકોઈ ભાવે ભજો ભગવાનનેરે, મારું કહ્યું કરોની ભ્રાત;
એ વણ સાર નહીં સંસારમાંરે, મન જોજો વિચારી વાત. સહુકો. ૪
એ તો આદ્ય નિરંજન એક છેરે, ભગવાન સુરાસુર ભૂપ;
ભક્ત માટે ફરે બ્રહ્માંડમાંરે, ધરે રંગ દેખે તેવાં રૂપ. સહુકો. ૫
પ્રભુ શેષશય્યાએ પોઢિયારે, શિર શેષ વદે છે વેદ;
ઇચ્છાએ ઉત્પન્ન ને પ્રલય કરેરે, તેનો કોય ન જાણે ભેદ. સહુકો. ૬
જેની નાભિથકી અજ ઉપન્યારે, ચતુરાનન પુણ્ય પવિત્ર;
સુંદર પાયે થઈ ચારે વેદસુંરે, નિત્ય વર્ણવે વિષ્ણુ ચરિત્ર. સહુકો. ૭
એનું ચૈતન્ય છે ત્રૈલોકમાંરે, વિરંચાદિક કીટ પતંગ;
વ્યાપક સૂરજ કમળ જેમ વિશ્વમારે, તેમ સઘળે છે શ્રીરંગ. સહુકો. ૮

એનું નામ જપે નાર જેરે, નહીં નરક વાટ નિદાન;
પાપતાપ ટળે તન માંહેથીરે, જાએ આપથકી અભિમાન. સહુકો. ૯
જેને નામ વહાલું જગદીશનુંરે, તે તો પામે પદારથ ચાર;
તેમાં સંશય નહીં સંસારમારે, એ તો નિશ્ચે ને નિરધાર. સહુકો. ૧૦
સંસાર રૂપિયો સર્પ છેરે, વળી તેના ત્રણ પ્રકાર;
છે મણિ મોહોરા ને ઝેર જુજવો, તેનો ભારે વિકટ વહેવાર. સહુકો. ૧૧
ત્રિષ પંચ વસે તેને મુખેરે, તેણે પરભવી સૃષ્ટિ સમસ્ત;
તેમાં મોહોરો મુકુંદના નામનોરે, ઉગર્યો જેને આવિયો હસ્ત. સહુકો. ૧૨
ભય ઝેરતણું જેનું વામિયુંરે, નિકટ આવ્યો જેને મણિ મોક્ષ;
અંતર આત્મારામને ઓળખેરે, થાય પૂરણ જ્યોતિ પરોક્ષ. સહુકો. ૧૩
તે નિર્ગુણ બ્રહ્મને ઓળખેરે, ગુણ સગુણાતીત ગાય;
રામ ગોવિંદ મુકુંદ રમાપતિરે, ગરુડારૂઢ વૈકુંઠરાય. સહુકો. ૧૪
મધુસૂદન માધવ માવજીરે, સુખ દાયક દીન દયાળ;
સુંદરસ્યામ દામોદર શ્રીહરિરે, કમળાવર વસ્તુ ગોપાળ. સહુકો. ૧૫
જગદીશ જનાર્દન મુનિરે, અવિનાશી નિરંજન નાથ;
ભૂધર મહાવર શ્રીધર શ્રીપતિરે, સચ્ચિદાનંદ પોઢણ પાથ. સહુકો. ૧૬
વાસુદેવ નારાયણ નાથજીરે, મનમોહન દેવ મોરાર;
કેશવ કૃષ્ણ ઉપેન્દ્ર અનંત છેરે, કમળાવર ને કીરતાર. સહુકો. ૧૭
શંખ ચક્ર ગદાંબુજ શોભતારે, સુરવલ્લભ સુંદરસ્યામ;
ધર્મધુરંધર રૂપ અમોઘ છેરે, ઋષિ નાયક પૂરણ કામ. સહુકો. ૧૮
ઈશ્વર અચ્યુત સત્ય સ્વરૂપ છેરે, ભક્તવત્સલ મચ્છકો રંભ;
આદિ અનાદિ અલૌકિક પરમ છેરે, પુરુષોત્તમ પૂરણ બ્રહ્મ. સહુકો. ૧૯
એવાં નામ થકી નિત્ય સ્નેહસુંરે, મુખ ગાય ગોવિન્દનાં ગીત;
મનમાં સત્ય જાણે શ્રીરામનેરે, તમે આણો પ્રભુપર પ્રીત. સહુકો. ૨૦
પ્રાણીને પાપનો તાપ લાગે નહીરે, નિત્ય જપે તે શ્રીજુગદીશ;
કેશવ કોટી અપરાધ ક્ષમા કરેરે, ક્ષણ ચરણે નમાવો શિશ. સહુકો. ૨૧
જીવને જન્મતણું દુઃખ ટાળવારે, ધણું તત્ત્વ નારાયણ નામ;
સુખ આપે અનોપજી સર્વથારે, વળી પૂરે તે મનની હામ. સહુકો. ૨૨
તન પાપના તાપને ટાળવારે, પ્રભુ નામ રૂપ છે શીત નીર;
પ્રેમેસું પાન કરો તેતણુંરે, ધણું શીતલ થાયે શરીર. સહુકો. ૨૩

મનરૂપાશ્વરપિયું સત્ય છેરે, માંહે ભળિયું નથી તિલ પાપ;
રામને નામે સીંચો કરી શોધિયેરે, દઈ જ્ઞાન અગ્નિનો તાપ. સહુકો. ૨૪
ચિત્ત ત્યારે નરડી જેવું હશેરે, તેને કુંદું તે ન કહે કોય;
અહર્નિશ અગ્નિમાં ઝીલી નીસરેરે, તોયે સ્યામ શરીર ન હોય. સહુકો. ૨૫
એમ અગ્નિ એક સંસારનીરે, ત્રણ લોકને લોપવા જાય;
તેમાં શ્રીજગદીશના નામથીરે, મન સંત સમાગમ થાય. સહુકો. ૨૬
તેથી મિત્ર જાણી તમને કહુંરે, પરબ્રહ્મ ભજો દિનરાત;
કોઈ કામ ન આવે અંત કાળમાંરે, વળી માત પિતા કુળ જ્ઞાત. સહુકો. ૨૭
ઋદ્ધિ સિદ્ધિ ને સંપત્તિ સર્વ છેરે, અવનિ ને અખંડિત આથ;
તે પણ આવે નહિં અવસાનમાંરે, પ્રભુ નામ વિના કોઈ સાથ. સહુકો. ૨૮
ધર્મ કરી ધરાપર ખર્ચિયુંરે, તેનું સહસ્રગણું ધન થાય;
તે વળી પામવાને પર લોકમાંરે, અવતાર લેવાને જાય. સહુકો. ૨૯
કોઈ ધ્યાન કરે મનથીરે, ગણે દાતા ને ભોક્તા શ્રીરામ;
મનમાં ભક્તિ રાખે ભગવાનનીરે, તે તો પામે પૂરણ ધામ. સહુકો. ૩૦
એટલું તમને કહું આજથીરે, સુખ પામવા રાખો આશ;
મુખે નામ નારાયણ ઓચરોરે, થાઓ દીનદયાળના દાસ. સહુકો. ૩૧
પૂર્ણ લગ્ન લગાડી પ્રેમસુંરે, મુખ ઓચરો શ્રીઅવિનાશ;
તો દુઃખ દેખશો નહીં અવતારમાંરે, અંત કાળે વૈકુંઠવાસ. સહુકો. ૩૨
હુંને નારદ મુનિએ આપિયુંરે, એવું જ્ઞાન અનોપમ પર્મ;
વળી પામિયો માતાને પેટથીરે, તેણે ચક્ષુ ટળી ગઈ ચર્મ. સહુકો. ૩૩
એવું સાંભળી સર્વ વિદ્યાર્થીરે, પ્રભુ નામનો લીધો લક્ષ;
દૈત્યના વંશનો માર્ગ વિસર્યારે, સહુ વર્ણવે વિષ્ણુ પક્ષ. સહુકો. ૩૪

પૂર્વછાંયો.

સર્વ સખા વર્ણ કરે, હરિકીર્તન દિન રાત;
અર્ભકે વાધ્યું વચન, તે ન મેલે મુખથી વાત. ૩૫
એ જ સ્વભાવ અર્ભકતણો, જે સુણે તે નિત્ય ગાય;
વાત ન મૂકે વદનથી, તે પંથ વિષે ધરમાંય. ૩૬

કડવું ૩૪ મું–વલણ

વળતા બોલ્યા તે ઋષિ એણીપેરજી, બાળક બેઠો તે ગુરુને ઘેરજી;
હરિની હરિભક્તપર વાધી મેરજી, સમરે જેને અસુરસું વેરજી. ૧

ઉથલો

અસુર સાથે વેર જેને, બાળક ભજે તેનું નામ;
સુણી ગુરુજીને ક્રોધ વાધ્યો, આવિયા તે ઠામ. ૨
પ્રહ્લાદ ઉપર ક્રોધ આણી, ગ્રહ્યો ગુરુજીએ હાથ;
સોંપું પાછો ભૂપને, તું ચાલ મારી સાથ. ૩
એવું કહીને અધ્યારુએ, સહાયો શિષ્યને બાંહે;
તતક્ષણ તેડી આવિયા, રાજમંડપમાંહે. ૪
બોલ્યા ગુરુ ભૂપાળ સાથે, સંભાળ તારો બાળ;
સખા કીધા આપ સરખા, વણસાડી નિશાળ. ૫
પોતે ભણે જે મુખથકી, સહુને ભણાવે તેહ;
જળવાય નહીં એ પુત્ર અમથી, એમ ઠરાવ્યું એહ. ૬
એવું સુણીને અસુર બોલિયો, બોલ્યો બાળક ભણી;
અણખુટે માગે મૃત્યુ, કોણ છે તારો ધણી. ૭
તવ બોલિયો બાળક મુખે, કાં ભૂપ ભૂલો આમ;
મુજને ભય લાગે નહિ, રક્ષા કરે શ્રીરામ. ૮

રાગ કાફી

વળતો બાળક મુખસું બોલ્યો, સાંભળ તું ભૂપાળ;
દાનવ કોટી ઉપાય કરે, મારો કદીએ ન આવે કાળ;
મારે તો શ્રીરામની રક્ષા છે, હૃદેમાં શ્રી રામજી લખ્યા છે. ટેક. ૯
પાવક કુંડમાં નાંખી પ્રજાળો, લીન પામે જ્યાં લોહ;
મારા શરીરને નીર જેવું લાગે, દાઝું જરા ના હોય. મારે. ૧૦
વાસુકી નાગનો લાગ ન લાગો, વાયુ આવ્યો છે વાજ;
નીર ગંભીરમાં હું નવ બૂડ્યો, ક્રોધ કરો શ્યાને કાજ. મારે. ૧૧
જમ કિંકરનું જોર ન ચાલ્યું, હારી હાટકયા હાથ;
મેગલ માથું પછાડી છૂટ્યા, તું જ દેખતાં દાનવનાથ. મારે. ૧૨
પ્રૌઢા પર્વત શિખર ચડાવી, દોડાવી નાંખ્યો દૂર;
અંગ મારાને આલ ન આવ્યું, આભથી ભેટે ભૂર. મારે. ૧૩
ખડ્ગ કટારી ને ખંજર ખપવા, મૂક્યો બ્રહ્માંડનો ભાર;
પિંજરમાંહી પ્રવેશ કર્યો નહીં, ધારથી નહીં તરવાર. મારે. ૧૪
મન માને તે પ્રકાર કરો પણ, તોય ન આવે કાળ;
ભક્ત ઉપર જો જક્ત કોપે પણ, વાંકો ન થાયે વાળ. મારે. ૧૫

તાત તમે હુંને મારવા માંહે, મણા ન મૂકી નેટ;
તોય પંડ પ્રતીત ન આવી, હાથ પછાડ્યા જો હેઠ. મારે. ૧૬
શ્રીહરિને સંભારતાં પ્રાણી, દુઃખ ન પામે દેહ;
આ જુગમાં ઉગારીઓ હુંને, પાધરું પારખું એહ. મારે. ૧૭
દેખી પેખીને દૈત્ય કાં ભૂલો, જોની વિચારી વાત;
કોડ પ્રકાર કરો મુજ ઉપર, ગાત્ર ન લાગે ઘાટ. મારે. ૧૮
મલ્લ મોટા મને મારી શકે નહીં, તોય ન મૂકો મરોડ;
આંધળાની પેઠે આંખે ન દેખે, કરતાં દીપક કોડ. મારે. ૧૯
નારાયણનું નામ જ લેતાં, લોપી ન શકે લોક;
વિશ્વમાં વિષ્ણુભજન જ કરતાં, ફંદ કરે તે ફોક. મારે. ૨૦
વૃશ્ચિક વ્યાલ બિડાલ ને વાંદર, વાઘ વરાહ ને વૈતાલ;
કોય ન લોપી શકે પ્રભુ ભજતાં, દાનવ ને દિગ્પાલ. મારે. ૨૧
મારું કહ્યું માનો પિતાજી, તો હજી ભજો ભગવાન;
કોડ અપરાધ ક્ષમા કરે શ્રીવર, સદા થાયે તુષ્ટમાન. મારે. ૨૨
રામ સાથે શી રીશ પિતાજી, એ છે સુરાસુરધીશ;
જે જેવું કરે તે તેવું પામે, જુજવો નહીં જગદીશ. મારે. ૨૩
શત્રુ ગણે તેને શત્રુ છે શ્રીવર, મિત્ર ગણે તેને મિત્ર;
બંધુ ગણે તેને બંધુ ગદાધર, પિતૃ ગણે તેને પિત્ર. મારે. ૨૪
જગતમાં ભક્તિ વહાલી ભગવાનને, એથી આડો આંક;
સહાય કરે શરણાગતકેરી, શું રાજા શું રાંક. મારે. ૨૫
બ્રહ્મા નારદ ઇંદ્ર ઉપાસન, અન્ય કરી નિત્ય ધાય;
વેદ પુરાણથી પાર ન આવે, મોટો ધણો મહિમાય. મારે. ૨૬
જો રે પિતા તમે વેર વસાવ્યું, તો પામશો પશ્ચાત્તાપ;
નાથ મારો તમને હાથ દેખાડવા, આવશે આપોઆપ. મારે. ૨૭
જોર કશું જગદીશની સાથે, જોની વિચારી મૂલ;
સોર કરે તેમ કેમ બીયેરે, શિયાળિયાંથી શાર્દૂલ. મારે. ૨૮
એવું સુણીને દાનવ કોપ્યો, વિકાળ કરડે દંત;
સિંહાસનથી આકળો ઉઠ્યો, અર્ભક આણવા અંત. મારે. ૨૯

પૂર્વછાંયો

સિંહાસનથી ઉઠીઓ, કોપ્યો અસુર અનંત;
ઘોર વદન ગર્જના કરે, બાળકપર બળવંત.

કડવું ૩૫ મું–વલણ

વળતા બોલ્યા તે મુનિ પુણ્યવંતજી, સાંભળ રાજા તે મહિમા સંતજી;
આણવા અસુર રાયનો અંતજી, રક્ષા કરવા તે શ્રીભગવંતજી. ૧

ઉથલો

જેમાં પ્રગટ્યા શ્રીહરિ, કરુણા કરી તત્કાળ;
હિરણ્યકશિપુ ક્રોધે ભરાણો, નિકટ લીધો બાળ. ૨
સિંહાસનથી શિઘ્રે ધાયો, ખડ્ગ લીધું હાથ;
અર્ભક ઊપર ઉગામિયું, દેખાડ વૈકુંઠનાથ. ૩

રાગ કલ્યાણ

બાળા દેખાડ દેખાડ તારો વૈકુંઠપતિ, એમ હોકારે બકારે બોલે મૂઢમતિ;
હું તો મનમાં ન રાખું કેની બીક રતિ, બાળા દેખાડ દેખાડ તારો વૈકુંઠપતિ. ૪
હમણાં પ્રહાર કરીને તારા પ્રાણ હરું, ત્યારે હિરણ્યકશિપુ મારું નામ ખરું;
હું તો બ્રહ્માંડમાં ભય કોનો નવ ધરું, બાળા દેખાડ દેખાડ તારો વૈકુંઠપતિ. ૫
હું તો વેરીતણે છળે બળે માર્યો નવ મરું, વર બ્રહ્માએ આપ્યા તે અભિમાન ધરું;
તેણે સકળ ભૂવનમાંહે પુલ્યો ફરું, બાળા૦ ૬
મુને શું કરે તારો રામ રીશ કરી, મારી સન્મુખ ન શકે ધીર ધરી;
ગયો વૈકુંઠથી નાશી મારે ત્રાસે કરી, બાળા૦ ૭
વર બ્રહ્માતણો મિથ્યા કરે કોણ વળી, જેથી પ્રગટી સૃષ્ટિ વિવિધ સઘળી;
મુને સહાય થયો છે તપમાંરે મળી, બાળા૦ ૮
એવો દિવસ કયો જે દેખું દેવ હરિ, જુદ્ધ કરું તેની સાથે કર ખડ્ગ ધરી;
પહેલો એ મળે તો મેલું બીજી વાત પરી, બાળા૦ ૯
એવું વચન સુણીને બોલ્યો બાળ મુખે, રાજા બળ શાને કરો બેસી રહોની સુખે;
હું તો દુબળો થાઉં છું તમારે દુઃખે, દાદા દેખાડું શું રામ મારો રહ્યો છે વ્યાપી.
આખી સૃષ્ટિ સુરાસુર એણે થાપી, દાદા દેખાડું શું રામ મારો રહ્યો છે વ્યાપી. ૧૦
મારો પ્રભુજી વસે છે ત્રૈલોક વિષે, એને ન જાણતા આપણથી દૂર રખે;
નથી બ્રહ્માંડ કોઈ મારા નાથ પખે, દાદા૦ ૧૧
એ તો આત્મ સ્વરૂપી સહુ માંહે વસે, જેમ દર્પણ માંહે પ્રતિબિંબ ધસે;
તેમ સઘળે ગોવિંદ અળગો ન ખસે, દાદા૦ ૧૨
ત્યારે બોલિયો અસુર મન ક્રોધ થકે, અલ્યા જાણ્યું અજાણ્યું કેટલું બકે;
એક આ સ્થંભથી હાકોર તારો પ્રગટી શકે, બાળા૦ ૧૩

એવું સુણી બાળક કર જોડી કહે, મારા સ્વામીજી મહિમા તો સત્ય લહે;
હુંમાં તુંમાં સ્થંભ ખડ્ગ સહુમાં રહે, દાદા૦ ૧૪
પછી પ્રહ્લાદ સંભારે વૈકુંઠધણી, નિરખી પ્રેમેશું જોયું ત્યાં સ્થંભ ભણી;
માંહે દીઠા નરસિંહ ત્રૈલોકધણી, દાદા૦ ૧૫
દેખી સ્થંભને પ્રહ્લાદે પ્રણામ કર્યો, મન આનંદ આણીને પ્રદક્ષિણા ફર્યો;
એવું દેખીને દાનવપતિ ક્રોધે ભર્યો, બાળા૦ ૧૬
બાંધ્યો સ્થંભસું વછુટે ઉઠ્યો ખડ્ગ ધરી, દાઢી મુંછ પછાડી દોડી દોટ દઈ;
ફાટ્યો કડડડ સ્થંભ ધરા ધ્રુજી રહી, બાળા૦ ૧૭
દીઠો કારમો કેસરી નર પ્રગટ થયો, રૂપ નિહાળી દાનવપતિ દૂર ગયો;
ધરી ઢાલ ખડ્ગ આવી ઉભો રહ્યો, જુઓ પિતાજી પ્રેમે ભુજ વૈકુંઠપતિ. ૧૮

પૂર્વછાંયો

ઢાલ ખડ્ગ ગ્રહી કરમાં, ઉન્મત્ત ઉભો થયો;
નરખી શ્રીનરસિંહને, જુદ્ધ કરવા સન્મુખ ગયો. ૧૯
ઉગ્ર રૂપ નરસિંહનું, તે દેખીને દુર્બુદ્ધ;
મનમાં ભય પામે નહીં, ઉન્મત્તે માંડ્યું જુદ્ધ. ૨૦

કડવુ ૩૬ મું-વલણ

વળી વળી બોલ્યા તે મુખ બુદ્ધિવાનજી, સાંભળ રાજા તે હરિજન કાનજી;
જુદ્ધ કરે અસુરસું ભગવાનજી, નિરખે દેવ ગગને ચઢી વિમાનજી. ૧

ઉથલો

અસુરસું નરસિંહ રૂપે, જુદ્ધ કરે જગદીશ;
તે કથાનો સુણો મહિમા, રાય માનવધીશ. ૨

રાગ કલ્યાણ

જોતાં કડડડ સ્થંભ ફાટ્યો કારમોરે, પ્રભુ પ્રગટ્યા તે નરસિંહ રૂપ;
ભડડડ ભાગા ભડ ભૂપતિરે, છે ભક્તવત્સલ સ્વરૂપ;
રામ દેવસું જગાડ્યું જુદ્ધ દાનવેરે. ૩
ભ્રુગુટી કુટીલ બીહામણીરે, દીસે નયણામાં પાવકની ઝાળ;
નાસિકા ઘોર ઘણો આકળોરે, તેણે ડોલવા લાગ્યા છે દિગ્પાળ. રામ. ૪
આંખે બગાસાં વિકાશે મુખ વેગસુંરે, થાય તેમાં ત્રણ લોક સમાસ;
હોંકારો કરે શ્રીહરિ આકળોરે, ચૌદ ભુવનમાં થાયે તેનો વાસ. રામ. ૫

બેહુ હસ્ત બિરાજે બલ ભર્યારે, જેવા ઝળકે તે લાલ ગુલાલ;
તલપે વિડારે શિશુ દૈત્યનેરે, હૂતા હજુરી હજારો ખવાસ. રામ. ૬
અંગ ઉપરે વિકાળ રોમાવળીરે, જંધે તે કેસરીના જેવા કેશ;
વદન તેજ રવિ કોટિનુંરે, ધર્યો પ્રભુજીએ વિકાળ ધણો વેશ. રામ. ૭
ધ્રુજે ધરણી ચરણ ધમકારથીરે, ગાજે પરછંડે ગગન બ્રહ્માંડ;
ખળભળે શિખર શૈલ્યનાંરે, શેષ સળવળે ચળે નવ ખંડ. રામ, ૮
એવું નિહાળી સ્વરૂપ નરસિંહનુંરે, મન બીનો નહીં દાનવ નાથ;
ઢાલ ખડ્ગ કરમાં ગ્રહીરે, જુદ્ધ માંડયું મધુસુદનની સાથ. રામ. ૯
ત્યારે ક્રોધ કરી નરકેસરીરે, તાબ્યો તલપે કરીને તતકાળ;
જોરાવર ઝાલિયો જીવતોરે, વળી વેગથી વછૂટે વિકાળ. રામ. ૧૦
નાંખી આયુધ ગગન લગે ઉછળેરે, આવે બીહાવતો દાનવ થઈ ક્રૂર;
વળગે વછૂટે રુઠે રામસુંરે, ઉઠે તનમાંહે સમાયે નહીં શૂર. રામ. ૧૧
પડે લડથડે વઢે જઈ વાડસુંરે, માર્યો મરે નહીં અસુર અકાલ;
ઇંદ્ર બ્રહ્મા આડાં દઈ વાદળાંરે, જોવા આવ્યા અમર ચારે ચાલ. રામ. ૧૨
દળ વાદળમાં વળે જેમ વીજળીરે, તેમ વિષ્ણુ સાથે દોડી મળે દૈત્ય;
ભારી ભુજ સહસ્રના પ્રહારથીરે, નવ ભાગે આયુધ સહિત. રામ. ૧૩
ઝાલે ઝડપ નાંખીને નરકેસરીરે, વળી વેગથી વછૂટી વીર જોય;
દેખીને ધ્રુજવા લાગ્યા દેવતારે, મન મુનિ ન ધરી શકે કોય. રામ. ૧૪
જુદ્ધ દારુણ દેખીને વિસ્મય થયારે, ઇંદ્ર બ્રહ્મા વિચારે છે એમ;
નરહરિ આગળ જુદ્ધમારે, જાણ્યું રખે રહેતો દાનવ ખેમ. રામ. ૧૫
થાય ઉંચો નીચો ને બેબાકળોરે, નવ ઝાલ્યો રહે નરહરિને હાથ;
ક્રીડા કરે અસુરસું શ્રીહરિરે, ભરે સહસ્ર ભુજાતણી બાથ. રામ. ૧૬
નવ જાણે સુર બેમાં કોણ જિતશેરે, એવો અસુર અતુલ બળવંત;
રાજજુદ્ધ જોઈને દૈત્ય ને દેવતાણુંરે, વળી આંગળી લઈ રહ્યા દંત. રામ. ૧૭
ભોમ ભાર જંજાલે પ્રહારનોરે, ભય પામ્યો ઘણું મન ભુજંગ;
સઘળા ભેળા સપ્ત સિંધુ સામટારે, પડે ખડ તાલે પર્વત શૃંગ. રામ. ૧૮
મલજુદ્ધ પ્રબલને બળે કરીરે, ઘણું શિથિલ થયો શેષ;
ગર્જનાએ ગર્ભ ઘણા ગળ્યારે, જાણ્યું ભૂતળ વાદળ ભેળો એક. રામ. ૧૯
એમ અસુર ને વિષ્ણુ વઢે વાદશુંરે, તેણે સુઈ ન શકે કોઈ શેજ;
તેજ પ્રકાસ્યું નરસિંહનુંરે, તેણે નભમણિ થયા નિસ્તેજ. રામ. ૨૦

એવો દિતિસુત શ્રીહરિસું વઢેરે, જેમ ઉડી પડે પાવક પતંગ;
હારે નહીં હરિતણી હાકથીરે, ત્યારે ક્રોધ્યા વળી પ્રભુ નરસિંહ. રામ. ૨૧
મુખ ડાઢ વધારી વિકરાળસુંરે, કીધું નરહરિ હાસ અટાટ;
કાયર થયો દેવના ત્રાસથીરે, ત્રાડે દઈ પડ્યો દાનવ વેરાટ. રામ. ૨૨
વાગે વદનનો શબ્દ જઈ વ્યોમશુંરે, જેમ ગગનમાં ગડગડે મેધ;
સાહી લીધો અસુરને અંકમાંરે, જેમ ખગધર વિષધર વેગ. રામ. ૨૩
સંધ્યા સમે ગ્રહી મંડપને દ્વારેરે, આવી ઊંબરે બેઠા અવિનાશ;
ઉદર ઉખેળે નખે સ્નેહસુંરે, કોઈ ઉભી ન શકે પ્રભુ પાસ. રામ. ૨૪
દૈત્ય બોળે પડ્યો ખગપતિ દેવનેરે, મન ચંતવે છે મેલી નિઃશ્વાસ;
મારો અંતકાળ આવ્યો ગોપાળથીરે, તેને નિશ્ચે આવ્યો મન વિશ્વાસ. રામ. ૨૫
પહેલાં ઉરપર પ્રવેશ થતો નહીંરે, ચક્ર ફરશી ને કઠણ કુલીશ;
નખથી જઠર કીધું જુજવુંરે, તેનો આવ્યો અવસાન સમેધીશ. રામ. ૨૬
પ્રભુ એણીપેરે પ્રાજે કરે દૈત્યનેરે, મારી પાપીના કહાડ્યા પ્રાણ;
આંતરડાંની માળા કંઠમાં ધરીરે, બેઠા સિંહાસન ચડીને ચક્રપાણ. રામ. ૨૭
કોણ પહોંચે પ્રભુજીની ચતુરાઇનેરે, જેણે સર્વ રચ્યો સંસાર;
બ્રહ્માતણાં વચન ન લોપિયારે, તેમ અસુર વિડાર્યો કીરતાર. રામ. ૨૮
વર બ્રહ્માતણા સત્ય કરી પાળિયારે, દુષ્ટ માર્યો સવે વિચારી પ્રદોષ;
પુષ્પવૃષ્ટિ કરે સર્વે દેવતારે, વાજે દુંદુભિતણા નિર્ઘોષ. રામ. ૨૯
નિજ ભક્તને દુઃખ્યા માટે કોપિયારે, પ્રભુ સંહાર્યો છે દાનવ જોધ;
રીપુ ક્ષય પામ્યા પછે નરસિંહનેરે, કેમે ઉતાર્યો ઉતરે નહીં ક્રોધ. રામ. ૩૦
આવ્યા શંકર બ્રહ્મા ને શક્ર દેવતારે, રહ્યા દૂરથકી કરે છે દર્શન;
સર્વ સ્તુતિ માંડી જગદીશનીરે, ગળગળ્યા પ્રભુ કરવા પ્રસંન. રામ. ૩૧

પૂર્વછાંયો

પ્રભુજીને પ્રસંન કરવા, સ્તુતિ કરે સર્વ દેવ;
કહું તુજને તેતણો, સાંભળ રાય અવેવ. ૩૨
નરસિંહે નખ દઈ વિડાર્યો, હિરણ્યકશિપુ ભૂપાલ;
અસુર ક્ષય પામ્યા પછી, પ્રભુ ન મૂકે વેશ વિકાળ. ૩૩
ભક્તને જે પરભવ્યો, કોપે ચઢ્યા મહારાજ;
અંત આણ્યો અધર્મીનો, કર્યું અમરનું કાજ. ૩૪

ઉથલો

કર્યું અમરનું કાજ, અસુર સઘળા હરખે ભર્યા;
મન પામ્યા ઉલ્લાસ, શ્રીનરસિંહે નિર્ભય કર્યા. ૩૫

કડવું ૩૭ મું–વલણ

વળી વળી બોલ્યો તે બ્રહ્મકુમારજી, સાંભળ રાજા તે યશ કીરતારજી;
સ્તુતિ કરે છે અમર અપારજી. ૧

ઉથલો

અમર સ્તુતિ અપાર ભાતે, કરે બેઉ કર જોડ;
રુદ્ર બ્રહ્માદિક અનેક સુરપતિ, વિનવે તેત્રીશ કોડ. ૨

રાગ ચોપાઈ

આવ્યા ઇંદ્ર મુનીંદ્ર આનંદ ધરી, કરમણિ મુક્તાફળ પુષ્પ ધરી;
ઉભા સ્તુતિ કરે પરણામ કરી, પ્રભુ નમો નમો નરસિંહ હરિ. ૩
પડે ભ્રુકુટી કનક જેમ ધરણે ઢળી, તેમ પ્રભુને વિનવે છે સુર મંડળી;
કર જોડીને સ્તુતિ કરે છે વળી, પ્રભુ નમો નમો નરસિંહ હરિ. ૪
સ્વામી દેવ સમસ્તનું દુઃખ ટળ્યું, ઘણા દિવસ પછી ગયું રાજ મળ્યું;
તારા ભક્તનું સ્મરણ અમને ફળ્યું, પ્રભુ નમો નમો નરસિંહ હરિ. ૫
હવે સાધુ સમસ્તની વ્યાધિ ગઈ, સુખે રહેશું તે સ્વર્ગ નિવાસ જઈ;
ત્રણ લોકની કલ્મષ વિનાશ થઈ, પ્રભુ નમો નમો નરસિંહ હરિ. ૬
દીઠો ભક્તનો મહિમા અપાર અમે, જેને મારી શકયો નહીં દુષ્ટ કયમે;
વળી સ્થંભ ફોડી પ્રગટ્યા છો તમે, પ્રભુ નમો નમો નરસિંહ હરિ. ૭
એમ અમર સ્તુતિ કરે દૂર થકે, કોટિ તેજથી નિકટ જઈ ન શકે;
રસના રવિ કોટિ જેવી ઝળકે, પ્રભુ નમો નમો નરસિંહ હરિ. ૮
કર જોડીને આગળ નિઃશંક નમે, હવે દુઃખ અમારું સમસ્ત શમે;
મન પ્રેમ ધરી પ્રભુને પ્રણમે, પ્રભુ નમો નમો નરસિંહ હરિ. ૯
ઘણા દિવસ લગે દુષ્ટની વેઠ કરી, અંન પૂરું ન પામતા પેટ ભરી;
એની આજ્ઞા પાળતા ત્રાસ ધરી, પ્રભુ નમો નમો નરસિંહ હરિ. ૧૦
થાશે જમ જજ્ઞાદિક કર્મ હવે, લક્ષ સખા પંચામૃત મંત્ર ચવે;
કરશું તર્પણ નિત્ય ને હોમ હવે, પ્રભુ નમો નમો નરસિંહ હરિ. ૧૧
વળી એમ જગદીશની સ્તુતિ કરે, ગુણ ગાએ ગોવિંદના હરખ ઘણે;
છૂટ્યા દુઃખથી પ્રતાપ મુકુંદતણે, પ્રભુ નમો નમો નરસિંહ હરિ. ૧૨

કહે નરકનાયક હાથ જોડી, સ્તુતિ શું કરે છે મારી મત્ય થોડી;
ગરુડારુઢ છે મારી મત્ય પ્રૌઢી, પ્રભુ નમો નમો નરસિંહ હરિ. ૧૩
ભણે વરુણ વખાણ કરે મુખથી, હવે સૃષ્ટિમાં રાજ કરું સુખથી;
મુને રાખિયો દૈત્યતણાં દુઃખથી, પ્રભુ નમો નમો નરસિંહ હરિ. ૧૪
કેટલા દિન દુષ્ટનું નીર વહ્યું, નિત્ય કાજ કર્યું જે એણે કહ્યું;
હવે આજથકી ઘણું સુખ થયું, પ્રભુ નમો નમો નરસિંહ હરિ. ૧૫
વળી વાયુ સમસ્ત કરે વિનતિ, અમને ઘણી દુષ્ટની પીડા હતી;
એ નિવારણ પ્રભુ કીધી મતિ, પ્રભુ નમો નમો નરસિંહ હરિ. ૧૬
કર જોડીને જક્ષકુંવર કહે, સ્વામી ઉગ્ર મહિમા તારો કોણ લહે;
સુખ પામે જે સાધક મરણે, પ્રભુ નમો નમો નરસિંહ હરિ. ૧૭
અસુરે અમને ઘણું દુઃખ દીધું, ઉપદ્રવ કરી ઘણું દ્રવ્ય લીધું;
પ્રભુ તે સમે કષ્ટ વિનાશ કીધું, પ્રભુ નમો નમો નરસિંહ હરિ. ૧૮
વદે વેદ વેદાંત ગોપાળ ભણી, હવે સહાય કરો એક બાળ તણી;
તમને ન ઘટે એવી રીશ ઘણી, પ્રભુ નમો નમો નરસિંહ હરિ. ૧૯
ઘણું તીક્ષ્ણ ક્રોધ તમારે થકે, ત્રણ લોકમાં કોપ રહી ન શકે;
રખે શેષ ચળી પૃથ્વી થડકે, પ્રભુ નમો નમો નરસિંહ હરિ. ૨૦
કીધો ક્રોધ તમારે તે વાર્યો ધટે, જ્યારે મહા કલ્પાંત સમે પ્રગટે;
ત્યારે વિશ્વની ઉતપાત થાતી મટે, પ્રભુ નમો નમો નરસિંહ હરિ. ૨૧
બ્રહ્મા સ્તુતિ કરે છે ભેદ થકી, વેદ રહ્યુ યજુર ને સામથકી;
તારા ગુણનો પરિબ્રહ્મ પાર નથી, પ્રભુ નમો નમો નરસિંહ હરિ. ૨૨
તમો આજ અલૌકીક રૂપ ધર્યું, મુનિ દેવ સમસ્તનું દુઃખ હર્યું;
ત્રણ લોકમાં તેજ તારું પસર્યું, પ્રભુ નમો નમો નરસિંહ હરિ. ૨૩
ઉભા ગાંધર્વ સધળા ગાન કરે, જંત્ર વાંસળી તુંબરુ હાથ ધરે;
છંદ તાલ મૃદંગે તાન કરે, પ્રભુ નમો નમો નરસિંહ હરિ. ૨૪
નાચે કિન્નર કામિની રૂપ કળા, ગુણ વર્ણવે વિષ્ણુતણા સબળા;
મધુર સ્વરે ગાન કરે અબળા, પ્રભુ નમો નમો નરસિંહ હરિ. ૨૫
બોલે વાણ બંદીજન લોક વળી, અમે જાચતા દૈત્યને સર્વે મળી;
ગયું આજથકી દુઃખ તેનું ટળી, પ્રભુ નમો નમો નરસિંહ હરિ. ૨૬
કોઈ રામનું નામ ન લેતું કદા, અમે બોલતા દૈત્યની કીર્તિ સદા;
ભજશું તમને રીપું માર્યો તદા, પ્રભુ નમો નમો નરસિંહ હરિ. ૨૭

એમ દેવના જયનો શબ્દ કહી, કરે વંદના વદન મુનીંદ્ર સહી;
એમ ચરણ કમળભર ઉભા રહી, પ્રભુ નમો નમો નરસિંહ હરિ. ૨૮
પ્રભુ દુષ્ટ વિનાશ કર્યો પુરથી, તોય ક્રોધ હરિ ન તજે ઉરથી;
તેનો તાપ ન જાય સહ્યો સુરથી, પ્રભુ નમો નમો નરસિંહ હરિ. ૨૯
વાધ્યો તીક્ષ્ણ તાપ પ્રતાપ ઘણો, જુગમાં ન સહેવાય નરસિંહતણો;
જાણે લય પામે ત્રૈલોક ઘણો, પ્રભુ નમો નમો નરસિંહ હરિ. ૩૦
તેવે મહાદેવે દેવની આણી દયા, ક્ષણમાં નર સ્યામ સ્વરૂપ થયા;
નૃત્ય કરતાં નરસિંહ પાસે ગયા, પ્રભુ નમો નમો નરસિંહ હરિ. ૩૧
જગદીશે દીઠું જ્યારે રૂપ એવું, એ કારમું કોણ સ્વરૂપ નવું;
એ તો નિપજ્યું કૌતક જોવાતણું, પ્રભુ નમો નમો નરસિંહ હરિ. ૩૨
પછી ઓળખ્યો વિષ્ણુએ વશત્ર દશા, શિવ શંભુ અલૌકિક વિશ્વ વસ્યા;
મુખ સામું જોઈ નરસિંહ હસ્યા, પ્રભુ નમો નમો નરસિંહ હરિ. ૩૩
જ્યારે હાસ્ય કીધું હરિએ મુખથી, ત્યારે ક્રોધ સમસ્ત શમ્યો તનથી;
મળ્યા નરસિંહ હરિ પ્રસન્ન થઈ, પ્રભુ નમો નમો નરસિંહ હરિ. ૩૪
શિવ ભક્ત પ્રહ્લાદસું હેત આણી, નરસિંહ પ્રત્યે કહી મુખ વાણી;
એની સહાય કરો હવે સંત જાણી, પ્રભુ નમો નમો નરસિંહ હરિ. ૩૫
એવું સાંભળીને ત્રૈલોકનાથે, ધર્યો ભક્ત પ્રહ્લાદને આપ હાથે;
વર માંગ કહી મેલ્યો હસ્ત માથે, પ્રભુ નમો નમો નરસિંહ હરિ. ૩૬

પૂર્વછાંયો

માંગ માંગ વર મુખથકી, એમ કહે અવિનાશ;
તવ કર જોડી ભક્તજન, બોલે વચન પ્રકાશ. ૩૭

કડવું ૩૮ મું–વલણ

વળી વળી બોલ્યા તે ઋષિરાજંનજી, સાંભળ રાજા તે એકે મંનજી;
થયું ભક્તનું પ્રફુલ્લિત વદંનજી, બોલ્યો બાળક મધુર વચંનજી. ૧

ઉથલો

બાળક બોલે મધુરાં વાયક, સ્તુતિ કરે નરસિંહની;
હાથ જોડી નાથ સન્મુખ, કરે વાત ઉછરંગની. ૨

રાગ જોજેવંતી

સ્વામી નમો નમો શ્રી નરસિંહજી, શત્રુનો કીધો છે ભંગજી;
સુરનો રાખ્યો છે રંગજી, ઉગ્ર રૂપ ધારીરે. સ્વામી. ૩

પ્રગટ્યા છો ફોડીને સ્થંભ, દાનવનો ટાળ્યો છે દંભ;
વિજળી જેવો વજ્રરંભ, સેવક ઉગારીરે. સ્વામી. ૪
કહાવો છો દેવના દેવ, અંત તે સ્વયમેવ;
અધમ તાર્યાની ટેવ, છો કરુણાસિંધુરે. સ્વામી. ૫
અહર્નિશ વખાણે વેદ, બ્રહ્મા તે નવ જાણે ભેદ;
અટલ રૂપ છો દેવ, દેવ દીનબંધુરે. સ્વામી. ૬
હદે રહેજો મહારાજ, તમ કને માગું છું આજ;
નવધા ભક્તિનું કાજ, દેજો અંતરજામીરે. સ્વામી. ૭
જો મુજને થયા છો તુષ્ટમાન, આપો અભય વરદાન;
એટલું માગું ભગવાન, ચરણ શિશ નામીરે. સ્વામી. ૮
ભૂલો નહી પોતાતણું, ભક્તવત્સલપણું;
મુખે શું વખાણુ ઘણું, સાચું બિર્દ તારુંરે. સ્વામી. ૯
વિનતિ સાંભળજો કરુણ, સર્વદા રાખો શરણ;
નિશ દિન મહારાજને ચરણ, વસે ચિત્ત મારુંરે. સ્વામી. ૧૦
અધક્ષણ નામ તમારું, હદેથી ન થાય ન્યારું;
અહર્નિશ મનમાં સંભારું, પ્રભુ વનવાસીરે. સ્વામી. ૧૧
પુરુષોત્તમ પૂર્ણાનંદ, માધવ મહાવર મુકુંદ;
ગોબ્રહ્માણુપતિ ગોવિંદ, વિશ્વજન દુઃખહર્તારે. સ્વામી. ૧૨
દામોદર સુંદરશ્યામ, વિલશો વૈકુંઠધામ;
સહુ કોઈ સમરે નામ, ત્રિભુવન ભર્તારે. સ્વામી. ૧૩
કરતા મંગળ કલ્યાણ, જગજીવન મારા પ્રાણ;
જુગમાં વરતાવો આણ, શ્રીસારંગપાણીરે. સ્વામી. ૧૪
કૃપા કીધી અપાર, સેવકની લીધી સાર;
વિશ્વંભર ચક્યા વાર, મહેર મનમાં આણીરે. સ્વામી. ૧૫
લીધો છે નરહરિ વેષ, રીશ ધરી ઋષિકેશ;
માર્યો છે દાનવરેસ, દેવ દુઃખ ટાળ્યુંરે. સ્વામી. ૧૬
હુવો જગતમાં જયજયકાર, સહાય થયા છો સરજનહાર;
સંતોષ પામ્યો સંસાર, પ્રભુ વેર વાળ્યુંરે. સ્વામી. ૧૭
હમણાં જેવા થયા સહાય, તેવા જ રહેજો સદાય;
એ માગું લાગીને પાય, પ્રભુ તમ પાસેરે. સ્વામી. ૧૮

અહર્નિશ ગોવિંદ ગુણ ગાન, જ્યાં સુધી આવે અવસાન;
ત્યાંસૂધી તમારું નામ, હૃદેમાં પ્રકાશેરે. સ્વામી. ૧૯
એવું જાણી કમળાનાથ, ફરી મસ્તક મેલેા હાથ;
બેાલ્યા છે સેવકની સાથ, સાધુજન જાણીરે. સ્વામી. ૨૦

પૂર્વછાંયેા

શ્રીમુખહરિ વાણી વદે, સાંભળ ભક્ત સુજાણ;
મારે વૈષ્ણવ જગતમાં, જાણું જીવનપ્રાણ. ૨૧
જે મુજને નિશદિન ભજે, તેને ભજું સદાય;
જેણે મુજને નવ ભજ્યેા, તે મેં તજ્યેા નવ જાય. ૨૨
પરદ્રોહી પરઘાતકી, અજાણે લીએ મુજ નામ;
એકવાર જો ઓચરે, તેા પામે મુજ ધામ. ૨૩

કડવું ૩૯ મું–વલણ

વળી ત્રણી બેાલ્યા તે મુનિવર નાથજી, હરિજન ઉભેા તે જોડી હાથજી;
પ્રભુજી બેાલ્યા તે સેવક સાથજી. ૧

ઉથલેા

સેવક સાથે શ્રીહરિ, બેાલ્યા વચન ઉપદેશ;
ભક્ત થાપેા અભય કરી, કાપેા કઠણ કલેશ. ૨

રાગ ચેાપાઈ

બેાલ્યા નરહરિ મુખ વાત, સાધુ; મેં તેા નાશ કર્યો તુજ તાત, સાધુ;
તોએ તુંને ન આવ્યેા અભાવ, સાધુ; એવેા સુંદર તારેા સ્વભાવ, સાધુ. ૩
તારી ધીરજને ધન્ય ધન્ય, સાધુ; તારા પૂર્વ જન્મનું છે પુણ્ય, સાધુ;
તુંને આપું અભે વરદાન, સાધુ; હું તેા તું ઉપર થયેા તુષ્ટમાન, સાધુ. ૪
ત તેા તાતની વાત ન માની, સાધુ; મારી ભક્તિ ન રાખી છાની, સાધુ;
રાજઋદ્ધિ દેખી નવ રીઝ્યેા, સાધુ; બીનેા નહીં દેખી દાનવ બીજ્યેા, સાધુ. ૫
દૃઢ ભક્તિ કીધી બહુ ભાત, સાધુ; ભય ન ધર્યો અસુરને હાથ, સાધુ;
હવે રાજ અટલ તુંને આપું, સાધુ; ભક્ત પેાતાતણેા કરી થાપું, સાધુ. ૬
મારા ભક્ત ઘણા હુંને વહાલા, સાધુ; બીજા ઠાઠ કરે તે ઠાલા, સાધુ;
મુખે જપ કરેા હરિનામ, સાધુ; તે તેા પામે પૂરણ ધામ, સાધુ. ૭
હું તેા ભીડ ભક્તની ભાજું, સાધુ; મન ગર્વ કરે તેને ગાંજું, સાધુ;
થાઉં પ્રગટ તે ભક્તને કાજ, સાધુ; એની શીઘ્ર જતી રાખું લાજ, સાધુ. ૮

મારા ભક્તને દેશે દુઃખ, સાધુ; મુને તેનું ન ગમે મૂખ, સાધુ;
હુંપર ભક્ત આણે પ્રેમ, સાધુ; તેને હું રાખું છું ક્ષેમ, સાધુ. ૯
તેને આપું પદારથ ચાર, સાધુ; તેનો વેદ વદે છે વિસ્તાર, સાધુ;
જેને ભાવ જેવો મનમાંહે, સાધુ; તેને તેવી પ્રાપ્તિ થાયે, સાધુ. ૧૦
જેવું વાવે ખેતરમાં બીજ, સાધુ; તેવું નીપજે નીરખતાં સિદ્ધ, સાધુ;
જેણે મુજને આપ અરપ્યું, સાધુ; તેને મેં પણ સરવ સમર્પ્યું, સાધુ. ૧૧
મુજ આગળ જેવું કામે, સાધુ; સંસારમાં તેવું પામે, સાધુ;
મારા ભજનતણો રસ પીધો, સાધુ; મુને જગતમાં વશ કરી લીધો, સાધુ. ૧૨
જે કોઈ પૂજન મારું કરશે, સાધુ; સુખ પોતાનું પોતે ભરશે, સાધુ;
પહેલું સ્નાન કરે જે આપે, સાધુ; પછે મુજને તે સન્મુખ થાપે, સાધુ. ૧૩
મુને ચંદન ગંધ ચડાવે, સાધુ; તેનો પ્રેમલ પોતાને આવે, સાધુ;
જેનું નૈવેદ્ય કરે મુને નિત્ય, સાધુ; તેવું પોતે પામે દિન પ્રત્ય, સાધુ. ૧૪
મારું ગાન કરી ગુણ ગાય, સાધુ; તેને અંતરે આનંદ થાય, સાધુ;
હું તો પૂજની ઇચ્છા ન રાખું, સાધુ; પ્રેમ દેખું ત્યાં દર્શન આપું, સાધુ. ૧૫
હું તો પૂરણ છું સર્વે ભાત, સાધુ; મારે ન્યૂન નહીં કોઈ વાત, સાધુ;
તન દીલમાં અરધ નિહાળું, સાધુ; કશું અર્ક આગળ અજવાળું, સાધુ. ૧૬
જેમ પૃથ્વીમાં બીજ વિરાજે, સાધુ; તે પણ નાંખે પોતાને કાજે, સાધુ;
ધરી આપ ઇચ્છા ન ધરાવે, સાધુ; સહુ સ્વારથે બીજ વાવે, સાધુ. ૧૭
તેમ ભક્તને અનોપમ ચારે, સાધુ; પણ પોતાનો અર્થ સમારે, સાધુ;
હું તો પ્રગટાવે પ્રગટું પાસે, સાધુ; જેમ બહુ વિધ વહ્નિ પ્રકાશે, સાધુ. ૧૮
અગ્નિ નિકટ રહે શીતટાળે, સાધુ; જાયે બળ કરવા તેને બાળે, સાધુ;
એહેવો મારો સ્વભાવ તું જાણે, સાધુ; વળી સત્ય કરીને પ્રમાણે, સાધુ. ૧૯
મારે સરખું સહુ સાથ, સાધુ; મિત્ર શત્રુ થાય છે હાથ, સાધુ;
જેવું જોતાં તે જંત્ર અરીશે, સાધુ; રંગ સરખું પ્રતિબિંબ દીસે, સાધુ. ૨૦
તેમ જ મુજ સાથે મન જેવું, સાધુ; તે પ્રમાણે ફળ પામે તેવું, સાધુ;
રજ સૂરજપર કોય નાંખે, સાધુ; પાછી આવી પડે નીજ આંખે, સાધુ. ૨૧
ભક્ત ઇચ્છે તે ફળ ઝટ પામે, સાધુ; જે વચન મારું પ્રમાણે, સાધુ;
તેમ હું પણ છઉં ફલદાતા, સાધુ; તે તો માનજે વચન વિધાતા, સાધુ. ૨૨

પૂર્વછાયો.

વચન વિધાતાતણાં, જે કહ્યાં શ્રીજગદીશ;
સાહે થયા છે સંતને, માધવે મેલી રીશ. ૨૩

કેશવે કમળા તેડિયાં, વિશ્વજનેતા એહ;
રાજ્યાભિષેક કરે ત્યાં,શિર મોતી વરસે મેહ. ૨૪
સિંહાસન બેસાડિયો, છાયો રાજકુમાર;
સૂર સઘળા સંતોખિયા, વરત્યો તે જેજેકાર. ૨૫

કડવું ૪૦ મું-વલણ

વળી વળી બોલ્યા તે મુનિ મહાજંનજી, સાંભળ રાજા ભાવ અનંતજી;
પ્રભુએ સંતોખ્યા સૂર સંતજી, થયા સેવકને પ્રભુ પ્રસંનજી. ૧

ઉથલો

સેવકને પ્રભુ પ્રસન્ન થયા, આપ્યું અનોપમ રાજ;
નારાયણ નરહરિ હુવા, તે અસૂર હરવા કાજ. ૨

રાગ ધનાશ્રીની દેશી

નારાયણ નરસિંહ સ્વરૂપે, પ્રગટ્યા વચન વિપ્રને માટેજી;
હિરણ્યકશ્યપ દાનવને મારી, પ્રહ્લાદ બેસાડ્યો પાટેજી. ૩
આપ્યું રાજ અખિલ અવનીનું, કોએ ન શકે કોપીજી;
હરિજન સહુને સંતોખીને, લાજ લગારે ન લોપીજી. ૪
વૈષ્ણવ ધર્મ વાધ્યો ઘણું જુગમાં, આણ અનંતની વરતીજી;
ત્રિલોક જાગી ગાય હરિ જશ, કીરતન હરિનું કરતીજી. ૫
ઘેર ઘેર હરિ મંદીર ગુણ સુંદર, માંહે દામોદર દેવજી;
બોચ્છવ વરત આનંદ અહરનિશ, કરે પ્રભુજીની સેવજી. ૬
જગન જાપ જગ તપ ઋષિ સાધે, ખંતે કરે નિત્ય કરમજી;
અવની સ્વસ્થ અનંત આરાધે, વાધ્યો ધરાપર ધરમજી. ૭
અવની કામદુધા ઘેર દૂઝે, વ્યોમથી વરસે ક્ષીરજી;
દિન વરસાત મેઘ નવ સૂકે, માગ્યાં તે મૂકે નીરજી. ૮
સુરજ અનંત તપે નહીં સઘળે, સિંચે સુધા બહુ સોમજી;
ભાર અઢાર ફુલી વનસ્પતિ, ભાર ન ઝીલે ભોમજી. ૯
નદી નવાણું વિમલ જળ વાયુ, સાગર પામ્યો શાંતિજી;
પાવક ચંદ્ર રવિ ઊડગણની, બોપે અનોપમ કાંતિજી. ૧૦
એણીપેરે સ્વસ્થ થયું સચરાચર, અદ્‌ભુત આનંદ પામ્યાજી;
દેવ સમસ્ત વસ્યા નીજ સ્થાનક, દૈતતણાં દુઃખ વામ્યાજી. ૧૧
ભાગ્યો ભય અસૂર લોક સરવનો, પ્રભુ તણે પરતાપેજી;
ભકત ઉગાર્યા અસૂર સંહાર્યા, અવિચલ નરહરિ આપેજી. ૧૨

હિરણ્યકશિપને હિરણ્યાક્ષ, એણીપેરે વિષ્ણુએ સંહાર્યાજી;
પુનરપિ રાવણ કુંભકર્ણ થઈ, પૃથ્વીમાંહે પધાર્યાજી. ૧૩
તેણે નવ ખટ માસ તપ સાધી, ઈશ્વરને ઉપાસીજી;
ચોકડી ચૌદનું રાજ લઇને, લંકા કનકપુરી વાસીજી. ૧૪
ગરવ કર્યો તેણે ત્રણ ભુવનમાં, સુરપતિને દંડ દીધોજી;
તેનો મદ હરવા શ્રી રામે, રઘુકુલ અવતાર લીધોજી. ૧૫
જેને દશ મસ્તક વિશ ભુજા, બળવંત એથી બીતાજી;
જેણે રામશું રાઢ લગાડી, ગ્રહી ગયો માત સીતાજી. ૧૬
ત્યારે પ્રભુજીએ જળમાં શલ્યા તારી, હનુમંતે લંકા પ્રજાળીજી;
રાવણનાં દશ મસ્તક છેદી, જનકતનયા વાળીજી. ૧૭
ત્યારપછી હુવા પરજુગમાં, અંત આરંભ કળીકાળજી;
એ બેહુ દાનવ ફરી અવતર્યા, દંતવક્ત્ર શિશુપાલજી. ૧૮
પરિઘ્રહ્મ જય વિજયકેરા, સેવક ઋષિને શાપેજી;
અવતાર ત્રણે થયા જુગમાંહે, સંત પિતા સંતાપેજી. ૧૯
આદ્ય પ્રભુની ઇચ્છા હતી, જુદ્ધ કરવાને કાજેજી;
તે માટે પારસ્વદને પાડી, પ્રગટ થયા મહારાજજી. ૨૦
શાપ દીધો મુનિવરે તેને, અવતરવું પડશું સાથજી;
પેલા ભક્ત પ્રહ્લાદ થયા તે, સનક ઋષિ સાક્ષાતજી. ૨૧
રાવણ બાંધવ ભક્ત વિભીષણ, તે પણ ઋષિ અવતારજી;
દ્વાપરમાં શિશુપાલની સન્મુખ, ભીમક સનતકુમારજી. ૨૨
કમળાજીએ કીધો ક્રોધ લગારક, વસ્યો સેવકનો વંકજી;
તેણે અધમ અવતાર ધર્યો તે, જાનકી લઈ ગયો લંકજી. ૨૩
ફરી થયો શિશુપાલ પ્રબળ નર, કીધું તે કમળાનું ફોડજી;
શ્રી કૃષ્ણજીએ તેનો ગર્વ ઉતાર્યો, રુક્મિણી સખા રણછોડજી. ૨૪
તે માટે તારી સન્મુખ રાજા, શ્રીવરે માર્યો શિશુપાલજી;
ત્રણ જન્મ થયા પોળિયાને, મોક્ષ આપ્યો ગોપાલજી. ૨૫
અધમ ઓધાર્યા દેવ ઉગાર્યા, સાર્યા તે સર્વના અર્થજી;
ભગતવચ્છલ પ્રભુ નવ ભૂલે, સરવથા સમર્થજી. ૨૬
પૂરણ ભગત પ્રહ્લાદ પ્રભુનો, ભક્તિ કીધી રુડી રીતજી;
પિતાએ પ્રભવ્યો ભલી ભાતે, તોએ ન મૂકી પ્રીતજી. ૨૭

ક્ષણું રાચે નાચે નીજ લધને, ક્ષણું જાચે જગદીશજી;
ક્ષણું એક રહે ક્ષણું એક બેસે, મન પ્રેમથી રાખે પિતાજી. ૨૮
શીખે ગાયે ને સાંભળે કોઈ, નરસિંહનાં ચરિત્રજી;
પૂરણ ભક્તિ કરે પ્રભુની, થાય તે પુણ્ય પવિત્રજી. ૨૯
પરમેશ્વર પોતાના જાણી, એ મુજને વિશ્વાસજી;
બેહુ કર જોડી એણીપેરે બોલ્યા, કવિ તે કાળીદાસજી. ૩૦
મોટો મહિમા હરિજનકેરો, જગત સુરાસુર જાણેજી;
સંક્ષેપે કહે સ્મરણ માત્રે, બોલ્યા તે બુદ્ધ પ્રમાણેજી. ૩૧
સહજે પાતિક પ્રલ્લે થાયે, ગુણ ગોવિંદના ગાતાંજી;
ઘેર બેઠાં જન જે પુણ્ય પામે, તે પુણ્ય તીરથ જાતાંજી. ૩૨

પૂર્વછાંયો

તે પુણ્ય તીર્થો દૃઢ જાય, કરે માર્જન સ્નાન;
તે પુણ્ય ઘેર બેઠાં મળે, ભજતાં શ્રીભગવાન. ૩૩
પ્રયાગ માંડે માધ નાહે, કોટી કલંક જાય;
તે પુણ્ય તોળતાં હરિ, નામ તુલ્ય નવ થાય. ૩૪
ગયા શ્રાદ્ધ ભાસ પ્રભાસ પ્રાચી, પિત્રને પિંડદાન;
તેણે ગતિ થાય પ્રેતની, હરિ જપે મહા પુણ્યદાન. ૩૫
જેણે સમર્યા શ્રીહરિ, ભાવ રાખી મંન;
તેના પૂર્વજ મોક્ષ પામે, પહોંચે સ્વર્ગ ભુવંન. ૩૬
કોટી સુરભિ ગ્રહણ સમે, આપે કાશીમાંહે;
દશ સહસ્ર મુખ મેરુ કનકના, તે પુણ્ય નવ થાયે. ૩૭
પાપ નાશે પૂર્વ કૃત્યનાં, બ્રહ્મહત્યાદિક જેહ;
આ ભવમાં નવ લાગે પરાભવ, ભક્ત દુર્લભ દેહ. ૩૮
જેણે હરિ નવ ભજ્યા, તેના ભુવનમોજાર;
ચિંતામણિ જે કર વિષે, તે નાંખિયું નીર અપાર. ૩૯
મંદમતિ ગોવિંદને મેલી, કાં મેલી કામને કાજ;
છલ વછલ નીશ દીન કરે, વઢતો ન આવે વાજ. ૪૦
જગદીશની ઇચ્છા ન જાણે, આણે મન અભિમાન;
વિષયીને મન ભોગ વહાલા, ભક્તને ભગવાન. ૪૧

ઉથલો

ભક્તને ભગવાનરે, મનમાં વહાલા છે સદા;
મોહ માયા લોભ મેલી, રામ સમરો સર્વદા. ૪૨

સંત દેખી કનક કામિની, હરખ હારે ઉરનો;
વ્યાલને જેમ વિષ લાગે, મધુર શબ્દ મયૂરનો. ૪૩
જેણે ચાખ્યો રામરસ, તેને અવર રસ અળખામણો;
સરસ મણિધર નિશા કરે, ધંધો ધુત્રવાદીતણો. ૪૪
સંસારમાં આ સંતના, મનમાં વસે વિષ પાન;
જ્વર ચડે ત્યારે ઝેર લાગે, મનુષ્યને મિષ્ટાન્ન. ૪૫
તેવી ભક્તિ પ્રહ્લાદજીની, સંસારકેરું સુખ;
રાજનું કારજ કરે, પણ રામ સમરે મુખ. ૪૬
તે માટે હરિભજન કરતાં, તજે આળસ મંન;
મનુષ્ય દેહે તુજને મળી, કરો સર્વ સાધંન. ૪૭
પ્રહ્લાદ નારદ પરાશર, પુંડરીક ને વેદ વ્યાસ;
સનક અંબરીષ નારદાદિક ને, ભીમક પ્રભુના દાસ. ૪૮
રાય રુકમાંગદ ને વિભીષણ, વળી ધનંજય ભક્ત;
પ્રગટ થયા પૃથ્વી વિષે, જાણે સુરાસુર જગત. ૪૯
હનુમાન દ્રૌપદી યુધિષ્ઠિર, સુદામાદિક સંત;
તે નવ મેલે મુખથકી, મહીમા ઘણો ભગવંત. ૫૦
ભક્ત પ્રભુના કળિ વિષે, થયા તે માનવદેહ;
દેવને દુરલભ થયા, વૈકુંઠ પહોંતા તેહ. ૫૧
ભજન કરતાં જનતણી, જગદીશ ઝાલે બાંહ;
ઇંદ્રનો અધિકાર આપે, કોમળ મહેલોમાંહે. ૫૨
તે માટે પ્રહ્લાદના, આખ્યાનનો અભ્યાસ;
પ્રાકૃત વાણી મંન જાણી, કહ્યો કાળિદાસ. ૫૩
સંવત સંખ્યા પુરાણે, શૃંગાર ઉપર એક;
ચૈત્ર સુદ એકાદશી, થયો ગ્રંથ વિષ્ણુવિવેક. ૫૪
સ્નેહે ગાય ને સાંભળે, પ્રહ્લાદનું આખ્યાન;
થાય જેજેકારરે, તેની સાર લે ભગવાન. ૫૫
એહુ કર જોડી કહે કવિ, મંદમતિ કાળિદાસ;
પ્રહ્લાદની સુણતાં કથા, પહોંચે તે મનની આશ. ૫૬

ઉથલો

પોંચે મનની આશરે, પ્રહ્લાદને નામે કરી;
સર્વ શ્રોતાજન સુણો, એકવાર બોલો જેજે હરી. ૫૭

ધ્રુવાખ્યાન

ચંદ્રાવળા

શ્રીગુરુ ગોવિંદને વરણવું, પ્રેમશું .લાગું પાય,
આરાધું અવિનાશી એવા, આદિ નિરંજન રાય;
આદિ નિરંજન અકળ સ્વરૂપ, રામે લીધાં રમવા રૂપ,
સૃષ્ટિ નિપાવા થઈ મનસાય, સુભટ થઇ પોઢયા જળમાંય. જેજે વૈકુંઠ. ૧
હરિ જળમાં પોઢયા સહિ, શેષ નાગ ઉપર તે જાય,
નારાયણના નાભિકમળથી, બ્રહ્મા પ્રગટ જ થાય;
બ્રહ્માના સ્વાયંભૂ તન, તેના પાંચે પુત્ર પાવન,
ત્રણ કન્યા બે પુત્ર વિખ્યાત, પ્રિયવ્રત ને ઉત્તાનપાદ. જેજે. ૨
ઉત્તાનપાદ નર નીપનો, રાજા પરમનિધાન,
અનુપમ બે સુંદરી તેનાં, સુરતિ સુમતિ નામ;
સુરતિ ઉપર નહિરે માન, ધ્રુવજી તેના એક સંતાન,
સુમતિ ઉપર છે ઘણું હેત, તેનો કુંવર ઉત્તમ એક. જેજે. ૩
ઉત્તમ ઊછંગે બેસાર્યો રાયે, સભામાંહિ એકવાર,
લાડ લડાવે પ્રેમશું રાણી, હૈડે હરખ અપાર;
હરખ ન માયે હૈડામાંય, ધ્રુવજી રમતા આવ્યા ત્યાંય,
ઉછંગ બેસવા કીધાં મંન, અપર મા કહે કઠણ વચંન. જેજે. ૪
સુમતિ–અપર મા એમ બોલ્યાં ભુંડા, એ સુખ તુજને કયાંથી,
અભાગિણીના પેટતણા તું, જાને અકરમી ઇહાંથી;
ઇહાંથી જઈ વનમાં તપ માંડ, હરિ ભજીને કાયા છાંડ,
ફરી જનમ લે મારે શરીર, તો તને રાજ અપાવીશ વીર. જેજે. ૫
વચનો વનિતાનાં સાંભળી, ઊતર્યો મોંનો રંગ,
સભા તે સઘળી દેખતાં, ધ્રુવજી થયા મન ભંગ;
મનભંગ થઈ નાંખ્યો નિઃશ્વાસ, રોતા આવ્યા માતની પાસ,
માયે ચાંપ્યા હૃદિયા સાથ, કહે કુંવર કોણે દુભવ્યા આજ. જેજે. ૬
ધ્રુવ–આજ સભામાં માવડિ બેઠો, ઉત્તમ રાયને ખોળે,
ઉછંગ બેસવા હું ગયો ત્યારે, અપર મા એમ બોલે;

અપર કહે અભાગિણિ ફેરા, સુખ વાંછો તો વન જાઓ સવેરા,
ફરી જનમ લે મારે શરીર, તો તને રાજ અપાવિશ વીર. જોજો. ૭
સુરતિ–વળતી માતા ઉચરે કુંવર, હૈડે ન ધરિયે દુઃખ,
પૂરણ પુન્ય કિધાં હશે ત્યારે, તે ભોગવે છે સૂખ;
સુખ આપણને કયાંથી વ્હાલા, નિયમ ધર્મ કશા નથિ પાળ્યા,
નથિ સંતોષ્યા જોગી જતી, તપ તિરથ વ્રત કીધાં નથી. જોજો. ૮
નથિ સંતોષ્યા સાધુને, નથિ આપ્યાં વિપ્રને દાન,
ઓછાં કરમ જ્યાં આપણાં, ત્યાં ક્યાંથી રાયનાં માન;
માન ભોગવે ઉત્તમ નિત્ય, દત્ત વિના ક્યમ પામીએ વિત્ત,
જો હોય ઇંદ્રાસનનો ખપ, તો કુંવર જૈ માંડો તપ. જોજો. ૯
તપ માંડ્યો બ્રહ્માજિયે ત્યારે, પામ્યા પદ્માસન,
સેવા કિધિ મનભાવતિ ત્યારે, પ્રગટ્યા નારદ મૂન;
મુનિયે માંડ્યો મોટો જાગ, તપ તીરથ વ્રત થયાં સુભાગ,
જો કરિયે શ્રીહરિ પ્રસન્ન, તો અભાગિયાં ટળીયે તંન. જોજો. ૧૦
ધ્રુવ–તને અભાગિણિ હું ટાળું મા, ધ્રુંરે તમારો તંન,
વનમાં જાઉં વેગે કરિને, સુભ સંભારું નહિ અન્ય;
સુખ સંભારે સાલે જેહ, વિશ્વંભરે પરઠિયો દેહ,
હરિ મળે તો તાપ ઓલાય, નહિતર પ્રાણ તજું વનમાંય. જોજો. ૧૧
સુરતિ–માતાને આંસૂ આવીયાં ને, અંતર ઉપની દાઝ,
રાજાએ મને પરહરિ કુંવર, તુંએ કરે છે તાજ;
તૂજ વિના હું રહીશ કેમ, ટોળાં વછુટી મૃગલી જેમ,
જળ વિના જેવી માછલી, મારા પ્રાણ જશે ટળવળી. જોજો. ૧૨
ધ્રુવ–ટળટળ મા રે માવડિ તું હવે, દુઃખનો આવ્યો અંત,
બિજ રોપાવિશ સુખનું તેને, ફળ લાગશે અનંત;
અનંત કરુણા કરશે હરિ, આપણિ આશા પુરશે ખરી,
એછે સાચે અનાથનો નાથ, તેને ભજવા જાઉંરે માત. જોજો. ૧૩
સુરતિ–વળી માતા એમ ઉચરે કુંવર, પાંચ વર્ષનો તંન,
બીજું બાળક એક નથી, કેમ હું વાળું મંન;
કેમ મોકલું વનની વાટે, કહેતાં મારાં હૈડાં ફાટે,
આંખનિ આગળ રહોરે બાળ, ઘેર બેઠા ભજિયે ગોપાળ. જોજો. ૧૪

ધ્રુવ–ઘે ગોપાળ ન પામિયે, મનમાં મોહ ઉપજે માય ખાતાં,
ખાતાં પીતાં પહેરતાં માતા, કેમ દમાશે કાય;
કાયા દમતાં સરશે કાજ, તપ કરતાં મળશે મહારાજ,
વનમાં જૈ વહેલેા આવીશ, માતા દેા મુજને આશીષ. જેજે. ૧૫

સુરતિ–આશિષ દે છે માવડી સુતને, હજો કુશળ કલ્યાણ,
મસ્તકે રક્ષા માતનિ–કંઠે, કૃષ્ણની રક્ષા જાણ;
કંઠે કરજો કૃષ્ણ રક્ષણ, ઉરની આગળ નારાયણ,
કટી કેશવ પુરુષોત્તમ પાય, એવી આશિષ દે છે માય. જેજે. ૧૬
માને આંસૂ આવ્યાં ત્યારે, થંભિને રાખ્યાં નીર,
મારી જીભે કેમ કહું વળિ, વનમાં વિચરેા વીર;
વીર વચન દેાનાં નવ ધરશેા, તપ કરતાં માયા નવ કરશેા,
તપથી તમને મળશે હરિ, વીરા વેગે પધારજો ફરી. જેજે. ૧૭

કવિ–ફેરા ફરિયેા માતાનેરે, ફરીને લાગ્યેા ચર્ણ,
આજ્ઞા માગીને સંચર્યો, વંદીને શુભ શૂકન;
શુકને મળી સવત્સી ગાય, સુવાસિણી બેડું ભરી જાય,
વરકન્યા પરણીને વળ્યાં, વેદ ભણંતા વિપ્ર જ મળ્યા. જેજે. ૧૮
મળ્યાં શુકન સહુ હર્ખનાં ધ્રુવજી, નિકળ્યા નગર બહાર,
આગળ જાતાં ધ્રુવજીનેરે, મળિયા બ્રહ્મકુમાર;
બ્રહ્મકુંવર ભગવાનને ચાહતા, હરિગુણ ગાતા વેણુ સુવાતા,
કરજોડી કહે છે ભુપતન, ક્ષમા કરેા તમે નારદ મુન્ય. જેજે. ૧૯

નારદ–નારદ કહે શીદ જાએા છેા, શું છે તમારે કામ,
કેાણ તમારાં માતપિતા, શું છે તમારું નામ;

ધ્રુવ–મારું નામ છે ધ્રુવ નિર્ધાર, મારા પિતાને બે છે નાર,
રાવ રાણા બેઠા સહુ રંગ, ઉત્તમને તેડ્યો ઉછંગ. જેજે. ૨૦
ઉછંગે બેસવા હું ગયેા મારી, ખાંત હૈયાની બેાલી,
દૃષ્ટિએ મુજને દીઠેા ત્યારે, અપર મા એમ બેાલિ;
અપર કહે અભાગિણીકેરા, જે સુખ વાંછેા વન જાએા વેલા,
ફરી જનમ લે મારે પેટ, તેા તને રાજ અપાવિશ નેટ. જેજે. ૨૧
નેટ નારદ કેમ ભાંગવું, એનું આપ્યું ધન,
સભા સધળી દેખતાં, મને કહ્યાં કઠણ વચંન;

કઠણ વચન તે કેમ વિસરે, લોઢા સમ હોય તો નીસરે,
ખડ્ગતણો તો સહિયે ઘાય, પણ એ બોલ સહ્યા નવ જાય. જોજો. ૨૨
નારદ-જારે ઘેલા અત્યારથી, તે તું એવડો શો ધરે કાળ,
માન કુમાન શું તારે, તું તો પાંચ વર્ષનું બાળ;
બાળકને મા ધરવા બોલ, ખાઓ પીઓ ને કરો કલ્લોલ,
અપર માનાં એવાં હેત, વિસારીને વાળો ચેત. જોજો. ૨૩
ધ્રુવ-ચિત્ત તે કઇપેર વાળિયે મને, બોલાવ્યો નહીં બાપ,
કશાયમાં લેખ્યો નહિ હુંને, ઊકળું છું તે તાપ;
નારદ-તાપ કુંવર નહીં આણિએ રતી, સુખદુઃખનું કોઈ સરિગત નથી,
હરિયે નિર્મ્યું તેમ જ હોય, કર્યાં કરમ છોડાવે નહિ કોય. જોજો. ૨૪
કો કાળે વૃદ્ધિ હાણ છે તેનો, ન ધરો હર્ખ ને શોક,
અણચિંતવ્યું જે આવી મળે, તેનો ધર સંતોષ;
સંતોષ કુંવર ઘેર પધારો, અપર માના બોલ વિસારો,
આવ કુંવર તારા બાપને કહું, રાજ અપાવું ને માને સહુ. જોજો. ૨૫
ધ્રુવ-સભામાં શું દેખાડિયે, સૌકામાં વળિ નાક,
સભામાં જ્યારે શોભશું, મન પૂરશે અભિલાખ;
લાખ લાખેણો કરશે હરિ, ત્યારે મંદિર આવીશ ફરી,
તપ કરતાં જો હરિ નહિ મળે, તો મુજ પ્રાણું તજિશ બહુ બળે. જોજો. ૨૬
નારદ-બળ કીધે હરિ નહિ મળે, માનો મારું વચંન,
જન્મથકી જોગી દેહ દમે, સ્વપ્ને નહિ દર્શન;
દર્શન તમને કેમ આપશે, વન જઇને વિમાસણ થશે,
વાઘ વરુ વનમાં બહુ હશે, તે દેખીને તન ધ્રુજશે. જોજો. ૨૭
જાશે ચિત્ત સંસારમાં ત્યારે, સાંભરશે રંગભોગ,
ભૂખ તરશ જ્યારે લાગશે, ત્યારે કુંવર મૂકશો જોગ;
ધ્રુવ-જોગ ઋષિ નહિ મૂકું સ્વામ, મન ઇંદ્રિયો રાખીશ ઠામ,
મેરુ ચળે પણ હું ચળું નહીં, ઋષિજી તમ પરતાપે સહી. જોજો. ૨૮
નારદ-ઋષિ કહે તું નિસર્યો ત્યારે, જને મધુવનમાંય,
જમનાજીમાં નાહિને તું, તપ આદરજે ત્યાંય;
ત્યાં જઈ કરજે અલ્પાશંન, જળ પત્ર ને ફળ પ્રાશંન,
વળિ તું ભજજે હરિનું નામ, સ્વરૂપ સમરજે શ્રીઘનશ્યામ. જોજો. ૨૯

સ્યામને શિશ મુગટ છે–કાને, કુંડળ મકરાકાર,
કંઠે કૌસ્તુભ કટિમેખલા, પાય નેપુર ઝણુકાર;
પાય પદ્મ શંખ ચક્ર ને ગદા, એવું સ્વરૂપ સમરજ્યે સદા,
કાનમાં અક્ષર કહું છું જેહ, દ્વાદશ અક્ષર ભણુજ્યે તેહ. જેજે. ૩૦
એ કરતાં ખટ માસમાં તુજને, મળશે વૈકુંઠનાથ,
કવિ–આશિર્વાદ દેઈ દાસને, મસ્તક મુકયો હાથ;
હાથ જોડી ધ્રુવ લાગ્યો ચરણ, આજ્ઞા માંગી વિચર્યો અરણ,
એહ કથા રહી એણે ઠામ, ઋષિ પધાર્યા રાયને ગામ. જેજે. ૩૧
મુનિ આવ્યા મહરાજને જેવા, રાયતણું સુખ મન,
માન દિધાં બ્રહ્મપુત્રને, વળિ આપ્યાં આસંન;
આપ્યાં આસન બેઠા ઋષિ, આશા ઉત્તમ તાતને વસી,
રાજા–આ શાંરે ઋષિ સુખનાં રાજ, ધ્રુવ વિના ચિંતા અતિ આજ. જેજે. ૩૨
આજ સભામાં ઋષિજી મારે, ઉત્તમ બોળામાંય,
ધ્રુવજી હોય તો આજ વધે બહુ, ઉછંગની શોભાય;
ઉછંગે બેસવા ધ્રુવજી આવ્યો, તેને તો મેં નવ બોલાવ્યો,
સ્ત્રીને વરાંશે વિસર્યું બાળ, અપર માયે દીધી ગાળ. જેજે. ૩૩
ઋષિ એ વચને નીસરિયોરે, વીરો ગયો છે વંન,
વનમાં વાઘ વરુ હશે તેને, દેખી ધ્રુજશે તંન;
તન ધ્રુજશે રે તડકે ટાઢે, મંદિરમાં માલતો લાડે,
વાયુ વૃષ્ટિ કેમ સહેશે કુમાર, એની કાયા કોમળ સાર. જેજે. ૩૪
કોમળ પટકુળ પહેરતો કેમ, ઓઢશે મૃગચર્મ તેહ,
મસ્તક બાંધતો મોળિયું કેમ, જટા રાખશે એહ;
એહ આનંદે હરતો ફરતો, ઘોડાની અસ્વારી કરતો,
કાંટામાં તેમ સૂરો બાળ, એની શય્યા અહિં છે સાર. જેજે. ૩૫
સારા અન્ન આરોગતો તે, ફળપત્રો કેમ ખાશે?
પાણી પીતો પળે પળે તે, જળવિણ કેમ રહેવાશે?
તેનિ વતી રહેવાશે કેમ? તેહ વિના હું દાઝું એમ,
સૂધ વિનાનો થયો શરીર, વિસરતો નથિ તેહ જ વીર. જેજે. ૩૬
વળિ વીરો અહિયાં આવતો, રમતો રંગ અપાર,
ભૂખ તરસ જ્યારે લાગતી, સુખડિ માગતો સાર;

સારી સુખડી સુંદર મેવો, કાલું કાલું બોલતો એવો,
તેણે અમને કીધાં તાજ, પુત્ર વિના શું કરવું રાજ. જોજો. ૩૭
શું કરિયે વડિ સાહેબી, ચિત્ત ઠરતું નથી કોઈ ઠામ,
શું કરિયે આ રાજ અને શું, કરિયે ધન ને ધામ;
ધન ગયું અમારે આજ, પુત્ર વિના સૌ સૂનો સાજ,
પુત્ર વિના હું દુર્બળ દુઃખી, મારા પ્રાણ જશે રે ઋખી. જોજો. ૩૮
નારદ–ઋષિ કહે તમે મા રુવો, મને મળ્યો હતો તે બાળ,
આશિર્વાદ દેઈ મોકલ્યો, ભજવા શ્રી ગોપાળ;
ગોપાળ ભજશે દિવસ થોડે, કુંવર ઘેર પધારશે કોડે,
માંડો રાજ ને છાંડો દુઃખ, એવું કહિને વળિયા ઋખ. જોજો. ૩૯
કવિ–ઋષિને ચરણે લાગીને ધ્રુવ, વિચર્યો વનમોઝાર,
મધુવન પોંચ્યો પ્રેમથિ કીધો, ત્યાં જઈ મન વિચાર;
ત્યાં જઈ માસ કિધા ઉપવાસ, બીજે માસે ફળકંદ પ્રાસ,
ત્રીજે માસ છઠે દિન એમ, ચોથે માસે જળના નેમ. જોજો. ૪૦
નેમ ધરીને નેહથકિ ભજે, ઈશ્વર અશરણશરણ,
પાંચમે પ્રાણ જ. રંધિયા ધ્રુવજી, ઉભા રહ્યા એક ચરણ;
ચરણ ચતુરભુજ ચિત્તમાં ધર્યાં, દ્વાદશ અક્ષર મનમાં ભણ્યા,
એમ કરતાં વિત્યા ખટ માસ, હૃદિયામાં ઓળખ્યા અવિનાશ. જોજો. ૪૧
અવિનાશીને ઓળખિયારે, એમ ઉભો રાજંન,
પૃથ્વી લાગી ડોલવા ત્યારે, ડોલિયું ઈંદ્રાસન;
ઈંદ્ર અમર સૌ એકઠા થયા, વેગે કરિ વૈકુંઠે ગયા,
જઈ કેશવને લાગ્યા પાય, મધુવનમાં કોઈ કષ્ટે કાય. જોજો. ૪૨
દેવતા–કાયા કષ્ટી વશ રાખવી એ, ઈંદ્રી મન અચેત,
અચરત એ તો અતી ઘણું એમ, બોલ્યા અમર ધરિ હેત;
અમર કહે અમને બિક લાગી, રખે લિયે ઈંદ્રાસન માગી,
વિષ્ણુ–વિષ્ણુ કહે સાંભળ સુરપતિ, રાજભોગ એ ઇચ્છતો નથી. જોજો. ૪૩
નથી ઈચ્છતો સંપત્તિને કે, નથી ઈચ્છતો સુખ તેહ,
ચરણ ધર્યાં ચિત્તે મારાં ક્ષણું, અળગો ન મુજથી એહ;
મુજથકી અળગો નહિ એહ, એણે દંમી છે પૂરણ દેહ,
સદા સ્મરણ રાખે એ મારું, કહેનિ એને કેમ વિસારું. જોજો. ૪૪

વીસાર્યો વિસરે નહિ એને, આપિશ અવિચળ અર્થ,
નામ નહીં લે તે તમતણું, કાંય બિહોછો વ્યર્થ;
કવિ–ઇંદ્રતણી આસવાસના કરી, સુરથાનક મોકલિયા ફરી,
ગરુડે ચડી ચાલ્યા શ્રીહરી, વનમાં આવ્યા વેગે કરી. જોજો. ૪૫
કર્યો નાદ જ્યારે શંખનો ત્યારે, ધ્યાનમાંથી ધ્રુવ જાગ્યા,
નેત્ર ભરી નીહાળીનેરે, પ્રેમશું પાયે લાગ્યા;
પ્રેમે કરિ પરણામ્યા નાથ, હરિએ મેલ્યો મસ્તક હાથ,
નિર્મલ વાણી હવી પ્રકાશ, સ્તુતિ કરે કરજોડી દાસ. જોજો. ૪૬
ધ્રુવ-દાસ દયાળને વિનવો તમો, સર્વ જગતના ભૂપ,
અકળ તમારી ગતિ છે ન્યારી, અકળ તમારું સ્વરૂપ;
સ્વરૂપ નામ તમારું જોહ, ગણતાં પાર ન પામું તોહ,
સઘળી વાતે છો તમે શ્યામ, પ્રાણીમાત્ર કરે પ્રણામ. જોજો. ૪૭
પરણામી પરમાત્મા શ્રીહરિ, સારંગ પાણી હોય,
અદ્‌ભુત શક્તિ આપની તારો, પાર ન જાણે કોય;
પાર ન જાણે કોય લગાર, હું કેમ પામિશ તારો પાર,
એવું સુણિ હરખ્યા નરહર, કુંવર કંઇએક માગ્ય તું વર. જોજો. ૪૮
વર કેમ માગું વિહલા હું તો, કરિશ તમારી સેવા,
વિષયભોગ સંસાર છે એ તો, સુપનાનાં સુખ જેવા;
સુપના જેવી કાચી કાયા, સંસારની ધરવી શી માયા,
માયામાં નં મને મોકલો, વાહીને ન કરો વેગળો. જોજો. ૪૯
વિષ્ણુ–વેગળો વીરા ક્ષણું ન કરું વળિ, તું વહેલો આવીશ,
જે ફળ દુર્લભ દેવને મળવું, તે ફળ તું પામીશ;
તે ફળ તુજને આપું આજ, સંસારમાં તારિ ન રહે લાજ,
લોક કહે રઝળીને મુવો, સ્વજનોમાંથી પડ્યો જુજવો. જોજો. ૫૦
પડ્યો સ્વજનથી જુજવો ત્યારે, સુરતિને દુઃખ થાય,
ઘેર જને વીરા તું તારી, વાટ જુવે છે માય;
માને બાપતણાં દુઃખ કાપો, ઇહાંથિ જૈને સૌને સુખ આપો,
મારી આજ્ઞા પાળજ, છત્રિશ હજાર વર્ષ ભોગવ રાજ. જોજો. ૫૧
રાજ ભોગવી તું આવજે તને, મોકલીશ એક વિમાન,
તેમાં બેસી તું આવજે, તારું થશે જગતમાં જાણ;

જાણ જગતમાં થાશે રાય, તેણે વધશે તુજ મહિમાય,
કવિ–આપી વચન વળ્યા ગોપાળ, જમુનાજીમાં નાહ્યું બાળ. જેજે. ૫૨
બાળકને મારગમાં જાતાં, ઉપન્યો મંન વિચાર,
જે ફળ દુર્લભ દેવ ગણે તે, મને મળ્યા મોરાર;
મળ્યા મોરાર પણ હું નહિ ફાવ્યો, હરિ તજીને માયા લાવ્યો,
આગળ ઋષિજી કહેતા એમ, તમને ત્રિકમ મળશે કેમ. જેજે. ૫૩
મુજને ત્રિકમજી મળ્યા મેં તો, જાવા દીધા ફોક,
ફરી જઇશું સંસારમાં મને, હસશે દુરીજન લોક;
લોક કહેશે એને બુદ્ધિ થોડી, રત્ન આપીએ લાવ્યો કોડી,
પણ એક જશ હું મોટો લાવ્યો, હરિનાં દર્શન કરિને આવ્યો. જેજે. ૫૪
લોકો–હરિ દર્શન કરિને આવ્યોરે, રાય તમારો તંન,
રાજા–હું દુઃખિયાને શું હસોછોરે, તમે તે સર્વે જંન;
દુઃખિયાને હસવા સાચા, વને ગયા કેમ આવે પાછા,
વને ગયાને થયા ખટ માસ, તે કુંવરનો શો વિશ્વાસ. જેજે. ૫૫
કવિ–ઉર વિશ્વાસ ન આવ્યો ત્યારે, આવ્યા નારદ મૂત,
નારદ–હરિ દરશન કરિને આવ્યોરે, રાય તમારો તન;
રાય તમારો તન ઘણું જીવો, એ કુળમાં પ્રગટ્યો છે દીવો,
કવિ–વચન સુણી રીઝયા નરપતિ, વળતિ વધામણી આપી અતી. જેજે. ૫૬
વધામણીમાં આપ્યા રુડા, રાયે એકાવળ હાર,
રથે બેસિને સાંચરિયા, ને હાથે સુત બે નાર;
નારીને શિરે સુવરણ ઝારી, ભેટ ભલી લીધી છે ભારી,
રાય રથેથી ઉતર્યા જ્યારે, પુત્રે પરણામ્યા તે વારે. જેજે. ૫૭
ધ્રુવ–પ્રથમ પ્રણામ અપર માને, તેં ભેટાડ્યા શ્રીપત્ય,
સુમતિ–વળતી માતા એમ બોલ્યાં તું, વાણી બોલ્યો સત્ય;
વાણી બોલ્યો તે સત્ય કહી, આપણી આશા પૂરણ થઈ,
સુરતિ–વીરા હું જોતી હુતિ વાટ, તેં મારો ટાળ્યો ઉચ્ચાટ. જેજે. ૫૮
કવિ–ઉચાટ મનનો ટાળ્યો કુંવર, તેજ્યો આનંદ ભેર,
હેતનાં આંસુ આવ્યાં ત્યારે, દુધની ચાલી સેર;
સેર ચાલિ તે કુંવરે પીધી, માતાએ ઘણી આશિષ દીધી,
સુરતિ–ઘણાં વર્ષ જીવોરે તંન, તમે કર્યાં છે કુળ પાવંન. જેજે. ૫૯

પાવન કર્યાં કુળ આપણાં, વંશે વધાર્યો નામ,
મહિમા વધાર્યો જગતમાં તે, તેં ભજીને શ્રીરામ;
કવિ–રામ ભગત તડકામાં દીઠા, ઉત્તમે ત્યાં છાંયડા દીધા,
બન્ને ભાઇની પોતી રળી, હેતનાં આંસુ આવ્યાં વળી. જોજો. ૬૦
વળિ રોપાવ્યા બારણા આગળ, કોમળ કેળના થંભ,
અક્ષત અંકુર કુમકુમ ને જળ, ભરી ચડાવ્યા કુંભ;
કુંભ ઉપર અક્ષર લખિયા જ, ધ્રુવને અવિચળ હોજો રાજ,
ઢોલ દદામા ભેરી નાદ, ધ્રુવ પધાર્યા નિજ પ્રાસાદ. જોજો. ૬૧
પ્રાસાદમાંહિ પધાર્યા ત્યારે, હરખ્યો સઘળો સાથ,
ભાવતાં ભોજન પીરસ્યાં ત્યારે, કાઢિ વિવાહની વાત;
વિવાહ કિધો અહલ્યા સાથે, પ્રેમે કરિ પરણાવ્યા નાથે,
ઇંદ્રની કુંવરીને રાજકુમાર, ધ્રુવજી પરણ્યા બીજી નાર. જોજો. ૬૨
નારી સાથે રંગ રમે, સુખમાં કાઢે દંન,
રાજાયે વળિ તેને આપ્યું, પોતાનું આસંન;
આસને બેઠા ધ્રુવજી જાણ, વરતાવી પોતાની આણ,
શાસ્ત્ર પ્રમાણ કરી નિર્ધાર, વરતાવે વર્ણાશ્રમ ચાર. જોજો. ૬૩
વર્ણાશ્રમના ધર્મ બધાને, સમજાવે સૂજાણ,
ધ્રુવ–આપ આપના ધર્મ પાળિયે, જે લખ્યું હોય ગીર્વાણ;
ગિર્વાણ શાસ્ત્ર ભણેરે બ્રહ્મ, આયુધ બાંધવાં ક્ષત્રી ધર્મ,
વૈશ્યને કરવા ખેતિ વેપાર, શૂદ્રને સેવાનો અધિકાર. જોજો. ૬૪
સેવા તે સઘળી વરણને, હરિ ભજોને નિત્ય,
વરણ ધર્મ સૌ પાળિયે સાચું, બોલિયે તે શુભ રીત;
સાચું બોલિ સંતોષ વાળિયે, મોહ માયા મત્સર ટાળિયે,
ન કરો કૂડ કપટ અન્યાય, એટલિ શિખામણ દે છે રાય. જોજો. ૬૫
કવિ–છત્રિશ હજાર વર્ષ વહિ ગયાં ત્યારે, આવ્યું વિમાન પાસ,
વૈમાને બેસીને સંચર્યા, ધ્રુવજી ગયા આકાશ;
આકાશમાં ધ્રુવ બેઠા જઈ, અવિચળ પદ તો પામ્યા તહીં,
જે ગાય ધ્રુવનું આખ્યાન, તે તો પામે અવિચળ સ્થાન. જોજો. ૬૬

મુક્તાનંદ

—❀❀❀❀❀—

સ્વામીનારાયણ પંથના આ કવિનાં વૈરાગ્યનાં પદ બહુ ઉત્તમ છે.

—❀❀❀❀—

ઉદ્ધવગીતા

દોહરા

શ્રી રાધાવર રસિક પ્રભુ, કૃષ્ણદેવ સુખકંદ;
વિઘ્નવિનાશક કષ્ટહર, વંદું સદા જગવંદ. ૧
શ્રી ગોપિપતિ ચરણજ, વંદું વારંવાર;
ઉદ્ધવગીતા આદરું, હરિજનનો શણગાર. ૨
અક્ષરપર આનંદઘન, પુરુષોત્તમ પ્રભુ જેહ;
નિજ જનને સુખ આપવા, વ્રજમાં પ્રગટ્યા તેહ. ૩

કડવું ૧ લું–રાગ ધોળ

વાસુદેવ જગતગુરુ જેહરે, થયા કૃષ્ણસ્વરૂપે તેહરે;
જેને નિગમ નેતિ કરી ગાવેરે, જેના ગુણનો તે પાર ન આવેરે. ૧
કીધાં વ્રજમાં ચરિત્ર અપારરે, ગાતાં ભવજળ પામિયે પારરે;
રમ્યા વ્રજવનિતાને સંગરે, કીધો ગર્વરહીત અનંગરે. ૨
પછે મથુરા પધાર્યા મોરારીરે, તેને વિરહે દુઃખી વ્રજનારીરે;
જાણ્યું તે દુઃખ શ્રીબળવીરરે, તેઆ ઓધવ પરમ સુધીરરે. ૩
જાદવ મધ્ય જે શ્રેષ્ઠ કેવાયરે, વહાલા હરીને તેવર્ણ્યા ન જાયરે;
બુદ્ધિમાનને મહાત્મા તમ જેહરે, શિષ્ય દેવગુરુના છે તેહરે. ૪
એવું જાણીને અંતરજામીરે, કર સાહી કહે બહુ નામીરે;
તમે એકાંતિક જન મારારે, એક નિમેષ ન મેલું ન્યારારે. ૫
તો કામ પડ્યું તમ જેવુરે, જાવું પડશે જરુર છે એવુરે;
જાઓ ઓધવજી તમે આપરે, ટાળો માતાપિતાનો સંતાપરે. ૬
માતા જશોમતિ ને નંદરાયરે, સુખ પામે તે કરજો ઉપાયરે;
મુક્તાનંદને વહાલે કહ્યું એમરે, કરજો વ્રજજન રીઝે તેમરે. ૭

કડવું ૨ જું.

ગોપી જનને મારો છે વિજોગરે, એને એ જ થયો ઉર રોગરે;
મારે સંદેશે કરી વીરરે, ટાળો ગોપિકાનું દુઃખ ધીરરે. ૧
વ્રજનારીનું મન મારે પાસરે, મારે અર્થે તજી સુખ આશરે;
મારે અર્થે તજે સંસારરે, તેને પાળું હું કરી બહુ પ્યારરે. ૨
અતિ વહાલામાં વહાલો હું જેહરે, વસ્યો દૂર ગોકુળથકી તેહરે;
તેને સંભારી સૌ વ્રજનારીરે, અતિ વિરહે મુઝાય છે ભારીરે. ૩
અતિ કષ્ટે કરી સકુમારીરે, ધારે પ્રાણ તે મુજને સંસારીરે;
મુજને મળવાને જીવે છે એહરે, એમાં લેશ નહીં સંદેહરે. ૪
મુને અર્પ્યાં છે તન ધન પ્રાણરે, પ્રેમભક્તિનાં પરમ સુજ્ઞાણરે;
વ્રજનારી તો છે સર્વે મારીરે, જાઓ ઉદ્ધવ વગે વિચારીરે. ૫
એવું કહી પ્રભુ પરમ ઉદારરે, આપ્યો ઉરથી પ્રસાદીહારરે;
આપ્યાં આભ્રણ વસ્ત્ર અનૂપરે, જોતાં હરિ સરખું થયું રૂપરે. ૬
જાઓ રથપર બેસીને તાતરે, કહેજો મારા સંદેશાની વાતરે;
મુક્તાનંદ કહે હરિ સુખકારિરે, પ્રેર્યા ઓધવ પાત્ર વિચારરે. ૭

કડવું ૩ જું

એવી રિતે કહ્યું જદુનાથેરે, લિધાં વચન ચડાવીને માથેરે;
હરિચરણે નમાવીને શીશરે, ધાર્યાં અંતર શ્રી જગદીશરે. ૧
ચાલ્યા ઓદ્ધવ ગ્રહિને સંદેશરે, શોભે હરિસમ સુંદર વેશરે;
બેઠા રથપર લઈ હરિ નામરે, ચાલ્યા ઉદ્ધવ ગોકુળ ગામરે. ૨
રવિ અસ્ત થયો જ્યારેરે, આવ્યા ઉદ્ધવ વ્રજમાં ત્યારેરે;
નંદરાયનું વ્રજ ધણું શોભેરે, દેખિ મુનિવરનાં મન લોભેરે. ૩
ઉડે ગૌરજ ડમરિ ભારીરે, તેણે શોભે છે વ્રજ સુખકારીરે;
ધોળાં વાછડાં ધેનું અપારરે, એ છે વ્રજકેરો શણગારરે. ૪
ગાજે ગોકળિયું ગૌનાદેરે, ગોપી ગોપતણે સંવાદેરે;
ગાય ગોપીઓ હરિગુણ સારરે, વાય વાંસળી ગોપ અપારરે. ૫
તેણે શોભે છે ગોકુળ ગામરે, એને મધ્ય છે નંદનું ધામરે;
અગ્નિ અર્ક અતિથિ ને દેવરે, તેની ગોપ કરે બહુ સેવરે. ૬
ધુપ દીપ ને મંગલ સાજરે, શોભે ઘરઘર શ્રેષ્ઠ સમાજરે;
મુક્તાનંદ કહે ગોકુળ જોઈરે, રહ્યું ઓદ્ધવનું મન મોહીરે. ૭

કડવું ૪ થું

શોભા જોતાં ઓધવ હરિદાસરે, આવ્યા નંદના મંદિર પાસરે;
નંદરાયનું મંદિર સારરે, પાસે પુષ્પનાં વૃક્ષ અપારરે. ૧
તેમાં પંખી કરે બહુ નાદરે, જાણે ઓધવને દેશે સાદરે;
એવી શોભા તે જોતાં અપારરે, આવ્યા ઓધવજી નંદદ્વારરે. ૨
નિરખ્યા ઓધવને નંદરાયરે, જાણી હરિજન હરખ ન માયરે;
ભેટ્યા નંદ કહી શુભ વાણીરે, પૂજ્યા પુરુષોત્તમ સમ જાણીરે. ૩
મનવાંછિત અંન . જમાડીરે, પછે પલંગ ઉપર પધરાવીરે;
આપી પાનબીડી મુખવાસરે, બેઠા નંદ ઓધવજીની પાસરે. ૪
સુખે બેઠા તે ઓધવ જ્યારેરે, બોલ્યા નંદરાય હસી ત્યારેરે;
વાસુદેવ સખા મમ જેહરે, કેને ઓધવ સુખીયા છે તેહરે. ૫
એનો કુશળ છે સૌ પરિવારરે, કેને ઓધવ પરમ ઉદારરે;
મુવો પાપે પોતાને એ કંસરે, ગયો સેજે અધર્મીના વંશરે. ૬
પીજ્યા જાદવ . સર્વેને એણેરે, ગયો કંસનો વંશ તેણેરે;
કેને સુખીયા છે કૃષ્ણ ને રામરે, એ છે મુક્તા નંદના શ્યામરે. ૭

પદ ૧ લું–રાગ ગરબી

ઓધવ ક્યારે આવશે વનમાળીરે, થાય સુખિયા મોહન મુખ ભાળી. ઓધવ૦ ૧
ક્યારે મુજને સંભારે છે કહાનરે, નીજ માતાને કરુણાનિધાન;
અમને આઠ પ્હોર એનું ધ્યાન. ઓધવ૦ ૨
ક્યારે કહે છે ગોવાલુની વાતરે, જ્યારે ભેલા બેસે બેઉ ભ્રાતરે;
અમને મળશે કેદિ સાક્ષાત. ઓધવ૦ ૩
ગોપી ગોપને જમુનાનું વારીરે, ગાયું ગોવરધન સુખકારીરે;
કેદિ રિઝે છે વ્રજને સંભારી. ઓધવ૦ ૪
મુક્તાનંદના શ્યામને કાજરે, પૂછે ઓધવને વ્રજરાજરે;
અતિ દુઃખિયેા છે વ્રજનેા સમાજ. ઓધવ૦ ૫

કડવું ૫ મું–રાગ ધોળ

બોલ્યા નંદરાય ગ્રહિ પાણી, સુણેા ઓધવજી મારી વાણી;
દાવાનળથકી અમને ઉગાર્યા, વાયુ વૃષ્ટિનાં કષ્ટ નિવાર્યાં. ૧
વૃષભાસુર દુષ્ટને મારી, લીધાં કૃષ્ણજિયે અમને ઉગારી;
કાળીનાગ અઘાસૂર કાળ, તેથી અમને ઉગાર્યા દયાળ. ૨

આવ્યાં કષ્ટ દુરંત અપાર, તેથી કૃષ્ણજિયે કીધો ઉદ્ધાર;
ભારે દૈત મૃત્યુસમ જેહ, માર્યા કૃષ્ણ કૃપાનિધિ તેહ. ૩
લીલા કૃષ્ણની અતિ સુખકારી, હાય નિર્ખવું વચન સંભારી;
ઘરનું કામ ગમે નહિ કાંઈ, રહિયે હરિચરણે ચિત્ત પ્રોઈ. ૪
નદિ શૈલ ને વન છ્યી ભાઈ, હરિને ચરણે અંકિત સુખદાઈ;
એને જોઈને મનડું અમારું, હરિના રૂપથી રહે નહીં ન્યારું. ૫
આતમા વ્રજમાં શ્રીકૃષ્ણ ને રામ, જાણ્યા પુરુષોત્તમ સુખધામ;
સૂરકારજ કરવાને આવ્યા, મુને ગરગે તે ભેદ બતાવ્યા. ૬
માર્યા મલ્લ ને ગજપતિ ઘોર, માર્યા બળવંત કંસ કઠોર;
એવા મુક્તાનંદના સ્વામી, અમે જાણ્યા ઓધવ બહુનામી. ૭

કડવું ૬ ઠું

સુણો ઓધવજી એક ધ્યાન, કિધાં પ્રાક્રમ જે ભગવાન;
ત્રણ તાલ ધનુષ વિક્રાળ, ભાંગ્યું ભૂધરજી તતકાળ. ૧
દિન સાત ગિરિ કર ધાર્યો, વહાલે ઈંદ્રનો ગર્વ ઉતાર્યો;
એક આંગળીએ ગિરિ ધારી, વાઈ વેણ રસાળ મોરારી. ૨
માર્યો ધેનુક તૃણાવર્ત, કીધો બક ને પ્રલંબનો અંત;
માર્યો દૈત અરિષ્ટ કરાળ, કીધા દેવ સુખી ગોપાળ. ૩
એવી રીતે ચરિત્ર સંભારી, વહ્યાં નંદનાં નેત્રથી વારી;
પ્રેમે ગદગદ સ્વર ન બોલાય, વળતા મુન્ય થયા નંદરાય. ૪
સુણી સુતનાં ચરિત્ર ઉદાર, વાધ્યો માતાને પૂરણ પ્યાર;
પ્રેમ પરવશ નંદની રાણી, મુખ બોલી શક્યાં નહિ વાણી. ૫
વહે લોચન જળ ચોધાર, પ્રેમે સ્તનથી સ્રવે પય સાર;
એવો નંદ જશોદાનો જેહ, દિઠો હરિસંગ પરમ સનેહ;
નર નારી કૃતારથ જાણી, બોલ્યા ઓધવ નંદશું વાણી. ૬

કડવું ૭ મું

સુણો નંદજી કહું એક વાત, તમે જાણ્યા હરિ સાક્ષાત; ૧
તેશું પ્રિત અપાર તમારે, તમે વંદવાજોગ અમારે.
તમે વિશ્વ સકળને છો વંદ્ય, પુત્ર જેના પ્રગટ ગોવિંદ; ૨
એવું જાણીને આનંદ પામી, ભજો કૃષ્ણ ચરાચર સ્વામી.

એ તો વિશ્વનું બીજ છે ઈશ, જાણો રામકૃષ્ણ જગદીશ;
સૌમાં વ્યાપક સૌથી ન્યારા, સરવેશ્વર પુત્ર તમારા. ૩
એમ અંતસમે મન ધારી, ત્યાગે જે સમજી વિચારી;
તેનાં કર્મ સરવ બળી જાય, બ્રહ્મરૂપ તે મુક્ત કહેવાય. ૪
એવા નારાયણ નર ભ્રાત, જગકારણ જગવિખ્યાત;
તમને પ્રીત અખંડ તે માંહી, હવે કહ્યું રહ્યું નથી કાંઈ. ૫
વ્હેલા આવશે કૃષ્ણ મોરારી, તમને મળવા તે મહાસુખકારી;
ભગવાન જદુપતિ જેહ, નિશ્ચે આવશે નહિ સંદેહ. ૬
મામો કંસ મંડપ મધ્યે મારી, તમને જે જે કહ્યું ગિરિધારી;
તે તે સત્ય કરશે બહુ નામી, વ્હાલો મુક્તાનંદનો સ્વામી. ૭

કડવું ૮ મું

સુણો નંદ જસોદા માત, તમે દેખશો હરિ સાક્ષાત;
એનો સર્વના ઉરમાં નિવાસ, જેમ કાષ્ઠમાં અનળપ્રકાશ. ૧
વ્હાલો વેરી પ્રભુને ન કોય, સમદૃષ્ટિ જગત ગુરુ સોય;
એને ઉત્તમ અધમ ન કોઈ, ભક્તિવાન વ્હાલાં જન સોય. ૨
એને નહીં કોઈ માત ને તાત, નહિ ભારજા પુત્ર ને ભ્રાત;
એને પોતાનું પર ન કહેવાય, નહિ દેહ જનમ કલપાય. ૩
ઊંચ નીચ મધ્યમ તનમાંઈ, એને કર્મ ન સંભવે કાંઈ;
તોય સંતનિ રક્ષાને કાજ, શુભ ચરિત્ર કરે વ્રજરાજ. ૪
સત્વ રજ તમ ગુણ કહેવાય, એને ભોગવી નવ્ય બંધાય;
એલે ગુણમાં ને નિર્ગુણ જેહ, સ્વજે પાળે હરે જગતેહ. ૫
એવા સમર્થ કૃષ્ણ મોરારી, જેને ભજને ટળે ભ્રમ ભારી;
નિરલેપ નિરંજન જેહ, થયા કૃષ્ણસ્વરૂપે તેહ. ૬
એનો મહિમા છે અનંત અપાર, કેતાં શેષજી પામે ન પાર;
કૃષ્ણ નિર્ગુણ અંતરજામી, એ છે મુક્તાનંદના સ્વામી. ૭

પદ ૨ જું-રાગ સામેરી

નંદરાય સુણો નિર્ગુણ મોહન, કૃષ્ણદેવ સુખકારી રે;
પુત્ર નહિ પુરુષોત્તમ કેના, લેજો વાત વિચારી રે. નંદ. ૧
સરવોત્તમ એ પુત્ર સહુના, માત પિતા એ જાણો રે;
સર્વમાં પૂરા સર્વથી ન્યારા, પ્રગટ્યા શ્રીકૃષ્ણ પ્રમાણો રે. નંદ. ૨

અનંત બ્રહ્માંડના એ જ છે કર્ત્તા, પુરુષોત્તમ પરિબ્રહ્મ રે;
કૃષ્ણ વિના કર્તા નથી બીજો, એ જ અલૌકીક કર્મ રે. નંદ. ૩
ચૈતનરૂપ સામળિયો વ્હાલો, વેદ વદે એમ વાણી રે;
મુક્તાનંદના નાથને સેવો, જન સુખાકારી જાણી રે. નંદ. ૪

કડવું ૯ મું-રાગ ધોળ-ઢાળ ત્રીજો

ઓધવજી એમ બોલતાં, વિતિ તે સઘળી રાત;
પરિબ્રહ્મ જાણ્યા પુત્રને, જેમ પડે પટોળે ભાત. ૧
નંદ જસોદાએ હરખશું, કર્યા ઓધવને પ્રણામ;
ઓધવ ઉઠી નાસવા ગયા, જપતા તે સુંદરશ્યામ. ૨
ગોવિંદના ગુણ વરણવતાં, ઉઠ્યાં ગોપિજનનાં વૃંદ;
ગ્રહ સંભારિ દધિ મથે, મુખ જપે શ્રી ગોવિંદ. ૩
દિપક તેજે મણિ ઝળકે, શોભે ઘણા શણગાર;
કંકણ ખળકે મહી વલોવતાં, થાય ઘણા ઝણકાર. ૪
હાર કુંડલ સ્તને હાલે, મહિ વલોવે ગુણ ગાય;
અરુણ તે કુંભક વડે, શોભે ઘણા ઝણકાર. ૫
ઊંચે સ્વરે ગાય ગોપી, ગોવિંદના ગુણ સાર;
ચૌદ લોકમાં શબ્દ પોંચે, એવો ધ્વનિ ઉચ્ચાર. ૬
દધિ મથ્યાના શબ્દ ભેળો, ગોપીનો સ્વર જેહ;
મુક્તાનંદ કહે દસે દિશાનાં, હરે અમંગળ તેહ. ૭

કડવું ૧૦ મું

ગોપીયું હરિગુણ ગાવંત, ઊગ્યો સુરજ તેજ અંબાર;
દીઠો રથ વ્રજનારિયે, નંદજીકેરે દ્વાર. ૧
સોવર્ણકેરા કલશ શોભે, રથ અલૌકીક એહ;
કેનો રથ આ ક્યાંથી આવ્યો, એવો કરે સૌ સંદેહ. ૨
આવ્યો વળી અક્રૂર પાછો, કંસનું કરતલ કાજ;
મધુપુરી લઈ ગયો મોહનને, નિર્લજને નહિ લાજ. ૩
કઠણ ક્રૂર સ્વભાવ એનો, શાનો એ અક્રૂર;
વ્રજનો વેરી આવિયો, કરશે તે ભુંડું જરૂર. ૪
પ્રથમ હરિયા પ્રાણ ને, વળી આવ્યો બીજી વાર;
હવે તે શુંએ સાધશે, અમને છે એ જ વિચાર. ૫

અવર બોલી આપણું, તન માંસ લેશે મંદ;
કંસને બળિદાન દેવા, રચ્યો બીજો ફંદ. ૬
એવું તે કહિ કહિ કામિની, દુઃખિયાં ભરે સૌ શ્વાસ;
મુક્તાનંદ સંધ્યા કરી, આવ્યા ઓધવજી હરિદાસ. ૭

કડવું ૧૧ મું

પ્રલંબ ભુજન પંકજ લોચન, અતિશે કોમળ ગાત્ર;
ગોપિએ ઓદ્ધવ નિર્ખિયા, હરિકૃપા કેરું પાત્ર. ૧
પીળાં પિતાંબર પેરીયાં, કાને કુંડલ મણિમય સાર;
કમળની માળા ગળે, મુખ તેજના અંબાર. ૨
એવા તે ઓદ્ધવ જોઇને, ગોપી કરે અન્યો અન્ય વાત;
કોણ હશે આ કયાંથી આવ્યા, કૃષ્ણસમ સાક્ષાત. ૩
કૃષ્ણના જેવાં વસ્ત્ર ભૂષણ, જોઈ જોઈ વ્રજનાર;
ઓધવને વીંટી વળી, નંદજીકેરે દ્વાર. ૪
ઓધવ કહે મુને મોકલ્યો, તમપાસ સુંદરશ્યામ;
હરિજન જાણી ગોપિકા, કર્યાં પ્રેમશું પ્રણામ. ૫
શ્રી કૃષ્ણકેરા સેવક પૂરા, ઓધવ દૃઢ હરિદાસ;
એવું જાણી એકાંત તેડી, સર્વ બેઠિ પાસ. ૬
સિંધુસુતાપતિ ચરણ સેવક, લાવ્યા હરિ સંદેશ;
મુક્તાનંદ વ્રજનારિને, શંકા ન રહિ લવલેશ. ૭

કડવું ૧૨ મું

જાણ્યા અમે તમને ઓધવ, જદુપતિ સેવક નિષ્કામ;
માતપિતાની ખબર લેવા, મોકલ્યા સુંદરશ્યામ. ૧
એ વિના વ્રજમાં કૃષ્ણને, સંભારવા જોગ ન કોય;
જુના અમારા જદુપતિ, અમે જાણિએ દૃઢ સોય. ૨
માત પિતા સંગ પ્રીતની, અતિ વિકટ ફાંસિ જેહ;
મુનિને પણ અતિ કઠણ, તજવી ઓધવ તેહ. ૩
અન્ય વિષે સ્વાર્થે પ્રીતિ, જ્યાં લગી સ્વારથ સાર;
પુરુષને જેમ નારિયો, પુષ્પમાં ભમરને પ્યાર. ૪
ધનરહિતને તજે વેશ્યા, કરે અન્યસંગે પ્રીત;
પ્રજા તુચ્છ નૃપને તજે, એવી સ્વારથિયાની રીત. ૫

વિદ્યા ભણિ વિદ્યારથી, પછે ત્યાગે ગુરુને તેહ;
તજે દ્વિજ જજમાનને, દક્ષિણા પામે જેહ. ૬
વિહંગ ફલવિણ તરુ તજે, જમિ તજે જતિ ગ્રહદ્વાર;
મુક્તાનંદના નાથના, અમે જાણ્યા એ જ આચાર. ૭

પદ ૩ જું–રાગ કાલિંગડો.

ઓધવજી અમે હરિને જાણ્યા, સ્વારથિયા જદુનાથરે;
સ્વારથ લગિ પ્રીતિ બહુ રાખે, પછે ત્યાગે તેનો સાથરે.–ઓધવ૦ ૧
દગ્ધદાવ જયમ મૃગ ત્યાગીને, નૌતમ વનમાં જાયરે;
ઓધવજી એવાં લક્ષણ જેનાં, સ્વારથિયાં તે જ કેવાયરે.–ઓધવ૦ ૨
આરત નારીને ભમરની પેરયે, ભોગવી ત્યાગે જારરે;
સર્વે પ્રકારે સમજીને જોયું, કૃષ્ણના એ જ આચારરે.–ઓધવ૦ ૩
એ સંગ તોય ટળે નહિ પ્રીતિ, એ છે એનાં જાદુ ભારીરે;
મુક્તાનંદને નાથે અમારાં, મન હરિ લીધાં મોરારીરે.–ઓધવ૦ ૪

કડવું ૧૩ મું

એવી રીતે ગોપિજન જેહરે, ધાર્યાં મંન હરિરૂપ તેહરે;
ગોપિ ઐસિ ઉધવજીને સંગરે, તજ્યો લોક લજ્યાનો પ્રસંગરે. ૧
હરિનું રૂપ હૈયામાં સંભારિરે, ઘાલી ત્રેહવતી વ્રજનારીરે;
નયણે નીર વહે એક ધારરે, ગાય ગોવિંદના ગુણ સારરે. ૨
સુણો ઓધવજી મારી વાતરે, કીધી કૃષ્ણજી અમસંગ ધાતરે;
પ્હેલાં સુખડાં અલૌકિક આપીરે, ધાલી કૂપ લિયો વ્રત કાપીરે. ૩
શોભ્યા વ્રજમાં શ્રી કૃષ્ણને રામરે, કિધિ બાળલીલા સુખધામરે;
તેને સંભારી અમે વીરરે, થયાં ઉનમન સરખાં અધીરરે. ૪
એની લીલા અલૌકિક જોઇરે, રહ્યાં મનડાં અમારાં મોહીરે;
નાન બાળ હતા બળવીરરે, ઝુલે પારણે શ્યામશરીરરે. ૫
આવી પુતના રાક્ષસી ઘોરરે, તેણે તેજ્યા મોહન ચિત્તચોરરે;
વિખપાન કરાવાને કાજરે, લિધા અંકમાં શ્રી મહારાજરે. ૬
તેનું પ્રાણ સહીત વિખ પીધુંરે, માતાતુલ્ય અચલ પદ દીધુંરે;
એવા મુક્તાનંદના સ્વામીરે, કેમ વિસરે અંતરજામીરે. ૭

કડવું ૧૪ મું

આવ્યો વાયુને રૂપે કઠોરરે, તૃણાવંત અસુર અતિ ઘોરરે;
તેને કંઠે ગ્રહિ હરિ માર્યોરે, વ્રજવાસીનો ત્રાસ નિવાર્યોરે. ૧

ભાગ્યું સંકટ કઠણ બળવીરરે, ગોપી ગોપને આપી ધીરરે;
બળદેવે કહી જઈ વાતરે, આધી મૃત્તિકા કૃષ્ણજી માતરે. ૨
માતા રોષ કરી કહી વાણીરે, હસી બોલ્યા સારંગપાણીરે;
એ તો બોલે છે સર્વે અન્યાયરે, મારું મુખડું જુઓ માયરે. ૩
જોયું મુખડું ઉઘાડીને જ્યારેરે, દીઠું જસોમતિ અચરજ ત્યારેરે;
દીઠાં મુખમાં બ્રહ્માંડ અપારરે, પામ્યાં જશોમતિ પરમ વિચારરે. ૪
એકવાર ભુખ્યા થયા કહાનરે, માતા પયનું કરાવે છે પાનરે;
ચુલે ઉકળતું પય જાણીરે, મુક્યા મોહનને નંદરાણીરે. ૫
મુને ધાવતો અધવચ મેલીરે, લોભે માતા ગઈ વ્હેલિ વ્હેલીરે;
એનો લોભ કરું હવે પૂરોરે, મુને ધાવતો મુક્યો અધુરોરે. ૬
એવું જાણીને કોપ્યા મોરારીરે, ફોડિ મંથની શ્રી ગિરિધારીરે;
એવા મુક્તાનંદના સ્વામીરે, ઉદ્ધવ કયમ વિસરે બહુનામીરે. ૭

કડવું ૧૫ મું

આધા જશોમતિ પયને ઉતારીરે, પાછાં આવ્યાં કાજ સુધારીરે;
ત્યાં તો મંથની પરમ વિશાળરે, પ્રુટી દેખી હસ્યાં તતકાળરે. ૧
મારા પુત્રનું કામ છે એહરે, જાણ્યું જસોમતિ મનમાં તેહરે;
ઘરમાં મહિડાની રેલમછેલરે, કીધી કાનકુંવર અલબેલરે. ૨
માતા કોપ કરી વિકાળરે, ચાલ્યાં બોળવા દિનદયાળરે;
લીધી લાકડી કરમાં સાઇરે, ગયા માંયલે મંદિર ધાઇરે. ૩
ત્યાં તો નવનિત ખાતા મોરારિરે, દિઠા જસોમતિ શ્રી ગિરિધારીરે;
ભેલાં કરીને માંકડલાંનાં વૃંદરે, ખાય ખવરાવે વ્રજચંદરે. ૪
દિઠાં માતાને આવતાં જ્યારેરે, ભાગ્યા માકડલાં સંગ ત્યારેરે;
માતા ધાઇને સાયા ગોવિંદરે, ચોળિ નેત્ર રુવે જગવંદરે. ૫
માતા બાંધવાની કરી ત્યારીરે, ધ્રુજે થરથર ભવભયહારીરે;
માતા બાંધે છે નંદકુમારરે, જેનો પામે નહિ કોઈ પારરે. ૬
જે જે દામણું સાંધવા જાયરે, બેએ આંગળ ન્યૂન તે થાયરે;
મુક્તાનંદના સ્વામીને માતરે, બાંધી બાંધિ હાર્યાં સાક્ષાતરે. ૭

કડવું ૧૬ મું

આધા ઘરમધ્યે દામણાં જોહરે, માતા આણી બાંધ્યાં સર્વ તેહરે;
તોય બે આંગળ રહિ ખામીરે, માતા વિસ્મે થઈ લજ્યા પામીરે. ૧

ભક્તાધિન એ બરદ વિચારીરે, એક દામણે બંધાણા મોરારીરે;
એ છે કાળના કાળ અનંતરે, એના સામર્થનો નહિ અંતરે. ૨
ભક્તાધિન નિગમ નિત્ય ગાયરે, માટે બાંધિયા જસોમતિ માયરે;
બાંધ્યા દામણે દીનદયાળરે, થયા દામોદર તતકાળરે. ૩
જાણે સર્વને અંતરજામીરે, ગયા જમુનાતટ બહુનામીરે;
હતા વૃક્ષ કુબેર કુમારરે, કિધો જમલાર્જુનનો ઓધારરે. ૪
વૃંદાવનમાં બકાસુર માર્યોરે, વૃત્રાસુરને તે શ્યામે સંહાર્યોરે;
કિધો જમણવાર જદુરાયરે, જમુનાતટ વર્ણ્યો નવ જાયરે. ૫
કરપાત્ર કર્યાં છે ગોવાળરે, માંહોમાંહે લડે સૌમાં બાળરે;
અન્યોઅન્ય જુઠું લડિ ખાયરે, કરે કૌતુક હરિને સુહાયરે. ૬
બોલે મર્મવચન ગોપાળરે, સુણી ગોપ હસે તતકાળરે;
મુક્તાનંદના વહાલાની રીતરે, સૌથી ન્યારિ ને પરમ પુનીતરે. ૭

પદ ૪ થું-રાગ મેવાડો

ચરિત્ર સંભારિરે, કપટી કૃષ્ણનારે, તનડામાં વાધે છે તાપ અપાર;
ઓધવ એ સાથેરે, અમે કિધી પીતડીરે, તે તો વિરા સહેવા દુઃખનો ભાર. ચ૦ ૧
પેલી એણે કીધિરે, પ્રીત અતિ ઘણીરે, જે જે અમે કેતાં તે કરતા કામ;
દોણું ને વલોણુંરે, કરતા કાનજીરે, હવે નવ પૂછે અમારું નામ. ચ૦ ૨
કુડી કુડી પ્રીતિરે, ઉપરથી આવડેરે, અમે એ ન જાણું ભોળાજંત;
નેહડો લગાડી, મેલી મથુરા ગયેરે, તેને દુઃખે દાઝે અમારાં તંન. ચ૦ ૩
વેરીડો વસ્યો છેરે, અમારા મૂળમાંરે, કોને વીરા ધીરજ કેમ ધરાય;
મુક્તાનંદ કહે છેરે, લગાડી મોહનીરે, વાહલા વિના નેહના દવ ન બુઝાય. ચ૦ ૪

કડવું ૧૭ મું

ઉધા ચરિત્ર સામળીયાનાં જોહ, અમને વિસરે નહીં પળ તોહ;
રમતા રસિયો ગોવાલુંને સંગ, અંગે ચરચતા બહુ વિધ રંગ. ૧
વાલો પ્રેમશું વેણુ બજાવે, તેને સગ ગોવાળિયા ગાવે;
કયારે ભમરસંગી કરે ગાન, સંગ મેલે ગોવાલિયા તાન. ૨
કયારે કોકિલનિ પેરયૂ બોલે, સુણિ શબ્દ ગોવાલિયા ડોલે;
કયારે હંસગતે હરિ ચાલે, સખા સંગ મનોહર મ્હાલે. ૩
કયારે બકની પેરે ધરે ધ્યાન, કયારે નાચે મયૂર સમાન;
કયારે પંખીની છાયાને ભાળી, દોડે તે સંગે શ્રી વનમાળી. ૪

ખેંચે પુછ વાનરનાં બે ભાઈ, તેને સંગ ચડે તરુ ધાઈ;
કાઢે કુટાલિયું કપિ સાંમી, કપિ સંગ કુદે બહુ નામી. ૫
ક્યારે જળમાં તે દાદુર સાથ, કુદે અનંત ભુવનકેરા નાથ;
ક્યારે ડરપે ઓછાયાથી આપ, ક્યારે દેશે પડછંદાને શ્રાપ. ૬
એમ બેલે ગોવાળુમાં કહાન, જેનું બ્રહ્માદિક ધરે છે ધ્યાન;
મુક્તાનંદના હરિનો વિહાર, વીરા ખટકે છે વારંવાર. ૭

કડવું ૧૮ મું

ઓધા ચરિત્ર સામળિયાનાં જોઈ, રહે મુનિવરનાં મન મોહી;
બાળલીલા કરે બહુનામી, એ છે બ્રહ્માદિકના સ્વામી. ૧
રમે શ્યામ ગોવાળને સંગ, બહુ વેશ બનાવે શ્રીરંગ;
ક્યારે કહાન રાજા બનિ આવે, સઉ ઊપર હુકમ ચલાવે. ૨
ક્યારે ગુણિજન થઈ હરિ ગાય, ક્યારે નાર બાકરિયું થાય;
ક્યારે વંનફલ લૈ સૌ હાથ, લડે સામ સામા ભરે બાથ. ૩
ક્યારે મલજુદ્ધ થઈ માંડે ગોવાળ, લડે સામ સામા દઈ તાળ;
ક્યારે વૃષભ થઈ મારે ત્રાડ, લડે સામ સામા કરિ ચાડ. ૪
ક્યારે ભેરુ થઈ બેઉ ભાઈ, ચડે એક બીજાપર ધાઈ;
રમે બાળની પેર ગોવિંદ, સરવેશ્વર કૃષ્ણ સ્વછંદ. ૫
બ્રહ્મા ભુલ્યા ચરિત્રને ભાળી, હરે વાછડાં ગોપ સંભાળી;
સર્વે રૂપ થયા સુખકારી, નાંખ્યો બ્રહ્માનો ગર્વ ઉતારી. ૬
બ્રહ્મા દીન થઈ પાછા આવ્યા, વ્હેલા વછ ગોવાળિયા લાવ્યા;
મુક્તાનંદ કહે વારંવાર, કીધું બ્રહ્માજિયે સ્તવન અપાર. ૭

કડવું ૧૯ મું

વળિ ઓચરે ગોપી વચંન, સુણો ઓધવજી એક મંન;
ગિરિગોવરધન તરુ જેહ, વ્હાલે અતિશે વખાણ્યો તેહ. ૧
વૃંદાવનમાં પશુ પંખી મોર, કર્યાં મુનિસમ નંદકિશોર;
કાળિનાગનો ગર્વ ઉતારી, કિધું નીરવીખ જમનાનું વારી. ૨
દાવાનળનું કર્યું પ્રભુ પાન, હર્યાં વસ્ત્ર કુમારિનાં કહાન;
કાઢયાં જલથિ વિવસ્ત્રાં કુમારી, આપ્યો વાંછિત વર ગિરધારી. ૩
ઋષિપત્નિ તેડિને લીધી, જમી થાળ કૃતારથ કીધી;
ધર્યા ઋષિયે તે હાથ અપાર, અમે ઓળખ્યા નહિ કિરતાર. ૪

ધિક જોગ જજ્ઞ વ્રત દાન, ધિક ઊંચ જનમ અભિમાન;
નવ ઓળખ્યા પ્રગટ મોરારી, થઇ સાથને સર્વ નિષ્ટારી. ૫
નારિ અશુચિ અલ્પમતિ જેહ, પામિ સ્વરૂપને મને તેહ;
રાખ્યો આપણે અતિ ઘણો ગર્વ, બનિ વાત બગાડી છે સર્વ. ૬
એમ ઋષિએ કર્યો પરિતાપ, માન સહિત નિંદ્યું ઘણું આપ;
મુક્તાનંદનો વહાલો વિહારિ, વીરા કેમ વિસરે સુખકારી. ૭

કડવું ૨૦ મું

ઓધા ઇંદ્રનો જજ્ઞ નિવારી, પૂજ્યા ગોવર્ધન સુખકારી;
કોપિ ઇંદ્ર થયો વિકરાળ, બારે મેઘ પેચ્યા તતકાળ. ૧
જો જો મનુષ્ય કનૈયાની વાત, મારો જજ્ઞ મટાડ્યો સાક્ષાત;
એનિ ગાયું ગોવાળ ને ગોપી, ખોળી મારું અચળ પણ રોપી. ૨
કૃષ્ણ સોતું ગોકળિયું ગામ, તેનું રેવા દેવું નથી ઠામ;
એવો કોપ કરી સૂરરાય, લીધા પ્રલયના મેઘ સહાય. ૩
ગાજે વિજ ને વાયુ અપાર, લાગ્યો વરસવા મુશળધાર;
તોળ્યો ગોવર્ધન ગિરિધારી, નિજદાસને લીધા ઉગારી. ૪
એમ ગિરિને કરપર ધાર્યો, વ્હાલે ઇંદ્રનો ગર્વ ઉતાર્યો;
લાવ્યા વરુણના ઘર થકી નંદ, અમે નિરખીને પામ્યાં આનંદ. ૫
નંદે કીધી ગોવાળુંને વાત, મારો પુત્ર પ્રભુ સાક્ષાત;
એનું વરુણે તે પૂજન કીધું, પગ ધોઈ પાદોદક લીધું. ૬
સુણી ખોલીઆ ગોપ સકામ, અમને દેખાડો નિજધામ;
મુક્તાનંદને વહાલે વિચારી, સૌને ધામ દેખાડ્યું મોરારી. ૭

પદ ૫ મું–રાગ મારુ

ઓધવ એવા ગુણવંત ગિરિધારી,
ખટકે છે અમને મોહન મરમાળો, શામળો સુખકારી, ઓધવ૦ ૧
નેનને આંણે કીધી સર્વ ઘાયલ, તલપે છે વ્રજનારી, ઓધવ૦ ૨
ઉપર ઘાવનો ડંખ ન દિસે, અંતર દુખ ભારી, ઓધવ૦ ૩
મનડાં હરિ મથુરાં જઈ બેઠા, કુબ્જા કીધી પ્યારી, ઓધવ૦ ૪
પ્રથમ દેખાડિને અમૃત અમને, પાયું છે વિખવારી, ઓધવ૦ ૫
મુક્તાનંદને વહાલે ગોપિ સર્વે, વણુ મોતે મારી, ઓધવ૦ ૬

કડવું ૨૧ મું

એક સુંદરી દ્રવંતી ભારી, હરિને મળવા ઇચ્છે સકુમારી;
એના ઉરમાં અખંડ હરિ ધ્યાન, કરતો દીઠો ભમર શુભ ગાન. ૧
કલ્પિ કૃષ્ણનો દૂતે ભ્રંગ, બોલી ઓધવશું સુધ અંગ;
પ્રેમે પરવશ ગોપિકા ભારી, બોલી ઉનમત થઈ વ્રજનારી. ૨
કપટિ કૃષ્ણના દૂત કઠોર, જાણ્યો ભમર તુને ચિત્તચોર;
ચિત્તચોર કાનુડાને સંગ, તારા તનમાં ચઙ્યો તેનો રંગ. ૩
મારી શોકયના ઉરપર સારી, માળા રગડી છે કૃષ્ણમોરારી;
તેના કુચનું કુંકુમ જેહ, તારા મુખપર દીસે છે તેહ. ૪
અમને અડકીશ મા તું ભાઈ, રેને વેગળો આવે શું ધાઈ;
રાતું વદન દેખાડવા કાજ, તુંને મોકલ્યો શ્રીમહારાજ. ૫
અમને રિઝવવાને તું ભ્રંગ, શાને ચરણે નમે છે સુરંગ;
જેને તે વનિતાને મનાવ્યો, જેને રંગે રંગાણો તું આવ્યો. ૬
જાદવની સભામાં શું ધીર, હસ્યા જોગ તમે બોહુ વીર;
મુક્તાનંદના સ્વામીને પાસ, ઘણું થાતું હશે ઉપહાસ. ૭

કડવું ૨૨ મું

વીરા અધર સુધા એકવાર, અમને પાઓ પ્રીતમ કરી પ્યાર;
નાંખી મોહને મોહની જાળ, પછે ત્યાગ કર્યાં તતકાળ. ૧
સુણો ભમર તમારી એ રીત, પહેલી બાંધો કુસુમ સગ પ્રીત;
માણી મકરંદ ત્યાગો છો તેહ, એવો ભૃંગ તમારો સ્નેહ. ૨
તારી પેરે છે નંદનો લાલ; અમને ભોળવી કીધાં બેહાલ;
માણી કુસુમની પેરય મોરારી, પછે ત્યાગ કરી વ્રજનારી. ૩
મારા મનમાં વિચારું છું એમ, એને કમળા વરી હશે કેમ;
સુણી કપટીનાં વચન રસાળ, પામી મોહ પડી હશે જાળ. ૪
સુણ મધુકર કહું સમજાવી, ગા મા જદુપતિના ગુણ આવી;
અમે સર્વે વિજોગિણી બાળા, જાણું જુના છે કૃષ્ણજી કાળા. ૫
શાને ગાન કરે બહુ વાર, જાણ્યા કપટી છે નંદકુમાર;
તેની આગે તું ગાવાને જોગ, જેના ટાળ્યા મોહન કુચરોગ. ૬
મનવાંછિત આપશે તેહ, તેમાં લેશ નહીં સંદેહ;
મુક્તાનંદના નાથની પ્યારી, તારું કરશે તે કામ વિચારી. ૭

કડવું ૨૩ મું

કહેશો મધુકર જો તમે એમ, તમે અવળું બોલો છો કેમ;
મુને મેલ્યો મનાવાને કાજ, તમને ઇચ્છે ઘણું મહારાજ. ૧
એવું કહેશો મા અમને તો ભ્રાત, અમે જાણિયે કૃષ્ણની વાત;
એનું રુચિર કપટ ભર્યું હાસ, એ છે વનિતાને બાંધવા પાશ. ૨
એના નયનની શોભાને જોઈ, નારી માત્રનું મન રહે મોહી;
ચૌદલોકમાં વનિતા છે જેહ, એને દુર્લ્લભ કોણ છે તેહ. ૩
સેવે ચરણ રમા કરી પ્રીત, રહે હાજર ડરતી વિનીત;
અમે શી ગણતીમાં લ્યાં ભ્રાત, કહો છો શિદ મનાવાની વાત. ૪
જાણી દીન દયા કરે જ્યારે, એનું દર્શન પામીએ ત્યારે;
એનું ઉત્તમશ્લોક છે નામ, પાળે રંકને સુંદરશ્યામ. ૫
બોલી અપર ભમર શું રિસાઈ, આવ્યો મથુરાં જદુને તું ભાઈ;
મેલી ચરણ રહે વેગલો વીર, તારું કૃષ્ણના જેવું શરીર. ૬
શિખ્યો કપટ તું કૃષ્ણને પાસ, કપટી સરખો તું કપટિનો દાસ;
મુક્તાનંદના સ્વામિની રીત, તુને આવરી પરમ પુનીત. ૭

કડવું ૨૪ મું

બોલિ બોલિ કરી ઘણો રોષ, કહિયે કયાં લગી કૃષ્ણના દોષ;
એને અર્થે અમે તજી લાજ, ત્યાં ગયા પુત્ર પતિ સુખ સાજ. ૧
કાળે ઉરમાં ન આણી તે વાત, મ્હેલી મથુરાં ગયો કરી ઘાત;
એવો હરિનો સ્વભાવ સદાય, તે શું કેમ કરી પ્રીત કરાય. ૨
માર્યો વાળિ પારધીની પેર્ય, હણતાં મનમાં ન આણી મેર્ય;
જતિ થઇને વસ્યો વન જ્યારે, બાંધી શિશ જટા શુભ ત્યારે. ૩
રહેતો વનમાં તે વલકલ ધારી, એને વરવા આવી એક નારી;
કીધી નાક કાન વિના તેહ, એ શું કેમ કરી થાય સ્નેહ. ૪
બની વામન ને બળીદ્વાર, કીધો વેદ તણો ઉચ્ચાર;
બળીરાય સુણી શુભ વાણી, આવ્યો સન્મુખ જોડીને પાણી. ૫
કીધું પ્રેમ સહિત સનમાન, મૂખે માગ્યું તે આપિયું દાન;
દેતાં દાન બાંધ્યો બળિરાય, એનાં છળ વર્ણવ્યાં નવ જાય. ૬
એનું અન્ન જમી ચાંપ્યો પાતાળ, એવા બંધુ તમારા દયાળ;
મુક્તાનંદના સ્વામીની વાત, કરતાં ડરિયે છૈયે ઘણું ભ્રાત. ૭

પદ ૬ ઠું–રાગ આસાવરી

વૈષ્ણવ જન તો નેને કૈયે, પીડ પરાયી જાણેરે–એ ઢાળ છે.

મધુકર વાત મોહનવર કેરી, જાદુગારી જોરરે;
નરનારી એને ગાય સુણે તે, ત્યાગે સંસારનો નોરરે. ૧
કૃષ્ણ કથા જેણે પ્રેમે સાંભળી, તે તો તજી કુટુંબ પરિવારરે;
પરમહંસ થઈ વનમાં વસિયા, જાણે છે સૌ સંસારરે. ૨
શુક નારદ સનકાદિક એના, ગુણનું કરે નીત ગાનરે;
ધન દોલત ઘરબાર ન એને, ભમતા કરે રાનો રાનરે. ૩
એવું અમે જાણિયે તોય એના ગુણ, મુખ થકી ન મેલાયરે;
પાણી પીને ઘર અમે પૂછયું, હવે એનો શો ઉપાયરે. ૪
જે કોય જગમાં એને અનુસરસે, તેના તે ભવાડા ગાયરે;
મુક્તાનંદના નાથને સેવી, જગ છતરાયાં થાયરે. ૫

કડવું ૨૫ મું

અપર બોલી કૃષ્ણનો, નવ થાય કોય નિર્ધાર;
એના મનની વારતા, તેનો કોય ન પામે પાર. ૧
સીતા કારણ સજ થઇને, ભાગ્યું ધનુષ કઠોર;
પ્રેમશું વરિયો પ્રેમદા, નિજ ભૂજા કેરે જોર. ૨
સીતા સંગ કરી પ્રીત પૂરણ, વન વસ્યો લઈ સંગ;
અધઘડી અળગી ન મેલે, રાચ્યો તેને રંગ. ૩
સુંદર મૃગ ગયો મારવા, કામિની કેરે કાજ;
રાવણ સીતા હરિ ગયો, લોકમાં ગઈ બહુ લાજ. ૪
નારી કારણ નિર્લજ થઇને, કીધો અધિક વિલાપ;
પછે એ સીતા વાળવા, ભોગવ્યા બહુ સંતાપ. ૫
રિંછ વાનર સંગ વસિયો, નારી કારણ એહ;
ઉદધિ ઉપર પાજ બાંધી, કષ્ટ ઘણો કરી તેહ. ૬
મુક્તાનંદના નાથને, સીતા વિના બહુ શોક;
એના મનના કપટને, વીરા કોય ન જાણે લોક. ૭

કડવું ૨૬ મું

ઓદ્ધવ એણે જુધમાં, હણ્યો રાવણ અતિ વિકરાળ;
વિભીષણને રાજ દીધું, એવા એ દીનદયાળ. ૧

વિભીષણ કહે જાનકિ અતિ, ઝુરે પ્રભુ તમ કાજ;
હુકમ હોય તો લાવિયે, તમ પાસ શ્રીમહારાજ. ૨
રામ કહે જેમ છે તેમ સીતા, તેડી લાવો અમ પાસ;
વિભીષણ તે વચન લોપી, કીધી સ્વમતિ પ્રકાશ. ૩
સ્નાન કરાવી વસ્ત્ર આભુષણ, પેરાવ્યાં બહુ અંગ;
સીતા બેસાડ્યાં પાલખીમાં, આવ્યા વિભીષણ સંગ. ૪
સીતાનાં દર્શન કારણે, દોડતાં રિંછ વાનર જેહ;
દૂર રહો એમ વિભીષણના, દૂત નિવારે તેહ. ૫
દૂર ન રાખો કોયને, એમ બોલ્યા શ્રીરઘુનાથ;
તારે તે હલકીને આવીયા, સૌ રિંછ વાનર સાથ. ૬
જ્યારે પાલખીમાંથી ઉતરી, કર્યું સીતાએ પ્રેમે પ્રણામ;
મુક્તાનંદને વાલમે, સામું ન જોયું શ્રીરામ. ૭

કડવું ૨૭ મું

ઓદ્ધવ સીતાકાજ એણિપેર, કીધો અતિશે શ્રમ;
પછે એ ત્યાગી વાંકવેણી, કેમ કળાય મર્મ. ૧
રુદન કરી કરી જાનકી, કરજોડી કિધો વિલાપ;
રિંછ વાનર વિભીષણ સૌ, પામ્યાં અતિ સંતાપ. ૨
પછે ત્યાં બ્રહ્મા આવિયા, સંગ તેડી દશરથ તાત;
પતિવ્રતા દઢ જાનકી, એવી કહી બહુ જણે વાત. ૩
પાવક માંહી પ્રવેશ કરાવી, સીતાને લીધાં સાથ;
અયોધ્યા જઈ લોકવાણી, સુણિ વિષમ રઘુનાથ. ૪
લોક વાણી જાણવા, મૂકયો દૂત શ્રીરઘુવીર;
ભદ્ર નામે દૂત તેણે, સુણ્યું સર્વ સુધીર. ૫
દૂત પાછો આવીયો, કિધું પ્રેમ સહિત પ્રણામ;
અજ્ઞાનિ હરિ વિમુખનું, પ્રભુ બોલ્યાનું નહિ ઠામ. ૬
પછે શ્રી રામજીએ પૂછ્યું, સૌ કેતા હોય જેમ લોક;
મુક્તાનંદના નાથને, કહો સુણિને થાઉં અશોક. ૭

કડવું ૨૮ મું

ઓધવજી એમ સાંભળી, વાલાનાં વચન ઉદાર;
ભદ્ર નામે દૂત બોલ્યો, પામી કષ્ટ અપાર. ૧

કરજોડી કહે સુણો રઘુવીર, લોક કહે છે જેહ;
સંક્ષેપે સર્વે કહું, તમ આગે મહા પ્રભુ તેહ. ૨
ચોકે હાટ બજારમાં, વળી વન ને ઉપવન સોય;
જશ તમારો સઉ ઠેકાણે, વર્ણવે સર્વ કોય. ૩
અતિ પ્રતાપી રામજી, બાંધી સાગર ઉપર પાજ;
સુર અસુર ને નૃપતિમાં, એવું કોણે ન થાય કાજ. ૪
અતિ ભયંકર રાવણ દશ મુખ, માર્યો કુટુંબ સમેત;
સીતા લઈ પ્રભુ આવિયા, રાખ્યું જાનકી ઉપર હેત. ૫
બીજું તો સર્વ રુડું કર્યું, એક ભુડું કીધું રામ;
ગઈ નારિ ફરી લાવિયા, એવું કોઈ કરે નહિ કામ. ૬
કેવું મન હશે રામનું, એને સિતાનો નાવ્યો અભાવ;
મુક્તાનંદના નાથનો, 'હવે કેમ કળાય સ્વભાવ. ૭

પદ ૭ મું–રાગ સામેરી

આવો હરિ મંદિરિયે મારે, કુંવર રંગીલા કાન.
મોહિ છોગલિયે તારે–એ ઢાળ છે.

કે છે એમ લોક સૌ વાણિ, દૂત કહે રઘુનાથને.
સુણો હરિ સારંગપાણિ. કે૦ ૧
વનમાં એકલડિ જાનકીરે, ત્યાંથી હરાણી;
સિતાને રાવણ લઈ ગયો, તે તો જગ સઘળે જાણી. કે૦ ૨
કલંક ભરી એવી કામિનીરે, તે પાછી આણી;
વ્યભિચારી નર નારીને, કેવા થઈ છે રામ કાણી. કે૦ ૩
આપણા ઘરની નારિયુંરે, લેશે એ નિશાણી;
કામિનીયું બહુ બેકશે, જોઈ રાજની રાણી. કે૦ ૪
પર પુરુષ સંગ કામિનીરે, રહેશે લપટાણી;
રાજદ્વારથી સર્વમાં, હવે રીત એ બંધાણી. કે૦ ૫
ધર્મ વિના સંસારમારે, પિડાશે પ્રાણી;
મુક્તાનંદ રઘુનાથમાં, આવિ ખોટ ન પુઠે રાણી. કે૦ ૬

કડવું ૨૯ મું

સુણી દૂતનાં વચન શ્રી રામરે, પૂછ્યું સર્વને તે સુખ ધામરે;
બોલ્યાં સર્વે કુટંબી એમરે, એ છે દૂતે કહી વાત તેમરે. ૧

વહાલે શિખ સભાને દીધીરે, પોતે વાત વિચારી લીધીરે;
તેજ્યા ભરત શત્રુઘ્ન વીરરે, તેજ્યા લક્ષ્મણ પરમ સુધીરરે. ૨
આવ્યા હરિને હુકમ સર્વે ભાઇરે, ચરણે શિશ નમાવ્યાં છે ધાઇરે;
શોકે રામનું મુખ થયું એમરે, ગ્રહ્યો રાહુએ ચંદ્રને જેમરે. ૩
દીઠા બંધુએ ઝાંખા ભૂપાળરે, ડર્યા ભરતાદિક તતકાળરે;
બોલ્યા શોક સહિત રઘુવીરરે, સુણો ભ્રાત તમે થઈ ધીરરે. ૪
લેશ કરશો મા મનમાં સંતાપરે, પૂછું તેનો તે આપો જબાપરે;
પૂરવાસિ ને દેશનાં લોકરે, મુને ઉપજાવે અતિ શોકરે. ૫
બોલે સિતા નિમિત્ત અપવાદરે, સુણી અંતરે થાય વિશાદરે;
બોલે વેણ મુરખ ચાવિ ચાવીરે, મુને પીડે છે અંતરે આવીરે. ૬
અપજશથી મરણ ઘણું સારુંરે, મારા મનમાં હું એમ વિચારુંરે;
મુક્તાનંદના વહાલાની વાણિરે, સુણી બંધુ ડર્યા ભય આણીરે. ૭

કડવું ૩૦ મું

ઓધા બોલ્યા વળી રઘુવીરરે, મુને લોકો કહે છે અધીરરે;
અમે સૂરજવંશિ નરેશરે, નિંદા થાય તે કરિયે ન લેશરે. ૧
સીતા પાપ રૂપ અતિ જેહરે, પાછી લાવ્યો હું ઘરમાં તેહરે;
તમે જાણો છો લક્ષ્મણ વાતરે, જેમ વનમાં થયો ઉત્પાતરે. ૨
કીધું સિતાનું રાવણે હર્ણરે, પામ્યો કુટુંબ સહીત તે મર્ણરે;
સિતા લાવ્યો વિભીષણ જ્યારેરે, અમે ગ્રહણ કરી નહીં ત્યારેરે. ૩
આવ્યા પાવક મારુત સૂરરે, આવ્યા ઇંદ્ર અને ચંદ્ર હજૂરરે;
આવ્યા બ્રહ્મા ને દશરથ તાતરે, તેણે આવી કહી મને વાતરે. ૪
સીતા પરમ સતી રઘુનાથરે, એને ત્યાગશો મા લીએ સાથરે;
આવી અગ્નિમાં ઝિલિને જ્યારેરે, મુને ઇંદ્રે સમર્પી છે ત્યારેરે. ૫
મુનિ દેવ મંડળ મોઝારરે, જાણિ સીતાને શુદ્ધ અપારરે
શુદ્ધ જાણીને લાવિયો આંઇરે, બોલે લોક તો કાંઇનું કાંઇરે. ૬
મિથ્યા છે તોય અપજશ વીરરે, મુને ખટકે અંતર જેમ તીરરે;
મુક્તાનંદનો નાથ કહે ભાઇરે, કાઢે સીતાને થાશે ભલાઇરે. ૭

કડવું ૩૧ મું

ઓધા વળી બોલ્યા રઘુરાયરે, કરવા પ્રથમ વચનની સહાયરે;
જેની અતિશે અકીર્ત્તિ થાયરે, તે તો નિશ્ચે નર્કમાં જાયરે. ૧

સૌને કીર્ત્તિ આભુષણ ભારીરે, ઇચ્છે કીર્ત્તિને સૌ નરનારીરે;
કીર્ત્તિ સ્વર્ગલોક સુખ આપેરે, મહા કર્મનાં બંધન કાપેરે. ૨
સર્વે આરંભ કીર્ત્તિને કાજરે, શિર જાતે ન ખોવી લાજરે;
મૃત્યુ લોકમાં કીર્તિ ને ભાઇરે, પામે સુખ સંપત્ય પ્રભુતાઇરે. ૩
આપે ઉભય લોક સુખ એહરે, રાખી કીર્ત્તિ ને ત્યાગવો દેહરે;
કાં હું મરું ને સીતાને કાં મારુંરે, લોપો વચન તો તમને સંહારુંરે. ૪
મારે લોકની લાજ અપારરે, પડ્યો શોકના સિંધુ મોજારરે;
મુને ખટકે છે એ દુઃખ ભારીરે, લેજો લક્ષ્મણજી ઊર ધારીરે. ૫
કરો રથને સવારે તૈયારરે, માનો વચન થઈ હુશિયારરે;
તમે સીતાને રથમાં બેસાડીરે, જઈ વનમાં વચન દઢ ધારીરે. ૬
મુનિ વાલ્મિક દઢ મતિ જેહરે, ગંગાપાર વસે છે તેહરે;
મુક્તાનંદનો નાથ કહે પ્યારીરે, જ્યાં જઈ મૂકજો સમજી વિચારીરે. ૭

કડવું ૩૨ મું

ઓધા એમ બોલ્યા રઘુવીરરે, સુણો લક્ષ્મણ પરમ સુધીરરે;
વસ્તિ માત્ર ન હોય જેણે ઠારરે, મૂકો સિતાને વન મોજારરે. ૧
વેલા આવજો મૂકીને દૂરરે, મારું વચન ગ્રહો થઈ શૂરરે;
આ ન કેશો વૈદેહીને વાતરે, તમે જાણ પ્રવિણ છો ભ્રાતરે. ૨
એમ ના કેશો તમે કોયરે, શત્રુ સમાન છે સોયરે;
માટે કરજો વિચારીને કાજરે, મારે કામ પડ્યું છે આજરે. ૩
મારી તો તમે મોટમ જાણીરે, જો ન લોપ કરો મારી વાણીરે;
કાઢો જાનકી આંહિથી જ્યારેરે, મારું વચન ગ્રહ્યું દઢ ત્યારેરે. ૪
એણે લંકાથી આવતાં તાતરે, મને સંભળાવ્યું સાક્ષાતરે;
મારે ઋષિને પૂજ્યાની છે આશરે, જ્યારે હુકમ થશે અવિનાશરે. ૫
એવું પૂછ્યુંતું જાનકી જેહરે, આજે આવ્યો છે અવસર તેહરે;
એનું મનગમતું કરી આજરે, સારો જુકિતથી આપણું કાજરે. ૬
એવાં વચન કહિ રઘુવીરરે, પામ્યા કષ્ટ વહે દગ નીરરે;
મુક્તાનંદનો વાલો કહે બોલરે, ઓધા તે સર્વે અધિક અતોલરે. ૭

પદ ૮ મું–રાગ પરજ

ઓધા એવા હરિ સારંગપાણિ, એનો કોય ન શકે મર્મ જાણીરે. એ૦ ૧
રે પેલી સીતા તજવા કરી તૈયારી, પછે અતિ રોયા સુખકારીરે. એ૦ ૨

૨ કઠણતા વજ્ર થકી ભારી, કોમળતા ત્રિભુવનથી ન્યારીરે. ઓ૦ ૩
૨ અલૌકિક સર્વ કળા એની, એમાં નવ પહોંચે મતિ કેનીરે. ઓ૦ ૪
૨ નથી એ તો કોઈ તણા સંગી, મુક્તાનંદનો વાલો રંગીરે. ઓ૦ ૫

કડવું ૩૩ મું

ઓધા સાંભળી હરિનો ઉચ્ચાર, પામ્યા લક્ષ્મણ કષ્ટ અપાર;
કાઢી રાત રુદન કરી સોય, તેનો મર્મ ન જાણે કોય. ૧
પ્રાતઃકાળે તે લક્ષ્મણ વીર, તેડ્યો સુમંત્ર સારથિ ધીર;
લાવો સારથિ રથ તતકાળ, આજ્ઞા આપી છે દીનદયાળ. ૨
નાંખો રથમાં તે આસન સાર, કરો અશ્વ જોતરીને તૈયાર;
સીતા રાજભવન થકી આજ, જાશે મહામુનિ પૂજવા કાજ. ૩
દોડ્યો સારથિ સાંભળી વાત, લાવ્યો જોતરી રથ સાક્ષાત;
બોલ્યો સુમંત્ર જોડીને હાથ, રથ તૈયાર થયો પૃથ્વિનાથ. ૪
સુણિ લક્ષ્મણ શિઘ્ર સિધાવ્યા, વેગે રાજભુવન મધ્ય આવ્યા;
વંદ્યા સીતાને પૂજ્ય પ્રમાણી, કર જોડીને બોલ્યા વાણી. ૫
ગંગા તીરે મુનિ વિખ્યાત, તમને ત્યાં પહોંચાડવાં માત;
રાજા રામની આજ્ઞા છે એહ, તેમાં લેશ નહિ સંદેહ. ૬
વેલાં તૈયાર થાઓ સકુમારી, પૂજા સાજ તે લેજો સંભારી;
મુક્તાનંદને વાલે કહ્યું જેહ, કરવું આપણે હરખશું તેહ. ૭

કડવું ૩૪ મું

સીતા સુણિ દિયેરિયાની વાણી, વણ સમજે ઘણું હરખાણી;
લીધાં આભરણ વસ્ત્રના ભાર, લીધી પૂજવા સામગ્રી સાર. ૧
ઋષિ નારિ ને મુનિવર કાજ, લીધો અતિશે અમોલિક સાજ;
સીતા બોલીયાં લક્ષ્મણ સંગ, લીધાં આભરણ વસ્ત્ર સુરંગ. ૨
વીરા સંગે લીધું મેં જેહ, ઋષિપત્નીને આપીશ તેહ;
મારે આશ હતી મન એજ, રઘુવીરે પૂરી કરી તેજ. ૩
સુણિ લક્ષ્મણ બોલ્યા ન કાંઈ, સૌને વાત જુદી મન માંઈ;
પછે સિતાને રથમાં બેસાડી, કર્યા શિઘ્ર ચલાવા તૈયારી. ૪
રાખી ચાડ ને હાંક્યા તોખાર, ચાલ્યો રથ કરિ અતિ ઝણુકાર;
સીતા વાટે જાતાં કહે છે વાત, મુને અશુભ શુકન થયાં ભ્રાત. ૫
મારું ધ્રુજે છે થરથર અંગ, મારા ઉરમાંથી ભાંગ્યો ઉમંગ;
મારું જમણું નયન કર જોય, ફરકે દુઃખદાયક થઈ સોય. ૬

મારા મનમાં તે સુખ નથી લેશ, થયો રોમાંચિ તન વેશ;
મુક્તાનંદના પ્રભુ સંગ પ્યાર, ઓધા જાનકી ડરાવ્યાં અપાર. ૭

કડવું ૩૫ મું

ઓધા અપશુકન દેખી અપાર, સીતા ડરપે છે વારંવાર;
બોલી લક્ષ્મણ સંગ વચંન, મારું ભયથકી દાઝે છે તંન. ૧
મુને સુનો લાગે છે સંસાર, મારો જીવ થયો નિરાધાર;
તેનું કારણ પરમ સુધીર, મુને ખોળે મળ્યું નહિ વીર. ૨
રખે અવધ નગરમાં ભાઈ, આવી પીડા અચાનક ધાઈ;
મુને અશુભ જણાય છે આવું, આદરાણું નિશ્ચે ભુંડું થાવું. ૩
સીતા એમ કહી જોડિયા હાથ, રુડું કરજો ત્રિલોકના નાથ;
એવાં આતુર જાનકી જાણી, વળી બોલિયા લક્ષ્મણ વાણી. ૪
માતા સૌનું વિચારો છો સારું, તેણે અતિ શુભ થાશે તમારું;
એવી કરતાં પરસ્પર વાત, આવ્યાં ગોમતિતટ સાક્ષાત. ૫
રહ્યાં ગોમતિતટ એક રાત, જોઈ અતિ રથ શિઘ્ર પ્રભાત;
હાંક્યો રથ બપોરે તે જ્યારે, પો'તા ભાગિરથિતટ ત્યારે. ૬
દેખી ગંગા વધ્યો ઉર તાપ, રોયા લક્ષ્મણ કરી સંતાપ;
મુક્તાનંદને વાલે કહ્યું જેહ, સાલે લક્ષ્મણને ઉર તેહ. ૭

કડવું ૩૬ મું

ઓધા ઓણિપેર લક્ષ્મણ વીર, રોયા દીન થઈ તજી ધીર;
તન કંપે ને વ્યાકુળ ભારી, મુખ સૂકે વહે દગ વારી. ૧
દીઠા લક્ષ્મણ દુઃખિયા અપાર, બોલ્યાં જાનકી કરીને વિચાર;
જોઈ જાહ્નવી તટ સાક્ષાત, કહો કારણ દુઃખ કેરું ભ્રાત. ૨
બહુ કાળથી ઇચ્છા જેહ, પામ્યાં ગંગાનું દર્શન તેહ;
અતિ હરખ સમે ભય આવો, તેનું કારણ કહિ સમજાવો. ૩
નિત રહો છો તમે પ્રભુ સાથ, આજ દૂર જાણી રઘુનાથ;
એથી દુઃખિયા થયા હશો તાત, કહો દુઃખનાં કારણ કેરી વાત. ૪
મુને પ્રાણથી વાલા શ્રીરામ, તોય જાણી આનન્દનું ઠામ;
ન કરું શોક બાળની પેર, ઋષિ પૂજી જાશું કાલે ઘેર. ૫
તમે બાળપણું તજી ભાઈ, રાખો ધીરજ રહો સુખદાઈ;
ગંગા ઉતરી મહા મુનિ વૃંદ, વેગે પૂજીએ થઈને સ્વચ્છંદ. ૬

વેગે નાવ મંગાવો ઉદાર,. જૈયે શીઘ્ર વીરા સામે પાર;
મુક્તાનંદને વાલે કરી ઘાત, નથી જાણતી જાનકી વાત. ૭

પદ ૯ મું–રાગ ગરબી

(આરા આવો નટવર નાનડિયા, એ ઢાળ છે.)

ઓધવ એનું કપટ અતિ ભારી, જાણે એવાં નહિ કોઈ નર નારી–ઓધવ૦
પહેલી કરે પ્રીતિ જે સંગે, રાચે રાસિયો તેને રંગે;
પછે તેને ત્યાગે સૌ અંગે. ઓધવ૦ ૧
સીતા સંગ પ્રીત કરી જેવી, કહી નવ જાય મુખે એવી,
પછે એને ત્યાગ કરી તેવી. ઓધવ૦ ૨
સીતાજી વન મેલી જ્યારે, અમે દુઃખ શું ધરિયે ત્યારે,
એવું છું પીડાણિ દુઃખ ભારે. ઓધવ૦ ૩
જે જે એના સંગ કરે ભાઈ, તેનું દુઃખ કોઈ ન શકે ગાઈ,
મુક્તાનન્દનો પ્રભુ દુઃખદાઈ. ઓધવ૦ ૪

કડવું ૩૭ મું

ઓધવજી એમ જાનકી, સમજ્યા વિના કહે વાત;
તે મનમાં નથી જાણતી, જે કીધી રામજિયે ઘાત. ૧
સરળ ચિત્ત છળ કપટને, સીતા ન જાણે લગાર;
પોતા સરખો જાનકી, જાણે સરળ સૌ સંસાર. ૨
લક્ષ્મણને કહે જાનકી, મુને વાલા અતિ ઘણું રામ;
કમળદળ લોચન શ્રી રઘુવીર, સર્વ સુખના ધામ. ૩
ઉન્નત ઉર સિંધુના સરખું, કૃશોદર રઘુવીર;
ઉદરમાં ત્રિવલિ બિરાજે, ઉંડી નાભિ ગંભીર. ૪
રાજીવ લોચન રામને, નિરખવા મન અકળાય;
વેલાં જવાય અવધપૂર, કરો ભ્રાત તે ઉપાય. ૫
વચન સુણિ સીતાતણાં, લોહ્યાં લોચન લક્ષ્મણ ધીર;
નાવિકને કહે નાવ લાવો, જાવું છે સામે તીર. ૬
કરણધાર તે વચન સુણતાં, લાવ્યો નાવ સુજાણ;
મુક્તાનંદના નાથનું, કરવાને વચન પ્રમાણ. ૭

કડવું ૩૮ મું

ઓધવ એમ નાવ ઉપર, બેઠા લક્ષ્મણ ધીર;
સારથિ રથ સીતા સહિત, ઉતર્યાં સામે તીર. ૧

નાવમાંથી ઉતર્યાં, સીતા સહિત ગુણજાણ;
સામો તટ જોઈ રામાનુજને, વાગ્યાં દુઃખનાં બાણ. ૨
ભાગીરથી તટ જઈ કરી, પામ્યા રામાનુજ દુઃખ જોહ;
પારાવાર ન તેહ તણો, વર્ણવ્યું ન જાયે તેહ. ૩
ગદ્‌ગદ્‌ કંઠે હાથ જોડી, લોચન વહે જલધાર;
દીન થઈ કહે જાનકીને, વચન પરમ ઉદાર. ૪
લોકની વાણી ઉર ધરી, મુને જે જે કહ્યું શ્રીરામ;
તે તે વચન વિચારતાં, મારે ઉર થયું દુઃખ ધામ. ૫
અંતર દુઃખનો દવ બળે, તે સમાવ્યો ન સમાય;
ધર્મસંકટમાં પડ્યો, હવે એનો શો ઉપાય. ૬
આવું કાજ કર્યા થકી, મુને મર્યું અતિ ભલું માત;
મુક્તાનંદના નાથની, મુને પીડે છે ઉરમાં વાત. ૭

કડવું ૩૯ મું

ઓધવ રામાનુજ વળી, કર જોડી કહે સુણો વાત;
લોક નિન્દિત કાજમાં, મુને પ્રેર્યો પ્રભુ સાક્ષાત. ૧
આવાં કારજમાં સતિ, હું પ્રેરાણો છું જોહ;
દોષ ન એમાં કોઇનો, મારાં ભાગ્યનો થર એહ. ૨
રોષ મા કરશો જાનકી, મારા દોષ નહિ લવલેશ;
આ કારજ મેં આદર્યું, રાજા રામનો ઉપદેશ. ૩
એવાં વચન કહી હાથ જોડી, પડ્યા તે ભૂપર સોય;
રુદન કરી નિજ મરણ ઇચ્છે, મર્મ ન જાણે કોય. ૪
એવા લક્ષ્મણ જોઇને, પામ્યાં સીતા કષ્ટ અપાર;
દીન થઈ લક્ષ્મણ પ્રત્યે, કર્યો સીતાએ શબ્દ ઉચ્ચાર. ૫
આ દુઃખનું કારણ લગરી, હું નથી જાણતી ભ્રાત;
જે હોય તે તત્ત્વે કરી, મુને કહો યથારથ વાત. ૬
શ્રાપ થયો રઘુનાથનો, કોના ઉપર દુઃખ છે વીર;
મુક્તાનંદના નાથથી, થયું હોય તે કહો મતિ ધીર. ૭

કડવું ૪૦ મું.

ઓધવજી એમ જાનકી, કરી આજ્ઞા વારંવાર;
તે વાણી શિરપર ધરી, કર્યો રામાનુજે ઉચ્ચાર. ૧

નીચું મુખ કરી દીન થઇ, બોલિયા પરમ સુજ્ઞાણ;
વચન કેતાં કંઠ સુકે, ધ્રુજે થરથર પ્રાણ. ૨
કષ્ટે કરી તોય બોલિયા, જેમ થઇતિ પુરમાં વાત;
માત સભા મધ્યે વાત આવી, સુણિ પ્રભુ સાક્ષાત. ૩
પૂર મધ્યે સર્વ દેશ મધ્યે, સીતાનું લઈ નામ;
લોક સૌ નિન્દા કરે, એમ સુણ્યું મુખોમુખ રામ. ૪
દુષ્ટે જેમ નિન્દા કરી છે, તે તમને કહેવાય;
તજી વિચાર ને લોક વાણિ, સત્ય ગણી રઘુરાય. ૫
તે કારણ તમને તજ્યાં, નિર્દોષ છો તોય માત;
લોકની નિન્દા કારણે, આવો થયો અતિ ઉત્પાત. ૬
એ કારણ વિના જાનકી, મન શંકા ન ધરશો લેશ;
મુક્તાનંદના નાથમાં, થયો લોકલજ્જાનો પ્રવેશ. ૭

પદ ૧૦ મું–રાગ ગરબી

(મનમોહન મંદિર આવોરે, વાટડી જોઉં છું વનમાળીરે; એ ઢાળ છે.)

ઓધવજી એમ લક્ષ્મણ વીરરે, સમજાવી સીતા રાણી;
કહી નીતિ પરમ સુધીરરે, સમજાવી સીતાં રાણી. ટેક.
કહિ કથા પુરવની ભારીરે, સ૦ જેમ રાખે દેહ વિચારીરે. સ૦ ૧
પુરજનનો દોષ દેખાડીરે, સ૦ કરી વિનતિ શાંત પમાડીરે. સ૦ ૨
ધીરજ ધરવાની વાટેરે, સ૦ કરી વિનતિ લક્ષ્મણ ભ્રાતેરે. સ૦ ૩
વનમાં રહો હરિબળ રાખીરે, સ૦ તમે શુદ્ધ છો સૂર સૌ રાખીરે. સ૦ ૪
મુક્તાનંદનો પ્રભુ જાણેરે, સ૦ કરશે રક્ષણ દુઃખ ટાણેરે. સ૦ ૫

કડવું ૪૧ મું

ઓધા લક્ષ્મણ બોલિયા વાણીરે, સુણો જાનકી પરમ શાણીરે;
ઋષિ આશ્રમ પાસ જઈ માતરે, તમને વનમાં મુકીશ સાક્ષાતરે. ૧
રાજા રામની આજ્ઞા છે જેમરે, કરવું પડશે મારે હવે તેમરે;
મુનિવર કેરું આશ્રમ જેહરે, તમને સુખદાયક હવે તેહરે. ૨
મુનિ આશ્રમ પાસ હું આવીરે, તમને તજીશ કઠોરતા લાવીરે;
રામે હુકમ કર્યો એવી રીતરે, રાખું કેમ કરી તમસું પ્રીતરે. ૩
ગંગાતીરે તપોવન જોયરે, મુનિવર કેરું આશ્રમ સોયરે;
રહ્યે ત્યાં તમે રાખી વિચારરે, વૃથા ખેદ મા કરશો લગારરે. ૪

મુનિ આશ્રમ પરમ પુનીતરે, રેજો રાખી ત્યાં ઉત્તમ રીતરે;
રાજા દશરથના એ છે મિત્રરે, મુનિ વાલ્મિક પરમ પવિત્રરે. ૫
વ્રતધારી તપસ્વી ઉદારરે, જેના ગુણનો ન પામિયે પારરે;
રેજો મુનિપદપંકજ પાસરે, કરજો તાતતુલ્ય વિશ્વાસરે. ૬
રાજા રામની આજ્ઞા છે એહરે, તેમાં લેશ નહિ સંદેહરે;
મુક્તાનંદના વાલાને વચનરે, અવળું લેશ મા માનજો મનરે. ૭

કડવું ૪૨ મું

એાધા વળી કહે લક્ષ્મણ ભ્રાતરે, રેજો સાવધાન તમે માતરે;
ધરી ઉરમાં શ્રીરામનું ધ્યાનરે, રેજો મુનિવર પાસ અમાનરે. ૧
રાખી પતિવ્રત ધર્મ પુનીતરે, રાજા રામશું રાખજો પ્રીતરે;
એમ થાશે કલ્યાણ તમારુંરે, સત્ય માનજો વચન અમારુંરે. ૨
સતી નારીને પતિસંગ હેતરે, પતિ પાસરે, ભક્તિ સમેતરે;
પતિ લાડ લડાવે કે મારેરે, તોય પતિનો દોષ ન ધારેરે. ૩
જેને પતિનો તે અવગુણ આવેરે, તે તો પતિવ્રતા નારી ન કહાવેરે;
નાર પતિવ્રતાનો ગુણ એહરે, રાખે પતિસંગ પરમ સનેહરે. ૪
તમને પ્રાણથી વાલા શ્રીરામરે, તમે પતિવ્રત ધર્મનું ધામરે;
કથા કહિ સર્વ લોકને કાજરે, જાણી કેવાનો અવસર આજરે. ૫
સુણી લક્ષ્મણ વીરની વાણીરે, અતિ દારુણ શબ્દ પ્રમાણીરે;
ભુલ્યાં મહા દુઃખે દેહ સંભાળરે, પડ્યાં ભૂમિ ઉપર તતકાળરે. ૬
રહિ મુર્છા તે બે ઘડીવારરે, સીતા પામી તે કષ્ટ અપારરે;
મુક્તાનંદનો સ્વામી છે ક્રુરરે, એાધા મહા દુઃખ આપે જરૂરરે. ૭

કડવું ૪૩ મું

એાધા એણીપેર જનક કુમારીરે, સુણિ શબ્દ પામ્યાં દુઃખ ભારીરે;
કિધિ ત્યાગ શ્રીરામ તે જાણીરે, બોલ્યાં ગદ્‌ગદ્ સ્વર થઈ વાણીરે. ૧
એનું દુઃખડું તે નવ વરણાયરે, કહેતાં વચન વ્યાકુળ થઈ જાયરે;
સીતા લક્ષ્મણને કહે વાતરે, સુણી દુઃખની વારતા ભ્રાતરે. ૨
વીરા આ તન મારું જેહરે, કર્યું દુઃખ સેવા વિધિ તેહરે;
આગે પામી હું કષ્ટ અપારરે, હજી દુઃખનો ન આવિયો પારરે. ૩
મારાં દુઃખ કેરો વાર ન પારરે, ભાંગ્યું નાવ મહાસિંધુ મોઝારરે;
મેં તો શાં શાં કર્યાં હશે પાપરે, જેણે પામી હું મહા સંતાપરે. ૪

નિશ્ચે સંતાપ્યા છે ભાઇરે, તેની આવી મંળી જોગવાઇરે;
કાં તો બ્રાહ્મણને દુઃખ દીધું રે, કાં તો પર ધન ચોરી લીધુરે. ૫
કાં તો હરિજનસું કર્યું વેરરે, કાં તો છાનું દીધું કેને ઝેરરે;
કાં તો કીધી વિશ્વાસીને ઘાતરે, મળ્યું આજ તે ફળ સાક્ષાતરે. ૬
એમ જાનકી કરીને વિલાપરે, કિધો પાપનો નિજ શિર થાપરે;
મુક્તાનંદનો સ્યામ સંભારીરે, ઉચ્ચે સાદે રુવે સકુમારીરે. ૭

કડવું ૪૪ મું

ઓધા એણિપેર દુઃખણી અપારરે, રોઈ વચન કર્યાં ઉચ્ચારરે;
વીરા રઘુપતિ પરમ દયાળરે, મુને કેમ ત્યાગી તતકાળરે. ૧
હું તો પતિવ્રતા નારી કેવાઉંરે, જ્યાં જ્યાં હુકમ કરે ત્યાં ત્યાં જાઉંરે;
મારો સેજ સ્વભાવ છે જેહરે, વીરા કહિ સંભળાવું તેહરે. ૨
રહેતી વનમાં હું રામજી પાસરે, એનાં બળનો ઘણો વિશ્વાસરે;
તોય દેખું બિહામણું જ્યારેરે, અતિ ત્રાસને પામતી ત્યારેરે. ૩
તે હું એકલી વન મધ્યે ભાઇરે, સંગે બીજું ન કોઈ સહાઇરે;
હવે કેમ હું રહિશ વનવાસરે, મુને એ જ અંતર અતિ ત્રાસરે. ૪
જ્યારે પૂછશે મહા મુનિ ધીરરે, તમને કેમ ત્યાગ્યાં રઘુવીરરે;
તેનો શું ઉત્તર કહું તાતરે, મારે શિર આવ્યો ઉતપાતરે. ૫
કહેશે વાત પરસ્પર સોયરે, વિના વાંકે ન ત્યાગે કોયરે;
એનો ઉત્તર કેમ કરી દેસરે, હુંમાં દોષ નથી લવલેશરે. ૬
ઓધા એમ સીતા દુઃખ પામીરે, જેને શિર ત્રિભુવન પતિ સ્વામીરે;
મુક્તાનંદના નાથ કઠોરરે, એની ઉપર કેનું નહિ જોરરે. ૭

પદ ૧૧ મું–રાગ રામગ્રી

(આજ મારાં નેણ સફળ થયાં,–એ ઢાળ છે.)

લક્ષ્મણને કહે જાનકી, મારે સંકટ ભારી;
હરિ વિના જીવવું હરામ છે, મરવું મહા શ્રેયકારી. લ. ૧
જો ગંગાજળમાં પડી, તજું પ્રાણને ભાઈ;
આતમહત્યા ઉપજે, થાય અતિ અવળાઈ. લ. ૨
બીજું દુઃખ તનને તજે, મુને અતિઘણું સાલે;
રાજવંશ રઘુવીરથી, આગળ નવ ચાલે. લ. ૩
એ હત્યા તનને તજે, લાગે મુને મોટી;
મનસુબો મરવાતણો, એ તો વાત જ ખોટી. લ. ૪

તજી મુજને રઘુવીરની, આજ્ઞા તમે પાળો;
મુજ દુઃખિણીના તાપની, ચિંતા તમે ટાળો. લ. ૫
અવધ પૂરી જઈ સર્વને, મારું વંદન કેજો;
મુક્તાનન્દના નાથની, નિત સેવામાં રેજો. લ. ૬

કડવું ૪૫ મું

ઓધવજી વળી બોલિયો, જાનકી પરમ સુજાણ;
રામાનુજ તમે સાંભળો, મારાં વચન પરમ પ્રમાણ. ૧
સાસુ સર્વને પ્રેમશું મારા, કેજો અનંત પ્રણામ;
કર જોડી વંદને કરી મારા, કેજો કુશળ કલ્યાણ. ૨
એમ કેજો રઘુનાથને, તમે ધર્મ ધોરંધર ધીર;
ભ્રાત કુટંબી પ્રજા સૌને, પાળો છો રઘુવીર. ૩
એ તમારો ધર્મ નિર્મળ, એ જ કીર્ત્તિ ઉદાર;
ધર્મ વડે સર્વ લોકને, પાળો છો વારંવાર. ૪
સર્વ રક્ષક થઈ કરી, મુને ન પાળિ તમે જેહ;
મારા દેહને દુઃખ પડે, અવગુણ ન ધરું તેહ. ૫
એ જ વચન રઘુવીરને, તમે કહેજો જઇને ભ્રાત;
મારાં દુઃખની વારતા, કહેશો મા કોઇને તાત. ૬
મુક્તાનન્દના નાથનું, ઉરમાં ધરી દૃઢ ધ્યાન;
જાનકી અતિ દુઃખ પામે, (પણ) મન કીધું ધીરજવાન. ૭

કડવું ૪૬ મું

ઓધવજી એમ બોલિયા, જાનકી પરમ સુજાણ;
શોક ન કરશો માહરો, હું તજિશ નહિ મુજ પ્રાણ. ૧
દીન ચિત્ત થઈ જાનકી, એવું બોલ્યાં ધરી ધીર;
ખેદ વચનને સાંભળી, દુઃખ પામ્યા લક્ષ્મણ વીર. ૨
સીતાને ચરણે શિર નમાવી, રામાનુજ બુદ્ધિવંત;
સીતાને વચન ન કહિ શક્યા, ઉર વ્યાપ્યું કષ્ટ અનંત. ૩
પરિક્રમા કરી હાથ જોડી, કીધું રુદન અપાર;
રામાનુજ જાવા સમે, નમ્યા સીતાને બહુ વાર. ૪
રામાનુજ ફરી વહાણ બેઠા, અંતર શોકની ઝાળ;
નાવમાંથી ઉતરી બેઠા, રથ ઉપર તતકાળ. ૫

સીતાને સામે તીર મેલ્યાં, તેનો તે મનમાં ત્રાસ;
રુદન કરી જુએ જાનકી ને, અંતર અધિક ઉદાસ. ૬
સીતા સરખી સુંદરી, તેને મુકાવી વનવાસ;
મુક્તાનંદના નાથનો, હવે થાય કેમ વિશ્વાસ. ૭

કડવું ૪૭ મું

ઓધવજી એમ જાનકીને, મેલી વન મોઝાર;
રામાનુજ ફરી ફરી જુવે, સતિ સીતા સામે પાર. ૧
રામાનુજે રથ હાંકિયો, દીઠો સીતાએ રથ ગયો દૂર;
વહેવા લાગ્યાં નેત્રથી, આંસૂડાં કેરાં પૂર. ૨
અરણ્ય વનમાં એકલી, રુવે સીતા ઉંચે સાદ;
વાલ્મિક ઋષિના શિષ્ય તે સ્થળ, આવ્યા સુણી દુઃખ નાદ. ૩
તેડી ગયા અતિ આદરે, વાલ્મિક કવિની પાસ;
અતિ કૃપાળુ મહા મુનિ, આપ્યો પોતા પાસ નિવાસ. ૪
સીતાને લવ સૂત અવતર્યો, કુશ કીધો વાલ્મિક ધીર;
સીતાને મુનિ સમઝાવિયાં, થાશે તુલ્ય બળ બેઉ વીર. ૫
રામાયણ મુનિપાસ ભણિયા, લવ ને કુશ બુદ્ધિમાન;
જજ્ઞમાં જઈ રામચરિત્રનું, કીધું બેઉ જણે ગાન. ૬
લવ ને કુશ બે પુત્ર સોતી, પાછી લાવ્યા તેહ;
વાંકાં વચન સુણિ રામનાં, ભોમાં સમાણી એહ. ૭
સીતાસરખી મહા સતિ, તેને આપ્યું કષ્ટ અપાર;
મુક્તાનંદના નાથનાં, પરપંચનો નહિ પાર. ૮

કડવું ૪૮ મું

અવર બોલી આપણે, હવે શું કપટીનું કામ;
મહા દુઃખ દીધું મોહને, એનું ન લેશો કોઈ નામ. ૧
ઓધવજી અમે અધિક ભોળાં, જાણું નહિ છળ લેશ;
મન કર્મ વચને માનિયો, કપટિ તણો ઉપદેશ. ૨
પારધિ જેમ કુરંગને, સુંદર સુણાવે નાદ;
પછે એ મારે બાણ તનમાં, એવો મેલ્યો રસ સ્વાદ. ૩
ટોળા વછોયો કરે તતક્ષણ, વહે રુધિરની ધાર;
અમ સંઘાતે કૃષ્ણજી, એમ કરયું વારંવાર. ૪

હાસ્ય કરી નખસ્પર્શ કરી, કીધો મદન પ્રકાશ;
મૃગની પેરે મારિયાં, એણે કરાવી વિશ્વાસ. ૫
ધણી તારો ધુતારડો, તું તેનો એકાંતિક દાસ;
દાઝ્યા ઉપર લૂણ દે, મોકલ્યો અમ પાસ. ૬
કરીશ મા એની વારતા, મુખ બોલો બીજી વાત;
મુક્તાનંદના સ્વામિયે, અમશું કરી બહુ ઘાત. ૭

પદ ૧૨ મું-રાગ કેદારો

(ઘેર આવો તો ગોઠડિ કીજે, ઘણારે દિવસની સંચીરે; એ ઢાળ છે.)

ઓધવજી અમ સાથ ધુતારે, કપટ કરયું અતિ ભારીરે;
ચિત્ત ચોરી મથુરા જઈ બેઠો, ઝૂરે છે વ્રજની નારીરે. ઓ૦ ૧
મથુરા નગરની નાર ધુતારી, રીઝવશે કરી પ્યારરે;
મોહનવર મતલબનો ગર્જુ, કપટી કુબ્જાનો યારરે. ઓ૦ ૨
વ્રજની વાત વિસારી મોહન, હવે નહિ ગોકુળ આવેરે;
મદન શરાસન લૈ મારે છે, તે થકી કોણ મુકાવેરે. ઓ૦ ૩
કુબ્જાને સંગે જોગ અભ્યાસો, અમને મેલ્યાં વિસારીરે;
મુક્તાનંદનો નાથ બન્યા છે, મથુરાં જઈ બ્રહ્મચારીરે. ઓ૦ ૪

કડવું ૪૯ મું

ગોપી રુદન કરે છે અપારરે, આવ્યો મધુકર બીજી વારરે;
બોલી મધુકરસું કરી પ્યારરે, ફરી મૂક્યો શું નંદકુમારરે. ૧
અમને માનવા જોગ છો વીરરે, વર માગો તે દેશું સુધીરરે;
જેના ઉરમાં છે શ્રીનો નિવાસરે, અમને તેડી ચાલો તેની પાસરે. ૨
એને નારી વિના ન રેવાયરે, રાખે ઉર વિષે શ્રીને સદાયરે;
એને નારી તણો નહિ પારરે, અમને એક એનો જ આધારરે. ૩
વીરા મથુરા પૂરીમાં મોરારીરે, કોને સુખિયા છે શ્રીગિરિધારીરે;
ક્યારે કરે છે ગોકુલિયાની વાતરે, પ્રેમે સંભારી માત ને તાતરે. ૪
ક્યારે ગોપ ગોવાળ સંભારીરે, રાજી થાય છે કુંજબિહારીરે;
અમને જાણી અનન્ય નિજ દાસીરે, ક્યારે સંભારે શ્રીઅવિનાશીરે. ૫
ભૂજ અગર સુગંધિ ગોપાળરે, ક્યારે શિરપર ધરશે કૃપાળરે;
અમને મારી ગયો સ્નેહનાં બાણરે, વીરા કેમ કરી રાખિયે પ્રાણરે. ૬
સ્નેહની પિડિયું ત્યાગશું પ્રાણરે, તેનો દોષ તમને સુજાણરે;
નહિ તો તેડો વીરા સૌને સાથરે, જ્યાં છે મુક્તાનંદનો નાથરે. ૭

કડવું ૫૦ મું

સુણી ઓધવ ગોપીની વાણીરે, બોલ્યા ઉર ધરી સારંગપાણીરે;
પ્રેમે ભિનાં તમારાં વચંનરે, સુણિ મગ્ન થયું મારું મંનરે. ૧
તમને દર્શનની ઘણી પ્યાસરે, પૂરી કરશે મોહન સર્વ આશરે;
મુને કહ્યો છે શ્રીકૃષ્ણે સંદેશરે, તમને અતિ સુખનો ઉપદેશરે. ૨
તમે સર્વે કૃતારથ માતરે, પૂજ્યા જોગ સૌને સાક્ષાતરે;
વાસુદેવ પ્રગટ પ્રભુ જેહરે, તેણું તમને છે અચળ સનેહરે. ૩
તપ હોમ ને જપ વ્રત દાનરે, ગ્રંથપઠન ને સંયમ ધ્યાનરે;
કરી સાધન અનંત અપારરે, ભક્તિ કૃષ્ણની સાધે ઉદારરે. ૪
પરમાત્મા કૃષ્ણને સંગરે, પ્રેમ ભક્તિ છે તમને અભંગરે;
પ્રેમલક્ષણા ભક્તિ છે સારરે, માગે મુનિવર વારંવારરે. ૫
પતિ પુત્ર સ્વજન ધન ધામરે, દેહાદિકથી થયાં નિષ્કામરે;
સર્વે ત્યાગી વસ્યા ગિરિધારીરે, થઈ છે ત્રિભુવન જીત તમારીરે. ૬
તમે પ્રભુમાં દેખાડી છે પ્રીતરે, મુને કીધો છે પરમ પુનીતરે;
મુક્તાનંદને વહાલે કર સાઇરે, સર્વે કમળા સમાન છે બાઈરે. ૭

કડવું ૫૧ મું

તમે સાંભળો મોરી વાતરે, કહ્યું શ્રીમુખે જે સાક્ષાતરે;
લાવ્યો હરિનો સંદેશો હું એહરે, સુણો એક મને કરી સ્નેહરે. ૧
હું છઉં હરિનો એકાંતિક દાસરે, સદા રહું છું શ્રીકૃષ્ણની પાસરે;
મને પુછ્યામાં કરશો મા લાજરે, તમ સારુ મૂક્યો છે મારાજરે. ૨
તમને કહ્યું છે શ્રીકૃષ્ણજી એમરે, સર્વે સાંભળજો કરી પ્રેમરે;
મારો સર્વે પ્રકારે વિજોગરે, તમને થયો નથી સંજોગરે. ૩
જેમ પંચમાભૂત છે જેહરે, વ્યાપ્યા સર્વે આકારમાં તેહરે;
મન ઇંદ્રિયું પ્રાણમાં એકરે, હું છઉં વ્યાપક સમજો વિવેકરે. ૪
મારા તેજમાં સર્વે આકારરે, સર્જું પાળું હરું બહુ વારરે;
માયા ગુણને હું પ્રેરી કરાવુંરે, સ્વજું વિશ્વ ન બંધમાં આવુંરે. ૫
હું છું સર્વેમાં સર્વથી ન્યારોરે, જાણો મુજથકી સર્વ પસારોરે;
મુંમાં મનડું બંધાણું છે જેનુંરે, રહેજે સિધ્યું કારજ સરવ તેનુંરે. ૬
મુંમાં મન દૃઢ બાંધવા કાજરે, વસે વનમાં તજી સુખ સાજરે;
મુક્તાનંદના નાથની વાણીરે, સર્વે ઉર ધરો પરમ શાણીરે. ૭

કડવું ૫૨ મું

વળી કૃષ્ણજી કહે છે વચનરે, સર્વે સાંભળજો એક મનરે;
મન મુજમાં આરોપવા કાજરે, ત્યાગી સેવે છે સંત સમાજરે. ૧
સાંખ્યજોગ વેદાંત વિચારરે, તપ ત્યાગ દમાદિ પ્રકારરે;
સર્વે મન વશ કરવાને એહરે, તેમાં લેશ નથી સંદેહરે. ૨
જેમ નદિયુનો સિંધુમાં અંતરે, રેણિ મનના નિરોધ પ્રજંતરે;
વસ્યો તમથી હું વેગળો જ્યારે, વધે પ્રેમ અપાર તમારેરે. ૩
પ્રેમે મન તો રહ્યાં મારે પાસરે, તમને એજ સમીપ નિવાસરે;
મુંમાં મનને બંધાવાને પ્યારીરે, વસ્યો વેગળો સમજી વિચારીરે. ૪
જ્યારે દૂર પતિ જેના જાયરે, તેનું મન પિયુ સંગ ધ્રોવાયરે;
તેવો દૃષ્ટિગોચર પતિ સંગેરે, નોય વનિતાના માનને પ્રસંગેરે. ૫
સુણો ગોપિકા મનડાં તમારારે, મારા રૂપથી રહે નહીં ન્યારારે;
એવો કીધો ઉપાય મેં સારરે, તમે લેશો મા અવળો વિચારરે. ૬
વ્રજવનિતા તો પ્રાણ છો મારારે, ગુણ ભુલું ન લેશ તમારારે;
મુક્તાનંદનો વહાલો જાણરે, મીઠું બોલી હરે મનના પ્રાણરે. ૭

પદ ૧૩ મું–રાગ મલાર

તમે તો કૃતારથ કામિની, મન મુજ વિષે ધારી;
તન મન ધન મુજ ઉપરે, રાખ્યું સર્વસ્વ વારી.. તમે૦ ૧
જે મુજમાં મનને ધરે, છોડી જગ કેડો;
તે પ્રેમિજન પાસ લે, રહું કરી દૃઢ નેડો. તમે૦ ૨
મન મુજમાં તમે રાખજો, રહેજો જગ થકી ન્યારી;
અલ્પ કાળમાં સુંદરી, મુને પામશો પ્યારી. તમે૦ ૩
રાસ સમે વ્રજમાં રહી, રોકી નિજ સ્વામી;
તમ મોરે તનને તજી, પ્રેમે મૂને પામી. તમે૦ ૪
જે મૂને પ્રેમે ભજે, તેને પળ ન વિસારું;
મુક્તાનંદનો નાથ કહે, સર્વે કષ્ટથી તારું. તમે૦ ૫

કડવું ૫૩ મું

ગોપી સાંભળી હરિ સંદેશ, કીધો મન હરિ રૂપ પ્રવેશ;
વળી બોલી ઉધવજીની સંગ, ભાસ્યો કૃષ્ણલીલાનો પ્રસંગ. ૧
સુણો ઓદ્ધવ હરિ સુખકારી, માર્યો કંસ મટયું દુઃખ ભારી;
જાદવ સંગ કરતો વિરોધ, તેનો કાઢયો શ્રીકૃષ્ણજી સોધ. ૨

ત્યાગ્યેા આહિરડાંનેા આચાર, હવે થયા હરિ રાજકુમાર;
એ શું મથુરાં નગર કેરી નાર, વીરા કરતી હશે ઘણેા પ્યાર. ૩
જોઈ વનિતાની ભ્રુકુટી વિલાસ, પડશે મેાહન પ્રેમને પાસ;
વીરા મથુરાં ધૂતારાનું ગામ, રાખ્યા ભેાળવી સુંદર શ્યામ. ૪
કહેાને પુર વનિતા ભલિ જાણી, કેવી શ્રીકૃષ્ણને પ્રીત બંધાણી;
એને મનગમતું જ્યારે થાયે, તેને સંગ જો રાયે બંધાયે. ૫
અમે ભેાળાં ગેાકુળનાં વાસી, નવ જાણિયે કપટ પ્રકાશી;
નારી નગરની છળમાં છે શૂરી, બની જોડ પરસ્પર પૂરી. ૬
એણે કુબ્જાસું કીધેા વિહાર, સંગે દૂત હતા તમે તૈયાર;
મુક્તાનંદના નાથને નેાર, જોઇયે તમ જેવા દૂત ચકેાર. ૭

કડવું ૫૪ મું

કાને ઉદ્ધવ પરમ સુધીર, પૂર નારી મધ્યે બળ વીર;
ક્યારે વાત કરે છે અમારી, જાણી દાસિયું શ્રીગિરિધારી. ૧
વૃંદાવન મધ્યે નવલ વિહારી, અમશું રાસ રમ્યા સુખકારી;
તે તે રજનિયું અતિ સુખદાઈ, એને સાંભરે છે કે ના ભાઈ? ૨
વીરા રાસની લીલા અપાર, કેતાં શેષજી પામે ન પાર;
અમશું રમિયા છે કૃષ્ણજી જેમ, કહ્યું સંક્ષેપે કરી તેમ. ૩
દેખી શરદનેા ચંદ્ર વિશાળ, વાઈ વેણુ રસાળ ગેાપાળ;
ફૂલી મલ્લિકા જાતિ સુરંગ, જોતાં વાધે અપાર અનંગ. ૪
ઇંદુરાજનાં કીરણ પ્રકાશ, જોઈ વનછબી કમળા નિવાસ;
ગાયેા વેણુમાં રાગ મલાર, ધાયા સુણતાં પ્હેલાં તત્કાળ. ૫
સુણિ અનંગ પ્રદિપન ગીત, મેાહ્યું વ્રજ વનિતાનું ચિત્ત;
એકબીજીથી છાનીઉં જાણી, વેગે આવ્યાં જ્યાં હતા સારંગપાણી. ૬
કેના જોવા ન રે કેાઈ હાથ, વાઈ વેણુ ખેંચ્યા જદુનાથ;
મુક્તાનંદના સ્વામીને કાજ, સર્વે ત્યાગ કરી કુળ લાજ. ૭

કડવું ૫૫ મું

કાણે દેાહતાં મેલિયું ગાયું, સુણિ બંસિ ઊડી સર્વે ધાયું;
કેાઈ ઉકળતું પય મેલી, ચાલી ઉનમત્ત થઈ અલબેલી. ૧
ચુલે ચડતી રસેાઈ તે ત્યાગી, ધાયું હરિ સનમુખ બડ ભાગી;
કેણે ધાવતાં ત્યાગ્યાં બાળ, ત્યાગ્યા જમતા પતિ તત્કાળ. ૨

જમતાં ત્યાગ કર્યાં કેણે જંન, કેણે ત્યાગ્યાં ઉધાડાં ભુવંન;
કેણે પતિ સુત સેવા વિસારી, ચાલી પ્રેમ મગન વ્રજનારી. ૩
પેર્યાં અવળાં આભૂષણ ચીર, ગેાપી પ્રેમે થયાં છે અધીર;
આંન્યું એક એક લેાચન ગેાપી, પ્રેમે રહિ પરિપૂરણ એાપી. ૪
વેણું નાદ સુણી સર્વ ચાલી, પ્રેમે પરવશ થઈ મતવાલી;
વાર્યાં પતિ સુણી માત ને તાતે, વાર્યાં સર્વે સંબંધીએ ભ્રાતે. ૫
સૌનું બાંધ્યું મેાહનજીશું મંન, વાર્યાં ન રહ્યાં તે ગેાપીજંન;
જે જે પતિએ રેાકી ઘરમાંઈ, જવા માગ મળ્યેા નહિ કાંઈ. ૬
તેણે ધર્યું મેાહન કેરું ધ્યાન, વિચિ લેાચન મુદ્દિયા કાન;
મુક્તાનંદના વહાલાને પ્યારી, પામી ઉરમાં મેાહન સુખકારી. ૭

કડવું ૫૬ મું

સુણેા એાધવજી એની વાત, જેમ મળિયા મેાહન સાક્ષાત;
તિવ્ર તાપે તપિ અતિ એહ, છૂટી ભેાગવી દુકૃત તેહ. ૧
ધ્યાને પામી પાતળિયાનેા સંગ, પામી અતિ સુખ સમીયેા અનંગ;
હરીને મળવે થયું સુખ ભારી, છુટી શુભ કર્મથી સર્વ નારી. ૨
રહે છે કર્મે કરી સર્વ દેહ, તેમાં રંચ નહિ સંદેહ;
એનાં કર્મ બળ્યાં સર્વ વીર, પામી કૃષ્ણને ત્યાગી શરીર. ૩
અમેા મેાક્ષ તેહરિવર પામી, ભાગી જનમેાજનમની ખામી;
જર બુદ્ધિએ ભજિયા ગેાપાળ, તેાય મુક્ત થઈ તતકાળ. ૪
જે જે વ્રતમાં રેાકાણીતી ભાઈ, તેની વાત કહી સુખદાઈ;
તેની કેડે સકળ વ્રજનારી, આવી જ્યાં હતા કુંજબિહારી. ૫
અમને દેખી મેાહન ચિત્તચેાર, હસિ બેાલિયા નંદકિશેાર;
ભલે આવિયાં તમે સર્વ વૃંદ, કેાને વ્રજમાં છે કુશળ આનંદ. ૬
કેાને શા કારણ વન આવ્યાં, એમ બેાલીને અમને ડરાવ્યાં;
મુક્તાનંદના વહાલાની વાણી, સુણી સુંદરી સર્વ દુઃખાણી. ૭

પદ ૧૪ મું-રાગ સામેરી

(એાધવ કેાને રસીલાવરની રીતડીરે, એ ઢાળ છે.)

કઠેણ હૈયાનારે કપટી કાનજીરે, અમસંગ બેાલીયા વચન કઠેાર;
જાઓ ઘેર પાછારે સર્વે સુંદરી, વનમાં છે જંતુ ભયાનક ઘેાર. ક. ૧
તમારા સંબંધીરે તમને બેાળશેરે, કલપસે માતપિતા સુત ભ્રાત;
પતિ તેા તમારારે તમપર કેાપશેરે, એમાંથી તેા થાય ઘણેા ઉતપાત. ક. ૨

જોવા આવ્યાં વનરે તે જોઈ પાછાં વળોરે, રજનિમાં કરવી નહિ ધણીવાર;
જાઓ ઘર પાછારે પતિની સેવા કરોરે, કુલવંતી નારીનો એજ આચાર. ક. ૩
ચિતડાં અમારાં લોભાણાં નંદલાલમારે, બીજે મન માને નહિ લવલેશ;
મુક્તાનંદ કેરોરે વાલમ કહિ હારિયોરે, અમને ન લાગ્યો એ ઉપદેશ. ક. ૪

કડવું ૫૭ મું

ઓધવ અમ સંગ બોલીયા, છળ રાખી નંદકુમાર;
નિજ ભવન જઈ ભામિની, સુખે સેવો નિજ ભરથાર. ૧
કલપતાં હશે વાછરુ, રોતાં હશે બહુ બાળ;
ધવાડો મન દયા આણી, જાઓ ઘરે તતકાળ. ૨
જો તમને દ્રઢ પ્રેમ મુજ સંગ, આવ્યાં થયું દરશન;
મુજ સંગ પ્રીતિ જે કરે, તેનું થાય નિર્મળ મન. ૩
કપટ તજી નિજ પતિ ભજે, નારીનો એ નિજ ધર્મ;
પતિનું વચન ન વાઢવું, અબળાને એ શુભ કર્મ. ૪
દારીદ્રી દુસીલ રોગી, વૃદ્ધિ જડ પતિ હોય;
એવોય પતિ જો અપાતકી, વનિતાને ભજવો સોય. ૫
કુળવાન નારી પતિ તજી, જો ભ્રષ્ટ થાવા જાય;
ત્રણ કુળને લાંછન દઈ, પડે નરક અપજશ થાય. ૬
શ્રવણ દર્શન ધ્યાનથી, વાધે મુજ સંગ પ્રીત અપાર;
મુક્તાનન્દને સ્વામિયે, જાઓ જાઓ કહ્યું બહુવાર. ૭

કડવું ૫૮ મું

ઉધવજી અમે સાંભળ્યાં, કપટિનાં વચન કઠોર;
શોક સાગર સર્વ બૂડિયાં, ચિંતા વ્યાપી ઘોર. ૧
નિચાં મુખ કરી માનિની, સૌ મૂકે અતિ નિઃશ્વાસ;
ચરણ નખ ભૂમિ ખણે, થયાં શોકે અધિક ઉદાસ. ૨
નયણે જળધારા વહે, ધુવે કુચનું કુંકુમ તેહ;
દાવાનળ દુઃખનો બળે, તેમાં દાઝે સૌનો દેહ. ૩
પ્રિતમ વેરીની પેર બોલ્યા, વાંકા વચન અપાર;
જે અર્થે ઘરબાર છોડ્યાં, છોડ્યો કુળ વ્યવહાર. ૪
સુર થઈ વ્રજ સુંદરી, લુછ્યાં લોચન જળ નિજ હાથ;
ક્રોધ કરી ગદ્‌ગદ્ સ્વરે, બોલિયાં મોહન સાથ. ૫

શાને કાજે શામળા, કેાછેા વચન અતિ વિકરાળ;
તજી સર્વ શરણુ આવ્યાં, પાળેા જન પ્રતિ પાળ. ૬
ભુધરજી અમને ભજો, તજો જૂઠી મનની તાણ;
મુક્તાનન્દના નાથજી, તજવાની ત્યાગેા વાણુ. ૭

કડવું ૫૯ મું

ઓધવજી અમે બેાલિયું, વળી જોડીને સર્વે હાથ;
અમે તમારી દાસિયું, પ્રભુ તમે અમારા નાથ. ૧
દાસ જાણી દયાળ અમને, આપેા નિકટ નિવાસ;
આદિ પુરુષ જેમ ભક્તને, નિત્ય રાખે ચરણુને પાસ. ૨
પતિ પુત્ર સંબંધિની, સેવા અમારેા એ ધર્મ;
ધર્મ જાણુમાં અધિક છેા, પ્રભુ તમે બતાવેા મર્મ. ૩
અમે તમારાં વચન સર્વે, માન્યાં સત્ય સ્વરૂપ;
તમે જ સૌના આત્મા, તમે પતિ પરમ અનૂપ. ૪
તમે જ સાચા પતિ સૌના, બીજા તે અબળાવૃન્દ;
પતિ જાણી પશુતુલ્ય નારી, પડે છે મેાહને ફંદ. ૫
પતિ શબ્દનેા અર્થ એ છે, પાળે આલેાક પરલેાક;
એવા પતિ તમે એક છેા, મેટણ વિકટ ભવ શેાક. ૬
તે માટે અમે વર્ત્યાં, તમને ત્યાગી જગની આશ;
મુક્તાનન્દના નાથજી, નિત રાખેા પ્રભુ તમ પાસ. ૭

કડવું ૬૦ મું

ઓદ્ધવ વળિ એમ બેાલિયાં, શામળા કેરે સંગ;
જાણ્યા તમને દૃઢપતિ, કેમ રાચું બીજે રંગ. ૧
જે તમને વનિતા વરે, પતિવ્રતા કહાવે તેહ;
ભમે બિનજિયું ભવ વિષે, ધરે અનન્ત જાતના દેહ. ૨
શ્વાન સુકર ખર પુરુષ સંગે, થાય તે ઘણીયુ વાર;
પતિવ્રતાના ધર્મના, તેને રહે કેમ નિરધાર. ૩
તે માટે તમે પતિવ્રતાનેા, કહ્યો જે અમને ધર્મ;
તે અમે તમ સંગે રાખશું, જાણે અલૌકિક મર્મ. ૪
પતિ સુતાદિક કુટુંબ સર્વે, આપે દુઃખ ભય શેાક;
તે સંગે પ્રીતિ કરે, તમથી વિમુખ શઠ લેાક. ૫

વિવેકી તમ સંગ પ્રીતિ, બાંધે અચળ અપાર;
વિષય સુખ તૃષ્ણા તજે, તમને ભજે કરી પ્યાર. ૬
તે માટે અમે પ્રીત તમશું, જોડી અચળ જગવૃન્દ;
મુક્તાનન્દના નાથ અમને, માં ત્યાગો સુખકંદ. ૭

પદ ૧૫ મું-રાગ કાફી

પ્રાણજિવન પુરુષોત્તમ પ્યાર, અમને છે આશ તમારીરે;
લાલચડિ લાગી બહુ દિનની, સફળ કરો સુખકારીરે. પ્રા૦ ૧
ચિતડું અમારું લોભાણું સુખમાં, નયણા તે રૂપને જોઇરે;
મોરલીના નાદ સુણિ મરમાળા, તમ સંગ મન રહ્યું મોહીરે. પ્રા૦ ૨
કર ઘરકારજ કરવા ન ચાલે, પગ ન ભરે ડગ પાછુંરે;
ચરણ તમારાં તજી મનમોહન, જાવાનું થયું કાચુંરે. પ્રા૦ ૩
હાથ નવ ચાલે પગ ન ચાલે, કહો કેમ કરી ઘર જાયરે;
અમૃતની આશા કરી આવ્યા, વિષડું તે કેમ કરી ખાયરે. પ્રા૦ ૪
અધર અમૃતપાન કરાવી, તનના તાપ બુઝાવોરે;
મુક્તાનન્દના નાથ રસિલા, રસનો ઘન વરસાવોરે. પ્રા૦ ૫

કડવું ૬૧ મું

વળી ઉદ્ધવજી હરિ સંગેરે, અમે બોલિયાં દાઝ તે અંગેરે;
સુણો કૃષ્ણજી પરમ સુજાણરે, વાઈ વેણ હર્યા તમે પ્રાણરે. ૬
ખેંચી ભ્રુકુટી ધનુષ કરી જોરરે, માર્યાં કામનાં બાણ કઠોરરે;
તેની વેદના અમને છે ભારીરે, વેગે ટાળો શ્રી કુંજબિહારીરે. ૭
જો નહિ એમ કરો બળવીરરે, સ્નેહનાં દાઝેલ તજશું શરીરરે;
ધરિ ધ્યાનને ત્યાગશું દેહરે, તમને પામશું નહિ સંદેહરે. ૮
પ્રભુ ચરણ તમારાં ઉદારરે, સેવે સિન્ધુસુતા કરી પ્યારરે;
અમે જે દિથિ ચરણ તમારારે, ચાંપ્યાં ઉરમાં થયાં જગન્યારારે. ૯
અમને તે દિથિ અન્ય નર સાથરે, ઉભું રહેવું ગમે નહિ નાથરે;
છુટો તમ વિના સૌથી સ્નેહરે, દિઠો નવ ગમે પુરુષનો દેહરે. ૧૦
ધારી ચાત્રક સરખી ટેકરે, અમે પામિયું પરમ વિવેકરે;
વરિયું તમને કરી દૃઢ પ્રીતરે, અમે જાણી અલૌકિક રીતરે. ૧૧
કિધું તમ વિના સર્વે હરામરે, જાવા સુજે નહિ બીજું ઠામરે;
મુક્તાનન્દના સ્વામિ સુજાણરે, તમને અરપ્યાં છે તન મન પ્રાણરે. ૧૨

કડવું ૬૨ મું

વિરા વળિ અમે મોહન સંગરે, કાઢ્યો પ્રેમ ભક્તિનો પ્રસંગરે;
આપ્યો કમળાને ઉરમાં નિવાસરે, તોય ચરણ સેવ્યાની છે આશરે. ૧
નિજ સોકય વૃંદા સંગ તેહરે, ઇચ્છે ચરણ નિવાસને એહરે;
એવું ચરણ સરોજ તમારુંરે, પ્રભુ પૂરણ ધન છે અમારુંરે. ૨
જેને સેવે છે મહામુનિ વૃંદરે, સેવી પામે અત્યંત આનંદરે;
તેની પેરય અમે હવે દેવરે, પામ્યા ચરણ કમળની સેવરે. ૩
નિજ દાસ ગોપિજન જાણીરે, રીઝો અમપર સારંગપાણીરે;
અમે તમને ઉપાસવા કાજરે, ત્યાગ્યાં મંદિર શ્રીમહારાજરે. ૪
પ્રભુ હાસ્યવિનોદ તમારેરે, વાધ્યો અંતરે કામ અમારેરે;
તેના વૈદ તમે સુખકંદરે, ટાળો દાસનું દુઃખ જગવંદરે. ૫
જોઈ ખીતલિયાળા કેશરે, નિરખી નટવર સુંદર વેશરે;
મુખે અધર સુધા સુખકારીરે, ભુજદંડ સકલ ભયહારીરે. ૬
જોઈ શામળા શોભા તમારીરે, થૈયું દાસિયું શ્રીગિરિધારીરે;
મુક્તાનંદના વ્હાલા વિહારીરે, પૂરો પ્રેમેશું આશ અમારીરે. ૭

કડવું ૬૩ મું

વાળ ઓદ્ધવજી અમે નારીરે, બોલ્યાં હરિસંગ લાજ વિસારીરે;
સુણો મદનમોહન સુખધામરે, વારું છબીપર કોટીક કામરે. ૧
એવી ત્રિભુવનમાં નહિ નારીરે, જોઈ તમને રહે અવિકારીરે;
સુણી બંસીનું ગીત રસાળરે, નારી માત્ર ચળે તતકાળરે. ૨
તારું અનંગ વિમોહન અંગરે, જોતાં વનિતાને વાધે અનંગરે;
પશુ પંખીને દ્રુમથીર કાયરે, દેખી રૂપ રોમાંચિત થાયરે. ૩
તમે પ્રગટ્યા છો વ્રજજન કાજરે, સુખ આપવા શ્રીમહારાજરે;
નેહની વેદના અમને છે ભારીરે, ટાળો નટવર કુંજવિહારીરે. ૪
કામે તપ્ત થયા સ્તન નાથરે, ધારો તેપર શીતળ હાથરે;
ધારો શિરપર ભુજ સુખરૂપરે, ટાળો વનિતાનું કષ્ટ અનૂપરે. ૫
અમે રસિયા તમારાં દાસરે, આવ્યાં પ્રેમ ભર્યાં તમ પાસરે;
પ્યારા નેહની તે વેદના ટાળોરે, બોલ્યા પ્રથમ તે બોલ સંભારોરે. ૬
રમો રાસ અમારી સંગેરે, ટાળો પિંડનો કામ અભંગરે;
મુક્તાનન્દના શામ સુજાણરે, કરો પ્રથમનાં વેણ પ્રમાણરે. ૭

કડવું ૬૪ મું

વીરા વિનતિ સુણિને અમારીરે, કીધી કરુણા શ્રીકુંજવિહારીરે;
કૃપાસિંધુ હસિ સુખધામેરે, કીધો રસનો પ્રારંભ સ્યામેરે. ૧
પતિ આત્મારામ છે તોયરે, ઇચ્છે રમવા ગોપિ સંગ સોયરે;
થયાં પ્રફુલ્લિત મુખ સર્વ નારીરે, વેગે ટોળે વળી સકુમારિરે. ૨
તેને સંગે મોહન વનમાળિરે, પ્રેમે રમવાને પલવટ વાળીરે;
શોભે વનિતા મધ્યે જગવંદરે, જેમ તારામાં પૂરણ ચંદરે. ૩
ગોપિ પ્રેમ મગન કરે ગાનરે, તેમાં તાન મેળાવે છે કહાનરે;
નારી વૃંદતણા પ્રતિપાળરે, શોભે ઉર વૈજંતી માળરે. ૪
કાને કુંડળ મકરાંકારરે, મુંખચંદ્રનું તેજ અપારરે;
વાલો વિચારે શોભાવતા વનરે, વ્રજનારીના પ્રાણજીવનરે. ૫
આવ્યા જમુનાને તીરે ગોપાળરે, દિઠી સુંદર ભૂમિ વિસાળરે;
પુલી જળમાં કુમોદની જેહરે, તેને ગંધે સુગંધિ છે તેહરે. ૬
હેમ સરખી છે રેતિ તે તીરરે, તેમાં રમણ કરવું બળવીરરે;
રમ્યા અમસંગ અંતરજામીરે, વ્હાલા મુક્તાનન્દના સ્વામીરે. ૭

પદ ૧૬ મું–રાગ વસંત

ઓદ્ધવજી અમ સાથે રસિયે, રમણ કરવું સુખકારી;
આલિંગન ચુંબન કરી મોહન, મગન કરી વ્રજનારી. ઓ૦ ૧
હાસ કરી હેતે કર ઝાલી, કંઠ બાહડલી મેલી;
અંગઅંગપરસ પયોધર મર્દન, કાન કરિ રસ કેલી. ઓ૦ ૨
પરસ વિલોકન હાસ વિનોદે, મદન જગાડી મોરારી;
વ્રજવનિતા કીધી મતબાલિ, નટવર કુંજવિહારી. ઓ૦ ૩
મદન મનોરથ સફળ કરીને, અતિ દુર્લભ સુખ આપ્યું;
મુક્તાનંદને નાથ રસીલે, વિકટ વિરહ દુઃખ કાપ્યું. ઓ૦ ૪

કડવું ૬૫ મું

ઓધા એમ હરિ સંગ વિહાર, કીધો વ્રજ વનિતા બહુવાર;
સર્વે અખંડ સોહાગણ નારી, કીધાં સુંદર વર ગિરિધારી. ૧
વાધ્યું વનિતાને માન અપાર, પામિ પુરુષોત્તમ ભરથાર;
નારી માત્રથી હરિને પ્રતાપ, ગોપી શ્રેષ્ઠ ગણે નિજઆપ. ૨
આવ્યું માનિનીને ઉર માન, દિઠું દીનબંધુ ભગવાન;
ગર્વ ભંજન શ્રીગોપાળ, ટાળી માન રિપુ તતકાળ. ૩

સૌથી માન રિપુ અતિ ભારી, હરિજનને એ મહા દુઃખકારી;
એવું જાણીને જન સુખકારી, થિયા અંતર ધ્યાન મોરારી. ૪
ગોપિ હરિ વિના સૌ અકલાણી, બોલે હાહાકાર મુખવાણી;
ધાયાં બોળવા નારિનાં વૃંદ, જ્યાં ત્યાં બોળે ગોપિ વ્રજચંદ. ૫
નેહને તાપે અતિ હદ વાળી, બોલે ઘેલી થઈ વ્રજબાળી;
પૂછે વૃક્ષને કૃષ્ણની વાત, કિણે દિઠા મોહન સાક્ષાત. ૬
પૂછી પૂછી થાકી સકુમારી, હરિનાં પગલાં દિઠાં અઘહારી;
મુક્તાનંદના નાથમાં પ્યાર, દોડી આવી ગોપિ તેણિવાર. ૭

કડવું ૬૬ મું

બોધા પગલાં પ્રીતમજીનાં જોઈ, વ્રજનાર રહી સર્વ મોહી;
સંગ સોકયનાં પગલાં નિહાળી, ક્રોધે લાલ થઈ રહે બાળી. ૧
એ તો એકલિ છે હરિ સંગ, રાચ્યા મનમોહન એનો રંગ;
એના પુણ્ય તણો નહી પાર, સંગ લીધી શ્રીનંદકુમાર. ૨
એમ કહીને ચાલી વ્રજનારી, વેગે બોળવા દેવ મોરારી;
હરિ સંગ હતી સકુમારી, તેને ગર્વ વાધ્યો અતિભારી. ૩
બ્હાલે સૌને તજી તત્કાળ, મુને તેડી છે સંગે ગોપાળ;
મુમાં મોહનને છે પ્રીત, મારી થઈ સર્વ ગોપીમાં જીત. ૪
એવું જાણિ આણિ અહંકાર, બોલી હરિ સંગ વારંવાર;
હું તો થાકિ ઘણું જગસ્વામી, તેડી ચાલો મોહન બહુનામી. ૫
દિઠું વનિતાને અતિઘણું માન, તેને ત્યાગ કરી ભગવાન;
રોતી ગઈ સર્વ વનિતાનો સંગ, સૌનું માન રહ્યું શ્રીરંગ. ૬
ગોપી બોળિ વળી બળવીર, પાછાં આવિઆં જમુનાને તીર;
મુક્તાનંદના સ્વામીશું તાન, ગોપી કરવા બેઠી ગુણગાન. ૭

કડવું ૬૭ મું

સુણો બોદ્ધવજી વ્રજનારી, હરિને સાદ કરી કરી હારી;
વાધ્યો વિરહ તણો તન તાપ, કરે સુંદરી સર્વ વિલાપ. ૧
મેલી કરપર સર્વ કપોળ, રોઈ નેણ કર્યાં રંગ ચોળ;
ઊચે સાદે રુવે સકુમારી, ત્રાહિ ત્રાહિ ગોવિંદ પોકારી. ૨
આવ્યા દીનબંધુ દુઃખહારી, દિઠા ગોપિયે શ્રી ગિરિધારી;
બોલી જોજોકાર મુખવાણી, દોડી હરિચરણે લપટાણી. ૩

કોઇક હરિનો કરાંબુજ જોહ, ફરે સાઈ રહી દ્રઢ તેહ;
કોઈક ચરણને ઊરપર ધારી, પ્રેમે મગન થઈ પ્રિય પ્યારી. ૪
કોણે ચાવેલ તાંબુળ સાર, લીધો નિજ કરમાં કરિ પ્યાર;
કોઇક કંઠ બાહોડલીને મેલો, દૈ દૈ ચુંબન થૈ અલબેલી. ૫
ઉઠ્યા ગોપિકા સહિત ગોપાળ, આવ્યા જમુના તીરે તતકાળ;
નિજ વસ્ત્રે આસન કરી બાળી, પધરાવ્યા પ્રેમે શ્રીવનમાળી. ૬
ધેરી બેઠી ચરણ કર ઝાલી, પ્રેમે પૂરણ થૈ મતબાલી;
મુક્તાનંદના સ્વામીને સંગ, વધ્યો અબળાને અતિ ઉમંગ. ૭

કડવું ૬૮ મું

વીરા કરી અમે પરમ વિવેક, પૂછવું પ્રશ્ન મોહનજિને એક;
પ્રભુ તમને પડી એવી ટેવ, ભજતાંને ભજો નહિ દેવ. ૧
હસિ બોલિયા શ્રીહરિ વાણિ, સુણો સુંદરી પરમ શહાણી;
ભજતાંને ભજે નહિ જેહ, ગુરુદ્રોહી કૃતઘ્ની તેહ. ૨
મુમાં દોષ ન લાવશો એહ, મારે ભક્તશું પરમ સ્નેહ;
હું તો ભક્તનો દોર્યો દોરાઉં, જન કાજ દશેદિશ ધાઉં. ૩
પામે નિરધનિયો ધન જેમ, કોઈ ધનનું ભજન કરે તેમ;
રહું વેગળો ભક્તિથી જ્યારે, પ્રેમભક્તિને પામે તે ત્યારે. ૪
તમે ત્યાગ કર્યો સુખસાજ, મારે અરથે તજિ કુળ લાજ;
તમને જાણી સદા નિજદાસ, કરવા પ્રેમનો અધિક પ્રકાશ. ૫
ભજું પ્રોક્ષ રહિને હું પ્યારી, સત્ય માનજો વાત અમારી;
જોતાં ભક્તિ તમારી ઉદાર, હું ન છુટું કરી ઉપકાર. ૬
છોડો સાધુપણે સકુમારી, તો હું છુટું એ લિધું વિચારી;
મુક્તાનંદના વ્હાલાની વાત, સુણી જાણ્યા પ્રીતમ સાક્ષાત. ૭

પદ ૧૭ મું–રાગ બિહાગ

(રઘુવર આજ રહો મેરે પ્યારે:–એ ઢાળ છે.)

મગન થયાં વચન સુણી વ્રજનારી,
બોધવજી અમને મોહનની, ચડિ ગઈ અખંડ ખુમારિ.–મગન૦ ૧
શામનાં ચરણ સ્પર્શ કરી ટાળી, સ્નેહની વેદના ભારી;
તન મન ધન સુંદરવર ઉપર, સર્વ નાંખ્યું છે વારી.–મગન૦ ૨
મનમોહન સંગ રાસ રમ્યાનું, સૌ ઇચ્છે સકુમારી;
નિજજનનું ગમતું કરવાને, રાસ રચ્યો ગિરિધારી.–મગન૦ ૩

પ્રેમસું પલવટ વાલી પાતળિયે, રસિયા રસ વિહારી;
મુક્તાનંદનો નાથ ગોપિ મધ્યે, શોભે ઘણું સુખકારી.–મગન૦ ૪

કડવું ૬૯ મું

ઓધવજી અમસંગ રસીયો, શોભે નટવર વેશ;
માથે તે મુગટ જડાવનો, કાજુ ખિતલિયાળા કેશ. ૧
પૂરણ શશિસમ વદન ઝળકે, લાજે કોટીક કામ;
ચંદનચરચિત નીલ કલેવર, મદનમોહન શ્યામ. ૨
કાને કુંડળ જળહળે, રવિતુલ્ય તેજ અંબાર;
વૈજંતિ માળા ગળે, મધ્ય મોતીડાના હાર. ૩
નેણ સંકોચેલ નાથનાં, અણિયાળાં ચપલ અપાર;
ભાલતિલક શોભા ઘણી, નાસા દિવ્ય શિખાનુસાર. ૪
ઊન્નત ઊર કૌસ્તુભ મણિ, નિરખીને વ્યાપે મનોજ;
હાસ્ય સહિત મનને હરે, બાળાનું વદન સરોજ. ૫
બાંય બાજુબંધ ઘેરખા, હાથે હેમકડાં તે નંગ જડાવ;
દશે આંગુળિયે તે વેઢ વીંટી, પેરયાં નટવર નાવ. ૬
પીતાંબર કટિમેખલા, પાય નેપૂરનો ઠમકાર;
મુક્તાનંદના નાથની, શોભા તણો નહિ પાર. ૭

કડવું ૭૦ મું

ઓદ્ધવજી વનિતા વૃંદમાં, શોભે કુંજબિહારી કહાન;
સૂર મોરલી હાથ લૈ કર્યું, કામ પ્રદીપનું ગાન. ૧
બે બે વનિતા રમ્ય ને મધ્ય, થયા એક એક આપ;
અન્યોઅન્ય ભુજને ગ્રહી, કીધો સુંદર રાગ અલાપ. ૨
જોગેશ્વર શ્રી કૃષ્ણજિયે, એમ રચ્યો મનોહર રાસ;
સૌ જાણે વ્રજ સુંદરી, પ્રભુ છે અમારે પાસ. ૩
કંઠ ભુજ ધરી કૃષ્ણજી કીધું, મંડળ પરમ અનૂપ;
બે બે વનિતા મધ્ય બિરાજે, સુંદર શ્યામ સ્વરૂપ. ૪
આવ્યા સૂર વિમાન ચડીને, બ્રહ્માદિક સુરરાય;
સૂર વિમાને ગગન છાયું, શોભા કહી નવ જાય. ૫
દેવ બજાવે દુંદુભિ, કરે પુષ્પવૃષ્ટિ અપાર;
અનંત નાચે અપ્સરા, ગાઈ ગાંધ્રવ હરિગુણ સાર. ૬

નારીનાં નેપૂર કંકણિના, વાજે અતિ ઝણકાર;
મુક્તાનંદ તે રાસમાં, થાય સુંદર શબ્દ ઉચાર. ૭

કડવું ૭૧ મું

ઓદ્ધવ અમસંગ રાસ મધ્યે, શોભે નંદકુમાર;
હેમ મણી મધ્ય મહામરકત, શોભે જેમ અપાર. ૧
કર ચરણનાં કરે લટકાં, કરે તે ભ્રુકુટી વિલાસ;
ગોપિકા કટીથી નમે, ચલકે કુંડલ અધિક પ્રકાશ. ૨
ચળ્યાં કુચપટ કામિનીનાં, સ્વેદ ભર્યો મુખચંદ;
વેણી કટિ પટ દ્રઢ કરી, મુખ ગાય કૃષ્ણ ગોવિંદ. ૩
કૃષ્ણ વધુ એમ ગાન કરી કરી, રમે નિજ પતિ સંગ;
મેઘ ઘટામાં દામિની, એમ શોભે ઉજ્વળ અંગ. ૪
ઊંચે સ્વર અતિ ગાય ગોપી, નાના રાગ રસાળ;
નૃત્ય કરિ કરિ ગાનમાં, દેખાડે બહુ વિધ તાળ. ૫
રસિક પ્રભુના સ્પર્શથી, ઉર વાધ્યો અધિક ઉમંગ;
ગાન સુણી ગોપી તણું, ચઢ્યો ચૌદ લોકમાં રંગ. ૬
ગોપીજનના ગાનની, ધુની વ્યાપી વિશ્વમાં સોય;
મુક્તાનંદના નાથને, સંગે રહી ચિત્ત મોય. ૭

કડવું ૭૨ મું

ઓદ્ધવ એણીપેર મદનમોહન, સુણી અમારું ગાન;
ઊંચે સ્વર અલાપ કરિ કરિ, ગાન કરે ભગવાન. ૧
કોઈ ગોપિ મુકુંદને સંગ, ઉંચે સ્વર અભિરામ;
ગાઈ દેખાડે જુજવા, સુર સપ્ત ને ત્રણ્ય ગ્રામ. ૨
ગાન સુણી હરિ રિઝિયા, તેને વખાણિ બહુ વાર;
મોહનસંગ તે માનિની, કરે ગાન પૂરણ પ્યાર. ૩
ધ્રુ તાળે કરી તેજ ગોપી, ઊંચો ઉપાડે રાગ;
ધન્ય ધન્ય કહે સૌ સુંદરી, કરે તાન માન વિભાગ. ૪
રાસ મધ્યે કોઈ કામિનિ, રમતાં તે થાકી અપાર;
હાથ ધરી હરિને ખભે, લીધો મોહનનો આધાર. ૫
રાસમાં કો કૃષ્ણ ભૂજ, ચંદન ચર્ચિત જેહ;
સુગંધ લઈ ચુંબન કરી, ધર્યો પ્રેમે ઉરપર તેહ. ૬

કમળ સરખો ભૂજ સુગંધી, કંઠ ઉર ધરી કાય;
મુક્તાનંદના સ્યામ સંગે, રોમાંચિત થૈ સ્હોય. ૭

પદ ૧૮ મું–રાગ આસાવરી

(મન માન્યું સામળીઆ સાથે, વશ કીધા નેણની સાનેરે;
એ ઢાલ છે.)

ઓદ્ધવજી અમ સાથે રસિયો, રાસ રમ્યા ગિરિધારીરે;
પૂરણ સુખ આપી પાતળિયે, મગન કરી વ્રજનારીરે. ઓ૦ ૧
કોઇ ગોપિ અતિ પ્રેમ મગન થઈ, પ્રભુ પાસે કહ્યું એહરે;
મોહનવર મુને ચાવેલ તાંબુલ, મુખથકી આપો તેહરે. ઓ૦ ૨
પ્રેમીજનનાં વચન સુણીને, રિઝિયા રસિક વિહારીરે;
મુખ સાથ મુખ મેળવી દિધો, તે તાંબુલ મોરારીરે. ઓ૦ ૩
નેપૂર શબ્દ કરે નવરંગી, વ્રજવનિતા અતિ નાચેરે;
પ્રેમ મગન ગોપિ ગુણ ગાવે, સુણિ મનમોહન નાચેરે. ઓ૦ ૪
રાસ રમણ કરી જે કોઈ થાકે, હરિકર ઉરપર મેલીરે;
તનનો તાપ નિવારીને ગોપી, ગાન કરે અલબેલીરે. ઓ૦ ૫
નિજ જન જાણી લાડ લડાવે, સ્યામ સુંદર સુખકારીરે;
મુક્તાનંદના નાથની છબીપર, સર્વસ્વ નાખું વારીરે. ઓ૦ ૬

કડવું ૭૩ મું

અતિ કમળાને વલભ જેહરે, ઓધા અમને મળ્યા પતિ તેહરે;
ધરિયા કંઠ ઉપર હરિ હાથરે, શોભે રાસ રમતો નાથરે. ૧
પ્રેમે હરિગુણ ગાય છે નારીરે, સુણી રિઝે શ્રી કુંજવિહારીરે;
તેનો આનંદ ગોપિને અંગેરે, રમે રાસ સુંદરવર સંગેરે. ૨
શોભે કર્ણકુલ શુભ કાનેરે, શોભે ગોપિયું ગોરે વાનેરે;
શોભે કેશ આભૂષણ સારરે, મુખે શ્રમજળ શોભે અપારરે. ૩
ઘણાં કંકણી ને નેપુર વાજેરે, તેને નાદે તે ત્રિભુવન ગાજેરે;
ગોપિ નૃત્ય કરે હરિ સંગરે, પ્રેમે રાચિ શામળીઆને સંગરે. ૪
છૂટ્યા કેશથી પુષ્પના હારરે, કરતાં શામળીયાશું વિહારરે;
કરે રાસમાં મધુકર ગાનરે, ગોપિ સંગ રમે ભગવાનરે. ૫
કરસ્પર્શ આલિંગન હાસરે, કરે ગોપિશું કમળા નિવાસરે;
વ્રજવનિતાને સંગે મોરારીરે, રમે પતિ ગર્વ નિવારીરે. ૬

ઝલે નિજ સંતિ બીંબશું બાળરે, તેમ જુવતિશું દીનદયાળરે;
મુક્તાનંદનો નાથ સ્વછંદરે, રમે રાસ તે વ્રજનો ચંદરે. ૭

કડવું ૭૪ મું

વીરા હરિવર અધિક સ્વછંદરે, અતિ રમણ કરવું જગ વંદરે;
એને અંગસંગે સકુમારીરે, અતિ વ્યાકુળ થઈ વ્રજનારીરે. ૧
કેશ કમખા ને વસ્ત્ર છે જેહરે, ગોપિ લેવા સમર્થ નહિ તેહરે;
માળા આભ્રણ નહિ સુધ કાંધરે, લેશ સામર્થ્ય નહિ તન માંહીરે. ૨
દેખિ કૃષ્ણનો અધિક વિહારરે, મોહ્યું સૂર વનિતાનું અપારરે;
કામબાણે પિડાણી છે સર્વરે, સૂર વનિતાનો ભાગ્યો છે ગર્વરે. ૩
ગણે સહિત ઉડુપતિ જોઇરે, પામ્યા વિસ્મે રહ્યું મન મોહીરે;
જેણે દિઠા ત્યાં મદનગોપાળરે, સૌને વિસ્મે થયો તતકાળરે. ૪
કીધાં રૂપ ઘણાં વ્રજચંદરે, બન્યા ગોપિકા દીઠ ગોવિંદરે;
સદા આત્મારામ અકામરે, ગોપિસંગ રમે સુખધામરે. ૫
ક્રીડા કીધી અધિક વનમાળીરે, તેણે થાકિ રહ્યાં વ્રજબાળીરે;
તેના વદન કમળને વિહારીરે, લૂછે નિજ કરે શ્રીગિરિધારીરે. ૬
ટાળે શ્રમજળ મુખથકી કાનરે, એવા ભક્તવત્સલ ભગવાનરે;
મુક્તાનંદનો શામ સુજાણરે, કિધાં કામનાં નિષ્ફળ બાણરે. ૭

કડવું ૭૫ મું

સુણો ઓદ્ધવજી વળિ વાતરે, જેમ રમિયા મોહન સાક્ષાતરે;
કરી શોભતા સૌ શણગારરે, અમૃતસમ હસવે લગારરે. ૧
હરિને માન દિયે ઘણું ગોપીરે, અંગોઅંગ રહિ સર્વ ઓપીરે;
પામી પ્રભુ થકી સુખડું અપારરે, ગોપિ હરિગુણ ગાય ઉદારરે. ૨
કિધો ગોપિયુંનો અંગસંગરે, માળા મર્દન થઈ ચઢ્યો રંગરે;
કુચ કુંકુમ રંગે મોરારીરે, શોભે રસિયોજી નવલ વિહારીરે. ૩
હરિની માળાના ગંધશું પ્યારરે, ઝુકી ભમર કરે છે ગુંજારરે;
તેને લાગું સુગંધિમાં તાનરે, કરે ગાંધ્રવની પેઠ ગાનરે. ૪
સૌનો થાક નિવારવા કાજરે, ચાલ્યા માનિની સહિત મહારાજરે;
સંગે આવે ભમર ગુણ ગાતારે, પોતા જમુનામધ્યે જગ ત્રાતારે. ૫
મત હસ્તિ ગન્જિકરે સંગેરે, તેમ જળમાં પેઠા શ્રીરંગરે;
નાહ્યા કામિનિને સંગે કાનરે, ઘણું શોભે વાલો ભીને વાનરે. ૬

સિચે હસિ હસિ માનિની નીરરે, જળક્રીડા કરે બળવીરરે;
મુક્તાનંદનો પ્રીતમ ન્હાયરે, કરે પુષ્પવૃષ્ટિ સુરરાયરે. ૭

કડવું ૭૬ મું

એમ ઓદ્ધવજી અમ સાથેરે, જળ ક્રીડા કરી જદુનાથેરે;
બોલે દેવતા જય જય વાણીરે, ઝીલે જમુનામાં સારંગપાણીરે. ૧
સદા આત્મારામ મોરારીરે, ગોપિ સંગ રમે સુખકારીરે;
મત્ત હસ્તિનિપેરે મહારાજરે, નાહ્યા જમુનામાં નિજ જન કાજરે. ૨
પછે જળ થકી નિસર્યા બ્હારરે, સંગે ટોળે વળિ સર્વ નારરે;
માથે ભમર કરે ગુણ ગાનરે, શોભે જુવતિમાં શ્રીભગવાનરે. ૩
વન ઉપવન જળ થળ માંઇરે, ન રહ્યું ક્રીડાવિના સ્થળ કયાંઇરે;
જ્યાં જ્યાં પુષ્પ સુગંધી અપારરે, ત્યાં ત્યાં રમિયા શ્રીનંદકુમારરે. ૪
ફર્યા કુંજ કુંજ પ્રત્યે કહ્વાનરે, કરે જુવતી જુથ ગુણગાનરે;
ફર્યા શૈલ નદીતટ શામરે, કરયાં જુવતિ પૂરણ કામરે. ૫
સંગે જુવતિને ભૃંગનાં વૃંદરે, મધ્યે શોભે મોહન વૃજચંદરે;
જેમ હસ્તિ હાથણિયુંને સંગરે, તેમ ગોપિ મધ્યે શ્રીરંગરે. ૬
જેવો કિધો શ્રીકૃષ્ણે વિહારરે, કહેતાં ન બને અનોપમ સારરે;
મુક્તાનન્દના વ્હાલામાં લેશરે, તોય કામે ન કિધો પ્રવેશરે. ૭

પદ ૭૯ લું–રાગ ગરબી

ઓધવજી એમ રાસ રમ્યા વાલેા, કેાડિલેા મોહન મતબાલેા: ઓ૦ ૧
શરદની રાત ઘણી સારી, પૂરણ શશિ શેાભે સુખકારી;
રમ્યા એવી રજનીમાં ગિરિધારી. ઓ૦ ૨
સદા સત્ય સંકલ્પ બહુનામી, કામનિયુંને સંગે નિષ્કામી;
એવા તેા એ એક જગ સ્વામી. ઓ૦ ૩
શરદ રાતે રસિક તણિ રિતે, મોહ્યાં ગેાપિ વંસીને ગીતે;
રમ્યા. તેશું પાતળિયેા પ્રીતે. ઓ૦ ૪
કાયર કરિ રમતાં વ્રજનારી, રાખ્યું વિર્ય પેાતામાં ધારી;
રહ્યા વનિતા સંગ બ્રહ્મચારી. ઓ૦ ૫
એવું તેા એકજથી થાયે, નારિ સંગ રહી નવ લેાભાયે;
તેણે એને નેતિ નિગમ ગાયે. ઓ૦ ૬
અકલ કેના જાય નહિ કળિયા, અલેાકિક સામર્થ અતિ બળિયા;
મુક્તાનન્દનેા વ્હાલેા છળિયા: ઓ૦ ૭

કડવું ૭૭ મું

ઓધા એમ ગોપિજન કાજ, રમ્યા રાસ વાલેા વ્રજરાજ;
આપ્યું અબળાને સુખડું અપાર, કેતાં શેષજી પામે ન પાર. ૧
હતા વ્રજમાં ગોવાળિયા જેહ, મોહ્યા કૃષ્ણની માયામાં તેહ;
પેાતા પાસે માની નિજ નારી, એવી માયા પસારી મેારારી. ૨
રાત્ય પાછલી રહિ ઘડિ ચાર, બેાલ્યા મનમેાહન કરી પ્યાર;
હવે જાએા ઘરે સકુમારી, માનેા દ્રઢ કરી વાત હમારી. ૩
સુણી વચન પડ્યો ઉર ત્રાસ, મૂકે માનિની સૌ નિઃશ્વાસ;
ક્ષણુમાત્ર તે રજની પ્રમાણી, મૃગાનેણિ સર્વ અકળાણી. ૪
ઘરે જાવા ઇચ્છે નહિ કેાય, વ્હાલે પ્રેર્યાં જોરાવરી તેાય;
અમે હરિનું વચન ઊરધારી, કષ્ટે નિજ ઘરા આવ્યાં વિચારી. ૫
એવાં સુખડાં આપ્યાં સુખકારી, વીરા તે હવે ખટકે છે ભારી;
દિન રાત ઝૂરે વ્રજબાળી, પળ વિસરે નહિ વનમાળી. ૬
એની વાત વિસારી ન જાય, સંભારતાં મહાદુઃખ થાય;
મુક્તાનંદના વ્હાલાનેા સંગ, અમને આપેછે દુઃખડું અભંગ. ૭

કડવું ૭૮ મું

ઓધા પ્રેહવંતિ વ્રજનારી, પામે મહાદુઃખ હરિ સંભારી;
એના ગુણને સંભારે છે જેમ, પ્રેહનેા તાપ વધે ઘણેા તેમ. ૧
ઝૂરે કૃષ્ણવિના સકુમારી, પ્રેહની વેદના અંતરે ભારી;
બેાલે ઉનમત્ત થઈ મુંખવાણી, ક્યારે આવશે સારંગપાણી. ૨
નેણે નિર વહે એક ધાર, પીડે પ્રભુવિના કામ અપાર;
આઠે પ્હેાર રેાતાં એમ જાય, કંપે દેહને વેદના થાય. ૩
ભાસે મહાદુઃખ પામે છે જ્યારે, ગેાપિ હરિગુણ ગાય છે ત્યારે;
ભાસે રસિયાનું સુંદર રૂંપ, તે શું કરે છે એકાંત અનૂપ. ૪
ધ્યાને હરિના ચરણ ઊરધારે, એમ પ્રેહનેા તે તાપ નિવારે;
કરે આલિંગન હરિસંગ, એમ ઉરથી નિવારે અનંગ. ૫
જ્યારે ધ્યાન તજિ જુવે બાર, પ્રેહને તાપે તપે વ્રજનાર;
પછે કરે છે ચરિત્રનું ગાન, પળ વિસરે નહિ ભગવાન. ૬
એમ પરવશ થઈ વ્રજબાળી, પ્રેહને બાણે વેધિ વનમાળી;
મુક્તાનંદના નાથની પ્યારી, ગેાપિ જીવે ચરિત્ર સંભારી. ૭

કડવું ૭૯ મું

સુણો ઓધવ પરમ સુધીર, જે જે ચરિત્ર કર્યાં બળવીર;
મોહ પમાડે આનંદ ચંદ, અહિના મુખથી છોડાવ્યા છે નંદ. ૧
શંખચુડ વ્રજંગના ચોરે, તેને માર્યો શ્રીનંદકિશોરે;
તેના શિરનો ચુડામણિ જેહ, લાવ્યા ગોપિ સહિત પ્રભુ તેહ. ૨
વૃષભાસુર ઉર મદભારી, તેને માર્યો શ્રીકુંજબિહારી;
વ્યોમાસુરના હર્યા પ્રભુ પ્રાણ, મારયો કેશિને પરમ સુજાણ. ૩
એવા દૈતુથી અમને ઉગારી, શુભ ચરિત્ર કર્યાં સુખકારી;
આવ્યો અક્રૂર કપટિ કઠોર, તેણે કૃષ્ણને ચિંત્યો મનોર. ૪
જવા તૈયાર થયા બેઉ ભાઈ, વ્રજનાર આવી સર્વ ધાઈ;
ગોપિ વારવા થઈ સર્વ તૈયાર, પછે બોલિયા નંદકુમાર. ૫
અમને રોકયાનું કરશોમા કોઈ, વેલા આવજો મધુપુર જોઈ;
રાજા કંસે તેડાવ્યા છે આજ, ગીયા વીણું સરે નહિ કાજ. ૬
ગોપિ આવ્યાની અવધે લોભાણી, કાંઈ બોલી શકી નહિ વાણી;
મુક્તાનંદનો નાથ સંભારી, સ્નેહની વેધી ઉરે વ્રજનારી. ૭

કડવું ૮૦ મું

ઓધા લલિતા બોલિ હરિ સંગ, સુણો નંદનંદન નવરંગ;
તમે જાવાની કિધિ છે તૈયારી, રાધા વિરહે મુઝાય છે ભારી. ૧
જાશે મથુરા નગર ભગવાન, એવું સુણતાં ભૂલિ તનભાન;
પામિ મુરછા ને પડિ તતકાળ, તમે આવીને દેખ્યો દયાળ. ૨
વળિ લલિતાની વાત વિચારી, આવ્યા રાધિકા પાસ મોરારી;
પડ્યાં ભોંપર રાધિકા રાણી, દેખિ ડરપિયા સારંગપાણી. ૩
પાછા આવ્યાની અવધિએ એહ, નિશ્ચે નહિ રાખે નિજદેહ;
કર સાહિ જગાડિયા કહાન, ભાવે બોલ્યા મોહન દઈ માન. ૪
તમે સુંદરી ત્યાગો સંતાપ, તમને થયો છે શ્રીદામનો શાપ;
રેશે સો વર્ષ મારો વિજોગ, પછે પામશો પરમ સંજોગ. ૫
હમણાં સુપનામાં રાધિકા પ્યારી, મુને દેખશો નવલવિહારી;
મારા વરથી સંજોગ છે જેહ, જોગે નહિ મળે સુંદરી તેહ. ૬
એવો વર દઈ અંતરજામી, જાવા તૈયાર થયા બહુનામી;
મુક્તાનંદનો શામ સુજાણ, રાખ્યા વર દઈ પ્યારીના પ્રાણ. ૭

પદ ૨૦ મું–રાગ પ્રભાતી

કૃષ્ણજી લલિતાને કહે સાંભળો પ્યારી;
રાધિકાની રીત સર્વ ગોપિથી ન્યારી. કૃષ્ણ૦ ૧
આવ્યાની અવધી સર્વ ગોપીને રિધી;
રાધાને વરદાન આપી અધિકિ દિધી. કૃષ્ણ૦ ૨
પ્રાણથી પ્યારિ છે મુને રાધિકા ગોરી;
મુજને જોઈ જીવે જેમ ચંદ્રચકોરી. કૃષ્ણ૦ ૩
સુપને સંજોગ મારો રાધાને રેશે;
જાગિને વિરહ કેરી વેદના સહેશે. કૃષ્ણ૦ ૪
મુર્છાથી જાગે ત્યારે વારતા કેજો;
રાધિકાની સેવા મારે પ્રેમેશું રેજો. કૃષ્ણ૦ ૫
એવું કહી અક્રુર સંગે ચાલ્યા મોરારી;
મુક્તાનંદના નાથ વેણી ઝુરે સૌ નારી. કૃષ્ણ૦ ૬

કડવું ૮૧ મું

ઓધવજી એમ રાધિકાને, આપી વરદાન;
મુર્છામાં મુકિ પ્રિયા, રથે બેઠા શ્રી ભગવાન. ૧
રામ સહિત રથપર બિરાજ્યા, જોવા મધુપૂર શામ;
પ્રાણ ગિયા સમે દેહ જેવું, થયું છે ગોકુળ ગામ. ૨
કોઇક વ્યાકુળ વચન બોલે, કોઈ રુવે છે ઉદાસ;
કોઇક મુર્છા પામિયાં, જાણું જાશે હમણાં શ્વાસ. ૩
કોઈ કામિની અધિક આતુર, પાડે અતિશે ચીસ;
હોઠ ડસિ અક્રૂર ઉપર, કરે છે સર્વે રીસ. ૪
કઠણ મન કરી કૃષ્ણજી, હંકાવ્યો રથ તતકાળ;
ઓધવ હરિને એ સમે, નવ દીઠા દીનદયાળ. ૫
જ્યાં લગી રથને ભોળિયો, ત્યાં લગિ ધાયા લોક;
પછે પડ્યા સૌ ભોમિ ઉપર, કીધો અતિશે શોક. ૬
કોઈ પડી ઘર આંગણે, કોઈ ગામમાં કોઈ બહાર;
મુક્તાનંદ કહે કૃષ્ણ વેણી, મહાદુઃખણિ વ્રજનાર. ૭

કડવું ૮૨ મું

ઓધવજી એણીપેરે નમેરા થઈ, ગોકુળથી ગયા કાન;
ગોપી સર્વે ટોળે મળી, ચૂકી ગઈ સર્વે સુધસાન. ૧

રાધા અતિ વિરહે દુઃખી, તેને જગાડો તમે વીર;
રાધિકાનાં વચન સુણો, ઓધવ પરમ સુધીર. ૨
પછે ઓધવ અતિ પ્રેમશું, વિનતિ કરી બહુવાર;
રસિકરાય શ્રીકૃષ્ણના, ગુણ ગાયા પરમ ઉદાર. ૩
ગોવિંદ ગુણ સુણી રાધિકા, પછે જાગિયાં જગમાત;
ઓધવને અતિ પ્રેમશું, પુછવા લાગ્યાં વાત. ૪
તાત તમારું નામ શું છે, કયાંથિ આવ્યા સુરંગ;
વેશ કરાવી શ્રીકૃષ્ણનો, કેણે મોકલ્યા શુભ અંગ. ૫
વચન સુણિ રાધાતણાં, કરી ઓધવ પ્રેમે પ્રણામ;
કરજોડી કહે માત સુણજો, ઓધવ મારું નામ. ૬
શ્યામસુંદરે મુને મોકલ્યો, શુભ કથા કરવા પ્રકાશ;
મુક્તાનંદના નાથનો, હું અતિ એકાંતિક દાસ. ૭

કડવું ૮૩ મું

હરિજન જાણી રાધિકા, કરયું વંદન વારંવાર;
રામકૃષ્ણનું કુશળ પૂછયું, પ્રેમે કરી બહુ વાર. ૧
ઓધવ શા કારણ થકી, મથુરાં વસ્યા ભગવાન;
વૃંદાવન કયારે આવશે, વ્હાલો દેવા દર્શન દાન. ૨
પૂરણ શશિસમ દેખશું, કયારે વદન એહનું વીર;
કયારે એ રાસ રમાડશે, મનમોહન પરમ સુધીર. ૩
કયારે એ ફરીને કરાવશે, જળક્રીડા નવલકિશોર;
ચંદન ચરચિ પૂજશું, કયારે શ્યામસુંદર ચિત્તચોર. ૪
કાનકુંવરના કંઠમાં, પેરાવશું કયારે હાર;
ઓધવ અમને રાત દિન, મનમાં છે એ જ વિચાર. ૫
કરજોડી ઓધવ કહે, સુણો જગતજનની વાત;
કૃષ્ણ ને બળરામ મધુપૂર, કુશળ છે બેઉ ભ્રાત. ૬
સંદેશો તમને કહ્યો, પ્રેમે કરી હરિ જેહ;
મુક્તાનંદના નાથનું, હવે વચન સુણજો તેહ. ૭

કડવું ૮૪ મું

ઓધવ કહે સુણો માત તમને, કહ્યું શ્રીહરિ એમ;
હું સૌના ઉરમાં રહું, આકાશ વ્યાપક જેમ. ૧

હું છઉં સૌનો આતમા, વળી ન્યારો સૌથી જેમ;
પ્રેમિજનના ઉર વિષે, સુખ આપવા રહું તેમ. ૨
એમ કહ્યું શ્રીકૃષ્ણજી, માટે મગન રેને માત;
તમ પાસે ત્રિભુવનપતિ, હરિ રહે સદા સાક્ષાત. ૩
ઓધવની વાણિ સુણી, કરી રાધિકા બહુ હાસ;
પ્રેમમગન થૈ બોલિયાં, જાણિ ઓધવ દૃઢ હરિદાસ. ૪
ઓધવજી અમે કૃષ્ણને, એમ જાણિયે છૈયે વીર;
તો અમારે પ્રગટવોણું, મનધરે નહિ ધીર. ૫
કાલિંદિતટ તેજ છે, વળિ ત્રિવિધ મારુત સોય;
તેજ કદંબ ને ક્રીડાનાં સ્થળ, સુખ ન આપે કોય. ૬
તેજ વૃંદાવન છે રમણિક, તેજ કોકિલ નાદ;
મુક્તાનંદના નાથ વોણે, કરે છે કષ્ટ વિષાદ. ૭

પદ ૨૧ મું–રાગ રામગ્રી

ઓધાજી વાલમ વિના, વ્રજ દુખકારી;
સંપત્તિ જોઇને સ્નેહનો, તાપ વધે ભારી. ઓ૦ ૧
અમુલ્ય મણિનાં તેજ, મંદિર છે ભાઈ;
વ્હાલા વિના ભાખસિ, સરખાં દુખદાઈ. ઓ૦ ૨
મણિ કેરા દીપ અતિ, જોતિને પ્રકાશે;
વાલિડા વિના તે, વિખઝાળ સમ ભાશે. ઓ૦ ૩
સંપૂર્ણ ચંદ અતિ, આપતો ઉમંગ;
કૃષ્ણ વિના કામિનિના, બાળે સર્વ અંગ. ઓ૦ ૪
ગોપીકાનો ગુણ અતિ, દુઃખદાયી લાગે;
વાલા વિના વિરહનું, દુઃખ નવ ભાગે. ઓ૦ ૫
કામ તો કસાઈ જેવો, મ્હેર તજી મારે;
મુક્તાનંદ કૃષ્ણ વોણિ, રાધિકા પોકારે. ઓ૦ ૬

કડવું ૮૫ મું

વળિ બોલિયાં રાધિકા રાણી રે, સુણો ઓદ્ધવજી મારી વાણી રે;
મુને હરિ વિના સર્વ સંસાર રે, વીરા આપે છે કષ્ટ અપાર રે. ૧
સર્યાં પુષ્પ સુગંધિની જેહ રે, વળિ ચંદને ચર્ચિત તેહ રે;
મુને બાણ સજ્યા સમ સોય રે, વહાલા વોણું સુખ નહિ કોય રે. ૨

રતિ ભોગ ને ભોગ્ય તંબોલ રે, વસ્યા કપુરે રંગે ચોલ રે;
કૃષ્ણ વોણાં તે સૌ દુઃખકારી રે, સ્નેહની વેદના આપે વધારી રે. ૩
માળા માલતી પુષ્પની સારી રે, શ્વેત ચામર દર્પણ ભારી રે;
મુને હરિ વિના દુઃખ ઉપજાવે રે, જોતાં કૃષ્ણ પાર ન આવે રે. ૪
મુકતા માણક હીરાના હાર રે, શોભા ધામ છે તેજ અંબાર રે;
મુને પ્રભુ વિના પીડે છે તે જ રે, સ્નેહની ઝાળ વધારે છે એ જ રે. ૫
ઘસી કસ્તુરી કુમ્ કુમ્ સંગ રે, ભર્યાં ચંદન પાત્ર સુરંગ રે;
વાલા વોણું એ સર્વ નકારું રે, મુને કાંય ન લાગે સારું રે. ૬
જેમાં ભમર કરે ગુણગાન રે, વન ઉપવન ક્રીડાનાં સ્થાન રે;
મુક્તાનંદના પ્રભુ વિના ભાઈ રે, મુને સર્વ થયાં દુઃખદાઈ રે. ૭

કડવું ૮૬ મું

સુણો ઓધવ સુખપ્રદ જેહ રે, મુને દુઃખદાયક થયું તેહ રે;
મારે પુષ્પ સુગંધીના બાગ રે, જેને જોતાં વધે અનુરાગ રે. ૧
ફુલ્યાં સરમાં સરોજ અપાર રે, તેમાં ભમર કરે છે ગુંજાર રે;
મારે વૈભવ સર્વ છે ભાઈ રે, દાસ દાસીયું જશ પ્રભુતાઈ રે. ૨
મારે હરિ વિના વૈભવ એહ રે, સ્નેહ તાપે તપાવે છે દેહ રે;
ક્યાં છે કૃષ્ણ કમળદળનેન રે, દુઃખહારી કરે સુખચેન રે. ૩
આવો કૃષ્ણજી કમળા નિવાસ રે, આવો પ્રાણવલ્લભ મારે પાસ રે;
મેં તે શા શા કર્યા હશે દોષ રે, મુને લાગી મોહન કરી રોષ રે. ૪
એમ કહી કહી રાધિકા પ્યારી રે, પાછાં મુર્છા પામ્યાં સકુમારી રે;
રાધા પ્રેમનું પાત્ર પ્રમાણી રે, બોલ્યા ઓદ્ધવ ગદ્‌ગદ્ વાણી રે. ૫
તમે માત કૃતારથ રૂપ રે, દીઠી પ્રીતિ તમારી અનૂપ રે;
મારે મથુરાં જાવાનું માત રે, જાગી કરુણા કરો સાક્ષાત રે. ૬
હું શ્રીકૃષ્ણનો દાસ કેવાઉં રે, પ્રભુ પ્રેરે ત્યાં ત્યાં જાઉં રે;
મુક્તાનંદના સ્વામીને સંગ રે, જેને કહીશ તમારો પ્રસંગ રે. ૭

કડવું ૮૭ મું

રાધા સુણીને ઓદ્ધવજીની વાણી રે, વળી જાગીયાં પરમ શહાણી રે;
બેઠાં રત્ન સિંહાસને પ્યારી રે, પ્રેમે બોલિયાં વચન વિચારી રે. ૧
જાઓ મથુરાં નગર તમો તાત રે, રખે ભૂલી જાતા મારી વાત રે;
વેલા લાવો શ્રીકૃષ્ણને આંહી રે, બીજે જાવા ન દેશો કયાંહી રે. ૨

પામી વનિતાનાં જન્મને વીર રે, મળ્યા કૃષ્ણપતિ રતિ ધીર રે;
એવા પતિસંગ પામી વિજોગ રે, એથી નહી અન્યે દુઃખ સંજોગ રે. ૩
શાને વાત કરો બહુ વાર રે, મુને બોધ ન લાગે લગાર રે;
હરિનું દર્શન જ્યારે ન થાય રે, તે તો નિષ્ફળ જનમ કહેવાય રે. ૪
એનો નવસંગમ થયો જેહ રે, મુને વિસરે નહીં પલ તેહ રે;
હું તો રાતદિવસ રહું સોય રે, બીજી વાત ગમે નહીં તોય રે. ૫
જાગું રજનીમાં નિંદ નિવારી રે, ભજે કૃષ્ણ વધે દુઃખ ભારી રે;
પડી શોકના સિંધુમાં ભાઈ રે, મુને કાઢો ઓદ્ધવ તમે ધાઈ રે. ૬
એ છે સર્વે સુકૃત મધ્ય સાર રે, પ્રેમે કરવો જે પર ઉપકાર રે;
મુક્તાનંદનો વ્હાલો વિહારી રે, ઓધા જીવનદોરી હમારી રે. ૭

કડવું ૮૮ મું

ઓધા હરિગુણ મહીમા અપાર રે, કેતાં શેષજી પામે ન પાર રે;
તેને વારંવાર સંભારી રે, વ્રેહની વેદના થાય છે ભારી રે. ૧
નારી માત્ર જગત મધ્યે સોય રે, તેમાં મુજ જેવી દુઃખિણી ન કોય રે;
દુઃખ હરિના વિજોગનું જેહ રે, બીજી મુજ વિના જાણે ન તેહ રે. ૨
કાંઇક જાનકી જાણે છે એહ રે, જેને પ્રભુ સંગ પરમ સનેહ રે;
મુંથી અધિક દુઃખી જગમાઈ રે, નારી માત્રમાં લાધે ન કાંઈ રે. ૩
મારા મન કેરી વેદના જોઈ રે, વીરા હરિ વિના જાણે ન કોઈ રે;
મારા સરખું અતુલ દુઃખ આવું રે, નારી માત્રને નહીં શું બતાવું રે. ૪
મુજ સરખી તે વનિતા મોઝાર રે, ભૂત ભવિષ્યમાં દુઃખિણી ન નાર રે;
અતિ સુખ ને સૌભાગ્યથી હીન રે, મુજ સરખી વિરહિણી ન દીન રે. ૫
પ્હેલી કલ્પતરુને હું પામી રે, વર વરિયા મોહન બહુનામી રે;
તેથી કીધો વિધાતા વિજોગ રે, મારા ઉરમાં છે એ અતિરોગ રે. ૬
હસતાં રમતાં પ્રગટ હરિ દેખું રે, જીવ્યું જન્મ સફલ તવ લેખું રે;
મુક્તાનંદના શ્યામ સુજાણ રે, ઓધા એ મારા જીવન પ્રાણ રે. ૭

પદ ૨૨ મું-રાગ પંચમ

ઓધાજી અમારાંરે મોહન મન લઈ ગયારે, વાલા વિના વ્રેહનો તાપ ન જાય; ઓ. ૧
વેગે તેડી લાવોરે મોહન મથુરાં થકીરે, કરવી અમારી એ જ સહાય.
નામ સુણી કાનેરે કમળદગ કૃષ્ણનુંરે, થાય છે અમારા પ્રફુલિત પ્રાણ; ઓ. ૨
મનડાં અમારાંરે ધીરજ ધરતાં નથીરે, વણુ દીઠે સુંદરશ્યામ સુજાણ.

વ્યભિચારી ભાવેરે સ્પર્શ કરે કૃષ્ણનોરે, તેનો જશ ચૌદ ભુવનમાં ગવાય;
એવી શી સંપતરે જેને હરિ વીસરેરે, ત્રિભુવન પાસંગ તુલ્ય ન થાય. ઓ. ૩
કોટી કામ શોભારે લજ્જાય એક અંગમાંરે, બ્રહ્માદિક કેરું કારણ જેહ;
રિદ્ધિ સિદ્ધિ રે છેરે હાજર કરજોડીને રે, શેણે કરી વિસારું પતિ તેહ. ઓ. ૪
કાનજી કોડીલોરે સર્વ સુખધામ છે રે, કરુણા સાગર ગુણ ભંડાર;
મુક્તાનંદ કેરારે વાલીડો નવ વીસરેરે, અમારા એ પ્રીતમ પ્રાણ આધાર. ઓ. ૫

કડવું ૮૯ મું

વળી બોલિયાં રાધિકા રાણી, સુણો ઓધવજી મારી વાણી;
કોટી ચંદ્રથી શીતળ જેહ, કોટી કામથી સુંદર તેહ. ૧
તન ધારી અસુર સૂર જોય, તેમાં કૃષ્ણને તુલ્ય ન કોય;
શેષ શારદા બ્રહ્માદિ દેવ, જેનું ધ્યાન ધરે કરે સેવ. ૨
એવી સંપત્તિ નહીં કોઈ સાર, જેણે વીસરે નંદકુમાર;
એનું સ્વપને જો દર્શન પામે, તેનું મન ન ચડે અન્ય ભામે. ૩
પામે કૃષ્ણનો વેશ પ્રસંગ, તેને ન ગમે સંસારનો સંગ;
જેને જોઇને સ્થાવર કાય, ગિરિ વૃક્ષ ચપળ સમ થાય. ૪
એના અતિગુણ શીલ સંભારી, થંભે મારુત જમુનાનું વારી;
શોભા જોઈ થંભે શશિસૂર, રેવા ઇચ્છે તે હરિને હજૂર. ૫
એવી સંપત્તિ નહિ કોઈ સારી, જેણે વીસરે કુંજવિહારી;
એવા અતીશે અલોકીક એહ, તે શું બાંધ્યો છે અચળ સ્નેહ. ૬
વણ દીઠે તે પલ ન રેવાય, ખાલી મંદિર ખાવાને ધાય;
મુક્તાનંદનો વાહાલો વિહારી, એ છે જીવનદોરી અમારી, ૭

કડવું ૯૦ મું

ઓધવ સર્વના સ્વામી છે એહ, એવું જાણીને કીધો સ્નેહ;
જેના ભય થકી ચંદ્ર ને સૂર, રેછે નિશદિન હેતે હજૂર, ૧
જેને ડર વહે ત્રિવિધ સમીર, વરસે ઇંદ્ર સુધાસમ નીર;
જેનો ત્રાસ સદા ઉર આણી, દોડે મૃત્યુ હરે સર્વ પ્રાણી. ૨
ફૂલે ફૂલે તરુ જેને ત્રાસે, રહે સિંધુ મરજાદમાં વાસે;
એ છે કાળના કાળ અનંત, એને વશ સુર સિદ્ધ પ્રજંત. ૩
એ છે અતીશ સ્વતંત્ર ઉદાર, એના મહીમાનો આવે ન પાર;
એવી સંપત્તિ કોઈ ન ભાઈ, જેણે વીસરે હરિ સુખદાઈ. ૪

મુને હરિ વિના પલ એક જાય, તે તો કોટીક પલ સમ થાય;
એવો ભેદ પ્રબોધ ન હોય, જેણે સમજાવે મુને કોય. ૫
ત્યાગો ઓધવ બોધની આશ, જાઓ મથુરાં નગર પ્રભુ પાસ;
એવું કહીને રુદન કરી ભારી, પામ્યાં મુર્છા રાધિકા પ્યારી. ૬
સુણી રાધાનાં વચન ગંભીર, રોયા ઓધવજી તજી ધીર;
મુક્તાનંદના નાથની પ્યારી, એની પ્રીતિ ત્રિલોકથી ન્યારી. ૭

કડવું ૯૧ મું

વળી બોલીયાં લલિતા વિચારી, સુણો ઓધવ વાત અમારી;
પ્હેલું આપી રાધાજીને માન, પછે ત્યાગ કરી ભગવાન. ૧
મુને મેલી મનાવાને જ્યારે, કોધી રાધિકા માનીતી ત્યારે;
જે મેં રાધિકાને કહી વાત, તમને સંભળાવું સર્વ ભ્રાત. ૨
સુણો રાધિકા તમ વિના કહાન, વ્રેહમાં વીકલ તજી અનમાન;
વહે શીતલ ચંદન વાય, તેણે કૃષ્ણને વેદના થાય. ૩
તમ અરથે મદન ઉર ધારી, રટે નામ તમારું મોરારી;
લાગે ચંદ્રના કીરણનો તાપ, ઇચ્છે મરણ મોહનવર આપ. ૪
લાગે કામતણાં શર ભારી, અતિ વિકલ પોકારે મોરારી;
જ્યારે ભ્રમર વૃંદ કરે ગાન, ઢાંકે તમ વિના કૃષ્ણજી કાન. ૫
વ્યાપે રજનીમાં વિરહ અપાર, પામે વેદના પ્રાણ આધાર;
તજી શ્યામ લલિત નિજધામ, વસે વન પ્રભુ પૂરણકામ. ૬
રાધે તમ અર્થે સુખકારી, લોટે ધરણીમાં કુંજબિહારી;
ચાલો શામના શ્રીહરિ પાસ, તમ કાજ સુરે અવિનાશ. ૭
એવું માન દઈ ઘણું ભાવ, પછે બોલ્યા રાધાજીશું દાવ;
મુક્તાનંદને વહાલે એવી રીત, કીધી રાધાશું ધૂતવા પ્રીત. ૮

કડવું ૯૨ મું

કોને ઉદ્ધવ સુંદરશ્યામ, કે દી આવશે ગોકુળગામ;
વ્રેહને તાપે તપી વ્રજનારી, કયારે ઠારશે કુંજબિહારી. ૧
જેમ ઇંદ્ર વરસાવીને મેહ, કરે નવપલ્લવ વન તેહ;
તેમ વ્રજમાં આવી ભગવાન, કયારે આપશે જીવિતદાન. ૨
બોલી અપર આહિરડી તે ઠામ, શીદ આવે હવે સર્યું કામ;
મારી કંસને લીધું છે રાજ, વર્ત્યા રાજકન્યા થયું કાજ. ૩

વિંટી વળિયાં કુટુંબનાં વૃંદ, તેને સંગે કરે છે આનંદ;
બોલી અપર સુણો સર્વે પ્યારી, એ છે પૂરણ કામ મોરારી. ૪
નથી આપણું કામ લગાર, તેથી અન્ય સાથે પણ પ્યાર;
એને કામ ન કોયનું બ્હેની, ઘણી વાત અલૌકીક એની. ૫
એ તો કમળાના નાથ કે'વાય, એનો મહિમા તે વર્ણ્યો ન જાય;
એને અર્થે ન કોયશું ખાળી, પાળે ભક્તને શ્રીવનમાળી. ૬
એનું ભક્તવત્સલ દ્રઢ નામ, દીનબંધુ સદા સુખધામ;
મુક્તાનંદનો નાથ સ્વછંદ, ભક્તાધીન રહે જગવંદ. ૭

પદ ૨૩ મું-રાગ ધોળ

ઓધવજી અમને દુઃખ દીધું વાલમે, કો'કો આગળ કહિયે દુઃખની વાતને;
મોહનવર મથુરાં જઈ પાછા નાવિયા, કીધી અમશું કાન કુંવરને ઘાતને. ઓ૦ ૧
લાલચડી તજીયે તો મહાસુખ પામિયે, વેસ્યા કેરાં વચન ગ્રહી ઉપદેશને;
પરમ નિરાશી થૈ બોલી છે પિંગળા, એમાં ઓધવ જૂઠું નહી લવ લેશને. ઓ૦ ૨
આશામાં અતીશે દુઃખ સર્વે જાણીએ, તોય ટળે નહીં કાનકુંવરની આશને;
કોણ ઘણી છે આશ અમારે મેલતાં, આશ તજે જાય ગોપીજનના શ્વાસને. ઓ૦ ૩
જાદુડાં જાણે છે કાન ગોવાળિયો, એનો મારગ મૂક્યો નવ મુકાયને;
મુક્તાનંદને નાથ લગાડી મોહિની, હવે અમે એનો શો કરિયે ઉપાયને. ઓ૦ ૪

કડવું ૯૩ મું

ઓધવજી એનો સંગ દુસ્તજ, તજી શકે નહીં કોય;
જેણે કીધી એશું ગોઠડી, જાણશે ભેદુ સોય. ૧
ઇચ્છે નહી તોય એહની, કરે પ્રેમે કમળા સેવ;
નિમખ ન્યારી નવ રહે, સૌને દુર્લભ દેવ. ૨
રમણ થળ રમિયાતણાં, નવ દીયે વિસરવા કાન;
કાલિંદી વન જોઇને, સાંભરે શ્રીભગવાન. ૩
ગોવરધનગિરિ જોઇને, સાંસરે સુંદરશામ;
એ અમને નવ વીસરે, જે કીધું શ્રીકૃષ્ણ ને રામ. ૪
વેણુંતણા સ્વર વાલમે, વ્રજમાં સુણાવ્યા જેહ;
તે રસિયો કેમ વીસરે, જેને સોંપ્યાં તન ધન ગેહ. ૫
ચરણપંકજ શામળે, જ્યાં જ્યાં ધર્યાં જગવંદ;
તે સ્થળ જોતાં સાંભરે, અમને સદા સુખકંદ. ૬

પ્રેહવંતી વ્રજસુંદરી, પીડે અનંગ કરી ઉતપાત;
મુક્તાનંદનો વાલમો, વીરા ક્યારે મળે સાક્ષાત. ૭

કડવું ૯૪ મું

ઓધવજી અબળા અમે, ધરિયે તે ક્રમ કરી ધીર;
ચરિત્ર સુણતાં સાંભરે, લટકાળો શ્રીબળવીર. ૧
સુંદર ચાલ ઉદાર હસવું, પ્રેમે નીરખવું જેહ;
મધુર વચને મન હર્યાં, વિસરે ન અધક્ષણ તેહ. ૨
વિસાર્યો નવ વીસરે, નંદનંદન નટવર વેશ;
એનાં ચરિત્ર સંભારતાં, તન સુધ ન રહે લવલેશ. ૩
પ્રેહવંતી વ્રજસુંદરી, વરતે છે ઓધવ જેમ;
તે તમને સંક્ષેપથી, વર્ણવી સુણાવું તેમ. ૪
શીતળ ચંદન ચંદ્ર કીરણ, નિંદે ગોપીજંન;
સુખદ છે .પણ હરિવિના, વિરહે તપાવે તંન. ૫
મલયાગર ગંધ સુગંધ શીતળ, મંદ મારુત સાર;
તે ગોપીને વ્યાળ વીખ સમ, આપે કષ્ટ અપાર. ૬
કામ બાણથી કંપતાં, ગોપી રહે છે હરિમાં લીન;
મુક્તાનંદના નાથ વેણી, સુંદરી સર્વ દીન. ૭

કડવું ૯૫ મું

ઓદ્ધવજી અતીશે મદન બાણે, પીડાણી વ્રજનાર;
અંતરમાં હરિને ધરી, વૃત્તિ ન લાવે બાર. ૧
કાનકુંવરને વાગશે, તીખાં મદનનાં બાણ;
એવું જાણિ નિજ ઉરવિષે, કરે જળ પરમ સુજાણ. ૨
સજળ પંકજ દળ લઈ, કરે કવચ નીજઊર માંઈ;
નંદકુંવર નવરંગને, કામબાણ ન લાગે કાંઈ. ૩
કુસુમ સજ્યા કામ શરસમ, જાણે ગોપીજન એહ;
બાણ સજ્યામાં સૂર થઇને, ધરે પોતાનો દેહ. ૪
આલિંગન નંદલાલશું, કરવા ધરયું વ્રત સાર;
કુસુમની સજ્યા કરે, ગોપી સેવે કષ્ટ અપાર. ૫
લોચન જળ ધારા વહે, શોકે તે અધર સુકાય;
રાહુ ગ્રહે દાંતે શશી, જેમ અમૃત ધાર સુકાય. ૬

કષ્ટ વિના એમ કામિની, વ્રેહેવંતી અધિક પીડાય;
મુક્તાનંદના નાથ વાંણું, દુઃખ કહ્યું નવ જાય. ૭

કડવું ૯૬ મું

ઓદ્ધવ અમને કૃષ્ણ વેાણી, અંતર વ્રેહની ઝાળ;
કલ્પના કરે ગેાપિકા, જાણે મળે હરિ તત્કાળ. ૧
કસ્તુરી ધસી કામિની, તેણે લખે શ્રીકૃષ્ણનું રૂપ;
કામ જાણી કુસુમનું શર, આપે પરમ અનૂપ. ૨
નીચું મીનનું ચિહ્ન બનાવી, જોડે તે આગળ હાથ;
કુસુમ શર અમને મારે, જાણી અબલા અનાથ. ૩
પછે કરે હરિસ્તવન ગેાપી વારંવાર અપાર;
અમે તમારે શરણ આવ્યાં, પ્રભુ લ્યેા પ્રાણ આધાર. ૪
તમ વિના પ્રભુ સુધા સિંધુ, પીડે વિખસમ સેાય;
પ્રાણજીવન પ્રભુ તમ વિના, અમને ન રક્ષક કેાય. ૫
ઉર ધરી હરિ મૂર્ત્તિ, એમ કરે સ્તવન થઈ દીન;
કરી વિલાપ રુદન કરે, હરિ આગળ થાય આધીન. ૬
જ્યારે પુરે ઉર હરિની મૂર્ત્તિ, હશે વિસારે તાપ;
મુક્તાનંદના નાથ વેાણી, કરે છે વનિતા વિલાપ. ૭

પદ ૨૪ મું–રાગ મારુ

ઓધાજી, વાલમ વિના, ગેાપી સર્વ ઘેલી રે હેા;
આંખડ.યુંમાં એક ધાર; લાગી આંસુ હેલી રે હેા. ઓ૦ ૧
મંદિર મશાણ જેવાં, લાગે દુઃખકારી રે હેા;
કૃષ્ણ પ્રિતમે ત્યાગી, વિલપે વ્રજનારી રે હેા. ઓ૦ ૨
સુગંધી કુસુમ માળ, જળ જેવી જાણી રે હેા;
ડરું છું દૂર રાખેા, બેાલે એમ વાણી રે હેા. ઓ૦ ૩
તારા તેા અંગારા સન્યા, ભાખસી પ્રમાણી રે હેા;
વિરહની ઝાળે ગેાપી, તાપમાં તવાણી રે હેા. ઓ૦ ૪
કામ જમદૂત થઈ, દે છે દુઃખ ભારી રે હેા;
મુક્તાનંદ કૃષ્ણ વેાણી, ઝુરે સકુમારી રે હેા. ઓ૦ ૫

કડવું ૯૭ મું–ઢાળ પ્રથમનેા

ઓદ્ધા વિરહે વિકળ વ્રજનારી રે, પામે કષ્ટ વાલાને સંભારી રે;
ગેાપી ધારે જે ઉરપર હાર રે, તે તેા લાગે પ્રીતમ વિના ભાર રે. ૧

મલીયાગરી ચંદન જેહ રે, લાગે હરિ વિના વિખસમ તેહ રે;
સુખદાયક જે જે અનૂપરે, ગણે ગોપી તે મહા દુઃખ રૂપ રે. ૨
નીજ શ્વાસને ત્રિવિધ સમીર રે, ગોપી તે થકી થાય અધીર રે;
વાયુ કામ અનલસમ બાળેરે, વાલા વેણું તે કષ્ટ ન ટાળે રે. ૩
ચારે કોરે જૂવે વ્રજબાળી રે, લજ્યા લોક તણી સર્વ ટાળી રે;
તોડયું નાળથી પંકજ સાર રે, એવે નૈણે વહે જળધાર રે. ૪
નવપલ્લવ સેજ સુરંગ રે, તેણે દાઝે છે ગોપીનાં અંગ રે;
જે જે કોમળ સુખપ્રદ સાર રે, બાળે હરિ વિના જેમ અંગાર રે. ૫
ગોપી કરપર મેલી કપોળ રે, રોઈ નેણ કરે રંગ ચોળ રે;
સાંઝે બાળશશી થીર જેમ રે, શોકે ગોપીનાં મુખ થીર તેમ રે. ૬
બોલે વ્રેહેવંતી હરિ હરિ વાણી રે, જેમ તન તજવા સમે પ્રાણી રે;
મુક્તાનંદનો શામ સુજાણરે, તે શું બાંધ્યા છે ગોપીએ પ્રાણ રે. ૭

કડવું ૯૮ મું

ઓઢ્યા ઓણી પેર પીડે અનંગ રે, થાય રોમાંચિત સર્વ અંગ રે;
ગોપી મૂકે નિશાશા અપાર રે, કંપે હરિવિના વારંવાર રે. ૧
કંપે દેહને પામે છે ગ્લાનિ રે, વ્રેહની વેદના રહે નહીં છાની રે;
વીંચી નેત્ર ધરી હરિ ધ્યાન રે, ચાલે પડી જાય દંડ સમાન રે. ૨
વળી અતિ આતુર ઉઠી ધાય રે, ગોપી હરિ વિના મુર્છિત થાય રે;
એવો અતિશે વિરહ જ્વર જેહ રે, વ્રજવનિતાને બાળે છે તેહ રે. ૩
સુર વૈદ સમાન ગોવિંદ રે, ટાળે ગોપીના મહા દુઃખ કંદ રે;
જો એ દર્શન આપે ગોપાળ રે, સર્વ તાપ ટળે તતકાળ રે, ૪
સૌને અંગે અનંગનો રોગરે, ગોપી પામે જો હરિ સંજોગ રે;
તો એ દુઃખકેરું મૂળ જ જાય રે, એનો અન્ય નથી ઉપાય રે. ૫
જો નહિ જીવાડે વ્રજનારી રે, તો એ કઠણ છે વજ્રથી ભારી રે;
જો નહિ કરે એ કામનિયુંને શાંત રે, અમે માનશું કૃષ્ણ કૃતાંત રે. ૬
એને કંદ પડ્યાં અમે વીર રે, હવે ધરિયે તે કેમ કરી ધીર રે;
મુક્તાનંદનો નાથ સ્વછંદ રે, કોને વશ નહીં એ જગવંદ રે. ૭

કડવું ૯૯ મું

ઓધા હરિ વિના સર્વ અકળાણીરે, બોલે નાથ હરે એમ વાણી રે;
કૃષ્ણ કાજ તે સેજ સમારી રે, ગોપી બોલે એકાંતે મોરારી રે. ૧

કરતાં અન્યના અધરકેરું પાન રે, વાલો ક્યાં હશે ગુણનો નિધાન રે;
હરિને ગોતે ગોપી તજી લજ્યારે, જૂવે દશદિશી વાસક સજ્યા રે. ૨
હરિ આવે છે એ વિશ્વાસ રે, ગોપી મગન થઈ કરે હાસ રે;
નાવ્યા જાણી ચાલે અકળાઈ રે, પડે દોડતી ખોળે છે ધાઈ રે. ૩
લાવે કમળપુષ્પ સકુમારી રે, તેના નાળનાં કંકણ ધારી રે;
હરિને મળવાને જીવે છે ગોપી રે, ડોળે ઉનમત્ત લાજને લોપી રે. ૪
જુવે આભ્રણ અનંગનાં તેહ રે, ગોપી દેખે નહીં નીજદેહ રે;
હું છું મધપૂરી કહે એમ વાણીરે, પ્રેમે આપને ભૂલી સ્યાણી રે. ૫
વેગે કેમ નથી આવતા કાન રે, મારી સેજડીએ ભગવાન રે;
પૂછે દૂતીને વારંવાર રે, સખી ક્યાં હશે નંદકુમાર રે. ૬
વિરા કૃષ્ણવિના વ્રજનારી રે, વ્રેહમાં વ્યાકુળ હરિને સંભારી રે;
મુક્તાનંદના સ્વામીને આશ રે, તેણે તન નથી ત્યાગતો શ્વાસ રે. ૭

કડવું ૧૦૦ મું

ઓધા એમ હરિવર સંગ ગોપી રે, પ્રેમભક્તિમાં રહી પગ રોપી રે;
વણ દીઠે શ્રીકૃષ્ણ વિહારી રે, વ્રેહમાં વ્યાકુળ થઈ વ્રજનારી રે. ૧
મેઘ જેવું અંધારું અનૂપ રે, તેને જાણી શ્રીકૃષ્ણ સ્વરૂપ રે;
તેને ભેટ ચુંબન કરે બાળી રે, જાણે આવ્યા મોહન વનમાળી રે. ૨
રચે નવરંગ સેજસું શીલા રે, થાય ઘર ઘરમાં એવી લીલા રે;
વ્રેહમાં વિકલ તજી સર્વ લજ્યારે, ગોપી ઘર ઘર વાસક સજ્યા રે. ૩
કરે કૃષ્ણને કાજ વિલાપ રે, પામે હરિ વિના અતિ સંતાપ રે;
રોતાં રોમાંચિત તન થાય રે, વ્રેહની વેદના કહી નવ જાય રે. ૪
પામે વેદના તાણે છે પ્રાણ રે, જાણે માર્યું મદનપૂરી બાણ રે;
બોલે વ્યાકુળ વચન અપાર રે, તેનો થાય નહી નિરધાર રે. ૫
એવી વ્રજની દશા થઈ વીર રે, ગોપી હરિ વિના સર્વ અધીર રે;
તે ન કૃષ્ણે ધર્યું મન લેશ રે, મુક્યા તમને દેવા ઉપદેશ રે. ૬
વસ્યા ઉરમાં હરિ સાક્ષાત રે, હવે ક્યાં રહે બીજી વાત રે;
મુક્તાનંદના નાથને પાસરે, ત્યાં જઈ શીખવો અન્ય અભ્યાસ રે. ૭

પદ ૨૫ મું–રાગ સામેરી

ઓધા વ્રજના પ્રાણ આધાર, મોહન વનમાળી રે;
અમને છેલ છબીલા સંગ, લાગી દ્રઢ તાળીરે. મો૦ ૧

એવી અમે અબળા નહીંરે, ડગમગ મન થઈ જાય;
સો લાંઘણ પડે સિંહને, તોય ઘાસ કદી નવ ખાયરે. મો૦ ૨
મીન જેવી સર્વ માનિની રે, જળ નંદલાલ સુજાણ;
આવ્યાની અવધિ કરી, તેણે રહે છે અમારા પ્રાણ. મો૦ ૩
મહા સુખકારી શામળોરે, શિરપર ધાર્યા સોય;
એ સંગ મન અટકી રહ્યું, બીજી વાત ગમે નહીં કોયરે. મો૦ ૪
ચાત્રક સરખી ટેકને રે, ધારી વર્ત્યા નંદલાલ;
પ્રગટે વિના પરપંચમાં, અમે નહિ થાયે બે હાલરે. મો૦ ૫
વાલા વિના વ્રજનાર રે, પલક કલપ સમ થાય;
મુક્તાનંદના નાથને, વણ દીઠે તે કેમ રહેવાય રે. મો૦ ૬

કડવું ૧૦૧ મું

ગોપી સાંભળી હરિ સંદેશ, જાણ્યો સૌમાં હરિનો આવેશ;
સૌના આતમા કૃષ્ણ મોરારી, સૌથી ન્યારા છે શ્રીગિરિધારી. ૧
એવું જાણી શ્રીહરિનું સ્વરૂપ, સર્વે સમઝીયું મર્મ અનૂપ;
વ્રેહનો તાપ શમ્યો સર્વ ન્યારે, પ્રેમે પૂજ્યા ઓધવજીને ત્યારે. ૨
પ્રેમે ઓદ્ધવજી બહુ માસ, કીધો ગોકુળગામ નિવાસ;
હરવા ગોપીનો શોક અપાર, ગાય કૃષ્ણકથા શ્રુતિ સાર. ૩
સૌનો શોક હર્યો કરી વાત, જેમ આવે મોહન સાક્ષાત;
પ્રેમે હરિગુણ ઓધવ ગાયે, દિનરજની તે ક્ષણ સમ થાયે. ૪
હરિભક્ત ઉધવ સુખધામ, રહ્યા જેટલા દિન નંદગામ;
જાણ્યા ક્ષણ સમ તે વ્રજવાસી, એવી કૃષ્ણકથા તે પ્રકાશી. ૫
હરિનાં રમણ તણાં સ્થળ જેહ, ગોપી સહિત ઉદ્ધવ જૂવે તેહ;
જ્યાં જ્યાં કીધો શ્રીકૃષ્ણે વિહાર, ગોપી સમજાવે કરી પ્યાર. ૬
નીરખી નિર્મળ જમુનાનું વારી, ગિરિગોવર્ધન સુખકારી;
નીરખી વૃંદાવન નવરંગ, સુણે ઓદ્ધવ સર્વે પ્રસંગ. ૭
નીરખી કંદરા પર્વત કેરી, ગાય ગોપિયું લીલા ઘણેરી;
મુક્તાનંદ કહે વાલાનો વિહાર, તે તે સ્થળ જણાવે બહુવાર. ૮

કડવું ૧૦૨ જું

નીરખી કુસુમિત વૃક્ષ ઉદાર, ગાય ઉદ્ધવ હરિગુણ સાર;
આપે વ્રજવનિતાને આનંદ, હરિનું ભજન કરાવે સ્વછંદ. ૧

એમ ઊદ્ધવ વ્રજજન સંગે, ગાય હરિગુણ અધિક ઉમંગે;
દેખી રમણનાં સ્થળ વ્રજનારી, સ્નેહમાં વ્યાકુળ હરિને સંભારી. ૨
થયો અંતર કૃષ્ણ આવેશ, પ્રેમે મગન ન તન સુધ લેશ;
દેખી ગોપીનો પ્રેમ અપાર, વંદે ઉદ્ધવ વારંવાર. ૩
ગોપી અધિક કૃતારથ જાણી, પછે બોલિયા ઉદ્ધવ વાણી;
તન ધારી છે ભૂપર જેહ, ગોપી તુલ્ય નહી કોઈ તેહ. ૪
પરમાતમા કૃષ્ણ શ્રીરંગ, દ્રઢપ્રીત કરી તેને સંગ;
એવી પ્રીત ઇચ્છે સર્વ સંત, ઇચ્છે મુક્ત મુમુક્ષુ પ્રજંત. ૫
અમે ભક્ત ઇચ્છું એવી પ્રીત, પ્રેમી ભક્ત છે પરમ પુનીત;
બ્રહ્મજન્મ ત્રિવિધ જગ જોય, પ્રેમીભક્તથી શ્રેષ્ઠ ન કોય. ૬
એને અંતરે પ્રેમ ખુમારી, વંદ્યા જોગ સર્વ વ્રજનારી;
મુક્તાનંદના નાથને પ્યારી, શ્રુતિતુલ્ય એ ગોપકુમારી. ૭

કડવું ૧૦૩ જું

કયાં એ વનચરી નાર ગમાર, વ્યભિચારિણી દુષ્ટ આચાર;
કયાં એ કૃષ્ણમાં ભાવ આરૂઢ, શ્રુતિસાર સર્વને એ ગૂઢ. ૧
ભાવે ઈશ્વરને ભજે જેહ, અતિ થાય કૃતારથ તેહ;
કરે અમૃતપાન જે કોય, થાય અમર આરોગી કોય. ૨
ગોપી પામી જે હરિનો પ્રસાદ, કોને દુર્લભ તે રસ સ્વાદ;
હરિના ઉરમાં છે કમળાનો વાસ, તેને એ સુખની ઘણી આસ. ૩
પદ્મ જેવી સુગંધે સુવાસી, સૂર વનિતાએ સુખની છે પ્યાસી;
રમા આદિને દુર્લભ એહ, જેને કાજ દમે બહુ દેહ. ૪
એવો હરિનો પ્રસાદ ઉદાર, અન્ય કયાં થકી પામે ગમાર;
રીઝ્યા રાસમાં અંતરજામી, ગોપી તે સુખ હરિ થકી પામી. ૫
હરિના ભૂજ ધરી કંઠમાં ગોપી, પ્રેમે શ્યામ સંગે રહી ઓપી;
રમ્યાં ગોપી જે હરિ સંગ રાસ, એ છે દુર્લભ બ્રહ્મવિલાસ. ૬
વ્રજનારીનું ભાગ્ય અપાર, જેને રીઝ્યા પ્રગટ કિરતાર;
મુક્તાનંદનો નાથ વિહારી, પ્રેમે ભોગવ્યા ભવોભવ હારી. ૭

કડવું ૧૦૪ થું

વળી બોલિયા ઓધવ વાણી, ઉરભાવ અલૌકીક આણી;
વ્રજનારીની પગરજ એહ, વૃંદાવન વિષે પામે છે જેહ. ૧
ત્રણ ગુછ ને વેલી અપાર, તેને મધ્ય હું ધરી અવતાર;
વ્રજનાર ચરણરજ સાર, જેમ પામું તે કરવો વિચાર. ૨

તજ્યાં માતપિતા સૂત ભાઈ, તજી કુલ મરજાદ સગાઈ;
અતિ દુષ્ટ જનો કરી ત્યાગ, કીધો હરિ સંગ દ્રઢ અનુરાગ. ૩
કીધો મુકુંદ મોરારીશું પ્યાર, શ્રુતિ બોળે જે વારંવાર;
માટે વ્રજવધૂ બ્રહ્મસ્વરૂપ, હરિની પ્રેમદા પરમ અનૂપ. ૪
હરિનાં ચરણકમળ સુખકારી, સેવે કમળા અચલ વ્રતધારી;
પ્રેમે સેવે સકળ સૂર વૃંદ, શેષ મહામુનિ જોગી સ્વચ્છંદ. ૫
રાસ ગોષ્ઠીમાં સૌ વ્રજનારી, વ્રેહનો તાપ નિવારવા પ્યારી;
ધાર્યા તનપર હરિપદ સોય, ભીડી ઉરમાં મગન સર્વ કોય. ૬
પ્રેમે હરિપદ ઉર ધરી બાળી, વ્રેહની વેદના સર્વે તે ટાળી;
મુક્તાનંદના શ્યામને સંગ, ગોપી પુલી અંગોઅંગ. ૭

પદ ૨૬ મું–રાગ કાફી

(ધન્ય વૃંદાવન વંશીવટની છાઈ રે, જાં હરિ બેસતા. એ ઢાળ છે.)

ધન્ય વ્રજનારી ઓધવજી એમ, બોલે વળી વળી વાણી;
વરી ગિરિધારી, તે માટે એ બ્રહ્મસ્વરૂપ પ્રમાણી.
ધન્ય નંદનું વ્રજ ધન્ય સૌ ગોપી, વરી હરિવર કુળ લજ્યા લોપી;
રહી હરિ ચરણે ચિત્ત આરોપી. ધન્ય૦ ૧
જેને કાન કોડીલે કર સાઈ, તેનાં ચરણની રજ વંદુ ધાઈ;
એની કમળાથી કરી હરિ અધિકાઈ. ધન્ય૦ ૨
એની હરિગુણ ગીત કથા એવી, કરે પાવન ત્રિભુવનને તેવી;
એની વાણી સેવે વેદ જેવી. ધન્ય૦ ૩
એ તો મુક્તાનંદનો પ્રભુ પામી, એને ભાંગી અનંત ભવની ખામી;
ધણી ધર્યા શિરપર બહુનામી. ધન્ય૦ ૪

કડવું ૧૦૫ મું

ઓધવજી એમ ગોપિકાનું, માહાત્મ્ય જાણી અપાર;
શોક નિવારી સર્વનો, પછે જાત્રા થયા છે તૈયાર. ૧
નંદ જશોમતી ગોપ ગોપી, સૌને કરી પરણામ;
આજ્ઞા માગી સર્વની, જાવાને મધુપૂર ધામ. ૨
ઓધવ પ્રભુને પાસ જાવા, તૈયાર થયા તતકાળ;
વ્રજવાસી વીંટી વળ્યાં, નર નારી વૃદ્ધ ને બાળ. ૩
ઓધવજી રથ ઉપરે, જે બેઠા લૈ હરિ નામ;
જાતા જાણ્યા હરિ કને, થયું ઘેલું ગોકુળ ગામ. ૪
નંદાદિક સૌને ભેટ લાવ્યા, બોલે વચન રસાળ;
લોચન જળધારા વહે, સાંભર્યા દીનદયાળ. ૫

નંદાદિક કહે મન હમારાં, રહ્યે પ્રભુપદ પાસ;
જીભ જપે હરિ નામને, રહો સદા એ અભ્યાસ. ૬
દેહ સદા હરિને નમે, એવો રહેજ્યે સરળ સ્વભાવ;
મુક્તાનંદના નાથશું, રહે અચળ ભાવ ઠરાવ. ૭

કડવું ૧૦૬ ઠું

નદાદિક એમ ઓચર્યા, સુણો ઓધવ પરમ સુજાણ;
કૃષ્ણ અમારા આતમા, વળી કૃષ્ણ અમારા પ્રાણ. ૧
હરિ ઇચ્છા કરી કર્મ વસ્ય થઈ, જ્યાં જ્યાં ધરિયે દેહ;
ત્યાં અમને શ્રીકૃષ્ણ સાથે, રહ્યે અચળ સ્નેહ. ૨
તીર્થ વ્રત જપ દાનનાં, સુકૃતતણું ફળ એહ;
પ્રીત વધે શ્રીકૃષ્ણમાં, અમે માગિયે નિત્ય તેહ. ૩
નંદાદિક સર્વ ગોપ તેણે, કહિ હરિ ભક્તિ ઉદાર;
ઓધવજીને રાજી કર્યા, દેખાડી પ્રભુમાં પ્યાર. ૪
ઓધવ અતિ રાજી થયા, જોઈ વ્રજવાસીની પ્રીત;
અતિ અલોકીક સર્વથી, જાણી ગોકુલ ગામની રીત; ૫
નંદાદિક વ્રજવાસીને, કરી વંદન વારંવાર;
ઓધવજી મથુરાં ગયા, જ્યાં રાજીવ અખિલ આધાર. ૬
પ્રેમે કરી પ્રણામ હરિને, ઓધવ પરમ સુજાણ;
મુક્તાનંદના નાથ આગળ, કીધાં વ્રજનાં વખાણ. ૭

કડવું ૧૦૭ મું

ઓધવજી અતિ આદરે, કર્યું રાજાને પરણામ;
વંદન કરી વસુદેવને, પછે વંદ્યા શ્રીબળરામ. ૧
ભેટ ધરિ નૃપ આગળે, પછે આવ્યા શ્રીહરિ પાસ;
ક્ષેમ કહો ગોકુળતણું, એમ પૂછ્યું હરિ અવિનાસ. ૨
તારે તે ઓધવ ઓચર્યા, સુણો શ્યામસુંદર જદુરાય;
ગોપીજનના પ્રેમને, પ્રભુ કે'તાં શેષ લજાય. ૩
એક મુખે એ પ્રેમનું, કેમ થાય જથારથ રૂપ;
દીઠી મેં વ્રજનારીની, પ્રભુ ભક્તિ પરમ અનૂપ. ૪
દાસ તમારા ગોપી સરખા, ન દીઠા પ્રભુ કોય;
મુને જે વ્રજમાં મોકલ્યો, તે મેં કીધો અનુગ્રહ સોય. ૫
તમ વિના વ્રજસુંદરીને, અન્ય નથી આધાર;
રૂપ તમારે રાચિયું, સર્વ તજી કુટુંબ પરિવાર. ૬

પતિભાવે કર્યો પ્રેમદા, તમ સંગ અચળ સનેહ;
મુક્તાનંદના નાથજી, અતિ કૃતારથ થઈ એહ. ૭

કડવું ૧૦૮ મું

ઓધવજી એમ ગોપીકાનાં, કીધાં અધિક વખાણ;
શ્યામ સુંદર તેને સાંભળી, હરિ હસ્યા પરમ સુજાણ. ૧
ઉદ્ધવગીતા આદરે કરી, સુણે સુણાવે જેહ;
કમળલોચન કૃષ્ણની, દૃઢભક્તિ પામે તેહ. ૨
પ્રેમ અચળ વ્રજનારીને, પ્રભુ રહે અનંત અપાર;
પદે પદે આ ગ્રંથમાં, વર્ણવ્યો વારંવાર. ૩
રસિકરાય શ્રીકૃષ્ણમાં, દૃઢ પ્રીત ધરે જેહ;
તે આ ગ્રંથમાં આદરે કરી, રાખે અચળ સનેહ. ૪
ઉદ્ધવગીતા આદરે કરી, ભણે ભણાવે ગાય;
નેહ વધે નંદલાલશું, તેના કામાદિક રીપૂ જાય. ૫
એક સો ઉપર આઠ કડવાં, સત્તાવીશ પદ સાર;
દામ અમુલ્ય અઠોત્તરી, હરિભક્તનો શણગાર. ૬
સંવત અઢાર ને એસીયે, કૃષ્ણ પક્ષશ્રાવણ માસ;
અષ્ટમી બુધ વાસરે, થયો પૂરણ ગ્રંથ પ્રકાશ. ૭
દુર્ગપત્તન કરી શુભ, ગીતા અર્થ ગંભીર;
ગાય શિખે જે પ્રેમશું, તેને રીઝે શ્રીબળવીર. ૮
ઉદ્ધવગીતા જે સુણે, સદ્ગ્રંથ કેરું સાર;
મુક્તાનંદ તે પ્રેમી થઇને, પામે ભવજળ પાર. ૯

પદ ૨૭ મું–રાગ ધોળ

ભક્તિ જોઇને વ્રજનારીની, ઉદ્ધવજી હરખ અપાર રે;
પ્રેમ અચળ જે શ્રીકૃષ્ણમાં, એ છે સર્વ ગ્રંથનું સાર રે. ભ૦ ૧
નવધા ભક્તિ છે સર્વ ગ્રંથમાં, એકેકીમાં નવ નવ અંગ રે;
એકયાસી સ્વરૂપે એ ભક્તિ થઈ, માંહો માંહી પામીને પ્રસંગ રે. ભ૦ ૨
પ્રેમભક્તિ છે એથી વસમી, નવધાથી ન્યારું તેનું રૂપ રે;
વ્રજની નારીમાં તે વ્યાપી રહી, તે માટે એ ગોપિકા અનૂપ રે. ભ૦ ૩
પ્રગટ સ્વરૂપ શ્રીકૃષ્ણનું, તેમાં જેણે બાંધી દૃઢ પ્રીત રે;
તેને નથી કાંઈ કરવું રહ્યું, પ્રેમીજન પરમ પુનીત રે. ભ૦ ૪
તન મન અરપી શ્રીકૃષ્ણને, જગ જિતી વ્રજ કેરી નાર રે;
મુક્તાનંદ કહે સર્વ ગોપીકા, પોતી ક્ષર અક્ષરને પાર રે. ભ૦ ૫

બૃહત્
કાવ્યદોહન

વિભાગ બીજો

ભાલણ

નરસિંહ મહેતાનો સમકાલીન કવિ ભાલણ છે, તથાપિ એની ભાષા વગેરે નરસિંહ મહેતાથી ઘણી જૂની છે.

શિવ ભીલડી સંવાદ

પ્રથમે ગણપતિ વરણવું, જેના જશ છે પ્રૌઢ;
સૂરરાય સેવે સદા, દેવતા તેત્રીસ કોડ. ૧
વામાંગે ફરસી ધરી, કરે મોદીક આહાર;
લક્ષ લાભ સૂત જેહના, શુદ્ધ બુદ્ધ ઘેર નાર. ૨
શિવ સેવંતા શોભિયે, ત્રિલોકે વિક્ષાત;
માત ભવાની મયા કરો, શ્રીશંભુ મુજ તાત. ૩
શિવ ઉમિયાને તજી કરી, તપ સાધ્યું જે વંન;
આદ્ય ઈશને અનુભવી, સ્થિર રાખ્યું જે મંન. ૪
પાંચે ઇંદ્રિ વશ કરી, બેઠા આસન વાળી;
સંપ્રષ્ટ નેત્ર શંભુએ કર્યાં, ધ્યાનની લાગી તાળી. ૫
પ્રબળ તપ જે ઈશનું, બ્રહ્મા વેદ વખાણે;
ઇંદ્ર વિરંચી વરમ કરી, કારણ કો નવ જાણે. ૬
અગમ ઉત્તમ જે ઈશનું, ઉમયા હુતાં કૈલાસ;
ત્યાં આવ્યા નારદ ઋષિ, ઉમયા કેરી પાસ. ૭

અર્ઘ પાદ્ય પૂજા કરી, ઉમયાજી લાગ્યાં પાયે;
દીન જાણી દયા કરી, આવ્યા ઋષિ રાયે. ૮
નારદ–એમ કુશલ ઋષિયે પુછીયું, ઉમયા કહાં છે ઈશ;
પાર્વતી–ઉમયા કહે શિવ તપ ગયા, ભુમિ ધરીયુંજી શીશ. ૯
નારદ–નારદ કહે ગિરિજા સુણો, તમને ગયાજી વાહી;
જટા મધ્ય ઝીલી જાહ્નવિ, તપ શાનુંરે બાઈ. ૧૦
ભાવે ભજે છે જેહને, તે તો સૌ કો જાણે;
અહો દિવસ ક્રીડા કરે, તું તો દિવસ ન જાણે. ૧૧
પુણ્ય પવિત્ર જલ ઝાલવી, ગંગા પાતિક ટાળે;
મન માન્યું મહાદેવનું, તે તું સામું શાનું ભાળે. ૧૨
અતિ મનોહર માનુની, મન મોહ ઉપજાવે;
શંભુ વન ક્રીડા કરે, તે ઘેર શાને આવે. ૧૩
એક વાર કૈલાસમાં, બેઠા શ્રી ત્રિપુરારી;
તવ મેં પૂછ્યું તે સમે, વ્હાલી કવણું છે નારી. ૧૪
તારે ત્યાં કહું હતું, મુજને વહાલી ગંગ;
સ્પર્શ કરવું નહિ ગમે, પારવતીકેરે અંગ. ૧૫
એ દૃષ્ટાંત મળ્યું સહિ, મન જોતાંજી આજ;
દુભણુ તું માને રખે, કહું છું તુજના કાજ. ૧૬
એવું કહી નારદ ગયા, તારે માંજ્યોજી ભેદ;
સત્ય જોવા મહાદેવનું, ભલો કીધોજી ભેદ. ૧૭
ભીલડીનો વેશ લેઈ કરી, હું તો જાઉંજી વન;
ધીરજ જોવા જુગદીશની, વીમાસુંજી મન. ૧૮
એવું કહીને સુંદરી, માંજ્યો છે શણગાર;
પ્રિત્ય વસા વનફૂલ પહેરી, ગુંજ્યા મણિના હાર. ૧૯
બાંહે બાજુબંધ ભેરખા, શોભિત કંકણ ગાજે;
અણવટ પાયે વીછુડા, ભલા છંદે વાજે. ૨૦
શિર ઓળિ સિંદૂરે ભરું, ભર્યું કાજલ આંખ;
કાય અરિસા કર ધરી, સુની હાલેજી મુખ. ૨૧
સોવણ ઝાલ પીતલ તણી, કર મુદ્રિકા ધાલી;
તેજ આણી ત્રણ લોકનું, ચતુરા વનમાં ચાલી. ૨૨

પાયે નેપુર અતિ શોભતાં, ઘૂઘરડી બહુ ધમકે;
શંકર પાસે આવતાં, ચાલતી અતિ ઠમકે. ૨૩
નયણા તણા ચાળા માંહે, જોતી ત્યાં જુગતંગે;
ઇંદ્રપુરીની સુંદરી, મોહિ સ્વર્ગે થંભે. ૨૪
શૂરપતિ બ્રહ્મા સાંભળે, ભાળે તેત્રીસ ક્રોડ;
ધન્ય ધન્ય અંત્રીક્ષથી, વાત કરે કર જોડ. ૨૫
નાટારંભ માંડ્યો રંગશું, ઉમિઆજી આણંદે;
સ્વર્ગ મૃત્યુ પાતાળમાં, સૌ મોહ્યાં અતિ છંદે. ૨૬
મણિધર મોહ્યો મહિ સ્થળે. રહ્યો મસ્તક ડોલે;
શૂન્યરે શબ્દ પંખી થયાં, મુખથી નવ બોલે. ૨૭
શંભુ પાસે આવીને, વળી પાછી ફરતી;
તાન માન રંગા રંગશું, ત્રિપુરારિનું મન હરતી. ૨૮
મોહિની રૂપે કામિની, દીઠી જોણી વાર;
મુર્છાગત શંભુ હવા, સ્થંભ્યો શ્વાસ તે ઠાર. ૨૯
આસવાસ કરી પ્રેમદા, આળખ્યો રાગ મલ્હાર;
કોમળ કર જાણ્યો કામિની, જાગ્યા શ્રીત્રિપુરાર. ૩૦
પાંચે બાણ ભેદ્યાં તદા, મોહ્યા કામ્યની સારી;
શિવની સંધાથે છળ કરી, રામા આણી વ્રધ નારી. ૩૧

શિવ–તારે શંભુ કહે સુણ સુંદરી, તું આવિ કવણ કાજ;
સફળ કરો મુને પ્રેમદા, ભજે મુજને આજ. ૩૨
દેવી કે દેવાંગના, ઇંદ્ર કે ઇંદ્રાણી;
રમા કે ઉર્વશિ, કહો છો સાચી વાણી. ૩૩
કોણ સ્થાનક છે તાહરું, કવણ તજ ભરથાર;
શિવ વાણી વદી રહ્યા, પછે બોલી તે નાર. ૩૪

પાર્વતી–ભીલ ભરથાર છે માહરો, તે તો શંભુ સમાન;
આદ્ય અંત કો જાણે નહિ, તું તો સાચું જાણ. ૩૫
મહા બળિઓ તે તહાં છે, કો નહીં સમ તોલે;
તે તણી છઉં કામિની, વિચારીને બોલે. ૩૬

શિવ–શંકર મુખ બોલ્યા તદા, જોને વાત વિચારી;
મુજ આગળ બળ ભીલનું, શું વખાણે નારી. ૩૭

અણ ગણ્યાં મસ્તક હણ્યાં, જિત્યો મેં ત્રિપુરાર;
અનેક દૈત બીજા હણ્યા, તે તો કર્યા સંહાર. ૩૮
હું તો બાળીને પ્રલ્યે કરું, કહે તો સહસ્ર વિડારું;
પિનાક તણે ત્રાશે પડે, કહે તો ત્રિશૂલે મારું. ૩૯
ભીલ મલ ભમતા ફરે, કરે વંન ફલાહાર;
રાન્ય જોગ્ય તું કામિની, છાજે મૂજ દ્વાર. ૪૦
નહિં સ્વર્ગપુરિ બ્રહ્માસને, વૈકુંઠે એક કમળા;
ત્રેલોક્ય નથી સુંદરી, તેવી છું તું અબળા. ૪૧
રવી શશી જે તપે તેજથી, દીસે ઝાક ઝમાળ;
ભીલ તણી સુણી સુંદરી, ઉઠી મુજને જ્વાળ. ૪૨

પાર્વતી–અરે વેગળો રહેજે જોગટા, અડકિશ મા મુજને;
પતિવ્રત મુજનું ભાંગશે, સાચું કહું છું તુજને. ૪૩
તું ધરડો થૈ લાજે નહિ, મુખ બોલતો એમ;
હું છું કૂલવંતી સુંદરી, તો શું બોલુંજી કેમ. ૪૪
તું તો વૃદ્ધ થૈ તપ આચરે, આવીને આ વંન;
પણ સ્ત્રીને દેખી તન તારું, સ્થિર નવ રહે મન. ૪૫
તું વ્યભિચારીશું બોલતાં, મુજને આવે લાજ;
તું તો ફરે વનમાં રહ્યો, મારે ઘેર છે કાજ. ૪૬
એવું કહીને માનિની, કરે નેત્ર ચાળા અનેક;
તે દેખીને શિવ તણું, મન સાલે છે વિશેક. ૪૭
તુછકાર કરીને નીસરી, ભીલડી તે તણી વાર;
અંગ અતિશે મોડતી, ચાલી તે નિરધાર. ૪૮
પાછળથી જઈ શંભૂએ, કર સાહી રાખી નારી;

શિવ–ઉભી રહેરે કામ્યની, ક્યાં જાય છે આ વારી. ૪૯
હું ઈશ તું ઈશ્વરી, મળી સરખી જોડ;
ધન આણી કૂબેરનું, પોંચાડું તુજના કોડ. ૫૦
તે માટે સુણ સુંદરી, આપણ જૈયે કૈલાસ;
સેવા કરશે તાહરી, મારે છે બે દાસ. ૫૧
ભીલનું સુખ શું ભોગવે, જોને મન વિચારી;
સેવક થૈ સેવા કરું, હું આગનાકારી. ૫૨

સિદ્ધિ સંપત્તિ છે અતિ ઘણી, તે તો તારી જાણ;
હું વશ વરતીશ તાહરે, માન મન નિરવાણ. ૫૩
એક મુક્તામણિ હાર છે, તે તુજને આપું;
ઊમિયાથી અદકી કરું, વેગે લૈને થાપું. ૫૪
પલંગ સુખ છે અતિનવા, ત્યાં બેસી રહેજો;
કામ કાજ જે ઉપજે, આવી મુજને કહેજો. ૫૫
અહો દિવસ ક્રીડા કરો, મન ગમે તે રંગે;
તેથી સુખ પામીશ ત્યાં, ભીલડાં કેરે સંગે. ૫૬
આ વનમાં વ્યાઘ્રસંગ છે, વાસ રુડો નહિ વાસી;
મેરુ તણે મસ્તકે રહીએ, જવું સ્થાનક કાશી. ૫૭

પાર્વતી–ત્યારે ભીલડી વાણી ઓચરી, સાંભળ વ્યભિચારી;
ત્યાં આવીને શું કરું, તાહરે છે બે નારી. ૫૮
લાભ શો ઘેર સોક બે, વળી આવી કરણી;
શ્વેત થયો નખશીખ લગી, હજુ દિસે છે તરુણી. ૫૯
ગિરિરે સુતા ગિરિજા સતી, તે તો ધરી અરધાંગ;
વૃંદા વલ્લભ કૃષ્ણને, તેમ તૂજને ગંગ. ૬૦

શિવ–તું કહે તો તેને તજું, ક્ષણએ ન વિલંબ લાવું;
દેવ સહુ દેખતા, અધરા સમ ખાઉં. ૬૧

પાર્વતી–હું કેમ કહું જે તેને તજે, જિહ્વા શતખંડ થાય;
અબળાને ઉવેખતાં, ભૂમિ રસાતલ જાય. ૬૨
પરણીને જે પરહરે, તેનું મોટું પાપ;
નીરગમ નરકે પડે, વિચારોને આપ. ૬૩

શિવ–શંકર કહે રે કામિની, સાંભળ ને કહું મર્મ;
આ જુગમાંહે એવા ઘણા, ક્યાં ગયાં છે કર્મ. ૬૪
આગે રામે જાનકી, મેલ્યાં વન વિસારી;
શ્રાપીને શલ્યા કરી, ગૌતમને ઘેર નારી. ૬૫
નૈષદ કેરા ભૂપતિ, તજી દમયંતી વંન;
પાપે ન હોય તેહને, જે જે વિમાસી મંન. ૬૬
શિવે તો નારી તજી, હિત માત ને તાત;
તુજ કેરે કારણે, બેને તજું હું સાક્ષાત. ૬૭

પાર્વતી–ઉમયા ગંગને પરહરિ, રહેશો અમ પાસ;
માન અપમાન પામશો, તો થાશે ઉપહાસ. ૬૮
શિવ–કામ બાળી પ્રલ્લે કરું,જુવો વિચારી નારી;
શંકર ભોળા પાથરે, નારી કરે નકારી. ૬૯
પછે પ્રગટ પાર્વતી થયાં, જાગ્યા છે ત્રિપુરારી;
વસ્ત્ર લઈ આડું ધર્યું, રહ્યાં તે ઘુંઘટ વાળી. ૭૦
ઉમયા હસ્યાં મહાદેવશું, દેઈ કરમાં તાળી;
શિવ સનમુખ જોઈ રહ્યાં, નયણાં નીચાં ઢાળી. ૭૧
તપ જાણ્યું ત્રિભુવન ધણી, ચાલોને ઘેર જૈયે;
કામ રૂપ જે કામ્યની, કહે તે બોલ સહિએ. ૭૨
સુર સાહેર પારાશર ઋષિ, શશિ સરખો જાણ;
એ વિષયી એવા ઘણા, માર્યા છે મોહ બાણ. ૭૩
દિન વચન ઉમિયાજી કહે, હું તો માગુંજી માન;
ગૃહરથ તણાં સુખ ભોગવો, શું જાવુંજી રાન. ૭૪
તે માટે ઉઠો જૈયે, ચાલો શ્રીકૈલાસ;
ખાન પાન નાનાં ભોગવો, કરો લીલા વિલાસ. ૭૫
શંકર એવું સાંભળી, ઉઠીઆ તતખેવ;
પુષ્પવૃષ્ટિ સુરપતિ કરે, અંત્રિક્ષથા દેવ. ૭૬
ગિરિ કૈલાસે આવિયાં, ઉમિયાજી ને ઈશ;
ગિરિજા કહે છે સ્વામી મહારા, રખે ધરતા રીશ. ૭૭
શિવ ને શક્તિ એક છે, જુવો મન વિચાર;
એવું સાંભળી શિવ હસ્યા, વરત્યો જેજેકાર. ૭૮
હર સવાદ પૂરો થયો, જે શીખે ને ગાય;
સુખ પામે સંસારમાં, અંતે વૈકુંઠ જાય. ૭૯
એક મને સાંભળે, તેની પહોંચે આશ;
ભાલણને પ્રભુ રાખજો, નિત્યે ચરણની પાસ. ૮૦

ગોપી ગોવિન્દનો સંવાદ

પદ ૧ લું

એણી વાટે ન જઇએ બાઈ, નંદકુંવર રહે છે–ટેક.
બંસીબટની વાટમાં એણે, માંડી છે ખંધાઈ;
કંસરાયને મન ન આણે, બળીયા છે બે ભાઈ. એણી વાટે ૧
ગોવરધન ગિરિધારી માટે, વાધી તેની વડાઈ;
રાધા સરખી રૂપે રૂડી છે, બ્રીજની ચતૂરાઈ. એણી વાટે. ૨
ચાલોની આપણ સધળાં જઇએ, જમનાજીને ઘાટ.
ભાલણ પ્રભુ રુધનાથજીનો, જોઇએ જઇને ઠાઠ. એણી વાટે. ૩

પદ ૨ જું

દુધ પીયો જાવા દો અમને, શાને રોકો છો વન;
એકલડી વન કેમ રહું, ધ્રુજે મારું તન–દુધ પીયો–ટેક.
કુમળી આંગળી મરડાશે, મુકાની મારો હાથ;
હું આવી આગળ થકી, પુંઠે આવે સૈયર સાથ. દુધ૦ ૧
દિવસે પરણ્યા પીયુ સાથે, ઉભાં રહ્યું નવ જાય;
નંદજીના સમ અળગો રહે તે, પરશું કેમ બોલાય. દુધ૦ ૨
પિયુ મારો ચતુર નથી તે, શું જાણે ભોગની રીત;
તેણે હું પ્રીછું નહીં જે, પુરુષ કેવી પ્રીત. દુધ૦ ૩
જે રસ જેણે ચાખ્યો નહીં રે, તે શું જાણે તેહ;
નેન નચાવો છો ઘણાં, હું પ્રીછું નહીં કંઈ તેહ. દુધ૦ ૪
તમ સરખી હોય તેને વાહો, મુકાની મારો હાથ;
બાળપણે એવું કરો જે, આગળ વાધે લાજ. દુધ૦ ૫
કાલ પિતા પરણાવશેરે, ઉત્તમ સુંદર નાર;
પરથી ઘર વસે નહીં એ, વેદતણો વહેવાર. દુધ૦ ૬
સુખ ટળે શરીરનું જે, કોઇશું લાગે મંન;
ચિંતવ્યું તો નવ પામીએ, અતિ દોહિલા દુરીજંન. દુધ૦ ૭
ચતુર હશે તે જાણશેરે, ચતુરાઇની પેર;
મેં મન તમારું ઓળખ્યું, અવસરે આવજો ઘેર. દુધ૦ ૮
મારગમાં ન બોલાવીએરે, આવતા દેખે લોક;
ભાલણ પ્રભુ રુધનાથજી, જુઠાં આળ ચહડાવા ફોક. દુધ૦ ૯

પદ ૩ જું

જાઓ નંદના ગોવાળીયા, તું શેનું માગે દાણ;
જો તું આવે ઢુકડો તો, કંસરાયની આણ. જાઓ.-ટેક
ઘેર જઈ પુછ માતનેરે, છાશ વેચંતી કાલ;
દાણી થઈ વનમાં રહ્યો, કોની શીખ્યો તું ચાલ. જાઓ. ૧
પાંપણ ઉપેર પાઘડી ને, અણીવાળાં લોચંન;
કરમાં કાળી કાંબલી કાં, વદે મીઠાં વચંન. જાઓ. ૨
અંગ મા મોડીશ આવડું તું, રાખજે તારો ભાર;
ચંચળ ચાળા શા કરાં, હું તે વાળી નહીં નાર. જાઓ. ૩
મેં તુંને નિર્મળ સાંભળ્યોરે, વસંત વંદાવન;
ભરમે ભોળી ના જાણતો, અતિ કઠણ છે મારું મન. જાઓ. ૪
પાધરે મારગે ચાલીએરે, ગોવાળિયાની સાથ;
છેલપણું નવ કીજીએ, ભાલણ પ્રભુ રુધનાથ. જાઓ. ૫

પદ ૪ થું

ઉભી રહેરે આહીરડી, તું બોલતી વાંકા બોલ;
તારી આંખડીને મેં ઓળખીરે, અવર નહી કોની તોલ. ઉભી રહે. ૧
મારગે છોડી અબોડલોરે, હીંડતી મોડા મોડ;
સામું જોઇને ચાલીએ પંથ, આવડો શાનો શોર. ઉભી રહે. ૨
સતી ન સામું ભાળીએરે, નીચું જોઇને ચાલ;
પરપુરુષથી વેગળી રહે તેની, આંખલડીમાં નહિ માલ. ઉભી રહે. ૩
દાણ લાગે આ ઠામનું, અહીં નથી કંસનો લાગ;
વણ પ્રીછે આવે નહીં, આવે તો મારો ભાગ. ઉભી રહે. ૪
આવતાં આવી કામિની, હું જે માગું તે આપ;
ભાલણ પ્રભુ રુધનાથજીને, અંતર આણી થાપ. ઉભી રહે. ૫

પદ ૫ મું

ઓરા આવરે આહીરડા, મેં જાત તારી જાણી-ટેક.
જુલમ કરાં છાં જોરાવરરે, કંસરાયને કહીશું;
નીત ઉઠીને દુખડાં છાં તારું, ગોકુળ મુકીને જઇશું. ઓરા આવરે. ૧
અમે દાણી નંદરાયનારે, મન માને તે લઇશું;
કહેજે તારા કંસરાયને, અમે ઉત્તર દઇશું. ઓરા આવરે. ૨

તું સરખા મારે ઘેર ઘણારે, ગાયને પાએ પાણી;
તારું બોલ્યું સાંખું હું નો, નંદનો કુંવર જાણી. ઓરા આવરે. ૩
ચાલની સિધે મારગ ગોપી, ગોવળીયાની સાથ;
લટપટપણું નવ કિજીયે, ભાલણપ્રભુ રુધનાથ. ઓરા આવરે. ૪

પદ ૬ ઠું

ભીખુભાંનકેરી બેટી, રાધા છે મારું મન;
દધીતણો જો ખપ કરો તો, આવજો ગોકુળ ગામ. ભીખુ. ૧
લંપટ સંપટ નાથજીરે, કપટિયાળા કહાન;
દધીતણું જો દાણ લેશો, તો કસને થાશે જાણ. ભીખુ. ૨
વ્રદાવનની વાટમાં તમે, શાને રોકો ઘાટ;
તારી માતા તો આવડું મોટું, લેતી મહીનું માટ. ભીખુ. ૩
રાધા તો દાણ ન આપેરે, તમારું શું જોર;
પિતા મારો જો જાણશે તો, કરશે પાધરા દોર. ભીખુ. ૪
સિધલે મારગ ચાલીએરે, ગોવાળીયાની સાથ;
છેલપણું નવ કીજીયે, ભાલણ પ્રભુ રુધનાથ. ભીખુ. ૫

પદ ૭ મું

છબીલા નંદનારે, તારી ચાલનો ચટકો જો;
છોરા આહીરનારે, તારા મુખનો મટકો જો. છબીલા. ૧
ચાલનો ચટકો મુખનો મટકો, મોહિની નાંખે એમ;
કાળી તારી કાંબલીમાં, કામણ દીસે છે કેમ. છબીલા. ૨
ચટકો તારી ચાલનો, પાવડીએ કંગર કોર;
છુમક છુમક ઘુઘર વાજે, નેનમાં નાચે મોર. છબીલા. ૩
તાણીને બાંધે પાઘડીરે, ઢળકતો મુકે તોર;
શેરીએ લડથડતો હીંડે, મોરલી ઘનઘોર. છબીલા. ૪
મુખ દેખડાવીને ઘેલાં કીધાં, જાણે હવેરાં ઢોર;
ભાલણ પ્રભુ રુધનાથજી મારા, પ્રીતલડાના ચોર. છબીલા. ૫

વલ્લભ ભટ

એ કવિએ ગુજરાતી કવિતામાં પહેલા ગરબા ગરબી દાખલ કીધાં છે.

શણગારનો ગરબો

પ્રથમ પાર્વતીના પુત્રને, પાયે નમું રે લોલ.
દીન જાણિ વાણિ દીજીએ, કહું સમું રે લોલ. ૧
સરસ્વતી તણાં ચરણ, પ્રતાપથી રે લોલ;
નવે નીધ રીધ સીધ, આપો આપથી રે લોલ. ૨
કરું ગાન ધરું ધ્યાન, બહુચરાતણું રે લોલ;
કરો સાર વાર વાર શું, કહું ઘણું રે લોલ. ૩
આજ બહુચરાજિ માત, ગરબે રમે રે લોલ;
સૂર નર મુનિવરે, સર્વને ગમે રે લોલ. ૪
માજી રૂપ રાધિકાથકી, ઘણું બણી રે લોલ;
કોટિ કામ શશિ સૂર્યની, છબી હણી રે લોલ. ૫
રાત રોહિણી રન્નાદે, આદિ સુંદરી રે લોલ;
પલક પલવટે ઉમા રમા, પુરંદરી રે લોલ. ૬
વેણુ વાસુકી સરીખી, શિશ રાજની રે લોલ;
ક્ષુદ્ર ઘંટ ગોકણા ને, મધ્ય ગાજતી રે લોલ. ૭
ભરી માંગ મૂગતા તે, મહા મૂલ્યની રે લોલ;
રાજે રાખડી રુડી તે, રત્ન તુલ્યની રે લોલ. ૮
કુલી ઘેટલી સેંથો ભર્યો, સમો પડ્યો રે લોલ;
ચાક ચમરીશું ચોટલો, કટી અડ્યો રે લોલ. ૯
સ્વરણ સિંદૂર આકાર, સર્વ સીપના રે લોલ;
સોળ શોભિતા શણગાર, સર્વ નીપના રે લોલ. ૧૦
કાને વળિયો જડાવ, ઝાલ ઝુમખારે લોલ;
નતિ મોતિયે પરોવ્યાં, લુંબે લુંબખા રે લોલ. ૧૧
સોના સાંકળી સરી, શિક્ષા-જડામણીરે લોલ;
કાર તોરણ મોતિની, દિસે દામણીરે લોલ. ૧૨

તેજ શું કહું તાટંકતણે, લોલકેરે લોલ;
કળાપુલ જ્યાં નંગ, તે અમૂલકેરે લોલ. ૧૩
અર્ધચંદ્રમાં કપોળ, શું કહું કથીરે લોલ;
ચૌદ ભુવનમાંહી બહુચરા, સમું નથીરે લોલ. ૧૪
ભાલ લાલ આડ કુમકુમની, રાતડીરે લોલ;
તપે ટીલડી કહી ન જાયે, વાતડીરે લોલ. ૧૫
ત્રિપૂટી મધ્યે સિંદૂરની, બીંદી કરીરે લોલ;
ચોજ્યા ચોખલા કપોળ, લોલશું ભરીરે લોલ. ૧૬
ભ્રુકુટી કમાન કાન, કેરશું અડીરે લોલ;
કીર નાસિકા વિદેહિ, કરે તે ઘડીરે લોલ. ૧૭
આંખ ઉપમાને નાવે, કેાપ પલવટેરે લોલ;
વરણ વરણવું જે અન્ય, ઉપમા ઘટેરે લોલ. ૧૮
પદ્મ દીપક તારાના, તેજ ત્યાં ગળ્યારે લોલ;
મીન ખંજન મૃગ માન, મૂકિને પળ્યાંરે લોલ. ૧૯
લક્ષ લક્ષ કાંતિ તિલકની, લીલા જુવેરે લોલ;
ગોરા ગાલમાં ત્રિલોક મોહ્યાં, તાજુવેરે લોલ. ૨૦
મોહરૂપ ધર્યું બહુચરાજિ, બાળિયેરે લોલ;
ગ્રહ ચાર રહ્યા વેરસની, વાળિયેરે લોલ. ૨૧
ગુરુ હેમ લાલ ભોમ, ભૃગુ મુક્તમાંરે લોલ;
શની કીકિયે જોતાં, જણાય જુક્તમાંરે લોલ. ૨૨
અધર બિંબ કે પ્રવાળ, લાલમાં મળીરે લોલ;
દંતપંક્તિ જુક્તિ દાડમ, કેરી કળીરે લોલ. ૨૩
ચળકે ચૂનિયેા જડાવ, ભાવ રેખમાંરે લોલ;
વદન નિરખતાં ન આવે, મીન મેખમાંરે લોલ. ૨૪
હાવ ભાવશું કટાક્ષ, નેન સેનનુંરે લોલ;
ત્રિણુક ચારુ વીચ ઈંદુ, બિંદુ મેનનુંરે લોલ. ૨૫
કંઠ કોકિલા કપોત, જોત પોતનીરે લોલ;
ભાનુ જુક્તિને પ્રમાણ, તે ઉદ્યોતનીરે લોલ. ૨૬
કોટે ચીનમાળા ચપકળી, ચમકતીરે લોલ;
ઘણી ઘૂઘરી અરીસે, દિસે ઘમકતીરે લોલ. ૨૭

ગળે ધરેણાં થાં ઘણુયાં, ઘચુંબલેરે લોલ;
કનક સાંકળી તુશી દોરે, ને ઝૂમણેરે લોલ. ૨૮
હિરા સાંકળી પોશીની, સેર ચારનીરે લોલ;
મુક્તામાળા તે એકાવળના, હારનીરે લોલ. ૨૯
બે હમેલમાં હિરાના, ઝબકારડારે લોલ;
પારિજાતક મંદારકેરા, હારડારે લોલ. ૩૦
બાહુદંડ જુગમ સુંદ, સરખા સહીરે લોલ;
હાથ હાથની હાથેળિયે, મથ્યાં મહીરે લોલ. ૩૧
અતિ અદ્‌ભુત અંગૂઠા, સંગ આંગળીરે લોલ;
અનૂમાનમાં આવે તે, મગની ફળીરે લોલ. ૩૨
વીશ નખ રાત દીવસે, તારા તપેરે લોલ;
અન્ય ઉપમાનો અર્થ, વ્યર્થમાં ખપેરે લોલ. ૩૩
બાંહે બાજુબંધ બેરખા ને, કૂમતાંરે લોલ;
બાંધ્યા બાદલા બન્યા રહ્યા, ઝૂમતાંરે લોલ. ૩૪
પાણ ચૂડલો પ્રમાણ, ચતુર રંગનોરે લોલ;
અતિ અરુણ તરુણ દંત, તે મતંગનોરે લોલ. ૩૫
બાહૂ કેારમાં જડાવ, લાલ લંકણીરે લોલ;
મધ્ય માણેક હિરાની, હાથ કંકણીરે લોલ. ૩૬
હાથે પોચિયો જવાળી, ભાળિ કંગણીરે લોલ;
છલા છાપ આરશી, અતિ સુચગનીરે લોલ. ૩૭
ઉર આપતું રસાળ, તે વિશાળનુંરે લોલ;
કમળ કેાશકુચ અગ્રમાં, મરાળશુંરે લોલ. ૩૮
કંચુકી કનક તાર, હારશું બનીરે લોલ;
ચુવા ચંદન ચરચીત, શોભે શોભતીરે લોલ. ૩૯
લેંઘો લાલનો પેર્યો તે, રંગ જૂજવેરે લોલ;
કસબ કેાર જોર સાળુ, કશુંએ ચુવેરે લોલ. ૪૦
પેટ પોયણી પ્રમાણ, ક્ષીણ લહેકણીરે લોલ;
સજી મેખળા રસાળ, કશી કિંકણીરે લોલ. ૪૧
ઉદર ઉપર તે ત્રીવળી, વળી રહીરે લોલ;
ગિરિશ્વેત દેહ મધ્ય, ત્રિવેણી વહીરે લોલ. ૪૨

નાભિ કેામળ કૂવો, કર્યો સુમારનોરે લેાલ;
ભર્યો વારિ તે અખૂટ, ઇંદુસારનોરે લેાલ, ૪૩
કંઠ હેઠ ઠેડ વાસેા તે, એકત્ર છેરે લેાલ;
અધેા મૂખનું અખંડ, કેળ પત્ર છેરે લેાલ. ૪૪
કટી કેસરી હરિ, નિતંબ દળીરે લેાલ;
જંઘા જુગમ તે અધેા મુખે, છે કદળીરે લેાલ. ૪૫
ચારુ ચરણામાં ચિત્ર લખ્યાં, ચેાદશાંરે લેાલ;
પગ આંગળાં વળ્યાં, ચંપા કળી જશારે લેાલ. ૪૬
ભરી જાવક કટેારિ હેમ, નાનિયેારે લેાલ;
ઇંદુ બિમ્બને આકારે, એડિ પાનિયેારે લેાલ. ૪૭
જેહર લંધર તેાડાલે, ધૂધરી તળેરે લેાલ;
પાગે નેપુર ને વીછુવે, મુનિ ચળેરે લેાલ. ૪૮
નયણે કાજળ સાર્યાં તે, કુમકુમ રેાળશુંરે લેાલ;
મંદ હાસ્ય કરે મુખ ભર્યાં, તંબેાળશુંરે લેાલ. ૪૯
ઠરી ઠાઠ આઠ આઠ, સખી સંગમાંરે લેાલ;
બાળી બહુચરા કલેાલ, કરે રંગમાંરે લેાલ. ૫૦
કરે ગાન તાન પાન–પાત્ર હાથમાંરે લેાલ;
રમે રમક ઝમક ઠમક, સખી સાથમાંરે લેાલ. ૫૧
દંત ધૂઘટ ગ્રહી રહી, રસાળિયેારે લેાલ;
એક એકથી લે હાથેાહાથ, તાળિયેારે લેાલ. ૫૨
કેશ–પાસ કશી વાળિયા, અંબેાડલારે લેાલ;
ફેર ફૂદડી ફરે ને લે, હંબેાડલારે લેાલ. ૫૩
એ અચંડ ઝેલ ઝેલે, બાળિ બહુચરીરે લેાલ;
ત્રણે દેવ લેછે વારણાં, ફરી ફરીરે લેાલ. ૫૪
વિષ્ણુ વાંસળી વગાડે, શબ્દ નાદશુંરે લેાલ;
ડાક વગાડે મહાદેવ, મરજાદશુંરે લેાલ. ૫૫
ધરી પાણિ પેાથિયેા, તે મહા ભૂતમાંરે લેાલ;
બ્રહ્મા વેદ ભણે મૂખ, ચારે ધૂતમરિ લેાલ. ૫૬
પુષ્પ ચંદન વરસાવે, વળી દેવતારે લેાલ;
અઠ્યાશી–સહસ્ત્ર ઋષિ, ચરણ સેવતારે લેાલ. ૫૭

ગિરિશ્વેત તજી સેવક, કાજે ધશીરે લોલ;
કળિ કાળમાં ચુંવાળમાં, આવી વસીરે લોલ. ૫૮
ભૂર શું લહે ભવાનીકેરા, ભેદનેરે લોલ;
આદ્ય અંત એ અગમ્ય, વાદ વેદનેરે લોલ. ૫૯
આ અખંડ ગરબો ગાય, જે કોઈ માનવીરે લોલ;
ચરણ ચરણને ઉચારે, સ્નાન જાહ્નવીરે લોલ. ૬૦
નવે નિદ્ધ રિદ્ધ લીજીએ, ઓવારણાંરે લોલ;
દેવી વાંઝિયાં બંધાવે, દ્વાર પારણાંરે લોલ. ૬૧
મન મોહ્યાં ગોખ ચાચર, સોહામણેરે લોલ;
ભટ વલ્લભ મેવાડે, માને ભામણેરે લોલ. ૬૨

કળિકાળનો ગરબો

પરમેશ્વરીને પાયે પડી હો બહુચરી, કહું કળિજુગનાં કર્મ;
અકલ નથી કાંઈ એવડી હો બહુચરી, શક્તિ રાખજો શર્મ. ૧
જીવનું જીવન તું જડી હો બહુચરી, મૂરખ નવ લે મર્મ;
અવતારીને આ ઘડી હો બહુચરી, આઇજિયે રાખ્યા ધર્મ. ૨
આદિન દુઃખ દેખડાવિયાં હો બહુચરી, જનમી કીધા જોખ;
સમે સરવ સપડાવિયાં હો બહુચરી, ગુણવત કીધા ગોખ. ૩
હવે હૈયું નથિ ચાલતું હો બહુચરી, કઠણ જ આવ્યો કાળ;
તું વિના કોનથિ આલતું હો બહુચરી, પ્રજા થઈ પિંડપાળ. ૪
કળિજુગ આવ્યો કોપતો હો બહુચરી, કરવા શુભ સંહાર;
લાજ મર્યાદા લોભતો હો બહુચરી, ભ્રષ્ટ કર્યાં આચાર; ૫
દુર્મતિ દીધી દેશને હો બહુચરી, સુમતિ કરાવી તાજ.
વિપરીત ધારી વેશને હો બહુચરી, કળી કરે છે રાજ. ૬
પ્રથમ પહાણ વરસાવિયા હો બહુચરી, પછે પૃથ્વી હુબાઈ;
કાળે દુકાળે આવીયા હો બહુચરી, પ્રજા ન પ્રીછે કાંઈ. ૭
કુમારગ સૌ ઉલટે હો બહુચરી, તજી સુમારગ પંથ;
રહે કુકર્મ કુળે ઘટે હો બહુચરી, અરે ન આવે અંત. ૮
મહાજન મોટાં મહેશ્વરી હો બહુચરી, માને બધા માનંત;
ત્રૂઠ્યાં દેખીને તપેશ્વરી હો બહુચરી, જાત ન જાણી અંત. ૯
ગૌબ્રાહ્મણ સેવા તજી હો બહુચરી, જોગી જતિને ધાય;
હાણ હોય નવ લે હજી હો બહુચરી, લક્ષ્મી લહેર જાય. ૧૦

કથા કહે કુપાત્રને હો બહુચરી, ગમે જોષીના જોશ;
જોડું તજી જાય જાતરે હો બહુચરી, દિલમાં ન ગણે દોષ. ૧૧
ઉંચ નીચ એકઠા મળિ હો બહુચરી, બેસે બહુ એકાંત;
માને મનમાની રળિ હો બહુચરી, જાણી ન આણે ભ્રાંત. ૧૨
હિંદુ તરકમાં એહવી હો બહુચરી, સમજ્યા સારોધાર;
જાત ન જાણી જૂજવી હો બહુચરી, વરત્યો એકાકાર. ૧૩
ધર્મ ગયો ધરણી ધશી હો બહુચરી, પુણ્ય ગયું પાતાળ;
પાપ રહ્યું સઘળે વસી હો બહુચરી, નર નારી વૃદ્ધ બાળ. ૧૪
દયા દેવ લોકે ગઈ હો બહુચરી, દિસે નહીં લવલેશ;
કૂડાં કર્મ કરે કઈ હો બહુચરી, અવર ન દે ઉપદેશ. ૧૫
સત્ય રહ્યું સંતાઇને હો બહુચરી, સૂઝે નહીં સ્વલ્પ માત્ર;
ઘટમાં રહ્યું ઘુંટાઇને હો બહુચરી, કળિયે કિધાં કુપાત્ર. ૧૬
શત્રુ સગાં સંસારમાં હો બહુચરી, વધ્યું વાલામાં વેર;
અવલોકો આ વારમાં હો બહુચરી, કળિ કરાવે ફેર. ૧૭
પ્રીતની રીત બધી ઘટી હો બહુચરી, સ્વારથીયો થયો સ્નેહ;
માયા મનમાંથી મટી હો બહુચરી, તુરત દગો દે તેહ. ૧૮
વ્યભિચારી વાધ્યા ઘણા હો બહુચરી, કુળમાં ન ગણે કોય;
માઠામાં ન મુકી મણા હો બહુચરી, હદ હળાહળ હોય. ૧૯
કુળવધુ કઈ કુટલા થઈ હો બહુચરી, ગણે ન ગુરુજન લાજ;
પૈસે પર-પુરુષે ગઈ હો બહુચરી, પ્રગટ પેખતાં આજ. ૨૦
અણઘટતું અવલોકિયે હો બહુચરી, ઘટે તે ઘટતું સર્વ;
કેમ કરે કોઇને ટોકિયે હો બહુચરી, પ્રજા પૂર્વનું પર્વ. ૨૧
વય વિના વનિતા વેષમાં હો બહુચરી, ગર્ભ જ ધરે અનેક;
દશ દિવસ દાખ્યું દેશમાં હો બહુચરી, વાધ્યો વિષય વશેક. ૨૨
લક્ષણ લઘુતાનાં વધ્યાં હો બહુચરી, તુચ્છ તરુફળ થાય;
નદિયે નીર બધે ઘટ્યાં હો બહુચરી, આયુષ્ય અલ્પ ઉપાય. ૨૩
સંવત સત્તર સત્યાશિએ હો બહુચરી, સૃષ્ટિ તજ્યું સત્ય;
અકળાવ્યા અઠાશિયે હો બહુચરી, વિધવિધ પડી વિપત્ય. ૨૪
અકરાકેર અતિ થયું હો બહુચરી, માઠા વુઠ્યા મેહ;
દૈવત દુનિયાનું ગયું હો બહુચરી, દુર્બળ દીસે તેહ. ૨૫

વિત્ત વિના વસુધા કરી હો બહુચરી, રસ કસ ન રહ્યો રેષ;
અમૃતતા અળગી ધરી હો બહુચરી, સ્વાદ ન પામે શેષ. ૨૬
અન્ન અતિ મોઘાં હુવે હો બહુચરી, અધર્મ વાધ્યો અસાધ્ય;
કો કોની કરણી જુવે હો બહુચરી, એક થકી એક અગાધ. ૨૭
ઉદર થકી ઉપજ્યાવિયાં હો બહુચરી, ઉભયતણો જે અંશ;
તે તન પેટ તજાવિયાં હો બહુચરી, વિક્રય કિધો વંશ. ૨૮
નિર્મળ જનમન નિસ્તર્યું હો બહુચરી, એજ અધિક ઉતપાત;
વિશ્વ બાધામાં વિસ્તર્યું હો બહુચરી, વિશ્વાસીશું ઘાત. ૨૯
આપી થાપણ ઓળવે હો બહુચરી, જુઠા બાયે સમ;
ભરમે ભુરને ભોળવે હો બહુચરી, કુડાં કરે સૌ કર્મ. ૩૦
આપી સુકૃત આપનું હો બહુચરી, લક્ષ્મીથી લલચાય;
જે ધન જોડ્યું પાપનું હો બહુચરી, તે ધન તેમ વવરાય. ૩૧
જે હાકેમ રક્ષા કરે હો બહુચરી, ગાય તે હાકેમ હાડ;
અવળું આ જુગ આચરે હો બહુચરી, ખેતર ખાયે વાડ. ૩૩
ચોર ચાડિયા તેવડે હો બહુચરી, નગર થયું નિર્ધન;
ત્રાહિ ત્રાહિ તણિ પડે હો બહુચરી, રાત દિવસ અનુદીન. ૩૩
માણસ જ્યાં ઘણાં મુવાં હો બહુચરી, પરાં શહેર નદી પાર;
કહિ મંદિર ખાલી હુવાં હો બહુચરી, ભૂ પાસે ભયંકાર. ૩૪
દેહ ધારી દુખિયાથકી હો બહુચરી, દયા ન આણે મન;
દિન દિન દુકૃતતા થકી હો બહુચરી, કાષ્ઠ થયાં વન વન. ૩૫
છળ છળભેદ ન છુટિયે હો બહુચરી, પ્રસર્યો બહુ જ પ્રપંચ;
ખૂટ્યામાં નવ ખૂટિયે હો બહુચરી, ખરું ન રાખ્યું રંચ. ૩૬
વાંક વિધાતાનો નથી હો બહુચરી, વાવ્યું તેમ લણાય;
આપ ન જાણ્યું આપથી હો બહુચરી, ભુંડે ભલું કેમ થાય. ૩૭
નવ દીઠું નવ સાંભળ્યું હો બહુચરી, આ દુઃખ દુનિયા માંય;
પાપ પ્રજા જનનું મળ્યું હો બહુચરી, કહો જે કહિયે કયાંય. ૩૮
ભૂતળ-ભુર-દેવે નહી હો બહુચરી, સૂર-પુર કર્યાં પ્રયાણ;
હાજરાહજુર તમે છો અહીં હો બહુચરી, પુરુષ નમ્યા પરમાણ. ૩૯
અપલક્ષણ સંસારમાં હો બહુચરી, લોકે વાળી લીક;
અરજ સુણી આ વારમાં હો બહુચર ભાંગો બીક. ૪૦

ઇંદ્ર આદિ બધા દેવનાં હો બહુચરી, કંઈ કંઈ કાપ્યાં કષ્ટ;
નીર ભોમે ગયાં નેવનાં હો બહુચરી, શક્તિ રાખજો સૃષ્ટ. ૪૧
મહાકાળી મહાકાળમાં હો બહુચરી, સુણી કરો છો સાર;
તે બળ બહુચર બાળમાં હો બહુચરી, ઉગારો આ વાર. ૪૨
હદ વળી હવે શું જુઓ હો બહુચરી, પાપે પૃથ્વી ખવાય;
સર્વનું સોમપણું ખુવો હો બહુચરી, પુણ્યે પાપ પળાય. ૪૩
કોઇક સાધુને સતે હો બહુચરી, શંખલ પુરથી જાગ;
છેક વળે છે તું છતે હો બહુચરી, હોલવ બળતી આગ. ૪૪
ત્રાણ કરો ત્રિપુરેશ્વરી હો બહુચરી, તમો તમ સામું જોઈ;
પ્રીત કરો પરમેશ્વરી હો બહુચરી, ખરી આળસને ખોઈ. ૪૫
સરજ્યાં સર્વે શક્તનાં હો બહુચરી, સુરનર જાયા જેહ;
છોજી જનેતા જગતનાં હો બહુચરી, છોરુને નવ દો છેહ. ૪૬
ઉછેરીને ન ઉશેટિયે હો બહુચરી, કોઈ પ્રજા હોય પેટ;
વિષમ વેળામાં વેઠિયે હો બહુચરી, મા નહિ છૂટો નેટ. ૪૭
પાળ્યાં ત્યાં લગિ પોખિએ હો બહુચરી, પેટ તણી પરજાય;
સમર્થ લગિ સંતોખિયે હો બહુચરી, મેહરમાં ન કરો મણાય. ૪૮
ધણી ગઈ થોડી રહી હો બહુચરી, તેમાં નિત્ય ઘટાય;
ખોળિયે નહિ બાંહે ગ્રહી હો બહુચરી, પાર કરો પ્રભુતાય. ૪૯
નજર કરો નવ્યાશિયે હો બહુચરી, નગર કરો સરદાર;
વિશ્વ અવાસે વાસિયે હો બહુચરી, પરાં શહેર નદિપાર. ૫૦
મ્હો માગ્યા મેહ મોકલો હો બહુચરી, ખટ રસ નાવે ખોટ;
સર્વતણા હરિ શોક લ્યો હો બહુચરી, કરુણા કીજે કોટ. ૫૧
કામદુધા થઈ દુનિયે હો બહુચરી, સુખ પામે સંસાર;
સમ ખાતામાં સૂજિયે હો બહુચરી, નોધારાં આધાર. ૫૨
ભૂતળ ભુરને દીજિયે હો બહુચરી, ભાત ભાત રસ ભોગ;
લાડ લડાવી લીજિયે હો બહુચરી, ભલાં ટળે વીજોગ. ૫૩
આઈ અમિ છાંટો નાંખીએ હો બહુચરી, છોરુ ઢોરુ ને ગ્રામ;
ભગવતિ ભવમાં ભાખિયે હો બહુચરી, સમર્થ્યાં પૂરો કામ. ૫૪
નેઉવેથકી નારાયણી હો બહુચરી, દેશમાં દો નવનિદ્ધ;
દેવી સદા સુખદાયિણી હો બહુચરી, પરમેશ્વરી પ્રસિદ્ધ. ૫૫

ગરબો સુણી કળિકાળનો હો બહુચરી, જથા શક્તિ દે દાન;
પરતો બહુચર બાળનો હો બહુચરી, પામે ધન સંતાન. ૫૬
વરણ અધિકાર વેદમાં હો બહુચરી. ભગવતિ બ્રહ્માણિ એક;
ઉચર્યો અધિક ઉમેદમાં હો બહુચરી, ત્રિપુરા ન તજે ટેક. ૫૭
તમે છો ત્રિભુવનનાં પતિ હો બહુચરી, સૂર સુરેશ સમાન;
વલ્લભ ગુલામની વિનતિ હો બહુચરી, સુણજો સઘળી કાન. ૫૮



રત્નો

આ ભાવસાર ખેડાનો હતો–એની કવિતા રત્ન જેવી ઝબકારો મારી રહી છે

મહિના

સાખી

કારત રસની કુંપળી, નયણામાં ઝળકાય;
અંગ સમારે રાધિકા, મનમથ રહ્યો શોભાય. ૧
કારતકે કંથ મેલી ગયા, સાંભળ સૈયર વાત;
ગોકુળનીરે ગોવાલણી, ધસવા લાગીરે હાથ. ૨
વાયદા ઉપર વધતા ગયા, દિવસ ગણુતાંરે માસ;
અમોરે વિશ્વાસે વળગી રહ્યાં, મોહન મળવાની આશ. ૩
સગાંરે સહોદર છે ઘણાં, નાથવિનારે શી નાર;
બળરે કરી નવ બોલિયે, મસ્તક નહિરે મોરાર. ૪
અમોરે મળતાં શું મળી ગયાં, બાકી રાખ્યું ન કાંય;
કહેવા સરખું રહ્યું નહીં, જાણે જાદવરાય. ૫
પૂર્વનિ પ્રીત સંભારિયે, જાણિ પોતાની દાસ;
રત્નના સ્વામીરે શામળા, પૂરો અબળાની આશ. ૬
ઓધવજીરે સંદેશડો, કહેજ્યો મથુરા મોઝાર;
જેરે દહાડાના ગયા નાથજી, ઝુરે વ્રજની નાર. ઓધવજીરે. ૭

સાખી

માગશર મન મેગળ થયો, ઉપર નહીં ભરથાર;
મધુપુરમાં વાસો વસ્યો, અંકુશને દેનાર. ૧
માગશર મહિનો આવિયો, નાવ્યા નંદકુમાર;
સંભારતાં સાંસો પડે, આંખે આંસુની ધાર. ૨
આશા ઉમેદે અવતર્યાં, અબળાનો અવતાર;
કહેને અમે કેમ કીજિયે, મેલી ગયારે મોરાર. ૩

પ્રથમ તો મધુકર મોકલ્યેા, વ્હાલે કાવ્યેા છે જોગ;
આપણ અબળાને એ ઘટે, જો જો કરમના ભોગ. ૪
ઘરમાં તે હળવી હું પડી, બહાર નવ રે બોલાય;
કૂવા તે કેરી છાંયડી, કુવામાં રે સમાય. ૫
મળતાં મોટમ નવરાખિયે, આવેા શ્રી ભગવાન;
રત્નાના સ્વામી રે શામળા, દોને દરશન દાન. ઓધવજીરે. ૬

સાખી

ચોષે તો પરવશ પડી, સ્નેહ વ્યાપ્યેા અતિ અંગ;
ઔષડ ગુણ લાગ્યેા નહીં, ડશિયેા શ્યામ ભૂજંગ. ૧
ચોષે તે પહેલા પૂરમાં, જોબન બાળેરે વેષ;
પૂરણ પાપ તેનાં મળ્યાં, જેના પિયુ પરદેશ. ૨
આછી પટોળીરે ઓઢવા, શિયાળાનીરે ટાઢ;
પાંચ પહોરની રાતડી, વ્હાલે કીધી છે રાઢ. ૩
સાંજ સંજોગે સૌ મળ્યાં, જુવે વાલાની વાટ;
વિસાર્યાં કેમ વિસરે, ઉભા જમુનાને ઘાટ. ૪
ધણુરે ગાઢું કરી રાખિયે, હૈડું નવ રહે હાથ;
પ્રીત કરી કેમ પરહર્યાં, નાવ્યા નગણારે નાથ. ૫
બળતી બોલું છું હું હવે, રખે રાખતા રીશ;
રત્નાના સ્વામીરે શામળા, પાયે નામું છું શીશ. ઓધવજીરે. ૬

સાખી

મહા મહીને મન માહરું, આકુળ વ્યાકુળ થાય;
રુવે વિજોગણ રાધિકા, એક ન સૂઝે ઉપાય. ૧
હજિ હરિ શે નવ આવિયા, આવ્યેા મકર માસ;
ભાગ્ય વિના કેમ પામિયે, વ્હાલાજીનેા વિલાસ. ૨
કુબજા સરખી કામિની, આવિ હરિનેરે હાથ;
આપ કાળા ને એ કૂબડી, ભલી ભજિ છેરે ભાત. ૩
સરખા સરખી સાહેલડી, જમુના નહાવારે જાય;
પૂજને માગે રે પ્રેમદા, મળજો જાદવરાય. ૪
એક દુઃખે અમો દાઝિયે, બીજું કુબજાનું શૂળ;
નિર્ગુણ જોગ વળી લખે, દાઝ્યા ઉપર લૂણ. ૫
દયારે દામોદર દિલ ધરી, ભટો શ્રી ભગવાન;
રત્નાના સ્વામીરે શામળા, કયારે મળશોરે કહાન. ઓધવજીરે. ૬

સાખી

ફાગણ આવ્યો હે સખી, ફૂલ્યાં રસાળ;
હૃદે ન ફુલી રાધિકા, ભમર કનૈયેાલાલ. ૧

સઘળો શિયાળો વહિ ગયેા, આવ્યેા ફાગણ માસ;
અંતરમાં અતિ ઉપજે, હેાળી રમવાની આશ. ૨

વસંત વધાવવાને હું જતી, કુમકુમ ભરીને કચેાળ;
કેસરી સાળુરે પહેરવા, મુખ ભરીને તંબેાળ. ૩

અબિલ ગુલાલ ઉડે ઘણાં, વાગે તાલ મૃદંગ;
કેાકિલ શબ્દ સેાહામણા, કંપે અબળાનું અંગ. ૪

તરુવર આંબેા મ્હેારિયેા, ફુલ્યાં કેસુડાં વન;
અમેા અબળાને એ ઘટયું, મરવું મુંઝાઈ મન. ૫

વેરી વિધાતાએ લખ્યેા, વ્હાલાતણેા રે વિજોગ;
રત્નાના સ્વામીરે શામળા, આવી કરેારે સંજોગ.ઓધવજીરે. ૬

સાખી

ચૈત્રે ચતુરા સંચરી, ઉભી જમુનાને તીર;
પંથ ન્યાળતી પ્રેમદા, રડતાં ભીંજે ચીર. ૧

ચૈતર માસનેા ચાંદલેા, રુડી નિર્મળ રાત;
સ્વપનામાં સ્વામી રમી ગયા, હૃદે થઈ રળિયાત. ૨

જાગીને જોતાં દીસે નહીં, ફાળ પડી છે પેટ;
બેાલાવ્યા બેાલે નહીં, નાશી પેઠા રે નેટ. ૩

કેામળ કર ધરિ દીવડેા, ચતુરા ન્યાળે ચેાપાસ;
બેાળતાં ખુટીરે રાતડી, ન મળ્યા શ્રી અવિનાશ. ૪

પાછલી રાત પરેાઢિયું, ઉઠી પ્રાતઃકાળ;
જોશીડા જોશ સંભાળજે, આ શું આળપંપાળ. ૫

સૂખ સ્વપ્નાનું સાંભરે, ભીતર ભડકારે થાય;
રત્નાના સ્વામીરે શામળા, આવી મળે તેા બેાલાય. બેાધવજીરે. ૬

સાખી

વૈશાખ આવ્યેારે સખી, વહી ગયા બ્બટમાસ;
હજી સંદેશેા નાવિયેા, કાગળની શી આશ. ૧

વૈશાખે વાયારે વાયલેા, પાકયાં દાડમ દ્રાખ;
પાકી તે રાયણ આંબલી, ગળી આંબાની સાખ. ૨

લુકનાં લહેરાં લાગે ઘણાં, બહાર નવ નીસરાય;
ધરતી ધખે ને રવિ તપે, કોમળ મુખ કરમાય. ૩
પુલડાંની સેજ સમારિયે, બહેકે ચંપો ને જાય;
વ્હાલાજિ કેરે વીંઝણે, કેને ઢોળુંરે વાય. ૪
માંગ સમારું રે મોતીએ, સેંથે ભરુંરે સિંદુર;
નાથજિ વ્હાવો લીજિયે, જોબન જાય ભરપૂર. ૫
ગ્રીષ્મ ઋતુ અતિ દોહ્યલી, વ્હાલા વિચારો મન;
રત્નાના સ્વામીરે શામળા, સોંપ્યું તન મન ધન.ઓધવજીરે. ૬

સાખી

જેઠ જોડી સોગઠી, પાસા લીધા હાથ;
જાણ્યું પડશે પાધરા, અવળા પડિયા નાથ. ૧
જેઠ લગી જોઈ વાટડી, કોઈ આવે ને જાય;
કાગળ કટકો મળ્યો નહીં, લખવા જાદવરાય. ૨
મરવું તે મુખથી કેમ કહું, મરણ હરિને હાથ;
પ્રીતમ ગત મૃત્યુ થઈ રહી, જાણે વૈકુંઠનાથ. ૩
સગપણ સાચું સૌ કહે, પ્રીત પીતળ ફોક;
એરે ઉખાણો સાચો મળ્યો, ભલા હસાવ્યા લોક. ૪
દોષ અમારાં અદૃષ્ટનો, વાલાજીનો શો વાંક;
સુખ દુઃખ સરજ્યું દેહને, મારી વિધાતાએ ટાંક. ૫
ચતુર થઈ નવ ચૂકિયે, જાણો અબળાનો ધર્મ;
રત્નાના સ્વામીરે શામળા, વળતી બેસશે કર્મ.ઓધવજીરે. ૬

સાખી

અશાડ આવ્યો હે સખી, કેમ કરિ કાઢું દન;
નાથ નમેરા થઈ રહ્યા, હૃદે પડિયારે રતન. ૧
અસાડોરે ઘન ઉલટ્યો, માગ્યા વરસેરે મેહ;
વીજલરી ચમકાર કરે, વ્હાલે દીધોરે છેહ. ૨
મોરના સોર સોહામણા, દાદુર બોલેરે જોર;
કોયલડી ટોકા કરે, નાવ્યા નંદકિશોર. ૩
રાત અંધારિ ઊડે આગિયા, દેખી ઝબકેરે મન;
દીવડો દીસે બિહામણો, નાવ્યા જગના જીવન. ૪
લીલા ચરણા અવનિએ ધર્યા, તરુવર ગેરગંભીર;
પંખીડે માળારે ઘાલિયા, જ્યાં ત્યાં ભરિયારે નીર. ૫

જોગીડા પણ પંથ પરહરી, બેઠા એક આસન;
રત્નાના સ્વામીરે શામળા, આવો જગના જીવન. ઓધવજીરે. ૬

સાખી

શ્રાવણ માસે સજ થઈ, દરપણ ન્યાળે ચંગ;
તતક્ષણ તે ધરણી ઢળી, જાણે ડસ્યો ભુજંગ. ૧
શ્રાવણ માસ સોહામણો, હિણ્ડોળાના રે દંન;
હિંચે તે ગોરી રાધિકા, ધણું પીડે અનંગ. ૨
સખિરે સાહેલી સૌ મળી, જમુના નાવારે જાય;
કેસરી તિલક સોહામણાં, કોમળ રંગારે પાય. ૩
ગૌરી પૂજે સાહેલડી, કરમાં પુષ્પની માળ;
બીજા રે કરમાં કુંકાવટી, મુખે શ્રીગોપાળ. ૪
ચાર પહોર જાગરણ કરે, ગોરી ગરબા રે ગાય;
રાત થોડી ને રમત ઘણી, રખે વહાણુરે વાય. ૫
શ્રાવણે પાકયો આંબલો, કોને કરિયે ભેટ;
રત્નાના સ્વામીરે શામળા, આડો જમુનાનો બેટ. ઓધવજીરે. ૬

સાખી

ભાદરવે ભવન પાંચમે, ખલકે હિંદોળાખાટ;
પુષ્પને પંખે પદ્મિણી, જુવે વ્હાલાની વાટ. ૧
ભાદરવો ભરપૂરમાં, ભલું જણાયે જોર;
ગગન વિષે કરે કાટકા, નાવ્યા નંદકિશોર. ૨
ઉત્તર દેશથી ઉલટ્યો, થયો ઘોર અંધાર;
વીજલડી ચમકા કરે, નાવ્યા નંદકિશોર. ૩
પંચરંગના આભમાં, મોટા તાણ્યા રે મચ્છ;
ચંપક વરણી રે રાધિકા, ચીર ભીંજાયે સ્વચ્છ. ૪
નદિએ નીર ભર્યાં ઘણાં, નવ દીસે ઉતાર;
વેરણ જમુના પૂરે ચઢી, પીયુડો પેલેરે પાર. ૫
બાલ્ય બધું સુખ દેહનું, જેનો નાથ નહોર;
રત્નાના સ્વામીરે શામળા, બળતી બોલું છું જોર. ઓધવજીરે. ૬

સાખી

આસોએ આશા હતી, મળવાની મનમાંય;
ઓધવજી ભલે આવિયા, વીરા થઓ વિદાય. ૧

દુઃખનારે દહાડા વહી ગયા, આવ્યો આસોરે માસ;
સૌકો સપરમે દહાડલે, વસે પોતાને વાસ. ૨
નવરે દહાડા ગયાં નોરતાં, નાવ્યા દશર રે માંય;
મોટો ઓછવ દીવાળીનો, આવી કરજો ઇહાંય. ૩
સખી સાહેલી સૌ મળી, હરિને લેવાને જાય;
આણે મારગ હરિ આવશે, ઉલટ અંગ ન માય. ૪
ધનતેરશે ધન ધોઇને, સજ્યા સોળ શણગાર;
નયણે તે કાજળ સારિયાં, મળવા નંદકુમાર. ૫
કોમળ કરમારે દીવડો, હઇડે હરખ અપાર;
હરિને નિહાળવા નીસરી, ઉભી આંગણાં બહાર. ૬
મનના મનોરથ વહીગયા, એકે સિધ્યું નહિ કાજ;
રત્નાના સ્વામીરે શામળા, દોહેલું કીધું છે રાજ. ઓધવજીરે. ૭

સાખી

અધિક માસ વળિ આવિયો, તેથી ઉપજ્યો ત્રાસ;
વળિ એ કેવો વીતશે, વીત્યા બારે માસ. ૧
બારે માસ તો વહી ગયા, તેરમાની શી પેર;
પુરુષોત્તમ પહેલો નથી, કોણે કીધો છે કેર. ૨
બાર રવિ બાર પર્વણી, અધિકું ઓછું ન થાય;
અધિક માસ કર્મે કયાંલખ્યો, ધણો થયો દુઃખદાય. ૩
વર્ષ પછવાડે વાછરું, મુકયો છે મળમાસ;
રખે વળી ચૌદમો કરે, એનો શો વિશ્વાસ. ૪
રાધા ને લલિતા ચંદ્રાવળી, ભામા આદ્યે જે વામ;
સૌકોનાં મન મનાવિયાં, આવ્યો સુંદરશ્યામ. ૫
તેરે માસ પૂરણ થયા, જે કો પ્રેમે રે ગાય;
સાંભળતાં સુખ ઉપજે, એહુ વૈકુંઠ જાય. ૬
પદ એગણોતેર રાગ સોરઠી, બતરીસો રે બંધ;
ગુણીજન મન વિચારજો, એ છે રસનોરે કંદ. ૭
સંવત સત્તર પંચાણુંઆ, માસ માગશર સાર;
પ્રથમ પક્ષ એકાદશી, ઉત્તમ ચંદ્ર વાર. ૮
મન કર્મ વચન બુધે કરી, રચ્યા ત્રયોદશ માસ;
રત્નાના સ્વામીરે શામળા, પ્રીતે પૂરજો આશ. ઓધવજીરે. ૯

જીવરામ ભટ

પ્રેમાનંદ ભટના વિવેકવણઝારાનીનકલ કીધી છે

જીવરાજ શેઠની મુસાફરી

હીરછંદની ચાલ

શિવરાજ શેઠ પુત્ર જીવરાજને, મોકલે વિદેશમાં કહી સુકાજને;
જાઓ મૃત્યુ લોકમાં ગુમાસ્તા લેઇને, માલ વેારજોજિ પુત્ર શુદ્ધ જોઇને. ૧
સાથ રાખજો દલાલ સંત કોઇને, લેવરાવશે સુમાલ સારો જોઇને;
આગવો સુસંગ લેઈ રાખજો કને, ધીરશો મા કામ ક્રોધ લોભ ચોરને. ૨
મૂકજો કુસંગ ફાંસિયાતણી પુરી, આવશે અપાર મોહિની નદી ખરી;
બેસજો વૈરાગ્ય નાવમાં ફરી ફરી, ચાલજો સુવાટ પેલી પાર ઊતરી. ૩
વિકટ છે અવાટ બીજી વાટ ચૂકશો, જાણુ દેશ રહિ જશે અજાણુમાં જશો;
વિષય ધૂર્ત મધ્ય જાળમાંહિ ડૂલશો, કામરૂપ દંભ ત્યાં વિવેક ભૂલશો. ૪
પરખ્યા વિના પ્રપંચ માલ વેારશો, લાભ કાળ વહિ જશે દેવાળું ફુંકશો;
તો ત્રસાળે ખોટ દેખી પોક મૂકશો, કોઈ ધીરશે નહીં વિદેશ શું કરશો. ૫
દેશ દેશ કાઢજો દુકાનો ધર્મની, છાંડજો પ્રપંચ વાત ક્રૂર કર્મની;
ધારશો ન કર્ણે વાત વિષય ધાતની, કાવજો ભલાઈ આપ સારી વાતની. ૬
યત્ન રાખજો શરીર વાટ ઘાટમાં, તાપમાં ન ચાલશો કુકર્મ સાથમાં;
જ્ઞાન યોગ ભક્તિ માલ જો ગમે તને, ખોટ લાભ પૂછજો ને વેારજો તમે; ૭
એટલી વિવેક વાત ચિત્ત રાખશો, તો ભવાટવી તરી સ્વપૂર આવશો.
એક વાર સર્વ વસ્તુ લેઈ આવશો, તો પ્રદેશ પરહરી સ્વધામ બેસશો. ૮
શીખ લેઈ શેઠજી પ્રદેશ સંચર્યા, નાત જાત નગર લોક સર્વને મળ્યા;
નગર શેઠ પુત્ર જીવરાજ નીકળ્યા, રામ રામ જેગોપાળ શબ્દ કહી વળ્યા. ૯
જીર્ણ મૂકીને નવા પોશાક પેરિયા, દેખતાં પિતાએ નેત્ર નીર ખેરિયાં;
ત્યાં કુટુંબ નાત લોક તો રહી ગયા, જીવરાજ શેઠ ત્યાં થકી વિદા થયા. ૧૦
શહેર બહાર સર્વ સાથ એકઠો થયો, શિવરામ શેઠ ત્યાં વળાવવા ગયો;
પુત્રને વળાવી શિવરાજ ત્યાં રહ્યો, જીવરાજ ત્યાં થકી વિદેશમાં ગયો. ૧૧

જીવરાજ વ્યસનના તરંગમાં ઝબ્યો, મનોવેગ તુર્ત મૃત્યુલોકમાં પડ્યો;
કર્મયોગ ત્યાં ભવાબ્ધિ પાર ના જડ્યો, ઘણિકવાર જીવરાજ તીર્થ આથડ્યો. ૧૨
દૈવયોગ એક દેહ નાવ સાંપડ્યું, દ્વારસમ ઉર્ધ કાળ શિલ્પિનું ઘડ્યું;
પંચ પાટિયાં પ્રપંચ લોહનું જડ્યું, જે ભવાબ્ધિ નીલ પંકજાળમાં પડ્યું. ૧૩
સ્ત્રી જુવાન એક બેઠી દીઠી નાવમાં, બુદ્ધિ આગળી સ્વરૂપ હાવભાવમાં;
મંદ હાસ ચતુર છે વિચાર વેણમાં, મધુરી વાણીમાં અને મૃગાક્ષિ નેણમાં. ૧૪
શેઠ પાસ આવી વાત પૂછી સાનમાં, કોણ માત તાત કોણ નાત જાતમાં;
કોણ નામ ઠામ વાસ કોણ દેશમાં, કેમ છો ઉદાસિ આ વિચિત્ર વેશમાં. ૧૫
સ્વસ્થ ચિત્તે શેઠજી કહે વિચારિ વાત, કોટિ લક્ષ જન્મ કોટિ લક્ષ માત તાત;
કોટિ લક્ષ નામ કોટિ લક્ષ નાત જાત, મૂળ નામ એક છે સુણો પિતાની વાત. ૧૬
શિવરાજ છે વિદેહી નગર શ્રેષ્ઠિયો, પુત્ર તેમનો હું જીવરાજ વેઠિયો;
ઉદ્યમાર્થ અર્થ મૃત્યુલોક આવિયો, ભૂલમાં હું આ ભવાબ્ધિ મધ્ય ભટકિયો. ૧૭
પાર ના જડિયો હું દેખતો જ આંધળો, ભૂલમાં ભમ્યો હું ચાલતો જ પાંગળો;
જાત નાત તાતથી થયો હું વેગળો, તાત છે સમીપ તેમને હું ના મળ્યો. ૧૮
આશરા વિના ગયો ઘણો હું આકળો, વાટ ઠામ તું મળી થયો હું ભોકળો;
ઘણિક નાર મેં કરી તથાપિ એકલો, દુઃખ સોચના થકી થયો હું દુબળો. ૧૯
નવ મટે થનાર વાત કર્મની લખી, આજ દુઃખ વિસયુ થયો ઘણો સુખી;
ગુહ્ય વાત મેં કહી તને ન ઓળખી, મેં કહ્યું તને તમે મને કહો સખી. ૨૦
તે નિવૃત્તિ નાર શેઠને કહે કથી, ઓળખો મને પવિત્ર માત તાતથી;
મન પિતા સુબુદ્ધિ ને કુબુદ્ધિ માતથી, ત્રણ બેન નીપની બને ન મૂળથી. ૨૧
મન પિતાનું હેત ઝાઝું મા કુબુદ્ધિથી, મારિ મા સગી સુબુદ્ધિ તેથકી નથી;
હું નિવૃત્તિને તમે સ્વયંવરે હરી, શેઠ જે વિદેહ નામ શહેર જઈ વરી. ૨૨
માત તાત પાસ હું નિવૃત્તિને ધરી, નાથ મૃત્યુલોકમાં ગયા તમે ફરી;
ત્યાં ગયા પછી પ્રવૃત્તિ ભ્રાંતિને વર્યાં, તેમનું સ્વરૂપ જોઇને તમે ઠર્યાં. ૨૩
લંપટિ કુબુદ્ધિ સાસુના કહ્યાગરા, મૂળથી ખરી સુબુદ્ધિ સાસુ વિસર્યાં;
તવ સુબુદ્ધિ માત મારિ પાસે આવિયાં, માત દિકરી વિદેહ શહેરમાં રહ્યાં. ૨૪
શિવરાજ સ્વસુર આશરે સુખી થયા, સ્વસુર સાસુનાં પવિત્ર ચરણ સેવિયાં;
ત્યાં તમારિ શાંતિ મા રડી રડી મરે, શિવરાજ તાત તે ઉદાસમાં ફરે. ૨૫
દેહ વસ્તુ સાક્ષિરૂપ ગર્વ ના ધરે, રોજગાર ના કરી વૈરાગ્ય આદરે;
સમર્પણ ધર્યું હશે નવું ન સંચરે, આગલા કમાઈ સંતને મુખે ધરે. ૨૬

ગૂણથી અતીત પંથ એકલો ફરે, ખાય ના પિયે ના પુત્ર પુત્ર ઉચરે;
એકવાર હું નિવૃત્તિ ઘેર આવિયા, સ્વસુરજી અમારિ પાસ ગળગળા થયા. ૨૭
કહે વહૂજિ તમ પતિ વિદેશમાં ગયા, કોટિ કલ્પ વહિ ગયા હજૂ ન આવિયા;
કયમ થયું હશે મળ્યા શું વિષયિ ફાંશિયા, કામ ક્રોધ લોભ તસ્કરે શું લૂંટિયા. ૨૮
કે શું લેવું દેવું અધિક નૂન્યથી રહ્યા, કે કુસંગ ધૂર્ત સંગથી વહી ગયા;
જા વહૂ નિવૃત્તિ બાપ મૃત્યુલોકમે, વૃદ્ધ આ મુનીમ સુસંગ સાથ લો તમે. ૨૯
સાથ લો દયા સખીથી વાટ નિર્ગમે, તું ગયા વિના ન થાય અર્થ આ સમે;
લેઈ આજ્ઞા થયાં સવાર તે સમે, આ દયા સખી સુસંગ સાથ બે અમે. ૩૦
મૃત્યુલોક આવિયાં ભવાબ્ધિ તીરમે, દેશ દેશ ખોળિયા મળ્યા નહીં તમે;
ઘણીક વાર ખોળિ ખોળિ થાકિયાં અમે, ઠાલું નાવ દેખિયું ભવાબ્ધિ નાળમે. ૩૧
પૂછિયું ન કોઇને હું બેઠી આ સમે, તેટલે જ શેઠ દૃષ્ટિએ પડ્યા તમે;
ઓળખું તમોને મને ન ઓળખી તમે, શીદ ઓળખો ગરીબ નાર છું અમે. ૩૨
હું વિના અનેક નાર ઇશકિને ગમે, આજ કાળ ભ્રાંતિ નારમાં રમો તમે;
ક્યાં ગઈ પ્રવૃત્તિ વ્હાલી નાર આ સમે, માત તાત વિસર્યાં પ્રવૃત્તિ નારમે. ૩૩
હું નિવૃત્તિ વીસરી ભલી જ ભ્રાંતિમે, આવડા અજાણ શેઠ કયમ થયા તમે;
અમ જેવી દયાની વાત કાનમાં ધરો, મુનિમ વૃદ્ધ આ સુસંગનું કહ્યું કરો. ૩૪
પૂર્વ નાર હું નિવૃત્તિ ચિત્તમાં ધરો, શિવરાજ શાંતિ માની સેવના કરો;
ભ્રાંતિ પ્રવૃત્તિ નારિ વેગળી કરો, તો ભવાબ્ધિ આ શરીર નાવથી તરો. ૩૫
ઘાટ ઘાટ ફેરવો સુમાલથી ભરો, વસ્તુ સારી લેઈને સ્વદેશ સંચરો;
છેલું છેલું શેઠજી ચડો શરીર વ્હાણ, હું નિવૃત્તિ નાર હાથમાં ગ્રહું સુકાણ ૩૬
આગુવા ભલા દયા સુસંગ છે પ્રમાણ, પૂર્વદેશ જાતાં વાટ રોકનાર કોણ;
જીવરાજજી થયા પ્રસન્ન ચિત્તથી, હાથ સાહી નારને ચઢ્યા સુમાનથી. ૩૭
પંચ માસનું કળેલ વ્હાણ નાળથી, હાલતું થયું તથાપિ નીકળતું નથી;
જીવરાજ ફેરવે ઘણું ઘણું મથી, નાળ સાંકડેથિ લાગ લાગતો નથી. ૩૮
તે સમે અનેક બંદગી કરે કથી, કાઢ વ્હાણ કાઢ વ્હાણ નાથ નાળથી;
વ્હાણ નીકળ્યા પછી છ માસ દૂધ પીશ, ચાર પાંચ વર્ષ પાવડી વિના ફરીશ. ૩૯
વર્ષ એક બે મુનિવૃત્તને ધરીશ, કાઢ વ્હાણ કાઢ વ્હાણ હે કૃપાળ ઈશ;
મુનિમ વૃદ્ધ આ સુસંગનું કહ્યું કરીશ, મનસ્વસુરથકી સુબુદ્ધિ સાસુ મેળવીશ. ૪૦
સ્ત્રી નિવૃત્તિ સંગ પતિવ્રત આચરીશ, શિવરાજ શાંતિ માનિ સેવના કરીશ
આ દયા સખીની વાત કાનમાં ધરીશ, મનસ્વસુરથકી કુબુદ્ધિ સાસુ પરહરીશ. ૪૧

ભ્રાંતિ ને પ્રવૃત્તિ નાર વેગળી કરીશ, આજથી પરાંગનાને દૂરથી તજીશ;
એકવાર વ્હાણ સાથ બહાર નીકળીશ, તો ફરીથી રોજગાર વ્હાણનો તજીશ. ૪૨
દૂરથકી કુસંગ ફાંશિયાથકી ડરીશ, કામ ક્રોધ લોભ ચોર વેગળા કરીશ;
એ પ્રકારે જીવરાજ બંદગી કરે, સ્ત્રી નિવૃત્તિ સાથ ભક્તિ ભાવને ધરે. ૪૩
તે સમે પ્રસૂતિ કાળ વાયુ સંચરે, દેહ વ્હાણ નાળમાં અહીં તહીં ફરે;
નાળમાં નવેક માસ એકલું ખડ્યુ, સૂતિકા પ્રચંડ વાયુ ડોલમાં પડ્યું. ૪૪
ત્યાંથકી મહા ભવાબ્ધિ પૂરમાં પડ્યું, મોકલું થયું અનેક ખડકે આથડ્યું;
પૂર્વના ગુમાસ્તા શીવરાજના હતા, એ નવાણ શેઠજીની ખબર પૂછતા. ૪૫
જીવરાજ કહે હું ઓળખું છું લૈ જતાં, નિર્વિકારને લેઈ વિકાર મૂકતાં;
ગુહ્ય અર્થ સમજ્યા વિવેકિ રિઝિયા, દેહ સાધના કરી વિદેહમાં ગયા. ૪૬
બુદ્ધિહીન મૂર્ખ લોક તે ન સમજિયા, વિષય તુચ્છ લોભથી ભવાબ્ધિમાં વહ્યા;
એ કથા રહી પછી વિચાર શા થયા, મૃત્યુલોક વાયુ જેટલે જ લાગિયા. ૪૭
કેટલેક માસ વ્હાણ ચાલતું કરે, બાર વર્ષ બાળપણમાં જઈ ફરે;
તે પછી પલાણ જોબન અશ્વનું કરે, નવનવા પોશાક ખાન પાન શું ભરે. ૪૮
કારમો કુસંગ મિત્ર સાથે સંચરે, તેવિ વાત ચિત્ત કર્ણ દેશમાં કરે;
ભ્રાંતિ ને પ્રવૃત્તિ નારિ ચિત્તમાં વસે, મનસ્વસુર કુબુદ્ધિ સાસુથી ઘણું હશે. ૪૯
વ્હાણ ફેરવે જુવાનિ અશ્વ ઝેલવે, ઘાટ ઘાટથી પ્રપંચ દ્રવ્ય મેળવે;
દેશ દેશમાં નવી દુકાન ખૂપવે, ત્યાં મુનિમ છે ઘણા હીસાબ ચૂકવે. ૫૦
નાત શેઠ પારકી લડાઈ શીજવે, કારમું કટુંમ્બ માત તાત રીઝવે;
મુખ્ય સાહુકાર લાગ્યે લેખું લેખવે, અન્યની હુંડિ પાછી નવ ફરે. ૫૧
દેશપાળ હાથમાં દિવાન જઈ નમે, અમલનો છકેલો સર્વ લોકને દમે;
કીર્ત્તિ લોલિયાની વાત આપને ગમે, દ્રવ્યને મદેથી સાધુ સંતને દમે. ૫૨
ઉઘમે અન્નણ પલક નિર્ગમે વૃથા, ધર્મ વાસના ન થાય કૃષ્ણની કથા;
દામ સાહેબીનું અભિમાન સર્વથા, સ્વાર્થમાં ખુશાલ પરમાર્થમાં વૃથા. ૫૩
નવનવી મિઠાઈ દૂધ ફૂરશું જમે, રંગ મહેલમાં પ્રવૃત્તિ નારિશું રમે;
લોભ લાભ પુત્ર પાસ લેઈને ભમે, ભાવહીન આપ કીર્તિ સર્વથા ગમે. ૫૪
જરકશી પોશાક કીનખાબ ઓળિયાં, પામરી રુમાલ રંગચોળ મોળિયાં;
વેઢ વાંકડાં અમુલ્ય કર્ણ ચોકડાં, હીમરુ ગલેચા શેઠ ગાદિએ પડ્યા. ૫૫
રંગ તાન નાચ થાય છે ખડા ખડા, થયા ભાઈ સાહેબ તો અમલથી બડા;
ઘેર તાયફા અખંડ નાચતા વડા, પ્રેમથી વેચાય રોજ પાનના પડા. ૫૬
ચૌદ માળની હવેલી ખુબ બંગલા, હીંચકા પલંગ ત્યાં સુવર્ણ સાંકળ્યા;
ભાગ્ય પાંશરેથિ સર્વ વૈભવો મળ્યા, વાંકડું થતાંજ વૈભવેથકી ટળ્યા. ૫૭

દૈવ કોપતાં જ દેશપાળ કોપિયો, સેજ વાંકમાં અનંત માલ લૂટિયો;
દેશ દેશની દુકાન સર્વ અટકિયો, માલ ખોટ જોઈ જીવરાજ પટકિયો. ૫૮
ઉધરાણિ બંધ કરજ તો ખરું થયું, કોઈ ધીરનાર નહીં કામ ડુંબીયું;
કરજદારે ઘેરિયો દીવાળું ફુકિયું, એ પ્રકારે પાપ દ્રવ્ય વ્યસ્ત થઈ ગયું. ૫૯
હાય દૈવ હાય દૈવ કાંઈ નવ રહ્યું, છપન ઉપર ભેરતાન ભુંગળું ગયું;
નાત શેઠ તે હવે ન કો કરે કહ્યું, બ્રહ્મભોજ્ય દાન પુન્ય કાંઈ ના થયું. ૬૦
ભાગતી દશાયે તોલ ભાગતો ગયો, મહા દરિદ્રતામાં આહાર ચોગણો થયો;
બહૂ ખરાબદસ્ત કારભાર ના રહ્યા, માન હીન બાપડો ફરે વહ્યો વહ્યો. ૬૧
એ સ્થિતિમાં જુવાની ઘોડિ ગુજરી, સ્ત્રી પ્રવૃત્તિએ જણી ખરાબી દીકરી;
લોભ લાભ પુત્ર તે સમે ગયા મરી, દુઃખમાંહી સાંભર્યા જ શ્રીહરી. ૬૨
કાળ પેંગડેથિ વૃદ્ધ ઘોડલે ચઢ્યો, ટેક લાકડી લગામ શ્વેત કાઠડો;
વેગહીન ચાલતો તે જો કદી પડ્યો, માર ચાબખાનિ ચોપથી કરે ખડો. ૬૩
કાળનું ભરેલ દેહ વ્હાણ પૂરિયું, આ ભવાબ્ધિ તીર નામ નર્મદા ગયું;
ચક્રપાણ ઓરસંધ ઘાટ છીપીયું, શ્રીકુમેર સોમનાથ ભેટવું થયું. ૬૪
તીર્થવાસી વિષ્ણુ ભક્તને મળ્યો જઈ, તેમને સમાગમે કથા રુચી થઈ;
તે સમે સુસંગ મિત્ર તે મળ્યો જહીં, ભેટતાં પ્રવૃત્તિ ભ્રાંતિ વેગળી રહી. ૬૫
વરણ વેષ ફેરવ્યો નવો ધર્યો તહીં, વૃદ્ધ જ્યેષ્ઠ જોઈ લાજપૂરમાં વહી;
તે વહ્યા પછી પટંતરો રહ્યો નહીં, તે પછી સુસંગ મિત્ર ઓળખ્યો સહી. ૬૬
ઓળખ્યા પછી ફરી વળ્યો હસીધસી, ભેદ ભાંગતાં પ્રવૃત્તિ ભ્રાંતિ ગઈ ખશી;
પૂર્વની વિવેક વાતચિત્તમાં વસી, સાંભરી નિવૃત્તિ નારને થયો ખુશી. ૬૭
[illegible] મેળવો નિવૃત્તિ નાર આ સમે, જીવરાજ શાંતિ માત ભેટવો તમે;
[illegible]માંથી લઈ જશો વિદેહમાં કયમે, તો તમારો પાડ ખુબ માનશું અમે. ૬૮
એ પ્રકારે જીવરાજની ફરી મતી, તે સમે સુસંગ તે થયો દયા પતી;
સૂક્ષ્મ બોધ જીવરાજને થઈ ગતી, બ્રહ્મભાવથી જડી પ્રકાશ પદ્ધતી. ૬૯
મનસ્વ[illegible]સુર સુબુદ્ધિ સાસુ એકઠાં કર્યાં, પૂર્વની નિવૃત્તિ રાણી ચિત્તમાં ધર્યાં;
કોટિ વર્ષના વિયોગ રુશણાં હર્યાં, અસલનું મળ્યું કુટુંબ દુઃખ વિસર્યાં. ૭૦
નિવૃત્તિ નાર સંગ પ્રિતડી થઈ ઘણી, જીવરાજ વશ કર્યો નિવૃત્તિયે ઘણી;
પ્રથમ [illegible] દીકરી નિવૃત્તિયે જણી, જીવરાજ વશ શેઠને ગઈ વધામણી. ૭૧
તે સમે આનંદી ચિત્ત શેઠનું થયું, કાંઈ ન રાખિયું કને સહ સમર્પીયું;
નવ પ્રકાર ભક્તિનું સ્વરૂપ સાધ્યું, તે સ્વરૂપ જોઈ પ્રેમરૂપ વાધિયું. ૭૨

પ્રેમનો ભરેલ શેઠ નાચતો ફરે, રોમહર્ષ થાય ગાય ગદ્‌ગદ સ્વરે;
પાય ઘુઘરા સતાર વાજતા ફરે, સપ્તસ્વર ભલાથી તાન ગાન ઉચરે. ૭૩
ભક્તિ પાંચ વર્ષની થતાં પિતા ડરે, સ્ત્રી નિવૃત્તિથી વૈરાગ્ય પુત્ર અવતરે;
હર્ષનો ભર્યો વધાઈ મસ્તકે ધરે, વણ સુસંગ વાત ચિત્ત કાંઈ ના કરે. ૭૪
જ્ઞાન પુત્ર તે પછી થયો નિવૃત્તિને, ગઈ વધામણી વિવેક શેઠની કને;
સમર્પણ કર્યું સહુ તદા વિવેકને, વિધિ નિષેધના વિવેકની થઈ બને. ૭૫
જ્ઞાન ને વૈરાગ્ય પુત્ર હાથમાં ધરે, સ્ત્રી નિવૃત્તિ ભક્તિ પુત્રિ સાથ સંચરે;
યોગમાર્ગમાં સુસંગ આગુવો કરે, લિંગ દેહ ત્યાગિને વિદેહ પરવરે. ૭૬
ત્યાં સ્વધર્મમાં ગયા પછી ધસ્યો વળી, જીવરાજ શીવરાજમાં ગયો મળી;
પરમશાંતિ–માત આવિ તે સમે વળી, શોક મોહ જન્મમરણની પિડા ટળી. ૭૭
જીવરામ–ભટ્ટ નામ ગામ ઘોળકું, ટોળક દ્વીજાત બામણોલનું પખું;
તે નરે વિવેક વાત જોઇને લખ્યું, આ અધ્યાત્મ દીપ જીવ શીવ પારખું. ૭૮
આ વળી નવીન ગ્રંથથી વિચારજો, ઘણીક વાતનો પટંતરો ખુલી જજો;
લિંગદેહ જીવને વણિક પ્રમાણજો, શેઠ ને વણિક વિષે ન ભેદ આણજો. ૭૯
ધામ વૈકુંઠ પૂર્વ જે દેશ જાણજો, શીવરાજ નામ વિષ્ણુ દેહ માનજો;
જીવરાજ તેજ લિંગ દેહ માનજો, શાંતિ માત તેજ મુક્તિ દેહ જાણજો. ૮૦
મન મળે કુબુદ્ધિ માત દામલીન થાય, મન મલિનમાં પ્રવૃત્તિ ભ્રાંતિ જે ભરાય;
તે પ્રવૃત્તિ ભ્રાંતિથી કુકર્મ કાંઈ કરાય, ને કુકર્મ બાંધિ જીવ દેહમાં ભરાય. ૮૧
ભ્રાંતિ તામસીથિ ભ્રમણુતા અજ્ઞાણ થાય, રજગુણી પ્રવૃત્તિથી વિચારમાં પડાય;
મન મળે સુબુદ્ધિમાં ન દામલીન થાય, નિર્મળી નિવૃત્તિ શુદ્ધ સાત્વિકી જણાય. ૮૨
પ્રથમ મુખ્ય મુખ્ય તીર્થ સેવના હજો, તીર્થ સેવતાં કથાતણી રુચી થજો;
કથા રુચી થતાં સુસંગ મિત્ર ભેટજો, મિત્ર ભેટતાં પ્રવૃત્તિ ભ્રાંતિ છાંડજો. ૮૩
પ્રવૃત્તિ ભ્રાંતિ નિવૃત્તિ ચિત્ત રાખજો, નિવૃત્તિ ચિત્ત રાખે ભક્તિ સ્વાદ ચાખશે;
ભક્તિને નવે પ્રકારમાં રમાડજો, તે રમાડતાં પ્રભૂથી પ્રેમ આણજો. ૮૪
પ્રેમ આણતાં વૈરાગ્ય તુર્ત ભાવશે, તે સમે પ્રપંચ વાત તુચ્છ લાગશે;
જ્ઞાન આવતે વૈરાગ્યમાં ઠરી જશે, તે સમે વિવેક સત્યદાર્થનો થશે. ૮૫
વિધિ નિષેધના બધા અનિત્ય જાણશો, તે સમે સમાધિ યોગ માર્ગ પામશો;
યોગમાર્ગ ઝાલી લિંગ દેહ ત્યાગશો, લિંગ દેહ ત્યાગે જીવ શીવ થઈ જશો. ૮૬
સંવત અઢાર પડવો પોષ માસનો, આ નવીન ગ્રંથ પૂર્ણ તે સમે કર્યો;
હું કવિ અજ્ઞાણ દોષ હ્રસ્વ દીર્ઘનો, જાણતો નથી સુધારજો કવીજનો. ૮૭

પ્રીતમદાસ

એની કવિતા વેદાંત તથા વૈરાગ્યમાં સરસ છે

કક્કો ૧ લો.

છપાયા છંદ

કક્કા કર સદ્‌ગુરુનો સંગ, હૃદે કમળમાં લાગે રંગ;
અંતરમાં અજવાળું થાય, માયા મનથી દૂર પળાય;
લિંગ વાસના હોયે ભંગ, કક્કા કર સદ્‌ગુરુનો સંગ. ૧
ખખ્ખા ખરેખરી છે વાત, તે શ્રીમુખે કહી સાક્ષાત;
જ્ઞાની મૂની જોગી જતી, ગુરુ કૃપા વણ સિદ્ધિ નથી;
જન્મ મરણની મટશે ધાત, ખખ્ખા ખરેખરી છે વાત. ૨
ગગ્ગા ગુરુની સેવા કરો, પરનિંદા પરધન પરહરો;
પ્રપંચ તે પડવાનો ઠામ, સાચે રાચે સીતારામ;
એ શીખામણ ચિતમાં ધરો, ગગ્ગા ગુરુની સેવા કરો. ૩
ઘઘ્ઘા ઘણું કહે શું થાય, ભવ તરવાનો એ જ ઉપાય;
સમજીને સંશય ટાળવા, બાહ્યાભ્યંતર હરિ ભાળવા;
જોતાં જીવ દશા તો જાય, ઘઘ્ઘા ઘણું કહે શું થાય. ૪
નન્ના નિર્મળ તેની દશા, જેને હરિ હૃદયામાં વસ્યા;
પોતાના અવગુણને હણે, પરના તો હૃદયે નવ ગણે;
કોના દોષ ન દેખે કશા, નન્ના નિર્મળ તેની દશા. ૫
ચચ્ચા ચિતમાં ચેતી લે, માથે મરણતણો છે ભે;
કાયા ઉપર તાકે કાળ, મોહ પારધિયે માંડી જાળ;
તેમાં હરિ રાખે તો રહે, ચચ્ચા ચિત્તમાં ચેતી લે. ૬
છછ્છા છે માયા ગુણમયી, બળવંતી પણ દીસે નહી;
દાનવ માનવ ને દેવતા, અધીન થઈ સૌએ સેવતા;
હરિજન આગે હારી રહી, છછ્છા છે માયા ગુણમયી. ૭

જજ્જા વિરલા જાણે ભેદ, માયા પ્રપંચ વિધિ નિષેધ;
તે માયાનું તજવું માન, માયાપતિ ભજવા ભગવાન;
અંતરમાં ઉપજે નિર્વેદ, જજ્જા વિરલા જાણે ભેદ. ૮
ઝઝ્ઝા ઝાંખી જોને જેહ, વણ વાદળ જ્યાં વરસે મેહ;
વિના સરોવર અંબુજ સાર, વિના ભમર ઉઠે ગુંજાર;
વિના અર્ક અજવાળું જેહ, ઝઝ્ઝા ઝાંખી જોને તેહ. ૯
નન્ના નામ નાવ છે સાર, જે બેસે તે ઉતરે પાર;
કાળ કર્મ નહિ લાગે લેશ, છે આનંદી હરિનો દેશ;
તે પદ પામે નિરધાર, નન્ના નામ નાવ છે સાર. ૧૦
ટ્ટા ટેક જનમનો ટળે, અંતરજામી ઘટમાં મળે;
નાના મોટા હરિના ઘાટ, કાંઈ સૂક્ષ્મ ને કાંઈ વિરાટ;
હરિને ભજતાં હુંપદ ગળે, ટટ્ટા ટેક જનમનો ટળે. ૧૧
ઠઠ્ઠા ઠેકાણું છે ઠીક, જ્યાં ન મળે બીજાની બીક;
નિર્ભય નારાયણનો વાસ, પ્રેમ ધરીને રાખે પાસ;
સમજી માની લેને શીખ, ઠઠ્ઠા ઠેકાણું છે ઠીક. ૧૨
ડ્ડા ડાપણ મૂકી દે, સંતગુરુને શરણે જે રહે;
વચનતણો રાખી વિશ્વાસ, કુકલ્પનાનો કરજે નાશ;
ઉપાધિથી અલગો રહે, ડ્ડા ડાપણ મૂકી દે. ૧૩
ઢઢ્ઢા ઢોલ વગાડી કહ્યું, રુડા પુરુષને હૃદયે રહ્યું;
સમજ્યા તેણે લીધો સાર, ગાફલ નર તો ખાશે માર;
જોતામાં જોબન તો ગયું, ઢઢ્ઢા ઢોલ વગાડી કહ્યું. ૧૪
ણ્ણા રણ ચોરાશીતણું, તેનું વ્યાજ વધે છે ઘણું;
દાણીગણુમાં હુલી ગયો, દેવાળું કાઢીને રહ્યો;
જમકિંકર કરશે તાપણું, ણ્ણા રણ ચોરાશીતણું. ૧૫
તત્તા તારું આપ તપાશ, ક્યાંથી આવ્યો ક્યાં તું જાશ;
ઝેપ કરીને ઝાળી કાઢ, હરિફ હોય તો લાગે હાડ;
મૂરખના મનમાં નહિ ત્રાસ, તત્તા તારું આપ તપાશ. ૧૬
થથ્થા થિર તો રહેવું નથી, કોણ રંક કોણ પૃથ્વીપતી;
આજ કાલમાં જાવું સહી, કોટિ ઉપાયે રહેવું નહી;
ભાવ ધરી ભજ કમળાપતી, થથ્થા થિર તો રહેવું નથી. ૧૭

દદ્દા દેહ દેવળમાં દેવ, સેવક થઇને કરની સેવ;
પ્રેમ પુષ્પ ને ચંદન હાર, જ્ઞાન દીપક ઘટમાં અજવાળ;
અંતરનો ટાળે અહમેવ, દદ્દા દેહ દેવળમાં દેવ. ૧૮
ધદ્ધા ધરજે ધારણ ધીર, વાચ કાછ રાખે વીર;
શબ્દતણી ગ્રહજે સમશેર, શત્રુ દળમાં પાડે મેર;
સદગુરુ બકતર પ્હેર શરીર, ધદ્ધા ધારણ ધરજે ધીર. ૧૯
નન્ના નિશાન ગુરુનું છેય, ધીર વીર પગ રોપી રેય;
કાયર નરનું નહિ ત્યાં કામ, શૂરવીરનો સાચો સંગ્રામ;
જિત્યા નિરગુણ જગમાં જેય, નન્ના નિશાન ગુરુનું છેય. ૨૦
પપ્પા પૂરાની જે પ્રીત, મેરુ ચળે પણ ન ચળે ચિત્ત;
ધ્રુવની પેરે અવિચળ રહે, સ્તુતિ નિંદા ને સુખ દુઃખ સહે;
નારાયણને નિરખે નીત, પપ્પા પૂરાની જે પ્રીત. ૨૧
ફફ્ફા ફોગટ તે કોણ ફરે, સચેત થઈ હરિ સ્મરણ કરે;
જન્મ મરણમાં આવે નહીં, જેનું મન વસિયું હરિમહી;
જઠરાવાસ ન નિશ્ચે કરે, ફફ્ફા ફોગટ તે કોણ ફરે. ૨૨
બબ્બા બોલે તેને જાણ, મૂકી દેને મનની તાણ;
હું મારું હૃદિયાથી ટાળ, પરમારથમાં પિંડ જ ગાળ;
દયા દીનતા મનમાં આણ, બબ્બા બોલે તેને જાણ. ૨૩
ભભ્ભા ભજનથકી ભય ટળે, નિશ્ચય કાલ કરાળ ન ગળે;
ભેખ ધરે જો સિદ્ધિ થાય, ભાંડ ભવૈયા વૈકુંઠ જાય;
જેવો ભાવ તેવા હરિ ફળે, ભભ્ભા ભજનથકી ભય ટળે. ૨૪
મમ્મા માયા મનની જાણ, મારું તારું ખેંચા તાણ;
સબળે સરખો આતમારામ, સાંધા વાંધા મનનું કામ;
માટે મન હરિ ચરણે આણ, મમ્મા માયા મનની જાણ. ૨૫
યય્યા ઓળખ નહિ જેહને, સંશય શોક સદા તેહને;
આતમબુદ્ધિ ન ઉપજે કદા, આશા તૃષ્ણા બહુ આપદા;
દેહ ધરિશ દેખે દેહને, યય્યા ઓળખ નહિ જેહને. ૨૬
રરરા રામ ભજનમાં રહે, બીજું બકવું મુકી દે;
વળતો શીદ વદે છે વાદ, નીર વલોવે ના આવે સ્વાદ;
હરિનું હારદ હેતે રહે, રરરા રામ ભજનમાં રહે. ૨૭

લલ્લા લેતું આતમ લાવ, ફરી ફરી નહીં આવે દાવ;
જીતી બાજી હારિશ નહીં, સમજુને શીખામણ કહી;
હવે ન ચુકીશ આવો દાવ, લલ્લા લેતું આતમ લાવ. ૨૮
વવ્વા વેદ વચન નિરધાર, જે પ્રીછે તે પામે પાર;
ઊંચ નીચનો અંતર નથી, સમજ્યા તે પામ્યા સદ્‌ગતી;
સંશય સૌ તજવો અહંકાર, વવ્વા વેદ વચન નિરધાર. ૨૯
શસ્શા સાધન સર્વે થયું, જેનું ચિત્ત હરિ સરણે રહ્યું;
હરતાં ફરતાં હરિનું ધ્યાન, તપ તીરથ તેને બહુ દામ;
કોટિ વિઘન ભય દુકૃત ગયું, શસ્શા સાધન સર્વે થયું. ૩૦
ખખ્ખા ખાંડનાં બીબાં ભરે, કોયલ કાગડો કુંજળ કરે;
મીન મગર બહુ જળચર જાત, જેવું બીજું તેવી ભાત;
મિસકિ જોતાં તો મન ઠરે, ખખ્ખા ખાંડનાં બીબાં ભરે. ૩૧
સસ્સા સઘળે સુંદર શ્યામ, હરી વિના નહિ ઠાલો ઠામ;
અનેક રૂપે એનાં નામ, આદે અંતે એક જ રામ;
જો સમજે તો પૂરણ કામ, સસ્સા સઘળે સુંદર શ્યામ. ૩૨
હહ્‌હા હરિ ભાળો ભરપૂર, દોષ કર્મ તો રહેશે દૂર;
રવિને રજની નહિ કો કાળ, તેમ આતમા પૂરણ ભાળ;
નિર્મળ નયણે નિરખો નૂર, હહ્‌હા હરિ ભાળો ભરપૂર. ૩૩
સૌ અક્ષર સંપૂરણ થયા, હરિ ગુરુ સંતે કીધી દયા;
અક્ષર અક્ષર આતમ બોધ, જો સમજે તો ટળે વિરોધ;
કક્કામાં કહ્યું કપરું જ્ઞાન, માને મન તો ચિતમાં આણ. ૩૪
સંવત અઢાર બત્રીની સાલ, ચૈત્ર સુદી સાતમ સોમવાર;
સંધેસર સાધુનું ધામ, ઠાકોર કુંજબિહારી નામ;
પ્રીતમ પ્રેમે અક્ષર કહ્યા, હરિ ગુરુ સંતે કીધી મયા. ૩૫

કક્કો ૨ જો

(રાગ ધોળ)

કરિયે કૃષ્ણ ઉપાસના, ધરિયે હૃદયામાં ધ્યાન;
ફરિયે નહિ ગર્ભવાસમાં, ઠરિયે ઠીક નિદાન. કરિયે. ૧

ખોટો ખેલ સંસારનો, આતસબાજીનો રંગ;
કરતાં વર્ષ વિત્યાં ઘણાં, ક્ષણુમાં થાશે તે ભંગ. કરિયે. ૨
ગુરુગમ ગાઇયે ગોવિંદને, જીવનું જોખમ જાય;
દયા દાન ને દીનતા, તે તરવાનો ઉપાય. કરિયે. ૩
ઘટ ઘટ પ્રત્યે રચના ઘણી, ભરિયા રત્ન ભંડાર;
હીરા મોતીની હાટડી, સદ્‌ગુરુ ખોળણહાર. કરિયે. ૪
નિર્મળ નામ નારાયણનું, જુગતે જપશે જે કોય;
અવિચળ પદવી તે પામશે, આવાગમન ન હોય. કરિયે. ૫
ચિંતવન કરિયે ચિદરૂપનું, ઈશ્વર બોલે છે આપ;
એને સમર્પે સુખ ઉપજે, ટળશે ત્રિવિધના તાપ. કરિયે. ૬
છે છતિ વસ્તુ દેખે નહીં, જીવનું જોને અજ્ઞાન;
માયા પડ્યો મધ્યે પડ્યો, ભૂલવણીનું એ ભાન. કરિયે. ૭
જન્મ મરણતણી આપદા, નથી કાંઈ સંકટસેલ;
ધંધો કરતાં ઢળી પડ્યો, જેમ કોઈ ઘાણીનો બેલ. કરિયે. ૮
ઝાઝે લોભે લાગી રહ્યો, માયાની મધલાળ;
તેમ તેમ તૃષ્ણા વધે ઘણી, ફૂટાયો કંઇક કાળ. કરિયે. ૯
નૌતમ દેહ દુર્લભ દેવને, પ્રાણી પામ્યો છું તેહ;
હીરો નીછારે નાંખીયો, એમાં ન રહે સંદેહ. કરિયે. ૧૦
ટેક ધરીએ નિજ નામની, સેવા સમરણ ધ્યાન;
તે હરિરસ પીજીએ, મૂકી માન ગુમાન. કરિયે. ૧૧
ઠીક ઠરીને રે બેસીએ, રાખીને રે વિશ્વાસ;
જઠરામાં જેણે જાળવ્યો, પરહર પારકી આશ. કરિયે. ૧૨
ડગમગ ઠાલી શાને કરે, તારું ધાર્યું નહિં થાય;
ગમતું થાશે ગોવિંદનું, કોઇનું જાણ્યું નહિ જાય. કરિયે. ૧૩
ઢાંકયો પાવક ધૂંમરે, ઢાંકયો વાદળે સૂર;
માયાયે ઢાંકયો આતમા, સમજણ રહિ ગઈ છે દૂર. કરિયે. ૧૪
રણ સંબંધે આવી મળ્યાં, સુત વિત દારા ને દેહ;
લેવાં દેવાં જ્યારે મટે, મારગ લાગશે તેહ. કરિયે. ૧૫
તોળ્યું તત્વ ત્રિલોકમાં, નહિ હરિ સમાન નામ;
બીજું સરવે એ બાદલું, અંતે આવે નહિ કામ. કરિયે. ૧૬

થિરતા કરિને તું ન્યાળજે, હૃદે કમળમાં રૂપ;
બાહ્યાભ્યંતર ભાળજે, હરિનું અકળ સ્વરૂપ. કરિયે. ૧૭
દેહતણું ફળ એહ છે, ભાવે ભજીયે ભગવાન;
બીજાં સાધન સંસારનાં, નહીં હરિ નામ સમાન. કરિયે. ૧૮
ધ્યાન ધરજે પરિગ્રહનું, જેમ કોઈ લોભીને ધન;
કામીને જેમ કામિની, એવું કરિયે ચિતવંન. કરિયે. ૧૯
નિશ્ચે જાણો રહેવું નથી, જૂઠો જગત વિલાસ;
એથી રહેજે તું અળગો, આઠે પહોર ઉદાસ. કરિયે. ૨૦
પ્રીત નિરંતર કિજીએ, સદ્‌ગુરુ સંતની હાથ;
રખે ઢોળી તું નાંખતો, અમૃત આવ્યું છે સાથ. કરિયે. ૩૧
પ્રેગટ કંદ સંસારનો, સ્વારથનો તે સનેહ;
અંતે કોઈ કોઇનું નથી, તું તો તેનો રે તેહ. કરિયે. ૨૨
આવન ઉપનિષદ વેદનાં, તેનું તત્ત્વ વિચાર;
તતપદ ત્વંપદ ત્યાગીને, અસિપદમાં ચિત્ત ધાર. કરિયે. ૨૩
ભારે ભેદ ગુરુદેવનો, કો ન પામ રે પાર;
શિવ વિરંચી ને સારદા, સેવે પદરજ સાર. કરિયે. ૨૪
માયા મૂળ વની વરખડી, મોરી ત્રિભુવન માંય;
નિત્ય નૌતમ ફૂલે દળે, તાતી શીતળ છાંય. કરિયે. ૨૫
જીવ અનેક નીપજાવતી, સેવે સુરનર વૃંદ;
અણુની આઘે અજા ઈશ, સૌને સરખો આનંદ. કરિયે. ૨૬
રહિયે ઈશ્વરને આશરે, ધારણ ધારીને ધીર;
સુખ દુઃખ એણીપેરે આવશે, જેમ કાંઈ નાળિયેરમાં નીર. કરિયે. ૨૭
લીલા કોઇએ લેતું નથી, એની ભૂલવણિ સોય;
નટ જેમ નજર બંધ કરે કળી શકે નહિ કોય. કરિયે. ૨૮
વિશ્વ રહ્યું સઉ મોહીને, જૂઠી બાજીને જોઈ;
તેનો કરતા કોરે રહ્યો, જાણે તે જન કોય. કરિયે. ૨૯
શોધ્યા શોધ સ્વરૂપને, તેને સમજે સુખ થાય;
નિદ્રા માંહી દુઃખ ભોગવે, તો તો જાગ્યેથી જાય. કરિયે. ૩૦
ખોળે ખોટું સરવે પડે, નજરે નામ ને રૂપ;
બાંધી રુંધી ઉભું કર્યું, જેવું કાષ્ટ સ્વરૂપ. કરિયે. ૩૧

સંશય તેને શાનો રહ્યો, જેને બ્રહ્મ–વિચાર;
અગ્નિને ઉધેઈ અડે નહીં, રવિને નહિ અંધકાર. કરિયે. ૩૨
હરિનો મહિમા અપાર છે, નિગમ નિરંતર ગાય;
અજ ઉમયાપતિ અહિપતિ, નિશિદિન ધ્યાનમાં ધાય. કરિયે. ૩૩
પ્રેમ પયોધયે ઝીલીએ, સદ્‌ગુરુ સંતોને સંગ;
પ્રીતમ તમને તે થકી, પ્રગટે પૂરણ રંગ. કરિયે. ૩૪

ગુરુમહિમા

સાખિયો

પ્રથમ નમું ગુરુ દેવને, જેણે આપ્યું જ્ઞાન;
જ્ઞાને ગોવિંદ ઓળખ્યા, ટળ્યું દેહાભિમાન. ૧
તત્ત્વ સાર ત્રિલોકમાં, ગુરુ ગોવિંદજ રૂપ;
આદ્ય અંત્ય મધ્ય એહ છે, હરિગુણ સંત સ્વરૂપ. ૨

મોતીદામછંદની ચાલ

હરિ ગુરુ સંત સદા પદ સેવું, જેનું નિત્ય નામ નિરંતર લેવું;
ગુરુ ગોવિંદ એક રૂપ જાણુ, રખે ભિન્ન ભાવ હૃદેમાં આણુ. ૩
ગુરુ ગોવિંદથકી છે અધિક, જેની પરમારથ કારણ શીખ;
ગોવિંદના સરન્યા પડ્યા જિવ જાળ, ગુરુ તેની મુક્તિ કરે તતકાળ. ૪
એવા ગુરુ પૂરણ પ્રેમ દયાળ, પોતાનો જાણીને કરે પ્રતિપાળ;
ગુરુતણું જ્ઞાન ગ્રહ્યું શુકદેવ, સંસાર સમુદ્ર તર્યા તતખેવ. ૫
મળ્યા ગુરુ નારદને સુખ રાશિ, તો ટાળિ તતક્ષણ માયા ચોરાશિ;
ગુરુ વિના કોઈ ના પામે પાર, જેના જશ ગાય ઉમા ત્રિપુરાર. ૬
વિરંચી વ્યાસ વદે ગુરુ ઇષ્ટ, ન જાણે મહીમા પ્રાણિ પાપિષ્ટ;
તેને ગુરુ દ્રોહિ કૃતઘ્ની કહીયે, જેણે ગુરુ જ્ઞાન ધર્યું નહિ હૈયે. ૭
ગુરુને આપ બરાબર જાણે, તેને જમ દૂત વૈતરણિમાં તાણે;
ગુરુને ગાળ કાઢે તે કપૂત, તેનું મુખ સૂળે ભરે જમ દૂત. ૮
ગુરુની સેવામાં ચૂક પડાવે, તેને હરિ ચક્રનિ ધારે ચઢાવે;
ગુરુની નિંદા સુણે નિરધાર, સિસું ગાળિ રેડે તે શ્રવણ મોઝાર. ૯
ગુરુને ચરણે નમાવે ન શીશ, તેને શત્રુ રૂપે ગણે જગદીશ;
ગુરુની સેજે જે પગ ધારે, તેને ત્રિલોકમાં કોણ ઉગારે ૧૦

ગુરુ મરજાદ ન રાખે કોય, તે તો નર રણમાં રાક્ષસ હોય;
ગુરુ વિના ચાકટ જેવો સાપ, જેનું મુખ દીઠે ચઢે બહુ પાપ. ૧૧
ગુરુ વિના નગરો ફરે જન જેહ, મુવા પછિ ઢોર અવતરે તેહ;
એવું ગુરુ ગીતામાં કહે શિવરાય, જેને વેદ શાસ્ત્ર નિરંતર ગાય. ૧૨
ગુરુ બ્રહ્મ કેવળ જ્ઞાન સ્વરૂપ, જેને હૃદે આતમ તત્ત્વ અનૂપ;
છે તત્ત્વમસિમાં અખંડ આનંદ, ત્રિગુણાતીત ટાળે ભવફંદ. ૧૩
એવા ગુરુ પ્રેમે કરી જે જે, તેના ઘટ માંહિ ત્રિભુવન સૂજે;
ગુરુનું પ્રેમે ચરણોદક પીધું, તેણે ત્રિલોકનું તીરથ કીધું. ૧૪
પામે પરસાદ ગુરુનો પ્રીતે, જાણે તેણે જગ્ન કર્યાં લક્ષ નીત્યે;
ગુરુને પ્રેમ સંતોષ પમાડ્યા, જાણે તેણે ચૌદે લોક જમાડ્યા. ૧૫
ગુરુને પ્રકમા કરી લાગે પાય, તેને સહુ સાધન સેજે થાય;
એવા ગુરુ જાણિને આવ્યો શરણ, નિવારો નાથ જન્મ ને મરણ. ૧૬
ધરિ દેહ પામ્યો મહા દુઃખ, હવે હરિ આપો અવિચળ સૂખ;
પિડાયો પાર વિના મહારાજ, હવે હરિ બાંહ ગ્રહ્યાની લાજ. ૧૭
જોશો અપરાધ અમારા ઈશ, ત્યારે કોઈ કાળે હું કેમ તરીશ;
જ્યારે નિજ માત બાળકને મારે, ત્યારે તેને બીજું તે કોણ ઉગારે. ૧૮
અભય પદ બિરદ તમારું હોય, આવે શરણે તેને હણે ન કોય;
તમો ગુણ ગાયે જો કર્મ ન નાસે, ત્યારે કોણ ચરણ તમારાં ઉપાસે. ૧૯
રવિને ઉગે રહે અંધકાર, ત્યારે તેને શીદ ઈચ્છે સંસાર;
અમૃતને પીધે જો રોગ ન જાય, ત્યારે શો અમૃતનો મહિમાય. ૨૦
સુરતરુ સેવે ન ભાગે ભૂખ, ત્યારે તેને કોણ કહે સુર વૃક્ષ;
ગંગાજી નહાયે ન જાયે પાપ, ત્યારે શો ગંગાજીનો પરતાપ. ૨૧
પારસને પરશે ન હોય હેમ, ત્યારે તેને પારસ કહિયે કેમ;
સિંહને શરણે જાંબુક ખાય, ત્યારે સિંહ શરણે ગયો શું થાય. ૨૨
રામ નામ લીધે દમે અજ્ઞાન, ત્યારે કોણ કહેશે ભલા ભગવાન;
કામ ક્રોધ લોભ લુંટે જ્યારે ચોર, ત્યારે શું નાથ તમારું જોર. ૨૩
ધણીમાં જ્યારે મળે નહિ ઢંગ, તેની ત્રીયા ફરે ઉઘાડે અંગ;
પતિવ્રતા નાગિ પતિને લાજ, જુવો મન માંહી તમે મહારાજ. ૨૪
પિડા પામે દાસ પ્રભુને ઓટ, અમોપર કાળ ચલાવે ચોટ;
પ્રભુનું ભજન કરે તે પિડાય, તેનો તમને બદ્દો છે જદુરાય. ૨૫

આપો નિજ ભક્તિ સંધ ઉમરાવ, હૃદે એહું ઉંજડ ફેર વસાવ;
એસારોને એરખ નામ તમારું, તેણે કરી કારજ થાય અમારું. ૨૬
ત્યારે ફરિ નગર ન લૂંટે કોય, જ્યારે રખવાળું હરિનું હોય;
આવી પ્રભુ કરો હૃદેમાં વાસ, ત્યારે સહુ થાય અવિદ્યા નાશ. ૨૭
વરતાવોને એક તમારી આણ, ઉધાડોને રામ રતનની ખાણ;
દીનપણું દૂર કરો જદુનાથ, હવે હરિ હેત કરી ઝાલો હાથ. ૨૮
બોલાવી પાસ બેસાડો બાપ, પમાડો શીદ હવે પરિતાપ;
ભમાવો શીદ હવે ભગવાન, દયા કરિ દીજે અભયપદ દાન. ૨૯
નાઠે નહિ છૂટો ત્રિભુવન નાથ, ન મૂકું સ્યામ તમારો સાથ;
વેરી મેઘ બિંદુ બરાબર હોય, તમારો સંગ ન મૂકું તોય. ૩૦
માયાને વારો તમો રામરાય, નથી મુને જંપવા દેતી જરાય;
કરે છે સાંધા વાંધા બહુ જોર, એવું એનું કારમું કામ કઠોર. ૩૧
હરિ ગુરુ, સંતમાં અંતર પાડે, જીવને લાલચ લોભ દેખાડે;
એને કોઈ જિતે મહાશૂર વીર, ડગે નહિ ધર્મ ધુરંધર ધીર. ૩૨
સાગર સાત તે અંજલિ નીર, ગોપદ ભૂમી ગગન સમીર;
શૂન્ય પૂરણ દેખે સોય, મૃત્યુ તેને અમૃતનું ફળ હોય. ૩૩
રિદ્ધિ સિદ્ધિ મારે ન જોઇયે મુક્તિ, ન માગું જોગ સિદ્ધિની જુક્તિ;
ન માગું એક છત્ર–સમ રાજ, ઇંદ્રતણા આસનનું શું કાજ. ૩૪
ઇચ્છું નહિ અજપદ ને કૈલાશ, ન માગું ગોલોક વૈકુંઠ વાસ;
પદરજ એક ચડાવું શીશ, તમારી મહેર માયાને અધીશ. ૩૫
ઇચ્છું નહિ અન્ય પદારથ કાંઈ, રાખો નિજ ચરણ કમળની છાંઈ;
માગું પ્રેમ ભક્તિ સત સંગ સાર, માગું જશ ગાવા લીલા અવતાર. ૩૬
માગું હરિ પદરજ ચઢે મૂજ શીશ, એ માગું પ્રભુ દો આશીશ;
નડે નહિ કોઈ મને સંસાર, રહું નિજ નામ તણો આધાર. ૩૭
પ્રીતમ પતિ ઉધારણ નામ, તાર્યાં કંઈ કોટી પામ્યા નિજ ધામ.

સાખી

સત્ય નામ પ્રભુ તમ તણું, સત્ય સત પુરુષ વિચાર;
કહે પ્રીતમ શુધ ભાવશું, દીજે નિત્ય દેદાર. ૧
ગાય શિખે ને સાંભળે, ધરે નિરંતર ધ્યાન;
કહે પ્રીતમ નર નારમાં, નહિ કો તેજ સમાન. ૨

——:o:——

જ્ઞાનમાસ

સાખી

સદ્‌ગુરુને ચરણે નમું, માગું પ્રેમ પ્રસાદ;
દયા કરિને દિજિયે, હરિ રસ અમૃત સ્વાદ. ૧
વાણી શકે ન વરણવી, સદ્‌ગુરુતાણું સ્વારૂપ;
બુદ્ધિ બળ પહોંચે નહીં, ઉપમા રહિત અનૂપ. ૨
પરથમ પૂરણ પ્રેમશું, વંદુ સદ્‌ગુરુ ચર્ણ;
તાપ ટળે સંસારના, મટે જન્મ ને મર્ણ. ૩

(રાગ સોરઠ–રત્નાના મહીનાનો)

સાંભળ શુદ્ધ ચિત્તે કરી, હરિના ગુણ ગાન;
પ્રાત સહિત નિત નાથનું, હૃદયે ધર ધ્યાન. ૪
ગુરુપદ પંકજ પૂજતાં, ચૌદ લોક પૂજાય;
શિવ વિરંચિ ને સારદા, ગુરુના જશ ગાય. ૫
અંતઃકરણ હોય ઉજળાં, જડ તિમર ટળી જાય;
સરવે લાગે સુજવા, પદરજ મહિમાય. ૬
જપ તપ તીરથ જોગનું, ફળ જે કહેવાય;
પ્રીતમ સદ્‌ગુરુ સેવતાં, તે તો સરવે થાય. સાંભળ. ૭

સાખી

સદ્‌ગુરુની કરુણા થકી, ઉપજે નિરમળ ગાન;
શુદ્ધ ચૈતન્ય તુરિયા પદે, રહે નિરંતર ધ્યાન. ૧
કારતકે ચિત્ત ચેત્યાં નહીં, ઘડી લાખેણી જાય;
વળતી વિસારીશ જીવડા, પછેથી પસ્તાય. ૨
જો જાણે તો બાંધજે, પાણી પહેલી પાળ;
નીર ગયે નહીં નીપજે, શીર તાકે છે કાળ. ૩
કાયા કુસુમ છે કારમું, વેગે વણસી રે જાય;
અમર થાય જેમ આતમા, એવો કરજે ઉપાય. ૪
કહે પ્રીતમ તું પ્રીછજે, ઇચ્છજે કલ્યાણ;
સંત સમાગમ કીજિયે, મૂકી મનની રે તાણ. સાંભળ. ૫

સાખી

મનના પ્રપંચ મૂકજે, કરજે તત્ત્વ વિચાર;
રત્ન પદાર્થ જન્મ છે, નાવે વારંવાર. ૧

માગસર માથા ઉપરે, મોટું મરણનું સાલ;
મારગ વહે છે ઉતાવળો, કોઈ આજ ને કાલ. ૨
અંતે કોઈ કોઇનું નહી, રામનું લેને નામ;
એક ઘડી ન વિસારિયે, સૂખ સાગર શ્યામ. ૩
જુઠી બાજી જોઇને, મનમાં આવી ભૂલ;
રુડાં રંગે રળિયામણાં, સિમળાનાં ફૂલ. ૪
સુત વિત મંદિર સુંદરી, સૂખ સુપન વિચાર;
કહે પ્રીતમ સહુ કારમું, દીસે છે દિન ચાર. સાંભળ ૫

સાખી

મોતી સૌ ઉદકતણાં, તેના હાર ન થાય;
મિથ્યા મન મોદક કરે, તેણે ભૂખ ન જાય. ૧
પ્રેમે તે પ્રાણી પ્રીછજે, જેને ગુરુગમ હોય;
પરમારથ પાકું રત્ન છે, જતન કરશે જે કોય. ૨
અણછતું આપું માનીને, દુઃખ પામે અપાર;
શ્વાન સમાન આ જીવ છે, વહે શકટનો ભાર. ૩
સામગ્રી સર્વે હરિતણી, ભોગવે સંસાર;
મારું મારું તે કરી રહ્યા, તેણે ખાયછે માર. ૪
તન મન જેણે સોંપિયું, શ્રીહરિનેરે હાથ;
કહે પ્રીતમ તે પામિયા, વૈકુંઠનો સાથ. સાંભળ. ૫

સાખી

તજશે આપે આપદા, ભજશે પૂરણ બ્રહ્મ;
પલકમાંહિ પ્રલય જ થશે, કોટી જન્મનાં કર્મ. ૧
મોહ મહિને માયાતણો, મર્મ જાણે જેહ;
ભૂલવણીમાં ભૂલે નહીં, તરે ભવજળ તેહ. ૨
બાજીગરનો બાળકો, ગ્રહે હાથ ભુજંગ;
ઔષધ મુટ્ટીને ઓળખે, વીષ વ્યાપે ન અંગ. ૩
નામ અમૃત જન જે પિયે, તે તો અમર થાય;
જનમ મરણની આપદા, તેની તતક્ષણ જાય. ૪
અજ ઉમયાપતિ અહિ પતિ, જપે નિશદિન જેહ;
અનંત કોટી ગૃહી ઓધાર્યા, પ્રીછે પ્રીતમ તેહ. સાંભળ. ૫

સાખી

સદગુરુ સંત કૃપા કરે, પ્રગટે નિરમળ જ્ઞાન;
રવિ ઉદયે રજની ટળે, રહે નિરંતર ધ્યાન. ૧
ફાગણ પુલ્યેા સેાહામણેા, પુલી જુજવી જાત;
જોયાની રચના ઘણી, રંગ જૂજવી ભાત. ૨
વિધ વિધ પેરની વાસના, ઉઠે અનંત અપાર;
મન ભમરેા ભેાગી થયેા, રહ્યો વનમેાઝાર. ૩
ઠારે ઠારે દ્રુમ ઢાંકિયાં, આશા અમરવેલ;
નવપલ્લવ નૌતમ સદા, કેાકિલ કરે કેળ. ૪
લીલા લલિત સેાહામણી, શેાભાનેા નહીં પાર;
જન પ્રીતમ એવું જોઇને, રીઝ્યા હૃદયમેાઝાર. સાંભળ. ૫

સાખી

નિરમળ નયણે નિરખતાં, દરશે નિજ દેદાર;
સાગરમાં સૌ ઉપજે, લહરી લેાઢ અપાર. ૧
ચૈતરે ચિત્ત ચિદરૂપમાં, થઈ રહ્યું તલલીન;
નિમિષ માત્ર ન્યારું નહીં, જેવું જળનુંરે મીન. ૨
ચૈતન્ય સિંધુ ઝીલતાં, થયું શુદ્ધ શરીર;
સૌ ઈશ્વર સૌને વિષે, જેમ મણિકામાં હીર. ૩
એને આધારે સૌ રહ્યું, પિંડ ને બ્રહ્માંડ;
સચરાચર શેાભી રહ્યો, અવિનાશી અખંડ. ૪
બ્રહ્મ જથારથ ભાળતાં, ભાગે મનનીરે ભ્રાંત;
પ્રીતમ પ્રીછે પાધરું, થાય સમજે તે શાંત. સાંભળ. ૫

સાખી

સદચિદ–આનંદ સરવમાં, ભરી રહ્યો ભરપૂર;
દિન રજની રહે રંગમાં, નિરમળ વર્ષે નૂર. ૧
વૈશાખે જોતાં વેદમાં, મહા વાયક જ્ઞાન;
તત્ત્વમસિ તે તું જ છું, બળગેા નહિ આન. ૨
વાયુને ખેાળે વંટેાળિયેા, એમ ઈશ્વર જીવ;
વસ્તુ વિચારતાં એક છે, શ્યામ સૂત્ર સદીવ. ૩
અરસપરસ છે એકમાં, જેમ તરણીમાં તેજ;
ભિન્ન નહીં એમ બ્રહ્મથી, બેાળખે પદ એ જ. ૪

સરિતા સાગરમાં રહે, સાકર માંહે મીઠાઈ;
પ્રીતમ પુષ્પમાં વાસના, એવી ગુરુગમ પાઈ. સાંભળ. ૫

સાખી

પઠ તંતુ ન્યારો નહીં, જ્યમ હાટકને હાર;
જડ ચૈતન જગદીશમાં, તેજ પુંજ એક તાર. ૧
જેહે જનમ સફળ થયેા, જાણ્યા જગદીશ;
અખિલ ભુવનનેા આતમા, ગુણ માયાનેા ઈશ. ૨
વિશ્વ વિચિત્ર છે જેવડે, કરે રંક કલેાલ;
થંભ વિના થંભાવિયું, બ્રહ્માંડનું ગેાળ. ૩
રમવાને બાજી રચી, ધરી નવનવાં સ્વરૂપ;
સંશય શેાક સ્વભાવથી, થયેા જીવ સ્વરૂપ. ૪
વિષય વૃત્તિને આંતરે, અવરાયેા અનીત;
પ્રીતમ પેાતાને વિસર્યો, કરે પરશું પ્રીત. સાંભળ. ૫

સાખી

અંતરજામી આતમા, માનેા મિથ્યા ગર્વ;
માયાને પડદે રહી, મેાહ પમાડયું સર્વ. ૧
આશાડે અમરિતતણા, વરસ્યા વરસાદ;
હરિ હરિ સધળે થૈ રહ્યું, થાવર જંગમ જાત. ૨
ચિત ચાતક રંગે રટે, બેાલે મન મેાર;
જ્યાં ત્યાં ચૈતન–બ્રહ્મના, ઊગતા અંકાર. ૩
સુખ સાગર સેજે ઉછળ્યેા, સલિતા શુભસાર;
બ્રહ્મ નિરંતર જળ ભર્યાં, કેાઈ ન પામે પાર. ૪
માણે મત્સ મગન થઈ, મરજીવા સંત;
પ્રીતમ પલક ન્યારા નહીં, રાસયા રસવંત. સાંભળ. ૫

સાખી

મહા મુગટ જાણે જગત, જે આપે અદ્વીત;
અણલિગી આકાશવત્, સ્વયંપદ શબ્દાતીત. ૧
શ્રાવણ સાધન શું કરું, સમરણ ને ધ્યાન;
અહંકર્તા ઉઠી ગયેા, ગયું સરવ સમાન. ૨
પંચ કેાશપદ હું નહીં, નહીં અંતઃકરણ;
ઈંદ્રી અવસ્તા ઉરમી નહીં, નહિ વેષ ને વર્ણ. ૩

જીવ નહીં ઈશ્વર નહીં, નહિ માયા ને જ્ઞાન;
ત્રિધાવૃત્તિ ત્રિગુણ નહીં, નહિ જ્ઞાતા ને જ્ઞાત. ૪
સહુ પ્રકાશિત સરવનો, સાક્ષી શુદ્ધ સ્વરૂપ;
પ્રીતમ તે પરમાતમા, એ તો અકળ અનૂપ. સાંભળ. ૫

સાખી

ચેન ચરિત્ર જેને નહીં, સૌમાં વ્યાપક સોય;
પ્રીતમ તેને પ્રીછતાં, આવાગમન ન હોય. ૧
ભાદરવે એક રસ ભર્યો, સચરાચરમાંય;
પ્રલય સમે પાણી વિના, દીસે નહિ કાંય. ૨
કોર કિનારો પાળી નહીં, નહિ આવરણ ને આડ;
એક ચિદાનંદ જોઇને, છળ-વિદ્યા છાંડ. ૩
સ્વતંતર અંતર નહીં, બાહ્યાભ્યંતર બ્રહ્મ;
એમ જાણે તે ઉપાસના, એ વિના મોટો ભ્રમ. ૪
બ્રહ્મનિષ્ઠા પણ નવ ચળે, અનન્યતા એહ;
પ્રીતમ પૂરણ બ્રહ્મશું, જેને સાચો સ્નેહ. સાંભળ. ૫

સાખી

દૃષ્ટ પદારથ જેટલું, તેનો થયો અભાવ;
તનમય તન તુરિયા તણો, તેશું બન્યો બનાવ. ૧
આસો લીલા અખંડ છે, નીરખી નિરધાર;
ઓઘ વળ્યા આનંદના, સૂખ સિન્ધુ અપાર. ૨
ઇચ્છા ટળી ઇંદ્રલોકની, અજપદ કૈલાસ;
નહિ વૈકુંઠની વાસના, ભાળ્યો બ્રહ્મવિલાસ. ૩
અધિકારીને આવશે, સમજણ ને સાન;
મુક્ત થઈ તે માનશે, મૂકી દેહાભિમાન. ૪
સદ્‌ગુરુની કીરપાથકી, ઉપનો આનંદ;
પ્રીતમ તે પદ પામીઆ, નહીં શૂર ને ચંદ. સાંભળ. ૫

સાખી

જાણ્યું તું તે જાણિયું, નથી જાણવું કાંય;
પોતે પોતામાં ભળ્યો, જ્યમ પ્યાલો પાણીમાંય. ૧
ઉત્તરસંદે આદર કર્યો, રચ્યા દ્વાદશ માસ;
ખુટજે પ્રેમે પૂરા કર્યા, આણી અંગે ઉલાસ. ૨

સોરઠ રાગ સોહામણો, સુંદર શુભ સાર;
અક્ષરે અક્ષરે અતિઘણો, અનુભવ ભંડાર. ૩
સંવત અઢાર આડત્રીશે, કીધો એ વિચાર;
ચૈત્રવદી તીથી સપ્તમી, ઉત્તમ ગુરુવાર. ૪
ગાશે સાંભળશે શીખશે, કરશે હૃદયે વિચાર;
કહે પ્રીતમ પદ પામશે, નહીં સંશય લગાર. સાંભળ. ૫

—※※※※※—

શૃંગાર સંગ્રહ

પદ ૧ લું

રસીએ રંગ વધારિયા, અતિ આનંદમાં;
મોહનજી મંદિર પધારિયા, અતિ આનંદમાં.

દયા કરી દુઃખ ટાળિયું, અ; ભાવશું સનમુખ ભાળિયું, અ.
પ્રભુ પ્રેમે પરસન કીધલાં, અ; આજ અમને દરશન દીધલાં, અ.
બંધાવું તોરણ બારણે, અ; તન મન ધન કીજે વારણે, અ.
ઉત્તમ આસન આપિયાં, અ; ભવકેરાં બંધન કાપિયાં, અ.
પય સાકર પ્રેમે પીજીએ, અ; મુખ બીડી નાથની લીજીએ, અ.
સુખ સેજડલીનું સાર છે, અ; હૈડામાં હરખ અપાર છે, અ.
હું રસબસ થઈ રસમાં રહી, અ; રંગમાં રજની વીતિ ગઈ, અ.
પ્રીતમનો સ્વામી શામળો, અ; અબળા ઉપર અઢળક ઢળ્યો, અ.

પદ ૨ જું

સ્નેહ વધારી શામળે, રંગ ભેર રમતાં;
જેહેના દરશનથી દુખડાં ટળે, રંગ ભેર રમતાં.

કમળ નેન કરુણા ભર્યાં, રંગ; જોઈ લાલે લાખેણાં કર્યાં, રંગ.
રસ વ્યાપ્યો પૂરણ પ્રીતમાં, રંગ; વહાલો વસ્યો ચતુર વર ચિત્તમાં, રંગ.
મન અટકયું મોહનલાલમાં, રંગ; ખંત લાગી લાલાજીના ખ્યાલમાં, રંગ.
સખી સુખ સાગર સેજે ઉછળ્યો; રંગ; મનગમતો વર મુજને મળ્યો, રંગ.
પ્રીતમનો સ્વામી પ્રાણપતિ, રંગ; કયમ મૂકાય માહારી વતી, રંગ.

પદ ૩ જું

પાતળિયો પ્રાણ આધાર છે, ભાવે ભજીએ;
હોંશી હૈયાનો હાર છે, ભાવે ભજીએ.

વર વરવા સરખો છે સહી, ભાવે; એ સરખો નર બીજો નહીં, ભાવે.
પ્રેમી જન કેરો પ્રાણ છે, ભાવે; સુંદરવર ચતુર સુજાણ છે, ભાવે.
એની રૂપ કળા ગુણ ચાતુરી, ભાવે; છે મોહન મુરત્વ માધુરી, ભાવે.
સુખ સાગર નાગર નંદનો, ભાવે; ગુણ પામી ગોકુળ ચંદનો, ભાવે.
પ્રીતમનો સ્વામી મન વસ્યો, ભાવે; જ્યમ હીરો હાટકમાં રસ્યો. ભાવે.

પદ ૪ થું

તનની પીડા સઉ ટળી, મોહન મળતાં;
મહા રસ વ્યાપ્યો વેલા, વળી મોહન મળતાં.

તનમન પલટું તે વારનું, મોહન; સુખ દીઠું જુગદાધારનું, મોહન.
હૈડામાં હેત વધારીયું, મોહન; સોજે સઉ કારજ સારિયું, મોહન.
આનંદે સુખ આપીયું, મોહન; દુખજનમોજનમનું કાપિયું, મોહન.
સંશયનું સૂર સમાવિયું, મોહન; એહેનું રૂપ રસીલું ભાવિયું, મોહન.
થૈ પ્રફુલિત હેતે હૈયે, મોહન; રસ પ્રીતમ પ્રેમે શું પિયે, મોહન.

પદ ૫ મું

શ્યામ સોહાગી આવિયા, નવલે નેહે;
ભુદરજી ભીંતર ભાવિયા, નવલે નેહે.

નેણ ભરીને નિહાળીયા, નવલે; તન તાપ ત્રિવિધિ ટાળિયા, નવલે.
એહેનું રૂપ રસીલું જોઇને, નવલે; રહ્યું મનડું મહારું મોહીને, નવલે.
નવ અંબુજ નેન વિશાલ છે, નવલે; શિર મુગટ કુંડલ ગળે માળ છે, નવલે.
પિતાંબર જામો જરકસી, નવલે; રહ્યા ચરણ કમળ ચિત્તમાં વસી, નવલે.
પ્રીતમના સ્વામીને ભજું, નવલે; બીજું સઉ તુચ્છ કરીને તજું, નવલે.

પદ ૬ ઠું

નવ રસના ભર્યા નાથજી, નૌતમ વયમાં;
રહે સદા અમારી સાથજી, નૌતમ વયમાં.

વદન સુધાકર સાર છે, નૌતમ; તે તેજ તણો ભંડાર છે, નૌતમ.
અધર અરુણ ઓપે વળી, નૌતમ; દીસે દશન કુંદ કેરી કળી, નૌતમ.
નાસા જળ સુત સોહાવ્યું, નૌતમ; ભ્રૂ મનમથ ચાપ ચઢાવ્યું, નૌતમ.
નેણ બાંણ તીખી અણી, નૌતમ; હેલામાં મન લે છે હણી, નૌતમ.
રવિ નંદન કુંડલ કાન છે, નૌતમ; રસિયાજી રૂપનિધાન છે, નૌતમ.
મૃગમદ ચંદન ટીકો કર્યો, નૌતમ; મણિ મુગટ લસીત છોગો ધર્યો, નૌતમ.
નટવર છબી જોઇને, નૌતમ; ભજ પ્રીતમ ચિતડું પરોઇને, નૌતમ.

પદ ૭ મું

પામી પ્રેમ સ્નેહીને, પૂરણ પ્રીતે;
રસ પીધો ઉરપર લેઇને, પૂરણ પ્રીતે.
પ્રેમે પીઉજી માણિયો, પૂરણ; જુગજીવન જગતે જાણિયો, પૂરણ.
જે કારણ જોગી દેહ દમ, પૂરણ; તે રસીયો અમ સંગે રમે, પૂરણ.
દિલ દેખી આવે ધસ્યો, પૂરણ; તે ટાંણે નહીં અંતર કશો, પૂરણ.
જન પ્રીતમનો સ્વામી મળ્યો, પૂરણ; ભવસાગર ફેરો ભે ટળ્યો, પૂરણ.

પદ ૮ મું

સખી શામળીયો વર સાર છે, વા'લે વરીએ;
ગુણવંતો ગુણ ભંડાર છે, વા'લે વરીએ.
સઉ સુખદાયક લાયક હરિ, વા'લો; નિશદિન નીર ખું નેણાં ભરી, વા'લે.
એનું રૂપ દયામાં રાખિયે, વા'લે; સુખ જનમ કરમજશ ભાખિયે, વા'લે.
એ સુખ આનંદનું ઓધ છે, વા'લે; ભુદરજી ભજવા યોગ્ય છે, વા'લે.
પ્રીતમ રસ પૂરણ પીજીયે, વા'લે; એને ચરણ કમળ ચિત્ત દીજીયે, વા'લે.

પદ ૯ મું

પ્રેમ સુધારસ પીજીએ, આનંદ રસિયો;
સઉ સોંપી લાહો લીજીએ, આનંદ રસિયો.
કલ્પદ્રુમ તરુણી તણો, આનંદ; તે ફાલ્યો ફુલ્યો છે ઘણો, આનંદ.
જુવતી જુગ સેવે સદા, આનંદ; તેની સદા સમાવે આપદા, આનંદ.
ઇચ્છા ફલ ગુણમાં નામનાં, આનંદ; પૂરે જેની જેવી મન કામના, આનંદ.
પ્રભુ પ્રીતમનો ચતુર શિરોમણિ, આનંદ; તે અમર અખંડવર એ ધણી, આનંદ.

પદ ૧૦ મું

સખી શ્યામ કિશોર કુંવર જોને, કુંવર જોને, કુંવર જોને;
એહનું મુખ જોઈ મનના વિકાર ખોને, સખી શ્યામ કિશોર કુંવર જોને–ટેક.
વસુદેવ ને દેવકીના સુત કહાવે, ધનુષ જાગ જોવા આવે; સખી.
કાલ કુબ્જાનું ચંદન લીધું, તેહેનું રૂપ કમળા સરખું કીધું; સખી.
હુતા નંદરાય ઘેર ગોકુળમાં, મઘવાનું માન હર્યું પળમાં; સખી.
નિત્ય નિત્ય નીરખે નાર વ્રજની, લોચન સફલ કરોની સજની; સખી.
રસીક સિરોમણિ રંગ રસિયો, પ્રીતમનો સ્વામી મહારે મન વસિયો; સખી.

પદ ૧૧ મું

જુવે જુવંતી જરુખે જાંખીને, જાંખીનરે, જુવે જાંખીને;
કહે પરસ્પર પાંડીને; જુ.
કરે મનુની મનોરથ મધુપૂરની, છબી નેહે નીરખે નાથ નટવરની; જુવે.
મોર મુકૂટ કુંડળ વનમાળ, નખ શિખ સુંદર રૂપ રસાળ; જુવે.
તડિત સમાન પીત પટરાજે, શોભા જોઈ મનમથ લાજે; જુવે.
અમૃત દૃષ્ટિ ગંભીર ગેહેરી, સઉ કોઈ કહે કંસના વેરી; જુવે.
જ્યાં જ્યાં જાય શ્યામ મુખરાશિ, મોતીહે વધાવે પુરવાસી; જુવે.
વરવા જોગ સખી આ વર છે, સુંદરતાનો એ સાગર છે; જુવે.
માત તાતને કોણે ભરમાવ્યાં, અવર પુરુષને પરણાવ્યાં; જુવે.
અવર બીજું સખી શું કરીએ, પ્રીતમ સ્વામી પ્રેમે વરીએ; જુવે.

પદ ૧૨ મું–રાગ પરજ ગોડી

ઓ આવેરે ઓ આવેરે, અલબેલો આનંદ રસિઓ;
સુંદર શ્યામ સલોણો સજની, મોહનજી મહારે મન વસિયો. ઓ.
કરમાં ગેડી ને કમળ ફેરાવે, શિરસોહે પેંટો ફૂલ ભર્યો;
શ્રી ગિરિરાજ ધર્યો નખ ઉપર, ઇંદ્રતણો અહંકાર હર્યો. ઓ.
બકી બકાસુર શકટ તરણાવત, ધેનુક વછાસુર પ્રલંબ હણ્યો;
કાળી દૂર કીધો દાવાનળ પીધો, કેશી કંસ ને કીટ ગણ્યો. ઓ.
કલ્પદ્રુપ વ્રજજુવતી કેરો, સંત તણો સુખકારીરે;
પ્રીતમનો સ્વામી પ્રેમ સનેહી, નટવર નવલ બિહારીરે. ઓ.

પદ ૧૩ મું

ચાલ સખી જોવાને જઇએ, જીવન જોવા સરખો રે;
રૂપ કળા ગુણ લક્ષણ પૂરણ, નેણ ભરી ભરી નરખો રે. ચાલ.
ઘેરથી ગોપીજન નિસર્યાં, કર ધરી કંચન થાળ રે;
અગર કપુરે આરતિ સાજી, સુંદર રૂપ રસાળ રે. ચાલ.
પય પકવાન્ન મીઠાઈ મેવા, બીડાં બહુ તાંબુલ તણા રે;
અધર રસ અરપે અંગ સમરપે, વ્રજ જુવતીનાં જુથ ઘણાં રે. ચાલ.
કામ્યની કનક કમળ વન ફૂલ્યો, મધ્ય મધુકર મોહન લાલ રે;
પ્રીતમનો પ્રભુ પ્રેમ સ્નેહી, ભક્તવચ્છલ પ્રતિપાલ રે. ચાલ.

પદ ૧૪ મું

સુરભિ સગ શામળિયો આવે, જેમ ઉડગણમાં ઇંદુરે;
બાલ મરાલ વિશાળ મંડળી, ચરણ કમળ રજ વંદુરે. સુરભિ સંગ.
કૂલીસ કમળ ધ્વજ જવ જંબુ ફળ, ચહેન ખટદશ જોયરે;
હાટિક તડિત ઉડિત રવિ રંગે, અંગ પીતાંબર સોયરે. સુરભિ સંગ. ૨
કેસરી લંક અલંકૃત ભૂષણ, ભુજ અંબુજ નખજોતીરે;
વદન સુધાકર સુંદર શોભે, શ્રમ નિરમળ મોતીરે. સુરભિ સંગ. ૩
અરુણ અધર ધરી મધુર મોરલી, પ્રેમે પાસ બોલાવેરે;
રસ ભર્યાં લોચન ભવભયમોચન, આનંદ અતિ ઉપજાવેરે. સુરભિ સંગ. ૪
રવિ નંદક કુંડલ કર્ણ સોહે, મદન કોટી છબી છાજેરે;
કુટિલ કેશ આનન અંબુજપર, મધુપ મંદીલ બિરાજેરે. સુરભિ સંગ. ૫
મૃગમદ ચદન તિલક બિરાજે, તેહેનું તે તેજ અપારરે;
મુગટમય મણિપર મોર ચંદ્રિકા, ઇંદ્ર ધનુષ આકારરે. સુરભિ સંગ. ૬
નખ શિખ રૂપ નાથનું નિરખી, રાખ્યું હૃદયમોઝારરે;
પ્રીતમનો પ્રભુ પ્રેમ સનેહી, પ્રાણ તણો આધારરે. સુરભિ સંગ. ૭

પદ ૧૫ મું

સુંદર રૂપ રસિકવર કેરું, કોટીક મનમથ લાજેરે;
કમળ વદન અંબુજ આંખડલી, ભાલ તિલક રંગ રાજેરે. સુંદર રૂપ. ૧
મોર મુકૂટ મકરાકૃત કુંડલ, કર શિરોરુહ સોહેરે;
નાભિ નલિન નવલ પદ પંકજ, મુનિ મન મધુકર મોહેરે. સુંદર રૂપ. ૨
કુસુમહાર શણગાર શોભિતા, નીરખી નેન શરાયરે;
પ્રીતમનો પ્રભુ પ્રેમ સનેહી, ભેટે ભવ દુઃખ જાયરે. સુંદર રૂપ. ૩

જ્ઞાન તથા ભક્તિ પ્રકાશ

પદ ૧ લું

રામજી સત્ય છે સાંભળ સાચું કહું તુજને, એક વાતડલી ચિત ધરજોરે;
જો સુખ ઇચ્છે આપણું, તો સંત સમાગમ કરજોરે. ૧
સંતસંગે સુખ છે ઘણું, દુઃખ કોટિ જનમનું કાપેરે;
જીવતણી બુદ્ધિ પાલટે, સુધ જ્ઞાન જથારથ આપેરે. ૨

શીતલ નિરમલ સંતને, કાંઇ વદન સરોજની વાણીરે;
સાંભળતાં સંશય ટળે, મળે પ્રેમે સારંગપાણીરે. ૩
શબ્દે સંસાર છૂટીયે, જમકિંકરનો ભે ભાગેરે;
નૌકાસ્વરૂપી સંત છે, ભવ તરતાં વાર ન લાગેરે. ૪
એહવી સંગત્ય સંતની, તનમનના તાપ નિવારેરે;
પ્રીતમ પૂરણ પ્રેમશું, સુખસાગર સ્નેહ વધારેરે. ૫

પદ ૨ જું

સંત વિના સંસારમાં, કો હરિનો ભરમ ન જાણેરે;
શ્રીમુખ મહીમા સંતનો, પ્રભુ પૂરણ પ્રીતે વખાણેરે. ૧
નારદ પ્રત્યે નાથજી, તે સંત તણા જશ ભાખેરે;
સંત મને વહાલા ઘણા, નીત રૂપ હૃદયામાં રાખેરે. ૨
સંત સદા સુખધામ છે, માહરે રે'વાનું નિરધારરે;
સંતની રક્ષા કારણે, ધરું અવનીમાં અવતારરે. ૩
અરસ પરસ રહું એકમાં, જેમ સાકરમાં મીઠાઇરે;
પુષ્પ મધ્યે જ્યમ વાસના, તેમ સંતમાં સહુ સમાઇરે. ૪
તરણુ તેજ ન્યારું નહીં, કનક કુંડળ ભીન રૂપરે;
જલ તરંગ નહીં જુજવા, એમ સંત તે માહારું સ્વરૂપરે. ૫
સંત ચરણ રજ વંદશે, તે સર્વ શિરોમણિ થાશેરે;
શિવ વિરંચિ સારદા, તે સંતતણા ગુણ ગાશેરે. ૬
મૂલે પાણી સિંચતાં, ફલફૂલ પાંદડે ફરશેરે;
જે સંતોષે સંતને, તેહનાં સઘળાં કારજ સરશેરે. ૭
સંત તણો મહીમા ઘણો, તે કોઈ વીરલા જન જાણેરે;
પ્રીતમ પૂરણ પ્રેમશું, પ્રભુ સંતનો સુજશ વખાણેરે. ૮

પદ ૩ જું

સંત તે તીરથ રૂપ છે, માંહે રામ સુધાજલ ભર્યુંરે;
વચન લેઈ આનંદમાં, તન પરસે પાતક હર્યુંરે. ૧
સાધુ ચંદન ભાવના, સેવે તે શીતલ થાયરે;
તાપ પાપ ભવ આપદા, સૌ દુકીત દૂર પળાયરે. ૨
કામધેનુ ચિન્તામણિ, મનકામના પૂરણ થાયરે;
હૃદે કોમળ નવનીતથી, પરતાપે આગળી જાયરે. ૩

સંત સજીવન ઔષધિ, ભવ રોગોનો તાપ નિવારેરે;
સંસાર અપાર સમુદ્ર છે, એક પલકમાં પાર ઉતારેરે. ૪
સંત વચન બિંદુ સ્વાતિનું, મન છીપમાં મુક્તા થાયરે;
પ્રીત સહીત ચિત્ત પ્રોઈ લે, તેનું જનમતણું દુઃખ જાયરે. ૫
જે જાણે સુખ સંતનું, તે પળભર સંગ ન છાંડેરે;
પ્રીતમ પૂરણ પ્રીતડી, તે મન ક્રમ વચને માંડેરે. ૬

પદ ૪ થું

પ્રીત વિના પ્રભુ દૂર છે, તમે જો જો જુક્ત કરીનેરે;
શુદ્ધ પ્રેમ જેને પ્રગટે, તે ભાવે ભેટે હરિનેરે. ૧
પ્રીત જુઓ વ્રજનારની, જેણે વશ કીધા વનમાળીરે;
તન મન સદા વિસારિયાં, લોકલાજ મરજાદા ટાળીરે. ૨
સાચી પ્રીત એક મીનની, તે નીર વિના નવ જીવેરે;
જુઓ પ્રીત પતંગની, તે દેહ દહન કરે દીવેરે. ૩
ચિત્ત ચોંટયું ચકોરનું ચંદ્રશું, તે પ્રીતે પાવક પ્રાશેરે;
રવિ રહે લખ જોજને, જળ મધ્યે કમળ પ્રકાશેરે. ૪
પય ને પાણીની પ્રીતડી, એકમેક થઇને જાયરે;
આપ બળે પય ઉગરે, તે સાચો સ્નેહ કહેવાયરે. ૫
પ્રીત જુઓ પંખી તણી, જળ ચાત્રક ચંચ ન બોળેરે;
અંબુ પીએ આકાશનું, અવનીનું નીર ન ડોળેરે; ૬
નર માદા મોતી જુઓ, સત જોજનપર વેંચાયરે;
આવી મળે તે એકઠાં, અધક્ષણું અળગાં નવ થાયરે. ૭
પ્રીતમ એવી પ્રીતડી, ગુરુ સંતની સાથે સાચીરે;
તે પૂરણ પદ પામિયા, કાંઈ કહેણી ન રહી કાચીરે. ૮

પદ ૫ મું–રાગ બીજો

ગુરુ ગમે ઘટમાં જોયેારે, સંશય સરવ ટળ્યો;
અવિનાશી ચૈતન્ય રે, શબ્દાતીત મળ્યો. ૧
ચતુર દલ ચીતવી રે, ખટ દલ માંહે ખળ્યો;
દશ દલમાં દીઠો રે, દ્વાદશ દશમાં મળ્યો. ૨
ષોડશ દલ ખુપ્યો રે, દ્વિ દલમાં દરસો;
સહસ્ત્ર દલ ચઢ્યો રે, પંખી થઈ પરસો. ૩

નહીં નાદ ને વાણી રે, રવિ શશી જોત્ય રહી;
શુદ્ધ સ્વયં પ્રકાશી રે, દુનિયા ભાસ નહીં. ૪
નહીં અભ્ર એ ઉરમી રે, નહીં માયા મમતા;
પ્રીતમ સ્વયે પોતે રે, શૂન્ય શિખર સમતા. ૫

પદ ૬ ઠું

આ તનમાં તીરથરે, તત્ત્વ વિચારતણું; ચૈતન્યસાગરમાંરે, નહાવાનું ફળ છે ઘણું;
ગલકીમાં ઝીલેરે, નિરમલ નીરવડે; ગંગા ને જમુનારે, સરસ્વતી પૂર ચઢે. ૧
પરભાતમાં પ્રાગેરે, તાહાં થાયે તરવેણુ; મરજીવા જોગીરે, ઝીલે દીન રેણુ;
કાયા કાશીમાંરે, વિશ્વના નાથ વસે; પ્રીતમ પદ પરસેરે, તે તદ્રૂપ થશે. ૨

પદ ૭ મું

સદ્‌ગુરુને શબ્દેરે, સઉ તીરથ તેહને; પંડમાં છે પોતેરે, જિતી ફરે જેહેને;
ગુરુદેવ દયા કરેરે, તેહને સઉ સૂઝે; બોલે બહુનામીરે, બીજો શું બૂઝે. ૧
અંતરગત ઈશ્વરરે, આપે અવિનાશી; પોતાની ભૂલેરે, ભમે લખ ચોરાશી;
છે શ્રીમંત સુખિયેારે, રાંક થઈ રઝળ્યો; માયાને સંગેરે, ત્રિવિધિ તાપે બળ્યો. ૨
સદ્‌ગુરુને સેવેરે, તો નીજ રૂપ જડે; તનમાંહે તપાસેરે, પોતે પોતાવડે;
નખશિખ લગી ન્યાળોરે, ન મળે કોઈબીજો; પ્રીતમ એક અદ્વીતરે, જોઈ હૃદયે રીઝો. ૩

પદ ૮ મું

પુરણાનંદ પોતેરે, પરપંચ પરહરતા;
કારણનું કારજરે, લઈ અલગું કરતા. ૧
નભ પવન નહીરે, નહીં અંબુ અવની;
પંચ વીસે ચતુષ્ટીરે, નહીં ચુક્ષમ નવની. ૨
દશે ઇંદ્રિ અવસ્થારે, નહીં સ્થલનું ઠેકાણું;
સુરજ જેમ સાક્ષીરે, એમ આત્મા જાણું. ૩
અન્વય વ્યતિરેકેરે, જ્યમ છે ત્યમ જોયું;
પ્રીતમ છે સ્વરૂપેરે, નહિ પામ્યો નહિ ખોયું. ૪

પદ ૯ મું

ભૂલ ધણી ભાંગીરે, બ્રહ્માનંદ ભાસ્યો;
શુદ્ધ ચૈતન્ય સાક્ષીરે, સઘળે પ્રકાસ્યો. ૧

ટળ્યું તિમિર ત્રિગુણનુંરે, તુરિયા તેજ ઘણું;
અખંડ અજવાળુંરે, નિરમળ નામતણું. ૨
એકરસ અવિનાશીરે, શુદ્ધ રૂપ સ્વેજ્ઞેતી;
તરવેણી તારેરે, પ્રેાયું મન મેાતી. ૩
હરિ હાર હીરાનેારે, પહેરા પ્રીત ધરી;
થઈ પ્રેમ સેાહાગનરે, પૂરણ મન મેાદભરી. ૪
પામી અચળ એવાતણુરે, અખંડ વર વરતાં;
પ્રીતમના સ્વામીરે, સંગ આનંદ ધરતાં. ૫

પદ ૧૦ મું

જગતનું સુખ ઝાકળનું છે પાણી રે, જાણી લે;
વણશી જાતાં વાર નહીં સત વાણી રે, જાણી લે. ૧
સીસાબાજી સંસારનેા છે ખેલ રે, જાણી લે;
એ વિચારી અહંકાર તું મેલ રે, જાણી લે. ૨
જેતાં જેતાં જાવું છે તતકાળ રે, જાણી લે;
રેહેટ તણી ગેડ્યો જેવી ઘટમાળ રે, જાણી લે. ૩
એક ભરાયે એક ઠાલી થાય રે, જાણી લે;
એક અવતરે એક મરીને જાય રે, જાણી લે. ૪
પરમારથને પંથે પગલાં માંડ રે, જાણી લે;
કુડ કપટ ને છળવિદ્યા તું છાંડ રે, જાણી લે. ૫
પાપ પુણ્યનેા ઉત્તર દેવેા પડશે રે, જાણી લે;
જમ કિંકર જ્યારે આવી પડશે રે, જાણી લે. ૬
માટે ગરવ તજી ગેાવિંદ ગુણ ગાજે રે, જાણી લે;
પ્રીતમ પ્રભુને ભજીને પાવન થાજે રે, જાણી લે. ૭

પદ ૧૧ મું

મિથ્યા માયામાં શું મેાહ્યો મૂઢ રે, ચેતી લે;
હું હું કરતેા શું હિંડે છે હૂડ રે, ચેતી લે. ૧
કુબુદ્ધિથી તાહરું કરતવ્ય કાંયે ન ચાલે રે, ચેતી લે;
હરિના હુકમ વિના તેા તરણુ ન હાલે રે, ચેતી લે. ૨
મુરખ મિથ્યા ભમત કરિયે શું થાય રે, ચેતી લે;
તુંજથી તુટેા વાળ નવ સંધાય રે, ચેતી લે. ૩

મહારું મહારું કરતો જો સમરીને રે, ચેતી લે;
મનુષા દેહ તે મળ્યો નથી હરિને રે, ચેતી લે. ૪
મલીન માયા મૃગ તૃષ્ણાનું તોય રે, ચેતી લે;
ઓસાતણા મોતીના હાર ન હોય રે, ચેતી લે. ૫
અંજલિનું જળ ક્ષણું ક્ષણું ઓછું થાય રે, ચેતી લે;
એણીપેરે આવરદા તાહરો જાય રે, ચેતી લે. ૬
આવો બનાવ બને નહીં બીજીવાર રે, ચેતી લે;
પ્રીત પ્રભુને ભજતાં ભવનો પાર રે, ચેતી લે. ૭

પદ ૧૨ મું

હું માહરું તે સંસારનું છે મૂળ રે, સમજી લે;
ક્ષણ ક્ષણ ચાલે સંશે રૂપી શૂળ રે, સમજી લે. ૧
માહરું તાહરું મટતાં ભવનો અંત રે, સમજી લે;
સૌ શાસ્ત્ર પોકારી કહે છે સંત રે, સમજી લે. ૨
દ્રુમ તણે દૃષ્ટાંતે આ વૈરાટ રે, સમજી લે;
પત્ર તણી પેરે આવે જાયે ઘાટ રે, સમજી લે. ૩
કનકકુટ જમ ઘાટ ઘડીને ભાળે રે, સમજી લે;
એમ એને બ્રહ્માંડની વાર ન લાગે રે, સમજી લે. ૪
ઇંદ્રજાળ જ્યમ બાજીગરનો ખેલ રે, સમજી લે;
કમર કોકડાં ગુંચાયાં ઉકેલ રે, સમજી લે. ૫
શું સુતો છે અચેત આલસ આણી રે, સમજી લે;
આયુષ્ય તાહરું ઓસતણું છે પાણી રે, સમજી લે. ૬
સંસાર સુખથી રહેજે સદા ઉદાસ રે, સમજી લે;
જ્યમ મધુકર ન કરે ચંપક વનવાસ રે, સમજી લે. ૭
શ્વાસે શ્વાસે સ્મરણ કરજે સાર રે, સમજી લે;
રખે ધરતો તું દેહ તણો અહંકાર રે, સમજી લે. ૮
હરિ નામ હીરો હૃદયામાં રાખે રે, સમજી લે;
પ્રીતમ પ્રેમે પ્રેમ સુધારસ ચાખે રે, સમજી લે. ૯

પદ ૧૩ મું

રામ રસાયણ પ્રેમ ધરી જે પીશે રે, માણી લે;
તેહને અખિલ લોકનું દૈવત દીસે રે, માણી લે. ૧

અમર થાય તે મરે નહીં કોઈ કાળ રે, માણી લે;
અપાર હિત થઈ આપોપું સંભાળ રે, માણી લે. ૨
અજર પ્યાલો અધર ફરે છે જેહ રે, માણી લે;
મરજીવા હોય તે મુખમાંડી લેહ રે, માણી લે. ૩
આળસ નિદ્રા ભુખ તરસ સહુ ભાગે રે, માણી લે;
ત્રિભોવન પતીશું તનમાં તાળી લાગે રે, માણી લે. ૪
અખંડ બ્રહ્મ જુએ એક મેક થઈ જાય રે, માણી લે;
સાગર નીર ભળ્યું ન્યારું નવ થાય રે, માણી લે. ૫
તેહના સુખને અવર ન જાણે કોય રે, માણી લે;
અમૃતપાન કરી અતિ આનંદ હોય રે, માણી લે. ૬
મહા મગન થઈ મુંગો મીસરી ખાય રે, માણી લે;
પતિનું સુખ સુંદરીયે કયમ કહેવાય રે, માણી લે. ૭
શુદ્ધ વિચાર કરી સુખ માંહે સમાયો રે, માણી લે;
કહે પ્રીતમ તે રંગમાંહે રંગાયો રે, માણી લે. ૮

પદ ૧૪ મું-રાગ કોલેરો

જાણે નહીં જગજીવન અભાગી, મરણ તણો ભય મોટોરે;
કાચા કુંભ બરાબર કાયા, જેવો જળ પરપોટોરે. જાણે. ૧
કૌરવ, કંસ, જરાસંધ, રાવણ, દંતવક્ત્ર શિશુપાલરે;
એહવા ગયા તેહની નહીં ગણતી, દેતા સાગર ફાળરે. જાણે. ૨
મણિધરના મુખ માંહે, મીડકી માખ્યને મારેરે;
એહવો આ સંસારખેલ છે, વીરલા જ્ઞાન વિચારેરે. જાણે. ૩
જગત જીવ ચતુરાનું ચવણું, કૈ ખાધા ને કૈ ખાશેરે;
પ્રીતમ પ્રભુનું ભજન કરી લે, તે નર નીરભે થાશેરે. જાણે. ૪

પદ ૧૫ મું

પરમારથ પ્રીછો નહીં પ્રાણી, ઇચ્છો આપ સવારથરે;
મૂઢમતિ માયામાં મોહ્યો, ખોયો જનમ અકારથરે. પરમારથ. ૧
આપણી હોંસે હેડમાં પેઠો, અચેત પામર પોતેરે;
કામધેનનું પય ઢોળીને, શું જડ સ્વાની દોહતોરે. પરમારથ. ૨
રત્ન પદારથ જનમ ગમાયો, ધાયો ધંધા માંહેરે;
કહે પ્રીતમ તે અંતની વેળા, કામ ન આવ્યું કાંયેરે. પરમારથ. ૩

પદ ૧૬ મું

સાકુટ નરનો સંગ ન કરીએ, મરીયે મહા વિખ ખાઇરે;
પરવત ચઢી પડીયે પાવકમાં, તેથી દુષ્ટ દુઃખદાઇરે. સાકુટ. ૧
લેઈ સાણસા અંગ મરોડે, વીંછી તોડે તનરે;
સિંહ ખાયે ભાવે વસિયે ભુજંગમાં, પણ મળશો નહીં દુરિજનરે. સાકુટ. ૨
નર તે કેહને કહિયે, જેહને હૈયે દ્વેષ ઘણોરે;
હરિગુરુ સંતની કરે અવગણના, શત્રુ સઉ જુગ જીવ તણોરે. સાકુટ. ૩
નહીં આધીન ગુરુ ગોવિંદનો, જ્ઞાન હીણને ઘણું ગુમાનરે;
કહે પ્રીતમ તેને પરહરીએ, જ્યમ ખર સુકર શ્વાન સમાનરે. સાકુટ. ૪

પદ ૧૭ મું

જે મુખમાં નહીં સીત ચરણામૃત, તે મુખ નહીં હોય પવિત્રરે;
બળ્યા ઘરના ગોસ બરાબર, જેણે ગાયા નહીં ગોવિંદ ચરિત્રરે. જે. ૧
સુકર કુકર પ્રેત તણીપેરે, પોષ્યો પિંડ બહુ પાપેરે;
અજ્યા થકી સ્નાન ઉપજે, સદા અશૂચી આપેરે. જે. ૨
મરિયે પણ સુપને નવ કરીએ, એહવા પુરુષનો સંગરે;
સંગ થકી સઉ સુકીત નાસે, પડે ભજનમાં ભંગરે. જે. ૩
કૃપા કરે ગુરુદેવ દયાનિધિ, તેનાં તાળાં તૂટેરે;
પ્રીતમ પ્રભુનું ભજન કરી લે, ભવનાં બંધન છૂટેરે. જે. ૪

પદ ૧૮ મું

સત્ય સુધા શ્રીકૃષ્ણ નામ છે, જે જન જુગતે ચાખેરે;
પ્રોત સહિત નિત્ય નેહ ધરિ, હરિરૂપ હૃદયામાં રાખેરે. સત્ય. ૧
કોય કહે સુધા રહે સિંધુમાં, કોય કહે શશિમાં છે સહીરે;
કો કહે વનિતા વદન રહે, જ્યમ કહે છે ત્યમ વાત નહીરે. સત્ય. ૨
સાગરમાં હોતે તો નોય ખારો, શશિકલા કયમ ઝાંખી હોયરે;
પીયુ પ્રેમદાને વદન વસે તો, પતિ પોતાનો નાશ ન હોયરે. સત્ય. ૩
પ્રેમ પીયુખ મુખ વસે વૈષ્ણવને, પ્રેમ ધરે તેહને રસ પાયરે;
કહે પ્રીતમ પીતા હોય અમર, જનમ મરણનું જોખમ જાયરે. સત્ય. ૪

પદ ૧૯ મું

કુરમ કહીપેરે અંગ સમેટે, ઉપર દીસે નહીં આકારરે;
જીવ જંત જોઇને વળે પાછો, તેહને ઓ ન મળે સંસારરે. કુરમ. ૧

ઇન્દ્રિય દેવ વિષે ગુણ વરતી, સરવ સંકોચ ન કીજે રે;
મોતી કાજ્ય પડે મરજીવા, એમ અમીરસ પીજેરે. કુરમ. ૨
જોગીનો જીવ જડે નહીં જમને, કાલ રહે શીર કુટીનેરે;
અમૃત પાન કોટિ થયાં અમર, શું કરે રવિસુત રુઠીનેરે. કુરમ. ૩
રવિનાં કીરણ રહે જ્યમ રવિમાં, સરિતા સાયરમાંહે રહેરે;
કહે પ્રીતમ એમ હરિમાં હરિજન, નિમિષ માત્ર તે ન્યારા ન રહેરે. કુરમ. ૪

પદ ૨૦ મું

કાયારે તાહરી કામ ન આવે, જો કરે કોટી ઉપાયરે;
વણશી જાતાં વાર નહીં લાગે, જો કુંદન કાપીને ખાયરે. કાયારે. ૧
દેહીનાં સ્નેહી સકળ સ્વારથિયાં, અંત્યે અળગાં રહેશેરે;
એક ઘડી ઘરમાં નહીં રાખે, કાઢો કાઢો કહેશેરે. કાયારે. ૨
પાંચ સાત દિન કોયક સંભારશે, વળતી મૂકશે વિસારીરે;
પોતે પોતાને મારગ લાગશે, કોણ પુરુષ કોણ નારીરે. કાયારે. ૩
સુપનાનું ધન જોયા સૂધી, તેણે કાંઈ કારજ નવ થાયરે;
પ્રીતમ પ્રભુનું ભજન કરી લે, અમુલખ અવસર જાયરે. કાયારે. ૪

પદ ૨૧ મું

જે જને હરિનું નામ ન જાણ્યું, તે પસ્તાયા પ્રાણીરે;
વેઠે વેળુ દળી તે પુરુષે, મૃગજળ માયા માણીરે. જે જને. ૧
ધન દારા સુત કુટુંબ કબીલો, મૂઢમતિ શું મોહ્યોરે;
ચિતામણિ પામ્યો મનુષ્યા દેહ, તે ખડભડમાં ખોયોરે. જે જને. ૨
જનમ ધરી જુગદીશ ન જાણ્યા, હરિ રસ અમલ ન પીધોરે;
કહે પ્રીતમ ઝળે ગયો અવસર, એકે અરથ ન સીધોરે. જે જને. ૩

પદ ૨૨ મું

આનંદકારી અચલ વિહારી, ગિરિવરધારી ગોકુળચંદરે;
સુખ સાગર નાગર ગુણ આગળ, ગોપીવર ગોવિંદરે. આનંદ૦ ૧
ઇંદ્ર કમળ ભૂ શેષ સનકાદિક, નિગમ નિરંતર ગાયરે;
અગમ અપાર હરિનો મહિમા, કોણે કળ્યો નવજાયરે. આનંદ૦ ૨
ચિંતામણી સુરધેનુ કલ્પતરુ, જે સેવે શુદ્ધ ચિત્તે સારરે;
રિદ્ધ સિદ્ધ મુક્ત ચતુરધા દાસી, સુખરાશિ હરિનામ ઉદારરે. આનંદ૦ ૩
પાપ તાપ દીનના ટાળે, અખંડ અભેપદ પામેરે;
કહે પ્રીતમ પ્રભુનામ સમરતાં, અનેક આપદા વામેરે. આનંદ૦ ૪

પદ ૨૩ મું

લંપટરે તુંને લાજ ન આવી, મુરખ મંદ અભાગીરે;
શાસ્ત્રપુરાણ કહે સમજાવી, સમજણ શેષ ન લાગીરે. લંપટરે. ૧
શ્વાન પુંછ ને સાકુટનું મન, તે સૂધું નવ થાયરે;
નીર વલોવે નવનિત ન મળે, શ્રમ કર્યો તે જાયરે. લંપટરે. ૨
કેસરી કુંજર કાયક કરે વશ, વશીયરને વશ લાવેરે;
ચંચળ ચોર ચપળ મન જૂઠું, કયમે કર્યું હાથ ન આવેરે. લંપટરે. ૩
દુષ્ટ પાપીષ્ટ ધૂર્ત નહીં એહને, જેહને દુરમત્ય ઝાઝીરે;
પ્રીતમ પ્રભુનું ભજન કરી લે, પરહરય પરપંચ બાજીરે. લંપટરે. ૪

પદ ૨૪ મું

માયા સહુને મોહ પમાડે, હરિજનથી રહી હારીરે;
જેહનો ધણી જોરાવર કહાવે, તેણે કાઢી નારીરે. માયા૦ ૧
બાજીગરની બાજી માંહે, જંબુરો સઉ જાણેરે;
નાડિનો નાગ કરી દેખાડે, ભેદી ભેદ નવ્ય આણેરે. માયા૦ ૨
પીછાં કેરું કરે કબુતર, જોઈ જગત મોહ પામેરે;
ધુળનું ધન કરી દેખાડે, સેવક ન ભૂલે ભામેરે. માયા૦ ૩
હરિરસ અમલ અખંડ ખુમારી, જે પ્રેમે કરી પીશેરે;
કહે પ્રીતમ કારજ સર્યું જેહનું, કયમ બીજાથી બીહીશેરે. માયા૦ ૪

પદ ૨૫ મું

કાયા કલ્પદ્રુમ સમ જાણો, શોભા વરણી ન જાયરે;
કર્મનાં મૂળ અનાદિ ઉંડાં, ફૂલે ફળે સદાયરે. કાયા૦ ૧
શત શાખા શાખા ડાળ દ્વાદશ, પત્ર છત્રીશ હજારરે;
આશા વેલ રહે નવપલ્લવ, પુષ્પ તણો નહીં પારરે. કાયા૦ ૨
જીવ ઈશ્વર પંખી બેઉ બેઠા, એક જોગી એક ભોગીરે;
જોગી જોગ જોગતે શું જીવે, ભોગી તે અતિ રોગીરે. કાયા૦ ૩
કાળ કુંજર કરે ધ્વંસ દ્રુમનો, ચૈતન્ય ચોકી રહેનેરે;
જન પ્રીતમ એહવું જાણીને, નામ અમર ફળ લેનરે. કાયા૦ ૪

પદ ૨૬ મું–રાગ કાનડો

નિરમળ નામ નિરંતર લેરે, ટેક
રામ અનંત મુકંદ મોરારી, શ્રીગિરિવર ધારી ગોવિંદ તેહરે; નિરમળ.
કેશવ કૃષ્ણ કૃપાનિધિ માધવ, સંભારે સઉ શોક હરેરે; નિરમળ. ૧

શ્રીવર સુંદર શ્યામ મનોહર, રૂપ અનેક થઇને રમેરે; નિરમળ.
નારાયણ મધુસૂદન મોહન, ત્રિભુવન તારણ ત્રીકમ છેરે; નિરમળ.
પ્રીતમ પ્રીત સહિત મન ભાવે, રાત દિવસ હરિ રંગમાં રહેશેરે; નિરમળ.

પદ ૨૭ મું

નામ વિના ગતિ મુક્તિ નહીરે, ટેક
સહસ્રાનન ચતુરાનન શંકર, સાંખ્ય સંત શ્રુતિ અગમ કહીરે; નામ.
અજામેલ ગજ ગીધ વ્યાધ્ર કપિ, ગુણિકા વિમાન ચઢિ ગગન્ ગઇરે; નામ.
નામ આધાર તરે જળધર મહીધર, મૂઢમતિ મન સમજ સઇરે; નામ.
તપ તીરથ વ્રત દાન જજ્ઞ ફળ, નામ સમોવડ નાવે એહીરે; નામ.
રામનામ સહુ માંહે શિરોમણ, ભજ્ય પ્રીતમ રસ રૂપ થઇરે; નામ.

પદ ૨૮ મું

રામ સુધારસ જે જન પીવે, ટેક
અદ્યાપિ સિદ્ધ નવનિદ્ધ મુક્તિ, ચતુરધા ચાર પદારથકું નહીં છીવે; રામ.
બ્રહ્મપ્રકાશ હોય ઘટ ભીતર, તિમિર ટળી જાય અમીરસ દીવે; રામ.
જરા ન જંપે કાળ ન વ્યાપે, અમર જુગો જુગ તે નર જીવે; રામ.
ધ્રુવ, પ્રહ્લાદ, નારદ, સનકાદિક, અજર પીયાલો પીધો શિવે; રામ.
કહે પ્રીતમ થયા તે તદ્વત્, જમકિંકરથી કો નવ બીવે; રામ.

પદ ૨૯ મું

તું તારું તન દેખ તપાસી, ટેક.
મટે મોહ સમતા મદ માયા, તો કાયામાં કેદાર ને કાશી; તું તારું.
જાગ્રત સ્વપન સુષુપ્તિ તુરીયા, રોમ્ય રોમ્ય રહ્યો પ્રકાશી; તું તારું.
તું છે સુક્ષમ કારણનો દ્રષ્ટા, આનંદરૂપ અખિલ અવિનાશી; તું તારું.
ઉઠ પીઠકુ લાટક સાહાટક, ભમર ગુફા ભ્રમરંધ વિનાશી; તું તારું.
આઠે પહોર રહે એ સુખમાં, પ્રીતમ તેહની ટળી ચોરાશી; તું તારું.

પદ ૩૦ મું

તું તો રામ રટણ કર રંગમાં, અંગમાં, ઉપજે આનંદ;
ગોવિંદ ભજ ભાવશું.
પરમારથ અરથ વિચારીએ, તજ સ્વારથ માયાનો ફંદ; ગોવિંદ.
કહીએ કાયા તે તારી કારમી, તેને વણસતાં નહીં લાગે વાર; ગોવિંદ.
ઓસ ઉદક બીડી બરાસની, તેને ઉડયતણો આંતબાર; ગોવિંદ.
મૃગ તૃષ્ણાજળ જાસક ભર્યો, એવો જાણો સકળ સંસાર; ગોવિંદ.

ગુંજા વહ્નિ તે મરકટે માનિયેા, તેણે ટાઢ ટળે નહીં લગાર; ગેાવિંદ.
સુપનામાં સમૃધિરે પામિયેા, જાગી જોતાં મળે નહીં જરાય; ગેાવિંદ.
ધુમરના તે ઢગ સેાહામણા, તુજ મૂડીમાં ન ભરાય; ગેાવિંદ.
સાચી સંગત સદગુરુ સંતની, જેણે જીવપણું ટળી જાય; ગેાવિંદ.
કહે પ્રીતમ પ્રભુને સંભારતાં, મહા પાપી પાવન થાય; ગેાવિંદ.

પદ ૩૧ મું

સંત પારસ ચંદન ભાવના, કામધેનુ કલ્પદ્રુમ સાર; સમાગમ સંતનેા.
પ્રેમ સમજણેા અંતર ઘણેા, તરુ પારસ ત્રણ પ્રકાર; સમાગમ.
એક પારસથી પારસ બંને, એક પારસથી બંને હેમ; સમાગમ.
એક પારસ લેાહ કુંદન કરે, સેા વસા એમનું એમ; સમાગમ.
એક ચંદનથી વિષ ઉતરે, એક ચંદને અગ્નિ ઓળખાય; સમાગમ.
એક તલભર તેલમાં જો પડે, ફરી તાતું કયારે નવ્ય થાય; સમાગમ.
સૌ ગજ શિર મેાતી ન નીપજે, સઉ નાર્યું સતી નવ હેાય; સમાગમ.
સૌ સેના શૂરી નવ જાણીએ, એવી જ્યુગત વિચારી જોય; સમાગમ.
જ્ઞાન હીણ ગુરુ નવ કીજીએ, વાંઝ ગાય સેવ્યે શું થાય; સમાગમ.
કહે પ્રીતમ બ્રહ્મવિદ ભેટતાં, ભવ રેાગ સમૂળેા જાય; સમાગમ.

પદ ૩૨ મું

સંત લક્ષણ ત્રીસસેાહામણાં, જેહની ચિત્ત થઈ વૃત્તિ શાંત;
એવા જન હારતણા.
બ્રહ્માનંદ બ્રહ્મરસ ભેાગિયા, જીવ ઇશ્વર ભાગી ભ્રાંત્ય; એવા.
દયા દાન દાસીત્વ અતિ ઘણાં, જ્ઞાન ભક્તિ વિવેક વૈરાગ; એવા.
ક્ષમાવંત તપે નહીં તાપમાં, આશા રહિત અમલ અનુરાગ; એવા.
અક્રેાધ ઇંદ્રીજિત અનુભવી, કવિ કેામળ શીલ સંતેાખ; એવા.
આશા રહિત અમૃત વાણી વદે, સેહેજાનંદ આનંદ કેાશ; એવા.
શુદ્ધ સ્નેહી સવારથ નવ મળે, પરમારથ ઉપર પ્રીત; એવા.
શશિ સુરજવત સાક્ષી રહે, ઉદાર અરણુવની રીત; એવા.
હરખ શેાક વિષે ડેાલે નહીં, અર્ધ નિમિષ તજે નહીં નામ; એવા.
સુરતરુ સુરધેનુ ચિંતામણી, મળતાં પહેાંચે મન કામ; એવા.
પરિપૂરણ વળણ સંતનાં બતરીશમાં આછાં ય; એવા.
કહે પ્રીતમ સદ્ગુરુ સંતને, સઉ સેાંપીને શરણે રહે; એવા.

પદ ૩૩ મું

સદ્‌ગુરુના તે શબ્દ વિચારતાં, મટે માયા મોહ વિકાર; હરિરસ પીજીયે.
બાળી ભસ્મ કરે બીજી વાસના, ઉર પ્રગટે પ્રેમ અપાર; હરિરસ.
એવો અજર અમીરસ જે પીયે, તેહનાં નેણ વેણ પલટાય; હરિરસ.
લાગી બ્રહ્મ ખુમારી નવ ઉતરે, સુખ મુખે કહ્યું નવ જાય; હરિરસ.
તેને સંભવ નથીરે શરીરનો, થયો આ તેમ દૃષ્ટે ઉધાડ; હરિરસ.
મરજીવો થઈ હરિને મળે, ગળે જ્ઞાન હિમાળે હાડ: હરિરસ.
બ્રહ્મ ધ્યાને ગગનવત્ થૈ રહે, જ્યમ કુંભ મહાજળ માંઈ; હરિરસ.
કૃષ્ણ પોતામાં પોતે કૃષ્ણમાં, કૃષ્ણ વિના ન દિસે કાંઈ; હરિરસ.
જૈ સરિતા સાગરમાં ભળે, તેહનું નામ નદી ટળી જાય; હરિરસ.
કહે પ્રીતમ સદ્‌ગુરુ સેવતાં, ટળે અંતર એકરસ થાય; હરિરસ.

પદ ૩૪ મું

કાયા બનીરે તાહરી કારમીરે, તાહારો અમર નથી અવતારરે;
હરિનું ધ્યાન ધરજે.
કાચો તે કુંભ જળે ભર્યોરે, તેહને ભાંગતાં કેટલી વારરે; હરિનું.
તરુવરથી ફળ છુટીયુંરે, તે ફરી ન ચોંટે ડાળરે; હરિનું.
ગયો અવસર આવે નહીરે, બાંધ પાણી પહેલી પાળરે; હરિનું.
નદી યોગે હેરી નાવ જર જડીરે, માંહે બેઠા મૂઢ ગમારરે; હરિનું.
બોટો છે માંહે બારુબારે, તે તો હોડીના હાંકણહારરે; હરિનું.
કર્મ વા આવી આફળેરે, માંહે મોહનાં મોજાં થાયરે; હરિનું.
તેડ ન સૂઝે તેહનીરે, તેહનો કરવો કોણ ઉપાયરે; હરિનું.
સદ્‌ગુરુ શબ્દ વિચારિયેરે, જો કરીએ સદા સતસંગરે; હરિનું.
તો સહેજે પાર પામીએ, કહે પ્રીતમ પ્રગટે રંગરે; હરિનું.

પદ ૩૫ મું

મનમાં જાણે છે મરવું નથીરે, દેહને, અભિમાને બહુ ગોઠવણ કરતો ગમારરે, દેહને.
મારાં મંદિર મારાં માળીયાંરે, દેહને, કહે મારા પુત્ર વારંવારરે, દેહને.
મારી જગ્યારે મારી જુવતીરે, દેહને, ઉઠી ચાલવું છે આજકાલરે, દેહને.
જમદૂત વરાતી આવશેરે, દેહને, ઉઠી ચાલવું છે આજકાલરે, દેહને.
કાળે ગ્રહ્યા કેશ તારારે, દેહને, તે તો કરશે ઘડીમાં ધાતરે, દેહને.
વળતી વિચારીશ જીવડારે, દેહને, ઘણું ઘસવા પડશે હાથરે, દેહને.
વાત, પીત, કફ આવી કંઠ રુંધશેરે, દેહને, નહીં આવે ઉપર લવલેશરે, દેહને.

મનનું ધાર્યું રહેશે મનમાંરે, દેહને, પ્રાણી પામશે કષ્ટ કલેશરે, દેહને.
કર્મ પ્રધાન છે જીવનેરે, દેહને, ફળ શુભ અશુભ દેનારરે, દેહને.
જેવાં કર્યાં તેવાં ભોગવેરે, દેહને, ધરે ઉંચ નીચ અવતારરે, દેહને.
પડે પશુ પંખી જાતમાંરે, દેહને, ચાર ખાણુ ચોરાશી લક્ષરે, દેહને.
દુખનો અંત આવે નહીંરે, દેહને, કહે નિગમ પુરાણ પ્રત્યક્ષરે, દેહને.
ગુરુ ગોવિંદ સેવ્યા નહીંરે, દેહને, કેઈ પેર કર્મનો નાશરે, દેહને.
વાસના બીજ બળ્યું નહીંરે, દેહને, ત્યાં લગી ઉગરવાની શી આશરે, દેહને.
મોહ માયાના મોટા મોરચારે, દેહને, જાતરૂપ જુવતીનું જોરરે, દેહને.
કહે પ્રીતમ કોયક જિતશેરે, દેહને, જેહને સદ્‌ગુરુ શબ્દ અકારરે, દેહને.

પદ ૩૬ મું

જત્ન કર્યે જીવવું નથીરે, ચિત્તમાં, ચેત્ય ચોંપે, તજ દેહપણું અભિમાનરે, ચિત્તમાં;
સો વરસ જીવ્યો તો શું થયુંરે, ચિત્તમાં, સરવાલે મરણ નિદાનરે, ચિત્તમાં.
આયુષ નિરંતર અંજલિરે, ચિત્તમાં, તે ટળકે સાસ ઉસાસરે, ચિત્તમાં;
દુરમતિ શે નથી દેખતોરે, ચિત્તમાં, આંખ્યો આગળ થયા નર નાશરે, ચિત્તમાં.
દિન દશ પાંચ મુકામ છેરે, ચિત્તમાં, પછે કુચનાં નગારાં કહેવાયરે, ચિત્તમાં;
સેનાપતિ ચઢી ચાલશેરે, ચિત્તમાં, ત્યાં પાણી પીવા નહીં રહેવાયરે, ચિત્તમાં.
તું તારું સજી બેસજેરે; ચિત્તમાં, પ્રાણી પછે પસ્તાવો ન થાયરે, ચિત્તમાં;
પુણ્ય કર્યું તે પલ્લે બાંધીયુંરે, ચિત્તમાં, કને ખરચી વિના શું ખાયરે, ચિત્તમાં.
શૂરાને શી શોચનારે, ચિત્તમાં, સતીને કોહોનો સંધાતરે, ચિત્તમાં;
એક ધણી શ્રી રંગ રાખજેરે, ચિત્તમાં, કહે પ્રીતમ પ્રેમની વાતરે, ચિત્તમાં.

પદ ૩૭ મું

લંપટ શે નથી લાજતોરે, કુબુદ્ધિ શું, કહીએ, તુંને સમજાવ્યો સોવારરે, કુબુદ્ધિ.
તોયે મૂઢમતિ માને નહીંરે, કુબુદ્ધિ, ધીર પામર પશુ ગમારરે, કુબુદ્ધિ.
તારું ચતુરપણું પડો ચૂલમાંરે, કુબુદ્ધિ, જો પ્રભુની પેરરે, કુબુદ્ધિ.
તારી જનુની ન રહી વાંઝણીરે, કુબુદ્ધિ, શે જણતાં ન દીધું ઝેરરે, કુબુદ્ધિ.
તને નાળ વધેરતાં નાવડ્યુંરે, કુબુદ્ધિ, શે પ્રથમ ન છેદ્યું શિશરે, કુબુદ્ધિ.
તું લત ધણી કોટીક પાતકીરે, કુબુદ્ધિ, જો વિસાર્યાં જુગદીશરે, કુબુદ્ધિ.
તું શીદ અપરાધી અવતર્યોરે, કુબુદ્ધિ, કરવા ભોમીને ભારરે, કુબુદ્ધિ.
શુભ કારજ કીધું નહીંરે, કુબુદ્ધિ, તેં ભોગવ્યો ભવ સારરે, કુબુદ્ધિ.
જમરાજા લેખું માગશેરે, કુબુદ્ધિ, શો દેશો તેને જવાબરે, કુબુદ્ધિ.
આંધી રુંધીને નરકમાં નાંખશેરે, કુબુદ્ધિ, આવી વળગશે પ્રૌઢાં પાપરે, કુબુદ્ધિ.

હરિ વિના બીજો બેલી નથીરે, કુબુદ્ધિ, તાહરું કુડું કુટુંબ પરિવારરે, કુબુદ્ધિ.
કહે પ્રીતમ ચિત્તમાં ચેતજેરે, કુબુદ્ધિ, છે માથે મરણનો ભારરે, કુબુદ્ધિ.

પદ ૩૮ મું–રાગ ધોળ

હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને;
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને. ૧
સુત વિત દારા શિશ સમરપે, તે પામે રસ પીવા જોને;
સિંધુ મધ્યે મોતી લેવા, માંહિ પડ્યા મરજીવા જોને. ૨
મરણ આગમે તે ભરે મૂઠી, દિલની દુગ્ધા વામે જોને;
તીરે ઉભો જુવે તમાસો, તે કોડી નવ પામે જોને. ૩
પ્રેમ પંથ પાવકની જ્વાલા, ભાળી પાછા ભાગે જોને;
માંહી પડ્યા તે મહા સુખ માણે, દેખનારા દાઝે જોને. ૪
માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહીં સ્હેલ જોને;
મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જોને. ૫
રામ અમલમાં રાતા માતા, પૂરા પ્રેમી પરખે જોને;
પ્રીતમના સ્વામીની લીલા, તે રજની દન નરખે જોને. ૬

પદ ૩૯ મું

સંત સમાગમ જે જન કરશે, તેને પ્રગટે પ્રેમ જોને;
જે ધાતુને પારસ પરશે, તે તો હોયે હેમ જોને. ૧
કથીર કાંસુ હેમ ન હોયે, કોટી પારસ પરસે જોને;
શૂન્ય છીપ તે ઉપર નાવે, સોમણ સ્વાતિ વરસે જોને. ૨
અચેતને ઉપદેશ ન લાગે, શિવ બ્રહ્મા સમજાવે જોને;
જેનાં અવળાં અંતઃકરણો, તેને સમજણ નાવે જોને. ૩
કુબુદ્ધિ કાળપ જેને હૃદયે, તેને ન લાગે રંગ જોને;
અડદ ઉજળા કયમે ન થાયે, જઈ ઝબોળો ગંગ જોને. ૪
કુશકા ફૂટેથી શું થાય, કણ ન જડે તેમાંથી જોને;
મંદ અભાગી મૂરખ નરને, સમજણ આવે ક્યાંથી જોને. ૫
પાપીને પરબોધ ન કરિયે, મુન્ય ગ્રહીને રહિયે જોને;
કહે પ્રીતમ તુલસી દલ તોડી, પ્રેત ન પુજવા જઇયે જોને. ૬

પદ ૪૦ મું

હરિ મહિમા મોટા જન જાણે, સનકાદિક શુકદેવ જોને;
અજતનયા ઉમયાપતિ વંદે, કરે કમળા પદ સેવ જોને. ૧

વેદ વિરંચી વ્યાસ વખાણે, અપાર લીલા એની જાને;
નાથ વિના બીજે નહિ બળિયો, જોયું ચિત્તમાં ચેતી જાને. ૨
માટે મારું મનડું મોહ્યું, રસિક વરને રંગે જાને;
સદા સરવદા સુખમાં ઝીલું, સુંદર વરને સંગે જાને. ૩
અમૃતકેરા સાગરમાંહે, મગન થયું મન મીન જાને;
એક નિમિષ ન્યારું નવ થાયે, રહ્યું તે રસમાં લીન જાને. ૪
અગરચંદનનાં વન માં જઈને, ભોગી ભમરો બેઠો જાને;
ઉડીને અળગો નવ થાયે, સ્વાદ સુખમાં પેઠો જાને. ૫
કમળનેતની સુંદર શોભા, નિરખું નિત્યે નિત્ય જાને;
પ્રીતમના સ્વામીની સાથે, બાંધી પૂરણ પ્રીત જાને. ૬

પદ ૪૧ મું

સંત કૃપાથી છૂટે માયા, કાયા નિર્મળ થાય જાને;
શ્વાસોચ્છ્વાસે સમરણ કરતાં, પાંચે પાતક જાય જાને. ૧
કેસરીકેરે નાદે નાસે, કોટી કુંજર જૂથ જાને;
હિંમત હોય તો પોતે પામે, સઘળી વાતે સૂથ જાને. ૨
અગનીને ઊધઈ ન લાગે, મહામણિને મેલ જાને;
અપાર સિંધુ મહાજળ ઉંડાં, મરમીને મન સહેલ જાને. ૩
બાજીગરની બાજી તે તો, જંબુરા સઉ જાણે જાને;
હારની માયા બહુ બળવંતી, સંત નજરમાં નાણે જાને. ૪
સંત સેવતાં સુકૃત વાધે, સહજે સીજે કાજ જાને;
પ્રીતમના સ્વામીને ભજતાં, આવે અખંડ રાજ જાને. ૫

પદ ૪૨ મું

ભજન કરી લે ભાવેરે, ભવ ભટકણ ભાગે;
સંસાર સાગર તરતારે, ક્ષણું વાર ન લાગે. ૧
માયા મોહ નિદ્રામારે, ગાફલ શું ઘોરે;
પાંચ ચોર વસે પાસેરે, આતમ ધન ચોરે. ૨
અચેત શું ઊંઘેછેરે, જાને આંખ ઉઘાડી;
વેગે વણશી જાશેરે, કાયાની વાડી. ૩
ચેતચિ દાનંદ મળશેરે, ટળશે અંધારું;
આ અવસર છે રુડોરે, હોય કારજ તારું. ૪

મહા પુરુષનો મારગરે, તે પગલું સહાજે;
પ્રીતમ પ્રેમ ધરીનરે, હરિના ગુણ ગાજે. ૫

પદ ૪૩ મું

જા સદગુરુને શરણેરે, સૌ સંશય હરશે;
જીવ દશાને ટાળીરે, હરિ સરખો કરશે. ૧
ઉચ્ચ દશા અનુભવીરે, છે સમજણ મોટી;
મન કંચનને કસવારે, ગુરુ જ્ઞાન કસોટી. ૨
હોય હેમ લોહ કરુંરે, જેને પારસ પરશે;
થાય મહા મુક્તાફળરે, જળ સ્વાતિ વરસે. ૩
છીપ રહે સાગરમાંરે, માંય મોતી નિપજે;
જ્ઞાન મીનકા પરસેરે, તેને ઋતુ ઉપજે. ૪
સતસંગે નર સમજેરે, સૌ દુઃખો જાશે;
પ્રીતમ તે પ્રાણીનુંરે, સૌ કારજ થાશે. ૫

પદ ૪૪ મું

કર હરિ સમરણ સાચુંરે, કાચું તન તારું;
મનથી મૂકી દેજેરે, માયાનું લારું. ૧
માયા છે મહા ઠગણીરે, ઠગ વિદ્યા કરશે;
જ્ઞાન ધ્યાન ધન ધીરજરે, હેલામાં હરશે. ૨
માયા બંધન બહુ છેરે, તેને તું તજને;
મોહ ઉપજાવે સૌનેરે, સુરનર મુનિ અજને. ૩
અપાર બળ માયારે, ડાહ્યા જન જાણે;
જેણે ગોવિંદ ગુણ ગાયારે, તે ભય નવ આણે. ૪
ભજન પ્રતાપે ભવજળરે, ગૌપદની પેરે;
અખંડ અભેપદ માણેરે, આનંદની લહેરે. ૫
સદા સરવદા સુખમાંરે, દુઃખમાં નવ દેખે;
પ્રીતમ સરવે પ્રભુનુંરે, પરમારથ લેખે. ૬

પદ ૪૫ મું

જે પરમારથ પ્રીછેરે, તેને પાપ ન પર્શે;
રૂપ અનૂપમ હરિનુંરે, સચરાચર દર્શે. ૧
સા સામગ્રી હરિનીરે, હરિનો થઈ રહેજે;
હરિને અર્પણ કરીનરે, ઉગરે તે લેજે. ૨

સાચે : રાચે રસિયુંરે, પરપંચ પરહરજે;
હેતારથ હરિજનશુંરે, દુરજનથી ડરજે. ૩
હું મારું હૃદયેથી, ટાળીને રમજે;
વિશ્વ આત્મા વિષ્ણુરે, નિરખીને નમજે. ૪
અસત્ય આલાપ ન કીજેરે, સત્ય વચન ઉચરજે;
પ્રીતમ પ્રેમ નિરંતરરે, પ્રભુજીશું કરજે. ૬

પદ ૪૬ મું–ધોળનો રાગ બીજો

સખી આજ આનંદ રંગ અંગમાં; નેહે નિરખ્યા શ્રીનંદ કિશોર,
આ તન રંગ અંગમાં.
હરિને મસ્તક મુગટ સોહામણો; તે પર ચમકે છે ચંદ્રિકા મોર, આ૦ ૧
હરિને લિલવટ તિલક કેસરતણું; બહુ કુંડળ ઝળકે છે કાન, આ૦ ૨
નાકે નિર્મળ મોતી મકરાતણું; સુંદર લોચન કમળ સમાન, આ૦ ૩
ઓપે અધર અરુણ પરવાળાં શી; મુખ સુન્દર રૂપ રસાળ, આ૦ ૪
કણ્ઠે હીરા મોતીના રે હારડા; કળી કુસુમ ગુંજા મણિમાળ, આ૦ ૫
ભુજ ભૂષણ રતન જડાવનાં; પોંચી મુદ્રિકા વેઢ વિશાળ, આ૦ ૬
નાભિ અગમ ઉદર રેખા ત્રિવલ્લી; કેડે કંદોરો મણિકૃતમાલ, આ૦ ૭
પગ પલ્લવ પંકજ પાંખડી; નખ ચંદ્ર છટા છબી ભોર, આ૦ ૮
ઝમકે ઝાંઝર ધમકે રે ઘુઘરી; શબ્દ સંગીત નાદના ઠોર, આ૦ ૯
પેર્યું પીતાંબર દ્યૂતી દામની; તન નવ–ઘન તરુણ–તમાલ, આ૦ ૧૦
સ્વામી પ્રીતમનાની શોભા ઘણી; સદા સેવકનો પ્રતિપાળ, આ૦ ૧૧

પદ ૪૭ મું–રાગ ગરબી

શું કર્યું ગીતા ગાઇને રે, તેં શું કયુ ગીતા ગાઇને; ટેક.
ભણ્યો ગણ્યો પણ ભેદ ન જાણ્યો, ધિક પડ્યો પંડિતાઇનેરે; તેં શું.
પોથી વાંચીને પરમારથ ન કીધો, કુટુંબ પોંખ્યું કમાઇનેરે; તેં શું.
ભાગવત ભાખ્યું હેત હૃદે ન રાખ્યું, રહ્યો આપ સ્વારથ સાઇનેરે; તેં શું.
શેષને માથે મણિ છે તોયપણ, જીવે છે જીવ ખાઇને રે; તેં શું.
કહે પ્રીતમ પોતાના ડહાપણથી, ગયો ચોરાશિમાં વહેંચાઇનેરે; તેં શું.

રેવાશંકર

આ નાગર કવએ કૃષ્ણલીલા વગેરે ચંદ્રાવળામાં બહુ કવિતા લખેલી છે

બાળલીલા

છંદ ચંદ્રાવળા

મહા મંગળમાં મુખ્ય મનાયે, ગુણનિધિ ગણપતિ દેવ,
સિદ્ધિ બુદ્ધિ દાયક સિદ્ધિ બુદ્ધિ નાયક, ઉત્તમ સર્વ અવેવ;
ઉત્તમ સર્વ અવેવ તે એના, જશ પ્રસિદ્ધ જગતમાં જેના,
પગરણમાંહી પ્રથમ પુજાયે, મહા મંગળમાં મુખ્ય મનાયે. ૧
સારદ હારદ કોડે કહું છું, હેતે જોડી હાથ,
હરિગુણ ગાવા હરખ થયો, તે ગરવી આપો ગાથ;
ગરવી આપો ગાથ તો ગાઉં, કિરતન કરી કૃતારથ થાઉં,
શરણ તારે તે સારું કહું છું, શારદ હારદ કોડે કહું છું. ૨
રમણ દ્વિપ રણછોડ બિરાજે, સકળ સુરાસુર ભૂપ,
અમર ચમર કરમાં લૈ ઉભા, કોટિક સમર સ્વરૂપ;
કોટિક સમર સ્વરૂપ તે શોભે, લોચન લાવણ્ય જોઇને લોભે,
ત્રિવિધ વિવિધ શૃંગાર તન સાજે, રમણ દ્વિપ રણછોડ બિરાજે. ૩
શ્રીરણછોડને શરણે રહેતાં, અકૃત જાય અઘોર,
રેવાશંકર ભૂપ ભયંકર, જમકિંકરનું જોર;
કરે કૃતારથ કીર્તન કેતાં, શ્રીરણછોડને શરણે રેતાં,
જય રણછોડ જદુકુળ નાયક, જગપતિ જગદીશ. ૪
અજ ઇંદ્રાદિક અમર ઓળખે, ઇશ નમાવે શીશ,
ઇશ નમાવે શિશ આનંદે, પ્રભુપદ પૂરણ પ્રતિ શું વંદે;
વરણવે વેદ ભેદ વર લાયક, જય રણછોડ જદૂકુળ નાયક,
પરમદયાળ કૃપાળ કમળાવર, ઠાકોર ડાકોર દેવ. ૫

બિર્દ રાખ્યું બોડાણાકેરું, સહજ માનિ લૈ સેવ,
સહજ માનિ લૈ સેવ સંબંધે, પ્રગટ પધાર્યા પ્રેમ પ્રબંધે;
સુણિ શરણે થયો રેવાશંકર, પરમદયાળ કૃપાળ કમળાવર,
દર્શન કીધે દુકૃત જાયે, દુર્મતિ થાયે દૂર. ૬
ડાકોર ઠાકોર દેવ શિરોમણિ, ભક્તિ આપો ભરપૂર,
ભક્તિ આપો ભરપૂર પ્રાણીને, કૃપા નિજ જન જાણીને;
મહિમાંહિ મોટો મહિમાયે, દર્શન કીધે દુકૃત જાએ,
જુક્તિ ઝમક ઝડ જરા ન જાણું, નથી અભ્યાસ અનુપ્રાસ. ૭
મૂઢમતિ અતિ ગૂઢમતિમાં, કવિ કોવિદનો દાસ,
કવિ કોવિદનો દાસ કહેવાઉં, ચંદ્રાવળા કરવા ચિત્ત ચાહું;
જ્યમ ત્યમ જડતા અક્ષર આણું, જુક્તિ ઝમક ઝડ જરા ન જાણું,
શ્રાવણમાસ મહા સુખકારી, કૃષ્ણાષ્ટમિ મધરાત. ૮
રોહિણી શુદ્ધ શુદ્ધ જોગ શુભ સુંદર, કરણ બાળવ વિખ્યાત,
કરણ બાળવ વિખ્યાત તે વારે, જ્યોતિષ શાસ્ત્રતણે અનુસારે;
મહર ઘેર સુતજન્મ દુઃખહારી, શ્રાવણ માસ મહા સુખકારી,
પુત્ર પ્રગટ થયો સાંભળિ કાને, ગુરુજી ગર્ગાચાર: ૯
મંદ નિલય આનંદથી આવ્યા, આશીર્વાદ ઉચ્ચાર,
આશીર્વાદ ઉચ્ચાર તે કીધો, આધેથી અતિ આદર દીધો;
સનમુખ જઈ લાવ્યા સનમાને, પુત્ર પ્રગટ થયો સાંભળી કાને,
પ્રોહિતને પધરાવી પાટે, પ્રેમે જોડી પાણ. ૧૦
કેવો કુંવર થાશે કુલ દીપક, કહો ગુરુજી ગુણ જાણ,
કહો ગુરુજી ગુણ જાણ તે જોઈ, સાંભળી સુખ પામે સૌ કોઈ;
લખીયા શા શુભ લેખ લલાટે, પ્રોહિતને પધરાવી પાટે,
ગ્રહ સઘળા સેવા સુખ લેવા, આવ્યા શુભ આગાર. ૧૧
પૂર્ણબ્રહ્મ પૂરણ પુરુષોત્તમ, પણ સંસાર વિહાર,
પણ સંસાર વિહારની રીતે, જન્મપત્રિ લખી પ્રોહિત પ્રીતે;
દાસ થઈ મંગળ ફળ દેવા, ગ્રહ સઘળા સેવા સુખ લેવા, ૧૨
ગુરુજી-વૃષભલગ્ન મધ્ય વિધુ વિરાજે, અરુણ ઇંદુ-સુત ચાર.
શત્રુસ્થાને શુકર શનિ કેતૂ, અમર-ગુરુ અગિયાર,
અમર-ગુરુ અગિયાર આગારે, રાહૂ બળવંત બેઠો બારે;

ભાગ્ય ભુવન ભુવિનંદન ભ્રાજે, વૃષભલગ્ન મધ્ય વિધુ વિરાજે,
ગ્રહ ગુણ જોઈ ગુરુજી બોલે, બાલક બહુ બળવાન. ૧૩
સુર સમૂહની સહાય કરશે, અસુર અધમ અભિમાન,
અસુર અધમ અભિમાન ઉતરશે, પ્રૌઢ પરાક્રમ પૃથ્વીમાં કરશે;
ત્રણ લોકમાં નહીં કોઈ તોલે, ગ્રહ ગુણ જોઈ ગુરુજી બોલે,
દીર્ઘાયુ ઈંદિરા અખંડિત, અતુલ્ય પ્રતાપ અવનીશ. ૧૪
અજ ઈંદ્રાદિ અમર ઓળગશે, અહોનિશ ધ્યાને ઈશ,
અહોનિશ ધ્યાને ઈશ તે ધરશે, વિપુલ વિશ્વમાં જશ વિસ્તરશે;
પ્રણય પ્રણામ કરશે મહા પંડિત, દીર્ઘાયુ ઈંદિરા અખંડિત,
કૈકતણાં કલ્યાણ એ કરશે, હરશે ભૂમી-ભાર. ૧૫
આદિ પુરુષ અવિનાશી પોતે, ઉદર ધર્યો અવતાર,
ઉદર ધર્યો અવતાર તે ધારી, વ્રજવાસીની વાત વધારી;
ગ્વાલ ગોધન લૈ વનમાં ફરશે, કૈકતણાં કલ્યાણ એ કરશે,
કવિ-ચૈલ પલ્લવ ચોકે ચિત્રામણ, ચોદશ છાયાં ચીર. ૧૬
ઢોલ નિશાન નફેરી નોબત, વાજે સ્વર ગંભીર,
વાજે સ્વર ગંભીર તે ગાજે, મંગળ કળશ માનની સાજે;
ત્રણે વેદ રસ ભીના બ્રાહ્મણ, ચૈલ પલ્લવ ચોકે ચિત્રામણ,
ધામ ધામથી ધાઈ ધસમસતી, અંગે ઉમંગ અપાર. ૧૭
કુમકુમ આડ લલાટ લટકાળી, શોભતા સેજ શૃંગાર,
શોભતાં સેજ શૃંગાર શરીરે, અતિ અનૂપ ને રૂપ રુચીરે;
હરણ નેણિ હસતી મસમસતી, ધામધામથી ધાઈ ધસમસતી,
નંદને ઘેર શેહેર સહુ મળિયું, ફળીયું ઝાક ઝમાલ. ૧૮
મંગળ ગીત પ્રીતથી ગાયે, ગાયે લઈ ગોવાળ,
ગાયે લઈ ગોવાળ તે ગર્વે, વાગે વાજિત્ર સામટા સર્વે;
ગાજિ રહ્યું બાધું ગોકળિયું, નંદને ઘેર શહેર સહુ મળિયું,
ગોપિ તનિયા ટોપી લઇને, ગોપ ગોરસને ઘૃત. ૧૯
દૂધ દધી દધિજાત દિશોદિશ, નંદ નિકેતે, નૃત,
નંદ-નિકેતે નૃત તે કરતા, ગાય ગોકુળ ગલિયે ગલી ફરતા;
એમ ઉભા આંગણામાં જઇને, ગોપી તનિયા ટોપી લઇને,
નંદ નિલય આનંદથી આવી, ઉભા અજિર મોઝાર. ૨૦

જાત કર્મ કરવા કુશ કર લઈ, ઝાંઝ ઝાલર ઝણુકાર,
ઝાંઝ ઝાલર ઝણુકાર તે થાયે, પૂરણ પ્રેમે પિતૃ પુજાયે;
ભર્યાં ભંડાર દિધા લુંટાવી, નંદ નિલય આનંદથી આવી,
દિવ્યદંતિ ગુણવંતી ગાયે, દ્વિજને દીધાં દાન. ૨૧
ભાત ભાતનાં ભુષણ ભાવે, પેર પેરનાં પરિધાન,
પેર પેરનાં પરિધાન પેરાવે, માગતા માગણુની મેહેર આવે;
તોય નૃપતિને તૃપતિ નવ થાયે, દિવ્યદંતી ગુણવંતી ગાયે,
સાત શલ તિલના તે ટાણે, રત્ન મેળવી માંહે. ૨૨
સ્વસ્તિવાચન કરી વિપ્રને આપ્યા, અંગ ઉમંગ ઉત્સાહે,
અંગ ઉમંગ ઉત્સાહે તે ઉરથી, પુષ્પ વૃષ્ટિ થાય સુરપુરથી;
વ્રજવાસીનાં ભાગ્ય વખાણે, સાત શૈલ તિલના તે ટાણે,
અસન વસન અતિ ઓપતાં અંગે, આપ્યાં એમ અનેક. ૨૩
સુંદરિયેા સહુને શણગારી, વદિને વિનય વિવેક,
વદિને વિનય વિવેક કરીને, જશેામતિ કહે જુવતીને હરીને;
ઘેા આશિષ ઉચરંગ ઉમંગે, અશનવસન અતિ અંગે,
એક અબધૂત વિભૂત તન ધારી, અશ્રુત ઉજજવલ અંગ. ૨૪
અકલ અરૂપ સકળ સુર સેવે, અદ્રિસુતા અરધંગ,
અદ્રિસુતા અરધંગ તે આણી, ડમરુ ડાક પિનાક છે પાણી;
રેવાશંકર શુભકારી, એક અબધૂત વિભૂત તન ધારી,
આંગણે આવી અલક જગાવી, કીધેા શિંગી સાર. ૨૫
નંદરાણી ગભરાણી ઘરમાં, ગેાપમાં વાયેા હેાર,
ગેાપમાં વાયેા હેાર તે જઈને, માતા મનમાં વિસ્મય થઈને;
સુતને લીધેા હૃદય લગાવી, આંગણે આવી અલક જગાવી,
જશેાદા–જશેાદા જેાગીરાજને નીરખી, ભાવ ભરી ભરપૂર. ૨૬
લ્યેા ભિક્ષા રક્ષા કરેા સુતની, દૃષ્ટિ પડે રહેા દૂર,
દૃષ્ટિ પડે રહેા દુર દિગંબર, પેરેા તેા આપું પટ અંબર;
હર ઉત્તર હવે દે છે હરખી, જશેાદા જેાગીરાજને નીરખી,
શિવજી–આદ્ય પુરુષ ને અલખ નિરંજન, જે અનંત અવિનાશ. ૨૭
રેામ રેામ બ્રહ્માંડ ભમે તે, પડખામાં લેઈ પાસ,
પડખામાં લેઈ પાસ પલંગે, અર્ભક જાણીને ઉછરંગે;

અંબુજ આંખે આંજતી અંજન, આદ્ય પુરુષને અલખ નિરંજન,
કવિ–શ્રવણ સુણિ શુભ વેણુ શંકરનાં, વાધ્યો ચિત્ત વિચાર. ૨૮
કારમો કયમ લઈ જાઉં કુંવરને, સર્વાંગે સુકુમાર,
સર્વાંગે સુકુમાર શરીરે, શિશુ સંકુચાયે શીત સમીરે;
વચન જાય કયમ જોગેશ્વરનાં, શ્રવણ સુણી શુભ વેણુ શંકરનાં,
શિવજી–જશોમતી બીજું કાંઈ ન જાચું, સાચું કહું સુણ વેણુ. ૨૯
અંતરમાં અભિલાષા એવી, નંદ કુંવરને નેણુ,
નંદ કુંવરને નેણુ નિહાળી, પુત્ર પધરાવ વચન પ્રતિપાળી;
રૂપ જોઈ હૃદયામાં રાચું, જશોમતી બીજું કાંઈ ન જાચું,
કવિ–જત્ન કરી જશોદા મહતારી, બાળક લાવી બહાર. ૩૦
દર્શન કરી દિગંબર રીઝ્યા, ઉમંગ્યા ઉર અપાર,
ઉમંગ્યા ઉર અપાર અવિનાશી, કર્યું કુતુહલ કૈલાસ વાસી;
તાંડવ નૃત્ય કર્યું ત્રિપુરારી, જત્ન કરી જશોદા મહતારી,
પરસ્પરે પ્રભુતાયે પરખ્યા, રીઝ્યા હૃદય મોઝાર. ૩૧
અદ્‌ભુત અવિગતિની ગતિ દેખી, તૃપ્ત થયા ત્રિપુરાર,
તૃપ્ત થયા ત્રિપુરાર તે ટાણે, અન્યો અન્ય બન્યો મન જાણે;
હસિયા હરિ હર હઈએ હરખ્યા, પરસ્પરે પ્રભુતાને પરખ્યા,
શિવજી–પ્રજાપાલ છે બાળક બાઈ, કંસ કેસિનો કાળ. ૩૨
લીલા કરવા લઘુવેશ ધર્યો, દેવના દેવ દયાળ,
દેવના દેવ દયાળ દુઃખ હર્તા, સર્વ સૃષ્ટિને મહા સુખ કર્તા;
કોકઅવતારની ફળી કમાઈ, પ્રજાપાલ છે બાળક બાઈ,
ત્રણે લોકતણો જે ત્રાતા, શ્રુતિ શાસ્ત્રનું સાર. ૩૩
પુત્ર થઈને પારણે પોઢ્યો, ઉદર ધરી અવતાર,
ઉદર ધરી અવતાર તે આપે, જે જોગીને જડે ન જાપે;
લાડ લડાવી લાવો લે માતા, ત્રણે લોકતણો જે ત્રાતા,
કવિ–શ્રીધર શશિધર રમા ઉમાવર, શિવ કેશવ બળદેવ. ૩૪
ગોધર ગંગાધર ને નગધર, પન્નગધરની સેવ,
પન્નગધરની સેવ જે કરશે, પ્રૌઢ પાપ પરિતાપને હરશે;
હેતે કરીને ભજો હરિહર, શ્રીધર શશિધર રમા ઉમાવર,
શિશ નામી આશીષ દઈને, ઈશ પામ્યા આનંદ. ૩૫

ધન્ય વસુધા વ્રજવાસી વનિતા, ધન્ય જશોદા નંદ,
ધન્ય જશોદાનંદ નરનારી, વિશ્વમાં ખ્યાત વિખ્યાત વધારી;
પછે પધાર્યા પ્રસન્ન થઇને, શિશ નામી આશીષ દઇને,
નાગદમણ–વળી વિવેક કરી વખાણું, પ્રભુએ પ્રાક્રમ કીધ. ૩૬
હાથથકી હલવે હરજીએ, દડો દોડાવી દીધ,
દડો દોડાવી દીધ તે દડિયો, જલ કાલંદી દ્રોહમાં પડિયો;
ઇચ્છા ઓળખી સહુ અકલાણું, વળી વિવેક કરી વખાણું,
પાછળથકી પધાર્યા પોતે, પાણીમાં કરી પ્રવેશ. ૩૭
નાગણના ગણ નયણે નરખી, કરતી ઘણો કલેશ,
કરતી ઘણો કલેશ કળકળતી, ગદગદ કંઠે થઈ ગળગળતી;
મોહ પામી મુખ સુખમાં જોને, પાછળ થકી પધાર્યા પોતે,
કોમળ કમળ કુસુમસમ કાયા, સર્વાંગે સુકુમાર. ૩૮
કયમ આવ્યો કહે કેનો કુંવર, નામ દેને નિર્ધાર,
નામ દેને નિર્ધાર તે મુખે, મૃત્યુ માગી લીધું શે દુઃખે;
માત તાતે ઉતારી માયા, કોમળ કમળ કુસુમ સમ કાયા,
કૃષ્ણ–નાગણી નીર ભરો કાં નેણે, નિશ્ચે કહું છું નામ. ૩૯
કહાન કુંવર હું નંદજીકેરો, ગોકુળ મારું ગામ,
ગોકુળ મારું ગામ તે ગમતું, દુષ્ટ દુર્મતિ કોય નથી દમતું;
નિર્વિષ નીર કરવું કહું વેણે, નાગણી નીર ભરો કાં નેણે,
નાગણી–વપૂ ચિત્તને વયે વિચારે, વદને વદને વાત. ૪૦
સુણશે સર્પ તો દર્પ ઉતારશે, કરશે કાળી ઘાત,
કરશે કાળી ઘાત તે તારી, માટે માન શિખામણ મારી;
પ્રથમ કહું પરિણામ પ્રચારી, વપૂ ચિત્ત ને વયે વિચારી,
કૃષ્ણ–કાળનો કાળ હું કહાન કહેવાઉં, નાગણી નિશ્ચે જાણ. ૪૧
નાક ચીરીને નાથ લે ઘાલું, ઝાલું હાથ નિરવાણ,
ઝાલું હાથ નિરવાણ ઝડપથી, અહિ આવ્યો છું એ જ અડપથી;
કમળ કંસને કાજ લેઈ જાઉં, કાળનો કાળ હું કહાન કહેવાઉં,
કવિ–વિષમ વેણ લાગ્યાં વિષધરને, કારમો કીધો કરોધ. ૪૨
બળ કરી બળબંધુને બાઝ્યો, વાધ્યો ઘણો વિરોધ,
વાધ્યો ઘણો વિરોધ તે વળગ્યો, અંગથી અહિ નવ થાયે અળગો;

સહજ ક્રીડા સરખું શ્રીવરને, વિષમ વેણુ વાગ્યાં વિષધરને,
પ્રભુએ પ્રૌઢ સ્વરૂપ ધરીને, એવું વધાર્યું આપ. ૪૩
કંધ કુટે પણ બંધ ન છુટે, સંધથી તૂટે સાપ,
સંધથી તૂટે સાપ સંકળાણો, આરતથી અહિપતિ અકળાણો;
ઉભી નાગણી નમાન કરીને, પ્રભુયે પ્રૌઢ સ્વરૂપ ધરીને,
નાક ચીરીને નાથ લેઈ ધાલી, નાચે નંદકુમાર. ૪૪
નંદને મન આનંદ થયો નરખી, હરખી જશોદા નાર,
હરખી જશોદા નાર મળતાં, ગોપમાં થયો સંતોષ સાંભળતાં;
ચોદશથી સહુ આવ્યું ચાલી, નાક ચીરીને નાથ લેઈ ધાલી,
પરસ્પરે પરિયાણ કરીને, પુતના પાપણ નાર. ૪૫
તેડી કહ્યું તતક્ષણ તું જા, શિશુનો કર સંહાર,
શિશુનો કર સંહાર સધાવી, ગોકુળ મહરતણે ઘેર આવી;
હળવે હળવે લઈ હરીને, પરસ્પરે પરિયાણું કરીને,
૧—ધાઈ ધરીને ધાઈ ધવરાવી, કપટ કરીને કહાન. ૪૬
૨—પરપંચે પ્રભુને પોઢાડી, ઓઢાડી પરિધાન,
૩—ઓઢાડી પરિધાન તે અંગે, અબળા બોલે ઉર ઉછંગે;
૧૧—ચરણે કીધો ચૂર વિચાર્યો, તતક્ષણ તરણાવૃતને તાર્યો,
૫—પ્રાણ લીધો પયપાન કરતાં, પુતના પામી પીડ. ૪૭
૬—બાળકમાં આવડું બળ કયાંથી, રીસમાં પાડે રીડ,
૭—રીસમાં પાડે રીડ તે રોતે, જનુની ગતિ દીધી જગ જોતે;
૮—વાર ન થઈ વૈકુંઠ વરંતાં, પ્રાણ લીધો પયપાન કરંતાં,
૯—પ્રબળ પ્રલંબ ધેનુકને ઢાળ્યો, અઘ બગ આદિ અસૂર. ૪૮
૧૦—વિકટ શકટ સૂતાં સંહાર્યો, ચરણે કીધો ચૂર,
૪—વળગતાં વનિતાને વહવરાવી, ધાઈ ધરીને ધાઈ ધવરાવી;
દંભ દાવાનલ દૂરથી વાળ્યો, પ્રબળ પ્રલંબ ધેનુકને ટાળ્યો,
એમ અનેક અસુર ઉડાડ્યા, વ્રજની કીધી વાર. ૪૯
જન આરત હરવા અવતરિયા, ભૂમિ ઉતારણ ભાર,
ભૂમિ ઉતારણ ભાર ભૂતળમાં, થઈ ગોવાળ ફર્યા ગોકુળમાં;
સુત જાણિ રાણિયે રમાડ્યા, એમ અનેક અસુર ઉડાડ્યા,
ગોપિયો—કેસ ત્રોડે ને વચ્છ વછોડે, ફોડે માખણ માટ. ૫૦

ઠામ ઢોળે ને ધામ ઢંઢોળે, ખંખોળે છે ખાટ,
ખંખોળે છે ખાટ તે ખાંતે, આવી આળ કરે એકાંતે;
કરગરાટ કરતો કર જોડે, ફેસ ત્રોડે ને વચ્છ વછોડે,
ઘેર ધણી થૈ ઘરમાં પેસે, ગોતે ગોરસ ઘૃત. ૫૧
સુખથી સહુના મુખમાં મેલે, દુઃખ દે છે દિન પ્રત,
દુઃખ દે છે દિન પ્રત તે દહાડે, તાણીને તાળાં ઊઘાડે;
બાળક થઇને બારણે બેસે, ઘેર ધણી થૈ ઘરમાં પેસે,
મારગમાં મટુકી ઉઘાડી, દહાડી માગે દાણ. ૫૨
વગડે પણ ઝગડે જુવતિને, જનની જીવન પ્રાણ,
જનની જીવન પ્રાણ તે જાણી, સુતને ઘો શિખામણ રાણિ;
કંસને કહું તો મુકશે કાઢી, મારગમાં મટુકી ઉઘાડી,
શણગટ પનઘટ માંહે સાહે, અણખટ કરે અપાર. ૫૩
વારે વારે વારે તો નવ, હારે નંદ કુમાર,
હારે નંદકુમાર ન જાણે, છેડ કરે ને છેડલો તાણે;
વળગે ને વળી વાંસળી વાહે, શણગટ પનઘટ માંહે સાહે,
નાહિયે ત્યાં પણ નીર ઉછાળે, વળી કરે વણસાડ.— ૫૪
ચિર ચોરીને ચતુરાં ફેરાં, ચડે જઇને ઝાડ,—
ચડે જઇને ઝાડ તે લાડે, એમ ઉદકમાં અંગ ઉઘાડે;—
નિર્લજ નીચો વળી નિહાળે, નાહિયે ત્યાં પણ નીર ઉછાળે,—
પ્રસન્ન થઇને વસન ન આપે, વૃક્ષે કરી વિલાસ. ૫૫
નિરમાં નગ્ન શરીર સહુનાં, અબળા અતિ ઉદાસ,—
અબળા અતિ ઉદાસ ઉઘાડે, દુરથી લઈ દુકૂલ દેખાડે;—
સુંદરીને સહેજે સંતાપે, પ્રસન્ન થઇને વસન ન આપે,—
જસોદા-કોણ કહે કાનુડો કુડો, એહેકયું બોલ ન બોળ. ૫૬
શું સમજે સુત શિશુ સુકોમલ, અબળા આપો આળ,
અબળા આપો આળ તે આવી, બાંહ ઝાલીને દિયો બતાવી;
રાણીએ ઉત્તર દીધો રુડો, કોણ કહે કાનુડો કુડો,
કવિ-અનેક ઉત્સવો બાળ ચરિત્રો, કીધાં અપરંપાર. ૫૭
શ્રીકૃષ્ણ રાધાજીકેરો, વ્રજવધૂ સહિત વિહાર,
વ્રજવધૂ સહિત વિહાર વ્રજમાંયે, અખંડ લીલા અવનીપર થાયે;

ગાય સુણેથી થાય પવિત્રો, અનેક ઉત્સવો બાળ ચરિત્રો,
વ્રજમાં વ્રજવાસી વધૂ સંગે, વ્રજવનમાંય વિહાર. ૫૮
વૃંદાવનમાં રાસ રમ્યા અતિ, નાગરિ નંદકુમાર,
નાગરિ નંદકુમાર તે પ્રેમે, સદા સમરું હું સ્નેહે ક્રમે;
રેવાશંકર ભજે ઉમંગે, વ્રજમાં વ્રજવાસી વધૂ સંગે,
રાસ રમણ ને મૃત્તિકા પ્રાશન, અવર ચરિત્ર અનેક. ૫૯
કળિમાંહી કીધાં ઘણાં કૃષ્ણે, વરણવું શો વિવેક,
વરણવું શો વિવેક વાણિયે, આગળ શાસ્ત્રે જાણ્યું પ્રાણિયે;
પ્રગટ્યા પ્રભુ નિવારણ ત્રાશન, રાસ રમણતે મૃત્તિકા પ્રાશન,
ગિરિ ધાર્યો વર્ષાને વાર્યો, સંહાર્યો શકટાસૂર. ૬૦
કંસ માર્યો તરણાવૃત તાર્યો, ચૂર કીધો ચાણૂર,
ચૂર કીધો ચાણૂર ચપટિયે, કીધી કોટી કળા કપટિયે;
નાગ નાથીને દોષ નિવાર્યો, ગિરિ ધાર્યો વર્ષાને વાર્યો,
રાધિકાનું રુશણું–કૌસ્તુભ કંઠે હરિયે ધરી, જોઈ પોતાની ઝાંય. ૬૧
સોહેજે સોકયતણે સંદેહે, માન ધર્યું મનમાંય,
માન ધર્યું મનમાંય મુંઝાણી, ઉઠી રુઠી અતિ અકળાણી;
કહ્યું લહ્યું નહિ કાને કરી, કૌસ્તુભ કંઠે હરિયે ધરી,
આળવાળ ઉર બાળ ઉપજિયું, માનવેલીનું મૂળ. ૬૨
અંગ અંગ ઉરઝી અબળાને, આભ્રણ દિવ્ય દુકૂળ,
આભ્રણ દિવ્ય દુકૂળ દેખાણી, પ્રતિપાળી પાઈ મદ પાણી;
સર્વ શરીર શ્યામથી સજિયું, આળવાળ ઉર બાળ ઉપજિયું,
રાધારાણી રિસાણી જાણી, જોઈ નંદ કુમાર. ૬૩
મનમાંહે મુંઝાઈ ઉઠ્યા, તેડાવવા તૈયાર,
તેડાવવા તૈયાર તે થયા, દૂતી તેડી સમાચાર કહ્યા;
શ્રીમુખ બોલે મૃદુલતા વાણી, રાધારાણી રિસાણી જાણી,
સખી સયાણી મોકલી શ્યામે, શ્યામાને સમજાવ. ૬૪
જેમ તેમ કરી જઈ જુવતીને, તતક્ષણ તેડી લાવ,
તતક્ષણ તેડી લાવ તે ટાણે, સુરજન દુર્જન કોય ન જાણે;
અલ્પ કલ્પના કીધી આ મેં, સખી સયાણી મોકલી શ્યામે,
મનની વાત મોહનની જાણી, ચાલી ચંચલ નાર. ૬૫

ચડવડ ચડવડ ચરણે ચોંપે, જ્યાં વૃષભાન કુમાર,
જ્યાં વૃક્ષભાન કુમાર ત્યાં ગઈ, કર જોડીને ઉભી રહી;
મુખથી બોલી મધુરી વાણી, મનની વાત મોહનની જાણી,
સખી-પ્રમદા તું કાં પીઠ દઇને, પોઢી રહી પલંગ. ૬૬
કરગરી ક્યારની કહું છું કામની, ઉઠ આળસ તજી અંગ,
ઉઠ આળસ તજી અંગ અજ્ઞાની, તું મોહનના મનમાં માની;
પ્રીત રીતથી જીત જઇને, પ્રમદા તું કાં પીઠ દઇને,
હજી તજી હઠ શઠ સાહેલી, સજી સહજ શૃંગાર. ૬૭
જુક્તિ જાણુ તો માણુ મોહનશું, તાણુમાં હાણુ અપાર,
તાણુમાં હાણુ અપાર તે પામે, ભુલ્યમાં અજાણુ માનની ભામે;
મુખથી બોલ મરજાદા મેલી, હજી તજી હઠ શઠ સાહેલી,
હરી વારીને હરિણણી, મૂકતી નથી મરોડ. ૬૮
લાડલી લીધી વાત ન મેલી, કીધી કળા કરોડ,
કીધી કળા કરોડ હો કામા, સમા ન ઉત્તર દીધા સામા;
એવી ન દીઠી એકલવેણી, હરી વારીને હરિણણી,
વનિતા વિનય વિવેક કરીને, વિનવી વારંવાર. ૬૯
અક્ષર એક ન લાગ્યો અંગે, એવડો શો અહંકાર,
એવડો શો અહંકાર ઉરમાંહે, વાતમાં રાત જઈ વહાણું વાહે;
હવે હેત નહિ રહે હરિને, વનિતા વિનય વિવેક કરીને,
મેલ રીશ કહું શિષ નમાવી, નેહ નિપુણ સુણ નાર. ૭૦
વાલમ વિરહ વ્યથા હરવાને, કરવા વિવિધ વિહાર,
કરવા વિવિધ વિહાર તે વનમાં, મેહેર આણુ મારી તું મનમાં;
સમય જોઈ દે સ્મર સમાવી, મેલ રીસ કહું શિષ નમાવી,
હરિ કરી હેત સંકેત સિધાવ્યા, ચેત ચતુર ચિત્તમાંય. ૭૧
ચોળખે નહિ અવસર આગળથી, પાછળથી પસ્તાય,
પાછળથી પસ્તાય તે પોતે, પુનર જ્વાળ જડે નહિ જોતે;
ભરમમાં ભાવ સરવ સંભળાવ્યા, હરિ કરી હેત સંકેત સિધાવ્યા,
સોળ સહસ્ત્ર સુશળ છે શ્યામા, બીજી વળિ બહુ બાળ. ૭૨
હાથ મારે હરિણાક્ષી હમણાં, તેડાવું તતકાળ,
તેડાવું તતકાળ તે તરણી, ચતુર શિરોમણિ ચંપકવરણી;
સમજી શ્લેષ કલેશ તજ કામા, સોળ સહસ્ત્ર સુશિલ છે શ્યામા,
સુંદરી સાંભળ શ્રવણ દઇને, કહું કહાનની વાત. ૭૩

તું સરખી તરુણી ઘણી તેને, રંગ રમે દિનરાત,
રંગ રમે દિનરાત તે સાથે, માટે વાંકનું લેતા માથે;
માન મેલી વેલી મળ જઇને, સુંદરી સાંભળ શ્રવણ દઇને,
દૂતી કહે સુતી શું સજ્જા, રાતી રહિ કાં આમ. ૭૪
ક્રોધ કીચમાં છકી ગઈ તું, ભરમાવી ગઈ ભામ,
ભરમાવી ગઈ ભામ કેા બીજી, તેણે તરુણિ તું મુજને બીજી;
એવી કયમ થઈ તું નિર્લજ્જા, દુતી કહે સૂતિ શું સજ્જા,
ક્રોધ રોધથી બોધ ન લાગે, શોધથી વધે વિરોધ. ૭૫
લેખ જુવતી ઝાઝો નવ કીજે, મેલ અહંપદ બોધ,
મેલ અહંપદ બોધ જે લીધી, ક્રૂર કઠિન કેાણે કરી દીધી;
કહ્યા વિના કયમ સંદેહ ભાંગે, ક્રોધ રોધથી બોધ ન લાગે,
રાધા–કિતવ કહાનની કીર્તિ કરતી, લાજતી નથી લગાર. ૭૬
ભ્રમર પેર પરઘરનેા ભોગી, વનિતા કાં નવ વાર;
વનિતા કાં નવ વાર વિચારી, આંહિ વદે તું વધૂ વધારી;
વચલી વાત મેં વેણુમાં વરતી, કિતવ કહાનની કીર્તિ કરતી,
સખી–વિલસે વસંત વનમાળી વનમાં, રહી રંગ મેાઝાર. ૭૭
નંદલાલને નેહે નિરખી, થાશે હરખ અપાર,
થાશે હરખ અપાર તે તુંને, એટલું મન નિશ્ચે છે હુંને;
તરુણિ તૃપ્ત થૈ રહીશ તું તનમાં, વિલસે વસંત વનમાળી વનમાં,
રાધે રેાષ રસિયા શું છેાડી, વિલસે વસંત વનમાંહ. ૭૮
સઘન કુંજ તરણી તનયા તટ, ખેલને અતિ ઉત્સાહ,
ખેલને અતિ ઉત્સાહ ભરીને, રસભરી રમી રિઝવ તું હરીને;
હવે હઠીલી હઠ દે ત્રેાડી, રાધે રેાષ રાસયા શું છેાડી,
ખટ્ ઋતુ માંહી વસંત ઋતુ રુડી, કલરવ કેાકિલ કીર. ૭૯
વન વેલી અલબેલી સર્વે, સુંદર શીત સમીર,
સુંદર શીત સમીર તે વહે, ઉન્મદ મધુપ મંડળી રહે;
કાનનમાંહે ફુલી કેસુડી, ખટ ઋતુમાંહી વસંત ઋતુ રુડી,
અલબેલી ઉભી કાં અળગી, રસમય આ ઋતુરાજ. ૮૦
સજની સજ શૃંગાર સેાહંતા, તજની લૌકિક લાજ,
તજની લૌકિક લાજ તે સર્વે, ગુણ ગુણવંત અનંત નહિ ગર્વે;
કર વિહાર વાલમ કર વળગી, અલબેલી ઉભી કાં અળગી,
કવિ–રેામ રેામ રસ થયેા રાધાને, હૃદે રહ્યો નહિ રેાષ. ૮૧

સહી વાયક સુખ દાયક શ્રવણે, સુણતાં થયો સંતોષ,
સુણતાં થયો સંતોષ શરીરે, તરણી ચાલી તરણિજા તીરે;
ખોલી બાળ તજી બાધાને, રોમ રોમ રસ થયો રાધાને,
પુત્ર લખ્યા સર્વત્ર સંભળાવો, સોંપ્યાં સમીર સુજાણ. ૮૨
પૃથ્વીપર પળમાં પહોંચાડે, જુવતી જનને જાણ,
જુવતી જનને જાણ જે કરવું, આજ્ઞા આપી ત્યમ અનુસરવું;
સમય તજીને શરણે મુજ આવો, પત્ર લખ્યા સર્વત્ર સંભળાવો,
આલ તું આગળ કાગળ આવી, વાંચે વિવિધ વિહંગ. ૮૩
ચક્રવરતી થયો ચૌદશ ચતુરા, અવનીમાંહી અનંગ,
અવનીમાંહી અનંગ અહંકારી, રમશે ગમશે જે નરનારી;
રહીશ માં હવે હૃદય રીસાવી, આલ તું આગળ કાગળ આવી,
રસમાં રસ રાધાને વાધ્યો, અધિકો અંગ અનંગ. ૮૪
સખિ વાયક શ્રવણે અધિકેરું, સુણી માન કર્યું ભંગ,
સુણી માન કર્યું ભંગ નિજ પ્રિયથી, સુખ સવંત જાણ્યું ઘણું જિયથી;
ખેલ કરવા કલેશ તજી બાધો, રસમાં રસ રાધાને વાધ્યો,
ચાલી ચતુર ચપળ ચાલેથી, ખાંતે કરવા ખેલ. ૮૫
કર ચામીકરની પિચકારી, શિર કેશરની હેલ,
શિર કેશરની હેલ ભરીને, જિતવા જતી ઈશ અરીને;
શ્રમજળ સબળ વહે ભાલેથી, ચાલી ચતુર ચપળ ચાલેથી,
ઋતુરાજનું રાજ થયું રાધે, રતિપતિ પાસ પ્રધાન. ૮૬
સંજોગી ભોગી સુખદાયક, માનવતિનું માન,
માનવતીનું માન મૂકાવે, લોક લાજ ચરચા ચૂકાવે;
વિલસે હસે વિરોધ ન વાયે, ઋતુરાજનું રાજ થયું રાધે,
ચઢ્યો મેંન લેઈ સેન સપરાણું, પાંચ બાણ લે પાણ. ૮૭
નાત જોગી તપસી સંન્યાસી, ભેખમાં પડયું ભંગાણ,
ભેખમાં પડયું ભંગાણ તે ભાગ્યા, નગન પગે નીસર્યા નાગા;
ગિરિ ગહ્વર આપ્યું ઠેકાણું, ચઢ્યો મેન લઈ સેન સપરાણું,
સંજોગી ભોગીને આપે, મહા સુખ થઈ સહાય. ૮૮
હાસ વિલાસ વિવિધ વિધકેરા, રાત દિવસ ઋતુરાય,
રાત દિવસ ઋતુરાય રસ રીતે, પ્રસન્ન પુરુષે પ્રેમાનંદની પ્રીતે;
સ્તંભ દંભ ને બહુ સંતાપે, સંજોગી ભોગીને આપે,
મંત્ર મૂકિયા મહા મુનિ મારે, આપ્યો એ ઉપદેશ. ૮૯

વિષય વિલાસ વિદ્યા વિધિકેરા, અબળાનો આવેશ,
અબળાનો આવેશ તે આવે, અંગો અંગ ઉછરંગ ઉપજાવે;
આસન કરીને ઉર આગારે, મંત્ર મૂકિયો મહા મુનિ મારે,
નૂતન પલ્લવ નયણે નિરખી, હરખી હઇયા માંય. ૯૦
વ્રજ વનિતા વન વાટે વેગે, જમુના ધાટે જાય,
જમુના ધાટે જાય ઉમંગે, રમવાને સુંદર વર સંગે;
સુંદરી સર્વે સરખા સરખી, નૂતન પલ્લવ નયણે નરખી,
મતું કરીને માનિની મનમાં, આભરણ સજિયાં અંગ. ૯૧
સાડી સોધે ભરી સુગંધિત, કંચુકિ કેસર રંગ,
કંચુકિ કેસર રંગ તે રુડી, ઝળકે ઝાલ ને ચળકે ચુડી;
ઉદિયો અનંગ તતક્ષણ તનમાં, મતું કરીને માનિની મનમાં,
પ્રફુલિત લલતિ લતા રહી લેહેકી, માંહિ બેહકી રહ્યા મોર. ૯૨
મધુકર નિકર ચકોર ચાતક, પિક શુક સારસના સોર,
શુક સારસના સોર સુહાવે, ઉરમાંહી ઉત્સાહ ઉપજાવે;
બાળ દેખિ બહુ બોલતિ બેહેકી, પ્રફુલિત લલિત રહી લેહેકી,
કુંદિ કોમળ કમળ ને કરણી, કેતકી ને કણવીર. ૯૩
સુમન સુગંધિત સહજ સુશીતળ, સુંદરવહે સમીર,
સુંદર વહે સમીર સુખકારી, વય વનિતાનો વિરહ વિચારી;
ચોંપે ચાલતી ચંપકવરણી, કુંદી કોમળ કમળ ને કરણી,
લાડલિ લેહેકંતિ લધુ વેષે, રાધિકાજી રસ રાસ. ૯૪
હરિનું મન હરિને હરિનેણી, હળવે કરતી હાસ,
હળવે કરતી હાસ તે હેતે, ભામિની ભેળી થઈ સંકેતે;
વાક વિદગ્ધ ને છાક અશેષે, લાડલિ લેહેકંતી લધુ વેષે,
આજ ગોપી સહુ લાજ લોપીને, રોપીને રિપુ રાજ. ૯૫
છળ બળ કળથી સકળ અકળ રહી, કરવું છે એક કાજ,
કરવું છે એક કાજ તે કરિયે, ભોળવીને ભૂધરને ભરિયે;
કેલિમાં શું કરે કહાન કોપીને, આજ ગોપી સહુ લાજ લોપીને,
ચંદ્રભાગા ચંદ્રાવળિ ચંચળ, ચક્ષુયે કરતી ચેન. ૯૬
પળમાંહી પ્રભુ પાસે પહોંચી, વાંસે વનિતા વહેન,
વાંસે વનિતા વહેન તે વહેતું, લોક લજ્યાને કોઈ નથિ લેતું;
શ્યામે વરત્યો સાનમાં સંચળ, ચંદ્રભાગા ચંદ્રાવળિ ચંચળ. ૯૭

કૃષ્ણરામ

કળિકાળનું વર્ણન

ગરબા છંદ

કેશવ કૃપા નિધાન, અરજી ઉરમાં આણો;
ભક્ત પ્રિય ભગવાન, જીવ દયા મન જાણો. ૧
પુરુષોત્તમ પ્રતિપાલ, આ અવસર તો આપ્યો;
કુટિલ કર્મથી કાલ, કેટલોક તો કાપ્યો. ૨
હજી રહ્યો અવશેષ, નિકર કરંતાં જાશે;
રીઝ કરો ઋષિકેશ, સકળ તમે સુખ થાશે. ૩
બાળક દેખે બાઉ, પ્રીતે ફરે તે પૂઠે;
હઠે બતાવે હાઉ, છાતીમાં છળિ ઉઠે. ૪
એમ હું અંતરયામી, હેત દેખાડો હરખું;
ગોવિંદ ગરુડાગામ, થોડા દુઃખથી થરકું. ૫
સેવકને સનમાન, કરીને સોંપો કામું;
દાસ હું ઠરી દુકાન, નિત્ય લખું નિજ નામું. ૬
ઉધરાણી ઘરઘર, કરવી ન મુજથી સાધે;
મન ધ્રુજે થરથર, બોલ લોકના બાધે. ૭
ત્રિકમ ન રહ્યો તાલ, અર્થ નથી કંઈ સરતો;
કળિનો આવ્યો કાળ, કડકડાટ બહુ કરતો. ૮
વિમળ મતિ વિપરીત, વહેવા લાગી સહુની;
પરમારથની પ્રીત, બહાર ખશી ગઈ બહુની. ૯
ઉત્તમ ચારે વરણ, ઉત્તમતાને મૂકી;
કરે અધર્માચરણ, ચિંતન હરિનું ચૂકી. ૧૦
વાડવ વિદ્યાવાન થઈ, પણ ઘર ઘર ડોલે;
શૂદ્રતણું સનમાન નહિ, પણ આશિષ બોલે. ૧૧
વિદ્યા ભિણીને વાદ, પંડિત કરે પરસ્પર;
શિશ્નોદરના સ્વાદ, ફરે શોધંતા સત્વર. ૧૨

વાંચે જે વેદાંત, કણ લોભે કંઈ ઘરમાં;
સમજે નહિ સિદ્ધાંત, ભટકે ભવસાગરમાં. ૧૩
વિપ્ર પરસ્પર વેર, કામ કારણે કરતા;
જરને માટે ઝેર, મમતામાં નિત્ય મરતા. ૧૪
વિદ્વત થઇને વ્યાજ, ગરીબ જનનું ગમિયું;
કરે અઘટતાં કાજ, ભ્રાંતે મનડું ભમિયું. ૧૫
શાસ્ત્રતણી નહિ સાન, વામ મારગે ચાલે;
કરીને મદિરાપાન, મોટા થઇને મ્હાલે. ૧૬
મારણ મોહન જાર, ઉચ્ચાટન આરાધે;
ઉત્તમ થઈ અભિચાર, સુવરણ માટે સાધે. ૧૭
ઉર્ણા અડદ ઉપાન, મધુ મહિષી ને મહિનું;
દારુણ લે છે દાન, કાળ સમે કઈ કઇનું. ૧૮
શૂદ્રાદિકને ઘેર, શાસ્ત્ર શિખાડે જઇને;
પરમ ધર્મની પેર, વિપ્રતણી ગઈ વહિને. ૧૯
એકાદશાનું અન્ન, બ્રાહ્મણને પણ ભાવે;
ધણીને નાય જો ધન, ઘર ઘરેણું વેચાવે. ૨૦
મસ લઘુશંકા લીંટ, દેખતાં જ્યાં દીસે;
એ ઠેકાણે ઈંટ, માંડી પત્રાળી પીરસે. ૨૧
રામા કરે રુદંન, હાથ વાળતી હઇયે;
આરોગે ત્યાં અન્ન, કોણ કોણને કહિયે. ૨૨
રડતા રાજદ્વાર, પંડિત થઇને પક્કા;
દેવડીએ છડીદાર, સહિ લે તેના ધક્કા. ૨૩
તો પણ નાવે લાજ, કિંકર મૂકે કાઢી;
વર્ષાસનને કાજ, દરબારે જાય દહાડી. ૨૪
નાત નાતની નિત્ય, બદી કરે બડબડતા;
વર્ષા ઉષ્ણ ને શીત, વેઠી વાટે વઢતા. ૨૫
અન્નતણો મુખ ગ્રાસ, તો પણ બોલે ગાળા;
દામતણા થઈ દાસ, પેટે મારે પાળા. ૨૬
વૈશ્વદેવ નૈવેદ્ય, બ્રહ્મયજ્ઞ કે તર્પણ;
ભૂત બળીનો ભેદ, જાણે નહિ બ્રહ્મર્પણ. ૨૭

સસરા કહીને ગાળ, પુત્ર પૌત્રને દેતા;
એળે ચડાવી આળ, લાંચ પટેલ થૈ લેતા. ૨૮
એક નોતરે ચાર, જમવા કાજે જાતા;
ન જુવે વરણાચાર, સાને ઘેર ઘેર ખાતા. ૨૯
ગ્રીવા લગણ ભરાઈ, પરનું આવે પ્રાશી;
રાત બધી રગડાઈ, વ્હાણે નાંખે વાશી. ૩૦
પલાંડુ લસણ કલીંગ, મધુ–પુષ્પ ને ગાજર;
અફીણ તમાકુ ભંગ, વ્યસન કર્યામાં હાજર. ૩૧
બેઠા નિત્ય બજાર, બ્રાહ્મણ નિંદા સાધે;
સગાં સગામાં ખાર, કલહ કરીને બાધે. ૩૨
પરનાતિની રાડ, નિજ નાતોમાં ઘાલે;
દામે ડળકી ડાઢ, મનને માને ચાલે. ૩૩
ઘરમાં ક્ષિપ્રા ખાય, સરખા થઈ સંબંધી;
કુલીન જમવા જાય, ત્યાંહ ધાકની બંધી. ૩૪
તજી સ્નાન સંધ્યાય, ભાવે ભાવ્યું ભમવું;
ચિત્તમાં નિત્ય ચહાય, પૂર્વજિયાનું જમવું. ૩૫
વાટે વાટે વ્યાસ, થઇને માણ વજાડે;
પાંચે બેઠા પાસ, તેહ તાળિયો પાડે. ૩૬
શ્રુતિ સ્મૃતિની વાત, કાળ જીવ ઈશ્વરની;
જાણે નહિ કાંઈ જાત, રાગ તાળ કે સ્વરની. ૩૭
પિંગળ રીતે છંદ, કવિતા કરી ન જાણે;
પોતાતણા પ્રબંધ, રચી રાગડા તાણે. ૩૮
નાતરિયાની વાત, કરી ને રેંટીડા;
ગાતાં સ્યામા સાથ, કરે કટાક્ષે ક્રીડા. ૩૯
અંગુળિયે અંગૂઠ, બંધી ગાય ઉછળતા;
મોટા થાય તો મૂઢ, બીજા મરે છે બળતા. ૪૦
જજમાનોથી રીશ, કરીને દાપું લેતા;
નહિતર ફાડી શિષ; રુધિરે હાથ દેતા. ૪૧
કઈ ધન કાજે થાય, વોહોરાના વાણોતર;
કઈ કાસદિયે જાય, કઈ ભીખતા ઘર ઘર. ૪૨

કઇક નાંખતા ટેલ, કઈ વિંટણિયેા વીટે;
કઇક હાંકતા બેલ, શકટ ભરીને ઈંટે. ૪૩
કઇક કરંતા રાસ, નારી રૂપ થઈ નાચે;
મશકરિયેાથી હાસ, કઇક કરાવે સાચે. ૪૪
કઇક પાણી ભરનાર, કઇક રસેાઈ કરંતા;
કઈ હેાય નાદાર, કઇક કરેાડે ફરંતા. ૪૫
કઈ લે ભરિને દામ, સરપણુ શકટ ઇન્દરે;
કઈ શેઠેાનાં કામ, બેઠા કરે બન્દરે. ૪૬
એક નાતમાં નાત, કળિયે બીજી કાધી;
ગૃહસ્થ ભિક્ષુક જાત, દીકરિયેા નવ દીધી. ૪૭
નમસ્કારની રીત, તજી સલામેા કરતા;
પરનાતિની પ્રીત, મનમાં કદી ન ધરતા. ૪૮
વાડવ થયા વકીલ, ઘરઘર ફેરા ઠાકર;
દિવ્ય વધારે દીલ, યવનતણા થઈ ચાકર. ૪૯
ફારશિયેાના હરફ, વસ્યા વિપ્રની વાણે;
ગજલ રેખતા તરફ, ગમતા દીઠા ગાણે. ૫૦
દીકરિયેાના દામ, હૃદયે લાગ્યા, રશિયા;
કરે કારમાં કામ, કેશ ધરે કાનશિયા. ૫૧
બેસે બનીને બેશ, ચકલે ડંમર હાંકે;
અરધ ઉરાડે કેશ, તારુણિયેાને તાકે. ૫૨
કઇકે કીધાં કામ, વેળા જોઇને વંઠી;
નીચ જનેાને નામ, આપી બાંધે કંઠી. ૫૩
કઇક પૂજતા પીર, અવલેાકે જઈ ઓરસ;
પયમાં નાંખી નીર, કઈ વેચતા ગેારસ. ૫૪
કઈ પરણેલી નાર, પ્રહાર કરે ત્યાં પેખી;
કઈ કરે વ્યભિચાર, દાર પારકી દેખી. ૫૫
સાઠે વર્ષે સાન, કઇક મૂકી ધરેણે;
વારુ થઈ વિદ્વાન, ફરી ફરીને પરણે. ૫૬
નાથે કાઢયો નરક, પેાતે પાછેા પેસે;
ગદ્ધાઇમાં ગરક, બાધા થઇને બેસે. ૫૭

ચાડવ ઉપર વેર, આવડું તે કયમ આણ્યું;
કળિએ કીધો ફેર, કારણ કાંઈ નવ જાણ્યું. ૫૮
ભલા તમે ભગવાન, હરિ ઉઠાવો હાની;
ગોવિંદ આપો જ્ઞાન, મુખ્ય બ્રાહ્મણને માની. ૫૯
આ અવસર અલોપ, થઈ જળમાં કયમ ઝીલો;
કરીને કરડો કોપ, કળિયે લીધો કીલ્લો. ૬૦
નરપતિ થઈને ન્યાય, પૂછી જોઈ ન પ્રીછે;
ધન લેવાને ધાય, અનર્થ કઈનો ઇચ્છે. ૬૧
વિપ્રને વપુનો દંડ, દેતાં દયા ન આવે;
ભેખે પણ પાખંડ, લાંચો લઈ લલચાવે. ૬૨
કઇક વધારી કર, રાંક લોકને રગડે;
જ્યાં જ્યાં દેખે જર, બુદ્ધિ ત્યાં ત્યાં બગડે. ૬૩
બરદારાનો સંગ, રાતે તેથી રમતા;
ધારી નવ જુવે ઢંગ, દક્ષ જનોને દમતા. ૬૪
કૂંડી ધરતા કાન, ચુગલ જનોની ચાડી;
ચટવા લાગ્યું જ્ઞાન, દંભી સંગે દહાડી. ૬૫
વેદ શાસ્ત્રની વાત, કદી ધરે નહિ કાને;
રાજી રહે દિન રાત, ગુણિકાકેરે ગાને. ૬૬
ગૌ બ્રાહ્મણ પ્રતિપાળ, કદી કરે નહિ કૂડા;
રાખે નહિ સંભાળ, ભક્ત જનોની ભુંડા. ૬૭
શાક ભાજિયો ફળ, એપર અંત ઇજારા;
વળી બતાવે બળ, ઝોળીવાળા ન્યારા. ૬૮
કાષ્ટ શકટથી કાઢ, ફટલાક તો કાઢી;
કડકા ભારે સાઠ, દરવાનાદિક દહાડી. ૬૯
વર્ષે વર્ષે સવાઈ, ઇજારદારિ વધારે;
રઇયત રુવે રગડાઈ, કો આગળ પોકારે. ૭૦
ચોટે જણાવે તોર, દોડાવીને ઘોડા.
રાતે આવે ચોર, ઘર ઘર પડે દરોડા. ૭૧
ચોરોના અસવાર, બાન પકડતા લૂંટે;
દરવાજેથી બહાર, વહાર કરે નહિ પૂઠે. ૭૨

દરવાજે દરવાન, રાંક જનોને રોકે;
કોઈ ધરે નહિ કાન, રડે બિચારા પોકે. ૭૩
અન્યાયોના દામ, લેઈ ઠરાવે સાચા;
ન્યાયીના લે જો નામ, તો તો હણે તમાચા. ૭૪
રાજ્યતણાં સંતાન, રાય આપણને માને;
દુશ્મન થઈ દીવાન, કેદ કરે રાજાને. ૭૫
થોડો જોઈ અપરાધ, મંદિરિયાને મારે;
બળવંતોનો બાધ, કરી શકે નહિ ક્યારે. ૭૬
વરતાવે નહિ ધર્મ, રઇયત જનનો રીતે;
પોતે પણ સત્કર્મ, કદી કરે નહિ પ્રીતે. ૭૭
ઉત્તમ જનને આંચ, વિષયી નિત્યે દમતા;
વર્ષ ચાર કે પાંચ, એટલામાં આથમતા. ૭૮
કળિયે કાઘો ફેર, જેમ શશિ ને રાહૂ;
માધવ કરિયે મહેર, જોઈ પોતાના બાહૂ. ૭૯
વૈશ્ય કરે વિપરીત, તોલ ન સાચાં તોળે;
પરમારથની પ્રીત, મૂકી મગદળ ચોળે. ૮૦
બાર પાણુનો માલ, વીશ પાણે વેચંતા;
દોડાદોડ દલાલ, કળહળ કૈક કરંતા. ૮૧
કહે ધર્મના સમ, ધર્મ ધસરડે ધૂળે;
તોયે ત્યમનું ત્યમ, મરદી નાંખે મૂળે. ૮૨
હેતસ્વી થઈ હાણુ, કરીને લે જો ખશિયે;
વદે પરસ્પર વાણુ, પોતાની પારશિયે. ૮૩
દમડી માટે ગાળ, મુખથી માને દેતા;
એક એકની આળ, જઈ દરબારે કહેતા. ૮૪
શાણા થઇને શેઠ, પાન તબાકૂ ચાવે;
વાડવ પાસે વેઠ, કાયાતણી કરાવે. ૮૫
લેઈ આપ્યાની આશ, મનમાં ફરી નં રાખે;
દામતણા થઈ દાસ, મુખથી ભુંડું ભાખે. ૮૬
જતિ ગુરુ બ્રાહ્મણ દેવ, ગોસાંઈ વિધવાનાં ધન;
સંધરવાની ટેવ, અંતે ઓળવ્યાનું મન. ૮૭

ચાર રામની ધર, થઇને કરતા કાળું;
જિરવી કઇનાં જર, દેખાડે દેવાળું. ૮૮
મનમાં રાખે મેલ, મૂખ જણાયે મીઠા;
ધૃતમાં ધાલી તેલ, દેતાં કઇને દીઠા. ૮૯
કહી બતાવે કાંય, આપે વસ્તુ બીજી;
મગન થયે મનમાંય, તાળી આપે રીજી. ૯૦
વૈષ્ણુવ થઇને વેષ, અબળાને આરાધે;
કરે ધર્મના દ્વેષ, શિવની નિંદા સાધે. ૯૧
સમર્પણી થઈ સ્વાદ, શીરા પૂરી જમતા;
ગુરુનો લેઈ પ્રસાદ, રામા સંગે રમતા. ૯૨
વિપ્ર અડે જો અંગ, છુવાઈ જગને થૂકે;
ઉરમાં અતિ અનંગ, માની જણી ન મૂકે. ૯૩
સાચા મનથી તરણુ, ગુરુ ચરણે ન રહેતા;
કરે અધર્માચરણ, કલ્પી કઈ મન દેહેતા. ૯૪
અજ મૂકાવી ધન, હિંસકને ચવરાવે;
માણસ લાયક અન્ન, શ્વાનોને ખવરાવે. ૯૫
જીવ દયા પ્રતિપાળ, થઇને કરે ઈજારા;
કઇનો આણે કાળ, શ્રાવક થઇને સારા. ૯૬
ધર્મ એટલો લાભ, બોલે પણ નવ પાળે;
ગર્ભિણિયેાના ગાભ, ઔષધ આપી ગાળે. ૯૭
પરધનથી પરતંત્ર, સમજે નહીં શીખામણ;
જપે મુઠના મંત્ર, કઇને કરતા કામણ. ૯૮
પરનારીને સંગ, પ્રીતિ મનમાં પેસે;
અલંકારથી અંગ, સરસ સમારી બેસે. ૯૯
વેદ વિનાના ધર્મ, વાંચે નિત્ય વખાણે;
કૃષ્ણચંદ્રનાં કર્મ, જીવ સરીખાં જાણે. ૧૦૦
કળિ એમ કચ્ચરઘાણ, કરીને પીડે પ્રાણી;
કૃષ્ણ કરો કલ્યાણ, ઊર આપણા જાણી. ૧૦૧
દંભી જનનો દાસ, થઇને શીશ નમાવે;
વિઠ્ઠલતણેા વિશ્વાસ, શૂદ્રોને મન ભાવે. ૧૦૨

ઉત્તમનાં આચરણ, કનિષ્ઠ થઇને કરતા;
સજ્જન જનનું શરણ, ઓળખિ નવ આચરતા. ૧૦૩
રાજ સેવાની રીત, જાણે નહીં પણ રાખે;
મુખમાંહેથી નિત્ય, મંમો ચચ્ચો ભાખે. ૧૦૪
દેખે પરની નાર, રૂપાળી મનમાની;
દંડ ભરી દરબાર, તે છંડાવે છાની. ૧૦૫
સંતાનોના સહિત, અષ્ટ મંગળે આણે;
નારી પામે નીત, જગ જિત્યો એમ જાણે. ૧૦૬
ગરીબ કેરું ઘર, ઉલાળીને એ લે;
છતનો વાધે છર, મેલા થાયે મેલે. ૧૦૭
નવ ઠેકાણે જઈ, આવે દશમે દ્વારે;
કાંતા તેને કહી, સુવરણથી શણગારે. ૧૦૮
પાપી પંડ પ્રણામ, બ્રાહ્મણને નવ કરતા;
દુઃખે જોડી દામ, દરબારોમાં ભરતા. ૧૦૯
લેખો ન જુવે લેશ, નિર્ભળ જનને નાગા;
નિત્ય બતાવે બેશ, દેવ મંદિરે વાગા. ૧૧૦
જાત્રા જાતાં સંગ, જબરા બેલ જોડાવે;
જ્યમ વળગ્યું હોય વંગ, ત્યમ ગાડી દોડાવે. ૧૧૧
મલીન મેલું મન, સંત સંગતિ નવ સૂજે;
કલ્પિત ગાય કીર્તન, જાત જાતને પૂજે. ૧૧૨
ગૌ બ્રાહ્મણને દાસ, કરીને ધર્મે ધાવે;
સેવા બ્રાહ્મણ પાસ, કણુબી થઈ કરાવે. ૧૧૩
ઝાઝું હોય જો જર, તો તો તાણા તણાવે;
વળી ઘરેણાં ઘર, ચાનક કરી ચણાવે. ૧૧૪
શુદ્ધ ધર્મની વાત, હઠથી ઘાલી હેડે;
જમે જમાડે જાત, જણ્યાં જમાઈ તેડે. ૧૧૫
કૌતુક સરખું કામ, કળિયે કીધું ભારી;
રક્ષા કરજો રામ, પ્રજા પોતાની ધારી. ૧૧૬
કડિયા સુતાર મજૂર, વચન પ્રમાણે ન ચાલે;
જોખમ કરે જરૂર, ઘર કરતાં ઘર ધાલે. ૧૧૭

સોની દઈ વિશ્વાસ, કાલને વાયદે ફૂતું;
આપે આઠે માસ, સોનાનું કરી સૂતું. ૧૧૮
ઘોખી સાળવિ સઈ, ફાટાં વસ્તર સાંધે;
રોક મજુરી લઈ, પણ પોતાનું રાંધે. ૧૧૯
વૈદ થયા વાળંદ, શાસ્ત્ર–વાત સંતાણી;
સઇયદ કરી સણંદ, પાય મંત્રીને પાણી. ૧૨૦
બ્રાહ્મણ વિના અનંત, ગૃહસ્થ થઇને ભીખે;
શેરિયે શેરિયે સંત, ટેલ નાંખવી શીખે. ૧૨૧
વૈરાગી ગોસાંઈ, શસ્ત્ર અંગપર ધરતા;
મારે માંહોમાંઈ, મમતા માની મરતા. ૧૨૨
અંતરમાં અભિમાન, બાનું હરિનું બહિને;
દ્વિજનું મોડે માન, બ્રાહ્મણ પાસે ભણીને. ૧૨૩
ઉલટી વરણ અઢાર, વેરાગીને વેષે;
ગામ ગામને બહાર, બાવા થઇને બેસે. ૧૨૪
કરીને ચારે ધામ, પૂજા કરે પૂજારી;
દેવતણાં લેઈ દામ, નિકળી જાય લૈ નારી. ૧૨૫
દેઈ બ્રાહ્મણને ધન, ભારે વિદ્યા ભણુતા;
વળતા વ્યાસાસન, બેસે સિદ્ધ જ બણુતા. ૧૨૬
તિલક છાપ ને માળ, ધરીને કરથી ખેંચે;
કણીક ચોખા દાળ, કઇના લાવી વેચે. ૧૨૭
કરમાં લે નહિ દામ, મોટમ રાખે માઝા;
લઈ પુસ્તકનું નામ, જર લે કઇના ઝાઝા. ૧૨૮
માંડીને ધરબાર, લોટ માગતા વહાણે;
લાવી લાકડાં ચાર, જમી આવે જ્યાં જાણે. ૧૨૯
વિકૃલજ્ઞનો વેષ, હીંડે વિકળ વગોતા;
મુંડાવીને કેશ, જરને હીંડે જોતા. ૧૩૦
ફકીર થઇને ફળ, ભાલાનું કર પકડે;
પૈસા લે કરી બળ, રાંક જનોને રગડે. ૧૩૧
ગૌ બ્રાહ્મણને ત્રાસ, વધતો દિનથી વાધે;
રુડી વસ્તુની આશ, સાલે સાતે સાધે. ૧૩૨

અંબુ વરસે અલ્પ, તે પણ નહીં મુખ માગ્યું;
સત્ય રહ્યું છે સ્વલ્પ, તે પણ જાવા લાગ્યું. ૧૩૩
ભલા પુરુષને ભાઈ, ભાવે છળવાઈ કરાં;
ડાહ્યા ડહાપણમાંહી, થઈને કરે અનેરાં. ૧૩૪
પૃથ્વી પણ ગળી જાય, ધન દાટયું કર નાવે;
રગડે નિત્યે રાય, જ્યમ જે જનથી ફાવે. ૧૩૫
પિતા પુત્રમાં વેર, ભાઈ ભાઇને ભાંડે;
જાત જાતમાં ઝેર, મુખ કો કોથી ન માંડે. ૧૩૬
સગાં સહોદર સાથ, વાંધે વેર વધારે;
નર થઈ નારી હાથ, પુત્ર પિતાને મારે. ૧૩૭
પૂરણ પાપે તન, આ અવસરમાં આવે;
લેઈ તાતનું ધન, અંતે બહુ અથડાવે. ૧૩૮
લાગે નરને અંગ, કામિનિયોનાં કામણ;
માને મન થઈ દંગ, સાળાની શીખામણ. ૧૩૯
સ્નેહી સગાં સમસ્ત, કટ કાળજું કોરે;
દાવે દેખી વસ્ત, આપ આપમાં ચોરે. ૧૪૦
મુખ તંબોળે લાલ, પહેરે જામા નીચા;
જુઠો જકડી માલ, સત્ય કરાવે વીચા. ૧૪૧
રાખીને વેવાર, ગાળી નાખે નામું;
માગે જો દેનાર, જુવે ન તેના સામું. ૧૪૨
કરનું આપ્યું રોક, નાણું તે પણ નાપે;
સમજે કરવું શોક, વળી ઉલટું શાપે. ૧૪૩
મેળે ઝેળે જાય, ડાહ્યા કામને દરદે;
કામિનિયોની કાય, પણ મંદિરમાં મરદે. ૧૪૪
પીતળના શણગાર, સુવરણ સરખા કરિને;
વેચે મધ્ય બજાર, ધન લઈ જાય હરિને. ૧૪૫
રૂપૈયામાં રોળ, ત્રાંબુ ધાલે પેખી;
કોરી ભરતા તોલ, મારે ઉપર મેખી. ૧૪૬
દામે ડળકે ડાઢ, મનુષ્ય મનુષ્યને મારે;
ઝોદી ધાલે ખાડ, અલંકાર ઉતારે. ૧૪૭

માત પિતાનું ધન, મૂકયું ચોરી જાતા;
માનિનિ કરી મગન, ખાંતે ખાવું ખાતા. ૧૪૮
ગમે ગરાડા જોશ, પોમલિયો કરજોતી;
નિર્મળ જનનો દોષ, કળ્યો ન જાયે કોથી. ૧૪૯
દુનિયા સઘળી ડાહી, પોતપોતાના મનથી;
સંત રહ્યા સંતાઈ, ઝેર ભરેલા જનથી. ૧૫૦
કળિ કરે કલ્પાંત, કૃપણ જનોને કરડે;
સધાય નહિ સિદ્ધાંત, સાખિ શિખીને ભરડે. ૧૫૧
પતિવ્રતાની પેર, નારી જનની નાઠી;
મરદાઈ ગઈ મહેર, માનિનિયો થઈ માઠી. ૧૫૨
દશ એકાદશ બાર, વર્ષે ગર્ભ જ ધરતી;
વિહ્વલ થઈ વ્યભિચાર, કામિનિયો બહુ કરતી. ૧૫૩
થયા વામણા વેષ, આઠ હાથની સાડી;
લાજ રહી નહિ લેશ, તરુણી ઉઠે તાડી. ૧૫૪
ઠરી ન બેસે ઠામ, ઘરોઘરે અથડાતી;
દીલમાં ધારી દામ, પર પુરુષોને ચહાતી. ૧૫૫
જીભે ભરિયું ઝેર, બકોર કરતી બોલે;
વરથી રાખે વેર, ડાકણ સરખી ડોલે. ૧૫૬
સાસુને કહે સોક, વહુ સામી રહી વઢતી;
પછી મૂકતી પોક, રાંક સરખી રડતી. ૧૫૭
મારે જો ભરતાર, સામું બોલે સડતું;
ખરો ધરીને ખાર, કૂવે મૂકે જઈ પડતું. ૧૫૮
સાસુ પણ વહુ સાથ, કહે બાપની બઇયર;
લાંબા કરીને હાથ, સુણતાં સઘળી સઈયર. ૧૫૯
નાગી થઇને નહાય, વિખાણ ત્યાં પણ વાંચે;
શૌચ જવાને જાય, એક કળશિયે પાંચે. ૧૬૦
મળી કોયને કોક, ત્યાં પણ બડબડ કરતી;
જેમ સાંભળે લોક, એ રીતે ઉચ્ચરતી. ૧૬૧
વાટે કરતી વાત, કઈ મળીને કળવળ;
જાણી જાયે ન જાત, બોલે ન કરતી બળબળ. ૧૬૨

કાલ્પત ક્રીધા એમ, ધર્મ દિવસ ધોવાના;
નિરખે નહીં કઈ નેમ, પરવ દિવસ રોવાના. ૧૬૩
કરે કમોતે મરણ, જો દિલમાં એ રૂઠે;
વ્યંડળ સરખાં વરણ, પુરુષ પોકારે પૂઠે. ૧૬૪
એક એકથી એક, આગળ પડે ઉજાતી;
અબળા મળી અનેક, પ્રૌઢ પરજિયા ગાતી. ૧૬૫
ફૂટે કઈ કપાળ, મૂકી ઊર ઉઘાડાં;
જણાય નહિ જંજાળ, સંધટ પેઠાં ગાડાં. ૧૬૬
સાયં પ્રાતઃકાળ, મુખ વાળીને રડતી;
લીંટ આંસુ ને લાળ, દેઈ જીવોને નડતી. ૧૬૭
સેજ સ્વારથ કાજ, પતિ પુત્રોને મારે;
દિલમાં રાખે દાઝ, હઠ પોતે નવ હારે. ૧૬૮
અપરમાત થઈ આપ, દાસ પુત્રને દમતી;
પ્રૌઢ થાય જ્યાં પાપ, ત્યાં જઈ છાની જમતી. ૧૬૯
ખાય શેર બેયેક, તોય કહે નવ ભાવે;
લડે તજીને ટેક, પોળો ચાર જગાવે. ૧૭૦
તેલ સરસિયું રાઈ, ખાતી એહું ટાહું;
શિક્ષાથી રીસાઈ, અબળા બોલે આડું. ૧૭૧
છાની લેઈ જાય વસ્ત, મહિયરમાં મનમાની;
માંડે જુદ્ધ થઈ મસ્ત, પાછી ન ધરે પાની. ૧૭૨
કાંઇને શાટે કાંઈ, વસ્તુ બતાવે બીજી;
ઘરનાં જન ઘરમાંઈ, ખરું કહેતાં રહે બીજી. ૧૭૩
પીટ્યા કહિને ગાળ, શિશુને દેઈ પછાડે;
પતિતણી પ્રતિપાળ, કરે નહિ પણ ત્રાડે. ૧૭૪
નગ્ન નદીને તીર, નરને તનુ નિરખાવે;
પતિને નિજ મંદિર, નિત્ય કરડવા ધાવે. ૧૭૫
હાય હાય કહી આદ્ય, વાત કરે વિસ્તારી;
મૂકી નિજ મર્યાદ, નિર્લજ થઈ કુળનારી. ૧૭૬
વિવાહ મંગળ દિન, ભૂંડું ગાતી ભામા;
જાત જાતના જન, સાંભળવા રહે સામા. ૧૭૭

હોળીની પણ ઘેર, હાડી ખસે જમ મહારી;
ગાય ત્યમ પૂરણ પેર, નરને સુણતાં નારી. ૧૭૮
નિરધન ને ધનપાત્ર, સુભાગ્યવંતી કે રાંડી;
મળી માનિની માત્ર, કાંતે ચરખા માંડી. ૧૭૯
શેરિયે કરતી સોર, સ્યામા શરમ ન આણે;
દિવસ ચડે જ્યાં પહોર, ઘરમાં ઘંટી તાણે. ૧૮૦
ઘરમાં હોય જો દુઃખ, ગમતાં ન મળે ઘરેણાં;
મરડીને કહે મુખ, પાપે તમને પરણાં. ૧૮૧
છડે ન વીણે ધોય, તરત ન દેતી તડકા;
રસોઇમાં પણ હોય, કોયલાકેરા કડકા. ૧૮૨
ચકલે ચકલે ગાય, ગરબા મળિને ધણિયેા;
જાર જોવાને જાય, ભામા એવું ભણિયેા. ૧૮૩
સાસુ વહુને શિષ, પ્રથમ પેરાવે વાડી;
અંતે કરતી રીશ, કહે ઘોડાની લાડી. ૧૮૪
સાસુ જોઇને સુખ, વહુકેરું મન ખીજે;
વહુનું જોઇને દુઃખ, સાસુનું મન રીજે. ૧૮૫
અપરમાત કે માત, સુતનાં ઘરમાં આવી;
જે કાંઈ આવે હાથ, તે તે જાય સધાવી. ૧૮૬
દીકરિયેા થઈ દૂત, ફોસલાવી લે માનું;
શળી ન પામે સૂત, કરવા કાર્ય પીતાનું. ૧૮૭
મરે જિવે ભરથાર, વગોવી વનિતા વરને;
નીકળી જાય કુળનાર, લેઈ પારકા નરને. ૧૮૮
સ્યામા સુતને કાજ, વીર્ય ધરે કઈ કઇનું;
મૂકે કુળની લાજ, જ્યમ પાસુ હોય ક્ષયનું. ૧૮૯
પિતા પુત્ર ભરથાર, સમ ખાવાને જૂઠે;
ચડે ઘડી દિન ચાર, આંખ ચોળતી ઉઠે. ૧૯૦
પિતાનું કરે ન માન, માનિનિયેા મન માન્યું;
સ્વારથની રહી સાન, કળિમાં સગું કલ્યાનું. ૧૯૧
કંઠ પાસ બહુ કામ, ઘરનાં નિત્ય કરાવે;
ઘરનો કરી ગુલામ, અહરનિશ અથડાવે. ૧૯૨

વિધવા પણ જણિ બાળ, જઈ ટાંકામાં નાંખે;
ગુણવંતી થઈ ગાળ, સર્વ જનોની સાંખે. ૧૯૩
પરપુરુષોથી વાત, હસિ હસિ વાટે કરતી;
ઉઠી અરધી રાત, અબળા નવ ઓસરતી. ૧૯૪
દેવ મંદિરે જાય, નિત્યે રઝળતી રામા;
અન્ય પુરુષ અથડાય, સુંદરિયોના સામા. ૧૯૫
ન કરે કદિયે નાર, સેવા નિજ સ્વામીની;
વાત કરે વ્યભિચાર, કાંતા જન કામિની. ૧૯૬
ભાગે પર ઘરસૂત્ર, તેવી વાતો ચણતી;
થાય પુત્રને પુત્ર, તો પણ પોતે જણતી. ૧૯૭
બાળા યુવતી વૃદ્ધ, ચડભડતી નવ ચૂકે;
બડબડ કરતી ક્રોધ, મમતા મનથી ન મૂકે. ૧૯૮
સાચી જૂઠી વાત, સુણી લડાઈ લડતી;
સમ ખાતી સાક્ષાત, રગડે રામા રડતી. ૧૯૯
વાંધા પાડી વિશેક, સવળે અવળું સમજે;
એક એકથી એક, ટક્કર લેવી ન તજે. ૨૦૦
જંખા જાય ત્યાં જાન, પરનું થતું ન જાણે;
કરી એકડું ધાન, છાંડે શરમ ન આણે. ૨૦૧
કૃષ્ણ-કથામાં વાત, એક એકથી કરતી;
કરે આપની ઘાત, કાન કથા નવ ધરતી. ૨૦૨
મનમાં જાણે ડહાઈ, વરણન નિજનું ભાવે;
રુડું કહે રિસાઈ, જાય કથામાં નાવે. ૨૦૩
કેટલાં કરું વિખાણ, કળિનાં જનનાં કંઠે;
ભજન પડે ભંગાણ, વાણી વળતી વંઠે. ૨૦૪
સર્વ જનોને સાથ, નમસ્કાર છે મારો;
જોડીને કહું હાથ, હું છું દાસ તમારો. ૨૦૫
કરશો કોઈ નહિ રોષ, સૌથી હું બહુ પાપી;
સૌના ગાવા દોષ, વાણી જ્યારે વ્યાપી. ૨૦૬
કળિમાં છે બે ગુણ, દ્વારા તણા નિદાલક;
કળી શકે તે કૃષ્ણ, પોતાના પ્રતિપાલક. ૨૦૭

મન ચિંતવ્યાં સત્કર્મ, શીઘ્ર સફળ તે થાશે;
અંકે કર્યે અધર્મ, મનન કર્યે મરદાશે. ૨૦૮
કૃષ્ણતણાં કીર્તન, ગાવાં સુણવાં ગમશે;
થાશે પાપ પતન, સંકટ સઘળાં સમશે. ૨૦૯
માટે શ્રીમહારાજ, મુજ સામું કાંઈ જોઇયે;
અન્નાદિકને કાજ, ખોટી થવું તે ખોઇયે. ૨૧૦
નાથ દાસને નીત, આ અથડામણ ન ઘટે;
પ્રભુ કરો તો પ્રીત, સાચી મનમાં પ્રગટે. ૨૧૧
કોને કહું કિરતાર, આતુર થયો અતિશે;
શ્રીધર કીજે સાર, દિન મારા જ્યમ દિશે. ૨૧૨
નરતનુ કેરું નૂર, રહી ન જાય વિશ્વંભર;
હરિજી રાખો હજૂર, અથડાવો મા ઈશ્વર. ૨૧૩
દેવ ન જોઇયે દોષ, દાસતણા મન ધારી;
રંક ઉપર શો રોષ, મહેર કરો મોરારી. ૨૧૪
અન્ય જનોની આશ, કરવી લાગે કરડી;
જોઇયે જગત નિવાસ, પ્રભુજી પાસું મરડી. ૨૧૫
પતિત પાવન નાથ, શરણાંગતના વત્સલ;
મેં માન્યું મન સાથ, બિરદ તમારાનું બળ. ૨૧૬
સત્ય સચ્ચિદાનંદ, વચન તમારું જાણી;
આવ્યો ધરી આનંદ, શરણે સારંગપાણી. ૨૧૭
વિટંબણાની વાત, દૂર કરો દામોદર;
જદુપતિ જાણો જાત, સંકટ કાપો સત્વર. ૨૧૮
પ્રભુજી રુડી પેર, ડગતું મન સ્થિર કરિયે;
માધવ કરિયે મહેર, અરજી ઉરે ધરિયે. ૨૧૯
ગૌ બ્રાહ્મણ પ્રતિપાળ, આશરે રાખો અમને;
કૃષ્ણરામ કંગાલ, ચરણ શરણ છે તમને. ૨૨૦

દેવીદાસ

નાનો ઈશ્વરવિવાહ

રાગ ધોળ

શંકર શારદાને શિશ નામુંરે, ગરુવા ગણપતિ જુવો મુજ સામુંરે;
સમરું શારદા સમરથ જાણીરે, અંબા આપો અવિચળ વાણીરે. ૧
પરમોદીને પૂછે છે વાતરે, કેમ પરણ્યા તે શંભુનાથરે;
વિવાહ વૈકુંઠનાથે વખાણ્યોરે, એવો દેવીદાસે ન જાણ્યોરે.
પ્રભુજીનું નામ પ્રિછવુંરે, વિવાહ વિગતે કરીને ગાઉંરે. ૨

ઢાળ

વિવાહ વીગતે વરણવું, મારી માતાજી કરોને મયાય;
દીન વચન દેવીદાસનાં, સેવકને કરોને દયાય. ૩
એક સમે નારદ આવિયા, જ્યાં હતા શંભુનાથ;
પ્રિતેશું પ્રભુજીને પ્રીછવી, કહે ઋષિ આગળ તે વાત. ૪
નારદ કહે નયણે નીરખતાં, એવી કન્યા ન જાણું કોય;
સમોવડ શંભુનાથની, સરખા તે સરખી હોય. ૫

રાગ પ્રથમનો

વળતી ઋષિયે માંડી છે વાતરે, તમે સાંભળો શંભુનાથરે;
અહીંથી દૂર ધણી ભૂમિ થાયરે, તહીં રહે છે હિમાચલ રાયરે. ૬
તેને ઘેર છે મેના નારીરે, તેને કૂળ છે કન્યા કુંવારીરે;
કોડે શોભા તેની ધણી કહાવીરે, મહા રૂપ અનુપમ લાવીરે. ૭
દિસે દેવીતણો અવતારરે, શોભા કહેતાં ન આવે પારરે;
હિંડે હંસતણી ગતિ ધરતીરે, ભૂમિ ઉપર ડગલાં ભરતીરે. ૮
કટિ જાણિયે કેસરી લંકરે, અવની પર આડો અંકરે;
વેણે વાસુકી નાગ લજાયરે, દિસે કંચન સરખી કાયરે. ૯
ચરણ કદળી સ્થંભશા જાણુંરે, તપે ઋષિથી અધિક વખાણુંરે;
બેઠી છે તે બાળકુંવારીરે, શ્યામા શોધે છે વરને વિચારીરે. ૧૦

કહે નારદ નયણે મેં નરખીરે, દેવ કન્યા છે શંભુ સરખીરે;
શંભુ કહે તમે નારદ જાઓરે, ઋષિ વાયુથી વેલા આવોરે. ૧૧
શુભ કામ કરો શ્રમ આણીરે, ઋષિ ચાલ્યા સુણી એવી વાણીરે;
એમ કહીને ત્યાં નારદ આવ્યારે, મહાદેવનાં માગાં લાવ્યારે. ૧૨
જેથી માત પિતા મન મોહેરે, એવો વર કન્યાને સોહેરે;
વળતિ ઋષિયે માંડી છે વાતરે, વર સારો છે શંભુનાથરે. ૧૩
જેને સુરવર મુનિવર જાણેરે, જેને વેદ રુડો તે વખાણેરે;
ત્યારે બોલિયાં મેના માયરે, કોણ ખંડનો છે વરરાયરે. ૧૪
એનું કુળ છે કેવી જાતેરે, એ તો વર કેવી છે નાતેરે;
કહે નારદ સાંભળો બાઈરે, એને કુળ છે આદ્ય વડાઈરે. ૧૫
એનું સુંદર કુળ બહુ સારુંરે, દેખી મન માને છે મારુંરે;
જો કોઈ અણજુગતું કહે તમનેરે, તેની ઓટ વરધ છે અમનેરે. ૧૬
ઈશ્વરજી છે વિવાહ સરખારે, એવાં વચન સુણી રાય હરખ્યારે;
જોયા વિના અજોયું કીધુંરે, શંભુનાથનું શ્રીફળ દીધુંરે. ૧૭

ઢાળ

રાય કહે ઋષિ સાંભળો, જુકતે શું લાવો જાન;
મોટા તે મહિપતિ આવશે, રુડી પેરે વધશે માન. ૧૮

રાગ પ્રથમનો

નારદ કહે તમે સાંભળો રાયરે, કહું મહાદેવનો મહિમાયરે;
બ્રહ્માદિક ને શ્રી ભગવાનરે, સાથે આવશે સરવે સમાનરે. ૧૯
એવાં વચન કહી ઋષિ વળિયારે, શંભુજીને પંથે પળિયારે;
મહાદેવને મંદિર આવ્યારે, ઋષિ રુડા સમાચાર લાવ્યારે. ૨૦
હિમાચળે તે કન્યા દીધીરે, શંભુનાથની સગાઈ કીધીરે;
એવી વાત કહી છે વ્હાલીરે, શિવે હસીને દીધી છે તાળીરે. ૨૧
ચાલો જગદીશ પાસે જઈયેરે, વિવાહ વૈકુંઠનાથને કહિયેરે;
લક્ષ્મિ-વરને તેડી લીજેરે, પરિયાણ પ્રભુજીસું કીજેરે. ૨૨
હિમાચળને હરખ ન માયરે, મહા મંડપ રચ્યો ત્યાંયરે;
તેઆ સલાટ સુતાર સોનારરે, તેઆ કારીગરો તે ઠારરે. ૨૩
બ્રહ્માજીએ મુહૂર્ત સારું સાંધીરે, દિશા જોઈને દોરડી બાંધીરે;
ભૂમિ ચાર જોજન ભરી લીધીરે, પરવાળાની પૂરણી કીધીરે. ૨૪

મણિ જડિત્ર મોડ ઘડાવ્યારે, ત્યાં બ્રાહ્મણો સરવે આવ્યારે;
ભુમિ ઉંચા ભવન આકાશેરે, માંહિ જડિત્ર જ્યોતિ પ્રકાશેરે;
માંહિ જુક્તિતણી ગતિ જાણીરે; નવરંગની રચના આણીરે. ૨૫

ઢાળ

રંગની રચના આદરી, જુજવી જુજવી જાત;
મેઘમાળા ને ચિત્રશાળા, ભલી ઓપે છે ભાત. ૨૬
મેરુ પર્વત પંખી પ્રગટયાં, ફૂલ વેલ સુખકાર;
નયણેથી તે નીરખતાં, કહેતાં ન આવે પાર. ૨૭

રાગ પ્રથમનો

એવી મંડપ રચના માંડીરે, ચતુરાઇથી ચિત્રી જ કાઢીરે;
માંહિ ભેદ ભૂલવણી ભારીરે, માંહિ બાજીગર રચના ન્યારીરે. ૨૮
માંહિ વેદ ભણંતા જોશીરે, માંહિ વણજ કરંતા દોશીરે;
માંહિ મનમોજી મન ગમતારે, ભાટ ચારણ રમતા ને ભમતારે. ૨૯
માંહિ ગોપ વાંસળિયોવાળારે, ત્યાં તો ચાલતા મારગ ટાળ્યારે;
કોઈ ઘોડે ચડ્યા અસવારરે, બકતર પાખરનો નહિ પારરે. ૩૦
માંહિ મત્ત મેગળ મદ ઝરતારે, માંહોમાંહિ લડિ મસ્તાઈ કરતારે;
શુંઢ વાળાને સાંકળો છાજેરે, ગળે બાંધ્યા તે હયવર ગાજે રે. ૩૧
માંહિ મલ્લ પ્રતિજ્ઞા કરતારે, માંહિ ગાંધર્વ ગાન ઉચરતારે;
ત્યાંહાં આનંદ ઓછવ થાયરે, એવું લખિયું છે મંડપ માંયરે. ૩૨
બીજી નાટક વાત જાણુંરે, વનસ્પતિ શું મુખથી વખાણુંરે;
માંહિ અનુપમ આબાં ફળિયારે, જોવા જેવાં જાંબૂડાં ગળિયાંરે. ૩૩
ગળ્યાં ખારેક ને ખજૂરરે, ફળ ફોફળ ને નાળિયેરરે;
લીલી કેળો ને કર્મદી પાકીરે, ઓરડિયે રહ્યાં ઓર બાઝીરે. ૩૪
વળી બદામો ને બીલીરે, તે તો દીસે છે નવરંગ લીલીરે;
નવરંગી તે નાગરવેલીરે, શોભા વૈકુંઠની લાવી મેલીરે. ૩૫
વનસ્પતિ તે ભાર અઢારરે, માંહિ પંખિતણો નહિ પારરે;
જ્યારે મધ્ય મંડપમાં આવ્યારે, ત્યારે હરએ શું હંસ લખાવ્યારે. ૩૬
માંહિ મોર મધૂરા બોલેરે, જોતાં નાવે કોયલડી તોલેરે;
માંહિ નવરંગ સારસ રુડારે, માંહિ કાબેર ચકલી ને સૂડારે. ૩૭
માંહિ પાર વના પોપટ પઢતારે, ત્યાં તો કુરંગી કૂકડા વઢતારે;
મેના બોલે છે શબ્દો મીઠારે, બગ ધ્યાન ધરીને બેઠારે. ૩૮

પર ભૂમિતણાં જે પંખીરે, તેની જાત લખી છે અસંખીરે;
એવી મંડપ રચના કહાવેરે, કવિ જાન શંભુનાથ લાવેરે. ૩૯
મઢી આગળ માંડવા ઘાલ્યારે, શંભુનાથ પરણવા ચાલ્યારે;
શિવે જુકતે શું જટા બાંધીરે, પહેરી ફાટેલી કંથા સાંધીરે. ૪૦
ભાર ભાંગ ધંતુરાનો આણ્યેારે, મહાદેવે પોઠીડો પલ્યાણ્યેારે;
ગળે પેરી છે રુંઢની માળારે, અંગે લપેટ્યા છે ભોરિંગ કાળારે. ૪૧
શંભુનાથ સમાચાર કહાવેરે, એવો વેષ ધરી વર આવેરે;
નવ જોબની નેણ સમારીરે, સામૈયે આવી સુંદર નારીરે. ૪૨
જોવા ગયાં છે જાન જમાઇરે, પડ્યાં મેના ત્યાં મૂર્છાં ખાઇરે;
ભુંશો બ્રાહ્મણ ભુંડો જાણ્યેારે, અણગમતો આંગણિયે આણ્યેારે. ૪૩
એવાં વચન કહી સહુ જાયરે, જઇને કહ્યું હિમાચલ રાયરે;
માતા કુંવરીને એમ કહાવેરે, તારો બળદે ચડી વર આવેરે;
કુંવરી કહે કર્મની વાતરે, વર પામી હું શંભુનાથરે. ૪૪

ઢાળ

મેનાનું મન માને નહીં, તેના કંઇક અવગુણ ગાય;
પેરે પેરે કરી પ્રીછવે, આધીન થઈ ઉમિયાય. ૪૫
જનમ આપે જનેતા, પણ કર્મ ન આપે કોય;
પાણી પીને ઘર પૂછિયું, તેની જાત ભાત શી જોય. ૪૬
આંગણે આવ્યો વર આશાકારી તે, વર્યા વિના કેમ જાય;
કરમ બંધન કીજિયે તો, દોષ લાગે મોરી માય. ૪૭

રાગ પ્રથમનો

જે મને ઋષિયે વર આપ્યેારે, તે મેં સત્ય કરીને થાપ્યેારે;
ત્રણ લોકમાં તપ મેં કીધુંરે, શંભુનાથનું સગપણ લીધુંરે. ૪૮
એવાં વચન કહી કરી વાતરે, મુખથી બોલ્યાં મેનામાતરે;
આ તો પુત્રી મેં કયાંથકી જાઇરે, વિષની ગળથુંથી કાં ન પાઇરે. ૪૯
વણ દીઠે શું વરને વખાણેારે, હંસ કાગને કોટે બંધાણેારે;
પહેલાં પોંખવા જે કોઈ જાશેરે, તેને સર્પ તે કરડી ખાશેરે. ૫૦
એમ મેના તે મનમાં વિમાસેરે, કોણ જાય તે જોગી પાસેરે;
દેવકન્યા એને કેમ દીજેરે, માટે રુડું ગમે તેમ કીજેરે. ૫૧
સહુ હાંસી કરે એને દેખીરે, કન્યા કેમ દીજે દેખી દેખીરે;
જો જો કુળવંતો જમાઇરે, દેખી નારી પડી મૂર્છાં ખાઇરે. ૫૨

ઢાળ

મેનાનું મન માને નહીં, એને આંગણે ઉભા ઈશ;
પારવતીના પ્રેમ જોઈ, રૂપ પ્રગટયું ઉમિયાધીશ. ૫૩
સૂર્ય સમોવડ વદન ઝળકે, કળા કોટી પ્રકાશ;
જોતામાં ખામી નહિ જરા, તે તો કહું શો તાસ. ૫૪
હવે હરખ્યા શ્રીહરિ ને, અંગે વધ્યો ઉછરંગ;
શણગાર સજી સહુ સુંદરી, બહુ નારી બની નવરંગ. ૫૫
ધૂશળ મૂશળ કર ધરી, મલપતિ મંગળ ગાય;
પોંખી કરી પધરાવિયા, મહાદેવ મંડપમાંય. ૫૬

રાગ પ્રથમનો

વર મંડપમાં પધરાવ્યારે, ત્યાં તો મોટા મુનીન્દ્રજી આવ્યારે;
બ્રહ્મા સાથે સોહે બ્રહ્માણીરે, ઇંદ્ર સાથે સોહે ઇંદ્રાણીરે. ૫૭
રવિ સાથે તે રાંદલ જાણીરે, ચંદ્ર સાથે છે રોહિણી રાણીરે;
હિમાચળની સાથે છે મેનારે, વળી કરું વખાણ કેનાં કેનાંરે. ૫૮
શિવ બેઠા પલાંઠી વાળીરે, મધુપર્કમાં કાંસાની થાળીરે;
લક્ષ્મી શિવને લૂણ ઉતારેરે, સત્યભામા તે સહુને વારેરે. ૫૯
સહુ નાટક બોલે છે બોલરે, નાવે જાંબુવતીને તોલરે;
રુખમણિ બોણીપેરે ગાયરે, રાધિકાજી તે વારણે જાયરે. ૬૦
સહુ બોલે શંભુજીની પક્ષેરે, જળ આવ્યાં મેનાને ચક્ષેરે;
અતિ આનંદે પરણ્યા ઈશરે, સાથે જાનૈયા શ્રીજગદીશરે. ૬૧
કન્યાદાન દે હિમાચલ રાયરે, મળી માનિની મંગળ ગાયરે;
ધન્ય ધન્ય થયો અવતારરે, વાજાં વાગે દુંદુભિ અપારરે. ૬૨
બ્રહ્મા શાશ્વતું મુહૂરત સાંધીરે, લીલા વાંસની ચોરી બાંધીરે;
સુંદર મંગળ વરત્યાં છે ચારરે, શિવજી આરોગ્યા કંસારરે. ૬૩
શિવને હાથ ગ્રહણું ત્યાં થાયરે, દાન આપે હિમાચલ રાયરે;
રાયે હસ્તિ આપ્યા શણગારીરે, ઉપર અંકુશ ને અંબાડીરે. ૬૪
લાંબી ડોકના સાંઢિયા સારરે, ગાયો ભેંસોનાં ટોળાં અપારરે;
રાયે રથ આપ્યા છે ક્રોડરે, સાથે ઘોળા ઘોરીની જોડરે. ૬૫
પ્રભુને પેરામણી ઘણી કીધીરે, સહસ્ત્ર દાસી સેવામાં દીધીરે;
ઘેડ બંધ દિસે ઘરચોળારે, ઘણાં લાંબાં પનાદાર પોળારે. ૬૬

ભરજરિયા જામા મન ભાવેરે, મન ગમતા મસરુ મંગાવેરે;
વળી લાવે બીજાં નવરંગીરે, જાન માંડવે અતિ ઉછરંગીરે. ૬૭
ધણી જુકતે જમાડી છે જાનરે, આપ્યાં જાવંત્રી ફોફળ પાનરે;
ગાય ગંધર્વ અપ્સરા ગાનરે, છૂટ્યા બંધથકી બંધીવાનરે. ૬૮
શંભુ પરણિને ચાલ્યા કૈલાસરે, મૃત્યુલોક મેલ્યો દેવીદાસરે;
વાસાવડમાં વાસો વસેછેરે, અતિ આનંદે વિવાહ કહેછેરે. ૬૯
જે કોઈ ઈશ્વર-વિવાહ ગાશેરે, તેનાં પાતિક પ્રલ્લે થાશેરે;
જે કોઈ સાંભળશે નર નારીરે, તેના આશા પૂરે ત્રિપુરારીરે. ૭૦
વિવાહ સાંભળી ધરશે ધ્યાનરે, તેને રીઝે તે શ્રીભગવાનરે;
તેને કૃપા કરે શંભુનાથરે, ઝાલે સંકટ વેળાએ હાથરે.
ધન ધાન્ય પુત્ર પરિવારરે, આપે પારવતી ભરથારરે. ૭૧

ઢાળ

પ્રીતે શું આપે શ્રીહરિ, તેનાં મનની તે પૂરે આશ;
શ્રોતાજન સૌ સાંભળી તે, બોલો શ્રીઅવિનાશ. ૭૨



રણછોડ ભક્ત

રાધા વિવાહ

ઢાળ ૧

શ્રી ગુરુ શારદા વરણવું, પ્રેમે લાગું પાય;
વિવાહ ગાઉં રાધે કૃષ્ણનો, હ્યડે હરખ ન માય;
વર રે વિઠ્ઠલ કન્યા રાધિકા. ૧

વ્રજનાં મંદિર અતિ શોભતાં, રુડું બરસાણું ગામ;
આહિર સઉકો રે ત્યાં વસે, અધિપતિ વૃષભાન. વર રે. ૨
તેને રે એક પુત્રી થઈ, પાડયું રાધિકા નામ;
કાલું ને ઘેલું બોલતી, લાગે તે વ્હાલી ઠામ. વર રે. ૩
સાત વરસ થવા આવિયાં, આવ્યોરે કન્યા કાળ;
માત પિતા સહુ હરખિયાં, ઘાલિયે હવે વરમાળ. વર રે. ૪
એમ કરતાં ટોળે સૌ મળ્યાં, રમવા સયરનો સાથ;
વીંટાઈ વનિતા સઉ મળી, ઝાલી એક એકનો હાથ. વર રે. ૫
સર્વે મળીને વિચારિયું, ન જાણે રાધાની માત;
ઉપવન રમવા આપણ જઈ, રમિયે રાધાની સાથ. વર રે. ૬
કંઠે બાંયલડી કર ગ્રહી, રમવા ચાલ્યા જિવન;
વનને વિષે રે શોભા ઘણી, સઉકો કહે ધન્ય ધન્ય. વર રે. ૭
ઉપવન અતિ રળિયામણું, ઝાડી ઓળારે ઓળ;
લવિંગ લતા ને કેતકી, પક્ષી કરે બહુ કલ્લોલ. વર રે. ૮
મોર બપૈયા ને કોકિલા, કરે સારસ ઉચ્ચાર;
પાંખડાં રાધે રાધે રટે, કહેતાં આવે ન પાર. વર રે. ૯
રમત રુડી રમવા તણી, કરે અન્યો અન્ય ખ્યાલ;
શોભા તે સમે શી વર્ણવું, રમે વ્રજની રે બાળ. વર રે. ૧૦
ગોવાળની મંડળી લેઈ, નિસર્યા દીન દયાળ;
પુષ્પતણા હાર પેરિ, દૂર રમે નંદનો લાલ. વર રે. ૧૧
હરખ ધરીને ઝાળે લિધાં, વૃષભાન કુમાર;
પેરિયાં વસ્ત્ર વિવેકથી, શોભિતા શણગાર. વર રે. ૧૨

પુલના ચરણા પુલની ઓઢણી, પુલના સૌ શણગાર;
પુષ્પની ચોળિયો શોભતી, શોભા બનિ રે અપાર. વર રે. ૧૩

ભુજંગીની ચાલ

રમે રાધિકા રંગથી રૂપ રાતી, કરે કામિની કેલ જોબનમાતી;
સહૂ સુંદરી એકઠી ઠામ પામી, મળ્યો મોહનો સુંદરીનો જ સ્વામી. ૧૪

રાગ પ્રથમનો

ગેડી દડે રમે કાનજી, રમતા ચાલ્યા જિવંન;
દડો લીધો છે દામોદરે, રમવા જગજિવંન. વર રે. ૧૫
દડો દામોદરે નાંખિયો, પોંચ્યો રાધાની પાસ;
મોહને વળતો માગિયો, આણિ મનમાં હુલાસ. વર રે. ૧૬
હરખે રાધા લેઈ આવિયાં, દડો પોતાને હાથ;
સ્નેહ કરી પછી સોંપિયો, બોલ્યા દીનો રે નાથ. વર રે. ૧૭
આવો અહીયાંરે રાધિકા, રમિયે તે રંગે રાસ;
હાથ પકડી તેડિયાં, રાધા થયાં હુલ્લાસ. વર રે. ૧૮
કૃષ્ણ સંગે બેઠાં રાધિકા, શોભિ બન્નેની જોડ;
તે સમે શોભા શી વરણવું, નહીં બાંપણ કે બોડ. વર રે. ૧૯
બોલ મેળાપ જ ત્યાં થયો, લીધાં શ્રીફળ હાથ;
પીઠી તે પ્રભુજીને ચડે, બેઠારે દીનોનાથ. વર રે. ૨૦
વનને વિષે રે ઓચ્છવ થયો, ગોરડિ મળી સહુ ગાય;
વર તમે થાવ રે વિઠ્ઠલા, કન્યા રાધિકા થાય. વર રે. ૨૧
આંખ આંજી અબળા મળી, રીઝ્યા શ્રીનંદલાલ;
ગાળો તે દે સહુ ગોપિકા, બે તો ગાયનો ગોવાળ. વર રે. ૨૨
એક કદમને રે છાંયડે, ઠરીને તે જ ઠાર;
પેર કરી પરણાવવા, હર્ખ વાધ્યો અપાર. વર રે. ૨૩
હસ્ત મેળાપ કીધો હરિ, ગીત ગોપિકા ગાય;
છાસ પિનારો બે છોકરો, રુડી રાધા ચોરી જાય. વર રે. ૨૪

ભુજંગીની ચાલ

સહુ સુંદરી ગાય છે શર્મ તોડી, શું જાણે ગોવાળો વળી જાન જોડી;
કહે ગોપિયો કેહમાં બુદ્ધિ થોડી, જુવો ઓઢણી લેઇને માથે ઓઢી. ૨૫

રાગ પ્રથમનો

ચતુરાએ ચોરી રચી, કીધી સઘળીરે રીત;
મંગળ ફેરા ત્યાં ફર્યાં, કરી પૂરણ પ્રીત. વર રે. ૨૬
ગોવાળિયા સહુ આવિયા, પાસે બેઠાજી તર્ત;
હાસ્ય વિનોદ જ સહુ કરે, અગ્નિમાં હોમ્યાં ઘૃત. વર રે. ૨૭
સતિ રે શિરોમણિ રાધિકા, બીડી લીધી રે હાથ;
લેઇને મેલી મુખમાં પ્રીતે, ઠગિયા તે દીનાનાથ. વર રે. ૨૮
આજ્ઞા માગે ધ્રુજી દેવની, પેર્યાં કંકણ હાથ;
છોડ્યા ને છોડો દોરડા, તેડાવો નંદ તાત. વર રે. ૨૯
પરણિને ઉઠ્યાં રાધિકા, ગયાં પોતાને ઘેર;
માતાએ આવી જાણીને, પૂછી પુત્રીને પેર. વર રે. ૩૦
ઘેર આવ્યાં છે રાધિકા, કોઈ જાણે ન વાત;
ઘુંઘટ રાધાએ કર ગ્રહ્યો, પૂછે કીર્ત્તિજી માત. વર રે. ૩૧
કાં લાજે તું દીકરી, શાને ઘુંઘટ ખેંચે વળી;
અસુર કાં તુંને હવું, સૈયર સૌ તુંને હળીમળી. વર રે. ૩૨
સાસુ તે મારી જશોમતી, સસરો તે નંદરાજ;
કૃષ્ણજી કંઠ કોડામણે, પરણી હું તેને આજ. વર રે. ૩૩
આડોશી પાડોશી સઉ મળ્યાં, તાલી લે છે રે હાથ;
કોઇયે ન અડશો રાધાને, પરણી કાળાને સાથ. વર રે. ૩૪
કાળો કાળો કરશો નહીં, કાળો છે ત્રિભુવન નાથ;
ભવોભવ મારે એ હજો, ઝાલ્યો હરજીએ હાથ. વર રે. ૩૫
ધન્ય ધન્ય ગોકુળ ગામને, ધન્ય વૃન્દા રે વન;
ધન્ય રે આહિરની ગોપિકા, નિરખ્યા જગજીવન. વર રે. ૩૬
જેરે ગાય ને જે સાંભળે, તેનો વૈકુંઠ વાસ;
વિવાહ ગાયો રાધે કૃષ્ણનો, કહે રણછોડદાસ. વર રે. ૩૭



નરભેરામ

નીતિ પ્રેમ વિષે

છપ્પા

નથી નિપજતો પ્રેમ, વાડીમાં પાણી પાતાં,
નથી નિપજતો પ્રેમ, તેલ ચોળ્યાથી તાતાં;
નથી મળતો કાંઈ પ્રેમ, ગાંધી દોશીને હાટે,
નથી મળતો કાંઈ પ્રેમ, ખોળતાં વાટે ઘાટે;
નથી મળતો પ્રેમ તપાસતાં, ગુજરી ગામો ગામની,
કહે નરભો પ્રેમ પૂરો મળે, કૃપા હોય શ્રીરામની. ૧

મળ્યો પ્રેમ વ્રજનાર, મગન થઈ મનમાં ફૂલી,
કહાન કહાન કહિ ફરી, ભાન ગઈ દેહનું ભૂલી;
પ્રેમિ વિદુરની નાર, નાહતાં નાગી ધાઈ,
એ લક્ષણ પ્રેમનું, જઈ ભેટી જદુરાઈ;
તે ગર્ભને કાઢી નાંખતી, છોડાં મુખે ધરાય છે,
કહે નરભો પ્રેમનું પારખું, છબિલો છોડાં ખાય છે. ૨

જ્યારે પ્રગટ્યો પ્રેમ, તુલસીના દળથી રાજી,
જ્યારે પ્રગટ્યો પ્રેમ, ખાધી ખિચડી ને ભાજી;
જેને પ્રગટ્યો પ્રેમ, પ્રેમને તે નર જાણે,
જેને પ્રગટ્યો પ્રેમ, તેહને વેદ વખાણે;
મનમાં જો પ્રેમ પ્રગટ થયો, એક રતીભર જેહને,
કહે નરભેરામ ગુરુથકી, નિત્ય બલિહારી તેહને. ૩

કરીને યજ્ઞ અનેક, વ્રત વિધિ બહુ પાળે,
વળી આપે ગૌદાન, હાડ હિમાળે ગાળે;
ગીત વેદનાં ગાય, તિર્થ પણ બહુ ફરિ આવે,
દધી દૂધ ઘૃત ખાંડ, વિપ્ર પોષે મન ભાવે;
એવાં સુકૃત કીધાં ઘણાં, શું આપું જોને ગણી,
કહે નરભેરામ એ સર્વથી, જ્ઞાન દાન શિરોમણી. ૪

ખારાં જળનો જીવ, મિઠા જળમાંહી મરે છે,
મિસરી માંડી ધણી, ગધાના પ્રાણ હરે છે;
સિહણકેરું દૂધ, કનકને પાત્રે જામે,
બીજી ધાતુ બહૂ, માંહી વિરામ ન પામે;
છે એમ હરિ રસ આકરો, પ્રેમીને દિલ બહુ ઠરે,
કહે નરભેરામ ગુરુથકી, દુરજનને વિસ્મય કરે. ૫

નથી મૃત્તિકામાં પ્રભુ, નથી પિત્તળમાં પેઠા,
કનકની મૂર્ત્તિ કરે, નથી ઈશ્વર મઢિ બેઠા;
નથી ઘેારામાં પીર, નથી જૈનોને દેરે,
અસલ જુવે નહિ કેાય, સહુ નકલેાને હેરે;
છે રામ નામ અક્ષર અસલ, બીજું નકલ કહેવાય છે,
કહે નરભેરામ ગુરુથકી, પ્રેમે પ્રગટ જ થાય છે. ૬

શાસ્ત્ર પુરાણેા વેદ, કમાવા કારણ શીખે,
આઠ પહેાર દિન રાત, જઇને ઝિકણું ઝીકે;
વાણી મધુરી વદે, મેારના જેવી કહિયે,
સર્પ વિછીને ખાયે, ઝેર એવું છે હૈયે;
જો રામ રટણ કાંઈ નહિ કર્યું, તે ગવાર છે તૈડિયા,
કહે નરભેા ખરને લાભ શેા, મિસરી ભર કે મૈડિયા. ૭

જુવતી જળને કાજ, જુવેા પનઘટપર જાએ,
જેને જેવેા અર્થ, તેટલું તે જઈ લાવે;
ભાણે ભર્યાં પકવાન, ભૂખ સમ ભેાગ કરે છે,
હદ આવી જે વાર, હાથ આડા જ ધરે છે;
ભાગવત પકવાન પણ ભટ કહે, અક્ષર એક જેથી પળે,
કહે નરભેરામ ગુરુથકી, સત્ય વસ્તુ તેને મળે. ૮

પ્રજાપતિની ધેાડિ, રાંડ શિદ દુરીજન જાયેા,
પેટ ભરે કરી વિષય, એહમાં શું એ કમાયેા;
નિદ્રા મૈથુન આહાર માંહિ, તું શું થયેા રાજી,
એ પ્રાણી સર્વને, વિચારી જોને પાજી;
જો રામ રટણ કાંઈ નવ કર્યું, અતે કારજ શાં સર્યાં,
કહે નરભેા પેટ સર્વે ભરે, ગધાં બિલાડાં કૂતરાં. ૯

મેગળ નિસરી બહાર, ચાલતો મહાસુખ માણે,
નહિ શત્રુ નહિ મિત્ર, વિશ્વને સરખું જાણે;
પૂઠે ભસે બહુ શ્વાન, કેટલાં એસી રહે છે,
મેગળને મન નહીં, માન અપમાન જ દે છે;
એમ હરિજન મેગળ રૂપ છે, જેને હરિનું ધ્યાન છે,
કહે નરભેરામ ગુરુથકી, દુરિજન સઘળા શ્વાન છે. ૧૦

ભઠ્ઠ પડ્યો અવતાર, જેની પરનારે પ્રીતી,
ભઠ્ઠ પડ્યો અવતાર, જેહની ચાલ અનીતી;
ભઠ્ઠ પડ્યો અવતાર, હરિ ગુણ ગાતાં લાજે,
ભઠ્ઠ પડ્યો અવતાર, પરાયાં સુખ જોઈ દાઝે;
વળિ ભઠ્ઠ પડ્યો અવતાર, જે મોહ્યો મોટમ માનને,
કહે નરભેરામ રટ્યા નહીં, શીદ વણસાડયું ધાનને. ૧૧

ધાન ખાધું તે ધૂળ, નહીં વહાલા રઘુરાય,
ધાન ખાધું તે ધૂળ, વળી જે વિષયી થાય;
ધાન ખાધું તે ધૂળ, પાપ કરી પેટ ભરે છે,
ધાન ખાધું તે ધૂળ, ઘાત વિશ્વાસ કરે છે;
સામાનું સુખ જોઈ દાઝતો, નરકે જશે નિદાનરે,
કહે નરભો ફટ ગધેડીના, શિદ વણસાડયું ધાનરે. ૧૨

કર જોડી કહું કૃષ્ણ, સાંભળો અક્ષર મારો,
મનુષ્ય દેહ દઈ ભલે, શીદ બ્રાહ્મણ અવતાર્યો;
અણસમજુને એમ, જન્મ બ્રાહ્મણનો મોટો,
મુજને ભાસે એમ, જન્મ બ્રાહ્મણનો ઓટો;
જે જમે ઊધાર સાથે થયું, તેનો ધરું છું શોકરે,
કહે નરભો હાથ ધરી સહુ, સાધન સોંપ્યું લોકને. ૧૩

કોઈ કહેશે રે એમ, હાથ તો શિદને ધરિયે,
હાથ ધર્યે જીવાય, નહીં તો પેટ ન ભરિયે;
ધરિયે નહીં જો હાથ, નવસ્ત્રાં કેમ ફરાય,
હાથ ધર્યા પરતાપ, ટાઢ તડકો તે જાય;
જે હાથ ધર્યા વણ મ્હેનતે, જીવવું તે તો ઠીક છે,
જન નરભે તો નિશ્ચય કર્યું, હાથ ધર્યામાં ધીક છે. ૧૪

વગર મહેનતે ખાય, પારકા માગી મેવા,
વગર મહેનતે ખાય, હરાયા સાંઢો જેવા;
જીવે પારકું ખાઈ, એહ અવતાર ન સારો,
જોતો નથી વિચારી, લાભ લૂટાયે મારો;
જે માલ પારકો ખાઇને, મૂર્ખ હૈયે હરખાય છે,
કહે નરભો લાભ બધો ખુવે, નાગો શું લૂટાય છે. ૧૫

ખાતરવિનભૂમિમાં, સહસ્ત્ર મણ બાજરી વાવી,
ખાર બધું ખાઈ ગયો, પાછી પાશેર ન આવી;
વિવેક સમજ્યો નહીં, પાત્ર કૂપાત્ર ન જોયું,
આપ્યું તેને ના પચ્યું, ખવરાવ્યું તેણે ના ખોયું;
સઘળી ભૂમિ સરખી નથી, કઈ છાયા કઈ તાપની,
કહે નરભો કુપાત્ર થાય તો, દસુંદ આવે પાપની. ૧૬

જાચક જીવન ધીક, વગર મહેનત જે જીવે,
જન જાચકે થાય, જુવો દેખાડું દીવે;
માગે સાકર ગોળ, તનુજને ટપલી મારે,
જાચકને નોતરી, જમાડે ઘીની ધારે;
જાચક તો તે નથી જાણતો, જન અતિશે થાય છે,
કહે છે નરભો મોટમપણે, લાખો જર લૂટાય છે. ૧૭

રઘુનાથદાસ

આ ગરબીઓ ગુજરાતમાં અતિ ઘણી પ્રસિદ્ધ છે

ઓધવજીનો સન્દેશો

ગરબી ૧ લી

ઓધવજી આવ્યારે વેગે વ્રજમાં, મથૂરાંથી મોકલીયા છે એમ જો;
વાલાને વાલારે વ્રજ આહિરડાં, ગોપિ જનનો જોવા કારણ પ્રેમ જો. ઓ૦ ૧
ગોકુળની શોભારે સુંદર શી કહું, નેહે આવ્યા નંદજિને ભોવંન જો;
પુરુષોત્તમ જાણીને મળિયાં પ્રેમશું, પ્રીત કરીને કરાવીયાં ભોજંન જો. ઓ૦ ૨
કુશળતા પૂછીરે વાસુદેવની, કુંવરનાં સંભારી સઘળાં કામ જો;
જશોદા રુવે ને સુખડાં સાંભરે, સૌ કો કહે કેમ નાવ્યા સુંદર શ્યામ જો. ઓ૦ ૩
વાંસળિયો ને વલોણાં વાગે ઘણાં, ઘેર ઘેર ગાય ગોકુળિયામાં ગીત જો;
આ મંગળ કીધારે દશ દિશાતણાં, ત્રણ લોકમાં કરે છે પુન્ય નિત્ય જો. ઓ૦ ૪
આંગણિયે આવીરે સરવે ગોપિયો, રથ કાંઈ છુટ્યો દીઠો નંદને દ્વાર જો;
અધર્મી અક્રૂર ફરી આવ્યો હશે, એજ ઘોડા ને એજ દિસે અશ્વાર જો. ઓ૦ ૫
આપણા સ્વામીને એ તેડી ગયો, ત્યાં જઈ એણે મરાવ્યો છે કંસ જો;
પ્રાણ લેઇને પાછો કેમ આવ્યો હશે, માસીસો કરવાને લેશે માંસ જો. ઓ૦ ૬
જમનાજીમાં નાહિને એટલે આવિયા, જુવતિયે તો જાણ્યા શ્રીભગવાન જો;
રઘુનાથના સ્વામીના સેવક ઓળખ્યા, અરસ પરસ ત્યાં દીધાં ઝાઝાં માન જો. ઓ૦ ૭

ગરબી ૨ જી

ઓધવજી અમ સાથે રસીયો રૂશણે, રીસાયા કેમ કહોને દીલની વાત જો;
આંટી ને ઘૂંટી તો નવ અમે જાણીએ, મોહનજીના મનમાં મોટી ઘાત જો. ઓ૦ ૧
લક્ષણ સૌ જાણ્યાંરે લોભી લાલનાં, ગુણવંત છે પણ ગાયોનો ગોવાળ જો;
આહિરડો શું સમજે રસની રીતમાં, કાનુડો કાંઈ કુડાં ચઢાવે આળ જો. ઓ૦ ૨
જીવન સંગે રમવા જોબન જાળવ્યાં, બાળપણામાં ખાંતે કરતાં ખેલ જો;
મનડાંની વાતોરે સૌ મનમાં રહી, મેલી ગયા કાંઈ દુઃખડાંકરી હેલ જો. ઓ૦ ૩
વચને અમને વાલ્યારે એ વિઠ્ઠલે, જાતાં જાતાં જૂઠો દીધો કોલ જો;
છોકરડા સરખેરે અમને છેતર્યાં, તજી ગયો એ તસ્કરનો શો તોલ જો. ઓ૦ ૪

મહિયરિયે જાઉં તો મુજને ખીજવે, સાસરિયામાં સાસુનો સંતાપ જો;
નહાની તે નણદલરે બાળે બોલડે, પૂરણ લાગ્યાં પાડોશણનાં પાપ જો. ઓ૦ ૫
દુઃખડાની વેળાયેરે સુખડાં સાંભરે, અંત સમે તો કોય ન આવે કામ જો;
સગપણ તો સોનુંરે પીતળ પ્રીતડી, વાલપણામાં વેર કરી ગયા શ્યામ જો. ઓ૦ ૬
દયા નવ આવીરે દિલથી ઉતર્યાં, દાસીનો તો દોષ નં જાણ્યો કાંય જો;
પરમેશ્વર જાણીને પ્રીતે પૂજતાં, હરિજીને અમે હાથે કરતાં છાંય જો. ઓ૦ ૭
ભણકારા વાગે છે ભોજન પીરસતાં, જમણ કરીને જોઇયે હરિની વાટ જો;
સાસુજી પૂછેરે વહુ તમે સાંભળો, રસોઈ કરતાં આવડો શો ઉચાટ જો. ઓ૦ ૮
અવગુણને ગુણ શારે અબળા રાંકના, વાંક ઘણો પણ વનિતા સંગ શું વેર જો;
રઘુનાથના સ્વામીને કહુજો એટલું, ઘણી થઈ હવે પ્રભુ પધારો ઘેર જો. ઓ૦ ૯

ગરબી ૩ જી

ઓધવજી માધવરે મેલી કેમ ગયા, કહોને વીરા શો છે અમારો વાંક જો;
નમેરા થયારે નંદના લાલજી, રણ વગડામાં રોતાં મૂકયાં રાંક જો. ઓ૦ ૧
ધીરજની વાતોરે ધરથી સાંભળો, પહેલી પ્રીતે હર્યા અમારા પ્રાણ જો;
કાળજડાં છેદ્યાં રે ભીંતર ભેદિયાં, મરમ કરીને માર્યાં મોહનાં બાણ જો. ઓ૦ ૨
ખાધાં ને પીધારે ખરચ્યાં વાપર્યાં, એને અમારે આણવેચી મીરાત જો;
લજ્જાતો લોપીરે દુરિજન લોકની, મોહન માટે તજ્યાં કુટંબ ને જાત જો. ઓ૦ ૩
વલોણું વલોવતી હું તો ત્યાં જઈ, કહેતી હું તો જાગો જશોદા માત જો;
મહિડાંને મશે મળતી મહારાજને, તેને મશે કરતી વળી હું તો વાત જો. ઓ૦ ૪
પરભાતે પાણીરે જમુના હું જતી, શેરડિયોમાં સામા મળતા શ્યામ જો;
અલબેલો કરતો અમશું અતીઘણા, જૂઠા ઝગડા જોતું આધું ગામ જો. ઓ૦ ૫
ઉધાડો રમતોરે મારે આંગણે, છોકરડામાં માગી પીતો છાશ જો;
માખણને મશેરે મચકે નાચતો, અલબેલાની મોટી અમને આશ જો. ઓ૦ ૬
મેળાવો કરતોરે ઝાઝાં માંકડાં, સૂના ઘરમાં જઇને કરતો સાન જો;
બાળકડાં બીજા એ અવસર આવતાં, દહીં ગોરસડાં પાતો સઉને કાન જો. ઓ૦ ૭
મોભારે ચડતોરે માંખણ ચોરવા, રાડ લેઇને કરતો રસની રેલ જો;
લાખેણી લીલારે એવી લાલની, ખાંત કરીને કરતો નવલા ખેલ જો. ઓ૦ ૮
વિસ્તારી વાતોરે કાજે કેટલી, સાંભરતામાં થાય ઘણો સંતાપ જો;
રઘુનાથના સ્વામીને સરવે સાંભરે, તમે તમારું જુવો વિચારી આપ જો. ઓ૦ ૯

ગરબી ૪ થી

ઓધવજી સંદેશો કહેજો શ્યામને, મારા સમ જો મૂકી મનનો મેલ જો;
કાનુડો કપટીરે આવડો કેમ થયો, છળ કરીને છેતરિયે નહિ છેલ જો. ઓ૦ ૧
આટલા દિવસરે આવું નવ જાણતી, ધરથી ન જાણ્યા ધૂતારાના ઢંગ જો;
પાણીડાં પીનેરે ઘર શું પૂછિયે, બાળપણામાં કીધો એશું સંગ જો. ઓ૦ ૨
અણતેડ્યાં જાતારે નંદને આંગણે, વણ કરાવ્યાં કરતાં ઘરનાં કામ જો;
એવે રે મિશે જઈ મળતાં માવને, પલકે પલકે કરતી હું પરણામ જો. ઓ૦ ૩
દીવડિયા મિશેરે દૂરથકી આવતિ, વડો કરીને વળતી વારંવાર જો;
મોહનનાં મુખનારે લેતી મીઠડાં, જશોદા મુજને કહેતાં નિર્લજ નાર જો. ઓ૦ ૪
માડીથી છાના રે મેવા લાવતાં, વાટકડીમાં દેતાં ગૌરી ગાય જો;
દુધ ને દહિયેરે હરિને સિંચતાં, મેં જાણ્યું જે જીવન મોટા થાય જો. ઓ૦ ૫
વેરીડાં કીધાં રે વ્રજનાં લોકને, વાલા કીધા ગોપી ગિરિધર લાલ જો;
પુલડિયે પાંખડિયે હું નહિ ડૂબતી, કેમ વિસાર્યું વિઠ્ઠલજીયે વ્હાલ જો. ઓ૦ ૬
જમાડી જમતરિ જીવન પ્રાણને, પવન કરીને પોઢાડતી પર્યંક જો;
એવાંરે સુખડાં તો સુપને વહી ગયાં, વેરી વિધાતાયે અવળા લખિયા અંક જો. ઓ૦ ૭
આભૂષણ ધરતાંરે હરિને અતી ઘણાં, મોર મુગટ ને કુંડળ ઝળકે કાન જો;
રાજની રીતિએ મોહન માલતાં, નિત્ય નિત્ય નિરખી જોતી નવલે વાન જો. ઓ૦ ૮
વાસીદું વાળતાં ધરતી માતનું, રજે રજ ઉડે રસિયાને અંગ જો;
આંખડલી આગળથી હરિ નવ મૂકતી, શા માટે હરિ તજ્યો અમારો સંગ જો. ઓ૦ ૯
દુઃખડાંની વાતોરે કયાં જઈ દાખવું, કહિયે છિયે પણ કહ્યું ન માને કોય જો;
કુવાની છાંયડી તે કુવામાં સમે, તસ્કરની મા કોઠીમાં પેશી રોય જો. ઓ૦૧૦
અમારા અવગુણરે હરિના ગુણ ઘણા, જોઈ નવ કરિયે વડા સંધાતે વેર જો;
રઘુનાથના સ્વામીને કહેજો એટલું, મળવા આવો મનમાં રાખી મહેર જો. ઓ૦૧૧

ગરબી ૫ મી

ઓધવજી અબળા તે સાંધન શું કરે, વાલા વિના તો વ્રેહની પ્રગટી આગજો;
સંદેશો લાવ્યારે ભુંડા જોગનો, નથી ખમાતો દાઝ્યા ઉપર ડાગજો. ઓ૦ ૧
જોગીડાં થઇયે તો જગમાં લાજીયે, ભોગીડાં કયમ ધરિયે ભગવો ભેખજો;
વિશ્વાસે વસું છું વાલમ આવશે, અંગ માંહિથી ઉપની રંગની રેખજો. ઓ૦ ૨
જંગમની જુગતી તો સર્વે જાણિયે, સમીપ રહે પણ શરીરનો નહીં સંગજો;
એકાંતે વસવુંરે એક જ આસને, ભેદ પડે તો પડે ભજનમાં ભંગજો. ઓ૦ ૩

ફકીરી સાધ્યાનું તો ફળ પામિયે, દમન તજીને દીલ કરિયે દરવેશજો;
દેવને દેખેરે દીલ દેદારમાં, પોકારિયે શું પ્રભુ નથી પરદેશજો. ઓ૦ ૪
સંન્યાસી થઇએ તો સુખદુઃખ સાંભરે, વસ્ત્ર તજીને વનમાં કરિયે વાસજો;
પૂરણ પ્રીત વિના તો પ્રભુજી નહીં મળે, દેહ દમનમાં દુઃખડાં બારે માસજો. ઓ૦ ૫
જૈની તો જાણેરે જ્યાં ત્યાં જીવને, જતિ ખરા જે જાણે જીવની જાતજો;
અલખેલો મેલીને નહિ થાઉં આરજા, ભુલું નહીં કાંઈ દેખીને વળિ ભાતજો. ઓ૦ ૬
બ્રાહ્મણ તે જાણેરે સાચા બ્રહ્મને, વિપ્ર વિવેકી વેદ તણો લે સારજો;
ઋષિપતની રીઝીરે હરિના રંગમાં, પ્રેમ કરીને પૂજ્યા નંદકુમારજો. ઓ૦ ૭
ખટદર્શનવાળાને તો દુઃખડાં ખરાં, બાંધ્યું મારું મોહન સાથે મંનજો;
જ્ઞાન ગૂઢારથ તો મનમાં ગમતું નથી, સુંદર વરને સોંપ્યાં તન મન ધંનજો. ઓ૦ ૮
આ સારું જાણો તો શે નથી રાખતા, જપ તપ સાધન જગત માંહિનું કામજો;
વહોરાતયા વિના તો વસ્તુ નહીં મળે, મધુકર એનો તો ન્યારો છે ઠામજો. ઓ૦ ૯
હરિ પાસે હતું તે અમને આપિયું, અમ પાસેથી ભરી પ્રેમની પોઠજો;
રઘુનાથના સ્વામીને કહેજો એટલું, હેત હતું તે આવ્યું હૈયાનું હોઠજો. ઓ૦૧૦

નિષ્કુલાનંદ

વૈરાગ્ય તો એ જ કવિનો સર્વોપરી છે

વૈરાગ્ય વિષે

પદ ૧ લું–રાગ જંગલો

જનની જીવોરે ગોપીચંદની, પુત્રને પ્રેર્યો વૈરાગજી;
ઉપદેશ આપ્યો એણીપેરે, લાગ્યો સંસારિડો આગજી. જનની. ૧
ધન્ય ધન્ય માતારે ધ્રુવતણી, કહ્યાં કઠણ વચંનજી;
રાજ સાજ સુખ પરહરી, વેગે ચાલિયા વંનની. જનની. ૨
ઉઠી ન શકે રે ઉઠિયો, બહુ બોલાવ્યો બાજંદજી;
તેને રે દેખી ત્રાસ ઉપનો, લીધી ફકિરી છોડ્યો ફંદજી. જનની. ૩
ભલોરે ત્યાગ ભરતરીતણો, તજી સોળસેં નારજી;
મંદિર ઝરુખા મેલી કરી, આસન કીધલાં બહારજી. જનની. ૪
એ વૈરાગવંતને જાઉં વારણે, બીજા ગયારે અનેકજી;
ભલારે ભુંડા અવની ઉપરે, ગણતાં નાવે છેકજી. જનની. ૫
ક્યાં ગયું કુળ રાવણતણું, સગરસુત સાઠ હજારજી;
ન રહ્યું તે નાણું રાજા નંદનું, સર્વ સુપન વેવારજી. જનની. ૬
છત્રપતિ ચાલી ગયા, રાજ મૂકી રાજનજી;
દેવ દાનવ મુનિ માનવી, સર્વે જાણો સુપંનજી. જનની. ૭
સમજી મૂકો તો સારું ઘણું, જરૂર મૂકાવશે જંમજી;
નિષ્કુલાનંદ કહે નહિ મટે, સાચું કહું બાઈ સમજી. જનની. ૮

પદ ૨ જું

જંગલ વસાવ્યું રે જોગિયે, તજી તનડાની આશજી;
વાત ન ગમે આ વિશ્વની, આઠે પહોર ઉદાસજી. જંગલ. ૧
સેજ પલંગરે પોઢતા, મંદિર ઝરુખાં માંયજી;
તેને નહિ તૃણ સાથરો, રહેતા તરુતળ છાંયજી. જંગલ. ૨

શાલ દુશાલા ઓઢતા, ઝીણા જરકશી જામજી;
તેણે રે રાખી કંથા ગોદડી, સહે શિર શીત ઘામજી. જંગલ. ૩
ભાવતાં ભોજન જમતા, અનેક વિધિનાં અન્નજી;
તેણે રે માગવા લાગ્યા ટુકડા, ભીક્ષા ભવને ભવંનજી. જંગલ. ૪
હાજી કહેતાં હજારો ઉઠતા, ચાલતા લશ્કર લાવજી;
તે નર ચાલ્યારે એકલા, નહીં પૈન્દર પાવજી. જંગલ. ૫
રહો તો રાન્ધ રસોઈ કરું, જમતા જાઓ જોગીરાજજી;
ખીર નિપજાવું ક્ષણું એકમાં, તે તો ભિક્ષાને કાજજી. જંગલ. ૬
આહાર કારણ ઉભો રહે, એકની કરી આશજી;
તે જોગી નહીં ભોગી જાણવો, અંતે થાય છે વિનાશજી. જંગલ. ૭
રાજ સાજ સુખ પરહરી, જે જન લેશે રે જોગજી;
તે ધન દારામાં નહિ ધશે, રોગ સમ જાણે ભોગજી. જંગલ. ૮
ધન્ય તે ત્યાગ વૈરાગને, તજી તનડાની આશજી;
કુળ રે તજીને નિષ્કુળ થયા, તેનું કુળ અવિનાશજી. જંગલ. ૯

પદ ૩ જું

હું બલિહારી એ વૈરાગને, ઉપનો જેને અંગજી;
ચૌદ લોકને ચતુરધા, ગમે સુખનો સંગજી. હું બલિ. ૧
સુખ ન ઇચ્છે સંસારનાં, સમજે સુપન સમાનજી;
વાત ગમે એક વૈરાગની, તન સુખ ત્યાગવા તાનજી. હું બલિ. ૨
દુઃખીરે દેખે આ દેહને, રહે રાજી તે મનજી;
અનરથનું આગાર છે, જાણી ન કરે જતંનજી. હું બલિ. ૩
રાતદિવસ હૃદિયા વિષે, વરતે એમ વિચારજી;
આ હુંરે કોણ ને જઇશ કયાં, કરું તેનો નિર્ધારજી. હું બલિ. ૪
કરું ઉપાય હવે એહનો, ડોળી દીશ વિદીશજી;
કોયરે ઉગારે મને કાળથી, સોંપું તેને જે સિશજી. હું બલિ. ૫
રહે આતુરતા અંતરે, દેખી દેહ અનિત્યજી;
સુખ ન માને આ સંસારમાં, ન કરે કોઇશું પ્રીતજી. હું બલિ. ૬
એવી દશા આવ્યા વિના, ન હોય તનસુખ ત્યાગજી;
ઉપરનો લાગેરે લજ્જમણો, વગોણા સરખો વૈરાગજી. હું બલિ. ૭
હરિગુરુ દેવ દયા કરે, આપે એહ વિચારજી;
નિષ્કુલાનંદ નિશ્શંક થઈ, જોજે તારે સંસારજી. હું બલિ. ૮

પદ ૪ થું

ત્યાંગ ન ટકેરે વૈરાગ વિના, કરિયે કોટિ ઉપાયજી;
અંતર ઉંડી ઇચ્છા રહે, તે કેમ કરીને તજાયજી. ત્યાગ. ૧
વેષ લીધો વૈરાગનો, દેશ રહિ ગયો દૂરજી;
ઉપર વેષ આછો બન્યો, માંહિ મોહ ભરપૂરજી. ત્યાગ. ૨
કામ ક્રોધ લોભ મોહનું, જ્યાં લગી મૂળ ન જાયજી;
સંગ પ્રસંગે પાંગરે, જોગ ભોગનો થાયજી. ત્યાગ. ૩
ઉષ્ણરતે અવની વિષે, બીજ નવ દિશે બહારજી;
ઘન વરસે વન પાંગરે, ઇંદ્રિ વિષય આકારજી. ત્યાગ. ૪
ચમક દેખીને લોહ ચળે, ઇંદ્રિ વિષય સંજોગજી;
અણભેટેરે અભાવ છે, ભેટે ભોગવશે ભોગજી. ત્યાગ. ૫
ઉપર તજે ને અંતર ભજે, એમ ન સરે અરથજી;
વણસ્યોરે વર્ણાશ્રમથકી, અંતે કરશે અનરથજી. ત્યાગ. ૬
ભ્રષ્ટ થયો જોગ ભોગથી, જેમ બગડયું દૂધજી;
ગયું ઘૃત મહિ માંખણથકી, આપે થયું રે અશુદ્ધજી. ત્યાગ. ૭
પળમાં જોગીરે ભોગી પળમાં, પળમાં ગૃહીને ત્યાગજી;
નિષ્કુલાનંદ એ નરનો, વણ સમજે વૈરાગજી. ત્યાગ. ૮

પદ ૫ મું

અમેરે જડ ભરતિ જોગીયા, ઇચ્છું નહિ વૈભોગજી;
જગત પદારથ જીવને, રુચે નહિ જેમ રોગજી. અમેરે. ૧
ખટરસ ખાવા નહિ ખોળિયે, જમશું જે મળશે અન્નજી;
નિરમાને દિન નિર્ગમશું, રેશું મનમાં મગનજી. અમેરે. ૨
જુનાં પુરાણાં પટ પેરશું, નહિ ઇચ્છું નવીનજી;
શીત ઉષ્ણ શિર સહિ રેશું, રાખી કંથા કોપીનજી. અમેરે. ૩
પ્રીત સૌશું પરહરી, કરશું કૃષ્ણ ભજંનજી;
મોહ અમારા મનમાં, મને કરતું વિધંનજી. અમેરે. ૪
હરખ શોક હાણ વૃદ્ધિને, સહેશું દુઃખ તંનજી;
નિષ્કુલાનંદ કહે નહિ દૈયે, નિજ કુળને લાંછંનજી. અમેરે. ૫

પદ ૬ ઠું

ઋષભકુંવરની રીતને, સુણો સંત સુજાણજી;
સમરથ ભરત નામે કરી, પાળ્યો પંડ પ્રમાણજી. ઋષભ. ૧

રાજ તજી તપ આદર્યું, તજી સૌ શું સનેહજી;
દયામાંથી દુઃખ ઉપનું, થયો મૃગસું સનેહજી. ઋષભ. ૨
તેને કરી તન ધારિયું, રહ્યું જ્ઞાન અભંગજી;
અંગિરા કુલમાં ઉપના, રહ્યા સૌથી અસંગજી. ઋષભ. ૩
મા બાપ મેલી મરી ગયાં, રહ્યાં ભાઈ ભોજાઈજી;
જડ જાણીને જેવું તેવું, અન્ન આપે ખાયજી. ઋષભ. ૪
ટોવા સારુ ખેતર મોકલ્યાં, ચોર લૈ ગયા ત્યાંયજી;
દેતાં બલિદાન દેવિયે, કરી આવીને સાયજી. ઋષભ. ૫
ત્યાંથી જડભરતને છોડિયા, રાયે દઈ શિક્ષાયજી;
નિષ્કુલાનંદ કહે એ નૃપને, કર્યો સુખનો ઉપાયજી. ઋષભ. ૬

પદ ૭ મું

જડરે ભરતની જાતના, જોગી જે જગમાંયજી;
ઇંદ્રિય મનની ઉપરે, રહે શત્રુ સદાયજી. જડરે. ૧
વિકળ ન થાયે વિષયમાં, રહે પરવત માંયજી;
ધરમ ધીરજ મૂકે નહિ, મર મુસ્તક જાયજી. જડરે. ૨
આઠે પહોરમાં એક ઘડી, નવ માને નીજ દેહજી;
તેનારે સુખ સારું શું કરે, ઉપાય ન કરે એહજી. જડરે. ૩
હરિ ઇચ્છાએ હરે ફરે, કરે જીવના ઉદ્ધારજી;
જેને મળે એવા જોગીયા, પામે તે ભવ પારજી. જડરે. ૪
એવા જોગીને આવી મળે, જાણે અજાણે જંતજી;
નિષ્કુલાનંદ કહે એ નરને, પળમાં કરે ૧પવંતજી. જડરે. ૫

પદ ૮ મું

જોગી જીવો રે એવા જગતમાં, સગા સૌના સોહાયજી;
શત્રુ શોધતા સંસારમાં, જેને નવ જડે કોયજી. જોગી. ૧
સ્થાવર જંગમ સ્થૂળ સૂક્ષ્મ, ચરાચર જે જંતજી;
મન કર્મ વચને દૂભે નહિ, દયા દિલે અનંતજી. જોગી. ૨
નિશ્ચે એવાને નિરખીને, દયા દુષ્ટને નોયજી;
બીજા તે સર્વે દયા કરે, જ્યારે એવાને જોયજી. જોગી. ૩
દેહદર્શી દુઃખ ભોગવે, કરે સુખને ઉપાયજી;
આત્મદર્શી આનંદમાં, રહે સુખમાં સદાયજી. જોગી. ૪

મૂલ્યે પોતાનું ભાસે નહિ, ત્રણ કાળમાં તંનજી;
નિષ્કુલાનંદ એમ સમજી, જોગી ન કરે જતંનજી. જોગી. ૫

પદ ૯ મું

પ્રથમ વૈરાગ્ય જેને પ્રગટે, તજે સકળ સંસારજી;
રાજસાજ સુખ સંપતિ, મેલે માલ ભંડારજી. પ્રથમ. ૧
આસન વસન ભૂષણ સજ્યાં, એથી ઉતારે મનજી;
અતર વૈરાગ્ય જ્યાં ઉપને, તજી ભુવન ઇચ્છે વનજી. પ્રથમ. ૨
સત્ય ધાતુ સૌવ્રણ લગે, વાંછે નહીં વાસણજી;
ગામ ભોગ તે ગમે નહીં, ઇચ્છે અરણુમાં આસનજી. પ્રથમ. ૩
માતા તાત સુત સંબંધી, તજે ભગિની ભાઇજી;
નારી ન ગમે દીઠે નૈણે, તોડે સૌ શું સગાઇજી. પ્રથમ. ૪
એટલાં તજી નર નિસરે, વળતો લિયે વેશજી;
સુખ દુઃખ સહે શરીરને, દેખી દેશ વિદેશજી. પ્રથમ. ૫
પછે એસેં કોઈ થાનકે, જોઈ સુંદર જાગજી;
નિષ્કુલાનંદ કહે એ નરનો, વળતો ન રહે વૈરાગજી. પ્રથમ. ૬

પદ ૧૦ મું

વૈરાગને વિધન ઘણાં, તાસી રહ્યાં તૈયારજી;
માન મોટાઈ છે મારવા, ઢોળાવવા ધન નારજી. વૈરાગ. ૧
ઉપરથી અભાવથી, ટકે નહિ કદિ ટેકજી;
પાંચ વેરી પ્રચંડ છે, અધિક એકથી એકજી. વૈરાગ. ૨
ખાતાં પિતાં સુતાં જાગતાં, વસવું વેરીને વાસજી;
જમતાં સૂણતાં બોલતાં, તેનો કરવો તપાસજી. વૈરાગ. ૩
તપાસ વિના જે ત્યાગિયું, હોડે કરી હૈયાહોરજી;
તે કોઈ દહાડે કચવાઇને, કંઇક ભાગશે ભૂરજી. વૈરાગ. ૪
અંતર ઉંડા અભાવથી, કરિયે તનમન ત્યાગજી;
વિષયને વિષ કરી જાણિયે, રાખિયે નહિ રાગજી. વૈરાગ. ૫
સાચે કારજ સર્વે સરે, કાચે રાચે નહિ રાગજી;
નિષ્કુલાનંદ કહે નક્કિ જીવ, અણસમજુ એકાગજી. વૈરાગ. ૬

પદ ૧૧ મું

વૈરાગ્ય વિણ એ વાણી વદે, સમજ્યો નહીં લેશજી;
મોટા સંતની સેવા કયાં મળે, એમ આપે ઉપદેશજી. વૈરાગ્ય. ૧

તન ધન સંત વડે કરી, સેવા સાધુની કીજેજી;
વિધ વિધના વિજનશું, રુડી રસોઇઓ દિજેજી. વૈરાગ્ય. ૨
આગ્યે સાધુને અર્પિયાં, સૂત વિત ઘરબારજી;
એવા ભક્ત લખાયા ભક્તમાળમાં, દેખો દીલના ઉદારજી. વૈરાગ્ય. ૩
આજ સાધુને આપતાં, ક્યારે મુંઝાયે મંનજી;
સૂત કલત્રને કારણે, દોડી ખરચો છો ધંનજી. વૈરાગ્ય. ૪
અમેરે ત્યાગી સર્વે ત્યાગિયું, ત્યાગ્યાં રાજ ને પાટજી;
તમારા કલ્યાણને કારણે, સંત વરતાવે વાટજી. વૈરાગ્ય. ૫
એ વણ શા વૈરાગ્યની વાતડી, સૂણજ્યો નર નારજી;
નિષ્કુલાનંદ કહે એ નરનું, કેમ પડશે પારજી. વૈરાગ્ય. ૬

પદ ૧૨ મું

જેનુંરે મન વનશું વર્તતું, અતિ રહેતા ઉદાસજી;
તો તાકયા વસ્તીએ વસવા, બાંધી સૌ સાથ આશજી. જેનુંરે. ૧
જેને ગમતી જીર્ણકંથા, જેવું તેવું જળ ઠામજી;
તેણે રંગ્યાં રુડાં તુંબડાં, વસ્ત્ર માગે ગામો ગામજી. જેનુંરે. ૨
રસે રહિત અન્ન જમતા, દેવા દેવને દંડજી;
તેનેરે જોઇયે તીખાં તમતમાં, ખાવા ખીર ને ખંડજી. જેનુંરે. ૩
જેનેરે જાગ્યા આગ લાગતી, ગમતું નહિ સન્યા ને ઘરજી;
તેનેરે આસનથી ઉઠાડતાં, જગાડવો મણિધરજી. જેનુંરે. ૪
પોતાનો પરિવાર પરહરી, ચાલ્યા એકલા આપજી;
તેનેરે સ્નેહ બાંધ્યો શિષ્યશું, લીધો પરનો સંતાપજી. જેનુંરે. ૫
ઓછી સમજ એ જે આદરે, કાચો થકો કોયજી;
નિષ્કુલાનંદ કહે તે નરને, અંતે એમ હોયજી. જેનુંરે. ૬

પદ ૧૩ મું

વાય વાય જો કુમતિ મતિ તારીરે, મેલિ મોહન વદન જોઈ નારીરે;
હાર્યો હેવાન કુબુદ્ધિ જતી બાજીરે, લાગી પેન્ડર ન આવી લાજ પાજીરે. ૧
તેં તો બારી બલાને બોળિ લીધીરે, તેં તો વાઘણીસું વાલપ કીધીરે;
તજી મહા રસના પ્રભુ મેવારે, જાણિ ઝેરનું જાય પારખું લેવારે. ૨
તેં તો સ્નેહ કીધો સર્પણિ સાથેરે, માગી લીધું મૂરખ દુઃખ માથેરે;
ઘણી ઘાત થઈ છે ઘરમાંઇરિ, તેનો તુજને વિચાર નહી કાંઇરે. ૩

તારું વિષય સંગાતે ચિત્ત બાંધ્યુંરે, આંબ તજીને આક ફળ ખાધુંરે;
તેં તો વણસાડયું છે કાજ તારુંરે, કહે નિષ્કુલાનંદ તે સારુંરે. ૪

પદ ૧૪ મું

ધિક ધિક તારા જો અવતારરે, તેં તો ન કર્યો નર જો વિચારરે;
ચૌદ લોકને ગઈ છે તારી ચાવીરે, તુંને તેની પ્રતીત કેમ આવીરે. ૧
બ્રહ્મા સરખાને જેણે જો ભોળાવ્યારે, શિવ સરખાને જેણે જો ડોલાવ્યારે;
જેણે એકલશૃંગીને અંધ કીધોરે, જેણે પરાશર પકડીને લીધોરે. ૨
કીધું નારદતણું તે મુખ કાળુંરે, ઋષિ શૌભરિતણું તે તપ ટાળ્યુંરે;
જેણે અંધ તે અસૂર કુળ કીધુંરે, કહિ અમૃત ને જો વિખ દીધુંરે. ૩
જેણે રાવણતણું કુળ ખોયુંરે, ત્યાં તારું તે મન કેમ મોહ્યુંરે;
લિધું દુઃખ તે અલ્પ સુખ સાટેરે, કહે નિષ્કુલાનંદ તે માટેરે. ૪

પદ ૧૫ મું

બળો બળો કુમતિ મતિ તારીરે, તેં તો વાત કાંય ન જોઈ વિચારીરે;
કાં ગઈ તારી અકલ અભાગીરે, તજી સુખ દુઃખ મુખ લીધું માગીરે. ૧
તુંને વિષય મોદિક કેમ ભાવેરે, થાવા હડકાયાની હોંસ કેમ આવેરે;
તારું ધન દારા દેખી દિલ ડોલેરે, થૈ બાવરો ને હક બક બોલેરે. ૨
તારું અસત્ય ધંધે તે મન લાગ્યુંરે, સુતા સિંહને ઉઠાડી વિખ માગ્યુંરે;
મન ગમતી ખાધી તેં ઠગ મૂળીરે, તજી સુખસેજ સૂતો જઈ શૂળીરે. ૩
ફટફટ કુમતિ મતિ તારીરે, તજી મહિ ને વલોયું જઈ વારીરે;
કહે નિષ્કુલાનંદ નર તુંનેરે, વળી કહીશ કહ્યું નહીં મુનેરે. ૪

પદ ૧૬ મું

એક અચંબો આવે છે અતિ ભારીરે, તુંને લાજ નથી આવતી લગારીરે;
લખ ચોર્યાંશી કુંટુંબ કુળ તારુંરે, ખર શૂકરમાં કેને કુંણ સારુંરે. ૧
અંડ ઉદ્ભિજ ને સ્વેદ જરાયુરે, વાર અનેક તું ઉપજ્યો મરાયુરે;
ઉંચ નીચમાં લીધો તેં અવતારરે, આદ્યે શ્વપચ દઈ વર્ણ અઢારરે. ૨
એક એકને ઉદર નર આવ્યોરે, તું તો સરવે તણો સુત કહાવ્યોરે;
તેની લાજ તુંને ન આવી લેશરે, હવે આપિયે તે કિયો ઉપદેશરે. ૩
દીઠો નહિં તુજ જેવો કોય ડાહ્યોરે, તું તો ભુખ ને દુઃખથી નકાયોરે;
કહે નિષ્કુલાનંદ તુંને કેટલુંરે, માન તજી હજી માને તો છે ભલુંરે. ૪

પદ ૧૭ મું

સત વાત એક સાંભળોને સારીરે, જો જો જન મન વાત એ વિચારીરે;
આવી મનુષ્યા દેહ તે શ્યા માટેરે, આવ્યો કુણ કામ ચાલ્યો કુણ વાટેરે. ૧
તેની સંતને ન પૂછી વાત સાચીરે, તું તો આપણે ડહાપણે રિયો રાચીરે;
કરે સુખના સમાજ કાજ કામરે, તારું મન મોહ્યું દામ વામ ધામરે. ૨
કરે મનોરથ મન નિત્ય નવારે, વિષે સુખ વળી ભોગજે ભોગવારે;
આજ સૂધી તેનો અભાવ ન આવેરે, કેમ ધંતુરાનાં ડીંડાં ભુંડાં ભાવેરે. ૩
ભખ્યો ભોયંગ ને લાગે લિંબ મીઠોરે, કરિ કમાણી ને હાલ્યો નર હિઠોરે;
શી અકલ લીધી છે નર તે શિખારે, કરે નિષ્કુલાનંદ નર દેખારે. ૪

પદ ૧૮ મું

એક વાત વળી સાંભળી છે સારીરે, કહું વિવિધ પ્રકાર જો વિચારીરે;
એક બાવરો બેસાર્યો વળી વહાણેરે, માન્યું મુરખ પગ્યો હું બંધિખાનેરે. ૧
ચઢયો ફેરને દીઠું છે સર્વે ફરતુંરે, માન્યું મનમાં જે પામ્યો હવે મરતુંરે;
થયો આકળો અભાગી લાગી લેરીરે, ખરા ખારવા વિશેષે જાણ્યા વેરીરે. ૨
ચડી ડોલ ને દીઠું છે દુઃખદાઈરે, મારી ઠેક છેક પગ્યો પાણિ માઈરે;
એમાં દોષ કોહ્યો કેને હવે દઈયેરે, મળ્યો સતસંગ તરી તજી જઈયેરે. ૩
તજી સુખ પગ્યો દધિ દુઃખ માઈરે, એ પ્રકારમાં ન જાય કચાઈરે;
સર્વે સુખ દુઃખ વાહાણનું જો સહિયેરે, કહે નિષ્કુલાનંદ પાર થઈયેરે. ૪

પદ ૧૯ મું

એક મૂરખને હાથ મણિ મળિરે, જોઈ ચાખી સૂંધી ન લાગી ગળીરે;
હતો વેવલો ને કાવતો વિવેકારે, જોઈ ત્રોડી ફોડિ નાંખ્યું નરે ફેંકીરે. ૧
તેમ સતસંગ મળ્યો શિરોમણીરે, હતિ બાળ બુદ્ધિ કુબુદ્ધિને ધણીરે;
તેણે સતસંગ રંગ અંગ ત્યાગ્યોરે, કાળા કામળાને કસુંબો ન લાગ્યોરે. ૨
રહે પથ્થર કોરો જો પાણી માંઈરે, જેમ જળ મળે જવાસો સુકાઈરે;
મળિ મરકટ ને રાજ સાજ સિદ્ધિરે, દેખી ટોપરું ને તરત ટેક દિધિરે. ૩
મળિ અલ્પમતિને વાત મોટીરે કરે અનમાન જ્ઞાન કહે ખોટીરે;
મળિ અનુપમ મોજ તેજ ત્યાગીરે, કહે નિષ્કુલાનંદ એ અભાગીરે. ૪

પદ ૨૦ મું

જેમ સર્પને પાળીને દુધ પાયરે, તે તો ધરના પરનાને ખિજ્યો ખાયરે;
જેમ વેરીને શિખવે વિદ્યા વિધરે, કરે દાવ ઘાવ પાછો પરસિદ્ધરે. ૧

દેખે દિનમાં અંધારું ખાંતે ખોળીરે, એવા અંધ નર ઉલુકની ટોળીરે;
એવો નર કોઈ દિઠો ન નઠારોરે, મળ્યું કલ્પવૃક્ષ માગ્યો છે કુઠારોરે.
પડ્યું અવળું ન સૂઝે બીજું સાજરે, રિઝ્યા રાજ પાસ માગી છે પિયાજરે;
કરિ કલ્પવૃક્ષ સમ કહાવેરે, મળે તેને તેવું જેને જેવું ભાવેરે.
કોશે દેવનો ચોર મેલું દેખીરે, પણ અંતરની ઇચ્છા ન ઉવેખીરે;
પડી જન્માંતરે વાત પાછીરે, કહે નિષ્કુલાનંદ એ સાચીરે.

પદ ૨૧ મું

લટકાળો લટકંતોરે આવે, મોહન મોરલી વાતોરે; લટ–ટેક.
સખાને સંગે અતિ ઉછરંગે, ગીત મધુરાં ગાતોરે; લટ.
કેસરિયે વાઘે કસુંબલ પાઘે, કેસર રંગમાં રાતોરે; લટ.
પુલોના તોરા ગજરાની ટોપી, પુલોને હારે પુલાતોરે; લટ.
નિષ્કુલાનંદનો સ્વામી શામળિયો, આવે અમીરસ પાતોરે; લટ.

પદ ૨૨ મું

શામળિયો સ્નેહનો બાંધ્યો, આવે છે અલબેલોરે; શામ–ટેક.
રંગમાં રાતો ને વાંસલી વાતો, છોગાળો છેલ છબીલોરે; શામ.
અતિ પ્રસંન વદન વહાલાનું, અળવે ભર્યો અલવિલોરે; શામ.
દરશન દેવને કાંઈ એક કેવા, રસ બસ કરવા રસિલોરે; શામ.
નિષ્કુલાનંદનો સ્વામી શામળિયો, આવે વાલપશું વહેલોરે; શામ.

પદ ૨૩ મું

છબીલાની છબી જોઇને, મોહી રહ્યું મન મારુંરે; છબી–ટેક
નેણાં વિશાળ ને વાણી રસાળ, તેપર તન મન વારંરે; છબી.
વહાલાનું વદન સુખનું સદન, શોભે છે સુંદર સારુંરે; છબી.
જીવન જોઈ હું મનમાં મોહી, મીટે મટકું ન મારુંરે; છબી.
નિષ્કુલાનંદના નાથને નિરખી, અંતરમાં ઉતારંરે; છબી.

પદ ૨૪ મું

છોગાળા તારા છોગલાં ઉપર, વાલમજી જાઉં વારીરે; છોગાળા–ટેક.
નટવર નાગર સુખના સાગર, મન માન્યા મોરારીરે; છોગાળા.
કાન ગોવાળા ને વાંસળીવાળા, તમે મીરાત્ય છો મારીરે; છોગાળા.
નંદના લાલા લાગો અતિ વાલા, ગુણવંતા, ગિરિધારીરે; છોગાળા.
નિષ્કુલાનંદના સ્વામી શામળિયા, હું છું દાસી તમારીરે; છોગાળા.

બ્રહ્માનંદ

એ જાતનો ચારણ હતો, એની કાંવત્વ શક્તિ મોટી અને તાત્કાલિક હતી

શૃંગારનાં પદો

પદ ૧ લું–રાગ ધનાશ્રી

છેલા ચાલંતા ગજ ચાલ, આવો મારે આંગણે;
હું તો મોહિ છું મોહનલાલ, તોરે પુલડાંતણે.–ટેક. આવો. ૧
પ્રીતમ પેર્યો પ્રેમથી, તમે સોનેરી સુરવાળ;
જરકસિયા જામાતણી, મારા ચિતડામાં ખુંતી ચાળ. આવો. ૨
રૂપાળો રતને જડ્યો, કાજુ શોભે કમર કટાર;
ગુણિયલગજ–મોતિતણો, રાજે હૈડા ઉપર હાર. આવો. ૩
સુંદર મુખ સોહામણું, જોઈ લાજે શશિયર ક્રોડ;
બ્રહ્માનંદના વાલમા, તારા મોળિડાનો અજબ મરોડ. આવો. ૪

પદ ૨ જું

ઓરા આવોને પ્રાણ આધાર, વાલા મારે ઓરડે;
હું તો મોહિ છું નંદકુમાર, બાજુકેરે ઓરડે.–ટેક. વાલા. ૧
સોનાકેરાં સાંકળાં, પેર્યાં રસિયા જાદવરાય;
હરિવર બટકાં હાથનાં, મારે અટકયાં અંતરમાંય. વાલા. ૨
અજબ અલૌકિક અંગુળી, રાજે નખ મણી–લાલ સમાન;
શોભા વિંટી વેઢની, કાજુ રાજે છે રસિયા કાન. વાલા. ૩
અંગ અંગ પ્રતિ ઓપતા, શોભે સુંદરવર શણગાર;
બ્રહ્માનંદના વાલમા, તારી બાનકની બલહાર. વાલા ૪

પદ ૩ જું

વાલી લાગે છે વ્રજચંદ, પ્યારા તારી પાઘડી;
મરમાળા બાળમુકુંદ, જીવડલામાં જડી.–ટેક. પ્યારા. ૧

પુલ દડો ઉછાળતા, જ્યારે સામા આવો છો સેણુ;
જાદવ સામું જોઇને, મારાં નાથ ઠરે છે નેણુ. પ્યારા. ૨
અતિ મરમાળી આંખડી, કાંયક સુંદર રાતી કોર;
આડી નજરે હેરતા, કાજુ લાગો છો નંદકિશોર. પ્યારા. ૩
આંટો ઉપરણીતણો ભાળી, વાધે છે મનમાં ભાવ;
બ્રહ્માનંદ જાય વારણે, તારા મુખડા ઉપર માવ. પ્યારા. ૪

પદ ૪ થું

રુડી લાગે છે વ્રજરાજ, છબી તારી શામળા;
કાના મનડું લેવા કાજ, ચાલો છો ઉતાવળા.—ટેક. છબી. ૧
આવીશ હું અલબેલડા, વારિ ગિરિધર તારી ગેલ;
કબુદ્ધિડાં નિંદા કરી, છોને મૂરખ ઘેાતાં મેલ. છબી. ૨
રસિયા તારા રંગની, લાગી ચટકી ચિત્તડામાંય;
શંકા તજી સંગ ડોલશું, હવે જગથી ડરે રે બલાય. છબી. ૩
અચળ તમારો આશરો, મારે નહીં બિજની આશ;
બ્રહ્માનંદ કહે રાજનાં, અમે દામ વિનાનાં દાસ. છબી. ૪

પદ ૫ મું

હેલિ જોને આ નંદકુમાર, સલુણો શોભતા;
ચાલે મદઝર ગજની ચાલ, રસિક ચિત્ત લોભતા. ૧
પ્યારી લાલ સુરંગી પાઘ, અલૌકિક બાંધણિ;
છુટા પેચ ઝુકયા ચહુકોર, અધિક શોભા ઘણી. ૨
રુડી રાજે છે નલવટ રેખ, મનોહર માવને;
જોતાં કેસર તિલક અનુપ, વધારે ભાવને. ૩
ઉભા અલવ કરે અલબેલ, સખાના સંગમે;
ખેલે બ્રહ્માનંદનો નાથ, રાજેસર રંગમે. ૪

પદ ૬ ઠું

શોભે નટવરજીને શિશ, કલંગી વાંકડી;
પુખરાજ પીરોજા લાલ, મોતિડેથી જડી. ૧
તોરો પુલતણો નવરંગ, મોલિડા ઉપરે;
જોઇને કાનકુંવરનું રૂપ, મારાં નેણાં ઠરે. ૨
સખિ આંટાદાર અનૂપ, પિયાજીની પાઘડી;
તે તો નહિ વિસરે પળ એક, જીવડામાં જડી. ૩

લલકે કુંડલ કાનું માંહિ, કે મોંઘા મૂલના;
બાંધ્યા બ્રહ્માનંદના નાથે, કે બાજુ કૂલનાં. ૪

પદ ૭ મું

આંખડલિ શરદ સરોજ, રસિલા લાલની;
દેખિ મનડું પામે મોહ, તિલક છબિ ભાલની. ૧
નાસા સુંદર દીપ સમાન, અતિ શોભી રઈ;
મુખ નિરખીને શશિયર જોત, ગગનમાં ઝાંખી થઈ. ૨
લીધી લટકાળ નંદલાલ, કે હાથ કબાણને;
એનિ ચટક રંગીલિ ચાલ, હરે મન પ્રાણને. ૩
કાજુ મોતિડે જડિત્ર કટાર, કમર કશી લીધલો;
નિરખી બ્રહ્માનંદ કહે જન્મ, સુફલ મારો કીધલો. ૪

પદ ૮ મું

સખિ કેસર ભીનો કાન, ઠરે જોઈ છાતડી;
રુડિ આંખડલિમે રેખ, મનોહર રાતડી. ૧
એનિ સાંભળતાં ગુલતાન, થઈ એના ગીતમે;
રસિયા વર કેરો રંગ, ચઢ્યો મારા ચિત્તમે. ૨
સમઝાવી મુજને શામ, નેણું કેરિ સાનમે;
મુને મગન કરી મસ્તાન, અમૃત રસ પાનમે. ૩
કાજુ રાજે જે ગૌર કપોલ, સુભગ તિલ ત્રાજવી;
શોભે બ્રહ્માનંદનો નાથ, રસિલો રાજવી. ૪

પદ ૯ મું

લટકાળા તારે લટકેરે, લેરખડા હું લોભાણી;
વાંસલડી કેરે કટકેરે, ચિતડાને, લીધું તાણી. ૧
છોગલિયું તારું છેલારે, આવી અટક્યું અંતરમાં;
વણુદીઠે રંગના રેલારે, બેઠી અકળાઉં ઘરમાં. ૨
રાતી આંખલડીની રેખુંરે, મનડામે ખુંતી મારે;
ડોલરીઆ હું નવ દેખુંરે, જંપ નથી થાતો જ્યારે. ૩
મરમાળી મૂર્ત્તિ તારીરે, વાલમ મારે ચિત્ત ચડી;
બ્રહ્માનંદના હાર હજારીરે, કેમ કરી મેલું એક ઘડી. ૪

પદ ૧૦ મું

રહું ભાળ તિલક રૂપાળુંરે, કોડે કીધું કેસરનું;
ભાવે હું સુંદર ભાળુંરે, કામડલું મેલી ધરનું. ૧
વાંકી ભ્રુકુટિ જોઈ વનમાળીરે, મારું લોભાણું મનડું;
મોહન નાસા વનમાળીરે, દોયલી વેળાનું ધનડું. ૨
તારાં લોચનીયાં નંદલાલારે, રંગભીના રંગ ભરિયાં;
વ્રજજીવન નટવર વાલારે, ગુણિયલ અંતરમે ગરિયાં. ૩
લટકાળા મોહની લાગીરે, ભાવે મુખડું ભાળીને;
બ્રહ્માનંદના શામ સુહાગીરી, બેઠી જગભય ટાળીને. ૪

પદ ૧૧ મું

માણીગર મોલિડું તારુંરે, સુંદર ફુલડેથી છાયું;
મોહન તેમાં મન મારું રે, ઠીક કરીને ઠેરાયું. ૧
રૂપાળું રંગનું ભરીયુંરે, શોભે કાચું સોનેરી;
છોગલિયું નૌત્તમ ધરિયુંરે, લાડકડા વાલમ લેરી. ૨
કાજુ નવલ કલગી નિર્ખિરે, ચિતડામાં લાગી ચટકી;
થઇ ગઈ દીવાની સરખીરે, લોક લજ્યા સર્વે પટકી. ૩
બહુ અંતરમાં રસ બસિયુંરે, ગરક કસુંબી મોલીડું;
બ્રહ્માનંદના મનમાં વસિયુંરે, મોહન તારું મોલીડું. ૪

પદ ૧૨ મું

વ્રજ જીવન શામ વિહારીરે, લાવણમાં હું લેવાણી;
મેં તો મેલ્યો જગ વિસારીરે, કાનુડા તારી કેવાણી. ૧
સુંદર વર રંગડો ચંડીયોરે, મરમાળા મોહન તારો;
જગ તૃણ સરખો ત્રેવડિયોરે, કુણ માને એનો ડારો. ૨
તમસાથે પ્રીતિ બાંધીરે, કોઇની શંકા કેમ ધરું;
ચિન્તામણિ સુંદર લાધીરે રાંક થઇને શીદ ફરું. ૩
તમ સાથે રંગનાં ભીનાંરે, દિલડું માન્યું ડોલરિયા;
બ્રહ્માનંદના નાથ નવિનારે, વાલમ અમે તમને વરિયા. ૪

પદ ૧૩ મું–રાગ ગરબી

ચાલો ચાલો સૈયરનો સાથ, વૃન્દાવન જાઇએરે;
સખી છેલ છબીલાને સંગ, હળી મળી ગાઇએરે. ૧

વહાલેા જુવે છે આપણી વાટ, ઉભા છે વનમાંરે;
સખી આપણે સાથ એકાંત, મળ્યાનું છે મનમાંરે. ૨
વ્હાલે મેારલી લીધી છે હાથ, વનાડે છે ઘેરીરે;
આવી ઉભા છે જમુનાને તીર, પિતાંબર પેરીરે. ૩
વાલે પેર્‌યા છે પુલડાંના હાર, બાંધ્યા છે બાજુરે;
એને લ્હેકે છે કાનેા માંઇ, કુંડલિયા કાજુરે. ૪
વાલે મૃગલાં પમાર્‌યાં મેાહ, બંસીને નાદેરે;
હરિ ગાય છે સુંદર ગીત, મધુરે સાદેરે. ૫
હરિને હેતે કરીને હાથ, ઝાલ્યાનેા હેવારે;
સખી બ્રહ્માનંદનેા નાથ, રમવા જેવારે. ૬

પદ ૧૪ મું

જોને જોને સખી એનું રૂપ, મનેાહર રાજેરે;
મુખ લાવણ્યતા જોઈ કામ, કે કેાટિક લાજેરે. ૧
જોને પુલડાંનેા તેારેા શિશ, સુંદર શેાભેરે;
જોઈ લાલ સુરંગી પાધ, મનડું લેાભેરે. ૨
વ્હાલેા નેણે જણાવે છે નેહ, હેતે હેરેરે;
મુને ન્યાલ કરી નંદલાલ, આજુને ફેરેરે. ૩
પેરી શેાભીતા શણગાર, રુડા લાગે રમતારે;
વાલેા વ્રજ નારીને ચિત્ત, ગિરિધર ગમતારે. ૪
મારાં લેાચનિયાં લેાભાય, નટવર નિરખીરે;
હું તેા મગન થઈ મનમાંય, દિવાની સરખીરે. ૫
ઉભા ગીત મધુરાં ગાય, ગેાપીજન સંગેરે;
વ્હાલેા બ્રહ્માનંદનેા નાથ, રમે રસ રંગેરે. ૬

પદ ૧૫ મું

આવેા આવેાને નંદજીના લાલ, આપણ રમીએરે;
રુડાં ભેાજનીઆં બહુ ભાત, જમાડું તે જમીએરે. ૧
વારી શામળીયા તમ સાથ, લાગી પ્રીતિરે;
હવે શું કહેશે સંસાર, કેાઇથી નથી ખીતીરે. ૨
મારા હેતુ છેા હૈડાના હાર, તમપર વારીરે;
તમ કાજ કેાડીલા કાન, મેં સેજ સમારીરે. ૩

મારે તમથી જગમાં કોય, બીજું નથી વાલુંરે;
જે જે જોઇયે તે જાદવરાય, આણી આણી આલુંરે. ૪
લઈ સરવસ સુંદર શ્યામ, તુજપર વારુંરે;
તારા છોગલિયામાં શ્યામ, મોહ્યું મન મારુંરે. ૫
બ્રહ્માનંદના વ્હાલા ગુણવાન, પધારોને બ્યારારે;
તમને એક ઘડી અલબેલ, નહિ મેલું ન્યારારે. ૬

પદ ૧૬ મું

તારી આંખલડી અલબેલ, અતિ અણિયાળીરે;
હું તો ગરક થઈ ગુલતાન, કે ભૂધર ભાળીરે. ૧
માથે લાલ કુસુંબી પાધ, તોરો લટકેરે;
છબી જોઇને સુંદર શ્યામ, મન મારું અટકેરે. ૨
રુડી કેસર કેરી આડ, કે ભાલ વિરાજેરે;
જોઈ મુખની શોભા માત્ર, પૂરણ શશી લાજેરે. ૩
શોભે ધુધરડીના ઘોર, કેડે કંદોરો રે;
ગળે મોતીડાની માળ, ચિતડું ચોરો રે. ૪
શોભે સુથણુલી સોરંગ, રૂપાળો રંટો રે;
વ્હાલા પેરીને પ્રાણ આધાર, ભાવેસું ભેટો રે. ૫
વ્હાલા બ્રહ્માનંદના નાથ, આવી સુખ આપોરે;
મુને મ્હેર કરી મોરાર, પોતાની કરી થાપોરે. ૬

પદ ૧૭ મું

સખી નન્દતણે દરબાર, માહા રંગ રેલેરે;
વ્હાલો ગોવાળાની સાથ, ખાંતીલો ખેલે રે. ૧
મુને કાનુડાનાં કોડ, ગઈતી જોવા રે;
વ્હાલે કીધો અલૌકીક ખ્યાલ, મારું મન મ્હોવારે. ૨
કાને ગોપી ગોવાળાને ઘેર, ગોપ જમાજ્યારે;
રુડાં લટકાં કરી નંદલાલ, કે ખૂબ રમાજ્યારે. ૩
હસી હેત કરી હરિ રાય, ઝાલી મુને હાથેરે;
વ્હાલે દુધતણી લૈ હેલ, ઢોળી મારે માથેરે. ૪
મુને કીધી રસબસ કાન, ભીંજી મારી સાડીરે;
મુને ચસકો લાગ્યો એ સાથ, જઈશ હું તો દહાડીરે. ૫

વ્હાલો ડોલે ગોવાલીડા સંગ, બોલે સારું સારુંરે;
હેલી બ્રહ્માનન્દને નાથ, મોહ્યું મન મારુંરે. ૬

પદ ૧૮ મું

ઓરા આવોને સુંદર શ્યામ, એકાંતે મળીયેરે;
વ્હાલા દિન જાણીને દયાળ, અઢળક ઢળીયેરે. ૧
વારી મુરતી તમારી માવ, વસી દિલ મોરેરે;
હું તો જોઇને થઈ ગુલતાન, પ્રુલો ફેરે તોરેરે. ૨
વ્હાલા તમને મળ્યાનાં છે કોડ, કરિયે વાતુરે;
વાલા તમ વિના પળ એક, નથી રેવાતુંરે. ૩
તમે દીલડાના દરીઆવ, ફે છેલ છોગાળારે;
મારા મનમાં માન્યા મોરાર, છો મરમાળારે. ૪
આવી તમ સાથે અલબેલ, પ્રીત બંધાણીરે;
સુખ લાવણ્યતા જોઈ માવ, હું લોભાણીરે. ૫
તમે મોટા થઈ મહારાજ, શું લલચાવોરે;
વાલા બ્રહ્માનંદના નાથ, હસિને બોલાવોરે. ૬

—※※※※—

ઈશ્વરને ભજવા વિષે

પદ ૧૯ મું–રાગ ગરબી

પ્રભુ સાથે કરને રે નર તું પ્રીતડીરે, મેલિ દેને મોહ મત્સર અભિમાનરે;
દિન ઝાઝા રહેવું નથીરે આ દેહમાંરે, હૈયાપ્રુટા શાને થાય છે હેરાનરે–પ્રભુ. ૧
સમજીને શરણું તું લેને સાચા સતનુંરે, જાય તારા અનંત જનમનો રોગરે;
દુર્લભ મનુષ્યજનમ ભરતખંડમાંરે, વારે વારે એવો મળે નહિ જોગરે–પ્રભુ. ૨
સમજી વિચારિને જોને તું કોણ છે રે, ક્યાંથી તું આવ્યો ને જઇશ કેને ઘેરરે;
ચારને દિવસરે રહેવું આ સંસારમાંરે, અમૃત તજીને ખાય છે ઝેરરે–પ્રભુ. ૩
મમતાને માંહીરે માયા લગી ખુતિયેરે, મારું મારું કરી રહ્યો મંદરે;
કહેને તારું હરિ વિનારે સગું કોણ છેરે, માટે સત્ય કહેછે બ્રહ્માનંદરે–પ્રભુ. ૪

પદ ૨૦ મું

શરણું તું તો લેનેરે સુંદરશ્યામનુંરે, તજી તેને મુરખ ઠાલી તાણુરે;
વારિને વલોવેરે ઘૃત નવ નીકળેરે, તેવું છે આ જગનું ડહાપણ જાણુરે–શરણું. ૧

કુબુદ્ધિને મેલીનરે જતન કર જીવનુંરે, જોને તારિ ઉમર બુડી જાયરે;
પ્રભુના ભજનરે વિના તને પ્રાણીયારે, કોઈ દિન સુખ સુપને નહીં થાયરે–શરણું. ૨
મોટેરો થઇનરે ફરે અભિમાનમાંરે, જાણે હું જીવાડું પરિવારરે;
શકટને હેઠેરે શ્વાન જેમ ચાલતુંરે, માને સર્વે પોતાને શિર ભારરે–શરણું. ૩
ભરણ ને પોષણરે, સહુનું હરિ કરેરે, સુખ દુઃખ સઉનું હરિને હાથરે;
એવું તું જાણીનરે તજ અહંકારનેરે, ભજી લેને બ્રહ્માનંદનો નાથરે–શરણું. ૪

પદ ૨૧ મું

માનિલે શિખામણરે ડહાપણ તારું મેલિનરે, ધન તન જોબન સુપનું જાણરે;
ચાર તે દિવસનારે જીવતર કારણેરે, ભટકીશ પરવશ ચારે ખાણરે–માનિલે. ૧
મનમાં વિચારિરે જોને તું તો મૂરખારે, નથિ આંહિ રહેવાનું નિદાનરે;
મહેલ બગિચોરે મંદિર માળિયાંરે, મેલિ દેઇને વસવું છે મેદાનરે–માનિલે. ૨
સગાં ને કુટુંબીરે રહેશે રોઈ કળકળી, દાટ્યા સર્વે રહેશે ઘરમાં દામરે;
એતકાલે ઠાલે હાથે જાવું પ્રાણી એકલારે, કોઈ નહિ આવે તારા જીવને કામરે–મા. ૩
શરીર સાચવિયુંરે જ્યાં ન કીધું જીવનુંરે, સાચો કીધો નરક ચોરાશીનો લેખરે;
બ્રહ્માનંદ કહેરે બુઝો જમપુરમાંરે, દિલમાં સમજી વિચારીને તું દેખરે–માનિલે. ૪

પદ ૨૨ મું

વિષયમાં વળુંધ્યોરે હરિને વિસારીનરે, ફરે મરડાતો અતિ મનમાં ફુલરે;
જોના વડિયે જીવેરે તેને નથી જાણતોરે, મણમાં તારે આઠ પાંચશેરીના ભૂલરે–વિ. ૧
તોલ્યા વિના ખર થઇને ભાર તાણતોરે, હાંકતા સૌ કહી તને હાડ હાડરે;
મટાડી પશુરે કીધો તને માનવીરે, પ્રભુનો કાંઈ નથી જાણતો પાડરે–વિ. ૨
જઠરાગ્નિથીરે રાખ્યો તને જાળવીરે, સુંદર દીધો તનનો સાજરે;
અન્ન જળ હમણાંરે તેનું દીધું ખાયછેરે, તેનું નામ લેતાં આવે છે તને લાજરે–વિ. ૩
ભુંડપ કેરુંરે ભાતું તેં તો બાંધિયુંરે, માથે લીધો મમતા કેરો બોજરે;
બ્રહ્માનંદ કહેરે હરિ નવ ઓળખ્યારે, ફરતો ડોલે જેવો વનનો રોઝરે–વિ. ૪

પદ ૨૩ મું

રે સગપણ હરિવરનું સાચું, બીજું સર્વે ક્ષણભંગુર કાચું રે; સગ–ટેક.
રે સા સાથે પ્રીતે ટાળી, રે ભાગ્યું મન મિથ્યા ભાળી;
છે વરવા જેવા એક વનમાળી; રે સગ. ૧
રે થિર નહીં આવરદા થોડી, રે તુચ્છ જાણીને આશા તોડી;
મેં જગના જીવન સાથે જોડી; રે સગ. ૨

રે ફોગટ ફેરા નવ ફરિયે, રે પરઘર પાણી શું ભરિયે;
જો વરિયે તો નટવરને વરિયે; રે સગ. ૩
રે ભૂધર ભેટ્યા ભય ભાગો, રે સૌ સાથે તોડ્યો ધાગો;
એ રસિક રંગીલાથી રંગ લાગો; રે સગ. ૪
રે એવું જાણીને સગપણ કીધું, રે મેણું તો શિર ઉપર લીધું;
બ્રહ્માનંદનું કારજ સીધું; રે સગ. ૫

પદ ૨૪ મું

રે લગની તો હરિવરથી લાગી, મેં તન ધનની આશા ત્યાગીરે; લગની. ટેક.
રે વાત કહું સુણ સાહેલી, રે, બળિયોજી કીધા ભેલી;
માથું પેલું પાસંગમાં મેલી; રે લગની. ૧
રે ન ડરું હું લોકતણી લાજે, રે શિર ઉપર ગિરિધર ગાજે;
આ દેહ ધર્યો નટવર કાજે; રે લગની. ૨
રે શિરપર જો બીજો ધારુંરે, રે તો બગડે જીવતર મારું;
હું જીતી બાજી તે કેમ હારું; રે લગની. ૩
રે હરિ વિના બીજાને વરવું, રે ગજ તજી ખર ચડીને ફરવું;
રે જીવ્યાથી રુડું મરવું; રે લગની. ૪
રે મરજાદા જગની મોટી, રે બાંધી પ્રેમતણી પેટી;
બ્રહ્માનંદનો વ્હાલો ભેટી; રે લગની. ૫

પદ ૨૫ મું

રે શિર સાટે નટવરને વરિયે, રે પાછાં તે પગલાં નવ ભરિયે; રે શિર.–ટેક.
રે અંતર દૃષ્ટિ કરી જોઇયું, રે ડહાપણ ઝોઝું નવ ડોળ્યું;
એ હરિ સારુ માથું ગોળ્યું; રે શિર. ૧
રે સમજ્યા વિના નવ નિસરિયે, રે રણ મધ્યે જઇને નવ ડરિયે;
ત્યાં મુખ પાણી રાખી મરિયે; રે શિર. ૨
રે પ્રથમ ચડે શૂરો થઇને, રે ભાગો પાછો રણમાં જઇને;
તે શું જીવે ભુંડું મુખ લઇને; રે શિર. ૩
રે પેલું જ મનમાં ત્રેવડિયે, રે હોરે વારે જુદ્ધે નવ ચડિયે;
જો ચડિયે તો કટકા થઈ પડિયે; રે શિર. ૪
રે રંગ સહિત હરિને રટિયે, રે હાક વાગે પાછા નવ હઠિયે;
બ્રહ્માનંદ કહે તાં મરી મટિયે; રે શિર. ૫

પદ ૨૬ મું

૨ ધરિયા અંતર ગિરિધારી, શું કરશે ઘોળ્યા હવે સંસારી; ૨ ધરિયા–ટેક.
૨ હું કોઇની ન રહું ઝાલી, ૨ વહાલાને ધાવા મ્હાલી;
૨ શિર કરમાં લઇને ચાલી; ૨ ધરિયા. ૧
૨ જેમ ગજ જાય બજારે ખુશી, ૨ શ્વાન મરે બહુ ભસીરે ભસી;
તે હાથીને નહીં શંકા કશી; ૨ ધરિયા. ૨
૨ બળવા ગઈ જો સતી સાચી, ૨ રામ રામ પીયા સંગ રાચી;
તે પડમાં જાય ન વળે પાછી; ૨ ધરિયા. ૩
૨ જો પડથી પાછી આવે, ૨ લાજ તજી મન લલચાવે;
તે સતી મટી કુત્તી કહાવે; ૨ ધરિયા. ૪
૨ બ્રહ્માનંદ એમ વિચારી, ૨ બીક સર્વે કાઢી બારી;
૨ મળીયા મોહન સુખકારી; ૨ ધરિયા. ૫

દેવાનંદ

એના પદમાં બોધ સાથે સપાટા છે

પ્રભુ સાથે પ્રીતિ કરવા વિષે

પદ ૧ લું–રાગ ગરબી

કર પ્રભુ સંગાથે દ્રઢ પ્રીતડીરે, મરી જાવું મેલી ધનમાલ;
અંતકાળે સગું નહિ કોઇનુંરે.-ટેક.
સંસ્કારે સંબંધી સર્વે મળ્યાંરે, એ છે જુઠી માયા કેરી ઝાળ. અંત.
મારું મારું કરીને ધન મેળવ્યુંરે, તેમાં તારું નથી તલભાર. અંત.
સુખ સ્વપ્ના જેવું છે સંસારનુંરે, તેને જાતાં ન લાગે વાર. અંત.
માટે સેવજે તું સાચા સંતનેરે, તારાં ટળશે ત્રિવિધનાં તાપ. અંત.
અતિ મોટા પુરુષના આશરેરે, બળે પૂર્વ જનમનાં પાપ. અંત.
એવું સમજીને ભજ ભગવાનનેરે, સુખકારી સદા ઘનશ્યામ. અંત.
દેવાનંદનો વ્હાલો દુઃખ કાપશેરે, મન વાંછિત પૂરણ કામ. અંત.

પદ ૨ જું

મળ્યો મનુષ્યનો દેહ ચિંતામણિરે, તારા અંગમાં છે રોગ અસાધ્ય;
નથી લેતો નારાયણ નામનેરે.—ટેક.
માથે જનમ મરણ મોટું દુઃખ છેરે, તારા અંતરમાં હરિને આરાધ્ય. નથી.
ઘણું સુજે છે કામ સંસારનુરે, કરે સગાનું બહુ સનમાન. નથી.
હેત કરતો નથી હરિદાસમાંરે, હૈયા પુટા તું લૂણહરામ. નથી.
પરનારી સંગાતે કરે પ્રીતડીરે, તારો ઐળે ગયો અવતાર. નથી.
બહુ નામીની બીક નથી રાખતોરે, ખરે ખાતે મળીશ તેમ ખુવાર. નથી.
અતિ કઠણ વેળા છે અંતકાળનીરે, પછી થાશે તુંને પરતાવ. નથી.
દેવાનંદની શિખામણ માનજેરે, તારા અંતરમાં કરીને ઉચ્છાવ. નથી.

પદ ૩ જું

તારા મનમાં જાણે છે મરવું નથીરે, એવો નિશ્ચય કર્યો નિરધાર;
તેમાં ભૂલી ગયો ભગવાનનેરે.–ટેક.

ધન દોલત નારી ને ધણા દીકરારે, અતિવાડી ઘોડી ને ઘરબાર. તેમાં૦
મેડી મંદીર જરુખા ને માળિયાં રે, સુખદાયક સોનેરી સેજ. તેમાં૦
ગાદિ તકિયા ને ગાલમશુરીયાંરે, અતિ આડ કરે છે એજ. તેમાં૦
નિચિ ખાંધ કરીને નમતો નથીરે, એવું સાધુ સંગાતે અભિમાન. તેમાં૦
મરમાળી મોહનજીની મૂર્ત્તિરે, તેની સાથે ન લાગેલ તાન. તેમાં૦
પાપ અનેક જન્મનાં આવી મળ્યારે, તારી મતિ મલિન થઈ મંદ. તેમાં૦
દેવાનન્દના વ્હાલાને વિસરી ગયોરે, તારે પડ્યો ગળે જેમ ફંદ. તેમાં૦

પદ ૪ થું

તારે માથે નગારાં વાગે મોતનાંરે, નથી એક ઘડીનો નિર્ધાર;
તોય જાણ્યા નહિ જગદીશનેરે.—ટેક.

મોટા મેલીને રાજ મરી ગયા, જોને જાતાં ન લાગી વાર. તોય૦
તારું જોબન ગયું જખ મારતુંરે, માથે કાળા મટી ગયા કેશ. તોય૦
અંતકાળે લેવાને જમ આવિયારે, તેનો ભાળી ભયંકર વેશ. તોય૦
રામ કેટી વીછુતણી વેદનારે, દુઃખ પામ્યો તું દૈવના ચોર. તોય૦
સગાં સ્વારથી મળ્યાં સર્વે લુંટવારે, તેને જરાએ ન ચાલે જોર. તોય૦
જીભ ટુંકા પડી ને તૂટી નાડિયોરે, થયું દેહ તજ્યાનું તતકાલ. તોય૦
દેવાનંદ કહે નવ જાણ્યા મારા નાથનેરે, મળ્યો મનુષ્યનો દેહ વિશાળ. તોય૦

માયાની મોહિનીમાં ઈશ્વરને ભૂલી ગયો

પદ ૫ મું

ભજ્યો નહિ ભગવાનનો, મળ્યો મનુષ્યનો દેહ;
પ્રીત કરિ પરનારશું, નીચ સોબત સ્નેહ. ભજ્યો.—ટેક.
મિથ્યા માયાના જોરમાં, થયો અંધ અજાણ;
લાજે વિંટાણો લોકની, કરે આપ વખાણ. ભજ્યો.
ચિંતા ઘણી ચિત્તમાં ભરિ, હાલ ભુંડા હેરાન;
પુરેલ હૈયું ને ફેલ આવડે, મિથ્યા મોટપનું માન. ભજ્યો.
જુઠા બોલો નથી જાણતો, માથે મરવાની ધાત;
દેવાનંદ કહે જમ આવશે, માર મુરખ ખાત. ભજ્યો.

પદ ૬ ઠું

અંતે જાવું છે એકલાં, સંગે આવે ન કોય;
માત પિતા ને ભાઈ દીકરા, નારી કુટે છે રોય. અંતે—ટેક.

ભુખે મરી ભેળી કરી, માયા લાખ કરોડ;
ડાટી રહેશે દરબારમાં, જોને આંખ્યું ના ફોડ. અંતે૦
જીવ સંગાતે જાય છે, પુન્ય પોતાનાં પાપ;
સુખ દુઃખ ફળ તેનાં ભોગવે, જમપુરીમાં આપ. અંતે૦
રાજા ધરમની આગળે, ખાશો મુરખ માર;
દેવાનંદ કહે દેહ ધારશો, લક્ષ ચોર્યાંશી વાર. અંતે૦

પદ ૭ મું

ભૂલી ગયો ભગવાનને, ગયું જોબન બાળ;
આવ્યું બુઢાપણ અંગમાં, કેડે આવે છે કાળ. ભૂલી–ટેક.
ઘરનાં માણસ જાણે ઘેલડો, કોઈ ન માને વાત;
અક્કલ ઘટીને વધી આપદા, કેદી મરશે કુજાત. ભૂલી૦
મનમાં અતિ ધનધાંખડી, વાલા વિષે વિકાર;
આડું બોલે તે અફિણિયો, દુઃખ પામે અપાર. ભૂલી૦
શરીરનું ચામડું સુકું થયું, થયો અંધ અધીર;
દેવાનંદ કહે હરિ ન ભજ્યો, બહુનામી બળવીર. ભૂલી૦

પદ ૮ મું

પ્રભુ ભજી લેને પ્રાણીયા, ધન દોલત ને નાર;
તેને તજી જાવું એકલાં, સગું કુટુંબ સંસાર. પ્રભુ–ટેક.
જેણે ભજ્યા જગદીશને, ભવ પામ્યા તે પાર;
એને વિસારીને આથડે, ગોથાં ખાય ગમાર. પ્રભુ૦
લખ ચોર્યાંસી જાતના, આવે દેહ અપાર;
જન્મ મરણ ગર્ભવાસનું, દુઃખ વારંવાર. પ્રભુ૦
વૈદ કોટિ વાંસે ફરે, કરે ઔષધ અનેક;
રંચ ન ટાળે રોગને, દેવાનન્દ કહે વિવેક. પ્રભુ૦

પદ ૯ મું–રાગ ગરબી

જન્મ સંગાતી વિસાર્યા જગદીશનેરે, એળે ખોયો માનસનો અવતારરે;
સગું નથી કોઈ જાણે તારા જીવનેરે, સુપના જેવો જુઠો આ સંસારરે–જન્મ. ટેક. ૧
ડાહ્યો થઇને ડોલે નિર્લજ નાતમાંરે, મરમ કરીને બોલે મિથ્યા વેણરે;
શેરીમાં મરડાતો ચાલે માનમાંરે, રાતાં દિસે રોષ ભરેલાં નેણરે–જન્મ. ૨
નારી આગળ એક રતી ન ઉપજેરે, ડાપણ મેલી જ્યાં દોરે ત્યાં જાયરે;
નિર્લજ થૈને નાચે કુબુદ્ધિ કેણમારિ, વિષે ભરેલો ગરજુ ગોથા ખાયરે–જન્મ. ૩

અંતરમાં કપટી ને ઉંડી ઇર્ષારે, સાધુ જનનો વેશ ન કીધો સંગરે;
દેવાનંદ કહે જમ જોરાવર આવશેરે, ભાંગી કરશે ભુકો તારું અંગરે–જન્મ. ૪

પદ ૧૦ મું

ભવસાગરનો પાર ન આવે પ્રભુ વિનારે, તપ તીરથ કરિયે કોટી ઉપાયરે;
પુન્ય કરી અમરાપુરનું સુખ પામીયેરે, અંતે પાછો ફેરો ફોગટ ફેરો થાયરે–ભવ. ૧
માયાની મોટપ તે મિથ્યા જાણજોરે, નદીએ આવ્યું જેમ પાણીનું પૂરરે;
તેની પેઠે ધન જોબન ને જીવવુંરે, આકતણાં જેમ ઉડી જાએ તૂરરે–ભવ. ૨
સગાં કુટુંબ મેલિને મરવું એકલુંરે, લખ ચોરાશી ફરવું વારંવારરે;
પાપતણાં ફળ આગળ તારે આવશેરે, કર્મ કરીને ભરિયા તેં કોઠારરે–ભવ. ૩
આજ અમુલખ માણસનું તન આવિયુંરે, ભજવા સારુ ભાવ કરી ભગવાનરે;
દેવાનંદ કહે માન તજીને માનજોરે, વાત વિચારી ચતુર સારી ચતુરસુજાણરે–ભવ. ૪

પદ ૧૧ મું

સગપણ સાચું જાણે શ્રી ઘનશ્યામનુંરે, કેવળ બીજું માન કુડાકુટરે;
સગાં સંબંધી સ્વાર્થ કેરાં સોબતીરે, મેલી જાશે મુખમાં નાંખી ધૂડરે–સગ. ૧
દેશ વિદેશે ડોલે ધનને કારણેરે, પ્રભુ વિસારી લાલચમાં લપટાયરે;
ભાગ્ય વિનાનો ભટકે પામર પ્રાણીઓરે, જોને તારું જોબન ઓળે જાયરે–સગ. ૨
કાળ અચાનક મોજું આવે કારમીરે, ઘેરી લેશે ત્રાટે ઘરનું બારરે;
નાડી તુટી આંખ્યું બારે નિસરીરે, તે ટાણે શામળિયો કરતલ સારરે–સગ. ૩
એટલા સારુ કરજે એનો આશરોરે, માથે પડતો મટશે જમના મારરે;
દેવાનંદ કહે દાસપણામાં લાભ છેરે, પ્રેમ કરીને રાખો મનમાં પ્યારરે–સગ. ૪

પદ ૧૨ મું

દેખ વિચારી દિલમાં તારા દેહનેરે, નથી રહ્યાનો એક ઘડી નિરધારરે;
મમતા મોટી ખોટી બાજી ખેલછેરે, ભુંડપ કેરો માથે લે માં ભારરે–દેખ.ટેક.૧
વરણાગીમાં વડ પેપાંની હારનોરે, ઉપ રાતો માતો રંગનો છેલરે;
ભિતર કાચો ભેખ ધરીને ભોળવેરે, ફોગટ ફરતો કરતો કુડા ફેલરે–દેખ. ૨
આતમ સાધન કાંય ન કીધું આળસુરે, વિષયમાં વિંટાણો બારે માસરે;
હરિજન સાથે હેત ન કરતાં આવડ્યુંરે, કપટી તારો કોણ કરે વિશ્વાસરે–દેખ. ૩
સુમ થયો ધન સંચીને ભેળું કર્યુંરે, મરતાં સૂધી ન ખરચ્યું ન ખાયરે;
દેવાનંદ કહે મધમાખી લૂટાય છેરે, હાથ ઘસીને પામર તું પસ્તાયરે–દેખ. ૪

પદ ૧૩ મું-રાગ ધોળ

હૈયાના ફુટ્યા, હરિ સંગે હેત ન કિધું;
લખ ચોરાશિ ફેરું લગડું, માથે માંગી લિધું રે. હૈયા. ૧
પેટને અરથે પાપ કરતાં, પાછું ફરી નવ જોયું;
ચાર દિવસના જીવતર સારુ, મન માયામાં મોહ્યુંરે. હૈયા. ૨
જન્મ મરણ દુઃખ ગર્ભવાસનાં, તે નવ શકિયો ટાળો;
માત પિતા સુત જુવતી સંગ, વિસાર્યા વનમાળીરે. હૈયા. ૩
આળસ ને અજ્ઞાન અતિશે, કામ બગાડયું તારું;
દેવાનંદ કહે દેખ વિચારી, માન કહ્યું તું મારુંરે. હૈયા. ૪

પદ ૧૪ મું

દુનિયામાં ડાહ્યો, ડાપણમાં દુઃખ પામે;
ભવતારણ ભગવાન વિસારી, ચડિયો ઠાલે ભામેરે. દુનિયા. ૧
મનુષ્ય દેહ મળ્યો અતિ મોટો, ખોટો જાણી ખોયો;
ચોરે ચૌટે જુઠું બોલ્યો, નાહક નિર વટોયોરે. દુનિયા. ૨
હરિ હરજન સંગ હેત ન કીધું. પીધું વિષનું પાણિ;
સુખ સંસારી પામ્યા સારુ, મુવા લગી ધર તાણીરે. દુનિયા. ૩
હરખ શોકની નદીઓ મોટી, તેમાં જાય તણાણો;
દેવાનંદ કહે હાર ભજ્યો નહીં, ઘણે દુઃખે ઘેરાણોરે. દુનિયા. ૪

પદ ૧૫ મું

અજ્ઞાની તારા, અંતરમાં દેખ વિચારી;
અંત સમે કોઈ કામ ન આવે, સગાં કુટંબ નરનારી. અજ્ઞા. ૧
જોબન ધનનું જોર જણાવે, ફાટી આંખે ફરતો;
કાળ કરાળ કઠણ શિર વેરી, દિલમાં કેમ નથી ડરતોરે. અજ્ઞા. ૨
માલ ખજાના મંદિર મેલી, મુઆ ભૂપ મદમાતા;
શ્વાન શુકરનાં દેહ ધરીને, ઘર ઘર ગોથાં ખાતારે. અજ્ઞા. ૩
આજ અમૂલખ અવસર આવ્યો, હરિ ભજ્યાનું ટાણું;
દેવાનંદ કહે દેહ મનુષ્યનો, ન મળે ખરચે નાણુંરે. અજ્ઞા. ૪

પદ ૧૬ મું

પામર તેં પ્રાણી, વિસાર્યા વનમાલી;
મિથ્યા સુખ માયામાં મોહ્યો, મૃગ તૃષ્ણા જળ ભાળીરે. પામ. ૧

આઠે પહોર અંતરમાં બળિયો, ધણે ધણાને ધાયો;
રળી ખપી ધન ભેળો કીધો, ન ખરચ્યો ન ખાયોરે. પામ. ૨
નારી આગળ નિર્લજ થૈને, બિહિતો બિહિતો બોલે;
હડક લાવે હશી બોલાવે, કરે તરણાંને તોલેરે. પામ. ૩
સાળો સસરો સગાં સંબંધી, તેની સેવા કીધી;
દેવાનંદ કહે સાધુ જનનિ, સેવા તજી તેં દીધીરે. પામ. ૪

ઈશ્વરને ઓળખવા વિષે

પદ ૧૭ મું–રાગ કાફી

આવો રૂડો અવસરરે, ઓળખવા એક હરિ;
મોંઘું મનુષ્ય તનરે, નાવે તારે ફરી ફરી. આવો. ૧
ધન જોબન તન રંગ પતંગી, વણસે વારંવાર;
તે સારુ જતન કરે છે, સપનું આ સંસાર;
મેલી એને મરવુંરે, ડરવું દિલ દોષ ધરી. આવો. ૨
વાસ કરે નિત વૈષ્ણવ જનમાં, મનમાં માને વાત;
દાસપણું દેવતાને દુર્લભ, ભજેથી જન્મ દુઃખ જાત;
ભક્તિ કરજો ભાવેરે, ધર્મની ટેક ધરી. આવો. ૩
સૌમ્ય સ્વભાવ પરમ સુખ સંપત્તિ, એહિ પામ્યાનો ઉપાય;
પ્રગટ સ્વરૂપ ઓળખજે એવું, દુર્લભ દેવ ગવાય;
એવું તન આવ્યું રે, લેજે વ્રજરાજ વરી. આવો. ૪
માયાની મોટમ મિથ્યા, નથી ઘડીનો નિરધાર;
દેવાનંદ કહે ભજ દુઃખભંજન, કરુણાનિધિ કિરતાર;
કઠણ વેળામરિ, રહેશે તારાં કારજ સરી. આવો. ૫

પદ ૧૮ મું

કાયા માયા કુડીરે, રાખી તારી રહેશે નહીં;
જોને તું વિચારીરે, ઘેલા કેમ અકલ ગઈ–કાયા–ટેક. ૧
નંદ રાજાને અળગળ નાણું, ભરી સંચી ભંડાર;
કોડી અંતે કામ ન આવી, જાતાં ન લાગી વાર;
ન બાંધી ન ખરચીરે, વેઠ મુવો ભાર વહી–કાયા. ૨

રાવણ રિધસિધ પૂરણ પામ્યેા, ઇંદ્ર અધિક અભિમાન;
અજ્ઞાને અવરાણું અંતર, ભૂલિ ગયેા પ્રભુ ભાન;
વાદળની છાયારે જેતાં, જેતાં છેટે ગઈ. કાયા. ૩
ભજ ભગવાન માન તન મેલી, ખેલી કર બળવીર;
લાલચ રાખે લક્ષ્મીવરની, ધરજે મનમાં ધીર;
અધમ ઉધારણરે, અભેદ આપે સહી. કાયા. ૪
મૃગ જળ ભરવા મુરખ માણસ, દેાડે સૌ સંસાર;
વાત વિચારી પાછેા વળજે, પામ્યા નથી કેાઈ પાર;
દેવાનંદ કહે દેખીરે, વિવેકની વાત કહી. કાયા. ૫

પદ ૧૯ મું

કાળ તારી કેડેરે, આયુષ્યને ઓછી કરે;
મમતામાં મૂરખરે, ખુતેા તેાએ ખબર ન રહે. કાળ–ટેક. ૧
બાળપણું જોબન ગયું જેતાં, ઘરડેા થયેા તું ગમાર;
આજ કાલ આવ્યેા તારેા વાયદેા, માથે છે જમનેા માર;
વાર નથી ઝાઝીરે, દીલમાં હજી ન ડરે. કાળ. ૨
લવ નિમેષ ઘડી મૌરત માપે, પેાહેાર દિવસ પરમાણ;
બાર માસે કરી વરસ કહાવે, સઈકે જુગ સુજાણ;
માથે તારે મેાટુંરે, ફરતું એવું ચક્ર ફરે. કાળ. ૩
ચાર જુગની એક ચેાકડી, એકેાતેર અલપાય;
ઇંદ્ર પડે અધિકારથી, ત્યારે તું કેાણ માત્ર કહેવાય;
ચેાર્યાંસીનું લગડુંરે, માગી શીદ માથે ધરે. કાળ. ૪
કર કર સંત સમાગમ સાચેા, અવસર આવ્યેા અમૂલ;
દેવાનંદ કહે દેખ વિચારી, અંતઃકરણ અંકૂલ;
ભજ્યા વિના ભૂધરરે, જીવ બહુ જનમ ધરે. કાળ. ૫

પદ ૨૦ મું

પ્રભુ ભજ પ્રાણીરે, કે કીધી નર દેહ દયા;
હરી હેતકારીરે, તારે સારુ પ્રગટ થયા.–પ્રભુ–ટેક. ૧
કલ્પતરુ કરુણાનિધિ કેશવ, મન વાંચ્છિત ફળ દેત;
એ મૂર્તિ અંગમાં ધરતાં, લાભ અલૌકિક લેત;
અગણિત આગળરે, જેને જગ જીતી ગયા. પ્રભુ. ૨

ભક્તાધીન નિગમ નેતિ ગાવત, આવત અવની માંય;
અકળ રૂપ ઓળખજે એવાં, કરવું રહે નહીં કાંય;
જાણ્યા વિના જગમાંરે, વહેતે પૂરે જાશો વહ્યા. પ્રભુ. ૩
રાખો ધરમ રમાપતિ રીઝે, કીજે સુકૃત કાજ;
માન બડાઈ મોટપ મેલી, ફોકટ ફેલી ટળ આજ;
નિરખેની નાભતરે, વાગી પછે કુશળ કાયા. પ્રભુ. ૪
નાખ્ય ખજાનો નિરખી નાણું, કર ગોવિંદ ગુણ ગાન;
દેવાનંદ કહે દોષ નિવારણ, ભવતારણ ભગવાન;
કરુણાના સાગરરે, વાલાજીને વેદે કહ્યા. પ્રભુ. ૫

પ્રેમાનંદ

આ કાંવનું બીજું નામ પ્રેમ સખી હતું. વિજોગની ગરબો જ્યારે કવિએ ગાઈ, ત્યારે શ્રોતાઓની આંખમાંથી આંસુ વહ્યાં હતાં

સ્વામીનારાયણનો વિજોગ

પદ ૧ લું–રાગ ગરબી

સજની શ્રીજી મુજને સાંભરિયારે, હૈડે હરખ રહ્યો ઉભરાય;
નેણે આંસુની ધાર વહેરે, વિરહે મનડું વ્યાકુળ થાય. સજની. ૧
સુંદર મુરતિ શ્રી મહારાજનીરે, સુંદર કમળ સરાખાં નેણ;
સુંદર કરતી લટકાં હાથનાંરે, સુંદર અમૃત સરખાં વેણ. સજની. ૨
શી કહું શોભા અગો અંગ તણિરે, નિર્ખી લાજે કોટિક કામ;
હસતા હસતા હેત વધારતારે, એવા સુખ નિધિ શ્રીઘનશ્યામ. સજની. ૩
સદા શ્વેતાંબર શ્રીજી ધારતારે, અંબર જરકસિયા કોઈવાર;
ગુચ્છ કલગી તોરા ખોસતારે, ગજરા બાજુ ગુલાબી હાર. સજની. ૪
એ છબી જોવા તલખે આંખડીરે, મધુરાં વચન સાંભળવા કાન;
એ હરિ મળવાને હૈડું તપેરે, પ્રેમાનંદના જીવનપ્રાણ. સજની. ૫

પદ ૨ જું

મનડું મુર્ત્તિમાં વળગી રહ્યુંરે, ચિંતવન કરવા ચિત્ત આતૂર;
તરુણ મનોહર મુર્ત્તિ નાથનીરે, રાજીવ લોચન જોબન પૂર. મનડું. ૧
સોળે ચિહ્ન સહિત અતિ શોભતારે, સુંદર ચરણકમળની જોડ;
હળવિ રહીને હેતે ચાંપતીરે, કયારે હવે પૂરશે મનનાં કોડ. મનડું. ૨
પિંડી જાનુ નિત્યે નિરખતીરે, રુડિ સાથળ ચિહ્ન સહિત;
શ્યામ કટિ જોઉં જાદવરાયનીરે, નિત નિત નૌતમ ઉપજે પ્રિત. મનડું. ૩
ઉંડી નાભિ કમળ સરીખડીરે, ત્રીવલ્લી નિખિ ઉદર માંય;
છાતી ઉપડતી અતિ ઓપતીરે, હવે કયારે ભુજ ગ્રહો બાથ ભરાય. મનડું. ૪

મુખની શોભા જોઈ મહારાજનીરે, લાજે પંકજ પૂરણ ચંદ;
નાસા નેણ ભ્રકુટી જોઈ ભાળનેરે, જાઉં બલિહારી પ્રેમાનંદ. મનડું. ૫

પદ ૩ જું

સજની નીમખ ન વિસરે, નાથજીરે, નિત્ય નવા તરુણપણાના ખેલ;
આ ઓસરિયે આવી બેસતારે, આ ઢોલિડે નટવર છેલ. સજની. ૧
આ તકિયે તે વાંસો મેલતારે, માળા આ ફેરવતા શ્યામ;
ગાતા ગોટિડાના સાથમાંરે, ઘેરે સાદે પૂરણ કામ. સજની. ૨
આ મોજડિયું વ્હાલો પેરતારે, આ છડી લેતા કર વર માંય;
આ પાદુકા પેરી આવતારે, મારે મંદિર મુનિના રાય. સજની. ૩
આ ફળીયામાં ઘોડા ફેરવતારે, માણકી મતવાલી મહારાજ;
સંતની સભા કરી ત્યાં બેસતારે, શ્રીહરિ સુરનર મુનિ શિરતાજ. સજની. ૪
કિરતન મુનિવરને ગવરાવતરે, ભેળા ગાતા સહેજાનંદ;
એવા ધરમ કુંવર હરિ ઉપરેરે, તન મન વારી પ્રેમાનંદ. સજની. ૫

પદ ૪ થું

લટકાં લટકાળા ઘનશ્યામનાંરે, ખટકે ઉડાં અંતર માંય;
પ્રીત કરી મુજને બોલાવતારે, તે સંભારી બહુ દુઃખ થાય. લટકાં. ૧
આ સન્યા તે શ્રી મહારાજ તણીરે, આ બાજઠે બેસતા લાલ;
આ ઠેકાણે નાતા નટવરજીરે, લુતા અંગ કર લઈ રુમાલ. લટકાં. ૨
આ ઠેકાણે જમવા બેસતારે, જમતા વિધવિધનાં પકવાન;
સુંદર શાક કરી વંતાકનાંરે, જમીને દેતા પ્રસાદી કાન. લટકાં. ૩
આ ખળખળિયે નહાતા નાથજીરે, નાઇને હરિજન મુનિ લઈ સાથ;
આવતા માણકચોકમાં મલપતારે, પુરજન થતાં જોઈ સનાથ. લટકાં. ૪
વાલો બેસતા જઈ પુલ બાગમારે, પેરતા ગજરા ગુલાબિ હાર;
જેમ જેમ સાંભરે તેમ થાય વેદનારે, પ્રેમાનંદના પ્રાણ આધાર. લટકાં. ૫



સહજાનંદ અંગ વર્ણન

પદ ૫ મું-રાગ ગરબી

શોભા શી કહું રે, રુડી વરણન કરતાં જાય ચિત્ત ખુડી;
હરિવર જોયારે રંગમાં, મોહિ હું તો રસિયાજીના અંગમાં. ૧

ઉદર અનોપમરે નિરખી, ઉપમા પિપળ પાનના સરખી;
ત્રિવલ્લી સુંદરરે શોભે, જોઈ જોઈ ચિતડું મારું લોભે. ૨
નાભિ ઉંડીરે રૂપાળી, બ્રહ્મા બેસે તે આસન વાળી;
કટિ લંક જોઇનેરે મનમાં, મૃગપતિ લાજી રહ્યો મહા વનમાં. ૩
હરિએ ઉપવિતરે ધારી, મુનિના મનને આનંદકારી;
નિરખી આનંદરે પામી, આવ્યા રુડા પ્રેમ સખીના સ્વામી. ૪

પદ ૬ ઠું

હરિને નિરખ્યારે તેણે, વાલાને વર્ણવું સુંદર વેણે;
શ્યામ શરીરરે શોભે, અજાનબાહુ ચિતડું લોભે. ૧
મૂર્ત્તિ ઉંચીરે વખાણું, સેવા ચોસઠતણું પરમાણું;
જાડા સુંદરરે શરીરિ, પિતપટ પેર્યાં છે બળવીરે. ૨
ઘેરે સાદેરે ગાજે, સાંભળી મેઘ નગારાં લાજે;
હસતા આવેરે પાસે, કેસર સરખો સુગંધ શ્વાસે. ૩
કુતૂહલનારે પૂરિઆ, જોગ કળાના પૂરણ દરિયા;
બ્રહ્મ વિદ્યાનારે સ્વામી, આવા રુડા પ્રેમ સખી વર પામી. ૪

પદ ૭ મું

રંગનો ભીનોરે જોઈ, હરિના જુગલ ચરણપર મોહી;
રુડા સાથળરે કેવા, નિરખી મનમાં રાખ્યા જેવા. ૧
ગોળ છે જાડારે સ્વરૂપે, ઉપમા કદળી સ્થંભની ઓપે;
શોભિત શોભારે ધામ, વ્રજ વનિતાનાં પૂરણ કામ. ૨
સુંદર શોભેરે જાનું, નિરખી ધન્ય ભાગ્ય કરી માનું;
જંઘા જુગલનેરે નિરખી, ચદન ચરચિત મનમાં હરખી. ૩
ઘુંટી અનુપમરે પાની, નિરખી મનમાં રાખું છાની;
એ પદ ઉર મારે ધારી, પૂજી પ્રેમ સખી બલિહારી. ૪

પદ ૮ મું

ચરણ હરિનારે શોભે, જોઈ જોઈ મુનિ મન મધુકર લોભે;
છબી અલૌકિકરે ન્યારી, સોળે ચિહ્ન તણી બલિહારી. ૧
મચ્છ તે મહા સુખ આપે, ત્રિગુણ ગોપદ દુઃખડાં કાપે;
કળશ ધનુષનેરે ધારે, યોમ તે તાપ હૈયાનાં ટાળે. ૨

અર્ધચંદ્ર ઉગ્યારે ભારી, સ્વસ્તિ અષ્ટકુણ મંગળકારી;
જવ ને જંબુરે રજે, વજ્ર ધ્વજ અંકુશ અતિશે છાજે. ૩
અંબુજ શોભારે સારી, લાગે ઉર્ધ્વરેખા અતિ પ્યારી;
શુક જેવા જોગીરે વિચારે, નિત્ય ઉઠી પ્રેમ સખી ઉર ધારે. ૪

પદ ૯ મું

એ ચરણનારે ભોગી, શિવ સનકાદિક શુક જેવા જોગી;
મનમાં વિચારીરે પ્રિતે, તેણે કરી કામાદિક રીપુ જિતે. ૧
ધ્યાનમાં નખમણિરે દેખે, ઝીણિ ઝીણિ આંગળીયુંની રેખે;
જોવે ચિહ્ન જમણેરે અંગુઠે, બીજે ન રાચે ભાંમે જુઠે. ૨
ઋષિગણ પૂજેરે આનંદે, ભવ બ્રહ્માદિક નિત્ય ઉઠી વંદે;
શેષ સંભારેરે મનમાં, પૂજે ગોવાળ વૃંદાવનમાં. ૩
કુચને કુમકુમરે સમારી, ઉરપર રાખે વ્રજની નારી;
ઉપનિષદનોરે સાર, પ્રેમ સખી કરી રાખે ઉર હાર. ૪

પદ ૧૦ મું

સુંદર શોભેરે રસિયો, વાલો મારે હૃદે કમળમાં વસિયો;
રૂપ અનોપમરે જોઈ, ઉપમા તુલ્ય ન આવે કોઈ. ૧
નિત્ય ઉઠી નારદરે ગાવે, શેષ સહસ્ર મુખ પાર ન પાવે;
શ્રી નારાયણરે સ્વામી, હું તો જોઇને આનંદ પામી. ૨
નખશિખ શોભારે વખાણી, સફળ કરું છું મરી વાણી;
અંગોઅંગનેરે ગાઉં, હવે હું તો ભવમાં પાછી નાઉ. ૩
હવે હું તો થઈ છું રે માતી, હરિના ગુણ સાગરમાં નહાતી;
વ્હાલો મુને ઝાલીરે હાથે, રસિયે પ્રેમ સખીને નાથે. ૪

શૃંગારનાં પદ

પદ ૧૧ મું

હું તો વારીરે ગિરિધરલાલ, મોળીડે તારેરે;
આવી અટકયા છો અલબેલ, ચિતડે મારેરે. ૧
તમે રાજી થઇને મહારાજ, મારે ઘેર આવોરે;
હું તો તલખું તમારે કાજ, હસિને બોલાવોરે. ૨

મારે મંદિરિયું મહારાજ, પાવન કરવારે;
આવો અલબેલા આધાર, ચિત મારું હરવારે. ૩
તમે આવતાં અલબેલ, બીક મા આણોરે;
મારે મંદિરિયે મહારાજ, ગમતું માણોરે. ૪
તારું મુખડું જોવા નાથ, થઈ છું ઘેલીરે;
આવો પ્રેમાનંદના પ્રાણ, છોગલાં મેલીરે. ૫

પદ ૧૨ મું

આવો રસિયા રાજીવ નેણ, નંદના લાલારે;
મારા પ્રાણ તણા છો પ્રાણ, મુજને વાલારે. ૧
મારે સુખ સંપત સુખ ધામ, નામ તમારુંરે;
તારા નામ ઉપર વ્રજરાજ, સરવસ વારુંરે. ૨
મારે જોગ સમાધિ ધ્યાન, દરશન તારુંરે;
તારા મુખપર શ્યામ શરીર, તનમન વારુંરે. ૩
તારાં લટકાં ઉપર લાલ, જાઉં હું તો થોળીરે;
મુને લટકાં જોવા ભાવ, લીધી ઓળીરે. ૪
વાલા આવા ને આવા શ્યામ, રહો દ્રગ આગેરે;
નિજ સેવક પ્રેમાનંદ, એ વર માગેરે. ૫

પદ ૧૩ મું

મારી પ્રીતિ પ્રાણ આધાર, તમ સંગ લાગીરે;
મેં તો અસત્ય જગતથી નાથ, આશા ત્યાગીરે. ૧
એક તમે તમારા જંન, તે મને પ્યારારે;
મારા જીવલડાથી નાથ, ન રહો ન્યારારે. ૨
વ્હાલા તમથી વિમુખ નર નાર, પશુવત્ દિસેરે;
તમ વિના તે બીજે ક્યાંય, મન નવ હિસેરે. ૩
વાલા કલ્પતરુ તમે શ્યામ, સુંદર છેલારે;
ચિતામણિ ચતુર સુજાણ, છો અલબેલારે. ૪
બીજું તમ વિના શ્યામ, સિન્ધુ ખારોરે;
મારે પ્રેમાનંદના નાથ, ભરોસો તારોરે. ૫

પદ ૧૪ મું

નહીં મેલુંરે સુંદર શ્યામ, કુંજબિહારીરે;
હું તો દામ વિનાની નાથ, દાસી તમારીરે. ૧

તમે ગુણવંત સુખના ધામ, સારંગપાણીરે;
હું તો હાથે તમારે નાથ–જી વેચાણીરે. ૨
જેમ રાખો તેમ રહું નાથ, એક પગે ઉભીરે;
નહીં વરતું કોઈ દિન નાથ, તમને દૂભીરે. ૩
તારાં ચરણતણી રજ શ્યામ, થઇને ચાલુંરે;
કહો તો વ્રત રાખું વ્રજરાજ, તમને વ્હાલુંરે. ૪
જે કહેવું ઘટે તે કાન, મુજને કહેજોરે;
વ્હાલા પ્રેમાનંદપર નાથ, રાજી રહેજોરે. ૫

ધીરોભક્ત

કાફીનાં પદ તે ધીરાનાં જ ગણાય છે. એ કવિ જ્ઞાની વૈરાગી સાથે બાઘડ તથા મશ્કરો હતો.

આત્મજ્ઞાન વિષે

પદ ૧ લું-રાગ કાફી

આત્માતત્ત્વ શોધોરે, જ્ઞાનીજન ગોતો ઘરમાં;
બ્રાહ્મે તે નહિ બીજોરે, ઓળખી લેજો અંતરમાં.-આત્મા-ટેક. ૧
વિશ્વંભર દરિયો સભર ભરિયો, માંહે રવિશશિ તેજની જ્યોતિ;
શૂરાપૂરા તારા એ જળમાં ઝંપલાવે, કોઈ મરજીવા લાવે મોતી;
કોઈ પહેરે પનોતિરે, અખંડ ચુડીલો કરમાં.-આત્મા. ૨
કાગડાં બાગલાં હોલાં કાંઠે, હરિયો તો જડે નહિ આરે;
માન સરોવર માંહે મુક્તાફળ, કોઈ હંસ ચરે તેને ચારે;
ખીર ને નીર ભેળાંરે, જુજવાં કરી પીએ પળમાં.-આત્મા. ૩
સદ્‌ગુરુ સંગતમાં જે જન સમજે, તેનું નિશ્ચે થાશે કાજ;
દર્પણમાં તન દરશે પોતાનું, એમ માંહેથી મળે મહારાજ;
પોતાને પોતે પરખોરે, ભરો સંભરા ભરમાં.-આત્મા. ૪
સોહં હરિ ગુરુ સુસ્થિર રૂપતે, જંત્ર વાજિંત્ર બજાવે;
શબ્દ ઘટા વલક્ષિણી મધ્ય ડોલે, હરિનાદે નામ તે ઘર આવે;
ધીર સુખ સાગરરે, નિરખો નિજ અંતરમાં.-આત્મા. ૫

પદ ૨ જું

સંત મળે સાચા રે, અગમની તે ખબર કરે;
ભાવે ભેટું તેને રે, સરવે મારું કાજ સરે.-સંત-ટેક. ૧
ઉલટી સરિતા પડે ગગનપર, વિના વાદળ વરસાય;
વિના આભ વિજળી ચમકે, ગેબી ગરજના થાય;
ધીરે ધીરે વરસે રે, વરસીને અમર ભરે.-સંત. ૨

તેતરડે સિંચાણો પકડ્યો, શશે સપડાન્યો સિંહું;
કાયર ખડ્ગ કહાડીને દોડ્યો, ત્યારે શૂરે પાડી ચીહું;
મંઝારી ચૂવે મારીરે, રૈયતશું રાજા ડરે.–સંત. ૩
વિના વાજિત્રી વાજાં વાજે, વિના કંઠ હોય ગાન;
દો કર વિના તાળી વાજે છે, તોલ વિના જડે માન;
વિના વાડી પુષ્પ જરે, પદ્મ વિના ભ્રમર ફરે.–સંત. ૪
વિદેહની વારતા મરજીવા, માની માની હરખાય;
ગુરુ ગમવાળા સંત મળે તો, તેને લળીલળી લાગું પાય;
દાસ ધીરા કહેછે રે, ત્યારે તો મારું મનડું ઠરે.–સંત. ૫

પદ ૩ જું

તરણા ઓથે ડુંગરરે, ડુંગર કોઈ દેખે નહીં;
અજા જુથ માંહેરે, સમરથ ગાજે સહી.–તરણા–ટેક. ૧
સિંહ અજામાં કરે ગર્જના, કસ્તુરી મૃગ રાજંન;
તલને ઓથે જેમ તેલ રહ્યું છે, કાષ્ઠમાં હુતાશંન;
દધિ ઓથે ઘૃતજ રે, વસ્તુ એમ છૂપી રહી.–તરણા. ૨
કોને કહું ને કોણ સાંભળશે, અગમ ખેલ અપાર;
અગમકેરી ગમ નહીરે, વાણિ ન પહોંચે વિસ્તાર;
એક દેશ એવો રે, બુદ્ધિ થાકી રહે તહીં.–તરણા. ૩
મન પવનની ગાન ન પહોંચે, છે અવિનાશી અખંડ;
રહ્યો સચરાચર ભર્યો બ્રહ્મપૂરણ, જેણે રચ્યાં બ્રહ્માંડ;
ઠામ નહિ કો ઠાલોરે, એક અણુ માત્ર કહીં.–તરણા. ૪
સદગુરુજી કૃપા કરી ત્યારે, આપ થયારે પ્રકાશ;
શાં શાં દોડી સાધન સાધે, પોતે પોતાની પાસ;
દાસ ધીરા કહેછે રે, જ્યાં જોઉં ત્યાં તુંહી તુંહી.–તરણા. ૫

પદ ૪ થું

મન તુંહી તુંહી બોલેરે, આ સુપના જેવું તન તારું;
અચાનક ઉડી જાશેરે, જેમ દેવતામાં દારુ.–મન–ટેક. ૧
ઝાકળ જળ પળમાં વળિ જાશે, જેમ કાગળ ને પાણી;
કાયાવાડી તારી એમ કરમાશે, થઈ જાશે ધુળધાણી;
પાછળથી પસ્તાશેરે, મિથ્યા કરી મારું મારું.–મન. ૨

કાચનો કૂંપો કાયા તારી, વણસતાં ન લાગે વાર;
જીવ કાયાને સગાઈ કેટલી, મૂકી ચાલે વનમોઝાર;
ફોગટ ફુલ્યાં ફરવું રે, ઓચિંતુ થાશે અંધારું.–મન. ૩
જાયું તે તો સરવે જાવાનું, ઉગરવાનો ઉધારો;
દેવ ગાંધર્વ રાક્ષસ ને માણસ, સઉને મરણનો મારો;
આશાનો મેહલ ઉંચોરે, નિચું આ કાચું કારભારું.–મન. ૪
ચંચલ ચિતમાં ચેતીને ચાલો, ઝાલો હરિનું નામ;
પરમારથ જે હાથે તે સાથે, કરો રહેવાનો વિશ્રામ;
ધીરા ધરાધરથા રે, નથી કોઈ રહેનારું.–મન. ૫

પદ ૫ મું

અંતે સંતને તેડાવેરે, હરિનું ભજન કરવા;
કરમાં માળા ઝાલીરે, મુરખ જ્યારે સુનો મરવા.–અંતે–ટેક. ૧
નાનપણે ઘરધંધામાં ધાયો, વૃદ્ધપણે હરિગુણ ગાય;
ઘર લાગ્યું ત્યારે કુવો ખોદાવે, એ અગ્નિ કેમ ઓલવાય;
જતી બાજી હારયોરે પથ્થરને નાવે બેઠો તરવા.–અંતે. ૨
અંતસમે છાપ તિલક બનાવે, ભૂલી ગયો જ્યારે ભાન;
એરણની ચોરી સોયનું દાન, અમ કેમ આવે વૈમાન;
ગુરુ જ્ઞાન નાવ્યું રે, બુદ્ધિ તારી ગઈ ચરવા.–અંતે. ૩
જુવતી તરીને જેવા પુરુષની આશા, એમ હરિ ભજે ફળ થાય;
વૃદ્ધ નારીને નહીં પુત્રની આશા, એનો એળે જન્મ વહી જાય;
હરિને બેઠો ઠગવારે, એંસી વરસે વર વરવા.–અંતે. ૪
વિશ વર્ષે વિશ્વંભર મળે, ભક્તિ કરે ભૂખ જાય;
હરિશું ધાયાં તે બહુ કમાયા, તેને મળિયા નિરંજન રાય;
દાસ ધીરા કહેરે, મટ્યા ચોરાશી ફરવા.–અંતે. ૫

પદ ૬ ઠું

ખબરદાર મનસુબાજી, ખાંડાની ધારે ચડવું છે;
હિમત હથિયાર બાંધીરે, સત્ય લડાઇયે લડવું છે.–ખબરદાર–ટેક ૧
એક ઉમરાવને બાર પટાવત, એક એક નીચે ત્રીસ ત્રીસ;
એક ધણિને એક એક ધણિયાણી, એમ વિગતે સાત ને વીસ;
સો સરદારે ગઢ ઘેર્યો રે, તેને જીતી પાર પડવું છે.–ખબરદાર. ૨

પાંચ પ્યાદલ તારી પુઠે ફરે છે, ને વળી કામ ને ક્રોધ;
લોભ મોહ ને માયા મમતા, એવા જુલમી જોરાવર જોધ;
અતિ બળીષ્ટ સ્વારી રે, એ સાથે આખડવું છે.–ખબરદાર. ૩
પ્રેમ–પલાણ ધરી જ્ઞાન–ઘોડે ચઢી, સદ્‌ગુરુ શબ્દ લગામ;
શીલ સંતોષ ને ક્ષમા ખડ્‌ગ ધરી, ભજન ભડાકે રામ;
ધર્મ ઢાલ ઝાલી રે, નિર્ભે નિશાને ચઢવું છે.–ખબરદાર. ૪
સુરત નુરત ને ઇડા પિંગળા, સુષુમણા ગંગાસ્નાન કીજે;
મન પવનથી ગગનમંડળ ચઢી, ધીરા સુધારસ પીજે;
રાજ ધણું રીઝે રે, ભજનવડે ભડવું છે.–ખબરદાર. ૫

પદ ૭ મું

મુનિજન મોહ્યારે, મહામસ્તાની માયા;
બંધને બંધાયારે, રંક ને રાણી જાયા.–મુનિ–ટેક. ૧
મોટા મોટા નર વિંધાણા, ધીર વીર સમરથ શૂર;
જોગી જંગમ જતિ શેવડા, ચોળી કર્યા ચકચૂર;
સંન્યાસી ને સ્વામીરે, લાલચમાં લપટાયા.–મુનિ. ૨
ખેપ કરીને ક્ષત્રીરે ખાધા, બ્રાહ્મણ, શૂદ્ર ને વૈશ્ય;
નાથી ભેદી પંડિત પુરાણી, પછાડ્યા પરમહંસ;
વિવેકના સોગરરે, વિષયમાં બહુ વિટાયા.–મુનિ. ૩
પારાશર સૌભરી પુરંદર, નારદને વશ કીધ;
ચંદરમા ચિતમાં લલચાયા, લક્ષણવંતા લુટી લીધ;
એકલશૃંગી ઋષિ રે, ઓળમાં અટવાયા.–મુનિ. ૪
વિશ્વ બધું છે એના વશમાં, મોહ્યા ચૌદે લોક;
બ્રહ્માશિવ સનકાદિક મોહ્યા, એની આગળ ડહાપણ ફોક;
દાસ ધીરો કહેછેરે, કોણ માનવ કાયા.–મુનિ. ૫

પદ ૮ મું

થાણદાર થયારે, થાણાને રાખો ઠેકાણે;
મોજદુર્લભ દેહ નગરીરે, માંહિ બેઠો માણે.–થાણદાર.–ટેક
કૂડા પાંચ પચીશ ઠગારા, રઇયતને રંજાડે;
ચંચળ ચોર કહે માંહિ ચોરી, ભવન બહુ ભંજાડે;
ધરપત ન ધારેરે, ધરાયો નહિ ભરે ભાણે.–થાણદાર. ૧

સત્યધરમ રૂપી પટાવાળા, હુકમ કરેા તેા બાંધી આણે;
તસ્કર સઘળાને વશ કરીને, નાખેાને બંધીખાણે;
દંડ દેઈ તેનેરે, ધાલેા અવળે ધાંણે.–થાણુદાર. ૨
છુપિ રહ્યા છે દેાતિયા બે રુડા, તેને તું નવ જાણે;
જે જે કર્મ કરેા છેા પ્રતિદિન, તે લખી લેશે તે ટાણે;
દફ્તર દેશે ધણીનેરે, હિસાબ લેશે દાણેદાણે.–થાણુદાર. ૩
પાંચ પ્રકૃતિના કર શુભ બાંધી, વૃત્તિ રાખેા થિર થાણે;
ધીંગેા ધણી છે દાસ ધીરાનેા, એને એાળખી લેજો એંધાણે;
અવિચળ ગાદી આપેરે, આપ રૂપ પરમાણે.–થાણુદાર. ૪

પદ ૯ મું–રાગ ધનાશ્રી

જગજીવન મને મેાહન મળિયારે, જન્મ મર્ણના મારા ફેરા ટળિયારે.–ટેક.
આપે ગુરુ આપે શિષ્ય, જોયા મેં તે જગદીશ;
અંતરજામી ઈશના ઈશ, બ્રહ્મો બ્રહ્મ ભળિયારે. જગ. ૧
મલચક્રથી આઘે ચઢિયા, ગનીચક્રે આવી અડિયા;
વૈકુંઠની પારે પડિયા, વિષ્ણુવેણે પળિયારે. જગ. ૨
કૈલાસ માંહે કલ્લોલ, આત્મારામ ઝાકમઝોળ;
ત્રિવેણી માંહે જોે ઝીલ, ફેરા મારા ફળિયારે. જગ. ૩
ખટસેં એકવીશ હજાર, ઉર્ધમુખે સંધાધાર;
અખંડ ધટની પાળ, બળવંતા બળિયારે. જગ. ૪
સેનશિખરપર, અમરઅજરનર, પરમ પ્રભુ વિશ્વંભર;
ધીર ધણી ધરણીધર, અઢળક ઢળિયારે. જગ. ૫

પદ ૧૦ મું–રાગ ધેાળ

આજ સાહેલી અમર વર પામી, સાચેા સ્વામી અંતરજામીરે; અમર.
પૂર્વની પ્રીતે પિયુડેા મંદિરીએ આવ્યા, મેાટે મેાટે મેાતીડે વધાવ્યારે; અમર.
જ્યેાતે જ્યેાતે જગજીવન જડી આવ્યા, તેમાં રામ દૃષ્ટે પડિયારે; અમર.
આજ આનંદ મારા અંગમાં વાધ્યેા, હારહીરા હાથે લાધ્યેારે; અમર.
સુતી જોવું તેા મારી સેજમાં દીઠા, બેઠાં જોવું તેા પાસે બેઠારે; અમર.
રાત દિવસ વસે પાસે પિયુડેા, પહેર્યો અવિચળ ચૂડેારે; અમર.
સાસુ મારી સૂક્ષ્મણા શાણી, નણદી નિવૃત્તિ નાણીરે; અમર.
દયા દાતા દેવભાઈ દેરાણી, પ્રેમકુંવર જેઠાણીરે; અમર.

સસરો અમારો સત્યધર્મસંગી, પરણ્યો આત્મારામ રંગીરે; અમર.
રસ બસ કીધી રસીએ રંગરચી, છેલ છબીલે છકાવીરે; અમર.
દાસ ધીરાના સ્વામી અઢળક ઢળિયા, મનુષ્યના ફેરા મારા ફળિયારે; અમર.

રાસલીલા

પદ ૧૧ મું–રાગ લલીત

મહારાજની વાંસલડી વાજેરે, રુડા છંદમાં, ચાલો જોવા જઇએ;
રાસ રચ્યો રઢિયાળે રંગમાં–મહારાજની વાંસલડી વાજે રે. ૧
વાંસલડી સાંભળી સ્નેહ જાગી, પ્રેમકટારી કાળજડામાં વાગી;
રુડા લાડકડાની મને લેહ લાગી–મહારાજની વાંસલડી વાજે રે. ૨
પહેર્યાં ચરણાં ચોળી ચુંદડીઓ, ઝાલઝુમણાં ઝળકે પાંદડિયો;
સોલ સોલ વર્ષની નારી નાનડિયો–મહારાજની વાંસલડી વાજે રે. ૩
ઓપીતાં આભૂષણ અંગે ધર્યાં, વિધવિધકેરાં પટકૂલ પહેર્યાં;
એવાં આહીરપુત્રી લેરાં ચેર્યાં–મહારાજની વાંસલડી વાજે રે. ૪
ઘણું ઘેલાં થયાં વ્રજનારી, સાસુ સસરાનો ભય ભારી;
ચાલ્યાં ઘર ધંધો સહુ વિસારી–મહારાજની વાંસલડી વાજે રે. ૫
રુડી રજની શોભે શરદ્તણી, સહુ સંચર્યાં વૃંદાવનભણી;
ત્યાં મળિયો દાસ ધીરાનો ધણી–મહારાજની વાંસલડી વાજે રે. ૬

પદ ૧૨ મું–રાગ ગરબી

હરિ મારે ઘેર આવ્યા હેલીરે, મારા કુળની મરજાદા મેલીરે.–ટેક. ૧
મારે આજ આનંદની હેલીરે, ગુણવંતાને જોઈ થઈ ઘેલીરે;
મારે પૂર્વ જન્મની પ્રીતડી પહેલીરે, રસમસતે રંગની રેલીરે.–હરિ. ૨
કરે છંદ છબીલો છબીલીરે, હરિ ચંપે વીટાણી હું વેલીરે;
એની સ્નેહની વાત નથી સ્હેલીરે, દાસ ધીરાના સ્વામીસંગે ખેલીરે.–હરિ. ૩

મંજુકેશાનંદ

અજ્ઞાની નરને શિખામણ

પદ ૧ લું–રાગ સોરઠ

નર અજ્ઞાની, સાંભળને શિખામણ મૂરખ મારી;
કહું હેત કરી, સત્ય માની અંતરમાં લેજે ધારી–ટેક.
તું મહા દુઃખ પામીશ મૂઢ મરી, નર અજ્ઞાની. ૧
પ્રભુ નવ ભજ્યા નર દેહ ધરી, આણી ખોટામાં પરતીત ખરી;
સુત નારી કુટંબી જે કહાવે, તે તારાં ભેળાં નહિ આવે;
તોય મૂરખ તારે મન ભાવે, નર અજ્ઞાની. ૨
તું ઘર દોલત સાચાં જાણી, તેમાં બંધાણો અતિશે પ્રાણી;
માટે નવ ઓળખ્યા સારંગપાણિ, નર અજ્ઞાની. ૩
તારું ધન જોબન સર્વે કાચું, જમ લઈ જાશે કરડી ડાચું;
કહે મંજુકેશાનંદ સાચું, નર અજ્ઞાની. ૪

પદ ૨ જું

શું સમજીને, મુખથી વેણાં બોલે ચાવી ચાવી;
વળી જ્ઞાન કરે, ભોળા જનને ખોટી સાખ્ય બતાવી–ટેક. ૧
તું ખોટા ગુરુને સાચા જાણે, તેના દોષ હૈયામાં નવ આણે;
તને પડશે ખબર મરવા ટાંણે, શું સમજીને. ૨
બાવળમાં આંબબુદ્ધિ લાવે, તેને ફેરી કેદીએ નવ આવે;
તેની શૂળ વાગી પીડા પાવે, શું સમજીને. ૩
વળી નપુંસકની નારી કહાવે, તેને પુત્રતણું સુખ નવ આવે;
તેને રાત દિવસ દુઃખમાં જાવે, શું સમજીને. ૪
તેમ ખોટા ગુરુને શરણે જાય, તેનું કલ્યાણ કયારે નવ થાય;
મંજુકેશાનંદ એ સત્ય ગાય, શું સમજીને. ૫

પદ ૩ જું

જોને જાગીને, અંતરમાં અંધારું મૂરખ તારે;
સાચા સંત હરિ, ઓળખીને તું હૈડામાં નવ ધારે–ટેક. ૧

તું દેહમાંયે પ્રભુને શોધે, તે કપટી ગુરુ ફેરે બોધે;
તેમાં તારું મનડું નવ રોધે, જોને જાગીને. ૨
નાગપાંચમ આવે જ્યારે, કરી સર્પ લિટો પૂજે ત્યારે;
સાચા નાગને લાકડિયે મારે, જોને જાગીને. ૩
જેમ ઘુડરવિને નવ દેખે, તેમ અજ્ઞાની પ્રભુ નવ પેખે;
તેનો મનુષ્યા દેહ જાય અલેખે, જોને જાગીને. ૪
તને જમડા લઈ જશે તાણી, મુખથી ન બોલાય વાણી;
મંજુકેશાનંદ કહે સત્ય વાણી, જોને જાગીને. ૫

પદ ૪ થું

નર તન પામી, હાર્યો જીતી બાજી મૂઢ અજ્ઞાની,
બોટા સંત તણી શિખામણ, તેં અંતરમાં સત્ય માની–ટેક. ૧
કામી ક્રોધી ગુરુ તુને એમ કહે છે, તારો દેહમાંથી જ પ્રભુ રહે છે;
તું બહાર તે શું શોધે છે, નર તન પામી. ૨
એમ કહી પરનારી સંગ કરે, કરી ચેલા તેનું દ્રવ્ય હરે;
તેનું પાપ હૈયામાં નવ ધરે, નર તન પામી. ૩
કોઈ કહે છે મન મારો ભાઈ, કોણ છે ભગિની પુત્રી માઈ;
તેનો સંગ કરે મહાતમ ગાઈ, નર તન પામી. ૪
એમ દૈત્ય ગુરુ શિક્ષા દેછે, તેને મૂરખ સત્ય માની લે છે;
મંજુકેશાનંદ સાચું કહે છે, નર તન પામી. ૫

પદ ૫ મું–રાગ કાફી

સારને અસારરે, વિવેક જે કોય ન કરે;
એવા અજ્ઞાનીરે, લખ ચોર્યાંશી ફરે; ટેક. ૧
બાનું બતાવે ભોળા જનનું, ધર્મ ન પાળે લેશ;
ધર્મ થકી ભ્રષ્ટ કરે મનુષ્યને, આપી અસત્ય ઉપદેશ;
એવાને અસત્યેરે, જનમે ન મરે; સારને૦ ૨
જે નર ધન ત્રિયાના ત્યાગી, તેને સંગે રાખે રોષ;
નારીથી ભાગે તો કયાંથકી આવ્યા, એવો દેખાડી દોષ;
પોતે પરનારીરે, સંગે ફરે હરે; સારને૦ ૩
કાચા હોય તે નારીથી ભાગે, પાકા ન ભાગે કેથે સાર;
બતાવે જનને નિશ્ચે કરે મનમાં, કરે કુકર્મ અપાર;
એવા બળ અજ્ઞાનીરે, ભવજળ નહીં તરે; સારને૦ ૪

અગ્નિ પાસે બેસે ને તાપ ન લાગે, જળમાં શીતળ ન હોય;
મંજુકેશાનંદ કહે નારી પાસે, વિકાર કદી ન જોય;
એ તો વાત ખોટીરે, જે જન ઉર ધરે; સારને૦ ૫

પદ ૬ ઠું

નામ તો બતાવેરે, રામને નવ જાણે;
દેહ અભિમાનીરે, ઉર તૃષ્ણા આણે. ટેક. ૧
દશરથ કેરા પુત્ર રામને, નવ માને મતિમંદ;
ભેખ ધરીને જગ ભરમાવે, તેને સેવે સૌ જંન;
બહુ દુઃખ સેવેરે, જીવ મરવા ટાંણે; નામ૦ ૨
પ્રગટ રામનું ભજન કરીને, તર્યા જીવ અનેક;
ર ને મ બે અક્ષર જપીને, તર્યો ન દીઠો એક;
પ્રગટ રામ મૂકી રે, ન તરે રામ બાને; નામ૦ ૩
વાલ્મિક સવરી વાનર આદિક, ભજી પ્રગટ શ્રીરામ;
વૈકુંઠમાં નિવાસ જઈ પામ્યા, તે વિભીક્ષણ લૈ નામ;
રામને ઉચારીરે, પડી ગયા કે ઠેકાણે; નામ૦ ૪
તેમ જ પ્રગટ શ્રી કૃષ્ણ ભજીને, ગોપી ગોવાળ સુજાણ;
પાંડવ ઉદ્ધવ ઋષિ પત્ની, આદિક ભક્ત પામ્યા જ્ઞાન;
મંજુકેશાનંદ કહે, ગોલોક જે સુખ માણે; નામ૦ ૫

પદ ૭ મું

મુખે બ્રહ્મ ભાખેરે, જીવ સમ વર્તે છે;
વિષયને ચાખેરે, મોટાની ઓથ લે છે. ટેક. ૧
બ્રહ્મ રૂપ પોતાને માની, નારીને કહે તું બ્રહ્મ;
પાપ ક્યાં છે જમપુરી ક્યાં છે, ક્યાં છે ધર્મ ને કર્મ;
એવા અસુરરે, ભવમાં ભટકે છે; મુખે. ૨
શુક નારદ નવ યોગી પોતે, વર્ત્યા બ્રહ્મ સમાન;
ચરાચરમાં બોલ્યા શુકજી, તોયે ભજ્યા ભગવાન;
અધુની અજ્ઞાનીરે, એવાને પણ લજવે છે. મુખે. ૩
વેદપુરાણને કલ્પિત કહીને, ધર્મ ન પાળે એક;
હરિઅવતારને ખોટા કરે, એ અચળ ઉર ટેક;
બીજાને પણ એવોરે, નિત્ય ઉપદેશ દે છે. મુખે. ૪

સત્પુરુષ સત્શાસ્ત્ર પ્રમાણે, વરતે વરતાવે આપ;
મંજુકેશાનંદ કહે એવાને શરણે, જૈયે તો મીટે સૌ સંતાપ;
એવા સંત મુકીરે, અસંત પાસે શીદ રહે છે. મુખે. ૫

પદ ૮ મું

કાયાથી જીવ ન્યારોરે, તેને આત્મા કહીએ;
એને બ્રહ્મ માનીરે, હરિને શરણે જૈએ. ટેક. ૧
ચિદાકાશમાં તે જ પુર મધ્યે, રહે સદા ભગવાન;
એ જ પ્રભુએ કરી કૃપા, પધાર્યા ભોમીપર સુખધામ;
એવા તો શ્રીહરિનારે, ભજનમાં ઝુંકી રહીએ. કાયાથી. ૨
અનંત બ્રહ્માંડમાં વ્યાપક થૈને, ન્યારા રહે પ્રભુ આપ;
એવા નિરંજન શ્રીકૃષ્ણ ભજીએ, તો મીટે સૌ સંતાપ;
માટે નારાયણનું રે, નામ સહજ તો લૈએ. કાયાથી. ૩
બ્રહ્મરૂપને જાણ્યાવિના, કહે જગત છે બ્રહ્મ;
જીવ ઈશ્વર ને પુરુષોત્તમનો, મૂઢ ન જાણે મર્મ;
માટે ઉપમારે, પામરને શી દઈએ. કાયાથી. ૪
અનંત બ્રહ્માંડને સમજાવે, પ્રલે નાશ કરે પ્રભુ એક;
મંજુકેશાનંદ કહે માટે, કરવો સંત વિવેક;
પ્રભુ ભજીનેરે, પરમ આનંદ પામે. કાયાથી. ૫



ભોજો ભકત

જ્ઞાનના ચાબકા

પદ ૧ લું

દેસિ સંતતણી લાવીરે, ભેળાં ફરે બાવા ને બાવી.—ટેક. ૧
મોટાં કપાળે ટિલાં કરે ને, વળી ટોપી પટકાવી;
કંઠો ને ખલતો માળા ગળામાં, કાને મુદ્રા લટકાવીરે. દેસિ. ૨
સંત સેવામાં સુખ ઘણું ને, કરે સેવા મન ભાવી;
તન મન ધન સોંપે એ સંતને, પ્રીતિયે લગાવીરે. દેસિ. ૩
એવું ને એવું જ્ઞાન દિયે, બહુ હેતે બોલાવી;
ભોજો ભગત કહે રાખ્યા ચાહુમાં, ભેખે ભરમાવીરે. દેસિ. ૪

પદ ૨ જું

ભેખ તો ભાવર થકી ભુંડારે, મેલા અંતરમાં ઉંડા.—ટેક. ૧
ટકા પૈસા ટેલ ગામ ગામ નાંખે, વળી ખેતર ખેતર ફુંડાં;
જેની વાંસે ધાય તેના કેડા ન મેલે, જેમ કટકનાં લુંડારે. ભેખ૦ ૨
ત્રાંબિયા સારુ ત્રાગું કરે ને વળી, કામ ક્રોધના ઉંડા;
ધન ધુતવા દેશ દેશમાં ફરે, જેમ મલકમાં મુંડારે. ભેખ૦ ૩
ગામ બધાની ચાકરી કરેને, ઘેર રાખે અગન કુંડા;
ભોજો ભગત કહે કર્મની કોટી, પાપતણાં ભુંડારે. ભેખ૦ ૪

પદ ૩ જું

જોઈ લો જગતમાં બાવારે, ધર્યાં ભેખ ધુતિને ખાવા.—ટેક. ૧
જ્યાં પ્રેમદા ઘણી પાણી ભરે, ત્યાં જાય નિત નિત નાવા;
રાંડી છાંડી નારનો નર ઘર ન હોય ત્યારે, બાવોજી બેસે ગાવારે. જોઈ લો૦ ૨
લોકનાં છોકરાંને તેડી રમાડે, વળી પરાણે પ્રીત થાવા;
ગૃહસ્થની સ્ત્રી રીસાવી જાય ત્યારે, બાવોજી જાય મનાવારે. જોઈ લો૦ ૩
રૂપ કરે ને બાવો ધ્યાન ધરે, ભોળા લોકને ભરમાવા;
ભોજો ભગત કહે ભાવેસું સેવે એને, જમપુરીએ જાવારે. જોઈ લો૦ ૪

પદ ૪ થું

ભરમાવી દુનિયાં ભોળીરે, બાવો ચાલ્યો ભભુતી ચોળી.–ટેક. ૧
દોરા ધાગા ને વળી ચીઠ્ઠી કરીને, આપે ગણુકારુ ગોળી;
જીવને હણતાં દયા ન આણે, જેમ ભીલ કાફર કોળીરે. ભરમાવી. ૨
નિત નિત દર્શન નીમ ધરાવે, ઘેર આવે ત્રિયા ટોળી;
માઈ માઈ કરીને બાવો બોલાવે, હૈયે કામનાની હોળીરે. ભરમાવી. ૩
સઘળા શિષ્યને ભેળાં કરી ખાય, ખીર ખાંડ ને પોળી;
ભોળો ભગત કહે ભવસાગરમાં, બાવે માર્યાં ગોળીરે. ભરમાવી. ૪

પદ ૫ મું

મૂરખો રળી રળી કમાણો રે, માંથે મેલસે મોટો પાણો.–ટેક. ૧
ધાઈ ધુતીને ધન ભેળું કીધું, કોટિધ્વજ કહેવાણો;
પુણ્યને નામે પા જે ન વાવર્યો, અધવચથી લૂટાણોરે. મૂરખો. ૨
ભર્યાકોઠાર તારા ધર્યા રહેશે, નહિ આવે સાથે એક દાણો;
મસાણની રાખમાં રોળઈ ગયા કંઇક, કોણ રંક ને કોણ રાણોરે. મૂરખો. ૩
મંદિર માળિયાં મેલી કરીને, નીચે જઈ ઠેરાણો;
ભોળો ભગત કહે મુવા પુઠે જીવ, ઘણો ઘણો પસ્તાણોરે. મૂરખો. ૪

પદ ૬ ઠું

મૂરખો માની રહ્યો મારું રે, તેમાં કાંઇયે નથી તારું.–ટેક. ૧
સાત સાયર જેની ચોકી કરતા, ફરતું નીર ખારું;
ચૌદ ચોકડીનું રાજ્ય ચાલ્યું ગયું, રાવણાદિક વાળું રે. મૂરખો. ૨
દુઃખને તો કોઈ દેખે નહીં, ને સુખ લાગે સારું;
વેળા વેળાની છાંયડી તારી, વળિ જાશે વારું રે. મૂરખો. ૩
હરિ ભજનમાં હેત જ રાખો, સ્મરણ કરો સારું;
ભોળો ભગત કહે રાખો હૃદયમાં, પ્રભુનું ભજન પ્યારું રે. મૂરખો. ૪

પદ ૭ મું

ભક્તિ શિશતણું સાટું રે, આગળ વસમી છે વાટુ.–ટેક. ૧
એક દિવસ તો આવી બની, રાજા મૂરધ્વજને માથે;
કાશિએ જઇને કરવત મુકાવ્યું, હરિજનને હાથે રે. ભક્તિ. ૨
સત્યને કાજે ત્રણે વેચાયાં, રોહિદાસ ને રાણી;
ઋષિને વાસ્તે રાજા વેચાણો, ભરવાને પાણી રે. ભક્તિ. ૩

પેરા પટોળાં પ્રેમનાં રે તમે, શૂરવીર થઈ ચાલો;
ભોજો ભગત કહે ગુરુ પરતાપે, આમરાપર માલોરે; ભક્તિ. ૪

પદ ૮ મું

દૂનિયાં દીવાની કહેવાશેરે, ભુંડી ભિતોમાં ભટકાશે.–ટેક. ૧
પાપ જ્યારે એનું પ્રગટ થશે ત્યારે, ભૂવા જતિ ઘેર જાશે;
ધુણી ધુણી એની ડોક જ દુઃખશે, ને લેનારો લેઈ ખાશેરે. દૂનિયાં ૨
સ્વર્ગમાં નથી સૂપડું ને, નથી ખાંડણિયો ને ઘંટી;
દુધ ચોખાના જમનારા તમે, કેમ કરી જમશો બંટીરે. દૂનિયાં. ૩
ઢોંગ કરીને ધુતવાને આવે ત્યારે, હાથ બતાવા સૌ જાશે;
કયારે આના કર્મનું પાનું રે ફરશે, અને કયારે પુત્ર જ થાશેરે. દૂનિયાં. ૪
કીમિયાગર કોઈ આવી મળે ત્યારે, ધનને વાસ્તે ધાશે;
ભોજો ભગત કહે ભ્રમણામાં ભમતાં, ગાંઠની મૂડિ ગમાશેરે. દૂનિયાં. ૫

રામકૃષ્ણ ભક્ત

કૃષ્ણલીલાનાં પદ

પદ ૧ લું-રાગ બિલાવલ

પહેરોને પિતામ્બર લાલ, પલવટડી તમે વાલોજી;
જુવતિ જનને મોહ્યારે લાલ, લડસડતી ગતે ચાલોજી. ૧
અમલ કલમ દલ લોચન લાલ, ભવમોચન ભવ ભાવોજી;
કંઠડે કોકીલ લાજેરે લાલ, ઝીણે સાદે બોલાવોજી. ૨
દીઠડે દુઃખડાં નાસેરે લાલ, મીઠડાંરે લીજે મુખનાંજી;
રામકૃષ્ણ (કૃપા)રસ પીતાંરે લાલ, લેખાં શાં રહે સુખનાંજી. ૩

પદ ૨ જું

સુંદર કાંઈ ન દેખુંરે લાલ, તમ સરખું શામળિયાજી;
અમસુ સુકૃત સાધ્યુંરે લાલ, મહી વેચંતાં મળિયાજી. ૧
સુર નરને નહિ સુણેારે લાલ, જોગીને નહિ જોતાજી;
ઘેર અમારે આવોરે લાલ, લાજે નહિ ગઉ દોતાજી. ૨
વૃંદાવનમાં વસતાંરે લાલ, સગપણ થયું છે સાચુંજી;
રામકૃષ્ણ પ્રભુ રસિયારે લાલ, નામે તમારે નાચુંજી. ૩

પદ ૩ જું

નામ તમારું સુણતાંરે લાલ, તાન જ આવે તનમાંજી;
રૂપ તમારું રુડુંરે લાલ, વારું વસિયું મનમાંજી. ૧
લોક કહે છે ઘેલીરે લાલ, વનમાં દોડું અકેલીજી;
મોહન મુખડું જોતાંરે લાલ, આનંદની થાય હેલીજી. ૨
કણકણતી ને કાલીરે લાલ, વહાલાને છું વહાલીજી;
રામકૃષ્ણ રસ ભીનીરે લાલ, બલિયે બાથે ઘાલીજી. ૩

પદ ૪ થું

ટેવ પડી છે તમનેરે લાલ, ભામનીઓ બહુ ભાવેજી;
બાંહે ગ્રહી બોલાવોરે લાલ, અમને અચરજ આવેજી. ૧
રસિયા નેં રંગીલારે લાલ, વહાલ ભર્યાં નેણ વારુજી;
મુખ દેખી મલકાઉરે લાલ, લાજ કરો શારુ સાજી. ૨

રંગભર રમશું તમશું રે લાલ, નેહ ધરીને નમશુંજી;
રામકૃષ્ણ રસમાતારે લાલ, આળ કરો તે ખમશુંજી. ૩

પદ ૫ મું-રાગ રામગ્રી

નિરખતાં નાથને મારી, આંખ થઈ છે ટાઢીરે;
નિત નિત નવલા સુખ મુજને, દામોદર દેછે દાડીરે. નિરખતાં. ૧
છેલ છબીલા કહાનજીનું મુખ, જોતાં તૃપ્ત ન થઇએરે;
ભાવે પૂરણ ભાળી એના, ભામલડાં તો લઇયેરે. નિરખતાં. ૨
જસોદાનો સુત જીવણજી, સહુ સહીયરને સુખદાઇરે;
રામકૃષ્ણ પ્રભુ પામિયાં, કાંઈ પૂગ્યુ પુન્યે બાઇરે. નિરખતાં. ૩

પદ ૬ ઠું

સ્નેહે બાંધી સુંદરી, સુંદર વર જોવા જાયરે;
મોહનજીને મરકલડે, કંઈ ઉલટ અંગ ન માયરે. સ્નેહે. ૧
કોની અચલે ચુંદડી ને, કોની લલકે કૂલીરે;
મુખડું જોતાં ભાવનું હું તો, મચકો ગઈ છું ભૂલીરે. સ્નેહે. ૨
એક વધાવે પુલડે, એક ફરી ફરી આશિષ આપેરે;
રામકૃષ્ણ પ્રભુ પેખતાં, કાંઈ દેવાંગના શી ડોલેરે. સ્નેહે. ૩

પદ ૭ મું

મહારા કહાનજી તમને કામલડી, તે કેવી સારી દીધેરે;
મોર પીછ ને મુંજ્જા ગેડીએ, માનુનીનાં મન હિસેરે. મહારા. ૧
પર્મ પનોતા પાતળીઆ તમો, જે પહેરો તે ગોઠેરે;
ચાલતણી ચતુરાઈ જોતાં, લક્ષ્મી ચરણે લોટેરે. મહારા. ૨
અણીયાળીશી આંખડલી તે, જોગ ભોગનું જામણરે;
રામકૃષ્ણ પ્રભુ રસ ભર્યા, કાંઈ કીકીમાંહે કામણરે. મહારા. ૩

પદ ૮ મું

વહાલા વિઠ્ઠલજી રે હો, દુર્લભ દીઠલાજીરે હો.-ટેક.
તમ માટે ટીલડી કરેરે, પહેરું પટોળી હો;
નેન સમારું નિરમળાં, નીત નવલ રંગ ચોળી હો. વહાલા. ૧
અબળાને ઉજમ ઘણેરે, તમશું રમવા હો;
કાલ સુણતાં વાંસલડી ઘેરે, ન રહી જમવા હો. વહાલા. ૨
એવાં લાડ લડાવીએ, કાંઈ અમને વહાલા હો;
રામકૃષ્ણ રસ ઘેલડા, હું ચર્ણે રહી બાલા હો. વહાલા. ૩

પદ ૯ મું

મુજને તુજવીણ ન ગમે હો, વેરી વિરહ દમેછે હો.—ટેક. ૧
તુજ માટે મચકો કરીને, આવું તીરે હો;
અણદીઠે મન અણમણું, તો સુખ ન શરીરે હો. મુજને. ૨
મનડું હચ્યું માહેરું તે, કહીએ કેવું હો;
નરનારી છે અતિ ઘણાં, કો ન મળે એહવું હો. મુજને. ૩
પહેરું ઓઢું પાતળી તે, કાંઈ એક સારું હો;
રામકૃષ્ણ પ્રભુ નથી અળગા, તન મન સોંપ્યાં વારુ હો. મુજને. ૪

પદ ૧૦ મું

નંદના છૈઆ છોજી હો, લક્ષણે લૈઆ છોજી હો.—ટેક. ૧
ઘણા દિવસ તમો અમશું, કાંઈ કાંઈ ટળતા ચાલો હો;
હવડાં સહુ સહીઅર મળીને, હલકે હાલો હો. નંદના. ૨
મહિ વેચંતાં માવજી તમે, પકડી પાડી હો;
બાથ લઈ ખેંચી મુજને, ઢોળી પાડી હો. નંદના. ૩
એ રસ લીલા લાડકી, કહો કહ્યાં રમાશે હો;
રામકૃષ્ણ જન રસ ભર્યો, જુગ જુગ જશ ગાશે હો. નંદના. ૪

પદ ૧૧ મું

પ્રેમ પુષ્ટ કર્યાં છો હો, વલ્લભ મન વર્યાં છો હો.—ટેક. ૧
ગોકુળમાં રાખી રહ્યા, અમો અતિ અન્યાઈ હો;
પાડ માનો અમતણો, તમો કુંવર કનાઈ હો. પ્રેમ. ૨
પ્રેમે ગોરસ મારા ઘર તણાં, ઝોળીને પિધાં હો;
જે દિન ગોરસ નવ લુટ્યાં, ત્યારે હૈડાં દાઝ્યાં હો. પ્રેમ. ૩
ઝઘડો કરતાં ઝટકે, ઊરમાળા તુટી હો;
રામકૃષ્ણ પ્રભુ રાખીએ, છીએ બાંધી મુઠી હો. પ્રેમ. ૪

પદ ૧૨ મું

ગોપી ઘેલી દીસે હો, મુજપર દંત પીસે હો.—ટેક. ૧
તે નર હું હો નહિ, તું જ હાથે આવું હો;
ખ્યાત ઘણી છે તુજને, તે સૌ સમાવું હો. ગોપી. ૨
તુંએ છે ધુતારડી, હું એ પણ નથી ઓછો હો;
ઘણું દોહલે જાણજે, મુજને જડવો છોછો હો. ગોપી. ૩

તે દિન દાણ માગતા, આવી અમશું બાથે હો;
રામકૃષ્ણ પ્રભુ રુડું થયું, હું તો નાગર સાથે હો. ગોપી. ૪

પદ ૧૩ મું–રાગ સારંગ દેશી

આવ હરિ વહાલા આવરે, આવ હરિ વહાલા;
મનની ગમતી વાત કીજીએ, છબીલારે છોગાલા. આવ. ૧
તુજ મળતાં મન મહારું, હીસે આનંદ પામેરે;
રજની આખી રંગભેર રમીએ, તો રસ બહુ જામેરે. આવ. ૨
એ સુખ કાંઈ કહ્યું ન જાએ, કહાનડ કાલારે;
રામકૃષ્ણ પ્રભુ અનુભવ કીજે, અતિ છો વહાલારે. આવ. ૩

પદ ૧૪ મું–રાગ ગરબી

નંદનજીનો કુંવર કોડામણો, સાહેલીરે; ગોવરધન મન ભાવનો, સાહેલીરે.
ગોકુળિયું રળીઆમણું, સાહેલીરે; જમુના તટ સોહ્યામણું, સાહેલીરે.
વ્રજ સુંદરીના સંગમાં, સાહેલીરે; રાસ રમે વહાલો રંગમાં, સાહેલીરે.
પ્રેમ તે સીંધુ સુખપુંજમાં, સાહેલીરે; વૃંદા તે વનના કુંજમાં, સાહેલીરે;
રાસ રમે સાહેલડી, સાહેલીરે; થઈ વહાલાને કંઠે ઘેલડી, સાહેલીરે.
સુંદરીને રંગની રેલડી, સાહેલીરે; મુરલીને નાદે થઈ ઘેલડી, સાહેલીરે.
રમતાં રમતાં રાતલડી, સાહેલીરે; કહી નવ જાએ વાતલડી, સાહેલીરે.
પહોર્યાં તે બેઉ સુખ સેજમાં, સાહેલીરે; શ્યામ શામાજી બહુ હેજમાં, સાહેલીરે.
નીરખી સખી વૃંદમાં, સાહેલીરે; રામકૃષ્ણ પ્રભુ નાચે આનંદમાં, સાહેલીરે.

પદ ૧૫ મું

પહેલે તે મોહન મીઠડો, સાહેલીરે; અહિયાં ઉભો મેં દીઠડો, સાહેલીરે.
તે છબી મન ગોઠી ગઈ, સાહેલીરે; શિર બેડું ને ઉભી રહી, સાહેલીરે.
ગોઠ કરે કોસું ઘણી, સાહેલીરે; દૃષ્ટિ તે ફેરવે મુજ ભણી, સાહેલીરે.
કુંવર હશે એ કેહનો, સાહેલીરે; મારે છે માર એ મોહનો, સાહેલીરે.
સાચા તે બાપનો બેટડો, સાહેલીરે; મોલીડું તે ભારે મરોડતો, સાહેલીરે.
ઉભા રહ્યાની શી ઠોણ છે, સાહેલીરે; એવું તે સુંદર કોણ છે, સાહેલીરે.
કોણ તે દેશનો કહાનો, સાહેલીરે; ન હોય તે આપણા ઘાંનો, સાહેલીરે.
ઝાઝી વાર ત્યાં ઉભી રહી, સાહેલારે; મન પાખી મંદિરિયે ગઈ, સાહેલારે.
રામકૃષ્ણ પ્રભુ મન હર્યું, સાહેલીરે;તે દિનથી કાંઈ કામણ કર્યું, સાહેલીરે.

પદ ૧૬ મું

ધુતારા ધરણીધર તારી વાંસળીરે લોલ;
વાંસળીયે કંઈ ઘેલું કીધું ગામ ને—ધુતારા.—ટેક ૧

સખી નહાતાં ધોતાં દહોતાં વલોવતાં નીસર્યાંરે લોલ;
ઢળતાં પડતાં રડતાં મૂકયાં બાળ જો. ધુતારા. ૨
સખી સાસુ સસરા જેઠ જેઠાણી નવ લહ્યાંરે લોલ;
કંથજીને ચહડતી મુકી રીસ જો. ધુતારા. ૩
સખી મધરાતે મોહનજી બેઠા કદમ ચડીરે લોલ;
ગોપીજનનાં હરીયાં છે કંઈ ચીર જો. ધુતારા. ૪
સખી અવળાં વસ્ત્ર ને અવળાં આભ્રણ પહેરીયરિ લોલ;
કાન તણાં લઈ કેડે ધાલ્યાં કાટે જો. ધુતારા. ૫
સખી રામકૃષ્ણ પ્રભુ ભલે પધાર્યાં શેરીએરે લોલ;
ગોપીજનની પૂરી છે કંઈ આશ જો. ધુતારા. ૬

પદ ૧૭ મું

હસવા સરખી હરિસું મારે ગોઠડીરે લોલ;
હસવા સરખું બ્રિજમંડલ શુભ ધામ જો. હસવા.—ટેક ૧
સખી નાહતાં ને ગાતાંરે ગુણ ગોવિંદનારે લોલ;
વસવા સરખું વૃંદાવન શુભ ગામજો. હસવા. ૨
તીરથ મારે કીરત કેશવરામનું રે લોલ;
પીવું મારે પ્રેમતણું રસપાનજો. હસવા. ૩
નાત હમારી નિરમળ નંદકુંવર શું રે લોલ;
ભાત હમારી ભુધરજી શું ભળતી જો. હસવા. ૪
રામકૃષ્ણ પ્રભુ ભલે પધાર્યા શેરીયેરે લોલ;
ગોપી સઘળી ગુણ તમારા ગાયજો. હસવા. ૫

પદ ૧૮ મું

નહીં જાઉં તે જમના પાણીરે મા, હુંને ખીજવે તે સૈયર સમાણીરે મા.
મુને કુંવારી કુંવારી સહુ કહેછેરે મા, મારી સૈયરો તે મેણાં દેછેરે મા.
જળ જમનાજીને ઘાટેરે મા, હુંને કાહનજી કાદવડે છાંટેરે મા.
વ્હાલો કરે નેણાના ચાળારે મા, મેં તો કહાનવર સાંભળ્યા કુંવારારે મા.
હુંને કહાન વરને પરણાવોરે મા, મારી વ્રજમાં તે વાત વખણાવોરિ મા.
મળે સરખા તે સરખી જોડરે મા, તુંને પોંખતાં તે પહોંચશે કોડરે મા.
હેવા રામકૃષ્ણ વર રુડારે મા, હુંને અખંડ પહેરાવો ચુડારે મા.
હેવા રામકૃષ્ણ વર રંગીરે મા, મારા જનમ જનમના સંગીરે મા.

રાજે

કૃષ્ણ પ્રત્યે ગોપીના પ્રેમ વિષે

પદ ૧ લું

હરિ મેં હાવે કયમ રહેવાયે, દુંપણ આ તે કયમ સહેવાયે;
એ તો અંધ થઇને તાંણે, પ્રેમની વાતો પશુ શું જાણે. ૧
આવી અમથાં ખુંદી મારે, સાચો શબ્દ કોઈ ન ધારે;
મોહન વાત તું સાંભળ મારી, હું તો બેઠી સહુથી હારી. ૨
દુરિજંન દે છે મુને મેહણાં, મારાં તમશું લાગાં નેણાં;
વહાલા વેરી વાંકુ બોલે, તે તો પડશે તેને બોલે. ૩
હાવે જે બોલે તે સહીએ, મનની વાતો કોને કહીએ;
સઉકો બોલે છે આડું આડું, વાંક હું કોનો કહાડું. ૪
એ તો શિખામણ છે જાણો, મનમાં દુભણ કાંઈ ન આણો;
રસીઆ છો રાજેના વાલા, ભગતતારણ છો નંદલાલા. ૫

પદ ૨ જું

તેં તો ઘેલું કીધું ગામ, કાને હાથ ન લાગે કામ;
જેને મળીઓ તું મોરાર, તેને મૂકાવ્યાં ઘર બાર. ૧
હાવો કોનો કાઢું વાંક, ત્રીકમ તજથી આડો આંક;
રસીઆ રંગ રમાડ્યા એમ, વળતાં તે વિસાર્યાં કેમ. ૨
જે કો જળ ભરવાને જાએ, તે તો વાટે બોટી થાએ;
કોનું ચોરી લીધું ચંત, એવો કામણગારો કંથ. ૩
વિઠ્ઠલ વહાલાં તારાં વેણ, મ્હારાં તમશું લાગ્યાં નેણ;
મારે તમશું લાગ્યો નેહ, તમને સોંપી સુંદર દેહ. ૪
ધરના છો ધૂતારા કાહાન, મનમાં મૂકાવો છો માન;
રસીઆ છો રાજેના નાથ, સર્વે સોંપ્યું તમારે હાથ. ૫

પદ ૩ જું

વહાલા વાટે તે વાત ન થાય, તમે જાણોછો જાદવરાય;
કુડું કાંઈ લઈએ સંસાર, અમો અબલાનો અવતાર. ૧

ઉભાં રહીએ ઘોલે દિસ, વળતા વેરી કાઢે વેશ;
ત્રીકમ તમારું કંઈ ન જાય, વળતી અમને દુભણ થાય. ૨
વહાલા ચઢયાં ન ઉતરે આળ, જુગમાં રહેવું મહા જંજાળ;
મોહન મળવું તે એકાંત, એવી મનની વિચારો ભ્રાંત. ૩
માહારે સાસુડીનું સાલ, જોતાં જોડાણી દે ગાળ;
જમ કાંઈ મીન રહે જળમાંહે, પાણી પીવું તે કહેા કાંહે. ૪
વહાલા વાત સાંભળો એક, વિઠ્ઠલ વારું કાંઈ વિવેક;
દુરીજન દેખે ઠામો ઠામ, શાને મેલાવો છો મામ. ૫
મારે અંતર ઉપને દુઃખ, તમો માનો શાનું સુખ;
રસીઆ છો રાજેના નાથ, તાહારા નેનમાં છે કાંઈ ઘાત. ૬

પદ ૪ થું

મારા મન ગમતા મહારાજ, મારે ઘેર આંવોને;
હું તો તલસું તમારે કાજ, હસીને બોલાવોને.—ટેક.
વિલંબ ન કરીએ વિઠ્ઠલારે, આવોને અમ ઘેર આજ;
પેર પેરનાં પકવાન બનાવું, ત્રિકમ તમારે કાજ. મારા. ૧
મનમાં હતું તે માવજીરે, મુખડે કેમ કહેવાય;
આવી શકો તો આવજો, મારું જોતાં જોબન જાય. મારા. ૨
આ જોને આંગણિયે ઉભો, રંગીલો રણછોડ;
રાજેના સ્વામી પ્રભુ અંતરજામી, પૂરો મારાં મનનાં કોડ. મારા. ૩

પદ ૫ મું

કુણ બોલે તમારી સાથ, જાદવજી જાણ્યારે;
આ તો નોહે મોટાની રીત, પરઘેર માંણ્યારે.—ટેક.
વાટ જોતાં રજની વીતી, આવ્યા ઉગમતે સૂર;
કામણગારા કાનજીરે, વાલે અમને વિસાર્યાં દૂર. જીવણ. ૧
પરનારીની પ્રીતડી તમે, કરી આવો ઠામો ઠામ;
અહીંઆ આવીને શું કરો, જોના ઘેર ઘેર હોય વિશ્રામ. જીવણ. ૨
કોને તે મંદિર તમે કાનજી, કરી આવ્યા લીલા લેર;
રાજેના સ્વામી પ્રભુ અંતરજામી, કોણ જાણે તમારી પેર. જીવણ. ૩

પદ ૬ ઠું

જોના પીયુડો તે પરઘેર જાય, સખી હવે શું કરીએરે;
એકલડાં નવ રહેવાય, ઝુરી ઝુરી મરીએરે. સખી. ૧

રૂપ જોવંતાં રસીએા વાલેા, પરાણે કરે છે પ્રીત;
વણ તેડ્યો પરમંદિર જએા, એહેવી છે એની રીત. સખી. ૨
સમજાવ્યેા સમજે નહિરે, કહેા હવે કરીએ કેમ;
શેરડીએ સામેા મળે, ત્યારે ઢાળે નીચાં નેણ. સખી. ૩
છળભેદ છાનેા રમેરે વાલેા, વાતેામાં મને વાય;
રાજેના સ્વામી પ્રભુ અંતરજામી, એ તેા અરથ પડ્યો ઓળખાય. સખી. ૪

પદ ૭ મું–રાગ ગરબી

કાગળ મેાકલુંરે, વહાલા વાંચેા હેત કરી;
એકવાર આવજોરે, નીરખું મુખડાં મૂછ ભરી. ૧
વિનતા નેહે તણીરે, લખતાં લેાચન ચાલે નીર;
અબળા અવતર્યારે, વાલા કહેા કેમ ધરીએ ધીર. ૨
બાળે વેશમારે, લાગી પરણ્યા પહેલી પ્રીત;
વર વિઠ્ઠલ વર્યારે, અવર વરવાની શી રીત. ૩
ત્રિકમ તમ વિનારે, સુકાં સહુ વાડીનાં વંન;
લીલાં કેમ રહેરે, વહાલા પલ્લવ છેા આ વંન. ૪
સહુ અળખામણુંરે, મુજને કુટુંબતણેા પરિવાર;
વહાલાં વીખે ભર્યારે, વેરી બાળે સહુ સંસાર. ૫
અન્ન પાણી તજ્યારે, હવે પડશે પાપી પ્રાણ;
સુનું તમ વિનારે, વહાલા લાગે છે બ્રહ્માંડ. ૬
જાહાં હરિ રંગે રમ્યારે, તે મને જાગી ખાવા ધાય;
તે સુખ સાંભરેરે, તમ તમ હૃદડે હેાળી થાય. ૭
રહેવાતું નથીરે વહાલા, કહું છું મૂકી લાજ;
મળજો દયા કરીરે, રસિયા રાજેના મહારાજ. ૮

પદ ૮ મું

ઉગેા શરદ પુનમનેા ચંદ, મહારે ઉપનેારે આનંદ;
ગેારી ગરબે રમવા આવે, રમશે ગેાપી ગેાવાળ માંહે. ૧
રમવા ભૂધર સાથે ભાવ, આપણે આવ્યેા છે આ દાવ;
મળીએ સરવે સરખી નાર, સજીએ શેાભીતા શણગાર. ૨
ઠમઠમ વીછીવાનેા ઠમકાર, ઝમ ઝમ ઝાંઝરનેા ઝમકાર;
ઓઢેા આપે એવાં ચીર, આપણે જાવું જમનાં તીર. ૩

ચોળી ચંપક વરણી પેહેર, આપણે કરવી લીલા લેહેર;
જ્યમ કાંઈ વશીયેર માંડે ફેણ, એવી ગુંથાવેાની વેણ. ૪
લેહેકે હૈડા ઉપર હાર, નૈણે નીરખેાને મેારાર;
રસિયા છેા રાજેના નાથ, અમને રંગે રમાડેા રાત. ૫

પદ ૯ મું

આજની ઘડીરે રળિયામણી.

હાંરે મ્હારા વ્હાલાજી આવ્યાની વધામણી જીરે; આજની.—ટેક.
હાંરે સેાહાસેણ પૂરેાની સાથીયા,
હાંરે ઘેર મલપતા આવે તે હરિ હાથીયા જીરે; આજની. ૧
હાંરે સખી આલેરા વાસ અણાવીએ,
હાંરે મારા વ્હાલાજીને મંડપ રચાવીએ જીરે; આજની. ૨
હાંરે સેાહાસેણ ચાર તેડાવીએ,
હાંરે મ્હારા વાલાજીને મેાતીડે વધાવીએ જીરે; આજની. ૩
હાંરે સેાહાસેણ મળશે જે ઘડી,
હાંરે મ્હારા પ્રભુજી પધારે તે ઘડી જીરે; આજની. ૪
હાંરે મલ્યા દાસ રાજના સ્વામી ફાંકડા,
હાંરે હું તેા મેાહી રહી મુછના આંકડા જીરે; આજની. ૫

પદ ૧૦ મું

આવેાની લાલ વરણાગીયા.

હાંરે ઘેર આવેાની શ્યામ સવાદીયા જીરે; આવેાની.—ટેક.
હાંરે કહાના આવેા તેા શીખવું ચાતુરી,
હાંરે આપણ રમીએ તે રંગભર રાતડી જીરે; આવેાની. ૧
હાંરે ચાલેા જઇએ જમનાજીના ઘાટમાં,
હાંરે પેલા દુરિજન લેાક દેખે વાટમાં જીરે; આવેાની. ૨
હાંરે રૂડા દાસ રાજેના સ્વામી વાંકડા,
હાંરે હું તેા મેાહી રહી મુછના આંકડા જીરે; આવેાની. ૩

પદ ૧૧ મું

આજને આવ્યારે હરિ દાવમાં.

હાંરે ભેાળા ભાવમારે, ભેાળા ભાવમાં, તે ભૂધરને ભેટીએ જીરે; આજને.—ટેક.
દાવ પડે ત્યારે લાજ ઘટેરે,
હાંરે ત્યારે સુપડે સરવ સાંભેટીએ જીરે; આજને. ૧

ફુલડાંની સેહેજ વહાલા મેરે સમારી,
હારે ત્યારે સાથરે તે શીદને આળોટીએ જીરે; આજને. ૨
મહારારે મનમાં એવું આવે છે,
હારે એવા વહાલમાં તે લાલને લપેટીએ જીરે; આજને. ૩
દાસ રાજેના સ્વામી તમેરે મળ્યા છેા,
હારે ત્યારે દેાહીલા તે દિન શીદ ગાળીએ જીરે; આજને. ૪

રાધિકાજી સ્વપ્નામાં પરણ્યાં તે વિષે

પદ ૧૨ મું–રાગ પરજ

ઉગતે વ્હાણે રાધાની માડી જાગી, એના ચિત્તમાં ચટકી લાગીરે;
આ શું રે કીધું.–ટેક.
કુંવરી મારે દુખના દરિયા આજ રેલ્યા, તેં કુળના મારગ મેલ્યારે; આ શું રે.
કુંવરી મારા કયા વેરીએ વેર સાંધ્યાં, તેં મીંઢલ કેાનાં બાંધ્યારે; આ શું રે.
કુંવરી તારેા કેઈ નગરીમાં દાંત વહેર્યો, તેં ચૂડેા કેના પહેર્યોરે; આ શું રે.
કુંવરી તેં તેા જીવડેા લીધેા મારેા ઝાલી, વરમાળા કેની ધાલીરે; આ શું રે.
કુંવરી તેં તેા ઉપરણી કેની ઓઢી, તારે કીયા વરની જોડીરે; આ શું રે.
કુવરી તારેા માંડવડેા કયાં રેાપ્યેા, તારા વરને કેાણે પોંખ્યેારે; આ શું રે.
કુંવરી ત્યાં તેા કયા ગુરુદેવ આવ્યા, ત્યાં કેાણે વેદ ભણાવ્યારે; આ શું રે.
કુંવરી તમને કેણે રંગ રમાડ્યાં, ત્યાં કંસાર, કેણે જમાડ્યારે; આ શું રે.
કુવરી તેં તેા કુળમાં લગાડી ખામી, તને મળ્યેા રાજેના સ્વામીરે; આ શું રે.

પદ ૧૩ મું

એટલે ત્યાં તેા બેાલ્યાં છે રાધા વાત, તું સાંભળ મારી માતરે;
મેં બહુ સારું કીધું.–ટેક.
માતારે મારી દુખના દરિયા નથી રેાળ્યા, નથી કુળના મારગ મેલ્યારે; મેં બહુ.
માતા મારી શિશ તમારાં નથી વહેર્યાં, પાનેતર પ્રભુનાં પેર્યારે; મેં બહુ.
માતારે નથી વેરીએ વેર સાંધ્યાં, મીંઢળ મેાહનનાં બાંધ્યારે; મેં બહુ.
માતા મારી મથુરાં નગરીમાં દાંત વહેર્યો, મેં ચૂડેા અવિચળ પેર્યોરે; મેં બહુ.
માતા તારેા જીવડેા લીધેા નથી ઝાલી, વરમાળ વિઠ્ઠલની ધાલીરે; મેં બહુ.
માતા મેં તેા હરખે ઉપરણી ઓઢી, મારે અખંડ વરની જોડીરે; મેં બહુ.
માતા મારેા માંડવડેા મનમાં રેાપ્યેા, ઉભાયે વરને પોંખ્યેારે; મેં બહુ.

માતા ત્યાં તો તેત્રીસ ક્રોડ દેવ આવ્યા, બ્રહ્માએ વેદ ભણાવ્યારે; મેં બહુ.
માતા મારી કૃષ્ણ-ચરણામૃત મેં પીધાં, ત્યાં શિવે કન્યાદાન દીધાંરે; મેં બહુ.
માતા મારી બ્રહ્માયે રંગ રમાડ્યાં, કંસાર ઉમાએ જમાડ્યાંરે; મેં બહુ.
માતા મેં તો શિવને ચઢાવ્યા પુલગજરા, વાસુદેવ સરખા સસરારે; મેં બહુ.
માતા મેં તો શિવને ચડાવ્યાં જાસુ, દેવકીજી સરખાં સાસુરે; મેં બહુ.
માતા મેં તો શિવને ચડાવી છે હલદી, સુભદ્રા સરખી નણદીરે; મેં બહુ.
માતા મેં તો શિવને ધરાવેલા હાર, મને મળ્યા કૃષ્ણ ભરથારરે; મેં બહુ.
માતા મારી કુળમાં લગાડી નથી ખામી, મળ્યો રાજેનો સ્વામીરે; મેં બહુ.

પદ ૧૪ મું

એટલે વળતી માતા બોલ્યાંછે વાણી, તું તો સાંભળ પુત્રી શાણીરે; આ શુંરે કીધું.
કુંવરી એ તો કૃષ્ણ કહેવાયો કાળો, તે ક્યાં શોધ્યો ગોવાળોરે; આ શુંરે કીધું.
કુંવરી એ તો કાનુડો કામણગારો, એ ધીંગડમલ્લ ધૂતારોરે; આ શુંરે કીધું.
કુંવરી એમાં ચાંદાસૂરજની સાખ્યો, એને જશોદાજીએ રાખ્યોરે; આ શુંરે કીધું.
કુંવરી એ તો ગાયો ચારીને પેટ ભરતો, પરનારી પાછળ ફરતોરે; આ શુંરે કીધું.
કુંવરી તારો તાત આ વાત જો જાણે, તે કંઠે પ્રાણ જ આણેરે; આ શુંરે કીધું.
કુંવરી તેં તો નવ કરવાનાં કામ કીધાં, અમને દુખડાં બહુ દીધાંરે; આ શુંરે કીધું.

પદ ૧૫ મું

માતા મારી કૃષ્ણને એમ નવ કહિયે, એને ચરણે જૈને રહિયેરે; તું સાંભળ માડી.
માતા એ તો ચૌદભુવનનો છે વાસી, એને ચરણે કોટિક કાશીરે; તું સાંભળ માડી.
માતા હવે પરણ્યાં તે ફોક કેમ થાશે, જો સૂરજ પશ્ચિમ જાશેરે; તું સાંભળ માડી.
માતા તારે કરવું હોય તે કરજે, તારે મરવું હોય તો મરજેરે; તું સાંભળ માડી.
માતા હું તો પૂરણપદને પામી, મને મળ્યો રાજેનો સ્વામીરે; તું સાંભળ માડી.

ભૂખણ ભક્ત

ઈશ્વરને ભજવા વિષે

અષ્ટક ૧ લું–છંદ ભુજંગીની ચાલ

કશી વાતનો ખરખરો મંન નાણેા, સુખ દુઃખ તે દેહના ધર્મ જાણેા;
કરેાને તમે કેાટી લક્ષ પ્રકાર, લખી વાત મિથ્યા ન થાયે લગાર. ૧
હરિશ્ચન્દ્ર રાજા મહા પુણ્યવાન, નહીં કેાય સંસારમાં એ સમાન;
તેણે નીચ ઘેર વહ્યો નીર ભાર, લખી વાત મિથ્યા ન થાયે લગાર. ૨
સતી મુખ્ય કહાવે અહલ્યાજી જેહ, જેના નામથી થાય નિષ્પાપ દેહ;
તેણે ઇન્દ્ર સાથે કર્યો વ્યભિચાર, લખી વાત મિથ્યા ન થાયે લગાર. ૩
જુવેા જાનકીજી પડ્યાં દુષ્ટ હાથ, જેના સ્વામિ છે કેાટિ બ્રહ્માંડ નાથ;
આપેાઆપ લક્ષ્મીતણેા અવતાર, લખી વાત મિથ્યા ન થાયે લગાર. ૪
વળી પાંડવેાની કહું એક વાત, જેના સારથિ નિત્ય વૈકુંઠનાથ;
હાર્યા રાજ રિદ્ધિ તથા નીજ નાર, લખી વાત મિથ્યા ન થાયે લગાર. ૫
મહા પુણ્યકારી જેને સિદ્ધ નાથ, ચાલી નીસર્યા નારી લઈ વંન સાથ;
બહુ કષ્ટ વેઠયું તેણે વર્ષ બાર, લખી વાત મિથ્યા ન થાયે લગાર. ૬
શા માટે તમે ભાર માથે ધરેા છેા, વળી હું કરું હું કરું એ કહેા છેા;
કરેાને તમે ચિત્ત સાથે કરાર, લખી વાત મિથ્યા ન થાયે લગાર. ૭
કરી વિનતિ સર્વને હું કહું સત્ય વાત, રચ્યા ભૂખણે તે સુણેા શ્લેાક સાત;
ઘણું સાંભળ્યા જેગ સાધૂ વિચાર, લખી વાત મિથ્યા ન થાયે લગાર. ૮

અષ્ટક–નવપદ્દી ૨ જું

પિતા માત સંતાન નેં મિત્ર ભ્રાત, એ તેા સર્વ છે આળપંપાળ વાત;
એમાં અંતકાળે નાવે કેાય કામ, તે માટે ભજો સર્વથા રામ નામ. ૧
ઘડીમાં ઘટી જાય આયુષ્ય અલ્પ, ભમંતાં ભમંતાં થયા કેાટિ કલ્પ;
માથે મર્ણ કેરી મહા એક ભામ, તે માટે ભજો સર્વથા રામ નામ. ૨
ઘણીવાર સંસાર માંહી કર્યાં છેા, પશુ પક્ષી યેાની વિષે અવતર્યા છેા;
હવે આ સમેા છે તર્યાનેા જ ઠામ, તે માટે ભજો સર્વથા રામ નામ. ૩

કરો છો બીજી અલ્પ વસ્તુનું યત્ન, તજ્યે છો હરિ નામ જેવું જ રત્ન;
નથી બેસતું મૂલ્ય એક બદામ, તે માટે ભજો સર્વથા રામ નામ. ૪
જરાયે ઘણો દેહ તો જીર્ણ થાશે, શરીરે થકી સર્વ સામર્થ્ય જાશે;
થશે રોગ પીડા જશે સર્વ હામ, તે માટે ભજો સર્વથા રામ નામ. ૫
જેને સેવતાં કોટી કલ્યાણ થાય, બહુ જન્મનું પાપ તો સદ્ય જાય;
વળી પામિયે જે થકી સિદ્ધ ધામ, તે માટે ભજો સર્વથા રામ નામ. ૬
જવું એકલાં ત્યાં નહીં કોય સાથ, વળી જીવને દુઃખ અત્યંત થાય;
તેણીવાર રક્ષા કરો મેઘશ્યામ, તે માટે ભજો સર્વથા રામ નામ. ૭
જે કો જાનકીનાથના હોય દાસ, ન પામે કદી તે ફરી ગર્ભ વાસ;
કરે લોક આ સર્વ તેને પ્રણામ, તે માટે ભજો સર્વથા રામ નામ. ૮
રચ્યા ભૂખણે તે સુણો શ્લોક આઠ, હેતે સાંભળે ને કરે નિત્ય પાઠ;
થશે તેથકી દુઃખકેરો વિરામ, તે માટે ભજો સર્વથા રામ નામ. ૯

અષ્ટક-અગિયારપદી-૩ જું

ઘણા પૂન્યના ભાવથી દેહ પામ્યાં, હસંતાં રમંતાં સુખે દીન વામ્યાં;
ગયા નાથનું નામ તો સદ્ય ચૂકી, ભજો રામને કામને દૂર મૂકી. ૧
ભણ્યા શાસ્ત્ર સિદ્ધાંતની સર્વ વાત, નથી ઓળખ્યા શ્રી તમે પ્રાણનાથ;
વિવેકી થઈ કાં કરો બુદ્ધિ ટુંકી, ભજો રામને કામને દૂર મૂકી. ૨
પરસ્ત્રી પરદ્રવ્યનો ત્યાગ આણી, હૃદેમાં ધરોને તમો ચક્રપાણી;
એ તો દુષ્ટ માયાતણી સર્વ ભૂકી, ભજો રામને કામને દૂર મૂકી. ૩
મદે અંધ દૃષ્ટિ થયાથી ન દીઠું, કુસંસારનું સૂખ લાગે છે મીઠું;
જરા આવશે આ થશે દેહ સૂકી, ભજો રામને કામને દૂર મૂકી. ૪
ઘણા જતનથી દેહને સુખ દીધું, ઘણા ભેદથી સર્વનું દ્રવ્ય લીધું;
જવું એકલાં સર્વ સંપત્તિ મૂકી, ભજો રામને કામને દૂર મૂકી. ૫
ઘણા રમ્ય વૈભોગથી દેહ પોખ્યો, કરી તીર્થ જાત્રા કદાપી ન સોખ્યો;
મળી મિત્ર ટોળે દેશે સર્વ ફુંકી, ભજો રામને કામને દૂર મૂકી. ૬
જદા આવિને જીવને મૃત્યુ ગ્રેશે, તદા સર્વ સંબંધી ત્યાં જોઈ રેશે;
ન રક્ષા કરે વદ્ય કે કવાય ભૂકી, ભજો રામને કામને દૂર મૂકી. ૭
કફે વ્યાધિએ કંઠનો રોધ થાશે, હૃદેમાં થકી જ્ઞાન તો સર્વ જાશે;
તદા જીવ જીહ્વા થશે સદ્ય ટૂંકી, ભજો રામને કામને દૂર મૂકી. ૮
નથી જાણતા ધર્મની રીત ઠીક, નથી રાખતા મરણની મંન બીક;
ગુમાને ભર્યા ચાલ ચાલો છો ઝૂકી, ભજો રામને કામને દૂર મૂકી. ૯

જમકિંકરા મારશે દુષ્ટ મારે, તદા નાથ પાખે નહીં કોય તારે;
જુવો મૃત્યુ માથે રહે નીત ઝૂકી, ભજો રામને કામને દૂર મૂકી. ૧૦
સદા રૈકવજ્ઞાતિ મહા રંક કહાવે, કથા રામની તો જેને મન ભાવે;
રચી ભૂખણે તે સુણો જ્ઞાન કૂંચી, ભજો રામને કામને દૂર મૂકી. ૧૧

અષ્ટક-નવપદી-૪ થું

તમે અવંતર્યા લક્ષચોરાશિવાર, નથી પામિયા તોય સંસાર પાર;
માટે આ સમે જપમાળા ધરીને, ભજો ભક્ત ભાવે સદા શ્રીહરિને. ૧
ઉદરમાં અધો મસ્તકે જ્યાં રહ્યાતા, ઘણા વ્યાકુળ તો તમે ત્યાં થયાતા;
હવે તે સમો કાં ગયો વિસરીને, ભજો ભક્તિ ભાવે સદા શ્રીહરિને. ૨
સંચ્યું દ્રવ્ય તો દ્રવ્યને ઠામ રહેશે, સગા મિત્ર સંસારની રીત કહેશે;
જોતામાં જશે પ્રાણ તો નીસરીને, ભજો ભક્તિ ભાવે સદા શ્રીહરિને. ૩
એ તો દેહ સંબંધી જાણો અનિત્ય, પ્રભુનાથનું નામ તો એક સત્ય;
નાવે જેથકી ગર્ભવાસે ફરીને, ભજો ભક્તિ ભાવે સદા શ્રીહરિને. ૪
અભિમાન આડે નથી કાંઈ જોતા, કદાપિ નથી કૃષ્ણનું નામ લેતા;
અરે મૂઢ લોકો જવું છે મરીને, ભજો ભક્તિ ભાવે સદા શ્રીહરિને. ૫
કહ્યું માનજો સર્વથા એક મારું, નથી કોઈ સંસારમાંહી તમારું;
માટે સંગ માયાતણો પરહરીને, ભજો ભક્તિ ભાવે સદા શ્રીહરિને. ૬
કળિકાળમાં જન્મ મિથ્યા વગોયો, મહારત્નને કાચને મૂલ ખોયો;
ધરો ધ્યાન ગોવિંદનું આદરીને, ભજો ભક્તિ ભાવે સદા શ્રીહરિને. ૭
જેણે ગોપિકા નાથનું નામ લીધું, તેણે જન્મ પામ્યાતણું સાર્થ કીધું;
ગયા તે તો સંસાર સેજે તરીને, ભજો ભક્તિ ભાવે સદા શ્રીહરિને. ૮
એ તો વિષ્ણુ ભક્તિતણો છે પ્રબોધ, સુણીને રખે આણતા મંન ક્રોધ;
કહ્યું ભૂખણે શ્લોક આઠે કરીને, ભજો ભક્તિ ભાવે સદા શ્રીહરિને. ૯

અષ્ટક-બારપદી-૫ મું

રમ્યા રંગ તે ગોપિકા સંગ રાસ, ઘણે પ્રીતિભાવે કરીને વિલાસ;
કહાવે તથાપિ સદા બ્રહ્મચારી, ભજો દુઃખ હારી સદા શ્રીમુરારી. ૧
આવી ગોકુળે કામ અત્યંત કીધું, પિતા માતને સુખ સંપૂર્ણ દીધું;
એ તો નંદનો નંદ આનંદકારી, ભજો દુઃખહારી સદા શ્રીમુરારી. ૨
ઘણા દુષ્ટ મારી હર્યો ભૂમિ ભાર, કૃપાયે કરી ભક્ત તાર્યા અપાર;
જેણે નંદની ધેનુ નવલક્ષ ચારી, ભજો દુઃખહારી સદા શ્રીમુરારી. ૩

સુદામાતણી સાર અત્યંત કીધી, મુઠી તાંદુળામાં નવેનિધ દીધી;
કૃપાનાથ સાધુતણા હિતકારી, ભજો દુઃખહારી સદા શ્રીમુરારી. ૪
જમ-કિંકરે દુઃખ અત્યંત દીધું, ત્યારે નારાયણ પુત્રનું નામ લીધું;
એવામાં અજામેળ લીધો ઉગારી, ભજો દુઃખહારી સદા શ્રીમુરારી. ૫
સ્તુતિ સાંભળી ભક્તની ભીડ જાણી, આવ્યા સદ્ય વૈકુંઠથી ચક્રપાણી;
મૂકાવ્યો ગજ ગ્રાહ નાંખ્યો વિદારી, ભજો દુઃખહારી સદા શ્રીમુરારી. ૬
અરે બુદ્ધિહીણા ન જાણો હરિને, તેણે આવશો ગર્ભ વાસે ફરીને;
જુવોને તમે જ્ઞાન દૃષ્ટે વિચારી, ભજો દુઃખહારી સદા શ્રીમુરારી. ૭
હરિભક્ત પાખે વૃથા જન્મ જાશે, પછી અંતકાળે ઘણું કષ્ટ થાશે;
તે માટે તમે વાત બીજી વિસારી, ભજો દુઃખહારી સદા શ્રીમુરારી. ૮
વિષય વિષરૂપી તેને શું વખાણો, આ સંસાર તે સ્વપ્નને તુલ્ય જાણો;
વિવેક કરી મોહ માયા નિવારી, ભજો દુઃખહારી સદા શ્રીમુરારી. ૯
ચતુર્ભુજ શ્રીનાથ છે સત્ય શર્ણું, મહાલક્ષ્મી સેવે જેના નિત્ય ચર્ણું;
એ તો શંખ ચક્ર ગદા પદ્મ ધારી, ભજો દુઃખહારી સદા શ્રીમુરારી. ૧૦
તેણે શું થયું જે ઘણું એક ડાહ્યા, તેણે શું થયું દ્રવ્ય ઝાઝું કમાયા;
તેણે શું થયું જે રમ્યા રંગ નારી, ભજો દુઃખહારી સદા શ્રીમુરારી. ૧૧
પ્રભુનાથ પોતે દિસે છે દયાળ, કરે નિત્ય ભક્તોતણી પ્રતિપાળ;
તેને જે ભજો તો ગતિ થાય સારી, ભજો દુઃખહારી સદા શ્રીમુરારી. ૧૨
સદા ગામ વેલાળ મધ્યે નિવાસ, પ્રભુજીતણો નિત્ય દાસાનુદાસ;
રચી ભુખણે તે સુણો મોક્ષબારી, ભજો દુઃખહારી સદા શ્રીમુરારી. ૧૩

શાંતિદાસ

આ કવિનાં પદ સ્ત્રીઓમાં બહુ ગવાય છે

કાનુડાની બાળલીલા વિષે

પદ ૧ લું

કોઇયે દીઠડો કાન કોડામણોરે, સખી જોને, દીઠડો કાન કોડામણો.—ટેક.
છેલ છબીલો ને છોગાવાળો, રુડો ને ખૂબ રળિયામણોરે; કોઇયે.
મહિ છળવાની વાલો બુદ્ધિ નિપાવે, શામળિયો સોહામણોરે; કોઇયે.
શાંતિદાસનો પ્રભુ રસિક શિરોમણિ, પોતે થઈ ગયો વામણોરે; કોઇયે.

પદ ૨ જું

જુહડાને કયાં ઝાલું, જુવોને સખિ, જુઠડાને કયાં ઝાલું—ટેક.
વચન મોહનનાં લાગે છે મીઠડાં, કેવું બોલે છે કાલું કાલું; જુવો.
એકવાર વાલોજી ઓરા આવે તો, ઘેરીને ઘરમાં ઘાલું; જુવો.
શાંતિદાસના પ્રભુ રસિક શિરોમણિ, એથકી બીતી હું ચાલું; જુવો.

પદ ૩ જું

કોઈ કન્યા નહિ આપે, કુંવરને, કોઈ કન્યા નહિ આપે.—ટેક.
સારાં ન લક્ષણ કુંવરજીકેરાં, નિત ઉઠીને સંતાપે; કુંવરને.
રુડો તે વર શોધીને કાઢ્યો, રાધકાજીને બાપે; કુંવરને.
શાંતિદાસનો પ્રભુ રસિક શિરોમણિ, કુંવારો રહેશે એને પાપે; કુંવરને.

પદ ૪ થું

કાનુડો કાળજાની કોર છે, બેની મારે, કાનુડો કાળજાની કોર છે.—ટેક.
અટપટી પાઘ ને કેસરિયો વાઘો, માથે કળાયલ મોર છે; બેની.
વૃંદાવનમાં વાલે વાંસળી વગાડી, મોરલીના સ્વર જોર છે; બેની.
શાંતિદાસના પ્રભુ રસિક શિરોમણિ, ગોપી સંગ પાધરો દોર છે; બેની.

પદ ૫ મું

કાનુડે કામણ કીધલાં, ઓ બેની પેલે, કાનુડે કામણ કીધલાં.—ટેક.
કામિનિયોનાં કાળજાં કોરવા, બાણ જ માર્યાં સીધલાં; ઓ બેની.

લવિંગ સોપારી ને પાનનાં બીડલાં, અમને કાંઈ એક દીધલાં; ઓ બેની.
શુંય કર્યું ને વાલો શું વળિ કરશે, એવું જાણીને બહૂ બીધલાં; ઓ બેની.
શાંતિદાસનો પ્રભુ રસિક શિરોમણિ, આંખે અમીરસ પીધલાં; ઓ બેની.

પદ ૬ ઠું

જને ગોવાલણી જૂઠી, અહીંથકી, જને ગોવાલણી જૂઠી.—ટેક.
મહિ વેચવાને તું કાલે આવીતી, આંગળિયે પેરીને અંગુઠી; અહીં.
જુઠા બોલ તું શાને બોલે છે, મહિની મટુકિ ક્યારે ફૂટી; અહીં.
હસતાં આળ ચઢાવે રે બેઠી, મારું ગેડી ને કરું ઠૂંઠી; અહીં.
શાંતિદાસના પ્રભુ રસિક શિરોમણિ, માલ તારામાં નથી મૂંઠી; અહીં.

પદ ૭ મું

મનડાં વ્યાકુળ હરિ આવતાં જોને બેની, મનડાં વ્યાકુળ હરિ આવતાં.—ટેક.
પારણિયાં પરશાળે મૂક્યાં છે, બાળક મૂક્યાં છે ધાવતાં; જોને બેની.
સાદ કરંતા સામા મળિયા, સ્વામિ પેલાં ભોજન પાવતાં; જોને બેની.
વલોણું તાણતાં બાઝતા મોહન, માંખણ ખાતા ઘી તાવતાં; જોને બેની.
શાંતિદાસના પ્રભુ રસિક શિરોમણિ, હરખે હરિ ગુણ ગાવતાં; જોને બેની.

પદ ૮ મું

મન માને ત્યાં જઓછોજી, તમારું મન, માને ત્યાં જઓછો.—ટેક.
આવાં રુડાં ભોજન મેલીને, કોદરાને શીદ ખાઓછોજી; તમારું.
આવાં રુડાં તીરથ મેલીને, ખાબોચિયામાં શીદ ન્હાઓછોજી; તમારું.
નાના હતા ત્યારે ઢોરાં ચરાવતા, હમણાં મોટેરા થાઓછોજી; તમારું.
શાંતિદાસના પ્રભુ રસિક શિરોમણિ, અમને વાયદા વાઓછોજી; તમારું.

પદ ૯ મું

વારો જશોદા માવડી, કુંવરને, વારો જશોદા માવડી.—ટેક.
વાછડાં છોડીને વાલો વનમાં પધારે, હાથે ગેડી ને પગે પાવડી; કુંવરને.
નિત્યનિત્ય ઉઠી વાલો વનમાં સધારે, ગોવિંદ ચરાવે ગાવડી; કુંવરને.
મોળિયું ભરડીને બાંધે મારો વાલો, બાંધણી એ કેઈ પેરે આવડી; કુંવરને.
કોણ જાણે શું ખાઈને જનમિયો, કાંધે છે ભાતની કાવડી; કુંવરને.
શાંતિદાસનો સ્વામી રશિક સિરોમણિ, શીખ શી દેઈ મૂકી આવડી; કુંવરને.

પદ ૧૦ મું

જળ ભરવાને કેમ જાઉં, જશોદા મા, જળ ભરવાને કેમ જાઉં.—ટેક.
વાટે જતાં વાલો પાણી માગે છે, માણસમાં કેમ પાઉં; જશોદા.

નાથજી નિર્લજ થઇને બેઠા, હુંય નિર્લજ કેમ થાઉં; જશોદા.
સોના રૂપાનો મારો ઘાટઘડૂલો, ઊઢાંણી રત્ન જડાઉં; જશોદા.
આણી તીરે ગંગા ને પેલી તીરે જમુના, વચે સરસ્વતી નાઉં; જશોદા.
શાંતિદાસના પ્રભુ રસિક શિરોમણિ, હરખે હરિ ગુણ ગાઉં; જશોદા.

પદ ૧૧ મું

આવો મારે ઘેર માણવા, હોજી રાજ, આવો મારે ઘેર માણવા.—ટેક.
સરવેથી સારું ગોરસ મારું, હીરને તાંતણે તાણવા; હોજીરાજ.
સૌ સૌને ઘર ધંધે લાંગ્યાં, પુરુષનાં વચન પ્રમાણવા; હોજીરાજ.
કહેશે તેને ઉત્તર દેઇશું, ઉત્તર બીજેથી નથી આણવા; હોજીરાજ.
પાતળિયાજી મારે ઘેર પધારો, નથી બેઠું કોઈ જાણવા; હોજીરાજ.
શાંતિદાસના પ્રભુ રસિક શિરોમણિ, મારે તારા ગુણ વખાણવા; હોજીરાજ.

પદ ૧૨ મું

ક્યારે મળશે કહાન, જોશીડા, જોશી જુઓની.—ટેક.
સાત સોપારી ને પાનનું બીડું, જાઉંરે જોશીડાને ધામ; જોશીડા.
દુઃખે તારે હમે દુઅળાંરે, જાણે પાકૂ પાન; જોશીડા.
દુખડું તો રે ડુંગર થઈ બેઠું, સુખડું સ્વર્ગ સમાન; જોશીડા.
શાંતિદાસનો સ્વામી રસિક શિરોમણિ, ગેરી રહ્યો સારું ગામ; જોશીડા.

પદ ૧૩ મું

માછીડારે હોડી હલકાર, મન છે મળવાનું.—ટેક.
તારીરે હોડીએ હીરલા જડાવું, ફરતી મુકાવું ઘુઘરમાળ; મન છે.
સુનાંખી દઉંગી ને રૂપાંખી દઉંગી, દઉંગી ગલનકા હાર; મન છે.
આણી તીરે ગંગા ને પેલી તીરે જમના, બીચમે ખડોરે નંદલાલ; મન છે.
મન કરું મછુંવો ને તન કરું તછુંએો, જીવ મુકુંરે રખવાળ; મન છે.
શાંતિદાસનો સ્વામી રસિક શિરોમણિ, કૃષ્ણજી ઉતારે પેલે પાર; મન છે.

થોભણદાસ

રાધિકાના રોષ વિષે

પદ ૧ લું

રંગભેર રમતાં રાસમાંરે, હાંહાંરે રંગ જામ્યો છે ઢગલે;
કુમકુમની ઢગો પડેરે, હાંહાંરે પાતળીઆને પગલે. ૧
ફર ફર ફરતાં પુદડીરે, હાંહાંરે પાયે ઘુઘરી ધમકે;
મેઘ સમો મારો વાલમોરે, હાંહાંરે ગોપી વિજળી ચમકે. ૨
ફર ફર ફરતાં જે ફરેરે, હાંહાંરે તેનો કર સાહી રાખે;
હસી હસીને ચુંબન કરેરે, હાંહાંરે કંઠે બાંહડી નાંખે. ૩
મસ્તક મુગટ સોહામણોરે, હાંહાંરે માંહી મુગતા ખીરાજે;
સામા ઉભાં તે રાધિકારે, હાંહાંરે તેનું પ્રતિબિંબ નાચે. ૪
સોળ વરસની સુંદરીરે, હાંહાંરે તેની દૃષ્ટિ આવી;
નારી થોભણના નાથનીરે, હાંહાંરે રાધે ચાલી રીસાવી. ૫

પદ ૨ જું

રુસણું મુકોને રાધિકારે, હાંહાંરે ઘેલી હઠ ના કીજે.
મુખથી બોલો બોલડારે, હાંહાંરે મુનિવ્રત ના લીજે. ૧
વાલો વન ચરાવે ગાવડીરે, હાંહાંરે ઉભા જમુના આરે;
મોરલી તે કેરા નાદમાંરે, હાંહાંરે રાધે રાધે પોકારે. ૨
વાલા એક ઘડી નવ મૂકતારે, હાંહાંરે રહેતા શામા સંગેગે;
દિવસ રેણી કેમ જાય છેરે, હાંહાંરે મારા વાલા વિનાગે. ૩
સુંદરીનો સોહામણોરે, હાંહાંરે શામળો સુખકારી;
એરે વહાલો કયમ વિસરેરે, હાંહાંરે કપટ નાર ધુતારી. ૪
કહ્યું ન માન્યું કામિનીરે, હાંહાંરે દૂતી પાછી તે આવી;
નારી થોભણના નાથનીરે, હાંહાંરે નહિ સમજી સમજાવી. ૫

પદ ૩ જું

મારો નાથ બન્યા નવ જોબનારે, હાંહાંરે પહેરી પીળી પટોળી;
કમલ વેલીનો કંચવોરે, હાંહાંરે કસી લીધાં છે ભેળી. ૧

વહાલે વેણુ ગુંથી વિવેકશુંરે, હાંહાંરે પૂંઠે ગોકૃણો લળકે;
વાલે સેંથો પૂર્યો સીંદુરશુંરે, હાંહાંરે ચૂવા ચંદન ઝળકે. ૨
વાલે નૈણે તે કાજળ સારી આંરે, હાંહાંરે કાને ઝાલ ઝબુકી;
વાલે મધ મધ ચોડી ટીલડીરે, હાંહાંરે નાકે નિરમલ મોતી. ૩
પાયે વીછુવા વાજતારે, હાંહાંરે હાથે ખણ ખણ ચુડી;
સખળી સૈયર માં શોભતારે, હાંહાંરે એની શોભા છે રુડી. ૪
લટકો કરીને લાડણીરે, હાંહાંરે આડે ધામ ઉતરીયાં;
દાસ થોભણ રુડી રાધિકારે, હાંહાંરે તેનાં કારજ સરીયાં. ૫

કૃષ્ણવિરહના મહિના

કારતક માસે મેલી ચાલ્યા કંતરે, વહાલાજી;
પ્રીતલડી તોડીને આણ્યો અંત, મારા વહાલાજી.

પિયુજી મારા શું ચાલ્યા પરદેશરે, વ. મંદરિયામાં મેલ્યાં બાળે વેશ; મા.
ભર દરિયામાં મેલી મુજને વહેતીરે, વ. આવડલી ધાતો તે હું નવ લેતી; મા.
હું તો જાણતી ઉજળું એટલું દુધરે, વ. જાવાને દીવસડે માંડયું જુદ્ધ; મા.
સાગરિયા તમે શીદ થયાછો ખારારે, વ. કો આગળ જૈ કરિયે કષ્ટવિસારા; મા.
તમે અમારાં દુઃખડાંના છો જાણુરે, વ. પ્રીતલડી ઉપર બંધાણા પ્રાણ; મા.
થોડેને દીવસડે અમને મળજોરે, વ. થોભણના સ્વામીજી વહેલા વળજો; મા.

માગસર મહિને મંદીર ખાવા ધાયરે, વ. એકલડી દાસીના દિન કેમ જાય; મા.
શરીર મારું સર્પતણો છે ભારોરે, વ. ઉગરવાનો નથી એકે આરો; મા.
જાય મારું જોબનિયું ભરપૂરરે, વ. આવે દિવસે કંથ ગયા કેમ દૂર; મા.
નાગરવેલ તો નીર વિના સૂકાયરે, વ. મૂળમાંથી ઉપજી વ્રેહની લાય; મા.
વાલા તમારી વાડિયો વણશી જાયરે, વ. ટોયા વગર તો પંખી બેઠાં ખાય; મા.
ધણી વિના તો નીધણિયાં લૂટાયરે, વ. ગોકુળમાં કેની ઓથે રહેવાય; મા.
પિયુજી મારા પૂરણ કિરપા કરજોરે, વ. થોભણના સ્વામીજી વહેલા વળજો; મા.

પોષ માસે પડિયો અમને શોષરે, વ. તેડાવો જોશીડા જુવે જોષ; મા.
શા કારણથી નાવ્યા સુંદર શ્યામરે, વ. તરછોડીને ચાલ્યા ગોકુળગામ; મા.
બેઉ બંધવના લખજો કુશળ ક્ષેમરે, વ. વધામણી વાયંતા વાધે પ્રેમ; મા.
હૈયામાંથી નથી ઓલાતો ખટકોરે, વ. કાગળિયો લખી મોકલજો કટકો; મા.
સાહી વીના તે હરતાળો દેવાયરે, વ. ભૂધરજી તમે કેમ ભૂલ્યા ચતુરાઈ; મા.

ચતુર હોય તેને ચારે દશે ફૂમરે, વ. શામળિયા સાંભળજો મારી ખૂમ; મા.
ઘડી ગણંતાં માસ ગયા છે ત્રણેરે, વ. થોભણના સ્વામીજી રાખો શરણે; મા.
માહ મહિનાની સેજલડી છે સૂનીરે, વ. ગાતરની ઘાટડિયો ભીડું કેની; મા.
બાંહલડી તે કેની કંઠે નાંખુંરે, વ. હઈયાના હીંડોળા મનમાં રાખું; મા.
વાવલિયા તે ઠંડા શીતળ વાયરે, વ. હીમાળો હાલ્યો તે કેમ રહેવાય; મા.
અમ ઉપર તે દુઃખનો ડુંગર વાળ્યોરે, વ. શા માટે શિયાળો ઘેર ન ગાળ્યો; મા.
તેજ અમારી આંખતણા તો ઉલ્યાંરે, વ. હમણાનું હસવું રમવું ભૂલ્યાં; મા.
દેહતણાં તે દુઃખડાં કેને કહિયેરે, વ. આંસૂડાં ગાળીને થાકયાં રહિયે; મા.
ઓચિંતાં આવીને પડ્યાં દુખડાંરે, વ. થોભણના સ્વામીજી આપો સુખડાં; મા.
ફાગણ મહિને ફુલ્યાં સુંદર ફૂલરે, વ. એ દેખી અંતરમાં ઉપજે શૂળ; મા.
વસંત ઋતુમાં વિરહ ઉઠેછે ભારીરે, વ. જાતાં ઝેર દઇને કેમ ન મારી; મા.
પેલાં આહિરડાં ખેલે હોળીરે, વ. સરખી સૈયરની મળી છે ટોળી; મા.
ચૂવાચંદન ઉડે અબીલ ગુલાલરે, વ. ભેરભુંગરળ નેં વાગે મૃદંગ તાલ; મા.
જોરે બની છે ઘેરૈયાની ટોળીરે, વ. એ પેલી પડોશણ રંગમાં રોળી; મા.
હરિ અમારે હૈયે હરખ ન માયરે, વ. ગોકુળની ગોપીઓ તમને ગાય; મા.
આ વેળા તમે આકાશથી ઉતરજોરે, વ. થોભણના સ્વામીજી વારે ચઢજો; મા.
ચઈતર માસે મહોટી તારી વાડીરે, વ. કરમાણાંતાં તેણે કુપળ કાઢી; મા.
વૃન્દાવનમાં ભારે દાડમ ફાલ્યાંરે, વ. ભીતરિયામાં ભારે દુઃખડાં સાલ્યાં; મા.
ભાત ભાતનાં ફુલડાં ફુલ્યાં બોળાંરે, વ. લીલાં ને પીળાં ને રાતાં ઘોળાં; મા.
કાળી કોયલ બોલે મધુરા મોરરે, વ. ભમરા ગુંજારવના ઉડે સોર; મા.
ડમરો મરવો ગુલાબ ને ગુલતોરારે, વ. છોગલડા મુંકાવાને આવો ઓરા; મા.
અગર ચંદનની શોભા નથી અધૂરીરે, વ. તેને તળે તો બેસો સભા પૂરી; મા.
જળ જમુનાનાં છાંટણિયાં છંટાવુંરે, વ. થોભણના સ્વામીજી તમને ભાવું; મા.
વૈશાખ માસે વાટ તમારી ન્યાળુંરે, વ. આંખલડી ઉઘાડી ચોદશ ભાળું; મા.
ઝંખનામાં તો જાય છે આઠે પહોરરે, વ. મંદિરયામાં નથી વેતું સોર; મા.
જીવ અમારો આકુળવ્યાકુળ થાયરે, વ. ઘડી એકમાં તો જન્મારો વહિ જાય; મા.
દુઃખડાંમાંથી સુખનો લેતાં લાભરે, વ. ઓચિંતો અમ ઉપર પાડ્યો આભ; મા.
જળનાં જીવડાં દળવાદળ કેમ સહેશેરે, વ. તરણા ઉપર કેમ મેરુ રહેશેરે; મા.
કીડી ઉપર કટક ચડાવી લાવ્યારે, વ. વાલપણામાં વિખના છોડ વાવ્યા; મા.
શું નાખ્યો છો તાણી ને તરછોડીરે, વ. થોભણના સ્વામીને કહું કરજોડી; મા.

જેઠ માસે જોઈ રહી છું ઠેઠરે, વ. ઉનાળો ઉલ્યો પણ નવ થૈ ભેટ; મા.
ઘડી ગણંતાં માસ ગયા છે આઠરે, વ. આગળ આવ્યા અષાડાના ઘાટ; મા.
જીવનજી તમને બહુ ઘણી લૂ વાશેરે, વ. ઉનાળાની આંચે દેહ કરમાશે; મા.
પિયુડા તારી કુમકુમ વરણી મોળરે, વ. મંદિરિયે આવીને ચંદન ચોળ; મા.
વીંઝણિયે તે વાવલિયા ઢોળાવુંરે, વ. શીતળ જળ ઝારિયો આગળ લાવું; મા.
તારે અર્થે આંગણું સ્વચ્છ કરાવુંરે, વ. શીતળ વા સંગાતે રીસ સમાવું; મા.
જાદવ તમને ઝીણાં વસ્ત્ર પેરાવુંરે, વ. થોભણના સ્વામી લાડ લડાવું; મા.
આષાઢ માસે આવી મેઘ ઘડૂકેરે, વ. વીજળિયો ચમકે ને જોર ઝબૂકે; મા.
અવધ ઉપર સર્વે આવી ઉભુંરે, વ. શામળિયાજી કોની જોડે શોભું; મા.
ઘેર વળ્યા જે ગયા હતા પરદેશરે, વ. પિઉજી મારાં કોનાં ઓઠાં લેશ; મા.
આ ચોધડિયે એવો ઉપનો નેહરે, વ. પ્રાણ તજું કે પાડું મારો દેહ; મા.
કાં જાણું જે ભેરવ જપ જે ખાવુંરે, વ. કાશીએ જને કરવત મૂકાવું; મા.
કાં જાણું જે જોગ ધરીને જાઉંરે, વ. તારેને વિજોગે ચોદશ ધાઉં; મા.
જોયા વિના તે જંપ જ નથી વળતારે, વ. થોભણના સ્વામીજી શે નથી મળતા; મા.
શ્રાવણ માસે સરવડિયાંની ઝડિયોરે, વ. હેલીની નથી ઉઘડતી ઘડિયો; મા.
વા વાદળ ને વાય છે બહુ સોરરે, વ. નાની મોટી નદીએ આવ્યાં પૂર; મા.
કંથ વિના કામનિયે કેમ ખમાશેરે, વ. પરદેશી પિયુની પ્રીત જણાશે; મા.
જે કાનૂડે કંસનું કર્યું નિધનરે, વ. તે કાનૂડો કોનું ઠારે મન; મા.
આ વાલાનો અધૂરો ઘરવાસરે, વ. માસી મારી તેનો શો વિશ્વાસ; મા.
ઢોરાં ચાર્યાં તેનો શો તોલરે, વ. વાટે ને ઘાટે દો જૂઠા કોલ; મા.
ભૂધરજી તમે ભરવાડા વટ રાખીરે, વ. થોભણના સ્વામી જૂવો ઝાંખી; મા.
ભાદરવે ભરનિદ્રા લાગી મીઠીરે, વ. સ્વપ્નામાં તો તારી મૂર્તી દીઠી; મા.
માથે મુગટ પીતાંબર છે પેર્યોંરે, વ. તિલક છાપ ને ટપકાં કેસર કેરાં; મા.
પાતળિયાનો પટકો જોઇને અટકીરે, વ. તે વેળાએ દુઃખડાં ચાલ્યાં છટકી; મા.
કાને કુંડળ કોટે મોતીહારરે, વ. જરકશીને જામે ઝળકે તાર; મા.
વાંસલડીની વરણાગી શી કહીયેરે, વ. ધૂધરિયો દેખીને ઘેલાં થઇયે; મા.
વધામણી તો આવે વારંવારરે, વ. થોભણના સ્વામી મળિયા મોરાર; મા.
આસો માસે આવી વાયસ બોલેરે, વ. ચોકમાં આવીને ચાસ ડોલે; મા.
વધામણી કોઈ લાવે આણી વારરે, વ. કંઠેથી આલું એકાવળ હાર; મા.
તરિયાં તોરણ બાંધું મારે દ્વારરે, વ. ઘરમાં ઘાલું કુમકુમ વરણી ગાર; મા.

સોનાને શ્રીફળે પૂરું થાળરે, વ. ભે ભુંગળ વજડાવું મૃદંગ તાલ; મા.
ચાલો સજની વૈકુંઠનાથ વધાવારે, વ. થોભણના સ્વામીજી મંદિર આવ્યા; મા.
આરે માસે આવી ઝાલ્યો હાથરે, વ. મોતીડે વધાવ્યા વૈકુંઠનાથ; મા.
પુરુષોત્તમજી પુરુષોત્તમ મસવાડોરે, વ. દયા કરી તે દીવાળીનો દહાડો; મા.
હરિ અમારે આનન્દ ઓછવ થાયરે, વ. માનિનિયો મળીને મંગળ ગાય; મા.
સેવક સરવે આરતિયો ઉતારેરે, વ. અલબેલાજી ઉપર તનમન વારે; મા.
પાનપાન પકવાન મીઠા મેવારે, વ. જમુનાંજળ ઝારીયો આચમન લેવા; મા.
લવિંગ સોપારી એલચી આદરમાનરે, વ. વાળિ આપું બિડલે બાસઠ પાન; મા.
સુખ શય્યામાં પોઢાડું નંદલાલરે, વ. થોભણના પ્રભુ નિર્ખિને થાઉં ન્યાલ; મા.

દયારામ

શૃંગાર રસમાં આ કવિના જેવો ગુજરાતી ભાષામાં એક પણ કવિ નથી

ચાતુરીના ગરબો

સર્વ કામ છોડીને પરથમ, ગુરુગોવિંદને ભજીએજી;
સકલ કામના સિદ્ધિ જેથી, વારે તેને તજીએ. શિક્ષા શાણાને. ૧
મૂળથી મ્હોટી સંગત કરિયે, નીચ સંગત પરહરિયેજી;
સંગતને વશ મન રહે છે, જેથી તરીયે મરીયે. શિક્ષા. ૨
હર પ્રકારે પ્રીત મૃદુવાણી, મ્હોટા જન તે જાણોજી;
નિર્દય આપસ્વારથી જુઠા, કપટી નીચા પરમાણો. શિક્ષા. ૩
ખરી મહેનતનું દ્રવ્ય જોડિયે, નીચ નજર ના કરિયેજી;
પાછળથી પસ્તાવો ઉપજે, હાંસીથી તો ડરિયે. શિક્ષા. ૪
સહસા કામ ન કરિયે કદાપિ, ડરિયે હરિ જગને મારેજી;
ઉતરેલું જલ મોતીનું તે, ન ચડે કોટી પ્રકારે. શિક્ષા. ૫
રીતે ચાલતાં દુઃખ પડે તો, ભલું સુખ અનીતે કુદુંજી;
બેશી નાવ બુડે નહીં કહેવત, તરી ઉતરો તોહે ભુડું. શિક્ષા. ૬
વિના વિચારે કામ કરે, તે પાછળથી પસ્તાયેજી;
બગડી બુંદ હોજે ન સુધીરે, મળે ન જે તક જાયે. શિક્ષા. ૭
ક્રોધનું કાહાડીને ખરચ ન કરિયે, દાટી ના સહિયે દુઃખજી;
જેવી સંપત તેવું ભોજન, સદા પામિયે સુખ. શિક્ષા. ૮
પૂર્વે વૈર તાંહાં સ્નેહ ન કરિયે, પૂર્વ મિત્રશું વેરજી;
મિત્ર કોક દીન ગુંજ પ્રકાશે, શત્રુના છૂટે ઝેહેર. શિક્ષા. ૯
આપ વખાણ અવરની નિંદા, પરપત્નીશું હાસ્યજી;
અતિ કુભાષણ જીભ લાલચે, મ્હોટપણાનો નાશ. શિક્ષા. ૧૦
સુખ આવે છલકી નવ જઇએ, દુઃખ આવે નવ ડરિયેજી;
આપણથી અધિકાને જોઇને, ગરવ કલેશને હરિયે. શિક્ષા. ૧૧
લોભીજન ધન વડે સાધિયે, ગરવી જોડી પાણીજી;
મુરખનું મનગમતું કરિયે, પંડિત સાચી વાણી. શિક્ષા. ૧૨

હરિ ગુરુ સાથે સાચા રહિયે, સ્ત્રીશું જુઠું કહિયેજી;
મોટાં આગળ કોઈ સમે પણ, મુખે મોટાં નવ થઇયે. શિક્ષા. ૧૩
રીત નભે નહીં રંદા ફેરી, વાંસલે વરવું થાયજી;
કરવતની કક્ષા ગ્રહી રાખો, ઉભય લોક સુખદાય. શિક્ષા. ૧૪
કેવળ આપ સ્વારથ કૃતિ વાંસલાની, સહુ પરમારથ રંદોજી;
કરવત ખેપાસ ઘટતું છાંડે, રહે ઘર રહે હરિબંદો. શિક્ષા. ૧૫
લાખ ગમાવા સાખ રાખજો, સાખે મળશે લાખજી;
લાખ ખરચતાં સાખ નવ મળે, સાખ ગયે સહુ ખાખ. શિક્ષા. ૧૬
મળી સ્હેજ પોળી નવ તજીયે, દુર મોદક અભિલાષેજી;
ઉછંગ સુત અળગો કેમ કરિયે, ઉદરગર્ભની આશે. શિક્ષા. ૧૭
સામાને શોભા આપેથી, આપણને શોભા આવેજી;
પતિસુખ શોભા સ્ત્રીને કરે, જેમ સ્ત્રી પતિને દરશાવે. શિક્ષા. ૧૮
જે કરતાં પરિણામે હાણી, તે કારજ નવ કરવુંજી;
આપણી પોંચ પ્રમાણે સઘળે, સમજી ડગલું ભરવું. શિક્ષા. ૧૯
જે ઘરથી પ્રીત વધ્યાની ઇચ્છા, તે ઘેર ત્રણથી ડરિયેજી;
વાક્ વિવાદ ધન પરોક્ષે—વામા વાત ન કરિયે. શિક્ષા. ૨૦
માતપિતાશું હેત રાખિયે, કદી ન ધરિયે દોષજી;
નાગરવેલ વણસે જેમ દળ વણસે, જે પોંચ્યું શતકોશ. શિક્ષા. ૨૧
કૃષ્ણવિના કોઈ થકી કદાપિ, જારપ્રીત નવ કરિયેજી;
ગળે પડી છૂટે નહીં કેમે, પાપતાપ પચિ મરિયે. શિક્ષા. ૨૨
થોડું બોલ્યામાં સુખ શોભા છે, બહુ બોલે પત જાયેજી;
ચોકોડીનો ચાંદલો ભાળે, શતની પાછળ થાય. શિક્ષા. ૨૩
કામ વિવેક કરિયે કદાપિ, કષ્ટ પડયું તે માંહેજી;
તે પછી હરિ ઇચ્છા એમ લહેવું, હરખડવું નહીં તાંહે. શિક્ષા. ૨૪
પાણી વાણી ને દૃષ્ટિ દઢ, રાખી સઘળે જઇએજી;
મોહોટપ આવે માન પામિયે, કહિં દુખીયાં નવ થઇયે. શિક્ષા. ૨૫
જે ભાવે જે પૂછે તેને, તેહવો ઉત્તર દઇએજી;
ભાષણમાં ભિતરનું હારદ, સેજે સમજી લઇએ. શિક્ષા. ૨૬
જે વિના ચાલે નહીં તેની, મરજી માફક રહેવુંજી;
સમો આપણો સમજી લેવો, ભૂલ્યું બગડયું સહેવું. શિક્ષા. ૨૭

તન મન વ્યસનથી સુવિમળ રાખિયે,આળસ ક્રોધ ન કરવોજી;
પરદુઃખ દેખી પ્રસંન ન થવું, પાખંડધર્મ ન ધરવો. શિક્ષા. ૨૮
મ્હોટા જનની અદબ રાખવી, બાળક શિક્ષા દેવીજી;
ગુરુજન સેવા દયા દીનશું, સ્ત્રીને વશ કરી લેવી. શિક્ષા. ૨૯
દિવસે વાત વિચારી કરિયે, નિશા વિવેક છાનીજી;
કોઈ સમે કોઈ કેવું સાંભળે, ઉપજે મ્હોટી હાની. શિક્ષા. ૩૦
મ્હોટા સાથે નવ બગાડવું, નીચ ભલાઈ ન સારીજી;
નૃપ યોગીનો નહીં આસંગો, ક્ષણમાં કરે ખુવારી. શિક્ષા. ૩૧
નમી ભીંત, પરનાળો, બારી, નવ ઠરવું તે હેઠજી;
ભગ્ન ભ્રષ્ટ તત્કાળ પસ્તાવો, વણ સ્વારથની વેઠ. શિક્ષા. ૩૨
જાર જુગારી તસ્કર વ્યસની, વિશ્વાસે નવ રહેવુંજી;
વહેવારે વેપારે લજ્જા, નવ ધરવી ત્હાંસકુટ કહેવું. શિક્ષા. ૩૩
હાર વણ કયાંય લુબ્ધાઈ ન જાવું, જૂઠું સર્વ સમજવુંજી;
કાળ ઝપેટો અચક લાગશે, ભગવત ભજન નવ તજવું. શિક્ષા. ૩૪
જે જે વાતે મીઠું કડવું, આપણને જેમ લાગેજી;
તે જ પ્રમાણે સમજી લેવું, સહુને સુખ દુઃખ જાગે. શિક્ષા. ૩૫
દંપતી વચ્ચે દૂત ના થવું, કુડી સાખ ના ભરવીજી;
ના કરીએ અરિ કેરી ચુગલી, અધરમ પક્ષ ન કરવી. શિક્ષા. ૩૬
માણસ જોઇને કામ પાડીએ, મૂરખ મિત્ર ન કરિયેજી;
હઠ ના કરવી ખોટી વાતે, ક્રૂરદેવ ન સમરીએ. શિક્ષા. ૩૭
દીન સગાને દઈ ન માગવું, દે ધણું માગ્યું વાળીજી;
દાનો દુશ્મન ગુણે મારીયે, શકે ન ઉંચું ભાળી. શિક્ષા. ૩૮
મરમ વચન કોઇને નવ કહિએ, સુણતાં પામે સંકોચજી;
વાટે જતાનું કષ્ટ કાપિએ, જ્યાંલગી આપણી પોંહોંચ. શિક્ષા. ૩૯
મધુરી વાણી વદિયે સહુથી, ઉદર રાખીએ ઉંડુંજી;
મર્યા મનુષ્યને પ્રાણ આપીએ, કેનું ન કરિયે ભુંડું. શિક્ષા. ૪૦
કૃત ઉપકાર ના ભુલી જઇએ, ગુણ સધળેથી લેવોજી;
અંનદાતાને આધીન રહેવું, લાલચ દગો ન દેવો. શિક્ષા. ૪૧
મ્હા મ્હોટું કંઈ સંકટ આવે, શ્રી હરિ ચરણે જાવુંજી;
હોંમત રાખી ઉપાય કરવો, પ્રાણ મુક્ત નવ થાવું. શિક્ષા. ૪૨

મૂરખથી કહીં મમત ન કરવો, ગાંઠ ગોદડે દેવીજી;
અણી ચુકાવી કામ કહાડવું, આગળ બનસે કેવી. શિક્ષા. ૪૩
કદળી ઢોલ કુટીજનકાપ્યા, કુટ્યા વણ ફળ નવ આપેજી;
દુષ્ટની સામાં સાધુ ન થાવું, થતાં અતિ સંતાપે. શિક્ષા. ૪૪
કામ કપેચું કાંઇએક આવે, ધીરા થાવું જાણીજી;
જલદ થયાથી જોખમ લાગે, પથ્થર નીચે પાણિ. શિક્ષા. ૪૫
જેવો સમો વિધિ પણ તેવી, કરતાં કારજ થાયજી;
એક રીતે અટકી નવ રહેવું, રોગ પ્રમાણે ઉપાય. શિક્ષા. ૪૬
અગમ વિચારી સરવે કરવું, ગફલત કહીં ન રહેવુંજી;
સહુનું વચન વિચારી જોવું, રોમરોમ ચિત્ત દેવું. શિક્ષા. ૪૭
ગુણવંતની ખતરાઈ ન. કરવી, વૃદ્ધપણે લાલાઇજી;
ગુમાન ગરજ સમે નવ ધરવું, ભાગી જાએ ભલાઈ. શિક્ષા. ૪૮
પરઘર જઇને દુઃખ ના રોવું, કોઈ નવ થાય વિભાગીજી;
પાછળથી પસ્તાવો ઉપજે, ભાર જાય સહુ ભાગી. શિક્ષા. ૪૯
પરઘરમાં અચાનક ન જાવું, વાત કરી નવ હસવું;
ગુંજ કરતાં હોય બે જણાં ત્યાં, વણ તેડ્યા નવ ધસવું. શિક્ષા. ૫૦
કૌતકમાં કુમક વણ સજ્જન, દુરિજન સાથ નવ વઢવુંજી;
ગજ ગ્રેહેવાનો સામાન લઇને, બકરી બંધન ચઢવું. શિક્ષા. ૫૧
રીતે પણ ખોટાની સાથે, વાદ ન કરવો વાતેજી;
ખરાબ ઠામે પથ્થર નાંખી, છંટાવું નિજ હાથે. શિક્ષા. ૫૨
ઉલટી કૃતિ ઘેલાની ગ્રહિયે, દાસ દક્ષના થઇયેજી;
સર્વ ઠામથી ગુણ ગ્રહી લેવો, એમ ચતુરાઈ લહિયે. શિક્ષા. ૫૩
કલેશની ઉપર કલેશ રાખવો, ક્રોધની ઉપર ક્રોધજી;
મન મોહ મદ મચ્છર ના ધરવો, મનનો કરવો બોધ. શિક્ષા. ૫૪
આ વ્હેવાર ચાતુરીની શિક્ષા, ધરશે ઉરમાં રાખીજી;
ભવ સુખ હરિ પદ શુભ કીર્ત્તિ, આખરના અભિલાખી. શિક્ષા. ૫૫
પચીશ પચાસનું ખત ના લખિયે, અંતે આવે એકજી;
ગળે પડે કોઈ ગુલામ માણસ, હાનિ વાત વિશેક. શિક્ષા. ૫૬
સકળ ચાતુરિ એક વચનમાં, કહું છું સહુ સાંભળજોજી;
હરિ ગુરુ હરિજન સેવા સમરી, જનમ મરણથી ટળજો. શિક્ષા. ૫૭

આશ્રમ ચારવિષે ગૃહસ્થાશ્રમ, એક વાતથી મ્હોટોજી;
શ્રીહરિની સેવા બની આવે માટે, નહિ તો જાણે ખોટો. શિક્ષા. ૫૮
મન માને તે આશ્રમ માંણો, મારે નહિ લેવા દેવાજી;
દયો કહે મારે તે મ્હોટો, જે કરે કૃષ્ણની સેવા. શિક્ષા. ૫૯

મીરાં ચરિત્ર

મીરાં મન મોહનસું માન્યું;
વરિયા વરિયા શ્રી ગિરિધર લાલ, જાણે જગ નથી કાંઈ છાનું.—ટેક. ૧
જેમલ સિંહ રાઠોડની દીકરીરે, સુણો મીંડતા એનું ધામ;
રૂપગુણ સમોવડ સઉ રીતે, રુડું ધર્યું મીરાંબાઈ નામ. મીરાં. ૨
જોશીએ વાંચી જનમોતરીરે, તેમાં લખ્યું નીકળ્યું એહ;
વરશે વિશ્વંભરનાથનેરે, કરશે નંદકુંવરજીશું નેહ. મીરાં. ૩
ઉદેપુરનો તે રાણો રાજીયેરે, તેણું કરી મીરાંની સગાઈ;
પરણાવીને વળાવ્યાં મીરાં સાસરે, લૌકીક રીતે કરીને મીરાંબાઈ. મીરાં. ૪
દેવીને દેવા વધામણાંરે, ચાલ્યાં વરકન્યા સહુ જન;
રાણે પારવતીજી પૂજીયરિ, મીરાંબાઇનું તો મોહનમાં મન. મીરાં. ૫
સાસુ કહે સૌભાગ્ય વધેરે વહુ, નમો શક્તિને પાય;
મીરાં કહે મસ્તક મારું નહીં નમે, વિના શ્રીવ્રજરાય. મીરાં. ૬
સાસુ કહેરે સામી બોલી આજથી, મારે નથી એ વહુનું કામ;
પુત્રને કહ્યું એહને રાખો પરી, એક ન્યારું રચાવો એનું ધામ. મીરાં. ૭
એવું સુણીને મીરાં મગ્ન થયારે, ભલું થયું ભાંગ્યો જંજાળ;
સાધુની સંગે નિશદિન રમીશું, સુખે સેવીશું ગાઇશું ગોપાળ. મીરાં. ૮
નંદનંદન સાથે ન્યારાં રહ્યારે, મીરાં હરિજન આવે ઘણાં ઘેર;
નિત્ય થાય કથા કીરતન ઓચ્છવ, હરિને લાડ લડાવી કરે લેહેર. મીરાં. ૯
નણંદ આવી મીરાંબાઇની પાસે, ભાભી આશો માંડ્યો છે ઉતપાત;
સાસરિયે રાણાજીનું કુળ લજાવ્યું, મહીયેરિયે લજાવ્યાં માતતાત. મીરાં. ૧૦
અમુલ અંબર પહેરો અનુપમ, સજે સુંદર સણગાર;
મહેલે પધારો રાણાજીતણેરે, રમી રીઝવી લ્યો ભરથાર. મીરાં. ૧૧
છાપાં તિલક આ શી તુલશીની માળા, નાચો ખુંદો વેરાગીને વેશ;
સંગ મૂકી દ્યો સાધુ સન્તનોરે, રાણોજી તો કરે સુણી કલેશ. મીરાં. ૧૨

મીરાં કહે બાઈ સાંભળો, કલેશ ટળવાનો એક ઉપાય;
કહેજો રાણાને નિત્ય સાધુને સેવે, પ્રેમ મગન હરિના ગુણ ગાય. મીરાં. ૧૩
વળી સોનું રૂપું પહેરે શું જશેરે, કહાડી નાખો એ ડાકડમાળ;
છાપાં તીલક ધરી સાધુઓમાં બેસો, આલો પેરાને તુળશીની માળ. મીરાં. ૧૪
તમો પણ જાઓ શીદ સાસરેરે બાઈ, વૃથા વટાળો શાને દેહ;
મનગમતા મોહનવર સાથે, તમો સરવ તજીને કરો સ્નેહ. મીરાં. ૧૫
કહેજો તમારી માતનેરે, વૃદ્ધ થયાં ગોવિંદ ગુણ ગાયે;
હરિવિના કોટી અન્ય દેવ સેવે તોએ, જનમ મરણ તો નહીં મટી જાયે. મીરાં. ૧૬
સુણી એમ છણકતી ખીજતીરે, બાળા આવી બંધવની પાસ;
એ ભાઈ ભાભી કહે છે થાઓ વેરાગી, સહુ મૂકી ઘો રાજ અવાસ. મીરાં. ૧૭
એવું સુણીને રોષ આવ્યો રાણાને, પ્રેર્યો સેવક મીરાંને અવાસ;
લાવો ખબર છે શા રંગમાંરે, કોણ કોણ બેઠું છે એની પાસ. મીરાં. ૧૮
અનુચરે આવી એમ કહ્યું જે, નથી ત્રીજું માણસ આ વાર;
રાણીજી સાથે કોઈ પુરુષ છે, ઘરમાં થઈ રહ્યો છે થૈકાર. મીરાં. ૧૯
સુણતામાં રાણો થયો રાતડોરે, ખેંચી ખડ્ગ ધાયો તેણીવાર;
પેઠો મીરાંને મહેલે એકલોરે, કોઈ આવે ના ધાઈ દીધાં દ્વાર. મીરાં. ૨૦
આવી જોયું તો મીરાં એકલીરે, પ્રભુએ વેરીને ના દીધું દરશન;
પૂછ્યું મીરાંને પેલો પુરુષ કયાં છે, તાહારું જેશું લાગ્યું છે લગંન. મીરાં. ૨૧
કયાં છે પૂછો શું રાણા રોષમાંરે, તે તો સઘળે વસે છે ભરપૂર;
ધ્યાનમાં જુવે જોગી પ્રેમી પ્રત્યક્ષ દેખે, એ તો દુષ્ટથી રહે છે સદા દૂર. મીરાં. ૨૨
કહાડી નાંખોજી આ ક્લેશ કપટ, સતસંગે નિર્મળ કરો મંન;
પ્રેમ ભક્તિએ પરબ્રહ્મ ભજે તો, તમને થાય તેહેનાં દરશંન. મીરાં. ૨૩
એવું સુણીને આગ લાગી ઘણીરે, પણ ભાવ ના આવ્યોરે ભૂપ;
ક્રોધ કરીને શસ્ત્ર વાવરે એહવે, દીઠાં મીરાંનાં બે રૂપ. મીરાં. ૨૪
તોહે મુરખ સમજ્યો નહીંરે, એણે મનશું ના કીધોરે વિચાર;
બીજું ખડ્ગ એણે ખેંચીયુંરે, ત્યારે હરિયે દેખાડી મીરાં ચાર. મીરાં. ૨૫
એ ભાણો થઇને પાછો ફર્યોરે, રાણો આવ્યો પોતાને ઘેર;
વિખનો પ્યાલો મીરાંને મોકલ્યો, પીજો કહાવ્યું રાણાએ આણી ઝેર. મીરાં. ૨૬
મગ્ન થઈ લીધો મીરાંએ હાથમાં, પ્રભુને દાખવી કર્યું વિષપાન;
અમૃત સરખું થઈ ગયુંરે, એને સમર્થ શ્રી ભગવાન. મીરાં. ૨૭

મીરાંબાઈ આવ્યાં વૃંદાવનમાંરે, પ્રેમે નીરખ્યા શ્રી વ્રજરાય;
શ્રી યમુના પયપાન કર્યું ને, કરી જીવ ગોંસાઇને શિક્ષાય. મીરાં. ૨૮
હરિજન જાણી મીરાંએ મંગાવાનું કહાવ્યું, તેને ના જોવું સ્ત્રીનું મૂખ;
મીરાં કહે ભલું થયું મેં જાણ્યું સવારું, મુજને પરપુરુષ દીઠે દુઃખ. મીરાં. ૨૯
હું આજ લગી એમ જાણતી જે, વ્રજમાં કૃષ્ણ પુરુષ છે એક;
વૃંદાવન વસી હજી પુરુષ રહ્યા છો, ધન્ય ધન્ય તમારો વિવેક. મીરાં. ૩૦
એવું સુણીને ગ્લાની પામિયારે, સામા જીવ ગોંસાઈ મળ્યા ધાઈ;
હળી મળી હરિની વાત કરીને, આવ્યાં મેવાડદેશ મીરાંબાઈ. મીરાં. ૩૧
કરી તયારી આવ્યાં દ્વારીકાં, પ્રેમે નિરખ્યા શ્રીરણછોડ;
વાસ પુરીને પ્રભુની પાસે રહ્યાં સદા, પોંચ્યાં છે મનનાં કોડ. મીરાં. ૩૨
પાછળ પસતાવો આવ્યો રાણાને, મનથી ઉતરી ગયું સઉ ઝેર;
જે માગે તે આપું તેને, કોઈ લાવે મનાવી મીરાં ઘેર. મીરાં. ૩૩
ઉપરા ઉપરી તેડાં મોકલ્યાંરે, આવી લાગ્યાં સહુ મીરાંને પાયે;
માજી પધારો મેવાડમાં પહેલાં, રાણાજી અંન ન ખાએ. મીરાં. ૩૪
જ્યાં લગી તમો રહેશો દ્વારીકારે, ત્યાંલગી અમે કરીશું અપવાસ;
આગ્રહ દેખી મીરાં વિદાય માગવાને, આવ્યાં શ્રી પ્રભુજીની પાસ. મીરાં. ૩૫
હરિએ હકીકત સાંભળીને હસી, ચાંપ્યાં હૃદયા સાથ;
શ્રીકૃષ્ણસ્વરૂપમાં સમાઈ ગયાંરે મીરાં, જે જે શ્રીદ્વારિકાંનાથ. મીરાં. ૩૬
ચરિત્ર એ મીરાંબાઇનુંરે જે કો, શિખે સાંભળે ને ગાયે;
પ્રેમ લક્ષણા ભક્તિ મળે ને તુઠે, દયાનો પ્રીતમ વ્રજ રાચે. મીરાં. ૩૭

પ્રેમ પરીક્ષા

ગરબો

ઓધવજી છે અળગીરે, વાત એક પ્રેમતણી;
કોઈ અનુભવી જાણેરે, કહેતાં તો નાવે ભણી. ૧
પ્રસુતાની પીડારે, વંઝા તે શું જાણે;
જાણ્યું કેમ આવેરે, માણ્યાને પરમાણે. ૨
મૂંગે સાકર ખાધીરે, ગુંગાને સ્વપ્ન થયું;
સરવે મન જાણેરે, બીજાને ન જાય કહ્યું. ૩

ધાએલનાં દુઃખનેરે, કાયર તે શું પ્રીછે;
તેમ જ્ઞાની લહે નહીંરે, રતીની ગતિ શી છે. ૪
નીમ સરવે નાશેરે, પ્રેમ જ્યારે વ્યાપે;
જેને નિદ્રા આવેરે, તે ઉત્તર કેમ આપે. ૫
આશુક માશુકમાંરે, રૂપ ગુણ સહુ દેખે;
જેવું ભાસે તેહમાંરે, અવર તેવું નવ પેખે. ૬
જેનું ચિત્ત જ્યાંહાં ચોટુંરે, તેને તેથી સુખ થાયે;
શો છે સ્વાદ અગ્નિમાંરે, ચકોર ભાવે ખાયે. ૭
રીત પ્રીતની એવીરે, તેનું સુખ તે જાણે;
અનુભવથી અજાણ્યારે, એના અવગુણ આણે. ૮
સ્નેહ સુખથી ન વાધેરે, દેખી દુઃખ નવ ઘટે;
જેમ વૃક્ષને વળગીરે, વેલી તો ફરી ના લટે. ૯
શીખે સાંભળે ન આવેરે, ઓધવ ગત પ્રીતતણી;
કરવી નથી પડતીરે, એની મેળે આવે બણી. ૧૦
પ્રીત બાઝે તો સહેજેરે, છૂટે ન પછે છોડી;
મચ્છને દુઃખ દે છે રે, ગળ્યા પછે અંકોડી. ૧૧
સાચી પ્રીત તે પ્રાણ લેરે, સાધારણ થાય પરી;
દાદુર જળવણ જીવેરે, માછલડાં તો જાય મરી. ૧૨
મોટી મનની મોહનીરે, બીજી પ્રીતથી ન મળે;
જડ પણ જુઓ લોઢુંરે, ચમકને દેખી ચળે. ૧૩
છીપ રહે સાગરમાંરે, ઇચ્છા સ્વાતિ બુંદતણી;
જુઓ દૃષ્ટિ ચકોરનીરે, અચળ રહે છે ઇંદુભણી. ૧૪
લજ્યા સુધ બુધ સાથરે, પ્રેમી જનમાં ન ટકે;
મધુકર વાંસ કોરેરે, કમળ તો ભેદી ન શકે. ૧૫
મૃગ સહેજે મરે છેરે, પલાયણ અભ્યાસી;
રાગ અનુરાગ પાસેરે, બાંધ્યો ન શકે નાસી. ૧૬
દૃષ્ટિ પ્રેમનો માર્યોરે, પતંગ દીપકમાં બળે;
જાય પ્રાણ પોતાનોરે, તોયે તે સ્નેહીને મળે. ૧૭
રહે ચાત્રક તરસ્યોંરે, સદા બાર માસ લગી;
પીએ સ્વાતિનું વારિરે, અવર પરશે ન ડગી. ૧૮

વીખના વ્યસનીનેરે, સાકર પણ સુખ ના કરે;
પય પાણીથી ઉત્તમરે, તોયે મીન નાંખ્યું મરે.
જેનું મન જેશું માન્યુંરે, તેને સુખ તેથી મળે;
તે વિના તેથી સારુંરે, નાવે તેની આંખતળે.
એ વૈરાટનાં લોચનરે, ઇંદુ ભાનુ ભેદ કશે;
કંજ કરમાય ચંદ્રેરે, ખીલે રવિ મન વસ્યો.
કંઠે વળગી ના છૂટેરે, એ પ્રેમતણી ફાંસી;
કાચી માટે ત્રૂટેરે, સુણી જગની હાંસી.
છે અગમ પંથ સ્નેહનોરે, ઓધવજી તેં નથી દીઠો;
જ્ઞાન ત્યાં લગી ગોઠેરે, જોગ પણ છે મીઠો.
જોગ તો તેને જોઇએરે, જેનું મન જગમાં ભમે;
તે તો અચળ હમારુંરે, સદા રસિયામાં રમે.
જેનું મન માનેરે, જોગ તે સુખેથી ગ્રહો;
અમો તો એહ માગુંરે, પ્રીતમજીશું પ્રીત રહો.
તમારા તો હરિ સધળેરે, અમારા તો એક સ્થળે;
તમો રીઝો ચાંદરણેરે, અમો રીઝું ચંદ્ર મળે.
ઇંદુને અવલોકારે, ચકોરનું ચિત્ત ન ચળે;
તે પ્રકાશને પેખારે, તેને સંતોષ વળે.
હેવાં વચન સુણીનેરે, ઓધવજીની ભ્રાંતિ ટળી;
જોગ જંજાળ છૂટીરે, ગયું મન સ્નેહમાં ગળી.
અભિમાન તજીનેરે, ઓધવ ગોપી પાય પડ્યા;
કહ્યું દયાના પ્રીતમજીરે, નિશ્ચે એક તમને જડ્યા.

હનુમાન ગરુડ સંવાદ

લાવણી

એક સમે હનુમાન ગરુડ, બેહુ એક સ્થળ મળિયા;
કોઈ કોઇના ગાંજ્યા ન જાય, એમ એક એકપેં બળિયા. ટેક. ૧
નિકટ દ્વારીકા શ્રીકૃષ્ણ તણો, એક બાગ હતો ચારુ,
ચોકી ત્યાં ગરુડજી કરતા, પતિને પ્રિય સારુ;
હરિઇચ્છા હનુમાન ત્યાંહાં, એકદા સુધા ભરમાં,
આવી અચાનક ફળ ભક્ષી, તરુ ફેંક્યા સાગરમાં;

તજી વિવેક વાટિકા બિગાડી, ગરવ ઘણો લાવી,
જોઈ અનીતિ વિહંગમપતિએ, હસ્ત ગ્રહ્યો આવી;
જોઈ સમોવડ સુભટ વિકાર્યાં, વૃક્ષથકી પળિયા. કોઇ૦ એ૦ ૨
ગરુડ કહે અલ્યા ઉભો રહેજે, છે અનુચર કહાનો,
વિના કહે એમાં કેમ પેઠો, બાગ વીશે છાનો;
એ વાડી શ્રીકૃષ્ણતણી છે, એહની તને દુહાઇ,
નિકળ બહાર કે શિક્ષા કરી, હું કહાડીશ કર રહાઇ;
એમ સુણી કપિરાય કોપિયો, રીસ ઘણી આણી,
રહે અળગો શ્રીકૃષ્ણ હીમાયતી, વિચારી વદ વાણી;
શ્રીરામદૂત તેં હજી નથી દીઠા, શ્રવણે નથી સાંભળિયા. કોઇ૦ એ૦ ૩
શ્રીરામદૂત જાણ્યા ઢાંકયા રોહો, શું જાઓ છો ફૂલી,
અહિરાવણના પ્રતિહારનો, માર ગયા ભૂલી;
શ્રીકૃષ્ણદાસથી હાર્યાં માટે, ધ્વજપર પડયું કહેવું,
મનમાં જાણો છો પણ ફૂલ્યા, માટે પડયું રહેવું;
જાણ્યું બળ વાળીના ભયથી, વસ્યા હતા વનમાં,
કુંભકરણ ગળી ગયો હતો, વળી વિચારી લો મનમાં;
ત્રણ તાત ને માત કુંવારી, એવા કુંવર કળિયા. કોઇ૦ એ૦ ૪
અરે ગરુડ તહારા જશ કહું હું, સાંભળી રહે છાનો,
શોકયતણી દાસી તહારી મા, તું તે સુત કોહોનો;
ભાઈ બીચારો એક પાંગલો, નહિ કંઈ ઠેકાણું,
સુરજતણો સારથિ થઇને, ભટકે નીશ વહાણું;
ઓરમાઈ પણ ભાઈ પોતાનો, તેહને તું મારે,
વહાલાનો વેરી તું તેવો, સ્વામી પણ તહારે;
માતપિતા બંધનમાં પોતે, આહિરમાં ભળિયા. કોઇ૦ એ૦ ૫
ગરુડ કહે કપિ તહારે પતિએ, જશ ઝાઝો કીધો,
પરણી સ્ત્રી એકલી અબળાને, બ્હારવટો દીધો;
સહિત પ્રેમદા પુત્ર પોતાના, બ્રાહ્મણે પાળ્યા,
નગ્ર સરવ વૈકુંઠ વસાવ્યું, આપ તાત ટાળ્યા;
બ્હાલ ધરી એક વિનતા, આવી વરવાને કાજે,
તે નારીનું નાક છેદાવ્યું, તહારે રઘુરાજે;
જુઠાં ફળ સવરીનાં ખાધાં, પવિત્ર પણ ચળિયા. કોઇ૦ એ૦ ૬

મ્હારા પતિનાં લાંછન કહે, ત્હારે ઘેર શું ટોટો,
તુજ પતિ આહિરડાંનું એઠું, ખાઈ થયો મોટો;
મારી પુતના અબળા જાતિ, જેનું પય પીધું,
વચ્છ પ્રલંબ બક અજગર, માર્યો અઘટિત કૃત કીધું;
ભિક્ષુક બ્રાહ્મણને ઘેર, ભિક્ષા માંગીને જમિયો,
વણ પરણી બહુ બાળા સાથે, રંગે પણ રમિયો;
વ્યભિચારી વ્રજરાય, રઘુવર એકપત્ની પળિયા. કોઈ૦ એ૦ ૭
મુજ પતિને બહુ સ્ત્રી પણ, સહુને સુખ લીલા દાખી,
ત્હારા પતિને એક પ્રેમદા પણ, ન શક્યો રાખી;
રઘુનંદન રામાનો રસિયો, નથી તેં પણ જોયો,
મહિલા માટે હે સીતે, હે સીતે કરી રોયો;
મોટો અધરમ વણ વાંકે, વાળી વાનર તાજ્યો,
ક્ષત્રી થઈ બ્રાહ્મણની વિનતાને, પગ અડકાજ્યો;
બ્રાહ્મણકેરું દૈવત લીધું, એમાં શું રળિયા. કોઈ૦ એ૦ ૮
ત્હારા કૃષ્ણે શબનાં આભ્રણ, ઉતરાવી લીધાં,
વ્યંડળનો રથ હાંકયો, પાંડવદાસપણાં કીધાં;
શિશુપાળની ગાળો ખાધી, પરાક્રમી પૂરા,
કાળયવનના ભયથી નાઠા, જાણ્યા બહુ શૂરા;
ત્હેની આજ્ઞા હું નહીં માનું, એમ કહ્યું જ્યારે,
પ્રેર્યો દૂત હરિ પાસે, વિહંગમપતિ ત્યારે;
શ્રીકૃષ્ણ કહાવ્યું રામ આણ દેા, દેતામાં ઢળિયા. કોઈ૦ એ૦ ૯
હરીશ કહે શ્રીરામ કિહાં છે, મુજને દરશાવો,
વિહંગમ પતિ કહે દ્વારામતિમાં, મુજ સંગે આવો;
જદુનાયક રઘુનાથ થયા, રુકિમણી જાનકી જોડે,
પવન પુત્ર પરણામ કરીને, સ્તવન કરે કોડે;
એ જ કૃષ્ણ શ્રીરામ થઈ, માર્યો લંકાભૂપ,
જુગલ નામ પણ જોતાં દીસે, ઉભય એકરૂપ;
હળ્યા મળ્યા હનુમાન ગરુડ બે, સંદેહ સહુ ટળિયા. કોઈ એ૦ ૧૦
આ વાણીવિલાસ કર્યો, નથી નિંદા ઉચારી,
ઉપર અવળું ભાસે અંતર, જોતાં સ્તુતિ ભારી;

ઉપાસનાની ટેક બતાવી, નથી ગાયું અવળું,
ભક્તવત્સલનો ભેદ સમજશે, તે લ્હેશે સવળું;
એ રામ કૃષ્ણ મુજને પ્રિય, હોજો પ્રાણજીવન મ્હારા,
સદૈવ એમના નિર્મળ જશ, મુજ વદન વહો ધારા;
દાસ દયાના પ્રીતમ, શ્રી રાધાવર શામળિયા. ક્રાઈ. એ૦ ૧૧

શૃંગાર

ગરબી ૧ લી

પ્રેમની પીડા તે કોને કહિયેરે, હો મધુકર, પ્રેમની પીડા તે.–ટેક.
થાતાં ન જાણી પ્રીત જાતાં પ્રાણ જાયે, હાથનાં કીધાં તે વાગ્યાં હઇયેરે; હો.
જેને કહિયે તે તો સરવે કહે મૂરખ, પસ્તાવો પામી સહિ રહિયેરે; હો.
ધીકિયે ઢાંકયાં રાત દિવસ અંતરમાં, ભુખ નિદ્રામાં નવ લહિયેરે; હો.
દાધા ઉપેર લુણ દીધું એ દામોદરે, સોકલડી સુણિને કાળજ દહિયેરે; હો.
અબળાનો અવતાર તે પરાધીન, રંકે કલ્પિયે પણ કિહાં જઇયેરે; હો.
સ્નેહનો દઝાડ્યો ધણો મર્ણથકી માઠો, શું કહિયે વાઢયાં તે વહિયેરે; હો.
દયા પ્રભુ આવે તો પ્રસિદ્ધ સુખ થાયે, દુઃખ દીધું નંદજીને છૈયેરે; હો.

ગરબી ૨ જી

પ્રીતડીની રીત અતી અટપટી, ઓધવજી છે પ્રીતડીની રીત.–ટેક
થાવાનો ઉપાય પણ જાવાનો જડે નહીં, વજ્રરેહણે જટી તે જટી; ઓ.
પ્રીત ના કહેવાય તે તે સ્વારથ સમજવો, ચાર દિવસ પ્રગટી ને મટી; ઓ.
પીડાની ભરેલી પ્રીત તોયે કરે પંડિત, દુઃખ પામે તોય ચ્હાય ના ઘટી; ઓ.
કહ્યા સમજ્યામાં ન આવે એ વસ્તુ તો, જાણે જેને હોય વીતતી વટી; ઓ.
દયાના પ્રીતમ વિના પ્રીત તે જ પીડા, ધરમ લાજ ખોય ને મરે ખટી; ઓ.

ગરબી ૩ જી

શ્યામરંગ સમીપે ન જાવું, મારે આજથકી, શ્યામરંગ.—ટેક.
જેમાં કાળાસ તે સહુ એકસરખું, સરવમાં કપટ હશે આહવું; મારે.
કસ્તુરીની બીંદી તે કરું નહીં, કાજળ ન આંખમાં અંજાવું; મારે.
કોકીલાનો શબ્દ સુણું નહીં, કાગવાણી શકુનમાં ન લાવું; મારે.
નીલાંબર કાળી કંચુકી ના પહેરું, જમનાનાં નીરમાં ન ન્હાવું; મારે.

મરકત મણી ને મેઘ દૃષ્ટે ના જોવા, જાંબુ વંત્યાક ન ખાવું; મારે.
દયાના પ્રીતમ સાથે મુખે નીમ લીધો, પણ મન કહે જે પલક ન નિભાવું; મારે.

ગરબી ૪ થી

આવોની માહરે ઘેર માણવા, હોજી રાજ આવો માહરે ઘેર.—ટેક.
પ્રેમરસ પ્યાલો તે પીવા ને પાવા, ભોજન તુરીને પલાણવા; હો. રા. આ.
પડતી રાતે પધારજો પ્રીતમ, કોઈ નથી બેહું જાણવા; હો. રા. આ.
માહારી શેરીના છે સંતસાધુ, પરની ન વાત બેસે છાણવા; હો. રા. આ.
પ્રભાતે જાતાં કોઈ પૂછશે તો કહીશું, તેજ્યાતા વલોણું તાણવા; હો. રા. આ.
સર્વ તજે પણ સભો સંભાળે, રસિયા તે પરમાણવા; હો. રા. આ.
રાજની રૂપાળી છબે ચિત્ત મારું ચોર્યું, સમરથ નથી વખાણવા; હો. રા. આ.
ધણાદીની આશ મારા મનમાં દયા પ્રભુ, મ્હારે મ્હોલે એકવાર આણવા;
હો. રા. આ.

ગરબી ૫ મી

આંખ ભરો મા અલબેલડારે, લાડલી લાવું,
એક મુહુરત પ્હેલી મહારાજ, શીદ સંતાપ કરો છો; લાડલી લાવું. ટેક. ૧
વાંક તમારો કદી હોય તોયે, લાડલી લાવું,
નહિ તો નામ ધરું ન લલીતાજ, શીદ સંતાપ કરો છો; લાડલી લાવું. ૨
લાલ લોચન શીદને કરોછો, લાડલી લાવું,
ઉંડા નિઃસાસા મૂકશો મા નાથ, શીદ સંતાપ કરો છો; લાડલી લાવું. ૩
એક વાતડીમાં વિહ્વલ કરીને, લાડલી લાવું,
સોંપું હાથ તમારો હેને હાથ, શીદ સંતાપ કરો છો; લાડલી લાવું. ૪
લટું કરી લગાડું લત, લાલજીરે, લાડલી લાવું,
એક બુટ્ટી સુંધાડું બુદ્ધિરૂપ, શીદ સંતાપ કરો છો; લાડલી લાવું. ૫
સધળો કાવળ કહાડી કાળજતણોરે, લાડલી લાવું,
એવું કારજ કરું હું અનૂપ, શીદ સંતાપ કરો છો; લાડલી લાવું. ૬
મર્મ માલમ છે મુને માનનોરે, લાડલી લાવું,
વિના કહે સરવ વ્રજરાય, શીદ સંતાપ કરો છો; લાડલી લાવું. ૭
એમ કહીને સખી સંચરીરે, લાડલી લાવું,
લાગી દયા પ્રીતમજીને પાય, શીદ સંતાપ કરો છો; લાડલી લાવું. ૮

ગરબી ૬ ઠ્ઠી

લલિતાજી આવ્યાં પ્રેર્યાં લાલનારે, માનુની મનવ્યાં,
આવી પાગ કર્યા છે પરણામ, વિનય વિવેકશુંરે; માનુની મનવ્યાં.—ટેક. ૧

કોણ જાણે શું કહ્યું કાનમાંરે, માનુની મનવ્યાં,
જેથી રોશનું રહ્યું નહિ નામ, વિનય વિવેકશુંરે; માનુની મનવ્યાં. ૨
શ્રમ પડ્યો નહીં સ્વલ્પમાંરે, માનુની મનવ્યાં,
ક્ષણમાં ક્ષણ કર્યું છે ગુરુમાન, વિનય વિવેકશુંરે; માનુની મનવ્યાં. ૩
જગવી છે આતુરતા ઉલટીરે, માનુની મનવ્યાં,
લાગી લાલ લક્ષ ટળ્યું બીજું ભાન, વિનય વિવેકશુંરે; માનુની મનવ્યાં. ૪
પધરાવી લાવ્યાં પ્રેમે કરીરે, માનુની મનવ્યાં,
પ્રિયા બેસાડ્યાં પ્રીતમજી પાસ, વિનય વિવેકશુંરે; માનુની મનવ્યાં. ૫
આનંદ સાગર ઉછળ્યોરે, માનુની મનવ્યાં,
વાધ્યું સુખ થયું છે દુખ નાશ, વિનય વિવેકશુંરે; માનુની મનવ્યાં. ૬
હળ્યાં મળ્યાં હરખ્યાં ઘણુંરે, માનુની મનવ્યાં,
જેમ રિદ્ધ પામે મહા રંક, વિનય વિવેકશુંરે; માનુની મનવ્યાં. ૭
દાસ દયાનો પ્રીતમ પરસન થયોરે, માનુની મનવ્યાં,
પછે રતિ રસ પોઢ્યાં પરિયંક, વિનય વિવેકશુંરે; માનુની મનવ્યાં. ૮

ગરબી ૭ મી

શીખ સાસુજી દેછેરે, વહુજી રોહો ઢંગે;
આવડો શો આસંગોરે, સામળિયાની સંગે. ૧
વાટે ને ઘાટેરે, વળગો છો વાતે;
કહ્યું કોઇનું ન માન્યુંરે, દીઠું મારી જાતે. ૨
વહુવારુ માણસરે, ડાહ્યાં બહુ થાશો મા;
જળ ભરવા એકલડાંરે, આજ પછી જાશો મા. ૩
અલબેલો આ શેરીએરે, આવે વહુ તમમાટે;
તમો તેને કાજેરે, જાવો જમુના ઘાટે. ૪
ચતુરાઇયો તમારીરે, સરવે હું જાણું;
કો દહાડો નથી કહેતીરે, આજ મુખે આણું. ૫
સાસરિયામાં રહેવુંરે, ત્યારે એમ નવ કરિયે;
તમો થયાં નિરલજરે, હમો લાજી મરિયે. ૬
હું તો મુખપર કહું છુંરે, લોકો પુંઠળ કહેછે;
આડોસી પાડોસીરે, મીસે મહેણાં દેછે. ૭
વિવેક વાત કરતાંરે, વહુજી દુઃખ નવ ધરશો;
દયાના પ્રભુકેરીરે, સંગત હવે નવ કરશો. ૮

ગરબી ૮ મી

એવાં વચન સુણીનરે, વઘાં વળતાં વહુજી;
ગંગાજળ સરખારે, સાંભળો સાસુજી. ૧
જેના મનમાં જેવુંરે, તેવું સૌને દેખે;
સારાં ને નરતારે, પોતા સરખાં પેખે. ૨
કાહેાછો તેવાં હેારોરે, ત્યારે એમ સૂઝેછે;
દોષ પ્રભુમાં શેા દીઠોરે, જેને જગ પૂજેછે. ૩
હવે વાંક ન મારોરે, કહું છું કહ્યા પૂઠી;
એમાં કંઈ નથી સાચુંરે, એ ગત સર્વે જૂઠી. ૪
હું તેા ખુંધા ખમુંછુંરે, નચાવેા તેમ નાચું;
તોયે પુંઠ ના મૂકીરે, તારે જાએા છે સાચું. ૫
હવાં તેા નીત જઇશુંરે, શામળિયાની સંગે;
વૃંદાવન વાટેરે, સદા રમીશું રંગે. ૬
તમે મનમાં તેા બળજોરે, સહેવાય તેા સહી રહેજો;
ચાલે તે કરજોરે, ગમે તેવું કહેજો. ૭
તમારા કહ્યા ઉપરરે, હવે તેા એ કરવું;
દયાના પ્રભુ ભજપારે, ત્યારે કેાઇથી નથી ડરવું. ૮

ગરબી ૯ મી

હું શું જાણું જે વ્હાલે મુજમાં શું દીઠું;
વારેવારે સામું ભાળે, મુખ લાગે મીઠું. હું શું જાણું જે. ૧
હું જાઉં જળ ભરવા, સાં પુઠે પુઠે આવે;
વગર બેાલાવ્યેા વ્હાલેા બ્હેલડું ચડાવે. હું શું જાણું જે. ૨
વઢું ને તરછેાડું તેાયે રીસ ન લાવે;
કાંઈ કાંઈ મિષે મ્હારે ઘેર આવી બેાલાવે. હું શું જાણું જે. ૩
દૂરથકી દેખી વ્હાલેા મુને દેાડ્યો આવી દેાટે;
પેાતાની માળા કહાડી પેરાવે મ્હારી કેાટે. હું શું જાણું જે. ૪
મુને એકલડી દેખી ત્યાં મ્હારે પાલવે લાગે;
રંક થઈ કાંઈ કાંઈ મ્હારી પાસે માગે. હું શું જાણું જે. ૫
મુને જ્યાં જાતી જાણે, ત્યાં એ આગે આવી ઢૂંકે;
બેની દયાનેા પ્રીતમ મ્હારી કેડ નવ મૂકે. હું શું જાણું જે. ૬

ગરબી ૧૦ મી

હાવાં સખી હું નહીં બોલુંરે, કદાપી નંદકુંવરની સંગે;
મુને શશિવદની કહીછેરે, ત્યારની દાઝ લાગી છે મારે અંગે. હાવાં. ૧
ચંદ્રબિંબમાં લાંછન છે વળી, રાહુ ગળે ખટમાસેરે;
પક્ષે વધે ને પક્ષે ઘટે કળા, નિત્ય નિત્ય પૂરણ પ્રકાશે. હાવાં. ૨
તે કરતાં ચંદ્રવદની કહી તો ઠર્યાં, હું ને ચંદ્ર એક રાશેરે;
ત્યારે મુજ મુખ પાખે એવડું શું અટકયું, છે જ્યારે ચંદ્ર આકાશે. હાવાં. ૩
નહિ તો શિવને સમીપ રાખશે, ને ભાળે ચંદ્ર દેખાશેરે;
પ્રસંન થઈ પાસે રહેશે નહિ તો, કહેવાય નહીં નિજ દાસે. હાવાં. ૪
એવડો શ્રમ પણ શીદને કરે જુઓ, ચંદ્ર પોતાની પાસેરે;
વામ ચરણમાં ઈંદુ અચળ છે, શીદ રેહે અન્યની આશે. હાવાં. ૫
દયાના પ્રીતમને કહે સખી જુઓ, શશિમુખ સરખું સુખ પાસેરે;
કોટી પ્રકારે હું નહીં આવું, એવા પુરુષની અડાસે. હાવાં. ૬

ગરબી ૧૧ મી

કાળજ કોર્યું તે કોને કહિયેરે, ઓધવ છેલ છબીલડે.
ચિતડું ચોર્યું તે કોને કહિયેરે, ઓધવ છેલ છબીલડે. ટેક.
વેરી હોયે તો વઢતાંરે ફાવિયે, પણ પ્રાણથી પ્યારો એને લહિયેરે. ઓધવ. ૧
ધોકિયે ઢાંક્યાં તે કહે નવ શોભિયે, ડાહ્યાં શું વાહ્યાં ન્હાને છઈયેરે. ઓધવ. ૨
સોડનો ઘાવ માર્યો સ્નેહી સામળિયે, કિયા રાજાને રાવે જઈયેરે. ઓધવ. ૩
કળ ન પડે કાંઈ પેર ન સૂઝે, રાત્ર દિવસ ઘેલાં રહિયેરે. ઓધવ. ૪
કાંઈ વરતુમાં ક્ષણ ચિત્ત નવ ચોહોંટે, અલબેલો આવી બેઠો હઈયેરે. ઓધવ. ૫
દયાના પ્રીતમજીને એટલું જઈ કહેજો, કયાં સુધી આવાં દુઃખ સહિયેરે. ઓધવ. ૬

ગરબી ૧૨ મી

માનીતી તું છે મોહનતણી, હો વાંસલડીરે;
તુંને વાલમ કરે છે ઘણું વહાલરે, હો વાંસલડીરે;
મીઠો આવડો શો સોહોર, મોહ્યો નંદનો કિશોર, હો વાંસલડીરે;
તારું આવડું શુ જોર, ભુંડી કાલજડું મા કોરરે, હો વાંસલડીરે.
પીએ અધરામૃત પીયુતણું તું, હો વાંસલડીરે;
અમારે શોકય સરીખું તું સાલરે, હો વાંસલડીરે. મીઠો. ૧

વાજી વાજી ને વિહ્વળ કર્યાં, હેા વાંસલડી;
તું તેા પીડે અમારા પ્રાણ રે, હેા વાંસલડી;
સુણતાં પડે છે હૃદે સાંસરાં, હેા વાંસલડી;
તાહારા ટહુકારાથી મેાહબાણ રે, હેા વાંસલડી.–મીઠેા. ૨
ઝેર ધણું છે તારી ઝપટમાં, હેા વાંસલડી;
ભલાં તુંથી ભાલા તરવાર રે, હેા વાંસલડી;
એકી વારે તું હણી નાખની, હેા વાંસલડી;
એ ભુંડી થેાડે થેાડે મા માર રે, હેા વાંસલડી.–મીઠેા. ૩
પતિવ્રતાનાં પણ મુકાવ્યાં, હેા વાંસલડી;
તેં તેા છેાડાવીયાં સતીઓનાં સત્યરે, હેા વાંસલડી;
વન વન કુંજ કુંજ ફેરવ્યાં તેં, હેા વાંસલડી;
તેં તેા સહુની કરી છે એવી ગત્યરે, હેા વાંસલડી.–મીઠેા. ૪
ગરજે ગુમાન ભરી આવડી, હેા વાંસલડી;
તું તેા જોની વિચારી તાહારી જાતરે, હેા વાંસલડી;
જોતાં તું કાષ્ઠકેરેા કરકડેા, હેા વાંસલડી;
તુને આજ મળી છે ઠકરાત રે, હેા વાંસલડી.–મીઠેા. ૫
ગતવિહીણાં તેં ઘેહેલાં કર્યાં, હેા વાંસલડી;
તેં તેા લગાડયું લાલશું લગંન રે, હેા વાંસલડી;
ચેારની સંગે શીખી ચેારવા, હેા વાંસલડી;
વહાલે માખણ ચેારયું ને તેં તેા મંનરે, હેા વાંસલડી.–મીઠેા. ૬
માન ન રાખ્યું માનીતણું, હેા વાંસલડી;
તેં તેા સહુને કર્યાં પાએમાલ રે, હેા વાંસલડી;
દયાના પ્રીતમની દાસી તું ખરી, હેા વાંસલડી;
તેડે સહુને બેઠી તું તેા ઠામ રે, હેા વાંસલડી.–મીઠેા. ૭

પદ ૧ લું રાગ–સેારઠ

ચાલ વ્હેલી અલબેલી પ્યારી રાધે;
તુંને તારેા કાન બેાલાવે, તુંને ધનશ્યામ બેાલાવે;
તુંને તારેા પિયુ બેાલાવે, સરસ સમય સાધે સાધે; ચાલ વ્હેલી. ટેક.
નથી તુજ સમ કેાઈ અખિલવિશ્વવામા;
શચિ સાવિત્રી ઉમા રમારામા;

તે પણ નહિ સમોવડ અવર કોણ કામા;
ત્હારી તુલના ત્હારી તુલના, એક તુંજ, કે વ્રજભૂપ,
તું તદ્રૂપ, ગુણ સ્વરૂપ, વાસકૂપ, અખ્ય યૂપ;
સુકૃત રૂપ, એહુ અનૂપ, ગતિ અગાધે અગાધે. ચાલ વ્હેલી,
કેસરી આમિષ તજી તૃણ કેમ ખાય;
સ્વાતિસલિલ વણ ન ચાતક તરસ જાય;
વનવિશાખા અગ્રજા જ છીપ ચ્હાય;
એ દૃષ્ટાંત, એ દૃષ્ટાંત, અર્થ આણુ, ધ્યાન ગાન, મૂકી માન;
પ્રીતમ કહાન, દે રસદાન, અધરપાન, ભાગ્યવાન, ન કે આન,
તું સમાન, સુતા ભાન; તજિ ઉપાધે ઉપાધે, ચાલ વ્હેલી.
સલિલહીન મીન જીવે ન કોય,
જલાવિહીન થયું બગડે તે તોય,
તડિત મેઘ મેઘ તડિત વણ ન સોય,
કરી જો વિચાર, કરી જો વિચાર, વાર વાર, એજ સાર,
માર્યા માર, ધારધાર, સહુ શૃંગાર, મકર વાર, નંદકુમાર,
પ્રાણઆધાર, ને ઉરહાર, કર અબાધે અબાધે, ચાલ વ્હેલી.
એમ કહી પતિ રતિ અતિ સ્મૃતિ કરાવી,
સજ્યા શૃંગાર જેમ તેમ સમજાવી,
લાવી લલિતા પટરાણીને પધરાવી,
સોંપી શ્યામા, સોંપી શ્યામા, સુંદર શ્યામ, કરી પ્રણામ,
વળી વામ, કુંજધામ, પૂરણકામ, નિગમ યામ, સૌ વિશ્રામ,
તે ગુણગ્રામ, કથે આમ, દયારામ, હર્ષ વાધે વાધે; ચાલ વ્હેલી.

પદ ૨ જું-રાગ કાફી

ચતુરા ચેટક એવું જાણીરે, એણે કઈ વેળાનું કામણ કર્યું. છે ચતુરા. ટેક.
બોલીને મધુરી વાણી, મ્હારું મન લે છે તાણી,
નિરખ્યા વિના નહ રહું નંદલાલને, જેમ ચંદ્ર જોઈ ચકોર, શું ચળ્યું; છે ચ૦ ૧
મળ્યા એને એમ ન કીજે, પોતાનો કરીને લીજે,
તું તારા ધીરજથી ગુણ જાણેરે, નેણામાં આવી અંબુજ ઠર્યું; છે ચ૦ ૨
પ્રીત કરીને પ્યારા, શું રહોછો નેણાંથી ન્યારા,
વછોડ્યાં વ્હાલાં જુદાં નહિ થાયરે, જેમ સરિતાનું નીર સાગરમાં ભળ્યું; છે ચ૦ ૩

તેણે કરી આનંદ પામી, મળ્યો દયારામનો સ્વામી,
એવાં પુણ્યે પૂરણ પામી પારરે, મનડું તો જાણે વિકલસું વળ્યું; છે ચ૦ ૪

પદ ૩ જું

મુને અંગોઅંગ લાગી લાહ્ય, કાળજ કોઈ કાપેરે;
મારું વ્રેહેદુઃખ સહ્યું રે ન જાય, કાળજ કોઈ કાપેરે. ટેક.
મુને રોમરોમ વીંછી વળગિયા, લાગી નખશીખ તાલાવેલ;
પ્રાણનાથજી પ્રભાતે પધારશે, મારા હૃદયામાં મારી સીલ. કાળજ. ૧
પીયુજી પહેલાં તું તો ક્યમ નથી જાતો, રે મારો પાપી પ્રાણ;
મોહનવર તો મધુપુરી વસશે, પછી તારું જીવન કોણ. કાળજ. ૨
અરે દૈવ મુને શીદ સરજી, શીદ આપ્યો અબળાનો દેહ;
શેં ન કરી મુને મુરખ થાત નહીં, નંદકુંવરશું સ્નેહ. કાળજ. ૩
ક્યાંહાં જઇયે સખી કોણને કહિયે, ને કરિયે તે કવણ ઉપાય;
પાયે પડું કોઈ એવું કરેરે, વ્હાલાજીનો વિજોગ ન થાય. કાળજ. ૪
અરે વૃદ્ધ ગોપ કોઈ કેમ નથી વારતા, મૂઢ સરવકો અજ્ઞાણ;
અરે વિધાતા તું વિધન પાડ એવું, પિયુજી ના કરેરે પ્રયાણ. કાળજ. ૫
ચાલો સખી મરજાદારે મૂકી, રોકીએ રસિયો રાય;
તેથી ન માને તો પડો ચક્ર વચ્ચે, મારીને જાય તો જાય. કાળજ. ૬
આપ્ત અક્રૂરને આવતાં, આડો શેં ન ઉતર્યો સાપ;
જભે કર્યાં જુવતી જન સર્વને, એ કયાં ભોગવશે પાપ. કાળજ. ૭
પ્રેમ પીડાતી ને મન અભિલાખી, ને વ્રજલલના વ્રજભૂપ;
પરિરંભણ કરતાં સહુ પ્યારીને, હૃદે રોપ્યું નીજ રૂપ. કાળજ. ૮
હરિ રથ ધ્વજ રજ પણ રહી ઉડતી, ધરણી ઢળી સ્ત્રી જંન;
દયા પ્રીતમ શ્રીગોવરધનધર, દીધું સકળ હૃદે દરશંન. કાળજ. ૯

પદ ૪ થું–રાગ સાખી

લોચન મનનોરે, કે ઝગડો લોચન મનનો;
રસિયા તે જનનોરે, કે ઝગડો લોચન મનનો.–ટેક.
પ્રીત પ્રથમ કોણે કરી, નંદકુંવરની સાથ;
મન કહે લોચન તેં કરી, લોચન કહે તારે હાથ. ઝગડો લોચન. ૧
નટવર નિરખ્યા નેણ તેં, સુખ આવ્યું તુજ ભાગ;
પછી બંધાવ્યું મુજને, લગન લગાડી આગ. ઝગડો લોચન. ૨

સુણ ચક્ષુ હું પાંગળું, તું મારું વાહંન;
નિગમ અગમ કહ્યું સાંભળ્યું, દીઠા વના ગયું મંન. ઝગડો લોચન. ૩
ભલું કરાવ્યું મેં તને, સુંદરવર સંજોગ;
મને તજી તું નિત મળે, હું રહું દુઃખવિજોગ. ઝગડો લોચન. ૪
વનમાં વ્હાલાજી કને, હુંય વસું છું નેણ;
પણ તુંને નવ મેળવે, હું નવ ભોગવું ચેન. ઝગડો લોચન. ૫
ચહેન નથી મન કયમ તને, ભેટે શ્યામ શરીર;
દુઃખ મારે જાણે જગત, રાત્રદિવસ વહે નીર. ઝગડો લોચન. ૬
મન કહે ધીકું હૃદે, ધ્રૂમ્ર પ્રગટ ત્યાં હોય;
તે તુજને લાગેરે નેણ, તે થકી તું રોય. ઝગડો લોચન. ૭
એ બોહુ આવ્યાં બુદ્ધિકને, તેણે ચુકાવ્યો ન્યાય;
મનલોચનનો પ્રાણ તું, લોચન તું મનકાય. ઝગડો લોચન. ૮
સુખથી સુખ દુઃખ દુઃખથી, મનલોચન એરીત;
દયા પ્રીતમ શ્રીકૃષ્ણશું, બોહુવડે થઈ પ્રીત. ઝગડો લોચન. ૯

નીતિ ભક્તિ

હરિનામમાળા

સવૈયા એકત્રીસા

ગુરુ ગોવિંદ કૃપાનિધિ કેશવ, કમળાનાથ કૃપાળ;
કમળનયન કરુણાસાગર, શ્રીકૃષ્ણ હરે ગોપાળ. ૧
ગોપીજનવલ્લભ ગિરિધારી, ગોપીનાથ ગોવિંદ;
ગોકુલેશ, ગરુડધ્વજ, ગોવરધનધારી વ્રજચંદ. ૨
ગોકુળચંદ્ર ગદાધર, ગોમતીપ્રિય રમેશ;
નારાયણ નરસિંહ નિરંજન, નિરાકાર નરેશ. ૩
નરકાંતક નરવીર નરોત્તમ, નંદલાલ નરરૂપ;
જગન્નાથ જળશાયી જનાર્દન, જ્યોતિરૂપ જગભૂપ. ૪
જગદાધાર જશોદાનંદન, જગજીવન જગનેશ;
શ્રી જમુનાવલ્લભ જગવંદન, જુગદીશ્વર જમુનેશ. ૫
ચક્રપાણી, ચતુર્ભુજ અચ્યુત, ચિદાનંદ શુભકંદ;
ચતુર્બાહુ ચાણુરતનમર્દન, શ્રીધર પરમાનંદ. ૬

દયાસિંધુ દામોદર દીનપતિ, દીનાનાથ દયાળ;
દીનબંધુ પ્રભુ દેવકી નંદન, નરપતિ સુરપતિપાળ, ૭
શ્રીપાત પદ્માપતિ રાધાપતિ, કમળાપતિ ભવેશ;
દધિજ્ઞપતિ રુક્મિણીપતિ સાગર, સુતાપતિ હૃષીકેશ. ૮
પદ્મનાભ પુરુષોત્તમ પરિઘ્રહ, પરમપુરુષ પરમેશ;
પુષ્કરાક્ષ પરમાક્ષ પરમ પ્રભુ, મધુસૂદન મથુરેશ. ૯
ધરણીધર અવનીધર ભૂધર, વસુમતિધર મહિધારિ;
કૌસ્તુભધર પીતાંબરધર, બંસીધર કુંજવિહારિ. ૧૦
માધવ મુરમર્દન મધુમર્દન, મતિવિક્રમ સુખધામ;
મુકુંદ મેઘવર્ણ મહાબાહુ, જદુપતિ સુંદરશ્યામ. ૧૧
રામચંદ્ર પ્રભુ દશરથનંદન, દયાસિંધુ ભગવંત;
માં પાહિ માં પાહિ પાહિ માં, પૂર્ણાનંદ અનંત. ૧૨
અષ્ટોત્તરશત નામ કૃષ્ણનાં, ગણિ ગણિ જે જન ગાય;
રોગદોષ દુઃખ કલેશ જશે, વળી પળમાં પાપ જ જાય. ૧૩
મનવાંછિત ફળ તેને મળશે, દયો કહે ધ્રુવ વાણી;
કોટિક કારજ તજિને ભજિયે, દૃઢ કરી સારંગપાણિ. ૧૪

ગરબી ૧ લી

શરણ પડ્યોછુંરે શ્રીહરિ, નથી મહારે અવર આશ વિશ્વાસ;
શ્રીવલ્લભવરનારે લાડીલા, અનન્ય આપતણો હું દાસ. શરણ. ૧
નહીં કોઈ દેવી રે દેવતા, નહીં કોઈ આપતણા અવતાર;
ઘરનો ગુલામરે રાવલો, મનક્રમવચને નંદકુમાર. શરણ. ૨
મહારે નથી બળ સાધનરે ધરમનું, નથી બળ ભક્તિ જ્ઞાન વિવેક;
સેવા સમરણરે ના મળે, નથી સતસંગ કર્યો ક્ષણું એક. શરણ. ૩
પણ બાનું તમારુંરે જોઇને, મુજને જગત કહે હરિભક્ત;
હું છઉં જુઠોરે જીવણજી, નથી મહારું મન તમથી આસક્ત. શરણ. ૪
તે અંતે ઉઘડીરે વાગશે, પાસું દેશો જો મહારાજ;
બળવંત બાનુંરે લાજશે, હું નિરલજને શાની લાજ. શરણ. ૫
પણ એક ભરોંસોરે એ જ છે, અંતરજામી છો તમે સાક્ષ;
બરદ વિચારીરે કૃપાનિધે, સહજે કરશો કૃપા કટાક્ષ. શરણ. ૬
મોઘમ રાખેરે મોટમ ધણી, ઉઘાડું પાડે ઓછ જણાય;
સાચો સંગ્રહ રે સહુ કરે, જુઠું ન ભવે જગ જશ ન થાય. શરણ. ૭

જેહવો તેહવો છું હું રાજનો, દીન લહી કરિયે કરુણાનંદ;
દાસ દયાનીરે વિનતિ, કૃષ્ણ કૃપાનિધિ ધરજો કાન. શરણ. ૮

ગરબી ૨ જી

દરશન દોનીરે દાસને, માહારા ગુણનિધિ ગિરિધરલાલ;
નાથ નિવારોરે ત્રાસને, આપો આપ ઉપર અતિ વહાલ. દરશન. ૧
શ્રીનટવરનંદનરે નંદના, ભાવે મુને મદનમનોહર રૂપ;
ચિત્ત ના ચોહોંટેરે માહેરું, મુને અનુભવ વ્યાપક બ્રહ્મ અનૂપ. દરશન. ૨
જપું નહીં અજપારે જાપને, ગમે ના સુણવો અનહદ નાદ;
યજ્ઞ સમાધિરે ના ગમે, ન ગમે સ્વરગ મુક્તિના સ્વાદ. દરશન. ૩
અન્ય ઉપાસનરે ના ગમે, વિના એક પૂરણ પુરુષોત્તમ;
ફીકાં લાગેરે સાધન સહુ, પડી મુને પ્રેમભક્તિમાં ગમ. દરશન. ૪
મુને શ્રી વલ્લભસુતરે ગુરુ ગમ્યા, સહુ વિધિ શ્રીકૃષ્ણજી સમાન;
જીવનાં સાધનરે ના જુવે, નિજબળે કરે નિજાનંદદાન. દરશન. ૫
સરવ તપાસ્યુંરે ફરી ફરી, કિંચિત્ કયહું ના દીઠું સાર;
સુખ એક દીઠુંરે સરવથી, સેવા સમરણ નંદકુમાર. દરશન. ૬
શ્રી મહાપ્રભુનારે કહાણથી, મુજપર રીઝો રાધાનાથ;
સમૂળ અવિદ્યારે તો ટળે, હરિજી ઝાલો મુજ હાથ. દરશન. ૭
શ્રી વૃંદાવનનીરે કુંજમાં, જંડાં કર્યો જુગલકિશોર વિલાસ;
દાસ દયાનીરે વિનતિ, મુને દાસી કરી રાખો નિજપાસ. દરશન. ૮

ગરબી ૩ જી

જીવ જાણી લે, જારપ્રીત જુગદીશ વિના નવ સારી;
મન માની લે, પૂછી જો અનુભવી હોય જે નરનારી. જીવ–ટેક. ૧
એમાં ડાહ્યાં, ઘેલાં થઈ જાયે, વણ તેડ્યા તે પુંઠળ ધાયે;
ના ગણે જગમાં હાંસી થાયે, ; જીવ જાણી લે૦ ૨
તેની લજ્જા સ્વધર્મ સહુ જાયે, તે નફટ નિર્લજ કહેવાયે;
શું કરે મનમાં બહુ દુઃખ થાયે. જીવ જાણી લે૦ ૩
જે પાંચ લોકમાં પંકાયે, જેનું બુદ્ધિબળ કલ્પ્યું નવ જાયે;
તે પણ સ્નેહીને વશ થાયે. જીવ જાણી લે૦ ૪
તેનું વિકળ ચિત્ત સહુથી થાયે, તેને વિચારમાં વહાણાં વાયે;
તે કલેશ કોઇને ના કહેવાયે. જીવ જાણી લે૦ ૫

થઈ જાય તેજ યશની હાનિ, તેની નિંદા કરે સહુ મનમાની;
તોયે ના છૂટે પામે ગ્લાનિ. જીવ જાણી લે૦ ૬
તહેને ભોજન નાભાવે ભાણે, તેહેની મન પીડા કોઈ નાજાણે;
તેહેના સર્વ કોઈ અવગુણ આણે. જીવ જાણી લે૦ ૭
કોઈ શિક્ષા દે તે શર લાગે, વિખવેણ અમૃત સ્નેહનાં લાગે;
જાણે જેને અનુભવ જાગે. જીવ જાણી લે૦ ૮
એવો પ્રેમ જેને પ્રભુશું લાગે, તહાં સરવ દુઃખ સહેજે ભાગે;
દયો કરગરી કૃષ્ણ પાસે માગે. જીવ જાણી લે૦ ૯

ગરબી ૪ થી

મોટાનું વચન સુખધામ, કૃતિ રીતે કરીયે;
તે કરે ચાહાય તે કામ, આપણ તો મરીયે. મોટા.–ટેક. ૧
પરનારી ક્રીડા કરી કૃષ્ણે, તે તો આપણે થાયરે;
ઉર્ધ્વરેત અગની પીવો, ગોવરધન કેમ . ધરાય. કૃતિ રીતે. ૨
શિવ અર્ધાંગે ઉમિયા રાખે, પણ આપણને બીહીવુંરે;
ત્યમ કરીયે જો કામ બાળિયે, બણે હળાહળ પીવું. કૃતિ રીતે. ૩
રુધિર માંસને ભોગે ભવાની, આપણે હઠીયે ત્યાંથીરે;
સિંહ ચઢી દાનવ દળવા એ, કાઢિયે તે બળ કયાંહાંથી. કૃતિ રીતે. ૪
ખરું ખોટું પણ પુત્રીલાંછન, બ્રહ્માને કહેવાયેરે;
તે જોઈ ત્યમ કરીયે પણ, આ સૃષ્ટિ કેમ રચાય. કૃતિ રીતે. ૫
ચંદ્ર ઇન્દ્ર ગુરુપત્ની રમીયા, ત્યમ કરવું તો સુલભરે;
અંડપ્રકાશ અમીવૃષ્ટિ, નગપાંખો છેદન દુર્લભ. કૃતિ રીતે. ૬
અગ્નિ ભક્ષણ સર્વ કરે પણ, કોઈ કહે નહીં મેલોરે;
તે જોઇને તું તેમ કરીશ તો, સર્વે કહેશે ઘેલો. કૃતિ રીતે. ૭
કલેશ પ્રિય નારદને છે જોઈ, રખે તું ઘેલાં કહાડેરે;
તેહેનો સંગ ભવભયભંજન ને, તહારો સંગ ભવ પાડે. કૃતિ રીતે. ૮
અસુરપ્રતિગ્રહ સુરાપાન, શુક્રાચાર્ય નવ જોશોરે;
દિવ્યદ્યુતી મૃતસંજીવન–વિદ્યાવેળા પછી રોશો. કૃતિ રીતે. ૯
ગંગામધ્યે મુનિ પારાશર, ઢીમર કન્યા ભોગીરે;
વ્યાસ પ્રગટ મછગંધા, મૃગમદગંધા કરી એ યોગી. કૃતિ રીતે. ૧૦
કુંતા કૃષ્ણા પંચપતિ પણ, સતી શિરોમણી કહાવેરે;
તેહેનું જોઈ સ્ત્રી અન્ય કરે તો, નિશ્ચે નર્કમાં આવે. કૃતિ રીતે. ૧૧

શંકરસ્વામીનું જોઇને શિષ્યે, શ્વપચના ટુકડા ખાધારે;
સીસું નવ પીવાયું સંગે, થયા બહિર્મુખ બાધા. કૃતિ રીતે. ૧૨
પુત્રતણી બે પુત્રી કશ્યપ, થઇને પિતામહ વરીયારે;
તેનો દોષ આપણે ના જોવો, તે ઘર હરિ અવતરીયા. કૃતિ રીતે. ૧૩
જવની રાખી જગન્નાથ પંડિત, તો સહજ બની આવેરે;
ભાવન સીઢી ગંગા ચઢાવી, તે વેવલાં વિણાવે. કૃતિ રીતે. ૧૪
મેહેતે અનામિકને ઘેર ઓચ્છવ, કીધો તે નવ જોઇયેરે;
હરિએ હાર મહેતાને આપ્યો, તે વેળા પત બોઇયે. કૃતિ રીતે. ૧૫
માટે પ્રમાણ વાટે ચાલવું, ભજવા ગિરીવરધારીરે;
મ્હોટાની ગતિ મ્હોટા જાણે, દયા દીનતા સારી. કૃતિ રીતે. ૧૬

ગરબી ૫ મી

જે કોઈ જન કલ્યાણ ચાહો તે, સ્ત્રીની સંગત તજજોરે;
દુઃખ દરીઓ એ પાપ પુતળી, શાણા સમજી ભજજોરે. જે૦ ૧
જડ જુઠ્ઠી નીરદે લોભીને, ગંદી છળ રચનારીરે;
સાહસ કરતી નીચ હઠીલી, સદાકાળ સહુ નારીરે. જે૦ ૨
સ્વારથ થાતો હોય તદા સ્ત્રી, પતિ પુત્રાદિક મારેરે;
ના કરવાનું કરે વિફરતાં, વિધિ નિશદિન ન વિચારેરે. જે૦ ૩
પચ્યા પછી પાછા ફરાએ નહીં, જર જશ તપની હાનીરે;
હરિની વાત હૈદેમાં ન આવે, અનુભવી લેજો માનીરે. જે૦ ૪
પળ ન મળે પરવાર જ્યાંહાં લગી, ગમતો પુરુષ નવ લાધેરે;
નારદને હરિ કહ્યું પતિવ્રત, તાંહાં લગી સ્ત્રી સાધેરે. જે૦ ૫
અફીમ ને અબળા બે સરખાં, ગળે પડ્યાં નવ છૂટેરે;
તન ધન સુધર્મ સહુ વણસાડે, નરક પડે તન ફૂટેરે. જે૦ ૬
પ્રેમદા પુષ્પ સરીખાં સમજો, નીરખે મન મોવાએરે;
ચોળ્યા પાછળ તેવાં ન રહે, ચિત્ત પસ્તાવો થાએરે. જે૦ ૭
શણગારી તરવાર ઉપર સારી, અંતર રહે હત્યારીરે;
તેમ સુંદર સ્ત્રી મોહનવરની, કાળજામાંહી કટારીરે. જે૦ ૮
કામે દામે ચિત્ત ન ચોંટે, સંત સમાગમ જોનેરે;
દયો કહે સાધુ તે સાચો, જાણો શ્રીહરિ ન તજે તેહનેરે. જે૦ ૯

પદ ૧ લું-રાગ હોળી સાથે કટાવ

૨ટ શ્રી રાધા રાધાવર ગિરિધારી,
શું પૂરણ પ્રેમ ધરી, પ્રમાદ દૂર કરી, આ સમય ક્યાંથી ફરી.
એવું મન ધારી ધારી, ૨ટ શ્રી રાધા રાધાવર. ટેક.
પાપ ચતુરાવિધી પલકમાં પળાશે; ત્રિવિધ તાપ તુર્ત ભસ્મીભૂત થાશે;
અભય પરમાનંદ સિંધુ ઉર ભરાશે;
તે વિના જ્ઞાન ધ્યાન ધર્મ, દાનકર્મ, તપ ન ધર્મ, તીર્થશર્મ.
સ્થિતિ હર્મ, અભિદવર્મ, વસ્તુચર્મ મયીનર્મ પ્રાપ્તિપર્મ,
શ્રુતિ પુકારી પુકારી, ૨ટ શ્રી રાધા રાધાવર.
અવિદ્યા ટળે કૃતાંત કંપ ખાએ, ભુંડા ભાળ અંક અટળ પણ ભુંસાયે;
વૃંદ વૃંદારકમાં તું પ્રશંસાયે;
માટે ચેત સ્વલ્પ કાળ, ગા ગોપાળ, નંદબાળ, દીનદયાળ, પ્રણુતપાળ,
કંસકાળ, મહાકૃપાળ, રૂપરસાળ, શ્રીવનમાળ, હર્ષભાળ,
કષ્ટ હારી હારી, ૨ટ શ્રી રાધા રાધાવર.
શેષ એ જ નામ રટે પળ ન ભૂલે; ઉમાશંકર મન મનન કરી ફૂલે;
નારદાદિક આનંદડોળ ઝુલે;
વળિ ચતુર સનત્કુમાર, નિગમચાર, સૃષ્ટિકાર, ગિરાદાર,
શુક શું પ્યાર, ધી શૃંગાર, ધનાગાર, ભાગ્યંભાર, વિદ્યાધાર, સુર સરદાર,
શ્રી મુખકારી કારી, ૨ટ શ્રીરાધા રાધાવર.
વણ પ્રયાસ મન પ્રમોહ પણ ત્યાગે; ધર્મ અર્થ કામ મોક્ષ રુક્ષ લાગે;
એવી પ્રેમ ભક્તિ સહજ હૃદય જાગે;
તદુપરાંત, નિત્યરાસ, જુગવિલાસ, શ્રી અવિનાશ, આનંદરાસ,
કેલિહાસ, જ્યાંહાં પ્રકાસ, ત્યાંહાં નિવાસ, અનાયાસ, નિપટપાસ,
દયેાદાસ, કરે વિહારી વિહારી, ૨ટ શ્રી રાધા રાધાવર.

પદ ૨ જું

ચિત્ત તું શિદને ચિંતા ધરે, કૃષ્ણને કરવું હોય તે કરે.-ટેક. ૧
સ્થાવર જંગમ જડ ચૈતનમાં, માયાનું બળ ઠરે;
સમરણકર શ્રીકૃષ્ણચંદ્રનું, જન્મમરણ જાય પરે. કૃષ્ણને૦ ૨
નવ માસ પ્રાણી કૃષ્ણચંદ્રનું, ધ્યાન ગર્ભમાં ધરે;
માયાનું આવરણ કર્યું ત્યારે, લક્ષ ચોરાસી ફરે. કૃષ્ણને૦ ૩

તું અંતર ઉદ્વેગ ધરે, તેથી કારજ શું સરે;
ધણીના ધાર્યો મનસૂબો, હર બ્રહ્માથી નવ ફરે. કૃષ્ણને૦ ૪
દોરી સરવની એના હાથમાં, ભરાવ્યું ડગલું ભરે;
જેવો જંત્ર વગાડે જંત્રી, સુર તેવો નિસરે. કૃષ્ણને૦ ૫
થનાર વસ્તુ થયા કરે જમ, શ્રીફળ પાણી ભરે;
જનાર વસ્તુ એણીપેરે જાશે, જમ ગજ કોઠું ગરે. કૃષ્ણને૦ ૬
જેવું જેટલું જે જમ કાળે, તે તેને કર કરે;
એહેમાં ફેર પડે નહીં કોઇથી, શીદ કુટાઈ તું મરે. કૃષ્ણને૦ ૭
તહારું ધાર્યું થતું હોય તો, સુખ સંચે દુઃખ હરે;
આપપણું અજ્ઞાનકૂળ એ, મૂળ વિચારે ખરે. કૃષ્ણને૦ ૮
થાવાનું અણચિંતવ્યું થાશે, ઉપનિષદ્ એચરે;
રાખ ભરોંસો રાધાવરનો, દયા શીદને ડરે. કૃષ્ણને૦ ૯

પદ ૩ જું–રાગ લાવણીના અષ્ટક–બારપદી–૫ મું

સાંભળ શિક્ષા તું મન મારી, સાચી કહું એક વાત;
મનુષ્યા દેહ દુર્લભ ભજ હરિને, જ્યાં લગી તન કુશલાત;
સમો ગયે પસ્તાઇશ પાર કયાં, ચોર્યાસી અથડાતાં;
તે કરતાં શું દુઃખ ઘણું છે, ઘરમાં ગોવિંદ ગાતાં. ૧
ખર અવતાર થશે હરિ ભૂલ્યે, પીઠ લાદશે તારી;
ભૂખ્યો તરસ્યો કોઈ નહીં પૂછે, શીત વૃષાતપ ભારી;
પાછળ માર ધડાધડ પડશે, કાંઇએક મંદ ચલાતાં;
તે કરતાં શું દુઃખ ઘણું છે, ઘરમાં ગોવિંદ ગાતાં. ૨
શ્વાન થઇશ ભગવાનને ભૂલ્યે, હંકાઇશ ઘેર ઘેર;
મળ મૂત્રાદિક ખાનપાન બહુ, કષ્ટ સહીશ શી પેર;
કહ્યું નહીં આ જન્મ જશે એમ, લાત લાકડી ખાતાં;
તે કરતાં શું દુઃખ ઘણું છે, ઘરમાં ગોવિંદ ગાતાં. ૩
ઘણું ગંદુ તન વિટવરાહનું, હરિ ન ભજે તો થાશે;
મુત્ર પુરીષની હાર વાસ ત્યાં, તને અડી સહુ નાશે;
નાશે દિને જ્ઞાની ભુંડા, જ્યાં ત્યાં ફરે મરાતાં;
તે કરતાં શું દુઃખ ઘણું છે, ઘરમાં ગોવિંદ ગાતાં. ૪

કૃષ્ણકીર્તનમાં આળસ આણે, અજ કુર્કટ પડે થાવું;
વણ વાંકે પાળે ને વેચે, કસાઈ કરમાં જાવું;
અકાળ મૃત્યુ શસ્ત્રમાર પીડા, અતિશય કંઠ કપાતાં;
તે કરતાં શું દુઃખ ઘણું છે, ઘરમાં ગોવિંદ ગાતાં. ૫
હરિ ન ભજે ઇત્યાદિક અધમ તેનો, ગણતાં ન આવે પાર;
નરક કુંડની અખંડ આંચનો, કેમ કરું ઉચ્ચાર;
કેશવ વણ કોઈ શકે ન છોડવી, જમ કિંકર લઈ જાતાં;
તે કરતાં શું દુઃખ ઘણું છે, ઘરમાં ગોવિંદ ગાતાં. ૬
દયા પ્રીતમ વિસરે વળ્યું ઉંધુ, ચેત હજુ ચેતાય;
વિષય સુખ સહુ યોનીમાં, ત્યાં કૃષ્ણ ભજન નહિ થાય;
આ અવસરમાં લે સ્મરી, પછી પાર નથી પસ્તાતાં;
તે કરતાં શું દુઃખ ઘણું છે, ઘરમાં ગોવિંદ ગાતાં. ૭

પદ ૪ થું

જે કોઈ પ્રેમઅંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે.—ટેક. ૧
સિહણકેરું દૂધ હોય તે, સિહણ સુતને જરે;
કનકપાત્ર પાખે સહુ ધાતુ, ફોડીને નીસરે. પ્રેમરસ. ૨
સકરખોરનું સાકર જીવન, ખરના પ્રાણ જ હરે;
ક્ષાર સિંધુનું માછલડું જમ, મીઠા જળમાં મરે. પ્રેમરસ. ૩
સોમવેલી રસપાન શુદ્ધ જે, બ્રાહ્મણ હોય તે કરે;
વગળવંશીને વમન કરાવે, વેદવાણી ઉચરે. પ્રેમરસ. ૪
ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થ ના સરે;
મત્સ્યભોગી બગલો મુક્તાફળ, દેખી ચંચુ ના ભરે. પ્રેમરસ. ૫
એમ કોટિ સાધને પ્રેમવિના, પુરુષોત્તમ પુંઠ ન ફરે;
દયાપ્રીતમ શ્રીગોવરધનધર, પ્રેમભક્તિયે વરે. પ્રેમરસ. ૬

પદ ૫ મું

સાધુ શ્રમ ના કરશોરે, કોટી પ્રયત્ને ગરધવ થાશે નહીં ગાય;
કઠણ બોલી કાળજ બાળે, હરિભજન ભૂલાય.—ટેક. ૧
કામળા કેરી કાળપ સો મણ, સાબુથી ના જાય;
શ્વાનની પુંછડી થાય ના સીધી, કરે અનેક ઉપાય. સાધુ શ્રમ. ૨
કુલક્ષણથી શીથળ પડ્યો, પુરુષે પુરુષ થાય;
પણ વ્યંડલ પુરુષ હોય ન કદા, જો સોમણ પારો ખાય. સાધુ શ્રમ. ૩

કસ્તુરી ક્યારે વાવો તોહે, લસણ તો ગંધાય;
ફળે નહિ ફૂલે ન નેતર, સુધા જો સીંચાય. સાધુ શ્રમ. ૪
આઠે પ્રહર ઉકાળીયે તોહે, ગાંગડુ ના બફાય;
વાંસ એરંડો થાય ન ચંદન, મળીયાચળને વાય. સાધુ શ્રમ. ૫
જેહને કાજે જે સરજ્યાં છે, તે તેહેમાં લોભાય;
હરિના ભકતો હરિ વિના, બીજે નહીં બંધાય. સાધુ શ્રમ. ૬
પરાપુરવથી પ્રભુના છે તે તો, પ્રભુતણા ગુણ ગાય;
દયા દુષ્ટને ડાબા મૂકી, ભજે શ્રીવ્રજરાય. સાધુ શ્રમ. ૭

પદ ૬ ઠું રાગ કાફી

સાચું તે સગપણરે, સમજ મન શ્યામતણું;
બાકી સહુ જૂઠું રે, કશું નથી કામતણું.—ટેક. ૧
માત તાત ત્રિયા સુત ભ્રાત ને ભગિની, સગાં સહોદર સોય;
કુળકુટુંબ સખા ગોત્ર ને જ્ઞાતિ, એહમાં તારું છે નહીં કોય;
સગું એ તો સરવે રે, સુખ ને દામતણું. સાચું તે. ૨
જનુની જનક એવાં કર્યાં કેટલાં, તેં જેટલી ધરી દેહ;
લ્હેણાદેણીનો સંબંધ તુટ્યો, ત્યારે મૂકી ગયાં તેહ;
કોઈએ ના બતાવ્યુંરે, ઠેકાણું વિશ્રામતણું. સાચું. તે. ૩
જોની આ હરિવણ હેત ધરીને, કોણ આપે મનુષ અવતાર;
પશુપક્ષી કેડીને આપ્યો, તને ભજનતણો અધિકાર;
ભજે તેને આપે રે, પદ નિજ ધામતણું. સાચું તે. ૪
અણુ આસક્તિ કયહું મા રાખીશ, માયા મનથી છોડ;
નિશ્ચિંત થઈ સહુ શોક તજીને, પ્રીત પ્રભુજીશું જોડ;
દયા દિનરજની રે, રટણ કર રામતણું. સાચું તે. ૫

પદ ૭ મું

મનજી મુસાફરરે, ચાલો નિજ દેશભણી;
મુલક ઘણા જોયા રે, મુસાફરી થઈ છે ઘણી.—ટેક. ૧
સ્વપુર જવાનો પંથ આવ્યો છે, રખે ભૂલતા ભાઈ;
ફરીને આ મારગ મળશે નહીં, એહવી છે અવળાઈ;
સમજીને ચાલો સીધારે, ના જાશો ડાબા કે જમણી. મનજી. ૨

વચ્ચે ફાંશીઆ વાટ પાડવાને, બેઠા છે બે ચાર;
માટે વળાવા રાખેા બેત્રણેક, ત્યારે તેનેા નહીં ભાર;
મળ્યેા છે એક ભેદુરે, કહેલી ગતિ સહુ તે તણી. મનજી. ૩
માલ હેારા તેા વેાહરેા શેઠના નામનેા, થાય ના ક્યહું અટકાવ;
આપણેા કહેતાં જોખમ આવે, ફાવે દાણીના દાવ;
એટલા સારુરે, ના થાવું વેાહરતના ધણી. મનજી. ૪
જો જો જુગતથકી જાવું છે, કરજો સંભાળીને કામ;
દાસ દયાને એમ ગમે છે, હવાં જઇએ પેાતાને ગામ;
સુઝે છે હાવાં હેવું રે, અવધ થઈ છે આપણી. મનજી. ૫

મીરાંબાઈ

ગુજરાતી ભાષામાં સ્ત્રી કવિમાં પહેલી મીરાંબાઈ પટરાણી શોહે છે. એની કવિતામાં ભક્તિ ભાવનો પ્રેમરસ ઝળહળે છે

સતભામાનું રુશણું

જાણ્યું જાણ્યું હેત તમારું જાદવારે લોલ, હેત જ હોય તો હૈડામાં વરતાયજ્યો;
અમે તમારી આંખડિયે અળખામણાંરે લોલ, વાલ હોય તો નયણામાં
ઝળકાયજ્યો; જાણ્યું જાણ્યું. ૧

પારિજાતકનું ફુલરે નારદ લાવિયારે લોલ, જે સોંપ્યું રાણી રુક્મિણીને દરબારજ્યો;
એક પાંખડલી મારે મંદિર ન મોકલીરે લોલ, કાધો મુજથી એ અદકેરી
નારજ્યો; જાણ્યું જાણ્યું. ૨

અચરત પામ્યાં ને આનંદ ઉતર્યોરે લોલ, જાઓ જાઓ નહિ બોલું સુંદરશ્યામજ્યો;
રુક્મિણીને મંદિર જૈને રંગે રમોરે લોલ, હવે તમારે અમસાથે શું કામજ્યો;
જાણ્યું જાણ્યું. ૩

અળગા રહો અલબેલા મને અડશો નહીરે લોલ, તમસાથે નહિ બોલું નંદકુમારજ્યો;
મોલે તો પધારો માનીતી તણેરે લોલ, આજ પછી નવ આવશો મારે દ્વારજ્યો;
જાણ્યું જાણ્યું. ૪

નારદે કહ્યું સતભામા સાંભળોરે લોલ, એ નિર્લજને નથી તમારું કામજ્યો;
કાલા ને વાલા કરતો તે આવશેરે લોલ, મોટા કુળની મૂકશો મા તમે મામજ્યો;
જાણ્યું જાણ્યું. ૫

ઉતાર્યાં આભ્રણરે સર્વે અંગથકીરે લોલ, લો શામળિયા તમારો શણગારજ્યો;
મારા રે મૈયરની ઓઢું ઓઢણીરે લોલ, બીજું આપો માનીતીને દરબારજ્યો;
જાણ્યું જાણ્યું. ૬

ચરણાં ચીર ઉતારી ચોળી ચુંદડીરે લોલ, ઉરથકી ઉતાર્યો નવસર હારજ્યો;
કાંબી ને કડલારે ત્રોટી દામણીરે લોલ, સર્વ સંભાળી લેજો નંદકુમારજ્યો;
જાણ્યું જાણ્યું. ૭

આગળથી નવ જાણ્યું મેં તો એવડુંરે લોલ, ધરથિ ન જાણ્યો ધુતારાનો ઢંગજો;
બાળપણાંની પ્રીત અમારી પાલટીરે લોલ, એ નિર્લજને શાનો દીજે રંગજો;
જાણ્યું જાણ્યું. ૮

ધીરજની વાતો ધરથી જાણી નહીરે લોલ, પ્રીત કરીને પરવશ કીધા પ્રાણજો;
કાળજડાં ફોરીને ભીંતર ભેદિયારે લોલ, મીટડલીમાં માર્યાં મોહનાં બાણજો;
જાણ્યું જાણ્યું. ૯

પ્રીત કરી પરહરવું નોતું પાધરુંરે લોલ, થોડાં દિવસમાં શું દીધાં મને સુખજો;
સ્વપ્નાનાં સુખડાંરે સ્વપ્ને વહી ગયાંરે લોલ, દેહલડીમાં પ્રગટ્યાં દારુણ દુઃખજો;
જાણ્યું જાણ્યું. ૧૦

પૂરણ પાપ મળ્યાંરે એ અબળાતણાંરે લોલ, જેનો પરણ્યો પરઘેર રમવા જાયજો;
અબોલડા લીધારે બાળે વેષથીરે લોલ, તે નારીનું જોબન ઝોલાં ખાયજો;
જાણ્યું જાણ્યું. ૧૧

પાણીડાં પીનરે ઘર શું પૂછિયેરે લોલ, વેરી પિતાએ પૂરણ સાધ્યાં વેરજો;
ઉછેરી આપીરે એના હાથમાં રે લોલ, ગળથુળામાં ઘોળિ ન પાયાં ઝેરજો;
જાણ્યું જાણ્યું. ૧૨

શોકલડીનાં વેણ મને બહુ સાંભરેરે લોલ, નયણાંમાંથી છૂટે જળની ધારજો;
હૈડું ન ફાટ્યુંરે હજુયે અમતણુંરે લોલ, ઉર ઉપર કાંઈ ઉઠ્યા મેઘ મલારજો;
જાણ્યું જાણ્યું. ૧૩

એવાં તે મેણાં શું બોલો મુખથકીરે લોલ, ભોળાં મનની શું આણો છો ભ્રાંતજો;
નારી મત શું રાખો નારદને કહેરે લોલ, કુળવંતી તમે કેમ કરો કલ્પાંતજો;
જાણ્યું જાણ્યું. ૧૪

પટરાણી તમથી બીજી પ્યારી નથીરે લોલ, શું સતભામા કુડો આવ્યો ક્રોધજો;
કપટી નારદિયાનાં કહેણ ન માનિયેરે લોલ, ઘણો વધારે ઘેર ઘેર જઈ વિરોધજો;
જાણ્યું જાણ્યું. ૧૫

સાચું જો કહું તો તમે નવ સાંભળોરે લોલ, કહો સતભામા ખાઉં તમ આગળ સમજો;
કાળુડા નાગને આપું આંગળીરે લોલ, તો એ તમારું મન નવ માને ક્રમજો;
જાણ્યું જાણ્યું. ૧૬

મોહનજી કહેરે સતી તમે સાંભળોરે લોલ, કહોતો મંગાવું પારિજાતનું ઝાડજો;
આણીને રોપવું તમારે આંગણેરે લોલ, રાણી રોષ તજીને મૂકો રાડજો;
જાણ્યું જાણ્યું. ૧૭

હરખીને બોલ્યારે હરિથી હેતશુંરે લોલ, સતભામાને સૌકો લાગ્યાં પાયજો;
વાજાં ને વાગેરે વાંસળીરે લોલ, ગીત ગાન ને નૌતમ ઉચ્છવ થાયજો;
જાણ્યું જાણ્યું. ૧૮

કુમકુમ ને કસ્તૂરી બહોકે કેવડોરે લોલ, ચૂવાચંદન ઉડે અબિલ ગુલાલજો;
આનંદ બોછવરે થાય અતિ ઘણોરે લોલ, ભેરબુંગળ ને વાજે મૃદંગ તાલજો;
જાણ્યું જાણ્યું. ૧૯

રુશણું ગાયુંરે રુડી રીતશુંરે લોલ, સતભામાનાં મનાવ્યાં છે મનજો;
મીરાંનો સ્વામીરે મોલ પધારિયારે લોલ, સતભામાનાં જીવન કીધાં ધન્યજો;
જાણ્યું જાણ્યું. ૨૦

કૃષ્ણકીર્તનનાં પદ

પદ ૧ લું–રાગ પ્રભાત

મુજ અબળાને મોટી મીરાત બાઈ, શામળો વરણું મારે સાચુંરે.–ટેક. ૧
વાળી ઘડાવું વિઠ્ઠલ વરકેરી, હાર હરિનો મારે હઇયેરે;
ચિત્તમાળા ચતુરભુજ ચૂડલો, શીદ સોની ઘેર જઇયેરે. મુજ. ૨
ઝાંઝરિયાં જગજીવનકેરાં, કૃષ્ણજી કલ્લાં ને કાંબીરે;
વિંછુવા ધુધરા રામ નારાયણના, અણવટ અંતરજામીરે. મુજ. ૩
પેટી ઘડાવું પુરુષોત્તમકેરી, ત્રિકમ નામનું તાળુંરે;
કુંચી કરાવું કરુણાનંદકેરી, તેમાં વરણું મારું ઘાલુંરે. મુજ. ૪
સાસરવાસો સજિને બેઠી, હવે નથી કાંઈ કાચુંરે;
મીરાંબાઇ કહે પ્રભુ ગિરિધરનાગર, હરિને ચરણે જાચુંરે. મુજ. ૫

પદ ૨ જું

કયાં ગયોરે પેલો મોરલીવાળો, અમારા ઘુંઘટ ખોલીરે;
કયાં ગયોરે પેલો વાંસળીવાળો, અમને રંગમાં રોળીરે.—ટેક. ૧
હમણાં વેણુ ગુંથી હતી, પે'રી કસુંબલ ચોળીરે;
માત જસોદા સાખ પૂરે છે, કેસર છાંટ્યાં ઘોળીરે. કયાં. ૨
જળ જમુનાનાં ભરવા ગયાંતાં, બેડું નાંખ્યું ઢોળીરે;
પાતળિયો પરપંચે ભરિયો, અમે તે અબળા ભોળીરે. કયાં. ૩
પ્રેમતણી પ્રેમદાને અંતર, ગેબની મારી ગોળીરે;
મીરાંબાઈ કહે પ્રભુ ગિરિધરનાગર, ચરણકમળ ચિત્ત ચોળીરે. કયાં. ૪

પદ ૩ જું

બોલ મા બોલ મા બોલ મા રે, રાધાકૃષ્ણ વના બીજું બોલ મા.—ટેક. ૧
સાકર સેરડીના સ્વાદ તજીને, કડવો લીમડો ઘોળ મા રે, રાધાકૃષ્ણ. ૨
ચાંદા સૂરજનું તેજ તજીને, આગીયા સંગાતે પ્રીત જોડ મા રે, રાધાકૃષ્ણ. ૩
હીરા રે માણેક ઝવેર તજીને, કથીર સંગાતે મણિ તોળમાં રે, રાધાકૃષ્ણ. ૪
મીરાં કહે પ્રભુ ગિરિધરનાગર, શરીર આપ્યું સમતોલમાં રે, રાધાકૃષ્ણ. ૫

પદ ૪ થું

પ્રેમની પ્રેમની પ્રેમનીરે, મને લાગી કટારી પ્રેમની.—ટેક. ૧
જળ જમુનામાં ભરવા ગયાંતાં, હતી ગાગર માથે હેમનીરે. મને. ૨
કાચે તે તાંતણે હરિજીયે બાંધી, જેમ ખેંચે તેમ તેમનીરે. મને. ૩
મીરાં કહે પ્રભુ ગિરિધરનાગર, શામળી સુરત શુભ એમનીરે. મને. ૪

પદ ૫ મું

લેહ લાગી મને તારી, અલ્યાજી લેહ લાગી મને તારી.–ટેક. ૧
કામકાજ મૂક્યું ને ધામ જ મૂક્યું, મનમાં ચાહું છું મોરારી. અલ્યાજી. ૨
ખભે છે કાંમળી ને હાથમાં છે વાંસળી, ગોકુળમાં ગાયો ચારી. અલ્યાજી. ૩
સોળસહસ્ત્ર ગોપયોને તમે વરિયા, તોય તમે બાળબ્રહ્મચારી. અલ્યાજી. ૪
મીરાં કહે પ્રભુ ગિરિધરનાગર, ચરણ કમળ બલિહારી. અલ્યાજી. ૫

પદ ૬ ઠું

કાલે પરણાવશું ગોપી, કુંવરને કાલે પરણાવશું ગોપી;
લાજ મરજાદ સર્વ લોપી, કુંવરને કાલે પરણાવશું ગોપી.–ટેક. ૧
કાનવર મારો ઘોડે ચડશે, માથે મુગટ આરોપી. કુંવરને. ૨
રાધિકા જ્યારે મંદિર પધારશે, મંદિર રહેશે ઓપી. કુંવરને. ૩
મીરાંકહે પ્રભુ ગિરિધરનાગર, લીલા વાધા ને પીળી ટોપી. કુંવરને. ૪

પદ ૭ મું

હાંરે કોઈ માધવ લ્યો માધવ લ્યો, વેચંતી વ્રજનારીરે. હાંરે. ૧
માધવને મટુકીમાં ઘાલી, ગોપી લટકે લટકે ચાલીરે. હાંરે. ૨
હાંરે ગોપી ઘેલું શું બોલતી જાય, મટુકીમાં ન સમાયરે. હાંરે. ૩
નવ માનો તો જુવો ઉતારી, માંહી જુવે તો કુંજબિહારીરે. હાંરે. ૪
વૃંદાવનમાં જાતા દહાડી, વાલો ગૌ ચારે છે ગિરિધારીરે. હાંરે. ૫

ગોપી ચાલી વૃંદાવન વાટે, સૌ વ્રજની ગોપીઓ સાથેરે. હાંરે. ૬
મીરાં કહે પ્રભુ ગિરિધરનાગર, જેનાં ચરણ કમળ સુખસાગરરે. હાંરે. ૭

પદ ૮ મું

થનક થનક તાથઈરિ, નાચે નાચે નંદનો નાનડીયો.–ટેક. ૧
તાળબંધ તાળી વાગે ધુધરુ ધમકે, હાંરે લાલ મોરલી બજાવે લઈરે. નાચે. ૨
નારદ નૃત્ય કરતારે આગે, હાંરે વળી સાથ રાધાને લઈ લઈરે. નાચે. ૩
બ્રહ્મા વેદ ભણંતારે આગે, હાંરે ત્યાં તો સૂરજ રહ્યો મોહી મોહીરે. નાચે. ૪
મીરાં કહે પ્રભુ ગિરિધરનાગર, હાંરે ત્યાં તો કૃષ્ણજીએ મોરલી બજાઈ. નાચે. ૫

પદ ૯ મું–રાગ પરજ

ગોવિંદો પ્રાણ અમારો રે, મને જગ લાગ્યો ખારો રે;
મને મારો રામજી ભાવેરે, બીજો મારી નજરે ન આવેરે.–ટેક. ૧
મીરાંબાઇના મહેલમાં રે, હરિ સંતનનો વાસ;
કપટીથી હરિ દૂર વસે, મારા સંતનકેરી પાસ. ગોવિંદો. ૨
રાણોજી કાગળ મોકલે રે, દો રાણી મીરાંને હાથ;
સાધુની સંગત છોડી દો, તમ વસોને અમારે સાથ. ગોવિંદો. ૩
મીરાંબાઈ કાગળ મોકલે રે, દ્યો રાણાજીને હાથ;
રાજપાટ તમે છોડી રાણાજી, વસો સાધુને સાથ. ગોવિંદો. ૪
વિષનો પ્યાલો રાણે મોકલ્યો રે, દ્યો મીરાંને હાથ;
અમૃત જાણી મીરાં પી ગયાં જેને, સહાય શ્રીવિશ્વનો નાથ. ગોવિંદો. ૫
સાંઢવાળા સાંઢ શણગારજો રે, જાવું સો સો રે કોશ;
રાણાજીના દેશમાં મારે, જળરે પીવાનો દોષ. ગોવિંદો. ૬
ડાબો મેલ્યો મેવાડ રે, મીરાં ગઈ પશ્ચિમમાંય;
સરવ છોડી મીરાં નીસર્યાં જેનું, માયામાં મનડું નકાંય. ગોવિંદો. ૭
સાસુ અમારી સુષુમણારે, સસરો પ્રેમ સંતોષ;
જેઠ જગજીવન જગતમાં મારો, નાવલિયો નિર્દોષ. ગોવિંદો. ૮
ચુંદડી ઓઢું ત્યારે રંગ ચુવે રે, રંગ બરંગી હોય;
ઓઢું હું કાળો કાંબળો, દુજો દાગ ન લાગે કોય. ગોવિંદો. ૯
મીરાં હરિની લાડણી રે, રહેતી સંત હજૂર;
સાધુ સંઘાતે સ્નેહ ઘણો પેલા, કપટીથી દીલ દૂર. ગોવિંદો. ૧૦

કૃષ્ણાબાઈ

આ નાગર સ્ત્રીનાં ગીતો ગુજરાતમાં બહુ પ્રસિદ્ધ છે

સીતાજીની કાંચળી

શ્રી રામજી કેરે ચરણે નમીને, સીતા કાંચળી પ્રીતેરે;
શ્રી રામ લક્ષ્મણનું વંદન કરીને, ગાવું છું નૌતમ; હો રમતાં રઢ
લાગી રાણીને. ૧
દશરથસુતે આજ્ઞા પાળી, ઘર તજી ચાલ્યા વંનરે;
લક્ષ્મણ બંધવ જોડે લીધો, સ્નેહ ગાવું ધંન ધંન. હો રમતાં. ૨
પંચવટીમાં નિવાસ કરીને, આનંદ બહુ ઉપજાવેરે;
દિન પ્રત્યે ચોપટ બહુ ખેલે, જાનકીને મન ભાવે. હો રમતાં. ૩
પર્ણકુટીમાં સરોવર પાસે, જ્યાં ખેલે સીતારામરે;
કનકતણો કૂરંગ દીઠો એક, આવ્યો તેણે ઠામ. હો રમતાં. ૪
સોનાનાં શીંગ ને ત્વચા કનકની, નાભિયે કસ્તુરી ઘેહેકેરે;
ડમરો ચરતાં દીઠો જાનકિયે, નાચે નૌતમ લેહેકે. હો રમતાં. ૫
સીતા–તે દેખી સીતાને રઢ લાગી, રામ એ મૃગ મારી લાવોરે;
આપણે જ્યારે અજોધ્યા જઇશું, કાંચલડી શીવડાવો. હો રમતાં. ૬
રામ–સરોવર તીરે મૃગલો ઉભો, દીસંતો ઘણો રુડોરે;
ઘેલી સીતા ઘેલું શું બોલો, મૃગ છે હૈયાનો કૂડો. હો રમતાં. ૭
બ્રહ્માએ જ્યારે સૃષ્ટિ રચી ત્યારે, સોનાનો નથી નિપજાવ્યોરે;
નથી દીઠો નથી શ્રવણે સાંભળ્યો, કોઇક કારમો આવ્યો. હો રમતાં. ૮
સીતા–પ્રત્યક્ષ પારખું મારા પીયુજી, સાચો હશે તો સહાશેરે;
કૂડ કપટથી આવ્યો હશે તો, હમણાં ફીટી જાશે. હો રમતાં. ૯
રામ–સાચો હોય તેને કયમ હણિયે, કયાં ગયું તમારું જ્ઞાનરે;
પોતાના સ્વારથને માટે, લ્યો છો પશૂના પ્રાણ. હો રમતાં. ૧૦
સીતા–સીતા કહે સાંભળો રઘુનંદન, વિદ્યા તમારી કાચીરે;
ઉજાતો મારિ લાવો મૃગને, તો જાણું વિદ્યા સાચી. હો રમતાં. ૧૧

રામ–બીજાં વિદ્યાનાં કામ ઘણાં છે, શાખા પત્ર ફળ ફૂલરે;
પોતાનો સ્વારથ સરતો હોય તો, પાપ ન કરિયે મૂળ. હો રમતાં. ૧૨
સીતા–સીતા કહે એક મૃગને હણતાં, શાનું એવું કર્મરે;
મહારાજાને મૃગયા રમવી, ખરો ક્ષત્રીનો ધર્મ. હો રમતાં. ૧૩
રામ–મૃગયા માટે અમે નથી આવ્યા, અમને શાની આશરે;
જ્યાં જેવે આશ્રમે રહેવું, ત્યાં તેવો અભ્યાસ. હો રમતાં. ૧૪
સીતા–સાધુપણાં જ્યારે એવાં આદર્યાં, ધનુષબાણ શાને ઝાલોરે;
સાધુ થઇને રહો એકાંતે, ધર્મ પોતાનો પાળો. હો રમતાં. ૧૫
રામ–રામ કહે એ રાજપુત્રને, લખિયાં છે એંધાણરે;
કદાપિ કોઈ બળિયો દુઃખ દે તો, તેના લેવા પ્રાણ. હો રમતાં. ૧૬
સીતા–શૂર્પનખા ભગિની રાવણની, તેનો શો હતો વાંકરે;
વણ અપરાધે તે અબળાનાં, છેદ્યાં કર્ણ ને નાક. હો રમતાં. ૧૭
રામ–શૂર્પનખા કહે મુજને પરણો, તે મારે મન નવ ભાવેરે;
એકથડી અમે વાજ આવ્યા તો, બીજીને કોણ લાવે. હો રમતાં. ૧૮
સીતા–સંસારમાં જ્યારે રહેવું કંથજી, કાયર થયે કેમ ચાલેરે;
સંસારનો લાવો મારા કંથજી, નારિ માગે તે આલે. હો રમતાં. ૧૯
રામ–ઘેર બેઠાં માગો તે આલું, કાયર ન થાઉં કયમરે;
વનમાં આવીને લેવાં રુષણાં, નહીં સતીનો ધર્મ. હો રમતાં. ૨૦
સીતા–એવો કમખો મેં નથી પેર્યો, કોટિ ઉપાયે કંથરે;
જાત ભલી ને ભાત અનોપમ, ઉજ્જવલ અંગ અનંત. હો રમતાં. ૨૧
રામ–એથી રુડો કમખો શીવડાવું, સોનાના તાર નંખાવુંરે;
વારુ પુલ ઉપર વેલ ફરતી, વચ્ચે મોતી ટંકાવું. હો રમતાં. ૨૨
સીતા–નિપજાવી જે વસ્તુ નીપજે, તેમાં તે શી વડાઇરે;
અણનિપજી ને અમુલ્યક જેની, જગમાં દિસે જુગતાઈ. હો રમતાં. ૨૩
રામ–એવા સ્વાદ હતા જ્યારે તમને, શિદ આવ્યાં છો સાથેરે;
ઘેર બેઠાં નવ રહીરે ઘેલી, ઓઢત પહેરત ખાંતે. હો રમતાં. ૨૪
સીતા–પતિવ્રત મારું વ્રત પાળવું, પ્રિય વિના કેમ રહેવાયરે;
એક ઘડી નવ દેખું તો, બ્રહ્માંડ વહીને જાય. હો રમતાં. ૨૫
રામ–પતિવ્રતા જે હોય પ્રેમદા, પિયુનું માને વચનરે;
મૂખે ન માગે હૈયામાં દાઝે, ધીરજ રાખે મન. હો રમતાં. ૨૬

સીતા–દેખ્યા પાખે શાનું દાઝે, નજર પડે મોહ લાગ્યેારે;
થેાડું કામ ને આળસ કરવું, હજી નથિ ગયેા આધેા. હેા રમતાં. ૨૭
રામ–એ અણુસરજ્યું દુઃખ કેાણુ ભેાગવે, થેાડા સુખને વાસ્તેરે;
વ્યાજ વધારતાં જાય સમૂળમાં, ત્યારે રહિયે હાથ ઘસતે. હેા રમતાં. ૨૮
સીતા–વસ્તુ રાખીને દામ આપિયે, ત્યારે જાયે કયમરે;
રળિયે તેા મળિયે મેાહનજી, નિષ્ફળ ન હેાય ઉદ્યમ. હેા રમતાં. ૨૯
રામ–ઓછું હેાય તે ઉદ્યમ માંડે, આપણે સરવે સૂખરે;
જળ કાંઠે રહીને જે કૂવેા, ખેાદે તે મૂરખ. હેા રમતાં. ૩૦
સીતા–સરિતાનાં જળ હેાય ભારે ને, કૂપનાં ઉત્તમ કારીરે;
મહા જેાગીયે મૃગત્વચા ગ્રહી, જે દીઠી કાંઈ સારી. હેા રમતાં. ૩૧
રામ–તેને તે વસ્તુ વારુ વિનતા, જેને જે આવે ભેાગ્યરે;
ગૃહસ્થને રાજરિદ્ધિ રુડી ને, જેાગીને રુડેા જેાગ. હેા રમતાં. ૩૨
સીતા–ભલી ભુંડી અમારે ભાગ્યે તે, જેવી શરીરે સેાહિયેરે;
એવી કંચુકી આજ ન મળે, તે માટે મન મેાહિયે. હેા રમતાં. ૩૩
રામ–એવડેા મેાહ ન ધરિયે માનિની, મનમાં સંતેાષ સાહિયે;
જ્યારે જેવું મળે તે અનુભવિયે, ઝાઝાને નવ ધાઇયે. હેા રમતાં. ૩૪
સીતા–સીતા કહે શા માટે ન કરિયે, સ્વાદ નવેા નવેા લેવારે;
જેાબનનેા લાવેા જુગજીવન, દિવસ ચારનેા એ મેવેા. હેા રમતાં. ૩૫
રામ–અવસર કાંઈ ઓળખતી નથી, જેવેા વેષ તેવું રમવુંરે;
આપણે રાજ્યની રિદ્ધિ તજીને, આજે વનમાં ભમવું. હેા રમતાં. ૩૬
સીતા–દુઃખના દિવસ કાલે વહી જશે, વહાણે પામશેા રાજ્યરે;
સવેળાનું સંધરયું હેાય તેા, અવસરે આવે કાજ. હેા રમતાં. ૩૭
રામ–રાજ્ય બેસીશું ત્યારે મળશે, જેવી જેઇએ તેવી જાતરે;
ચૌદ વરસ વનમાં ભમવું તેા, રાત આડીની શી વાત. હેા રમતાં. ૩૮
સીતા–સીતા કહે શા માટે ન માગું, તમ સરખેા પિયુ જ્યારેરે;
લક્ષ્મણ સરખા દિયરજી મારે, લાડ કરું પછી કયારે. હેા રમતાં. ૩૯
રામ–રામ કહે તને એ શી લલુતા, અબળાનેા અવતારરે;
વનમાં રહીને જે લેાભ કરવેા, ન હેાય એ ધર્મ લગાર. હેા રમતાં. ૪૦
સીતા–સીતા કહે સાંભળેા મારા પિયુજી, ઝાઝું કહે શું થાયરે;
જે સ્ત્રીને નહિ માન પિયુનું, તે વાયે લીધી જાય. હેા રમતાં. ૪૧

રામ–રામ કહે તું વહાલી ન હોય તો, શિવનું ધનુષ સાને ભાંજુંરે;
ફરશુરામ સાથે જુધ કરીને, અયોધ્યામાં ગાજું. હો રમતાં. ૪૨
સીતા–મનસા વાચાએ વહાલી હઉં તો, કહ્યું કરો મુજ કંથરે;
ઘડી અધઘડી જો વિલંબ કરશો તો, પ્રાણનો આણિશ અંત. હો રમતાં. ૪૩
રામ–રામ કહે હૈયે નવ હારો, આટલો દી રમી જઇશરે;
તમને જ્યારે તેડી લાવ્યો, જે કહેશો તે સહીશ. હો રમતાં. ૪૪
સીતા–એ સોગટડે હવે કાલે રમાશે, હું નહિ ઢાળું પાસારે;
ઘાડ અધઘાડનો વિલંબ કરશો તો, કાંઇક જોશો તમાસા. હો રમતાં. ૪૫
પાસા પછાડીને ધરણીધર ઉઠ્યા, ભાઇને ભળાવી નારીરે;
લક્ષ્મણ બાપ તું મઢિયે રહેજે, મૃગને લાવું મારી. હો રમતાં. ૪૬
પંડિતા–ધનુષ લેઈ ધાયા ધરણીધર, કુરંગ ઉપર ડાઢ પીસેરે;
જેમ જેમ ઠુંકા જાય જગજીવન, તેમ તેમ વેગળો દીસે. હો રમતાં. ૪૭
ચાપ ચડાવી મૃગલો માર્યો, મેલ્યું કસીને બાણરે;
મરતાં મૃગલે ચીસ નાંખી જે, લક્ષ્મણ જાએ પ્રાણ. હો રમતાં. ૪૮
શબ્દસી તા એ સાંભળ્યો લક્ષ્મણ, રામ તેડે છે તમારોરે;
હરણને હણતાં કષ્ટ પડ્યું છે, શીઘ્ર થઇને સધારો. હો રમતાં. ૪૯
લક્ષ્મણ–લક્ષ્મણ કહે એક હરણને હણતાં, કષ્ટ પડે તે શાંનુંરે;
રઘુ સરખા ચીસ નાંખે તે, વાત તો હું નવ માનું. હો રમતાં. ૫૦
સીતા–દક્ષિણ દિશે દિયરિયા મારા, ઝાઝું રાક્ષસ દળ છેરે;
એકલડાં જાણીને જાઓ, એએ બાવીશનું બળ છે. હો રમતાં. ૫૧
લક્ષ્મણ–એક જ બાણે ચૌદ સહસ્રને, મારે એવો મુજ ભ્રાતરે;
ચૌદ સહસ્ર ચડીને આવે તો, નવ હારે રઘુનાથ. હો રમતાં. ૫૨
સીતા–વેળા વેળાનાં ફળ છે દીયરિયા, એવડો ગરવ નવ ધરિયેરે;
કયારે હારિયે ને કયારે જિતિયે, તે માટે સંચરિયે. હો રમતાં. ૫૩
લક્ષ્મણ–લક્ષ્મણ કહે ભાભિ લખ્યું હશે તો, બ્રહ્માએ પાછું ન થાયરે;
તમને વનમાં એકલાં મેલીને, ડગલું નહી ભરાય. હો રમતાં. ૫૪
સીતા–સીતા કહે તને શાનું દાઝે, જુજવી માતા માટેરે;
સગો ભ્રાત શત્રુઘ્ન હોય તો, હમણાં દોડે ઉચાટે. હો રમતાં. ૫૫
લક્ષ્મણ–મુજને રામજી વહાલા ન હોય તો, શીદ આવું હું સાથરે;
ભોળે ભાવે ભક્તિ કરું છું, જાણીને જ્યેષ્ઠ જ ભ્રાત. હો રમતાં. ૫૬

સીતા–ભક્તિ કરો તે મુજને ન ભાવે, મીઠું બોલ્યે નહિ મીઠુંરે;
તુજ દુષ્ટનો વિશ્વાસ ન કરિયે, આજ પારખું દીઠું. હો રમતાં. ૫૭
લક્ષ્મણ–ભલી સીતાજી બુદ્ધિ તમારી, મુજને એવો પ્રમાણ્યોરે;
રાત દિવસ મેં સેવા કીધી, એકે ગુણ નવ જાણ્યો. હો રમતાં. ૫૮
સીતા–સીતા કહે તારા ગુણનું લક્ષણ, પડી વેળા પરમાણ્યુંરે;
સાદ સાંભળીને સાંસો કીધો, ત્યારે હેત જણાણું. હો રમતાં. ૫૯
દિયરિયા તુંને શાનું દાઝે, વહાલા નહીં શ્રીરામરે;
બંધવ હોય તો રણમાં દોડે, કરવાને સંગ્રામ. હો રમતાં. ૬૦
લક્ષ્મણ–તમને અહિંયાં કેા સારું મેલું, સાંસો કરું છું તેણેરે;
તમને જો લાંછન લાગે તો, વળતા મરિયે મેહેણે. હો રમતાં. ૬૧
સીતા–તેવાં ભોળાં અમે નહિ દિયરિયા, મન વસિયા મહારાજરે;
અવર પુરુષ સાથે બોલું તો, લાગે કુળને લાજ. હો રમતાં. ૬૨
લક્ષ્મણ–કેટલું બળ તમ અબળાકેરું, તનક તાલ ને હેલારે;
રાંધ્યું ધાન ને પ્રેમદા સરખી, વણસતાં નહીં વેળા. હો રમતાં ૬૩
સીતા–સીતા કહે તું શું સમજાવે, સાસુતણા સુત કાલારે;
એકલો ઉજડમાં શાને જાએ, પ્રાણ તને તારા વહાલા. હો રમતાં. ૬૪
લક્ષ્મણ–મુજને પ્રાણ જો વહાલા હોય તો, શીદ જાઉં હું વંનરે;
વન ફળ મેવા વિણી લાવું છું, બેઠાં કરોછો ભોજંન. હો રમતાં. ૬૫
સીતા–સીતા કહે તું શું દિયરિયા, મુજને રાખે વારીરે;
તું જાણે છે રામ પડે તો, હું ભોગવું આ નારી. હો રમતાં. ૬૬
લક્ષ્મણ–ભલી સીતાજી બુદ્ધિ તમારી, મુજને એવું ન કહિયેરે;
એકે દહાડે હસ્યો હઉં તો, સર્વે સાચું લહિયે. હો રમતાં. ૬૭
સીતા–કપટી હોય તે કોઇશું હસે નહિ, રાખે મનમાં જાણીરે;
જળ કાંઠે બગ ધ્યાન ધરે તે; મચ્છને લેવા તાણી. હો રમતાં. ૬૮
પંડિતા–વચન બાણ વાગ્યાં લક્ષ્મણને, તાપ ઉપન્યો તનમાંરે;
બહુએ પેર પડી લક્ષ્મણને, ઝુરણ લાગી મનમાં. હો રમતાં. ૬૯
શિલિમુખ રેખા કીધી લક્ષ્મણે, દીધી રામની આણરે;
કૂડે કપટે જો કોઈ આવે, તેના જાજો પ્રાણ. હો રમતાં. ૭૦
એમ કહી લક્ષ્મણજી ગયા, તારુણીને લાગ્યો તાપરે;
કઠણ વચન કહ્યાં દીયરને, તેનું લાગ્યું પાપ. હો રમતાં. ૭૧

લાગ જોઈ લંકાપતિ આવ્યો, પાપિયે ચલાવ્યાં ચરણુરે;
પરદારાને હરવા કારણુ, માથે લાવ્યો મરણ. હો રમતાં. ૭૨
ભગવાં વસ્ત્ર ને ભેખ સંન્યાસી, કરમાં કમંડળ ધારયુંરે;
ક્ષુધાર્થીને ભિક્ષા આપો, આવી એમ ઉચરિયું. હો રમતાં. ૭૩
આવો પ્રભુજી બેસો ઋષિજી, અમૃત બોલ્યાં વાણીરે;
ઉઠીને આસન ત્યાં આપ્યું, ગૃહસ્થાશ્રમધર્મ જાણી. હો રમતાં. ૭૪
રાવણ–કોણુ પિતા કોને ઘેર પરણ્યાં, કોણુ તમારો કંથરે;
ઉજડમાં એકલડાં મેલીને, કયાંહાં ગયા બળવંત. હો રમતાં. ૭૫
સીતા–જનક પિતા ને દશરથ સસરો, કૌશલ્યાજી સાસુજી;
તાતતણાં વચન પાળવાને, અમે ત્રણે થઈ વન વાસ્યું. હો રમતાં. ૭૬
સોનાના શિંગનો મૃગ આવ્યો, તો કંચુકિની થઈ અભિલાખારે;
મૃગલો મારવા પિયુજી ગયા છે, કરીને શિલિમુખ રેખા. હો રમતાં. ૭૭
પંડિતા–શિલિમુખ રેખા ઉપર મેલી પાવડી, પાપી બોલે મર્મરે;
એપર પગ મેલી દો ભિક્ષા, રહેશે તમારો ધર્મ. હો રમતાં. ૭૮
પાપીનો પ્રપંચ ન પ્રીછ્યો, ભામિની થઈ હઇયે ભોળીરે;
પોતાની વાત જે પરને કહેશે, તે રહેશે આંખો ચોળી. હો રમતાં. ૭૯
સીતાએ સીતાફળ આપ્યાં, પગ પાવડિયે ધરિયોરે;
ઉપાડી લીધી અબળાને, હરણ કરીને સંચરિયો. હો રમતાં. ૮૦
ત્યારે તારુણિને ત્રાસ જ પડિયો, ધાને લક્ષ્મણ રામરે;
આ પાપી કોઈ હરી જાય છે, કરીને દુષ્ટનું કામ. હો રમતાં. ૮૧
તે શબ્દ સાંભળી પંખી આવ્યો, દશરથનો જે મિત્રરે;
સીતાને મૂકાવા કારણ, માંડયું જુદ્ધ વિચિત્ર. હો રમતાં. ૮૨
રાવણે એક કપટ જ કીધું, પર્વત પાછળ રહીનરે;
રુધિરાળા પાષાણ ગળાવ્યા, ભારે પડિયો થઇને. હો રમતાં. ૮૩
ત્યાંથી રાવણ લેઇને ગયો, લંકાના ગઢ માંયરે;
મૃગ મારીને રામજી વળિયા, જે જે રાઘવરાય. હો રમતાં. ૮૪
નથિરે સીતા નથિરે સીતા, નથિરે મઢુલી માંયરે;
કાગારોળ ત્યાં થઈ રહ્યો છે, ચકડોળ વાતે ત્યાંય. હો રમતાં. ૮૫
પગલે પગલે શોધતા તેને, ગયા તે બહુએ ભાઇરે;
ઋષ્યમૂક પર્વતમાંહિ પહોંચ્યા, જ્યાં છે વાંદરાનો રાય. હો રમતાં. ૮૬

સુગ્રીવ સાથે કરી મૈત્રી, વાળીને નાંખ્યો મારીરે;
વાળીનું રાજ્ય સુગ્રીવને આપ્યું, ઉપર આલી નારી. હો રમતાં. ૮૭
નર વાનર એકઠા કરીને, સાગર બાંધી પાજરે;
રાવણને મારી કરીને, વિભિષણને આપ્યું રાજ્ય. હો રમતાં. ૮૮
જુદ્ધ કરી સીતાને લાવ્યા, ઢોલ નિશાન વજડાવીરે;
સીતાજીનાં લાડ પાળ્યાં ને, કાંચલડી શીવડાવી. હો રમતાં. ૮૯
સ્વામી આજ્ઞા ઓળંગીને, ભમત ધર્યો બહુ મનમાંરે;
સતી સીતાને દુઃખ ઉપનું, તાપ વ્યાપિયો તનમાં. હો રમતાં. ૯૦
પહેલે સીતાવિવાહ ગાયો, રુકમિણીહરણ રુડુંરે;
સીતા કંચુકી શોભે વરણવ્યો, કૃષ્ણ વિના સૌ કૂડું. હો રમતાં. ૯૧
સતી ગુણ કૃષ્ણાબાઈ ગાયે, વડનગરમાં વાસરે;
રામલક્ષ્મણ જાનકીનો જય, સાથે હનુમંત દાસ. હો રમતાં. ૯૨
જે જન હરિગુણ ગાય સાંભળે, તેહતણાં દુઃખ વામેરે;
ધર્મ અર્થ ને કામ મુક્તિ ફળ, ચાર પદારથ પામે. હો રમતાં. ૯૩



પુરીબાઈ

તળ ગુજરાતની સ્ત્રી કવિ તે માત્ર એ જ છે

સીતામંગળ

કડવું ૧ લું–રાગ ધોળ

સતી સીતાને ચરણે લાગુંજી, નિર્મળ વાણીને શુદ્ધ બુદ્ધ માગુંજી;

ઢાળ

માગું છુંરે શુદ્ધ બુદ્ધ મનોહર, સ્વામી સારંગપાણુ;
ગુણ વરણવુંરે હું તાહરા, મને આપ અવિચળ વાણુ. ૧
સિવરા મંડપ રચ્યો જ્યારે ને, તેડાવ્યા ભૂપ;
ઋષિ સાથે રાઘવ આવ્યા એનું, મહા મનોહર રૂપ. ૨
પાતાળનારે પન્નગ તેજ્યા ને, આવ્યા ગગન મુનિ દેવ;
રાવણ કહે હું ધનુષ ભાંગું ને, કન્યા વરું તતખેવ. ૩
સતી જનકિયે સામું જોયું ને, દીઠા શ્રીમહારાજ;
સ્વામી ભવોભવ હું પદસેવક, કેમ વિસારી આજ. ૪
સતી તે કેરાં વચન સુણીને, હસ્યા શ્રીરઘુવીર;
ક્ષણમાં રે વરું હું જાનકી, તું રાખ મનમાં ધીર. ૫
કરજોડી પૂરી ભણે જેના, અમરાપૂરીમાં વાસ;
સ્વામી સૌ સંતની દાસ છું, રઘુનાથ રાખો પાસ. ૬

કડવું ૨ જું–ઢાળ

રતનાળિ સીતાજીએ વેણુ વછોડી, શેષ નાગ સળકી રહ્યા કરજોડી;
પુખની છબી અતિ બુદ્ધિ શોભાયેજિમાંહી, રોહિણી પતિ દરશને આવ્યા બાઈ. ૧
નાસિકા શુકચંચુ અધરરસ સોહે, દંત દેખીને માનવીનાં મન મોહે;
શણગાર સજે રાજા જનકકુંવારી, તેની શોભા બની ત્રણ લોકથી ન્યારી. ૨
કર કોમળ ને રાતા કુમ કુમ જેવા, ચુડલો રતનાળો બાજુબંધ તેવા;
કોદંડને ભાગતાં હાથ ચપાણા, મોટાં ભૂપતિ માંય પડ્યા બશિયાણા;
સ્વામિ આજ તમે મને કેમરે વિસારી, જુગજુગ માંહી હું તો હતીરે તમારી. ૩

ત્યાં તો ધનુષ ભાંગિને શત ખંડ કર્યારે, પછી જનકની કુંવરીને રામ વર્યારે;
ત્યારે ચૌદ લોક માંહિ ચાલી વધાઈ, કરજોડીને એમ કહે પુરીબાઈ. ૪

કડવું ૩ જું-ઢાળ

જાન લઈ આવ્યારે દશરથરાય, હસ્તી ઘોડા બહુ કહ્યા નવ જાય;
કાળા કાબરા ને રાતારે ધણા, સુંદર તે મહારાજારે તણા. ૧
લીલા પીળા ને ઘોળા જેહ, ઘોડા પાખરિયા પલાણ્યા તેહ;
રથ સુખપાલોનિ રચનારે બણી, જાન વખાણુંરે રાઘવતણી. ૨
ભારે શેષ પાતાળે ગયા, રજે સૂરજ ઝાંખારે થયા;
ભેર ભૂંગળ બહુ નાદ જ થાય, જાનની શોભા કહી નવ જાય. ૩
ક્ષણમાં પહોંચ્યારે દશરથરાય, સામૈયે રાજા જનકજી જાય;
ભેટ્યા વેવાઇને મળિયાં મન, રાજા જનક કહે દિવસ ધનધન. ૪
એલચિએ વાસ્યાંરે જળ આણી, ખાંડ ઘોળીને પાયારે પાણી;
જાન જોઇને રાજા જનકજી હસ્યા, એ આગળ આપણ રાજારે કસ્યા. ૫
ચંદનના ઓરડારે ઉધાડ્યા, દશરથ રાયને ત્યાંરે ઉતાર્યા;
પાલખડી મેલોરે પરશાળ, જોતાં સામી દીસેરે રસાળ. ૬
જાનેરડિઓનીરે જુક્તિ જ બણી, પાથરણારે આપ્યાં પાથરી;
ઘોડાનીરે ઘોડારો ધણી, વળી વિધ કરી રુડી માફાતણી. ૭
આવી જનકજી બોલ્યા વાયકા, કલુઓ લઈ ચાલો નાયકા;
નાગરી સઉ મળી નારી જેહ, કલુવો લઇને ચાલી તેહ. ૮
ગાતી ને વાતી જાનિવાસે જાય, ઘણું સંતોષ્યારે રાઘવરાય;
કૌશલ્યા બાઇયેરે દીધાં માન, સઉકોને આપ્યાં ફોફળ પાન. ૯
જનક રાજાની જે વહુ દીકરી, તેને તેને તે ફોફળ આપ્યાં ફરી;
માતા તે નયણે અંજન કરે, કંકુ ચંદન રઘુપતિને ધરે. ૧૦
માતા તે મનમાં એવું ભણે, રખે કુંવર કોની દષ્ટે પડે;
ભરત શત્રૂધન લક્ષ્મણ ધીર, વર પાસે બેઠા ત્રણ વીર. ૧૧
માતાજી ચિંતા ન કરશો તમો, રક્ષા કરીશુંરે રાઘવ અમો;
એ તો કહિયેરે કારણ રૂપ, સૂરજવંશમાં મોટો ભૂપ. ૧૨
ધનુષ તો એણે ભાંગિયું, ઘણા અસુરનું કુળ લાજિયું;
તોરણે ને છજે નાચે મોર, મંડપમાં દીસે ઘનઘોર. ૧૩
મંડપમાંરે ઊભાં મહામતી, તેણે નવરાવ્યાં મહાસતી;
ગોત્ર જ આગળ બેઠાં સીત, રાઘવજી શું પૂરણ પ્રીત. ૧૪

ગોત્ર જ માંય જીયાવર આવિયા, હૃદે કમળમાં તે ભાવિયા;
દશરથના દદામા ગડગજ્યા, રઘુનંદન વરઘોડે ચઢ્યા;
કર જોડીને કહે પૂરીબાઈ, લગન સાધવાની વેળા થાઇ. ૧૫

કડવું ૪ થું-ઢાળ

ચંચળ અશ્વ ચઢ્યા રઘુનંદન, ઢોલ દદામાં ગાજેજી;
સીતાનો વર શોભે તોરણ, જોઈ કોટી કામ લાજેજી. ૧
કટી કામળ ત્યાં મેખલા સોહિયે, પાયે નેપૂર વાજેજી;
બાંહે બાજુબંધ બાંધ્યા છે, કોટે કૌસ્તુભમણિ છાજેજી. ૨
જાનરડી વરની માડી સંગાતે, ગીત મધુરાં ગાયેજી;
સાસુ પ્રેમે પનોતી ધાઈ, વરને પોંખવા જાયેજી. ૩

કડવું ૫ મું-ઢાળ

નાક સાહિને નિરખ્યા અંતરજામી, મારી લાડકવાઈ રુડો વર પામી;
એની ચોરિયે ચોતરફ હિરની દોરી, રાજા જનક કહે સીતા રામથી ગોરી. ૧
ત્યારે મધુરી શી વાણી કૌશલ્યા બોલે, ત્રિલોકમાં નહિ મારા રામને તોલે;
સીતા પહેલું મંગળ વરત્યું રઘુરાય, ત્યાં તો મધુપર્કકેરાં દાન અપાય. ૨
સીતા બીજું મંગળ વરત્યું રઘુરાય, ત્યાં તો મુદ્રિકા કેરાં દાન અપાય;
સીતા ત્રીજું મંગળ રામની સાથ કીધાં, ત્યારે જનકરાયે મહાદાન દીધાં. ૩
સીતા ચોથું મંગળ વરત્યું રઘુરાય, ત્યાં તો કન્યાકેરાં દાન અપાય;
ત્યાં બરાનપુરની બાજોઠી મંગાવો, ત્યાં વીસલનગરનિ થાળી અણાવો. ૪
ત્યાં કુંગરપુરની ઝારીરે આણી, કંસાર પીરસે રાજા જનકની રાણી;
કંસાર પીરસ્યો તે રુડીરે રીતે, સીતા રામ જમ્યાં તે પૂરણ પ્રીતે. ૫
ત્યાં પાન સોપારીની છાબ જ છોડી, સીતા રામ રહ્યાં છે બેઉ કર જોડી;
કર જોડી પૂરી કહે જે જેરે કીજે, ત્યાં કન્યા સજોડાનાં ભામણાં લીજે. ૬

કડવું ૬ ઠું-ઢાળ

ઉત્તમ જળ ઉષ્ણોદક મેલ્યાં તે, કાણને નાવણ કાજેજી;
પીટ પીરોજા ને સોના આડણિયો, તે જાનને આસન દીજેજી. ૧
વીસલનગરની થાળિયો અણાવો, ને કુંગરપુરની ઝારીજી;
વાટકડા વીજાપુરી મેલો તો, સુવરણ લોટા શુભકારીજી. ૨
કાઠા ઘઉંની લાપશિ પિરસો તો, માંહે માળવિયો ગોળજી;
ઘી તો ગવરી ગાયનાં પિરસો ને, દહિ દુધ કેરી છોળજી. ૩

. શાક તો સૂરણનાં પિરસો તો, રાઇતાનો નહીં પારજી;
દાળ ચંપાના છોડશિ પિરસો ને, વિધ વિધ માંહી વધારજી. ૪
શેવ સુંવાળી સુંદર પિરસો ને, પાપડ પૂનમ ચાંદજી;
ભાત કમોદતણો પિરસો તો, ખોખલે પીરસો ખાંડજી. ૫
ભોજન રુડાં ભાવથી કીધાં, સંતોકિ સર્વે જાનજી;
શુદ્ધાચમન લેઈ બાર પધાર્યાં ને, આપ્યાં ફોફળ પાનજી. ૬
પેરામણીનો સમય થયો છે, માગી લ્યો જે જોઇયેજી;
દશરથરાયને સોનાનું ટીલું તો, રઘુનંદનને જનોઇયેજી. ૭
પાંચે વસ્ત્ર આપ્યાં રઘુનંદનને, રંગ કસૂંબે બોળીજી;
ઘરશાડી ઘરચોળાં અણાવો ને, પાટણની જ પટોળીજી. ૮
જાનરડીને ઝુલતી સાડી ને, માંડવે આવીને પેરેજી;
ઝાલ ઝુમણાં ને નાકે વેસર, સીતાબાઈ કરેજી. ૯
સીતાબાઈ સાસરે ચાલ્યાં ને, દાદાના દેશ મૂકયાજી;
સીતા વિના તો સુનું લાગે ને, તુલસીના કયારા સૂકયાજી. ૧૦
પાછું વાળી જુવે સીતા પનોતાં ને, દાદાને આશિષ દેયજી;
ઘણું જીવજો દાદાજી મોરા ને, રાજ અવિચળ રહેયજી. ૧૧
ઘણું જીવજો વીરજી મોરા ને, ભાભીના નવરંગ ઘાટજી;
સીતાબઇને પાસે બોલાવીને, કહે છે પોતાની માતજી. ૧૨
ગદગદ કંઠે થયા જનકજી ને, આંસુડાં ઢોળે માયજી;
મારી સીતાને તમો સુખ દેજો ને, ચૌદ ભુવનના રાયજી. ૧૩
લાડકી સીતા કહ્યું કરજે તું, લાજ વધારજે તારીજી;
રમકડાં રળિયામણાં આપ્યાં ને, દીધી શિખામણ સારીજી. ૧૪
સીતાબાઈ સહિયરોને મળીને, પછી સાસરિયે જાયજી;
પૂરીબાઈ કહે છે કડવાં તે, પ્રીતે પૂરણ થાયજી. ૧૫
ગાય શિખે ને સાંભળે, તેનો વૈકુંઠ થાયે વાસજી;
અડસઠ તીરથનું ફળ મળશે, પાપ થશે સૌ નાશજી. ૧૬

ગવરીબાઈ

ગીરપુરની આ નાગરણ બ્રહ્મજ્ઞાની હતી

પદ ૧ લું

સોહં સોહં બ્રહ્મ એ ભજ, સોહં સોહં બ્રહ્મ એ ભજ.–ટેક.
પંચ કોસકો તું સાખીરે, ચૈતન્ય સમજી લે એ ભ્રમ; સોહં.
જન્મ જરા મૃત્યુ નહીં તોકું, નહીં તો એ કાલની ક્રમ; સોહં.
નહીં તું શ્વેત પીતળ ને રક્ત, નહીં તું શીતળ ગ્રમ; સોહં.
નહીં તું બંધ્ય, નહીં તું મુક્ત, નહીં તું એ દેહનો ધર્મ; સોહં.
નહીં તું દીર્ઘ, નહીં તું સૂક્ષ્મ, ગવરી સ્વતંત્ર બ્રહ્મ; સોહં.

પદ ૨ જું–રાગ મલાર

પૂર્ણ બ્રહ્મ પુરી રહ્યો, અખંડ એક સ્વામી–ટેક. ૧
ચૌદ ભોવન વ્યાપી, રહ્યો હરિ ત્યાંહી,
બાહીર ભીતર ન્યાંહી, તુંહી મોહ નામી; પૂર્ણ. ૨
ચંદમેં તું ચૈતન્ય તું, સુરજં મેં તું તેજ,
નાહક ભજે તું વિના, દસોદીશ જામી; પૂર્ણ. ૩
રૂપ નહીં, રંગ નહીં, વર્ણ નહીં વિભુ,
નિરંજન નિરાકાર, નહીં માયા કામી; પૂર્ણ. ૪
ગવરિ ગુરુ જ્ઞાન પ્રકાશ, તિમિર ભયોરિ નાશ,
ભાગ્યો બ્રહ્મ ચિદ વિલાસ, પૂર્ણપદ પામી; પૂર્ણ. ૫

પદ ૩ જું–ગરબી

જયજય દીન દયાળ, હરિ હવાં કરો અમારી સાર—ટેક.
કાલના કાલરે કહાવો, ભવ પાસ છોડાવાને આવો; જયજય.
કરુણાકારી આરત બંધુ, હરિ તમો દયાના છો સિંધુ; જયજય.
તારા ચરણ હરિ ના સેવે, તે સુખ પરમ કહાંથી લેવે; જયજય.
પૂર્ણબ્રહ્મ સનાતન સ્વામી, અખંડાનંદ તું બહુ નામી; જયજય.
ધાવધાવ રઘુપત રાયા, હરિ હું પડું તારે પાયા; જયજય.
દીન દયાળ દયા કીજે, બુડતાં ઉગારીરે લીજે; જયજય.

બિંબ પ્રતિબિંબથી રે ન્યારા, આત્મારામ અવિનાશી મારા; જયજય.
નિલ સેત અનંતરે સચરાચર, જોગી ધ્યાન ધરે નહિ ક્ષણભર; જયજય.
બ્રહ્મ અગ્નિ મેં કરને બાલી, દશમે દ્વારે જોએ તને ન્યાળી; જયજય.
શિવ બ્રહ્માદિક ભેદ ન જાણે, હરિ તુંને વેદ પુરાણ વખાણે; જયજય.
સૂક્ષ્મ પરમાણુ ન થાય, હરિ વેદ નિરંતર ગાય; જયજય.
મન વાણીથારે અપાર, કોઈ ન જાણે તારો પાર; જયજય.
આદ્ય ને અંત નહી તારો છેડો, હરિ તું નજીક થકી છે નેડો; જયજય.
કાલજા કારણ ન મલે લેશ, હરિ તું નેતિ નેતિનો શેશ; જયજય.
મોહના પાશ સર્વરે કાપ, ટાળો ત્રિવિધના સૌ તાપ; જયજય.
ભક્તવત્સલરે પ્રતિપાળ, આવો ગવરીના ગોપાળ; જયજય.

પદ ૪ થું–રાગ કાફી

હરિનામ બીનારે ઓર બોલના કયા, હરિ કથા બીના ઓર સુનના કયા;–ટેક. ૧
સુખ સાગર સામલીઓ ત્યાગી, કુપ ડાબમે ડોલના કયા; હરિ. ૨
ઘટ ગિરિધર ગિરિધારી પાયા, બાહેરદ્રીગ અબ ખોલના કયા; હરિ. ૩
આત્મા અખંડ આવે ન જાવે, જન્મ નહીં તો ફીર મરના કયા; હરિ. ૪
ગવરી બ્રહ્મ સકળ મેં જાન્યા, જાન્યા તો જદ બોલના કયા; હરિ. ૫

પદ ૫ મું–ગરબી

આત્મજ્ઞાન વિના પ્રાણીને સુખ ન થાએરે;
આત્મજ્ઞાન વિના મન વિશ્રામ ન પાએરે. ૧
આત્મજ્ઞાન વિના કોઈ સાધે જોગની જુગતીરે;
આત્મજ્ઞાન વિચાર વિના ન પાવે મુક્તિરે. ૨
આત્મજ્ઞાન વિના કોઈ કોઈ અડસઠ તિર્થ નાહેરે;
કામ ક્રોધ કેરા ન રહ્યા કે મુક્તિ ન પાએરે. ૩
આત્મજ્ઞાન વિના કોઈ ઘર તજી વંન ખંડ જાયેરે;
ફેલ ફુલ વિણીને ખાએ કે મુક્તિ ન પાએરે. ૪
આત્મજ્ઞાન વિના પવન સાધે કે ગુફા સમારેરે;
આત્મજ્ઞાન વિના ન ચડે રંગ કરારેરે. ૫
આત્મજ્ઞાન વિના મુનિ મતબાળા ફરેરે;
ઉપર રાતા ને ભીતર કાચા કે મુક્તિ ના મીલેરે ૬
આત્મજ્ઞાન વિના જટા વધારે જોગીરે;
નોકી તૃષ્ણા નાંહી બુઝી કે જ્યાંનો રોગીરે. ૭

આત્મજ્ઞાન વિના કોઇએ પંચાગ્નિમે તાપેરે;
કંઈ ઊંધે મસ્તક ઝૂલે મુક્તિ ન આપેરે. ૮
આત્મજ્ઞાન ધ્યાનમેં સેવ્યા અંતર જામીરે;
ગવરી પરમાત્મા પૂર્ણ બ્રહ્મને પ્રેમે પામીરે. ૯

પદ ૬ ઠું–રાગ કલ્યાણ

બ્રહ્મનો ભેદ જાણે જન અનુભવી, ભેદ જાણ્યા વિના ભ્રમણા ન જાવે;
ભ્રમણા ગયા વિના કરમ કહો કેમ ગળે, કર્મ ગયા વિના મરમ ન પાવે. બ્રહ્મ. ૧
મરમ લહ્યા વિના સંશય ન ટળે, સંશય ટળ્યા વિના સર્વ કાચું;
કથની કથે અર્થ બહુ અનુભવે, રહેણી વિના પદ કેમ પામે સાચું. બ્રહ્મ. ૨
સાચું સિદ્ધાંતનું રહસ્ય સમજે નહીં, ન સમજ્યે અરથ કશું ન સરે;
અનાત્મા સુઆત્મા બુદ્ધિ જોએ, તેણે કરી વાસનાનું લિંગ ન ગળે. બ્રહ્મ. ૩
અણલિંગીને અનુભવી જાણજો, તે જ તત્ત્વદર્શી રહે જોઈ;
ગવરી આત્મા પરમાત્મા એક ભયે, દ્વૈત ભાવ ન છોસે કોઈ. બ્રહ્મ. ૪

પદ ૭ મું

પ્રથમ પંચમ ભાગથી, પિંડ રચ્યો તું જાણ;
આઠ અવયવમાંહે મેળવ્યા, પીછે અંત વેશ પ્રમાણ. ૧
બીજે તે બીજો બોલે નહીં રહે, મેં તો જોયો વિવેક વિચાર;
પાંચ પચીસમાં પોતે રમે, જેમ છે તેમ એ સાર. ૨
ત્રીજે તે તિમિર ટળ્યાંરે, માંહે ઉગ્યો ભાણ ઉજાસ;
કમળ ખુલ્યાં સોહામણાં, જ્યાં ભમર લેવે વાસ. ૩
ચોથે તે ચિત્ત ચાંપે ચડ્યું, આવી અનુભવ અંગે પાંખ;
ચિદાકાશમાં ઉડે સદા, જીણે જરુએ ઝાંખ. ૪
પાંચમે પ્રભુજી પ્રગટ્યા, મારા હૃદ્યા કંદરી માંહ;
અણછતું આવરણ ટળી ગયું, કલહ કલ્પના મોટાય. ૫
છઠ્ઠે તે સ્વરગ વૈકુંઠની, મને વાત ન સોહાય;
નિર્ગુણ સગુણથી ન્યારો સદા, લખ્ય લખ્ય માંહે સમાય. ૬
સાતમે કોનું સાધન કરયું, નથી બીજો કોઈ પરિબ્રહ્મ
બીજો કહેશે ત્યાં લાગે બંધન, એમ વેદ વદે છે મર્મ. ૭
આઠમે આત્મા એક છે, એક ઉદક એક ભાણ;
વા બીજ મેં જેમ વિસ્તરો, તેની અન્ય ચાલે વહાણ. ૮

નામે નિરાલંબ તુંહી, જાણે તત્ત્વદરશિ સંત;
ઘટ ઘટમેં વ્યાપી રહ્યો, જેમ માળા વિષે તંત. ૯
દશમે દશ દિશા માંહે, ઓજી અંતર દૃષ્ટ દેખ;
હરિ વિના અન્ય કો નથી, સંચય કલ્પના તું છેક. ૧૦
એકાદશી અદ્વૈત કરી, જ્યાં દ્વૈત નહીં કો લાલ;
વરનું વિચારે સંસાર સુપન, વંધ્યા સૂતનો પરિવાર. ૧૧
બારસે બીજ બળી ગયાં, ફેલી અગન ન પાય;
સદ્‌ગુરુની કૃપાથી, અણુલિંગી ખગવૃત થાય. ૧૨
તેરસે ત્રિગુણ નીદ્રા ટાળી, કોઈ જાગ્યા મહાજન;
તમપદનો લેખ લખી, વાંચી લેને ધન્ય. ૧૩
ચતુરદશા ઉપમા તરે, તુરીયા અજિત તું જાણ;
બાહીર ભીતર બ્રહ્મ માયાને, વિભુસખીપર માન. ૧૪
પૂરણ છો પરમાત્મા, સદચિદ આનંદ ઘન;
ગવરી સ્વપદ પાઇઆ, ઉદ અસ્ત નહીં રહેણી દન. ૧૫
સોળે કળા સંપૂર્ણ થઈ, નીજ ધામ કૈવલ્ય ગમ;
કે બાદ બી ઉપજે ખમે, ખણ ખગ તેમનું તેમ. ૧૬

પદ ૮ મું

આદ અનાદિનો એક છે, એક પૂર્ણ પરિબ્રહ્મ;
બીજું તેનું જાણજો, મિથ્યા કલપીત મરમ. ૧
સોમ સમાધિ માંહે રહે છે, અણુલિંગી આસે;
મીટેવા એક જળ, સકળ સાધન નાસે. ૨
મંગળ વર તે માંહે, આત્મ સ્વેપ્રકાશે;
નાહી વિધિની સેહ, પાપ પુનકો આશે. ૩
બુધ થકી વ્યતરીક છે, ગુણ ઇંદ્રી રહી તે;
રવિ શશી જો નહીં, નહીં ત્યાં દિન રજની સહી તે. ૪
ગુરુ અકીની મહેર, મીટ્યું દેહજો ભાને;
સુકૃત દુષ્કૃત કર્મ ઝાલ્યા, બ્રહ્મ અગ્નિ માંહે. ૫
શની સ્કંધ થયો નિરાશ, નહીં ત્યાં ધુમર તો ધર્મે;
સ્થાવર જંગમ માંહે, વિલાસો પૂર્ણ પરિબ્રહ્મે. ૬
છેએ સ્વતંત્ર ગવરી અણછતો, નામે નહીં દ્વૈત;
કો કાળ એને જાણવો, અખંડ એક અદ્વૈત. ૭

પદ ૯ મું-રાગ પ્રભાતી

સુખ સાગર શિવરાજ સદાએ, સુખ સાગર શિવરાજ;
વનેશ્વર વિશ્વમાં વીલસ્યા, જેમ પુલનમેં બાસ. સુખ. ૧
વગડે વાસ પુરેારે વનેશ્વર, ગેબ સાગર ગંગપાસ;
નરનારી મીલ દર્શન આવે, પૂરેા સબનકી આસ. સુખ. ૨
ઓરકુંતેા રિદ્ધ સિદ્ધ બક્ષિશ દેવે, બાનપાન મીઠાસ;
આપકું તેા આક ધંતુરે, ભાંગ અંગ ભભૂતિ ઉજાસ. સુખ. ૩
શિવ હરિમે ભેદ નહીરે, વેદવાણી ઉચરે સાચ;
દાસ ગવરી સદાશિવ ચરણે, ટાળેા મેાહનેા પાસ. સુખ. ૪

પદ ૧૦ મું

માયા તણી શેાભા જોઇને, ન પામેા મેાહ; માયા.
ભુખા ભમેારે જગ વિશે, તે મેાટીરે હાણ; માયા.
આપ વિચારેા મન વિશે, કેાણ વ્યાપ્ત એક; માયા.
જુએારે તમે છે એક જે, પરિપૂર્ણ બ્રહ્મ; માયા.
રૂપ રેખ તે નવ મળે, એવેા સ્વામી એક; માયા.
સર્વ હૃદયમાં વ્યાપ્ત છે, અવિનાશિ તું જાણ; માયા.
મદ મેાહને તેં ત્યાગીને, મન ધીર ધાર; માયા.
ન જોઇશ તું રંગને, એ તેા મિથ્યા માન; માયા.
જરા મરણ ત્યાગીને, બુદ્ધિ નિશ્ચે ધાર; માયા.
ગવરી કહે અનહદ જો, મન શાન્ત થાય; માયા.

પદ ૧૧ મું

માયા મેાહકેા છાંડી કે, મન નિશ્ચય ધારેા;
એકહી વ્યાપક આત્મા, દુજો નાહી પ્રમાણેા. માયા. ૧
જહાં દેખેા ત્યાં વહી રહેા, મન નિશ્ચલ જાણેા;
આવાગમન સંશય છાંડી કે, મન માંહી વિચારેા. માયા. ૨
રાગ દ્વેષકેા ત્યાગહી, મન માંહી કરી લેના;
અહંત્વકેા ત્યાગજો, મન નિશ્ચલકેા ધારેા. માયા. ૩
ગવરી કહે સુંદરકું નિશ્ચલ, એક બ્રહ્મ જાણેા;
માયા મેાહકેા છાંડી કે, મન નિશ્ચલ ધારેા. માયા. ૪

જૈન કવિ

ઉદયરત્ન

સ્ત્રીઓને શિખામણની સઝઝાય (સ્વાધ્યાય)

એક અનૂપમ શીખામણ ખરી, સમજી લેજોરે સઘળી સુંદરી.

ત્રુટક

સુંદરી સજે હૃદય હેજે, પરસંગે નવિ બેસિયે;
ચિત્તથકી ચુકી લાજ મૂકી, પરમંદિર નવિ પેશિયે.
બહુ ઘેર હિંડે નારિ નિર્લજ, શાસ્ત્ર પણ તજવી કહી;
જમ પ્રેત દૃષ્ટે પડયું ભોજન, જમવું પણ જુગતું નહીં.

ઢાળ

પરશું મસ નવિ બોલીયે, દંત દેખાડીરે ગુંઝ નહિરે બોલિયે.

ત્રુટક

ગુંઝ ઘરનો પરની આગળ, કહો કેમ પ્રકાશીયે;
વળી વાત જે વિપરીત ભાખે, તેથી દૂરે નાશીયે.
અસુર સવારે અને ગોચર, એકલાં નવિ જાઇયે;
સહ સાતકારે કામ કરતાં, સહજે શીળ ગમાઇયે.

ઢાળ

'નટ વિટ નરશુંરે નયણ ન જોડીયે, મારગ જાતારે આધું ઓઢીયે.

ત્રુટક

આધું ઓઢીયે વાત કરતાં, ઘણું જ રુડાં શોભીયે;
સાસુ અને માના જાણ્યાવિણ, પલક પાસ ન થોભીયે.
સુખ દુઃખ સરજ્યું પામિયે, પણ કુલાચાર ન મૂકીયે;
પરવશે વસતા પ્રાણ તોપણ, શીળથી નવી ચૂકીયે.

ઢાળ

વ્યસનીની સાથેરે, વાત નકીજીએ, હાથોહાથેરે તાળી ન લીજીએ.

ત્રુટક

તાળિ ન લીજે નજર ન દીજે, ચંચળ ચાલે ન ચાલીયે;
વિષય બુદ્ધે વસ્તુ કેની, હાથે પણ નવિ ઝાલિયે.
કોટિ કંદર્પ રૂપ સુંદર, પુરુષ પેખી ન મોહિયે;
તણખલાને ગણો તોલે, ફરિ પાછો નવ જોઇયે.

ઢાળ

પુરુષ પરાયેારે વળી ન વખાણીયે, વૃદ્ધ તે પિતા સરીખા જાણીયે.

ત્રુટક

જાણયે પિયુવિણ પુરુષ સઘળા, સહોદર સમોવડે;
પતિવ્રતાનો ધર્મ જોતાં, નાવે કોઈ તડોવડે.
કુરૂપ કુષ્ટિ કૂબડો ને, દુષ્ટ દુર્બલ નિર્ગુણો;
ભરથાર પામી ભામિની તમે, ઇંદ્રથી અદકો ગણો.

ઢાળ

અમર કુમારેરે તજિ સુરસુંદરી, પવન કુમારેરે અંજની પરિહરી.

ત્રુટક

પરિહરી સીતા રામે વનમાં, નળે દમયંતી વળી;
મહા સતી નિર્મળ કષ્ટ પડ્યે, શિળથી તે નવિ ચળી.
કસોટીયે જિમ સુવર્ણ કસતાં, કંતશું વિછડે તહી;
તન મન વચને સત્ય રાખે, સતી તે જાણો સહી.

ઢાળ

રૂપ દેખાડીરે પુરુષ ન પાડીએ, નિર્લજ થઇનેરે મન ન બિગાડીયે.

ત્રુટક

મન ન બિગાડીયે પુરુષપરનું, જોગ જોતાં નવિ મળે;
કલંક માથે ચડે કુડાં, સગાં સઉ દૂર ટળે.
અણસરજ્યો ઉચ્ચાટ થાયે, પ્રાણ તિહાં લાગી રહે;
આ લોક પામે આપદા, પરલોકે બહુ પીડા સહે.

ઢાળ

રામને રૂપેરે સૂર્પણખા મોહી, કામ ન સિધ્યું અને ઇજત ગોઈ.

ત્રુટક

ઇજત ખોઈ દેખિ અભિયા, શેઠ સુદર્શન નવિ ચળ્યો;
ભરથાર આગળ પડી ભુંઠી, અપવાદ સઘળે ઉછળ્યો.
કામની બુદ્ધે કામિનીએ, વંકચુલી વાહ્યો ઘણું;
પણ શીળથી ચૂકયો નહી, દૃષ્ટાંત એમ કહેતાં ભણું.

ઢાળ

શીળ પ્રભાવેરે, જુઓ સોલે સતી, ત્રિભુવનમાંહી તે થઈ છતી.

ત્રુટક

છતી થઈ જે શીળ રાખ્યું, કલ્પના કીધી નહી;
તે નામ તેહનાં જગત જાણે, વિશ્વમાં ઉગી રહી.
વિવિધ રત્ને જડીત ભૂષણ, રૂપ સુંદર કિન્નરી;
પણ શીળ વણ શોભે નહીં, તે સત્ય ગણજો સુંદરી.

ઢાળ

શીળે સુરનર સઉ સેવા કરે, નવે વાહું રે નિશ્ચળ જે ધરે.

ત્રુટક

ધરે નિર્મળ શીળ ઉજ્જવલ, તાસ કિરતી જળહળે;
મન કામના તે સિદ્ધિ પામે, અષ્ટભય દૂરે ટળે.
ધન્ય ધન્ય તે જાણો ધરા, જ્યાં શિયળ ચોખું આદરે;
આનંદના તે ઓધ પામે, ઉદયરત્ન જશ વિસ્તરે.

સોળ સતી–ચોપાઈ

ઉઠરે પ્રાણી સૂતો જાગ, ધર્મતણે મારગ તું લાગ;
સોળ સતીનાં લીજે નામ, જ્યમ પામીજે ઉત્તમ ઠામ. ૧
પહેલી સમરું બ્રાહ્મી સતી, ચંદનબાળા બીજી ભાગવતી;
રાજેમતિ જાણો મનરંગ, ચોથી દ્રૌપદી શીળ સુચંગ. ૨
કૌશલ્યા ને મૃગાવતી, સુલભા સીતા વંદુ ગુણવતી;
સુભદ્રા ને શિવા સુજાણ, કુંતા શીળવંતી મન આણ. ૩
નળ દમયંતી મહા ગુણયુતી, પુષ્પચુલા ને પ્રભાવતી;
પદ્માવતી પ્રમુખ સુંદરી, સોળ સતી જાણો ગુણભરી. ૪
સોળ સતી જગમાં અભિરામ, કર જોડીને કરું પ્રણામ;
ઉદયરત્ન મુનિવર એમ ભણે, સતી નામે નવનિધ આંગણે. ૫

—※※※—

કુમુદચંદ્ર

પુરુષને શિખામણની સઝઝાય (સ્વાધ્યાય)

સુણ સુણ કંથરે શીખ સોહામણી, પ્રીત, ન કીજે પરનારીતણી.

ત્રુટક

પરનારી સાથે પ્રીત પીયુડા, કહેા કેવિ પેર કીજીએ;
એક ઉંચ વેચી આપણી, ઉનાગરેા કેમ લીજીએ.
કાછડી છૂટેા કહે લંપટ, લેાકમાંહે લાજીએ;
કુળવિષે આંપણ નિખર લાગે, સગામાં કેમ ગાજીએ.

ઢાળ

પ્રીત કરતાંરે પહેલાં બીજીએ, રખે કેાઈ જાણેરે મનમાં ધ્રુજીએ.

ત્રુટક

ધ્રુજીએ મનશું ઝુરિયે, પણ જોગ મળવેા છે નહીં;
રાત દિન મન ઝુરતાં જાય, અવટાઈ મળવું છે સહી.
નિજ નારિથી સંતેાષ ન વળ્યેા, પરનારીથી શું હશે;
જો ભર્યે ભાણે તૃપ્ત ન વળ્યેા, એઠું ચાટે શું થશે.

ઢાળ

મૃગતૃષ્ણાથારે નહીં ટળે, વળું પીલ્યેરે તેલ ન નીકળે.

ત્રુટક

નવ નીકળે પાણી વિલેાવતાં, લેશ માખણ તેા વળી;
ઘુડતાં બાચકેા ભર્યો ફીણે, તર્યાં વાત ન સાંભળી.
તેમ નારી રમતાં પરતણી, સંતેાષ ન વળે એક ઘડી;
ચિત્ત ચટપટી ઉચાટ લાગે, જોણે નાવે નિંદડી.

ઢાળ

જેવેા ચટકારે રંગ પતંગનેા, તેવેા લટકેા પરસ્ત્રી સંગનેા.

ત્રુટક

પરસ્ત્રી કેરેા સંગ પિયુડા, રખે મન જાણે ખરેા;
દિન ચાર રહેશે રંગ રૂડેા, પછે રહે નહિ નિરધરેા.

જે ધણાં સાથે પ્રીત માંડે, છાંડે તે શું વાતડી;
એમ જાણી નવિકર નાવલા, પરનારી સાથે પ્રીતડી.

ઢાળ

જે પતિ વહાલેારે છાંડી પાપિણી, પરશું પ્રેમેરે રાચે સાપણી.

ત્રુટક

સાપણી સરખી વેણ નિરખી, રખે શીળથકી ચળે;
નયણ લટકે મુખને મટકે, દેવ દાનવને છળે.
મને કાળી અતિ રસાળી, વાણિ મીઠી શેલડી;
સાંભળી ભેાળા રખે ભૂલેા, જાણજ્યે વિષ વેલડી.

ઢાળ

સંગ નિવારેારે પરરામાતણેા, શેાક ન કીજેરે, મન મળવાતણેા.

ત્રુટક

શેાક શાને કરેા ફેાગટ, દેખવેા પણ દેાહલેા;
ક્ષણ મેડિયે ક્ષણ શેરિયે, ભમતાં તે લાગે સેાહલેા.
ઉસાસને ને નીસાસ આવે, અંગ ભાગે મન ભમે;
વળી કામ વ્યાપે દેહ દાઝે, અન્ન દીઠું નવ ગમે.

ઢાળ

એકલડેા થઈ મન શું કળપવે, ઉન્મત્ત થઇનેરે વળી અકળ લવે.

ત્રુટક

લવે એલફેલ એમ અજાણે, મેાહે ઘેલેા મન રડે;
મદન વેદન કઠિણ જાણે, મરણ વારુ ત્રેવડે.
દશ અવસ્થા કામકેરી, કંથ કાયા તે દહે;
એમ જાણી નારી પારકી, જે તજે તે બહુ સુખ લહે.

ઢાળ

પરનારીનારે પરભવ સાંભળેા, કથા કીજેરે ભાવશું નિર્મળેા.

ત્રુટક

નિર્મળે ભાવે નેહે સમજી, પરવધુ સંગ પરિહરેા;
ચાંપીયેા કીચક ભીમસેને, શિલા હેઠે સાંભળ્યેા.
રણ પડ્યાં રાવણ દશે, મસ્તક રવડતાં ગ્રંથે કહ્યાં;
મુંજપતિ અતિ દુઃખ પામ્યેા, અપજશ જગમાંહે રહ્યાં.

ઢાળ

શીળ સલૂણારે માનવ સોહીએ, વિણ આભરણેરે જગ મન મોહીએ.

ત્રુટક

મોહિયે સુર નર કરે સેવા, વિષ અમૃત–સાગર ભરે;
કેસરીસિહ વિશાળ થાયે, અગ્નિ અતિ શીતળ કરે.
સાપ થાયે પુલમાળા, લક્ષ્મી ઘેર પાણી ભરે;
પરનારી પરહર શિયળ મનધર, મુક્તિ વધુ હેલા વરે.

ઢાળ

તે માટે હુંરે વાલમ વીનવું, પાયે લાગીરે મધુર વચન કહું.

ત્રુટક

વચન મારું માનજો, પરનારીથી રહો વેગળા;
અપવાદ માથે ચડે કૂડા, નરકે થાયે દોહિલા.
ધન્ય ધન્ય તે નર નારી જગમાં, શિયળ પાળે ઉજળો;
તે પામશે જશ જગતમાંહે, કુમુદચંદ્ર કહે સમજલો.

સવૈયો

કવિતાવનમા વિચરી પ્રેમે, સંગ્રહ કીધાં સુમન અનેક,
તેતણી માલ રચિ અતિ સુંદર, કંઠ ધરો સજ્જન સવિવેક;
શીતળ તેમ સુવાસિત સ્નેહવધારણ છે વસુધાતલ છેક,
તે સજશે પરિપૂરણ પ્રેમે, જેહ રસજ્ઞ હશે નર નેક.

સમાપ્ત

કઠણ શબ્દનો કોશ

અકૃત–પાપ, નઠારું કૃત.
અક્રૂર–દયાળુ.
અખિલ–સઘળું.
અખેપાત્ર–જેમાં રાખેલું ખૂટે નહીં તેવું વાસણ.
અગમ–પુરાણ, ભવિષ્ય, હોનાર.
અગવો–આગેવાન, ભોમિયો.
અગાધ–ઉંડું, પારવનાનું.
અગોચર–દેખાય નહીં તેવું.
અગ્ર–આગળ, અણી, મુખ્ય.
અગ્રજ–પહેલી.
અગ્રિમ–આગળનું.
અઘ–પાપ, પાતક.
અઘોર–ભય ભરેલું, ભયંકર.
અચર–ઐસે નહીં તેવું.
અચ્યુતાનંદ–સદા આનંદ.
અજ–અજ–બકરો, બ્રહ્મા.
અજર–જરા ન આવે તે. આનાકાની.
અજીર–પરસાળ.
અટાટ–ઘણું સાર વિનાનું.
અટન–ફરવું, ભ્રમણ, પ્રવાસ.
અંડકટાહ–બ્રહ્માંડ, તાળવું.
અઢળક–ઘણું.
અણમિલ–મળે નહીં તે.
અણરાગ–અણબનાવ.
અણગાર–નિયમ.
અણલિંગી–વિદેહી, મુક્ત.
અણિમાદિક–યોગની આઠ સિદ્ધિમાંની એક.
અતિથિ–પરોણો, અભ્યાગત.
અતીત–વૈરાગી.
અતિમાત્રા–ઘણું ખાવું.
અદબદ–અદ્‌ભુત, અપૂર્ણ.
અદીઠ–ન દેખાય તેવું.
અદ્રિસુતા–પાર્વતી.
અધર–હોઠ.
અધવધરો–મધ્યમ જાતિનો.
અધ્યયન–ભણવું.
અધ્યાપન–ભણાવવું.
અધ્યાપક–ભણાવનાર.
અધ્યારોપ–વૃથા ભાસવું.
અધ્યાસ–ખોટું ભાસવું.
અધિષ્ઠાન–ઉપરીપણું, સત્તા.
અધોમુખ–ઉધું મોહડું.
અનન્ય–એના જેવો બીજો નહીં.
અનલ–અગ્નિ.
અનહદ–હદવગરનું.
અનિત્ય–નિત્ય રહે નહીં તે, ક્ષણભંગુર.
અનિલ–વાયુ, પવન.
અનિઠ–અપાર.
અનુચર–સેવક, ચાકર.
અનુચિત–અયોગ્ય.
અનુદિત–હમેશાં, દરરોજ.
અનુપ–ઉપમા'ન અપાય એવું.
અનુપ્રાસ–મળતા અક્ષર લાવવા તે.
અનુરાગ–પ્રીતિ.
અનુસંગ–સાથે જોડેલું, સાંધેલું.
અનંગ–કામદેવ.
અનંગળ–અગણિત.
અનેરું–જૂદી તરેહનું.
અપ–જળ.
અપથ્ય–કુપથ્ય, કરી ન પાળવી.
અપૂર્વ–પ્રથમજ, જેની પહેલાં કાંઈ ન હોય તે.
અબધુત–જોગી.
અભ્ર–વાદળાં.
અભિચાર–મંત્રની સાધના.

અભિધાન-નામ.
અમર-દેવતા, મરે નહીં તે.
અમિત-અપાર.
અમિ-અમૃત.
અમોઘ-ફળદાયક, લાભકારી.
અયુત-દશ હજાર.
અરણ્વ-દરિયો, સમુદ્ર.
અરવિંદ-કમળ.
અર્ક-સૂર્ય, આકડો.
અર્ધાંગના-સ્વપત્ની, સ્ત્રી.
અર્ભક-બાળક.
અરુણ-સૂર્ય, રાતું.
અલક-ચોટલો.
અલકાપુરી-કુબેરનું શહેર.
અલખ-જોવામાં ન આવે તે.
અલખત-વૈભવ.
અલવણ-મીઠાં વગરનું.
અલી-ભમરો.
અવલોકન-જોવું.
અવ્યક્ત-સંભળાય-સમજાય નહીં તેવું.
અવિદ્યા-અજ્ઞાન.
અસિ-તરવાર.
અશાત-પીડા.
અસ્ત-હાડકાં.
અશ્વત્થ-પીપળો.
અશ્વિની-એક નક્ષત્ર છે, ઘોડી. [વિગેરે આઠ.
અષ્ટમાસિદ્ધિ-અષ્ટમહાસિદ્ધિ, અણિમા, મહિમા
અહિપતિ-શેષનાગ.
અહોનિશ-દિવસ રાત.
અક્ષરબ્રહ્મ-અવિનાશી, બ્રહ્મ.
અક્ષરાતીત-આત્માથી જૂદો પરમેશ્વર.
આગાર-ઘર.
આગમાપાયી-ઉત્પત્તિ, નાશવાન્.
આઘેરી-આઘી, દૂર.
આજ્ય-ઘી.
આઠોઠમ-વ્યાપક, ભરેલો.
આડંબર ખોટો ડોળ.
આંદુલમાન-પ્રસન્ન.
આથ્થ-પુંજી.
આદર્શ-આરસી.
આધિ-મનની વ્યથા.
આભ-આકાશ.
આભરણ-ઘરેણાં.
આભા-શોભા.
આભાસ-પ્રકાશ.
આમિલ-માંસ.
આરટવું-અટવાવવું
આવસત-રોજ ત્રણ વખત કુંડમાં હોમ કરે છે તે.
આયાસ-શ્રમ, મહેનત.
આયુધ-હથિયાર.
આલિંગન-બાથમાં લેવું.
આવરવું-ઢાંકી દેવું, ફેલાવવું.
આવિર્ભાવ-હોવા પણું.
આરત-આરતી, પીડા.
આરોપવું-મૂકવું.
આરોહ-ચઢવું.
આવરણ-આડે આવવું.
આવાગમન-ચાલવું ને જવું.
અશન-જમવું, ખાવું.
આળવાળ-કયારો.
આવિર્ભાવ-પ્રકટ થવું.
આળાપવું-ગાવું.
આળીગાળો-અટકચાળો.
ઇચ્છાચારી-મરજી પ્રમાણે વર્તનાર
ઇડા-એક નાડી.
ઇન્દ્રિય-આંખ, કાન, નાક વગેરે.
ઇન્દિરા-લક્ષ્મી.
ઇન્દુ-ચંદ્રમા.
ઇન્દુસુત-બુધ.
ઇન્ધણધોરી-ઠોઠ.

ઇષણા–ઇચ્છા.
ઇક્ષુ–શેરડી.
ઉક્તિ–વાણી.
ઉખાણો–કહેવત.
ઉગ્ર–મોટું.
ઉછંગ–ખોળો.
ઉઠ–સાડા ત્રણ હાથ.
ઉડગણ–તારા.
ઉદ્વત્સ–ઉજડ.
ઉદધિ–સમુદ્ર.
ઉધડકી–ઝપકા.
ઉપરછળા–ઉપરચોટીયા.
ઉપરતિ–વિરામ, વૈરાગ્ય.
ઉપાગે–ઉપાયે.
ઉમરેણ–ઉમેરો, ભરતી.
ઉલસે–પ્રકાશી રહે.
ઉલકાપાત–ઉત્પાત.
ઉલ્લુક–ઘુવડ.
ઉરણનાભ–કરોળિયો.
ઉર્મિ–મોજાં, તરંગ.
ઉણાઈ–ઉન.
ઉસરણ–કાઢી લેવાનું.
એધાંણ–નિશાની.
એકાવળ–એકસેર.
એળે–અમથો, ફોકટ.
ઓધ–ઢગલો.
ઓઘો–ઘાસની ગંજી.
ઓજ–તેજ, પ્રકાશ.
ઓછાયો–પડછાયો.
અંકુર–ફણગો.
અંગજન–પુત્રો, દીકરી.
અંતઃપુર–જનાનખાનું.
અંતરપટ–પડદો.
અંતરીક્ષ–આકાશ.

કટી–કેડ, કમર.
કટુતા–કડવાસ.
કણ્વકા–ઘણું ઝીણું.
કતાળ–કલેશ.
કદળી–કેળ
કપિ–વાંદરો.
કપોળ–ગાલ.
કમઠ–કાચબો.
કમળા–લક્ષ્મી.
કરસણી–કૃષીવિદ્યા, ખેતીવિદ્યા.
કરાળ ભયંકર.
કરિણી–હાથિણી.
કરુણાકર દયાનો ખાણ.
કલત્ર-સ્ત્રી.
કલ્પદ્રુમ-દેવનું ઝાડ.
કલરવ હંસનાં બચ્ચાંનો અવાજ.
કવરધુ–દુઃખ લગાડનારું.
કંકોડા–એક જાતનું ફળ.
કંદુ–ખરજ, ચળ.
કંદર્પ–કામ.
કવા–કહેવું.
ક્લીબ–નપુંસક.
કૃતાંત-યમ.
કૃશાનુ–અગ્નિ.
કાકવંધ્યા–કાગડાની પેઠે એકવાર વિયાય તે
કાછ–કાછડી.
કાંત–સ્વામી.
કાંતા–પોતાની સ્ત્રી.
કામ–કામદેવ, કાર્ય, ઇચ્છા.
કામદુધા–દેવતાની ગાય.
કામ્યકર્મ–સુખની ઈચ્છાએ કર્મ કરવાં તે.
કાયકલેશ–કાયાનો કલેશ.
કાર્મુક–બાણ.
કાયાક્લેશ–શરીરદમન.
કારાગ્રહ–બંધીખાનું.

કિંકર–સેવક, ચાકર.
કિન્નર–દેવની એક જાત.
કિશોર–બાળક.
કિલ્બિષ–પાપ.
કુક્કુટ–કુકડો.
કુચ–સ્તન.
કુટજ્ઞાની–ખોટો જ્ઞાની.
કુતર્ક–ખોટો વિચાર.
કુતોહળ–કૌતક.
કુરંગ–હરણ.
કુસુમ–ફુલ.
કુશ–દર્ભ.
કુશીલ–નઠારા સ્વભાવનો.
કેતકી–કેવડાનું ઝાડ.
કેશપાશ–ચોટલો.
કૈવલ્ય–મોક્ષ.
કોકિલા–કોયલ.
કોડામણો–હોંસિલો.
કોદંડ–ધનુષ,
કોવિદ–વિદ્વાન.
કૌસ્તુભ–એક મણિ.
ખ–આકાશ.
ખગ–પક્ષી.
ખગવાહન–વિષ્ણુ.
ખગેશ–પક્ષીઓનો રાજા, ગરુડ.
ખટદર્શન–છ શાસ્ત્ર.
ખટરસ–છ રસ.
ખદ્યોત–આગિયા–પતંગિયા.
ખાટ–લાભ.
ખાધાવેધ–એક બીજાનું ખુંડું.
ખાંડું–તલવાર.
ખેચરી–પક્ષિણી.
ખેચર–પક્ષી.
ખોડ–મોટું ઝાડ.
ખોહ–ગુફા.
ખ્યાત–કીર્તિ.
ખંજન–એક જાતનું પક્ષી.
ગગન–આકાશ.
ગજ–હાથી.
ગજગામા–હાથિણીની માફક ચાલનારી સ્ત્રી.
ગણ–સમૂહ, ટોળી.
ગર્થ–નાણું.
ગર્દભ–ગધેડો.
ગર્ભાધાન–સ્ત્રી ગર્ભ ધારણ કરે તે.
ગરુડગામી–વિષ્ણુ.
ગયણ–આકાશ.
ગયવર–મોટો હાથી.
ગવાનિક–ગાયને માટે કાઢેલું અન્ન–ગોગ્રાસ.
ગામોટ–ગામનો ગોર.
ગિરિ–પર્વત.
ગીરા–વાણી.
ગીર્વાણ–સંસ્કૃત વાણી.
ગુંજ–ચણોઠી.
ગુંજર–ભમરાનો ગણગણાટ.
ગુણાતીત–ત્રણ ગુણથી ન્યારો.
ગુદરુ–માફ કરું છું.
ગુહ્ય–ગૂઢ–છાનું.
ગેહ–ઘર.
ગોખર–ગાયમાં ઉછરેલો ગોધો.
ગોતવું–શોધવું.
ગોપદ–ગાયનું પગલું.
ગોમય–છાણ.
ગૌરી–પાર્વતી.
ગૌરીપુત્ર–ગણપતિ.
ઘટ–ઘડો, શરીર.
ઘન–વરસાદ.
ઘાતક–મારનાર.
ઘારણ–ઉંઘમાં ઘેરાવું.
ઘોષ–અવાજ.

ચક્રપાણ-ણિ-વિષ્ણુ.
ચખહીણ-આંધળો.
ચતુરધા-ચાર પ્રકારની મુક્તિ.
ચતુષ્ટય-ચારનો જથો.
ચપલા-વિજળી.
ચરણો-ચોરણો-ધાધરો.
ચરણોદક-પગ ધોયેલું પાણી. [ઉદ્ભિજ્જ.
ચારખાણ-સ્વેદજ, અંડજ, જરાયુજ અને
ચાર પદાર્થ-ધર્મ, અર્થ, કામ અને મોક્ષ.
ચિદ્ઘન-બ્રહ્મ.
ચિનવું-જાણવું.
ચૈતન્ય-જીવ.
ચૈલ-વસ્ત્ર.

છછોરી-હલકી.
છર-અસ્ત્રના ચપકા.
છાર-રાખ.
છિદ્ર-કાણું.
છિલ્લર-નાનું તળાવ.
છેહ-અંત.

જગતી-પૃથ્વી.
જઘની-મારનાર.
જડી-મૂલી, બુટી.
જનની-મા.
જલપવું-બકવું.
જહદાજહદ-જડ ચૈતન્ય.
જાડ્ય-જડાપણું, મૂર્ખાઈ.
જાનુ-ગોઠણ, ઢીંચણ.
જાતકર્મ-જન્મ સમયની ક્રિયા.
જામ-પ્રહર, પહોર.
જામિની-રાત્રી.
જાહ્નવી-ગંગા. [જીવતે. બ્રહ્મજ્ઞાન થયું તે.
જીવન્મુક્ત-જન્મ મરણથી, ત્રિવિધ તાપથી છૂટેલો
જીવાંતક-પારધી.
જુગલ-બે.
જુવતી-જુવાન સ્ત્રી.

જ્યેષ્ઠ-મોટો.
જ્યેષ્ટિકા-લાકડી.
જોજન-યોજન (ચાર ગાઉ.)
જોષિતા-સ્ત્રી [જોગી.
જંગમ-હરી ફરી શકે તેવી વસ્તુ. એક ધર્મનો
જંઘા-જાંઘ.
જંબુક-શિયાળ.

ઝમક-યમક, કવિતામાં વારેવારે આવતા શબ્દો.
ઝામર ઝોળ-ખોટો ડોળ.
ઝામણ-દહીને આમ્રકવા માટે દહી મેળવણી.
ઝુંઝાર-લઢાઈ કરનાર.

ટાળી-વગર.
ટીકી-ટપકું.
ટેઢી-વાંકી.

ઠાણ-સ્થાન.

ડેરો-હરેડી, તોફાની ગાયને ગળે લાકડું બાંધે છતે.
ડમરુ-વાજું.
ડાકડમાલ-ડોળ, આડંબર.
ડંબર-ડોલા.

તક-છાસ.
તત્પદ-ઈશ્વરપદ.
તત્ક્ષણ-તે ચખતે, તરત.
ત્રિઠ-પીડા.
ત્રિધાવૃત્તિ-ત્રણ પ્રકારની વૃત્તિ.
ત્રિપુંડ્ર-આડું ટીલું, શૈવી કરે છે તે.
તમ-અંધારું.
તમાલ-તમાલનાં પાંદડાં.
તનયા-દીકરી.
તરણી-સૂર્ય. [હોય તે.
તરપેટ-ત્રિપેટ, ત્રણ ગામની સીમ એકઠી થતી
તજ્ઞ-ડાહ્યો.
તાત્પર્ય-સાર, મતલબ.
તાપસ-તપ કરનાર, તપસી.
તામ-તમોગુણી.

તાસ–સ્વાદ, લહેજત.
ત્રાણ–રક્ષણ.
ત્રાવડ–તાવડું.
ત્રિગુણાત્મક–રજ, તમ અને સત્વ એ ત્રણ [ગુણોને જીવાડનાર.
ત્રિગુણાતીત–રજ, તમ અને સત્વ એ ત્રણ [ગુણોથી ન્યારો.
ત્રિપુરારી–શિવ.
ત્રિયા–સ્ત્રી.
ત્રિવેણી–ગંગા, યમુના અને સરસ્વતી એ ત્રણ નદીઓ, ત્રણ નદી એકઠી થાય તે જગા.
ત્રિવિધતાપ–અધિભૂત, અધિદૈવ અને અધ્યાત્મક, એ ત્રણ જાતનાં દુઃખ.
તિમિંગળ–મગર.
તિમિર–અંધારું.
તુલા–તોળવાનો કાંટો, એક રાશિ છે.
તુષ–સાળનાં ફોતરાં.
તોય–પાણી.
તોરારો–તે–પાધડીનો.
તૃણચર–ઘાસ ખાનાર.
દગ્ધ–દાઝેલું.
દત્ત–આપેલું હોય તે.
દદામા–નગારાં.
દધિજ–લક્ષ્મી.
દનુજ–રાક્ષસ, દૈત્ય.
દર્પ–અભિમાન.
દરી–ગુફા.
દશાનન–રાવણ, દશમુખ.
દળ–પાંદડું, લશ્કર.
દક્ષ–ડાહ્યો.
દાદુર–દેડકો.
દામણાં–દોરડાં.
દામિની–વિજળી,
દારા–સ્ત્રી.
દારુણ–વિકરાલ, ભયંકર.
દાસિત્વ–દાસપણું.
દિગ્પાળ–દિગ્રાય–દિશાનો દેવ.
દિગંબર–દિશા છે વસ્ત્ર જેનાં એવો નગ્ન.
દિવ્ય–તેજસ્વી, ભભકાદાર.
દીક્ષિત–દીક્ષા દીધેલું એવું, બ્રાહ્મણોમાં એક અટક છે.
દીર્ઘાયુ–લાંબા આયુષવાળો.
દુકૂલ–વસ્ત્ર.
દુધા–દુઝતી.
દુર્ગ–કોટ, કિલ્લો.
દુરિત–પાપ.
દુર્ભિક્ષ–દુકાળ.
દુલારી–દીકરી.
દેવાંગના–દેવતાની સ્ત્રી.
દેહદર્શી–શરીરને પોતાનું જાણનાર.
દોહન–દોહવું, સાર.
દોહગ–દોષ.
દૃગ–આંખ.
દ્યુત–જુગાર.
દ્રવવું–ગળવું.
દ્રવંતિ–વિરહથી ગળતી.
દ્યુતિ–કાંતિ.
દંતી–હાથી.
દંપતી–સ્ત્રી અને પુરુષ.
ધડકણ–બીકણ, ડરકણ.
ધનદ–કુબેર.
ધનિક–પૈસાવાળો.
ધરણી–પૃથ્વી.
ધરાધર–ધરા–પૃથ્વી, ધર–ધરનાર, પૃથ્વીને ધરનારા–શેષ.
ધાતા–બ્રહ્મા.
ધૂર્ત–ધૂતારો.
ધૂમ્ર–ધૂમાડો.
ધેનુ–ગાય.
ધ્યેય–ધ્યાન કરવા યોગ્ય પદાર્થ.
ધ્વનિ–શબ્દ, સ્વર.
ધ્વજ–ધજા.

ના–નિષેધમાં વપરાય છે–નહીં.
નગ–પર્વત.
નગદ–રોકડું.
નટવર–નટ–નાચનારો–વર–શ્રેષ્ઠ, સારો નાચ- [નારો, શ્રીકૃષ્ણ.
નફેરી–એક જાતનું વાજું.
નભ–આકાશ.
નરતો–નરસ્યો.
નરહરિ–નરસિંહ.
નરેડાટ–ઉજ્જડ, વેરાન.
નર્તન–નાચવું તે, નાચ.
નવનીત–માખણ.
નવનિધ–નવ પ્રકારની નિધિ.
નષા–નષ.
નષ્ટ–નાશ પામેલું.
નાગર–ચતુર.
નાટકી–નાટક કરનાર.
નાથ–ધણી.
નાદ–સ્વર.
નાદી–તોરી.
નાપિક–હજામ, વાળંદ.
નાયક–ઉપરી, આગેવાન.
નારકી–નરકવાસી.
નાગગોળે–તોપને ગોળે.
નિકટ–પાસે, ઢુકડું.
નિકર–સમુદાય.
નિકેત–ઘર.
નિગમ–વેદ.
નિત્ય–નૈમિત્તિક–નિત્યનાં સ્નાન સંધ્યા અને કંઈ [નિમિત્તે કરવાની ક્રિયા, એકાદશાહ દ્વાદ- [શાહાદિ શ્રાદ્ધ.
નિદાન–કારણ.
નિધન–મોત.
નિધાન–ભંડાર.
નિપટ–નફટ, બેશરમ.
નિધિ–ભંડાર.

નિપાત–મરણ, નાશ.
નિપુણ–કુશળ, પ્રવીણ.
નિભ્રંછા–તુચ્છકારવું–નિંદવું.
નિમિષ–થોડો વખત, આંખ ઉઘાડ મીંચ કરતાં [જે વખત લાગે છે તે.
નિમંત્રણ–નોતરું.
નિર્ઘોષ–અવાજ, શબ્દનો ઘોર.
નિર્મિત–ઠેરવેલું.
નિર્વાણ–છેલ્લું, મોક્ષ, મુક્તિ.
નિર્વેદ–કંટાળો, ઇચ્છા, આતુરતા, નમ્રતા.
નિશા–નિશ–નિશી–રાત્રી.
નિષેધ–વારવું, મના કરવી.
નિષ્કંટક–કાંટા વિનાનું.
નીક–પ્રવાહ.
નીલ–કાળું, ભુરું.
નીલકંઠ–નિળવટ–મહાદેવ.
નૂતન–નવું.
ન્યૂન–ઓછું.
નૃપતિ–નૃપ, રાજા.
નેડો–સ્નેહ, પ્રેમ.
નેતિ–અપાર.
નેપૂર–નેહેરી–નૂપુર–ઝાંઝર.
નૈષ્ઠિક–આસ્થિક.

પખાલવું–ધોવું.
પગરણ–અવસર, કેડો દિવસ.
પટ–પટકુલ, લુગડું, વસ્ત્ર.
પટોળું–એક જાતનું રેશમી લુગડું.
પડો–ઢોલ–પડાદાર–ઢોલ વગાડનાર.
પતિત–પડેલું, પાપી.
પતાકા–ધજા.
પદ્ધતિ–બાંધેલું ધોરણ.
પયોધર–દરિયો, વાદળ, સ્તન.
પરાગ–ફૂલમાંની ઝીણી રજ.
પરાત્પર–માયાથી જૂદો.
પરજન્ય–વરસાદ.

પરા–શ્રેષ્ઠ.
પરિગ્રહ–દાન લેવું.
પરિધાન–પહેરવું.
પર્ણકુટી–પાંદડાંથી છાયલી ઝુંપડી.
પર્વણી–પર્વ.
પરિધ–ફરતો ઘેર, ઘેરાવો.
પરિધાન–પટકુલ.
પરિમાણ–પ્રમાણ, માપ.
પરોક્ષ–નજરે ન પડે તેમ, પુંઠપાછળ.
પલાશ–ખાખરો.
પલ્લવ–પાંદડાં.
પલાંડુ–ડુંગળી, કાંદા.
પશુપતિ–શિવ, સિંહ.
પસાય–પ્રસાદ, કૃપા.
પળવું–નાસવું, ભાગી જવું.
પાખર–ઘોડાનું બખતર.
પાધ–પાધ–પાધડી, (૨) પગ.
પાંગરવું–ખીલવું.
પાંડુર–ફીકું.
પાણિગ્રહણ–પરણવું.
પાતક–પાપ.
પાતાંજલિ–એક મુનિ, જેણે યોગશાસ્ત્ર રચેલું છે.
પાદોદક–પગ ધોયેલું પાણી.
પાય–પગ.
પાયકા–માળા.
પાર્થ–અર્જુન.
પારદ–પારો.
પારધી–શિકારી.
પારો–માળાનો મણકો, એ નામની એક ધાતુ.
પાવક–અગ્નિ.
પાવન–પવિત્ર.
પાહિ–પાળવું.
પિક કોયલ.
પિનાક–શિવનું ધનુષ.
પપાસા–તૃષા.
પિશાચી–ડાકણ.
પિશુન–ચાડિયો.
પિષ્ટ–આટો.
પીંગાણી–ધુપેલની વાડકી.
પીત–પીળું.
પીન–કઠણ.
પીયાવો–ઢોરને પાણી પીવાનો કર.
પુદ્ગલ–શરીર.
પુણ્યશ્લોક–જેનાં નામસ્મરણથી પુણ્ય થાય એવો.
પુનરપિ–ફરીને પણ.
પુનિત–પવિત્ર.
પુર–શહેર.
પુરિષ–વિષ્ટા
પુરન્દર–ઇન્દ્ર
પુરન્દરી–ઇન્દ્રાણી.
પુરી–નગરી, ખાવાની પુરી.
પુંશ્ચલી–ગુણકા, વેશ્યા.
પુષ્પિત–પુષ્પાળ, ફૂલેલું.
પૂજ્ય–પૂજવા યોગ્ય.
પૂર્વપક્ષ–વાદી, પહેલું પખવાડિયું.
પેય–પીવાનો પદાર્થ.
પૈન્નર–ખાસડું.
પૈશકશી–એવે નામે લેવાતો એક કર.
પોત–વહાણ.
પ્રકમા–પ્રદક્ષિણા.
પ્રચંડ–મોટું, ભયંકર.
પ્રચારવું–ટોકવું.
પ્રજાપતિ–કુંભાર, રાજા, બ્રહ્મા.
પ્રણવ–ઓંકાર.
પ્રણય–નમ્રતા.
પ્રણિપત–સ્તુતિ.
પ્રતિકાર–ના કહેવી.
પ્રતિબોધ–ધીરજ.
પ્રત્યવાય–દોષ, હરકત.
પ્રત્યક્ષ–પ્રગટ.

પ્રથક–જૂદું.
પ્રબળ–વધારે બળવાન્.
પ્રબંધ–કવિતા, ભાષણ ઇત્યાદિનો સંગ્રહ, નિબંધ.
પ્રભા–પ્રકાશ, કાંતિ.
પ્રભાવ–મહિમા, પરાક્રમ, સામર્થ્ય.
પ્રમથવું–વલોવવું.
પ્રમાદ–આળસ, બેદરકારી.
પ્રમદા–પ્રેમદા–સ્ત્રી.
પ્રલંબ–લાંબું.
પ્રવૃત્તિ–ઉદ્યોગ.
પ્રશમ–શમતા, શાંતિ.
પ્રશસ્ત–મોટું, મોકળું મન.
પ્રસૂતા–માતા.
પ્રસૂતિકાળ–જન્મ સમય.
પ્રસ્થાન–પ્રદેશ જવા ઘરથી નિકળવું તે વેળા સુકન
પ્રહાર–માર. [જોવાને કંઇક વસ્તુ અગાડીથી
પ્રક્ષાલન–ધોવું. [મૂકી આવવી તે.
પ્રજ્ઞા–બુદ્ધિ.
પ્રાશન–ખાવું.
પ્રાસાદ–મહેલ, હવેલી.
પ્રછવું–સમજવું, જાણવું.
પ્રેરવું–મોકલવું, ઉશ્કેરવું.
પ્રોહિત–પુરોહિત, ગોર.
ફનો–સમૂલો નાશ, પાયમાલ.
ફાળ–જોરમાં દોડવું, ચમકી જવું; ત્રાસ, (૨) લુગ-
[ડાંના ફાળ, બેફાળ, ત્રિફાળ, ચોફાળ.
ફાલું–ફાઉડી.
ફીલ–દરિયાનું ફીણ.
ફુટડિયા–શોભતા, ફુટડા.
ફોફળ–ળી–સોપારી, તેનું ઝાડ.
બગ–બંગલો.
બડી–નિંદા.
બદ્રિ–બોરડીનું ઝાડ.
બળ–જોર, કૌવત.
બળબંધુ–બળદેવનો ભાઈ, કૃષ્ણ.
બહુલતા–બહુ.
બાહુવાં–બિચારાં.
બાનક–બાંધણી.
બાવના ચંદન–એક જાતનું ચંદન.
બાહ્યાભ્યંતર–બહાર તથા અંદર.
બાહુ–હાથ.
બાળાબંધ–બાળકને માથે બાંધવાનો ફેંટો.
બિંદુ–શૂન, મીંડું, ટપકું.
બિંબ–પ્રતિબિંબ, ઘિલોડું (એક ફળ).
બિરદ–પણ, પ્રતિજ્ઞા.
બુદબુદા–પાણીના પરપોટા.
બુંબારવ–ગોંધાટ, હોકારા.
બુસટિયો–શ્રીમંત વખતે ભાલીને તેનો દિયર
[કંકુવાળા હાથ કરી તમાચો મારનાર.
બુહારવું–ઝાડવું.
બેબાકળી–ગાભરી, ઉશ્કેરાયલી.
બેલડી–જોડી.
બ્રહ્મકન્યા–સરસ્વતી, બ્રહ્માની દીકરી.
બ્રહ્મવેત્તા–બ્રહ્મને–પરમેશ્વરને જાણનાર.
બંદીજન–ભાટ, ચારણ.
બંધુ–ભાઈ.

ભખવું–ભક્ષ કરવું, ખાવું.
ભગિની–બહેન.
ભડવું–લડવું.
ભણે–કહે.
ભર્ત્તા–ધણી, પાળનાર.
ભરમ્યાં–ભમાવ્યાં.
ભવ–સંસાર, જન્મારો, શિવ.
ભવન–ઘર.
ભવાટવિ–સંસારરૂપી વન.
ભવાબ્ધિ–ભવસાગર.
ભવ્ય–પ્રૌઢ, સુંદર, શોભતું.
ભક્ષ–ખાણું.
ભાખવું–બોલવું.
ભાગીરથી–ગંગા.

ભાજન–વાસણ.
ભાનુ–સૂરજ.
ભામની–ભામિની–ભામ–ભામા–સ્ત્રી.
ભ્રામો–ભ્રમ, વહેમ.
ભારતી–સરસ્વતી.
ભાલ–કપાળ.
ભાવન–ભાવતું.
ભિન્ન–જૂદું.
ભીતિ–ભય.
ભીર–સહાયતા.
ભુક્તા–ખાનાર.
ભુક્તિ–ઉપયોગ.
ભુજ–હાથ.
ભુજંગ–સર્પ.
ભુવન–જગત્, લોક, ઘર.
ભુંસો–બગાડવું, ચહેરવું. [મહાભૂત). પિશાચ.
ભૂત–પૃથ્વી, અપ, તેજ, વાયુ, આકાશ, (પંચ-
ભૂતબલી–ધર્મની એક જાતની ક્રિયા.
ભૂતળ–પૃથ્વી ઉપર.
ભૂધર–શેષનાગ, પર્વત.
ભૂતિ–ધણું, આબાદી,
ભૂના–પૃથ્વીના, માટીના. [છોકરો–મંગળ.
ભૂવિનંદન–ભૂવિ–પૃથ્વી, નંદન–છોકરો. પૃથ્વીનો
ભૂષણ–ઘરેણું.
ભૃકુટી–ભમર.
ભૃગુ–શુક્ર.
ભૃંગ–ભમરો.
ભેક–દેડકો.
ભેર–ભેરી.
ભેવ–ભેદ, મર્મ.
ભેષજ–ઓસડ. [દેવું તે.
ભેળ–ભેગું, લૂટ, ખેતરમાં ઢોર પેસાડી ખવરાવી
ભેંસર–પાડો,
ભોક્તા–ભોગવનાર.
ભોગાસક્ત–ભોગવવાની ઇચ્છાવાળો.
ભોમ–મંગળ.
ભોર–સવાર, પ્રભાત.
ભૌતિક–પાંચે ભૂતોમાંથી થયલું તે
મકરાકર–મગરના આકારનું.
મગ્ગ–માર્ગ.
મગ્ન–ગરક થયેલું, પ્રસન્ન.
મઘવા–ઇંદ્ર.
મજ્જા–ચરબી.
મત્સર–અદેખાઈ.
મદગર–મગદળિયાં.
મદન–કામદેવ.
મધુકર–ભમરો.
મધુપર્ક–દહીં, દૂધ, મધ, વિગેરેથી પૂજન કરવું તે.
મધુરભાષિણી–મીઠું બોલનારી.
મધુવન–વૃંદાવન.
મધુસૂદન–વિષ્ણુ, મધુ નામના દૈત્યને મારનાર.
મનન–વિચાર.
મનમથ–કામ.
મનસા–મનથી, મનવડે.
મયણ–કામદેવ.
માયા–દયા, માયા.
મરાલ–હંસ.
મરકટ–વાનર.
મર્દની–મારનારી, મર્દન કરનારી.
મરજીવો–સમુદ્રમાંથી મોતી કાઢનાર.
મહતારી–ચાકરડીની વરણની.
મહાભૂત–પૃથ્વી, અપ, તેજ, વાયુ, આકાશ.
મહાવાક્ય–વેદાન્તનું એક વાક્ય છે.
મહિધર–પર્વત, શેષ, વિષ્ણુ.
મહિષ–પાડો.
મહિષી–રાણી, ભેંસ.
મહુઅર–વાદીની વાંસળી.
મશક્લો–મહોરો દેવાનું હથિયાર.
મા–લક્ષ્મી, માતા.
માગધ–વેહીવંચા.

માણવું–ભોગવવું.
માતંગ–હાથી.
માર્ત્તંડ–સૂરજ.
માદક–કેફી.
માધવ–વિષ્ણુ.
માનિનતા–અભિમાનપણું.
મામ–મમત્વ.
માયા–હેત, પ્રિત.
માયીક–માયીક–માયામાંથી થયેલું.
માર–કામ.
મારુત–પવન, વાયુ.
મીટ–દૃષ્ટિ, નજર.
મીન–માછલું. ૨ બાર રાશિમાંની એક.
મીરાત–મીલકત.
મીમાંસા–છ શાસ્ત્રમાંનું એક શાસ્ત્ર.
મિશ્ર–મળેલું, રોળભેળ.
મીસરી–ખાંડ.
મુક્તા–મોતી.
મુક્તિપૂરી–અયોધ્યા, મથુરા, માયા, કાશી, કાંચી, મંજુલ–સુંદર. [અવન્તિકા, અને દ્વારિકા, એ
મંથન–વલોવવું. [સાત છે.
મુગ્ધા–અજ્ઞાની, થોડી સમજણવાળી.
મુંડ–માથું.
મુદા–આનંદ.
મુદ્રા–છાપ.
મુદિત–આનંદી.
મુદ્રિકા–વીંટી.
મુન્ય–મુનિ.
મુમુક્ષુ–મોક્ષની ઇચ્છા રાખનાર.
મૂશળ–સાંબેલું.
મૂષક–ઊંદર.
મેખલા–કંદોરો.
મેગળ–હાથી.
મેઘાડંબર–વરસાદના જેવો ડોળ.
મેદ–ચરબી.
મેન–કામ.
મેરુ–એક પર્વત, માળાનો ઉપરનો મણકો.
મેટ–મોટાઈ.
મોડવું–ભાંગવું, મરડવું.
મોદવર્ધન–હર્ષ ઉપજાવનારી.
મોરારિ–વિષ્ણુ, મુરારિ.
મેવાસ–ચોરને રહેવાની ઝાડી.
મેષોન્મેષ–આંખ ઉઘાડવી ને મીચવી.
મેહેરામણ–સમુદ્ર.
મેક્ષણ–કંસાર હલાવવાનો ચાટવો.
મોદ–આનંદ.
મ્હોર–છાપ.
મોચન–છુટકો.
મોલીડું–ફેંટો–માથે બાંધવાનો.
મોહકમ–ઘણો છૂપો.
મૃગ–હરિણ.
મૃગજળ–ઝાંઝવાં.
મૃગયા–શિકાર.
મૃગાક્ષિ–હરણના જેવી આંખવાળી સ્ત્રી.
મૃત્તિકા–માટી.
મૃદુલ–કોમલ.
મંગલ–કલ્યાણ, એક ગ્રહ.
મંજન–માંજવું, નહાવું.
મંદાર–દેવતાનું ઝાડ.
મંદ્રાચળ–એક મોટો પર્વત છે.
યક્ષકર્દમ–શરીરે ચોળવાની એક જાતની પીઠી.
યજન–હોમ કરવો.
યજવું–પૂજવું.
યથા–જેમ.
યવન–મુસલમાન.
યાજન–પૂજા.
યુવા–જુવાન.
યુકા–જૂ.
યોગમાર્ગ–યોગીનો માર્ગ.
યોજના–ગોઠવણ.

યોધો–લડવૈયો.
રકત–રાતું લોહી.
રજની–રાત.
રજો–રજોગુણ.
રટવું–બોલવું.
રણ–રેતીનું મેદાન, કરજ, યુદ્ધ, સંગ્રામ.
રણકાર–અવાજ.
રતિ–પ્રીતિ, કામદેવની સ્ત્રી.
રતિભોગ–ઇશક.
રદ–દાંત.
રસકૂપિકા–જેના પાણીથી લોઢાનું સોનું થાય એવી વાવ.
રમણીદ્વીપ–દ્વારકાનો બેટ.
રમણી–સ્ત્રી.
રમ્ય–સુંદર.
રમા–લક્ષ્મી.
રવિનંદ–યમરાજ.
રસિક–રસવાળું, રસ સમજનાર.
રસના–જીભ.
રહસ્ય–છાનું, ગુહ્ય, મર્મ.
રહેણી–રહેવાની રીત, ક્રિયા.
રાજીવ–કમલ.
રાવલું–સભા, રાજમંડળ.
રાસભ–ગધેડો.
રાશી–જથો.
રિદ્ધિ–પૈસા.
રિપુ–શત્રુ.
રીડ–બૂમાટ.
રુચિર–ગમતું, ભાવતું.
રૂઢમાળ–માણસના માયાની માળ.
રૂતુરાજ–વસંત.
રૂતુવંતી–અડકાયલી, રજસ્વલા.
રૂદે–હૃદય, અંતઃકરણ.
રૂદ્રાણી–પાર્વતી.
રૂંધન–રોકવું.
રોધ–અટકાવવું.
રેણુ–રજ.
રેન–રાત્રિ.
રેવંત–ઘોડો.
રૈક્ત–રાયકવાળ બ્રાહ્મણ.
રોમહર્ષ, રોમાંચિત. } રુવાંટાં ઉભાં થાય તે.
રોમાવલિ–રુવાટાંની હાર.
રોહિણી–ચંદ્રની સ્ત્રી, એક નક્ષત્ર.
રૌરવ–નરકનો કુંડ છે.
રનાદે–સૂરજની સ્ત્રી.
રંભા–એ નામની એક અપ્સરા.
લખ–લાખ.
લગડું–છાલકું.
લઘુ–નાનું.
લલાઘવી–ચંચલાઈ.
લાછ–લક્ષ્મી.
લતા–વેલ.
લભ્ય–મળે એવું.
લલિત–સુંદર.
લલુતા–તૃષ્ણા.
લક્ષ–ધ્યાન, લાખ.
લાઘવ–લઘુતા, ચતુરાઈ.
લાધવું–જડવું.
લાવણ્ય–મધુરતા, વાણીની મીઠાશ.
લિંગદેહ–સૂક્ષ્મ શરીર.
લીટ–હદ.
લિલવટ–કપાળ.
લીલા–ખેલ.
લૂંબો–ઝુમખા.
લોકોત્તર–સાધારણ લોકના વિચારથી પર, પરલોક.
લોચન–આંખ.
લોલ–ચંચળ.
વકત્ર–બોલનાર.
વક્ત્ર–મોઢું.

વગળવંશી–ભેગવાળો, વર્ણસંકર.
વછોડી–છુટું મૂકવું.
વજ્ર–ઇન્દ્રનું હથિયાર.
વણ–વિના, કપાસ.
વણસવું–નાશ પામવું.
વણસાડ–બગાડ.
વતાં–હજામત.
વત્સ–બાળક, વાછરડો.
વત્સલ–પાળનાર.
વદન–મુખ.
વદવું–કહેવું, બોલવું.
વધુ–વહુ, વધારે.
વનકુળ–ઝાડના પાંતરાંનાં વસ્ત્ર.
વનચર–વનમાં ફરનારાં જનવર.
વનમાળી–વિષ્ણુ.
વનરાય–સિંહ, વનસ્પતિ.
વહ્નિ–અગ્નિ.
વપન–હજામત.
વપુ–શરીર.
વમન–ઉલટી.
વયણ–વચન.
વર્તિક–શ્રાવકોના જતિ.
વર્ધન–વધારનાર.
વરચવું–કંટાળવું.
વરજવું–તજી દેવું.
વરવું–ઉઝરડવું.
વરત–રેંટ અથવા કોશનું દોરડું.
વરતિ–શ્રાવકોના જતિ.
વરાંસે–ભરુંસે.
વરાહ–ભૂંડ.
વરિષ્ઠ–મોટી, મોટું.
વરુ–નાહર નામનું જનવર.
વલુબ્યો–ગુંચવાયલો. પેખ્યો.
વલોવું–છાસમાંથી માખણનું વિખરઈ જવું.
વલોણું–દહીંને રવાધયે હલાવવું તે.
વસન–વસ્ત્ર.
વસંત–વાસવ–ફાગણ તથા ચૈત્રની ઋતુ.
વહવરાવવું–વહી જવું.
વહાયા–ખેંચાયા.
વહુવર–મોટી વહુ.
વાક્–વાણી.
વાક્‌વિદગ્ધ–વાણીમાં ચતુરાઈ દેખાડવી.
વાગલાં–ફાંફાં.
વાઘાંબર–વાઘના ચામડાનાં વસ્ત્ર.
વાચ–વાણી, વાચા.
વાંછવું–ઇચ્છવું.
વાજ–તોબા પામવું, કંટાળવું.
વાજી–ઘોડો.
વાટિકા–વાડી.
વાડવ–બ્રાહ્મણ.
વાન–શરીરનો રંગ.
વાપી–વાવ.
વામ–શિવ, ડાબું અંગ.
વામણું–ઠીંગણું.
વામા–સ્ત્રી.
વાય–કાગડો.
વાયુચર–પવન ખાઈ જીવે તે.
વારાંગના–વેશ્યા.
વારિ–પાણી.
વારિધિ–સમુદ્ર.
વારિનિધિ–પાણીનો ભંડાર, દરિયો.
વારુણિ–દારુ.
વાસક–દિવસ.
વાસુકી–નાગની એક જત.
વાસનિક–વાસનાવાળો.
વાસવ–ઇંદ્ર.
વિકટ–ભયંકર, મુશ્કેલ.
વિક્રય–વેચાણ.
વિકલ્પ–શક, સંદેહ, વેમ.
વિકલ–ચેન વિનાનું, આકળું.

વિકાશવું–ફુલવું, ખીલવું.
વિખિયા–સ્ત્રી, ચંદ્રહાસની સ્ત્રીનું નામ.
વિગય–ખાવાના રસ.
વિઘટવું–ઘટવું.
વિચરવું–જવું.
વિજયા–ભાંગ.
વિટવરાહ–ભૂંડ.
વિતંડ–પાખંડ.
વિત્ત–દ્રવ્ય, પૈસા.
વિદગ્ધ–ડાહ્યો.
વિદ્યુત–વિજળી.
વિદ્વત–વિદ્વાન્.
વિદળ–દળ્યા–વગરનું, આખું અન્ન.
વિદારવું–ફાડવું.
વિદ્રુમ–રાતો મણિ.
વિદેહ–દેહથી ન્યૂનો આત્મા.
વિદેહી–શરીરનું ભાન નહીં હોય તે.
વિધાતા–બ્રહ્મા.
વિધાત્રી–બ્રહ્માની સ્ત્રી.
વિધિ–બ્રહ્મા.
વિધિનિષેધ–કરવું ન કરવું.
વિધુ–ચંદ્ર.
વિનય–નમ્રતા.
વિનોદ–આનંદ.
વિપર્યય–નાશ.
વિપાક–પરિણામ.
વિપિન–વન.
વિપુલ–મોહોટું.
વિભૂતિ–રાખોડી, ઐશ્વર્ય.
વિમુખ–ઉલટું, અવળું.
વિરંચી–બ્રહ્મા.
વિરજ–વીર્ય, ધાતુ.
વિરલા–જવલા, કોઈ એક.
વિરહ–વિરહ–વિયોગ.
વિર્હણી–વિયોગણી.
વિરાથવું–વિરોધ થવો.
વિલાસ–સુખ, આનંદ.
વિલાસવું–શોભવું.
વિવર–પોલાણ, દર.
વિશદ–ધોળું.
વિશાળ–પહોળું.
વિષય–શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ.
વિષાદ–ખેદ, દિલગિરી.
વિષધર–નાગ.
વિષમ–બરાબર નહીં તે.
વિષ્ટિ–સુસ્નેહ.
વિસ્તરવું–વિસ્તાર કરવો, વધવું.
વિસ્તીર્ણ–વિસ્તારવાળું.
વિસ્મય–અચરત, હેરત.
વિહગ–વિહંગ–પક્ષી.
વિહાર–આનંદ કરવા માટે અહીં તહીં ફરવું.
વિહિન–વિના.
વિજ્ઞાન–સવિસ્તર જ્ઞાન, અનુભવ જ્ઞાન.
વીર–બહાદુર.
વીરક્ષેત્ર–બહાદુર જગો, વડોદરું.
વીણાપાણિ–નારદમુનિ.
વુઠવું–જવું.
વૃંદ–ટોળું.
વૃદ્ધા–ડોસી.
વૃદ્ધિ–વધારો.
વૃશ્ચિક–વિંછિ.
વૃષભ–બળદ.
વૃષ્ટિ–વરસાદ.
વેણ–ચોટલો.
વૈતરો–વહેનારો.
વેદાંત–એક શાસ્ત્ર છે.
વેસર–નાકનું ઘરેણું, બુલાક.
વેળુ–રેતી.
વૈતરણી–વૈખરી–નરકની નદી.
વૈદેહી–સીતા, દમયંતી.

વૈરાટ–મહોટું, બ્રહ્માંડ.
વૈશેષિક–એક શાસ્ત્ર છે.
વૈષ્ણવી–લક્ષ્મી.
વૈશ્વદેવ–શુદ્ધિ વાસ્તે હોમ.
વંગ–ગાડું, વાંકાં.
વંચક–ઠગ, વિદ્રુષક.
વ્યક્ત–આકાર, ગુણ જાણી શકાય તે.
વ્યંજન–વિંજણો.
વ્યંડળ–નપુંસક.
વ્યતિરેક–જૂદું.
વ્યથા–પીડા.
વ્યાધ–શિકારી.
વ્યોમ–આકાશ.
વ્યોમચર–પક્ષી.

શકટ–ગાડું.
શકરખોર–શાકરનો જીવડો.
શકે–રખેને.
શક્ર–ઇંદ્ર.
શચી–ઇંદ્રાણી.
શણગટ–શણકો, સાડીનો છેડો જે કમરમાં [ખોસે છે તે.
શતશાખી–સો ડાળીવાળું.
શનિ–હળવે, ધીમે.
શબ–શવ–મુડદું.
શબ્દાતીત–શબ્દથી જૂદો.
શબ્દાવેધી–શબ્દ સાંભળીને નિશાન મારનાર.
શમ–ઇન્દ્રિયો નિયમમાં રાખવી.
શયન–સૂવું.
શર–બાણ.
શરણાંગત–આશ્રે આવેલો.
શરદ–છમાંની એક ઋતુ, ભાદરવો, આસો.
શરદેંદુ–શરદ ઋતુનો ચંદ્ર.
શરાસન–બાણનું આસન–ધનુષ.
શર્વરી–રાત્રિ.
શર્વરીપતિ–ચંદ્ર.
શરવો–તુરત સાંભળનાર.
શલભ–ટીડ.
શશિ–ચંદ્ર.
શશિધર–મહાદેવ.
શાખા–ડાળ.
શામળ–કાળું.
શામા–સ્ત્રી.
શાંભવી–શિવની સ્ત્રી.
શારદ–સારદ, સરસ્વતી.
શિખ–શિખામણ, રત્ન.
શિખા–ચોટલી.
શિબિકા–પાલખી.
શિબિર–તંબુ.
શિલિમુખ–બાણ, ભ્રમર.
શિલ્પિ–શિલ્પનું કામ કરનાર, કારીગર.
શિવ–મહાદેવ, કલ્યાણ.
શિશિર–એક ઋતુ, પૌષ તથા માઘ.
શિશુ–બાલક.
શિશ્નોદર–ઉપસ્થ અને પેટ.
શિંચાણો–બાજ, એક જાતનું પક્ષી.
શીઘ્ર–જલદી.
શીત–ટહાડ, ઠંડું.
શીર્ષ–માથું.
શીમળો–એક જાતનું ઝાડ, જેનાં ફુલ દેખાવે સારાં હોય છે પણ કંઈ કામમાં આવતાં નથી.
શુક–પોપટ.
શુકર–ભૂંડ, ભૂંડણી.
શુદ્ધાચમન–જમીને આચમન કરવું તે.
શૂન્ય–મીંડું, ઉજડ.
શુભટ–શૂરો.
શોજ–પયારી.
શોણ–નજર.
શોષ–શોષનાગ.
શૈલ–પર્વત.

શોણિત–લોહી.
શૃંગી–શીંગડું, એ નામના એક ઋષિ.
શ્રમજળ–પરસેવો, ઘામ.
શ્રવણ–કાન.
શ્રીધર–લક્ષ્મીને ધરનાર, વિષ્ણુ.
શ્રીપાત–સંન્યાસી.
શ્રીમત્–શોભાવાળું.
શ્રીમુખ–શોભીતું મુખ.
શ્રીરંગ–પરમેશ્વર.
શ્રીવત્સ–વિષ્ણુના હૃદયમાં ચિહ્ન છે તે.
શ્રુતિ–વેદ.
શ્રોતા–સાંભળનાર.
શ્લેષ–બીજો અર્થ.
શ્વસુર–સસરો.
શંકરપણ–પરમેશ્વર.

સકટ–ગાડું.
સંકોચાવું–સંકોચ પામવો.
સખા–મિત્ર.
સચરાચર–સ્થિર અને અસ્થિર.
સત્યાનૃત્ય–સાચું ખોટું.
સત્વ–ત્રણ ગુણમાંનો એક.
સત્વર–તરત.
સણગટ–ધુંમટો–લાજ.
સદન–ઘર.
સદ્ય–તરત.
સદ્દયણ–નક્કી ભાવ.
સદ્દળી–જડી.
સદૈવ–હંમેશાં.
સદોદિત–હંમેશાં.
સનાતન–અનાદિ.
સપરાણું–ઉપરાણું.
સમક્તિ–ધર્મનો સાચો રસ્તો.
સમર–કામદેવ.
સમર્પણ–સોંપવું.
સમવિત–સરખા જાણનાર.
સમાજ–સભા, મંડળી.
સમીપ–પાસે.
સમીર–વાયુ.
સમુદાય–જથો.
સમુર્છિત–જૈનના મત પ્રમાણે બીજા જીવ થાય છે તે.
સમૂહ–જથો.
સમોવડ–બરાબરીયું.
સરવો–ઉદાર.
સરેડો–સર્વાવાસ, સર્વ વસે તે.
સર્વાંગ–આખું શરીર,
સર્વાતીત–સર્વથી જૂદો.
સરિતા–નદી.
સલિતા–નદી.
સળકવું–આમ તેમ હાલવું.
સલિલ–પાણી.
સલુણું–સરસ.
સવત્સ–વાછડાંવાળી ગાય.
સવ્ય–સવળું.
સહકાર–આંબો.
સહજાનંદ–નિરંતર આનંદ.
સહસ્રશીર્ષા–હજાર માથાનો.
સહિષ્ણુ–સાંખી રહેવું.
સહોદર–એક માબાપનાં છોકરાં.
સાંઈ–ભેટવું.
સાકટ–અધર્મી.
સાંખ્ય–એક શાસ્ત્ર છે.
સાત્વિક–સત્વ ગુણવાળો.
સાદર–આદરભાવ–અધરણીવાળી સ્ત્રીને તેના ધણી તરફનાં લાડ.
સાધક–ભક્ત.
સાનુકૂળ–મદદગાર.
સાધ્ય–બની શકે તેવું.
સાધ્વી–સારાં આચરણવાળી સ્ત્રી.
સાથરો–સાદડી કે કામળો.
સામટ–સરદાર.
સામરો–સમાં કરવાં.
સાયર–સાગર.

સારંગ–બાણ.
સારંગપાણિ–વિષ્ણુ.
સારથિ–ગાડીવાન.
સારિકા–મેના.
સાવજ–સિંહ.
સાવિત્રી–બ્રહ્માણી.
સિદ્ધ–જોગી.
સિંધુ–સમુદ્ર.
સિંહિકા–રાહુની મા.
સીધો વરણે–જુના વખતમાં અભ્યાસ કરવાની [શરૂઆતનો પાઠ.
સીમા–સીમાડો.
સીમંત–અધરણી.
સીરું–સહેલું.
સીવી–સોય દરજીની.
સુખમા–શોભા.
સુત–દીકરો, એક પુરાણી, ગાડીવાન.
સુતા–દીકરી.
સુડો–પોપટ.
સુદર્શન–વિષ્ણુનું ચક્ર.
સુધા–અમૃત.
સુધાકર–ચંદ્ર.
સુમન–ફુલ.
સુર–દેવ.
સુરગુરુ–બૃહસ્પતિ.
સુરત–ચહેરો, નજર.
સુરતરુ–દેવનું ઝાડ.
સુરદ્રુમ–કલ્પવૃક્ષ.
સુરધેનુ–કામદુધા.
સુષુમ્ણા–શરીરની ત્રણ નાડીમાંની એક.
સૂક્ષ્મ–ઝીણું.
સૂતિકા–સુવાવડી.
સૂર–સૂરજ.
સોધો–પડો પાનડી.
સોમવલ્લી–એક જાતનો વેલો, એવું કહેવાય છે કે [ને ખરો બ્રાહ્મણ હોય
સોહાગ–રુડું ભાગ્ય. [તો તેને પચે, નહીં તો
સૌમ્ય–નરમ, માયાળુ. [ઉલટી થઈ જાય.
સંકલ્પ–વિચાર.
સંકર્ષણ–બળદેવ, શેષ.
સંક્રમ–વ્યાપવું.
સંકેત–ઠરાવ, સિંચિત, એકઠું કરેલું.
સંજયની–યમપુરી.
સંતતિ–પરિવાર.
સદ્દરણે–ઉપદેશ.
સંના–ભાવના.
સંપ્રષ્ટ–જોરથી બંધ કરવું.
સંમાર્જની–સાવરણી.
સંયમ–મન નિયમમાં રાખવું.
સંવત્સર–વર્ષ.
સ્તંભ–થાંભલો.
સ્તંભતીર્થ–ખંભાત.
સ્થૂલ–જાડું.
સ્તવન–સ્તુતિ.
સ્ફટિક–એક જાતનો મણિ.
સ્માર્ત–સ્મૃતિ પ્રમાણે ચાલનાર.
સ્મિત–મલકાવું.
સ્મૃતિ–ધર્મ શાસ્ત્ર.
સ્વતઃસિદ્ધ–પોતાની મેળે બનેલું.
સ્વછંદ–સ્વતંત્ર.
સ્વર્ણાગાર–સોનાનું ઘર.
સ્વયં–પોતે, સ્વેચ્છાથી.
સ્વયંવર–પોતાની ઇચ્છાયે પરણનાર કન્યા.
સ્વસ્તિવાચન–આશીર્વાદનાં વચન.
સ્વેદ–પરસેવો.
હણવું–મારવું.
હર્મ્ય–હવેલી.
હલશલ–હય, ઘોડો.
હરિણાક્ષિ–હરણના જેવી આંખોવાળી.

હરિવદની–ચંદ્ર જેવા મોહોવાળી.
હવિષાન્ન–જવ, ડાંગર, હોમવાનું અન્ન.
હલેતું–હળવું અથવા ધીમું.
હસ્તામલ–હથેલીમાં આમળું હોય તે.
હળધર–બળદેવ.
હાટક–સોનું.
હારણ–કાયર, ધીરજ.
હારદ–સારાંશ.
હારી–હરનાર.
હાવભાવ–કામને ઉત્પન્ન કરે તેની ચેષ્ટા.
હળાહળ–ઝેર.
હિક્કનાદ–હૈયામાં નાદ ઉઠે તે.
હિર–સાર.
હિરણ્યગર્ભ–બ્રહ્મા, સૂર્ય, ઈશ્વર.
હિંસક–હિંસા કરનાર.
હિમરુ–હીરાગળ.
હીસવું–હરખવું.
હેસારવ–હણહણાટ.
હુતદ્રવ્ય–અગ્નિમાં હોમવાની સામગ્રી.
હુતારાન–હુતાશ, અગ્નિ.
હેજે–સ્નેહ, હેત.
હેડો–હળી જવું.
હેદળ–ઘોડાનું ટોળું.
હેમ–સોનું.
હેરવું–જોવું.
હેલ–ઝેડું, ઘડો અને ગાગર, ભાર.
હેલી–સખી.
હેલો–ઝપાટો.
હ્રદ–પાણીનો ઝરો.
ક્ષત–ઘા વાગવાથી પડેલો ખાડો.
ક્ષપ્ર–તરત.
ક્ષમા–માફ.
ક્ષર–નાશવંત વસ્તુ.
ક્ષિતિ–પૃથ્વી.
ક્ષિપ્રા–ખીચડી.
ક્ષીણ–ઓછું.
ક્ષીર–દુધ.
ક્ષુદ્ર–હલકો.
ક્ષુદ્રઘંટા–ઘુઘરી.
ક્ષુદ્રઘંટાળી–ઘુઘરીવાળો કન્દોરો.
ક્ષુધા–ભુખ.
ક્ષુધાર્તિ–ભુખથી પીડાયલો.
ક્ષુધિત–ભુખ્યો.
ક્ષૌણી–અક્ષોહિણી, હાથીઓ, પેદળ, પાળા, રથ [વિગેરેથી મુકરર કરેલું લશ્કર.

Date Due

15/4/58			
19.6.58			

N. S. W. UNIVERSITY LIBRARY

V 891.47108 R 51626
Des

AUTHOR Desāi Ichchhārām S.
TITLE Bṛihat kāvya-dohan.

DATE DUE | BORROWER'S NAME

V 891.47108
Des
51626